“દેહિ દાસ્યમ્” નું સ્વારસ્ય”

પ.ભ. શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ

સ્નેહી ભાઈશ્રી, સપ્રેમ શ્રીસ્મરણ.

સુ. 10-26-38+39 માં "દેહિદાસ્યમ્" "ભવાનદાસ્ય:" પદ્યોથી શ્રીગોપીજનો દાસ્યની પ્રાર્થના કરે છે. આ બન્ને પદ્યોના સ્વારસ્યને જાણવાની આપે જીજ્ઞાસા દર્શાવી. તે વિષયમાં શ્રી વાક્પતિની કૃપા-પ્રેરણાએ જે સ્ફુરે છે તે માત્ર નિવેદન કરૃં છું.

શ્રી વ્રજરત્નાઓ દાસ્યની પ્રાર્થના કરે છે. લીલા મધ્યપાતી શ્રીવલ્લભ વાગધીશ રૃપથી અર્થાત રતિપથના ગુરૃ રૃપથી શ્રીગોપીજનોને વર્ણવી રહ્યા છે.

જે કૃતિથી પ્રિયતમને સુખ થાય તેમાં જ દાસ્ય ભાવ સિદ્ધ થાય છે. અથવા દાસ્યમાં પ્રિયતમના સુખનો જ વિચાર હોય છે. અને પ્રિયતમ તો રમણપ્રેષ્ઠ છે, અચ્યુત છે, અમોઘ વીર્ય છે. કેલિ વિહારમાં અતૃપ્ત છે. અગણિત રસનો ભોગ કરવા છતાં તૃપ્તિનો અભાવ છે. આવા પ્રિયને સુખરૃપ થવાય તેવું દાસ્ય શ્રી ગુરૃજીની પ્રેરણાએ માગી રહ્યા છે. પણ આવુ દાસ્ય તો પ્રિયની સમાન ઐશ્વર્ય જ્યારે પ્રાપ્ત કરે ત્યારે સિદ્ધ થઇ શકે. પ્રિયની સમાન ઐશ્વર્ય સર્વાત્મભાવથી પ્રિયથી તદ્રુપ થાય ત્યારે પ્રાપ્ત થાય છે. આ સર્વાત્મભાવને સિદ્ધ કરવા માટે સૌભગમદના મિષથી પ્રિયતમ અંતર્હિત થઇ ગયા અને વિપ્રયોગનું દાન કર્યું. વિપ્રયોગના અનુભવમાં જ સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. અથવા જે દાસ્યભાવની પ્રાર્થના કરે છે તેને સિદ્ધ કરવા પ્રિયતમે વિપ્રયોગનું દાન કર્યું છે. દાસ્યભાવ અને સર્વાત્મભાવ બન્નેનો એક જ અર્થ થાય છે. આ દાસ્યભાવ "નમામિ હૃદયે શેષે" કારિકાજીમાં કહ્યા મુજબનો છે.

મેં મેરી જ્યો લો રહે, ત્યોં લો તુ નહિ દાસ, દાસ ભયો જબ જાનીયે, હોય દોઉકો નાશ.

અંતર્હિત-ગોપીગીત પ્રસંગે પ્રચુર વિપ્રયોગના અનુભવથી શ્રી ગોપીજનોને પોતાના અસ્તિત્વનું વિસ્મરણ થઇ ગયું છે.

તન્મનસ્કા, સ્તદાલાપા, સ્તદ્વિચેષ્ટા સ્તદાત્મિકા :

તદ્ગુણાનેવ ગાયન્ત્યો, નાત્મા ગારાણિ સસ્મરૂ :
(સુ.10-27-43)

પોતાના અસ્તિત્વના વિસ્મરણથી અને પરમ દૈન્ય પ્રાપ્ત થવાથી "તાસામાવિર્ભૂત શૌરિ:" શ્લોકમાં કહ્યા મુજબ પ્રિયતમનું સ્વરૂપ તેમના હ્યદયમાંથી બહાર પ્રગટ થયું. આ સ્વરૂપ પ્રગટ થયું ત્યારે શ્રીગોપીજનોમાં પ્રિય પ્રભુએ પોતાની અપરિચ્છિન્ન (સાકાર વ્યાપક) સત્તા અને પોતાનામાં રહેલા અગણિત-નિરવિધિ આનંદનો આ શ્રીગોપીજનોમાં પ્રવેશ કરાવ્યો, ત્યારે શ્રીગોપીજનો સદાનંદ કૃષ્ણરૂપ થયાં. અર્થાત પ્રભુ સમાન ઐશ્વર્યવાન બન્યાં. અહીં તેમને સર્વાત્મભાવ સિદ્ધ થયો, અથવા દાસ્યભાવ પ્રાપ્ત કર્યો. હવે તેઓ નિરવધિ-અગણિત રસથી પ્રિયતમને કેલિ વિહારનું સુખ આપીને પોતાના દાસ્ય ભાવને સફલ બનાવશે. આવો દાસ્ય ભાવ તેમને વિપ્રયોગના અનુભવથી આત્મસત્તા પ્રાપ્ત કરવાથી સિદ્ધ થયો છે.

લઘુરાસમાં શ્રી ગોપીજનોમાં પરિચ્છિન્ન (જીવસત્તા) હતી, તેથી પ્રિયતમે તેમને લઘુ-રાસમાં કેલિ વિહારથી સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો તેમાં તેઓ પોતાને પૂર્ણ માનવા લાગ્યાં, પણ પ્રિયના સ્વરૂપને પૂર્ણ માનવા લાગ્યાં, પણ પ્રિયના સ્વરૃપને પૂર્ણ ન માન્યું. જેમ સમુદ્રમાં પડેલું નાનું મોટું પાત્ર જલથી પૂર્ણ થઇ જાય છે પરન્તુ સમુદ્રની સમાન તે પાત્ર બની શક્તું નથી, તેમ શ્રી ગોપીજનોને પોતાની પરિચ્છિન્ન સત્તામાં જે અનુભવ થયો તે સમુદ્રમાં પડેલા પાત્ર જેવો હતો. પ્રિય પ્રભુ તો પોતાની સમાન નિરવધિ-અગણિતા-નંદને, ધારણ કરી શકે તેવા બનાવવા ચાહે છે. તેથી 'સૌભગમદ'ના મિષથી વિપ્રયોગનું દાન કર્યું, અને તેથી તેમની પરિચ્છિન્ન (જીવ સત્તા) દૂર કરી પોતાની અપરિચ્છિન (સાકાર-વ્યાપક) સત્તા, અને અગણિત સ્વાનંદનું દાન કરી પોતાની સમાન ઐશ્વર્ય વાળાં બનાવ્યાં. આ કથનની પુષ્ટિમાં "તાસામાવિર્ભૂત શૌરિ:" શ્લોક ઉપરના શ્રીમતી ટિપ્પણીજી અને આ શ્લોક ઉપરનો એક સ્વતંત્ર લેખ કે જે સુ.તામસ ફલ પ્રકરણની સંસ્કૃત ટીકાના પરિશિષ્ટ ભાગમાં છપાયેલ છે, તેનું અવલોકન કરવું.

મહારાસ સમયે પ્રભુએ પોતાના પૂર્ણાનંદ સ્વરૂપથી બહાર પ્રગટ સ્વરૃપના સંયોગથી, રતિ ક્રીડનથી શ્રીગોપીજનોમાં પૂર્ણાનંદ સ્વરૂપનું સ્થાપન કર્યું. હવે શ્રી ગોપીજનોને બહાર પ્રગટ સ્વરૃપથી સંયોગ સુખની અપેક્ષા ન રહી. શ્રી ગોપીજનો સ્વાધીના-સ્વતંત્ર ભક્તિ ફલાનું-ભવને પ્રાપ્ત થયાં.

હૃદયમાં નિરૃદ્ધ થયેલું પૂર્ણાનંદ સ્વરૃપ વિપ્રયોગ-ભાવાત્મક કહેવાય છે. તે મૂર્તિમાન ભાવાત્મક સ્વરૂપથી અખંડ કેલિ વિહારનો અનુભવ કરે છે. સંયોગમાં બહાર પ્રગટ સ્વરૂપનો અનુભવ ક્રીયા દ્વારા થાય છે. હૃદયમાં નિરુદ્ધ થયેલ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનો અનુભવ ભાવ દ્વારા થાય છે. કોલ વિહારના સ્વત: સિદ્ધ ભાવોજ પ્રગટ થાય છે અને તેનો અનુભવ ભાવ દ્વારાજ કરે છે. આ વિપ્રયોગ-ભાવાત્મક-રસાત્મક સ્વરૃપથી અનુભવાતો આનંદ અગણિત છે. તેથી જ તેને શ્રીમદાચાર્યવર્યે "આન્તરં તુ મહાફલમ્" કહેલ છે. આ વિપ્રયોગાત્મક સ્વરૂપના અનુભવનો પરિચય, મર્મજ્ઞ શિરોમણિ શ્રી હરિરાય પ્રભુએ શિ. 9-18 માં કરાવ્યો છે:

વિરહે યુગપત્સર્વ નિજલીલાનુભાવકમ્ ।
વિરહે યુગપત્સર્વ નિજલીલાનુભાવકમ્ ।
સાકારાનન્દ રૃપેણ વ્રજભક્ત હૃદિસ્થિતમ્ ।।

શ્રુતિઓએ પરબ્રહ્મનું સ્વરૃપ લક્ષણ "સત્ય-જ્ઞાન-અનંત" કહેલ છે. આ "અનંત" પદવાચી પરબ્રહ્મ-નિત્ય લીલાસ્થ પુષ્ટિ પૂર્ણ પુરૃષોત્તમ "અનંત" લીલાઓ સહિત અને પોતાના અપરિચ્છિન્ન (સાકાર-વ્યાપક) સ્વરૂપથી વ્રજ ભક્તોના હ્વ્દયમાં નિરૃદ્ધ થયેલ છે તેનો અનુભવ વિરહની ફલાત્મક અવસ્થામાં યુગપત-એક જ સમયે શ્રીગોપીજનોને થાય છે. એક જ સમયે પ્રભુની સમસ્ત લીલાનો અનુભવ થવાનું કારણ શ્રીગોપીજનોએ પ્રભુની અપરિચ્છિન્ન સાકાર-વ્યાપક સત્તાને અને અલૌકિક સામથ્યને પ્રાપ્ત કરેલ છે. આ વ્યાપક સત્તાથી સમસ્ત લીલાનો એક જ સમયે અનુભવ થાય છે.

વિષ્ણો: કર્માણિ પશ્ય ।

વ્રતાનિ પસ્પરો ઇન્દ્રસ્ય યુજય: સખા ।
તદવિષ્ણો: પરમ પદં સદા પશ્યન્તિ : ।
દિવીવ ચક્ષુરાતતમ્

ઉપરોક્ત મંત્ર વિદ્વન મંડનના નિત્યલીલા વાદ પ્રકરણમાં શ્રી વિઠ્ઠલેશ્વરે આપેલો છે.

"દિવીવચક્ષુરાતતમ્" એટલે યોગ સિધ્ધ પુરૂષને "દૂરગ્રહણ" નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ સિદ્ધિથી યોગીનું વ્યાપક બનેલું ચક્ષુ (નેત્ર) સ્વર્ગના તમામ વૈભવોને એકજ સમયે જોઇ શકે છે. તેમ "સૂરય:" વ્રજભક્તો દૂર ગ્રહણ નામની સિદ્ધિથી પ્રભુની સમસ્ત લીલાઓનો એકજ સમયે અનુભવ કરે છે. સર્વાત્મ ભાવ સિદ્ધ થતાં શ્રીયમુનાષ્ટકમાં કહેલી આઠેય સિદ્ધિઓ સર્વાત્મભાવી ભક્તોને પ્રાપ્ત થયેલી હોય છે. આ તો સમસ્ત લીલાના અનુભવની ચર્ચા થઇ. આથી પણ વિશેષ અદભૂત ઐશ્વર્ય તો એ છે કે, "આ ભક્તોએ પ્રાપ્ત કરેલા અલૌકિક સામર્થ્યથી પ્રિયતમના કોટાન કોટિ સ્વરૂપોને અને લીલાઓને પોતે જ પ્રગટ કરી તેનો "યુગપત્" એક જ સમયે અનુભવ કરે છે." (આ કથનના પ્રમાણમાં શ્રી હરિરાયચરણોકત "અંતરંગ બહિ:રંગ લીલા પ્રપંચવિવેક" નામનો ગ્રંથ અવલોકનીય છે.

શ્રી હરિરાય પ્રભુએ શિક્ષાપણ અંતિમમાં "રસાત્મક ભાવસ્વરૂપ નિરૂપણ" માં રસસ્વરૂપના અનુભવની ચાર અવસ્થાઓનું વર્ણન કરેલું છે. (1) ધર્મ સંયોગ (2) ધર્મી સંયોગ (3) ધર્મ વિપ્રયોગ અને (4) ધર્મી વિપ્રયોગ. રસ સ્વરૂપના અનુભવની આ ચાર અવસ્થાનું તારતત્ય શ્રીહરિરાયજીની વાણીમાં જ જાણવા મળે છે. આ ચારેમાં ધર્મી વિપ્રયોગની સર્વોત્કૃષ્ટતા પણ આપની વાણીમાં જ જાણવા મળે છે. "શ્રી હરિરાય વાંગ મુક્તાવલી" ભાગ 1 ના અનેક ગ્રંથોમાં આ ધર્મી વિપ્રયોગની પરમ ફલાત્મકતા એવં પરમનિરોધાત્મકતાનું વર્ણન કરેલું છે. તે તે ગ્રંથો અવલોકવા. અને પદ સાહિત્યમાં "પ્રગટે પુષ્ટિ મહારસ દેન" આ પદનો ભાવાર્થ વિચારવો.

જન્મ પ્રકરણથી તામસ ફલ પ્રકરણ સુધીના શ્રી સુબોધિનીજીમાં જે વર્ણન કરેલું છે તે

શ્રી ગોપીજનોની ફલાવસ્થાનું જ વર્ણન છે. કારણ કે ફલસ્વરૂપ પ્રભુનો અનુભવ તો તેમને, પ્રભુ પ્રાગટ્ય થતાંની સાથે જ શરૂ થઇ ગયો છે. પરન્તુ જન્મ પ્રકરણથી લઘુ રાસ સુધી તેમણે પરિચ્છિન્ન અવસ્થામાં સ્વરૂપાનંદનો અનુભવ કર્યો, અને મહારાસમાં અપરિચ્છિન્ન અવસ્થાથી અનુભવ કર્યો.

ભક્તિની ઉત્કર્ષતા સ્વતંત્રભક્તિની પ્રાપ્તિમાં છે. આ "સ્વતંત્ર ભક્તિ" પ્રાપ્ત કરીને શ્રી ગોપીજનોએ દિવ્ય પ્રેમ રાજ્યપર વિજય ધ્વજ ફરકાવ્યો છે. એટલું જ નહીં, પણ રસાત્મક સાકાર વ્યાપક 'ભૂમા' સ્વરૂપની પ્રતિષ્ઠાને શ્રી ગોપીજનોએ પોતાનામાં ધારણ કરીને, 'ભૂમા'ની પ્રતિષ્ઠા-મહિમાના ખ્યાપક બન્યા છે. આ સ્વરૂપ વેદોમાં પ્રસિદ્ધ નથી, કારણ કે વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ તે વાણીનો વિષય નથી. માત્ર અનુભવવેધ છે. તેથી જ શ્રીમત્પ્રભુ ચરણોએ શ્રીટિપ્પણીજીમાં આજ્ઞા કરી છે કે સર્વાત્મભાવથી અનુભવાતા સ્વરૂપનું નિર્વચન થઇ શકતું નથી. વળી પુષ્ટિ પુરૂપોત્તમને "વેદાતીત" પણ કહેવાય છે જ.
યદિ શ્રુતિરૃપા શ્રીગોપીજનો ભૂવિમાં પ્રગટ ન થયા હોત તો રસાત્મક 'ભૂમા' સ્વરૃપની પ્રતિષ્ઠાને કોણ જાણત ? જેમ "ગોપી પ્રેમકી ધ્વજા" તમ રસાત્મક 'ભૂમા' સ્વરૃપની પ્રતિષ્ઠાનો ધ્વજ પણ સાથેજ ફરકાવ્યો છે. જેમની કૃતિને "સાગર" ની ઉપમા અપાય છે તેવા મહાનુભાવ શ્રી સૂરદાસજી અને શ્રી પરમાનંદ દાસજીના પદોમાં ગાયેલું છે કે-

વ્રજલીલા કોઉ પાર ન પાયો ।
બ્રહ્મા શેષ મહેશ નારાયણ
મતિ હી ભૂલાયો ।।1।।
વેદ સ્મૃતિ સુનિ હરિહી મિલન,
બહુ મારગ બતાયો ।
ગોપીજન નિજ મારગ 'સૂર',
ન્યારો દિખરાયો ।।2।।
વ્રજ્જન સમ ધર પર કોઉ નાંહી ।।

જિન સબ તન મન હરિ અર્પન કરિ,
મોહન ધરે ઉર માંહી ।।1।।
સદા સંગ ડોલત મન મોહન,
ગોપી ધરિ ઉર ધ્યાન ।।
ગોપી ગોપી રટત નિરંતર,
ભૂલિ ગયે સબ જ્ઞાન ।।2।।
જા ગોપીકી પદરજ ઉદ્ધવ,
બ્રહ્માદિક સબ જાચે ।।
તા ગોપીગૃહ માખન કાજે,
સબદિન ગિરધર નાચે ।।3।।
ગોપીજન મે કોન બતાઉં,
હરિ હૂં પાર ન પાવે ।
તો હોં મન્દ બુદ્ધિ કહા જાનો,
"પરમાનંદ" ગુન ગાવે ।।4।।
"ન પરાયેહં નિરવદ્યસંયુજામ સ્વમાધુકૃત્યં, વિબુધાયુષાપિ વ:" (સુ. 10-29-22)

ઉપરોક્ત શ્લોકની સંગતિ શ્રી પરમાનંદ દાસજીના પદ સાથે થાય છે. ઉક્ત શ્લોકમાં પ્રભુએ શ્રી ગોપીજનોની સ્તુતિ કરી છે. અને સદા રૃણિ પણું સ્વીકાર્યું છે. જે કાર્ય સર્વ સમર્થ પ્રભુ ન કરી શકે તેવા કાર્યનું ઐશ્વર્ય (સામર્થ્ય) શ્રીગોપીજનોએ પ્રાપ્ત કર્યું છે. ઉક્ત શ્લોકના ટિપ્પણીજીમાં શ્રીગોપીજનોનો ઉત્કર્ષ સિદ્ધ કર્યો છે.

હવે અહીં વિચારણીય વિષય એ છે કે આ મહાન અભ્યુદય શ્રી ગોપીજનોએ કેવા પ્રકારની સાધનાથી પ્રાપ્ત કર્યો. જો આ સાધનાનો વિચાર ન થાય તો શ્રી ગોપીજનોના માર્ગે કોઇપણ સાધક ચાલીજ ન શકે. તે માટે અહીં સાધનોનો વિચાર કરવો આવશ્યક છે.

શ્રી વલ્લભ સ્વરૂપ મહિમા, માધુરી

લેખક:- શ્રી વલ્લભ પાદપદ્મ મિલિન્દ.

-રાગ : આસાવરી –

શ્રીવલ્લભ તજ અપુનો ઠાકુર કહો કોનપે જૈયે હો ।
સબ ગુણ પૂરણ કરૂણા સાગર, જહાં મહારસ પૈયે હો ।।1।
સુરતહી દેખ અનંગ વિમોહિત, તન મન પ્રાન બિકૈયે હો ।
પરમ ઉદાર ચતુર સુખ સાગર, અપાર સદા ગુન ગૈયે હો ।।2।।
સબહીન તે અતિ ઉત્તમ જાની, ચરન પર પ્રીત બઢૈયે હો ।
કાન ન કાહુકી મન ધરીયે, વ્રત અનન્ય એક ગહૈયે હો ।।3।।
સુમર સુમર ગુનરૂપ અનુપમ, ભવ દુ:ખ સબે વિસરૈયે હો ।
મુખ વિધુ લાવણ્ય અમૃત એક ટક પીવત નાહી અઘૈયે હો ।।4।।
ચરન કમલકી નિશદિન સેવા. અપને હૃદે વસૈયે હો ।
'રસિક' સદા સંગીનસો ભવોભવ ઇનકે દાસ કહૈયે હો ।।5।।

આ પદમાં શ્રી હરિરાયચરણ શ્રીવલ્લભચરન કમલના અનુરાગી સ્વકીયોને શ્રીવલ્લભ સ્વરૂપમાં દ્રઢાસક્તિ કરાવવા માટે શ્રીવલ્લભ ગુણ માધુરીનું વર્ણન કરે છે.

"શ્રીવલ્લભતજ અપુનો ઠાકુર" ઇતિ.

શ્રીવલ્લભ શબ્દનો અર્થ અતિશય વ્હાલા થાય છે. નિત્ય લીલા ધામમાં અનંત કોટિ યુગલોમાં જે દિવ્ય પ્રેમાનંદનો નૂતન નૂતન વિલાસ પ્રતિક્ષણ થઇ રહ્યો છે તે તે અનંત કોટિ શ્રી સ્વામિનીજીઓના દિવ્ય પ્રેમાનંદના સમૂહાત્મક ઘનીભૂત સાકાર સ્વરૂપ શ્રીવલ્લભ છે. તેથી શ્રી હરિરાયજી એક પદમાં કહે છે ક-"શ્રીવલ્લભ મહાસિન્ધુ સમાન"। જેમ અનેક સરિતાઓનો પ્રવાહ, સમુદ્રમાં સમાઇ જાય છે. તેમ અનંત કોટિ સ્વામિનીજીઓ દિવ્ય પ્રેમના સમુદ્રોનો પ્રવાહ મહાસમુદ્ર રૂપ શ્રી વલ્લભમાં સમાવિષ્ટ થઇ જાય છે. તેથી શ્રી વલ્લભને દિવ્ય પ્રેમાનંદના મહાસમુદ્ર રૂપ કહ્યા. અને જેમ આ

મહાસમુદ્રના અનંત તરંગો કે જે પ્રેમાનંદરૂપ છે. તેનો અનંત ભક્તો અનુભવ કરે તો પણ મહાસમુદ્રમાં કંઇ ન્યુનતા થતી નથી. અથવા અનંત ભક્તો આ દિવ્ય પ્રેમના મહા સમુદ્રના તરંગોથી સુખ પ્રાપ્ત કરે છે તો પણ આ પ્રેમાનંદનો મહા સમુદ્ર તેટલો ને તેટલો જ ભરેલો છે. અહીં આમ સમજવું કે શ્રી વલ્લભ મહાસિન્ધુના તરંગોજ સ્વામિનીજીના સ્વરૂપો છે. એક એક તરંગ શ્રી વલ્લભ મહાસિન્ધુ સ્વરૂપમાંથી પ્રકટ થાય છે તે પ્રત્યેક તરંગ રૂપ સ્વામિનીજીઓ છે. આ શ્રી સ્વામિનીજીઓ દિવ્ય પ્રેમના સમુદ્ર રૂપ છે. આવો કલ્પનામાં ન આવી શકે તેવો દિવ્ય પ્રેમ મહિમા શ્રીવલ્લભનો હોવાથી "શ્રીવલ્લભ મહા સિન્ધુસમાન" કહ્યા. અથવા દિવ્ય પ્રેમનો મહા સિન્ધુ જેમાં ભરેલો રહે છે તે "વલ્લભ" શબ્દનો અર્થ છે. તેથી શ્રી હરિરાયચરણ વલ્લભના સ્વકીય જનોને કહી રહ્યા છે કે આવો દિવ્ય પ્રેમનો મહાસિન્ધુ જેમા ભરેલો રહે છે તેવા શ્રીવલ્લભને છોડીને કોની પાસે જૈયે. અથવા કોની આશા કરીયે ? આ શ્રી વલ્લભ મહાસુન્ધુ સ્વરૂપનો દિવ્ય પ્રેમ ભર્યો મહિમા શ્રી વલ્લભ નામમાં પણ રહેલો છે.

તેથી એક સાખીમાં શ્રી હરિરાય પ્રભુ કહે છે કે –
વલ્લભ નામ અગાધ હે.
જહાં તહાં મતિ બોલ ।
જબ ગ્રાહક હરિજનમિલે
તીન આગે તુ ખોલ ।

શ્રી વલ્લભ નામનો મહિમા વિરહી જન સિવાય બીજા કોઇ જાણી શકતા નથી. તેથી શ્રીવલ્લભના વિરહીજન પાસેજ શ્રી વલ્લભ નામના અગાધ મહિમાને ખોલવાનું કહે છે. આવા શ્રી વલ્લભને છોડીને કોની પાસે આનંદની ભીક્ષા માગવા જવું ? એમ કરૂણા ભર્યા હ્યદયથી શ્રી હરિરાય પ્રભુ સ્વકીયોને ઉપદેશ કરી રહ્યા છે. અનંત શ્રી સ્વામિનીજીઓમાં દિવ્ય પ્રેમ વિલાસની પૂર્ણતા મહા સિન્ધુ સ્વરૂપ શ્રી વલ્લભમાંથીજ થાય છે. તેવા શ્રી વલ્લભવરને છોડીને કોની પાસે દિવ્ય આનંદની ભીક્ષા માગવી ? આ પદમાં શ્રી હરિરાયપ્રભુએ દિવ્ય પ્રેમ સ્વરૂપ શ્રી વલ્લભનો અકથનીય મહિમા જણાવેલો

છે. તે મહિમા દિવ્ય પ્રેમ રૂપજ જાણવો. જેમ મીઠા સમુદ્રનું જલ મીઠુજ હોય છે. તેમ દિવ્ય પ્રેમના મહાસિન્ધુ રૂપ શ્રી વલ્લભનો મહિમા દિવ્ય પ્રેમ રૂપજ છે.

સબગુણ પૂરણ કરૂણા સાગર
જહાં મહા રસ પૈયે હો

"સબગુણપૂરણ" એટલે સૌન્દર્યતા–લાવણ્યતા–માધુર્યતા–સુકુમારતા–મૃદુતા-તારૂણ્યતા આદિ દિવ્ય પ્રેમના અનંત ગુણોની સીમા શ્રીવલ્લભ સ્વરૂપમાંજ રહેલી છે. વળી પ્રત્યેક ગુણ સાગર સમાન પૂર્ણ છે. આવા અનંત ગુણોની સીમાવાળા શ્રીવલ્લભ સ્વરૂપને સ્વકીય જન હ્યદયમાં ધારણ કેમ કરી શકશે ? તેવી કોઇને શંકા થાય ત્યાં કહે છે કે – "કરૂણા સાગર" શ્રીવલ્લભ કરૂણાના સાગર છે. "કરૂણા" એટલે વાત્સલ્યતા. માતાનો વાત્સલ્ય પ્રેમ તેના બાલકમાં હોવાથી માતા પોતે જ બાલકનું લાલન-પાલન કરે છે. અપેક્ષા રાખ્યા વિના માતા પોતેજ બાલકનું લાલન પાલન કરે છે તેમ વાત્સલ્ય સ્નેહના મહાસાગર રૂપ શ્રી વલ્લભ હોવાથી પોતાના અનંત દિવ્ય ગુણોને પોતાના ભક્તો ધારણ કરી શકે તેવી પાત્રતા પોતાના સામર્થ્યથી સિદ્ધ કરે છે. તે કેવી રીતે સિદ્ધ કરે છે ? તેમ જાણવાની ઇચ્છા થાય ત્યાં કહે છે. કે શ્રી સર્વોત્તમજીમાં આપશ્રીનું નામ "વિભુ:" છે. આ નામવાળુ આપનું સ્વરૂપ સ્વકીયના હ્યદયમાં જ્યારે પ્રકટ થાય છે. ત્યારે સ્વકીયના હ્યદયને પણ વિભુ એટલે વ્યાપક ધર્મવાળું વિશાળ બનાવે છે. આવા વિભુ એટલે વ્યાપક બનેલા ભક્તના હ્યદયમાં અનંત દિવ્ય ગુણો ધારણ કરી શકાય છે.

હવે "મહારસપૈયે" તેમ કહ્યું, તેનો ભાવાર્થ એમ છે કે 'રસ' અને 'મહારસ'ના અનુભવમાં આનંદનું તારતમ્ય રહેલું છે, તેથી શ્રી વલ્લભ રસને "મહારસ" કહેવાય છે. સંયોગનો આનંદ રસ કહેવાય છે. અને વિપ્રયોગના આનંદને મહારસ કહેવાય છે. શ્રી વલ્લભનું સ્વરૂપ વિપ્રયોગાત્મક છે. તેથી આપ મહારસ રૂપ છે અથવા સંયોગનો આનંદ પ્રભુના એક સ્વરૂપથી અનુભવાય છે. તેથી વિપ્રયોગાત્મક સ્વરૂપ શ્રીવલ્લભને મહારસરૂપ કહ્યા છે.

હવે શ્રીવલ્લભ સ્વરૂપની સૌન્દર્યતા કેવા પ્રકારની છે તેને કહે છે-
"સુરત હી દેખ અનંગ વિમોહિત
તન મન પ્રાન બિકૈયે હો."

શ્રીવલ્લભના સ્વરૂપની સૌન્દર્યતા દેખીને "અનંગ" એટલે કામદેવ વિશેષે કરીને મોહિત થઇ જાય છે. લીલા ધામમાં "કામદેવ" શ્રીજી છે. તે શ્રીજી શ્રીવલ્લભની સૌન્દર્યતાના દર્શનથી વિશેષે કરીને મોહિત થઇ જાય છે. 'મોહિત' શબ્દનો અર્થ એ કે જેમાં મોહ થયો હોય તેના વિના બીજું કંઇ જ્ઞાન ન રહે. બીજું બધુંય ભૂલાય જાય તે મોહિત શબ્દનો અર્થ છે. તો અહીં શ્રીવલ્લભ સ્વરૂપની સૌન્દર્યતા લાવણ્યતાની માધુર્ય સુધાનું પાન કરીને શ્રીજી તેમાં નિમગ્ન થયા છે. "પ્રેમામૃત રસાયન" સ્તોત્રમાં એક નામ છે- "વલ્લભ વદનામ્ભોજ મધુમત્ત મધુવ્રત:" । "વલ્લવી" એટલે શ્રી સ્વામિનીભાવવાળાં શ્રી ગોપીજનો તેના વદન કમલની લાવણ્ય મધુના પાનમાં જેની મત્ત અવસ્થા કહી તો મત્ત હોય તેને અન્યનું વિસ્મરણ હોય છે. જેમ મદિરા પાન કરનારને તેના નશામાં પોતાનું કે અન્યનું જ્ઞાન રહેતું નથી તેમ શ્રી સ્વામિનીજીના શ્રીમુખ લાવણ્ય મધુનું પાન કરીને શ્રીજી મત્ત થઇ ગયા છે. શ્રીવલ્લભના શ્રીમુખના લાવણ્ય મધુનું પાન કરીને શ્રીજી મત્ત થઈ ગયા છે. શ્રીવલ્લભના શ્રીમુખના લાવણ્ય માધુર્ય માં તો કોટાન કોટિ શ્રી સ્વામિનીજીઓના શ્રીમુખનું લાવણ્ય માધુર્ય એકત્રીત થયેલું છે. તેવા શ્રી વલ્લભના શ્રીમુખની સૌન્દર્યતાના પાનમાં શ્રીજી વિશેષ મોહિત થાય તેમાં શું આશ્ચર્ય હોય ? શ્રી સર્વોત્તમજીમાં "ત્રિલોકી ભૂષણ" આપશ્રીનું નામ છે. "ત્રિલોકી" એટલે રાજસ-તામસ-સાત્વિક ભાવવાળા કોટાન કોટિ, શ્રી સ્વામિનીજીઓમાં જે સૌંદર્યતા રહેલી છે તે સર્વ સૌન્દર્યતા શ્રી વલ્લભના એક સ્વરૂપમાં રહેલી છે. અથવા કોટાન કોટિ શ્રીસ્વામિનીજીઓ દિવ્ય સૈન્દર્યતા સહિત પ્રગટ થયાં છે. તેથી "ત્રિલોકી ભૂષણં" નામ કહ્યું છે. આવા મહાન સૌન્દર્યતા વાળા શ્રીવલ્લભના સ્વરૂપમાં તન મન પ્રાણ ન્યોછાવર કરવા શ્રી હરિરાય પ્રભુ ઉત્સાહિત થઇ રહ્યા છે.

આવું મહાન સૌન્દર્યતાવાળુ શ્રીવલ્લભનું સ્વરૂપ છે કે શ્રીજી પણ તેમાં મોહિત થયા છે.

તો આવા શ્રી વલ્લભ સ્વરૂપની ભૂતલમાં રહેલા દૈવી જીવોને પ્રાપ્તિ કેમ થાય ? આવો પ્રશ્ન થાય ત્યાં કહે છે,

"પરમ ઉદાર ચતુર સુખ સાગર
અપાર સદા ગુન ગૈયે હો"

"પરમ ઉદાર" "પરમ" શબ્દનો અર્થ જેનાથી કોઇ તત્વ શ્રેષ્ટ નથી. અથવા કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ સર્વ કરવા સમર્થ હોય. અથવા જીવની યોગ્યતા અયોગ્યતાનો વિચાર નહીં કરીને અદેય ફલનું દાન કરે તેને "પરમ ઉદાર" કહેવાય છે.

શ્રીવલ્લભથી બીજું કોઇ ત્તત્વ શ્રેષ્ટ નથી. સંસાર સાગરમાં ડૂબેલા અને પતિત થયેલા જીવને એક કૃપા દ્રષ્ટિમાંથી ઉદ્ધાર કરી પોતાના મહાન અલૌકિક સ્વરૂપના આનંદનું દાન શ્રી વલ્લભ કરે છે. પાત્ર કે અપાત્રનો વિચાર કર્યા વગર ! આ જીવ મારો છે તેટલું જ વિચારીને પોતાના અદભૂત સામર્થ્યથી જીવને યોગ્ય પાત્ર બનાવી તેજ ક્ષણે દિવ્ય પ્રેમ સાગરમાં નિમગ્ન કરે છે. ચોયાર્સી ભગવદીયોમાં શ્રીમદ દમલાજીની વાત તો ન્યારી છે, પરન્તુ શ્યામદાસ સુતાર, પ્રભુદાસ જલોટાજી, કૃષ્ણદાસમેઘનજી-કૃષ્ણદેવરાજા શેઠ પુરૂષોત્તમદાસજી, કોટિમાં વિરલ પદ્મદાસજી અને મહાભાગ્યવાન રજોબાઇ, તુલસાં રૂક્ષ્મણીજી આદિ બડભાગી સ્વકીયોને શ્રીવલ્લભવરે પોતાના મહાસિન્ધુ જેવા સ્વરૂપાનંદમાં નિમગ્ન કર્યા છે. તેથી આપશ્રી વલ્લભને શ્રીહરિરાય પ્રભુ 'પરમ ઉદાર' કહે છે.

હવે "ચતુર સુખ સાગર" આપને કહ્યા. તેનો ભાવાર્થ આપની ચાતુર્યતા ભૂતલના ભક્તોને મહાન દિવ્ય લીલા ધામના સ્વરૂપનો અનુભવ કરાવવામાં રહેલી છે. નિત્ય લીલા ધામમાં બિરાજતું પ્રભુનું સ્વરૂપ નિત્ય સિદ્ધા શ્રી સ્વામિનીજીઓમાંજ આસક્ત છે. તેવી આસક્તિ ભૂતલના ભક્તોમાં પ્રભુની થાય તેવી ચાતુર્યતા શ્રી વલ્લભવરમાં રહેલી છે. ભૂતલના અંગીકૃત જનોને તત્સુખસાગર શ્રીવલ્લભે તત્સુખ પ્રેમભાવનું દાન કરીને શ્રીજીને ભૂતલના ભક્તોમાં આસક્ત કર્યા છે. તેનું કારણ તત્સુખ પ્રેમમાં માધુર્યતા રહેલી

છે. માધુર્યતા એ દિવ્ય પ્રેમનો અસાધારણ ગુણ છે. આવા માધુર્ય પ્રેમનાજ મકરંદ ભરી સૌરભતા દૂર દૂરથી પ્રાપ્ત થતાં ભ્રમર સ્વયં (ખુદ) ચાલીને કમલ મકરંદ પાનમાં લુબ્ધ થઇ જાય છે. કમલ ભ્રમરને બોલાવવાં જતું નથી. પણ ખુદ ભ્રમરજ કમલ પુષ્પની મકરંદ સૌરભતા તરફ આકર્ષાય છે. તેથી કહ્યું છે કે-

કમલ બુલાવન કબ ગયે,
કબ કીનો સન્માન ।
નેહ નિમંત્રણ કે સગે
'અલિ અધીર ઉલટાન ।।

મકરંદ પાનનો લોભી ભોંરા સ્વયં અધીર બનીને કમલ પાસે જઇને તેના મકરંદ પાનમાં લુબ્ધ બને છે, તેમ નિજ્જનોને શ્રી વલ્લભે તત્સુખી માધુર્ય પ્રેમનું દાન કરેલું છે, તેથી શ્રીજી સ્વયં નિજ્જનોમાં હ્યદય કમલમાં બંધાઇ જાય છે. રૂક્ષ્મણીજી વિના શ્રીમદનમોહનજી એક ક્ષણ રહી ન શકે. રૂક્ષ્મણીજીના તત્સુખી માધુર્ય પ્રેમમાં શ્રી મદનમોહનજી વશીભૂત થઇ ગયા. શ્રી મથુરેશજી તુલસામાં આસક્ત થયાં. શ્રી નવનિતપ્રિયાજી ગજ્જન વિના એક ક્ષણ રહી ન શકે. નારાયણદાસ બ્રહ્મચારીજીના પ્રસંગમાં શ્રી ચંદ્રમાજી તત્સુખ સેવાથી પ્રસન્ન થઇ નારાયણદાસજીને આજ્ઞા કરી કે તું માંગ, હું તારી ઉપર પ્રસન્ન થયો છું. પ્રભુના આવા મધુર વચનો શ્રવણ કરીને તત્સુખ પ્રેમમાં વિભોર બનીને શ્રીનારાયણદાસજી કહે છે કે આપ શ્રી ગુસાંઇજીના ઘરે પધારો. આવી વિનતી કરવાનું સ્વારસ્ય એ છે કે મારા પ્રિયતમને શ્રી ચંદ્રાવલીજી સ્વરૂપથી અનંત સુખ મળશે. શ્રી ચન્દ્રમાજીના સુખનીજ નારાયણદાસજી વિનતી કરી રહ્યા છે. આવી તત્સુખ ભાવ વાળી ભાવનાથી શ્રી ચંદ્રમાજી પરવશ થઇ ને નારાયણદાસજીના માથે જ 50 વર્ષ અધિક બિરાજ્યા. આવું તત્સુખી માધુર્ય પ્રેમનું દાન નિજ્જનોને ચાતુર્યતા પૂર્વક શ્રીવલ્લભે કરેલું છે. શ્રી મદનમોહનજી રૂક્ષ્મણીજીના રૂણિ થઇ ગયા, તે આ તત્સુખી માધુર્ય પ્રેમના દાનમાંજ રહેલી છે.

આ તત્સુખી માધુર્ય પ્રેમ તે આપ શ્રી વલ્લભનું શ્રી સ્વામિની ભાવાત્મક સ્વરૂપ છે. તે

સ્વરૂપનું દાન, શ્રી વલ્લભ અતિ ઉદારતાથી નિજ-અંતરંગ જનોને કરે છે. જે મન શ્રી વલ્લભ ચરણ કમલનો જ અનન્ય આશ્રય રાખી પતિવ્રત ભાવથી શ્રી વલ્લભનું જ ભજન-સેવા કરે છે, તેવા પતિવ્રતભાવી અંતરંગ જનને જ આપ પોતાના શ્રીસ્વામિની ભાવનું દાન કરે છે.

શ્રી સર્વોત્તમજીમાં "અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત માનવ:" નામ છે. તેનો ભાવાર્થ શ્રીવલ્લભ જેનો અંગીકાર કરે છે. તેવો જન શ્રી ઠાકુરજીને પ્રિય બને છે તેનું કારણ આ જનમાં તત્સુખી માધુર્ય પ્રેમનું શ્રી વલ્લભે દાન કરેલું છે.

શ્રી વલ્લભવરનું નિગૂઢ સ્વરૂપ, નિગૂઢ ચાતુર્યતા, નિગૂઢ દાન, નિગૂઢ વિલાસ, નિગૂઢ વાણી, આ સર્વ અનિર્વચનીય છે. તેનો અનુભવ કોટિમાં વિરલ શ્રી પદ્મનાભદાસજી જેવા અંતરંગ અનન્યભાવી જનોજ કરી શકે છે.

હવે આપને "સુખસાગર" કહ્યા તેનો ભાવાર્થ વિચારીએ. સંયોગ લીલામાં ભક્તોને પ્રભુના સંયોગ પછી વિયોગ દુ:ખનો અનુભવ કરવો પડે છે. તેવું દુ:ખ શ્રી વલ્લભ ચરણ કમલના આશ્રિત જનને કરવું પડતું નથી. જો કે સંયોગ પછી વિયોગમાં ભક્તોને જે દુ:ખ થાય છે તે લૌકિક જેવું નથી. વિયોગમાં પણ પ્રભુના ભાવાત્મક સ્વરૂપનો સંબંધ રહેવાથી ભક્તોનો આંતર સુખ રહે છે, પરન્તુ બાહિર સ્વરૂપની અપેક્ષા રહેવાથી દુ:ખનો અનુભવ થાય છે. જ્યારે શ્રી વલ્લભ જનને તો વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ હ્યદયમાં સ્થાપી નિરૂદ્ધ થવાથી અખંડ આનંદનો અનુભવ થાય છે. એજ હેતુથી શ્રીવલ્લભના વિલાસને "તત્સુખ સાગર" નું સંબોધન શ્રી હરિરાય ચરણે ગૂઢતાથી આપેલું છે. શ્રી વલ્લભના ચાતુર્ય પૂર્વકના દાનમાં માધુર્ય પ્રેમનો સિન્ધુ લહેરાતો હોય છે. તેથી શ્રીજી સદા શ્રીવલ્લભ જનોને વશ થઇને રહ્યા છે. શ્રીવલ્લભ આશ્રિત જનમાં માધુર્ય પ્રેમનો સિન્ધુ ભરેલો રહે છે. તેમાંથી પ્રતિક્ષણે મધુર પ્રેમના નૂતન નૂતન તરંગો પ્રગટ થતાંજ રહે છે. તેના આસ્વાદનમાં શ્રીજી સદા અતૃપ્ત રહે છે, અને આ સુધા પાનમાં અન્યનું વિસ્મરણ થયેલું છે તેથી જ ભાગવતમાં પ્રભુના વાક્યો છે કે – "હું મારા ભક્તો વિના બીજું કંઇ જાણતો અને ભક્ત મારા વિના બીજું કંઇ જાણતા નથી."

અમારા બન્નેની દુનીયા નિરાલી રચાય છે. શ્રીવલ્લભ વરના મહા ઉદાર ચરિત્રમાં અને અદેયદાનમાં આથી વધારે પામર લેખક શું કથે ? માધુર્ય પ્રેમ અપાર સિન્ધુ સમાન સીમા રહિત હોવાથી તેનું કથન વાણીમાં કેટલું આવી શકે ? તેથી કહ્યું "અપાર સદા ગુન ગૈયે હો" । આવા અપાર દિવ્ય ગુણોથી ભરેલા શ્રીવલ્લભવરના સ્વરૂપનું સદા ગાન કરવું.

(1) શરણ વલ્લભ ગહાં ભાગ્યાકો પાર નહી,
ભજો "કૃષ્ણદાસ" અંતર જામી.
(2)"રસિક" સદા બડભાગી તે જે શ્રીવલ્લભ ગુણ ગાયે હો.

શ્રીવલ્લભનો જેને અનન્ય આશ્રય છે તેના ભાગ્યનો પાર નથી. અને શ્રીવલ્લભના ગુણ-ગાનમાં જે ભક્ત આસક્ત છે તેના સમાન કોઇ બડભાગી નથી.

શ્રીવલ્લભના મહાન સ્વરૂપનું અહીં સુધી જે વર્ણન કર્યું તે સ્વરૂપનો અનુભવ અનન્યતા વિના ન થાય. તેથી પદના આગળની પંક્તિમાં કહે છે કે –

"સબહીન તે અતિ ઉત્તમ જાની,
ચરન પર પ્રીત બઢૈયે હો"

શ્રીવલ્લભના મૂળ પરબ્રહ્મ સ્વરૂપમાંથીજ ગોલોક ધામની અનંત પ્રકારની લીલાઓ પ્રગટ થઇ છે. ગોલોક ધામમાં અનંત કુંજો-નિકુંજો રહેલી છે. આ અનંત કુંજો-નિકુંજોમાં અનંત શ્રી સ્વામિનીજીઓ બિરાજી રહ્યા છે. અન જેટલા શ્રી સ્વામિનીજીઓ છે તેટલાજ તેમના ભાવરૂપ પ્રભુનાં સ્વરૂપો દરેક સ્વામિનીજીની નિકુંજોમાં બિરાજી રહ્યા છે, અને દિવ્ય લીલા સામગ્રી પણ અનંત પ્રકારની રહેલી છે. આ સર્વ શ્રીવલ્લભના "મહાવિભુ" સ્વરૂપમાંથીજ પ્રગટ થયેલ છે, અને આ સર્વ શ્રીવલ્લભના સાકાર, વ્યાપક સ્વરૂપમાંજ રહેલ છે. તેથી શ્રી હરિરાય પ્રભુ કહે છે કે "સબહીન તે અતિ ઉત્તમ જાની ચરન પર પ્રીત બઢૈયે હો" । સર્વથી ઉત્તમ આપ શ્રીવલ્લભજ છે, જ્યારે આપથી કોઇ ઉત્તમ નથી

તેમ સમજી લેવાથી બીજા કોઇની આશા અપેક્ષા રહેતી નથી, ત્યારે અનન્ય ભાવ શ્રીવલ્લભમાંજ રહે છે. શ્રી વલ્લભનું આવું માહાત્મ્ય સમજી લેવાથી સુદ્રઢ અને સર્વથી અધિક સ્નેહ એક શ્રીવલ્લભ સ્વરૂપમાંજ રહે છે. અથવા અનન્ય ભાવ થયા પછી શ્રીવલ્લભમાંજ સુદ્રઢ સ્નેહ પ્રકટ થાય છે. અનન્ય ભાવ વિના મહાન દિવ્ય સ્વરૂપમાં સ્નેહ ન થાય. તે માટે સર્વથી ઉત્તમ આપનેજ જાણી આપનું જ સ્મરણ-ભજન કરવું.

જ્યારે શ્રીવલ્લભનું માહાત્મય સમજાય ત્યારે આપમાંજ અનન્ય ભાવ રહેતો હોવાથી કોઇનો ડર-ભય રહેતો નથી તે સમજવા પદની આગળની પંક્તિમાં કહે છે.

"કાન ન કાહુકી મન ધરીયે વ્રત અનન્ય એક ગહૈયે હો" જેમ ચૌરાશી ભગવદીયોમાં રામદાસજીને આપશ્રી વલ્લભમાંજ અનન્ય ભાવ હતો. આ રામદાસજી મીરાંબાઇના પુરોહિત હતા. એક સમયે રામદાસજી મીરાંબાઈ પાસે ગયા ત્યારે મીરાબાઇએ કહ્યું પ્રભુના ગુણગાન સંભળાવો, ત્યારે રામદાસજીએ શ્રી મહાપ્રભુજીના યશનું ગાન કરી સંભળાવ્યું. ત્યારે મીરાંબાઇએ કહ્યું કે શ્રી ઠાકુરજીના યશને સંભળાવો. મીરાબાઇને શ્રીવલ્લભના ગુણગાનમાં રૂચિ નહી થવાથી શ્રીવલ્લભનો અનાદાર થયો કહેવાય. આવો અનાદર થવાથી રામદાસજીને મીરાંબાઇ ઉપર ક્રોધ થયો અને કહ્યું કે "દારી રાંડ યહ કહા તેરે ખસમકો હે" એમ મીરાંબાઇથી ડર્યા વિના તેનું અપમાન કરીને રામદાસજી ત્યાંથી ચાલતા થયાં. આનું નામ કોઈની 'કાની' નહી કરવી એમ કહેવાય.

આપ શ્રીવલ્લભમાં અનન્યભાવ થયા પછી શું કરવું તે પદની આગળની પંક્તિમાં કહે છે.

"સુમર સુમર ગુન રૂપ અનુપમ ભવ દુ:ખ સબે વિસરૈયે હો" જેની ઉપમા આપી ન શકાય તેવા આપશ્રીના ગુણો છે. આ ગુણો દિવ્ય પ્રેમના ભરેલા અનંત છે. અને એક એક દિવ્ય ગુણ સાગર સમાન છે. આવા શ્રીવલ્લભના ગુણગાનથી સંસારનું દુ:ખ અને જનમ-મરણનું દુ:ખ રહેતું નથી. તેનું કારણ ગુણગાન કરનારા ભક્તને ગુણગાનથી અલૌકિક દેહની પ્રાપ્તિ થાય છે. અને આ અલૌકિક દેહતો અજર-અમર છે. આવો દેહ શ્રીવલ્લભના ગુણગાનથી પ્રાપ્ત થતો હોવાથી ભવદુ:ખ રહી શક્તું નથી, અને

ગુણગાનમાં દિવ્ય આનંદનો અનુભવ થાય છે. કારણ કે આપના ગુણો દિવ્ય પ્રેમાનંદથી ભરેલા છે. શ્રી હરિરાયપ્રભુ બીજા પદમાં કહે છે કે –

"રસિક સદા બડભાગી તે જે શ્રીવલ્લભ ગુણ ગાયે" શ્રીવલ્લભના ગુણગાન કરનારાને બડભાગી કહ્યો છે. તેનું રહસ્ય શ્રીવલ્લભે આ જીવને પોતાનો માન્યો છે. શ્રી સર્વોત્તમજીમાં આપશ્રીનું નામ "ભક્તમાત્રાસક્ત:" છે. જેના માટે આપ ભૂતલમાં પધાર્યા છે તે દેવી જીવ મૂલ ધામથી વિછુરેલો છે. તેમાં આપશ્રી આસક્ત થાય છે. એટલે કે તે જીવના ઉદ્ધારની આપને ચિન્તા થાય છે. આ ચિન્તાથી તેના ઉદ્ધારનો આપ પ્રયત્ન કરે છે. આ પ્રયત્નમાં આપ તે જીવને ગુણગાનની પ્રેરણા કરે છે આ ગુણગાન દ્વારા આપ પોતાના દિવ્ય પ્રેમ રૂપ અનંત ગુણો સહ તે ભક્તના હ્રદયમાં પ્રવેશ કરે છે. તેથી "સ્વયશોગાન સંહષ્ટ હ્રદયાંભોજ વિષ્ટર: એવું શ્રી સર્વોત્તમજીમાં આપનું નામ છે. અને આપનો પ્રવેશ ભક્ત હ્રદયમાં થતાં જ ત્રિવિધ માયાના બંધનમાંથી દૈવી જીવ મુક્ત થઇ જાય છે. ભૌતિક આધ્યાત્મિક માયાથી પ્રબલ ભગવાનની આધિદૈવિક માયા મૂલ ધામમાં દૈવી જીવને પ્રવેશ થવામાં આવરણ રૂપ થઇને રહી છે. તે શ્રી વલ્લભની કૃપા વિના દૂર થઇ શકતી નથી. આપ હ્રદયમાં પ્રકટ થવાથી આ માયા પણ દૂર થઇ જાય છે. ત્યારે મૂલધામથી વિછૂરેલો આ દૈવી જીવ મૂલધામમાં પ્રવેશ કરે છે.

શ્રી હરિરાયચરણે આ માયાનો સંકેત 'વૈશ્વાનરાષ્ટક' સ્તોત્ર શ્લોક ત્રીજામાં કરેલો છે. "મહામાયા મોહપ્રશમન મનોદોષ નિચય:" ! ભગવાનની ભૂતલમાં પ્રવાહ અને મર્યાદા ભાવમાં લીલા કરવાની ઇચ્છાથી આ મહામાયાએ દૈવી જીવમાં "મોહ" ઉત્પન્ન કર્યો છે. મોહ એટલે અજ્ઞાન. મૂલધામના સ્વરૂપજ્ઞાનને આ માયા ઢાંકી દે છે. જેમ અંધકારથી જગત દેખાતું બંધ થાય તેમ આ માયાના આવરણથી મૂળધામનું જ્ઞાન થતું નથી. અને તેથી મૂળધામથી વિછુરેલા દૈવીજીવને મૂળધામમાં પ્રવેશનો તાપ કલેશ થતો નથી. શ્રી વલ્લભનો ભક્ત હ્રદયમાં પ્રવેશ જ્યારે ગુણગાનથી થાય છે ત્યારે પોતાના "ભક્તિ માર્ગાબ્જ માર્તંડ" સ્વરૂપથી દૈવીજીવના મનમાં-હ્રદયમાં પ્રકાશ કરે છે. ત્યારે મૂળધામના સ્વરૂપનું જ્ઞાન તે જીવને થાય છે. શ્રીવલ્લભ આધિદૈવિક જગત એટલે

મૂળધામના આધિદૈવિક સૂર્યરૂપ છે. તેથી મહામાયાના મોહને-અંધકારને દૂર કરે છે. મૂળધામના પ્રવેશ રૂપ પરમ પુરૂષાર્થને સાધનારૂં આપશ્રીના ગુણગાણનું આવું અચિન્ત્ય મહત્વ અને સામર્થ્ય શ્રીવલ્લભ ચરણ કમલના આશ્રિત સ્વકીયોએ અતિ વિચારવા યોગ્ય છે. આપશ્રીના ગુણગાનનો આવો પ્રભાવ હોવાથી શ્રીહરિરાય પ્રભુએ ગૂઢતાથી જતાવ્યું "રસિક સદા બડભાગી તે જે શ્રીવલ્લભ ગુણ ગાયે" વળી સ્વયં આપશ્રીએ પણ નિરોધલક્ષણનાં શ્લોક 9 માં આજ્ઞા કરી છે કે –

તસ્માત્ સર્વ પરિત્યજ્ય નિરૂધ્ધૈ:સર્વદા ગુણા:

સદાનન્દ પરૈર્ગેયા:સચ્ચિદાનન્દતા તત: સ્વકીયો પ્રતિ આપશ્રીએ ઉપરોક્ત શ્લોકમાં ગુણગાનની જે આજ્ઞા કરી છે. તેનું રહસ્ય ઉપરોક્ત કથન મુજબનું છે. અહીં ગુણગાનના અનેક રહસ્યમય તથ્યોનો પ્રકાશ કરવામાં લેખ વિસ્તાર થઇ જાય. અને સર્વ ધારણા કરવું પણ અસંભવ; તેથી સુક્ષ્મ નિર્દેશ કર્યો છે.

હવે સ્નેહ સહિત ગુણગાન કરવામાં શ્રીવલ્લભના સ્વરૂપનો કેવો અનુભવ થાય છે તે આગળની પંક્તિમાં કહે છે.

"મુખ વિધુ લાવણ્ય અમૃત એક ટક, પીવત નાહીં અઘૈયે હો" શ્રી વલ્લભનું શ્રીમુખ લાવણ્ય સૌન્દર્ય કેવા પ્રકારનું છે ? અનંત આધિદૈવિક ચંદ્રમાનું એકી ભૂત શ્રીમુખ છે. આધિદૈવિક ચન્દ્રમા એટલે શ્રી સ્વામિનીઓનાં અને શ્રી ઠાકુરજીનાં શ્રીમુખને આધિદૈવિક ચંદ્રમા કહેવાય છે. આવા અનંત ચંદ્રમાઓનું લાવણ્ય સૌન્દર્ય શ્રીવલ્લભના એક શ્રીમુખ ચંદ્રમાં સમાવિષ્ટ થઇ ગયું છે. તેથી આપશ્રીનું નામ "ત્રિલોકી ભૂષણ છે." । "ત્રિલોકી" એટલે સ્વર્ગ-મૃત્યુ પાતાલ-આ ત્રિલોક નહીં સમજવા, પરંતુ આધિદૈવિક લીલા જગતમાં રહેલા રાજસ-તામસ-સાત્વિક એમ ત્રણ દિવ્ય ગુણવાળા શ્રી સ્વામિનીજીઓ સમજવા. આવા અનંત સ્વામિનીજીઓના સૌન્દર્ય લાવણ્યથી આપ ભૂષિત છે. અથવા આપ પોતાના સ્વત: સિધ્ધ અનંત સૌન્દર્ય યુક્ત સાકાર સ્વરૂપમાંથી ત્રિલોકીના શ્રી સ્વામિનીજીઓ દિવ્ય સૌન્દર્યતા સહિત પ્રકટ થયા છે. આવા આપના શ્રીમુખ લાવણ્ય સુધા માધુર્યના પાનમાં તૃપ્તિ જ થતી નથી તેથી શ્રીહરિરાયચરણ કહે છે કે, "પીવત

નાહીં અઘૈયે હો" શ્રીવલ્લભ પોતાના આ મહાન દિવ્ય માધુર્ય સુધા સ્વરૂપના સૌન્દર્યનો પોતે જ જે અનુભવ કરે છે તેનું શ્રી સર્વોત્તમજીમાં નામ "સ્વાનંદ તુન્દિલ:" છે, અને પોતાના અંતરંગ જનોને પણ માધુર્ય સુધા સ્વરૂપનો અનુભવ કરાવે છે. શ્રીવલ્લભનું આવું મહાન દિવ્ય સ્વરૂપ હોવાથી પદની પહેલી તુકમાં કહ્યું છે કે:

"શ્રીવલ્લભ તજ અપુનો ઠાકુર કહો કોનપે જૈયે હો"

હવે પતિવ્રત ધર્મરૂપ સેવાના પ્રકારને જણાવે છે :-"ચરન કમલકી નિસદિન સેવા અપને હદે બસૈયે હો"
શ્રી વલ્લભના ચરણ કમલ લીલા ધામ રૂપ છે. અને લીલા ધામમાં કોટાન કોટિ શ્રી સ્વામિનીજીઓ, કોટાન કોટિ દિવ્ય કુંજો-નિકુંજો, નિભુત નિકુંજો, અને કોટાન કોટિ દિવ્ય લીલા સામગ્રીઓ રહેલી છે. તેથી આપના ચરનકમલની નિશદિન સેવા હ્યદયમાં વસાવવાની આજ્ઞા શ્રી હરીરાયજી કરી રહ્યા છે. શ્રીવલ્લભના અનન્ય આશ્રિત જનોને આપ પોતાના સ્વરૂપમાં રહેલા લીલાધામના અપાર રસાત્મક વૈભવના દર્શન અને જ્ઞાન કરાવે છે. અનન્ય આશ્રય વિના આપના આવા સ્વરૂપના મહિમાનું જ્ઞાન થતું નથી. તેથી શ્રી સર્વોત્તમજીમાં આપનું નામ "નિગૂઢ હૃદયોનન્ય ભક્તેષુ જ્ઞાપિતાશય" બિરાજે છે.

અનન્યતા નો અર્થ પતિવ્રત ભાવ થાય છે. અને આપ તો પતિવ્રતાના પતિ છે. પતિવ્રત ભાવવાળા હોય તેજ શ્રી વલ્લભને પતિ રૂપે પ્રાપ્ત કરી શકે છે. પતિવ્રતામાં એવું ઐશ્વર્ય રહેલું છે કે પતિના સ્વરૂપને અને પતિમાં રહેલા સામર્થ્યને પોતાનામાં ધારણ કરી શકે છે. શ્રીવલ્લભના સ્વરૂપમાં જે મહાન દિવ્ય લીલા ધામનો વૈભવ રહેલો છે તે વૈભવ સહિત શ્રીવલ્લભનું સ્વરૂપ પતિવ્રત ભાવવાળા ભક્તના હૃદયમાં સદૈવ બિરાજે છે. અને તેનો અનુભવ પણ કરે છે. જેમકે મહાનુભાવ શ્રી પદ્મનાભદાસજીનો અનન્ય ભાવ શ્રી વલ્લભના ચરણ કમલમાંજ હોવાથી અનેક પ્રકારની દિવ્ય લીલાઓનો અનુભવ પદ્મનાભદાસજીને શ્રી વલ્લભના સ્વરૂપમાંજ થઇ રહ્યો છે. તેનું વર્ણન તેમના પદોમાં કરેલું છે. આવો અનુભવ શ્રીવલ્લભ પોતાના અનન્ય પતિવ્રતા

ભાવિ જનોને કરાવે છે. અને આવો પતિવ્રત ભાવ પ્રાપ્ત કરવો દુર્લભ હોવાથી શ્રી ગોકુલેશપ્રભુ પદ્મનાભદાસજી માટે "કોટિમાં વિરલ" એવી ઉપમા આપે છે. કોટિ ભક્તોમાં પણ આવો અનન્ય પતિવ્રત ભાવ કોઇ એકનેજ થાય છે, તેનું કારણ શ્રીવલ્લભનું સ્વરૂપ મહાન અલૌકિક હોવાથી આ સ્વરૂપને ધારણ કરનારની પાત્રતા નિરંતર વિરહના અનુભવથી થાય છે.

હવે પદની અન્તીમ તુકમાં કહે છે- "રસિક સદા સંગીન સો ભવોભવ ઇનકે દાસ કહૈયે હો" સંગ અને સંગીમાં ભેદ છે. જે સર્વ પ્રકારની ભાવનાઓથી સમાન શીલ હોય તેને સંગી કહેવાય છે. સંગીના અરસ પરસના મન એક હોય છે. કોઇ પ્રકારની જુદાઇ ન રહે તેને સંગી કહેવાય છે. આવા સમાન શીલના સંગે ભવોભવ જન્મો જન્મ આપશ્રી વલ્લભના ચરણ કમલનું જ દાસત્વ મને પ્રાપ્ત થાઓ, એમ શ્રી હરિરાય પ્રભુ મનોરથ કરી રહ્યા છે. અને શ્રીવલ્લભના જનને શિક્ષા પણ આપે છે કે આપે શ્રીવલ્લભના ચરણ કમલના દાસત્વનીજ ભવોભવ અભિલાષા-કામના કરવી. એક માત્ર શ્રીવલ્લભમાં જ અનંત યુગલોનું દાસત્વ સિદ્ધ થઇ જાય છે. તેવું તેનું અચિન્ત્ય માહાત્મ્ય છે.

આ પદમાં શ્રી હરિરાયપ્રભુએ શ્રી વલ્લભના મહાન દિવ્ય સ્વરૂપનું વર્ણન કરેલું છે તે એટલા માટે કે શ્રી વલ્લભના જનોને શ્રી વલ્લભ સ્વરૂપનો મહિમા સમજાય. અને તેથી શ્રીવલ્લભમાંજ અનન્ય ભાવ થાય તો શ્રીવલ્લભના સ્વરૂપનો અનુભવ કરી શકે. સંગ એનું નામ છે કે બીજા બધાય સંગો-બંધનો પ્રલોભનમાંથી છોડાવી દઇને એક પ્રભુના સ્વરૂપમાંજ દ્રઢ અનન્ય આશ્રય કરાવે. શ્રી વલ્લભના જનોને શ્રીહરિરાય પ્રભુ આવા પ્રકારે પોષણ આપી શ્રીવલ્લભના સ્વરૂપમાંજ દ્રઢ આસક્તિ કરાવે છે. આ પદમાં શ્રીવલ્લભ સિવાય બધાય સંગો છૂટી જાય અને એક શ્રીવલ્લભમાંજ અનન્ય ભાવ થાય તેવા પ્રકારનું વર્ણન કરેલું છે. શ્રીવલ્લભના "સર્વાજ્ઞાત" (અતિ નિગૂઢ) સ્વરૂપને શ્રી વલ્લભના મુગ્ધ જનો પણ સરલતાથી સમજી શકે તેવા અનેક પદોમાં સ્તોત્રોમાં અને ગ્રંથોમાં વર્ણન કરીને વલ્લભીય જગતને આપે ઉપકાર ગ્રસ્ત બનાવી દીધું છે.

શ્રી હરિરાય ચરણમાં પુષ્ટિ રતિ પથનું રહસ્ય નખથી શિખા સુધી ભરેલું છે. આપની

વાણી આવા રહસ્યથી જ ભરેલી છે. તેથી જ આપ પુષ્ટિ માર્ગમાં મર્મજ્ઞ શિરોમણી કહેવાય છે. વળી શ્રી મહાપ્રભુજીનો મહાકારૂણિક ધર્મ પણ શ્રી હરિરાયચરણના સર્વાંગમાં વ્યાપેલો રહે છે. તેથી આપે નિ:સાધન જનોનો બહુજ પક્ષપાત કરેલો છે. આવો પક્ષપાત પદેમાં, સ્તોત્રોમાં, ગ્રંથોમાં અને વિજ્ઞપ્તિઓમાં કરેલો છે.

શ્રી હરિરાય ચરણ ભૂતલમાં પ્રાદુર્ભૂત થઇ બાલ વયથી તે ભૂતલમાં બિરાજ્યા ત્યાં સુધી વિરહાનુભવમાંજ સ્થિત રહ્યા છે. વિરહનો અનુભવ કરનારની ભૂતલમાં વધારે સ્થિતિ રહી શક્તી નથી. છતાં આપ 120 વર્ષ ભૂતલમાં બિરાજ્યા તેનું કારણ શ્રીવલ્લભના જનો પ્રત્યે આપનું અપાર વાત્સલ્યજ સમજી શકાય છે.

તાપાત્મક દૈન્ય-

-પથિક

"ભક્તાનાં દૈન્યમેવૈક હરિતોષણસાધનમ્"

આપશ્રીના આ વચનામૃતમાં નિગૂઢ-રહસ્ય રહેલું છે. શ્રી હરિરાય પ્રભુએ આ દીનતાના રહસ્યને પોતાના જીવનમાં ઓતપ્રોત કરેલું છે. શ્રી હરિને પ્રસન્ન કરવામાં સાધનરૂપે દીનતાનું નિરૂપણ કર્યું, તેનું કારણ હરિ અમોઘવીર્ય છે, અચ્યુત છે. એટલે કે નિરવધિ-અગણિત રસનો ભોગ કરવા છતાં અતૃપ્ત સ્વભાવવાળા છે. આવા હરિને પણ સંતોષ આપનાર દૈન્યભાવી ભક્તો છે. દૈન્યભાવી ભક્તો હરિનો સંતોષ આપી શકે છે તેનું કારણ, આ દીનતા તત્સુખના પ્રચુર તાપભાવવાળી છે. પ્રિયપ્રભુને અગણિત રસનો ભોગ કરાવવા છતાં આ ભક્તમાં તત્સુખભાવથી અતૃપ્તતા જ રહે છે. તેને એમ થાય છે કે મારાથી પ્રિયને સુખદ બનાતું નથી. આવા તત્સુખના અતૃપ્ત ભાવથી આ ભક્તમાં તત્સુખભાવનો અગ્નિ પ્રબળ થઇ જાય છે, ત્યારે આ અલૌકિક અગ્નિમાંથી કોટાનકોટિ સ્વસમાન સ્વરૂપોને પ્રકટ કરી પ્રિયતમને વિહારનું સુખ આપે છે.

અહીં એમ પ્રશ્ન થાય છે કે અલૌકિક અગ્નિમાંથી કોટાનકોટિ સ્વરૂપો પ્રકટ કરી

પ્રિયતમને વિહારનું સુખ આપે છે. આ કથન આશ્ચર્યને ઉત્પન્ન કરે છે; તે કેવી રીતે ઘટી શકે ? સમાધાન એ છે કે જેમ આધિભૌતિક આકાશ આદિ મહાભૂતોમાં આકાશનો ગુણ 'શબ્દ' છે, વાયુનો ગુણ સ્પર્શ છે અને અગ્નિમાંથી રૂપ પ્રકટ થાય છે. આ ક્રમ જેમ ભૌતિક સૃષ્ટિસર્જનમાં રહેલો છે તેમ અહીં આધિદૈવિક સૃષ્ટિમાં પણ અલૌકિક અગ્નિમાંથી જ દિવ્યસ્વરૂપો પ્રકટ થાય છે.

દિવ્ય પ્રેમની ઉચ્ચ કક્ષાએ ચઢવાના ઉપાયો
પથિક
પ્રભુ પ્રેમના શિખરે પહોંચેલાના જીવન ચરિત્રોમાંથી પ્રેરણા પ્રાપ્ત કરવી જોઇએ. ઉંચે ચઢેલાનાં જીવન ચરિત્રો આપણી સામે રાખવાથી આપણને ખ્યાલ આવે છે કે હું કઇ સ્થિતિમાં છું

પતિના સંપૂર્ણ સામર્થ્યને અને પતિના આત્મ વૈભવને તેમજ પતિના તેજને પોતાનામાં ધારણ કરી લે તે પતિવ્રતા કહેવાય છે. હવે બ્રહ્મસંબંધનો વિચાર કરીયે તો "બ્રહ્મ" એટલે પુષ્ટિ પ્રભુ, તેની સાથે "સંબંધ" એટલે આપણી સગાઇ થઇ. અને જેની સાથે સગાઇ થઇ તે પુષ્ટિ પ્રભુને શ્રી ગુરૂદેવે આપણા માથે પધરાવી દીધા છે. તે આપણા આત્માના પતિ પ્રભુમાં જો આપણો પતિવ્રત ભાવ સિદ્ધ થયો હોય તો તેના દિવ્ય પ્રેમની અજાયબી ભરેલો પ્રભાવ પણ આપણાંમાં હોવો જોઇએ. (દિવ્ય પ્રેમના અજાયબી ભરેલા પ્રભાવનું વર્ણન વેણુગીત – યુગલગીતના શ્રી સુબોધિનીજીમાં પ્રેમ દેવ શ્રી વલ્લભે કર્યું છે. (જીજ્ઞાસુઓએ તેમાં જોવું.) પરન્તુ તેવું આપણું જીવન હજુ બન્યું નથી. તેથી એમ માનવું પડે છે. કે આપણા પતિવ્રત ભાવમાં હજુ ઘણીજ ખામી છે.

ચોરાસી બસોબાવન ભગવદીયો શ્રી મહાપ્રભુજી શ્રી ગુંસાઇજીને શરણે આવતા ત્યારે શરણે લઇને તેમને શ્રી ઠાકુરજીનું સ્વરૂપ પધરાવી આપી એમ આજ્ઞા કરતા કે આ સેવ્ય સ્વરૂપ અમારૂં સર્વસ્વ છે, તેને તમે સર્વસ્વ માની સેવન કરજો. આ આજ્ઞાનું પાલન તે ભગવદીયોએ કર્યું તેથી સેવ્યસ્વરૂપે તેમને અલૌકિક સુખ આપ્યું છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજીનું સર્વસ્વ શ્રી ઠાકુરજી છે. તેજ સ્વરૂપ આપણા માથે પધરાવી આપે છે છતાં

આપણે આપણા સેવ્ય સ્વરૂપને સર્વસ્વ જીવન-પ્રાણ સમાન નહી માનતા હોવાથી સેવ્ય સ્વરૂપથી અલૌકિક આનંદનો અનુભવ કરી શકતા નથી. અને મહાસાગરના જલ જેવો જેમાં અખુટ, અપાર દિવ્ય પ્રેમાનંદ ભરેલો છે, તેવા સેવ્ય સ્વરૂપને છોડીને બીજે આનંદ મેળવવા ડોલતા રહીએ છીએ. આનું કારણ સેવ્ય સ્વરૂપને સર્વસ્વ માન્યું નથી, તે સ્વરૂપનું જ્ઞાન નથી, અને તેમાં વિશ્વાસ થતો નથી. તેથી સેવ્ય સ્વરૂપથી આનંદનો અનુભવ પણ થતો નથી. કદાચ એમ પ્રશ્ન થાય કે સેવ્ય સ્વરૂપ તો પ્રગટની જેમ કંઇ આજ્ઞા કરતા નથી, તો તેમાં વિશ્વાસ કેમ થાય ? ઉત્તરમાં કહેવાનું કે આવો પ્રશ્ન બહારની સ્થુલ બુદ્ધિથી થાય છે. તેથી એકંદર ઠીક છે, પરન્તુ આંતરની ભાવાત્મક દ્રષ્ટિથી તેનો જો વિચાર કરવામાં આવે તો સમજી શકાશે કે સેવ્ય સ્વરૂપ આજ્ઞા કરે છે, પોતાને અરોગવાની વસ્તુ માંગી લે છે- આમ આપણે સમજવું હોય તો આંતરની ભાવાત્મક દ્રષ્ટિથી સમજી શકાય.

હવે ભાવાત્મક દ્રષ્ટિ એટલે શું ? આવો પ્રશ્ન થાય. તેના જવાબમાં પ્રભુનું જે સેવ્ય સ્વરૂપ બહાર બિરાજે છે, તેજ સ્વરૂપ આપણા હૃદયમાં ભાવાત્મક રૂપે બિરાજી રહેલ છે. તે ભાવાત્મક સ્વરૂપ આપણા હૃદયમાં બિરાજી પ્રેરણા કરે છે ત્યારે બહારના પ્રગટ સ્વરૂપની સેવામાં-સ્મરણમાં-ગુણગાનમાં-ધ્યાનમાં આપણું મન જોડાય છે. આવા અલૌકિક સાધનો કરવાની જે પ્રેરણા ભાવાત્મક સ્વરૂપથી થાય છે તેનું જ નામ સેવ્ય સ્વરૂપની આજ્ઞા થઇ રહી છે તેમ આપણે નિશ્ચયપૂર્વક માનવું. આ કથનનું પ્રમાણ દ્રઢતાને માટે આપું છું.-સર્વ નિર્ણય નિબંધ કારિકા 240 માં આપણા સ્વામી શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે.

યથા યથા હરિ કૃષ્ણો, મનસ્યાવિશતે નિજે ।
તથા તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે ।।

અર્થ :- "જેમ જેમ હરિનો નિજ્જનોના મનમાં આવેશ થાય છે તેમ તેમ સેવા-સ્મરણાદિ અલૌકિક સાધનોમાં નિષ્ઠા (ભાવ) વધતો જાય છે." આ આપના શ્રીમુખના વચનામૃતના પ્રમાણથી જો સેવ્ય સ્વરૂપ ભાવાત્મક રૂપે આપણા હૃદયમાં ન બિરાજતા

હોય તો, અને હૃદયમાં રહી પ્રેરણા ન કરતા હોય તો, સેવા સ્મરણાદિ અલૌકિક કોઇપણ સાધનો આપણે નજ કરી શકીયે. તેથી સેવ્ય સ્વરૂપ આજ્ઞા કરે છે, બોલે છે, માગી માગીને આરોગે છે. પરન્તુ મારી આંતર દ્રષ્ટિ નહી હોવાથી મને સમજી શકાતું નથી. આમજ આપણે માનવું જોઇએ.

પ્રભુ માગી માગીને આરોગે છે, તે કેવી રીતે સમજાય ? આવો પ્રશ્ન થાય તેના જવાબમાં- આપણે બજારમાં ગયા, સુંદર ફળો જોયાં, તે સમયે શ્રીપ્રભુને આરોગાવવા માટે ફળો લેવાની જે ઇચ્છા થઇ, તે ઇચ્છા ફળો આરોગવાની પ્રભુએ કરી તેમ માનવું. બીજો પ્રકાર-નિત્યની સામગ્રી પ્રભુને આરોગાવવા માટે કરતા હોઇએ, તે સમયે કોઇ પકવાન સિદ્ધ કરવાની આપણને ઇચ્છા થઇ. તે ઇચ્છા પ્રભુએજ કરી એમ સમજવું. આમ પ્રભુ માગી માગીને આરોગે છે એમ આપણે નિશ્ચય માનવું.
સેવ્ય સ્વરૂપનાં ભાવાત્મક સ્વરૂપને સમજવા માટે હજી આપણે એક બીજુ પ્રમાણ વિચારીએ. મહાનુભાવ શ્રી પદ્મનાભદાસજીના એક પદમાં કહ્યું છે કે –

તબ વેણુનાદ દ્વાર,
અબ શ્રીલક્ષ્મણ ભટ્ટ ભૂપ કુમાર,
કાજ અર્થ ત્યાગી... ।।
અવતાર લીલા સમયે શ્રુતિરૂપા શ્રી ગોપી-જનોમાં વેણુનાદ દ્વારા "જહૉંપીડં નટવર વપુ:" ભાવાત્મક સ્વરૂપનો પ્રવેશ કરાવ્યો. તેમ શ્રી વલ્લભ અત્યારના દૈવી જીવોને બ્રહ્મસંબંધ સમયે પ્રભુના ભાવાત્મક – રસાત્મક સ્વરૂપને તેમના હ્યદયમાં પધરાવી દે છે. આ આપણા હ્યદયમાં બિરાજતા, ભાવાત્મક સ્વરૂપની પ્રેરણાથીજ બહારના પ્રગટ સેવ્ય સ્વરૂપની સેવા સ્મરણાદિ સાધનો થઇ શકે છે. તેથી સેવ્ય સ્વરૂપ આજ્ઞા કરે છે, બોલે છે, માગી માગીને આરોગે છે, તેમ આપણે નિશ્ચયપૂર્વક જાણવું. આથી શ્રીવલ્લભના સેવા માર્ગમાં સેવ્ય સ્વરૂપમાં સાક્ષાત ભાવના રાખી સેવા થાય છે. યદિ જો સાક્ષાત અને સર્વસ્વતા, આ બે ભાવનાથી સેવા થાય છે. તો સાક્ષાત જેવો જ અનુભવ કરાવે છે. પ્રભુ ભાવાત્મક હોવાથી જેવો આપણો ભાવ થાય છે. અહીં ભાવની

જ મુખ્યતા છે. જો ભાવ ન હોય તો સ્વરૂપ પ્રગટ હોવા છતાં સુખનો અનુભવ આપણે નહીં કરી શકીએ. તેથી ભાવથીજ સુખનો અનુંભવ થતો હોવાથી સેવ્ય સાક્ષાત બિરાજે છે તેવો ભાવ રાખવો. સાક્ષાત ભાવના સાથે સર્વસ્વની ભાવના હોવી જોઈએ. જેમ દેહને આત્મા માનનારા જીવને દેહના દુ:ખમાં દુ:ખ અને સુખમાં સુખનો અનુભવ થાય છે, તેમ પ્રભુ મારા આત્મારૂપ છે, પ્રભુ જ મારા જીવનનો આધાર છે. આવી ભાવનાથી પ્રભુમાં સ્નેહ થાય છે.

જગતના અને દેહના સંબંધી સંસાર પ્રપંચમાંથી આપણા દુર્જય મનનો નિરોધ કરવા માટે અતિશય દયાળુ પ્રભુ શ્રમ લઇને બહાર પ્રગટ સેવ્ય સ્વરૂપે બિરાજી અને હૃદયમાં ભાવાત્મક સ્વરૂપથી બિરાજી સેવા-સ્મરણ આદિ અલૌકિક સાધનોની પ્રેરણા કરતા જ રહેતા હોય છે. જેમ અવતાર લીલા સમયે શ્રીગોપીજનોના હ્રદયમાં પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ બિરાજતું હતું., તેજ સ્વરૂપ નંદાલયમાં પ્રગટ બિરાજી રહેલ છે. અને તે પ્રભુના બહાર પ્રગટ સ્વરૂપે શ્રીગોપીજનોના મનને જગત પ્રપંચમાંથી નિવૃત્ત કરી પોતાના સ્વરૂપમાં નિરોધ કર્યો. તેજ પ્રકારે આપણા માટે પણ સમજવું.

દિવ્ય પ્રેમમાર્ગની ધ્વજારૂપ શ્રીગોપીજનોએ દિવ્ય પ્રેમ રાજ્ય ઉપર જે વિજય મેળવ્યો તે વિરહના અનુભવથીજ મેળવ્યો છે. આપણે પણ આ કક્ષાએ પહોંચવું હોય તો વિરહ તાપાત્મક સ્વરૂપ શ્રીવલ્લભના ચરણકમલનો દ્રઢ આશ્રય કરી સેવ્ય સ્વરૂપમાં જ પ્રેમ-આસક્તિ વ્યસન અવસ્થા સિદ્ધ કરવા પ્રયાસ કરવો જોઇએ. કૃપા કરીને શ્રીગુરૂદેવે આપણા ગૃહમાં પ્રભુને પધરાવી આપ્યા તે સ્વરૂપનો સ્વતંત્ર પણે આપણે અનુભવ કરીએ તેવો તેમાં હેતુ રહેલો છે. સેવ્ય સ્વરૂપ પોતાનામાં રહેલા મહાન દિવ્ય-અગણિત આનંદનો અનુભવ કરાવવા માટે જ આપણા ગૃહમાં બિરાજી રહ્યા છે. અને જે સ્વરૂપ ભૂતલમાં આપણા માથે બિરાજી રહેલ છે. તેજ સ્વરૂપ આપણા મનનો પોતાના સ્વરૂપમાં નિરોધ કરી, અલૌકિક દિવ્ય દેહ પ્રાપ્ત કરાવી, લીલા લોકમાં લઇ જઇ, ત્યાં પણ આપણું જ સેવ્ય સ્વરૂપ દિવ્ય લીલા આનંદનો અનુભવ કરાવે છે. તેથી સેવ્ય સ્વરૂપમાંજ સર્વસ્વતાનો ભાવ રાખી મારા પ્રિયને હું સુખરૂપ ક્યારે બનીશ, તેવો પ્રિયના

સુખ માટેનો તાપ ભાવ રાખી સેવ્ય સ્વરૂપમાં જ અનન્ય પતિવ્રત ભાવથી તેમની સેવા-સ્મરણ, ગુણગાન અને આપના કોટિ કન્દર્પ સૌન્દર્ય લાવણ્ય સ્વરૂપનું નિરંતર ધ્યાન કરી, સેવ્ય સ્વરૂપમાં જ આપણા દૈવી જીવનને સંપૂર્ણ સમર્પણ કરીએ તો શ્રી ગોપીજનો જેવોજ આપણે પણ અનુભવ કરીએ.

શ્રીગોપીજનોએ પ્રભુને કેવી રીતે રીઝવ્યા ? રજોબાઇ, રૂક્ષ્મણીજી, તુલસાં, આ મહાભાગ્યવાનોએ પ્રભુને કેવી રીતે લાડ લડાવી પ્રસન્ન કર્યા ? આ બધો પાઠ શીખીને પ્રિય પ્રભુને રીઝવવા આપણે પરિતાપ બઢાવવો. આનું નામ પુષ્ટિ પ્રમેય માર્ગીય જીવન છે. શ્રીગોપીજનો જેવો જ આપણે પણ અનુભવ કરી શકીએ. તેવોજ માર્ગ કરૂણાસાગર શ્રીવલ્લભે પ્રગટ કર્યો છે, તે આપની એક વધાઇમાં ભગવદીઓએ ગાયેલ છે –

પ્રગટ વ્હે મારગ રીત દિખાઇ ।
સેવા રીત પ્રીત બ્રજજનકી,
જન હિત જગ પ્રકટાઇ ।।1।।

આ પદની પંક્તિઓનો એજ ભાવાર્થ છે કે જે સુખનો અનુભવ શ્રીગોપીજનોને પ્રભુના સ્વરૂપથી થયો તેવો જ અનુભવ અત્યારના દૈવી જીવોને કરાવવા સેવા માર્ગ પ્રકટ કરી નિત્ય લીલામાં બિરાજતા પ્રભુના સ્વરૂપનેજ આપણા ગૃહમાં પધરાવી આપેલ છે. જેમ નંદાલયમાં પ્રભુએ પ્રગટ થઇને શ્રી ગોપીજનોનો નિરોધ સિદ્ધ કર્યો, તેમ શ્રી ગુરૂદેવ આપણા ગૃહમાં પ્રભુને પધરાવી આપે છે, તે સ્વરૂપેયશોદોત્સંગ લાલિતજ બીરાજી રહેલ છે એમ નિશ્ચય સમજવું.

હવે સારસ્વત કલ્પની અવતાર લીલા કરતાં પણ શ્રી વલ્લભના દાનની વિશેષતા છે, તેનો અહીં વિચાર કરીશું.
સારસ્વત કલ્પમાં પ્રભુએ 11 વર્ષની લીલા કરી શ્રી ગોપીજનોને મહારસમાં પૂર્ણાનંદ સ્વરૂપનું દાન કર્યું, અને શ્રી ગોપીજનોમાં સ્વકીયા ભાવ સિદ્ધ કર્યો. નંદાલયમાં પ્રગટ

થઇને પ્રભુએ બાલ લીલાથી શ્રી ગિરિરાજ ધારણ સમયે સાત દિવસ સુધી શ્રી ગોપીજનોને પોતાના સ્વરૂપ સન્મુખ રાખી, સ્વરૂપ લાવણ્યામૃતનું પાન કરાવી પોતાના ધર્મી સ્વરૂપમાંજ આસક્ત કર્યા. ત્યારપછી વેણુનાદ કરી વૃજભક્તોને નિત્ય લીલા સ્થાન વૃન્દાવનમાં બોલાવ્યા. ત્યાં મહારાસ સમયે એક એક ભક્ત સાથે રાસ કરી પોતાના પૂર્ણાનંદ સ્વરૂપનો બહાર રમણથી અનુભવ કરાવી, શ્રી ગોપીજનોમાં સ્વકીયા ભાવ (શ્રી સ્વામિની ભાવ) સિદ્ધ કર્યો. હવે આ શ્રીગોપીજનો સ્વતંત્ર પ્રકારે નિત્ય લીલા ધામમાં પોત પોતાની નિકુંજમાં પ્રભુના સ્વરૂપના દિવ્ય આનંદનો અનુભવ કરી રહ્યાં છે. પ્રભુ એક એક ભક્ત સાથે રાસ કરીને તેમનામાં સ્વકીયા ભાવ જે સિદ્ધ કર્યો તેને સમજાવનારો શ્લોક નીચે મુજબ છે. –

કૃત્વા ભવાતમાત્માનં યાવતીર્ગોપ યોષિત: ।
રેમેસ ભગવાંરતાનિ હિમાગમો પિ લીયા ।।

(સુ. 10-30-20)
આ શ્લોકના આશય મુજબ શ્રીગોપીજનોમાં સ્વકીયા ભાવ સિદ્ધ કર્યો. અને આ શ્રી ગોપીજનોમાં જે પૂર્ણાનંદ સ્વરૂપનું મહારાસ સમયે સ્થાપન કર્યું તે સ્વરૂપ ભાવાત્મક રસાત્મક પ્રકારે શ્રી ગોપીજનોના હ્યદયમાં સંપૂર્ણ લીલા સહિત બિરાજી રહેલ છે. અને શ્રી ગોપીજનો જે પ્રકારે ભાવના કરે છે તેવી લીલાનું સર્જન કરી પ્રભુના સ્વરૂપાનંદનો અને તેમની રસાત્મક લીલા આનંદનો અનુભવ કરે છે. "શ્રીગોપીજનો જેવી ભાવના કરે છે તેવી લીલાનું સર્જન કરી તે લીલા આનંદનો પોતે અનુભવ કરે છે." તેના પ્રમાણ માટે શ્રી હરિરાય પ્રભુ કૃત "અંતરંગ બહિરંગ લીલા પ્રપંચવિવેક" નામનો ગ્રંથ અવલોકવો.

અગિયાર વર્ષની લીલા પછી શ્રીગોપીજનોને પ્રભુના રસાત્મક ભાવાત્મક સ્વરૂપનું જે દાન થયું અને સ્વકીયા ભાવ પ્રાપ્ત કર્યો, તેજ પ્રકારે પ્રભુનું રસાત્મક ભાવાત્મક પૂર્ણાનંદ સ્વરૂપ, અને સ્વકીયા ભાવ આ બંનેનું દાન શ્રી મહાપ્રભુજી ભૂતલના દૈવી જીવોને બ્રહ્મ સંબંધ સમયેજ કરી દે છે. તેથી સારસ્વત કલ્પની અવતાર લીલા કરતાં

શ્રી મહાપ્રભુજીના દાનની વિશેષતા છે. આ કથનનું પ્રમાણ શ્રી હરિરાય પ્રભુના એક પદમાં વિચારીએ :-

પ્રગટે પૃષ્ટિ મહારસ દેન ।।
શ્રીવલ્લભ હરિ ભાવ અગ્નિ-
મુખ રૂપ સમર્પીત લેન ।।1।।
નિત્ય સંબંધ કરાય ભાવ દે,
વિરહ અલૌકિક બેન ।
યહ પ્રાગટ્ય રહત હ્રદયમેં
તીન લોક ભેદનકો જેન ।।2।।
રહીયે ધ્યાન સદા ઇનકે પદ,
પાતક કોઉ ન લગેન ।
“રસિકન” યહ નિરધાર નિગમ ગતિ,
સાધન ઓર ન હેન ।।3।।

મહા રાસમાં શ્રી ગોપીજનોને મહા રસરૂપ પૂર્ણાનંદ સ્વરૂપનું જે દાન કર્યું, તેવું જ દાન ભૂતલના સ્વકીયોને કરવા આપશ્રી વલ્લભ ભૂતલમાં પ્રગટ થયા છે. શ્રી મહાપ્રભુજી બ્રહ્મ સંબંધ સમયે જે સ્વરૂપનું દાન કરે છે, તે નિત્ય લીલા ધામમાં બિરાજતું જ સ્વરૂપ છે. તેજ સ્વરૂપે સાથે દૈવી જીવનો સંબંધ જોડાવી તે સ્વરૂપને ભાવાત્મક પ્રકારે દૈવી જીવના હ્યદયમાં સ્થાપીત કરે છે. આ ભાવાત્મક સ્વરૂપ આપણા હ્યદયમાં બિરાજતું હોવાથી “યહ પ્રાગટ્ય રહત હ્યદયમેં તીન લોક ભેદનકો જેન.” એમ શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે. આ ભાવાત્મક સ્વરૂપ આપણા હ્યદયમાં બિરાજી પ્રેરણા કરતા હોવાથી જ સેવા સ્મરણ ગુણ ગાનાદિ સાધનો આપણે કરી શકીએ છીએ. જે સ્વરૂપનું બ્રહ્મસંબંધ સમયે દાન કર્યું છે, તે સ્વરૂપ ભાવાત્મક રૂપથી આપણા હ્યદયમાં બિરાજે છે, અને આપણો જગત પ્રપંચમાંથી નિરોધ કરવા માટે તેજ ભાવાત્મક સ્વરૂપ સેવા કરવા માટે બહાર પ્રગટ પધરાવી આપે છે, અને સ્વકીયા ભાવનું પણ દાન કર્યું છે. તેથી આપણે

આપણા ઘર રૂપી કુંજમાં સ્વતંત્રતાથી સ્વરૂપના આનંદનો અનુભવ કરી શકીએ તેવું રહસ્ય રહેલું છે. આ પ્રકારે નિત્ય લીલા સ્વરૂપનું જ દાન કરી સ્વકીયાભાવનું પણ દાન કરેલું છે. તેને ઓળખાતું નહીં હોવાથી આપણે સેવ્ય સ્વરૂપને છોડીને બીજે આનંદ મેળવવા પ્રયત્ન કરીએ છીએ.

હવે બ્રહ્મસંબંધ સમયે નિત્ય લીલામાં બિરાજતા પૂર્ણાનંદ અગણિતાનંદ સ્વરૂપનું જ આપણને દાન કર્યું છે તેને વિચારીએ.
નંદાલયમાં પ્રભુનું જે પ્રાગટ્ય થયું છે તે વાસુદેવ વ્યુહને અથવા પ્રસિદ્ધ પુરુષોત્તમને અધિષ્ઠાન (પાત્ર) બનાવી તેમાં નિત્ય લીલાનું વેદાતીત પૂર્ણ પુરૂષોત્તમ રસાત્મક સ્વરૂપ બિરાજે છે. આ સ્વરૂપનું નંદાલયમાં પ્રાગટ્ય અર્ધ રાત્રિએ થયું છે. અને મહારાસ સમયે શ્રી ગોપીજનોને વેણુનાદથી બોલાવ્યા તે સમય પણ અર્ધ રાત્રિનો છે. અને શ્રી ઠકુરાણી ઘાટ પર બ્રહ્મસંબંધની આજ્ઞા આપવા પ્રભુ જે પ્રગટ થયા તે સમય પણ અર્ધ રાત્રિનોજ છે. આ ત્રણે સમયની અર્ધ રાત્રિએ જે સ્વરૂપ પ્રગટ થયુ તે નિત્ય લીલાનું જ સ્વરૂપ છે, અને શ્રી મહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ સમયે લીલા ધામથી વિછુરેલા દૈવી જીવોને તેજ સ્વરૂપનું દાન કરેલું છે. એટલે બ્રહ્મસંબંધ કરાવીને નિત્ય લીલા ધામમાં બિરાજતા સ્વરૂપ સાથેજ સંબંધ જોડાવેલો છે અને તેજ સ્વરૂપ સેવા કરવા માટે પધરાવી આપે છે. અને અતિ કરૂણાથી સ્વકીયા ભાવનું પણ દાન કર્યું છે. શ્રી વલ્લભના આવા મહાન ઉદાર ચરિત્ર અને મહા કરૂણાને આપણે અલ્પ બુદ્ધિ જીવો સમજતા નહી હોવાથી, પોતાનાજ ગૃહમાં બિરાજતાં દિવ્ય આનંદના મહાસાગર પ્રભુને છોડી અલ્પ આનંદની લાલચમાં અન્ય સ્થાનોમાં વિચરીએ છીએ. – તેથીજ શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે :

છાંડ સાગર કોન મૂરખ,
ભજે ચિલ્લર નીર ।
"રસિક" મનકી મીટી,
અવિધા પરસી ચરણ સમીર ।।

જ્યાં સુધી આપણા માથે બિરાજતા સેવ્ય સ્વરૂપનું,-આપણા પોતાના આધિદૈવિક સ્વરૂપનું અને લીલાધામના વૈભવનું આપણને જ્ઞાન અને તેનો અનુભવ ન થાય ત્યાં સુધી આપણું દૈવી જીવન સફલ થયું છે તેમ નહીં માનવું. તે બાબતને સમજવા માટે બે વલ્લભાખ્યાનની એક એક પંક્તિનો અહિં વિચાર કરીએ –

(1) તે પદ ક્યારે દેખશું,
જે ગોધન પૂંઠે ધાયેજી, અને બીજી
(2) સેવકજન દાસ તિહારો રે,
તેનો રૂપ વિયોગ નિવારો રે,

પહેલી પંક્તિનો ભાવ આ પ્રકારે છે કે, શ્રી ગુસાંઇજીને ગોપાલદાસજી વિનંતી કરે છે કે, સારસ્વત કલ્પમાં નંદાલયમાં શ્રીયશોદોત્સંગ લાલિતપૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપે પ્રગટ થઇને જે લીલાઓ આપે કરી તે પૂર્ણપુરૂષોત્તમ આપનું સ્વરૂપ અને તે સ્વરૂપે કરેલી લીલાના દર્શનની હું ચાહના કરૂં છું, તો કૃપા કરીને તેનો મને અનુભવ કરાવો. ગોપાલદાસજીને શ્રી ગુસાંઇજીની કૃપાથી નિત્ય લીલા સ્વરૂપનું જ્ઞાન થયેલું હોવાથી નિત્ય લીલા સ્વરૂપના અને તે સ્વરૂપે કરેલી લીલાના દર્શનની વિનંતી કરે છે. તેમ આપણા માથે બિરાજતા પ્રભુ તે નિત્યલીલાનું જ સ્વરૂપ છે તેવું આપણને જ્ઞાન થવું જોઇએ, અને આ જ્ઞાન થયા પછી સેવ્ય સ્વરૂપની દિવ્ય લીલાઓ જે લીલાધામમાં થઇ રહી છે તેના સાક્ષાત દર્શનનો તાપ કલેશ પણ આપણને થવો જોઇએ.

હવે બીજી પંક્તિનો ભાવાર્થ એવો છે કે ગોપાલદાસજીને શ્રીગુસાંઇજીની કૃપાથી પોતાના આધિદૈવિક લીલામધ્યપાતિ સ્વરૂપનું પણ જ્ઞાન થયું છે. તેથી શ્રી ગુસાંઇજીને વિનંતી કરે છે કે મારા આધિદૈવિક સ્વરૂપનો મને પ્રત્યક્ષ અનુભવ થાય તેવી કૃપા કરો. 'રૂપ વિયોગ નિવારો રે' આનો એજ ભાવાર્થ છે કે, મારા આધિદૈવિક સ્વરૂપનો મને પ્રત્યક્ષ અનુભવ નથી. અથવા તે સ્વરૂપ મને પ્રાપ્ત થયું નથી. તો મારા તે સ્વરૂપના વિયોગને દૂર કરી તે સ્વરૂપનું, મને દાન કરો.
પુષ્ટિ ભક્તોને પોતાના આધિદૈવિક સ્વરૂપનું દાન શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ પ્રભુના

શ્રીસ્વામિની ભાવાત્મક સ્વરૂપની કૃપાથી થાય છે, તેથી અહિં શ્રી ગોપાલદાસજી શ્રી ગુસાંઇજીને વિનંતી કરે છે કે મારા તે સ્વરૂપના વિયોગને દૂર કરો. પોતાના આધિદૈવિક સ્વરૂપની પ્રાપ્તિ માટે ગોપાલદાસજી વિનંતી કરી રહ્યા છે તેનું કરાણ ગોપાલદાસજીને એ પણ જ્ઞાન થયું છે કે પૂર્ણ પુરૂષોત્તમનું સ્વરૂપ તો મહાન અલૌકિક છે. તેની સાક્ષાત્ તત્સુખાત્મક સેવા તો હું મારા આધિદૈવિક સ્વરૂપથીજ કરી શકું, તેથી પોતાના આધિદૈવિક સ્વરૂપની પ્રાપ્તિ માટે વિનંતી કરે છે. તેથી કહ્યું "રૂપ વિયોગ નિવારો રે ।

આ પ્રમાણે આપણા સાથે બિરાજતા પ્રભુના નિત્ય લીલાસ્થ સ્વરૂપનું અને આપણા આધિદૈવિક સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે નિત્ય લીલાસ્થ પ્રભુના સાક્ષાત સ્વરૂપના અનુભવનો વિરહ ઉત્પન્ન થાય, અને આવા વિરહે કરીને આપણામાં જ્યારે આધિદૈવિકતા પ્રગટ થાય ત્યારે લીલા ધામમાં પ્રિયતી સાક્ષાત તત્સુખાત્મક સેવા માટે પ્રવેશ થાય, અથવા અગણિતાનંદ પ્રભુના સ્વરૂપનો આપણા આધિદૈવિક દેહથીજ અનુભવ થાય છે. આવો જ્યારે અનુભવ થાય ત્યારેજ આપણા દૈવી જીવનની સાર્થકતા થઇ કહેવાય. જેમ પદ્મનાભદાસના એક પદમાં વર્ણન કર્યું છે –

"નિકુંજ વૈભવ દામોદરદાસ, દેખી ચાહત હે,
મિલ્યો સખિયતમેં ટહલ કરત હિત."

શ્રી મહાપ્રભુજીની કૃપાથી શ્રી દમલાજીને પોતાના આધિદૈવિક લલિતાજી સ્વરૂપનું જ્ઞાન થયું, અને નિત્ય લીલા ધામ સહિત શ્રી ઠાકુરજી – શ્રી સ્વામિનીજી, લીલા પરિકર અને પોતાના લલિતાજીના સ્વરૂપ સહિત સાક્ષાત દર્શન શ્રી મહાપ્રભુજીએ કરાવ્યાં ત્યારે શ્રી દમલાજીને પોતાના આધિદૈવિક લલિતાજી સ્વરૂપને પ્રાપ્ત કરીને યુગલ સ્વરૂપની સાક્ષાત સેવા કરવાનો મનોરથ ઉત્પન્ન થયો, અને શ્રી મહાપ્રભુજીની કૃપાએ તે મનોરથ સિદ્ધ પણ થયો. તે રીતે આપણને આપણા આધિદૈવિક સ્વરૂપનું જ્ઞાન, નિત્ય લીલામાં બિરાજતા આપણા સેવ્ય સ્વરૂપનું જ્ઞાન થાય અને તેના અનુભવનો પ્રચૂર તાપ પ્રગટ થાય ત્યારે આપણું દૈવી જીવન સફલ થયું તેમ માનવું.

પુષ્ટિ પ્રભુની બે પ્રકારની લીલા છે. એક ભૂતલમાં કરે છે તે નિમિત્ત લીલા કહેવાય છે, અને બીજી નિત્યલીલા ધામમાં પ્રભુ જે લીલા કરે છે તે નિત્ય લીલા કહેવાય છે. નિત્ય લીલાનો સાક્ષાત અનુભવ આપણે કરી શકતા નથી. ભૂતલમાં બિરાજતા પુષ્ટિ લીલા સંબંધી પ્રભુના સ્વરૂપો શ્રી ગોવર્ધનધર, શ્રી નવવીત-પ્રિયાજી, આદિ અને આપણા સેવ્ય સ્વરૂપનો આધિદૈવિક પ્રકારે અનુભવ થતો નથી. તેનું કારણ આપણને આધિદૈવિક અવસ્થા પ્રાપ્ત થઇ નથી. તેથી તેનો નિમિત્ત લીલામાં પ્રવેશ થાય છે, અને જ્યારે આપણામાં આધિદૈવિક્તા પ્રગટ થાય ત્યારે ભૂતલમાં બિરાજતા પ્રભુના સ્વરૂપનો અને આપણા માથે બિરાજતા સ્વરૂપનો આધિદૈવિક પ્રકારેજ સાક્ષાત અનુભવ થાય છે. તેથી ગોપાલદાસજીએ જે વિનંતી શ્રી ગુસાંઇજીને કરી છે કે –

"સેવકજન દાસ તિહારો રે
તેનો રૂપ વિયોગ નિવારો રે"

આ પંક્તિનું સ્વારસ્ય નિત્યલીલા સ્વરૂપના અનુભવનું જ છે તે પ્રકારે આપણને નિત્ય લીલાનું જ્ઞાન અને તેનો સાક્ષાત અનુભવ થાય ત્યારેજ પુષ્યિમાર્ગ સંબંધી આપણું દૈવી જીવન કૃતાર્થ થયું કહેવાય. અર્થાત્ આવી અવસ્થાનેજ "દિવ્ય પ્રેમની ઉંચ કક્ષા" કહેવાય છે.

શ્રી વલ્લભ વંશ અને શ્રી ઠાકોરજી

(શ્રી કાકાવલ્લભજીના બાવન વચનામૃતમાં પચીશમો પ્રસંગ અહિં ભાષાન્તર કરીને લીધેલો છે, જેમાં શ્રીવલ્લભધીશનો વંશ અને શ્રીઠાકુરજીનો સમાનતાનો સંબંધ છે. વાત્સલ્યતા-અંતરંગતા અને પ્રિયત્વના પ્રગટ દર્શન અદ્યપિ કૃપાપાત્ર ભગવદભક્તો કરે જ છે, તેનું તાદશ પ્રમાણ આ પ્રંસગંથી પ્રાપ્ત થાય છે.)

એક દિવસ આપશ્રીએ આજ્ઞા કરી જે શ્રી ગુસાંઇજીના જયેષ્ઠ કુમાર શ્રી ગિરિધરજી તેમને ત્રણ લાલજી હતા. તેમાં છોટા શ્રી ગોપીનાથજી જેમનું ઉપનામ શ્રી દીક્ષિતજી હતું. (પ્રા. 1634 પોષ કૃષ્ણ 4) એ શ્રી દીક્ષિતજીના ચાર લાલજી, તેમાં સૌથી છોટા શ્રી

રામકૃષ્ણજી હતા. (પ્રા. સં. 1678 ચૈત્ર કૃષ્ણ 1) આપ પાંચ વર્ષના હતા ત્યારે એક દિવસ શ્રી નવનિત પ્રિયાજીને રાજભોગ ધરીને મંદિરના ભારતીયા ભોગ મંદિરના દ્વાર બંધ કરીને બહાર આવ્યા. પરંતુ ભીતર શ્રી રામકૃષ્ણજી પાંચ વર્ષના હતા તે રહી ગયા. દ્વાર બંધ જોઇને આપ ડરી ગયા અને રોવા લાગ્યા, ત્યારે ઠાકુરજી શ્રી નવનિતપ્રિયાજીએ આજ્ઞા કરી કે "રોઓ મતિ, યહાં આવો." ત્યારે શ્રી રામકૃષ્ણજી નજીક ગયા. ભોગ ઘરમાં શ્રી ઠાકુરજી પાટ ઉપર બિરાજેલા છે અને ભોગ આરોગી રહેલા છે. ચોકી ઉપર વચ્ચે તો થાળ ધરેલો છે. જમણી બાજુ ખીરનો ડબરો ધરેલો છે, ડાબી બાજુ જલના ઝારીજી ધરેલાં હતાં. શ્રી નવનિતપ્રિયાજીએ ઝારીને સરકાવીને શ્રી રામકૃષ્ણને પોતાની બાજુમાં બિરાજવાની જગ્યા કરી દીધી અને પાસે બેસાર્યા. ચમચો બાવાશ્રીના હસ્તમાં આપીને આજ્ઞા કરી જે "ખીર જેમો."

પાટ ઉપર શ્રી ઠાકુરજીની સાથે બેસીને ભોજન કરવાની શ્રી રામકૃષ્ણજીએ બહુ આનાકાની કરી અને વિનંતી કરી કે "મોં પર દાદાજી બહોત ખીજેગે." ત્યારે આપે ફરી આજ્ઞા કરી અને શ્રી હસ્ત પકડીને ચમચો આપ્યો અને સાથે જ ભોજન કરાવ્યું.
ભોગ સરકાવવા જ્યારે શ્રી દીક્ષિતજી ભોગમંદિરમાં પધાર્યા ત્યારે પોતાના શ્રીલાલજીને પ્રભુની સાથે ભોજન કરતા જોયા. ત્યારે બહુ જ ક્રોધ કરીને બાવાને એક તમાચો માર્યો અને ગારી પણ દીધી. ત્યારે લાલબાવાએ કહ્યું કે "મોકોં બાબાજીને આજ્ઞા કરી તબ જેંયો હું" પરંતુ ક્રોધાવેશમાં આપે કંઇ સાંભળ્યું નહિ. ત્યારે ભીતરથી શ્રી ઠાકુરજીએ પધારીને શ્રી દીક્ષિતજીના શ્રીહસ્ત પકડી લીધા અને લાલજીને દૂર લઇ ગયા. શ્રીદીક્ષિતજીને શ્રીનવનિતપ્રિયાજી સાનુભાવ હતા. શ્રીઠાકુરજીએ આજ્ઞા કરી જે, "તુમને તમાચો માર્યો સો મેરો ગાલ સૂઝ ગયો હે" આવા વચન શ્રી નવનિતપ્રિયાજીનાં સાંભળીને શ્રી દીક્ષિતજીને બહુ જ પશ્ચાતાપ થયો. ગુનેગારીથી બોલી ગયા જે "મહારાજ ! મોકોં ખબર નાહિ હતી જો આપશ્રી આચાર્યજીકો વંશ જાની એસી કૃપા કરો હો. સો મેરો દોષ ક્ષમા કરિયો." પછી આપશ્રી દીક્ષિતજીએ જઇને લાલબાવા શ્રી રામકૃષ્ણજીને દંડવત કર્યા. આવો અનુગ્રહ શ્રી નવનિતપ્રિયાજીએ શ્રી રામકૃષ્ણજીને કરેલો.... આ પ્રમાણે આજ્ઞા કરી.

(તેહી એહી, એહી તેહી, કછુ ન સંદેહ.)

પ્રશ્નોત્તર

મધુકર

સ્નેહી ભાઇશ્રી, સપ્રેમ શ્રીસ્મરણ.
આપના પ્રશ્નોનો પ્રત્યુત્તર :-

(1) "દિવ્ય પ્રભુ પ્રેમ કેવા પ્રકારે હૃદયમાં પ્રગટ થાય ?" આ પ્રશ્નના જવાબમાં – શ્રી હરિરાય પ્રભુએ "સ્વમાર્ગીય કર્તવ્ય નિ." નામના ગ્રંથમાં આજ્ઞા કરી છે કે –

અનુરાગત્રિધા લોકે શ્રવણાદ્ દર્શનાત્તથા. ।
ધ્યાનાદપિ ચ ગોપીનાં સ રાગ: સહજ: સદા ।।

પ્રભુમાં પ્રેમ ત્રણ પ્રકારે ઉત્પન્ન થાય છે. (1) શ્રવણ (2) દર્શન અને (3) ધ્યાનથી. તેમાં "શ્રવણ" થી એટલે શ્રીગોપીજનો સાથે પ્રિય પ્રભુએ અનેક પ્રકારની દાન, માન, પનઘટ, હિલગ, ખંડિતા, હોરી આદિ પ્રણય લીલાઓ કરી છે તેનું જેમાં વર્ણન કરેલું હોય તેવા સાહિત્યનું જ શ્રવણ કરવું "દર્શન" એટલે સેવ્ય સ્વરૂપને નખથી શિખા પર્યંત સુંદર શ્રૃંગાર કરી મન ચિત્તની એકાગ્રતા પૂર્વક સ્વરૂપ અવલોકવું તેને દર્શન કહેવાય. "ધ્યાન" નો વિષય પરોક્ષતાનો છે. "દર્શન" નો વિષય પ્રત્યક્ષ સ્વરૂપ છે. પણ ધ્યાન સ્વરૂપની પરોક્ષતામાં થાય છે. પરોક્ષ કાલમાં પ્રિ.યતમના મનહરણ સ્વરૂપનું વિરહભાવપૂર્વક નખથી શિખા પર્યંત એકાગ્રતાપૂર્વક ધ્યાન કરવું. આમ ત્રણે પ્રકારે પ્રેમ ઉત્પન્ન થાય છે.

(2)"પ્રણય લીલાઓનું શ્રવણ કરવા છતાં પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થતો નથી તેનું શું કારણ ?" આ પ્રશ્નના જવાબમાં તસ્કર (કપટી) મન પ્રિયતમના ચરણકમલ રૂપી

ખુંટે બંધાયું નથી. અનન્યતા વિના પ્રેમ ઉત્પન્ન ન થાય સેવ્ય સ્વરૂપને સર્વસ્વ જીવન નિર્વાહક મનાય ત્યારે તસ્કર મન અનન્ય બની પ્રિયતમના ચરણકમલ રૂપી ખુંટે બંધાય છે.

ચલ સખી ચલ અહો વ્રજ પેંઠ લગિ,

જહાં બિકાત હરિ પ્રેમ ।।
સુંઠ સોંઘો પ્રાણનકે પલટે,
ઉલટ ધરો યહ નેમ ।।1।।

પ્રિય પ્રભુમાં પ્રાણનું સમર્પણ થઇ જાય. અથવા પ્રાણરૂપ – જીવનરૂપ પ્રિય સ્વરૂપ જ જ્યારે બને ત્યારે પ્રિય પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થાય છે.

(3)'પ્રાણનું સમર્પણ પ્રિય પ્રભુમાં જ થાય ત્યારે પ્રેમ ઉત્પન્ન થાય તેનું શું કારણ ?" આ પ્રશ્નના જવાબમાં મન પ્રાણને આધીન રહે છે. આ પ્રાણરૂપ જો પ્રિય પ્રભુ જ બને તો મન પ્રાણરૂપ પ્રભુને આધીન થઇ જાય છે. અને પ્રભુ તો દિવ્ય પ્રેમના સમુદ્ર રૂપ છે જ. તેથી પ્રેમ સમુદ્રમાં પડેલું મન દિવ્ય પ્રેમમાં તરબોળ રહે છે.

"પરમાનંદ પ્રેમ સાગરમેં પર્યો સો લીન ભર્યો." ભક્તિહંસ ગ્રંથમાં શ્રીપ્રભુચરણોએ આજ્ઞા કરી છે કે, "પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થયા પછી પોતાના વ્યસનથી સ્વતંત્ર પુરૂષાર્થપણાથી શ્રવણાદિક થાય છે તે ઉત્તમ પુષ્ટિ ભક્તિરૂપ છે." પ્રભુમાં સ્નેહ થયા પછીનું જ શ્રવણ પુષ્ટિ ભક્તિ શ્રવણ કહેવાય છે. કારણકે સ્નેહ થયા પછી સ્નેહજ જીવન રૂપ બનવાથી જેમા સ્નેહની ગાથા ગવાઇ હોય છે તેવું જ શ્રવણ થાય છે. આવો સ્નેહ ઉત્પન્ન થયા વિનાનું શ્રવણ "હસ્તી સ્નાન" જેવું બની જાય છે. રસાત્મક સાહિત્યના શ્રવણ પછી પણ જો પ્રેમ ઉત્પન્ન ન થયો તો તેને "હસ્તી સ્નાન" કહેવામાં શું અયુક્ત છે ? જેમ હસ્તી (હાથી) નિર્મળ જળાશયમાં સ્નાન કરીને પાછો ધુળમાં આળોટે છે, તેમ પ્રભુમાં પ્રેમ પ્રગટ નહી થવાથી ઉન્મત હસ્તી જેવું મન ભૌતિક પ્રપંચમાં વિચરે છે. એટલે પ્રભુમાં પ્રેમ પ્રગટ થયા વિનાનું શ્રવણ "હસ્તી સ્નાન" જેવું જ બની જાય છે.

ભા. 11-11-18 માં ઉદ્ધવજી પ્રતિ ભગવદ્ વાક્ય છે : "શબ્દબ્રહ્મનો નિષ્ણાત પરબ્રહ્મમાં પ્રવેશ કરતો નથી ("વસ્તુને શું જાણે વ્યાકરણી") તો વસુકી ગયેલી ગાય તેના પાલકને જેમ બોજરૂપ જ છે, તેમ શબ્દબ્રહ્મનું જ્ઞાન (સાક્ષરને પંડિતને) નિરર્થક બને છે." અહીં "પરબ્રહ્મમાં પ્રવેશ" કથનનું સ્વારસ્ય, પ્રેમ સ્વરૂપને જાણીને તેમાં મનનો પ્રવેશ કરવવામાં રહેલું છે.
રસાત્મક સાહિત્ય અવલોકન રૂપી વલોવણમાંથી પ્રેમ રૂપી નવનીત પ્રાપ્ત કરવું જોઇએ, નહીં તો શ્રવણ નીરને વલોવવા જેવું બને છે.

પુષ્ટિમાર્ગમાં કંઇ જાણવા જેવું હોય તો તે દિવ્ય પ્રેમ છે. દિવ્ય પ્રેમને જેણે જાણ્યો તેને બીજું કંઇ જાણવાનું બાકી રહેતું નથી. આ વિષયમાં પ્રેમ દિવાના રસખાનજી શું કહી રહ્યા છે તેનો વિચાર કરીએ :-

જગમેં સબ જાન્યો પરે, અરૂ સબ કહે કહાય,
પૈ જગદીશ અરૂ પ્રેમ યહ દોઉ અકથ લખાય.
જેહી બિનુ જાને કછુહી નહીં જાન્યો જાત વિશેષ
સોઇ પ્રેમ જેહી જાનિકે, રહી ન જાત કછુ શેષ.

"જગમાં સબ જાન્યો પરે ।" ભૌતિક જગતમાં સ્થુલ બુદ્ધિથી તીવ્ર બુદ્ધિવાળો મનુષ્ય બધુંય જાણી શકે છે પરંતુ "પે જગદીશ અરૂ પ્રેમ યહ દોઉ અકથ લખાય." 'જગદીશ' એટલે રસાત્મક લીલા જગતમાં રહેલા "ઇશ-પુષ્ટિ પ્રભુ," અને પ્રભુની ભિતર દ્રઢ રૂપને રહેલ આત્મા રૂપ દિવ્ય પ્રેમ આ બન્ને અકથનીય છે. અમો દેહાત્મવાદી જીવોની સ્થુલ બુદ્ધિ આ બન્ને તત્વોમાં પ્રવેશ કરી શકતી નથી. કારણકે આ બન્ને (ઇશ અને પ્રેમ) "સર્વજ્ઞાત" (સર્વથી અજ્ઞાત) છે.

(4)ત્યારે પ્રશ્ન થાય કે આ બંને તત્વોમાં પ્રવેશ કેવી રીતે થાય ? અથવા આ બન્નેનો સાક્ષાત્કાર કેવી રીતે થાય ? સમાધાનમાં : રસિક મહાનુભાવ નંદદાસજી પંચ

મંજરી નામના ગ્રંથમાં તેના સાક્ષાત્કારનું સાધન બતાવે છે –

જા ઘટ વિરહ અવા અનલ પરિપક ભયે સુભાય
તાહી ઘટ મધ્ય નંદ હો, પ્રેમ અમી ઠહેરાય.

"ઘટ" શબ્દ હ્યદયવાચક છે. હ્યદયમાં ચાર તત્વો રહેલા છે. (1) મન (2) બુદ્ધિ (3) ચિત્ત અને (4) અહંકાર. આ ચારે તત્વોવાળું હ્યદય વિરહાગ્નિથી જ્યારે શુદ્ધ થાય છે, અથવા હૃદયમાં રહેલો ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યા-માયા જતીન પ્રપંચ ભસ્મીભૂત થાય છે ત્યારે પુષ્ટિ પ્રભુના આત્મ સ્વરૂપ દિવ્ય પ્રેમને ધારણ કરી શકાય છે, અથવા આ બંને તત્વો (ઇશ અને પ્રેમ)નું વાસ્તવિક જ્ઞાન થઇ શકે છે. વિરહાગ્નિથી જેની બુદ્ધિનો સંસ્કાર થયો નથી તેવા દેહાત્મવાદીની સ્થુલ બુદ્ધિ આ બન્ને તત્વોનું જે જ્ઞાન મેળવે છે તે તો આસમાનમાં ઉડનાર વિહંગમ પક્ષી નભોમંડળનું માપ જેમ તેની શક્તિ પ્રમાણે કાઢી શકે, તેવું જાણવું. મતલબ કે વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત કરી શકાતું નથી. વિરહાનુભવમાં મન આત્મગામી બને છે. એટલે કે આત્મ પ્રદેશ પ્રેમ રાજ્યમાં પ્રવેશ કરે છે. ત્યારે જ ઇશ અને દિવ્ય પ્રેમનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થાય છે. "સુનો વ્રજજન મારગકી બાતે" આ પદમાં કહ્યા મુજબનું જ્ઞાન થાય છે.

સુ. 3-9-33 માં બ્રહ્મા પ્રતિ ભગવદ્ વાક્ય છે. હું દેહિઓને જ્ઞાન ન થઇ શકે તેવો છું. "પોતાના દેહને જોનારા અને મને પણ જોનારા દેહના અભિમાનીઓ, કોઇ પણ સમયે મને બ્રહ્મ તરીકે જાણી શકવાના નથી. કારણ કે કામ રહેલો હોય ત્યારે કામિની (સ્ત્રી)નો સ્પર્શ કામ જાગૃત ન કરે તેવું ન બને.

અહીં કામનું દ્રષ્ટાંત દેવાનો હેતુ 'કામ', આત્મજ્ઞાનનો વેરી છે. તેની હયાતી જ્યાં સુધી રહે ત્યાં સુધી દૈવી જીવને પોતાના આધિદૈવિક સ્વરૂપનું પુષ્ટિ પ્રભુનું અને પુષ્ટિ પ્રભુના આત્મ સ્વરૂપ દિવ્ય પ્રેમનું વાસ્તવિક જ્ઞાન થવું શક્ય નથી. આ 'કામ' વિરહાગ્નિથી જ સર્વ પ્રકારે દગ્ધ થાય છે, અન્ય પ્રકારે નહીં. એટલે આત્માથી જ પરમાત્મા જાણી શકાય છે. વિરહાગ્નિથી જ્યારે મન, બુદ્ધિ ચિત્ત અને અહંકાર પ્રાકૃત

પ્રપંચ રહિત થાય છે ત્યારે દૈવી જીવને પોતાના આત્મ સ્વરૂપનું જ્ઞાન થાય છે. અથવા "સ્વરૂપ વિસ્મૃતિ" નામનું અવિદ્યાનું પાંચમું પર્વ નિવૃત્ત થાય છે, ત્યારે દૈવી જીવ દેહના સંબંધમાંથી છુટો પડી પોતાના આત્મ સ્વરૂપમાંજ સ્થિત થાય છે. આ સમયે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર દેહના સંબંધ રહિત આત્મા સાથે જોડાય છે ત્યારે આત્મ સંબંધવાળા મન બુદ્ધિ ચિત્ત અહંકાર યુક્ત હ્રદયમાં દિવ્ય પ્રેમને ધારણ કરી શકાય છે. અથવા પુષ્ટિ પ્રભુ અને તેમના આત્મા રૂપ દિવ્ય પ્રેમનું વાસ્તવિક જ્ઞાન મેળવી શકાય છે.

વેણુગીતમાં શ્રી ગોપીજનો જે સ્વરૂપનું ગુણગાન કરી રહ્યા છે તે નિત્ય લીલાસ્વ હરિ છે. વેણુનાદ દ્વારા આ સ્વરૂપનો અનુભવ થતાં અવતાર સ્વરૂપ અને અવતાર સ્વરૂપે કરેલી લીલા આ બળથી શ્રી ગોપીજનો નિરપેક્ષ થઈ ગયાં. આનું નામ છે પુષ્ટિ પ્રભુ અને તેમના આત્મ સ્વરૂપ દિવ્ય પ્રેમનું વાસ્તવિક જ્ઞાન.

પુષ્ટિ પ્રભુ સન્મનુષ્યાકાર હોવા છતાં સાકાર વ્યાપક સત્તાવાળા છે. અથવા પોતાના સ્વરૂપોથી અનંત, લીલાઓથી અનંત, રસથી અનંત, અને અનંત અગણિત આનંદરૂપ છે. આવા પ્રકારનું જ્ઞાન વાસ્તવિક જ્ઞાન છે. આવું જ્ઞાન શ્રી ગોપીજનોને વેણુનાદ દ્વારા વિપ્રયોગાત્મક-ભાવાત્મક સ્વરૂપની પ્રાપ્તિથી થયું ત્યારે તેઓ અવતાર સ્વરૂપ કે જે સંયોગાત્મક અને પરિચ્છિન્ન આનંદરૂપ છે, તેનાથી નિરપેક્ષ થઇ ગયાં

વેણુનાદમાં અધર સુધાનો પ્રવેશ છે. આ "સુધા" પુષ્ટિપ્રભુના આત્મરૂપ દિવ્ય પ્રેમ સ્વરૂપ છે. નટવર સ્વરૂપ અને તેમાં રહેલ દિવ્ય પ્રેમ આ બન્નેનો સાક્ષાત્કાર અને તેનું જ્ઞાન પ્રાપ્ત કરીને શ્રી ગોપીજનો અવતાર સ્વરૂપ અને આ સ્વરૂપે કરેલી લીલાથી પણ નિરપેક્ષ થઇ ગયાં. આ બન્ને તત્વો (ઇશ અને દિવ્ય પ્રેમ)ને રસખાનજી અકથનીય કહે છે. શ્રી ગોપીજનોએ આ બન્ને તત્વોનો જે અનુભવ કર્યો છે તે વિરહાગ્નિના સેવનથી જ કરેલો છે. આ કથનની પુષ્ટિ નીચે મુજબના શ્લોકોથી થાય છે:-

ગોપીનાં પરમાનન્દ આસીદ્ ગોવિંદ દર્શને ।
ક્ષણ યુગસતમિવ યાસાં યેન વિના ભવત્ ।।

(સુ. 10 16 16)

જનાસ્તાપં જહુર્ગોપ્યો ન કૃષ્ણ હ્યત ચેતસ: ।।
(સુ. 10 17 45)

પ્રભુના દર્શન વિનાની એક ક્ષણ એકસો યુગ જેવી વ્રજભક્તોને અનુભવાતી હતી, તામસ પ્રમેય પ્રકરણના 17મા અધ્યાયમાં શરદનું વર્ણન કરેલું છે, તેમાં ભૌતિક અને આધ્યાત્મિક કાલકૃત દુ:ખની નિવૃત્તિ વ્રજના અન્ય ભક્તોને થઇ, પરંતુ જેનું ચિત્ત કૃષ્ણે હરેલું છે તેવા શ્રી ગોપીજનોના તાપની નિવૃત્તિ ન થઇ. વ્રજમાં પ્રભુનું પ્રકટ સ્વરૂપ હોવા છતાં ક્ષણનો વિયોગ સત યુગ જેવો આ શ્રી ગોપીજનો અનુભવતાં હતા. આવા વિરહે કરીને તેમનામાં નિત્યલીલાસ્થ પ્રભુના સ્વરૂપનું અને તેમના આત્મ સ્વરૂપ દિવ્ય પ્રેમનું અધિષ્ઠાન સિદ્ધ થયું. અને તેથી આ બન્ને તત્વોને વેણુગીત પ્રસંગે શ્રીગોપીજનોએ અનુભવ કર્યો.

નિત્ય લીલાસ્થ સ્વરૂપ, તેને વિપ્રયોગ ભાવાત્મક અથવા મૂળ સ્વરૂપ પણ કહેવાય છે. આ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ "નમામિહ્યદયેશેષે" શ્લોકમાં કહ્યા મુજબ અનંત લીલાઓ સહિત શ્રી સ્વામિનીજીઓના હ્યદયમાં નિરૂદ્ધ થયેલ હોય છે. અગણિતાનંદનો અનુભવ આ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપથી જ થાય છે. તેનું અધિષ્ઠાન વિરહાનુભવથી શ્રી ગોપીજનોમાં સિદ્ધ થયું ત્યારે વેણુગીત પ્રસંગે આ સ્વરૂપનો અનુભવ થયો અને ત્યારે અવતાર સ્વરૂપ અને આ સ્વરૂપે કરેલી લીલાના આનંદથી શ્રીગોપીજનો નિરપેક્ષ થઇ ગયાં.

નિત્ય લીલાસ્થ સ્વરૂપનું જેને જ્ઞાન થયું છે તેવા વિરહી ભક્તની અવસ્થાનું લક્ષણ શ્રી હરિરાયપ્રભુએ શિ. 18-4 માં જતાવેલું છે.

વિરહેણ હરિ સ્ફુર્ત્યા સર્વત્ર કલેશ ભાવનાત્ ।
લીલાતિરિક્ત સૃષ્ટૌ હિ નિરાનન્દત્વ નિશ્ચયાત ।

નિત્યલીલાસ્થ સ્વરૂપનું જ્ઞાન મેળવીને તેની પ્રાપ્તિ માટે જે જન વિરહનો

અનુભવ કરી રહેલ છે તેને નિત્યલીલાસ્થ પ્રભુ સ્વરૂપ અને તેનો પરિકર કે જે દિવ્ય પ્રેમાનંદનો અનુભવ કરી રહેલ છે તેની સિવાય વિરહી રસિક જ્ઞાની ભક્તને ભૂતલમાં નિરાનંદ પણું ભાસે છે. આ કથનની વિશેષ પુષ્ટિ માટે આગળના શ્લોક 14-15માં શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે –

તત્વં વિદિત્વા પરમં યશોદોત્સંગ લાલિતમ્ ।
શ્રીમદાચાર્ય તત્પુત્રાન્
હિત્વાસ્મત્સ્વામિની રપિ ।।14।।

તત્તુલ્ય બુદ્ધયાનાશ: સ્યાત્સર્વથેતિવિનિશ્ચય: ।
ઓતાવતી સતીશિક્ષા સંક્ષિપ્તા
ધિયતાં હ્યદિ ।।15।।

ચાર તત્વ- (1) શ્રી યશોદાત્સંગ લાલિત (2) શ્રીમદાચાર્ય ચરણ (3) શ્રી ગુસાંઇજી અને (4) શ્રી સ્વામિની વૃન્દ. આ ચાર તત્વની સમાન ભૂતલમાં કોઇને નહી માનવા. તેનું કારણ આ ચારે તત્વો નિત્ય લીલા સંબંધી છે. છતાં કદાચ મુગ્ધ દશાએ આ ચારે તત્વોની ભૂતલમાં સંભાવના અન્યત્ર ન કરે તે માટે "સતી શિક્ષા" કરૂણા કરીને શ્રી હરિરાય પ્રભુ વિરહી જનને ચેતવણી આપે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે નિત્યલીલાસ્થ પ્રભુ સ્વરૂપ અને તેમના આત્મ સ્વરૂપ દિવ્ય પ્રેમ આ બન્ને તત્વો દુર્જ્ઞય, સર્વાજ્ઞાત, અતિગૂઢ અકથનીય છે. તેની પ્રાપ્તિ અને તેનું વાસ્તવિક જ્ઞાન વિરહાનુભવ વિના સર્વથા શક્ય નથી.

રસાત્મક લીલા જગતના "ઇશ" પુષ્ટિ પ્રભુના હ્યદય સંપુટમાં રહેલ ગૂઢ દિવ્ય પ્રેમ તત્વ કે જેનાથી દ્રિધા શ્રૃંગાર વિલાસ સિદ્ધ થાય છે. તેવા ગૂઢ તત્વને જેણે જાણી લીધું છે તેને અન્ય કંઇ પણ જાણવાનું બાકી રહેતું નથી. અને આ તત્વને ન જાણ્યું તો અન્ય જાણેલું સર્વ વ્યર્થ જ છે. તેથી આ પુષ્ટિ માર્ગમાં જે કંઇ જાણવા જેવું છે તે દિવ્ય પ્રેમ જ છે. (ઓર કોઇ સમજો સો સમજે, હમકું ઇતની સમજ ભલી)

ભલે વૃથા કરિ પચિમરો જ્ઞાન ગૌરવ બઢાય ।
વિના પ્રેમ ફીકો લગે કોટિક કરો ઉપાય ।।

પંડિતો જ્ઞાનના ગૌરવને ભલે પ્રાપ્ત કરી લે અથવા શાસ્ત્ર મંથનમાંજ ભલે પચિમરે. પ્રેમીજનને આ ગૌરવ તુચ્છ છે. દિવ્ય પ્રેમ વિનાના કોટિક ઉપાયો રસ વિહિન ફીકરાજ છે. તેથી જ તો શ્રીવ્રજપ્રિયાઓએ શાસ્ત્રોક્ત પ્રખર જ્ઞાની શ્રીઉધ્ધવજી પ્રતિ કહ્યું છે- "પ્રેમ વિના સબ પચિમરે વિષય વાસના રોગ-સખા સુન શ્યામકે"

ભૌતિક વિષયો તો વિષ-ઝેર જેવા છે જ, પરન્તુ સર્વત્ર વ્યાપક બ્રહ્મનો ઉદ્ધવજી જે ઉપદેશ આપી રહ્યા છે. આવું બ્રહ્મજ્ઞાન અને તેમાં રચ્ચાપચ્ચા રહેનારાઓને પ્રેમ વિનાના રોગીષ્ટ કહ્યા છે. દિવ્ય પ્રેમનો પ્રવાહ જેમાં વહેતો નથી તેવા લૌકિક કે અલૌકિક વિષયો પ્રેમીજનને રોગ સદ્ધશ ભાસે છે. બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ દેવા આવેલા શ્રીમાન ઉદ્ધવજીને આ દિવ્ય પ્રેમનો અનુભવ "પ્રેમદેવીઓ" શ્રી ગોપીજનોની કૃપાથી થયો. પછી તેઓ મથુરા ગયા ત્યારે શ્રી મથુરાનાથને કહે છે કે- "જીવનકો લે કહા કરે, જો નહીં જીવન મૂલ" સર્વના આત્મારૂપ ભગવાન સર્વ પ્રાણી માત્રનું જીવન છે. કારણ કે અંતરયામી ભગવાનથીજ સર્વનું જીવન "દિવ્ય પ્રેમ" છે, તેવો અનુભવ શ્રી ગોપીજનોની કૃપાથી શ્રી ઉદ્ધવજીને થયો. તેથી કહે છે કે- "જીવનકો લે કા કરે, જો નહીં જીવન મૂલ" ।

શ્રી હરિરાય પ્રભુનું એક પદ છે. તેની છેલ્લી પંક્તિ- "રસિક" ચરણ રજ વ્રજ યુવતિનકી અતિ દુર્લભ જીય જાન" દિવ્ય પ્રેમ સિન્ધુમાં ડુબેલા શ્રી વ્રજભક્તોની ચરણ રજ કે જે દિવ્ય પ્રેમના સંબંધ વાળી છે, તેની પ્રાપ્તિ અતિ દુર્લભ છે દિવ્ય પ્રેમને જેણે જાણ્યો છે તેનેજ આ પ્રેમ તત્વની દુર્લભતાનું જ્ઞાન થાય છે. શ્રી ઉધ્ધવજીને આ તત્વનું જ્ઞાન થવાથી 'રજ' ની અભિલાષાએ વ્રજની કોઇ રૂખડી થવાનો મનોરથ કરી રહ્યા છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પુષ્ટિ માર્ગમાં જે કંઇ પુરૂષાર્થમાં પ્રાપ્ત કરવા જેવું છે તે આ "દિવ્ય પ્રેમ" જ છે અથવા દિવ્ય પ્રેમ રૂપી શ્રીવલ્લભ ચરણ રેણુ ધન જ પુરૂષાર્થ રૂપ છે. આ 'રજ'ને પ્રાપ્ત કર્યા વગર દિવ્ય પ્રેમ રાજ્યમાં પ્રવેશ થઇ શકતો નથી. અને

તેથી દૈવી જીવનની કંઇ સાર્થકતા થતી નથી. કારણ કે આ રતિ પથમાં તો મોક્ષ જેવા ફલની પણ તુચ્છતા જ છે.

આજનો આધુનિક દેહાત્મવાદી જીવ પુષ્ટિ માર્ગમાં પ્રવેશ કરીને હું આનો પ્રેમી અને એ મારૂં પ્રેમી-આમ પ્રેમીના જોડકાં બનીને પુષ્ટિમાર્ગમાં વિચરે છે, તેમનામાં દિવ્ય પ્રેમ નથી પણ કેવળ મોહકતા છે. કારણકે દિવ્ય પ્રેમ પંચપર્વવાળી અવિદ્યા નાબુદ થયા પછીજ પ્રગટ થાય છે. અથવા દિવ્ય પ્રેમની ધારા આત્માંનંદ સમુદ્રમાંથી પ્રાપ્તિ થાય છે, અને આત્મામાં પ્રવેશ વિરહાનુભવ વિના થતો નથી. દિવ્ય પ્રેમ તો પોતાને અને જગતને ભૂલાવી દેનારો છે.

"રતિ પથ પ્રકટ કરનકું પ્રગટે, કરૂણાનિધિ શ્રી વલ્લભ ભૂતલ" અરે પથિક ! આ રતિ પથ છે. જે માર્ગમાં ચાલવું છે તેનું જ્ઞાન તો હોવું જ જોઇએ. દિવ્ય પ્રેમનું જ્ઞાન મેળવીને જ દિવ્ય પ્રેમ રાજ્યમાં પ્રવેશની મંજિલે ચાલી શકાય છે. આજે સંપ્રદાયમાં અનેક યોજનાઓ ઘડાય છે. પરંતુ કોઇપણ યોજનામાં વાસ્તવિક તત્વ નહિ હોય તો તે યોજનાનું વાહન (ગાડું) દિવ્ય પ્રેમ રાજ્ય સુધી પહોંચી શકતું નથી, પણ થોડે દુર ચાલીને જ અટકી પડે છે. પ્રશ્ન થાય કે તેનું શું કારણ ? તેનું એ કારણ કે આ વાહનમાં દિવ્ય પ્રેમની સામગ્રી ભરેલી નહી હોવાથી, અને આ વાહનમાં જોડાયેલા મન ચિત્ત રૂપી બળદો- દિવ્ય પ્રેમનો આહાર નહી મળવાથી, અને દિવ્ય પ્રેમ સિવાય અન્ય વિચાર સામગ્રીઓનો બોજ વધી જવાથી મન ચિત્ત રૂપી બળદો કમજોર બને છે, તેથી આગળ ગતિ થઇ શકતી નથી. આવું પરિણામ પ્રાપ્ત થતાં ઉમેદથી ઘડેલી યોજનાઓ નિરાશામાં પલટાઇ જાય છે.

દિવ્ય પ્રેમના-અર્થાત રતિ પથના સિધ્ધાંતોની સામગ્રી જેમાં ભરેલી નથી તેવી યોજનાઓથી પ્રવાહ અને મર્યાદા સૃષ્ટિને ભલે લાભ પ્રાપ્ત થતો હોય, પરંતુ રતિ પથ પથિકોને તેમાંથી કંઇ પ્રાપ્ત થાય તેમ નથી. તેથીજ ચેતવણી આપી છે. "ઉલટ બાટ લુંટત પંથી સબ કહીયત હોં તાતે"
જેણે આ આ રતિપથ પ્રગટ કર્યો છે તે આધિદૈવિક જગતના "ભાનુ" છે. નહી કે ભૌતિક

અને આધ્યાત્મિક જગતના. આથી ત્યારે આધિદૈવિક યોજનાઓ ઘડાતી નથી ત્યારે આ ભાનુનો પ્રકાશ પ્રાપ્ત નહીં થવાથી આવી યોજનાઓનું વાહન પ્રતિબંધોના ખડક સાથે અફળાઇ આગળ ગતિમાં શક્તિહીન બની જાય છે.

આ રતિ પથ કેવા પ્રકારનો છે તેનું જ્ઞાન નીચેના પદમાં મહાનુભાવ શ્રી પદ્મનાભદાસજીએ કરાવ્યું છે :

સુનો બ્રજ્જન મારગકી બાતે ।
ઉલટ બાટ લુંટત પંથી
સબ કહીયત હોં તાતે ।।

પત્રોત્તર

લેખક : શ્રીવલ્લપાદપદ્મમિલિન્દ

સ્નેહી ભાઇશ્રી.....સપ્રેમ શ્રી સ્મરણ.....

આપના પ્રશ્નોનો પ્રત્યુત્તર નીચે મુજબ

(1) "તસ્કર મનને કાબુમાં લેવા માટે પ્રયત્ન અને ભગવદ્ કૃપાને અવલંબીને રહેવું જોઇએ કે ઇત્તર સાધનો હોય ખરાં ?"

આ પ્રશ્નના સમાધાનમાં – પ્રભુની કૃપા અવ્યક્ત છે. આ કૃપાને પહેલા આપણે પહેચાનીએ. પ્રભુ પ્રાપ્તિ માટે જે જે સાધનો, પ્રયત્નો થઇ રહ્યા છે, તેમાં ભગવદ્કૃપા વ્યાપ્ત જ રહે છે. અથવા સેવા-સ્મરણ, ગુણગાન, લીલાશ્રવણ વિ. જે જે સાધનો આપણે કરીએ છીએ તે પ્રભુ કૃપાની પ્રેરણાથી જ થાય છે. પ્રભુએ આપણો સ્વકીયત્વે અંગીકાર કર્યો છે તેનું એજ લક્ષણ છે કે સેવા-સ્મરણ આદિ સાધનોમાં આપણી અભિરૂચી છે, આપણો જ્યારથી અંગીકાર કર્યો છે તેનું એ જ લક્ષણ છે કે સેવા-સ્મરણ આદિ સાધનોમાં આપણી અભિરૂચી છે. આપણો જ્યારથી અંગીકાર કર્યો છે ત્યારથીજ પોતાની કૃપા શક્તિનો આપણા હ્યદયમાં પ્રવેશ કરાવ્યો છે અને પ્રિયતમને યોગ્ય બનીએ તેવી પાત્રતા સેવા સ્મરણાદિ સાધનો દ્વારા આ કૃપા શક્તિ સિદ્ધ કરી રહેલ છે. આ કથનની સંગતિમાં શિ. 1ના શ્લોક 8-9 બંને અવલોકશો.

સંસાર સાગરમાં પડેલા અને સ્વરૂપથી અણુ એવા જીવમાં એવી કઇ શક્તિ છે કે પ્રભુની કૃપા વીના પ્રભુ પ્રાપ્તિના સાધનો કરી શકે ? સ્વકીયત્વે આપણો અંગીકાર કરેલો હોવાથી પોતાની કૃપા શક્તિનો આપણા હ્યદયમાં પ્રવેશ કરાવી પોતાની પ્રાપ્તિ માટે સાધનો કરાવી રહેલ છે તેમ નિશ્ચય અવધારવું. જેમ આપણા પરમ પ્રિય મિત્રે સંદેશો પાઠવ્યો હોય કે આજે હું તમારે ત્યાં પ્રસાદ લેવા આવવાનો છું. આ સંદેશ પ્રાપ્ત થતાં આપણે ઉત્સાહ પૂર્વક સામગ્રી સિદ્ધ કરવા તત્પર થઇ જઇએ છીએ. કારણ કે પરમ મિત્રનું પ્રસાદ નિમિત્તે મિલન થવાનું છે. તેમ નિત્ય સખા પ્રિયતમ પ્રભુ આપણા હ્યદયમાં ભાવાત્મક – રસાત્મક સ્વરૂપથી પધારવાની અર્થાત પ્રગટ થવાની ઇચ્છા કરે છે ત્યારે કૃપા શક્તિ દ્વારા સેવા-સ્મરણાદિ સાધનો કરાવે છે.

નંદાલયમાં પ્રભુ પ્રગટ થયા તે અંતરંગ યોગમાયા સહિત પ્રકટ થયા છે. અંતરંગ યોગમાયામાં અસંખ્ય આધિદૈવિક સ્વરૂપો રહેલા છે. પ્રભુની લીલાને સિધ્ધ કરવા માટે આ અદિદૈવિક સ્વરૂપોએ વ્રજના ભક્તોમાં પ્રવેશ કર્યો અને શ્રી નંદરાયજી, શ્રી યશોદાજી વૃદ્ધ ગોપ ગોપીમાં વાત્સલ્ય સ્નેહ પ્રકટ કર્યો, સંખ્યાઓમાં પ્રવેશ કરી સખ્ય ભાવનો સ્નેહ પ્રકટ કર્યો, અને શ્રી ગોપીજનોમાં પ્રવેશ કરી માધુર્ય કાન્તભાવનો સ્નેહ પ્રકટ કર્યો. યથાધિકાર સ્નેહ પ્રકટ કરીને વ્રજના ભક્તોનો પ્રભુના સ્વરૂપમાં નિરોધ સિદ્ધ કર્યો. આજ પ્રકારે શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય સમયે આપશ્રીએ લીલાધામથી વિછુરેલા દૈવી જીવોમાં બ્રહ્મસંબંધ સમયે જીવોના અધિકારનુસાર આધિદૈવિક સ્વરૂપોનો પ્રવેશ કરાવ્યો છે. આ આધિદૈવિક સ્વરૂપો તે કૃપાશક્તિનાજ સ્વરૂપો છે, અને શ્રીહરિરાય પ્રભુના મંતવ્યમાં ભૂતલમાં રહેલા ભક્તોના લીલાધામ સંબંધી આ આધિદૈવિક સ્વરૂપો છે તે બ્રહ્મસંબંધ સમયે ભૂતલના ભક્તોના ભૌતિક સ્વરૂપમાં પ્રવેશ કરી સેવા સ્મરણાદિ સાધનો દ્વારા ભૌતિકતાનો સંસ્કાર કરીને આધિદૈવિક્તા સિધ્ધ કરે છે.

આપણને આ આપણા આધિદૈવિક સ્વરૂપનું જ્ઞાન થવું અત્યંત આવશ્યક છે. હું અમુકનો પિતા, અમુકનો પુત્ર, અમુકનો પતિ, અમુકનો બન્ધુ. આવા અનેક સંબંધોના

બંધનમાં માયાના આવરણથી બંધાયેલું આપણું ભૌતિક સ્વરૂપ મિથ્યા સંબંધવાળુ છે. જીંદગી પુરી થતાં સુધી આ સંબંધના બંધનોમાંથી મુક્ત ન થઇએ તો દૈવી જીવનની વ્યર્થતા થઇ જાય છે.

મહાકારૂણિક સ્વામીએ નિવેદનના સ્મરણની જે આજ્ઞા કરી છે તેમાં આપણા આધિદૈવિક સ્વરૂપનો વિચાર કરવાનો છે. આપે નિવેદન સ્મરણમાં "સર્વથા" પદ ધર્યું છે. "સર્વથા" એટલે અત્યંત આવશ્યક પ્રભુને ભુલાવી દેનારો દેહના સંબંધવાળો પરિકર આત્માના નાશની સેના રૂપ છે એમ શ્રી મહાપ્રભુજીએ બીજા સ્કંધના શ્રી સુબોધિનીજીમાં આજ્ઞા કરી છે. આ આત્માના નાશની સેના વચ્ચે આપણે રહેવું છે. તે બ્રહ્મસંબંધને મિથ્યા કરી દેશે. અર્થાત બ્રહ્મસંબંધને ફલીત થવા નહી દે પ્રભુ મારા આત્માના પતિ છે, આવા પ્રભુ સાથે પુનઃસંબંધ અવિચલ આપણે જોડવો છે તે નહિ બની શકે. પ્રભુ સર્વ સમર્થ છે. આમ પ્રભુના સામર્થ્યનો વિચાર કરી સ્વછંદતા રાખશું તો આસુર ભાવોનો પ્રવેશ થઇ જશે આવું અનિષ્ટ આપણા હ્યદયમાં પેસી ન જાય તે માટે ચેતવણી આપનારો "સર્વથા" શબ્દ રાખ્યો છે.

નિત્યલીલાસ્થ સ્વરૂપનો સાક્ષાત અનુભવ આપણા આધિદૈવિક દેહથીજ થાય છે. અને આ આધિદૈવિક દેહ તાપ કલેશથી સિદ્ધ થાય છે. અથવા બ્રહ્મસંબંધ સમયે આપણા આધિદૈવિક સ્વરૂપનું દાન થયું છે તેમાં પ્રવેશ તાપ કલેશથીજ થાય છે. નિવેદનનું નિરંતર સ્મરણ તાપકલેશને વધારતું રહે છે. આ તાપકલેશથી ભૌતિક પ્રપંચ અથવા ભૌતિક આધ્યાત્મિક અવિદ્યાની જેમ જેમ નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ આપણા આધિદૈવિક સ્વરૂપનો પ્રકાશ થતો જાય છે, અને છેવટે જ્યારે આધિદૈવિક સ્વરૂપમાં આપણી સ્થિતિ થાય છે, ત્યારે નિત્ય લીલાસ્થ સ્વરૂપનો. નિત્યલીલા ધામનો અને આપની લીલાઓનો સાક્ષાત્કાર થાય છે. અને ત્યારે દૈવીજીવનની કૃતાર્થતા માની શકાય છે. આ સ્થિતિએ પહોંચવા માટેજ સતત નિવેદનનું અનુસંધાન કરવાનું છે. સેવા-સ્મરણ ગુણગાન ધ્યાન વિગેરે અલૌકિક સાધનોથી સતત સન્મુખ રહેવું તે પણ નિવેદનનું સ્મરણ છે.

હવે વિવેક ધૈર્યાશ્રયમાં પ્રભુને પ્રાર્થના નહી કરવી એવી આપે આજ્ઞા કરી છે

તેનું સ્વારસ્ય એમ જણાય છે કે, મારી સાધન દશામાં મારૂં તસ્કર મન મને ઠગે નહિ. પ્રભુની કૃપા ઉપર બધુ છોડી દઇને તસ્કર મન ભગવદ્ પ્રાપ્તિના સાધનોમાં તત્પરતા રાખતું નથી. આ તેની ઠગાઇ છે. તેથી જ પ્રાર્થના નહીં કરવાની આજ્ઞા કરી છે. તેનો હેતુ એ જ કે દાસત્વ ભાવે આપણે કર્તવ્ય પરાયણ રહેવું. આ મોક્ષમાર્ગ નથી. સાક્ષાત સ્વરૂપાનંદના અનુભવનો માર્ગ છે તેમાં સ્વસ્થતા અને સ્વછંદતા આત્મ પુરૂષાર્થમાં બાધક-ઘાતક બને છે.

સાધન દશામાં પ્રભુ સ્વરૂપ સિવાય અન્ય પ્રપંચ મનમાં રહેલો હો.ય છે. આ અન્ય પ્રપંચમાં મન જ્યાં સુધી રૂચિવાળું હોય ત્યાં સુધી ભગવદ્ સ્વરૂપમાં સ્નેહ પ્રગટ થતો નથી. તેથી મનમાં રહેલા અન્ય પ્રપંચ ભાવોને દગ્ધ કરવા સેવા સ્મરણાદિ અલૌકિક સાધનો રૂપી અગ્નિમાં તેને શુદ્ધ કરતા રહેવાનું છે.

(2) "આના માટે વારંવાર ભગવદ્ લીલાનું શ્રવણ, સાધન માનીને કર્યા કરવું હિતાવહ ગણાય ?" આ પ્રશ્નના જવાબમાં: વારંવાર ભગવદ્ લીલાનું શ્રવણ કે ગુણગાન કરતી વખતે પ્રિય પ્રભુના ભાવાત્મક સ્વરૂપનું વિસ્મરણ નહી થવા દેવું. લીલા શ્રવણમાંથી જે જે રસ ભાવો પ્રગટ થાય તે તે ભાવો પ્રિયતમના ભાવાત્મક સ્વરૂપમાં સમર્પી પ્રિયતમનો સાક્ષાત અનુભવ નથી તેની વ્યથાને વધારતા જવું. જેમકે નવમાં શિ.ના પહેલા શ્લોકમાં 'બધ્ધબર્હશિખં નીલ' આ વાક્યમાં શ્રી હરિરાય પ્રભુ જતાવે છે કે- "મુકુટ ધારણ કરિવેકો અભિપ્રાય યહ જો મુકુટકો શ્રૃંગાર શ્રીસ્વામિનીજીનું રસ દાનાર્થ ધારણ કરત હે. સો મુકુટ ધારણ તરીકે શ્રીસ્વામિનીજીકો પરમ અલૌકિક કોટિ કામ રસરૂપ હોય, રતિરસ દાન કરત હે તેસેઇ મોપે કૃપા કરી મુખ્ય રસ સ્વરૂપસું મુકુટ ધારણ કરી કબ રસદાન કરોગે. કબ દર્શન દોંગે ?" આ પ્રકારે લીલા શ્રવણના ભાવો પ્રિય પ્રભુના ભાવાત્મક સ્વરૂપમાં સમર્પી આપના સાક્ષાત સ્વરૂપના અનુભવ માટેની આર્તિ વધારતા જવી. લીલા શ્રવણ આવા પ્રકારનું આર્તિ સહિત થાય તો એક તરફ વિજાતીય ભાવ પ્રપંચ દગ્ધ થતો જાય છે, અને બીજી તરફ પ્રિયતમના પરોક્ષ અને અપરોક્ષ (સેવ્ય) સ્વરૂપમાં સ્નેહભાવ જાગૃત થતો જાય છે.

શ્રવણમાં ધર્મી સ્વરૂપના ધર્મો રહેલા છે. તેનો સંબંધ ધર્મી સ્વરૂપ સાથે થતાં

સ્વરૂપના પ્રમેય બ્રલથી મન તરત જ વશીભૂત થઇ જાય છે. જેમ કે, "મન મૃગ વેધ્યો, મોહન નયન બાનસો" અને બીજા પદમાં "કમલસી અખીયાં લાલ તિહારી, તિનસો તકી તકી તીર ચલાવત વેધત છતીયાં હમારી." અથવા

મન પંખી તબ લગ ઉડે,
વિષય વાસના માંહી ।
પ્રેમ બાજકી ઝપટમેં
જબલગ આયો નાહીં ।।

લીલા શ્રવણના ભાવોનો ધર્મી સ્વરૂપ સાથે સંબંધ થતાં મન સ્વરૂપમાં રૂચિવાળું થાય છે અને પ્રિયતમની સૌંદર્યતામાં મોહિત થઇ જાય છે. પ્રિયતમના નેત્ર કટાક્ષથી ઘાયલ થયેલું મન અન્યત્ર પ્રપંચમાં પરિભ્રમણ કરવાને સમર્થ રહેતું નથી. "વૈધત છતીયાં હમારી" પ્રિયતમનું નેત્રરૂપી બાણ હ્યદયને વેધીને આરપાર નીકળી જતું નથી પણ હ્યદયમાં ખુંચેલું જ રહી આવે છે, અને તેની માધુરી વ્યથાના સ્વાદમાં મન ડૂબેલું રહે છે. પ્રિયતમનું નેત્રકમલ ક્ષણે ક્ષણે નૂતન નૂતન લાવણ્યામૃતને પ્રગટ કરતું હોય છે. કારણ નેત્ર કમલમાં લાવણ્યામૃતનો સિન્ધુ ભરેલો હોય છે. આ લાવણ્યામૃત સુધા સ્વાદમાં મન ડુબેલું રહે છે. અને સુધા સ્વાદમાં તૃપ્તિ નહી થવાથી પુનઃતપેલું રહે છે. એટલે કે ઘાયલ થયેલું મન પુનઃ પુનઃ નેત્ર કટાક્ષથી ઘાયલ થવાની જ ચાહના કરે છે. આ પ્રકારે તસ્કર મનને વશીભૂત કરી લેવામાં સ્વરૂપનું અદભૂત પ્રમેય બલ રહેલું છે. તેથી શ્રવણ સમયે પ્રિયતમના ભાવાત્મક-માનસી સ્વરૂપને ભુલવું નહી. પ્રિયતમના નેત્રકટાક્ષથી ઘાયલ થયેલું મન જે મધુર વ્યથાનો અનુભવ કરી રહ્યું છે તે વ્યથાની મૌલિકતા રસિક ભક્ત રસખાનજીના હ્યદયમાં કેવા પ્રકારની રહેલી છે, તે નીચેની પંક્તિમાં જોઇએ :

કોઉ યાહી ફાંસી કહત,
કોઉ કહત તલવાર ।
નેની ભાલા તીર કોઉ –

કહત અનોખી ઢાર ।।
પે મીઠાસ યા મારકી,
રોમ રોમ ભરપૂર ।
મરત જીયે ઝૂકતો ફીરે –
બને સુ ચકનાચૂર ।।

"યે મીઠાસ યા મારકી રોમ રોમ ભરપૂર" પ્રિયતમના ત્રિબાણના મારની મીઠાસ રોમ રોમમાં વ્યાપી જાય છે, અને પ્રિય લાવણ્યામૃત સુધા આસવતું પાન કરી મત્ત બની જાય છે. પ્રભુ જેમ સાકાર અને વ્યાપક છે, તેમ આપનો આનંદ પણ વ્યાપક ધર્મવાળો છે. તેથી ભક્તોના સર્વાંગમાં અથવા રોમરોમમાં ભગવદ આનંદ વ્યાપી જાય છે. "લીલામૃત રસાર્દ્રાર્દ્રી કૃતાખીલ શરીરભૂત" આ નામની સંગતિ થઇ શકે. પ્રેમીજન પ્રાકૃત દુનિયામાં મરેલો અને દિવ્ય દુનિયામાં જીવતો, પ્રિયતમના રૂપાસવનું પાન કરી ચકચૂર બનેલો રહે છે, અહો કેવી મીઠાસ હશે આ "માર"ની ?

(3) "પ્રેમ પ્રાપ્ત થાય, અથવા પ્રેમથી સેવા સ્મરણ કરવા માટે દૈવી પ્રેમ કેવી રીતે સધાય ? હ્યદયમાં આવેલો ઉમળકો અને તેથી સંકળાતું જોડાતું મન એ દૈવી પ્રેમની પ્રાથમીક દશા માની તે તરફ વલણ-ધ્યેય રાખીએ તો ફલ સિદ્ધિ સુધી પહોંચવું શક્ય બને ખરૂં ?" આ પ્રશ્નના જવાબમાં :

સેવા સ્મરણાદિથી પ્રગટ થતો પ્રભુ પ્રત્યેનો પ્રેમ દૈવી ગણાય છે, અથવા પ્રાથમીક દશાનો મનાય છે. આ પ્રેમને ગાઢ બનાવવા માટે પ્રિય સ્વરૂપને જીવન ધ્યેય બનાવીને સેવા સ્મરણાદિમાં મનને જોડી રાખવું. પ્રભુ પ્રત્યે પ્રગટ થયેલો પ્રેમભાવ નિધિ છે અને પ્રાથમિક દશામાં બાલક જેવો છે, તેનું જતન કરવું એટલે કે પ્રેમ ભાવનું અનુસંધાન છુટી ન જાય તેવી રીતે સેવા સ્મરણાદિમાં મનને જોડી રાખવું. પ્રેમ ભાવના જતનથી ઉત્તરોત્તર પ્રેમ વૃદ્ધિગત થતો વ્યસન અવસ્થાએ પહોંચે છે ત્યારે આ પ્રેમ પથિકનું જીવન કૃતાર્થ બની જાય છે.

"અન્ય સંબંધ ગંધૌપિ કંધરામેવ બાધતે" શ્રી પ્રભુચરણ શ્રી ગુસાંઇજી આજ્ઞા

કરે છે કે પ્રભુ પ્રેમીઓ માટે અન્ય સંબંધ ની ગંધ માત્ર પણ મૃત્યુ સમાન બની જાય છે. આવો દુઃસંગ વ્યસન અવસ્થામાં બાધક થઇ શકતો નથી. કારણ કે વ્યસન અવસ્થામાં વિકલતા અને અસ્વસ્થતા સહજ બની રહે છે અને આ વિકલતા અને અસ્વસ્થતા પ્રિયતમની મહાન ભુજા રૂપ બની પ્રેમીજનનું ચોતરફથી રક્ષણ કરે છે.

પ્રિય પ્રભુમાં પ્રેમ પ્રગટ થતાંની સાથેજ પ્રાથમીક દશામાંજ પ્રેમીજનોએ આ દુનીયાથી ખૂબ સાવધાન થઇ જવાનું છે. કારણકે પ્રેમીઓ માટે આ દુનિયા લુંટેરાની છે. દિવ્ય પ્રેમરૂપી મહાન નિધિને લુંટી લે છે. મહાનુભાવ શ્રી પદ્મનાભદાસજીના પદમાં છે કે,

સુનો વ્રજ્જન મારગકી બાતે ।।
ઉલટ બાટ લુંટત પંથી સબ,
કહીયત હોં તાતે ।।1।।

લુંટેરાઓથી બચવા માટે પ્રભુ પ્રેમની પ્રાથમીક દશામાંજ પ્રિય સ્વરૂપ સિવાય કોઇનો પણ સંગ નહી રાખવો.

પ્રેમી પરિચય ના કરે એક શ્યામ વિન અન્ય, જગમાં સુતાં જાગતાં પ્રભુમાં પ્રેમ અનન્ય. દુઃસંગથી બચીને પ્રભુ પ્રેમની આ સાધનામાં રહેલા પ્રેમી જનની અવસ્થાનું ચિત્રણ એક રસિકે નીચે મુજબ આપેલું છે :

જીતે જી મરજાય, કરે ન તનકી આસા ।
આશિક્કા દિનરાત રહે શૂલી પે વાસા ।।
માન બડાઇ ખોય, નીંદભર નાહીન સોના ।
તીલભર રક્ત ન માંસ,
નહીં આશિક્કો રોના ।।

"નહીં આશીક્કો રોના" આ કથનમાં અને "રહે શૂલી પે વાસા" તેમાં પ્રેમ પથીકની વીરતા ભરેલી છે. જેમ મહારથી ભીષ્મપિતામહે બાણની શૈયા બનાવી, તેમ

પ્રેમ સંગ્રામમાં ખેલતા પ્રેમ વીરો પ્રિય વિયોગ વ્યથાની શૂલી પર શયન કરતા હોય છે. પ્રેમીઓને નીંદ કેવી ? એક વ્રજભક્ત કહે છે કે: "નીંદ તોહી બેચુંગીબીન મોલ" જો કોઇ ખરીદનાર મળે તો વિના મૂલ્યે તેને આપી દઉં. વળી એમ પણ કહ્યું છે કે "નીંદ તો તાહી આવે, જાહી શ્યામ ન ભાવે" પ્રાકૃત માનવને નીંદ ન આવે તો પોતે પાગલ બનવાના ભયથી નીંદની ઔષધિ સેવન કરે છે. ખરેજ પ્રેમીઓની રાહ જગત માનવથી ઊલટી જ છે.

શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે, જેમ માતા ડાકિનીથી પોતાના બાલકનું રક્ષણ કરે છે તેમ બાલક જેવા પ્રાથમિક પ્રેમભાવનું દુઃસંગથી રક્ષણ કરવું. અથવા પ્રેમીજનો માટે 'માન-બડાઇ' ડાકિની જેવા જ છે, તેનાથી રક્ષણ કરવું.

શ્રી હરિરાય પ્રભુએ આ ધ્યેય પ્રાપ્તિ માટે આદિથી અંત સુધી વર્તન કેવા પ્રકારનું રાખવું તે પહેલા શિક્ષાપત્રમાં જ જતાવી દીધું છે. તેમજ "ભાવ પોષક" અને "ભાવ સાધક બાધક" નામના ગ્રંથોમાં પણ જતાવેલું છે. તદનુકૂલ વર્તન રાખવાથી ફલસિદ્ધિ સુધી પહોંચી શકાય છે.

એક અતિ આવશ્યક માર્મિક બાબત અહીં જાણવા જેવી એ છે કે દિવ્ય પ્રેમ એને જ કહેવાય છે કે જેમાં સ્વસુખની ગંધ પણ ન હોય. જેમાં પ્રિયતમના સુખનો જ વિચાર હોય છે તે દિવ્ય પ્રેમ છે. તત્સુખી પ્રેમભાવનું બીજ હ્યદયમાં રોપણ કરીને પ્રિય માટેની સર્વ કૃતિ કરવી. અથવા સેવા, સ્મરણ, ગુણગાન, લીલા-શ્રવણ વિગેરે સાધનો પ્રિયતમને સુખરૂપ થવા માટેની ભાવનાથી કરવાં આધિદૈવિક દેહને પ્રાપ્ત કરીને પ્રિયતમને હું સુખરૂપ ક્યારે બનીશ ? આવી વ્યથા સહ સર્વ કૃતિ કરવી. પ્રિયથી મને સુખ મળે આ ભાવ થતાની સાથે જ દિવ્ય પ્રેમનું રૂપાન્તર થઇ જાય છે. પુરૂષાર્થના શિખર રૂપ આ તત્સુખી દિવ્ય પ્રેમ, તત્સુખસાગર શ્રીવલ્લભ ચરણ નિકુંજ દ્વારેથી પ્રાપ્ત થાય છે. શ્રીજી તો કેવળ ભોક્તાજ છે. આપણે ભૂતલ જીવનમાં જેવા પ્રકારનો ભાવ સિદ્ધ કરશું તેવા ભાવ સ્વરૂપથી શ્રીજીથી લીલાધામમાં સુખાનુભવ થાય છે. પ્રભુનું સ્વરૂપ તો ભાવાત્મક છે. એટલે આપણો જેવો ભાવ છે તેવું સ્વરૂપ ધારણ કરી આપ રસાનુભવ કરાવે છે. આથી શ્રીવલ્લભ ચરણરેણુધન પ્રાપ્ત કરેલો ચતુર પ્રેમી તત્સુખી

પ્રેમ ભાવના બીજનુજ પોતાના હ્યદયમાં રોપણ કરે છે.

આ દિવ્ય પ્રેમ કે જે તત્સુખી અને મહારાજા જેવો દિલાવર છે તે કંઇ પણ લેવાનું સમજતો નથી, પણ દેવાનું જ જાણે છે. આ તેનો નૈસર્ગીક સહજ સ્વભાવ બનેલો હોય છે. શ્રીવલ્લભ ચરણકમલ અનુરાગી જન ઉપરોક્ત સ્વભાવથી પહેચાની શકાય છે. "શ્રીવલ્લભ ચરણરેણુધનનો જ એવો વિલક્ષણ પ્રભાવ છે કે આ રેણુધન પ્રાપ્ત કરેલો જન યાચક નથી બનતો પણ દાતા બને છે." જાચું જાય કોનકે ઘરપે, શ્રીવલ્લભસે પાય ધની ।। તીન લોકહું ફિર ફિર આયો, આનંદ અલ્પ ઉપાધિ ઘની ।। શ્રીવલ્લભ વાક્માધુરીની ગહનતા અવલોકીએ. ભાગવતાર્થ નિ માં છઠ્ઠા સ્કંધમાં આપ આજ્ઞા કરે છે કે-પુષ્ટિ (કૃપા), પોતાના એટલે જીવના કાર્ય માટે જીવનું કલ્યાણ કરનારી છે જ્યારે ભક્તિ-સ્નેહ ભગવાનના કાર્ય માટે ઉપયોગી છે. આ માધુરી વાણીમાં શું ગહનતા રહેલી છે ? તે વિચારીએ-

શ્રી વલ્લભ ચરણાબ્જ રજોધન જે જને પ્રાપ્ત કરેલ છે તે પ્રભુ પાસે કૃપાની યાચના પણ કરતો નથી, પરંતુ પ્રિયતમ માટે સુખાનુભવના અનેક મનોરથો કરી પ્રિયતમને વિલસાવવાનું જ કાર્ય કરે છે. આ રજોધનનો અદભૂત પ્રભાવ છે. આ "રજોધન" પ્રાપ્ત કર્યા પછી અન્ય ભક્તની નિકુંજમાં બિરાજતા પ્રિયતમને દૂતી દ્વારા નિમંત્રણ આપવાની આવશ્યકતા નહીં રહે.

કમલ બુલાવન કબ ગયે, કબ કીનો સન્માન,
નેહ નિમંત્રણકે સગે અલિ અધીર ઉલટાન.

કમલ ભ્રમરને બોલાવતા જતું નથી, પંણ ભ્રમરજ કમલ મકરંદથી લોભાઇ કમલ પાસે પહોંચી જાય છે. તેમ શ્રીવલ્લભ ચરણરજ જેણે પ્રાપ્ત કરી છે તેવા ભક્તના હ્યદય કમલમાં તત્સુખી મધુર પ્રેમરૂપી મકરંદ ભરેલી છે. આ મકરંદનું પાન કરવા પ્રિયતમનું ભોંરા (ભમરા) રૂપી મન અધીર બનીને શ્રીવલ્લભજનના હ્યદય કમલમાં વશીભુત થઇ જાય છે. આ 'રજ' માં તત્સુખી મધુર પ્રેમની ધારા અખંડ વહ્યા કરે છે. તે પ્રવાહ શ્રી વલ્લભજનના હ્યદય સરોવરમાં સંચીત થાય છે. અને આ સરોવર સદા

તત્સુખી મધુર પ્રેમથી ભરેલું રહે છે. તેમાં તત્સુખી ભાવના અનેક કમલો પ્રગટ થયેલા હોય છે. તે કમલની મધુર મકરંદનું પાન કરવા પ્રિયતમના મનરૂપી ભ્રમર અધીર થઇને મકરંદ પાનમાં વશીભૂત થઇ જાય છે. શ્રી વલ્લભ પદામ્બુજ રજના પ્રભાવથીજ પ્રાથમિક પ્રેમની અવસ્થાથી અજીત પ્રિયતમ પ્રભુને વશીભૂત કરી લેવા સુધીની ફલ દશા સુધી પહોંચી શકાય છે.

દુર્લભ અને અણમોલ તત્વ

મધુકર

કોમલ બચન, દીનતા સબસોં – બધા સાથે દીનતાભર્યો વ્યવહાર રાખવો.અહીં 'સબસો' શબ્દનો અર્થ હરિ-ગુરૂ-વૈષ્ણવ જાણવા. પ્રભુપ્રેમપ્રાપ્તિની ઇચ્છાવાળા સાધકે પોતાની સાધન દશામાં પ્રિય પ્રભુને ભુલાવે તેવા મનુષ્યો સાથે, ન છૂટકે જ વાણીનો વ્યવહાર રાખવો. અથવા ગૃહસ્થી આવશ્યક કાર્યમાં અને વ્યાવૃત્તિના આવશ્યક કાર્યમાં આવશ્યક હોય તેટલો વાણીનો વ્યવહાર રાખવો, અને આવા સમયે પણ પ્રિય પ્રભુના નામનું સ્મરણ કરતા જ રહેવું. પ્રેમભાવરૂપી મહાન નિધિના રક્ષણ માટે સાવધાનતાની આવશ્યક્તા જાણવી. વાણીના નિરોધથી જ સર્વ સિદ્ધ થાય છે તેમ શ્રી હરિરાયપ્રભુએ પહેલા શિક્ષાપત્રમાં આજ્ઞા કરી છે.

દૈન્ય રાખવાનું સૂરદાસજી કહી રહ્યા છે, તેનું કારણ પ્રિય પ્રભુને પ્રસન્ન કરવાનું એકમાત્ર સાધન દીનતા જ છે આ દીનતાની પ્રાપ્તિ માટે જ સેવા-સ્મરણાદિ અલૌકિક સાધનો કરવામાં આવે છે. એટલે કે સેવા-સ્મરણાદિ સાધનો કરતા રહેવાથી દોષોની જ્યારે નિવૃત્તિ થાય ત્યારે દીનતા પ્રાપ્ત થાય છે, અને દીનતાથી પ્રભુ જ્યારે પ્રસન્ન થાય છે ત્યારે પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે છે. અહીં 'પોતાના' શબ્દને દેહરી દીપક ન્યાયમાં યોજવાથી, પ્રભુના સ્વરૂપનો અને ભક્તોને પોતાના આદિદૈવિક સ્વરૂપનો એમ ઉભય સ્વરૂપનો સાક્ષાત અનુભવ થાય છે. સેવા-સ્મરણાદિના અલૌકિક સાધનોના પુરૂષાર્થ રૂપે આ દીનતા પ્રાપ્ત થતી હોવાથી દૈન્ય દુર્લભ અને અનમોલ

તત્વ છે. તેથી દૈન્યસાગર-મર્મજ્ઞશિરોમણિ શ્રીહરિરાય પ્રભુએ આ દૈન્યનું 'સ્વમાર્ગસર્વસ્વ' આવું સુંદર રહસ્યમય વિશેષણ આપ્યું છે, અને દીનતાનું મહત્વ જણાવ્યું છે.

દિવ્ય પ્રેમપથ

મધુકર

કોઉ મરે જુર રોગસું, કોઉ અવસ્થા પાય,
પ્રીત પીર મે તન તજે, તે ધન્ય જગમેં આય.

કોઇ દેહના રોગથી મરે છે, તો કોઇ વળી જીંદગી પૂરી થતાં મરે છે. ત્યારે જીવી જાણ્યું કોને કહેવાય ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રિય પ્રભુ સાથે પ્રેમ જોડીને પ્રિયતમ માટે જીવન જેણે ન્યોછાવર કર્યું તેણેજ જીવી જાણ્યું. ભગવત્ પ્રેમ વિનાનું જીવન પશુ પક્ષી કરતાં પણ વધારે નિંદનીય છે. કારણકે દૈવી મનુષ્ય જીવન મેળવીને દિવ્ય પ્રેમની કદર ન કરી, અને પ્રભુ પ્રેમમાં જીવન ન્યોછાવર ન કર્યું, તો જન્મ વ્યર્થ છે. ભલે કદાચ પ્રભુમાં પ્રેમ કરનાર પ્રભુને આ જન્મે મેળવી ન શકે, છતાં પ્રભુ પ્રેમ માટે જીંદગી હોમી દેનારને બીજા જન્મે પણ પ્રભુનો પ્રેમજ વરે છે, અને બીજા જન્મે તે પ્રેમ પૂર ઝડપથી વધે છે, અને છેવટે પ્રેમદેવ પ્રભુને મેળવીને જ આ પ્રેમી જંપ લે છે. આવા પ્રભુ માટે ફના થઇ જનારાએજ આ દુનિયામાં જીવી જાણ્યું.

પ્રભુમાં પ્રેમ થયો તેની નિશાની શું ? તે નીચેના દોહામાં કહે છે-
નવલ લાલસોં લગ્ન કર,
વિરહની વ્યાપ્યો તાય,
બિનુ લાગે નિકશે નહિ.
દ્રગ અસુવાં મુખ હાય.

પ્રાણ વલ્લભમાં પ્રેમ થયો તેની નિશાની એજ કે પ્રિયતમના વિરહથી તે પ્રેમીજન તપ્યો રહે છે. પ્રેમની ચોટ લાગ્યા વિના નેત્રોમાંથી અશ્રુની ધારા અને મુખમાંથી

વિરહની દર્દભરી હાય કેમ નિકળે ? પ્રેમ થયાની એજ નિશાની છે કે પ્રિયતમની ક્ષણ ક્ષણની યાદથી અશ્રુની ધારા નીકળતી જ રહે.

પ્યારે તેરે વિરહમેં સુક્ત સબ શરીર,
દો નેનાં સુક્ત નાંહિ, ભરિ ભરિ ડારત નીર.

પ્રિયતમના વિયોગે પ્રેમીજનના માંસ-લોહી સુકાઇ જાય છે. દેહ હાંડપીંજરવત બની ગયો હોય છે. તેમ છતાં તેના બે નેત્રોમાંથી વિરહના અશ્રુ સુકાતાં નથી. પ્રેમી જનના અશ્રુ એ અશ્રુ નથી પણ પ્રણય જલની ધારા છે. આ ધારા નેત્રોથી હ્યદય સુધીની ગલીને પવિત્ર કરે છે. શું કામ ? પ્રિયતમને નેત્રોના દ્વારથી પધરાવી હ્યદય નિકુંજમાં બિરાજમાન કરવા છે.

"પ્યારે ઇન ગલીયનમેં આવ નેનન મગસો ધોય સંવારી, અસન અસન ધર પાવ."

અહીં એંમ કોઇ શંકા કરે કે રડવું એતો નિર્બળતા છે. આમ કહેનારનું હ્યદય સુકા કાષ્ઠ જેવું છે. પ્રેમ વસ્તુ શું છે તેની તેને ખબર જ નથી. જેમ પ્રસુતિની પીડા વાંઝણી સ્ત્રી જાણી શકતી નથી, તેમ પ્રેમના વિયોગ દુઃખની ચોટ લાગ્યા વિના તેની ખબર પડતી નથી. આ પ્રભુ પ્રેમનું દુઃખ લૌકિક જેવું તો છે નહીં. પ્રેમના દુઃખની ચાહના ચાર વેદોના જાણનારા અને ચૌદ લોકના બનાવનારા બ્રહ્માજી જેવા કરે છે. પણ તેને આ દુઃખ મળતું નથી. શ્રીમાન ઉધ્ધવજી પણ મહાજ્ઞાની અને મર્યાદા પુરૂષોત્તમના ભક્ત હતા તેમને પણ આ દિવ્ય પ્રેમનુ દુઃખ શ્રી ગોપીજનોની કૃપાથી મળ્યું છે. પ્રિયતમના વિયોગ સમુદ્રમાં ડુબેલા શ્રીગોપીજનોને જોઇને શ્રી ઉદ્ધવજીનું જ્ઞાન અને ગર્વ શ્રીગોપીજનોના વિયોગ અશ્રુના પ્રવાહમાં તણાઇ ગયું. પ્રભુ પ્રેમીઓના અશ્રુઓની કદર ઉધ્ધવજીએ કરી ત્યારે આવા મધુર દર્દભર્યા દુઃખની કણીકાની ચાહના ઉધ્ધવજી જેવા મહાજ્ઞાની ભક્ત કરવા લાગ્યા. અને શ્રી ગોપીજનોની કૃપાથી તે દુઃખની કણીકા મળી. તેથીજ આ પ્રેમના દુઃખની ચાહનાવાળા પ્રિયતમના વિયોગની "હાય" ચાહે છે. તે નીચેના દોહમાં કહે છે-

કાહુકો દીયો કછુ, કાહુ લંક લૂટાય ।
મોહી મયા કર દીજીયે, જબ નિકસે તબ હાય.

પ્રભુની ભક્તિ કરનારને જેવી જેની ચાહના તેવું ફલ પ્રભુ આપે છે, કોઇને ધનની ચાહના, કોઇને મોક્ષની ચાહના, અને કોઇને લૌકિક-અલૌકિક સંસારમાં માન બડાઇની ચાહના હોય છે જેને જેવી ચાહના તેને તેવું ફલ ભગવાન આપે છે. પરંતુ દિવ્ય પ્રેમના સુખની અને તેના મધુર દુઃખની જેને ચાહના છે, તેવો ચતુર પ્રેમીજન માન-બડાઇકે બીજી કોઇ પણ ઇચ્છા કરતો નથી. પરન્તુ પ્રિયતમના વિયોગ દુઃખની હાય સદા નીકળ્યા કરે તેજ ચાહે છે.

અહિં કોઇ પ્રશ્ન કરે કે પ્રિય પ્રભુથી દિવ્ય આનંદની ચાહના નહિ કરતાં તેના વિયોગ દુઃખની ચાહના પ્રેમીજન શું કામ કરતા હશે ? આના જવાબમાં : દિવ્ય પ્રેમ કેવા પ્રકારનો છે અને તે કેવા પાત્રમાં રહે છે તે આ દુઃખની ચાહના કરનાર પ્રેમીએ જાણી લીધેલ હોય છે. એટલે કે પ્રિયતમના વિયોગ દુઃખ વિના દિવ્ય પ્રેમનું પાત્ર બની શકાતું નથી. તેથી ચતુર પ્રેમી પ્રથમ પ્રિયતમથી સુખની ચાહના નહિ કરતાં દુઃખની ચાહના કરે છે.["નિરોધ લક્ષણ" ગ્રંથમાં પ્રેમદેવ શ્રીવલ્લભે નિજ્જનો માટે પ્રથમ દુઃખ દાનની પ્રાર્થના કરી છે. તેનો હેતુ એ કે વિયોગ દુઃખથીજ નિરવધિ અગણિત પ્રેમાનંદને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે. તેથી પ્રથમ વિયોગ દુઃખની પ્રાર્થના કરી છે.]

રજના કાચા ઘડામાં જો જલ ભરવામાં આવે તો ઘડાને ઓગાળીને જલ બહાર નીકળી જાય છે, તેમ દિવ્ય પ્રેમ જો દેહના, ઇન્દ્રિયોના અને અન્તઃકરણના પ્રાકૃત અધ્યાસો નિવૃત્ત થયા વિના પ્રાપ્ત થાય તો કાચા ઘડાની જેમ હ્રદય ઘટમાં સ્થિર નહીં રહેતા દેહ ઇન્દ્રિયાદીના પ્રાકૃત સુખમાં એટલે લૌકિક-અલૌકિક સંસારમાં આ દિવ્ય પ્રેમ વંટાઇ જાય છે. આનું નામ જ દિવ્ય પ્રેમનું પ્રેમીજનના હ્રદય ઘટમાંથી બહાર નીકળી જવું કહેવાય છે. તેથીજ રસિક ભક્ત શ્રીનંદદાસજીએ 'પંચમંજરીમાં' કહ્યું છે કે-

પ્રેમ એક, એક ચિત્તસો, એકહી સંગ સમાય.
ગાંધી કો સોદા નહી, જન જન હાટ બિકાય.

વિશુદ્ધ દિવ્ય પ્રેમ પ્રિયતમના સ્વરૂપ સિવાય અન્ય કોઇના પણ સંબંધને સહન કરી શકતો નથી. દિવ્ય પ્રેમ બે પ્રકારનો છે. એક મિશ્ર, બીજો શુદ્ધ. મિશ્ર પ્રેમ સુવર્ણ જેવો છે, અને વિશુદ્ધ પ્રેમ હીરા જેવો છે. સુવર્ણ કસોટીમાં ઘસાય છે, જ્યારે હીરાને કસોટી પર ચઢાવતાં કસોટીને પણ કાપી નાખે છે. એટલે કે મિશ્ર પ્રેમ સુવર્ણ જેવો હોવાથી બીજામાં વંટાય છે, જ્યારે હીરા જેવો પ્રેમ ઘનીભૂત હોવાથી તેમાં બીજાનો પ્રવેશ થઇ શકતો નથી. અથવા સુવર્ણમાં બીજી ધાતુનું મિશ્રણ થઇ શકે છે, હીરામાં નહી. આ હીરા જેવો ઘનીભૂત વિશુદ્ધ પ્રેમ કેવી રીતે પ્રાપ્ત થાય છે, તે નીચેના દોહામાં કહે છે-

જા ઘટ વિરહ અવા અનલ,
પરિપક ભયે સુભાય ।
તાહી ઘટ મધ્ય નંદ હો,
પ્રેમ અમી લહેરાય ।।

વિરહની અગ્નિથી ફક્ત પ્રિયતમના સ્વરૂપ સિવાયનો બીજો લૌકિક-અલૌકિક ભાવ પ્રપંચ નિવૃત્ત થઇ જાય છે. પછીજ વિશુદ્ધ પ્રેમ પ્રકટ થાય છે. વિરહની અગ્નિથીજ વિશુદ્ધપ્રેમનું પાત્ર સિદ્ધ થતું હોવાથી તત્સુખી ચતુર પ્રેમીઓ વિરહ દુઃખની ચાહના કરે છે.

ભગવાનની દૈવી ગુણમય માયા જ્ઞાની ચતુરને ઠગી લે છે. દિવ્ય પ્રેમ માર્ગનું જ્ઞાન ધરાવી, સાક્ષાત પ્રિયતમના સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ. આવો પ્રયત્ન જે કરતા નથી, અને ઉપદેશક બની માન-બડાઇની જે ચાહના કરે છે તેને ભગવાનની દૈવી ગુણમય માયા ઠગી લે છે. એટલે દિવ્ય પ્રેમના માર્ગથી વિમુખ કરી દે છે. તેથીજ કૃષ્ણાશ્રયમાં આપશ્રીએ પોતાના જનોને સાવધાન કરેલ છે કે, "લાભ પૂજાર્થ યત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ" "લાભ" એટલે ભૌતિક સ્વાર્થ, અને "પૂજા" એટલે માન

અથવા બડાઇ. આ બન્નેનો ત્યાગ કરો. એમ નિજ્જનોને આપે સાવધાનતા આપી છે. લાભ-પૂજાનો ત્યાગ નહીં થાય તો પ્રિયતમના સાક્ષાત સ્વરૂપને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન નહીં થાય ચતુર પ્રેમીજન લાભ-પૂજામાં ફસાતો નથી. આ પ્રેમી દૈવી ગુણમય માયાને શ્રી વલ્લભ કૃપાથી ઓળખે છે કે- સાક્ષાત ધર્મી સ્વરૂપથી કોઇ પણ પ્રકારે-કારણે વિમુખ થવું તે દૈવી ગુણમય અથવા વ્યામોહ કરનારી માયાનું જ કાર્ય છે.

જે પ્રેમીજનમાં પ્રિયતમના વિયોગની અગ્નિ સળગી રહી છે, ત્યાં માયા ઠહેરી શક્તી નથી. આજ કારણે ચતુર પ્રેમીઓ પોતાની કાચી દશામાં પ્રિયતમથી પોતાના સુખની ચાહના કરે છે. માન-બડાઇની ચાહના કરનારને દિવ્ય પ્રેમ માર્ગથી વિમુખ કરીને માયા ઠગતી હોય છે, તેની ખબર હોતી નથી. તેનું કારણ પ્રભુમાં સત્ય-નિષ્કામ-તત્સુખી પ્રેમ આ વ્યક્તિને ઉત્પન્ન થયો નથી તેથી તેવાને માન-બડાઇમાં આનંદ અપાવી માયા પ્રેમમાર્ગમાં ચાલવા દેતી નથી. એટલેજ આગળના દોહામાં કહે છે કે, દિવ્ય પ્રેમનો માર્ગ કંટક ભરેલો છે-

રસિકન કે રસ્તા કઠીન હે.
ચલત હરિજન સુર,
સુનત ભેદ ભય પાવહી,
કપટી કાયર કુર.

"રસિક" શબ્દનો અર્થ : રસિક શબ્દમાં બે પદ છે. "રસ" અને "ઇક." સંસ્કૃતમાં, હિન્દીમાં અને વ્રજભાષામાં 'ઇક'ને શેરડી કહેવાય છે. તો શેરડી જેમ થડથી પીછા સુધી રસથીજ ભરેલી હોય છે. તેમ જેના સર્વાંગમાં તત્સુખી દિવ્ય પ્રેમ રસ ભરેલો છે તેને રસિક કહેવાય છે. આવા રસિકની સ્થિતિ કેવી હોય છે ? "રસિકનકો રસ યહ બાતનમેં, નેન બહે મુખ બેન ન આવે" પ્રિયતમ શ્રી વલ્લભની ક્ષણ ક્ષણની યાદથી જેના નેત્રોમાં અવિરત અશ્રુની ધારા ચાલે છે, અને વાણી જેની બંધ પડી ગઇ છે, તેને અહિં 'રસિક' કહેલ છે. અથવા રસિકા કામ વર્જીતા રસિકમાં સ્વસુખ રૂપી કામના હોતી નથી. જ્યાં સુધી દેહ, પ્રાણ, ઇન્દ્રિયો અને અન્તઃકરણના ભૌતિક અધ્યાસો નિવૃત્ત ન થાય, અથવા

ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યાની નિવૃત્તિ ન થાય, ત્યાં સુધી 'કામ'નું રાજ્ય ચાલતું હોય છે. આવા કામ ભાવનાથી વ્યાપ્ત હ્રદયમાં દિવ્ય, તત્સુખી પ્રેમ પ્રકટ થઇ શકતો નથી.

તામસ પ્રમાણ પ્રકરણની બાલ લીલાથી પ્રભુએ ભૌતિક અધ્યાસો અથવા ભૌતિક અવિદ્યા દુર કરી અને તામસ પ્રમેય પ્રકરણની લીલાથી આધ્યાત્મિક અવિદ્યા પણ દૂર કરી આ બન્ને અવિદ્યા દૂર થતાં શ્રી ગોપીજનોની કેવી અવસ્થા બની તેને સમજવા સુ.10-16-16માં આપશ્રી આજ્ઞા કરે છે કે,

ગોપીના પરમાનન્દ આસીદ્ ગોવિંદ દર્શને ।
ક્ષણં યુગ શતમિવ યાસાં, યેન વિના ભવેત્ ।।

પ્રેમી ભક્ત પ્રિયતમ પ્રભુના દર્શનથી પરમાનન્દનો અનુભવ કરે છે, અને પ્રિય વિયોગ સમયે તેમની એક ક્ષણ સો યુગો જેવી થઇ પડે છે પ્રિય વિયોગની આવી વિરહાગ્નિથી તેમનામાં રહેલો સ્વસુખ ભાવરૂપી "કામ" સર્વાંશે દગ્ધ થઇ જવાથી વેણુગીત પ્રસંગે શુદ્ધ દિવ્ય પ્રેમનો અનુભવ ગોપીજનોને થયો.

પ્રભુથી મને સુખ મળે તેવા ભાવને 'કામ' (સ્વાર્થ) જ કહેવાય. દિવ્ય-તત્સુખી વિશુધ્ધ પ્રેમ ન કહેવાય.

અહિં પ્રેમ શબ્દ અસાધારણ-અનિર્વચનીય અર્થને જણાવનારો છે. જેમાં પોતાના સુખની ગંધ પણ ન હોય અને નિરંતર પ્રિયતમના સુખનીજ ભાવના રહી આવતી હોય તેને દિવ્ય પ્રેમ કહેવાય. પ્રિયના વિયોગની એક ક્ષણ સો યુગ જેવી વ્યથાકારી અનુભવી લીધા પછી અગણિત સીમા રહિત અને અનિર્વચનીય દિવ્ય પ્રેમની પાત્રતા શ્રી ગોપીજનોમાં સિદ્ધ થઇ. આવી યોગ્યતા પ્રાપ્ત થાય તેને જ "રસિક" કહેવાય છે. શ્રીહરિરાયજીનું 'રસિક' નામાભિધાન વિરહાગ્નિમાં સદાય વ્યાપ્ત રહેવાના કારણેજ સુવિખ્યાત છે.

વિરહાગ્નિના સેવન વિના કામ-ગંધ-શૂન્ય થઇ શકાતું નથી. કામની-સ્વસુખની ગંધ પણ રહે તો દિવ્ય પ્રેમના પાત્ર બની શકાતું નથી. તેથી દોહામાં કહ્યું કે-"રસિકનકે

રસ્તા કઠીન, ચલત હરિજન સૂર.' ભૌતિક-આધ્યાત્મિક ભાવ-પ્રપંચ અને પોતાના સુખના ભાવ પ્રપંચને પ્રણય વેદીમાં હોમી દઇ પ્રિય વિયોગની દુઃસહ વ્યથાને સહન કરવી એ "સૂર"થી જ બની શકે છે.

"સુનત ભેદ ભય પાયકે કપટી ક્રુર" રસિકનો માર્ગ આવો ત્યાગનો અને વ્યથા ભરેલો છે તેમ જાણીને "કપટી" એટલે પોતાના સુખને માટે પ્રભુમાં જે પ્રેમ દર્શાવી રહેલ છે તે અને "કાયર" એટલે પોતાના સુખના ભાવોને દગ્ધ કરવામાં જે વિરહ વ્યથાને સહન કરી શકતો નથી તેવો કપટી-કાયર, બનાવટી પ્રેમી, રસિકના માર્ગે ચાલી શકતો નથી.

અથવા વિશુદ્ધ પ્રેમીઓનો માર્ગ કઠીન છે. આ પ્રેમમાર્ગમાં બધાય સુખોનો ત્યાગ કરવાનો હોય છે. પાછળના દોહામાં કહ્યું કે- દેહ, પ્રાણ, ઇન્દ્રિયો અને અન્તઃકરણથી ભોગવાતા ભૌતિક સુખો, અને પ્રિય પ્રભુથી પોતાના સુખ સ્વાર્થને પ્રેમ વેદીમાં આહુતિ દઇને પ્રભુના વિયોગ દુઃખમાં જે ડુબેલા રહે છે તેવા "સૂર" પ્રેમીઓ જ વિશુદ્ધ – તત્સુખી દિવ્ય પ્રેમના માર્ગે ચાલી શકે છે. આવા ત્યાગરૂપી કટંકના માર્ગે ચાલવાનું સાંભળી પ્રેમદેવ પ્રભુથી સ્વારથ રાખનારા કપટીને આ માર્ગે ચાલવાનો ભય જ લાગે છે. લોકલાજનો ભય, પોતાના આત્માના ઉદ્ધારનો ભય, માન બડાઇ ખોવાઇ જવાનો ભય, આવા ભયો કપટ રાખનારને સતાવતા હોય છે. જ્યાં સ્વારથ છે ત્યાં કપટ પણ રહેલું છે. ઉપરથી પ્રેમ બતાવવો અને ભિતર સ્વારથ રાખવો તેનું નામ કપટ કહેવાય છે. આવા કપટમાં ક્રુરતા પણ રહેલી છે. અને પ્રેમ તો અત્યંત મૃદુલ સ્વભાવી છે. મૃદુલ હ્રદયમાં દિવ્ય પ્રેમ ઠહેરી શકે છે દિવ્ય પ્રેમ ત્યાગથી જ ભરેલો છે. જેમ મનુષ્યની છાયા મનુષ્યની સાથેજ ચાલતી હોય છે. તેમ દિવ્ય પ્રેમ અને ત્યાગ સાથે જ રહે છે. પોતાના સર્વ સુખોને પ્રણય વેદીમાં હોમી દેનારનેજ આ દિવ્ય પ્રેમ પ્રાપ્ત થાય છે.

જેણે પ્રિય પ્રભુ માટે સર્વ સુખોનો છોડ્યાં અને પ્રિયના સુખમાંજ પોતાનું સુખ માનનારા પ્રેમીજનને ભય જેવું કંઇ જ હોતું નથી. સર્વથી વધારે ભય મૃત્યુનો છે. આ મૃત્યુ પ્રિય વિયોગની અગ્નિમાં ખાખ થઇ જાય છે. એટલે વિરહી જનથી ઉલટ મૃત્યુને ભય લાગે છે ! ખરેખ દિવ્ય પ્રભુ પ્રેમ માટે કુરબાન થઇ જનારાજ સાચા વીર છે.

દુનીયામાં કંઇ જીવી જાણ્યુ છે. આવી પ્રેમીઓએ જ જીવી જાણ્યું છે. આવી પ્રેમીજનની દશાનું નીચેના દોહામાં વર્ણન છે:

હાય હીયે લાગી રહે, તાકે તન નહી માંસ ।
કલ ન પરે પલ પ્રાનમે લગી પ્રેમકી ફાસં ।।

પ્રભુ પ્રેમની ફાંસીમાં જે ફસાયો તેને એક ક્ષણ પણ પ્રિયતમના વિયોગે ચેન પડતું નથી. પ્રિય વિયોગના મધુર દર્દની હાય ક્ષણે ક્ષણે નીકળતી રહે છે. તેનો ભૌતિક દેહ વિરહાગ્નિથી સુકાય ગયો હોય છે. આવું કષ્ટ ભોગવવા છતાં પ્રેમની ફાંસીમાંથી નીકળવાનું આ પ્રેમીજનનું મન કબુલ કરતું નથી. અહો કેવી હશે આ પ્રેમની મધુર દર્દભરી ફાંસી ! આવી પ્રેમની ફાંસીમાં જે ફસાયા તેવાનીજ પ્રેમી જગતમાં સરાહના થાય છે. આવાનું દર્દીલું જીવન મુગ્ધ પ્રેમીઓને માર્ગદર્શક બની જાય છે.

નાતો બાંધે નેહકો કરે પ્રીત પહેચાન ।
એસી શરણાગતિ લહે, અતિશય કરૂણાદાન ।।

પ્યારા પ્રાણવલ્લભથી પ્રેમનોજ નાતો બાંધે, શ્રીવલ્લભ મહાન દિવ્ય પ્રેમનું જ સ્વરૂપ છે, પ્રેમજ આપને ભાવે છે, પ્રેમજ આપનો આહાર છે, અને પ્રેમથીજ આપ પ્રાપ્ત થાય છે. આવી રીતે પ્રેમને પહેચાને. આપણને બ્રહ્મસંબંધ થયું એથી શ્રીવલ્લભવર સાથે પ્રેમ લગ્નના સંબંધે આપણે જોડાયા. આથી શ્રી વલ્લભ આપણા પ્રિયતમ અને આપણે તેમની પ્રિયતમા. આપણો અરસ પરસનો નાતો શ્રી વલ્લભવર સાથે પ્રેમનોજ થયો. અથવા એમ સમજો કે આપણા પ્રેમનું પાત્ર શ્રીવલ્લભ. અને શ્રીવલ્લભના પ્રેમનું પાત્ર આપણે. આમ શ્રી વલ્લભવર સાથે જોડાયેલા પ્રેમના નાતાને ઓળખવો જોઇએ. મર્યાદા માર્ગમાં જ્ઞાન મુખ્ય છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં પ્રેમની મુખ્યતા છે. શ્રીહરિરાય પ્રભુ એક પદમાં પુષ્ટિમાર્ગનો પરિચય કરાવે છે-

"રતિ પથ પ્રકટ કરનકું પ્રકટે, કરૂણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ." આપ રતિ પથ-પ્રેમ પથ પ્રકટ કરવા માટે ભૂતલમાં પધાર્યા છે, ન કે જ્ઞાન માર્ગ. આપણે જે માર્ગે

ચાલવું હોય તેનું જ્ઞાન તો હોવું જ જોઇએ. તેથી પ્રેમ માર્ગના પથિકોએ પ્રેમની પહેચાન કરવી જોઇએ. શ્રીવલ્લભવર દિવ્ય તત્સુખી પ્રેમના મહાસિન્ધુ છે. આપની સાથે તત્સુખી પ્રેમનો નાતો જોડી પ્રેમીજન પ્રેમના મહાસિન્ધુમાં ડુબેલો રહે છે. આવા પ્રકારના તત્સુખી પ્રેમ ભાવથી શ્રીવલ્લભને શરણે રહેવાથી આપ અતિ કરૂણા કરી પ્રેમના મહાસિન્ધુ સમાન પોતાના જ સ્વરૂપનું આપણને દાન કરે છે.
તત્સુખી પ્રેમનીજ પ્યારા વલ્લભ સાથે નાતો જોડી આપના વિયોગની વ્યથાને સહન કરવી તે આગળ કહે છે-

પ્રીત પીર પલ સહે, આશા ઔષધિ ખાય,
પડ્યો રહે વા પ્રેમમેં, મીત મિલનકી હાય.

પ્રિયતમના વિયોગની પીડાને ક્ષણે ક્ષણે સહન કરે. પ્રેમીઓમાં આશાની અમર વેલ વવાઇ ગઇ હોય છે, તેથી પ્રિય વિયોગની દારૂણ દુઃખદાઇ દશામાં પણ આ પ્રેમી નિરાશ થતો નથી. તેનું કારણ આશાની અમર વેલમાંથી આશા તેને મળતી જ રહે છે. તે આશાના બલથી પ્રીતમના પ્રેમમાં અને પ્રીતમને મળવાની વ્યથામાંજ આ પ્રેમીજન ડૂબેલો રહે છે.

શ્રીગોપીજનો ઉધ્ધવજીને કહે છે કે, હે શ્યામ સખા ! પીંગલા નામની વેશ્યાએ પરપુરૂષની આશા છોડીને કૃષ્ણની આશા કરી. અને અમને તો કૃષ્ણનીજ આશા છે, તો કૃષ્ણની આશાને કોની આશા પર છોડીએ ? કૃષ્ણમાં અમારી આશા અન્ત વગરની છે. તેથી તે છૂટી શકતી નથી. પ્રેમદેવ શ્રીવલ્લભનો પ્રેમ મહિમા જેમ અંત વગરનો અસિમ છે તેથી વિયોગ સમયે પ્રેમીજનોને આ આશા નિરાશ થવા દેતી નથી. “કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે.”

વિશુદ્ધ પ્રેમી આ જગતમાં બહુ દુર્લભ છે. તે તો આપશ્રીએ જ “પુષ્ટિ પ્રવાહ મર્યાદા” ગ્રંથમાં જણાવ્યું છે-“શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભા” શુદ્ધ પ્રેમને પ્રાપ્ત કરવો અતિ દુર્લભ છે. “દુર્લભ” શબ્દનો અર્થ આ પ્રેમ પ્રાપ્ત થતોજ નથી, એવો થતો નથી. પરંતુ નિરંતર વિરહની વ્યથામાં જે ડૂબેલો રહે છે તેજ મેળવી શકે છે. અને વિરહનું દુઃખ

સહન કરનારા કરોડોમાં કોઇક વિરલ જ હોય છે. વિરહમાં એક પ્રિયતમના સ્વરૂપ સિવાય અન્ય સર્વનો ત્યાગ કરવાનો હોય છે. આવો ત્યાગ કરનારા કોટિમાં કોઇ એક જ હોય છે. તેથી કહ્યું છે કે-

રસિક યૂથ દેખિયત નહિ સિંહ ટોલ નહિ હોય
વિરહવેલ જહાં તહાં નહિ ઘટ ઘટ પ્રેમ ન જોય.

જેમ સિંહના ટોળાં હોતાં નથી. તેમ રસિક કે જેનામાં કેવળ તન્સુખી પ્રેમ રહેલો છે તેવાના ટોળાં નથી. આવી રસિકતા વિરહ અગ્નિના સેવનથી જ પ્રાપ્ત થાય છે. તેથી આવા વિરહીના પણ ટોળાં હોતા નથી. અને વિરહાનુભવ વિના વિશુદ્ધ પ્રેમ પ્રાપ્ત થતો નથી. તેથી આવો પ્રેમ જે વિરહનું દુઃખ સહન કરી શકતા નથી, તેમનામાં હોતો નથી. આ દિવ્ય વિશુદ્ધ પ્રેમ શ્રીવલ્લભાગ્નિની અતિ કૃપાથી જ પ્રાપ્ત થાય છે અને આપની કૃપા, આપના ચરણ કમલનો જ જેણે અનન્ય પતિવ્રતભાવી આશ્રય કર્યો છે. તેને પ્રાપ્ત થાય છે. આપ જ્યારે કૃપા કરે છે ત્યારે વિરહભાવનું દાન કરે છે. અને આ વિરહાનુભવથી જ વિશુદ્ધ પ્રેમ પ્રાપ્ત થાય છે. આપ જેને વિરહનું દાન કરે છે. તેની કેવી સ્થિતિ હોય છે તેનું નીચેના પદમાં શ્રીહરિરાય પ્રભુએ વર્ણન કરેલું છે.

શ્રીવલ્લભ વરકો મારગ બાંકો ।
તામે ચલે રસિક વિરહીજન, બિચમે કઠીન
પ્રેમકો નાકો ।।1।।
ક્ષણ ક્ષણ પ્રાણ અકૌર દેતહે. તોઉ નહિ
સંતોષ હિયાકો ।
"રસિકદાસ" શ્રીવલ્લભ વર, હે ફલરૂપ વિરહ
જીન જાકો ।।2।।

ક્ષણ ક્ષણમાં પ્રાણની ન્યોછાવરી કરે છે છતાં સંતોષ થતો નથી. અથવા જેમ ધૃતની અગ્નિમાં અહૂતિ દેતાં અગ્નિ શાંત નથી થતો પરંતુ પ્રજવલીત બનતો જાય છે.

તેમ વિરહી જનનો વિરહ પ્રજવલિત બનતો જાય છે આવા વિરહને સહન કરનારા દુર્લભ હોવાથી વિશુદ્ધ પ્રેમ સર્વને પ્રાપ્ત થતો નથી. વિર્જ્ઞપ્તિમાં શ્રીપ્રભુચરણે આજ્ઞા કરી છે કે : કસ્યાગ્રે કથયામ્યલિ, મનો દુઃખસ્ય સંતતિમ્ વ્રજાધીશ વિયોગાબ્ધિ મગ્ન કોડપિ ન દ્રશ્ય તે ।।1।। વ્રજાધીશના વિયોગ સમુદ્રમાં ડૂબેલો મને કોઇ દેખાતો નથી ખરેજ વિશુદ્ધ પ્રેમ શ્રીવલ્લભની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. અને પરમપુરૂષાર્થ રૂપ વિરહ ભાવનું દાન પણ શ્રીવલ્લભ કૃપાથીજ પ્રાપ્ત થાય છે "શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલું."

આધિદૈવિક દેહની સિદ્ધિ

મધુકર

તનુજા-વિત્તજા સેવા સંયોગરૂપ છે, અને પ્રભુની પરોક્ષમાં ગુણગાન થાય છે તે વિપ્રયોગરૂપ છે. વિપ્રયોગમાં તાપાત્મક ગુણગાનથી રસાત્મક સ્વરૂપનો આવિર્ભાવ થતો હોવાથી આધિદૈવિક દેહને સત્વરે સિદ્ધ કરે છે. વ્રજભક્તોને પણ વિરહનો અનુભવ કરાવવા પ્રભુ ગૌચારણ કરવા પધારે છે તે સમયે વ્રજભક્તો ગુણગાન ગુણગાન કરીને કાલનિર્વાહ કરે છે. તેમાં પણ આજ હેતુ રહેલો છે, અને તેથી જ શ્રીમદાચાર્યચરણે 'નિ.લ.' ગ્રંથમાં ગુણગાનની જ આજ્ઞા કરી છે. આપશ્રી સુ 10-27 ની કારિકામાં આજ્ઞા કરે છે- 'હરિર્ગાનંપ્રિય' હરીને રસભર્યું તાપાત્મક ગુણગાન પ્રિય છે. આ પ્રિયપણામાં પણ એજ રહસ્ય રહેલું છે કે તાપાત્મક ગુણગાનથી પ્રભુની નિરવધિ રસરૂપસેવાને યોગ્ય આધિદૈવિકદેહ ભક્તોમાં સત્વરે સિદ્ધ થાય છે.

આ પોતાના આધિદૈવિકસ્વરૂપને પ્રાપ્ત કરવું તેમાં જ સર્વ પુરૂષાર્થોની સમાપ્તિ થઇ જાય છે. પ્રેમી જનોએ આ ગુઢ રહસ્યનો ખુબ ગંભીરતાથી વિચાર કરીને, અથવા પોતાના આધિદૈવિક સ્વરૂપની પ્રાપ્તિ કરવી એજ ધ્યેય રાખીને, સાધનામાં તત્પર રહેવું. કારણ કે પ્રભુના પણ આત્મારૂપ દિવ્ય પ્રેમનો અનુભવ, આધિદૈવિક દેહ પ્રાપ્ત કર્યા વિના થઇ શકતો નથી. આ આધિદૈવિકદેહ તાપાત્મક ગુણગાનથી સત્વરે સિદ્ધ થાય છે. શ્રી હરિરાયચરણ શિ. 18-8 માં આજ્ઞા કરે છે- "સ્વાર્થત્યક્તાખિલસ્વીય

પરમાતિમહોત્સવ" જે સ્વકીયો સર્વસ્વાર્થનો ત્યાગ કરીને વિપ્રયોગનો અનુભવ કરી રહ્યા છે, તેના તાપકલેશથી પ્રિયપ્રભુને મહા ઉત્સવ થાય છે.

પ્રભુનો કરૂણા-ધર્મ

મધુકર

અનિષ્ટમેવ સર્વજ્ઞો બલાદ્ દૂરીકરોતિ હિ ।
ઇષ્ટાનિષ્ટ વિવેકો જીવબુદ્ધયા ન જાયતે ।।

"આ ઇષ્ટ છે, આ અનિષ્ટ છે, એવો વિવેક જીવબુદ્ધિથી થતો નથી તેથી જીવની ઇચ્છા ન હોય તો પણ સર્વજ્ઞ પ્રભુ નિજપ્રમેય-બલથી-બલાત્કારે અનિષ્ટનું નિવારણ કરે છે જ."

આ હરિનો અતિ કરૂણા ધર્મ છે. પ્રિય પ્રભુની આવી કરૂણાનો ઉપકાર સ્મરણમાં લાવી લોક અને ધર્મ માર્ગમાંથી મનને નિવૃત્ત કરી સેવા-સ્મરણ-ગુણગાન-ધ્યાન વિગેરે અલૌકિક સાધનોમાં મનને જોડી રાખવું.

અહીં એમ પ્રશ્ન થાય કે મનના સંકલ્પ-વિકલ્પ તો ઉઠતાજ રહે છે તેમાંથી નિવૃત્ત કેવી રીતે થવાય ? જવાબમાં-લૌકિક અને વૈદિક-ધર્મમાર્ગના સંકલ્પ-વિકલ્પોનો મૂળમાંથી નાશ કરવા માટે જ સેવા-સ્મરણાદિ અલૌકિક સાધનોમાં મનને જોડવાનું છે. અનેક જન્મોની એકઠી થયેલી વાસનાથી સંકલ્પ-વિકલ્પ ઉઠે છે. તેનો નાશ અલૌકિક સાધનોરૂપી અલૌકિક અગ્નિ જ કરી શકે છે. જૂઓ શ્રીસર્વોત્તમજીમાં અગ્નિકુમાર શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે-

"તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત" ।।

અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભ પ્રભુના નામો અલૌકિક અગ્નિરૂપ હોવાથી દેખાતાં કે નહિ દેખાતાં અનેક જન્મોમાં એકઠા થયેલાં કાયિક-વાચિક-માનસિક પાપોના સમૂહનો

મૂળમાંથી નાશ કરે છે. જેમ સારસ્વત કલ્પમાં પ્રભુએ પ્રગટ થઇને બાલલીલાથી પ્રારંભ કરીને શ્રી ગિરિરાજધારણ સુધીની લીલા કરી, પોતાના પ્રેમી ભક્તોના ભૌતિક-આધ્યાત્મિક-આધિદૈવિક પ્રતિબંધોને દુર કરી, પોતાના સાક્ષાત સ્વરૂપાનંદમાં સ્થિત કર્યા; તેમજ ત્રણે પ્રકારના પ્રતિબંધોને દુર કરીને પ્રિયપ્રભુનો સાક્ષાત સંબંધ કરાવવા માટે જ શ્રીજીસ્વરૂપ શ્રી ગુસાંઇજીએ અતિશય કરૂણા કરી અલૌકિક અગ્નિરૂપ શ્રીમહાપ્રભુજીનાં 108 નામો પ્રગટ કર્યા છે.

શુદ્ધા પ્રેમ્ણાતિદુર્લભા

મધુકર

પ્રિય પ્રભુની તત્સુખાત્મક નિરવધિ રસસમ્પત્તિયુક્ત સેવા માટે ન્યોછાવર થઇ જવાની જેનામાં તમન્ના નથી અથવા સંયોગ સુધીના સર્વ સુખોનો ત્યાગ કરીને પ્રિયતમને સુખદ બનવા વિરહદુઃખને જે સહન કરી શકતા નથી, તેવા સ્વાર્થભીરૂ-કાયર આ માર્ગે ચાલી શકતા નથી. તેથી આ પ્રણયપથિકને કોઇ કોઇ સમયે સંભ્રમ થાય છે, તેને દુર કરનારો ઉક્ત શ્લોક છે. આ શ્લોકનો આશય એવો પણ થઇ શકે છે કે મોક્ષના માર્ગે ચાલનારા તો તને લક્ષાવધિ દેખાશે પરંતુ પ્રિયપ્રભુ માટે સર્વસ્વનો ત્યાગ કરનારા તારા જેવા પ્રેમવીરો ચો લક્ષાવધિમાં કોઇ એક જ હોય છે. આ કથનની સંગતિમાં ભા. 6-14-5 માં કહ્યું છે કે-"હે મહામુનિ ! કરોડો મુક્તોમાં અને સિધ્ધોમાં પણ નારાયણપરાયણ શાંત અન્તઃકરણવાળો ભક્ત મળવો દુર્લભ છે." આમ હોવાથી વિશુદ્ધ પ્રેમીજનોની આ જગતમાં દુર્લભતા કહી છે. વળી 'પુ-પ્ર-મ' ગ્રંથમાં પણ આપશ્રી વલ્લભે શ્રીમુખથી જ આજ્ઞા કરી છે- 'શુદ્ધાપ્રેમ્ણાતિદુર્લભા.'

શ્રીકૃષ્ણદાસ મેઘનજીની વાર્તાજી (ભાવસિંધુ)

સંકલન – 'મધુકર'

ત્યારબાદ કૃષ્ણદાસજીએ ફરીને પ્રશ્ન કરતાં વિનંતીથી પૂછ્યું કે, રાજ ! વૈષ્ણવ થઇને પ્રભુની લીલાનો ભેદ જાણતા નથી તેનું શું કારણ ? કૃષ્ણદાસજીએ પૂછેલા આ પ્રશ્નનાં જવાબમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે વૈષ્ણવો વિધિપૂર્વક આત્મ નિવેદન કરે

તો પ્રભુની લીલાનો ભેદ જાણે.

હવે શ્રીમહાપ્રભુજીએ કરેલી આ આજ્ઞાથી એ સ્પષ્ટ સમજાય છે કે જીવ સર્વ સમર્પણ કરીને માર્ગમાં આવેલ હોવા છતાંય પોતામાં રહેલી અહંતા-મમતાના આધારે પોતે પોતાનું સ્વરૂપ, ભગવદભક્તનું સ્વરૂપ તેમજ શ્રીઠાકોરજીના સ્વરૂપને જાણી શક્યો નહી. કારણ કે વિધિપૂર્વક શરણ ભાવને વિચારતો નથી. વળી માર્ગની રીતે ચાલતો નહિ હોવા છતાંય પોતાની યોગ્યતા માનીને સ્વમાર્ગીય ભગવદ્ ભક્તનો સંબંધ કરતો નથી અને કદાચ કંઇપણ કરતો હોય છે તો તે અંતઃકરણ પૂર્વક કરતો નથી. આ માર્ગ દીનતાનો છે છતાંય જોઇએ તેવી દીનતા તેનામાં હોતી નથી. સ્વમાર્ગીય સેવાનો પ્રકાર જાણીને સેવા કરતો નથી અને કંઇ કરે છે તે માર્ગની રીત પ્રમાણે કરતો નથી. પોતાની ઉપર પધરાવેલ શ્રીઠાકોરજીનાં સ્વરૂપને ભૂલી જઇને જ્યાં ત્યાં ભટક્યાં કરે છે એટલે કે પોતાની ઉપર પધરાવેલા શ્રીઠાકોરજી પ્રત્યે જે "અનન્યતા" રાખવી જોઇએ તે નહિ રાખતા અન્યને ત્યાં જઇને ન કરવાનું કરે છે તેમજ પોતાની ઉપર પધરાવેલ શ્રીઠાકુરજીને પોતાનું સ્વરૂપ માનીને પોતાનો અનન્યભાવ ટકાવી રાખતો નથી. એટલે કે પોતાના આવા વર્તનના આધારે શ્રીઠાકોરજીની લીલાનો ભેદ ક્યાંથી જાણે ? પરંતુ આવું કરવાને બદલે પોતે કરેલ આત્મનિવેદન મુજબ પોતાના અંતઃકરણથી ખરેખર પોતાનું દાસત્વ માનીને વિચારે કે મારામાં કાંઇ નથી; હું તો કેવળ દાસ છુ, શ્રીઠાકોરજીને આધીન છું. વળી મને જે કાંઇ પ્રાપ્ત થયું છે તે મારું નથી પરંતુ તે બધુંય શ્રીઠાકોરજીનું છે. આવી રીતે નિત્ય વિચારી વિચારીને પોતાનામાં ઘર કરીને બેસી રહેલી અહંતા-મમતા રૂપેની ખોટી સત્તા છોડી દઇને અન્ય સૌની સાથે દીનતા રાખીને વર્તે, સ્વમાર્ગીય ગ્રંથો નિરંતર વાંચીને મનન કર્યા કરે, અને પોતાની 'યોગ્યતા કંઇ જ નથી' એવું માનીને અનન્યતાનો પ્રભાવ બતાવનાર ભગવદ્ ભક્તોના સ્વરૂપ પ્રત્યે અલૌકિક દ્રષ્ટિ રાખીને અને તેઓના જ સહવાસમાં નિરંતર રહીને નિરંતર સત્સંગમાં ડૂબ્યો રહે, આમ આટલું કરે તો સમર્પણ કરેલા પોતાના પદાર્થનું પોતાને જ્ઞાન થાય છે. કે જે દ્વારા પોતાના સ્વરૂપનો વિચાર કરે કે હું કોણ હતો ? ભગવદ્ સંબંધ થયા પછી હવે હું કોનો થયો ? આ માર્ગમાં હું શા માટે આવ્યો છું અને હવે મારે શું કરવાનું છે.

આમ આવી રીતે જ્યારે ખરા અંતઃકરણથી તાપ કલેશ રહે ત્યારે તે જાણ્યા પછી પોતાનામાં ભગવદભાવ પ્રગટ થતાં ભગવદ ભક્તના સ્વરૂપને જાણે એ પછી તે ભગવદ્ ભક્તની કૃપા દ્વારા અનન્યતા રૂપેની સેવાનો પ્રકાર જાણીને પોતાના શ્રીઠોકોરજીમાં ચિત્ત રાખીને જ્યારે અનન્યતા ભાવે સેવા કરે ત્યારે શ્રીઠાકોરજીના સ્વરૂપને જાણે અને ત્યારે જ લીલાનો ભેદ પણ જાણે !

સેવા કરનારાઓને પોતાની દૈવી જીવનને સફળ બનાવવામાં શું શું ખામીઓ રહેલી છે તેનો પ્રકાશ કરતો આ લેખ અવશ્ય મનનીય છે.

"વિધિપૂર્વક" એટલે પોતે કાંઇક વાચિક માનસીક જે-જે કરે તે પ્રભુને અર્પણ કરે અને પ્રસાદી રૂપે તે સર્વ ગ્રહણ કરે, પ્રભુના અધરામૃતથી જ નિર્વાહ કરવો આ સેવા માર્ગનું પ્રથમ સોપાન છે, અને તે જ વિધિથી આગળ ચઢી શકાય છે.

પ્રભુ પ્રેમીઓને ચેતવણી

પ્રેષક :- મધુકર

તુમ બિન પ્યારે કહું સુખ નાહી ।
ભટક્યો બહુત સ્વાદ રસ લંપટ, ઠૌર ઠૌર જગમાહી ।।
પ્રથમ ચાવ કરી બહુત પ્રિયારે, જાઇ જહાં લલચાને ।
તહાં તે ફિરિ એસો જીય ઉચટત, આવત ઉલટિ ઠીકાને ।।
જીત દેખો તીત સ્વારથ હી કી, નિરસ પુરાની બાતે ।
અતિહી મલિન વ્યવહાર દેખિકે, ધ્રિણા આવત હે તાતે ।।
હીરા જેસે સમુઝત સો નિકરત કાચો કાચ પિયારે ।
યહ વ્યવહાર નફા પાછે. પછિતાનો કહત પુકારે ।।
સુન્દર ચતુર રસિક અરૂ નેહી, જાનિ પ્રેમ જીત કીનો ।
તિત સ્વારથ અરૂ કપટિ ચિત હમ, ભલે સબહિ લખિ લીનો ।।
સબ ગુણ હોય જુ પે તુમ નાહી, તો બિનુ લોન રસોઇ ।
તાહી સો જહાજ પંછી સમ, ગયો અહો મન હોઇ ।।

અપને ઓર પરાયે સબહી, જદપિ નેહ અતિ લાવે ।
પે તિનસો સંતોષ હોત નહિ, બહુ અચરજ જીય આવે ।।
જાનત ભલૈ તુમ્હારે બિનૂ સબ, બાદિહી(વૃથાહી) બીતત શ્વાસે ।
“હરિશ્ચંદ્ર” નહી છુટતી તોઉ યહ, કઠીન મોહકી ફાંસે ।।

આ કાવ્ય કાશીવાળા ભારતેન્દુ બાબુ શ્રીહરિશ્ચંદ્રજીનું છે. સાહિત્યકારોએ તેમને ભારતના ઇન્દુની ઉપમાથી બિરદાવ્યા છે. તેઓ રસિક હતા. શ્રી ગોપીજનોની જેમ રતિપથગામી હતા.

પ્રભુપ્રેમીઓના હ્યદય પ્રેમાસ્પદના વિયોગાગ્નિનો અનુભવ કરી અત્યંત મૃદુલ બની ગયા હોય છે. તેઓ અન્યના દુઃખને જોઇ શકતા નથી. અરે ! સાંભળી પણ શકતા નથી. પ્રભુપ્રેમીઓએ લૌકિક સંબંધના બંધનને તો તોડી ફેંકીજ દીધેલું હોય છે. પરન્તુ પ્રભુપ્રેમીઓની સાધન દશામાં ભગવદ્ સંબંધી અલૌકિક સંસારી જીવો કે જેમાં પ્રભુપ્રેમનું સ્થાન નથી, મહાત્મીક છે. મહાત્મીક જીવોમા સ્વારથ મુખ્ય હોચ છે. પોતાના ઉદ્ધારનો સ્વારથ. આથી પણ હિન લૌકિક સંસાર ભાગને ફાલ્યો ફુલ્યો રાખનારા હોય છે. આ બન્ને પ્રકારના જીવો બ્રહ્મસંબંધી દૈવી ગણાય છે. આવા સ્વાર્થી જીવો ગુરૂ બાલકોના મહાત્મયથી આકર્ષાય છે. આકર્ષાઇને ઉપરોક્ત ઉભય સ્વરૂપોમાં ભાવ બતાવે છે. આ જીવોના ભાવથી ગુરૂ બાલક અને પ્રેમી ભગવદીય તે જીવોના હિતનું આચરણ કરતા હોય છે. પોતાનો અમૂલ્ય સમય આ સ્વારથી જીવોમાં વ્યય કરતા હોય છે. પરન્તુ આવા જીવોનો વિશેષ સંબંધ રહેતા તેને ઠગ તરીકે પહેચાની લે છે. આવા મહાત્મીક જીવની સૂચના શ્રીહરિરાય પ્રભુએ 18મા શિક્ષાપત્રમાં કરી છે. આ વૈષ્ણવ વેશધારી લોકો દુસંગરૂપ છે પ્રભુ પ્રાપ્તિ કરવી એ તેના જીવનનું ધ્યેય હોતું નથી. લાભપૂંજાવા માટેજ તેના પ્રયત્નો હોય છે. આવા અલૌકિક સંબંધના સ્વાર્થી જીવોમાં મુગ્ધ રસિક હ્યદય ફસાઇ જાય છે. શ્રીહરિશ્ચંદ્રજીએ આવો દુઃખદ અનુભવ કરીને ભાવિ, મુગ્ધ પ્રભુ પ્રેમીઓને ચેતવણી (જાગૃતિ) કાવ્ય દ્વારા આપી છે. આ કાવ્યનો જ્યારે હું (મધુકર) વિચાર કરૂં છે. તો કાવ્યનું સંપૂર્ણ કથન જાણે મારી ઠગાયેલી દશાનું જ વર્ણન

કરતું હોય તેમ નિશ્ચય સમજાય છે.

સાધન દશાવાળા (મુગ્ધ) પ્રભુપ્રેમીઓએ દિવ્ય પ્રેમ ભાવરૂપી અનિર્વચનીય મહાન નિધિના રક્ષણ માટે કીટભ્રમર ન્યાય જેવું જીવન બનાવવું અતિ આવશ્યક છે, ભ્રમરી પ્રથમ માટીનું દર બનાવે છે, પછી ક્રીડાને પકડી તે દરમાં પુરી દે છે. આ દર એવું બન્યું હોય છે કે આજુ બાજુ, ઉપર નીચેનું ક્રીડો કાંઇ જોઇ શકે નહી. અને દરમાંથી બહાર પણ નીકળી શકે નહી તેવું તે દરનું મુખ બનાવ્યું હોય છે. હવે ક્રીડાને દરમાં પુર્યા પછી વારંવાર ભ્રમરી ડંખ મારે છે આ ડંખની વેદનામાં કીડો ભ્રમરીનું જ સતત ધ્યાન કરતો હોય છે અને તેના પરિણામે કીડો થોડા સમયમાં જ ભ્રમરી બની જાય છે. મુગ્ધ પ્રભુ પ્રેમીજન માટે કીટ ભ્રમર ન્યાય જેવું જીવન બનાવવા એકજ ઉપાય છે :-

પ્રેમી પરિચય ના કરે,
એક શ્યામ બિન અન્ય ।
જગમાં સુતા જાગતા, પ્રભુમાં પ્રેમ અનન્ય ।।

પ્રભુપ્રેમીજન જ્યારે અન્ય કોઇનો પણ સંગ કરતા નથી અને હું મારા નિત્ય સખા પ્રેમાસ્પદ પ્રભુથી અનેક જન્મોથી વિછુર્યો છું, તેનું મનમાં દુઃખ રાખી પ્રભુના સ્વરૂપનું નિરંતર તાપ ભાવ પૂર્વક ધ્યાન કરતા રહેવાથી થોડા સમયમાંજ પ્રેમીજન પ્રિય પ્રભુમય બની જાય છે. અને તેવા અલૌકિક દેહથી લીલા ધામમાં પ્રવેશ કરે છે.

પ્રભુપ્રેમીઓ માટે આ સ્વાર્થી દુનીયા લુટેરાની સમજવાની છે. પ્રભુમાં વ્યસન ભાવનો પ્રેમ ન થાય અથવા પ્રભુપ્રેમ વ્યસન અવસ્થાએ ન પહોંચાડે ત્યાં સુધી પ્રેમીજનો માટે દુસંગનો ભય રહેલો છે. જ્ઞાની કરતાં પણ પ્રભુપ્રેમીજનોને દુસંગનો ભય વિશેષ રહેલો છે. મહાનુભાવોએ દુસંગથી ભાવ નિધિનું રક્ષણ કરવા જે ચેતવણી આપી છે. તે મુગ્ધ પ્રેમીજનો માટે જ છે.

સુનો વ્રજ્જન મારગકી બાતે ।

ઉલટ બાટ લૂંટત પંથી,
સભ કહીયત હોં તાતે ।।

ઉપરના પદમાં મહાનુભાવ શ્રીપદ્મનાભદાસજીએ મુગ્ધ પ્રભુપ્રેમીજનોને વ્રજભક્તોના માર્ગનું જ્ઞાન કરાવી ચેતવણી આપી છે. ગોપીજનો જે માર્ગે ચાલી રહ્યા છે તે લોકાતીત છે. લોકાતીત થઇને જે પ્રભુની લીલાનો અનુભવ કરી રહ્યા છે તેનું વર્ણન પદમાં શ્રીપદ્મનાભદાસજીએ કર્યું છે.

દેખ દેખ સખી ચાલીએ ગિરિમેં પંથ અનેક ।
દૃષ્ટ જીવ કલિ કાલકે જો પ્રભુ રાખે ટેક ।।
સ્વેત સ્વેત સન એક હે, કહા કૌવા કો જ્ઞાન ।
નીર ક્ષીર રસ તર્ક તે, હંસ કરે પહેચાન ।।
રસિક યૂથ બહુ ના મિલે, સિંહ ટોલ નહિ હોય ।
વિરહ વેલ જહા તહાં નહિ,
ઘટ ઘટ પ્રેમ ન જોય ।।

(પંચામૃત વ્યાસ બાવાકૃત)

તાપાત્મક રસભર્યા ગુણગાનનું અચિન્ત્ય મહત્વ

લેખક : શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

"રાસલીલૈક તાત્પર્ય."આ નામ પછી "કૃપયૈ"તત્કથાપ્રદ:"નામ છે – તેનો ભાવાર્થ રાસલીલાની કથાનું દાન આપશ્રી વલ્લભ કૃપાયુક્ત થઇને કરે છે. પ્રથમ હ્યદયમાં એ જટીત કરવું કે શ્રીવલ્લભ નામ અને સ્વરૂપ અલૌકિક આનંદમય અગ્નિરૂપ છે. શ્રીસર્વોત્તમજીના પ્રત્યેક નામમાં આપશ્રીનું અલૌકિક અગ્નિ સ્વરૂપ વ્યાપ્ત રહેલું છે. તેથી આપશ્રીની કૃપામાં પણ દિવ્ય અગ્નિ રહેલો જ છે. આ દિવ્ય અગ્નિ સહિત કથાનું જેને દાન કર્યું છે, તેવા જનો કક્ષાનું જેમ-જેમ શ્રવણ કરશે, તેમ-તેમ પ્રભુની દિવ્ય લીલાઓનાં પ્રભુના સ્વરૂપનો, દિવ્ય લીલાધામનો, ત્યાંના દિવ્ય પરિકરનો સાક્ષાત

અનુભવ કરવાનો તાપકલેશ વૃદ્ધિગત થતો જાય છે. યદિ જો રસાત્મક લીલાવાળી કથા શ્રવણમાં પદે-પદે તાપકલેશ વધતો જતો નથી, તો કથા શ્રવણ કરનારને હજુ આપશ્રીની કૃપાનો પણ અભાવ રહેલો છે, એમ નિશ્ચય જાણવું. અને આવા પ્રકારની કૃપાના અભાવે પ્રભુની દિવ્ય લીલાઓનો અને પ્રભુના સ્વરૂપનો સાક્ષાત અનુભવ પણ થઇ શકતો નથી. તો કથા શ્રવણનું શું ફલ ?

બહુધા રસાત્મક લીલા કથાનું અને અષ્ટસખાના પદોનું શ્રવણ કરીને, ગાન કરીને આનંદનો અનુભવ કરી લે છે, પરંતુ આવો આનંદ વાસ્તવિક નથી. વાસ્તવિક આનંદ તિરોહિત થઇ જતો નથી. કારણ કે આ આનંદમાં અલૌકિક અગ્નિ વ્યાપ્ત રહેતો હોય છે, તેથી તેના અનુભવમાં તૃપ્તતા થતી નથી. અથવા વાસ્તવિક આનંદ આત્માનંદ સમુદ્રમાંથી પ્રગટ થાય છે. તેથી તેનો પ્રવાહ અખંડિત ચાલતો હોય છે. તેમાં તાપાત્મક સ્વરૂપ રહેલું હોવાથી તૃપ્તતા થતી નથી. અને ક્ષણે-ક્ષણે નૂતનતાનો અનુભવ કરાવે છે. અથવા વાસ્તવિક આનંદ ભક્તને આધિદૈવિકતા પ્રાપ્ત થયા પછી અનુભવાય છે, ભૌતિક દશામાં નહીં. ભૌતિક દશાના કારણે જ શ્રવણાદિથી પ્રાપ્ત થતો આનંદ તિરોહિત થઇ જાય છે. આનંદ તિરોહિત થઇ જવાથી તેમાં કૃત્રિમતા અનુભવાય છે.

પ્રશ્ન : તો આ વાસ્તવિક આનંદની પ્રાપ્તિ થાય કેવી રીતે ?

ઉત્તર : પ્રથમ અલૌકિક અગ્નિ સ્વરૂપ શ્રીવલ્લભના પદામ્બુજનો એકાંગી અનન્ય આશ્રય કરવો. એકાંગી આશ્રયથી આપશ્રીના પદામ્બુજનો હ્રદયમાં જ્યારે આવિર્ભાવ થાય ત્યારે જ વાસ્તવિક આનંદ કે જેના અનુભવમાં તૃપ્તતા થતી નથી અને પ્રતિક્ષણ વર્ધમાન થતો જાય છે, તેની પ્રાપ્તિ થાય છે. આથી કૃપાપાત્ર નિજ્જનોએ પ્રારંભમાં શ્રીસર્વોત્તમજીના સતત યશોગાનથી આપનો એકાંગી આશ્રય સિદ્ધ કરવો હિતાવહ છે. પશ્ચાદ શ્રીદયારામભાઈના કથનાનુસાર "શ્રીવલ્લભ શરણ થકી સહું પડે સહેલું" થઇ જશે. શ્રી સર્વોત્તમજીના યશોગાનથી પ્રભુની અનંત લીલાઓનો અને પ્રભુના સાક્ષાત સ્વરૂપનો અનુભવ કરવામાં જેટલા દષ્ટ કે અદષ્ટ આવરણો (પ્રતિબંધો) છે તેનો

મૂળમાંથી નાશ થઇ જાય છે. પશ્ચાદ આપશ્રીના પદામ્બુજનો સ્થાયી પ્રાદુર્ભાવ થાય છે. પ્રતિબંધો નષ્ટ થતાં ભક્તને આધિદૈવિકતા પ્રાપ્ત થાય છે. ત્યારે આપના પદામ્બુજ નિજ્જનના હ્યદયમાં સ્થાયી બિરાજે છે. ભૌતિકતાની નિવૃત્તિ "હુતાશ"તાપાત્મક સ્વરૂપના આશ્રય વિના દૂર થતી નથી. તેથી જ શ્રીમત્પ્રભચરણોએ હુતાશની શરણાગતિનો ઉપદેશ (પ્રાર્થના વ્યાજે) શ્રીવલ્લભાષ્ટકનાં પ્રથમ શ્લોકમાં કરેલો છે. પુષ્ટિમાર્ગીય શરણસ્થને પુષ્ટિ પરમ ફલનો અનુભવ શ્રીવલ્લભાગ્નિના આશ્રય વિના સર્વથા શક્ય નથી કારણ કે, પુષ્ટિમાર્ગના અધિષ્ઠાતા દેવ શ્રીવલ્લભ છે. અને દેવથી જ ફલની પ્રાપ્તિ થાય છે. તેથી સર્વપ્રથમ શ્રીવલ્લભાગ્નિનો આશ્રય સિદ્ધ કરવો હિતાવહ છે.

આપશ્રી વલ્લભના પદામ્બુજ લીલા ધામરૂપ છે અને લીલાધામમાં જ અનંત લીલાઓ અનંત યુગલો કરી રહ્યાં છે. અને લીલાધામ રૂપ પદામ્બુજ સીમા રહિત વ્યાપક હોવાથી આ પદામ્બુજને ધારણ કરનારનું હ્યદય પણ સીમા રહિત વ્યાપક થવું જોઇએ. તે શ્રીસર્વોત્તમજીના યશોગાનથી સિદ્ધ થાય છે. શ્રીસર્વોત્તમજીમાં આપનું નામ 'વિભુ'છે. 'વિભુ'એટલે વ્યાપક. આ નામનું સ્વરૂપ સાગર સમાન પણ છે. અને વ્યાપક પણ છે. શ્રીસર્વોત્તમજીના યશોગાન કરનાર નિજ્જનના હ્યદયને આ નામ વિભુ એટલે વ્યાપક બનાવે છે. આ નામની લીલા જ વ્યાપકતાને પ્રગટ કરનારી છે. અહીં વ્યાપકનો અર્થ નિરાકાર નહીં સમજજો, પણ સાકાર વ્યાપકતાને પ્રગટ કરે છે તેમ જાણવું. આથી શ્રીસર્વોત્તમજીના પ્રત્યેક નામનો મહિમા અનિર્વચનીય – ગૂઢ – નિગૂઢ છે.

ભૌતિક દશામાં આનંદની લાલસા રાખીને ભગવદ્ સંબંધમાં જ્યાં ત્યાંથી અલ્પ આનંદ મેળવી તૃપ્ત થઇ જાય છે. તેવાઓ નિરવધિ આનંદ સુધી પહોંચી શકતા નથી. આવા જીવોનો પ્રવેશ કાં તો વિષયાનંદમાં થાય છે, કાં તો બ્રહ્માનંદમાં થાય છે. ભજનાનંદ સાક્ષાત સ્વરૂપાનંદના તેઓ અધિકારી બનતા નથી. નિરવધિ (અગણિત) આનંદને તો તે જ મેળવી શકે છે કે જેણે તાપકલશને પરમનિધિ રૂપ ગણેલ છે. "રાજ યહ મારગ તાપ-કલેશ કો હૈ, હાંસી-ખેલ કો નહીં હૈ ।"

યહ મારગ તાપાત્મક સ્વરૂપ શ્રીવલ્લભાગ્નિએ પ્રકટ કર્યો છે, તે સાધન દશામાં અને

ફલદશામાં પણ પ્રચુર તાપ-કલેશથી જ ભરેલો છે.

:: પદ ::

શ્રીવલ્લભ વર કો મારગ બાંકો ।
તામે ચલે રસિક વિરહી જન,
બીચ મેં કઠીન પ્રેમ કો નાકો.....।।1।।
ક્ષણુ ક્ષણુ પ્રાણ અકોર દેત હે,
તોઉં નહીં સંતોષ હિયા કો ।
'રસિકદાસ'શ્રીવલ્લભ વર હે,
ફલરૂપ વિરહ જિન જાકો....।।2।।

ઉપરોક્ત પદાનુસાર આપશ્રીએ વિરહાત્મક માર્ગ પ્રકટ કર્યો છે. ફલદશાવાળા શ્રીસ્વામિજીઓને લીલા-લોકમાં અગણિત આનંદનો જે અનુભવ થાય છે, તે આપશ્રીના તાપાત્મક સ્વરૂપના આશ્રયથી જ થાય છે. હવે જ્યારે ફલદશામાં પણ આપશ્રીના તાપાત્મક સ્વરૂપના આશ્રયની પરમ આવશ્યકતા છે, તો સાધનદશામાં તેની અતિ જરૂર હોય તેમાં કહેવું જ શું ? લીલા લોકની શ્રીસ્વામિનીજીઓને તાપાત્મક સ્વરૂપના આશ્રયથી જ નિરવધિ આનંદનો અનુભવ થાય છે. તેનું પ્રમાણ શ્રીહરિરાય- ચરણોકત "શ્રીમદાચાર્ય ચિંતન સ્તોત્ર માં, તસ્માત શ્રીવલ્લભાચાર્ય પ્રભુરેવહિ ચિન્તયતામ્ । સર્વલીલા કૃત સર્વ લીલા ભોગાશ્રય-સદા ।।

શ્રીમદ દમલાજીએ શ્રીગુસાંઇજીને વિનંતી કરી : "રાજ ! યહ મારગ હાંસી ખેલ કો નહીં તાપ-કલેશ કો હૈ"। શ્રીગુસાંઇજી પ્રતિ આ વિનંતી થયેલી હોવાથી શ્રીવિઠ્ઠલ કલ્પદ્રુમની શાખાને (નિજવંશને) પણ તાપકલેશની આવશ્યકતા સૂચિત થઇ જ ગઇ. "સ્વવંશે સ્થાપિતા શેષ સ્વમાહાત્મય"સ્વ'એટલે અલૌકિક અગ્નિ સ્વરૂપ શ્રીવલ્લભ. આપમાંથી પ્રગટ થયેલ વંશરૂપ અગ્નિકુમાર શ્રીગુસાંઇજી. અગ્નિકુમારમાંથી પ્રકટ થયેલ વંશ – અગ્નિવંશ. તેમાં અગ્નિ જ વ્યાપ્ત હોય ને ! આ નામમાં ઉપરોક્ત પ્રકારે

'સ્વ' શબ્દ પરામર્શનીય છે.

હવે જ્યારે નિજવંશને (ગોસ્વામી બાલકોને) પણ શ્રીવલ્લભાગ્નિના તાપાત્મક સ્વરૂપના આશ્રય વિના નિત્ય લીલાસ્થ સ્વરૂપના નિરવધિ આનંદની પ્રાપ્તિ અસંભવિત છે, તો સંસાર પ્રપંચમાં રચ્યા-પચ્યા રહેલા દૈવીજીવ (વૈષ્ણવ સૃષ્ટિ) ને તાપાત્મક સ્વરૂપના આશ્રય વિના તાપાત્મક માર્ગના નિરવધિ આનંદની પ્રાપ્તિ કેમ થાય ?

અધોધ તમસાવૃતં કલિભુજંગમાસાદિતમ્ ।
જગત વિષય સાગરે પતિતમ્ સ્વધર્મે રતમ્ ।।

તાપાત્મક સ્વરૂપના આશ્રય વિના સંસાર સાગરમાં ડૂબેલા જીવોનો નિસ્તાર થવો શક્ય નથી. શ્રીવલ્લભ વડવાનલ અગ્નિરૂપ છે. તેથી કૃપાભરી દષ્ટિ માત્રથી સંસારસાગરનું શોષણ કરી જીવને નિરાવરણ બનાવી પોતાનો તાપાત્મક સ્વરૂપનો આશ્રય આપી નિરવધિ આનંદની પ્રાપ્તિ કરાવે છે : "યહ મારગ તાપકલેશ કો હૈ ।" તેથી સેવા સ્મરણ ગુણગાન આદિ સર્વ સાધનો તાપભાવ પૂર્વક થવા જોઇએ. અથવા તાપાત્મક સ્વરૂપના આશ્રયથી જ સેવા સ્મરણાદિ સાધનો તાપભાવપૂર્વક થાય છે.

શ્રીવલ્લભ કેવા જીવોનો અંગીકાર કરે છે ? અંગીકારમાં મર્યાદા કેવાં પ્રકારની છે, તેને જાણવા માટે શ્રીગોકુલેશકૃત શ્રીસર્વોત્તમજીની ટીકામાં "અંગીકૃતૌ સમર્યાદા" આ નામ જોવું.

સપ્તશ્લોકીના 7 મા શ્લોકમાં મ સ્વધર્મેરતમ્ પદનું ગૂઢ તાત્પર્ય શ્રીહરિરાય પ્રભુએ ટીકામાં જણાવ્યું છે તે પણ વિચારવું.

'પુષ્ટિ' શબ્દ અનુગ્રહ વાચક છે, અનુગ્રહમાં પણ તારતમ્ય છે. અનુગ્રહની અતિશયતા તાપાત્મક સ્વરૂપના ધ્યાનમાં છે. કારણકે અગણિત સ્વરૂપાનંદનો અનુભવ તાપાત્મક સ્વરૂપના દાનથી જ થાય છે. તાપાત્મક સ્વરૂપ તે શ્રીવલ્લભાગ્નિનું ધર્મિ વિપ્રયોગાત્મક સ્વરૂપ છે. જેનાથી અન્ય કોઇ તત્વ પર નથી. 'નિરોધલક્ષણ' ગ્રંથમાં – સર્વાનંદમયસ્યાપિ કૃપાનંદઃ સુ દુર્લભ ।" કૃપાનંદ સ્વરૂપ તે ધર્મી વિપ્રયોગાત્મક સ્વરૂપ છે. તેનું દાન સુદુર્લભ છે. અનુગ્રહની અતિશયતા આ 'કૃપાનંદ' માં રહેલી છે. 'સુદુર્લભ'

એટલા માટે કહ્યું કે, કાષ્ટાપન્ન વિરહથી તે સિદ્ધ થાય છે. નિ.લ. શ્લોક-7માં "કિલશ્ય માનાન્ જનાન્ દષ્ટવા કૃપાયુક્તૌ યદા ભવેત્ ।" આપે આજ્ઞા કરી છે તેનો અર્થ નિરવધિ સ્વરૂપાનંદની પ્રાપ્તિ માટે (તત્સુખાત્મક સેવા માટે) વિરહકલેશનો જે જન અનુભવ કરી રહ્યાં છે તે જનોને જ કૃપાનંદનું દાન થાય છે. ગોકુલેશ પ્રભુએ "દુર્લભાંધ્રિસરોરુહ" નામમાં જતાવ્યું છે કે, સ્વકીયોને પણ શ્રીવલ્લભ પદામ્બુજની પ્રાપ્તિ સર્વ ત્યાગપૂર્વક દુઃસહ વિરહાનુભવથી જ થાય છે. શ્રીગોપીજનોએ "સંત્યજય સર્વ વિષયાન તવ પાદ મુલં પ્રાપ્તા ।" સર્વનો ત્યાગ કરીને રાસસ્થલીમાં પધાર્યા. પશ્ચાદ પ્રભુએ લઘુરાસથી સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો. આ ધર્મ સંયોગનો આનંદ પરિચ્છિન્ન છે. અપરિચ્છિન નથી. કારણ કે તેમાં શ્રીવલ્લભાગ્નિના તાપાત્મક સ્વરૂપનો પ્રવેશ નહીં હતો. માનમદના મીષથી વિપ્રયોગનું દાન કર્યું. આ વિપ્રયોગ દ્વારા આપના તાપાત્મક સ્વરૂપે શ્રીગોપીજનોના હ્યદયમાં પ્રવેશ કર્યો, ત્યારે દુઃસહ વિરહનો અનુભવ કરી લીધા પછી શ્રીવલ્લભાગ્નિના દુર્લભાધ્રિસરોરૂહને પ્રાપ્ત કર્યા. સર્વ ત્યાગ કરનારા શ્રીગોપીજનોને પણ દુઃસહ વિરહના અનુભવ પછી જ શ્રીવલ્લભ પદામ્બુજની પ્રાપ્તિ થઇ. અથવા આપના તાપાત્મક સ્વરૂપને પ્રાપ્ત કર્યું. આનું પ્રમાણ શ્રીપદ્મનાભદાસજીના પદમાં –

"વૃન્દાવન વિરહ વહિન ચરન સમીપ બીન નાહીન ।
લાલ પ્રાપ્તિ, તાકો પ્રમાણ રાસ મંડલ મે પાઇયત ।।"

હરિનામ – રસાયન

પ્રેષક : શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

(રાગ – ખ્યાલની દેશી)

હરિનું નામ રસાયન સેવે, પણ જો પથ્ય પળાય નહિ ।
નામ રટણનું ફળ નવ પામે, ને ભવરોગ ટળાય નહિ ।।
પહેલું પથ્ય અસત્ય ન વદવું, નિંદા કોઈની થાય નહિ ।

નિજ વખાણ કરવા નહિ સુણવા, વ્યશન કશુય કરાય નહિ ।।
હરિજનને દુભવાય ન જરીયે, હરિજન નિંદા થાય નહિ ।
ખલ આગળ હરિનામ તણા ગુણ, ભૂલે પણ વર્ણવાય નહિ ।।
હરિ-ગુરૂ-વૈષ્ણવમાં ભેદ ગણીને, વિતર્ક વાદ વદાય નહિ ।
વેદશાસ્ત્ર આચાર્ય વરોનાં, વચનો ઉંલઘાય નહિ ।।
નામ તણા અતુલિત મહિમાને, વ્યર્થ વખાણ મનાય નહિ ।
છે હરિનામ હવે ડર શો, એમ નિજ કર્તવ્ય તજાય નહિ ।।
છે હરિનામ હવે ડર શો, એમ જાણી પાપ કરાય નહિ ।
નિજ વર્ણાશ્રમ ધર્મ સાચવી, દુર્જન સંગ સજાય નહિ ।।
પરનારી માતા સમ લેખી, કદી કુ દષ્ટિ થાય નહિ ।
ત્યમ પરધન પાષાણ ગણીને, મન અભિલાષ ધરાય નહિ ।।
જીવ સકલ હરિના જાણીને, કશુંયે કષ્ટ અપાય નહિ ।
મન વાણી કાયાથી કોઈનું, કિંચિત કુડું થાય નહિ ।।
હું હરિનો હરિ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહિ ।
જે હરિ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ ।।
ઈતર નામ સરખું સાધારણ, હરિનું નામ ગણાય નહિ ।
લૌકિક ધર્મો સાથ નામને, કદીયે સરખાવાય નહિ ।।
કર્યું કરૂં છું ભજન આટલું, જ્યાં ત્યાં વાત કરાય નહિ ।
હું મોટો મુજને સૌ પૂજે, એ અભિમાન ધરાય નહિ ।।
આ સહુ પથ્ય હૃદયમાં રાખે, કદીયે પણ ભૂલાય નહિ ।
નામ રસાયન સુખથી સેવે, તો તે એળે જાય નહિ ।।
અલ્પ સમયમાં સિદ્ધિ મેળવે, ત્યાં સંદેહ જરાય નહિ ।
'શ્રીહરિદાસ' તણાં સ્વામિને, મળતા વાર જરાય નહિ ।।

સંકલન : શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

હું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં જવાનો ? શા માટે આવ્યો ? શું કરી રહ્યો છું ? શું કરવાનું છે ? મારું અહિં કોણ છે ? પહેલા કોણ હતું ? હવે મારું કોણ હશે ? મારું સ્વરૂપ કેવું ?

દેહ, ઈન્દ્રિયો, બુદ્ધિ, પ્રાણ વિગેરેનો સંબંધ ક્યાં સુધી ? કોની સાથે ?

આ બધા પ્રશ્નોનો સાચો ઉકેલ ન થાય ત્યાં સુધી શાંત ચિત્તે સવાર, સાંજ એકાંતમાં બેસીને હૃદયના ઉંડાણમાં ડુબકી મારીને પોતાના અસલી (આત્મા) સ્વરૂપનો વિચાર કરવો. મન, વાણી, ઈન્દ્રિયોથી પર એવા આત્મ સ્વરૂપમાં વારંવાર સ્થિતિ ટકાવી રાખવાની ટેવ પાડવી. એ નિષ્કામ જ્ઞાની ભક્તનું ન ભુલી શકાય તેવું પ્રથમ કર્તવ્ય છે.

જીવનો સાચો સંબંધ તો માત્ર એક તેના નિત્ય સખા ભગવાન સાથે જ છે. કારણ કે એ એમનો અંશ છે. અને એ રીતે દુનિયામાં જન્મ ધારણ કરીને જેની સાથે નિત્યનો – કાયમનો સંબંધ છે, તે સંબંધ તાજો કરી સ્મરણમાં રાખી સંબંધને જાળવી રાખવો અને તેનું ભાન સતત રાખવું એ દૈવી જીવે પ્રથમ વિચારવાનું છે. આથી જ જ્ઞાની ભક્તે પ્રભુ સાથેનો સંબંધ સ્થાપિત કરવાનો છે. ભગવાન સાથેનો અતુટ સંબંધ સ્થાપિત કર્યા વિના આ દેહ છોડીને ચાલ્યા જવું જન્મનું સાર્થક્ય ન ગણાય. આયુષ્ય વૃથા ગયું એમ માનવું.

આયુષ્ય પ્રભુ સાથેનો યોગ કરવા (નિત્ય સંબંધ જોડવા) મળેલું છે. જીવ એવો અભાગી છે કે પોતાનો સંબંધ જેની સાથે જ છે જ નહિં તેની સાથે સંબંધ બાંધી રહ્યો છે. અનેક યોનિમાં સુખ – દુઃખના વમળમાં તણાતો રહી અહીંથી તહીં પવનમાં તણખલાની માફક આમતેમ અથડાયા કરે છે.

શ્રીમહાપ્રભુજીએ સુબોધીનીજીમાં આજ્ઞા કરી છે કે ભગવાનને ભુલાવે તેવો દેહના સંબંધવાળો પરિવાર આત્માનો નાશ કરનારો છે. આ દેહના સંબંધી પરિવારમાં આ

મારા છે, તેવો સંબંધ બાંધી દૈવી જીવ ભગવાન સાથેના સંબંધને ભુલી દૈવી જીવન બરબાદ કરી રહ્યો છે. દૈવી જીવન ઈચ્છનારે ક્યાંય ક્યારેય અહંતા – મમતા કરવાની નથી. અહંતા – મમતા કરવા જેવું છે પણ શું ? દરેક ક્રિયાને કરનાર કોણ ? આ બધું કોનું છે ? પ્રભુ સિવાય બીજું છે પણ શું ? આપણે કોણ ? આપણે ક્યું કાર્ય કરવાની અહંતા પોષી શકીએ ? બધું ભગવાનનું જ છે. આવી ભાવના કાયમ હૃદયમાં રાખવાની જ, તો પછી મમતા કઈ ચીજમાં રાખી શકીએ ? આપણી માલિકીની કોઈ વસ્તુ હોય તો જ મમતા સંભવી શકે. પરંતુ જે છે તે તો પ્રભુનું જ છે. એ જ એક તેના માલિક છે. તો પછી આપણે મમતા કેમ કરી શકીએ ? અજ્ઞાનવશ જીવ અહંતા – મમતા કરી દુઃખી થઈ રહ્યો છે. અને આમથી તેમ રાત – દિવસ આથડે છે. અને તેથી ક્યાંય શાંતિ પામતો નથી. જો જીવ કંઈ કરવા શક્તિમાન નથી તો સ્વાભાવિક રીતે તેનામાં દીનતા આવવાની જ. દીનતા એ ભગવદ્ ભક્તનું મુખ્ય ભૂષણ છે. દીનતા ન રાખે તો આસુરી ભાવ ઉત્પન્ન થાય છે. નોકર-દાસ મટીને પોતે શેઠ હોવાની ભાવના ઉત્તેજીત થાય અને આમ દીનતા અદ્રશ્ય થાય તો જીવ સુખ દુઃખના પંજામાં સપડાય જાય, ભાન ભૂલી જાય, પ્રભુનું દાસપણું ગુમાવી બેસે. પ્રત્યેક પ્રસંગે દીનતાનો આશ્રય ત્યજવો નહિં. હર હંમેશ હું કંઈ નથી, મારું કશું નથી, હું કંઈપણ કરવા અસમર્થ છું, અને મારાથી કંઈ પણ બનતું નથી, જે કંઈ બને છે તે અને હવે પછી જે કંઈ બનશે તે કેવળ પ્રભુની ઈચ્છાશક્તિથી જ થાય છે, અને થશે. આવો ભાવ રાખવો તેને દીનતા કહે છે. દીનતા પ્રભુને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન છે. સંસારમાં રહેવું, વિષયોની મધ્યમાં રહેવું છતાં તેનાથી ન લેપાવું, લેપાયા વિના રહી શકે તેમ મનને કેળવવું. હરિનો આવેશ થવા માટે મનને કેળવવું. હરિના આવેશ માટે ચિત્તને સદાય વૈરાગ્ય વાળું રાખવું. વિષય તો ઝેર જેવા જ છે. તેનો ત્યાગ કરવાની ભાવના કેળવવી.

શ્રીમહાપ્રભુજીના અનન્ય સેવક પરમાનંદદાસજી શ્રીગોપીજનવલ્લભ પાસે મનુષ્ય જન્મની માંગણી કરે છે. શ્રીહરિની સેવા કૃપા કરીને આપો. વ્રજમાં સદા વાસ સુલભ થાય તેવી કૃપા કરો. વિશેષમાં વલ્લભકુળનો ચેલો (દાસ) બનું અને તદીય ભગવદીયોનો દાસ બનું. વિશેષ અભિલાષા કરે છે કે શ્રીયમુનાજીના પાન કરું અને મન, વચન, કર્મથી શ્રીકૃષ્ણના ગુણાનુવાદ ગાતો રહું તેવી ભાવના શ્રીપરમાનંદજી કરે

છે. તેમજ તેઓ વિશેષમાં કહે છે કે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ એકાગ્ર ચિત્ત રાખીને કરું જેથી મારું ચિત્ત અન્યમાં જતું સર્વથા અટકે. પરમાનંદદાસજી કહે છે કે ઉપર જણાવેલ ભગવત સંબંધી સેવા, સ્મરણ, સત્સંગ કરતા તૃપ્તિ ન થાય, તેવા જીવનની માંગણી કરે છે. માનવ જીવનની સાર્થકતા શાથી છે ? અને જીવનનું મુલ્ય કોને કહેવાય ? "જીવન કો લે કહા કરે, જો નહિં જીવનમુલ." જીવન જીવ્યા તેને કહેવાય કે જે માર્ગની રીતમાં તત્પર રહીને શ્રીમહાપ્રભુજીનો દઢતાપૂર્વક અનન્ય આશ્રય રાખવાથી આલોક અને પરલોકના બંને કાર્યો શ્રીમહાપ્રભુજીની કૃપાથી સિદ્ધ થાય છે. પુષ્ટિમાર્ગ કૃપા સાધ્ય છે. સાધન – સાધ્ય નથી. સાધનમાં અને ફલમાં શ્રીકૃષ્ણની સેવા સ્મરણ છે. ફલ એ જ સેવા છે. અને સાધનમાં પણ સેવા છે. "સદા – સર્વદા વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણની સેવા અને સ્મરણ, ગુણગાન અને સ્વરૂપનું ધ્યાન કરવું, એ જ ધર્મ છે."

શરીર રોગી બની જાય, કોઈ ઉપાય ન સૂઝે ત્યારે વિચાર કરવો કે આપણા પૂર્વોપાર્જિત પાપ, ઋણમાંથી મુક્ત થવાનો આ સોનેરી અવસર છે. આ વિચારથી આપણને રોગની પીડા જણાશે નહિં. આરોગ્ય મળતી વખતે વિચાર કરવો કે આપણા શરીરથી દીન – દુઃખીની અને ભગવાનની સેવા કરવાનો અવસર મળ્યો છે.

સત્પુરુષોનો સમાગમ થાય ત્યારે વિચાર કરો કે પ્રભુએ આ મહાપુરુષોના સમાગમ દ્વારા એમના સદગુણોનું અનુકરણ કરવાનો સુયોગ આપ્યો છે. અને એમના વિયોગે વિચાર કરવો કે આવા મહાપુરુષોનો સંગ સર્વદા દુર્લભ છે. માટે એમના પ્રત્યે પ્રેમભાવ વધારવા માટે જ આપણને પ્રભુએ વિયોગ આપ્યો છે. દુરાચારી મનુષ્યના સમાગમ વખતે વિચાર કરો કે તેના દુર્ગુણો પ્રત્યક્ષ જોવાની પ્રભુએ મને તક આપી છે. એનાથી છુટા પડતી વખતે વિચાર કરો કે પ્રભુની આ મહાન કૃપા છે કે આવા મનુષ્યના સમાગમથી આપણે દુર થયા. સ્ત્રી, પુત્ર, બંધુ, મિત્રો, આદિ સ્વજનો અને ધન, ભૂમિ, સત્તા, સંપત્તિ મળતી વખતે વિચાર કરો કે એ ભગવદ્ ઈચ્છાથી પ્રાપ્ત થયા છે. તેમાં મમતા નહીં રાખતા સુવિચાર અને સત્કર્મોમાં પ્રવૃત્તિ રાખવા માટે પ્રભુએ આપણને સાધનો આપ્યાં છે અને એના વિનાશ વખતે વિચાર કરો કે આપણા માર્ગમાં એ બાધક હતા. માટે પ્રભુએ આપણી પાસેથી ખેંચી લીધા.

જુઓ, પ્રભુ કોઈને કોઈ દિવસ દુઃખ દેતા જ નથી. એ તો સર્વના સુહૃદ મિત્ર છે.

એમના જ વાક્ય નીચેના પદમાં આ વસ્તુને સિદ્ધ કરે છે.

પ્રથમ હરિ ઉધ્ધોસો યોં કહીં ।
કામ, ક્રોધ, મદ, લોભ કું જીતે,
સો મેરો ભક્ત સહી ।।
શત્રુ, મિત્ર કો સમ કરી જાને,
મન કી તૃષા ગઈ ।
સદા વૈરાગ્ય રહે ઉર અંતર,
કાહું સો હાંસી કરત નહીં ।।
વિષય વાસના રહત ન જાકે,
એહ વિચાર રહત મહીં ।
સુરદાસ હોં બસુ હૃદય મેં,
આનંદ સાગર વહત તહી ।।

લુંટેરાઓની દુનિયામાં પ્રભુ પ્રેમીજનની સ્થિતિ

- મધુકર

(કાવ્ય)
ચાહેગા રહેના અંધા, મૂખ નહી દેખે અવરકા ।
નિર્જન અરણ્ય વાસો, સંગ નહી સોહાતા કીસીકા ।।
રૂચતા હે મૌન રહેનેકા, બાત નહી કરેગા પરસે ।
ન્યોછાવર પ્રાણકી કરકે, સંગ નહી છોડે પ્રીતમસે ।।
તડફતા રહેતા હે, નિશદિન, તો ભી સુખ ચાહે સ્વામીકા ।
મર મર જીનેકુ શીખા, તજેગા સ્વાદ વિષયકા ।।
ઓરન સે તોડેગા નાતા, સદા ધ્યાન રહે વાલમકા ।
પ્રિયમય વિશ્વ બનાકર, વહાં વાસ કરે સદાકા ।।
દિવ્ય દુનિયામેં રહેકર, આનંદ લુંટે અનંતકા ।

વિછુરા "મધુકર" ઈનમેં, ડુબેગા જો સખા હે તીનકા ।।

ભગવતી શ્રીગીતાજીમાં ભગવાને પ્રતિજ્ઞા કરી છે કે જે અનન્ય ભાવથી મારું ભજન કરે છે તેનો યોગક્ષેમ હું જ વહન કરું છું, અનન્યતાને માટે એક કવિ કહે છે કે –

કઠીન હો રસિક અનન્યતા, રહત તન મન એક ઠોર ।
રાઈ કે સમ ચલત હી, હોત ઓર કી ઓર ।।

ગીતાજીના વિભુતિ અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે "દુર્જય"માં મન મારી વિભુતિ છે. એટલે ઘણા જ દુખે કરીને મન જીતી શકાય છે. આવા દુર્જય મનને દિવ્ય પ્રેમ એક ક્ષણમાં જ વશ કરી લે છે. દિવ્ય પ્રેમ વિરહના અનુભવથી જ પ્રાપ્ત થાય છે. કારણ કે દિવ્ય પ્રેમ ભૂલોકની વસ્તુ નથી, તેમજ વૈકુંઠ સુધીના દેવતાઈ લોકમાં પણ પુષ્ટિ પ્રભુ સંબંધી દિવ્ય પ્રેમની બિન્દુ પણ ન મળે. આ પ્રેમની બિન્દુ પ્રાપ્ત કરવા માટે લોકાતીત બનવું પડે. લોકાતીત વિરહના અનુભવથી જ થવાય છે. વિરહમાં એક પ્રિય પ્રભુના સ્વરૂપ સિવાય અન્ય સર્વનો ત્યાગ હોય છે. વિરહની સાધનાથી પ્રાપ્ત થતો દિવ્ય પ્રેમ તેની એક બિન્દુનો પ્રભાવ કેવો વિલક્ષણ છે તે નીચેના દોહાથી સમજી શકાય છે :

પ્રેમ પ્રગટ જબ હોય હે, ભૂલે જગત કો ભાન ।
તુ તુ તુ રહી જાય હે. હૂં કો મીટે નિશાન ।।

દિવ્ય પ્રેમ રાજ્યમાંથી વિછુરેલો ભૂતલમાં રહેલો દૈવીજીવ તે દિવ્ય પ્રેમના અંશરૂપ છે. તે જ દિવ્ય પ્રેમને જાણે છે અને તે જ વિરહના અનુભવથી દિવ્ય પ્રેમ રાજ્યની મંજિલ પર ચાલીને દિવ્ય પ્રેમના રાજ્યમાં પ્રવેશ કરે છે. આવા સાધકો દુર્લભ હોવાથી રસિક કવિઓ કહે છે કે –

પ્રેમ પ્રેમ સબ કોઉ કહત, પ્રેમ ન જાનત કોય ।
જો જાને પ્રેમ તત્વ તો, હટે ન સર્વસ્વ ખોય ।।

રસિક યૂથ બહુ ના મીલે, સિંહ ટોલ નહી હોય ।
વિરહ વેલ જહાં તહાં નહિ, ઘટ ઘટ પ્રેમ ન જોય ।।
પ્રેમ પંથ અતિહી વિક્ટ, દેખત ભાગે લોગ ।
કોઈક વિરલા ચલ શકે, જીન ત્યાગે સબ ભોગ ।।
શાસ્ત્રન પઢી પંડિત ભયે, કે મૌલવી કુરાન ।
જો પે પ્રેમ જાન્યો નહી, કહા કીયો રસખાન ।।
ભલે વૃથા કરી પચીમરો, જ્ઞાન ગરૂર બઢાય ।
વિના પ્રેમ ફીક્કો લગે, કોટિક કીયે ઉપાય ।।
શ્રુતિ પુરાન આગમ સ્મૃતિ, પ્રેમ સબહી કો સાર ।
પ્રેમ વિના નહી ઉપજ હિય, પ્રેમ બિજ અંકુવાર ।।
જ્ઞાન કર્મ અરૂ ઉપાસના, સબ અહં મતિ કો મૂલ ।
દ્રઢ નિશ્ચય નહી હોત બિન, કિયે પ્રેમ અનુકૂલ ।।

દિવ્ય પ્રેમ બે પ્રકારનો છે (1) શુદ્ધ (2) મિશ્ર. શુદ્ધ પ્રેમ એક જ પ્રકારનો છે. મિશ્ર પ્રેમ ત્રણ પ્રકારના છે. જેનો ભેદ "પુષ્ટિ પ્રવાહ મર્યાદા" ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો છે. શુદ્ધને માટે આપે આજ્ઞા કરી છે. 'શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભા' શુદ્ધ પ્રેમનો અધિકારી ભક્ત ભૂતલમાં અતિ દુર્લભ છે. આવો ભક્ત સદા વિરહના અનુભવમાં સ્થિત હોય છે, અને પ્રિય પ્રભુના સ્વરૂપ સિવાય અન્ય કોઈનો પણ સંબંધ તેને રહી શકતો નથી. 'શુદ્ધ પ્રેમ' એ મહાન નિધિ છે. તેનું રક્ષણ સ્વયં પ્રિય પ્રભુ જ કરે છે. આ રક્ષણના લક્ષણો કાવ્યમાં આપ્યા છે. શુદ્ધ પ્રેમી ભક્ત જ અનન્યતાના શિખરે પહોંચેલો છે. આવી અનન્યતા સદા વિરહના અનુભવથી જ સિદ્ધ થાય છે.

આ લેખના શિર્ષકમાં "લુટેરાઓની દુનિયા"નું સૂચન કર્યું છે તે પુષ્ટિમાર્ગમાં રહેલા મહાત્મીક જીવો છે. મહાત્મીક જીવોમાં સ્વારથ હોય છે. સ્વારથી જીવમાં આત્મબલ નહી હોવાથી પ્રભુ માટે ત્યાગ કરી શકતો નથી. આવો મહાત્મીક જીવ શુદ્ધ પુષ્ટિ ભક્તમાં માહાત્મય ભાવને આગળ સખી, ભાવ બતાવી, શુદ્ધ પ્રેમી ભક્તની મહાન સાધનામાંથી વંચીત કરે છે. આવા મહાત્મીક જીવો શુદ્ધ પુષ્ટિ ભક્તની મુગ્ધ અવસ્થામાં

દુસંગરૂપ ન બને તે માટે તેના મહાન પ્રેમનિધિનું રક્ષણ પ્રિયતમ કરે છે. તે રક્ષણના જ લક્ષણો કાવ્યમાં આપ્યાં છે. વિરહના અનુભવથી શુદ્ધ પ્રેમ અંકુરીત થાય છે તે નિરંતર વર્ધમાન થતો જાય છે. આ પ્રેમી ભક્ત વ્યસન અવસ્થાએ પહોંચે છે ત્યારે તેની જે સ્થિતિ થાય છે તે નીચેના દોહામાં કહે છે :

પ્રેમ પ્રગટ જબ હોય હે, ભૂલે જગત કો ભાન ।
તુ તુ તુ રહી જાય હે, હૂં કો મીટે નિશાન ।।

શુદ્ધ પ્રેમની એવી મહાન પ્રબલતા છે કે તેની અંકુરીત અવસ્થા જ વ્યસન ભાવમાં પ્રવેશ કરાવી દે છે. આગળ તેની તન્મય અવસ્થા છે. આ સમયે આ પ્રેમી ભક્તની દુનિયા પ્રિય પ્રભુમય બને છે. આ દુનિયામાં રહીને જે દિવ્ય પ્રેમનો અનુભવ કરે છે તે અનંત છે. 'અનંત'નું બીજુ નામ છે 'અગણિત.' જેમ મહા સમુદ્રના જલનો અંત નથી, તેનો પ્રવાહ નિરંતર વહયા કરે છે તેવા દિવ્ય પ્રેમના સમુદ્રમાં આ શુદ્ધ પ્રેમી ભક્ત સદા નિમગ્ન રહે છે. એટલું જ નહીં પણ પ્રિય પ્રભુના કોટાન કોટી સ્વરૂપોને પ્રક્ટ કરી પોતાની સર્જન શક્તિનો વિસ્તાર કરે છે.

અરે પથિક ! આસુરી મનને પહેચાન

પ્રેષક : મધુકર

મના રે, તેં બહુ વિધ માયા જોડી ।
શ્રીવલ્લભ કે શરણ ન આયો, કૃષ્ણ ચરણ રતિ તોરી ।।
રાજા ડંડી ચોરન ખંડી, ઘટત ઘટત ભઈ થોરી ।
પ્રાણ ગયે કછુ કામ ન આવે, જાયગો જમકી પોરી ।।
અબહુ ચેત તું લુણહરામી, ફેર ન પાયે સમોરી ।
'રસિકદાસ' જન દયા કરેંગે, બિરદ જાન અપનોરી ।।
અબ કહાં સોચત મન અજ્ઞાની ।
કેતીક વાર તોકું સમજાયો, તેં મેરી એક ન માની ।।

બાલ કિશોર વય સબ ખોઈ, પહોંચ્યો આય બૃઢાની ।
જો જો કૃત્ય કિયે તે અપને, સો સબ યમને જાની ।।
માયા તમમેં પંથ ન સુજ્યો, ભટકત ફીર્યો ભૂલાની ।
જેસે પંથીચર અવધિ વિતીતે, ભોર ભયે અકુલાની ।।
અબહું ચેતિ ભાગ્યકે પુરે, હોત સબે સુખ દાની ।
'રસિકદાસ' જન જાન કૃપાનિધિ, અપને બાંહય બસાની ।।
સેવક કહાય સેવા ન કરી ।।
બહુત અપરાધ કર્યો સ્વામીકો, ક્ષણભર સુમર્યો ન હરિ ।।
બડે ભક્ત કહી જગત બખાન્યો, તાતે નહીં કછુ સમજ પરી ।
દેખી પ્રતિષ્ઠા મનમેં ફૂલ્યો, ભઈ બાત સબ બીગરી ।।
તુમસો કહા કહોં કૃપાનિધિ, જો કછુ જીયમેં હોય ખરી ।
'રસિકદાસ' જન જાન આપુનો, બૂડત દેખી બાંહ પકરી ।।

વાસનાનું તાંડવ નૃત્ય

લે. શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

વાસના માત રે તને નવ ગજના નમસ્કાર ।
કોઈક છુપી ક્ષણમાં જ્ઞાનીના ઉરમાં ઉઠી તેની તું આબરૂ લેનાર ।।
જગમાં જોગી થઈ એકાન્તે નિવેશે તોયે તેનો તું પીછો પકડનાર ।
જગની સેવાર્થે નીકળેલાના ઉર ઊંડે યશ રૂપે તારો પગ પેસાર ।।
મંત્રના જ્ઞાતા જેઓ દેવો વશ કરવા ચાહે તેઓ પણ તુજ આગળ લાચાર ।
વિવેકીઓ વાણીમાંથી તુજને સમાવે તો એ અંતરમાં ઉઠવા તું તૈયાર ।।
બ્રહ્મના વાતોડા પણ નિજની પ્રશંસા રૂપે તુજને અંતરમાં સંઘરનાર ।
ખ્યાતી પ્રતિષ્ઠા વિદ્યા ધ્યાનાદિ નિમિત્તે પણ તું ડાહી ડમરી થઈ પેસનાર ।।
સાધુ સંતો ભક્તો ને શુરા ઉપર પણ છુપી તારી સત્તા તો ચાલનાર ।
ખાવામાં જોવામાં ને જરા જરા માંથી ઉઠી સૌનું તું નાક કાપનાર ।।

નામમાં કામમાં ગામમાં ધામમાં તું તો સહુજનને મુઝવનાર ।
'કોઈક અલબેલો ચેલો' ગુરૂનો નાથેલો તારી કાનપટ્ટીઓ આંબળનાર ।।
પ્રભુની પ્રાપ્તિમાંહી વેગેથી તું વળે તો તારો ને મારો બેડો પાર ।।

'કોઈક અલબેલો ચેલો' આ અલબેલો ચેલો શ્રીવલ્લભભાનુનો કૃપાપાત્ર જન છે । કોટિ સુર્યાગ્નિ સમાન જેનો પ્રકાશ છે તેવા શ્રીવલ્લભભાનુના આશ્રયથી [આ ભાનુનો હૃદયમાં ઉદય થવાથી] દૈવી જીવના હૃદયમાં અવિદ્યારૂપી ગાઢ અંધકારને ફેલાવનારી વાસનાને શ્રીવલ્લભભાનુના કૃપાપાત્ર જને પહેચાની લીધી । આ વાસના ત્રિવિધ પ્રકારની છે (1) ભૌતિક (2) આધ્યાત્મિક (3) આધિદૈવિક તે દૈવી જીવના હૃદયમાં (વાસનાત્મક લિંગ દેહમાં) સુક્ષ્મ પ્રકારે રહીને વિવિધ પ્રકારે નૃત્ય કરતી હોય છે. તેની વિવિધતાને (અંતરમુખ થયેલા) આ અલબેલા ચેલાએ પહેચાની તેનો અનુભવ કરી પોતાની વાણીમાં પ્રકાશ કર્યો છે તે નિજસ્વામી શ્રીવલ્લભના મુગ્ધજનોને અને સ્વયં પોતાને સાવધાન કરવા માટે છે.

આ વાસનાએ બ્રહ્મના વાતોડાને પ્રતિષ્ઠાની મદિરા પાઈ એથી બેહોશ બનેલા આ વાતોડા અનિર્વચનીય દિવ્ય પ્રેમપથને ભુલી ગયા. વાસનાએ પોતાના [વિલક્ષણ] નૃત્યમાં સામેલ કરી દીધા. શ્રીમદાચાર્યચરણે – સુ. 1-7-6માં આજ્ઞા કરી છે કે જ્ઞાન જેવી દેખાતી માયાથી મોહ થાય છે તેથી તેમાં વિશ્વાસ રાખી શકાતો નથી. જ્ઞાનથી જ જીવને પૂર્ણ બનાવી દે છે. દિવ્યપ્રેમ સુધી માયા જીવને પહોંચવા દેતી નથી, આજ તેની કરામત છે. વાસનાની આ કરામતથી સાવધાન થવા માટે લીલાધામથી વિછુરેલા દૈવી જીવોને શ્રીમદાચાર્યચરણે 'કૃષ્ણાશ્રય'માં આજ્ઞા કરી છે – 'લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ.'

શ્રીમદ્ ભાગવત 11 મા સ્કંધમાં ભગવાન ઉદ્ધવજીને આજ્ઞા કરે છે – હે ઉદ્ધવ ! શબ્દ બ્રહ્મનો નિષ્ણાત પરબ્રહ્મમાં પ્રવેશ કરતો નથી તો વસુકી ગયેલી ગાય તેના પાલકને બોજરૂપ છે. તેમ શબ્દ બ્રહ્મના નિષ્ણાતે મેળવેલી વિદ્યા [પુષ્ટિ પ્રેમમાર્ગના સિદ્ધાંતે] બોજરૂપ જ છે ! ભગવાનની આ આજ્ઞા લીલાધામથી વિછુરેલો દૈવી જીવ કે જે શબ્દ બ્રહ્મના [જ્ઞાનીઓના] ટોળામાં ભળી ગયો છે તેને પ્રથક કરવા માટે છે ! જો આ

હેતુ ન હોત તો ભગવાન આટલી સ્પષ્ટતાથી આજ્ઞા ન કરત !

શબ્દબ્રહ્મ જ્ઞાનરૂપ છે, અને પરબ્રહ્મ પ્રેમ સ્વરૂપ છે. શબ્દ બ્રહ્મને જ ફલરૂપ સમજે તો કદાચ બ્રહ્માનંદનો અનુભવ કરાવે, પરંતુ ભજનાનંદ-સ્વરૂપાનંદ-પ્રેમાનંદનો અનુભવ ન થાય !

શ્રીમદાચાર્યશરણે શ્રીભાગવતાર્થ નિબંધના 9 મા સ્કંધના અંતમાં આજ્ઞા કરી છે કે વાસ્તવિક રીતે બધી ભક્તિનો પુષ્ટિભક્તિ પ્રાપ્ત કરવામાં જ ઉપયોગ થાય છે, અને પુષ્ટિભક્તિમાં સાક્ષાત ભજનાનંદ-પ્રેમાનંદ સ્વરૂપ જ ઉત્તમ અવધિ છે-અથવા પરમ પુરુષાર્થ છે.

પ્રશ્ન – બ્રહ્મના વાતોડા પ્રતિષ્ઠાની મદિરા પીને બેહોશ બની દિવ્ય પ્રેમપથને ભૂલી ગયા તેનું ઠોસ પ્રમાણ શુ ?
ઉત્તર નીચેના પદોમાં –

પદ – 1
કાગદ તો કરતે ન ઉઠે લેખની કે પદ કોન ઉઠાવે ।
પ્રીતમ દ્રષ્ટિ પરે જબ તે-
છબી છાય રહી અખિયન ઝર લાવે ।।
પ્રેમ સખી મધકી મખીયા-
મન જાય ફસ્યો ફીર હાથ ન આવે ।।
મૂરત શ્રીનંદનંદનકી લીખતે ન બને-
લખ હી (દેખે હી) બની આવે ।।

પદ – 2
ગૌર શ્યામ વદનારવિંદ પર-
જીસકો વીર મિચલતે દેખ ।
નૈન બ્યાન મુસ્કયાન મંદ પર

ઈન કો ફીર સંભલતે ન દેખા ।।
લલિત કીશોરી યુગલ ઈસ્કમે-
બહોતન કે ઘર ઘર મેં દેખા-
ડુબા પ્રેમ સિન્ધુમેં કોઈ
હમને ફીર ઉછલતે ન દેખા

પુષ્ટિ પ્રભુકી પહેચાન

સંકલન : મધુકર

નોંધ : નીચેના પદોથી રસિકો પોતાના મનને રંજીત જ કરે તો તો ઠગાઈ ગયા કહેવાય, પણ વ્યથિત થાય તો ભૂલેલા સ્થાનને પ્રાપ્ત કરી શકે. શબ્દ રસિકો મનનું રંજન કરી સ્વસ્થ થાય છે. રૂપ રસિકોની વ્યથા વધતી જ જાય છે.

ચાંપત ચરણ મોહનલાલ ।
પલકા પોઢી કુંવરી રાધા સુંદરી નવ બાલ ।।1।।
લેત કર ધરિ પરસિ નૈનનિ, હરખી લાવત લાલ ।
લાઈ રાખત હૃદય સોં તબ,
ગનત ભાગ્ય વિશાલ ।।2।।
દેખિ પિયકી અધીનતા ભઈ, કૃપા સિન્ધુ દયાલ ।
"વ્યાસ" સ્વામિની લિયે ભુજ ભરિ
અતિ પ્રવિન કૃપાલ ।।3।।
♦
રાજત નિકુંજમહલ ઠકુરાની ।
કુસુમ સેજ પર પોઢી શ્યામા,
રાગ સુનત મૃદ બાની ।।1।।
લલિતા ચરન પલોટન લાગી,
લાલ દ્રષ્ટિ લલચાની ।

પાય પરત સજનીકે મોહન,
હિત સોં હા હા ખાની ।।2।।
ભઈ કૃપાલ લાલ પર લલિતા,
દે આજ્ઞા મુસકાની ।
આઓ મોહન ચરન પલોટો,
જૈસે કુંવરી ન જાની ।।3।।
સખી આજ્ઞા દઈ જાન પ્યારીને,
મુખ ઉપર પટ તાની ।
બીન બજાય ગાય કછુ તાનન,
જ્યોં ઉપજે સુખ સાની ।।4।।
ગાવન લગે રસિક મનમોહન,
તબ જાની મહારાની ।
ઉઠ બૈઠિ "વ્યાસ" કી સ્વામિની,
વૃન્દાવન સુખ ખાની ।।5।।

પ્રતિષ્ઠાના ચાહકોને

- પ્રેક્ષક : શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

ધીક વો ખાખ ફકીરી,
દીલસે ચાહ ન છુટી,
માન બડાઈ જબતે પાઈ,
તબતે કીસ્મત ફૂટી.
પુરી વિપત્તિ મહંતાઈ આઈ,
પ્રીત શ્યામસો ટૂટી,
મીલે રસિક જબ નંદ દુલારો,
સંજીવનિ રસ બુટી.



જીતે જીય મર જાય કરે ન તનકી આશા ।
આશિક કા દિન રાત રહે શૂલી પે વાસા ।।
માન બડાઈ ખોય નિંદભર નાહીન સોના ।
તીલભર રક્ત ન માસ નહી આશિક કો રોના ।।

સમજ બુઝ દિલ ખોલ પ્યારે ।
આશિક હો કે સોના ક્યા ।।
જા નેનો સે નિંદ ગમાઈ ।
તકીયા લે બીછોના ક્યા ।।
રૂખે સુકે રામ રસ ટુકડા ।
ચીકના ઓર સલોના ક્યા ।।
'નાગરીદાસ' પ્રેમ કે મારગ ।
શિશ દિયા ફિર રોના ક્યા ।।

શ્રીવલ્લભનો દ્રઢ આશ્રય

- લેખક : શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

જે જનને શ્રીમહાપ્રભુજીનો દ્રઢ આશ્રય છે. તેની કોઈપણ સારી કૃતિ ન હોય છતાં તેમને વિના શ્રમે ગોલોકધામની દિવ્ય લીલાનું સુખ પ્રાપ્ત થાય છે, અને આવા શ્રીવલ્લભ-આશ્રિતજનને શ્રીઠાકુરજી ધન્ય માને છે. સારાં કામો ન કર્યા હોય છતાં વિના શ્રમે ગોલોકધામની લીલાનું સુખ પ્રાપ્ત થાય છે તે, શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીઅચ્યુતદાસની વાર્તાના પ્રસંગથી જાણવામાં આવે છે. આ શ્રીઅચ્યુતદાસજી શ્રીમહાપ્રભુજીને શરણે થયા પછી આપે આજ્ઞા કરી કે શ્રીઠાકુરજીની સેવા કરો ત્યારે શ્રીઅચ્યુતદાસજીએ વિનંતી કરી કે મને આપ માનસી સેવાનું દાન કરો કે જેથી માનસીમાં લીલાનો અનુભવ કરૂં. ત્યારે આપ મહાકારૂણિક હોવાથી પોતાના મહાઉદાર ચરિત્રનો નિજ સૃષ્ટિને અનુભવ કરાવતા તનુજા વિત્તજા સેવા (શુભકૃતિ) કર્યા વગર અચ્યુતદાસજીને માનસી સેવાનું દાન કર્યું. તેથી શ્રીઅચ્યુતદાસજી માનસીમાં

લીલાસુખનો અનુભવ કરવા લાગ્યા. આ શ્રીઅચ્યુતદાસજીના નેત્રોમાં શ્રીમહાપ્રભુજી સદૈવ બિરાજતા હતા.

હવે બીજી બાબતઃ શ્રીહરિ, શ્રીમહાપ્રભુજીના આશ્રિતજનને ધન્ય કેમ માને છે તે પ્રસંગ શ્રીદામોદરદાસ હરસાનીજીના વાર્તાપ્રસંગમાં આ પ્રકારે છે. એક સમયે શ્રીગુસાંઈજી બેઠકમાં બિરાજી રહ્યા હતા ત્યાં શ્રીકુંભનદાસજી અને શ્રીગોવિંદસ્વામી આદિ બે ચાર ભગવદિયો સાથે આપ હાંસી-ખેલ કરી રહ્યા હતા. તે સમયે શ્રીદામોદરદાસજી ત્યાં આવ્યા અને શ્રીગુસાંઈજીને ભગવદિયો સાથે હાંસી-ખેલ કરતા જોઈને વિનંતી કરી કે 'રાજ, યહ મારગ હાંસી ખેલકો નાહિ હૈ તાપ કલેશકો હે, અથવા યહ માર્ગ નિશ્ચિંતતા કો નાહિ હે, અત્યંત કષ્ટ આતુરતા કો હે.' તબ શ્રીગુસાંઈજી સ્વરૂપ શ્રીહરિએ, શ્રીમહાપ્રભુજીના દ્રઢ અનન્ય આશ્રિત શ્રીદામોદરદાસજીને ધન્ય કહ્યા છે. શ્રીગુસાંઈજી અને શ્રીનાથજી એક જ સ્વરૂપ છે. તેથી શ્રીગુસાંઈજીએ જે ધન્ય કહ્યા તે શ્રીહરિએ જ કહ્યા છે એમ જાણવામાં આવે છે. હવે શ્રીહરિ જેને ધન્ય માને તેમાં નિર્ગુણ રહસ્ય રહેલું હોય છે. કારણ કે સાધારણ જનમાં શ્રીહરિને ધન્ય કહેવાનું હોય નહી. તો ધન્ય કહેવામાં કોઈ અસાધારણતા રહેલી છે. શ્રીવલ્લભજીનો અનન્ય આશ્રય જે કૃપાપાત્ર જનોને થયો છે, તેના હૃદયમાં શ્રીવલ્લભ અનંતલીલા સહિત સ્થાયી નિવાસ કરે છે. શ્રીવલ્લભ સ્વરૂપના એક એક રોમમાં શ્રીહરિ શ્રીગોવર્ધનધરણના કોટિ – કોટિ સ્વરૂપ બિરાજી રહ્યા છે. તેવા શ્રીવલ્લભને જેણે હૃદયમાં વસાવ્યા તેવા જનના મહિમાનું શું કહેવું ? એમ વિચારીને શ્રીહરિ તેને ધન્ય માને છે. વળી શ્રીવલ્લભમાં જે અપાર રાસાદિ લીલા સમુદ્રો છે. તે સર્વ આનંદનો અનુભવ શ્રીવલ્લભનો હોવાથી તે શ્રીવલ્લભ જેના હૃદયમાં બિરાજી રહ્યા છે તેમને શ્રીહરિ ધન્ય માને છે. આ શ્રીવલ્લભનું સ્વરૂપ તાપાત્મક છે. અને તાપભાવાત્મક સ્વરૂપમાં જ અનંત રાસાદિલીલા સમુદ્રો રહેલા છે. આવા તાપાત્મક સ્વરૂપનો આશ્રય શ્રીદામોદરદાસજીમાં હોવાથી શ્રીગુસાંઈજીએ 'તુમ ધન્ય હો' એમ આજ્ઞા કરે છે. આવું શ્રીવલ્લભનું સ્વરૂપ જાણ્યા પછી એવો ક્યો હીનભાગી જીવ હોય કે એક ક્ષણ પણ શ્રીવલ્લભનું સ્મરણ ભજન છોડી દે ! અહીં કહેવાનું એ છે કે આપણા મહા ભાગ્યે શ્રીવલ્લભનું સેવન, સ્મરણ, ગુણગાન કરવાનું મળેલું છે તે શ્રીનાથજી સ્વરૂપ

શ્રીગુસાંઈજીની અપાર કરૂણ દયાથી જ પ્રાપ્ત થયું છે. તેથી એક ક્ષણ પણ શ્રીવલ્લભનું ભજન, સ્મરણ, ગુણગાન, ધ્યાન, છોડવું નહિં. આ જ જન્મમાં શ્રીવલ્લભવરને પ્રાપ્ત કરી લેવા સતત સન્મુખ રહેવું.

શ્રીવલ્લભની આજ્ઞા મુજબ શ્રીદમલાજીનું સ્વરૂપ શ્રીવલ્લભનાં સ્વરૂપથી જરા પણ ન્યૂન નથી તેથી બેજ સંભાવનાઓ રહે છે. કાં તો શ્રીવલ્લભનું સ્વરૂપ અને શ્રીદમલાજીનાં સ્વરૂપમાં સામ્ય છે. અથવા તો શ્રીદમલાજીનું સ્વરૂપ અધિક છે. જે સ્વરૂપ પોતાનાં રોમ-રોમમાં અસંખ્ય શ્રીવલ્લભનાં સ્વરૂપોને વિલસાવી શકે છે, ત્યારે ક્યું સ્વરૂપ અધિક તેનો ન્યાય કરવાનું આપના પર છોડું છું.

પોતાના પ્રિય શ્રીવલ્લભનાં સુખાર્થે સાક્ષાત નિકુંજનાયક શ્રીપ્રભુને શ્રીદમલાજી જ રોકી શકે તેવું સામર્થ્યનું મુખ્ય કારણ પોતાના પ્રિય શ્રીવલ્લભ પ્રત્યેનો તત્સુખાત્મક સ્નેહભાવ છે.

શ્રીદમલાજીની વાર્તામાં એક પ્રશ્ન છે કે દાન મોટું કે દાતા ? ઉત્તર પણ સહજ છે કે દાતા હમેશા મોટો હોય, કારણ કે દાન તો દાતા જ્યાં આપે ત્યાં જાય. જે રીતે શ્રીપ્રભુનું દાન શ્રીવલ્લભ કરે છે ત્યા શ્રીપ્રભુ જાય છે. તેથી જ શ્રીવલ્લભ દાતા તરીકે મોટા છે, તે જ રીતે શ્રીવલ્લભનું દાન શ્રીદમલાજી કરે છે. તેથી શ્રીદમલાજી જેના પર કૃપા કરે તેને શ્રીવલ્લભ મળે છે. એટલે કે શ્રીવલ્લભ દાન છે અને શ્રીદમલા દાતા છે. તેથી મોટુ કોણ ? અનુગ્રહમાર્ગ અને પ્રેમમાર્ગમાં સ્નેહથી કરેલ સમર્પણ સર્વશ્રેષ્ઠ છે. તેથી સમર્પણ કરનાર મહાન ગણાય છે. શ્રીવલ્લભ પોતાનાં પ્રાણપ્રિય શ્રીપ્રભુને સ્નેહપૂર્વક સર્વ સમર્પણ કરે છે. તેથી જેને આપ અદેયદાન દેવા માંગે છે તેને પોતાનાં પ્રાણપ્રિય શ્રીપ્રભુનું દાન કરી દે છે. અને પોતે દાતા બની મહાન બને છે. તે જ રીતે શ્રીદમલાજી જેના પર કૃપા કરી અદેયદાન દેવા માંગે છે તેને પોતાના પ્રાણપ્રિય શ્રીવલ્લભનું દાન કરે છે અને પોતે દાતા બની જાય છે. ક્યારેક એવું પણ બને છે કે પોતાની સ્વતંત્ર કૃપા શક્તિથી કોઈક બડભાગી જીવોને પોતાના નિજ સ્વરૂપનું દાન કરી દે છે.

પુષ્ટિમાર્ગ વિલક્ષણ અને વિરુદ્ધર્માશ્રયી છે. સામાન્ય રીતે દરેક સંમ્પ્રદાયમાં સ્વામિ સેવક કરતાં ચડીયાતો હોય છે. અહી ઉલ્ટુ છે. શ્રીપ્રભુ કરતા વલ્લભ અને શ્રીવલ્લભ કરતા શ્રીદમલાજી સ્વરૂપ વલ્લભીયો ચડીયાતા છે. અને તેથીજ શ્રીપ્રભુ શ્રીવલ્લભને અને શ્રીવલ્લભ દમલાજી સ્વરૂપ શ્રીવલ્લભીયોને આધિન છે. આપણાંથી જો શ્રીપ્રભુનો અપરાધ થઈ જાય તો શ્રીવલ્લભ કૃપા કરી તે દુર કરે છે. અને શ્રીવલ્લભનો અપરાધ થાય તો શ્રીદમલાજી દુર કરે છે. પરંતુ શ્રીદમલાજી સ્વરૂપ વલ્લભીયોનો અપરાધ દુર કરવાનું સામર્થ્ય કોઈનામાં નથી. તેથી દમલાજી સ્વરૂપ વલ્લભીયોનાં અપરાધો ન થાય તે માટે આપણે હમેશાં સાવચેત અને સજાગ રહેવું જોઈએ અને તેથી જ રામાનંદ પંડિત જેવાએ વલ્લભીયનો અપરાધ કર્યો તો શ્રીવલ્લભે સદૈવ માટે તેમનો ત્યાગ કર્યો છે. કારણકે આ માર્ગ વલ્લભીયો માટે છે. અને માર્ગનું મુલ પણ વલ્લભીયો સ્વરૂપે શ્રીદમલાજી છે. તેવી વલ્લભની આજ્ઞા છે.

સ્નેહમાર્ગમાં ભગવદ્ સેવાનું ફળ શ્રીવલ્લભ પ્રત્યે પ્રિતી અને શ્રીવલ્લભ સેવાનું ફળ શ્રીદમલાજી સ્વરૂપ વલ્લભીયોમાં અગાધ સ્નેહ અને ભાવ છે. જ્યારે શ્રીદમલાજીનું આસ્વરૂપ સમજાય ત્યારે વલ્લભીયોની નિંદા કે દોષ જેવા અપરાધમાંથી જીવ બચી શકે છે. અને જ્યારે જીવથી આવા સ્વરૂપની તત્સુખાત્મક નિઃસ્વાર્થ સેવા થાય છે ત્યારે શ્રીદમલાજી અત્યંત પ્રસન્ન થઈને પુષ્ટિમાર્ગનું અંતિમચરણ શ્રીવલ્લભ અને શ્રીદમલાજીના સરસ સ્નેહ-વિલાસના અનુભવનું દાન કરે છે. તેથી જ આ માર્ગમાં વલ્લભીયોની નિઃસ્વાર્થ તત્સુખાત્મક સેવા તે ફળ સ્વરૂપે છે. તેથી આવી નિઃસ્વાર્થ તત્સુખાત્મક સેવાઓની કામના કરવી તે જ આ જીવનું કર્તવ્ય છે.

‘‘પ્રતિષ્ઠાના ચાહકોને’’

સંકલન : મધુકર

ધીક વો ખાખ ફકીરી,
દીલસે ચાહ ન છૂટી ।
માન બડાઈ જબતે પાઈ,

તબતે કીસ્મત ફૂટી ।।
પૂરી વિપત્તિ મહંતાઈ આઈ,
પ્રીત શ્યામ સો ટૂટી ।
મીલે 'રસિક' જબ નંદદુલારો,
સંજીવન રસ બૂટી ।।

સુખિયા માલણ

મથુરાની 'સુખિયા' નામની એક માલણ કોઇ કોઇ વાર ગોકુલમાં ફળ-ફુલ વેચવા ચાલી આવતી. પરંતુ કાર્યવશાત કન્હૈયાના પ્રત્યક્ષ દર્શન એને થયા ન હતાં આજે એ અનાયાસે નંદાલયના પ્રાંગણમાં આવી. ફળોનો ટોપલો સામે મુકીને એ ત્યાં બેસી ગઇ. ફલવાળીને જોઇને નાનાં નાનાં ગોપબાળકો પોતાના ઘરમાં જઇને એક એક ખોબો અનાજ લાવ્યા, અને માલણના પાસેથી એક ખોબા અનાજના બદલામાં ફળો લેવા લાગ્યા !

નાનકડો નટવર પણ આંગણામાં જ ખેલી રહ્યો હતો. એ પણ માતા પાસે ગયો અને માનો પાલવ પકડીને કહેવા લાગ્યો: "મા-મા, બધાં બાળકો ફળો ખાય છે, મને અનાજ આપે, તો હું યે સુખિયા માલણ પાસેથી ફળો ફઉં !"

"-અરે મારા લાલ !" માતા બોલી : "સામેના કોઠારમાં ધાન્યની કોઠીઓ ભરી છે. એમાં મને પૂછવાનું શું હોય ? ખુશીથી ફળો લઇને આરોગો"

ભલા બાલકૃષ્ણનો ખેબો કેવડો ? એણે અનાજનો એક ખોબો ભર્યો અને મંદગતિથી એ માલણ સામે ચાલવા લાગ્યા ! જગતના જીવોને ફળ આપનાર-ફલદાતા પ્રભુ આજે સામે પગલે માલણનાં ફળો લેવા ચાલ્યા આવે છે ! ખોબાનું અનાજ બન્ને હાથની આંગળીઓની વચ્ચેથી સરકતું પડતું જાય છે અને આ નાનકડો નટવર ચાલ્યા આવે છે. માલણના સામે ઉભો રહીને એ બોલ્યો : "મા ! મને ફળ આપો !"

નંદનંદજીના મુખે બોલાયેલા આ શબ્દો કેવા મંજુલ અને મધુર હતા ! ફળો વેંચતા

વેંચતા માલણે એક દ્રષ્ટિથી આ બાળકના સામે જોયું અને મોહનના મુખડાં પર એ મુગ્ધ બની ગઇ ! જાણે લાંબા સમયની તપશ્ચર્યાનું ફલ આ સુખિયામાલણને પ્રાપ્ત થઇ ગયું ! સ્વરૂપ-સૌંદર્યમાં એ જાણે કે ડુબી ગઇ ! ત્યાં તો મોહનનો મનોરમ્ય સ્વર સંભળાયો ! "મા, મને ફલ આપો ને ?"

"આપું છું મારા લાલ !" સુખિયાએ કહ્યું : "પણ તારો ખોબો ખાલી કરે ત્યારે આપું ને !" અને નંદલાલે માલણના ખોળામાં અનાજનો ખોબો ખાલી કર્યો !... પરન્તુ આ શું...? ધાન્યને બદલે રત્નો ? માલણ આજે કૃતકૃત્ય બની ગઇ ! એનો આ લોક અને પરલોક બન્ને સફળ બની ગયા ! તેણે કન્હૈયાના ખોળામાં ફળો આપ્યા. કમળની પાંખડીઓ સમાન શ્રીહસ્તોથી શ્યામસુંદરે ફળો લીધા, અને મનમોહન નાચતો-કૂદતો ને ફળો આરોગતો ત્યાંથી પાછો ફર્યો.

સુખિયા માલણ સાધારણ ફળો આપીને દિવ્ય ફળ મેળવી ગઇ ! આ શું પાંચ-દશ ફળોનો બદલો હતો કે પૂર્વજન્મની તપશ્ચર્યાના ફલ રૂપે અનંતકૃપાસિંધુનો એ અનુગ્રહ હતો ?

પ્રભુ તો પરમ દયાળું છે, જીવે આપેલી વસ્તુના સામે જોતો નથી. એ તો જુએ છે સમર્પણની અંદર સમાયેલા ભાવને ! એ તો અંતર્યામી છે, અને
'અંતર્યામિ સમસ્તન ભાવ જાનાતિ કેવલમ્'
એ આપણા અંતરની ઊંડાણમાં રહેલી ભાવનાને જાણે છેઃ **વસ્તુનો અંગીકાર નથી, ભાવનાનો જ અંગીકાર છે.**

'ફીક્સ'નું ખાતું ખોલાવીએ :

- મધુકર

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે, સેવા કરવાવાળો "મહા ભાગ્યવાન" છે. આમ કહેવામાં ગૂઢ રહસ્ય એ છે કે સેવાની મર્યાદા શ્રીમહાપ્રભુજીએ પ્રભુના સુખની બનાવી છે. "સેવા" એને કહેવાય કે જેની સેવા કરીએ તેને બધા પ્રકારે સુખ થાય. આપણો સ્વારથ રંચક

નહિ.આવી નિઃસ્વાર્થ સેવાનું ફલ ફીક્સના ખાતામાં જમા થાય છે. અને ફીક્સનું ખાતું ગોલોકધામમાં છે. બેંકના બે ખાતા **ફીક્સ** અને **સેવીંગ** સેવીંગમાં મુકેલી રકમ ઉપાડી શકાય. ફીક્સની રકમ મુદતે મળે. સ્વારથની સેવા કરનારનું ભજન સેવીંગ ખાતામાં જમા થાય છે અને તે ભજનનો બદલો ભગવાન આ જીવને ભૂતલમાં આપતા રહે છે, તેમાં તેનું ભજન વપરાય જાય છે. જેમ રસોઇ કરો તો ભોજન મળે, ન કરો તો ન મળે. આવું સેવીંગ ખાતાના ભજનનું ફળ છે. પ્રભુના સુખની જ સેવા કરનારના ભજનનું ફળ ફીક્સમાં જમા થતું હોવાથી, અને ફીક્સનું ખાતું ભૂતલમાં નહિ પણ ગોલોકધામમાં હોવાથી ભગવાન આવી સેવાનો અનુભવ કરે છે તે સાગરના પ્રવાહની જેમ અખંડ હોય છે. આ ફીક્સમાં જમા કરેલ ભજનનું ફલ ભોગવવા છતાં ઘટતું નથી, કારણ કે અહીં ગોલોકધામમાં પણ આ પ્રેમી ભક્ત પ્રભુના સુખની જ અખંડ સેવા કરતા હોય છે, તેથી ભગવાન આવા ભક્તના સદાય રૂણી બની રહે છે. તેના ભજનનો બદલો પ્રભુ આપી શકતા નથી. શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલો સેવામાર્ગ આવા મહાન ફલને પ્રાપ્ત કરાવનાર હોવાથી મર્મજ્ઞ શિરોમણિ શ્રીહરિરાયજી પ્રભુ સેવા કરનારને મહા ભાગ્યવાન કહે છે.

અહંકાર દૈવીજીવનો જાલીમ શત્રુ

લે**. મધુકર**

અહંકારથી થતાં ભગવદ્ સંબંધી સત્કર્મો (સેવા-સ્મરણાદિ)નો અંગીકાર પ્રભુ કરતા નથી અને પ્રભુ અપ્રસન્ન રહે છે, તે અહંકારી જીવને સમજાતું નથી. ચોરાશી બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓમાંથી અમારે શિક્ષા લેવાની છે કે ગોવિંદદાસ ભલ્લા શ્રીગિરિરાજજીમાં શ્રીજીની સેવા કરતા. નિત્ય શ્રીયમુનાજીની ગાગર ભરવા શ્રીગિરિરાજજીથી મથુરા જતા આવતા. આવી કઠીન શ્રમવાળી સેવા કરતા, પણ આ સેવાનું તેમનામાં અભિમાન રહેતું કે બીજા સેવકો મારી જેવી કઠીન સેવા કરી શકતા નથી. આવા અહંકારથી શ્રીજી અપ્રસન્ન રહેતા તેથી શ્રીમહાપ્રભુજી પરિક્રમામાં બિરાજતા હતા ત્યાં શ્રીજીએ જતાવ્યું કે-"તુમારો સેવક મોકું ખીજાવે હૈ." શ્રીજીની આજ્ઞા થતાં શ્રીમહાપ્રભુજી જતિપરા પધાર્યા અને બધા સેવકોની પૂછપરછ કરી અને છેવટે

ગોવિંદદાસજીને શ્રીજીની સેવામાંથી દુર કર્યા. આવા અહંકારથી ગોવિદદાસજીની શ્રીજીની સેવા છૂટી અને મથુરા કેશવરાયજીની સેવામાં જોડાયાં પુષ્ટિમાંથી દુર થયાં, મર્યાદામાં જવું પડ્યું. ત્યાં પણ હાકીમના માણસોથી ઘાત થયો. આ બધું તેમની વાર્તાથી જાણી શકાય છે. 'અહંકાર દૈવી જીવનો ભયંકર શત્રુ છે. દૈવી જીવને જનમ મરણના ફેરામાં પટકી દેનાર અહંકાર જ છે. જ્યારે ભગવદ સંબંધી અહંકાર પણ જીવનું પતન કરે છે તો લૌકિક દેહના સંબંધનો અહંકાર ચોરાશી લાખના ફેરામાં (જન્મ મરણમાં) પટકી દે તેમાં તો કહેવું જ શું ?

અહંકારની જડતાને કારણે સંસાર રૂપી વૃક્ષ અનેક શાખા રૂપે (સગા સંબંધી પરિવાર રૂપે) ફેલાયેલ છે. આ વૃક્ષ ઉપર માયાએ મમતાની અમરવેલ બીછાવી દીધી હોવાથી તેમાં ઉરઝાય ગયેલો જીવ મરણપર્યંત બહાર નીકળી તેના નિત્ય સખા પ્રભુ પાસે જઇ શકતો નથી.

સત્કર્મોનું અભિમાન જીવમાં મદ ઉત્પન્ન કરે છે. 'મદ' જીવને બેહોશ બનાવે છે. જેમ મદિરા પીધેલો બેહોશ બને છે ત્યારે શું કરૂં છું. ક્યાં જાઉં છું તેનું પણ ભાન ભૂલે છે. દૈવી જીવ આવા મદથી જ્યારે ભાન ભૂલે ત્યારે પ્રભુ પ્રાપ્તિનો માર્ગ ચઢી જાય છે. આ પતનનો માર્ગ છે. અનેક જન્મોથી પાછળ પડેલો અહંકારની જડ કાઢી નાખવા માટે મહા કારૂણિક શ્રીમહાપ્રભુજીએ દૈવી જીવ ઉપર પરમ કરૂણા કરી અષ્ટાક્ષર મહામંત્રનું દાન કર્યું છે. આ મંત્રનું સતત સ્મરણ કરતા રહેવાથી અહંકાર નિવૃત્ત થતાં પુષ્ટિ પ્રભુ સાથે દૈવી જીવનો ફરીને નિત્ય સંબંધ જોડાય છે અને દૈવીજીવ અલૌકિક સુખનો અનુભવ કરે છે. અને પ્રભુ સાથે નિત્ય સંબંધ જોડી દૈવી જીવ ભગવદ્ ધામમાં પહોંચી જવાનો અધિકારી બને છે.

શ્રીમદાચાર્યચરણની આજ્ઞાનુસાર સતત સ્મરણ કરતા રહેવાથી અષ્ટાક્ષર જ સર્વ સિદ્ધ કરશે. અષ્ટાક્ષરના સતત સ્મરણ કરનારને કોઇના સંગની પણ જરૂર રહેતી નથી. કારણકે જેની જેવી આવશ્યક્તા હોય તે સર્વ અષ્ટાક્ષર સિદ્ધ કરે છે. કારણકે શરણની મર્યાદા એવી છે. ઉપર પ્રમાણે અષ્ટાક્ષરનું અદભૂત ઐશ્વર્ય હોવા છતાં અસમર્પિત

લેનારમાં આસુરી ભાવો ઉત્પન્ન થવાનો ભય રહે છે. માટે આપણે સૌએ અસમર્પિતનો ત્યાગ કરવો ખૂબ જ આવશ્યક છે.

દિવ્ય પ્રેમકા મહત્ત્વ

સંકલન : મધુકર

જીસ પ્રેમ રસ ચાખા નહી, અમૃત પીયા તો ક્યા હુવા ।
જીસ ઇશ્કમેં શિર ના દિયા, જુગ જુગ જીયા તો ક્યા હુવા ।।
જોગી ઓર જંગમ બને, કપડા રંગાકર પહેનતે ।
વાકીફ નહી ઉસ હાલસે, કપડા રંગેતે ક્યા હુવા ।।
દેખી ગુલ્સતા વોહતા, મતલબ ન પાયા શેખકા ।
સારી કીતાબો યાદ કર, પઢ પઢ મુવા તો ક્યા હુવા ।।
કાજી ઓર હાજી બના, ફાજીલ બના તો ક્યા હુવા ।
દીલકા દીવાના ન બના, દાની બના તો ક્યા હુવા ।।
જબ ઈસ્કકે દરીયાવ મેં, ગરકાવ તું હોતા નહી ।
ગંગા, યમુના, ગોદાવરી, ન્હાતા ફીરા તો ક્યા હુવા ।।

કર્મત્યાગ અથવા શુદ્ધ પુષ્ટિ ભક્તનું સ્વરૂપ

શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

(શ્રીગોકુલેશ વચનામૃત) (ગતાંકથી ચાલુ)

દિવ્યપ્રેમની દુનિયાના નિયમો શુદ્ધ પુષ્ટિ ભક્તિના ઉપાસકોએ સારી રીતે સમજી લીધેલ છે. મનસા, વાચા – કર્મણા સંપૂર્ણ જીવન પ્રિય પ્રભુના ચરણ કમલમાં સમર્પિત ન થાય ત્યાં સુધી શુદ્ધ પુષ્ટિમાં પ્રવેશ થઈ શકતો નથી. આવા અધિકારી ભક્તો માટે શ્રીગોકુલેશ આજ્ઞા કરે છે કે તેને અન્ય કર્મ કરવાનો આગ્રહ કેમ કરાય ? આવા અધિકારવાળો ભક્ત ભલે મુગ્ધ હોય છતાં મહાપુરુષો તેના વરણની. પહેચાન કરીને શુદ્ધ પુષ્ટિ ભક્તિ માર્ગનો જ બોધ કરે છે. કારણકે મહાપુરુષો સ્વભાવથી જ કરુણાળુ હોય છે. વળી આવા

મહાપુરુષોનું ભૂતલ પ્રાગટય લીલા મધ્યપાતિ મુગ્ધ જનોને નિત્ય લીલાસ્થ હરિનો સાક્ષાત સંબંધ કરાવવા માટે છે.

"શ્રીમહાપ્રભુજી કો શુદ્ધ પુષ્ટિમાર્ગ પ્રગટ કરવેકો આગ્રહ હે, મર્યાદા ઔર કર્મમાર્ગ પ્રગટ કરવેકો કછુ હુ પ્રયોજન યા આગ્રહ નહી હૈ"

શ્રીમદાચાર્યચરણે ધર્મીમાર્ગ પ્રગટ કર્યો છે. નિત્ય લીલાત્થ નિકુજનાયક ગોવર્ધનધરને વૈષ્ણવોના ગૃહમાં પધરાવી આપી રાસસ્થભક્તોએ જે સુખ લીધું તેવા જ સુખનો અનુભવ કરાવવા માટે ધર્મી સ્વરૂપનું દાન કરેલું છે. "સેવા રીત પ્રિત વ્રજજનકી જન હિત જગ પ્રગટાઈ." આપશ્રી શાસ્ત્રાર્થ નિબંધમાં આજ્ઞા કરે છે કે – 'બ્રહ્મભાવ કરતા ભગવદીયનું ઘર ઉત્તમ છે. સર્વમાં ભગવાનને જોવા એવા બ્રહ્મભાવ કરતા ભગવદીયને પોતાના ગૃહમાં બિરાજતા ધર્મી સ્વરૂપના સેવનથી સ્વરૂપાનંદનો અનુભવ થાય છે, તેથી ભગવદીયના ઘરને ઉત્તમ કહ્યુ છે.'

ગૃહમાં બિરાજતા મહાન દિવ્ય સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નહી હોવાથી આપણે દિવ્ય સુખનો અનુભવ કરી શકતા નથી. નિરવધિ સુખના દાતા પોતાના ગૃહમાં જ બિરાજતા હોવા છતાં આપણે અન્યત્ર આનંદની ભિક્ષા માંગીએ છીએ. ચોરાસી, બસો બાવને સેવ્ય સ્વરૂપમાં જ સર્વસ્વતા માની છે. તેથી તેઓ સ્વરૂપાનંદનો અનુભવ કરી શક્યા. આધુનિકને અનુભવ નથી તેનું આ જ કારણ હોવું જોઈએ. વાસ્તવિક તો આ માર્ગના ફલનો તેમને જ અનુભવ થાય છે કે જેઓ લીલાધામથી વિછુરેલા છે. આ જીવો માટે જ શ્રીમદાચાર્ય ચરણનું ભૂતલ પ્રાગટ્ય થયું છે. (શ્રીયમુના ઓર પ્રાણપતિ, પ્રાણ ઓર પ્રાણ સુત, ચહુ જન જીવ પર દયા વિચારી) શ્રીમદાચાર્યચરણે પદ્માારાવળને શ્રીરણછોડજી સ્વરૂપે દર્શન આપ્યાં. કારણકે તે મર્યાદા જીવ હોવાથી તેમની આશક્તિ શ્રીરણછોડજીમાં હતી. આપશ્રીએ બ્રહ્મસંબંધ પણ રણછોડજી સ્વરૂપે આપ્યું. અને પદ્મરાવળનો પ્રવેશ દ્વારકાલીલામાં થયો. આ પદ્માારાવળનો અંગીકાર કરી આપશ્રીએ એ જતાવ્યું કે ભવિષ્યમાં પુષ્ટિમાર્ગમાં આવા મર્યાદાજીવોની સંખ્યા વધી જશે. સાંપ્રત સ્થિતિ જોતાં પુષ્ટિમાર્ગમાં પ્રવાહી અને મર્યાદા જીવોની સંખ્યા પણ વધતી જાય છે.

પુષ્ટિ પ્રવાહ અને પુષ્ટિ મર્યાદાથી ઉપરોક્ત મર્યાદા અને પ્રવાહી જીવો ભિન્ન છે. જેમ સ્વર્ગના દેવતાઓ પણ દેવતાઓ કહેવાય છે અને તેઓ વિષયાનંદના જ ભોકતા છે. તેમ પુષ્ટિમાર્ગમાં પ્રવાહી જીવો પ્રવેશેલા છે. પુષ્ટિમાર્ગીય કહેવાય છે. પરંતુ પુષ્ટિ પ્રભુનો સંબંધ તેમને થતો નથી. આ જીવો વિષયાનંદનો જ અનુભવ પ્રભુના સંબંધમાં કરતા હોય છે. કેવલ મર્યાદા જીવોમાં પુષ્ટિ સ્વરૂપ સંબંધ હોતો નથી, તેઓનો મર્યાદા સ્વરૂપ લીલામાં પ્રવેશ થાય છે.

"જેસો પ્રભુકો સ્વરૂપ હે, તેસેહી ઉનકી સૃષ્ટિ હૈ" જ્યાં જેવી સૃષ્ટિ ત્યાં તેવી લીલા. અને જ્યાં જેવી લીલા ત્યાં ત્યાં તેવું પ્રભુનું સ્વરૂપ હોય છે. લીલા ભેદે સ્વરૂપનો ભેદ થાય છે. વ્રજ, મથુરા, દ્વારકા ત્રણેય સ્થાને કૃષ્ણસ્વરૂપ એકજ પણ ત્રણેય સ્થાનની લીલા જુદી જુદી તેથી એક જ સ્વરૂપ હોવા છતાં લીલા ભેદે સ્વરૂપ ભેદ સમજવો. વ્રજમાં આધિદૈવિક, મથુરા આધ્યાત્મિક અને દ્વારિકા આધિભૌતિક તથા આધ્યાત્મિક ઉભયવિધ. આ રીતે જ્યાં જેવી સૃષ્ટિ ત્યાં તેવી લીલા અને જ્યાં જેવી લીલા ત્યાં પ્રભુનું સ્વરૂપ પણ લીલાનુસાર હોય છે.

વ્રજમાં પણ પ્રતિબંધોની નિવૃત્તિ માટે વ્યુહ સ્વરૂપથી લીલા અને વ્રજભક્તોના અનુરાગની વૃદ્ધિ માટે શુદ્ધ રસાત્મક સ્વરૂપથી લીલા કરી છે. અગ્નિકુમારિકાજીને વસ્ત્ર દાન કર્યા બાદ ભગવાન સખાઓ સાથે વનમાં પધારે છે ત્યાં વૃક્ષોના વમાયા સખાઓને પરમાર્થ ધર્મનો ઉપદેશ આપે છે. ત્યાંની શ્રીસુબોધિનીજીમાં આપશ્રી આજ્ઞા કરે છે કે – 'દંપતિ વૃન્દાવન સે દુર ચલે ગયે.' આનું તાત્પર્ય આપશ્રી જતાવે છે કે વૃન્દાવનસ્થ શ્રીસ્વામીનીજીઓ (શ્રીગોપીજનો) તો એમ જ સમજે છે કે અમારું સંપૂર્ણ જીવન સાક્ષાત ધર્મી સ્વરૂપ માટે જ છે. અર્થાત પરમાર્થ આ સ્વામિનીજીઓ માટે નથી. સખાઓને પરમાર્થનો ઉપદેશ અનિરૂદ્ધ વ્યુહ સ્વરૂપના આવેશથી પ્રભુ કરી રહ્યા છે. આમ, વ્રજમાં પણ વ્યુહ અને શુદ્ધ રસાત્મક સ્વરૂપની પહેચાન મર્મજ્ઞ શિરોમણી શ્રીહરિરાય પ્રભુએ શિ. 38-9માં કરાવી છે કે 'શ્રીકૃષ્ણસ્તુ કેવલ લીલાં કરોતિ રસરૂપીણીમ્' શ્રીકૃષ્ણનું આધિદૈવિક સ્વરૂપ તો કેવલ રસરૂપ જ લીલા કરે છે. 'જૈસે વિપ્રયોગી વ્રજભક્તો કો

પ્રભુન કે સાક્ષાત સ્વરૂપકો સંયોગ નહી હે. સો કહા સ્વરૂપકી અપ્રાપ્તિકે સમયમેં અન્ય મર્યાદા ધર્મ કે વિશે અનુસરેંગે ?

મથુરા પધાર્યા પશ્ચાદ્ વ્રજભક્તોને પ્રિય પ્રભુનો સાક્ષાત બહાર સ્વરૂપનો સંબંધ નથી, તેઓ વિપ્રયોગમાં સ્થિત છે. તે સમયે ઉદ્ધવજી વ્રજમાં આવી ભગવાન સર્વત્ર વ્યાપક બિરાજે છે એનો જ્ઞાનોપદેશ આપે છે તોપણ શ્રીવ્રજજનો આ ઉપદેશનો સ્વીકાર કરતા નથી. આ જ આશયની સંગતિથી શ્રીમદાચાર્યચરણ સંન્યાસ નિર્ણયમાં આજ્ઞા કરે છે કે :

'જ્ઞાનિનામપિ વાક્યેન ન ભક્ત મોહયિષ્યતિ' વિષ્ણુની માયા જ્ઞાનીને મોહ કરે છે પરંતુ સાક્ષાત ધર્મી સ્વરૂપમાં નિષ્ઠાવાળા (આસકત) પ્રેમી ભક્તોને મોહ કરી શકતી નથી. (શબ્દ બ્રહ્મના નિષ્ણાત જ્ઞાનીનો પ્રેમસ્વરૂપ પરબ્રહ્મમાં પ્રવેશ થતો નથી. તેવા જ્ઞાનીને ભગવતી માયા પ્રતિષ્ઠાના પ્રલોભનથી મોહ ઉત્પન્ન કરે છે. પ્રેમીઓ પ્રતિષ્ઠાને સ્વીકારતા નથી. મોહ અંધકારરૂપ છે તેથી જ્ઞાનીને પ્રેમમાર્ગ સુઝતો નથી.) આવા પ્રેમી ભક્તો વિપ્રયોગકાલમાં પણ મર્યાદા ધર્મરૂપ વ્યાપક બ્રહ્મને પોતાના ઈષ્ટ સ્વરૂપે સ્વીકાર કરતા નથી.

શ્રીમદાચાર્યચરણ ભાગવતાર્થ નિબંધમાં આજ્ઞા કરે છે : સ્વકીયજનો વિશ્વની માયાને હટાવે અને લોકોને વંદન કરવા યોગ્ય ભગવાનના પરમ ધામને પ્રાપ્ત કરે તે માટે જ (ભગવાને) પોતાના ગુરૂ શ્રીહરિએ જ અહીં આ પ્રકરણ અને પહેલાના ત્રણે [રાજસ – તામસ - સાત્વિક] પ્રકરણો પૂર્ણ કરેલા છે. (અથવા પોતાના ધામમાં લઈ જવા માટે પ્રિય પ્રભુએ વિશ્વમાયા મોહમાંથી નિજજનોનું રક્ષણ કર્યું છે.) (ભા.નિ. 10-87 કા 467)

રતિપથના આચાર્ય શ્રીમહાપ્રભુજીને જે શુદ્ધાદ્વૈત ભાવ અપેક્ષિત છે તેનું વર્ણન વેણુગીતમાં-'અક્ષણ્યવતા ફલમિદંન પરમ વિદામ્'

આ શ્લોકમાં અને ભ્રમરગીતમાં ઉદ્ધવજી અને શ્રીગોપીજનોના સંવાદમાં કરેલુ છે. આ

સંવાદના આશયને મહાનુભાવ શ્રીસૂરદાસજી એક પદમાં જણાવે છે.

પદ

નાહીન રહ્યો મનમેં ઠોર ।
નંદનંદન બીન કાસુકર,
આનીયે ચિત ઓર ।।1।।
ચલત ચિત્તવત દ્યોસ જાગત,
સ્વપ્ન સોવત રાત ।
હ્રદય તે યહ મદન મુરતિ,
છિન ન ઈત ઉત જાત ।।2।।
કહત ક્યા અનેક ઉધ્ધો,
લોભ લાખ દિખાય ।
કહાં કરે ઘટ પ્રેમ પૂરણ,
સિન્ધુ નાહી સમાય ।।3।।
શ્યામ ગાત્ર સરોજ આનન,
લલિત ગતિ મૃદુ હાસ ।
"સૂર" એસે દરશકો,
યહ મરત લોચન પ્યાસ ।।4।।

અનુગ્રહ માર્ગના પ્રણેતા

સંકલન : શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

અચિન્ત્ય અનંત શક્તિયુક્ત ભગવાન શ્રીકૃષ્ણની દૈવીજન પ્રતિ વાત્સલ્ય ભાવેચ્છા પ્રસ્ફૂટિત થતા નિજાનુગ્રહ વિતરણ અર્થ હરિવદનં વૈશ્વાનર વિભુનો પ્રાદુર્ભાવ થયો, એટલે કે ભૂતલ ઉપર શ્રીમદાચાર્યચરણનો દિવ્યજન્મ થયો. સંવત 1535 ના ચૈત્ર વદી એકાદશીનો એ મહામંગલમય પવિત્ર દિવસ.

કૃપાનિધિ શ્રીમદાચાર્યચરણે નિજપ્રાદુર્ભાવાનંતર યથોચિત પ્રાપ્ત સમયે દૈવોદ્ધાર પ્રયત્નાત્મા સ્વરૂપે નિજ અલૌકિક વ્યવસાયનો પ્રારંભ એવં સમુદ્યમનો સુમંગલ આરંભ કર્યો. માયાવાદી કરીન્દ્ર દર્પદલન પૂર્વક શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સ્થાપન, શ્રીવ્રજપતિ શ્રીગોપીજનવલ્લભના સેવા રસાબ્ધિનું અને ભગવદ્ ઈચ્છા અનુસાર શ્રીમદ્ ભાગવત ગૂઢાર્થનો પ્રકાશ એમ ત્રિવિધ મુખ્ય પ્રયોજનની સિદ્ધિ સ્વરૂપ પુષ્ટિમાર્ગ પ્રવર્તમાન થયો, અને શરણ સમર્પણ દીક્ષા દ્વારા દૈવી જીવોદ્ધારનું પરમોત્કૃષ્ટ કાર્ય સુસંપન્ન થયું. લોકોત્તર એવં સર્વ વિલક્ષણ એતન્નમાર્ગની દિવ્ય જ્યોતિ સદા પ્રકાશિત રહે તદર્થ અને તદ્અનુરૂપ સાહિત્યનું નિર્માણ અનિવાર્ય હોઈને દેવગીરા – સંસ્કૃત ભાષામાં આપશ્રીએ પુષ્કળ સાહિત્ય નિર્માણ કર્યું. મુખ્યત્વે બ્રહ્મસૂત્ર ઉપર અણુભાષ્ય, શાસ્ત્રાર્થ પ્રકરણ, સર્વનિર્ણય પ્રકરણ અને ભાગવતાર્થ પ્રકરણ એમ ત્રિવિધ પ્રકરણ યુક્ત સપ્રકાશ તત્વાર્થ દીપનિબંધ તથા શ્રીમદ્ ભાગવતના ગૂઢ આશયને પ્રકાશ અર્પતા શ્રીસુબોધિનીજીનું પણ પ્રાકટ્ય થયું. શ્રીમાન રશ્મિકારના અભિપ્રાયથી શ્રીમદાચાર્યચરણના આવી રીતે ક્રમશઃ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક મતનું નિદર્શન ઉપરોક્ત ત્રણ ગ્રંથોથી થઈ રહે છે. તદુપરાંત ષોડશગ્રંથથી પ્રાપ્ત ક્રમાનુસાર શ્રીયમુનાષ્ટકથી આરંભી સેવા ફલ પર્યંતના સોળ ગ્રંથો બિરાજે છે, તેમાં આપશ્રીનો નિર્ગુણ મત નિહીત હોવાનું પણ શ્રીમાન રશ્મિકાર જણાવે છે.

યદ્યપિ જનકલ્યાણ લોક નિઃશ્રેયસના ઉત્તમ હેતુને સિદ્ધ કરી આપતા સત્શાસ્ત્રો અને સન્માર્ગો વિદ્યમાન હોવા છતાં આચાર્યચરણે સ્વતઃ કથિત, સર્વથી વિલક્ષણ પુષ્ટિમાર્ગ નામથી સ્વસંપ્રદાય પ્રવર્તવાનો વિશેષ હેતુ શું હશે ? એનો ખુલાસો – ''જીવા પુષ્ટિ માર્ગે ભિન્ના એવ નં સંશયઃ પુષ્ટિ કાયેન નિશ્ચય'' એ આપશ્રીના વાક્યથી થઈ રહે છે. શ્રુતિ ઉક્ત રસૌવૈસઃ પરમાત્માની પ્રાપ્તિ વરણેકલભ્ય હોવાનું પણ ભગવતી શ્રુતિનું કથન વિચારણીય છે. યમે વૈસ વૃણુ તે તેન લભ્યઃ એમ સ્પષ્ટ શ્રુત્યાજ્ઞા છે. અત એવ શ્રીમદાચાર્યચરણે અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઇતિ સ્થિતિઃ એમ સ્વ સિદ્ધાંત વિદિત કરતા ભગવાન શ્રીકૃષ્ણના અનુગ્રહની નિયામકતા પ્રતિપાદન કરી બ્રહ્મ શ્રુત્યાદિ

દુરાપચરણરેણુ ભગવાન શ્રીકૃષ્ણના અનુગ્રહની દુર્લભતા દૂર કરી તેને સુલભ બનાવી આપતા શ્રીમદાચાર્યચરણે નિજનું પણ કૃપાનિધિત્વ સિદ્ધ કર્યું.

આટલા ઉપક્રમ પછી હરિ ભાવાત્માનં તદખિંલ વિહારાનપિ ત્થા સમસ્તાં સામગ્રી મનુજ પશુપક્ષી આદિ સહિતામ્ કૃપા માત્રેણાત્ર પ્રક્ટયતિ એમ શ્રીહરિરાય મહાપ્રભુ પુષ્ટિમાર્ગની ભાવાત્મકતા નિરૂપણ કરે છે. એ જ પુષ્ટિમાર્ગનું વૈલક્ષણ્ય ભાવાત્મા શ્રીહરિ, તેના અખિલ ભાવાત્મક વિહારો, સમસ્ત ભાવાત્મક સામગ્રી અને તે મુજબ પશુ પક્ષ્યાદિ સહિત કેવલ કૃપામાત્રથી અત્રે પ્રક્ટ કરે છે. તે જ સ્વરૂપ શ્રીમદાચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાધીશ મહાપ્રભુ પ્રક્ટ થયા છે. "પ્રક્ટ સબ લીલા દિખાવત નંદનંદન જે કરી."

આ સમગ્ર પુષ્ટિમાર્ગીય પ્રકાર શબ્દાલેખનથી તેમ વાણીના વિલાસથી સુગમ છે એમ ફલાત્મક સ્થિતિ એ પુષ્ટિમાર્ગ ભજનાનંદ રસમાર્ગ છે. આ દિવ્ય અલૌકિક ભજનાનંદ રસ સહજમાં પ્રાપ્ત નથી. એ વાત "યહ સુખ રમા તનક નહીં પાયો.'"'સુપને યહ કૃપા કમલા ન પાવે." ઈત્યાદિ અષ્ટ સખાદિ મહાનુભાવોએ અનુભવિત વર્ણિત વાણીથી સિદ્ધ થાય છે. આ પ્રકારના દિવ્ય સુખને પ્રાપ્ત કરવાનો એકમાત્ર ઉપાય શ્રીમદાચાર્યચરણ ચરણનલિનનો સમાશ્રય અને એઓશ્રીના ચરણકમલનું આરાધન એ જ છે. અંગીકૃત પુષ્ટિ જીવને આ અત્યંત દુર્લભ રસ કૃષ્ણાધરામૃતા સ્વાદ સિદ્ધિનો ઉપાય કૃપાસિન્ધુ પરમદયાલુ શ્રીમત્ પ્રભુચરણ આપશ્રીએ વિચાર્યો અને ઉદારતાથી અતીવ કરૂણાવશ થઈ પુષ્ટિ દૈવી જીવોને શ્રીમદાચાર્યચરણ સ્વરૂપ જ્ઞાન થાય અને તેથી તેઓશ્રીના ચરણકમલનું આરાધન કરી કૃતકૃત્યતાનો અનુભવ કરે તેટલા માટે સૌન્દર્ય પદ્ય, શ્રીવલ્લભાષ્ટક, સ્ફૂરિત કૃષ્ણ પ્રેમામૃત સ્તોત્ર પ્રક્ટ કર્યા, અને શ્રીમદાચાર્યચરણના સેવન આરાધન માટે અનુકૂળતા અર્પી પુષ્ટિ (જનો) જીવોનું ભાગ્ય સિદ્ધ કરી આપ્યું. આથી આપણું સર્વપ્રથમ કર્તવ્ય ઉપરોક્ત ગ્રંથ ચતુષ્ટયના સતત અધ્યયન અનુશીલનમાં ચિત્તને સંલગ્ન કરવાનું અને તેના જપ, પાઠાદિના (શ્રીસર્વોત્તમજીના) ક્રમને મહદ્ કૃપાથી જાણી લઈ તત્પરાયણ થવાનું રહે છે. કાલ કર્માદિના ભય-ત્રાસને

હટાવવા-મિટાવવા અને પુષ્ટિમાર્ગીય પરમ ફલ પ્રાપ્તિના આ અમોઘ ઉપાયને હૃદયમાં ધારણ કરી લઈએ પ્રમેય બલ એમાં જ નિહિત છે. "પ્રમેય બલમાં સાદ્યકિમ અસાધ્યંતદા ભવેત્ ।" પ્રમેય બલની પ્રાપ્તિ થતાં શું અસાધ્ય રહે ?

દિવ્ય લીલા કર્તાહર્તા શ્રીવલ્લભ

- શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

શ્રીજીના આત્માસ્વરૂપ મુખ્ય શ્રીસ્વામિનીજી શ્રીરાધિકાજી છે. તે શ્રીસ્વામિનાજી સ્વરૂપ શ્રીવલ્લભ નામથી ભુતળમાં પ્રક્ટ થયા છે. આ શ્રીવલ્લભ બહાર પુરુષ રૂપે છે, ભીતર શ્રીસ્વામિનીજી સ્વરૂપે છે. હવે આપનું શ્રીવલ્લભ નામ કેમ તે સંબંધમાં કહે છે :

શ્રી એટલે શ્રીસ્વામિનીજી. કૃષ્ણ એટલે શ્રીઠાકુરજી. આ બંને સ્વરૂપોને પણ અત્યંત વહાલા શ્રીવલ્લભ હોવાથી, શ્રીવલ્લભ નામ ધરાયું છે. ગોલોક ધામમાં કોટાનકોટિ ભક્તો છે. કોટાનકોટિ કુંજો અને નિકુંજો છે. દરેક ભક્તની કુંજમાં ભક્તના ભાવાત્મક શ્રીઠાકુરજીના સ્વરૂપો બીરાજે છે. એટલે કોટાનકોટિ ભક્તો અને કોટાનકોટિ શ્રીઠાકુરજીના સ્વરૂપોને પણ દિવ્યપ્રેમસુધાનું દાન કરી આનંદ કરાવનાર શ્રીવલ્લભ હોવાથી અતિ વહાલા હોય છે. તે સર્વના આત્મારૂપ શ્રીવલ્લભ છે. તેથી અતિ વહાલા કહ્યા છે. અહીં શ્રીવલ્લભનું મુળ સુધા-સ્વરૂપ કે જે સર્વના આત્મામાં ભોકતા દાતારૂપે અથવા સાક્ષી સ્વરૂપે બિરાજી રહેલ છે તેનું વર્ણન કરેલું છે. આ સુધા સ્વરૂપ શ્રીવલ્લભ વિના ભગવાન અને ભક્તોની રસક્રીડા થઈ શકતી નથી. હવે જ્યારે ગોલોક ધામમાં પણ ભગવાન અને ભક્તોને પ્રેમસુધાનું દાન કરી દિવ્ય લીલા કરાવનાર શ્રીવલ્લભ છે. તો ભુતળમાં રહેલા દૈવીજીવોને શ્રીવલ્લભની કૃપાથી પ્રેમદાન ન થાય તો ભગવાનને કેવી રીતે મેળવે અને રીઝવી શકે ? તેથી દૈવીજીવોને પણ જ્યારે શ્રીવલ્લભજીના સાનિધ્યથી પ્રેમદાન થાય ત્યારે જ કોટિ કામદેવથી અધિક સૌંદર્યવાળા પુષ્ટિપ્રભુને દૈવી જીવ રીઝવી શકે છે.

શ્રીવલ્લભના સાન્નિધ્યથી અથવા શ્રીવલ્લભના સ્મરણ, ભજન, ગુણગાન, ધ્યાનથી

દૈવી જીવમાં ભગવાનને પ્રાપ્ત કરવાને તાપકલેશ પ્રગટ થાય છે. કારણકે શ્રીવલ્લભ તાપાત્મક સ્વરૂપ છે. આ તાપકલેશ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ પ્રભુનો સાક્ષાત્કાર કરવામાં ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યારૂપ પ્રપંચ-આવરણ સર્વ પ્રકારથી ભસ્મીભુત થાય છે. ત્યારે દૈવીજીવ પોતાના આધિદૈવિક સ્વરૂપમાં સ્થીત થાય છે. આ સમયે શ્રીવલ્લભ તેને નિત્યલીલા સંબંધી પ્રેમનું દાન કરે છે, ત્યારે પ્રભુને રીઝવે તેવી સર્વ પ્રકારની દિવ્ય-સમ્પતિ તેને પ્રાપ્ત થાય છે. અહી 'સાન્નિધ્ય-માત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા' આ નામનો ભાવાર્થ વિચારવો. આગળનું નામ 'વિમુક્તિદઃ છે. તેથી શ્રીકૃષ્ણપ્રેમામૃતનું જેને શ્રીવલ્લભે દાન કરેલું છે તેવા દૈવીજીવનો લીલાધામમાં પ્રવેશ થાય છે. એટલે લીલાધામમાં પ્રવેશ કરી નિત્યલીલા-સ્વરૂપનો નિત્ય-અખંડ આનંદ અનુભવ કરવો તેને વિમુક્તિ કહેવાય છે. અથવા વિમુક્તિદઃનો એક અર્થ એમ પણ થાય છે કે ભુતળમાં પુષ્ટિપ્રભુની નિમિત્તલીલાના આનંદમાંથી પૃથક કરીને નિત્યલીલાના નિરવધિ આનંદના અનુભવમાં પ્રવેશ કરાવવો. નિમિત્ત લીલામાં બ્રહ્મભાવથી અનુભવાતો આનંદ ગણિતાનંદરૂપ છે, સ્વરૂપાત્મક સર્વાત્મભાવ સિદ્ધ થયા પછી ભજનાનંદનો અનુભવ છે. તેથી અગણીતાનંદરૂપનું દાન ભક્તોને કર્યું તેનું સુખ ભક્તોના ભાવાત્મક પ્રભુ પણ ભોગવતા હોવાથી ભક્તને અને ભગવાનને શ્રીવલ્લભ અતી વહાલા કેમ થયા ન હોય ! થયા જ હોય. તેથી શ્રીદયારામભાઈ કહે છે કે શ્રીવલ્લભ, શ્રીસ્વામીનીજી ભાવવાળા ભક્તને અને શ્રીકૃષ્ણને અતી વહાલા છે. આવા દીવ્ય કર્તાહર્તા શ્રીવલ્લભ છે.

પ્રેમ વિના સબ પચિ મરે, વિષય વાસના રોગ સખા સુન શ્યામ કે

વાસનાની ઉરઝનભરી મોહઝાળ

સંકલન : મધુકર

વાસના માત રે, તને નવ ગજના નમસ્કાર ।
કોઈક છુપી ક્ષણમાં જ્ઞાનીના ઉરમાં ઉઠી, તેની તું આબરૂ લેનાર ।
જગમાં જોગી થઈ એકાન્તે નિવેશે તોયે, તેનો તું પીછો પકડનાર ।।
જગની સેવાર્થે નિકળેલામાંએ ઉર ઉંડાણે, યશ રૂપે તારો પગ પેસાર ।

મંત્રોના જ્ઞાતા જેઓ દેવો વશ કરવા ચાહે, તેઓ પણ તુજ આગળ લાચાર ।।
વિવેકીઓ વાણીમાંથી તુજને સમાવે તોએ, અંતરમાં ઉઠવા તું તૈયાર ।
બ્રહ્મના વાતોડા પણ નિજની પ્રશંસા રૂપે, તુજને અતરમાં સંઘરનાર ।।
ખ્યાતી પ્રતિષ્ઠા વિદ્યા દયાદિ નિમિતે પણ, તું ડાહી ડમરી થઈ પેસનાર ।
સાધુ સંતો ભક્તો ને શુરા ઉપર પણ, છુપી તારી સત્તા તો ચાલનાર ।।
ખાવામાં જોવામાં ને જરા જરામાંથી ઉઠી, સૌનું તું નાક કાપનાર ।
નામમાં કામમાં ગામમાં ધામમાં, તું તો સહુ જનને મુંઝવનાર ।।
કોઈક અલબેલો ચેલો ગુરૂનો નાથેલો, તારી કાન પટીઓ આ બળનાર ।
પ્રભુની પ્રાપ્તિ માંહી જો વેગેથી તું વળે તો, તારો ને મારો બેડો પાર ।।

ઉપરોક્ત કાવ્ય મને (સંકલનકાર આ દાસને) કોની પાસેથી ક્યારે પ્રાપ્ત થયું તે તો યાદ નથી, પરંતુ શ્રીહરિરાયચરણ "નિજાચાર્યાષ્ટક" સ્તોત્રમાં આજ્ઞા કરે છે :

અસ્મત્પતિઃ સ્વ પરપાલન દત્ત બુદ્ધિ ।
રત્યન્ત સાર્દ્રહૃદયો દયિત સ્વકીયઃ ।।

મારા (સંકલનકાર આ દાસના) અને લીલા ધામથી વિછુરેલા મુગ્ધ સ્વકીયજનોના પોષણ માટે "દૈવોદ્ધાર પ્રયત્નાત્મા" શ્રીવલ્લભભાનુએ આ કાવ્ય પ્રાપ્ત કરાવ્યું છે. વાસના લિંગદેહમાં રહેનાર સુક્ષ્મ તત્વ છે. અંતરમુખતા અથવા લોકાતીત થયા વિના તે સમજી શકાય નહી શ્રીવલ્લભભાનુ (ભક્તિમાર્ગાબ્જમાર્તંડ)ની સન્મુખ રહેવાથી અંતરમાં પ્રકાશ પ્રાપ્ત થતાં જોયું તો મારા (સંકલનકાર આ દાસના) લિંગ દેહમાં તેની સત્તા દેખાણી. કેવા કેવા પ્રકારે કોના કોના લિંગદેહમાં વ્યાપેલી છે તે પણ સમજાયું. અને સાવધાનતા પણ આ કાવ્યથી પ્રાપ્ત થઈ.

આ કાવ્યને માસિકમાં પ્રકાશિત કરવાનો હેતુ જેમ સિંહનું બાલક તેના માતા પિતાથી ભૂલુ પડી પોતાના સ્વરૂપને (હું સિંહનું બાલક છું તે) ભૂલીને ઘેટા બકરાના ટોળામાં ભળી જાય, તેમ લીલાધામથી વિછુરેલા મુગ્ધ સ્વકીય જનને વાસનાનું જ્ઞાન કરાવી

તેમાં ફસાયેલા હોય તે સમજીને નીકળી જાય ન ફસાયા હોય તો તેનાથી સાવધાન રહે.

પુષ્ટિ પથ-પથિક

- મધુકર

પ્રશ્ન : વૈષ્ણવવાણી માસિકના દિપોત્સવી અંકમાં વેણુગીત પ્રસંગમાં અ. 12-16માં ગોપાલોના નિરોધનું વર્ણન શ્રી ગોપીજનોના નિરોધ માટે કરેલું છે. તથા રાત્રિ-દિવસ બન્ને લીલાઓના ગાન માટે રાત્રે ગોપાલો રાત્રિ લીલાનું વર્ણન સમાન શીલ ગોપીજનો સાથે કરે છે તે અતિ ગોપ્ય છે. તે જાણવામાં આપણો અધિકાર હોય શકે કે નહી ?

ઉત્તર : આ તમારી જીજ્ઞાસામાં યથામતિ સમાધાન એ છે કે, ગોપાલોનો નિરોધ શ્રીગોપીજનોના નિરોધમાં સહકારી રહે તે માટે કરેલો છે. આ ગોપાલો અંતરંગ છે. બીજા બહિરંગ ગોપાલો ગૌચારણમાં સહકારી છે, તેમનો અંતરંગ લીલામાં અંગીકાર કર્યો નથી. અ. 12 થી 16માં અંતરંગ ગોપાલોનો નિરોધ સિદ્ધ કર્યો તેનું તાત્પર્ય આ ગોપાલોમાં "પું" ભાવને દુર કરીને તેના અન્તઃકરણમાં રસરૂપ "સ્ત્રી" ભાવ ઉત્પન્ન કર્યો. એટલે આ અંતરંગ ગોપાલો બહારથી પુરુષ આકૃતિવાળા છે, પરંતુ તેમનું અન્તઃકરણ (લિંગદેહ) સ્ત્રી ભાવ વાળું છે. જો આવો સ્ત્રી ભાવ તેમનામાં ન હોય તો રહસ્ય લીલામાં વિકાર ઉત્પન્ન થાય. આવો વિકાર ઉત્પન્ન ન થાય માટે સ્ત્રી ભાવ વાળું અન્તઃકરણ બનાવ્યું છે. પ્રભુ સાથે રહીને આ ગોપાલોને શ્રીયમુનાજીના જલનું પાન કરાવે છે તે એટલા માટે કે આ જલપાનથી તેમનામાં સ્ત્રી ભાવની ઉત્પત્તિ થાય. શ્રીયમુનાજી-"તનુ નવત્વનું" દાન કરનારા છે, તેજ ભક્તોનો આધિદૈવિક સ્ત્રી ભાવ છે. ગોપાલોમાં તે ભાવ સિદ્ધ કરાવ્યો છે. રાત્રિ લીલામાં આ ગોપાલોના સહકારીત્વનું વર્ણન શ્રીશુકે ભાગવતમાં કર્યું નથી, તેમજ શ્રીમદાચાર્યચરણે પણ શ્રીસુબોધિનીજીમાં વર્ણન કર્યું નથી તેને અહીં લેખનીમાં ઉતારતા મહત સ્વરૂપોનો અતિક્રમ થાય છે. અને આ અતિક્રમ મહાન અપરાધ રૂપ હોવાથી અહીં તેનું સ્પષ્ટીકરણ કરવું સર્વથા યોગ્ય નથી. શ્રીમદાચાર્યચરણની કૃપાએ જ્યારે અલૌકિક સ્ત્રીભાવ પ્રાપ્ત થશે, પુરુષ ભાવની ઠસકનું નામ-નિશાન નહી રહે ત્યારે રાત્રિ લીલા સહજ સ્ફુરીત થશે.

પૂર્ણગુણ વિગ્રહ-પુર્ણ નિર્દોષ પ્રભુની લોક વેદથી વિરૂદ્ધ રસશાસ્ત્ર અનુસારી લીલાઓ સ્વકીયોના નિરોધને સિદ્ધ કરી પોતાના સ્વરૂપાનંદના દાન માટે છે. દુર્ભાગી આસુરી જીવોને પ્રભુની આ લીલામાં દોષ દ્રષ્ટિ થાય છે.

અને તેથી અંધતમ નરકમાં પાત થાય છે. આવું અનિષ્ટ ન થાય તે માટે શ્રી શુકે તે લીલાને પ્રગટ કરી નથી.

જેમ અષ્ટ સખાઓ બહારથી "પુરુષ" આકૃતિવાળા છે અને તેમના અન્તઃકરણો (લિંગદેહો) "સ્ત્રી" ભાવવાળા છે. ત્રણ જન્મની વાર્તાના ભાવ પ્રકાશમાં શ્રીહરિરાય પ્રભુએ અષ્ટ સખા તથા ચોરાશી બસોબાવનના આધિદૈવિક સખીભાવવાળા સ્વરૂપોનું નામ સહિત વર્ણન કરેલું છે. તેમ આ અંતરંગ ગોપાલો પણ બહારથી પુરુષ આકૃતિ વાળા અને તેમના અન્તઃકરણ સ્ત્રી ભાવ વાળા છે. આ સ્ત્રીભાવવાળા તેમનાં આધિદૈવિક સ્વરૂપો ભાવાત્મક છે. અને તે ભાવાત્મક સ્વરૂપો તેમની ભીતર અન્તઃકરણમાં રહેલ છે. આ જ પ્રકારે લીલાધામથી વિછુરેલા આધુનિક દૈવીજીવોના આધિદૈવિક સ્ત્રીભાવાત્મક સ્વરૂપોને બ્રહ્મસંબંધ સમયેજ શ્રીમદાચાર્યચરણ કૃપા દ્રષ્ટિ દ્વારા તેમના અન્તઃકરણમાં સ્થાપીત કરે છે. ભક્તોના આ આધિદૈવિક સ્વરૂપની પ્રેરણાથી જ ભૂતલ સ્થિત દૈવીજીવ પ્રભુના સેવા સ્મરણાદિ પ્રક્રિયા દ્વારા સાનિધ્યતાનો અનુભવ કરે છે. આધુનિક દૈવીજીવ પોતાના જ આધિદૈવિક સ્વરૂપનું જ્ઞાન મેળવી તે સ્વરૂપમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી લીલા ધામમાં તેનો પ્રવેશ થઈ શકતો નથી.

ખરી રીતે સેવા, સ્મરણ, ગુણગાન આદિ જેટલા ભગવદ્ ધર્મોનું આચરણ કરવામાં આવે છે તે દૈવીજીવને પોતાના નિત્ય સિદ્ધ આધિદૈવિક સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે જ છે. અથવા સાધનાત્મક પુરુષાર્થની સમાપ્તિ આ આધિદૈવિક સ્વરૂપની પ્રાપ્તિમાં જ થઈ જાય છે.

અહીં એક અતિ આવશ્યક બાબતને સમજી લઈએ કે આ પ્રભુની રહસ્ય લીલા શ્રવણનો

અધિકારી કોણ ? શ્રીમહાપ્રભુજી તામસ પ્રમાણ પ્રકરણના શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે, જ્યાં સુધી અન્તઃકરણ શુદ્ધ ન થાય ત્યાં સુધી ગોપીજનો સાથેની રહસ્ય લીલાઓનું શ્રવણ ન કરવું. પ્રભુની બાલલીલા-સખાઓ સાથેની વનમાં થતી સખ્યલીલાઓનું શ્રવણ કરવું. "અન્તઃકરણની શુદ્ધિ" એટલે પ્રભુમાં પતિભાવવાળા સ્ત્રી ભાવની પ્રાપ્તિ. આવો સ્ત્રીભાવ શ્રવણ કરનાર પુરુષ-દેહધારીને ન થાય અને પ્રાકૃત કામનું જોર હશે તો રહસ્યલીલાના શ્રવણથી વિકાર ઉત્પન્ન થશે અને તેથી તેનું મહતઅનિષ્ટ થશે. આ હેતુથી રહસ્યલીલાનું શ્રવણ નહી કરવું તેવી આપશ્રીએ આજ્ઞા કરી છે.

લીલા ધામથી વિછુરેલા દૈવીજીવોના ઉદ્ધારની ચિન્તાને હૃદયમાં ધરી મહાકારૂણિક સ્વામી ભૂતલમાં પ્રાદુર્ભૂત થયા છે.

આ કલિકાલમાં દુસંગથી બચવા હર પલે સાવધાન રહેવાનું છે. પ્રભુ સન્મુખ રહી ભાવ રૂપ નિધિ પ્રાપ્ત કરી હશે તેનો દુસંગથી નાશ થઈ જાય છે. ઘરમાં બીરાજતા પ્રભુ આપણા ઉદ્ધારની ચિન્તા લઈને બિરાજી રહ્યા છે. તે સ્વરૂપમાં કંઈ ન્યુનતા નથી કે બીજાના સંગની કે બીજા કોઈ પ્રકારની આશા કરવી પડે. સેવ્ય સ્વરૂપનો આશ્રય-વિશ્વાસ છુટે છે અને બીજાની આશા થાય છે ત્યારે લક્ષ્મણ રેખાનું ઉલંઘન કરી સિતાજી રાવણને ભીક્ષા દેવા ગયા અને સિતાજીને ઉપાડી તે દાનવની નગરી લંકામાં લઈ ગયો. દૈવીજીવની પ્રભુ સંબંધી બુદ્ધિ સતી સિતાજી જેવી છે. તે નિજસ્વામીનાં આશ્રયને છોડી બીજાની આશા કરતા આસુરી ભાવનો પ્રવેશ થતા હૃદય લંકા બની જાય છે. અને આસુરી ભાવોરૂપ દાનવોથી ઘેરાયેલી ભગવદ્ સંબંધી બુદ્ધિ, દુઃખનો અનુભવ કરતી થઈ જાય છે.

પ્રસંગવસાત આ હિતકારી સૂચનોના પ્રેરક કરૂણાસાગર શ્રીમહાપ્રભુજીની પ્રેરણાને આપણા હિત માટે હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે. દિવ્ય પ્રભુ પ્રેમ પ્રાપ્તિમાં ઘણા વિઘ્નો આવે છે તેથી સાવધાનતાની જરૂર છે. (ક્રમશઃ)

લે. "મધુકર"

શ્રી સર્વોત્તમજીમાં આપ શ્રી વલ્લભનું નામ "નિખિલેષ્ટક" છે. "ખિલ" એટલે અલ્પ. અને "નિખિલ" એટલે અમાપ અથવા અગણિત. અગણિત આનંદરૂપ પ્રભુનું, મહાકારૂણિક શ્રીવલ્લભે નિજજનોને દાન કરેલું છે. તેજ આપણા મસ્તકે બિરાજતું સેવ્ય સ્વરૂપ છે.

આ અગણિત આનંદ સ્વરૂપને આપણે હૃદયમાં ક્યારે ધારણ કરી શકીએ ? સેવ્ય સ્વરૂપમાં જ જ્યારે એકાંગી પ્રીતિ થાય તેમાંજ આસકિત-વ્યસન અને તન્મય અવસ્થા પ્રાપ્ત થયે અગણિત આનંદ સ્વરૂપને ધારણ કરી શકાય. એકાંગી પ્રીતિ વિના આગળની કક્ષા આસકિત, વ્યસન-તન્મયતા સિદ્ધ થતી નથી. ચતુરોની ચતુરાઈ આ એકાંગી પ્રીતિમાં જ રહેલી છે તેમ શ્રી ગોકુલેશ પ્રભુએ શ્રી સર્વોત્તમજીની બ્રહદ્ ટીકામાં "વિબુધેશ્વરઃ" નામમાં જણાવેલ છે. હિલગના પદોમાં–

"મન મૃગ વેધ્યો મોહન, નયન બાનસો"

ભલા ! જેનું મન-મૃગ પ્રિયતમના રસ ભર્યાં કટાક્ષથી વીંધાઈ ગયું તે બીજાના કામનો રહી શકે ખરો ? પુષ્ટિ માર્ગના પ્રવેશ કરીને કંઈ જાણવા જેવું અને કંઈ પ્રાપ્ત કરવા જેવું હોય તો પ્રભુ પ્રત્યેની તત્સુખાત્મક-એકાંગી પ્રીતિ જ છે. આ પ્રીતિને જો ન જાણી તો કંઈજ જાણ્યું નથી. અને આના એક બિન્દુને પણ જો પ્રાપ્ત ન કરીએ તો કંઈજ પ્રાપ્ત કર્યું નથી. દિવ્ય પ્રેમ માર્ગની ધ્વજા રૂપ શ્રી ગોપીજનો મહાજ્ઞાની ઉદ્ધવજીને કહી રહ્યા છે કે –

પ્રેમ વિના સબ પચિમરે, વિષય વાસના રોગ, સખા સુન શ્યામકે.

દિવ્ય પ્રેમ તો સોલ્યુસન જેવો મહાન સ્નિગ્ધ છે-તેમાં ચીપકેલું મન કોટિ ઉપાયે છુટી શકતું નથી

અતિ અટપટો ચટપટો વ્રજકો પ્રેમ સંજોગ
અજહુંલો સુરઝે નહી, અરૂઝે બડે બડે લોગ
પ્રાન વલ્લભકે પ્રેમમેં રહે વિરહી લપટાય
અજહુંલો સુરઝે નહી દિન દિન અધિક બઢાય

આ દિવ્ય પ્રેમ પ્રાપ્તિની સાધના કેવા પ્રકારની છે તે રસિક મહાનુભાવ નંદદાસજી કહે છે –

જા ઘટ વિરહ અવા અનલ, પરિપક ભયે સુભાવ ।
તાહી ઘટ મધ્ય નંદહો, પ્રેમ અમી ઠહરાય ।।

દિવ્ય પ્રેમ આત્માના અંતઃસ્થલમા ગૂઢ તત્વ રૂપે રહેલો છે તેને પ્રાપ્ત કરવા માટે જેમ દેવ દાનવોએ અમૃત માટે સમુદ્રનું મથન કર્યું. તેમાં પ્રથમ તો કાલકૂટ વિષજ નીકળ્યું. પછી અમૃત પ્રાપ્ત કર્યું. તેમ વિરહના અનુભવથી જ્યારે હૃદયનું મંથન થાય છે ત્યારે પ્રથમ તો વિજાતીય ભાવો રૂપી વિષ બહાર નીકળે છે. પછીજ દુર્લભ દિવ્ય પ્રેમ રૂપી અમૃત આત્માના અંતઃસ્થલમાંથી પ્રાપ્ત થાય છે. આને જ દિવ્ય પ્રેમ સમજવો. આપણા મનના વિલાસરૂપ જવા ત્યાં પ્રેમ વંટાયેલો છે તે પ્રેમ દિવ્ય નથી. દિવ્ય પ્રેમનું એક બિન્દુ પ્રાપ્ત થતાં કેવી સ્થિતિ થાય છે તેનો પરિચય પ્રણય પથિક નીચે મુજબ કરાવે છે –

તૃણ સમ સબ વ્હે જાહી પ્રભુતા સુખ ત્રિલોકકે
યહ આવે મનમ હી, રંચક ઉપજે પ્રેમ જબ
પ્રેમ પ્રગટ જબ હોય હે ભૂલે જગતકો ભાન
તુ તુ તુ રહી જાય હે હું કો મીટે નિશાન

સ્વર્ગ-મૃત્યુ-પાતાલ આ ત્રણ લોક બ્રહ્માજીએ બનાવ્યા. આ ત્રણ લોકમાં રહેલુ સુખ દિવ્ય પ્રેમના એક બિન્દુ સામે તૃણ, ઘાસના તણખલા જેવું તુચ્છ ભાસે છે. અને આ

પ્રેમનું એક બિન્દુ પ્રાપ્ત થતાંજ જગતનું અને પોતાનુ ભાન ભૂલાવી દે છે. આટલુંજ નહી પરન્તુ દિવ્ય પ્રેમનું એક બિન્દુ મેળવી લીધા પછી તેના અનિર્વચનીય આસ્વાદમાં પ્રેમીજન ડૂબ્યો રહે છે, અને તપતો પણ રહે છે. "દિવ્ય પ્રેમને આવા પ્રકારનો જાણી લીધા પછી સમજી શકાશે કે આપણા મનના વિલાસ રૂપે જ્યાં ત્યાં ભટકીએ છીએ, તે દિવ્ય પ્રેમ નથી પરંતુ વાસનાના વિકારોજ છે."

દિવ્ય પ્રેમની એકાંગી સાધનામાં રસિક કવિઓએ ચાતકને બિરદાવેલ છે. દિવ્ય પ્રેમને જાણી લીધા પછી તેના એક બિન્દુને પ્રાપ્ત કરવા જીવનને પ્રણય વેદીમાં હોમી દેનારા પ્રણય સાધક ચાતકના માર્ગનેજ અનુસરનારા હોય છે. ચાતકની આ એકાંગી સાધનાને સમજવાની વિપુલ સામગ્રી વ્યાસબાવાકૃત "પંચામૃત" ગ્રંથના "ઘનચાતક" નામના પ્રકરણમાં જોવા મળશે. ચાતકની પ્રતિજ્ઞા –

સબતે મનજુ નિકાસીકે લીયો અનન્ય વ્રત એક
પ્રાણ જાઓ પ્રણ ન જાઓ, યહ ચાતકકી ટેક.

દુનીયાથી બાતલ થઈ જવું, આ દિવ્ય પ્રેમ પથનું પ્રથમ સોપાન છે. કારણ કે દિવ્ય પ્રેમ બીજી દુનિયાની વસ્તુ છે. તેથી દ્રશ્યમાન દુનીયામાં રચ્યા પચ્યા રહેનારને તે ન મળે –

પ્રેમામૃત પીવા ચહે, કરે વિષયથી નેહ ।
વિષ વ્યાપે બાળે હૃદય, કરે જર્જરીત દેહ ।।
મન વિષયોમા રમી રહે, કરે પ્રેમની વાત ।
એ મીથ્યા વાદી સદા, કરે જીવનની ઘાત ।।
ભવ સાગર તરવા ચહે, ચઢે વિષયની નાવ ।
સહસા ડૂબે મધ્યમાં લેશ ન લાગે દાવ ।।
દંભી દ્રોહી, સ્વારથી, વાદી, માની, પાચ ।
એ ખલ કદી ન સહી શકે, પ્રેમ અનલકી આંચ ।।

રતિ પથ પથિકોનો ‘‘સર્વાત્મભાવ’’

- પ. ભ. મધુકર

નાહીન રહ્યો મનમેં ઠોર,
નંદનંદન બિન કાસુ કર, આનીયે ચિત્ત ઓર.
ચલત ચિતવત દ્યોસ જાગત, સ્વપ્ન સોવત રાત,
હૃદયતે યહ મદન મૂરતિ, છિન ન ઇત ઉત જાત.
કહત કથા અનેક ઉધો, લોભ લાખ દિખાય,
કહા કરે ઘટ પ્રેમ પૂરણ, સિન્ધુ નાહિ સમાય.
શ્યામ ગાત સરોજ આનન, લલિત ગતિ મૃદુ હાસ,
"સૂર" એસે દરસકો યહ, મરત લોચન પ્યાસ.

શ્રી મદાચાર્યવર્યે સંન્યાસ નિર્ણયમાં આજ્ઞા કરી – "જ્ઞાનિનામપિ વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ"

આપશ્રીની આ આજ્ઞામાં રહેલા રહસ્યને મહાનુભાવ શ્રી સૂરદાસજીએ ઉપરના પદમાં પ્રક્ટ કર્યું છે.

શ્રીમાન ઉદ્ધવજી પ્રિયતમનો સંદેશ લઈને વ્રજમાં આવ્યા પછી વ્રજવલ્લભા-શ્રીગોપીજનો સાથે સંવાદ ચાલે છે. શ્રી ઉદ્ધવજી જ્ઞાન માર્ગીયોના નિરાકાર-સર્વત્ર આત્મજ્યોતિ રૂપે રહેલા બ્રહ્મનું અથવા નિરાકાર-સર્વાત્મભાવનું નીચે પ્રમાણે પ્રતિપાદન કરે છે :

જાકે રૂપ રેખ કછુ નાંહી, નયન મુંદિ ચિતવહુ ચિત્ત માંહી
હૃદે કમલમેં જ્યોતિ બિરાજે, અનાહત નાદ નિરંતર બાજે
ઇંડા પિંગલા સુષમના નારી, સૂન્ય સહજમેં વસે મુરારિ
માતા પિતા નહિ દારા ભાઈ, જલ થલ ઘટ ઘટ રહે સમાઈ

યહિ પ્રકાર ભવ દુસ્તર તરિ હો, યોગ પથ ક્રમ ક્રમ અનુસરિ હો

"જાકે રૂપરેખ કછુ નાહીં" આ કથનમાં નિરાકારતા અને "જલ થલ ઘટ રહે સમાઈ" આ કથનમાં સર્વત્ર આત્મા રૂપે સ્થિતિ. આમ નિરાકાર-બ્રહ્મભાવ-સર્વાત્મ ભાવનું શ્રીઉદ્ધવજી જ્ઞાન સ્વરૂપ પરબ્રહ્મનું પ્રતિપાદન કરી રહ્યા છે.

અને શ્રી ગોપીજનો રતિપથ પથિકોના અથવા દિવ્ય પ્રેમમાર્ગના પ્રેમ સ્વરૂપ પરબ્રહ્મના સાકાર-સર્વાત્મભાવનું પ્રતિપાદન કરી રહ્યા છે. જેનુ શ્રી સૂરે "નાહીન રહ્યો મનમેં ઠોર" આ પદમાં વર્ણન કરેલું છે.

દિવ્ય પ્રેમ પથિકોનો સર્વાત્મભાવ, સ્થાવર જંગમમાં પ્રિયતમના સ્વરૂપની ભાવના કરવી તેવો નથી. પરન્તુ સ્થાવર-જંગમની જગ્યાએ અર્થાત્ સર્વત્ર વિશ્વમાં તેમને પ્રિયતમના ભાવાત્મક સાકાર સ્વરૂપનોજ અનુભવ થાય છે. અને જેમ સર્વત્ર પ્રિયના સ્વરૂપનોજ અનુભવ થાય છે. તેમ જાગૃત-સ્વપ્ન-સુષુપ્ત, આ ત્રણે અવસ્થામાં પણ પ્રિયના સ્વરૂપનોજ અનુભવ થઈ રહ્યો છે. તેથી કહ્યું –

ચલત, ચિત્તવત, દ્યોસ, જાગત, સ્વપ્ન, સોવત, રાત,
હૃદયતેં યહ મદન મૂરતિ, છિન ન ઇત ઉન જાત.

મતલબ કે, ત્રણે અવસ્થામાં અને વિશ્વમાં સર્વત્ર પ્રિયતમના ભાવાત્મક સાકાર સ્વરૂપનોજ અનુભવ કરી રહ્યા છે. આ અવસ્થાને "ધર્મીવિપ્રયોગ" કહેવાય છે.

આ ધર્મી વિપ્રયોગમાં પ્રિયતમના સ્વરૂપનો અનુભવ કેવા પ્રકારનો થાય છે ? આ શ્રી ગોપીજનોએ પ્રિયતમના સ્વરૂપથી-તદાત્મકતા પ્રાપ્ત કરી છે અથવા પ્રિય સ્વરૂપથી અભેદતા પ્રાપ્ત કરી છે. વિપ્રયોગનો સર્વાત્મ ભાવ સિદ્ધ થતાં પ્રિયતમનું રસાત્મક, ભાવાત્મક સ્વરૂપ શ્રીગોપીજનોના નખ શિખાંત સર્વાંગમાં વ્યાપ્ત થઈ ગયેલું હોય છે. જેમ મૂર્તિમાં ભગવદ્ આવેશ થતાં મૂર્તિ ભગવદ્ રૂપ બને છે. મૂર્તિજ ભગવદ્ રૂપ મનાય છે. તેમ શ્રીગોપીજનોના સર્વાંગમાં પ્રિયનું રસાત્મક, ભાવાત્મક સ્વરૂપ વ્યાપ્ત

થયેલું હોવાથી શ્રીગોપીજનોએ પ્રિયથી અભેદતા પ્રાપ્ત કરી પ્રિય રૂપજ થઈ ગયાં છે. આ અભેદ અવસ્થામાં પ્રિયતમના નિઃસીમ સૌન્દર્ય-લાવણ્ય-માધુર્ય સુધાનોજ અખંડ અનુભવ કરી રહ્યા છે. જેમ સાગરમાં સ્વતઃ તરંગો પ્રતિક્ષણ પ્રક્ટ થતા રહે છે તે રીતે 'આત્માનન્દ સમુદ્રરથ'-સ્થાયી ગૂઢ ભાવ સ્વરૂપ દિવ્ય પ્રેમ સૌન્દર્યના સાગરરૂપ પ્રિયતમના સૌન્દર્ય માધુર્ય સુધાનો, પ્રતિક્ષણ નૂતન નૂતન અનુભવ કરે છે. આ સુધા તાપાત્મક હોવાથી તેનો અનુભવ કરવા છતાં તૃપ્તિનો અભાવ રહેતો હોવાથી કહ્યું "સૂર એસે દરસકો યહ મરત લોચન પ્યાસ." આ વિષયમાં એક રસિક ભક્તના સ્વાનુભવની ઉક્તિ –

પીવત પીવત રૂપ રસ બઢત રહત નિત આશ,
દઈ દઈ નેહી દ્રગન, અજબ અનોખી પ્યાસ.

મહાનુભાવ પરમાનંદદાસજી કૃતહિલગના પદમાં-"કમલ મુખ દેખત તૃપ્તિ ન હોય ।" આ પદની અન્તીમ પંકિતમાં "ભજન ભેદ ન્યારો "પરમાનંદ" જાનત વિરલા કોય ।" "અખિલં મધુરમ્" પ્રિયતમના નિઃસીમ સૌન્દર્ય લાવણ્ય માધુર્ય-સુધાનોજ નિરંતર અનુભવ કરવો તે કોઈ વિરલાજ જાણે છે. અથવા કોઈ વિરલાજ આ પરમ પુરુષાર્થના શિખરે પહોંચી શકે છે. આ દિવ્ય પ્રેમ-સુધા સૌન્દર્યના અનુભવની દુર્લભતા કથવાનું કારણ –

"મુખ શશિ કોટિ વિક્ટ ગઢ ગાઢે, મન નહી કરત પ્રવેશ"

ઉપરોક્ત પંકિત મલારના પદની છે. 'પ્રેમામૃતરસાયન' સ્તોત્રમાં "કોટિકન્દર્પ લાવણ્યઃ કોટિ ઈન્દુ લલિત દ્યુતિ"... અહીં કોટિ સંખ્યા ઉપલક્ષણ માત્ર છે. અસંખ્ય કન્દર્પથી પણ અધિક લાવણ્યતા. અને અસંખ્ય ઈન્દુઓની મનોહર પ્રભાથી યુક્ત ઘનીભૂત પ્રિયતમના શ્રીમુખની સૌન્દર્યતામાં મનનો પ્રવેશ થઈ શકતો નથી.

અહીં પ્રશ્ન થાય કે આ નિઃસીમ સૌન્દર્ય સ્વરૂપમાં મનનો પ્રવેશ થઈ શકતોજ નથી. તો

ઉપરોક્ત કથનમાં શ્રી ગોપીજનો પ્રિયતમના સૌન્દર્ય સ્વરૂપનો અનુભવ તો કરી રહ્યા છે, તેમાં શું સ્વારસ્ય રહેલું છે ? સમાધાનમાં પ્રજવલીત અગ્નિમાંથી પ્રક્ટ થતી નીલ જ્યોતિ-શિખા તે અગ્નિની પત્નિ છે. તે અગ્નિથી વ્યાપ્તજ રહી આવે છે. તેમ નિઃસીમ સૌન્દર્ય સ્વરૂપ પ્રિયતમથી શ્રીગોપીજનોએ અભેદતા પ્રાપ્ત કરી છે. તેથી અનુભવ કરી શકે છે.

શ્રીમદાચાર્યવર્યના શુદ્ધાવ્દૈત સાકાર બ્રહ્મવાદની સર્વોત્કર્ષતા પ્રિયતમના નિઃસીમ સૌન્દર્ય સ્વરૂપમાં શ્રીગોપીજનોએ પ્રાપ્ત કરેલી અભેદતામાં વિરામે છે. અલમ્ અધિક કથવેમેં. ("ધર્મીસંયોગ" એ "ભેદ સહિષ્ણુ અભેદ" અવસ્થા છે. અને "ધર્મીવિપ્રયોગ" એ "કેવલ અભેદ" અવસ્થા છે, આ માન્યતા કિંકરની અલ્પ મતિની છે તેની યથાર્થતા વિજ્ઞ વૃન્દે વિચારણીય – લેખક)

'ચતુઃશ્લોકી' પ્રાક્ટય હેતુ

- પ.ભ. શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ

પ્રાક્ટયના પ્રારંભથી મહારાસ સુધી લીલા કરી જે સ્વરૂપ શ્રી વ્રજરત્નાઓમાં સિદ્ધ થયું, તેજ સ્વરૂપ નિજજનોમા સિદ્ધ થાય તેવો ઉપદેશ ચતુઃશ્લોકીમાં આપે કરેલો છે. આપ સ્વયં શ્રી સ્વામીનીજીના ભાવાત્મક સ્વરૂપથી જે પરમ પુરુષાર્થનો અનુભવ કરી રહેલા છે તેજ પુરુષાર્થ નિજજનોને પ્રાપ્ત કરાવવા ચતુઃશ્લોકી પ્રગટ કરેલ છે. તેમા નિજજનોના કર્તવ્યનો નિર્દેશ કરેલો છે, તેમાં પદ ધરેલું છે. "સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધીપઃ" સર્વદા નિજજનોનું આજ કર્તવ્ય છે કે નિઃસાધનના સ્વામિ પ્રભુના સ્વરૂપનું નિરંતર, સર્વ ભાવે કરીને ધ્યાન કરવું "યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ" આ પંક્તિથી નિરંતર ધ્યાને કરીને પ્રભુ સ્વરૂપ રૂપી ફલનું સ્વાધિનપણું જતાવેલું છે જેમ એક ચિત્રકાર ધ્યાન મગ્ન બનીને ચિત્રને તૈયાર કરે છે, તેમ ધ્યાન દ્વારા પ્રભુનું સ્વરૂપ હૃદયમાં અંકીત થતું જાય છે. જ્યારે ધ્યાનથી સ્વરૂપ હૃદયમાં સ્થાયી થાય છે ત્યારે ફલનું સ્વાધિનપણુ સિદ્ધ થયુ તેમ કહેવાય છે. નિજજનોમાં આ પરમ પુરુષાર્થ કે જે અતિ દુર્લભ છે તેને સિદ્ધ કરવા માટે નિરંતર સર્વ ભાવે આપ સ્વરૂપ ધ્યાનનો

ઉપદેશ કરે છે. "અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ" જો સર્વાત્મભાવે કરીને પ્રભુનું સ્વરૂપ હૃદય રૂઢ થયું પછી બાકી પ્રાપ્ત કરવાનું શું રહે છે ? આ પંક્તિથી સ્વાધિન ફલના નિરંતર અનુભવનુ સૂચન કરેલું છે. તાત્પર્ય એ છે કે, આ ચતુઃશ્લોકીમાં જણાવેલો પુરુષાર્થ, મૂલધામસ્થ સ્વરૂપાનંદના અનુભવમા સ્થિતિ કરાવનારો હોવાથી અન્તીમમાં "સ્મરણં ભજનં ચાપિ નત્યાજ્યમિતિ મે મતિઃ" એમ આપે આજ્ઞા કરી છે. અનેક પ્રકારની રસાત્મક લીલાનો વિચાર-મનન તે સ્મરણરૂપ છે અને કોટિકંદપૈ લાવણ્ય પ્રભુના સ્વરૂપનું ધ્યાન એ ભજનરૂપ છે. આ બન્નેનો ત્યાગ નહિ કરવો એમ નિજજનો પ્રતિ, આપ આજ્ઞા કરે છે. આ રીતે પ્રભુના સ્વરૂપનું નિરંતર ધ્યાન તેનું નામ જ અનન્યતા છે. અનન્યતાના આગ્રહમાં શ્રીગોકુલેશ પ્રભુ ચતુઃશ્લોકીના પ્રથમ શ્લોકની પ્રથમ પંક્તિનો નિજજનોને સંકેત કરે છે. લીલા સમુદ્રના મથનના સારરૂપે આ ચતુઃશ્લોકી પ્રક્ટ કરેલ છે. જન્મ પ્રકરણથી લઈને મહારાસ સુધીના લીલા સાગરનું દોહન કરીને જે સ્વતઃસિદ્ધ રસ પ્રક્ટ કર્યો છે તે આપે ચતુઃશ્લોકીમાં ધરી દીધેલો છે "હરિના હરિ" થવું એ આ માર્ગના શિખર અધિકાર રૂપ છે અને આવો શિખરનો અધિકાર મેળવવા માટે ચતુઃશ્લોકીના આશયને હૃદયમાં ધારણ કરી નિરંતર સ્વરૂપ ધ્યાનમાં નિજજનોએ સ્થિત થવું યોગ્ય છે. "અનન્યાશ્ચિન્તયન્તે"માં યે જનાઃ પર્યુપાસતે, તેષાં નિત્યાભિયુક્તાનામ્ યોગક્ષેમં વહામ્યહમ્ ।।

(ગીતાજી)

કેવલ મારા સ્વરૂપનો જ આશ્રય કરીને મારા સ્વરૂપનું જે ચિન્તન (ધ્યાન) કરે છે તેવા અનન્ય જનને "યોગ" એટલે મારા સ્વરૂપની પ્રાપ્તિમાં જે રસાત્મક ભાવ સંપદાની આવશ્યકતા છે તેનું દાન હુ જ કરું છું. અથવા હૃદયમાં રહીને રસાત્મક ભાવ સંપદાનો પ્રવાહ-પ્રેરણા દ્વારા વહેવડાવીને મારા સ્વરૂપમાં સ્થિત થવા રૂપી યોગ હું જ સિદ્ધ કરું છું. અને આ મહાન દિવ્ય ભાવ સંપદાનું જે હું દાન કરું છું તેનું ચારે કોરથી રક્ષણ પણ હું જ કરું છું. અનન્યજનો માટે આપ આટલી બધી બાંહેધરી આપી રહ્યા છે છતાં આવા પ્રભુની આવી મહાન કરૂણા તરફ કેમ લક્ષ નહિ અપાતું હોય એ એક આશ્ચર્ય છે ! અનંત

ગુણ ગંભીર પરમ ઉદાર પોતાના મહારસનું દાન કરવા ઉત્સુક, આવા પ્રભુને છોડીને અન્ય આનંદની ભીક્ષા માગવાની કેમ વૃત્તી થતી હશે ?

"સ્વદાસાર્થ કૃતાશેષ સાધનઃ" સ્વદાસના અર્થે સ્વયંની પ્રાપ્તિ કરાવવા શ્રી વલ્લભ સમસ્ત સાધનો કરી રહેલા છે, પછી કોની આશા કરવાની રહે ? મહાસાગરનું જ્ઞાન થયા પછી કૂપ, સરોવર, સરિતાની કોણ આશા કરે ? "છાંડ સાગર કોન મુરખ, ભજે છીલ્લર નીર, રસિકમનકી મીટી અવિદ્યા, પરસ ચરણ સમીર." પરમ કારૂણીક મહાનુભાવોએ સ્વરૂપાનુભવ કરીને માર્ગદર્શન આપેલું હોવા છતાં તે તરફ કેમ લક્ષ પહોંચતું નથી ?

જેમ શ્રી શુકે પરીક્ષિતને અન્તીમ ઉપદેશમાં પ્રભુના સ્વરૂપના ધ્યાનનો જ નિર્દેશ કરેલો છે, તેમ આપણે પણ જે કરવાનું છે તેના સાધનનો નિચોડ બહુજ વિચારના મંથનપૂર્વક અત્રે નિવેદન કરેલો છે.

વિરહભાવાત્મક યુગલોમાં વિરહભાવાત્મક શ્રી વલ્લભનો વિલાસ છે. શ્રી વલ્લભ વિરહાગ્નિથી આ યુગલો તદ્રુપ છે. વિરહભાવાત્મક સુધાનોજ અરસપરસની વિરહ અનુભવ કરી રહ્યા છે તેવા યુગલ સ્વરૂપના ભાવનું આ અષ્ટાક્ષર નામ છે, તેવી ભાવના રાખી અષ્ટાક્ષરનું સ્મરણ કરવું તે શ્રીવલ્લભનું જ સ્મરણ છે !

શ્રી વલ્લભ, શ્રીજી, શ્રી યમુનાજી અને જેટલા ભગવદ્ સ્વરૂપો બિરાજે છે તે બધાં રસાત્મક જ હોવાથી રસાત્મકપણાથી ભિન્નતા નથી, પરંતુ લીલાનો ભેદ રહેલો છે, અને આ લીલાનો ભેદ વિવિધ રસના અનુભવ માટે પ્રભુએ જ રાખેલો છે !

રસાત્મક સ્વરૂપનો આપણે અનુભવ કરવો હોય તો આ સ્વરૂપને બે પ્રકારે સમજવું જોઈએ. તે એવી રીતે કે સેવ્ય સ્વરૂપ "ભોક્તારૂપ" છે, અને આજ સેવ્ય સ્વરૂપ શ્રી આચાર્ય ભાવથી રસાત્મક ભાવ સિદ્ધ કરે છે. તે સેવ્ય સ્વરૂપનું જ "યજ્ઞ કર્તા" સ્વરૂપ છે, આવી જ રીતે શ્રી વલ્લભવંશ, રસાત્મક સાહિત્ય, અને ભગવદિયો દ્વારા જે રસાત્મક

ભાવ પ્રાપ્ત થાય છે તે સર્વમાં સેવ્ય સ્વરૂપનુંજ "યજ્ઞકર્તા" સ્વરૂપ રહેલું છે. શ્રી યમુનાજી ભક્તોમાં રસાત્મક ભાવ પ્રક્ટ કરી ભક્તોમાં આધિદૈવિકતા સિદ્ધ કરનારા હોવાથી "યજ્ઞકર્તા" સ્વરૂપ છે.

રસ સ્વરૂપ બે પ્રકારનું છે. 'સંયોગાત્મક' અને 'વિપ્રયોગાત્મક.' તેમાં "સંયોગાત્મક પું-ભાવાત્મક" સ્વરૂપ શ્રી વિઠ્ઠલેશનું, અને "વિપ્રયોગ પું-ભાવાત્મક" સ્વરૂપ શ્રી વલ્લભનું છે. એટલે સેવ્ય સ્વરૂપ અને શ્રી વલ્લભ-વિઠ્ઠલની ભિન્નતા ન રહી. દ્વિદલાત્મક રસાત્મક વિલાસના ભેદે શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ, શ્રીજી અને શ્રી નવનીતપ્રિયાજી-આવા નામોના ભેદો રહેલા છે.

ગાયત્રીભાષ્યમાં શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે કૃષ્ણ સ્વરૂપ બે પ્રકારનું છે. એક "સદાનંદરૂપ", અને બીજું "સચ્ચિદાનંદાત્મક" સ્વરૂપ. બહાર પ્રક્ટ સ્વરૂપનાં જે દર્શન થાય છે તે સચ્ચિદાનંદ સ્વરૂપ છે, અને તે પ્રગટ સ્વરૂપોની ભિતર સુધા સ્વરૂપે જે બિરાજે છે તે "સદાનંદ" સ્વરૂપ છે. આ "સદાનંદ" સ્વરૂપ વિપ્રયોગ ભાવાત્મક હોવાથી તેનેજ શ્રી વલ્લભ કહેવાય છે. આ સુધા સ્વરૂપ શ્રીવલ્લભની સચ્ચિદાનંદ સ્વરૂપની ભિતર સદા સ્થિતિ હોવાથી, સચ્ચિદાનંદ સ્વરૂપનો વિલાસ સિદ્ધ થાય છે. અથવા સચ્ચિદાનંદ સ્વરૂપનો અનુભવ "ક્રીયા" દ્વારા થાય છે, અને 'સદાનંદ'નો અનુભવ "ભાવ" દ્વારા થાય છે. આ રીતે લીલા લોકમાં કે ભૂતલમાં સચ્ચિદાનંદ સ્વરૂપોમાં અને શ્રીસ્વામિનીજીઓમાં આંતરસ્થિત સદાનંદ સ્વરૂપ રહેલું છે. આવી રીતે કૃષ્ણના પણ બે સ્વરૂપ જાણવા.

મૂલ સુધા સ્વરૂપ શ્રી વલ્લભમાં અનંત સ્ત્રી-ભાવ અને પું-ભાવ રહેલા છે. જ્યારે આપને બહાર વિહાર કરવાની ઇચ્છા થઈ ત્યારે પોતાના 'સ્ત્રી' ભાવમાંથી અનત સ્વામિની ભાવાત્મક સ્વરૂપો પ્રક્ટ કર્યાં અને આપના પું-ભાવમાંથી અનંત પુરુષોત્તમ ભાવાત્મક ભગવદ્ સ્વરૂપો પ્રક્ટ કર્યાં. આથી બહારનો વિલાસ સિદ્ધ થયો. આ સર્વ સ્વરૂપો શ્રી વલ્લભમાંથી જ પ્રગટ થયા છે તેથી 'રસો વૈ સઃ' પ્રકારે તે સર્વ વલ્લભરૂપ જ છે. તેમ છતાં રૂપ-નામનો ભેદ રાખેલો છે તે લીલા વૈવિધ્યતાને માટે.

આ સર્વ બહાર પ્રક્ટ થયેલાં શ્રીસ્વામિનીજીઓમાં અને ભગવદ્ સ્વરૂપોમાં શ્રી વલ્લભ મુલ સુધા રૂપે આંતરમાં સ્થિત રહી યુગલોમાં રસાત્મક ભાવોને પ્રક્ટ કરી વિલાસ સિદ્ધ કરે છે ત્યારે આપ યજ્ઞ કર્તા રૂપે છે, અને યુગલોમાં રસવિલાસ થાય છે ત્યારે તેમાં જે સુધા પ્રક્ટ થાય છે તેના "ભોક્તા" પણ શ્રી વલ્લભજ છે. આમ ઉભય કાર્ય એકજ સુધા સ્વરૂપ શ્રી વલ્લભથી થાય છે. આમ શ્રી વલ્લભજ આંતર અને બહાર, અથવા સંયોગ અને વિપ્રયોગમાં વિલાસ સિદ્ધ કરીને તેના ભોક્તા પણ પોતેજ થાય છે.

સ્વતંત્ર પ્રમેય બલ

- મધુરમ્

શ્રીવલ્લભ ચાહે સોઈ કરે ||
જો ઈનકે પદ દ્રઢ કરિ પકરે, મહારસ સિન્ધુ ભરે || 1 ||
વેદ પુરાણ, સુધડતા સીમા, યે બાતન ન સરે ||
શ્રી વલ્લભકે પદરજ ભજકે, ભવસાગર તે તરે || 2 ||
નાથકે નાથ, અનાથકે બધુ, અવગુણ ચિત ન ધરે ||
'પદ્મનાભકો' અપનો જાનકે, ડૂબત કર પકરે || 3 ||

આપ શ્રી વલ્લભ ચાહે સોઈ કરે, એમ કહેવાનો ભાવાર્થ એવો છે કે, આપ સ્વતંત્ર છે. સ્વતંત્ર હોય તે પોતાની ઈચ્છા મુજબ કરે. વેદની મર્યાદા, અથવા પુષ્ટિની મર્યાદાથી પણ વિપરિત કરવામાં આપને કોઈ રોકી શકે નહીં. અથવા આ બન્ને મર્યાદાઓમાં આપનું સ્વતંત્ર સ્વરૂપ બંધાયેલું નથી.

હવે વેદની મર્યાદા બ્રહ્મભાવરૂપ છે. આ બ્રહ્મભાવની મર્યાદાનું આપ સ્વકીયોને ઉલંઘન કરાવે છે. તે ક્યારે કે જ્યારે આપ પોતાના સ્વરૂપાનંદના દાનની ઈચ્છા કરે ત્યારે આપની ઈચ્છા થાય તો આ મર્યાદાનું પણ સ્વકીયોને ઉલંઘન કરાવે છે, તેનું પ્રમાણ આપની જ વાણીમાં "બ્રહ્માનન્દાત્સમૃદ્ધત્ય ભજનાનન્દ યોજને" શ્રી ગોપીજનોને બ્રહ્મનંદમાંથી બહાર કાઢીને પોતાના સ્વરૂપાનંદના અનુભવમાં જોડયા. આ આપની

વાણીનું એક પ્રમાણ. હવે બીજું પ્રમાણ ભજનાનંદનો અનુભવ કરાવવામાં ગોપીજનનું નીચે મુજબ પદ છે કે :

કેસે કીજે વેદ કહ્યો ।।
હરિ મુખ નિરખત વિધિ નિષેધકો
નાહીન ઠોર રહ્યો ।।1।।
દુઃખકો મૂલ, સ્નેહ સખીરી
સો ઉર પેઠ રહ્યો ।।
"પરમાનંદ" પ્રેમ સાગરગે,
પર્યો સો લીન ભયો ।।2।।

આ પદમાં ભજનાનંદ (સ્વરૂપાનંદ)નો અનુભવ કરનાર ગોપીજનોએ વેદની મર્યાદાનું ઉલંઘન કરેલું છે. બ્રહ્મભાવથી મળતા આનંદને 'બ્રહ્માનંદ' કહેવાય છે. આ બ્રહ્માનંદમાં જન્મ-મરણનાં દુઃખની નિવૃત્તિ થઈ જાય છે અને સર્વત્ર આત્મ ભાવના, લીલા ભાવના રહેવાથી વ્યાપક બ્રહ્મના આનંદનો અનુભવ થાય છે. જેમ કે ગીતાજીના એક શ્લોકમાં આ બ્રહ્માનંદનો પરિચય કરાવ્યો છે કે, "બ્રહ્મભૂત પ્રસન્નાત્મા ન શોચયતિ, ન કાક્ષયતિ" જેને બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે તેને સંસારના અહંતા મમતાત્મક દુઃખની નિવૃત્તિ થવાથી સદા પ્રસન્ન રહે છે. પરંતુ આવા બ્રહ્માનંદમાં પ્રભુના સ્વરૂપનો જે અનિર્વચનીય આનંદ છે તે મળતો નથી. તેથી સ્વકીયજનોને આવા બ્રહ્માનંદમાંથી આપ કાઢીને 'ભજનાનંદ'માં સ્થિત કરે છે. આ આપના સ્વતંત્ર પ્રમેયબલથી થાય છે. હવે પુષ્ટિની મર્યાદાનું પણ ઉલંઘન કરીને આપ સ્વતંત્ર પ્રમેય બલથી પોતાના જ સ્વરૂપનું સ્વકીયોને દાન કરે છે, તેનું પ્રમાણ નીચે મુજબ છે,

અચ્યુતદાસજી શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યા પછી આપે અચ્યુતદાસજીને આજ્ઞા કરી કે, "ભગવત્સેવા કરોઃ" ત્યારે અચ્યુતદાસજીએ વિનંતી કરી કે, "રાજ, મને આપ કૃપા કરીને માનસી સેવાનું દાન કરો" આવી વિનંતીથી આપે પોતાના સ્વતંત્ર પ્રમેયબલથી તેમને માનસી સેવાનું દાન કર્યું. હવે પુષ્ટિની મર્યાદા આપેજ પ્રગટ કરી છે કે તનુજા

વિત્તજા સેવા કર્યા પછી માનસી સિદ્ધ થાય. આવા પ્રકારની પુષ્ટિની મર્યાદાનું પોતાના સ્વતંત્ર પ્રમેય બલથી ઉલંઘન કરી, અચ્યુતદાસજીને માનસી સેવાનું આપે દાન કર્યું. આ બન્ને પ્રમાણોથી એ સિદ્ધ થાય છે કે, આપ સ્વતંત્ર પ્રમેય બલથી ચાહે તેમ કરે. તેથી પદ્મનાભદાસજી પણ કહી રહ્યા છે કે, "શ્રીવલ્લભ ચાહે સોઈ કરે." આવું આપનું "સ્વતંત્ર પ્રમેયબલ" વિરહી સ્વકીયામાં આપ પ્રસ્થાપિત કરે છે.

સ્વતંત્ર પ્રમેય બલથી નિજજનોમાં કેવું ફલ સિદ્ધ કરે છે તે પછીની તુકમ કહે છે.

"જો ઈનકે પદ દ્રઢ કરિ પકરે મહારસ સિન્ધુ ભરે" આપના પદ કમલનો દ્રઢ આશ્રય કરનારમાં આપ મહા રસ-સિન્ધુ ભરી દે છે. "મહારસ" એટલે ધર્મી વિપ્રયોગાત્મક વિલાસ રસ. આ ધર્મી વિપ્રયોગાત્મક રસમાં કેવલ લાવણ્યામૃત સુધાનો જ અનુભવ છે.

રસ બે પ્રકારનો છે. એક 'કામરસ' અને બીજો 'સ્નેહ રસ'. દ્વિધા શ્રૃંગાર વિલાસમાં સ્નેહ સહ કામ રસનો અનુભવ છે, અને ધર્મી વિપ્રયોગમાં કેવલ સ્નેહ રસનો અનુભવ છે. આ સ્નેહ રસને જ 'મહારસ' કહ્યો છે. આવા સ્નેહ રસના આપ 'મહાસિન્ધુ' છે. દ્વિધા શ્રૃંગાર વિલાસમાં પ્રભુ કોટી કન્દર્પની લાવણ્યતા, સૌન્દર્યતાને ધારણ કરી અનંત શ્રી સ્વામિનીજીઓને સુખ આપે છે. આવા પ્રભુનાં કોટિકન્દર્પ સૌન્દર્ય સ્વરૂપો આપ શ્રીવલ્લભના પ્રત્યેક રોમમાં બિરાજી રહ્યાં છે, તેથી આપનું સુધા સ્વરૂપ, શ્રીજીના અનંત સ્વરૂપોની સૌન્દર્યતાને ધારણ કરનારું છે. આવા મહારસના મહાસિન્ધુ સ્વરૂપની પ્રાપ્તિ કેવલ આપના પદ કમલનો દ્રઢ અનન્ય આશ્રય કરનાર વિરહી જનને જ થાય છે. શ્રી પદ્મનાભદાસજીને આપના આવા સ્વરૂપનો અનુભવ હોવાથી તેઓ કહે છે કે – "જો ઇનકે પદ દ્રઢ કરી પકરે, મહા રસ સિન્ધુ ભરે."

આવા મહારસ સ્વરૂપની પ્રાપ્તિ કોને થાય કે જેણે આપની સેવા માટે સર્વ સ્વાર્થો અને મોક્ષ પર્યંતના સુખની આકાંક્ષાઓ છોડીને કેવલ શ્રીવલ્લભની તત્સુખ સેવા માટે જે જન વિરહના દુઃખને સહન કરી રહ્યા છે તેવા વિરહી ભક્તને આપ આ 'મહારસ'નું દાન કરે

છે.

આવા ભક્તો વિરહમાં આપના સ્વરૂપનું નિરંતર ધ્યાન કરે છે, આવા ધ્યાનથી વિરહીજન આપના સ્વરૂપમાં તદાકાર થઈ જાય છે, ત્યારે મહારસ સ્વરૂપને પોતાનામાં ધારણ કરી શકે છે. આવું મહાન ફલ કેવલ આપના પદકમલનો અનન્ય અને દ્રઢ આશ્રય કરવાથી જ મેળવી શકાય છે. તેથી શ્રી પદ્મનાભદાસજી કહે છે કે – "જો ઈનકે પદ દ્રઢ કરિ પકરે, મહારસ સિન્ધુ ભરે."

"નાથકે નાથ અનાથકે બન્ધુ,
અવગુણ ચિત્ત ના ધરે."

"નાથકે નાથ" એટલે શ્રીજી પુષ્ટિ સૃષ્ટિના નાથ છે. સમગ્ર પુષ્ટિ ભક્તોને શ્રીજી પોતાને વશ રાખે છે. અથવા સર્વ ભક્તોને શ્રીજી અલૌકિક સુખ આપી પાલન પોષણ કરે છે. તેથી શ્રીજી પુષ્ટિ સૃષ્ટિના 'નાથ' કહેવાય છે. 'આવા શ્રીજીના પણ 'નાથ' શ્રી વલ્‌લભ પ્રભુ છે." એટલે કે આવા શ્રીજીને પણ શ્રી વલ્લભે વશ કરી રાખ્યા છે. તેથી "નાથકે નાથ" તેમ કહ્યું. શ્રી વલ્લભ આવા સામર્થ્ય વાન હોવા છતાં પોતાના વિરહથી જે જનો દીન બન્યા છે તેવા અનાથજનોના આપ 'બન્ધુ' થઈને રહે છે, 'બન્ધુ' શબ્દનો અર્થ બંધાઈને રહેવું તેવો થાય છે. અથવા વિરહીજનોને હ્રદયમાં આપ સદા બિરાજી તેમને દિવ્ય સુખ આપે છે, તેથી અનાથના બન્ધુ કહ્યા.

"પદ્મનાભકો અપનો જાનકે, ડૂબત કર પકરે." "અપનો જાનકે" શ્રી વલ્લભ આપણને પોતાના ક્યારે માને ? કે જ્યારે કાયાથી, વાણીથી અને મનથી, કેવલ શ્રી વલ્લભનો જ દ્રઢ અને અનન્ય આશ્રય હોય, શ્રી વલ્લભની જ આપણને આશા હોય, દિવ્ય સર્વ સુખને મેળવવા શ્રી વલ્લભનો જ એક વિશ્વાસ હોય, બીજા કોઈથી સુખની આશા ન હોય, પતિવ્રતા જેવું વ્રત શ્રી વલ્લભમાં હોય, શ્રીવલ્લભની તત્સુખ સેવા માટે પોતાના સર્વ સુખો જેણે છોડયા હોય, તેવા જનને શ્રી વલ્લભ 'પોતાનો' કરીને જાણે છે.

હવે "ડૂબત કર પકરે" એટલે આપણે લીલા ધામથી વીછુર્યા ત્યારથી શ્રી વલ્લભના મહાન દિવ્ય સ્વરૂપને ભૂલી ગયા છીએ. શ્રી વલ્લભના મહાન દિવ્ય વિલાસને, દિવ્ય લીલા ધામના વૈભવને અને ખુદ આપણા દિવ્ય સ્વરૂપને પણ આપણે ભૂલી ગયા છીએ, તેથી બીજા સુખોની લાલચમાં અજ્ઞાનતાથી આપણે ફસાતા રહીએ છીએ. શ્રી વલ્લભ આપણા મનને આ સર્વ લાલસાઓમાંથી કાઢીને સ્વરૂપાનંદનું દાન કરી ભજનાનંદમાં યોજે છે. તેથી કહ્યું જે, "ડૂબત કર પકરે."

ભગવત્ કૃપાનું લક્ષણ

- મધુરમ્

ભગવત્ કૃપા અવ્યક્ત છે, એટલે આપણે તેને સમજીએ – ઓળખીએ. પ્રભુ પ્રાપ્તિ માટેના જે જે પ્રયત્નો થાય છે, થઈ રહ્યા છે, તેમાં ભગવદ્ કૃપા વ્યાપ્ત જ રહે છે. એટલે કે સેવા, સ્મરણ, ગુણગાન, લીલા-શ્રવણ વિગેરે જે જે સાધનો આપણે કરીએ છીએ તે ભગવદ્ કૃપાના કારણેજ થાય છે. પ્રભુએ આપણો સ્વકીયત્વે અંગીકાર કર્યો છે તેનું એજ લક્ષણ છે કે, સેવા સ્મરણાદિ સાધનોમાં આપણી વધુને વધુ અભિચીરૂ થતી રહે. આપણો જ્યારથી અંગીકાર કર્યો છે ત્યારથી જ આપે પોતાની કૃપા શક્તિનો આપણા હૃદયમાં પ્રવેશ કરાવ્યો છે. અને પ્રિયતમને યોગ્ય બનીએ તેવી અવસ્થા, સેવા, સ્મરણાદિ સાધનો દ્વારા આ કૃપા શક્તિ સિદ્ધ કરી કહેલ છે.

સંસાર સાગરમાં પડેલા અને સ્વરૂપથી વિમુખ એવા આ જીવનમાં એવી કઈ શક્તિ છે કે પ્રભુની કૃપા વિના પ્રભુ પ્રાપ્તિનાં સાધનો કરી શકે ? સ્વકીયત્વે આપણો અંગીકાર કરેલો હોવાથી પોતાની કૃપા શક્તિનો હૃદયમાં પ્રવેશ કરાવી પોતાની પ્રાપ્તિ માટેનાં સાધનનો આપ કરાવી રહેલા છે એમ નિશ્ચયાત્મક માનવું જ. તેમજ નિત્યસખા પ્રભુ આપણા હૃદયમાં ભાવાત્મક સ્વરૂપથી પ્રગટ થવાની જ્યારે ઇચ્છા કરે છે ત્યારે કૃપા શક્તિ દ્વારા સેવા-સ્મરણ આદિ સાધનો વધુને વધુ પ્રમાણમાં કરાવે છે. એટલે સેવા-સ્મરણ આદિમાં રૂચી થવી એજ ભગવત્ કૃપાનું લક્ષણ છે.

અલૌકિક સામર્થ્ય

-શ્રી...ચરણ રજકિંકર

'અલૌકિક સામર્થ્ય' એટલે આત્યંતિક ફલદાનની ઈચ્છા થવામાં તાપ સ્વરૂપ હૃદયમાં પ્રવેશ કરે, તે સ્વરૂપના વિરહનો અનુભવ કરવાનું સામર્થ્ય તે "અલૌકિક સામર્થ્ય" છે. આથી તેવા શરીરની પ્રાપ્તિને ખોળવી. તેની પ્રાપ્તિ શ્રી વલ્લભાચાર્યજીની અતિ કરૂણાથી જ થાય. સાક્ષાત્ હુતાશ દત્ત અગ્ન્યાત્મક દેહ તેનું અધિષ્ઠાન છે.

અનંત શ્રી સ્વામિનીજીઓનો તાપ ભાવરૂપ, મધુર તેજ-પ્રકાશ વાળા, કોટિ સૂર્યનાં એકીભૂત સ્વરૂપ "હુતાશ" સ્વરૂપના અનુભવનું મહાન સામર્થ્ય પ્રાપ્ત થાય છે. આવા મુખ્ય ફળ, "અલૌકિક સામર્થ્યની" પ્રાપ્તિમાં સાધન પ્રમેય છે. રાસસ્થ ભક્તોને રાસનો સુખાનુભવ સદા છે, પરંતુ ઉપરોક્ત અલૌકિક સામર્થ્યનું દાન તો મૂળ ધામની પ્રાપ્તિ પશ્ચાતજ થાય છે. નિજધામના ભક્તોના ભાવરૂપ વ્રજભક્તો, જેઓ રાસલીલા પછી વ્રજમાં પાછા પધાર્યા, અને ત્યાં પ્રતિકૃતિ રૂપે સ્થાયી રૂપથી જેઓની સ્થિતિ રહેલી, તે ભક્તોને ભ્રમરગીતમાં જણાવ્યા પ્રમાણે જે દાન થયું, જે સુખાનુભવ થયો તેમાં પણ તારતમ્ય છે, પરંતુ 'હુતાશ' સ્વરૂપ શ્રી વલ્લભની સન્નિધાનમાં તાપભાવ અનુભવાર્થ જે દાન થાય છે તે તો અત્યંત સામર્થ્યવાન છે.

આ દેહદાન પછી માનસી સેવા છુટી નથી જતી. જો માનસી સેવા છુટી જાય તો માનસી ફલરૂપા ન કહેવાય. કેમકે ફલ મલવાથી સાધન છુટી જાય તે બરોબર છે, પરંતુ અહિં તો ફલની જ પરંપરા છે.

માનસી અને વિરહાનુભવ આ દેહ વિના ન થઈ શકે. કાચા રજના ઘડાને જેમ નિંભાડાની અગ્નિથી પકવ કરવામાં આવે છે, તેમ વિરહ તાપથી પૂર્વના દેહનો પલટો કરવામાં આવે છે. વિરહના અનુભવમાં સતત સ્વરૂપ-ધ્યાન બન્યું રહે છે, તેથી વિરહી ભક્તના દેહ, ઇન્દ્રિયો અને અન્તઃકરણ વિ માં 'હુતાશ' સ્વરૂપનું સ્થાપન થાય છે. કીડો જેમ ભ્રમરીના સતત ધ્યાનથી ભ્રમરીરૂપ બની જાય છે, તેમ અહી સતત સ્વરૂપ

ભાવના કરવાથી "હુતાશ" સ્વરૂપથી તાદાત્મ્ય પ્રાપ્ત થાય છે.

ઉત્તમ ભક્તોને બ્રહ્મ સંબંધ થતાં જ આ દાન થાય, મધ્યમ અધિકારીને એજ જન્મમાં સત્સંગની અભિલાષાથી થાય અને હીન અધિકારીને પણ જેમ તેમ થાય આપણે હીન અધિકારીને હજુ સુધી તો તેવો અનુભવ નથી, તો પણ શ્રી વલ્લભભાગ્નિનો અનન્ય-દ્રઢ આશ્રય રાખી પૂર્ણ પ્રમેય બલવાળી આપની કૃપાની રાહ જોવી અથવા આવી કૃપા થવા માટે અન્ય સાધનોની નિષ્ઠા છોડીને આપનો જ અનન્ય આશ્રય રાખવો, તો હીન અધિકારીને પણ મહોદાર-મહા કારૂણિક સ્વામિ પોતાના સ્વતંત્ર પ્રમેય બલથી ઉપરોક્ત ફલનું દાન નિઃસંદેહ કરશે જ.

શ્રી વલ્લભનું અતિ નિગૂઢ સ્વરૂપ

લે. પ. ભ. શ્રી વલ્લભ પાદપદ્મ મિલિન્દ

દયારામભાઈ ઉપર અતિ કૃપા શ્રીજીની થઈ, અને શ્રીજીએ મુખથી આજ્ઞા કરી કે, "તું તો શ્રીવલ્લભ નામનો જ જપ કર" પોતાની પ્રિય વસ્તુ ગોપનજ કરવાની હોય છે,- "રાધા સર્વસ્વ સમ્પુટઃ" આ નામ ઉભય પક્ષમાં યોજાય છે, શ્રી પ્રિયાજીનું સર્વસ્વધન પ્રિયતમ છે, તેમજ પ્રિયતમનું સર્વસ્વધન શ્રી પ્રિયાજી છે. તે ધન હ્રદયરૂપ સમ્પુટમાં ગોપન કરેલું છે. પરમ કાષ્ટાપન્ન આ ધનનું જ્યાં અતિશય કૃપા થાય ત્યાંજ દાન થાય છે. તેથી દયારામભાઈ મહત્ સૌભાગ્યને પ્રાપ્ત થયા છે. ભગવદીયોમાં ઉદારતા અને કારૂણ્યતા સહજ હોવાથી અસ્મદાદિ માટે તે ગોપનીય ધનનો તેઓ પ્રકાશ કરી ગયા છે. શ્રીહરિરાય મહાપ્રભુએ તો અતિશય કરૂણાની વર્ષા કરી, શ્રી વલ્લભના નિગુઢ સ્વરૂપનો પ્રકાશ કર્યો છે. તાત્પર્ય શ્રીવલ્લભનામ ગોપનીય છે, પ્રમાણ રૂપે આપે અષ્ટાક્ષરનું દાન કરેલું છે.

બસો બાવનની વાર્તામાં એક ભોળી બાઈનો પ્રસંગ છે. તેને આપ શ્રીગુસાંઈજી અષ્ટાક્ષર આપે છે, પરંતુ તેની જીહવા ઉપર આ નામ આવતું નથી ત્યારે શ્રીમત્પ્રભુચરણ આજ્ઞા કરે છે કે, તને મારૂં નામ આવડે છે ? ત્યારે તે બાઈએ હા કહી, ત્યારે આપે આજ્ઞા કરી કે મારા નામનું સ્મરણ તું કરજે. પછી આપે બીજા વૈષ્ણવો જે

નિકટ ઊભા હતા તેમને આજ્ઞા કરી કે, તમારે તો અષ્ટાક્ષરનું જ સ્મરણ કરવું. આ પ્રસંગ ઉપર શ્રી હરિરાયજી ભાવ પ્રકાશમાં આજ્ઞા કરે છે કે, શ્રીમત્પ્રભુચરણોનું નામ ફલાત્મક-ગૂઢ છે. તે તો મુગ્ધજનોને જોઈને અતિ કરૂણા પ્રક્ટ થઈ જવાથી પોતાના ફલાત્મક ગોપનીય નામનું આપ દાન કરે છે, અને પ્રમાણવાદીઓને માટે અષ્ટાક્ષરની આજ્ઞા કરે છે. આ પ્રસંગમાં તે બાઈને અષ્ટાક્ષર બોલતાં આવડતું નથી તે માત્ર નિમિત્તજ છે. શ્રી પ્રભુચરણ શ્રી ગુસાંઈજીનું આ ચરિત્ર અતિ નિગુઢ છે. કારણ કે અતિશય કૃપાથી પોતાના સ્વામિની ભાવાત્મક નિગુઢ સ્વરૂપનો આ પ્રસંગે આપને પ્રકાશ કરવો છે. પરન્તુ આ સુક્ષ્મ અને પરમ કાષ્ટાપન્ન વિષયને નિજજનો વિના અન્ય કોણ સમજી શકે ?

"પુષ્ટિ પથ રહસ્ય" ગ્રંથની એક પંક્તિમાં દયારામભાઈ કહે છે કે -
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ નામ ગૂઢ અતિ ભાખ્યું ।
શ્રી ગોકુલેશ નિજજન પ્રતિ એમ દાખ્યું. ।।

આ કથનથી આપ શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણચન્દ્રના સ્વરૂપનું અને તેમના નામનું વર્ણન કર્યું છે. પોતાના સ્વરૂપનું અને નામનું દાન તો નિજજનોમાં જ પ્રકાશીત કર્યું છે.

"વસ્તુતઃ કૃષ્ણ એવ" એમ જે શ્રીમત્પ્રભુચરણોએ શ્રીવલ્લભાષ્ટકમાં આજ્ઞા કરી છે તે પ્રમાણવાદીઓને બોધ આપવા માટે છે. પ્રમાણવાદીઓને શાસ્ત્રના પ્રમાણ વિના શ્રદ્ધા કે વિશ્વાસ થતો નથી, તેથી તેવાને આપનું (શ્રીવલ્લભનું) કૃષ્ણરૂપત્વ જણાવવા "વસ્તુતઃ કૃષ્ણ એવ" કહીને કૃષ્ણરૂપત્વ સિદ્ધ કરી રહ્યા છે.

શ્રી ઠકુરાણી ઘાટે બ્રહ્મસંબંધની આજ્ઞા કરવા શ્રીજી પ્રગટ થયા તે પ્રસંગમાં શ્રી હરિરાયચરણોનું મંતવ્ય એવું છે કે, પ્રમાણવાદી મહાત્મીક જીવોને પ્રક્ટ આચાર્ય સ્વરૂપમાં વિશ્વાસ અને નિષ્ઠા નહી થાય તે હેતુથી શ્રીવલ્લભે પોતાના સ્વરૂપમાંથી જ શ્રીજીને પ્રક્ટ કરી બ્રહ્મસંબંધની આજ્ઞાનું નાટય રચ્યું. [શ્રીવલ્લભબરનોં કહા બડાઈ ।। જાકે રામ રોમ પ્રતિ પ્રકટિત કોટી ગોવર્ધનરાઈ ।। મહાનુભાવ શ્રી રામદાસજી વિરચિત

પદની આ પંક્તિ અત્રે સુસંગત તેમજ વિચારણીય છે અને ઉપરોક્ત કથનની પુષ્ટિ કરે છે.] શ્રીમદ્દમલાજી માટે તો 'આપ (શ્રીવલ્લભ) કહો તેજ મારે સમજવું છે.' શ્રીમદદમલાજીને શ્રીજીની આજ્ઞાની આવશ્યકતા ન રહી.

શ્રીકૃષ્ણદાસજીના પદમાં "વસ્તુતઃ કૃષ્ણ જો બંધે દામી" આ પંક્તિનુ સ્વારસ્ય પણ પ્રમાણ આપીને સમજાવવા માટેનું છે, વાસ્તવીક બહિઃ વિદ્યા શ્રીંગાર વિલાસ પણ આપનો જ છે. બહિઃ વિલાસમાં શ્રીકૃષ્ણનામથી આપ પ્રસિદ્ધ થયા છે, આપના મૂલવિલાસમાં વૈશ્વાનરવલ્લભ નામ ધારી છે, આપના મૂલ સુધા સ્વરૂપને શ્રીહરિરાય ચરણોએ સાત પ્રકારે જણાવેલ છે, તેમાં પ્રથમ "મુખ્ય-પુરુષાકાર સુધા"ને કહેલ છે, આ સુધામાં અગ્નિ અને માધુર્યતા અનુસ્યૂત હોવાથી આ સુધા વૈશ્વાનર અને વલ્લભ નામ ધારી છે.

સુધાસ્વરૂપ શ્રીવલ્લભનું સામ્રાજ્ય –

બહિઃ લીલામાં પણ આ ઉભય નામોનો વિલાસ રહેલો જ છે, પરંતુ તે ગોપ્ય છે. સુધાના અસ્તીત્વ વિના કોઈપણ લીલા થઈ સકતી જ નથી, તેથી બહિઃ લીલામાં પણ સુધા સ્વરૂપનું જ સામ્રાજ્ય છાયેલું છે. બહિઃલીલામાં અનેક રૂપ-નામના વિભેદે આ સુધાનો જ વિલાસ હોવાથી તે સુધા સ્વરૂપના મૂલ વિલાસમાં કોઈ ક્ષતી થતી નથી. "પૂર્ણમાંથી પૂર્ણ લઈ લેવા છતાં પૂર્ણ જ રહે છે." શ્રુતિના આ કથન મુજબ મૂલ વિલાસ પણ અખંડ જ રહ્યો છે. તેમ ન હોય તો મૂલ વિલાસમાં અનિત્યતાની શંકા થાય.

સ્વાનંદતુન્દિલઃ સ્વરૂપની જે રસસમાધિ છે તેમાં કેવલ સુધાનું જ આસ્વાદન છે, કિં બહુના. રૂપ અને નામનું પણ આ અવસ્થામાં અનુસંધાન નથી, શ્રી ગોકુલેશ પ્રભુ આ અવસ્થાને "ગહનગતિ" સમ્બોધન આપે છે. રસિકભક્ત નંદદાસજીની ઉક્તિ આ કથનમાં સંગત થાય છે.

ભૂત છુવે મદીરા પીવે, તાહી શુધ કછુ હોય ।

પ્રેમઅમીરસ જે પીવે, તાહી ન રહે શુધ કોય ।।

જે સુધા બહિઃલીલામાં અનંત યુગલોમાં વિલસીને સ્વમહિમાનો પ્રકાશ કરી રહી છે, અનંત રાસાદિલીલામૃત જલધિઓ જેમાંથી પ્રક્ટ થાય છે, અને સૌન્દર્યામૃત-સ્નેહામૃતની જેમાં સીમા છે તેવા "ઘનીભૂત" સુધા સ્વરૂપની રસસમાધિમાં રૂપ-અને નામનું અનુસંધાન ન રહે તે યોગ્ય જ છે. આ કથનની સંગતીમાં દાનલીલાનો એક શ્લોક વિચારીએ :

ધમ્મિલં વા દધિ કલશિકાં મૂધ્નિ સંસ્થાપિતાં વા ।
તં માર્ગં વા ગમનમ્ વા કંચુકીમંચલં વા ।।
દેહં વા સ્વગૃહજાત સખીવૃન્દમેષા મૃગાક્ષી
ઘોષાધીશાત્મજમપિ તદા નાવિદન્મોહિતેવ ।।

'મહાભાવ'નું સ્વરૂપ –
નાયક નાયકાને અરસપરસનું અનુસંધાન ભૂલાઈ જઈને લાવણ્યામૃત સુધાના આસ્વાદનમાં જે રસ સમાધિ થઈ જાય છે, તેને ગાયત્રીભાષ્યમાં શ્રી ગોકુલેશ પ્રભુએ "મહાભાવ"ની સંજ્ઞાથી પરિચય કરાવ્યો છે. "સ્વાનંદતુન્દિલ" વિલાસ ઉપરોક્ત કથન મુજબનો છે. રૂપ-અને નામની અપેક્ષા "ગહનગતિ" છે. અને "સર્વાજ્ઞાત" "અતિમોહન" નામની પણ ઉપરોક્ત વિષયમાં સંગતી થાય છે "સુધા જ આધાર અને સુધા જ આધેય એવા ધર્મીવિપ્રયોગાત્મક વિલાસમાં 'મહાભાવ'નો જ અનુભવ છે." આ આપના મૂલસ્વરૂપનો વિલાસ છે ધર્મી વિપ્રયોગની સાધન અવસ્થામાં ભાવાત્મક સ્વરૂપની ભાવ ભાવનાની અપેક્ષા અનીવાર્ય છે. પરંતુ આંતરમાં ભાવાત્મક સ્વરૂપ સિદ્ધ થઈ ગયા પછી કેવલ સુધા આસ્વાદનનો જ અનુભવ છે. ત્યાં નાયક-નાયકા ભાવનું વિસ્મરણ જ થઈ જાય છે. રસ સમાધિમાંથી પાછુ બાહ્ય અનુસંધાન ધર્મી સંયોગમાં છે, ધર્મીવિપ્રયોગમાં નહી.

શ્રી હરિરાયચરણોએ સુધાનું સપ્ત પ્રકારે જે વર્ણન કર્યું છે તેમાં પ્રથમ "મુખ્ય પુરુષાકાર

સુધા" એમ જે કહ્યું છે તેનું તાત્પર્ય "પુરુષાકાર" એટલે પરમ પુરુષાર્થ રૂપ-પુરુષાર્થની પણ જ્યાં અવધિ છે તેવું આપનું મૂલ સુધા સ્વરૂપ છે. આ સ્વરૂપનો અનુભવ શ્રીમદદમલાજી, પ્રભુદાસજી, અને પદ્મનાભદાસજીનો થયો છે.

આ સુધા સદા આનંદરૂપ જ હોવાથી શાસ્ત્રોક્ત ભાષામાં સદાનંદ અને કૃષ્ણનામથી તેનો પરિચય કરાવે છે, અને આ પરિચયમાં શ્રીમત્પ્રભુચરણ "વસ્તુતઃ કૃષ્ણ એવ" એ પ્રમાણે આજ્ઞા કરે છે, "ઇતિશ્રીકૃષ્ણદાસસ્ય" આ પંક્તિનું સ્વારસ્ય શ્રી હરિરાયચરણોએ અન્તઃકરણ પ્રબોધની ટીકામાં જણાવેલું છે.

નિઃસાધન ધનં કૃષ્ણસ્તસ્યાપ્યાસ્યં પરં ધનમ્
ધનેન તેન સધનં, માં કરોતુ કૃપાધન ।।

સત્સંગ સૌરભ

પ. ભ. શ્રી...ચરણરજ કિંકર

પ્રિય મિલનની સાધનમાં એકાન્ત અને ચિત્તની એકાગ્રતાની અતિ આવશ્યકતા છે. આપણે સ્વયં અને આપણા પ્રિયતમ ઉભય સિવાય ત્રીજાનો આ સાધનામાં પ્રવેશ થઈ શકતો જ નથી આ સાધનાને સમજવા. માટે દ્રષ્ટાંત નીચે મુજબ છે –

બે સ્નેહી મિત્ર હતા. તેમાં એક ચિત્રકાર હતા. તેમણે પોતાના પ્રિય મિત્રનું એક સમયે ચિત્ર ઉતારવું શરૂ કર્યું. ઉતારીને પોતાના મિત્રને બતાવ્યું. પરન્તુ મીત્રની પ્રસન્નતા ન જોવાઈ તેનું કારણ ચિત્તની એકાગ્રતા પૂર્વક ચિત્ર ઉતારેલું નહી હોવાથી ચિત્રમાં ચિત્રકાર મિત્રનું પ્રતિબિમ્બ ન દેખાયું.

હવે ચિત્રકાર મિત્રે કાળજી વધારીને ફરીને ચિત્ર ઉતારવું શરૂ કર્યું. ઉતારીને મિત્રને બતાવ્યું તેમાં પણ પૂરી પ્રસન્નતા ન દેખાણી. તેનું કારણ ચિત્રને પોતાના મિત્રને દેખાડવા આવવા પૂર્તિ સ્મૃતિ રહી. પોતાનું અસ્તીત્વ ભૂલીને મિત્રરૂપ બની ન ગયા. તેથી પ્રેમની શિખ કોટિ "તન્મયતા"માં હજુ કસર છે. તેથી મિત્રે પૂરી પ્રસન્નતા ન

બતાવી. જેનું ચિત્ર ઉતરે છે તે મિત્ર દિવ્ય પ્રેમની સર્વોત્કૃષ્ટ સ્થિતિ કે જે પોતાને ભૂલિને પ્રિયબની જવાય છે એવી સ્થિતિએ ચિત્રકાર મિત્રને પહોંચાડવા ચાહે છે તેથી આ સ્થિતિમાં હજુ કસર હોવાથી પૂરી પ્રસન્નતા ન બતાવી.

હવે ચિત્રકારે ફરી ચિત્ર ઉતારવું શરૂ કર્યું, તેમણે વિચાર્યું કે મિત્રની પ્રસન્નતા મેળવવી એજ પ્રણય જીવનની ધન્યતા છે કારણ કે ચિત્રકાર મિત્ર પણ દિવ્ય પ્રેમના સર્વોત્કૃષ્ટ (ઊંચા) સિદ્ધાંતોને જાણતા હતા. તેથી તેમણે પૂરો ઉત્સાહ અને ચિત્તની સંપૂર્ણ એકાગ્રતા પૂર્વક ચિત્ર ઉતારવું શરૂ કર્યું. ચિત્રકારને પોતાના મિત્રમાં શુદ્ધ પ્રેમ તો હતોજ. આ દિવ્ય પ્રેમની સાથે સૌન્દર્યતા સદાય મળેલીજ રહે છે. અથવા દિવ્ય પ્રેમની ભીતર સૌન્દર્યતા છુપાયેલ રહે છે. તેથી તેમના મિત્રના ચિત્રને સૌંદર્યથી સજાવી દીધું ચિત્ર પુરૂ થતા તેના મુખને નીહાળ્યુ. સૌંદર્યના ખજાના રૂપ મિત્રના મુખ સૌદર્યને જોઈને તેનાં સૌન્દર્ય પાનમાં ચિત્રકાર ડૂબી ગયાં. [રસિકો સૌંન્દર્ય ઉપાસક સૌન્દર્ય પીપાસું હોય છે] પોતાનું અસ્તીત્વ ભૂલીને પ્રિય મિત્રરૂપ બની ગયા જેવું ચિત્ર અચલ હતું તેવી અચલતા ચિત્રકાર મિત્રની બની ગઈ. બહાર મિત્ર છે તેની સ્મૃતિ પણ ન રહી. કારણ કે બહાર મિત્ર છે તેવો ખ્યાલ તો પોતે પોતાના મિત્રથી જુદા હોય ત્યારેજ રહે. પરન્તુ પોતે તો પોતાપણુ ભૂલિ ગયા છે તેથી મિત્રને ચિત્ર દેખાડવાનું રહ્યું નહી આજ સમયે તેના પ્રિય મિત્રે ચિત્રકારને ગાઢ આલિંગન આપ્યું. આ "ગાઢ આલિંગન"નો અર્થ એક એકમાં સમાય ગયા. ચિત્રકાર મિત્રરૂપ બની ગયા. અને મિત્ર ચિત્રકાર રૂપ બની ગયા.

ત્રીજા સમયે ચિત્રકાર જ્યારે બહાર ચિત્ર ઊતારતા હતા, તે સમયે મિત્રનું ભાવાત્મક ચિત્ર સ્વરૂપ ચિત્રકારના અન્તઃકરણમાં પણ ચિત્રાતુ જતું. બહાર ચિત્ર પૂરુ થયુ તેની સાથે અન્તઃકરણમાં પણ પૂરુ થયું. અન્તઃકરણ મિત્રના રૂપના આકારવાળું બની ગયું. તેથી પોતાના અસ્તિત્વને ભૂલીને મિત્ર રૂપ બની ગયા. દિવ્ય પ્રેમની આ સર્વોત્કૃષ્ટ અવસ્થા છે. અથવા પ્રણય સાધનાનો આ વિજય છે. આવા સર્વોત્કૃષ્ટ પ્રેમની અવસ્થાનું વર્ણન રસિક મહાનુભાવ નંદદાસજીએ "પંચમંજરી"માં કરેલું છે –

શ્યામા શ્યામ રટત શ્યામા શ્યામ ભઈ ।

શ્યામ પૂછત અપની સખીસોં શ્યામા કહાં ગઈ ।।

શ્રી સ્વામિનીજી પ્રિયતમ શ્યામના નિરતિશય સૌન્દર્ય પાનથી શ્યામ મય બની ગયા. પોતાના અસ્તિત્વને ભૂલી જવાથી અંતરંગ સખી લલિતાજીને પૂછે છે કે ''શ્યામા કહાં ગઈ'' આ દિવ્ય પ્રેમની સર્વોત્કૃષ્ટ-શિખર અવસ્થા છે.

આવાજ પ્રકારનું વર્ણન પ્રેમ રસની ખાંણસમા રસિક રસખાનજીએ ''પ્રેમવાટીકા'' નામની પોતાની કૃતિમાં કરેલું છે –

અકથ કહાની પ્રેમકી જાનત લૈલી ખુબ ।
દો તનહુ જહાં એક મન, મન મિલાઈ મહબુબ ।।
દો મન એક હોતે સૂન્યો વૈ વહ પ્રેમ ન કહાહિ ।
હોય જબે વ્દે તનુહી ઈક સોઈ પ્રેમ સરાહિ ।।

દિવ્ય પ્રેમની અકથ કહાનીને રસિક રસખાનજી ગાય રહ્યા છે કે લૈલા પ્રેમ તત્વને ખૂબ જાણતી હતી. તેણે મજનુ સાથે પ્યાર જોડીને મજનુના મનમાં પોતાના મનને મીલાવી દીધું બે મન એક થઈ ગયા પરન્તુ રસખાનજી કહે છે કે હજુ આ પ્રેમમાં કસર છે.

હવે પ્રેમની શિખર અવસ્થાને બીજા દોહાથી જણાવે છે કે બે પ્રેમીઓના એક દેહ બની જાય, પોતે પોતાને ભૂલીને પ્રિય પાત્ર રૂપ બની જાય આવો પ્રેમ શિખર કોટિનો હોવાથી રસખાનજી તેની સરાહના કરે છે.

પ્રિય ભાઈ ! ઉપરોક્ત પ્રણય સાધનાની શિખર કોટિએ પહોંચવામાં ચિત્રકારની જેમ એકાન્ત અને એકાગ્રતાની અતિ-આવશ્યકતા છે. પ્રિયતમપ્રભુ અને આપણે એમ ઉભય સિવાય અન્યનો સંબંધ કે સ્મૃતિ આ પ્રેમની શિખર કક્ષાએ પહોંચવામાં ઘાતક બની જાય છે. તેથીજ એક પ્રણયી કહે છે કે –

પ્રેમી પરિચય ના કરે એક શ્યામ બિન અન્ય ।

જગમાં સુતા જાગતા પ્રભુમાં પ્રેમ અનન્ય ।।

પ્રણયની એકાંગી સાધનામાં પ્રિય પ્રભુ સિવાય અન્યનો સંબંધ કે સ્મૃતિ મૃત્યુ સમાન દુઃખદાઈ છે-તેથી ઉપરના દોહામાં પ્રિયતમ સિવાય અન્યના સંબંધનો નિષેધ કરેલો છે.

શ્રીમત્પ્રભુચરણોએ પણ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરી છે –
અહં કુરંગી દ્રગ ભંગીનાંગીકૃતોડસ્મિ યત્ ।
અન્ય સંબંધ ગંધોડપિ કં ધરામેવ બાધતે ।।

"હરણીના નેત્રો સમાન છે નેત્રો જેમના તેવા શ્રી વ્રજપ્રિયા ગોપીજનોના સંગી પ્રિયતમ પ્રભુએ જ્યારથી મારો અંગીકાર કર્યો છે, ત્યારથી અન્ય સંબંધની ગંધથી પણ મૃત્યુ જેવું દુઃખ થાય છે" । પ્રણય પથીકો માટે આ સૂચન શ્રીમત્પ્રભુચરણોએ કરેલું છે.

આપે પત્રમાં જણાવ્યું કે "શ્રી ઠાકુરજી મને પોતાનાથી દૂર ને દૂર કરી રહ્યા છે, અને કરશે તેવો ભય મને રહ્યા જ કરે છે. અને આજે મને લાગે છે કે હું તેમનાથી દૂર ફેકાઈ ગયો છું. આ જીવનમાં તેમને નહી પ્રાપ્ત કરું" । આ પ્રકારે આપે પત્રમાં સૂચિત કર્યું. તેના પ્રત્યુત્તરમાં – પ્રિયના વિયોગાનુભવમાં આવીજ સ્થિતિ બનતી હોય છે. પ્રણયના વિરહ સાગરમાં આશા-નિરાશાના તરંગો ઉઠતા જ રહેતા હોય છે. પ્રેમીનું મન પ્રિય વિયોગ સમુદ્રમાં ડૂબે છે ને બહાર આવે છે. જ્યારે ડૂબે છે ત્યારે પ્રિયથી મનની જુદાઈ નહી હોવાથી વિયોગ વ્યથા સતાવતી નથી. પરન્તુ જ્યારે બહાર આવે છે ત્યારે પ્રિયનો પ્રત્યક્ષ સંબંધ નહિ હોવાથી અને ચોતરફ વિરહાગ્નિ સમુદ્રનું સલીલ (જલ) જ દેખાતું હોવાથી આ પ્રણયીને નિરાશાનો તરંગ ઉત્પન્ન થાય છે. આમ આશા નિરાશામાં તેનું પ્રણયી જીવન વ્યતીત થતું હોય છે. નિરાશા થવા છતાં પ્રિય મિલનની અમર આશા તેની હૃદય કંદરામાં છુપાયેલી હોય છે-તેથી તેની પ્રણય સાધના બંધ પડી જતી નથી. તેથીજ કહ્યું છે કે –

"કઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે" શ્રીમત્પ્રભુચરણ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે

છે-

આશાતૃણાવલંબેન ત્વદ્ વિયોગાબ્ધિ વારિધમ્ ।
અનુગ્રહ ગરિષ્ટોડતિ તરામિહ તરામ્યહમ્ ।।
(વિ. 1-7)

"હે ગોકુલેશ્વર । આપના વિયોગ સમુદ્રને આપના અતિશય અનુગ્રહથી (પ્રિય મિલન થશેજ તેવી) આશા રૂપી તૃણના અવલંબને તરી રહી છું અને તરી જઈશ" । વિરહ સમુદ્રમા નિરાશાના તરંગ-ભાવો ઉઠતા રહેતા જ હોય છે. છતાં પ્રિય મિલન માટેની અલ્પ તણખલા જેવી આશા તેના હૃદયમાં છુપાયેલી અમર આશામાંથી મળતી રહેતી જ હોય છે.

'હે પ્રિય ! હું નિશ્ચયપૂર્વક જાણું છું કે આપનું મિલન થશે જ છતાં આપના વિયોગ વ્યથાની પુકાર બંધ પડતી નથી.' આવા ભાવાર્થનો શ્લોક નીચે મુજબ –

અંબુદસ્ય સ્વભાવોડયં સમયે વારિ મુંચતિ ।
તથાપિ ચાતક ખિન્નો રટત્યેવ ન સંશય ।।
(વિ. 1-8)

ચાતક જાણે છે કે નવઘનનો એ સ્વભાવ છે કે સમયે સ્વાતિ જલની વર્ષા કરે જ છે. છતાં વિયોગથી વ્યથીત થતો અને પ્રિયમિલન માટે અધીર બનતો ચાતક પિયુ પિયુની પુકાર કરતો જ રહે છે. નવઘન પ્રણય વારિ (જલ)ની વર્ષા કરવામાં વિલંબ કરે છે તેનું કારણ ચિત્રકારની જેમ પોતાના રૂપમાં ચાતકને તન્મય કરી દેવો છે. આવી ચાતકની સ્થિતિમાં કસર હોવાથી મિલનમાં વિલંબ કરે છે.

ઘનહી જીવન પ્રાણ ઘન સો પ્રીત ઘન પતિવર ।
ઘનકો સુમરણ ધ્યાન ઘન ઘન રટતે ઘન ભયે ।।

પ્રભુ પ્રેમીઓકા સંન્યાસ

સંકલન : પથિક

મેરો મન ગોવિંદ સો માન્યો તાતે જીય ઓર ન ભાવે ।
જાગત સોવત યહ ઉત્કંઠા, કોઉ વ્રજ નાથ મિલાવે ।।1।।
બાઢી પ્રીત આન ઉર અંતર, ચરણ કમલ ચિત દીનો ।
કૃષ્ણ વિરહ ગોકુલકી ગોપી, ઘરહી મેં વન કીનો ।।2।।
છાંડ આહારવિહાર સબે સુખ, ઓર ન ચાહત કાઉ ।
"પરમાનંદ" બસત હે ઘરમેં, જેસે રહત બટાઉ ।।3।।
♦
કાગદ તો કરતે ન ઉઠે; કર લેખનીકે પદ કોન ઉઠાવે ।
પ્રિતમ દ્રષ્ટિ પરે જબતે, છબિ છાય રહી અખિયન ઝર લાવે ।।1।।
પ્રેમ સખી ! મધકી મખીયાં, મન જાય ફસ્યો ફિર હાથ ન આવે ।
મૂરત શ્રીનંદનંદનકી, લીખતે ન બને લિખહી બન આવે ।।2।।

સ્નેહ – સંબંધ

એસે નહિ હમ ચાહન હારે,
આજ તુમે કલ ઓર કો ચાહે.
ફેકદે આંખ નિકાલ કે દોઉ,
જો દુશરી ઓર નિગાહ મિલાવે.
લાખ મિલે તુમસે બઢકર,
તુમહી કો ચાહેગે તુમહી કો સહરાહેગે.
પ્રાણ રહે જો લો તોંલો હમ,
નેહ કો નાતો સદાય નિભાયેંગે.

લી. મધુકર [કાંદીવલી વેસ્ટ મુંબઈ]

સંકલન : શ્રી વલ્લભ પાદપદ્મમિલિન્દ

શ્રી વિઠ્ઠલનાથ બસત જીય જાકે, તાકી રીત પ્રીત છબિ ન્યારી ।
પ્રફુલ્લીત વદન કાંતિ કરુણામય, નયનનમેં ઝલકે ગિરિધારી ।।1।।
ઉગ્ર સ્વભાવ પરમ પરમારથ, સ્વારથ લેશ નહિ સંસારી ।।
આનંદરુપ કરત એક છિનમેં, હરિ જુકી કથા કરત વિસ્તારી ।।2।।
મન વચ કર્મ તાહીકો સંગ કીજે, પાઈયત વ્રજજન સુખકારી ।।
'કૃષ્ણદાસ' પ્રભુ રસિક શિરોમણિ, ગુણ નિધાન શ્રી ગોવર્ધન ધારી ।।3।।

યા કીર્તનમેં ભગદીયકે સ્વરુપકો વર્ણન કરત હે. ઓર જો ઉનકો સંગ કરે તાકો તત્કાલ આનંદરુપ કરે એસો સૂચિત ભાવ જતાયો હે. યાતેં એસે ભગવદીયકો સંગ કરવેકી આજ્ઞા શ્રી કૃષ્ણદાસજીકી હે. સો કહત હે :

ભાવાર્થ : શ્રી વિઠ્ઠલનાથ બસત જીય જાકે.... ઈતિ. જીવ ભગવદીયકે જીયમેં (અન્ત:કરણમેં) શ્રી વિઠ્ઠલનાથ જો નિ:સાધન જનકે હિત કરવે વારે બિરાજત હે ઉનકી રીત તથા પ્રીત અથવા છબિ કહીયે શોભા યે સબ ન્યારી હે. અથવા લોકાતીત હે, અથવા અલૌકિક હે. રીત હે સો દેહ ધર્મ હે, ઓર પ્રીત હે સો અન્ત:કરણકો ધર્મ હે. અર્થાત્ જહાં અન્ત;કરણકે ધર્મ હોય હે વહાં દેહકી ક્રિયા ભી વેસી હી હોત હે, એ બાત સર્વાનુભવ ગોચર હે, જેસે વ્યસની તથા હિંસક, અથવા પ્રપંચી ઓર દયાવાન આદિ કહકે ઈન સબનકી અન્ત:કરણ પૂર્વક ક્રીયા હોત હે. ઓર હું કહત હે-

પ્રફુલ્લીત વદન કાંતી કરુણામય –ઈતિ. પ્રફુલ્લીત યાને પ્રકર્ષ કરકે ફુલ રહયો હે મુખ કમલ જીનકો. પ્રફુલ્લીત એસે કહીવેસું મકરંદકો ભર સૂચિત કીયો. ઓર મકરંદકે ભરસો સુગંધ ભી સૂચિત હોત હે. જેસે લૌકિકમેં પદ્માવતી સ્ત્રીકે શરીરમેં કમલકી ગંધ હોતી હે એસો કામ શાસ્ત્રમેં વર્ણન હે, તેસે યહાં ભી સુગંધ સૂચિત હોત હે. વામેં ભી અલૌકિક સુગંધ હે. યાહી કારણસોં ભગવાન સદા ઉન ભગવદીયનકે નિકટ રહત હે, ઉનકે

હૃદયકમલમેં સદૈવ નિવાસ કરત હે. ક્યોંકી કમલ પ્રિય ભગવાન હે. યા કારણસો ભ્રમરકી નાંઈ ઉનકો સંગ કરવેસો રસકી પ્રાપ્તિ હોયગી. ઓર કમલ પ્રફુલ્લીત હોત હે. યાતે પ્રથમ પ્રફુલ્લીત પદ કહ્યો. તાસોં રસકી પ્રાપ્તિકો દાન કરેંગે યે સૂચિત ભાવ જતાયો.

"ક્રાંતિ કરુણામય" કહિવેસું ઉનકે ભીતર કરુણામય સ્વરુપ બિરાજ રહે હે તાસોં બહાર ભી કાંતિ કરુણામય હી હે, એસે પંચાધ્યાયીમેં નંદદાસજીને કહ્યો હે : **જીહી ભીતર જગમગાત નિરંતર કુંવર કન્હાઈ"** અર્થાત્ પહેલે પ્રફુલ્લીત હોય કે પીછે કરુણા રસકો દાન કરેંગે યે સૂચિત ભાવ જતાયો. **"નેનનમેં ઝલકે ગિરિધારી"** કહીયે જિન્હે ગિરિરાજ ધારણ કર કે વ્રજભક્તનકો દુ:ખ મીટાયે કે સ્વરુપાસક્તિકો દાન કીયો હે. ઓર ભક્તનકે ભાવ કરકે ધૃર્ણાયમાન હે નેત્ર જીનકે, વેઈ ભગવાન અદ્રશ્ય રૂપસોં (ભાવાત્મક રૂપસોં) ઉનકે નેત્રમેં બિરાજ રહે હે. અથવા ભગવત કર તથા ભક્તિરસ ઉછલિત હોય રહ્યો હે, તાસોં વા રસ કો ક્યોં પચાય ન ગયે, એસી શંકામે કહત હે, જો દૈન્ય હોય કાપટ્ય ભાવકો ત્યાગ કરકે ઉનકો સંગ કરવે આવે તાકું ભગવદરસ દાન કરવેમેં આતુર હોય નેત્ર ઉમંગ રહે હે, તાસો નેત્ર ઝલકે હે યે સૂચિત ભાવ જતાયો.

શંકા-ઉપર કહે જો ભગવદીયકો પ્રકાર કભી કભી હોતો હોયગો ? એસી શંકામેં ઉનકો સ્વભાનીક ધર્મ કહત હે.

'ઉગ્ર સ્વભાવ પરમ પરમારથ'-ઈતિ. ઉગ્ર હે સ્વભાવ જીનકો, ઓર પરમ પરમારથ કહે. યે પરાત્પર અર્થકો દેયવેવારે યેઈ હે. યાહીતેં સંસાર-પ્રપંચકો લેશ માત્ર નહી હે. અર્થાત્ પ્રપંચકી ગંધ ભી નહી હે જીનમેં એસે હે.

શંકા-એસે મહાત્માકો તો શાંત સ્વભાવ ચહિંયે ઓર યહાં તો એસે ભક્તકો ઉગ્ર સ્વભાવ હોય હે..... સો કહા કારણસે વર્ણન કીનો ? એસી શંકામેં કહત હે જો ઈનકો સંગ કરે તાકે પ્રપંચાદિક અનેક પ્રતિબંધક હે-જો ઉદવેગ ભોગ, પ્રતિબંધ યે જો બાધક હે તાકો તત્કાલ નાશ કરવે કે લિયે ઉગ્ર હે સ્વભાવ જીનકો. અર્થાત્ રૌદ્ર રસ કરકે પ્રપંચસો

છોડાય કે ઓર કરૂણા રસ કરકે અર્થ પુરૂષાર્થ સિદ્ધ કરે હે યે સૂચિત ભાવ જતાયો. ઓર ભી કહત હે-જબ અર્થ પુરૂષાર્થ દાન કરે તબ વાસો જો હોત હે તાકે લક્ષણ કહત હે :

આનંદરૂપ કરત એક છિનમેં-ઈતિ. સો ક્ષણ માત્રમેં આનંદ રૂપ કરે. અર્થાત્ કદાપિ કાલતે નાશ નહી હોય એસે આનંદકો દાન કરે. તા દાન કરનેકો પ્રકાર કહત હે. હરિ, જો દુ:ખ કે હર્તા ભગવાન, ઉનકી ગોપીકાનતે વર્ણિત ષટ ગુણ યુક્ત કથા જો અમૃત રૂપ હે તાકો વિસ્તાર અનેક પ્રકારકે ગદ્ય પદ્યાદિકનતે કહીકે એક ક્ષણમેં આનંદરૂપ કરત હે. અબ સંગ કોન પ્રકાર કરનો તાકો કહત હે :

'મન-વચ કર્મ તાહિકો સંગ કિજે' ઈતિ । યહાં દાસ ધર્મ સિદ્ધ હોયવેકે લીયે તીન કારણ મુખ્ય હે. તાસો ઉન તીન પ્રકારસો સંગ કરનો એસે કહત હે, મન-વાણી ઓર કર્મ. ભગવાન કથા રૂપ જો ઉનકે વચન તાકું આદરસો શ્રવણ કરકે ધારણ કરનો. જબ વર્ણન કરે તબ તાહીકો આદરસો શ્રવણ કરનો. અર્થાત્ જબ ભગવદ્ માહાત્મરૂપ કથા સુનવેસો જ્ઞાનકો ઉદય હોય તબ સંસારસો મન હટકે ભગવાનમેં લગે. જબ મન લગે તબ પ્રેમ ઉત્પન્ન હોય, ઓર જબ પ્રેમ ઉત્પન્ન હોય તબ ભગવદ્ સેવામેં આસક્તિ બઢે. ઓર એસોઈ સંગ સર્વકાલ રહે તો પ્રભુનમેં વ્યસન સિદ્ધ હોય. ઓર જબ વ્યસન સિદ્ધ હોય તબ વાહી સમય કૃતાર્થ ભયો જાનીયે. એસી ભક્તિમાર્ગીય પરિપાટી હે. યા કારણસોં મન-વચ-કર્મ કરકે ભગવદીયકો સદા સંગ અવશ્ય કરવેકી આજ્ઞા હે.

ઓર પૂર્ણ ભગવદીય અપને આનંદમેં મગ્ન રહત હે, તબ ઉનકો સંગ મન કરકે કરે તબ પૂર્ણ ભગવદીય અપને મનકું ભગવાનસોં ઈતને કાલ તાંઈ જુદો કરકે સંગ કરવેવારેકે મનમેં મન લગાવે હે. ક્યો. જો પરસ્પર મન લગાયે બિના કાર્ય સિદ્ધ હોય નહી. ઓર મન જો ઉનકે આધિન રહ્યો તો મનકો ધર્મતો સંકલ્પ વિકલ્પ કરવેકો હે. ઓર જહાં, સંકલ્પ વિકલ્પ હે તહાં પૂર્ણત્વકો અભાવ હે. અથવા મનકી ગણના ઈન્દ્રિયનમેં મુખ્ય હે તાસો મનકે સંગસો તો ઈન્દ્રિયજન્ય સંગ ભયો, ફિર મનકો સંગ કરવેસો ભગવદીયમેં ગૌણત્વ સંપાદનકો આરોપ હોય, ઓર જહાં ગૌણત્વ ભયો તહાં વ્યસનાદિક સિદ્ધિકો અભાવ ભયો, તબ એસે ભગવદીયકે સંગસો મુખ્ય ફલ કેસે

સંપાદન હોયગો ? એસી શંકામેં કહત હે.

જહાં પૂર્ણતા હે વે અપને આનંદમેં મગ્ન રહત હે. ઇનકું દેહાનુસંધાન ન રહે યહ કહેનો સત્ય હે. પરંતુ જબ ભગવાનહી લીલાધામસે વિછુરે દૈવી જીવ પર કરૂણા રસકો પ્રકટ કરવેકે લીયે એસે પૂર્ણ ભગવદીયકો દેહાનુસંધાનમેં સચેંત કરકે, ઔર ગૌણત્વ સંપાદન કરકે સંસારભક્ત જો જીવ હે ઉંનકું બોધ કરાયવેકે લીયે પ્રેરણા કરત હે. સો કાહેતે ? જો ભક્તમેં પૂર્ણ ભગવદીય કે સંગ બિના ભગવદ્ પ્રાપ્તિ હોયવેકી નહી. યા કારણસો ઉનકું ગૌણત્વ સંપાદન કરત હે. ફિર ઉનકે દ્વારા અનેક જીવનકે કાર્ય સિદ્ધ કરકે પાછે ફિર ઇનકું પૂર્ણતા પ્રાપ્ત કરાયકે ભગવાન આપ જેસે કર લેત હે. યે ભક્તિમાર્ગીય પરિપાટી રાખવેકે લીયે યે કાર્ય સબ ભગવાનહી કરત હે. યા કારણસો ભગવદીયકો સંગ મન-વાણી-કર્મ કરકે અવશ્ય કરનો ચહિયે યેહી અર્થ હે. અબ સંગકો ફલ કહતે હે.

"પાઈયત વ્રજજન સુખકારી" –ઈતિ વ્રજભક્ત જો હે ઉનકે સુખ દેયવેવારે અથવા સુખકારી જો સુખકી સીમા સો પ્રાપ્ત હોય, અર્થાત્ જહાં દુ:ખકો લેશમાત્ર નહી એસે સુખ દેયવેવારે જો સદાનંદરૂપ ભગવાન શ્રી કૃષ્ણ તીનકી પ્રાપ્તિ હોય. "પાઈયત" કહેવેસો વિના સાધનસો પ્રાપ્ત હોય તિનકે ચાર વિશેષણ કરકે વર્ણન કરત હે.

'કૃષ્ણદાસ પ્રભુ રસિક મુકુટ મણિ" ઈતિ. કૃષ્ણ જો સદાનંદ (1) "પ્રભુ" કહીયે સર્વ સામર્થ્યવાન, "રસિક" કહીયે ભગવદ રસકે પાન કરવેવારે જો હે ઉનકે શિરોમણિ અથવા મુકુટમણિ (2) ઓર "ગુણનિધાન" કહિયે ષટગુણ જો ઐશ્વર્યાદિ કરકે સમ્પન્ન, (3) ઓર "ગિરિધારી" કહીયે શ્રી ગિરિરાજ ધારણ કરવેવારે (4) એસે ભગવાનકે જો દાસ હે તિનકી દાસત્વતા પ્રાપ્ત હોય. એસે ચાર વિશેષણસે ચારી પુરૂષાર્થકે દાનકો સુચિત ભાવ દિખાયો. સો કહત હે :

કૃષ્ણ જો સદાનંદ ભગવાનકો દાસત્વ કરનો યહ **ધર્મ પુરૂષાર્થ.** ઓર પ્રભુ કહીયે સર્વ સામર્થ્યવાન ભગવાન રસિકનકે શિરોમણિ વોહી અર્થ સંપાદન કરનો યે **અર્થ પુરૂષાર્થ** ઓર ષટ ગુણ સમ્પન્ન જો ભગવાન ઉનહીકે મિલવેકી તીવ્ર ઈચ્છા કરની યહુ **કામ**

પુરૂષાર્થ. ઓર જીન ભગવાનને શ્રી ગિરિરાજ ધારણ કરકે વ્રજભક્તનકો દુ:ખ મીટાય, સુખદાન કર્યો ઉનહીકે નિશ્ચે હોય જાનો યે **મોક્ષ પુરૂષાર્થ.** એસે ચાર પુરૂષાર્થ કે સુચિત ભાવ જતાયો. યે સબ ભગવદીયકે સંગસોહી પ્રાપ્ત હોત હે. સ્વત:મીલને કઠીન હે. યા કારણસો અન્ય કે સંગકો ત્યાગ કરકે મન-વચ-કર્મ સો ભગવદીયકો સંગ અનન્ય હોયકે કરવેકી કૃષ્ણદાસજી આજ્ઞા કરત હે. યાતે જો મુમુક્ષ હે વેહી યહ આજ્ઞાકે પાલનીય હે એસો ભાવ હે.

પ. ભ. પદ્મનાભદાસના પદની ટીકા

- શ્રીવલ્લભપાદ પદ્મમિલિન્દ

સુનો વ્રજજન મારગકી બાતેં,
ઉલટ બાટ લુટત પથીક સબ, કહિયત હો જુ તાતેં ।।1।।
પ્રેમ પુરી પર પદ પ્રતિ વાસો, નેહ નીસંક દુહાઇ
અભય ધ્વજા મહેલન પર રાજત ભાવ ગેલ દ્રુમ છાઈ ।।2।।
મધુર મથી ફલ ફુલ લગત તહાં લલિત લતા નિબિડાઈ
પાજ દુહુદિશ રાજ હંસકી, કેલી કુંજ સઘનાઈ ।।3।।
સારસ હંસ ચકોર મોર ખગ, અનુચર હે અનુરાગી
લગન લાલસું સદન સદન પ્રતિ, કોકિલ કલ રટ લાગી ।।4।।
રસ રસાલ વર ઠોર ઠોર પર, સરસ વચનામૃત રાજે
ઉપજી મનોહર કમલ કુમુદિની, સલીલ સકલ પર ભ્રાજે ।।5।।
વેણુ રંધ્ર માનો મત્ત મધુપગન, ભ્રમણ કરત તહાં હેલી
ગજગતિ ચલત સબ અંગન, શ્યામ લટક તરૂવેલી ।।6।।
પેઠ લગત દધિ મૃદ્દ માંખનકી છીંકે છીંકે સજની
યાહી ભાંતી વ્યોહાર લાલસો, પરત ન કબહુ રજની ।।7।।
જહાં વન-પેંઠ, દુહાવન-પેંઠ, સુખ સમુહરી માઈ
પનઘટ-પેંઠ, હોત મિસ મિસતેં આનંદકી અધીકાઈ ।।8।।

સીંધપોરકી પેંઠ, અટપટી, રૂપ રાસ દરસાઈ
"સર્વસ્વ દે દે લેત ગોપીકા,દ્રગ દ્રગ તુલા તુલાઈ" ।।9।।
હિલગ-પેંઠમેં સબી બીકાની, તબ ત્રિભંગી વર પાયો
એસી 'પેંઠ' લગતહે કેઉ, યા સંગ પ્રેમ સમાયો ।।10।।
ઉપજી મીલનકી વ્રજ વૃન્દનકી ભીર બહુત વર ઠોરે
બાજત દુંદુભિ વરખી રહત સુખ, કથા કંદરા સોરે ।।11।।
પ્રથમહી જાય વસીએ વલ્લભપદ, કંજ નગરમેં માઈ
જહાં પરાગ "પદ્મનાભાદિક",નિધિ વૃંદાવન પાઈ ।।12।।

"સુનો વ્રજજન મારગકી બાતેં" વ્રજ નામ વિહાર સમુદ્ર, તામેંસુ જન્મે સો "વ્રજજન" અથવા શ્રૃંગાર રસ સમુદ્ર શ્રી સ્વામિનીજી હે સો આપમેંસુ અનેક વ્રજ ભક્ત પ્રગટ ભયેહે. સો "વ્રજજન" અથવા જો વિહાર સમુદ્ર રૂપહે. તામે ક્ષણ ક્ષણ પ્રતિ નવીન નવીન આનંદકો અનુભવ હોનો યેહી નિત્ય જન્મ રૂપ નવીનતા હે, તાસુંવ્રજજન તાકે મારગકી બાતેં ઓર યહ મારગ. મારગ કેસો હે ? તાકું કહતહે.

મારગ નામ રસ્તા, સો જા ભાવસું વ્રજભક્તનકો વ્યવહાર પ્રભુનસોં હ. અથવા જા રીતસું પ્રભુ વિષે પ્રેમ-સ્નેહ તત્સુખતા વિહાર આદિ હે, સો પદ્મનાભદાસજી દિખાવે હે. 'પથ' નામ મારગ,સો "નાદામૃતકો પથ રંગીલો"- મારગ નામ ગતિ કરનો ચલનો પ્રભુનકે સંગ અનેક વિહારાદિક રસગતિ ક્રીયા કરની સો મારગ. નાદામૃતમેં સંપૂર્ણ નૃત્ય ગાનાદિ તથા શ્રૃંગાર રસ તાકો વિલાસ સ્વરૂપાનુભવ, સો મારગ. પ્રભૂનકો રસ સુખ દાન કરનો સો મારગ, સર્વાત્મભાવપૂર્વક નિરોધ સહિત સંપૂર્ણ ક્રીયા પ્રભુ પરત્વે કરની સો મારગ. અબ પદ્મનાભદાસ મારગકો સ્વરૂપ, મારગકી પદ્ધતિ, મારગકો વિલાસ, મારગકો સ્થલ તાકો સ્વરૂપ તથા મારગકી પ્રાપ્તિ કેસે હોય તાકું દૈવી જીવ પર કૃપા વિચારીકે કહતહે

યહ દૈવી સૃષ્ટિ હે સો લીલામધ્યપાતિહે. પ્રભુનકી નીજ ઈચ્છાતે બહુત કાલતે વીછુરી હે. તાકે લીએ શ્રીમહાપ્રભુજીકો ભૂતલ વિષે પ્રાગટ્ય ભયો હે. ઓર આપને સેવા માર્ગ

વ્રજભક્તનકે ભાવાત્મક પ્રગટ કીયોહે તેસેહી પદ્મનાભદાસજી હું કૃપા કરકે વ્રજજનકે મારગકી બાત કહતહે. ઓર યહ ઉપદેશ હું મૂલ દૈવી સૃષ્ટિ કેહી લીયે હે. ક્યો જો બહોત કાલતે પ્રભુનસોં બીછુરે હે તાકું લૌકિક અધ્યાસતે પ્રભુકી દીવ્યલીલાકો ઓર દિવ્ય લીલાધામકે સ્વરૂપકો જ્ઞાન વિસ્મરણ હોય ગયો હે-સો કૃપા કરકે જતાવત હે-જો તુમારો પ્રભુનસું યા રીતકો વ્યવહાર ઔર દિવ્ય વીલાસ હે. જેસે ગોપીજનોને દિવ્ય સુખકો અનુભવ. પ્રભુનસું કીયો તેસે તુમહું યહ એલૌકિક સુખકો પ્રાપ્ત કરે વિલસે જો પ્રાચીન બાત હે તાકું ઉદીપન કરકે દીખાવત હે.

અથવા દૈવીજીવ પહેલે નીજધામમે અલૌકિક સબજીવ કો અનુભવ કરત હતે સો સુખકો વિસ્મરણ ભૂતલમેં આયવેંસુ હોય ગયો હે તાકુ હી પદ્મનાભદાસજી પ્રકટ કરકે દીખાવત હે. જો તુમ્હારે ચલવેકો રસ્તામેં કહુ કાંટે હે ઓર કહું નહી હે તાસુ સાવધાન હોયકે સુનો ! **ઉલટ બાટ લુંટત પથીક સબ કહીયત હો જુ તાતેં સો ઉલટ બાટ કહા ?** જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ઉપાસના માર્ગ ઓર અનેક દેવકો ભજન સેઈ ઉલટો માર્ગ હે. ઓર તાકો જો ફલ બ્રહ્મલોક સ્વર્ગલોક આદિ હે, સો સબ પુરૂષોત્તમકી પ્રાપ્તિ રૂપી ફલનસું જુદો હે. ઓર અતિ તુચ્છ હે ઓર કેવલ શુદ્ધ રસાત્મક સ્વરૂપ ઓર તાકે અગણીત આનંદકી પ્રાપ્તિ તો વ્રજજનકોહી હે તાતે વ્રજજનકે મારગ કો સુનો !

યહ પુષ્ટિ સૃષ્ટિ (લીલા મધ્યપાતિ. યામે પાતિકો અર્થ ભાગીદાર અથવા વારસકો હક્કદાર યહ પાતિકો અર્થ હે. યા અર્થસું દૈવીજીવ પ્રભુકી દીવ્ય લીલાકે અગણીત આનંદકો હક્કદાર હે.) તાસું ઈનકુહી પુષ્ટિ પુરૂષોત્તમકી પ્રાપ્તિ રૂપ મારગમેહી ચલનો. તાસું વ્રજજનકો મારગ દિખાવે હે. સકલ દૈવી સૃષ્ટિ ભૂતલમે સ્થિત હે તિનકે ભગવત સંબધ કરાય કે ઈનકે આત્માકું જાગૃત કરેહે. કે તુમારે ચલવેકો માર્ગ મેં કહુ કટક હે, ઓર કહુ નહી હે. જીવકુ જન્મ મરણાદિક બંધન છુટે નહી, ઓર જપ તપ તીરથ નેમ ધરમ-વ્રત કરકે મર્યાદા ફલ મીલે હે. જેસે નૃગ રાજાને ગૈયાનકો દાન બહોત કીયો. પરન્તુ ભગવાનકી સેવા યામેં નહી હતી, તાસો ગૈયાનકે દાનકો કર્મ હું ઉલટો ભયો ઓર કરકટાકો જન્મ લેનો પર્યો. તાસું યહ સબ મારગકે ફલ પ્રભુ પ્રાપ્તિસું બહિર્મુખ

કરવેવારે હે. તાસું ઉલટે બાટ કહ્યો ! જેસે ઉલટે રસ્તા ચલાવે વારે લુંટ જાય હે તાતે પ્રભુકે ચરણકમલકી પ્રાપ્તિ જામે નહી સો લુંટનાહી તો હે

ઓર દૂસરે જીવ દૂસલે મારગપે ચલે સો ઈનકે લીયે ઠીક હી હે પરંતુ પુષ્ટિ સૃષ્ટિતો લીલા મધ્યપાતિહે. ઓર પુષ્ટિ પુરૂષોત્તમકે પ્રાપ્તિ રૂપ ફલકે ભોગ કરવેવારે હે તાસુ પદ્મનાભદાસજી પુષ્ટિ સૃષ્ટિકુ જાગૃત કરવેકે લીયે કહે હે, **"સુનો વ્રજજન મારગકી બાતે"** જેસે કોઈ ભુલ રહ્યો હોય કરકે કહતહે કે યા મારગ ચલેંગે તબહી પ્રભુ પ્રાપ્તિ હોયગી ! "મારગ બીચ મીલે મોહન" "કદમ્બ બન બીથન કરત વિહર" બીથનમેં ઝકઝોર ઝકઝોરી" "મારગ રોકપર્યો હઠદવારે" જા સ્થલપે જાનો હોય વાકો રસ્તા ચલનેસુ વહ સ્થલપેં પહેચ્યો જાય, અન્યથા નહી તાસો તુમ યહ મારગ ચલો. અબ યહ મારગ ચલકે કહાં જાનો હે ? વા સ્થલમેં કહા કહા રચના-તહા વિહાર-કોન રીતસુ પ્રભુકી પ્રાપ્તિ હે સો કહત હે.

'પ્રેમપુરી' પ્રેમરૂપી જહાં નગર હે. સો વૃદાવન નીકુંજ દેશ સોઈ પ્રેમ રૂપ નગર હે, તાહી અનેક ભક્તજન હે સો પ્રેમકીહી મૂર્તિહે. અથવા **"જીતને ભક્તજન હે તીતને હી પ્રેમ રૂપ નગર હે !"** શ્રીવલ્લભકો સ્વરૂપ કેસો હે ? પ્રેમ આવિર્ભાવ ભુષણ હે. પ્રેમભાવ હી જીનકે ભૂષણ હે. એસે પ્રેમ મૂર્તિમાન શ્રીકૃષ્ણકો સ્વરૂપહે પ્રેમકે વિલાસ કે લિયે ઉભય સ્વરૂપ ધારણ કૂયે, સો યુગલ સ્વરૂપ પ્રેમહીકી મૂર્તિ હે તેસે અનેક ભક્તકો આપ દાન કરકે પ્રેમકે સમુદ્ર સમાન રહકે અનેક ભક્ત રૂપી પ્રેમ મૂર્તિસો વિલાસ કરતે હે. **"સાનીધ્યમાત્ર દત શ્રીકૃષ્ણ પ્રેમ" "પ્રેમભાવે પ્રેમગાવે પ્રેમમે અનુદીન રહે. પ્રેમ સ્નેહી પ્રેમ દેહી પ્રેમ બાની નીત કહે પ્રેમ સેવા કરે કરાવે."** સોઈ શ્રીવલ્લભકો પ્રિયહે. પ્રભુકે સંગ ભક્તનકી જીતની સ્નેહકી અવસ્થા હે તામે પ્રથમ સીડી પ્રેમકી હે. સો પ્રેમ આદિ-અત મધ્યતી યો અવસ્થામે પ્રેમરૂપહી હૈ આગે જીવકી અવસ્થા હૈ સો સમ પ્રેમ કી અવસ્થા હે. યહ મારગમેં સેવા-ક્રીયા સબ પ્રેમમથહે. પ્રેમ સહીત પ્રભુ અંગીકાર કરતહે ગુણગાનાદી સબ પ્રેમ સહિત કરણીયહે 'પ્રીતમ પ્રીત હીતે પૈયે' ઓર યહ મારગ રતિ પથહે તાતે સબ વ્યવહાર પ્રેમસે હી હે. તાહી ભાંતિ વ્રજભક્તનહું અત્યંત પ્રેમ સહિત પ્રભુનકું અવલોકન

કરતહે બોલેહે, સોહું પ્રેમમય. વ્રજભક્ત પ્રેમરૂપ હીહે. તાહીતે પ્રેમકી હી મુખ્યતા સબ વસ્તુ મે રહીહે.

પ્રેમહે સો રસહે ઓર ભક્ત યહ પ્રેમરસકે આધાર (પાત્ર) હે. સબકે ભીતર યહ પ્રેમ રહ્યોહે, જૈસે એક સ્વેત વસ્ત્ર હે તાકે ઉપર જીતને પ્રકારકે રંગ ચઢાવો તબ યહ લાલ શ્યામ પીરો કહ્યો જાયહે. ફેર વાકો સ્વેત નહી કહે પરંતુ ભીતરતો સ્વેતહી હે. તેસે પ્રેમકી સબ રંગહે તાસું સબ વિલાસ પ્રેમકેહી ભીતરહે. પ્રેમનગરકે ભીતર અનેક ભક્તરૂપ પ્રેમનગરહે અબ યહ પ્રેમનગરકી કહા કારણસો જાનોહે કહા, વાંછીતહે ? તહાં કહતહે પ્રભુકે ચરણકમલકી પ્રાપ્તિરૂપ વાચ્છ નહિ અથવા યહ ચરણકમલ પ્રેમતેહી હેતહે. તાસું પ્રેમમય નગરમેં નીવાસ કીયે બીના યહ ચરણકમલકી પ્રાપ્તિ દુર્લભહે. જૈસે રાસપચાધ્યાયમે કહ્યોહે **"સંત્યજ્ય સર્વ વિષયાન્ તવ પાદ મૂલં પ્રાપ્તા**

શ્રીવલ્લભપદપંકજ માધુરી જીનસો અલિયન યહ રૂચીમાની અશેષ ભક્તસે પ્રાર્થ્ય ચરણાબ્જ રજોધન'....યા વિધ. અબ ય નગરમેં દુહાઈ કોન્સે રાજાકી ફીરતહે ? તહાં કહત હે.

'નેહ નીશંક દુહાઈ' સ્નેહ રૂપીરાજાકી નીશંકદુહાઈ ફીરતહે. સો ભૂતલકી અવતાર લીલામેં ગોપીજનકી પ્રેમ અવસ્થા બઢકે આસક્તિ ભઈ. તબ પ્રભુ જા સમય ગૌચરણકું બન વિષે પધારત હે તા સમય સ્વરૂપ દર્શન વિના મહા વિપ્રયોગસે ઓર મુર્છીત હોય જાતે જા સમય સાયંકાલકે વિષે અલકાવૃતહે મુખ કમલ જાકો એસે પ્રભુ વ્રજજનકો સુખ દાનાર્થ વ્રજ વિષે પધારતાહે. તબ વા સમય ગોપીજન રસપાન કરકે સીતલ હોત હે. શ્રી મુખ કમલકે દર્શનસું ફેર 'સકલ વ્રજમાં પોઢીયા કરે વિવિધ રસ સુખદાન' ઓર જા સમય પ્રિયા પ્રિયતમ ઉભય સ્વરૂપકો કહુ મીલાપ હોય જાતો, તબ પરસ્પર આનંદયુક્ત હોય જાતે. ફેર જબ ઉભય સ્વરૂપ વીછુરે તબ મહાન કષ્ટ હોતો. ફેર દૂસરે દીના સંકેત ઠોર કછુ મીષ કરકે પધારકે અનેક પ્રકારકે મનોરથ પૂરણ કરતહે

પરસ્પર દેખે બીના તાલાવેલી હોતહે. કછુ ચેન નહી પડે કછુ રૂચે નહીં. અન્ય વસ્તુકી

વિસ્મૃતી હોય જાયહેય યહ સબ સ્નેહકે લક્ષણ હે. અપનો પ્રિયતમ પ્રાપ્ત હોય ઈતનેહી સમય સુખહે. વા બીના ઓર સબ દુઃખદાઈ હે ઈનહીકે ધ્યાન ઈનહીકા સ્મરણ અષ્ટ પ્રહાર બન્યો રહે યેહી સ્નેહકી પરાકાષ્ઠા હે. વિશેષ કહા કહે ? પ્રભુ કેવલ સ્નેહરૂપ દોરસે બંધેહે. ભક્ત કહે સોઈ કરતહે. આપ અપને પ્રેમી ભક્તનકેહી પાસ હોય રહેહે. રસમે પરવસ હોય જાયહે. યહ સ્નેહ રસકી અવધિ હૈ જીતને વિલાસ હૈ તામે યહ સ્નેહ રસકી પ્રાધાન્યતા હે. તાસો કહેયો "નેહ નીશંક દુહાઈ" એસે સ્નેહરૂપ રાજાકી દુહાઈ પ્રેમરૂપ નગરમેં ફીર રહી હે. યા રાજધાની મેં લીલા વિહાર બીના ઓર કછુ કામ નહી હે. "કૃષ્ણસ્તુ કેવલં લીલા કરોતી રસ રૂપીણી" સો કેવલ ભક્તનકે સંગ અનેક પ્રકારકો વિલાસ કરનો યેહી સ્નેહરૂપી રાજધાનીમેં કાર્ય હે. **"અભય ધ્વજા મહેલન પર રાજત"** વા પ્રેમનગર કે મહેલનપર અભય ધ્વજા ફરહરાય રહી હે. વહાં કાલ માયાકો પ્રવેશ નહી તાતે મૃત્યુકો વહાં ડર-ભય નહી. ઓર પ્રેમનગરકે ભક્તતો અજર અમરહે. કારણકે લીલા ધામમેં સબ આત્મા રૂપહે, તાતે કાહુ પ્રકારકો ભય નહી હે ! અબ વા નગરવિષે ગેલહે સો ભાવરૂપહે, ઓર અનેક પ્રકારકે દ્રુમ છાય રહેહે. સોહુ ભાવરૂપ હે જાસું "કહ્યો ભાવગેલ દ્રુમ છાઈ" ઓર પુરૂષોત્તમહું ભાવાત્મકહે શ્રીસ્વામિનીજીહું ભાવાત્મકહે. ઓર ભાવરૂપહી જહાં ક્રીયાહે. જાસું ભાવરૂપ ગેલ કહી જેસે ગેલમે વસ્તુ પ્રાપ્ત હોય તેસે ભાવમેંહી પ્રાપ્તિ હે. તાતે એક પદમેં કહ્યો હે કે 'ભાવનકે ગ્રહ કીયે, ભાવનકે પેંડે લીયે, ઠોર ઠોર ભાવસ્થલી ભાવ લપટાઈ" તાસું ભાવાત્મક પુરૂષોત્તમ ભાવ કરકેહી સેવ્ય હે ! ઓર ભાવરૂપહી ભૂષણહે જીનકે એસે શ્રીમહાપ્રભુજી હે. તાતેં આપકો નામ " રાસસ્ત્રીભાવ પૂરિતવિગ્રહ" હે !

એસે પ્રેમકીહી અવસ્થા બઢતી જાયહે. વહી પ્રેમ અબ ભાવરૂપ ભયો. જાસો મારગકો સ્વરૂપ બતાયો કે પુષ્ટિકો જો મારગહે સો ભાવકો સ્વરૂપ હે.તાસું વા નગરમેં ભાવરૂપ હી અનેક ગેલહે ઓર દ્રુમ હે સોહુ ભાવરૂપ હે અથવા અનેક ભાવકી મૂર્તિરૂપ વ્રજજનહી વૃન્દાવન વિષે દ્રુમ હે તાતેં એક પદમેં કહ્યો હે કે 'યુવતી કદમ્બ વન ફુલી' યુવતીજન પ્રફુલ્લીત ભઈ હે. માનો ભાવહી ફલાત્મક વૃક્ષરૂપ વ્હે રહ્યોહે ફલ ફુલનસે સઘન હરીત વ્હે રહ્યો હે. તાસું કહ્યો "ભાવ દ્રુમ ગેલ છાઈ "ભાવરૂપ ગેલ તામેં અનેક ભાવકી મૂર્તિ

ગોપીજનહે. તથા "દ્રુમ છાઈ" એસે કહેયો સો અનેક વૃક્ષરૂપ મૂર્તિમાન અનેક ભક્તજનહે. નીકુંજમે જીતને પ્રકારકે વૃક્ષહે તામેં ફલ ફુલ કેસે લગેહે ? મધુર હે રસ જામેં ઓર અમૃતમય હોયવેસું ફલનમેં અખંડ રસહે સો ફલ કેસેહે ? બાહીર ભીતર એકરસ રૂપહે. છીલકા ગુટલીહું રસ રૂપહે. (જેસે ભૌતિક ફલમેં ગુટલી છીલકા ઓર રસ પ્રથક પ્રથકહે તેસે વહાંકે ફલોમેં નહી. અર્થાત્ પ્રેમ નગરકે ફલ ભી પ્રેમકે બને ભયેહે ઓર પ્રેમરૂપી અમૃતરસસું બાહીર ભીતર એકરૂપહે) તાસું વે ફલકે સ્વાદ હું અનીર્વચનીયહે. યાતે કહ્યો 'મધુરમયી ફલ ફુલ લગત તહાં'અથવા ભક્તરૂપ વૃક્ષમેં ફલ જોહે સો ભક્તનકે અંગરૂપહે અથવા અધર રસરૂપહે. જેસે વૃક્ષમેં અનેક પ્રકારકે ફલ ફુલહે તેસે યહાં હું ઈનકે અંગમેં અનેક પ્રકારકે મધુરમય ફુલહે યહ સબ અનુભવ વેદ્યહે તાસું અલમ્ અબ આગે કહતહેઃ

"લલિત લતા નિબિડાઈ" સો લતા જેસે વૃક્ષમેં અત્યંત શોભાયમાન હે તેસે યહાંહું ભક્તરૂપ લતા ઓર શ્રૃંગાર કલ્પતરૂ શ્રીપુરૂષોત્તમ તાકે ઉપર શોભાયમાન વ્હે રહીહે. તાકી નીબીડાઈ નામ સઘનાઈ, યહ સઘનાઈ તે વૃક્ષમેં ફેલકે શ્રૃંગાર કલ્પતરૂકો અપને અંતરભૂત કર લીયો હે. એસે ઉભયવિધ લતા ઓર કલ્પદ્રુમ પરમ શોભાયમાન વ્હે રહેહે. ઓર જેસે દ્રુમનમેં અનેક પ્રકારકે ફલ લગત હે તેસે યહાહું ભક્તરૂપી દ્રુમનમેં દંતાવલી અનાર, અધર-ઓષ્ટ સો બીમ્બફલ, નારંગી આમ્ર આદિ ઉભયગિરિ, ઈત્યાદિ અનેક પ્રકારકે ફલ લગેહે.

કમલ પુષ્પ સરીખે સર્વાંગ જીનકે હે એસે ગોપીજનોમેં મધુર મકરંદ રસ ભરે હે. અખંડ મધુરમય હે યહ ભક્તનકે અંગરૂપ કમલ પુષ્પનકી મકરંદકો પાન ભોરારૂપ પુરૂષોત્તમકું પરમ સુખ ઉપજાવે હે.યા પ્રકારકે અનેક ફલ ફુલ પ્રફુલ્લીત ભયે હે. ગોપીજનોકે સર્વાંગ રોમ રોમ હું કમલ રૂપહે. યહ કમલમેં દિવ્ય પ્રેમરૂપ મકરંદ વિધ વિધ પ્રકારકી રહી ભઈહે. તાસું કહ્યોઃ **"મધુરમયી ફુલ ફલ ફલિતહે લલિત લતા નિબિડાઈ"** જેસે નીકુંજ વિષે સઘન લતા હે તેસે યહાંહું લતારૂપ ભક્તજન રસસું સઘનહે. જો ભાવરૂપ ગેલ (ગતિ) જેસે માર્ગમેં ગતિ ફરી જાય તેસે યહાં જીતની ગતિહે સો પરસ્પર સબ

ભાવરૂપહીહે, ભાવકોહી સબ વિલાસહે, તાસોં કહ્યો,'ભાવ ગેલ દ્રુમ છાઈ' અબ આગે કહત હેઃ

'પાજ દુહ દિશ રાજ મારગકી કેલિકુંજ સઘનાઈ' નિકુંજ વિષે અનેક પ્રકારકે રસ વિલાસહે. તાસું પાજઃરૂપ ધારણ કરવેવારે હે. સો લીલા સમુદ્રકી પાજરૂપ શ્રી યમુનાજી ઓર ગોપીજનહે. તાસું કહ્યો, 'આનંદસિંધુ બઢ્યો હરિ તનમેં ઈત રોક્યો યમુના ઇંત ગોપી, કછુ એક ફેલપર્યો ત્રીભુવનમેં'....યાતે પ્રભુનકે લીલારૂપ સમુદ્રકે દોનો તટ (કિનારા) રૂપ શ્રી યમુનાજી ઓર ગોપીજનહે. યહ લીલા પ્રેમ સમુદ્રકે અનુભવ કરવેકો અધિકાર ગોપીજન જેસે ભક્તનકોહી હે. યહ ભક્તહી યહ લીલા પ્રેમ સમુદ્રકો ધારણ કર શકે હે યહ પ્રેમસમુદ્રકી એક બિંદુ ત્રીભુવનમેં ફેલ રહીહે. ઓર એક બિંદુમેંહી ત્રીભુવનકે લોક જીવન નિર્વાહ કરેહે. તાતેં લીલાધામકો જો આનંદહે સો મહાનહે.

અથવા જેસે રાજમાર્ગકી દોનો ઓર અનેક રમણીય સ્થલ બાગ-બગીચા મહેલ હોય હે તેસે પ્રેમનગરકી રાજધાનીકે રાજમાર્ગ કે દોનું ઓર "કેલિ જ સઘનાઈ" અનેક પ્રકારકી વિધ વિધ દિવ્ય પુષ્પોસે સુવાસીત કુંજ અનેક પ્રકારકે કેલિ વિહાર તે સઘનહે. અથવા કેલિકુંજ ભક્તનકો શ્રીઅંગહે, તામેં હૃદયરૂપ વૃંદાવનહે જહાં અનેક પ્રકારકી કેલિ કુંજહે સો સઘનહે. રસ પ્રેમભાવ આનંદસું સઘનહે.

સુનો વ્રજજન મારગકી બાતેં,
સીધપોરકી પેઠ, અટપટી, રૂપ રાસ દરસાઈ
'સર્વસ્વ દે દે લેત ગોપીકા, દ્રગ દ્રગ તુલા તુલાઈ'।।9।।
હિલગ-પેઠમેં સબી બીકાની, તબ ત્રિભંગી વર પાયો
એસી 'પેંઠ' લગત હે કેઉ, યા સંગ પ્રેમ સમાયો ।।10।।
ઉપજી મીલનકી વ્રજ વૃન્દનકી ભીર બહુત વર ઠોરે
બાજત દુદુભિ વરખી રહત સુખ, કથી કંદરા સોરે ।।11।।
પ્રથમહી જાય વસીએ વલ્લભપદ, કુંજ નગરમેં માઈ
જહાં પરાગ 'પદ્મનાભાદિક' નિધિ વૃંદાવન પાઈ ।।12।।

સીંઘ પોરકી પેંઠ અટપટી, રૂપ, રાસ દરસાઈ, સર્વસ્વ દે દે લેત ગોપિકા દ્રગ દ્રગ તુલા તુલાઈ" સો સીંઘ પોરપેં પ્રભુ ઠાડે હે તહાં ભક્તજનહું અનેક પધારત હે. તહાં વૃદ્ધ ગુરૂજનહું હે. તહાં પ્રભુનસોં કેસે મીલાપ હોય ? તબ પરસ્પર રૂપામૃતકો પાન ગુરૂજનકી દ્રષ્ટિ બચાયકે કરત હે ઓર યુથેશ્વરી શ્રી પ્યારીજીને ઘુંઘટ સંવાર મીસ અલક સંવારીકે સંકેત કીયો, ઓર 'દ્રગ દ્રગ તુલા તુલાઈ" સો પરસ્પર નેત્રનસો નેત્ર મીલાયે, અપને હૃદયકો ભાવરૂપ જો રસ હે સો પ્રભુનકોં દેત હે. ઓર અપનો જો આશય હે સો પ્રભુનકું જતાવત હે ! અથવા નેત્ર દ્વારા અપનો સર્વસ્વ પ્રભુનકોં સમર્પણ કરતહે. ઓર પ્રભુ અપને નેત્ર દ્વારા અપનો રસ ભક્તનકોં દાન કરત હે જેસે સોદા લેય હે તબ તરાજુમેં તુલી જાય હે, ઓર વાકો મોલ દીયો જાય હે, સો યહાં અપનો અપનો ભાવરૂપ સોદા નેત્રરૂપી તરાજીમેં તોલ તોલકેં વાકે દામમેં પરસ્પર અપનો સર્વસ્વ દેત હે તાસું કહ્યો "સર્વસ્વ દે દે લેત ગોપિકા દ્રગ દ્રગ તુલા તુલાઈ"સીંઘપોરકી પેંઠ અટપટી ક્યોં કહે ? ગુરૂજનમેં અપનો ભાવ પ્રકટ ન કરનો ઓર પરસ્પર અપનો ભાવ જતાવનો, તાતેં અટપટી કહી ! અથવા સીંઘપોકર ,સો ભક્તનકો કટી દેશ હે સોં પેંઠ અત્યંત અટપટી હે, મન વચન સોં અગોચર દાન કરત હે, સો નેત્ર દ્વારાહી વાકો વિલાસ હોય હે, આગે કહ્યોઃ

"હિલગ પેઠમેં સબી બીકાની, તબ ત્રિભંગી વર પાયો" ઉપર જીતની પેઠ કહી સો પ્રભુ ભક્તનકો રસદાન કરતહે. તામેં ઈતને પ્રકારકી પેંઠ જુરે હે સો રસદાનમેં ત્રિભંગી સ્વરૂપ હે. સો તીનો અંગનસો ટેડો હે. ટેડે ભક્તનકું રસદાન કરવેકુ આપ રસભરે પાત્ર હે. સો ટેડો કરત હે. તબ ભક્તનકોં દાન હોય હે તાતે આપ ત્રિભંગી હે "હિલગ પેંઠમેં સબે બીકાની તબ ત્રિભંગી વર પાયો" અબ ઈતને પ્રકારકી પેંઠમેં ભક્તનકો વિકાસ કેસે ભયો ? ઓર ત્રિભગી સ્વરૂપકી પ્રાપ્તિ કેસે ભઈ ? સો કહત હે કી હીલગ પેંઠમેં સબે બીકાની તબ ત્રિભંગી-વર નામ પતિકો પ્રાપ્ત ભઈ

સો પ્રથમ પ્રભુનકો મીલેવકી લગન હતી તબ ત્રિભંગીવર પાયો. અબ હિલગકો સ્વરૂપ કહત હે. (હિ નીશ્ચયવાચી હે લગ નામ લગ જાનોહે પ્રભુહી સર્વસ્વ, અરુ જીવનકે

આધાર રૂપ-પ્રાણરૂપ જબ બને હે તબ મનકી લગન નીશ્ચય પૂર્વક પ્રભુમેં લગે હે. અથવા જહાંતક દેહાદીક અધ્યાસ છુટ નહિ જાય હે વહાંતક સર્વસ્વતા પ્રભુનમેં જબ હોય હે તબ દેહ ઓર દુનીયામેસેં પ્રેમ નીક્સ જાય હે દુનીયા વિષ સમાન કડુવિ ન લગે વહાંતક અન્યમે રાગ હે વહાંતક પ્રભુનમેં રાગ નહીં એકાંગી પ્રીતિ બીના દિવ્ય પ્રેમ પ્રાપ્ત નહીં હોય હે તાસું પ્રાણકી ન્યોછાવરી જબ પ્રભુમેં હોય તબ જીવનકે આધારરૂપ પ્રભુનકો સ્વરૂપ બને હે. યા સમય પ્રભુ પ્રેમકો અંકુર હૃદયમેં પ્રગટ હોય હે યહ અંકુરીત પ્રભુ પ્રેમકો કેસો સ્વભાવ હે સો હિલગકે પદોમેં અષ્ટ સખાને વર્ણન કીયો હે, સો અબ કહત હે

"હીલગન કઠીન હે યા મનકા ।। જાકે લીયે સુનો મેરી સજની લાજ ગઈ સબ તનકી ।।1।। લોક હસો પરલોકહી જાવો, ઓર આવો ફલ ગારી ! સો ક્યોં રહે તાહી હીનુ દેખે જો જાકો હીત કારી" ।।2।। ઓર કહ્યો હે; **સબ ગોકુલકે લોક ચીકનીયા, મેરેભાએ ઘાસ-કરન દે લોગનકેં ઉપહાસ."** આગે કહત હે "મેરો મન અરૂવા ઢે ટાકો એકમેક કરી માન્યો" "કૃષ્ણ વિરહ ગોકુલકી વનીતા, ઘરહીમેં વનકીનો" 'મેરોમન માધાંસો માન્યો, કહા કરેગો કોયરી" મીલુગી નીશાન બજાય રી" યા રીતસું ગોકુલમે ગ્રહ ગ્રહ પ્રીત, હિલગકી પેંઠ લગી હે તામેં સબ ગોપીજન બિક ગઈ. કેવલ પ્રભુ કોહી વ્હેગઈ તબહી પ્રભુકી પ્રાપ્તી ભઈ, ઓર ત્રિભંગી વર પાયો.. (મહાનુભાવ રસીકભક્ત નંદદાસજીને પંચમજરીમે કહ્યો હે કે "પ્રેમ એક એક ચિત્તસોં, એકહી સગ સમાય ગાંધીકો સોદા નહી, જન જન હાથ બીકાય."

અનન્યતા બીના પ્રભુ પ્રેમ પ્રાપ્ત નહીં હોય સકે હે અનન્યતાકો દ્રષ્ટાંત કહત હે જો શ્રીમત પ્રભુચરણ વિપ્રયોગ સમય જબ ચંદ્રસરોવર બીરાજ રહે હતે, વા બીરીયાં શ્રી ગીરધરજી ઓર શ્રી ગોકુલનાથજી આપકે પાસ પધારે ઓર વિનતી કરી જો કાકાજી ! આપકું શ્યામ સ્વરૂપ નીકુંજ નાયક શ્રી ગોર્વધનધરણમેં આસરતી હે. ઓર યા સમય શ્રીજીકો આપકું વિયોગ હે સો દૂસરે શ્યામ સ્વરૂપ શ્રી મથુરેશજી, શ્રી દ્વારકાધીશજી, શ્રી ચંદ્રમાજી પ્રભુતિ સ્વરૂપ હે, તાકુ પધારાયકે આપ સેવન કરો. તબ શ્રીગુસાંઈજી આજ્ઞા

કરતે ભયે જો **"તુમ હમારે લીયે વીજાતીય હો !"** આપને વીજાતીય કહે તાસું એસે નહી સમજનો કે શ્રીગીરધરજી ઓર શ્રીગોકુલનાથજી આપકે વીજાતી હોયગેં, પરન્તુ ભાવીકી પુષ્ટિ સૃષ્ટિકું અનન્યતાકો સ્વરૂપ દિખાયવેકે લીયે હી એસી આજ્ઞા આપને કરી હે ઓર શ્રીગુસાઈજી આપ દોનો ભૈયાનકું આજ્ઞા કરી જો "ગંગાજી જેસે પવિત્ર જલાશય યા ભૂમિ તલમેં હે, તોહુ ચાતક પક્ષી વે જલાશયોકો છોડકે એક સ્વાતી જલકી આશામે હી અપને જીવનકી આહુતી દે રહ્યો હે તેસે હમારે લીયે તો એક શ્રીગોર્વધનધરણહી સર્વસ્વ હે.

અબ પદ્મનાભદાસજી આગે કહત હે જો એસી તો અનેક પ્રકારકી પેંઠ લગત હે, તામેં તે મેને કછુક કહી હે. યહ સબ પેંઠકે ભીતર પ્રેમહી સમાય રહ્યો હે સો પ્રેમકો સ્વરૂપ ઉપર કહી આયે. સો ભક્તજન ઓર પ્રભુનમેં અનેક પ્રકારકી પેંઠ લગત હે તામેં પ્રેમ અંતરભૂત હે આદિ અંત મધ્યમેં પ્રેમહી વ્યવહાર હે. આગે કહત હે. "ઉપજી મીલનકી વ્રજ વૃંદનકી ભીર બહુત વર ઠોરે" સો પ્રભુનકો મીલવેકી મનમેં ચહના પ્રકટ ભઈ તાસું ભક્તનકે વૃન્દનકી ચારો ખાડીસું ભીર ભઈ એસે નીકુંજ દેશ વિષે 'બજત દુંદભી વિષય રહિત સખી, કથા કંદરા સોરે" સો વહાં દુંદભી એસી બજ રહી હે જામે લૌકિક વિષય નહી હે અથવા અલૌકિક ભાવરસકો વિન ભક્તનમે દાન હોય. આશય યહ હે કે લૌકિક વિષય રહિત યહ લીલા નિર્દોષ હે.

અથવા જીતને ભક્તજન હે. સો સબ વિષય રહિત હે યાતેં ગોપીજનને કહ્યો હે "સંત્યજ્ય સર્વ વિષયાન્ તવ પાદ મૂલ પ્રાપ્તા" જબ એકાદશ ઈન્દ્રીયનકે લૌકિક સમગ્ર વિષયકો ત્યાગ હોય. તબ સાક્ષાત પ્રભુકે સ્વરૂપકો અનુભવ હોય શકે યાતેં ગોપીજન મહારાસમેં પધારે જબ કહી રહે હેઃ હે પ્રિય, હમને એકાદશ ઈન્દ્રિયનકે લૌકિક વિષયકું ત્યાગ કરકે સમસ્ત ઈન્દ્રિયનકે વિષય આપકો સ્વરૂપ બનાયો હે. તબ હમ આપકે ચરણકમલકે મૂકમેં પહોંચ શકે હે. યાતેં જહા તક લૌકિક વિષયકી ગંધમાત્રભી હે વહાંતક મહાન અલૌકિક પ્રભુ સ્વરૂપકો સાક્ષાત અનુભવ નહી હોય શકે. યા રૂપ દુદુભી બજ રહી હે. અથવા યહ જો લીલા હે ભક્તનકે સંગ, સો નિર્દોષ અપ્રાકૃત-અલૌકિક હે ઓર સ્વરૂપાનંદરૂપ યહ લીલા હે તાસું લૌકિક વિષયકી ગંધ રહીત હે. અલૌકિક લીલા

વિષયકી દુંદુભી બજત હે.

"સખીકંદરા સારે" સો પરોક્ષ સબ ભક્તજન નીકુંજમેં પ્રભુનકી જો રસ કથા હે તાકો ગાન કરત હે આપકો ગુણાનુવાદ કરત હે ચારો ઓર અથવા અનેક નીકુંજોમાં યા પ્રકાર આપકી કથારસ સ્વરૂપાનંદ અનુભવકી ગાથા હે રહી હે આગે કહ્યો યહ મારગકી પ્રાપ્તિ કેસે હોય ? સો કોટીમેં વિરલ મહાનુભાવ પદ્મનાભદાસજી કહત હેઃ

"પ્રથમ હી જાય વસીય શ્રીવલ્લભપદ કુંજ નગરમેં માઈ, જીહી પરાગ પદ્મનાભાદિક નિધિ વૃદાવન પાઈ" સો પ્રથમ શ્રીવલ્લભકે ચરણકમલરૂપ નગરમેં બસે. તબ આપકે ચરણકમલકે પ્રતાપસે યહ મારગ મીલે ઓર ચરણકમલકો આશ્રય યેહી નગરમેં વસનો સોઈ હે સો પદ્મનાભદાસજી કહત હે, જો મોકું હું યહ ચરણકમલકી કૃપાતે વૃંદાવન વિધિરૂપ પ્રભુનકી પ્રાપ્તી ભઈ, તેસે સબ ભક્તજનોકું આપકી ચરણરજ કૃપાતેહી પ્રાપ્તી હે.

(અબ યહાંપર એક શંકા હે ય કે આપકે ચરણકમલકો આશ્રય કોન ભાંતીસો હોય ! ઓર આપકે ચરણકમલકો સ્વરૂપ જ્ઞાન વિના આશ્રય સિદ્ધ નહી હોય હે ઓર આપકે સાક્ષાત્સન્મનુષ્યાકાર સ્વરૂપકે ચરણકમલકો મેરે જેસે વિષય સાગરમે પતિત જીવનકો સંબંધ ઓર આશ્રય બહોત હી દુર્લભ હે. યહ સંદેહરૂપ દાવાનલકું કૃપાદ્રગકી પિયૂષ વર્ષા બીતા, કેસે બુજાયે જાય ? અબ ઉપરોક્ત સંદેહકી નીવ્રતીમેં આપકી કૃપાતે જો સ્કુરિત હોય હે સો નિવેદન કીયો

ભગવાનકે તીન સ્વરૂપ હે – આધિભૌતિક, આધ્યત્મિક, આધિદૈવિક આધિભૌતિક જગતરૂપ હે આધ્યાત્મિક અક્ષરરૂપ હે, ઓર આધિદૈવીક સાક્ષાત મૂર્તિમાન હે તેસે હી આપકે ચરણકમલ હું તી, પ્રકારકે (આધિભૌતિ, આધ્યત્મિક, આધિદૈવીક) હે. આધિભૌતિક ચરણકમલ શ્રીભાગવત રૂપ હે. આધ્યાત્મીક ચરણકમલ જ્ઞાન ભક્તિરૂપ હે, ઓર આધિદૈવીક ચરણકમલ સાક્ષાત હે તેસેહી શ્રીવલ્લભાધીશ કે ચરિત્રકો જામે સ્વતંત્ર રૂપતેં ગુણાનુવાદ હે એસે ગ્રંથ આપકે સ્વરૂપકો ધ્યાન (ચન્તવન, આપકે

નામકો સ્મરણ, ઓર આપકે અંતરંગ અનન્ય ભાવવારે વલ્લભીયનકો સંગ, યહ સબ આપકે આધિભૌતિક ચરણરૂપ હે ઓર યાહીમેં સ્થિત રહેવેસું આપકે આધિભૌતિક ચરણકમલકો આશ્રય પ્રાપ્ત ભયો જાનીયે

અબ આધિભૌતિક ચરણકે આશ્રયસું અથવા યામેં સ્થિત રહેવેસું આપકે સ્વરૂપકો માહાત્મ્યજ્ઞાન ઓર આપકે સ્વરૂપમેં ભક્તિ (સ્નેહ) પ્રગટ હોય હે. યહ જ્ઞાન ઓર ભક્તિ મેં સ્થિત રહેનો સો આપકે આધ્યાત્મીક તરણકમલરૂપ હે. ઓર જ્ઞાન ભક્તિ તે આધ્યાત્મીક ચરણકમલકો આશ્રય પ્રાપ્ત ભયો જાનીયે સ્વરૂપ જ્ઞાન હે સો અનન્યતા ઓર સ્નેહકો રક્ષણ કરવે વારો હે વાસ્તવીક તો અનન્યતા બીના ભગવદ્ પ્રેમ આકુરીત હી નહી હોય હે ઓર અનન્યતા માહાત્મ્ય જ્ઞાન વિના સિદ્ધ નહી હોય હે. તાસું જીવકું પ્રભુકે ચરણકમલકો આશ્રય કરનો હી ઈષ્ટ હે

ઓર જીનકું આપકે સ્વરૂપમેં સહજ અનુરાગ હે તાકુ જ્ઞાનકી અપેક્ષા નહી રહે હે ઓર સહજ સ્નેહ વારેકું પ્રાણાધાર પ્રભુ સ્વરૂપહી હોયવેસુ જેસે ડોરસો બંધ્યો ભયો પક્ષી સર્વત્ર વિચરકે અપને સ્થાનપેહી (જીનને બાંધ્યો હે ઈનકે પાસ) આય જાય હે, તેસે સહજ સ્નેહ વારેકો મન પ્રભુનકે સ્વરૂપમેં સહજ રૂપસો સ્થિત રહે. યા પ્રકાર આધ્યાત્મીક ચરણકમલકે આશ્રયતેં ભક્તિકી વૃદ્ધિ હોયગી. યહ ભક્તિ જબ વ્યસન અવસ્થાકો સ્વરૂપ ધારણ કરે હે તબ સર્વાત્નભાવકું સિદ્ધ કરે હે, ઓર આપકે સાક્ષાત દર્શન હોય હે. યહ સાક્ષાત સ્વરૂપકે ચરણકમલ હે સો આધિદૈવીક રૂપ હે યહ આધીદૈવીક ચરણકી એક પરાગ (રજ) કે સંબંધ હોત માત્ર લીલા સાગર ધારણ કરવેકી પાત્રતા (આધીદૈવીક સ્વરૂપકી પ્રાપ્તી) હોય જાય હે, ઓર લીલાધામમેં પ્રવેશ હોય હે)

નિત્યલીલા અનુભવના સ્થાયીભાવનું અધિષ્ઠાન

શ્રી વલ્લભ પાદપદ્મ મિલિન્દ

આપે પત્રમાં જણાવ્યું કે "નિત્યલીલા, નિકુંજ લીલા, વ્રજલીલા, અને આજની લીલાનું સ્વરૂપ એક છે, પ્રકાર ભીન્ન છે, એમ સમજાય છે." આ વિષયનો આ રીતે વિચાર કરવો

જોઈએ કે, સેવા પ્રણાલીમાં અને મહત્ સ્વરૂપોની વાણીમાં તેમજ અષ્ટસખાદિની વાણીમાં આપના લખવા પ્રમાણે નિત્ય લીલાનો સંબંધ રહેલો છે તે બરાબર છે. પરંતુ તેનો આપણને આધિદૈવીક પ્રકારે પ્રત્યક્ષ અનુભવ નહિ હોવાથી, આ સર્વલીલાઓ નિત્યલીલાની સ્મારીકા બનીને નિત્યલીલાના પ્રત્યક્ષ અનુભવ માટે પ્રચુર તાપભાવને ઉત્પન્ન કરવાના કારણરૂપ થવી જોઈએ. ઉદાહરણ રૂપે, જેમકે "મહાદાનના મનોરથની સજાવટમાં નિકુંજલીલાની સજાવટના દર્શન કરાવ્યા," તેમ આપે જણાવ્યું.

આ નિકુજલીલાની સજાવટમાં આષિદૈવિક નિકુંજની પ્રત્યક્ષતા, તે સમયે દાનની યાચના કરતા પ્રિયતમ, અને શ્રી સ્વામિની વૃન્દના આપણને 'પ્રત્યક્ષ' દર્શન નથી કેવલ અલૌકિક ભાવ આવા મનોરથોમાં ઉત્પન્ન થાય છે, અને અલ્પ કાલિન તેનો ભાવથી જ અનુભવ અને આવેગ પણ રહે છે. પરન્તુ આપણા પોતામાં આધિદૈવિકતા સિદ્ધ થયેલી નહી હોવાથી સ્વરૂપ, લીલા, અને લીલા સ્થાનનો પ્રત્યક્ષ અનુભવ આધિદૈવિક પ્રકારે થઈ શકતો નથી. જેમ કૃષ્ણભટ્ટજીએ શ્રીજીને વિનંતી કરી કે મને લીલાનાં દર્શન કરાવો, ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી કે તે તો આ દેહથી ન થાય. અલૌકિક સ્ત્રી ભાવાત્મક દેહથી લીલાનાં પ્રત્યક્ષ દર્શન થાય. પછી શ્રી ગુસાંઈજીએ પ્રમેય બલથી દર્શન કરાવ્યાં છે. તેજ પ્રમાણે લીલાનાં પ્રત્યક્ષ દર્શન આપણી આધિદૈવિક અવસ્થામાં થાય છે તેથી ભૂતલની સેવા પ્રણાલીમાં અને સાહિત્યમાં નિત્ય લીલાનો જે અનુભવ થાય છે તે નિત્ય લીલાનાં સ્મારકરૂપ છે, તેમ સમજી નિત્યલીલાના પ્રત્યક્ષ અનુભવ માટે પ્રચૂર તાપભાવ પ્રકટ થાય તો, આ તાપભાવે કરીને પ્રપંચનું વિસ્મરણ થતાં આપણામાં આધિદૈવિકતા સિધ્ધ થયે પ્રત્યક્ષ અનુભવ થઈ શકે.

આવા પ્રકારનો વિચાર લીલા મધ્યપાતિ જનમાંજ ઉત્પન્ન થાય છે, અન્યને તો સ્વલ્પકાલિન આનંદના અનુભવ પછી સ્વસ્થતા જ પ્રાપ્ત થાય છે તેમાં નિત્ય લીલા સ્વરૂપના અનુભવનું અધિષ્ઠાન સિદ્ધ થતું નથી. કારણકે ભૌતિક દશામાં તે આનંદનો અનુભવ કરી લીધો. આવો જીવ નિત્યલીલાનો અધિકારી નહી હોવાથી તેનામાં તાપભાવ ઉત્પન્ન થતો નથી. ભૌતિક દશાનો આનંદ અલ્પકાલિન છે અને મેળવેલો

આનંદ તિરોધાન પણ થઈ જાય છે. જ્યારે આધિદૈવિક દશામાં અનુભવાતો આનંદ સ્થાયી રૂપમાં હોય છે. કારણકે આધિદૈવિક અવસ્થા સર્વાત્મભાવરૂપ છે, અને આત્મા અપરિણામી છે, એટલે કે આત્મ-સંઘાતથી અનુભવાતો દિવ્ય આનંદ તિરોહિત થઈ જતો નથી પરંતુ તેનો આવેશ નિરંતર બન્યો રહે છે, ઉલટ પ્રતિક્ષણ વૃધ્ધિગત થતો જાય છે.

શ્રી હરિરાયચરણોકત, "બ્રહ્મસંબંધ વાક્ય કઠીનાંશ વિવેચન" નામના ગ્રંથમાં કામભાવ અને સર્વાત્મ-ભાવના અનુભવનું તારતમ્ય બતાવવાં આપ આજ્ઞા કરે છે કે, કામથી ઉત્પન્ન થનારો જે ક્લેશ છે તે ઈષ્ટ વસ્તુ સ્પર્શથી અગર દર્શન વગેરેથી શાન્ત થઈ જાય છે, જ્યારે સર્વાત્મભાવથી ઉત્પન્ન થનારો ક્લેશ સ્પર્શ વગેરેથી બમણો, અથવા અધિક વૃધ્ધિગત થતો જાય છે. કામથી ઉત્પન્ન થયેલા ક્લેશથી પ્રભુમાં સાયુજ્ય પ્રાપ્ત થાય છે, અને સર્વાત્મભાવ તાપાત્મક હોવાથી તેમાં મળતાં આનંદથી તૃપ્તી થવાને બદલે તાપભાવ અને વ્યાકુળતા વધતીજ રહે છે. સર્વાત્મ ભાવમાં તાપાત્મક સ્વરૂપનું સ્થાયીત્વ અને ઉદબોધકત્વ હોવાથી અગ્નિમાં ઘૃતની આહુતિ દેતાં જેમ અગ્નિ પ્રજવલીત બનતો જાય છે, તેમ સર્વાત્મભાવની અવસ્થાનો આનંદ વૃધ્ધિગત જ થતો જાય છે. અથવા આ આનંદ અતૃપ્ત સ્વભાવ વાળો છે. અગણીતાનંદનો અનુભવ આપના તાપાત્મક સ્વરૂપના દાનથી જ લભ્ય છે.

આ સર્વ લખવાનો હેતુ એ છે કે, નિજજનોએ અલ્પકાલીન આનંદમાં સ્વસ્થતાનો અનુભવ નહી કરવો જોઈએ કામભાવથી મળતા આનંદનું અને સર્વાત્મ ભાવથી મળતાં આનંદનું તારત્મય વિચારીને સર્વાત્મભાવની અવસ્થાને સિધ્ધ કરવા શ્રીવલ્લભના તાપત્મક "હુતાશ" સ્વરૂપની પ્રસન્નતા નિરંતર યાચતા રહેવું. આપણું લક્ષતાપાત્મક સ્વરૂપ હોવું જોઈએ જેમ શ્રુગાર રસનો સ્થાયી ભાવ રતિ છે. આ સ્થાયી ભાવ રતિમાંથી જ વિભાવ, અનુભાવ અને સંચારી ભાવોની ઉત્પત્તિ થાય છે. અને તેનાથી શ્રુંગાર રસનો અનુભવ થાય છે. તેમ સર્વાત્મભાવનો સ્થાયી ભાવ તાપાત્મક રતિ યુક્ત છે, તેથી તેના અનુભવાનંદમાં તૃપ્તતા થતી નથી.

કૃષ્ણ નામ જબતે શ્રવણ સુન્યોરી આલી
ભૂલીરી ભવન હોં તો બાવરી ભઈરી

નામના સ્મરણ માત્રથી આવી દશા કેમ થઈ ? તેનું કારણ એમ છે કે આ ગોપીજનમાં સર્વાત્મભાવનું અધિષ્ઠાન હોવાથી, નામના શ્રવણ માત્રથી તાપાત્મક રતિ પ્રજવલીત થઈ ગઈ, રસાત્મક સ્વરૂપનો તેના હૃદયમાં પ્રાદુર્ભાવ હોવાથી ફલાત્મક કૃષ્ણ નામ શ્રવણ દ્વારા તેના મન ચિત્તમાં રસાત્મક સ્વરૂપે પ્રવેશ કર્યો, રસ સ્વરૂપે તેનામાં વિકલતા ઉત્પન્ન કરી, તેથી દેહ ગેહનું વિસ્મણ થઈ ગયું, નામ સ્મરણથી આવી દશા થવાનો હેતું આ ગોપીજન સર્વાત્મભાવની અવસ્થાવાળા છે, અને સર્વાત્મભાવ તાપાત્મક હોવાથી કૃષ્ણ નામ શ્રવણથી પણ આ સ્થિતિ થઈ, તો રૂપ માધુરીના અનુભવમાં શું શું ન થાય ?

"સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને ક્ષણમષિ ભવત સન્નિધાને કૃપાતઃ" આ શ્લોકમાં આપના તાપાત્મક (માધુર્યસુધા) સ્વરૂપનું વર્ણન કરેલું છે. આ સુધાસ્વરૂપમાં માધુર્ય આસ્વાદન અને અગ્નિ ઉભય ધર્મો એકી સાથે અનુસ્યૂત (વ્યાપ્ત) રહે છે, જેમ સમુદ્રમાં આ માધુર્ય અગ્નિ સ્વરૂપના દાતા ભોક્તા રૂપે રહેલ છે તે અગ્નિ સ્વરૂપના દાનથીજ નિરવધિ આનંદનો અનુભવ થઈ શકતો હોવાથી શ્રીમહાપ્રભુચરણોએ શ્રીવલ્લભાષ્ટકના પ્રથમ શ્લોકમાં-

'સન્મનુષ્યા કૃતિ અતિ કરૂણસ્થં પ્રપદ્યે હુતાશમ'

આ પંક્તિથી "હુતાશ" સ્વરૂપની શરણાગતિનો શ્રીવલ્લભના સ્વકીયજનોને બોધ કરેલો છે, તેમાં જે નિગુઢ રહસ્ય રહેલું છે તે એ છે કે, જે સ્વરૂપમાં મન-વાણી પહોંચી શકતાં નથી, જેનો વિલાસ સર્વાજ્ઞાત છે, અચિન્ત્યઅનંત આધિદૈવિક નિત્યસિધ્ધા સ્વામિનીજીઓના વિલાસના જે ભોક્તા છે તેવા આપના મૂલ સુધા સ્વરૂપનું જ લીલા લોકમાં સર્વોત્કૃષ્ટત્વ રહેલું છે પ્રતિક્ષણ તરૂણાનંદરૂપથી શ્રી મત્સ્વામિનીજીઓ પ્રતિક્ષણ નૂતન સ્વરૂપાનંદનો જે અતૃપ્તતાએ અનુભવ કરી રહ્યા છે, તે આપના તાપાત્મક

સ્વરૂપનું તેમના હૃદયમાં સ્થાયીત્વ હોવાથી જ થાય છે આવા પ્રકારનો નિગૂઢ આશય હોવાથી નિજજનોને "હુતાશ" ની શરણાગતિનો શ્રી મત્પ્રભુચરણ બોધ કરી રહ્યા છે.

"શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભા"

કેવલ સ્વરૂપ નિષ્ઠાનેજ શુધ્ધ કહેવાય છે. આવો કેવલ સ્વરૂપનાજ અનુભવનો જે સર્વાત્મભાવ છે, તે આપના તાપાત્મક સ્વરૂપના દાનથીજ સિધ્ધ થાય છે.

શ્રીવલ્લભ, શ્રીવલ્લભ શ્રીવલ્લભ; દીન દ્વારેઆયો
જનમ-જનમ, શોધ-શોધ, ચરણ રેણુ પાયો

આ પદમાં, અનેક જન્મોએ શોધતા શોધતા તાપાત્મક માધુર્ય સ્વરૂપના ચરણ કમલરૂપી દ્વારે પહોચીને આ સ્વરૂપની ચરણ-રેણુ પ્રાપ્ત કર્યાનું સૂચન શ્રીહરિરાયચરણ કરી રહ્યા છે

શ્રી વલ્લભ મધુરાકૃતિ મેરે,
સદા બસો મન યહ જીવન ધન
નિજજન સોં યુ કહત હોં ટેરે ।1।
અન્તીમ પંક્તિમાં-
મધુર ચરણ કી રેણુ નિરંતર,
જનમ જનમ માંગત "હરિદાસ"-

આ પદમાં અતિ કરૂણતાથી નિજજનોને ટેરીને આપ કહી રહયા છે કે, જનમ જનમ, આ તાપાત્મક માધુર્ય સુધા સ્વરૂપની ચરણ રેણુની જ અભિલાષા કરવી. કરૂણારસનો જેમાં સાગર હીલોળી રહેલો છે તેવા શ્રીમત્પ્રભુચરણ પ્રભૂતિ સ્વરૂપોએ નિજજનો માટે અતિશ્રમ કરીને શ્રીવલ્લભાગ્નિ સ્વરૂપનું જ્ઞાન કરાવે તેવું, અને તે સ્વરૂપનો આશ્રય સિધ્ધ કરાવે તેવું સાહિત્ય પ્રગટ કર્યું છે તેનું અવગાહન આપણે અહોનિસ કરવું જોઈએ.

આસક્તિનું સ્વરૂપ-

લે. શ્રી વલ્લભ પાદપદ્મ મિલિન્દ

વેણુગીતમાં વેણુજીમાંથી જે સુધા પ્રકટ થાય છે તે વેણુની ઉચ્છિષ્ટ સુધાએ ગોપીજનોમાં પ્રવેશ નથી કર્યો શ્રી ગોપીજનો અનન્યતાની સિદ્ધિવાળા છે અને પોતાના પ્રિયતમનાજ અધરામૃતને ગ્રહણ કરનારાં છે તેમ શ્રી મત્પ્રભુચરણોએ તે પ્રસંગના સ્વતંત્ર લેખમાં આજ્ઞા કરી છે. આનો અર્થ એ થયો કે સેવ્ય સ્વરૂપથી જ જેનુ પોષણ થઈ રહ્યું છે તે સર્વોત્કૃષ્ટ અધિકારી છે. આસક્તિ અને અનન્યતા જુદી ચીજ નથી. આસક્તિ કુંભનદાસજીની અને વ્યસન અવસ્થા ગજજન ધાવનજીની જ્યારે તન્મયતા આસકરણજીમાં સિધ્ધ થઈ છે. પ્રિયના વિયોગની એક ક્ષણ શતયુગ જેવી વ્યથા ઉત્પન્ન કરનારી હતી, આ છે આસક્તિનું સ્વપૂ઼.

સુન્દરદાસજી શ્રીમહાપ્રભુજીના સેવક હતા શ્રી વલ્લભ વિના કોઈ તત્વની સુન્દરતાએ તેમના હૃદયમાં સ્થાન લીધેલું નહીં. આ સુન્દરદાસજીને એક સમયે શ્રીમહાપ્રભુચરણોએ મહાપ્રસાદ લેવાની આજ્ઞા કરેલી, બીજા વૈષ્ણવો સાથે સુન્દરદાસજી મહાપ્રસાદ લઈ રહ્યા છે, તે સમયે શ્રી પ્રભુચરણોએ આજ્ઞા કરી કે "સુંદરદાસજી ! મહાપ્રસાદ કેસો હે ?" ત્યારે સુંદરદાસજીએ વીનતી કરી કે **"રાજ બહોત સુન્દર."** ત્યારે આપે આજ્ઞા કરી કે "સુંન્દરદાસ તમારી અનન્યતા ચૂકી ગયા " ત્યારે સુન્દરદાસે વીનતી કરી કે "રાજ, અનન્યતા તો આપ રખાવો તો રહે પરન્તુ મારી અનન્યતા કેવી રીતે હું ચુક્યો છું તો આપ આજ્ઞા કરો તો મારા જાણવામાં આવે." ત્યારે આપે આજ્ઞા કરી કે તમારી અનન્યતા શ્રી મહાપ્રભુજીમાં છે, અને શ્રી મહાપ્રભુજી વિના તમે બીજા કોઈને 'સુન્દર'માનતા નથી, તો મહાપ્રસાદને સુન્દર કેમ કહ્યો ? ત્યારે સુન્દરદાસે વીનતી કરી કે રાજ, મહાપ્રસાદમાં તો મારૂ ચિત્ત નહીં હતું. પણ કૃષ્ણદેવરાજાની સભામાંથી મારા પ્રાણાધાર મંદગતિથી પધારી રહયા છે તે સમયના આપનાં સૌન્દર્ય લાવણ્યનું હું પાન કરી રહ્યો હતો. તે ધ્યાનમાં જ આપને કહ્યું કે "બહોત સુન્દર."

અહી વિચારણીય વાત એ છે કે શ્રી પ્રભુનું અધરામૃત અને શ્રીપ્રભુચરણ સન્મુખ બિરાજી રહ્યા છે આ પ્રકારમાં સુન્દરદાસજીનુ ચિત્ત અટકેલું નથી, અને શ્રીવલ્લભના સોન્દર્ય

પાનમાંજ ડૂબેલા છે. તો શું શ્રી પ્રભુચરણ અને પ્રભુનું અધરામૃતએ કંઈ ન્યૂનતત્વ છે વસ્તુતઃ તેમાં ન્યુનતા નથી, પરંતુ આસક્તિનું સ્વરૂપ કેવું હોય તે સમજાવવા શ્રીમહાપ્રભુચરણે આ ચરિત્ર રચેલું છે.

એક ડોકરી શ્રી મદનમોહનજીનું સેવન કરતી હતી. તેણે શ્રી મદનમોહનજી સીવાય બીજા સ્વરૂપને જીવનભર જોયેલું નહી. તેને ત્યાં વિરક્ત વૈષ્ણવે પોતાના શ્રી બાલકૃષ્ણજી પધરાવેલા. આ બાલકૃષ્ણજીને તે ડોકરીએ શ્રીમદનમોહનજી કરી દીધા. બસો બાવન માં આ પ્રસંગ છે આ ચરિત્ર પણ શ્રીમત્પ્રભુચરણનું જ છે, અને તે અનન્યતાને શીખવા માટેઃ

પંચમ ઘરના એક બાલક જયપુરમાં બિરાજતા હતા. તેઓશ્રીની આસક્તિ શ્રી ચંદ્રમાજીમાં હતી. આ બાલક એક સમય શ્રીજીની સેવા કરવા પધાર્યા રાજભોગ પછી શ્રીજીને વેણુજી ધરાવે છે શ્રીજીનો એક શ્રીહસ્ત કટી પર, અને બીજો શ્રીહસ્ત ઉંચો છે, તેથી શ્રી હસ્તમાં જેમ શ્રી ચંદ્રમાજીને વેણુજી ધરાય છે તેમ ધરાવી શકતા નથી.ત્યારે આ બાલક વિચારે છે કે આજ મારો ક્યો એવો અપરાધ થયો છે કે શ્રીચંદ્રમાજી વેણુજી ધરતા નથી ? આમ અપરાધના વિચારે અશ્રુની ધારા ચાલવા લાગી. શ્રીજીથી આ દુઃખ સહન ન થયુ અને શ્રીજીએ શ્રીચંદ્રમાજીનુ સ્વરૂપ ધારણ કરીને શ્રી વેણુજી શ્રી હસ્તમાં ધારણ કરી લીધા. "આ બાલકનું અંતઃકરણ શ્રી ચંદ્રમાજીના સ્વરૂપની આકૃતિવાળું થઈ ગયું હતું તેથી શ્રી ચંદ્રમાજીના સ્વરૂપ વિના બીજા કોઈ તત્વનું તેમને સ્મરણ જ નહિ હતું." અનન્યતાના આવા પ્રસંગોના શ્રવણથી હદય જો સદા ધવાયેલું રહી આવે તો આસક્તિ અને અનન્યતા વિજયની માળાથી સત્કાર કરવા સામે ચાલીને આવશે.

શ્રીજી કાંઈ શ્રી ચંદ્રમાજીથી ન્યૂનતત્વ નથી, પરંતુ આસક્તિનું તત્વ એવું જ છે, અને જેમાં આસક્તિ છે તેમાંજ પુષ્ટિના સમસ્તલીલા સ્વરૂપોનો સમાવેશ છે એમ આ પ્રસંગથી જાણવું.

શ્રી પદ્મનાભદાસજીનો અનન્ય ભાવ શ્રીવલ્લભમાંજ હતો, તેથી પુષ્ટિની દ્વિધા શ્રૃંગાર

રસાત્મક લીલાને શ્રીવલ્લભ વિગ્રહમાંજ નીહાળી રહેલા; શ્રીવલ્લભથી જુદી રીતે નહી આવી અનન્યતાના શીખરે શ્રીપદ્મનાભદાસજી પહોંચેલા હોવાથી "કોટીમાં વિરલા" એ બિરદને પ્રાપ્ત થયા છે.

અનન્યત અથવા આસક્તિ એ સાધારણ વાત નથી. પરમ કાષ્ટાપન્ન વ્યથાના અનુભવે આસક્તિ સિધ્ધ થાય છે. આવી આસક્તિ સિધ્ધ કરવામાં એક રસિક વ્યથા ભોગવી રહેલ છે તેના આ પ્રમાણેના શબ્દો છે કે-

કઠિન હે રસિક અનન્યતા,રહત તન મન એક ઠોર, રાઈકે લમ ચલતહી હોત ઓરકી ઓર ।। **"સૂઈમાં દોરો પરોવાયેલો રહે તેમ મન જ્યારે પ્રિયતમના સ્વરૂપમાં નિરંતર પરોવાઈ જાય, ત્યારે અનન્યતા સિદ્ધ થાય છે".** પ્રિયતમના સ્વરૂપમાંથી રંચક પણ મન અલગ થયું કે અનન્યતા ચુકાઈ ગઈ.

પ્રેમ એક, એક ચિત્તસો, એકહી સંગ સમાય, ગાંધીકો સોદા નહિ, જન જન હાટ બીકાય.

મારી જેવા વંચક, સિધ્ધાંતની ગડમથલ કરનારને પ્રેમતત્વની અનિર્વચનીય માધુર્યતાનું આસ્વાદ ક્યાંથી પ્રાપ્ત થાય ? મારી તો જગતમાં પૂજાવાની લાલસા છે, તેવા પામરને આ 'મધુ'કેમ મળે ?

ચઢતો મોમ તુરંગ પે, ચલનો પાવક માઉ ।
ઈસક ચમનકે બાગમેં, એસે હોતો આઉ ।।

મીણના અશ્વપર સવારી કરીને અગ્નીમાંથી પાર જવું જેટલું કઠીન છે, તેટલું પ્રેમતત્વ પચાવવું કઠીન છે. પરંતુ પ્રેમતત્વને મેળવવામાં ત્યાગરૂપી અગ્નીમાં ચાલનાર માટે કઠીનતા બહૂ દૂર રહે છે. જેણે સર્વ સુખોની લાલસા છોડી, પ્રિય વિયોગના દારૂણ દુઃખને અમૃત ગણ્યું, તેને માટે કોઈ વસ્તુ અસાધ્ય નથી, પ્રેમ સંગ્રામમાં કૂદી પડેલા વીરોએ ત્યાગના અમોધ શસ્ત્રથી. અજીત એવા પ્રેમ દેવ ઉપર વિજય મેળવેલો છે.

શ્રીવ્રજરત્નાઓએ પ્રકટ સ્વરૂપનેજ પોતાનું સર્વસ્વ માન્યું હતું, તો પ્રકટ સ્વરૂપથી જ તેમનુ પોષણ થયું. પ્રકટ સ્વરૂપ જ તેમના માટે યજ્ઞભોક્તા અને યજ્ઞકર્તા થયેલું હતું, ગોપીજનો સાથે રમણ સમયે 'યજ્ઞભોક્તા,' અને વેણુનાદ દ્વારા તેમનામાં આત્મિકભાવો પ્રકટ કરતી વખતે 'યજ્ઞકર્તા' આમ પ્રકટ સ્વરૂપથી ઉભય પ્રકારે શ્રી વ્રજરત્નાઓને અનુભવ થતો હતો. તેવી રીતે આપણું સેવ્ય સ્વરૂપ પ્રકટનીજ ભાવનાથી બિરાજી રહેલ છે, તેમાં સર્વસ્વતા થતાં પોતેજ 'ભોક્તારૂપ' થશે, અને સેવા કરનારમાં રસાત્મક ભાવ સંપદાઓની હૃદયમાં પ્રેરણા કરીને પોતે જ 'યજ્ઞકર્તા' સ્વરૂપે થઈ જશે.

અહીં એક આશંકા થાય છે કે અવતાર સમયે તો પ્રભુ સન્મુખ્યાકાર સ્વરૂપે પ્રકટ હતા, તેથી વેણુનાદ દ્વારા રસાત્મક ભાવો પ્રકટ કરી અનવતારકાળ છે, અને સેવ્ય સ્વરૂપ સન્મુખ્યાકાર સ્વરૂપે પ્રકટ નથી પરન્તુ મૂર્તિરૂપે બિરાજે છે, તો સેવ્ય સ્વરૂપમાં "યજ્ઞકર્તા" કેમ ઘટી શકે ? આ શંકાના સમાધાન એ રીતે છે કે, અનવતાર કાળમાં ભક્ત હૃદયમાં બિરાજતા ભાવાત્મક સ્વરૂપથી રસાત્મક ભાવોની પ્રેરણા થાય છે. આ પ્રેરણાનેજ 'વેણુનાદ' જાણવો. તેથી આ રીતે સેવ્યમાં "યજ્ઞકર્તા"પણું ઘટી શકે છે. જ્યારે આ રીતે સેવ્યમાં સર્વસ્વતાનો ભાવ દ્રઢ થયો અને સેવ્ય સ્વરૂપ આ રીતે સમજાણું તો પછી કોની આશા કરવાની બાકી રહે છે શ્રીવ્રજરત્નાઓ અને ચોરાસી-બસોબાવનને આજ રીતે અનુભવ થયો છે. ગીતાજીના બારમા અધ્યાયમાં પ્રભુએ જે બાંહેધરી આપેલી છે તે અને "સ્વદાસાર્થકૃતાશેષ સાધનઃ" આની સંગતી અને ભાવના સેવ્ય. સ્વરૂપમાં કરવી.

ધનહી જીવન પ્રાણ, ધનસો પ્રીત, ધન પતિવર ।
ધનકો સુમરણ ધ્યાન, ધન ધન રટતે ધન ભયે ।।

સેવ્ય સ્વરૂપજ જીવનપ્રાણ. તેમાંજ પ્રીતિ, તેજ પતિવર, તેની પ્રણયલીલાઓનુંજ સ્મરણ અને તેમના સ્વરૂપનું જ ધ્યાન થતાં. કીટ ભ્રમર ન્યાયે તદ્રુપજ થઈ જવાય છે, પછી કયો પુરૂષાર્થ ખોજવાનો બાકી રહે ?

લે. પ.ભ. શ્રી... ચરણરજ કિંકર

"દાતા ભોકતા ઓર ન દુજા સાચા ત્રિભુવન રાય વહાં" આ ચોખરામાં ગોપાલદાસજીએ જે ગાયું છે તેનો ભાવાર્થ એવો થાય છે કે. ગોલોકધામની અનંત પ્રકારની લીલાઓ છે, અને તે લીલાઓમાં જે દિવ્ય આનંદ રહેલો છે, તે આનંદના દાતા શ્રીવલ્લભપ્રભુ છે. લીલાધામમાં કોટાનકોટી (જેની ગણત્રી ન થઈ શકે તેટલી) દિવ્યકુંજો, નિકુંજો છે. પ્રત્યેક કુંજ નિકુંજોમાં તેટલાજ શ્રી સ્વામિનીજીઓ બિરાજી રહ્યા છે. અને જેટલા શ્રી સ્વામિનીજીઓ છે, તેટલાજ તેમના ભાવાત્મક નિકુંજ નાયક શ્રીજીનાં સ્વરૂપો છે આ જેટલા શ્રી સ્વામિનીજીઓ, અને તેમના ભાવાત્મક શ્રીજીના સ્વરૂપો છે. તે સર્વને આનંદનું દાન કરનાર શ્રીવલ્લભ છે. અને જેવી રીતે લીલાધામના પરિકરમાં શ્રીવલ્લભ જ આનંદના દાતા છે, તેમ ભૂતલના પરિકરમાં પણ શ્રીવલ્લભજ આનંદના દાતા છે શ્રીવલ્લભ વિના પુષ્ટિ પ્રભુની કોઈપણ લીલા થઈ શકતીજ નથી. શ્રી સર્વોત્તમજીનું પ્રથમ નામ જે "આનંદ"છે તે સ્વરૂપમાંથી લીલાલોકના પરિકરમાં આનંદ પહોચે છે. આપ આનંદના મહાસાગર સ્વરૂપ છે, તેનો નિરંતર પ્રવાહ લીલાલોકના પરિકરમાં પ્રવાહિત થઈને, સર્વ પરિકરને આનંદ કરાવે છે. તેવી જ રીતે ભૂતલના પરિકર માટે સમજવું.

આ પ્રકારેશ્રીવલ્લભની કૃપા વિના દિવ્ય આનંદનો અનુભવ સર્વથા થઈ શકતો નહી હોવાથી શ્રીવલ્લભનો જ અનન્ય આશ્રય કરવા શ્રીગુસાંઈજી, શ્રીગોકુલેશપ્રભુ, શ્રીહરિરાયચરણ અને શ્રીપદ્મનાભદાસજી, આદિ મહાનુભાવોએ અત્યંત આગ્રહ કરેલો છે શ્રીહરિરાયચરણોએ તો શિક્ષાપત્રના પાને પાને શ્રીવલ્લભ ચરણકમલનો જ દ્રઢ આશ્રય રાખવા માટે ભાર પૂર્વક આગ્રહ કરેલો છે, અને "શ્રીવલ્લભાષ્ટક" નામના સ્તોત્રમાં તો શ્રીહરિરાયચરણોએ સર્વ પ્રકારથી શ્રીવલ્લભના જ આશ્રયનો નિર્દેશ કરેલો છે.

દયારામભાઈ પણ મહાનુભાવ હતા. શ્રીજીની અતિ કૃપા તેમની ઉપર થઈ, અને શ્રીવલ્લભ નામના રટનની આજ્ઞા કરી. શ્રીવલ્લભ નામ શ્રીજીનુ પણ પરમ ગુપ્ત ધન છે. તે ગુપ્ત ધનનું શ્રીજીએ કૃપા કરીને દયારામભાઈને દાન કર્યું છે.

જ્યારથી શ્રીજીની કૃપાએ શ્રીવલ્લભ નામ રૂપી પરમ ધન દયારામભાઈને પ્રાપ્ત થયું, ત્યારપછી શ્રીવલ્લભના જ યશોગાનમાં દયારામભાઈ નિમગ્ન રહ્યા છે. જેને શ્રીવલ્લભ નામની સુધા પ્રાપ્ત થઈ, તેને બીજુ બધુય ફીક્કું લાગે છે. લીલા લોકમાં કોટાનકોટી યુગલ સ્વરૂપોમાં જે લીલા-આનંદ-સમુદ્રો રહેલા છે, તે સર્વ આનંદ સમુદ્રોનો પ્રવાહ મહાસમુદ્રરૂપ શ્રીવલ્લભમાં જ સમાય જાય છે, અને આ સર્વ આનંદ શ્રીવલ્લભનામમાં પણ સમાયેલો જ છે. આવા પ્રકારના ગૂઢ રહસ્યથી ભરેલું શ્રીવલ્લભ નામ હોવાથી શ્રીજીએ અતિશય કૃપાથી દયારામભાઈને શ્રી વલ્લભના યશોગાનમાં નિમગ્ન રહેવાની આજ્ઞા કરી છે.

વેઠિયાઓનો પરિચય

- શ્રીવલ્લભપાદ પદ્મમિલિન્દ

એક સમય શ્રીમદ્ ગોકુલની નજીક કોઈ કુંજમાં પ્રિયતમાઓ સાથે નંદકુમાર બિરાજી રહ્યા હતા. પ્રિયતમાઓ રાત્રિના વિયોગથી વિરહતપ્ત હતાં. પ્રિયનો સંગમ થવાથી લાવણ્યામૃત પાન તૃષિત નેત્રોએ કરી રહ્યાં હતાં. પ્રિયતમ પણ પોતાનું લાવણ્યામૃત પાન કરાવી આલ્હાદ અનુભવતા હતા. દિવ્યપ્રેમ સદા તત્સુખી હોય છે, અરસપરસના સુખે જ સુખી હોય છે. પ્રિયતમાઓ મારા લાવણ્યામૃતનું પાન કરી સુખી થઈ રહ્યાં છે; તેના સુખને જોઈને પ્રિયને સુખ થાય છે.

તે કુંજની નજીક ગોકુલથી મથુરાનો રસ્તો જતો હતો. મથુરામાં પંડિતોનું આયોજન હતું. મથુરાના પંડિતોએ ગોકુલના પંડિતોને નિમંત્રણ આપેલું; તેથી ગોકુલના પંડિતો મથુરા રસ્તે જઈ રહ્યા છે. આ રસ્તો કુંજ પાસેથી નીકળતો હતો; અને પંડિતો કોલાહલ કરતા મથુરા જઈ રહ્યા હતા. તેમનો અવાજ આ રસિકપ્રેમીઓના મંડલ સુધી પહોચ્યો. તે સમયે મંદકુમારે પોતાની. પ્રિયતમાઓને કહ્યું કે, " જુઓ, આ વેઠિયાઓ જઈ રહ્યા છે. મેં તેમને પંડિતાઈની વેઠે વળગાડી દીધા છે; તેમાં મસ્ત થઈને રહે છે."

અરે ! દિવ્ય-પ્રેમ રાજ્યના પથિક ! દિવ્ય પ્રેમ અને પંડિતાઈના ભેદને સારી રીતે

સમજી લેજે. તારા દિવ્ય પ્રેમમય અનમોલ જીવનને પંડિતાઈની મોહજાળમાં વેડફી ન નાખીશ.

શાસ્ત્ર પઢિ પંડિત ભયે, કે મૌલવી કુરાન ।
જો પ્રેમ જાન્યો નહી, કહા કીયો રસખાન ।।
જગમેંસબ જાન્યો પરે, અરૂ સબ કહે કહાય ।
પેજગદીશ અરૂપ્રેમ યહ, દોઉ અકથ લખાય ।।
જેહી જીન જાને કછુ નહી, જાન્યો જાત વિશેષ ।
સોઈ પ્રેમ જેહી જાનકે, રહત નહી કછુ શેષ ।।
રસીક્યૂથ બહુના મિલે, સિંહ ટોલ નહીં હોય ।
વિરહ વેલ જહાં-તહાં નહી, ઘટઘટ પ્રેમ ન જોય ।।
કૃપાસોં દશા હોય જબ પ્રેમકી ।
જ્ઞાન કર્મ વિધિ વૈભવતા, સબ નહિ ઠહરત વ્રત નેમકી ।।
રહત અધિર ઢરત નૈન જલ, મિટત સકલ ચંચલતા મનકી ।
♦
પરત ચિત આનંદ સિંધુમેં,
લજતજ જાત લાજ ગુરૂ જનકી ।।
નિદ્રા આદિ લગત સબ નિરસ,
ઘટત વિષય તૃષ્ણા સબ ઘટકી ।
રહત મગન ઓર રસ નિસદિન,
જબ દોઉ યેહી અંખિયા અટકી ।।
રૂચત ન રસ ન સ્વાદ ષટ રસકે,
અરૂ કછુ હોત છીન ગતિ તનકી ।
"હિત ધ્રુવ"રટત એક સુખ નિશ દિનિ,
છિન છિન ચોંપ બઢત દરશનકી ।।
♦

જબ પ્રેમ રસ ચાખા નહી,
અમૃત પીયા તો કયા હુવા ।
જીસ ઈશ્કમેં શિર ના દિયા,
જુગ જુગ જીયા તો કયા હુવા ।।
જોગી ઓર જંગમ બને,
કપડા રંગાકર પહને તે ।
વાકીફ નહી ઉસ હાલસે,
કપડા રંગેતે કયા હુવા ।।
દેખી ગુલસ્તાં વોહતા,
મતલબ ન પાયા શેખકા ।
સારી કીતાબો યાદ કર,
પઢ પઢ મુવા તો કયા હુવા ।।
કાજી ઓર હાજી બના,
ફાજીલ બના તો કયા હુવા ।
દિલકા દિવાના ના બના,
દાના બના કો કયા હુવા ।।
જબ ઈશ્કકે દરીયાવમૈં,
ગરકાવ તું હોતા નહીં ।
ગંગા યમુના ગોદાવરી,
ન્હાતા ફીરા તો કયા હુવા ।।

શ્રીવલ્લભ નામ ભલો

વ્રજ સંબંધી એટલે ગોલોકધામ સંબંધી જે અનેક દિવ્ય લીલાએ, કુંજ, નિકુંજો, શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી ને કોટાનકોટી વ્રજભક્તો. આ સર્વ શ્રીવલ્લભ નામમાં રહેલું છે. જેવી રીતે બીજમાંથી વૃક્ષ પ્રગટ થાય છે અને તે વૃક્ષ અનેક શાખા,પત્ર, પુષ્પ અને ફળોથી વિસ્તાર વાળું હોય છે તેમ શ્રીવલ્લભ નામમાંથી વૃક્ષ પ્રગટ થઈ જાય છે. જેમ

બીજમાંથી વૃક્ષ પ્રગટ થયા પહેલા બીજની ભીતર વૃક્ષ સૂક્ષ્મ રૂપે રહેલું છે, તેમ ગોલોકધામનો સમસ્ત લીલા પરિકર શ્રીવલ્લભનામની ભીતર પણ રહેલો છે. તેથી તે લીલાઓનો પોતાના (તદિય) જનને અનુભવ કરાવે છે. આવો શ્રીવલ્લભનામનો પ્રતાપ જાણી સતત સ્મરણ કરવું.

શ્રીકૃષ્ણની કોટી કંદર્પ લાવણ્યમય છબી હૃદયમાં સ્થાપે અને મુખથી નામ જપે તો પ્રભુ પ્રસન્ન થાય. પણ અહિં તો શ્રીવલ્લભનામના ફક્ત સ્મરણથી જ અખંડિત કામ થઈ જાય છે અને જલદી ફળરૂપ પ્રભુનો અનુભવ થાય છે. અખંડિત કામ થઈ જાય છે એટલે શ્રીજીનું સ્વરૂપ હૃદયમાં સદા બિરાજે છે. દિવ્ય લીલાઓનો પણ અનુભવ થાય છે. શ્રીવલ્લભનામનો આવો પ્રતાપ હોવાનું કારણ એ છે કે ગોલોકધામનો સમસ્ત વિલાસ ભાવાત્મક રૂપે શ્રીવલ્લભનામમાંરહેલો છે અને શ્રી વલ્લભનામવાળું સ્વરૂપ પણ ભાવાત્મક જ છે. વળી આ ભાવાત્મક વિલાસ અખંડિત થતો હોય છે, તેથી કહ્યુ કે, 'શ્રીવલ્લભનામનાં સ્મરણથી જ અખંડિત કામ થઈ જાય છે.' આવો પ્રતાપ શ્રીવલ્લભનામનો જાણીને સતત આપના નામનું સ્મરણ કરવું.

વિવેચનઃ શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

પ્રભુ પ્રાગટ્ય હેતુ

લેખક :- મધુકર

વિધાતા યહ દિન બેગ દિખાયો ।
જા દિનકો સબ કોઉ તરસત હે,
નંદરાની સુત જાયો ।।1।।
જસુમતિ ચ કોટા કે લિયે,
કહા દેવ તુમ ધાર્યો ।
બેગહી ભઇ કૂખ તુમ સન્મુખ,
મનકો ચિત્યો પાયો ।।2।।

ફીર ફીર રહસિ વ્રજ સુન્દરી,
કરત આપ મન ભાયો ।
શ્રી વિઠ્ઠલ ગિરિધરન લાલને,
ઉર સુખ બહુત જનાયો ।।3।।

પ્રશ્ન :-ઉપરોક્ત વધાઇના પદમાં "વિધાતા યહ દિન બેગ દિખાયો" એમ કહ્યું તેમાં શ્રી ગોપીજનોએ તો એક કલ્પ પર્યંત વિયોગનો અનુભવ કર્યા પછી પ્રભુનું પ્રાગટ્ય થયું છે, તેમાં બેગ દિખાયો" એમ શ્રીપ્રભુચરણે આજ્ઞા કરી તેનું શું રહસ્ય હશે ?
ઉત્તર :- શ્રી હરિરાય ચરણોકત "શ્રી મત્પ્રભુ પ્રાગટ્ય હેતુ નિર્ણય"નામના ગ્રંથમાં આપ આજ્ઞા કરે છે કે – પ્રભુના પ્રાગટ્ય થવામાં હેતુ ભક્તોનું દુઃખ હોય છે તે પ્રકાર નીચે મુજબ :-

તત્ર હેતુ ભક્ત દુઃખ રૂપ ત્રિયતકે હરેઃ
અવતારોડપિ ભક્તાનાં દુખાદેવ હરેર્મત : ।।
પ્રભુના ત્રણે રૂપોમાં પણ પ્રભુનો અવતાર ભક્તોના દુઃખને કારણે જ હોય છે. પ્રભુ પ્રાગટ્યના ત્રણ પ્રકાર નીચે મુજબ :-
(1) ભક્તોને અન્યથી થતું દુઃખ દુર કરવા માટે પ્રાગટ્ય.
(2) પ્રભુના દર્શનાદિ માટે ઉત્કટ ઇચ્છા જાગે અને એ પરિપૂર્ણ કરવા પ્રભુ જે રૂપથી પ્રકટે તે બીજા પ્રકારનું.
(3) સહજ સ્નેહને કારણે પ્રભુ સંબંધી જે દુઃખ ભક્તને થતું હોય તે દુઃખ દૂર કરવા પ્રભુ જે રૂપથી પ્રકટે તે ત્રીજા પ્રકારનું પ્રાકટ્ય.

આ ત્રણેયમાં શ્રુતિરૂપા ગોપીજનોનો પ્રભુમાં સહજ સ્નેહ છે. સહજ સ્નેહના કારણે શ્રુતિ-રૂપાઓના હ્યદયમાં મૂલ વિપ્રયોગ-ભાવાત્મક સ્વરૂપે પ્રાદર્ભૂત થયા. "સહજ સ્નેહ" એટલે પ્રભુ શ્રુતિરૂપા ગોપીજનોના આત્મા રૂપેજ તેમના હ્યદયમાં પ્રગટ થયેલા હોવાથી પોતાના આત્મામાં સર્વને સહજ સ્નેહ હોય છે. અથવા પ્રભુના સુખનાજ ભાવવાળો તત્સુખી સ્નેહ તેનું નામ "સહજ સ્નેહ". આ શિખ શ્રુતિ-ઓ છે, વેદના રહસ્યને જાણનારી

છે તે પ્રભુનું ભજન પ્રભુની તત્સુખ સેવા માટે જ હોવું જોઇએ. આવું ભજન એ પરમ રહસ્યરૂપ છે. ફલ-પુરૂષાર્થરૂપ પ્રભુને સ્વાધીન કરનાર છે. "વિધાતા યહ દિન બેગ દિખાયો" કેમ ઘટે ? તેનો હેતુ જેટલો તાપકલેશ અધિક તેમ પ્રભુ પ્રાગટ્ય સત્વરે થાય છે. (આ પ્રકારનું સૂચન શ્રી હરિરાય ચરણે પંચમ શિક્ષાપત્રમાં કરેલું છે.) આ શ્રુતિઓમાં પહેલા (ગોપીરૂપે જન્મ થયા પહેલા) શ્રુતિ અવસ્થામાં સહજ સ્નેહ નહી હતો. રસાવેસઃ સ્વરૂપનું ગાન કરતી હતી. આ ગુણગાને કરીને પ્રભુ પ્રસન્ન થયા ત્યારે પોતાના કોટિ કન્દર્પ રૂપના અને પોતાના દિવ્ય પરિકરના દર્શન કરાવી આજ્ઞા કરી તમે કછુ માગો. ત્યારે શ્રુતિઓએ પ્રાર્થના કરતા કહ્યું કે આપ પ્રસન્નતાથી વરદાન દેવા ઇચ્છો છો તો જેવું આપ આપના દિવ્ય પરિકરને સુખ આપો છો તેવું અમને આપો. શ્રુતિઓની આવી માંગણીમાં સકામતા હોવાથી અને આ શ્રુતિઓને તત્સુખાત્મક સહજ સ્નેહનું દાન કરવાનું પ્રભુએ વિચારેલું હોવાથી આજ્ઞા કરી કે તમારો મનોરથ સિદ્ધ થવો દુર્લભ છે. પરન્તુ તમને વરદાન આપ્યું છે તે સત્ય કરવા સારસ્વત કલ્પમાં હું વ્રજ મંડલમાં પ્રગટ થઇશ અને તમે ગોપીરૂપે પ્રગટ થશો ત્યારે તમારો મનોરથ પૂર્ણ કરીશ. આ વરદાન મેળવી શ્રુતિઓ ગોપીરૂપે વ્રજમાં થયાં, અને જે સ્વરૂપના લીલા લોકમાં દર્શન કર્યા હતા તેનું વિરહભાવ પૂર્વક ધ્યાન કરવા લાગ્યા. તાપકલેશ પૂર્વક્ના ધ્યાનથી તેમનો સકામ ભાવ નિવૃત્ત થયો ત્યારે તેમને દિવ્ય પ્રેમની મહાનતા સમજાણી કે દિવ્ય પ્રેમ પ્રિયતમના સુખનાજ વિચારવાળો તત્સુખાત્મક હોય છે. આ તત્સુખાત્મક સ્નેહ તેમનામાં પ્રગટ થઇ ગયો. આવા સ્નેહનેજ "સહજ સ્નેહ" કહેવાય છે. આવા સહજ સ્નેહના કારણે પોતાનું જીવન પ્રભુના સુખમાં ઉપયોગી નહી થતાં તેમને તત્સુખના પ્રચુર તાપ રહેવાથી પ્રભુનું બેગ પ્રાગટ્ય થયું, તેથી એક પદમાં માતૃચરણ શ્રીયશોદાજી ગોપીજનોને કહે છે :-

"તુમારે ભાગ્ય સુનો મેરી ગોપી,
એસો સુત મેને જાયો હે."

પ્રભુના બેગ પ્રાગટ્યમાં શ્રુતિરૂપાના સહજ તત્સુખી સ્નેહથી થતો તાપભાવ કારણરૂપ છે.

હવે 'કલ્પ'નો અર્થ મારી અલ્પમતિ અનુસાર નિવેદન કરૂં છું કે- એક તો કલ્પમાં ઘણા કાળની ગણત્રી થઇ શકે. તાપની ન્યુનતા આધિક્યતા એ તે કાળની નિયમિતતા છે. બીજું 'સારસ્વત કલ્પ'નો સુક્ષમ અર્થ વિચારીયે તો સત્વ પ્રધાન હ્યદયમાં ભગવાનનો આવિર્ભાવ થાય છે, આ સત્વ પ્રધાન હ્યદય બનવાનો જે સમય તે "સારસ્વતકલ્પ" સત્વ અધિષ્ઠાન બીજું રસાત્મક. શ્રુતિરૂપાઓમાં રસાત્મક આધિષ્ઠાન પણ બે પ્રકારનું છે.- એક અક્ષરાત્મક બીજુ રસાત્મક. શ્રુતિરૂપાઓમાં રસાત્મક આધિષ્ઠાન બનેલ છે, આવું રસાત્મક સત્વ અધિષ્ઠાન સહજ સ્નેહ વાળા શ્રીગોપીજનોમાં તત્સુખના પ્રચુર તાપે સત્વરે સિધ્ધ થયું. તેથી "વિધાતા યહ દિન બેગ દિખાયો" એમ શ્રુતિરૂપાના યુથાધિપતિ શ્રીમત્પ્રભુચરણોએ તે પદમાં રહસ્ય પ્રગટ કર્યું.

શ્રી હરિરાય પ્રભુના એક પદમાં :-
જોપે શ્રીવલ્લભ ચરણ ગહે ।
તો મન વૃથા કરત ક્યોં ચિન્તા
હરિ હિયે આય રહે ।।1।।
જનમ જનમ કે કોટિક પાતક છિનહી માંજ દહે ।।

ઉપરોક્ત પદમાં કોટિ જન્મોના પાપોને શ્રી મહાપ્રભુજીના તાપાત્મક સ્વરૂપનું સાનિધ્ય એક ક્ષણમાંજ દહન કરે છે. જેમકે અંતર્ગૃહ ગતાના કોટિ જન્મના પાપો ક્ષણમાં ભસ્મ કર્યા છે. ત્યાં પણ આપશ્રી મહાપ્રભુજીના તાપાત્મક સ્વરૂપનુંજ અદભૂત કાર્ય છે એટલે "બેગ દિખાયો" આ કથન તત્સુખના પ્રચુર તાપમાં સંગત થઇ શકે છે. "શ્રીવલ્લભ શરણથકી સહુ પડે સહેલું" આ પંક્તિનું સ્વારસ્ય પણ ઉપરોક્ત તાપાત્મક સ્વરૂપના કથનમાં સંગત થાય છે.

શ્રીહરિરાય પ્રભુ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે :
યસ્ય સ્મરણ માત્રેણ સકલાતિ વિનાશનમ્ ।
તત્ક્ષણાદેવ ભવતિ તત્સ્મૃતિઃ ક્રિયતાસદા ।। 15-8

આર્તિમાત્રમતઃ
સ્થાપ્યં પ્રાર્થના ન વિધિયતામ્ ।
કૃપાલુરેવ ભવિતા નિજાર્તજન શર્મદઃ 31-14
તદાર્તિ પ્રાપ્તિરેતેષાં તદુપાચાર્ય સેવનાત્ ।
તત્કૃપાતસ્તદુદિત વચો વૃન્દ વિચારણાત્ ।। 31-17

મર્મજ્ઞ શિરોમણિ શ્રીહરિરાય પ્રભુના ઉપરોક્ત કથનનું પણ નિગૂઢત્વ તાપકલેશમાં જ છે. આ તાપકલેશથી જ પ્રભુનું અધુના પણ બેગ પ્રાગટ્ય વિરહી સ્વકીયાના હ્યદયમાં થાય છે. તાપ સત્વની શુદ્ધિ સત્વરે કરે છે તે તો પ્રસિધ્ધ જ છે. અથવા તેમાં કોઇ સંદેહ જ નથી.

"ફીર ફીર રહસિ વ્રજસુન્દરી કરત આપ મન ભાયો" આ પંક્તિનું તાત્પર્ય પણ સહજ સ્નેહવાળા શ્રીગોપીજનો માટે છે. શ્રીવલ્લભના તાપાત્મક સ્વરૂપના અનન્ય આશ્રિત સ્વકીયમાં સહજ સ્નેહનો પ્રાદુર્ભાવ થાય છે. કારણ કે આપશ્રીનું સ્વરૂપ ચિન્તન નિજ્જનોએ કરવું યોગ્ય છે. એવો ધ્વનિતાર્થ તે પદમાંથી પ્રાપ્ત થાય છે. તત્સુખના તાપને બુઝાવી દે તેવા સિદ્ધાંતો પ્રવૃત્તિઓ નિજ્જનો માટે નથી. ઠગોરૂં મન સાક્ષાત નિત્ય લીલા સ્વરૂપ સુધી જીવને પહોંચવા દેતું નથી. મનોસજ્યમાં જ વિચરણ કરાવે છે અને માનસી સેવાનું વિરોધી છે. તત્સુખ ભાવ સિવાય બીજા સ્વારથના ભાવો આવે તે શ્રી વલ્લભજન માટે આસુરી ભાવ માનવા યોગ્ય છે. તત્સુખનો ભાવ પણ પરિચ્છિન્ન નહી કારણ કે નિજ સ્વામી નિરવધિ-અગણિતા-નંદના ભોક્તા છે. તેનો તત્સુંખ ભાવ પણ અગણિત આનંદરૂપ હોવો જોઇએ. આ અપરિચ્છિન્ન સતાવાળું અધિષ્ઠાન વિરહાનુભવથી જ સિધ્ધ થાય છે એમ પણ જાણવા યોગય છે. શ્રી વલ્લભાષ્ટકમાં "હુતાશ" (શ્રીવલ્લભ)નું શરણ શ્રીપ્રભુ ચરણે પોતાના માટે અને સ્વકીયો માટે પ્રાથ્યું તેનું પણ એજ રહસ્ય છે.

શ્રીહરિરાય ચરણે બહુધા સ્થાને શ્રીવલ્લભ ચરણ કમલના આશ્રયનો આગ્રહ નિજ્જનોને કર્યો છે તે પણ આપશ્રીના તાપાત્મક સ્વરૂપ માટે જ છે

સારસ્વત કલ્પની લીલામાં સ્વકીયા-પરકીયા ભાવ લઘુરાસ સુધી હતો. મહારાસમાં સ્વકીયા ભાવ સિદ્ધ થયો તે નિમ્ન શ્લોકથી સમજાય છે. :-

કૃત્વા તાવન્તમાત્માનં યાવતી ગૌંપ યોષિતઃ ।
રેમે સ ભગવાંસ્તાભિરાત્મા રામોઽપિ લીલયા ।।
(10-30-20)

ઉપરોક્ત શ્લોકમાં સ્વકીયા ભાવનો ધ્વનીતાર્થ છે. ઉપરોક્ત (સ્વકીયા-પરકીયા) બન્ને ભાવોથી એક ત્રીજો વિલક્ષણ દાસ્ય ભાવ છે. જેનું દાન શ્રીમદાચાર્ય ચરણના ત્રિતયાત્મક સાક્ષિતસ્વરૂપના અતિશય અનુગ્રહથી થાય છે. (આ દાસ્યભાવની પ્રાપ્તિ શ્રી દ્વારકેશ ચરણે દુર્લભ કથી છે.) આ દાસ્યભાવનું સુચન શ્રી સ્વામિની સ્તોત્રના શ્લોક 11 માં શ્રી પ્રભુચરણે કરેલું છે :

યાવંતિ પદ પદ્માનિ ભવતિનાં હરિ પ્રિયા: ।
તાવદરૂપઃ સદા દાસ્યં કરવાણિ તદા તદા ।।11।।

ઉપરોક્ત દાસ્ય અપરિચ્છિન્ન સત્તા યુક્ત છે તે શ્લોકના ભાવાર્થથી જાણી શકાય છે. સપ્ત શ્લોકીના બીજા શ્લોકમાં પણ :-

"શ્રીવલ્લભાભિધાન સ્તનોતુ નિજ દાસસ્ય સૌભાગ્યમ્" 'નિજ' કૃષ્ણાસ્ય સ્વરૂપની લીલા વિલાસમાં રહેલા સ્વતંત્ર ભક્તિવાળા સ્વકીયો કે જે કૃષ્ણાસ્ય રૂપ થયેલા છે તેના દાસ્યની પ્રાર્થના કરે છે. એટલે ધમિ વિપ્રયોગાત્મક શ્રી સ્વામિનીજીઓના દાસત્વની પ્રાર્થના કરે છે. આ દાસત્વ તો શિખર પુરૂષાર્થ રૂપ છે, અને કેવલ શ્રીકૃષ્ણાસ્ય સ્વરૂપની અતિ કરૂણાથીજ પ્રાપ્ત થાય છે. આ દાસત્વ પણ નિત્ય લીલાસ્થ સ્વરૂપના સંબંધવાળું હોવાથી અપરિચ્છિન્ન સાકાર વ્યાપક સત્તાથી જ થઇ શકે છે.

શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

જેમ અરણ્યમાં રહેતા કેસરી સિંહની ગર્જના સાંભળી શિયાળવાના ટોળા તો પ્રાણ બચાવી ભાગે પણ મોટા હાથી જેવા પ્રાણીઓ પણ ભાગવા લાગે છે. તેમ કર્તવ્યરૂપી કેશરી સિંહ આગળ ખોટા વિચારોરૂપી (કુસૃષ્ટિરૂપી) શિયાળવા અને હાથી જેવા મોટા પ્રાણીઓ પણ નાસવા લાગે છે. અથવા વૃથા વિચારોનું સૈન્ય કર્તવ્યના તેજપુંજ અગ્નિમાં બળી જાય છે.

આપણા અલૌકિક સ્વામી શ્રીવલ્લભની આજ્ઞા સતત કર્તવ્ય પાલનની છે. "સિદ્ધાન્તરહસ્ય" તથા "સિદ્ધાન્ત મુકતાવલી"માં તનુ-વિત્તજા સેવા માટે,"નિરોધલક્ષણ"ગુણગાન અને ધ્યાન માટે, "નવરત્ન"માં અષ્ટાક્ષરના સ્મરણ માટે,"ચતુઃશ્લોકી"માં ચિંતન માટે કર્તવ્યનિષ્ઠ થવાની જ આજ્ઞા છે.

સ્વામીની આજ્ઞા કર્તવ્યપાલનની છે તે જ હર સમય અમલમાં મૂકવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. કર્તવ્ય આગળ કઠીન-અશક્ય જેવું કંઈ છે જ નહિં, સાંભળો...

"ગમનો પ્રસંગ હો કે ખુશીનો પ્રસંગ હો,
કોઈને સમાધિનો કે પ્રિયાનો ઉછંગ હો,
કર્તવ્યમય જીવને વળી, સ્થળ અને કાળ શું ?
હસતા રહે છે ફૂલ ગમે તેવા રંગ હો."

"ગમ"એટલે ગ્લાની (ક્લેશ) નો પ્રસંગ આવે ત્યારે, સમાધિમાં કે પ્રિયાના ઉછંગમાં હોઈએ ત્યારે અથવા સુખમાં કે દુઃખમાં કર્તવ્યને નહીં ચૂકનારાનો મિથ્યા વિચારોરૂપી શત્રુઓથી પરાજય થઈ શકતો નથી. સિદ્ધાન્ત સમજવા છતાં પણ કર્તવ્ય પરાયણ નહીં રહેનારા અને લાચાળ બનનારાઓમાં કુતર્કોનું પાખંડપણું હોવાથી પ્રભુની પ્રસન્નતા થતી નથી. અથવા અપ્રસન્ન રહે છે. પ્રભુની અપ્રસન્નતા થવાથી બહિર્મુખ બની પુષ્ટિ અનમોલ જીવન વેડફી નાખે છે. હર સમય કર્તવ્યનો ખ્યાલ રાખવાનો છે. કર્તવ્ય

નિષ્ઠતા શ્રીમહાપ્રભુજીનો નિશ્ચયાત્મક સિદ્ધાન્ત છે. અને તે બિન્દુ તથા નાદ ઉભય સૃષ્ટિ માટે છે; ન કે માત્ર નાદ સૃષ્ટિ માટે.

તોફાની અશ્વ ઉપર સ્વાર થનારો લગામ હાથમાં લઈ સાવધાની ન રાખે તો અશ્વ તેને ઈષ્ટ માર્ગેથી અનિષ્ટ માર્ગે ચઢાવી દે. ઈષ્ટ રાહમાં પણ બીજા ઘણાં રાહો નીકળતા હોય છે. તે અવળા માર્ગે ન ચાલે તે માટે કર્તવ્યરૂપી ધ્યેયને માર્ગે ચલાવવો. કર્તવ્ય ચાબુકનું અથવા મદોન્મત હસ્તીને કાબુમાં લાવવા અંકુશનું કામ કરનાર છે. કર્તવ્યનિષ્ઠને સ્થળ અને કાળ બાધક થઈ શકતું નથી. અષ્ટાક્ષરનું સ્મરણ નોકરી ધંધામાં કે કોઈપણ સમયે અને કોઈપણ સ્થાને થઈ શકે છે. સતત નામ સ્મરણની આજ્ઞા નવરત્નમાં કરી છે. આ સતત સ્મરણરૂપી કર્તવ્યના મહાન યજ્ઞ (અગ્નિ) માં મિથ્યા વિચારોમા મોટા મોટા સૈન્ય હોમાતા જાય છે. હૃદયરૂપ કુરુક્ષેત્ર શત્રુ વગરનું બની જાય છે. પછી હૃદય કુરુક્ષેત્ર નહી રહેતા પ્યારાને સ્થાયી બિરાજવાની નિકુંજ – નિભૃત નિકુંજ બની જાય છે. કર્તવ્યના અદભૂત સામર્થ્યનું આથી વધારે શું વર્ણન થઈ શકે ?

મનુષ્ય કાલ્પનિક મુશ્કેલીઓથી ડરી ડરીને જીવનનો પંથ કાપે ઢે. એટલે જીવનના કર્તવ્યનો ખ્યાલ એને આવતો નથી. ખોટી કલ્પના, ચકરાવા ખાતી બુદ્ધિ, અધિરતા, અસ્થિરતા અંતરાયરૂપ બને અને સાધકને નાહિંમત બનાવી દે. પણ જેણે એકસરખા પ્રકાશવાળું ખરું કર્તવ્ય જોયું હોય (જાણ્યું હોય) તેવો સાધક મુશ્કેલીઓનો અનુભવ કરીને પણ કદીયે પીછેહઠ કરતો નથી.

શુદ્ધ અને પવિત્ર કાર્યો સાધકને નવીન શક્તિ આપે છે. "શુદ્ધ અને પવિત્ર કાર્ય"એટલે તત્સુખાત્મક મહાન દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરવો. આ દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરવો એ જ તેનું (સાધકનું) ખરૂં કર્તવ્ય છે. આ દિવ્ય પ્રેમમાં પ્રિયતમ તરફથી મને સુખમળે તેવા સ્વાર્થ ભાવની ગંધ પણ હોતી નથી. પ્રિયતમના સુખમાં સુખી એ જ તત્સુખી પ્રેમી સાધકનો અટલ નિયમ હોય છે. "શુદ્ધ અને પવિત્ર કાર્યો સાધકને નવિન શક્તિ આપે છે."આ વાક્યનું સ્વારસ્ય એ છે કે દિવ્ય પ્રેમની ઉત્કૃષ્ટ અવસ્થા પર પહોંચવા માટે નિત્ય સખા

પ્રિય પ્રભુ આ તત્સુખી પ્રેમી સાધકને બહારના પ્રકટ સ્વરૂપથી સંયોગ સુખ આપતા નથી. અથવા સંયોગ સુખમાં સ્થિત થવા દેતા નથી. તેનું કારણ સંયોગ સુખથી પણ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપથી અનુભવાતું સ્વરૂપાનંદનું સુખ અગણિત છે. પોતાના પ્રેમપાત્રને અગણિત સુખનો અનુભવ કરાવવા પ્રાણવલ્લભ વિપ્રયોગનું દાન કરે છે.

વિપ્રયોગથી પ્રેમી સાધકના મનને બહારનું અવલંબન નહીં મળવાથી આંતર આત્મગામી બને છે. "આત્મગામી"એટલે દૈવી જીવનો પોતાના નિત્ય સિદ્ધ આધિદૈવિક (આત્મ) સ્વરૂપમાં તેના મનનો પ્રવેશ થવો. પ્રેમી ભક્તનું આ નિત્ય સિદ્ધ સ્વરૂપ કેવું છે ? સ્વયં પ્રકાશ, સ્વયં સૃષ્ટા, સર્વભવન સમર્થ, અચિંન્ત્ય, અનંતશક્તિ યુક્ત, અગણિતાનંદ રૂપ આવા પોતાના જ દિવ્ય સ્વરૂપમાં મનનો પ્રવેશ થવો તેનું નામ આત્મગામીતા. પ્રેમી સાધકનું આ આત્મ સ્વરૂપ અગણિત આનંદરૂપ છે. તેને પ્રાપ્ત કરીને પોતાના પ્રિયતમને અગણિત રસાનંદનો અનુભવ કરાવે છે. આ પ્રેમી ભક્તની સાધન દશામાં પ્રાકૃત અધ્યાસ જે દેહ, પ્રાણ, ઈન્દ્રિયો, અંતઃકરણમાં રહેલા છે તેને અપ્રાકૃત બનાવવા ભારે આત્મમંથન કરવું પડે છે. દૈવી અને આસુરી ભાવનું આ મંથન છે. જેમ દેવો અને દાનવોએ સમુદ્રમંથન કર્યું તેમાં ઝેર અને અમૃત બંને નિકળ્યા. તેમ વિરહાનુભવમાં આ આત્મમંથન થાય છે. તેમાં પ્રાકૃતભાવો રૂપી વિષ બહાર નિકળે છે. પછી આત્માના અંતઃસ્તલમાં ગૂઢરૂપે રહેલા દિવ્ય પ્રેમરૂપી અમૃત પ્રાપ્ત થાય છે ત્યારે તે જ સમયે તનવત્વતા પ્રાપ્ત થાય છે. આ તનુનવત્વતા તે જ દૈવી જીવનું નિત્ય સિદ્ધ આધિદૈવિક સ્વરૂપ છે, તેમાંજ અગણિતાનંદ સ્વરૂપથી પ્રિયતમની તત્સુખાત્મક સેવા કરે છે. વિપ્રયોગના અનુભવમાં આ પ્રેમી સાધકને સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. તેથી તેને "સેવાફલ"માં કહેલ "અલૌકિક સામર્થ્ય"પ્રાપ્ત થાય છે. અને આ સામર્થ્યથી પોતાના દિવ્ય સ્વરૂપમાંથી કોટાનકોટિ સ્વરૂપો પ્રગટ કરી પ્રિયતમને રસનંદનો અનુભવ કરાવે છે. આ સર્વ શ્રીવલ્લભાગ્નિની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. આ તથ્યને ભૂલવું નહીં જોઈએ.

જેને સ્નેહનો ગર્વ નથી એને સ્નેહનો શોક પણ નથી. એટલે પ્રિયના સુખમાંજ જે સાધક

સુખી છે તેને પ્રિયના વિયોગનો શોક થતો નથી. કારણકે તત્સુખી પ્રેમીજનમાં વિરહની અસહ્ય વ્યથાને સહન કરવાનું સામર્થ્ય તેના નિત્ય સિદ્ધ આત્મસ્વરૂપમાંથી જ પ્રાપ્ત થતું રહે છે. આ તેનું આત્મ સ્વરૂપ તેના ભૌતિક સ્વરૂપની ભીતર જ હોય છે. સામર્થ્ય પ્રાપ્ત થવાથી પોતાની ચિંતાનો કે બીજા કોઈપણ પ્રકારનો બોજ પ્રિય પાત્ર ઉપર રાખતો નથી.

તત્સુખી પ્રેમીજન હરિનો પણ હરિ બની જાય છે. ભાગવતાર્થ નિબંધમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, 'કૃપા જીવનું કાર્ય કરે છે. જ્યારે ભક્તિ (પ્રેમ) ભગવાનનું કાર્ય કરે છે.'એટલે આ તત્સુખી પ્રેમી ભક્તને પ્રભુની કૃપા પણ અપેક્ષિત નથી. તે તો સ્વયં કૃપાનું જ સ્વરૂપ બનીને પ્રિયતમની નિરવધિ તત્સુખાત્મક સેવા કરે છે. એક ક્ષણમાં કરોડો રસાત્મક બ્રહ્માંડોને ઉત્પન્ન કરે તેવું અંતરંગ યોગમાયાનું સામર્થ્ય છે. તેવું જ આ તત્સુખી પ્રેમી ભક્તને પ્રાપ્ત થતું દિવ્ય મહાન સૌભાગ્ય કે જેમાં તત્સુખાત્મક દિવ્ય પ્રેમનો મહાસાગર લહેરાય છે, તેને પ્રાપ્ત કરવાનો જ હર સમય વિચાર તત્સુખી પ્રેમીજનોએ કરવો તે જ તેનું ગૌરવભર્યું મહત્વ અને કર્તવ્ય.

|| અસહાય શૂર ||

લેખકઃ શ્રીવલ્લભપાદપદ્મમિદિન્દ

"રતિપથ પ્રગટ કરન કો પ્રગટે, કરુણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ."

સ્વકીયો માટે આપે રતિપથ પ્રગટ કર્યો છે. જ્ઞાનમાર્ગ નહિ. પ્રેમપંથમાં અરસ-પરસ આધીન રહેવું એ જ નિયમ હોય છે. આપ આજ્ઞા કરે છે કે, પુષ્ટિ પ્રભુનો સ્વભાવ પોતાના પ્રેમી ભક્તોને આધીન રહેવાનો છે. સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન સર્વમાં નિજજનોની સાથે જ વિપ્રયોગથી તાપાત્મક સ્વરૂપથી રહેવું એવો વિલક્ષણ ભક્તિમાર્ગ આપે પોતાના પ્રેમીજનો માટે જ પ્રગટ કર્યો છે. નિત્ય સખા પ્રિય સાથે જ હોય પછી કોની સહાયતાની જરૂર રહે ? આ અસહાય શૂરનું અતિ મૌલિક રહસ્ય આપની કૃપા – પ્રેરણાના બળે હાલમાં જ સમજાયું તે મારા માટે અને સ્વકીયો માટે છે. અસહાય શૂરને

સમજવા માટે દ્રષ્ટાંતઃ

શ્રીજીને પાટ બેસાડ્યા પછી આપે રામદાસજીને આજ્ઞા કરીઃ 'રામદાસજી, શ્રીજીની સેવા કરો."

"મહારાજ ! હું સેવામાં કંઈ સમજતો નથી, કેવી રીતે સેવા કરૂં ?"આપે આજ્ઞાકરી, "શ્રીજી બધું શીખવી દેશે."રામદાસજીને કરેલી આજ્ઞા ભૂતલસ્થ સ્વકીયોને પણ લાગુ પડી જાય છે. જીવનમાં ખૂબ ઘૂંટવા જેવું આ અનુપમ રહસ્ય છે. આધિદૈવીક દેહને સિદ્ધ કરવા માટે જે-જે સાધનની જરૂર છે તે પ્રિય પ્રભુ નિકટ રહી પ્રેરણા દ્વારા જ સિદ્ધ કરે છે.

"ઉત્પનેન હી પરમ પુરૂષાર્થ, સાધનીય સ-ચ ભગવદીય ભાવ, તથા યત્ન કર્તવ્યો વ્યથા સઃ ભવતિ."

ઉપરોક્ત આજ્ઞા આપે સુબોધિનીજી 10-35-27 માં કરી છે તેનું રહસ્ય ઉત્પનેન એટલે બ્રહ્મસંબંધ થયા પછી જે પરમ પુરૂષાર્થ પ્રાપ્ત કરવાનો છે તે સ્વકીય જનનું નિત્ય સિદ્ધ આધિદૈવિક સ્વરૂપ છે. આપણા જ આધિદૈવિક દેહને પ્રાપ્ત કરવા માટે સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન સાધનો છે. આ સાધનોમાં પ્રિય પ્રભુ સાથે જ રહે છે. પ્રિય પ્રભુ પોતે જ સાધનરૂપ થઈ જાય છે. અને આપણા નિત્ય સિદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરાવે છે. આપ જ સાધનરૂપ થતાં હોવાથી અન્યની સહાયતાની જરૂર નહિં રહેતી હોવાથી અસહાય શૂર કહેલ છે.

મર્મજ્ઞ શિરોમણિ શ્રીહરિરાયચરણના પદોમાં અને સ્તોત્રોમાં અસહાય શૂરને જણાવનારૂં ઘણું જ રહસ્ય મેળવી શકાય છે.

"બન જા હરિદાસા હરિદાસા રે,
મન છોડ સબન કી આશા.
સુધા સિન્ધુ કે નિકટ બસત હૈ,
ક્યોં રહત મૂઢ પ્યાસા.

જે સુધા સ્વરૂપ લીલાલોકના સમસ્ત લીલા પરિકરની આત્મા રૂપે રહી સમસ્તનું પોષણ કરી રહેલ છે તે જ સુધા સ્વરૂપ ભૂતલસ્થ વલ્લભજનની આત્મા રૂપે નિકટ બિરાજે છે. શ્રીહરિરાયચરણ તો આ સુધા સ્વરૂપથી વેષ્ટિત જ છે. સ્વકીયોને તેનો પરિચય કરાવે છે કે તમારી જ આત્મારૂપે નિકટ બિરાજે છે પછી કોની આશા કરવાની હોય ? સુ.3-25-41 માં ભગવદ્ વાક્ય છે.

"હું સર્વ પ્રાણીઓનો આત્મા છું."આત્મા જ તેનો સંસાર દૂર કરવાનો ઉપકાર કરે છે. કારણકે, સ્વાર્થ વિના એક ઉપર બીજો ઉપકાર કરતો નથી. તેથી ભગવાન જ જ્ઞાન વિગેરે રૂપ હોવાથી સંસાર દૂર કરનારા છે. પ્રકૃતિ વિગેરેને અટકાવનાર હોવાથી ફરી સંસાર થવા દેતાં નથી. અને આત્મા હોવાથી અવશ્ય હિત કરનારા છે અને તેથી બીજાથી ભય દૂર ન થાય તે યોગ્ય જ છે.

તીવ્ર એટલે તરત આવનારો, નજીક રહેનાર, ભયને અટકાવનારથી જ ભય દૂર થાય તેવો ભગવાન આત્મા હોવાથી નજીક રહેનાર હોવાનું સિદ્ધ થયું છે. શ્રીવલ્લભાગ્નિનો ઉગ્ર મહિમા શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીસર્વોત્તમજીની સ્નતંત્ર ટીકા અંતર્ગત "વિરહાનુભવેકાર્થ સર્વત્યાગો પદેશકઃ।"નામમાં જતાવ્યો છે. શ્રીવલ્લભાગ્નિના સાનિધ્યથી એક ક્ષણમાં નિજજન પોતાના નિત્ય સિદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરીને મુલધામમાં પ્રાણવલ્લભની તત્સુખાત્મક અખંડ સેવામાં પ્રવેશ કરે છે. અહીં પણ અસહાય શૂરના રહસ્યને વિચારવું. હૃદયમાં બિરાજતું વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ જ પૂર્ણ છે અને સ્વકીયોએ તે સ્વરૂપમાં જ વિરહાનુભવથી પ્રવેશ કરવાનો છે. આ સ્વરૂપ સિવાય બાહ્ય કોઈનો પણ સંબંધ પૂર્ણનો આશ્રય સિદ્ધ કરવામાં વિલંબ કરે છે. તેથી વિરહ ભાવાત્મક સ્વરૂપમાં પ્રવેશ માટે તે સ્વરૂપનો જ અનન્ય આશ્રય –સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાનના સાધનથી સિદ્ધ કરવાનો રહે છે. આ પ્રકારને અસહાય શૂર કહેલ છે. પોતાના દેહમાં જ અંતર્યામીનું ભજન કરવાથી તેમની પ્રાપ્તિ થાય છે. સ્કંધ-3 માં સર્ગલીલા છે. સર્ગ એટલે નિજજનોને તેના આધિદૈવિક દેહની પ્રાપ્તિ કરાવનારી લીલા તે સર્ગ લીલા. વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ નિજજનોના હૃદયમાં જ બિરાજે છે . તેનું જ ભજન, સેવા,

સ્મરણ, ગુણગાનની આજ્ઞા કરે છે. સ્વતંત્ર ભક્તિનું બીજું નામ અસહાય શૂર જ પ્રવેશ કરી શકે છે. પૂર્ણમાં આશ્ર.નું દ્રષ્ટાંત છે-મહાવનના ક્ષત્રાણીજી નિત્ય શ્રીયમુનાજીની ગાગર ભરવા જતા હતા. એક દિવસ ગાગર ભરવા ગયા ત્યારે શ્રીયમુનાજીમાં શ્રીઠાકુરજીના જ સ્વરૂપો ખેલતા હતા. તે સ્વરૂપોએ ક્ષત્રાણીજને કહ્યું, "હમકો તેરે ઘર પધરાઈ જા."ક્ષત્રાણીજીએ કહ્યું, "ઘર મેં બિરાજત સ્વરૂપ આજ્ઞા કરેંગે તબ પધરાઈ જાઉંગી."ક્ષત્રાણીના ઘરમાં શ્રીમહાપ્રભુજી બિરાજતા હતા. શ્રીવલ્લભના જનને બીજા ભગવદ્ સ્વરૂપની પણ અપેક્ષા નથી હોતી. "મારો જન મારા સિવાય અન્ય સ્વરૂપનો પણ અપેક્ષિત નથી."

આવું પોતાના જનનું ગૌરવ બતાવવા આ ચરિત્ર શ્રીવલ્લભે જ પ્રગટ કર્યું છે. જ્યારે ભગવદ્ જનને અન્ય ભગવદ સ્વરૂપની અપેક્ષા નથી ત્યારે બિન્દુ સૃષ્ટિ અને નાદ સૃષ્ટિની અપેક્ષા રહે જ કેમ ? "જાચુ જાય કોન કે ઘર પે, શ્રીવલ્લભ સો પાય ધની." " તીન લોક હું ફીર ફીર આયો, આનંદ અલ્પ ઉપાધિ ધની."મહાનુભાવ શ્રીપદ્મનાભદાસજી પાસે શ્રીપ્રાણવલ્લભના યશોગાન શ્રવણ માટે આર્ત વલ્લભીયો આવતા જ રહેતા. એક સમયે ઉપરના પદનું ગાન કરતા હતા ત્યારે જીજ્ઞાસુ વલ્લભીયોએ પદ્મનાભદાસજીને પ્રશ્ન કર્યો કે, "શ્રીવલ્લભ જેવા ધણીને છોડીને કોની પાસે યાચના કરૂં ?" આપના આ કથનમાં શું રહસ્ય રહેલું છે તે કૃપા કરીને સમજાવો. ત્યારે પદ્મનાભદાસજી ભાવવિભોર બનીને કહેવા લાગ્યા. "પ્યારે વલ્લભીયો ! આપણા પ્રાણ વલ્લભથી તો સમસ્ત ગોલોક નભી રહ્યું છે અને આ જ પ્રાણ પ્રિય વલ્લભ આપણાં આત્મારૂપે આપણા હૃદયમાં અતિ નિકટ બિરાજે છે. પછી આપણે કોની પાસે યાચના કરવી ? લીલા લોકમાં સર્વત્ર સુધા સ્વરૂપનું સામ્રાજ્ય વ્યાપી રહેલું છે. તે જ સુધા સ્વરૂપ આપણા પ્રાણ વલ્લભ છે. ભૂતલસ્થ ભગવદ્ સંબંધ વાળામાં ભગવદ્ સન્મુખતા ન હોય ત્યારે કાળની સત્તા વ્યાપે છે, તેથી ભગવદ્ સન્મુખતાથી લીધેલો આનંદ તિરોહિત થઈ જાય છે. પછી સંસારની ઉપાધિઓમાં ઉર્જાય છે. આવી સૃષ્ટિ સાથે શ્રીવલ્લભજન સંબંધ રાખી શકતો નથી. એક જ ભગવાન સર્વ પ્રાણીની અંદર પુરુષરૂપથી અને બહાર કાળરૂપથી રહેલા છે. શિક્ષા શ્લોકીમાં આપે આ જ આજ્ઞા કરી છે

કે, કોઈપણ પ્રકારે પ્રભુથી વિમુખ થશો તો કાળ તમારૂં ભક્ષણ કરશે અને અંતર્મુખ હોય તો પુરુષરૂપથી પ્રકુલ કરે છે એવું પ્રયોજન છે. તેથી જ ભગવાન પોતાની માયા એટલે સર્વ થવાની શક્તિ વડે બન્ને પ્રકારના થઈ સર્વ પ્રાણીઓની સાથે સારી રીતે સંબંધમાં આવે છે. કેમ કે પ્રાણીઓ બહાર કાળમાં લય પામે છે અને અંદર પુરૂષમાં અભયરૂપ છે. એટલો ભેદ છે. "વિરહ વિના નહીં પ્રીત કી ખોજ લાગે વિના કહુ કૈસે આવે, ઈન અખિયન મેં રોજ, જબ તે દુરી ભયે નંદનંદન વેરી ભયો મનોજ, સૂરદાસ પ્રભુ નિઃશંક જે જન, સો જન રાજા ભોજ."

ઉપરોક્ત પદ ભ્રમર ગીત વાળા શ્રીગોપીજનોની અવસ્થાની સંગતિમાં શ્રીસૂરદાસજીએ ગાન કર્યું છે. તેમાં પ્રીતિની ખોજ કરવાની વાત કરી અને તે વિરહાનુભવથી ખોજ થઈ શકે છે. અહીં પ્રશ્ન થાય છે કે, આ ગોપીજનોએ વ્યસનાત્મક પ્રેમને પ્રાપ્ત કર્યો છે અને વ્યસનભાવ માટે આપે "ભક્તિ વર્ધિની"માં કૃતાર્થતા કહી છે. કૃતાર્થતામાં કંઈ જ કરવાનું બાકી રહે નહીં તો શ્રીસૂર શ્રીગોપીજનો માટે પ્રીતિ ખોજવાનું કહી રહ્યા છે તો આ પ્રીતિનું સ્વરૂપ શું છે ? આ શ્રીગોપીજનોનો વ્યસનાત્મક પ્રેમ પ્રસિદ્ધ પુરૂષોત્તમમાં થયો છે. પ્રસિદ્ધ પુરૂષોત્તમ અગણિતાનંદ રૂપ નથી. વેદાતીત નિત્ય લીલાસ્થ સ્વરૂપ જ અગણિતાનંદ રૂપ છે અને અગણિતાનંદમાં પ્રવેશ માટે જ વિરહનું દાન કર્યું છે. વિરહ આત્માનંદ સમુદ્રમાં નિમગ્ન કરે છે. અગણિતાનંદનો સાનુભવ પણ આત્માથી જ થાય છે. તેથી આપે આજ્ઞા કરી "આંતરં તું મહા ફલમ્" અસહાય શૂર આ વાક્યથી શ્રીવાકપતિ નિજજનને પ્રબોધે છે કે, મારો જન એવો શૂર છે કે તેને મારા સિવાય અન્ય કોઈપણ ઈશ્વરની જરૂર નથી. મારા યશોગાન અને ધ્યાન માતા સંપૂર્ણ સામર્થ્યને ધારણ કરી લે છે. ત્યારે તેને મારી પણ બાહ્ય અપેક્ષા રહેતી નથી, પણ મને તેની અપેક્ષા રહે છે.

"દમલા ઔર ભક્ત બહોત હૈં મૈં, તેરે વશ હું."

પ્રિય શ્રમની નિવૃત્તિ

- શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

જ્યાં સુધી દેહના અધ્યાસો ભૂખ,પ્યાસ, ટાઢ, તડકો, રોગાદિક બાધક બને છે ત્યાં સુધી આપણી સાધન દશા કહેવાય છે. આ અધ્યાસ અવિદ્યા – માયાના લીધે રહેલ છે. આ માયાની નિવૃત્તિ પ્રિય પ્રભુની નિઃસાધન દૈન્યભાવે શરણગતિથી થાય છે. મારા પ્રિયને હું સુખરૂપ ક્યારે બનીશ ? તેવો (તત્સુખભાવ) તત્સુખાત્મક તાપભાવ રાખી સેવા-સ્મરણ, ગુણગાન, ધ્યાન કરતા રહેવાથી નિઃસાધન દૈન્યભાવ પ્રગટ થાય છે. "નિઃસાધનતા"એટલે કાયિક, વાચિક, માનસિક જે કંઈ ભગવદ્ સંબંધી બને, તેમાં "હું કરૂં છું" તે હું પણું નીકળી જાય અને "પ્રિય પ્રભુ જ પ્રેરણા કરીને બધું કરાવે છે'તેવો ભાવ રહે તેને નિઃસાધનતા કહેવાય.

હું પણું નીકળી જાય ત્યારે પ્રિય પ્રભુનો જ સંબંધ રહેવાથી અનેક જન્મોથી ભૂલા પડેલા દૈવી જીવને પ્રિયતમના સાક્ષાત મિલન માટે પ્રચુર તાપ ક્લેશ વધી જાય છે. આવા તાપ ક્લેશથી હૃદય અત્યંત કોમલ-દીનતાવાળું બને છે ત્યારે પ્રેમ સ્વરૂપ પ્રિયતમ હૃદયમાં પ્રગટ થઈ જાય છે ત્યારે માયાના બંધનમાંથી જીવ છુટ્ટો થાય છે. દેહાદિના અધ્યાસ રહેતા નથી. આ પછીની આપણી અવસ્થા પ્રેમમય હોય છે. હૃદયમાં પ્રેમ સ્વરૂપ પ્રભુ પ્રગટ થવાથી જે અવસ્થા થાય છે તે નીચેના દોહામાં કહે છેઃ

પ્રેમ પ્રગટ જબ હોય હે, ભૂલે જગત કો ભાન ।
તું તું તું રહી જાય હે, હું કો મીટે નિશાન ।।

દિવ્ય પ્રેમ આપણા ભૌતિક દેહને અને ભૌતિક જગતને ભૂલાવી દે છે અને તું-તું –તું એટલે પ્રાણવલ્લભનું ભાવાત્મક (માનસી) સ્વરૂપ સર્વત્ર લાવણ્યામૃતની વર્ષા કરતું અનુભવાય છે.

"પીત્વા મુકુંદ મુખ સાર ધમક્ષિ ભૃંગેઃ।"

મધપુડામાં મધમાખી ચીપકીને જેમ મધુપાનમાં નિમગ્ન બની જાય છે તેમ શ્રીગોપીજનોની નેત્રરૂપી ભ્રમરીઓ સર્વત્ર પ્રિયતમના લાવણ્યામૃતનું મધુપાન કરી રહી છે. ભૌતિક દેહના અધ્યાસ નિવૃત્ત થવાથી ભૌતિક દેહનું વિસ્મરણ થઈ જાય છે. ભૌતિક દેહના વિસ્મરણ સાથે ભૌતિક દેહના સંબંધી પતિ- પુત્રાદિક પરિવાર અને ભૌતિક જગતનું પણ વિસ્મરણ થઈ જાય છે, અને આપણાં અલૌકિક દેહથી લાવણ્યામૃત પાન નિરંતર થાય છે. આપણી દુનિયા જ અલૌકિક બની જાય છે અલૌકિક જગત સાથે જ આપણી જ અલૌકિક દેહથી સંબંધ રહી આવે છે. પરંતુ પ્રેમ સ્વરૂપ હૃદયમાં પ્રગટ થયા પછી ઉપરોક્ત અવસ્થા બને છે. આ પ્રેમ સ્વરૂપનું પ્રાગટ્ય નિઃસાધન દૈન્ય ભાવથી થાય છે. હું મારા દિવ્ય દેહને પ્રાપ્ત કરી પ્રાણવલ્લભની સુખદ સેવા ક્યારે કરીશ ? આ પ્રકારના તાપભાવ પૂર્વક આપણા માનસી દિવ્ય સ્વરૂપનુ ધ્યાન કરવું અને શ્રીસર્વોત્તમજીથી આપશ્રીનું ગુણગાન અને નામ-સ્મરણ પણ તાપભાવપૂર્વક કરવાથી નિઃસાધન દૈન્ય ભાવ પ્રાપ્ત થતાં માયાના ટેરાને હટાવીને આપણા પ્રિયતમ હૃદયમાં પ્રગટ થઈ જાય છે.

આપણી સાધન દશામાં બીજાનાં રાગ અને દ્વેષના આસુરીભાવો અવિદ્યા માયા ઉત્પન્ન કરે છે. આ ભાવો આપણાંમાં હોય ત્યાં સુધી પ્રેમ સ્વરૂપનું પ્રાગટ્ય હૃદયમાં થતું નથી. પ્રાણવલ્લભ ભાગવતાર્થ નિબંધમાં આજ્ઞા કરે છે કેઃ પ્રાણી માત્ર પ્રત્યેથી દ્વેષભાવ નિવૃત્ત થાય ત્યારે જ ભગવાનમાં ભક્તિ (પ્રેમ) થાય છે. દ્વેષ ભાવ આસુરી હોવાથી હૃદયને કઠોર બનાવે છે. આપશ્રીની આ આજ્ઞાનુસાર આપણા ભાવ સ્વજાતિ વલ્લભીજન સિવાય કોઈમાં રાગ નહીં કરવો અને બીજાના દોષ જોઈને દ્વેષ પણ નહીં કરવો. ઊંચ-નીચમાં પ્રભુની લીલા ભાવના વિચારી મનને રાગ દ્વેષની ખટપટમાંથી નિવૃત્ત કરતાં રહેવું. આવા જ આશયથી આપશ્રીએ સ્વકીય હિતાર્થ નવરત્નમાં આજ્ઞા કરી છે.

"લોકે સ્વાસ્થ્યં તથા વેદે, હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગ સ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતા ખિલા॥"

"પુષ્ટિમાર્ગ"એટલે પ્રેમમાર્ગમાં સ્થિત થવા માટે સાક્ષિવત થઈ જવું. "સાક્ષિવત"એટલે કોઈમાં રાગ અને દ્વેષથી મનનો તેમાં પ્રવેશ થવા ન દેવો. ઊંચ-નીચ સર્વમાં લીલા ભાવના રાખવી. આ ભાવનામાં બીજે અટક્યા વિના પ્રભુનો સંબંધ બન્યો રહે છે અને તેથી માયા દૂર રહે છે. પ્રેમ મારગમાં મનને બધેયથી નિવૃત કરી પ્રિય પ્રભુમાં સ્થિર કરવાનું હોય છે. તે પ્રેમમાર્ગની રીત રસિક મહાનુભાવ શ્રીનંદદાસજીએ "પંચ મંજરી"માં બતાવી છેઃ

"પ્રેમ એક-એક ચિત્ત સો, એક હી સંગ સમાય ।
ગાંધી કો સોદા નહીં, જન-જન હાથ બિકાય ।।"

રાગ અને દ્વેષમાંથી મનને નિવૃત્તિ કરી સર્વત્ર ઊંચ-નીચમાં લીલા ભાવના રાખી હું મારા પ્રાણવલ્લભને સુખદ ક્યારે બનીશ ? તેવા તાપભાવપૂર્વક સેવા-સ્મરણ, ગુણગાન,ધ્યાન નિઃસાધન દૈન્યભાવે કરતા રહેવાથી પ્રિયતમ હૃદયમાં પ્રાદુર્ભૂત થઈ જાય છે. આ સમયે ત્રિવિધ માયાનો પ્રલય થઈ જાય છે. આપણી ભૂતલ સ્થિતિમાં સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન રૂપી અલૌકિક સાધનોથી જે પુરૂષાર્થ પ્રાપ્ત કરવાનો છે, તે આપણો અલૌકિક દેહ છે. આ અલૌકિક દેહ તત્સુખના તાપભાવથી સત્વરે સિદ્ધ થાય છે, અને આ અલૌકિક દેહથી જ મૂલધામમાં પ્રવેશ થાય છે. અલૌકિક દેહ પ્રાપ્ત કરીને આપણે મૂલધામમાં પ્રવેશ ન કરીએ ત્યાં સુધી પ્રિયતમના શ્રમની નિવૃત્તિ કરી શકતા નથી. પ્રેમ સંબંધમાં આપણા દુઃખે પ્રિય દુઃખી હોય છે. અનેક ઉપાધિથી ઘેરાયેલા સંસારમાં રહેલા નિજજનને શું સુખ હોઈ શકે ? આવા નિજજનના દુઃખે પ્રિયને દુઃખ થાય છે. આપણે જો પ્રિયના શ્રમની નિવૃત્તિ કરવી હોય તો સંસારમાં વૈરાગ્ય રાખવો. વૈરાગ્યથી જ મન બધા બંધનોમાંથી છુટું થાય છે. છુટા થયેલા મનને સતત સેવા-સ્મરણ, ગુણગાન, ધ્યાનમાં લગાડવું. આ સાધનોમાં ભાવના પ્રિયને સુખદ બનવાની રાખવી.

સંસારમાં કેવી રીતે રહેવું તે પરમાનંદદાસજીના પદમાંથી જાણવાનું છેઃ "મેરો મન ગોવિંદ સો માન્યો, તા તે જીય ઓર ન ભાવે."

આ પદાનુસાર સ્થિતિ બનાવવાથી પ્રિયના શ્રમની નિવૃત્તિ કરી શકાય છે. બધેયથી નિવૃત્ત થયેલું મન અવલંબન વિના રહી શકતું નથી. તેથી પ્રિયના સ્વરૂપનું જ અવલંબન લેશે. તે જ સમયે એટલે મનનો પ્રવેશ પ્રિયમાં થતાં જ ભૌતિક જગતનું અને આપણા ભૌતિક સ્વરૂપનું વિસ્મરણ સદાને માટે થઈ જાય છે. અને આપણા દિવ્ય સ્વરૂપમાં જ નિરંતર સ્થાયી સ્થિતિ બની જાય છે. જેમ જહાજ ઉપર બેઠેલું પક્ષી ચારેકોર ઘૂમે છે, પણ બેઠવાની જગ્યા નહીં મળવાથી જહાજનો જ આશ્રય લે છે, તેમ વૈરાગ્યથી મન ભૌતિક જગતમાં અવલંબન રહિત બની જવાથી પ્રિયના સ્વરૂપનું જ અવલંબન લે છે. આપણે જે પ્રિય સ્વરૂપનું ધ્યાન કરીએ છીએ, આ સ્વરૂપ જ પ્રપંચથી નિવૃત્ત થયેલા મનનું અવલંબન બને છે.

પ્રેમીનો પ્રલાપ

પ્રેષકઃ- મધુકર

તુમ બિનુ પ્યારે કહું સુખ નાંહી ।
ભટક્યો બહુત સ્વાદરસ લંપટ, ઠોર ઠોર જગમાંહી ।।1।।
પ્રથમ ચાવ કરી બહુત પિયારે, જાય જહાં લલચાને ।
તહાંસે ફિરિ એસોજીય ઉચટક, આવત ઉલટિ ઠીકાને ।।2।।
જિત દેખો તીત સ્વારથહીકી, નિરસ પુરાની બાતેં ।
અતિહી મલિન વ્યવહાર દેખિકે, ઘૃણા આવતહે તાતેં ।।3।।
હીરા જીહિ સમુઝત સો, નિકસત કાચો કાચ પિયારે ।
યા વ્યહવાર નફા પાછે, પછિતાનો કહત પુકારે ।।4।।
સુંદર ચતુર રસિક અરૂ નેહી, જાનિ પ્રેમ જીત કીનો ।
તિત સ્વારથ અરૂ કારો ચિત, હમ ભલે સબહી લખીલીનો ।।5।।
સબગુણ હોયજુ પે તુમ નાહિ, તૌ બિનુ લૌન રસોઈ ।
તાહી સો જહાજ પંછી સમ ગયો, અહો મન હોઈ ।।6।।
અપને ઓર પરાયે સબહી, જદપિ નેહ અતિ લાવે ।

પે તિનસો સંતોષ હોત નાહી, બહુ અચરજ જીય આવે ।।7।।
જાનત ભલે તુમ્હારે બિન સબ, બીતત હે યહ શ્વાસે ।
"હરિશ્ચંદ્ર"નહી છુટત તોઉ યહ, કઠીન મોહકી ફાંસે ।।8।।

"રતિપથ પથિકોકા સન્યાસ"

પ્રેષકઃ શ્રી વલ્લભપાદપદ્મ મિલિન્દ

મેરો મન ગોવિંદ સો માન્યો. તાતે જીય ઓર ન ભાવે ।
જાગત સોવત યહ ઉત્કંઠા કોઉ વ્રજનાથ મિલાવે ।।1।।
બાઢી પ્રીત આન ઉર અંતર, ચરન કમલ ચિત્ત દીનો ।
કૃષ્ણ વિરહ ગોકુલકી ગોપી, ઘરહીમેં વન કીનો ।।2।।
છાંડ આહાર વિહાર સબે સુખ, ઓર ન ચાહત કાઉ ।
"પરમાનંદ" બસત હે ઘરમેં જેસે રહત બટાઉ ।।3।।

[આ પદની સંગતિ સુ. 11-44-26 થી થઈ શકે છે. વિજ્ઞોએ દ્રષ્ટવ્ય]

શ્રીમદાચાર્યવર્ય ભક્તિવર્ધિનીમાં આજ્ઞા કરે છે કે પ્રભુમાં વ્યસન ભાવનો પ્રેમ સિદ્ધ થયા પછી ગૃહનો ત્યાગ કરવો. આ ત્યાગ પુરૂષ વર્ગથી કદાચ થઈ શકે. સ્ત્રીજન માટે અશક્ય છે. પરમ કારૂણિક પ્રિયતમે શ્રી ગોપીજનોના સન્યાસને ગૃહમાંજ સિદ્ધ કરાવ્યો. કર્તુમ્ અકર્તુમ્-અન્યથા કર્તુમ્ ઐશ્વર્યવાન પ્રભુને એવી કંઈ બાબત છે કે ન બની શકે ? ભગવતી ગીતાજીમાં પ્રભુના શ્રીમુખનાં વાક્ય છેઃ "અનન્ય થઈને મારૂં જે ભજન કરે છે તેના યોગક્ષેમનું હું સ્વયં વહન કરૂં છું" પ્રભુએ પોતાની આ પ્રતિજ્ઞાનું પાલન, શ્રી ગોપીજનોના સન્યાસને (ગૃહમાં રાખી) સિદ્ધ કરાવવામાં અને તે સન્યાસનું પ્રતિબંધોમાંથી રક્ષણ કરવામાં કરેલું છે

રતિપથનો સન્યાસ- ગૃહમાં રહીને કેવી રીતે સિદ્ધ થાય છે તેનું મહાનુભાવ શ્રી પરમાનંદદાસજીએ ઉક્ત પદમાં વર્ણન કરેલું છે.

શ્રીસર્વોત્તમ સ્તોત્રઃ

શ્રીસર્વોત્તમ સ્તોત્રના ગુણગાનમાં વેણુગીત, ગોપીગીત, યુગલગીત અને ભ્રમરગીતનો સમાવેશ થઈ જાય છે. એટલું જ નહીં નિત્યલીલામાં રાસ સમયે નિત્યસિદ્ધા શ્રીસ્વામિનીજી રસાવેશથી જે મધુર ગાન કરી રહ્યાં છે તેનો પણ સમાવેશ થઈ જાય છે. શ્રીસર્વોત્તમજીમાં વિપ્રયોગ, રસાત્મક, ભાવાત્મક ભાવનો સમાવેશ થાય છે. આ સ્તોત્રમાં 108 નામોમાં લીલાધામમાં થતી અનેક પ્રકારની રહસ્યલીલાઓ સમાયેલી છે. શ્રીગુસાંઈજીને શ્રીમહાપ્રભુના અનંત શક્તિયુક્ત રસાત્મક ઐશ્વય સ્વરૂપનો અનુભવ થયો છે તે આ સર્વોત્તમ સ્તોત્રમાં પ્રગટ કર્યો છે. સર્વોત્તમ સ્તોત્ર સર્વોત્તમ જ છે. ત્રિવિધ પ્રતિબંધોનો નાશ કરી પ્રભુનો સાક્ષાત સંબંધ કરાવે છે. માટે વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીમાં અનન્ય ભાવ રાખી, અનન્ય આશ્રય રાખી, નિરંતર શ્રીસર્વોત્તમજીથી આપશ્રીના યશનું ગાન કર્યા કરવું.

પુષ્ટિમાર્ગનો શિખર સિધ્ધાંતઃ કર્તવ્યનિષ્ઠા

લે. મધુકર

જેમ અરણ્યમાં રહેતા કેશરી સિંહની ગર્જના સાંભળી શિયાળવાના ટોળા તો પ્રાણ બચાવી ભાગે, પણ મોટા હાથી જેવા પ્રાણીઓ પણ ભાગવા લાગે છે. તેમ કર્તવ્યરૂપી કેશરી સિંહની આગળ ખોટા વિચારોરૂપી શિયાળવા અને હાથી જેવા પ્રાણીઓ નાસવા લાગે છે. અથવા વૃથા વિચારોનું સૈન્ય કર્તવ્યના તેજપુંજ અગ્નિમાં બળીને ખાખ થઈ જાય છે.

આપણા અલૌકિક સ્વામી શ્રીવલ્લભની આજ્ઞા સતત કર્તવ્ય પાલનની છે, 'સિદ્ધાંત રહસ્ય' અને 'સિદ્ધાંત મુકતાવલી'માં ગુણગાન અને સ્વરૂપ ધ્યાન માટે. 'નવરત્ન'માં અષ્ટાક્ષરના સતત સ્મરણ માટે. 'ચતુઃશ્લોકી'માં ચિન્તન માટે કર્તવ્ય નિષ્ઠ થવાની જ આજ્ઞા છે.

સ્વામીની આજ્ઞા કર્તવ્ય પાલનની છે તે જ હર સમય અમલમાં મુકવા પ્રયત્નશીલ રહેવું

જોઈએ. કર્તવ્ય આગળ કઠીન (અશક્ય) જેવું કેઈ છે જ નહી, સાંભળોઃ-

ગમનો પ્રસંગ હો કે ખુશીનો પ્રસંગ હો ।
કોઈને સમાધિનો કે પ્રિયાનો ઉછંગ હો ।।
કર્તવ્યમય જીવને વળી સથળ અને કાળ શું ?
હસતા રહે છે ફુલ ગમે તેવો રંગ હો ।।

ગમ એટલે ગ્લાની (ક્લેશ) નો પ્રસંગ આવે ત્યારે, સમાધિમાં કે પ્રિયાના ઉછંગમાં હોઈએ ત્યારે. અથવા સુખમાં કે દુઃખમાં કર્તવ્યને નહી ચુકનારો (મીથ્યા) વિચારો કરી શત્રુઓથી પરાજીત થઈ શકતો નથી. સિદ્ધાંત સમજવા છતાં કર્તવ્ય પરાયણ નહી રહેનારા અને વાચાળ બનનારાઓમાં કુતર્કોનું પાખંડપણું હોવાથી પ્રભુની અપ્રસન્નતા થાય છે અને તેથી બહિર્મૂખ બની દૈવી અનમોલ જીવનને વેડફી નાખે છે હર સમય કર્તવ્યનો ખ્યાલ રાખવાનો છે. કર્તવ્ય નિષ્ઠતા એ શ્રીમહાપ્રભુજીનો નિશ્ચયાત્મક સિદ્ધાંત છે અને તે દરેકને લાગુ પડે છે

[શ્રી મહાપ્રભુજીએ સ્વધામ પધારવાની ઈચ્છાથી સંન્યાસ ધારણ કરી આપ કાશી પધાર્યા તે સમયે શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના દર્શનાર્થ કાશી પધાર્યા. શ્રીમહાપ્રભુજીના દર્શન કરીને વિનંતી કરી કે – 'અમારૂં શું કર્તવ્ય.' આ વિનંતીના ઉત્તરમાં આપે મોન વ્રત ધારણ કરેલ હોવાથી સાડાત્રણ (શ્લોક) લખીને શ્રી પ્રભુચરણ ગુસાંઈજીને આપ્યા તે સાડાત્રણ શ્લોક 'શિક્ષાસાર્ધત્રયી શ્લોકી' આ નામથી પ્રસિદ્ધ છે.

શ્રીમદાચાર્યચરણ શ્રીગુસાંઈજીને ઉદેશીને નિજજનોને સ્વકીય અત્યંત ગોપ્ય સિદ્ધાંત શિખવવા ઉપદેશે છેઃ

યદા બહિર્મૂખા યૂયં ભવિષ્યથ કંથચન ।
તદા કાલ પ્રવાહસ્થા દેહ ચિત્તા ધ્યોપ્યુન ।।

સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માનિતિ મતિ ર્મમ 1 ½

શ્લોકાર્થ – જ્યારે કોઈ પણ પ્રકારે બહિર્મૂખ થશો ત્યારે કાલ અને પ્રવાહમાં રહેલા દેહ ચિત્ત વિગેરે પણ તમારૂં ભક્ષણ કરશે. અર્થાત્ તમારા અલૌકિક દેહ ચિત્તાદિક લૌકિક થઈ જશે. માટે પ્રભુ સન્મુખ રહેજો એવો મારો અભિપ્રાય છે. 'ભક્તિવર્ધિ ની'માં શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી છે કે –

સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિ ર્દ્રઢા ભવેત્ ।
યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ ।।

ઉપરોક્ત શ્લોકની આજ્ઞા મુજબ સતત પ્રભુ સન્મુખ રહેવાથી, કાળનો પ્રવેશ નહી થવાથી, આપણામાં પુષ્ટિ પ્રભુનો જે અલૌકિક સંબંધ છે, તે તિરોહિત થઈ શકતો નથી. અથવા પ્રભુથી બર્હિમુખતા પ્રાપ્ત થતી નથી. શ્રી સર્વોત્તમજીમાં 'સ્વવંશે' સ્થાપિતા શેષ સ્વ માહાત્મ્યઃ ।। આ નામાનુસાર શ્રીમહાપ્રભુજીએ સ્વવંશમાં પોતાનું અશેષ ભાવવાળું મહાત્મ્ય સ્થાપન કર્યું છે. આ 'અશેષ'ભાવ અલૌકિક છે તેમજ વૈષ્ણવ સૃષ્ટિમાં બ્રહ્મસંબંધ દ્વારા પ્રભુનો સંબંધ સ્થાપીત કર્યો છે. આ બન્ને સૃષ્ટિમાં રહેલો અલૌકિક સંબંધ પ્રભુથી કોઈપણ પ્રકારે વિમુખ થવાથી, તેમાં કાળનો પ્રવેશ થવાથી, બર્હિમૂખતા થતાં અલૌકિક સંબંધ તિરોહિત થઈ જાય છે. ભૂતલ એ કોઈ લીલા ધામ નથી કે જ્યાં કાળ માયાનો પ્રવેશ ન થઈ શકે. કાળની સત્તાવાળા ભૂતલમાં સતત પ્રભુ સન્મુખ (સેવાદિથી) રહેવું તેજ આપણું કર્તવ્ય છે. આ કર્તવ્યનો આપે શિક્ષાશ્લોકીમાં જે ઉપદેશ કરેલો છે તે અત્યંત ગોપ્ય અને મહત્વથી ભરેલો છે. આપે અન્તીમમાં આ શિક્ષા કરેલી હોવાથી નિજ વંશ માટે અને લીલા ધામથી વિછુરેલા દૈવી જીવો માટે આપશ્રીની આ આજ્ઞાનું પાલન અવશ્ય-કર્તવ્ય છે]

તોફાની અશ્વ ઉપર સ્વાર થનારો લગામ હાથમાં લઈને સાવધાની ન રાખે તો ઉન્મત બનેલું મનરૂપી અશ્વ તેને ઈષ્ટ રાહમાં પણ બીજા ઘણા માર્ગો નીકળતા હોય છે તે અવળા માર્ગે ન ચાલે તે માટે કર્તવ્યરૂપી ધ્યેયને માર્ગે ચલાવવો. (પ્રભુથી વિમુખ કરે

એવી આસુરી મનની અનેક વૃતિઓ અનિષ્ટ માર્ગરૂપ છે.) કર્તવ્ય ચાબુકનું અથવા મદોન્મત હસ્તી જેવા મનને કાબુમાં લાવવા અંકુશનું કામ કરે છે. કર્તવ્યનિષ્ઠને કાળ અને સ્થળ બાધક થઈ શકતા નથી.અષ્ટાક્ષરનું સતત સ્મરણ નોકરી-ધંધામાં કોઈપણ સમયે અને કોઈપણ સ્થાને થઈ શકે ઠે. સતત નામ સ્મરણની આજ્ઞા 'નવરત્ન'માં કરી છે. આ સ્મરણ રૂપી કર્તવ્યના મહાન યજ્ઞ (અગ્નિ) માં મિથ્યા વિચારોના મોટા સૈન્યો હોમાતા જાય છે. હદયરૂપી કુરૂક્ષેત્ર શત્રુ વગરનુ બની જાય છે. પછી હદય કુરૂક્ષેત્ર નહી રહેતા પ્રિય પ્રભુને સ્થાયિ (નિત્ય) બિરાજવા માટેની નિકુંજ બની જાય છે. કર્તવ્યના અદભૂત સામર્થ્યનું આથી વિશેષ શું કથવું ?

મનુષ્ય કાલ્પનિક મુશ્કેલીઓથી ડરી ડરીને જીવનનો પંથ કાપે છે. એટલે દૈવી મહાન જીવનના કર્તવ્યનો ખ્યાલ એને આવતો નથી. ખોટી કલ્પના, ચક્રાવા ખાતી બુદ્ધિ, અધીરતા, અસ્થિરતા, અંતરાય રૂપ બને અને પ્રભુપ્રાપ્તિનો સાધક નાહિમત બની જાય. પરંતુ જેણે એક સરખા પ્રકાશવાળું (શ્રીવલ્લભભાનુના પ્રકાશથી) ખરૂં કર્તવ્ય જોયું હોય (વિચાર્યું હોય) તેવો સાધક મુશ્કેલીઓના આવા દર્શન કરીને કદીયે પીછેહઠ કરતો નથી. શુદ્ધ અને પવિત્ર કાર્યો સાધકને નવીન શક્તિ આપે છે. 'શુદ્ધ અને પવિત્ર કાર્યો એટલે તત્સુખાત્મક મહાન દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરવો શ્રીવલ્લભના આશ્રિત જનોને જ શ્રીવલ્લભની કૃપાથી મહાન દિવ્ય તત્સુખાત્મક પ્રેમને પ્રાપ્ત કરવાની ભાવના જાગૃત થાય છે અને આ પ્રેમ પ્રાપ્ત કરવો તે જ તેનું કર્તવ્ય બની જાય છે.) આ પ્રેમમાં પ્રિયતમ તરફથી મને સુખ મળે તેવા સ્વાર્થ ભાવની ગંધપણ હોતી નથી. પ્રિયતમના સુખમાં સુખી એ જ તત્સુખી પ્રેમીજનનો નિયમ હોય છે.

'શુદ્ધ અને પવિત્ર કાર્યો સાધકને નવીન શક્તિ આપે છે' આ વાક્યનું રહસ્ય એ છે કે દિવ્ય પ્રેમની ઉત્કૃષ્ટ અવસ્થા પર પહોંચાડવા માટે નિત્ય સખા પ્રિય પ્રભુ આ તત્સુખી પ્રેમી સાધકને બહારના પ્રગટ સ્વરૂપથી સંયોગ સુખ આપતા નથી અથવા સંયોગ સુખમાં સ્થિત થવા દેતા નથી. તેનું કારણ સંયોગ સુખથી પણ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપથી અનુભવાતું સ્વરૂપાનંદનું સુખ અનિર્વચનીય અને અગણિત છે પોતાના પ્રેમી

પાત્રને અગણિત સુખનો અનુભવ કરાવવા પ્રિયતમ વિપ્રયોગનું દાન કરે છે.

વિપ્રયોગમાં પ્રેમી સાધકના મનને બહાર સ્વરૂપનું અવલંબન નહી મળવાથી આંતર 'આત્મગામી' એટલે આ પ્રેમી ભક્તનું આ નિત્ય સિદ્ધ આધિદૈવિક (આત્મ) સ્વરૂપમાં તેના મનનો પ્રવેશ થવો. પ્રેમી ભક્તનું આ નિત્ય સિદ્ધ સ્વરૂપ કેવું છે ? સ્વયં પ્રકાશ-સ્વયં સૃષ્ટા, અનંત ગુણ યુક્ત-અગણિતાનંગરૂપ છે, પ્રેમી સાધકનું આ આત્મસ્વરૂપ અગણિતાનંદરૂપ છે, તેને પ્રાપ્ત કરીને પોતાના પ્રિયતમને અગણિત રસાનંદનો અનુભવ કરાવે છે

આ પ્રેમીભક્તની સાધન દશામાં અવિદ્યાજન્ય પ્રાકૃત અધ્યાસ દેહ-પ્રાણ-ઈન્દ્રિયો અને અન્તકરણમાં રહેલા હોય છે. તેને અપ્રાકૃત (એલૌકિક) બનાવવામાં ભારે આત્મ મંથન કરવું પડે છે દૈવી અને આસુરી ભાવોનું જ આ મંથન છે. જેમ દેવ અને દાનવોએ સમુદ્ર મંથન કર્યું તેમાં વિષ અને અમૃત બન્ને નીકળ્યા તેમ વિરહાનુભવમાં આત્મ મંથન થાય છે, તેમાં પ્રાકૃત ભાવોરૂપી વિષ પ્રથમ બહાર નીકળે છે. પછી આત્માના અંતઃસ્થલમાં ગૂઢ રૂપે રહેલા દિવ્ય પ્રેમ રૂપી અમૃત પ્રાપ્ત થાય છે. ત્યારે તે જ સમયે તનુનવત્વતા પ્રાપ્ત થાય છે. આ તનુનવત્વતા તે જ દૈવી જીવનું નિત્ય સિદ્ધ આધિદૈવિક સ્વરૂપ છે. તેમાં જ અગણિતાનંદ ભરેલો છે. આવા પોતાના અગણિતાનંદ સ્વરૂપથી પ્રિય પ્રભુની તત્સુખાત્મક સેવા કરે છે. વિપ્રયોગના અનુભવમાં આ પ્રેમી ભક્તને સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. તેથી તેને 'સેવા ફલ' ગ્રંથમાં કહેલ 'અલૌકિક સામર્થ્ય' પ્રાપ્ત થાય છે. આ સામર્થ્યથી પોતાના દિવ્ય સ્વરૂપમાંથી કોટાન કોટિ સ્વરૂપો પ્રગટ કરી પ્રિય પ્રભુને પોતાના સ્વરૂપમાં રહેવ અનિર્વચનીય લાવણ્યામૃત સુધાનો અનુભવ કરાવે છે. **આ સર્વ શ્રીવલ્લભાગ્નિની કૃપાથી જ પ્રાપ્ત થાય છે તેવા તથ્યને ભૂલવું નહી જોઈએ.**

'વલ્લભ શરણ થકી સહુ પડે સહેલું' (દયારામભાઈ)

જેને સ્નેહનો ગર્વ નથી તેને સ્નેહનું દુખ પણ નથી. એટલે પ્રિયપ્રભુના સુખમાં જ જે પ્રેમી ભક્ત સુખી છે તેને પ્રિયના વિયોગમાં દુઃખ થતું નથી. કારણકે તત્સુખી

પ્રેમીજનમાં વિરહની વ્યથાને સહન કરવાનું સામર્થ્ય તેના નિત્ય સિદ્ધ આત્મ સ્વરૂપમાંથી જ મળતું રહે છે. આ તેનું આત્મ સ્વરૂપ તેના ભૌતિક સ્વરૂપની ભીતર જ હોય છે. તેથી સામર્થ્ય પ્રાપ્ત થવાથી પોતાની ચિંતાનો કે બીજા કોઈપણ પ્રકારનો બોજ પ્રિય ઉપર રાખવો નથી.

તત્સુખી પ્રેમીજન હરિનો પણ હરિ બને છે. 'ભાગવતાર્થ નિબંધ'માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, કૃપા જીવનું કાર્ય કરે છે. જ્યારે ભક્તિ (પ્રેમ) ભગવાનનું કાર્ય કરે છે. માયાના આવરણવાળો જીવ ભગવાનની કૃપા ચાહે છે. કારણકે કૃપાથી જ માયાના આવરણને દૂર કરે ત્યારે જ ભગવાનમાં પ્રેમ થાય છે. પરંતુ વિરહના અનુભવથી જેણે માયાના આવરણને દુર કરીને તત્સુખાત્મક દિવ્ય પ્રેમ પ્રાપ્ત કરેલ છે તેને કૃપાની જરૂર નથી. તે તો સ્વયં કૃપાનું સ્વરૂપ બનીને પ્રિય પ્રભુના નિરવધિ તત્સુખાત્મક સેવા કરે છે. એક ક્ષણમાં કરોડો બ્રહ્માંડોને ઉત્પન્ન કરે તેવું સામર્થ્ય અંતરંગ યોગ માયાનું છે તેનું જ સામર્થ્ય આ તત્સુખી પ્રેમી ભક્તને પ્રાપ્ત થાય છે. આવા સામર્થ્યથી તે હરિનો પણ હરિ બને છે. કર્તવ્યની પરાકાષ્ટાથી પ્રાપ્ત થતું દિવ્ય પ્રેમનો મહાસાગર લહેરાય છે. આ પ્રેમી ભક્ત સદા તેમાં ડુબેલો રહે છે.

'પરમાનંદ પ્રેમ સાગરમેં પર્યો સો લીન ભયો.'

જ્યાં શ્રીવલ્લભભાનુંનો પ્રકાશ નથી તેવાની બુદ્ધિમાં કાળે અંધકાર પેદા કર્યો છે, તેથી પોતાના કર્તવ્યને ભુલિને પ્રભુથી વિમુખ કરે તેવા કાળે ઉત્પન્ન કરેલા મનોરંજનના સાધનોમાં જીવો ચીપકેલા રહે છે. (પ્રભુથી વિમુખ કરે તેવા કાલકૃત મનોરંજનના સાધનોમાં 'ટી. વી.'એ મુખ્ય સ્થાન લીધું છે.)

મહત વાણીનો વિચાર કરતા હવે લીલાનાં જીવો ભૂતલમાં બહુ થોડા રહેયા છે. લીલાનાં જીવો જ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પૂર્ણતયા પાલન કરે છે તેથી કાળની સત્તા તેવા જનોમાં પ્રવેશ કરી શકતી નથી.

(1) શ્રીમદાચાર્ય કે ચરણ નખ ચિન્હકો – ધ્યાન ઉરમેં સદા રહત જીનકો
કટત સબ તીમિર મહાદુષ્ટ કલિકાલકે – ભક્તિરસગૂઢ દૈઢ હોત તીનકે ।।
(શ્રીરઘુનાથજી)
(2) ભરોસો દૈઢ ઈન ચરનન કેરો ।।
શ્રીવલ્લભ નખચંદ્ર છટાબિન – સબ જુગમાં જ અંધેરો ।।
(શ્રીસૂરદાસજી)

શ્રીવલ્લભભાનુનો જેના હૃદયમાં પ્રકાશ છે તેવા લીલાધામથી વિછુરેલા દૈવી જીવનો પરિચય શ્રીહરિરાયચરણે શિ. 18-4માં કરાવ્યો છેઃ-

વિરહેણ હરિસ્ફૂર્ત્યા સર્વત્ર ક્લેશ ભાવનાત્ ।
લીલાતિરિક્ત સૃષ્ટૌ હિ નિરાનંદત્વ નિશ્ચયાત્ ।।

શ્રીવલ્લભ આશ્રિત જનને શ્રીવલ્લભકૃપાથી નિત્યલીલાસ્થ પ્રભુના સ્વરૂપનું, લીલાધામના દિવ્ય પરિકરનું જ્ઞાન થયેલું હોવાથી ઉપરોક્ત સ્વરૂપોના સાક્ષાત્કાર માટે વિરહ ક્લેશનો અનુભવ કરે છે. આવા જનને ભૂતલમાં નિરાનંદતા ભાસે છે. અથવા ભૌતિક અધ્યાસથી લેવાતા ભગવદ સંબંધના આનંદની અલ્પતા ભાસે છે.

અરે પથિક ! આસુરી મનને પહેચાન

પ્રેષકઃ- મધુકર

મનારે તેં બહુત કરી ઢીઠાઈ ।
ભગવત સ્વરૂપ ગુરૂ નહિ સેવ્યો, હરિજન સંગ ન બસાઈ ।।
કરી સત્સંગ ઉપદેશ ન આન્યો, અપની ચાલ ચલાઈ ।
યહ લોક પરલોક બિગાર્યો, ધૂર પરિ ચતુરાઈ ।।
અવસર ચુક કછુ ન હોયગો, ફીર પાછે પછતાઈ ।
'રસિકદાસ' જનકે કોઉ નહિ, શ્રીવલ્લભ ચરણ સહાઈ ।।

શ્રી હરિરાય મહાપ્રભુકૃત પદની ભાવાર્થ ટીકા

લેખક – શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

પ્રશ્ન –શ્રી વલ્લભ નામ સ્મરણ અથવા સેવા સ્મરણાદિ સાધનો સિવાય બીજા સાધનો કરવા કે નહિ. જેમને શાસ્ત્રોમાં બતાવેલા તપ-તીરથ-નેમ-ધરમ-વ્રત-દાન વગેરેથી પણ હૃદયની શુદ્ધિ થાય છે તો આવા સાધનો કરવા કે નહીં ?

ઉત્તર – માં શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે –

"સાધન કર સાધો જિન કોઉ,
સબ સુખ સુગમ લહે" ।।2।।

શ્રીવલ્લભના જ સેવા-સ્મરણ ગુણગાન ધ્યાન આદિ સાધનોથી જ લીલા ધામનું મહાન દિવ્ય સુખ સુગમતાથી પ્રાપ્ત થાય છે. સેવા-ગુણગાન-ધ્યાનના સાધનો ન બને તો માત્ર શ્રીવલ્લભ નામના સ્મરણથી પણ પુષ્ટિ પ્રભુનું દિવ્ય લીલા સુખ પ્રાપ્ત થાય છે. આવો પ્રકાર મર્યાદામાં નથી. કારણકે પુષ્ટિ સૃષ્ટિ પોતાની શ્રી અંગમાંથી પ્રભુએ પ્રગટ કરેલી હોવાથી પુષ્ટિ પ્રભુ પુષ્ટિ સૃષ્ટિનો પ્રભુ સાથે સંબંધ સ્નેહનો છે. સ્નેહ સંબંધમાં પ્રભુ નિજ દાસો માટે સાધનરૂપ થાય છે. પોતે જ સાધનરૂપ થઈને પોતાની પ્રાપ્તિ કરાવે છે. શ્રી ગોપીજનોના નિરોધ માટે પ્રભુએ અનેક પ્રકારની લીલા કરી તેમાં પોતે સાધનરૂપ થઈ ભક્તોનો નિરોધ સિદ્ધ કર્યો. તેમ શ્રી વલ્લભનામ સ્મરણથી નિરોધ સિદ્ધ થાય છે.

પોતાના નામ સ્મરણમાં પોતેજ સાધન રૂપ થાય છે તેથી શ્રી વલ્લભ નામનું જ નિરંતર સ્મરણ કરવું. શાસ્ત્રોમાં બતાવેલા મર્યાદા માર્ગના સાધનોમાં મનને જવા નહીં દેવું. આપશ્રી પોતાના નામમાં પોતાનું સામર્થ્ય પ્રગટ કરીને નિજજનોના સર્વ દુઃખો દૂર કરી લીલા ધામનું સુખ સુગમતાથી પ્રાપ્ત કરાવે છે. આવો આપના નામનો પ્રભાવ હોવાથી શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે-

"સાધન કર સાધો જિન કોઉ,
સબ સુખ સુગમ લહે"

આપશ્રી વલ્લભના નામ સ્મરણ માત્રથી જ લીલા ધામનું સુખ સુગમતાથી પ્રાપ્ત થાય છે, તેનું કારણ નામનું સ્વરૂપ ધર્મી છે, આ ધર્મી સ્વરૂપ નામની ભીતર ભાવાત્મકરૂપે રહેલું છે. બહારનું પ્રગટ સ્વરૂપ ધર્મરૂપ કહેવાય છે, ધર્મરૂપ કરતા ધર્મી સ્વરૂપમાં વિશેષ સામર્થ્ય રહેલું છે જેમ બીજમાં વૃક્ષ રહેલું છે. તેમ નામમાં ભાવાત્મક સ્વરૂપ રહેલું છે. તેને ધર્મી કહેવાય છે તે નામમાં રહેલા ધર્મી સ્વરૂપનું અદભૂત સામર્થ્ય શ્રી હરિરાય પ્રભુ જાણતા હોવાથી કહે છે કે શ્રીવલ્લભને પ્રાપ્ત કરવા શ્રી વલ્લભ નામ સ્મરણ વિના બીજા મર્યાદા માર્ગીય સાધનો કરવાની જરૂર નથી. શાસ્ત્રોમાં કહેલા તપ-તીરથ વગેર મર્યાદા માર્ગીય સાધનો છે અને શ્રી વલ્લભ નામનું સ્મરણ પુષ્ટિ માર્ગીય સાધન છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુ પોતે જ સાધનરૂપ થાય છે તેવો પુષ્ટિ માર્ગનો નિયમ છે. તેથી કહ્યું – "સબ સુખ સુગમ લહે" તેમ કહેવાનું કારણ એ છે કે શ્રીવલ્લભ નામની ભીતરજ લીલાધામ રહેલું છે. શ્રીવલ્લભજનને લીલાધામમાં જવું પડતું નથી, પણ તેના હૃદયમાં જ લીલાધામ પ્રગટ થઈ જાય છે.

" ભોર ભયો ભાવસો લે શ્રી વલ્લભ નામ,
હરિ વશ છિનહીમેં હોત,
સ્ફુરત સગરો ભક્તિ મારગ
રૂપ હૃદય વસે રસ સમૂહ ધામ"

ઉપરોક્ત પદ પંક્તિમાં નિજજનોના હૃદયમાં 'રસ સમૂહ ધામ' પ્રગટ થઈ જાય છે, અર્થાત નિજજનોના હૃદયને જ લીલાધામ રૂપ બનાવી દે છે તેને લીલા ધામમાં પ્રવેશ કરવો પડતો નથી. ઉક્ત વિષય, કથનમાં સરલ દેખાય છે. પરંતુ સિદ્ધ કરવો અતિ કઠીન છે. નિરંતર વિરહના અનુભવથી વિરહની કષ્ટ સાધ્ય અવસ્થાનો અનુભવ કર્યા પછી સર્વાત્મભાવ જ્યારે સિધ્ધ થાય છે. ત્યારે ભક્તનું હૃદય જ લીલાધામરૂપ બની જાય છે. બ્રહ્માંડનું ભેદન કરીને લીલાધામમાં જવાનું રહેતું નથી.

સેવા-ગુણગાન-ધ્યાન બને તો તે પણ કરવા અને સ્મરણ પણ કરવું. સેવા સમયે સેવા કરવી. સેવા-ગુણગાન-ધ્યાન અષ્ય પ્રહર તો ન બની શકે. પરંતુ નામ સ્મરણ તો અષ્ટ પ્રહર થઈ શકે. પરંતુ નામ સ્મરણનો આગ્રહ કર્યો છે. વળી કલિયુગમાં સેવા-ગુણગાન-ધ્યાન-સત્સંગ વગેરે સાધનો સર્વ કોઈ માટે સુગમતાથી થઈ શકતા નથી. તેમ વિચારી કરૂણાસાગર શ્રી વલ્લભ પ્રભુએ નવરત્ન ગ્રંથમાં અષ્ટાક્ષર મહામંત્રનું સતત સ્મરણ કરવું તેવી આજ્ઞા કરી છે. નામ સ્મરણ સાથે સ્વરૂપ ધ્યાન કરવાથી સ્વરૂપમાં પ્રેમ પ્રગટ થાય છે. તેથી સ્વરૂપ ધ્યાન પણ કરવું. કદાચ સ્વરૂપ ધ્યાનમાં ન આવે તો સતત નામ સ્મરણથી હદય જ્યારે શુદ્ધ થાય છે ત્યારે નામનું ભાવાત્મક સ્વરૂપ ભક્ત હદયમાં પ્રગટ થઈ જાય છે, ત્યારે નામ સ્મરણ સાથે સ્વતઃસ્વરૂપ ધ્યાન પણ થવા લાગે છે. જેમ ગોપીજનોના નેત્રો પ્રિય પ્રભુના શ્રીમુખ લાવણ્યનું પાન સર્વત્ર કરતા હતા. શ્રી ગોપીજનોને પ્રિયતમનું ભાવાત્મક-માનસી સ્વરૂપ, આગળ-પાછળ, ઉપર-નીચે, બહાર-ભીતર એમ સર્વત્ર દર્શન આપતું હતું. કારણકે તેમના નેત્રોમાં પ્રિયતમનુ સ્વરૂપ વસી ગયું હતું. તેથી તેમને માનસી ભાવાત્મક સ્વરૂપના જીવન જ પ્રભુનું સ્વરૂપ હતું. તેથી સ્વરૂપ સંહંધ વિના એક ક્ષણ રહી શકતા નહીં. તેવી રીતે પ્રાણ પ્રિય શ્રીવલ્લભના સ્મરણથી જ્યારે હદય શુદ્ધ થાય છે, ત્યારે નામનું સ્વરૂપ હદયમાં દિવ્ય પ્રેમ પણ પ્રગટ થઈ જાય છે. પ્રેમ પ્રગટ થતા જ આપણા ભૌતિક જીવનને પલટાવી નાખે છે. અથવા અલૌકિક બનાવી દે છે, તેથી કહ્યું છે કે-

"પ્રેમ પ્રગટ જબ હોય હે,ભૂલે જગત કો ભાન;
તુ તુ તુ રહી જાય છે, હું કો મિટે નિશાન."

દિવ્ય પ્રેમ પ્રગટ થતાં જ જગત પ્રપંચને અને પોતાને ભૂલાવી દે છે અને સર્વત્ર પ્રાણ વલ્લભના સ્વરૂપનાં જ દર્શન થાય છે.

પ્રશ્ન –ભૌતિક દશાવાળો જીવ અનેક અપરાધોથી ભરેલો છે. વળી આસુરભાવના આવેશે અપરાધો કરતા રહેવા એવો સ્વભાવ બની ગયો છે. શ્રી હરિરાય પ્રભુએ એક

પદમાં કહ્યુ છે-"ક્ષણક્ષણમેં અપરાધ પરત હે, ગીનત ન આવે લેખો, શ્રાવલ્લભ મેરી કૃતિ જિન દેખો." આવા અપરાધી જીવને મહાન અલૌકિક શ્રી વલ્લભ સ્વરૂપની પ્રાપ્તિ કેમ થશે ?

ઉત્તર –પરમકૃપાળુ શ્રી હરિરાય પ્રભુ શ્રી વલ્લભના મહાન ઉદાર ગુણોનો નિજજનોને પરિચય કરાવે છે-

"કોટિ કોટિ અપરાધ ક્ષમા કર, સદા નેહ નિભહે"

આપણો પ્રભુ સાથે જે સંબંધ થયો છે તે 'સ્નેહ લગ્ન' જેવો છે. એટલે કે બ્રહ્મસંબંધથી પ્રભુને આપણે વર્યા તે સંબંધ સ્નેહ લગ્ન જેવો છે. શ્રી હરિરાય પ્રભુએ બ્રહ્મસંબંધને સ્વયંવરની ઉપમા આપી છે. એટલે કે જેમ રાજકુમારી સ્વયંવરની રચનામાં પોતાના પસંદગીના રાજકુમારને વરમાળા પહેરાવે છે. આ સ્વયંવર પ્રેમલગ્ન કહેવાય છે. આવું પ્રેમલગ્ન દૈવી જીવનું પ્રભુ સાથે થયેલું છે. વળી પુષ્ટિ માર્ગ તો દિવ્ય પ્રેમનો જ છે. વધાઈમાં ગાયું છે કે-

" રતિપથ પ્રગટ કરનકું પ્રગટે,
કરૂણાનિધિ શ્રી વલ્લભ ભૂતલ"

આ રતિપથમાં પ્રેમનો જ સંબંધ હોય છે. જ્યારે માર્ગ જ પ્રેમરૂપ છે તો તેમાં પ્રવેશ કરેલા દૈવી જીવનો પ્રભુ સાથે સંબંધ પણ પ્રેમનો જ હોઈ શકે. લીલાલોકમાં પણ આ દિવ્ય પ્રેમનો જ સંબંધ અને સર્વ વ્યવહારમાં, સર્વ લીલામાં, સર્વ પરિકરમાં દિવ્ય પ્રેમજ રહેલો છે.

લીલાધામમાં કુંજો નિકુંજો પશુ, પક્ષી આદિ લીલા સામગ્રી પ્રેમરૂપ જ છે. પ્રેમનાજ બનેલા છે જેમ સાકર રસની મૂર્તિમાં સર્વાંગ રસ જ રહેલો છે તેમ લીલાધામમાં સર્વ દિવ્ય પ્રેમ રૂપ જ છે. પરંતુ દૈવી જીવ લીલા ધામમાંથી ભૂતલમાં આવવાથી પોતાના દિવ્ય પ્રેમ સ્વરૂપને અને પ્રભુ સાથે દિવ્ય પ્રેમના સંબંધને ભૂલિ ગયેલ છે. બ્રહ્મસંબંધથી

આ દિવ્ય પ્રેમનો સંબંધ પ્રભુ સાથે જોડાવી દિવ્ય પ્રેમના સંબંધનું જ્ઞાન કરાવ્યું છે.

આવો આપણો શ્રી વલ્લભવર સાથે પેંમનો જ જ્યાં સંબંધ હોય ત્યાં પોતાના પ્રેમી પાત્રના અપરાધોનો વિચાર જ ઉત્પન્ન થતો નથી. (દાસ અપરાધ જાન સિન્ધુ સમ, બુંદ ન એકો જાન) દિવ્ય પ્રેમ સંબંધનો આવો સહજ સેવભાવ છે. તેથી શ્રી હરિરાય પ્રભુ શ્રી વલ્લભના આવા સ્નેહ સ્વરૂપને જાણતા હોવાથી આગળની તુકમાં કહે છે કે-

"ભૂલ જિન કરો કોઉ મન શંકા,
કરૂણા સિન્ધુ કહે"

તમારા દોષોથી કે અપરાધોથી શ્રી વલ્લભ તમને પ્રાપ્ત નહીં થાય તેવી ભૂલથી પણ શંકા કરશો નહીં. કારણકે શ્રી વલ્લભ કરૂણાના સાગર છે. " કરૂણા"નો અર્થ વાત્સલ્ય સ્નેહ થાય છે. તેથી જેમ માતાનો વાત્સ્ય પ્રેમ તેના બાલકમાં હોવાથી બાલકના દોષો માતાની નજરમાં આવતા જ નથી અને વાત્સલ્ય સ્નેહના સિન્ધુ છે. તેથી તમારા દોષો આપની નજરમાં આવે તેમ નથી.

વળી માતા જેમ દોષવાળા બાલક તરફ એકધારા વાત્સલ્ય પ્રેમનું સિંચન કરતી હોય છે. તેમ આપણી સાથે શ્રીવલ્લભનો પ્રેમ સંબંધ હોવાથી આપણા દોષોને નહિ જોતા સદા પ્રેમ સંબંધ નિભાવે છે. આવો દૈવી જીવનો પ્રેમ સંબંધ બ્રહ્મસંબંધથી શ્રીવલ્લભ સાથે જોડાયેલો છે. તેને દૈવી જીવ ભૂલી જતો હોવાથી દુષ્ટ મન ખોટી શંકાઓ ઉત્પન્ન કરતું હોય છે. તેથી શ્રી હરિરાયજી પ્રભુ કહે છે કે-

'ભૂલ જિન કરો મન શંકા કરૂણા સિન્ધુ કહે '

મહાન અલૌકિક વિરહાગ્નિ વલ્લભની પ્રાપ્તિ સર્વ ત્યાગ પૂર્વક નિતાન્ત વિરહના અનુભવથી જ થાય છે. તેથી સ્વકીયોને આપે વિરહ ભાવનું દાન કર્યું છે. આ વિરહના અનુભવમાં અન્ય સંબંધની ગંધ પણ રહે ત્યાં સુધી મહાન અલૌકિક વલ્લભ વિરહાગ્નિનો સાક્ષાત સંબંધ થતો નથી.

આવી સ્થિતિમાં આ વિરહી જન નિઃસાધન દીન બની ગયો હોય છે અથવા બાલક જેવી નિઃસાધન સ્થિતિ બની ગઈ હોય છે. આવા નિરહી (બાલક જેવા) સ્વકીયનું રક્ષણ પરોક્ષ રહીને કરે છે. પરોક્ષ રીતે ભાવાત્મક સ્વરૂપથી વાત્સલ્ય સ્નેહનું સીંચન કરે છે. કારણકે દીનોના આપ બન્ધુ છે. 'બંધુ' એટલે બંધાઈને રહેવું. ભાવાત્મક સ્વરૂપથી વિરહી સ્વકીયના હૃદયમાં રહીને વિરહભાવનું રક્ષણ અને વાત્સલ્ય સ્નેહ સીંચનથી પોષણ કરતાં જ રહે છે. તેથી મહાનુભાવ શ્રી સૂરદાસજીએ ગાયું છે કે.

"ભક્ત વિરહ કાતર કરૂણામય ડોલત પાછે લાગે ।
'સૂર' એસે પ્રભુનકો કયોં દીજે પીઠ અભાગે ।।

આપનો કરૂણા ધર્મ દીન જનો પ્રત્યેજ પ્રગટ થાય છે અને દીન ભાવ વિરહના અનુભવમાં નિઃસાધન બનેલા વિરહ સ્વકીયમાં જ હોય છે વિરહના અનુભવ વિના તો શ્રી વલ્લભ વિરહાગ્નિ સાનિધ્ય પણ પ્રાપ્ત થતું નથી. તો આપશ્રીની પ્રાપ્તિ કેમ થઈ શકે ?

આ પદમાં શ્રી હરિરાય પ્રભુએ જે વર્ણન કર્યું છે. તે વિરહી સ્વકીયોને અનુલક્ષીને કર્યું છે, અથવા વિરહી જનોના અધિકાર અનુસાર કર્યું છે.

પ્રશ્નોત્તર

લે. **મધુકર**

સ્નેહી ભાઇશ્રી, સપ્રેમ શ્રી સ્મરણ.
આપનો પ્રશ્ન :- "અત્યારે શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંતના નામે, અથવા જુની પ્રણાલીના હિસાબે જે ચાલી રહ્યું છે, તેમાં સાચો સિદ્ધાંત કયો તે કેવી રીતે ખબર પડે ? કોઇ માપદંડ ખરો ?"

સમાધાન :- પ્રથમ તો આપણે એ સમજી લઇએ કે શ્રીમહાપ્રભુજીનો પ્રગટ કરેલો માર્ગ

કોરો (શુષ્ક) જ્ઞાન માર્ગ નથી પરન્તુ (રસ-ગુલ્લા જેવો બાહર ભીતર રસથી પ્લાવીત) દિવ્ય પ્રેમ માર્ગ છે.

(1) રતિ પથ પ્રગટ કરણકું પ્રગટે કરૂણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ.

(2) વેણુગીત પુન યુગલ ગીતકી રસ બરખા બરખાઇ । સેવા રીત પ્રિત વ્રજ્જનકી જનહિત જગ પ્રગટાઇ ।। (શ્રીહરિરાય ચરણોક્ત વધાઇ.)

(3) કોઉ રસિક નહિ યા રસકો । વાગધીશ વચનામૃત ગહવર પરાકાષ્ઠા પ્રેમ પ્રસંગીત વ્રજપુર વધૂ સ્વરૂપ સ્નેહ સુન સુન કાહુ કો ન કસકો ।।

(4) શ્રીલક્ષ્મણ સુત નીકે ગાવે । દમલા પ્રભુદાસ બડભાગી, તીનકું પુનિ પુનિ આપ શિખાવે ।।

પ્રેમ વિવસ વ્હે શ્રીવલ્લભ પ્રભુ । નેનન સેનન અર્થ જનાવે ।। (શ્રીપદ્મનાભદાસજી) વેણુગીત અને યુગલ ગીતમાં શ્રીમહાપ્રભુજીએ, નિજ્જનો પ્રતિ દિવ્ય પ્રેમ સુધાની વર્ષા કરી છે.

શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત તત્સુખી દિવ્ય પ્રેમ છે. આ પ્રેમને જેણે જાણ્યો અને માણ્યો (અનુભવ્યો) તેણે સિદ્ધાંતનું માપ દંડ સમજી લીધું. ચાહે જુની પ્રણાલી હો કે નવી પ્રણાલી હો. આ ઉભયના સિદ્ધાંતમાં જે તત્સુખાત્મક

આવું સમજ્યા પછી આ પ્રેમી સાધક લોકાતીત બને છે. લોકાતીત થવાથી તેન મન-ચિત્તની વૃત્તિઓ દિવ્ય પ્રેમ રાજ્યમાં પ્રવેશ કરી દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરે છે. લોકાતીત બનીને જે સાધના કરે છે તેનો પરિચય રસિક ભક્ત નંદદાસજી નીચે મુજબ કરાવે છે :-

જા ઘટ વિરહ અવા અનલ,
પરિપક ભયે શુભાય !
તાહી ઘટ મધ્ય નંદ હો

પ્રેમ અમી ઠહરાય ।।

લીલાધામથી વિછુરેલા નિજ્જનને લીલા ધામમાં પહોંચાડવા માટે મહાકારૂણિક પ્રભુ વિરહ ભાવનું દાન કરે છે. આ વિરહના અનુભવથી ત્રિવિધ માયાનો પ્રલય થઇ જાય છે, ત્યારે તેને પ્રિય પ્રભુમાં વ્યસનાત્મક પ્રેમ પ્રગટ થાય છે.

પરેષામાસક્તિ સુત ધન શરીરાદિષુ દ્રઢાં.
દ્રુતં ભસ્મીચક્રે બહુલમપિ તુલં જવલ ઇવ ।
સ્વસાનિધ્યાદેવ વ્યશનપિ કૃષ્ણેડપિવિદધૃત,
સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદન વૈશ્વાનરવિભુઃ ।। (વૈશ્વાનરાષ્ટક)
ઉપરોક્ત વ્યસનાત્મક પ્રેમની વિલક્ષણતાને નીચેના દોહામાં અવલોકીયે :-
પ્રેમ પ્રગટ જબ હોય કે, ભૂલે જગત કો ભાન !
તુ તુ તુ રહી જાય હે, હું કો મીટે નિશાન ।।

જુની પ્રણાલી કે નવી પ્રણાલીના સિદ્ધાતના વક્તાઓને શ્રી મહાપ્રભુજીના સિદ્ધાતનું વાસ્તવિક માપદંડ ઉપરોક્ત દોહામાંથી પ્રાપ્ત કરવા યોગ્ય છે, અને પુષ્ટિ પ્રભુના સંબંધવાળા અમારા દૈવી જીવનની વાસ્તવિક્તા કેવા પ્રકારની હોવી જોઇએ. તે પણ સમજી શકાશે. હજું આગળ જોઇએ :-

ચાચા શ્રી ગોપેશ્વરજી કૃત શ્રી સર્વોત્તમ સ્તોત્રના મંગલાચરણનો શ્લોક :-
પ્રવૃદ્ધ યત્કૃપામ્ભોધિ બિન્દુરેકોપિ યં સ્પૃશેત્ ।
સજ્જન રસાબ્ધો તપતે સ તં વન્દેનલ પ્રભુમ ।।

અર્થાત – જેમાં ખુબ (દિવ્ય પ્રેમની) ભરતી આવેલી છે એવો શ્રીવલ્લભાધીશ્વરની કૃપાનો સમુદ્ર, જે સમુદ્રનું એક બિન્દુ પણ જેનો સ્પર્શ કરી લે તે (બડભાગી) જીવ સાગરમાં ડુબતો જાય અને તપતો પણ જાય (વિપ્રયોગમાં સિજાતો જાય) તેવા (મધુર) અગ્નિ સ્વરૂપ વલ્લભ પ્રભુને હું વદન કરૂં છું.

પ્રશ્ન – દિવ્ય પ્રેમની એક બિન્દુનો વિલક્ષણ પ્રભાવ ઉપરોક્ત શ્લોકમાં કહ્યો, તેમાં રહસ્ય શું છે. ?
સમાધાન – આ પ્રેમનું બિન્દુ આત્મારૂપ હોવાથી અને આત્મતત્વનું વિરૂદ્ધ ધર્માશ્રયત્વ હોવાથી તે બિન્દુ ભીતર સાગરરૂપ પણ છે અને વ્યાપકત્વતા પણ છે. આત્માની સાગર રૂપતા શ્રીમદાચાર્ય ચરણે "સિધ્ધાંતમુક્તાવલી" માં કથી છે :-

"આત્માનંદં સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત" અને આત્માની વ્યાપકતા આપશ્રીએ "શાસ્ત્રાર્થ નિબંધ" માં નિરૂપેલ છે :- અણુઅપિવ્યાપકમ્ આત્મતત્વની આ બે વિરૂદ્ધ ધર્માશ્રયતા આત્મારૂપ દિવ્ય પ્રેમના બિન્દુમાં પણ રહેલી જ છે, તેથી પોતાના અનિર્વચનીય રસાસ્વાદમાં ડૂબાવી રાખે છે અને તેમાં મધુર અગ્નિરૂપતા હોવાથી રસાસ્વાદમાં અતૃપ્તિ પણ બની જ રહે છે. હજુ આગળ જોઇએ :-

કહત હો સબે સયાની બાત
જો લો નાહીન દેખે સુન્દર,
કમલ નૈન મુસિકાત ।।
સબ ચતુરાઇ વિસર જાત હે,
ખાન પાન કી બાત ।
બિન દેખે છિન કલ ન પરત હે,
પલભર કલ્પ સમ જાત ।।
સુનિ ભામીનીકે વચન મનોહર,
સખી મન અતિ સકુચાત
ચત્રભુજ પ્રભુગિરિધરનલાલ સંગ સદા બસોં દિનરાત

'મધુકર'

પ્રશ્નોત્તર -

(6) "બે વિરુદ્ધ પાટે ગાડી ચાલેજ કેમ ? હ્રદયમાંથી "કામ" શત્રુ ન જાય ત્યાં સુધી-

ઇંન્દ્રિયો જનિતસુખ ભોગની લાલસા-જીજ્ઞાસા-ઇચ્છા ન જાય ત્યાં સુધી-પ્રભુ સ્મરણ કે ચિંતનની અખંડિતતા જળવાય કેમ ?" આ તમારું કથન તમારા મનને (કામના પિતાને) ઉપદેશ કરવા માટેજ પ્રિયતમે પ્રેરણા કરી સમજાવ્યું છે. "ભાવ સાધક બાધક" નામનો શ્રી હરિરાય પ્રભુનો એક ગ્રંથ "શ્રી હરિરાય વાંગમુક્તાવલી"ના પહેલા ભાગમાં છે. તેમાં અન્તીમ આપ આજ્ઞા કરે છે કે હે જીવ ! તું પોતેજ કહે કે જો મનથી વૈરાગ્ય અને પ્રભુમાં ચિત્તનો પ્રવેશ ન થાય તો પછી પ્રિય પ્રભુમાં દ્રઢ ભાવ શી રીતે સ્થિર રહી શકે ? અહીં શ્રી હરિરાય પ્રભુ જીવના પોતાના કર્તવ્યનો બોધ કરી રહ્યા છે. પોતાનું કર્તવ્ય જીવ ન કરે તો પ્રભુ પ્રાપ્તિ કેમ થાય ? પોતાના કર્તવ્યને કૃતિમાં નહી મુકવું અને પોતાના કર્તવ્યનો બોજ સ્વામી ઉપર મુકવો આવી સમજ સ્વભાવથી દુષ્ટ થયેલા મનમાં રહેલી હોય છે. આવા દુષ્ટ મનનો પક્ષ કરવાથી સ્નેહમાર્ગથી ચ્યુત થઈ જવાય છે.

ઘણા જન્મોની પ્રાકૃત વાસનાઓના ભોગથી પુષ્ટ થયેલું મન દુષ્ટ સ્વભાવી બનેલું હોય છે. તેને વિષયમાં પ્રીતિ છે. પ્રભુમાં પ્રીતિ થતી નથી. આવા મનને પોતાનો શત્રુ જાણી તેનો પક્ષ નહીં કરતાં, બલાત્ વિષયોમાંથી ખેંચીને પ્રભુ સન્મુખ વારંવાર કરતા રહેવું. 'મન તેં બહુવિધ પોલ ચલાઈ.' જીવ જ્યારે જાગૃત થઈ જાય છે ત્યારે મનની કપટ ભરેલી ચાલને સમજી લે છે કે તેને પ્રભુ ગમતા નથી, પણ વિષયમાં રાચવું છે. જીવ જાગૃત ક્યારે થાય છે ! એક કમરામાં ગાઢ નીદ્રામાં મનુષ્ય સુતેલો છે, તે કમરામાં આગ લાગી. આ આગની જ્વાલાનો તાપ લાગતાંજ ગાઢ નીદ્રામાં સુતેલો જીવ પણ જાગૃત થઈ જાય છે. તેમ જ્યારે પ્રિયતમની પ્રાપ્તિની વિરહાગ્નિ હરદમ હૃદયમાં જલતી રહે છે ત્યારે અવિદ્યા રૂપ ગાઢ નીદ્રામાં સુતેલો દૈવી જીવ જાગૃત થઈ જાય છે. (સાક્ષાત્ ધર્મી સ્વરૂપ સિવાય અન્ય અલ્પ (ધર્મ સમૂહના) આનંદોમાં ડૂબ્યા રહેવું તેને પણ ગાઢ નીદ્રા સમજી લેવી.)

મન લોભી મન લાલચી
મન કપટી મન ચોર ।

મનકે મતે ન ચાલીયે
હોત હે ક્ષણ ક્ષણ ઓર ।।

મહાનુભાવ ભગવદીયો જીવ ઉપર દયા વિચારીને મનની દુષ્ટતાને ઓળખાવી રહ્યા છે. તેને ઓળખીને કર્તવ્યનો જ વિચાર કરવામાં આવે ત્યારે એમ ઉપાલંભ આપવાનો રહેતો નથી કે ભગવાનને મન તો રમત હશે.

(7) "પ્રભુ અને તમારી જેવા ભગવદીયો કંઈક કૃપા વિચારે તો આ માનસીક રોગ દૂર થઈ શકે" । આ તમારી અપેક્ષા કૃત કથનના જવાબમાં-શ્રી હરિરાય વાંગમુક્તાવલીના પ્રથમ ખંડમાં "કાર્પણ્યોક્તિ" નામનો ગ્રંથ છે. તેમાં આપ આજ્ઞા કરે છે કે "હે નાથ ! આપની જે હમારી ઉપર કૃપા છે તે કૃપાને અમો ઓળખીયે તેવી કૃપા કરો" । આ આપના કથનથી પ્રભુની અને ભગવદીયોના દ્વાર ભૂત કૃપા તો થતીજ રહેતી હોય છે, પણ બહિર્મુખતાના કારણે અથવા અંતરમુખતાના અભાવે પ્રભુની અને ભગવદીયોના નિમિત્તે થતી કૃપાને પહેચાની શકાતી નથી. જેમ પાતળમાં ધરેલા પ્રસાદને પીઠ દઈને બેઠેલો પ્રસાદ માટે પોકારતો હોય છે, તેવીજ સ્થિતિ બહિર્મુખ સ્વભાવી મનની હોય છે. આ પણ મનની કપટ ભરેલી ચાલબાજી જ છે. તેથી આવા મનને ઓળખીને કર્તવ્ય ચ્યુત નહી થવું જોઈએ. કૃપાની યાચના કરવા કરતાં વર્તમાન થતી કૃપાને પહેચાનવી વધારે યોગ્ય ગણાય. "વિવેકધૈર્યાશ્રય"માં આપશ્રીએ પ્રભુને પ્રાર્થના નહી કરવી એમ જે આજ્ઞા કરી છે તેનું કારણ કપટ ભરેલા મનની તેવી પ્રાર્થનામાં પક્ષપાત થતો હોય છે. અથવા મન કર્તવ્ય પરાયણ થવા ચાહતું નથી. પોતાના કર્તવ્યનો બોજ સ્વામી ઉપર રાખવા ચાહે છે. મનના આવા કાપટ્યને આપ જાણતા હોવાથી, પ્રાર્થના નહી કરતા કર્તવ્ય પરાયણ થવાનો ઉપદેશ આપ શ્રી વલ્લભ કરી રહ્યા છે.

ગોપી ગીતના ચોથા શ્લોકવાળા શ્રી ગોપીજન નિર્ગુણ છે. નિર્ગુણ ભક્તો મુખ્ય પ્રકારે તત્સુખીજ હોય છે. તે પ્રિયને પોતાની ભાવના નિવેદન કરે છે કે "હે પ્રેષ્ઠ ! (અત્યંત પ્રિય) આ બીજા ભક્તો જેમ આપને ઉપાલંભ આપે છે તેમ મારે આપને કંઈજ કહેવાનું નથી. આપના સુભગ સંગમનો તાપ કલેશ મારામાં હશે તો આપ પ્રક્ટ થઈ સ્વરૂપાનંદ

દાન કરશોજ." આ તત્સુખ – સુખી શ્રી ગોપીજન કૃપાની પણ યાચના કરતા નથી. પરંતુ પોતાના કર્તવ્યનોજ વિચાર કરે છે. તત્સુખ સાગર શ્રી વલ્લભને આવા તત્સુખી ભક્તો પ્રિય છે. અને આપશ્રીનો સિદ્ધાંત પણ તત્સુખતાજ છે. સ્વસુખની જેમાં ગંધ પણ નથી. અને પ્રિયને સુખરૂપ થવાની સ્થિતિને પ્રાપ્ત કરવા અસહ્ય વિરહ વ્યથાને જે સહન કરે છે તેવા "સ્વાર્થોજ્જીત" ભક્તો જ શ્રી વલ્લભને પ્રાણ સમાન પ્રિય છે.

આ ભૂતલ સ્થિતિમાં તનુજા-વિત્તજા સેવા ચાહે તેવા વૈભવોથી થતી હોય તો પણ નિત્ય લીલાસ્થ મહાન અલૌકિક પ્રિય પ્રભુના સ્વરૂપની, તત્સુખાત્મક સેવાની યોગ્યતા, આધિદૈવિક દેહને પ્રાપ્ત કર્યા વગર થઈ શકતી નથી. અને આધિદૈવિકતા વિરહાનુભવ વિના સિદ્ધ થતી નથી. શ્રી ગોપીજનોના નિરોધમાં પણ પ્રિય પ્રભુએ સંયોગ વિયોગ બન્ને અવસ્થાનો અનુભવ, બાલ લીલાથી પ્રારંભ કરીને મહારાસમાં પ્રવેશ કરાવ્યો ત્યાં સુધી કરાવતા જ રહ્યા છે. અને મહારાસ પછી પણ વિરહની પરમ ફલાત્મક અવસ્થામાંજ સ્થિત કર્યા છે.

(8) "તમારા પત્રમાં "ત્રિદુઃખ સહનં ધૈર્ય"માં શ્રી વલ્લભે ત્રણે પ્રકારના દુઃખોને મરણ પર્યંત સહન કરવાની આજ્ઞા કરી છે, તો આ ભૌતિક દુઃખ (કામરોગ) ને સહન કરતા જવું કે કોઈ દવા ઈલાજ કરવો ?" આ તમારા પ્રશ્નના જવાબમાં કામના આવેગને સહન કરવો, તેમાં પ્રવૃત્ત ન થવું. કામ સંકલ્પ રૂપે પ્રક્ટ થાય છે. જ્યારે કામના સંકલ્પો-વિચારો ઉત્પન્ન થાય ત્યારે ઠંડા જલની એક લોટી પી જવી. પછી શૈયામાં નિવેશ નહીં કરવો. એક આસન ઉપર બેસી જવું. અને એકાગ્ર ચિત્તથી પદોની લીલા ભાવનામાં, મનના સંકલ્પો જોડી દેવા. રાત્રિના સમયે એકાન્ત તો હોયજ. આ એકાન્તનો લીલા ચિંતનમાં ઉપયોગ કરવો. ભૌતિક કામના સંકલ્પો-વિચારોને અલૌકિક લીલા ભાવનામાં જોડી દેવાથી કામ-સંકલ્પોનો લય અલૌકિકમાં થઈ જાય છે.

બીજો પ્રકાર : ભૌતિક કામના સંકલ્પ ઉઠે ત્યારે આપણા આધિદૈવિક – સ્ત્રીભાવ સ્વરૂપનું ધ્યાન કરવું. આ અભ્યાસ વધતા, ભૌતિક કામ પીડા કરવા સમર્થ રહી શકતો નથી. "નિકુંજ વૈભવ દામોદરદાસ દેખિ ચાહત હે, સખિયનમેં ટહલ કરન હીત"

આ શ્રી પદ્મનાભદાસજીના પદમાં નિત્યલીલા સ્વરૂપ, ત્યાંનો દિવ્ય પરિકર, લીલાધામ અને શ્રીદમલાજીનું લીલા સંબંધી [શ્રીલલીતાજીનુ] સ્વરૂપ, આ ચારે પ્રકારનું વર્ણન કરેલું છે તે પદની ભાવના વિચારી આપણા પોતાના આધિદૈવિક સ્ત્રી ભાવ સ્વરૂપનું ધ્યાન કરી આ પદમાં કહેલી લીલા ભાવનામાં મનના સંકલ્પોને જોડવા. આ પદ અગર બીજા પદોમાં જણાવેલી લીલાની ભાવનામાં મનના સંકલ્પોને જોડવાનો અભ્યાસ નિરંતર થતાં આ ભાવનાનો આવેશ હૃદયમાં બનવાથી હર સમયે આનું જ અનુસંધાન રહી આવે છે અને જીવનનો પલટો કરી નાખે છે. "ભાવો ભાવનીયા સિદ્ધ" જેવી ભાવના કરીયે તેવો ભાવ સિદ્ધ થાય છે. ભગવદ ગીતાજીમાં મનને અને મનમાંથી ઉત્પન્ન થતા કામ સંકલ્પોને જીતવા માટે વૈરાગ્ય અને અભ્યાસનો બોધ ભગવાને અર્જુનને કરેલો છે.

(9) "આ દેહ ઇન્દ્રિયોના ક્ષણિક આવેગોથી ઉત્પન્ન થતું દુઃખ અને પશ્ચાતાપ ઈષ્ટમાર્ગને રૂંધનારા સાબિત થતાં હોય તો પણ ક્યાં સુધી આવા દુઃખોને સાથે વિંઢાળવા ?" આ તમારું આર્ત કથન તમારા મનને ઉપદેશ દેવા માટે જ છે આ પ્રકારનો ઉપદેશ વારંવાર મનને દેતા રહેવાથી અને ઇન્દ્રિયોના વિષયો તરફ ગ્લાની રહી આવવાથી વૈરાગ્ય ઉત્પન્ન થશે. વૈરાગ્યને ઉત્પન્ન કરાવવા માટેજ વાકપતિએ તમારામાં ઉપરોક્ત વિચારો પ્રગટ કર્યા છે. વૈરાગ્યથી મન જ્યારે ભૌતિક વિષયોથી છુટુ પડે ત્યારે તેને બીજા અલૌકિક વિચારોનું અવલંબન નહી મળે તો મન સંકલ્પ કર્યા વગરનું રહી શકતું નહી હોવાથી પુનઃ ભૌતિક વિષયને જ ગ્રહણ કરશે. આમ ન બને તે માટે વૈરાગ્યથી છુટા પડેલા મનને અલૌકિક લીલા ભાવનામાં જોડવું. વારંવાર લીલા ભાવનામાં જોડવું તેનું નામ "અભ્યાસ" છે. આ પ્રકારે વૈરાગ્ય અને અભ્યાસથી દુર્જય મન ઉપર વિજય મેળવી લેવાય છે. 'કામ' મનમાંથી જ ઉત્પન્ન થાય છે તેથી 'મનોજ' કહેવાય છે. મન ઉપર વિજય મેળવવાથી કામ ઉપર વિજ્ય પણ થયો જ.

"બિન વૈરાગ્ય નહી પાઈએ ગિરધરકો અનુરાગ" વૈરાગ્ય વિના પ્રભુમાં અનુરાગ થતો નથી. પુષ્ટિ પ્રભુની લીલામાં પ્રભુના છ ધર્મો 'ઐશ્વર્ય-વીર્ય-યશ-શ્રી-જ્ઞાન અને વૈરાગ્ય'નો ઉલટા ક્રમથી પ્રવેશ થાય છે. એટલે કે પ્રથમ વૈરાગ્ય થાય છે પછી જ્ઞાન

એમ ઉલટો ક્રમ છે. પુષ્ટિમાર્ગ ઠોર – મઠડીમાં રાચવાનો નથી, ત્યાગથી ભરપૂર છે. જેઓ વૈરાગ્યને અપનાવતા નથી તેઓ પુષ્ટિ ફલથી વંચીત રહી આવે છે.

આ કથનનું પ્રમાણ આપશ્રીની શ્રીમુખની જ વાણીમાં નીચે મુજબ છે.

આપશ્રી એક સમયે વ્રજમાં પધાર્યા તે સમયે મથુરા વિશ્રામ ઘાટ ઉપર બીરાજી રહ્યા હતા. શ્રીદમલાજી, પ્રભુદાસ જલોટાજી નિજજનો પાસે બેડા હતા. તે સમયે કૃષ્ણ ચૈતન્યનો સેવક, રૂપસનાતન આપશ્રીની પાસે આવેલ. તેમાં પ્રભુદાસ જલોટાજીના કૃષ (દુબળા) શરીરને જોઈને રૂપસનાતને શ્રી વલ્લભને પ્રશ્ન કર્યો કે, "આપનો માર્ગ તો 'પુષ્ટિ' છે પણ સેવક દુબરે કર્યોં ?" ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે "હમને બહોત બરજે જો યા માર્ગમેં મત પરો પરંતુ માન્યો નહિ, તાતેં યાકો ફલ ભોક્તે હે."

શ્રી પ્રભુદાસજી આપશ્રીની સન્નિધાનમાં પણ પ્રત્યક્ષ વિરહનોજ અનુભવ કરતા હતા. વિરહી જનોનું શરીર કૃશજ રહેતું હોય છે. દિવ્ય પ્રેમની ચરમ કક્ષા પ્રત્યક્ષ વિરહ છે. આ અવસ્થામાં પ્રભુદાસજી આરૂઢ થયેલા છે. અલ્પ મતિ રૂપસનાતન આ રહસ્યને સમજી શક્યા નહીં, પણ જ્યારે તે કૃષ્ણ ચૈતન્ય પાસે જાય છે અને આ બનેલો પ્રસંગ કહે છે ત્યારે કૃષ્ણ ચૈતન્ય; શ્રી મહાપ્રભુજીના કહેલા વચનામૃતોનું હાર્દ-રહસ્ય સમજી જાય છે. કહેવાનું તાત્પર્ય, પુષ્ટિ માર્ગ શ્રી પ્રભુને વિવિધ સામગ્રીઓ ભોગ ધરીને તે અધરામૃતના આસ્વાદનમાં કે અન્ય પણ ભગવાન સંબંધી આનંદોમાં ડૂબ્યા રહેવાનો નથી. અગ્નિ સ્વરૂપે પ્રક્ટ કરેલો માર્ગ તત્સુખનપ્રચૂર તાપાગ્નિથીજ ભરેલો છે. "રાજ ય મારગ હાંસી ખેલકો નહી હે, તાપ કલેશ કો હે" । જ્યાં તત્સુખનો તાપાગ્નિ જલતો જ રહે છે ત્યાં વૈરાગ્ય પાછળ લાગેલો જ રહે છે. પ્રણય માર્ગીઓનો વૈરાગ્ય વિરહાનુભવ રૂપ છે. વિરાહાગ્નિથી જ પ્રિયતમને સુખદ એવો આધિદૈવીક દેહ સિદ્ધ થાય છે. પ્રિયતમ અગણિત આનંદ રૂપ છે. અને અગણિત આનંદના ભોક્તા છે. આવા પ્રિયતમને સુખદ અવસ્થા વિરહાગ્નિથી સિદ્ધ થાય છે. જેમ પ્રિય પ્રભુ અગણિત આનંદરૂપ છે. તેવા અગણિત આનંદને ધારણ કરી શકે તેવો આધિદૈવિક દેહ વિરાહનુભવમાં સિદ્ધ થાય છે. તેથી કહ્યું કે 'વિરહ અનલ યાતે કહત, સબ ગુણ પૂરણ એહ, પકવદશા કર દેત હે, ભર

દે નિરવધિ નેહ.'

પ્રશ્નોત્તર

લેખક : 'મધુકર'

[ગતાંકથી ચાલુ]

"પ્રભુ એક બાજુ કૃપા વિચારે છે જ્યારે બીજી તરફ ાવા ઇન્દ્રિયજનિત સુખો-આનંદો તરફ મનને ચંચલ બનાવી ગતિમાન કરે છે. આ લીલા વૈચિત્ર્યથી ચોક્કસ હૃદયમાં દૈન્ય જન્મે છે. અને પ્રભુ જો આમાંથી બચાવે તોજ બચી શકાય એવી નિઃસાધનતાનો ભાવ ઉદભવે છે."

આ કથનના સંદર્ભમાં-આપણને બ્રહ્મસંબંધ થયું. તેજ સમયે પ્રભુએ પોતાની કૃપા શક્તિનું સ્થાપન આપણા હૃદયમાં કરેલું છે અને આ કૃપા શક્તિ સેવા સ્મરણાદિથી પ્રભુ સન્મુખ રાખવા પ્રેરણા કરતીજ રહે છે. પરન્તુ અનેક જન્મોની એકઠી થયેલી વાસનાનો ઉદગમ થતો રહેવાથી પ્રભુથી વિમુખ કરે છે. મહાભારતમાં કૌરવ પાંડવનો સંગ્રામ ઐતિહાસિક દ્રષ્ટિથી કહેવાયો છે. પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિએ દૈવી જીવની હૃદય ભૂમિમાં દૈવી અને આસુરી ભાવોનો (સાધન દશામાં) સંગ્રામ ખેલાતો હોય છે. તેનું રૂપક આ પ્રમાણે છે કે-દૈવી જીવ અર્જુનના સ્થાને છે અને દેહ રથ છે. જેમ અર્જુન રથમાં બેઠેલ છે તેમ દૈવી જીવાત્મા દેહની ભીતર હૃદયમાં રહે છે. ઇન્દ્રિયો અશ્વો છે. અર્જુનના સારથી પ્રભુ બન્યા છે. તેમ આપણી બુદ્ધિમાં અલૌકિક ભાવોની પ્રેરણા પ્રભુ કરે છે. અર્જુને આ ઘોર-ભિષણ સંગ્રામમાં ઘણી વખત નિરાશા પણ અનુભવી, પણ પ્રભુ નિક્ટ રહી તેને બલ પ્રદાન કરતા રહ્યા છે. તેમ આપણી પ્રણય સાધનમાં નિરાશા ઉત્પન્ન થતાં પુનઃ પુનઃ પ્રભુ અંતરયામી રૂપથી પ્રેરણાનું બલ આપતાજ રહે છે. (આ મારો અનુભૂત વિષય છે) પ્રભુ જ્યારે ઉપરોક્ત પ્રકારે આપણા દૈવી જીવનને પુરુષાર્થના શિખરે પહોંચાડવા પ્રેરક (સારથી) બન્યા છે. તો આપણે એમ કહી શકતા નથી કે "પ્રભુ એક તરફ કૃપા વિચારે છે જ્યારે બીજી તરફ ઇન્દ્રિય જનિત સુખો તરફ મનને ચંચલ બનાવી ગતિમાન કરે છે." પ્રભુની અહેતુકી કૃપાને જો આપણે ન વિચારીયે તો કૃતઘ્નતાનો દોષ

થાય છે. આપણો અંગીકાર કર્યો ત્યારથીજ આપની કૃપા શક્તિ આપણને પ્રભુ સન્મુખ રાખવા સેવા સ્મરણાદિ સાધનોની પ્રેરણા કરતીજ રહે છે. પરન્તુ અનેક જન્મોથી વાસના આપણને વિમુખ કરવા જોર કરી રહી છે તેમજ માનવુ યોગ્ય છે.

હવે બીજો પ્રકાર : કૃપા શક્તિની પ્રેરણાથી ભગવદ્ સન્મુખ રહેવાથી આપણે ભગવદ્ માર્ગમા આગળ વધીયે તેમાં અભિમાન (મારા સાધન બળથી આ પ્રાપ્ત કર્યું છે તે) ન થાય તે માટે મનને ચંચલ કરી પ્રતિબંધ ઉત્પન્ન કરે છે. જેમકે રાણાવ્યાસને વિદ્યાનું ગૌરવ તેમજ ઇન્દ્રિયજીતનું અભિમાન હતું તે દૂર કરવા પ્રભુએ તેમને એક માવતની સ્ત્રીમાં સ્નેહ કરાવ્યો. આ કાર્ય અન્યાયનું જાણી હાકીમે તેમને પકડવા માણસને મોકલ્યા. તે સમયે રાણા વ્યાસના મિત્ર જગન્નાથ જોષીએ રાણા વ્યાસને બીજે સ્થળે મોકલી દીધા. આ કાર્યથી રાણા વ્યાસનું અભિમાન દૂર થયું. પ્રભુએ પ્રતિબંધ ઉભો કરી અભિમાન દૂર કરી, ઉંચી કક્ષાએ ચઢાવ્યા. અભિમાન ઉંચે ચઢવામાં અવરોધ કરે છે, તેથી કોઈપણ કારણ ઉત્પન્ન કરી નિજજનોના અભિમાનને દયાળુ પ્રભુ દૂર કરતાજ રહે છે. અથવા અભિમાનથી પ્રભુનો આશ્રય છુટી જાય છે. ત્યારે ઉંચે ચઢવાનું સામર્થ્ય રહી શકતું નથી. કારણ કે ભગવદ આશ્રયથીજ ભગવાનનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. ત્યારેજ ઉંચી કક્ષાએ ચઢવા જીવ પ્રયત્ન કરે છે. ।। હરિ ભક્તનકું ગર્વ ન કરનો ।। યહ અપરાધ પરમ પદ હુતે, ઉતર નરકમેં પરનો ।।1।।

ત્રીજો પ્રકાર – આપણી પરીક્ષા કરવા માટે પણ પ્રભુ પ્રતિબંધ ઉત્પન્ન કરે છે. કે જીવને મારી પ્રાપ્તિની ચાહના કેટલી છે ? કાલિયનાગના દમનમાં પ્રભુએ વ્રજસ્થ ભક્તોના સ્નેહની પરીક્ષા કરી છે.

ચોથો પ્રકાર – પ્રભુ પ્રાપ્તિ કરવી એજ જેના જીવનનું ધ્યેય છે તેવા પ્રણય સાધકને જેમ જેમ પ્રતિબંધો ઉત્પન્ન થાય છે તેમ તેમ પ્રભુ તરફની આસકિત વધતીજ જાય છે અને પ્રભુ પ્રાપ્તિ માટે વિશેષ દ્રઢ બની સાધનમાં તત્પર રહે છે. જેમ જેમ વીર પુરુષને બાણના પ્રહારો લાગતા જાય છે તેમ તેમ તેને શૂરાતન વધતું જતું હોય છે.

સન્મુખ માંડે મોરચો, ધરી બરછી હથીયાર ।

પ્રેમી 'પ્રણ' છાંડે નહીં, શીર દેવા તૈયાર ।।

ભગવાન પ્રતિબંધો એટલા માટે ઉત્પન્ન કરે છે કે આપણે પ્રિય પ્રાપ્તિની સાધનામાં અલૌકિક – અલ્પ આનંદમાં શીથીલ ન બનીયે. વ્રજસ્થ ભક્તોમાં જ્યારે જ્યારે શીથીલતા થતી ત્યારે ત્યારે પ્રભુ પુતના, સકટાસુર, તૃણાવર્ત, આદિ અસુરોનું મિષ કરી વ્રજસ્થ ભક્તોને સન્મુખ રાખવા જાગૃતિ આપતાજ રહેતા. આમ અનેક પ્રકારે અંગીકૃત જનના હિતનીજ કૃતિમાં જાગરૂક પ્રિય પ્રભુને આપણે ઉવાલજી કેમ આપી શકીયે ? પ્રભુ અંગીકૃત જનોના ઉધ્ધારની ચિન્તાથી વ્યાપ્ત રહે છે. તેમ શ્રી હરિરાય પ્રભુએ શિ. છક્ષામાં જણાવેલ છે. આપણા પ્યારા પ્રાણવલ્લભનું નામ "દૈવોદ્ધારપ્રયત્નામા" છે-તેનો અર્થ નિજજનોના ઉદ્ધારમાં સદૈવ આપ પ્રયત્નશીલ જ રહે શ્રી સર્વોત્તમજીના 108 નામ નિત્યલીલાના સંબંધવાળા છે, અને જે જે નામની જેવી લીલા છે, તે લીલા પણ નિરંતર અખંડ થઈ રહી છે. આપના નામ નિત્ય હોવાથી દૈવી જીવોના ઉદ્ધારની કાર્યમાં સદૈવ પ્રયત્ન શીલજ રહે છે. સેવસ્મરણ, ગુણગાન, ધ્યાન, ગ્રંથાવલોકન આદિમાં આપ પ્રેરક બની ભાવની વૃદ્ધિ કરી વિદ્યમાન પણ દૈવી જીવોના ઉદ્ધારમાં પ્રયત્નશીલ છે. આવા મહાકારૂણિક સ્વામિની ઉપકૃતિનુ વિસ્મરણ કેમ કરાય ?

પ્રભુ પ્રાપ્તિ કરવી એજ જેના જીવનનુ ધ્યેય છે, તેમાં પ્રતિબંધો ઉત્પન્ન થવાથી નિઃસાધનતા, દીનભાવ, પ્રક્ટ થાય છે. આ દીન-ભાવ સમસ્ત દોષ સમૂહનો શત્રુ છે એટલે કે સમસ્ત દોષોનો નાશ કરનાર આ દીન-ભાવ છે. (અંતઃગૃહગતા ગોપીજનોમાં આ પ્રકાર જણાવ્યો છે.) પ્રભુ દીન જનોની ક્યારેય ઉપેક્ષા કરતા નથી. દીન ભાવ પ્રભુને પ્રગટ કરી દેવાનું અમોઘ સાધન છે. સહજ સ્નેહ સાધન નહીં, કરૂણાહીકી બાત મહોદાર પ્રાણેશ જુ, દીન દેખી ઢરી જાત દીન ભાવ વશ હોત હે, સો મોમેં નહીં નેક સબહી રાવરે બિરદકી, નાથ નિભાવે ટેક ।

જેનું જીવન કેવળ પ્રભુ છે અને પ્રભુ જ્યારે પ્રાપ્ત થતા નથી ત્યારે તેવા પ્રણય સાધકમાં "દીનભાવ" (દૈન્ય) પ્રગટ થાય છે. આવા દીનજન તરફ પ્રભુની ઢરન થાય છે. અથવા પ્રભુ પ્રગટ થઈ જાય છે. તેનું કારણ આપની કરૂણાશક્તિ આપને પણ

પરવશ બનાવી દે છે. આવો દીનભાવ ઉત્પન્ન કરવા માટે પ્રતિબંધો થતા હોય છે.

દીનભાવનું વાસ્તવિક સ્વરૂપ સમજવાની આવશ્યકતા છે. પ્રભુ પ્રાપ્તિના સાધન સેવા સ્મરણાદિ થતાંજ રહે છતાં સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ ન થાય ત્યારે પ્રચૂર આર્તિ રહી આવે, અને તેથી જે દીનભાવ પ્રગટ થાય તે દીનભાવનું વાસ્તવિક સ્વરૂપ છે. જેમ શ્રી વ્રજવલ્લભાઓના માન – મદથી પ્રિયતમ અંતર્હિત થયા પછી પ્રિયતમના સાક્ષાત્ મિલન માટે પ્રચૂર આર્તિપૂર્વક તેઓ ગુણગાન કરી રહ્યાં છે, તેવા સમયે તેમને જે દીનભાવ પ્રગટ થયો તે દીનભાવનું વાસ્તવિક સ્વરૂપ છે. આવો દીનભાવ જ્યારે પ્રગટ થાય છે ત્યારે પ્રિય પ્રભુ હૃદયમાં અને હૃદયમાંથી બહાર પ્રગટ થઈ જતાં સમસ્ત પ્રતિબંધો નિવૃત્ત થઈ જાય છે, અને ત્રિવિધ માયાનું બંધન કાપીને પ્રભુ નિત્યલીલામાં પ્રવેશ કરાવે છે.

પ્રભુની અપ્રાપ્તિથી ઉત્પન્ન થતો દીનભાવ લૌકિક જીવોની સમાન 'રાંકડાપણું' જતાવનારો નથી. પરન્તુ અચિન્ત્ય-અનંત શક્તિવાળા અને અજીત એવા પ્રભુને પરવશ બનાવે તેવો આ દીનભાવ છે. તેથીજ આપ "દીનબંધુ" કહેવાય છે. "બંધુ" એટલે બંધાઈને રહેનાર. આવો દીનભાવ જે શૂર હોય છે તેજ પ્રાપ્ત કરી શકે છે. અથવા વિરહના અનુભવથી દીનભાવ પ્રાપ્ત થાય છે, અને વિરહની અસહ્ય વેદના સહન કરવી તે શૂરાનું જ કાર્ય છે. એટલે દીનભાવ એ વૈવિક જેવું 'રાંકડાપણું' નથી પણ શૂરપણું છે. શ્રી યમુનાષ્ટકમાં "સુરાસુરસુપુજીત" એ પંક્તિમાં દીનભાવવાળાને "શૂર" કહ્યા છે.

"પ્રભુની લીલા વૈચિત્ર્યતાની અકળતા મને તો કોક વખત ખરેખર અકળાવી મૂકે છે. "મૂનિ હસે હેર હેર, હરિ હસે હર હર" આ ઇન્દ્રમાન ભંગના કીર્તનાનુસાર "તેને મન તો રમત હશે, પણ મને તો મુંઝવણ ઉભી થાય છે."

તમારા ઉપરોક્ત કથનનું સમાધાન એ છે કે પુષ્ટિ સૃષ્ટિ પ્રભુએ પોતાના શ્રીઅંગમાંથી પ્રગટ કરી છે અને તેથી પોતાના અંગમાં જેમ મનુષ્યને મમત્વ હોય તેમ પોતાના

અંગરૂપ પુષ્ટિજીવોમાં પ્રભુને ગાઢ મમત્વ રહેલું છે. આવા મમત્વથી પ્રભુ જે જે કરતા હશે તે આપણા હિત માટેજ હોય છે. આપણી અજ્ઞાનતાને કારણે પ્રભુના આવા ગૂઢ મમત્વને પહેચાની શકતા નથી. તેથીજ "તેને મન તો રમત હશે", તેવા ઉપાલંભના શબ્દો કથાય છે પ્રિયને આવો ઉપાલંભ દેવાનો અધિકાર આપણા જેવા જીવોનો નથી. કારણ કે આપણું જીવન સંપૂર્ણ પ્રભુને અર્પીત થયું નથી. પ્રભુ પ્રાણરૂપ બન્યા નથી. પ્રભુના સુખનાજ મનોરથો થતા નથી. આવી સ્થિતિમાં ઉપાલંભ કેમ આપી શકાય ? ઉપાલંભ દેવાનો અધિકાર તો વ્રજ ભક્તોનો છે. તેમણે પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ કર્યું છે. પ્રભુ માટેજ જીવન નીભાવે છે. પ્રીયને સુખરૂપ થવાના જ મનોરથો કરે છે.

ત્વયિ ધૃતાસવ હે પ્રિય ! આપની સ્વરૂપ સેવા કરવાની આશાએજ અમોએ પ્રાણ ધારણ કરી રાખ્યાં છે. આમ શ્રીવ્રજપ્રિયાઓનું જીવન પ્રિયને સુખ આપવા માટે જ છે. અને પ્રિય મળતા નથી તેથી ઉપાલંભ આપે છે. આવા ઉપાલંભના શબ્દોમાં પણ રસ જ ભરેલો હોય છે. કારણ કે તેમના દિવ્ય શરીરો "રસાકાર" જ બનેલા છે. આપણી આવી સ્થિતિ નથી તેથી આપણે ઉપાલંભ ન આપી શકીએ પરંતુ લીલા વૈચિત્ર્યમાં એ પ્રિયની કરૂણાનાં જ દર્શન કરવા યોગ્ય છે. પુષ્ટિ પ્રભુના કરૂણાળુ સ્વભાવની પહેચાન શ્રી સૂરદાસજીએ નીચેના પદમાં કરાવેલી છે.

દેખો દેખો હરિજુ કો એક સ્વભાવ ।
અતિ ગંભીર ઉદાર ઉદધિ પ્રભુ,
જાન શિરોમણિ રાવ ।।1।।
દાસ અપરાધ જાન સિંન્ધુસમ,
બુંદ ન એકો માન ।
રાઈ જીતના સેવાકો ફલ,
માનત મેરૂ સમાન ।।2।।

વિરહી જનોના સિન્ધુ સમાન અપરાધને એક બિન્દુ સમાન પણ માનતા નથી. અને રાઈના દાણા જેટલી હાર્દિક અને તત્સુખવાળી સેવાને મેરૂ સમાન માની લે છે. વળી

વિરહ દુઃખથી દીન બનેલા જનનું રક્ષણ કરવા પાછળ પાછળ ડોલી રહ્યા છે એવા મહા કારૂણિક પ્રીયતમને હે જીવ તું "પીઠ ન દઈશ" પીઠ ન દઈશ એટલે વીરહ દુઃખથી કાયર બનીને સાધનશીથીલ ન કરીશ. અથવા આવા કરૂણાળુ પ્રભુને ઉપાલંભ અપાવની ધૃષ્ટતા ન કરીશ. "પાછળ પાછળ ડોલે છે," તેનો અર્થ – પરમ પુરુષાર્થ રૂપ વિરહભાવનું રક્ષણ અને વિરહ ભાવની વૃદ્ધ માટે હૃદયમાં રહી પ્રેરણા કર્યાજ કરવી, તેથી પાછળ પાછળ ડોલવાનું કહ્યું છે.

પ્રશ્નોત્તર

- 'મધુકર'

(અંક 3 થી ચાલુ)

(10) "હું ચોક્કસ પણે માનું છું કે દેહ ધર્મ અને આત્મ ધર્મ ભિન્ન છે. પણ હાલમાં એવી નાજુક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છું કે દેહ ધર્મો આત્માના ધર્મને રૂંધીને નાશ કરવા તત્પર બન્યા ન હોય ?" I આ તમારા વક્તવ્યના અનુસંધાનમાં સમાધાન.

દેહ અને આત્મ ધર્મની ભિન્નતા તમને સમજાણી તે શ્રી વલ્લભ ભાનુની કૃપાથીજ. જ્યારે દેહથી આત્મા ભિન્ન છે તેવું સમજાય ત્યારે દેહમાં અને દેહના સંબંધી સમસ્ત ભૌતિક પ્રપંચમાં અનાસકિત અને વૈરાગ્ય થાય છે. આ સમયે દૈવી જીવને પોતાના આત્મ સ્વરૂપનું જ્ઞાન થાય છે. આ જ્ઞાનથી દૈવી જીવને પોતાના નિત્ય સખા પ્રિય પ્રભુ સાથે તેનો સંબંધ કેવો છે તેનું પણ જ્ઞાન થાય છે. મારા સાચા સંબંધી તો પ્રિયતમ પ્રભુજ છે. તે પ્રિયથી અનંત કાલથી વિછુરેલો છુ તેમ જાણવાથી નિત્ય સખા પ્રભુની પ્રાપ્તિનો પ્રચૂર વિરહ ઉત્પન્ન થઈ જાય છે. દૈવી ગુણમય માયાના અંધકારને લીધે પ્રભુ સાથેના શાશ્વત (નિત્ય) સંબંધને જીવ ભૂલી ગયો હતો. શ્રીવલ્લભ ભાનુના પ્રકાશથી દેહ અને આત્માની ભિન્નતા સમજાણી તેથી વૈરાગ્ય અને જ્ઞાન પ્રાપ્ત થયાં હવે દૈવી જીવ પોતાના નિત્ય સખા પ્રભુને પ્રાપ્ત કરવાજ સર્વ પ્રકારથી નિરંતર પ્રયત્નશીલ રહે છે.

તમને શ્રી વલ્લભની કૃપાથી દેહ અને આત્મ ધર્મની ભિન્નતા સમજાણી, છતાં દેહના ધર્મો આત્માના ધર્મને રૂંધીને નાશ કરવા તત્પર બન્યા છે. તેનું કારણ અનેક જન્મોથી મન દેહના ધર્મોમાંજ રાચ્યું છે, તેથી આત્મ ધર્મ સમજાય છતાં મન દેહના ધર્મોમાં જીવને ખેંચી જાય છે. (જેમ ગ્રાહ ગજેન્દ્રને ખેંચતો તેમ) આવી પરિસ્થિતિમાં વારંવાર દેહ અને આત્મ ધર્મની ભિન્નતાનો વિચાર કર્યા કરવો. આવા વિચારથી દેહના ધર્મમાંથી મન નિવૃત્ત થશે. દૈવી જીવને અનેક પ્રકારની ઉપાધી અને દુઃખનો અનુભવ દેહમાં પોતાપણાના "અહં અને મમ"થીજ થાય છે. જીવાત્મા તો દેહથી અને દેહના પ્રાકૃત ધર્મોથી ભિન્નજ છે. પરન્તુ પોતાના આત્મ સ્વરૂપનું જ્ઞાન નહી હોવાથી અને દેહમાં અહં-મમનો અધ્યાસ થવાથી અનેક ઉપાધી અને દુઃખનો અનુભવ કરવો પડે છે. સંસારનું સુખ એ દુઃખના બીજોની વાવણી કરનારું છે. ભક્તજનો સંસાર સુખની ફાંસીમાં ફસાતા નથી. પ્રભુના વિયોગ દુઃખને સુખ સમજે છે. આવા પ્રકારનો નિરંતર વિચાર કરતા રહેવાથી મન દેહના ધર્મોમાંથી નિવૃત્ત થતું જાય છે અને આત્મધર્મોમાં રૂચિ વાળું બનતું જાય છે. જ્યારે દૈવી જીવને પોતાના આત્મ સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે તે સર્વત્ર વૈરાગ્યવાળો બની જાય છે. એને સર્વત્ર તુચ્છતા ભાસે છે.

(11) તમે કહેશો કે તેનો જવાબ પત્રમાં છે. "વીરને કાયરતા કેમ ઉત્પન્ન થાય ?" તમે ખરેખર કૃપા વિચારીને પ્રેમવીરનું તથા સંગ્રામ વીરનું દ્રષ્ટાંત મૂલતઃ સિદ્ધાંત સ્પષ્ટ કરી બતાવ્યું છે કે પ્રેમી, વીર હોય છે, અને તે દરેક આફતો સામે ઝઝુમતો હોય છે. તેથી તે દુઃખોના કારણે દુઃખી બની કાયરતા ન પોકારે. પણ આ જીવ પર વલ્લભે એવી દ્રઢાસકિત અથવા દ્રઢ સ્વરૂપાસકિતના બલનું દાન કરી સ્વતઃ પ્રેમી બનાવ્યો નથી, માટે "વીર" નથી. તેથી દુઃખથી કાયર બની મનમાં કાયરતા ઉદભવે છે, જે તમારી આગળ સ્પષ્ટ કરું છું" । આ તમારું નિષ્કપટ કથન આત્મસંતોષના હેતુ રૂપ બન્યું. હવે તમારા કથનનું સમાધાન નીચે મુજબ છે –

શ્રીવલ્લભે વિવેક ધૈર્યાશ્રયમાં આજ્ઞા કરી છે – "અશૂરેણાઅપિ કર્તવ્ય: સ્વસ્યાઽસા મર્થ્ય ભાવનાત્" ઉપરોક્ત શ્લોકમાં આપે કરેલી આજ્ઞાના તાત્પર્યને સરલતાથી સમજી શકાય

તે માટે "શ્રીગોકુલેશ હાસ્યામૃત"નો એક પ્રસંગ અહીં જણાવું છું –

શ્રીગોકુલેશ પ્રભુ એક સમયે એક કમરામાં બિરાજી રહ્યા હતા. ત્યાં આપનો એક સેવક બેઠેલ હતો. આપ જે કમરામાં બિરાજી રહ્યા હતા તેની દીવાલ ઉપર એક મકોડો ચઢતો અને પડતો. એમ વારંવાર ચઢતા અને નીચે પડતા મકોડાને જોઈને સેવકને હસવું આવ્યું. ત્યારે શ્રીગોકુલેશ પ્રભુએ સેવકને કહ્યું કે તમને હસવું કેમ આવ્યું ? ત્યારે સેવકે કહ્યું રાજ ! આ મકોડો દીવાલ ઉપર ચઢે છે અને પડે છે, પડે છે છતાં ચઢવાનું છોડતો નથી. તેથી તેની મૂર્ખાઈ ઉપર મને હસવું આવ્યું. ત્યારે શ્રી ગોકુલેશ પ્રભુએ સેવકને કહ્યું કે તે સમજુ અને વીર છે કે પડે છે છતાં ચઢવાનું છોડતો નથી. ઉપરોક્ત વિ.ધૈ.ના શ્લોકનું સ્વારસ્ય આ ટુંકા હાસ્ય પ્રસંગમાં આપે જણાવેલું છે. આ હાસ્ય પ્રસંગના તાત્પર્યને હૃદયમાં ધારણ કરવાથી આપણે લીલા ધામમાં પ્રવેશ થાય ત્યાં સુધી સાહસીકતાજ બની રહે તેવું તેનું રહસ્ય છે.

આપણે પ્રેમ વીર બન્યા નથી, પરન્તુ બનવું છે. ભલે દ્રઢ સ્વરૂપાશક્તિ ન હોય, અને આસક્તિનું બલ પ્રાપ્ત કર્યું ન હોય છતાં વીર બની દ્રઢ સ્વરૂપાસક્તિ સિદ્ધ કરવી જ છે. મારું આ કર્તવ્યજ છે. આવા કર્તવ્યનો નિશ્ચય થતાંની સાથેજ દરેક આફતો સામે ઝઝુમવાની શક્તિનો સ્રોત્ર હૃદયમાંથી વહન થવા લાગશે. આપણે જેવી ભાવના કરીએ છીએ તેવાજ બનીએ છીએ. આ ભાવનાના રહસ્યને જે જાણે છે તેવો પ્રણય સાધક કાયરતાની ભાવના કેમ કરે ? કાયરતાને સ્થાન કેમ આપે ? આમ વિચાર કરી કૃતિ પરાયણ થતાંજ વીરતા પ્રગટ થઈ જશે. વીરતાની ભાવનાનાં અનેક ઝરણા હૃદય કંદરામાંથી પ્રગટ થઈ જશે. તારી પ્રણય સાધનામાં તું અસફલ થા છતાં તારા કર્તવ્યનો વિચાર કરી કૃતિ પરાયણ થઈશ ત્યારે "યેયથામામ્ પ્રપદ્યન્તે" પ્રતિજ્ઞા મુજબ પ્રભુજ તારા હૃદયમાં વીરતાની ભાવનાને પ્રગટ કરી દેશે, અથવા બલ પ્રદાન કરશે તેવો આપણા પ્યારા પ્રાણવલ્લભનો કહેવાનો આશય. વિ-ધૈ.ના શ્લોકનો જાણી લ્યો.

અહીં આ રહસ્ય વિચારવાનું છે કે શ્રી વાકપતિની વાણી સ્વતઃ સિદ્ધ છે. એટલે આપશ્રીએ ભગવદ્ પ્રાપ્તિ માટે જે જે સાધનો બતાવ્યાં છે તેમાં પોતાનું સામર્થ્ય ધરેલું

છે. જેવું આપના સ્વરૂપનું સામર્થ્ય છે તેવુંજ આપની વાણીમાં રહેલું છે. આપે જતાવેલ સાધનામાં સતત કર્તવ્ય નિષ્ઠ છતાં સ્વરૂપાનંદનો અનુભવ નિશ્ચય થાય છે જ. કારણ, આપે પ્રથમ વિચાર્યું હોય છે કે આ સાધન કરાવીને હું સ્વરૂપાનંદનું દાન કરીશ. આથી આ અનુગ્રહાત્મક પુષ્ટિ માર્ગમાં સર્વ સાધનો સફલજ પ્રગટ કર્યાં છે. અથવા સાધન અને ફલની અભેદતા માની છે. આપની વાણી સત્યપ્રતિજ્ઞ છે. અને તેમાં પોતાનું સ્વરૂપાત્મક સામર્થ્ય ધરેલું છે. તેથી આપ પોતેજ સાધન રૂપ થઈ ફલનો અનુભવ કરાવે છે.

આ વિષયને અનુરૂપ એક કવિની સુકિત નીચે મુજબ –

ગમનો પ્રસંગ હો કે
ખુશીનો પ્રસંગ હો ।
કોઈને સમાધી કે
પ્રિયાનો ઉછંગ હો ।।
કર્તવ્યમય જીવને વળી
સ્થળ અને કાળ શું ?।
હસતાં રહે છે ફુલ
ગમે તેવો રંગ હો ।।

આજ જન્મે પ્રિયતમને શાશ્વત ગાઢ આલિંગન કરવું છે તેવો નિશ્ચય કરીને જે સાધનામાં તત્પર થઈ જાય છે તે પ્રતિબંધોના પહાડને સહેલાઈથી ઓળંગી જાય છે.

પ્રણય પથના સાધકનો એક અનુભૂત વિષય મને પ્રાપ્ત થયો છે જે ચાલુ પ્રસંગમાં ઉપયોગી-સહકારી હોવાથી અહીં જણાવું છું :

લાંબી સફર :- માણસ કાલ્પનીક મુશ્કેલીઓથી ડરી ડરીને જીવનનો પંથ કાપે છે. એટલે જીવનના કર્તવ્યનો ખ્યાલ તેને આવતો નથી. ખોટી કલ્પના, ચક્રાવા ખાતી

બુદ્ધિ, અધીરતા, અસ્થીરતા અંતરાય રૂપ બને. અને તેથી સાધક ના-હિમ્મત બની જાય. પરંતુ જેણે એક સરખું પ્રકાશવાળુ કર્તવ્ય જોયું હોય તે માણસ કલ્પનાથી વરેલી મુશ્કેલીઓના દર્શન કરીને કદીયે પાછો હઠતો નથી.

શુદ્ધ અને પવિત્ર કાર્યો મનુષ્યને નવીન શક્તિ આપે છે. જુની પ્રાકૃત પ્રકૃતિ-સ્વભાવ ફેરવીને નવી અપ્રાકૃત અલૌકિક-દિવ્ય પ્રભુ સંબંધી પ્રકૃતિને ઉપજાવવા જતાં દરેક સાધકને જબરૂં આત્મ મંથન અનુભવવું પડે છે. આવા આંતર તોફાનોને તરી જવા માટે કવિ કહે છે કે જેણે ખરેખર કર્તવ્ય દીઠું હોય, અથવા કર્તવ્યનો નિશ્ચય કરી સાધનામાં તત્પર થયા હોય તેને કોઈ મુશ્કેલીઓ નડતી નથી. અને મુશ્કેલીઓ આવે તો તેથી તે પોતાના ધ્યેયને સિદ્ધ કરવામાં પાછો હઠતો નથી ।"

આપણું કર્તવ્ય દિવ્ય તત્સુખી પ્રેમને પ્રાપ્ત કરી પ્રિયતમને સુખદ બનવાનું છે. "શુદ્ધ અને પવિત્ર કાર્ય" દિવ્ય પ્રેમને મેળવવા સાધનો કરવાં તેજ છે. આવી ભાવનાથી કર્તવ્ય પરાયણ થતાં નૂતન દિવ્ય શક્તિઓ આત્માના અખુટ ખજાનામાંથી પ્રાપ્ત થતીજ રહે છે.

પ્રેમ રસાયન પાનથી,
પ્રગટી શક્તિ અપાર ।
કામ ક્રોધ મદ લોભ અરી,
ભાગ્યા સરહદ પાર ।।

પ્રિય પ્રભુ માટેજ પ્રભુમાં પ્રેમ રાખીને, અથવા પ્રિયને સુખરૂપ થવા માટે જ જે પ્રણય સાધક સાધના કરી રહેલ છે તેને દિવ્ય શક્તિઓ પોતાના આત્મામાંથી જે પ્રાપ્ત થતી રહે છે. પ્રિય પ્રભુના સ્વરૂપમાં અનંત શક્તિઓ છે, અને તે પણ અચિન્ત્ય છે. અચિન્ત્ય એટલે જેના અદભૂત સામર્થ્યની કલ્પના જીવની બુદ્ધિમાં આવી ન શકે, સમજી ન શકાય. જેમકે પ્રભુની યોગમાયા શક્તિ એક ક્ષણમાં કોટિ બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે. આવી અનંત શક્તિઓને આપણા પ્રિય વલ્લભે પોતાના સ્વરૂપમાં ધારણ કરી રાખી છે. તેથી

શ્રી સર્વોત્તમજીમાં આપનું "સર્વશક્તિધૃક્" એવું નામ છે. આ સર્વ શક્તિઓ દિવ્ય પ્રેમ રૂપ જ છે. તત્સુખી પ્રણય સાધક આ શક્તિઓને મેળવી લે છે. આવો સાધક કદી ના – હિમ્મત કેમ બને ? શુદ્ધ અને પવિત્ર કાર્યો તેને જ કહેવાય કે જેમાં આપણા સુખ-સ્વારથની ગંધ માત્ર પણ ન હોય. સ્વાર્થ નિર્બળતા લાવે છે. સ્વાર્થી જીવને આત્મબલ પ્રાપ્ત થતું નથી. પોતાના સુખની ઇચ્છેલી વસ્તુ નહી મળવાથી આવા સાધકને શોક થાય છે. અને તેથી સાધનામાં ઉત્સાહ રહિત બને છે. તેથીજ કહ્યું છે કે સાપેક્ષિતમ સમર્થો ભવતિ પ્રિયથી સ્વસુખનો સ્વારથ રાખનાર પ્રણય સાધક અસમર્થ બને છે, જ્યારે તત્ સુખી નિરપેક્ષ સાધક પોતાની સાધનાની અસફલતામાં કદીયે ના હિમ્મત બનતો નથી નિષ્કામ સ્નેહથીજ પ્રભુની પ્રસન્નતા થાય છે. ત્યારે પ્રિય પ્રભુની પ્રાપ્તિમાં આવરણભૂત માયા હટી જાય છે. એટલું જ નહીં પ્રિયતમ વશીભૂત થઈ જાય છે. તેથી પ્રણય સાધકોએ નિરપેક્ષ તત્સુખી પ્રેમ ભાવનું બીજ પોતાની હૃદય ભૂમિમાં બોઈને સાધના જોઈએ તો સાધનાની સફલતામાં સંદેહજ નથી. આવો તત્સુખી સાધક પ્રિયતમ પ્રભુની પ્રશન્નતા તો પ્રાપ્ત કરેજ છે પરન્તુ લીલા લોકના શ્રી સ્વામિનીજીઓની પણ પ્રસન્નતા પ્રાપ્ત કરી લે છે. શ્રીસ્વામિનીજીઓની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ બહુ મહત્વનો વિષય છે.

જેનામાં સ્નેહનો ગર્વ નથી તેને સ્નેહનો શોક પણ હોતો નથી. એટલે સ્નેહના ગર્વથી પ્રિયની અપ્રસન્નતા થાય છે, અને પ્રિયની અપ્રસન્નતાથી દિવ્ય શક્તિઓને પ્રાપ્ત કરી શકાતી નથી. આ દિવ્ય શક્તિઓ પ્રાપ્ત નહી થવાથી સાધના સફલ બનતી નથી તેથી સાધકને શોક થાય છે. આથી એ જાણવાનું છે કે ગમે તેવી ઉંચી કક્ષા પ્રણય સાધનામાં બનતી જતી હોય છતાં પ્રિયને હું હજુ સુખરૂપ નથી તેવો તત્સુખનો તાપકલેશ જેના હૃદયમાં જાગરૂત રહે ત્યાં ગર્વને આવકાશ કેમ રહે ? આવા સાધકમાં પ્રચંડ આફતોને સહન કરવાની શક્તિ હોય છે. પોતાની ચિન્તાનો બોજ પ્રિય ઉપર જ રખાય. પ્રિય પાસે કંઈ યાચના સ્વસુખની ન થાય. ઉચ્ચ કોટિના પ્રેમીઓમાં આવાં લક્ષણો હોય છે. આવા ઉચ્ચ કોટિના-તત્સુખી પ્રેમી ભક્તોનો સંગ મળવો બહુજ દુર્લભ છે. અને જો મલ્યો તો જાણો કે અનેક જન્મોથી પ્રિય મિલનનું દ્વાર બંધ હતું તે ખુલી ગયું. મહત ભાગ્યે આવો

સંગ પ્રાપ્ત થાય છે. શિ.પ.માં શ્રી હરિરાય પ્રભુએ શ્રીવલ્લભના જનના સંગની જે અપેક્ષા દર્શાવી છે તે આવા ઉચ્ચ કોટિના તત્સુખી પ્રેમી ભક્ત છે. આવા પ્રેમી ભક્તોનો મહિમા રામદાસજીએ એક પદમાં વર્ણવ્યો છે –

શ્રી વલ્લભ જનકી યહ પહેચાન ।
મિલત હરત દુઃખ જનમ જનમકે
સહજ પરીયહબાન ।।1।।
અપનેસો કરલેત છિનકમેં
હૃદય ભરે રસખાન ।
"રામદાસ" શ્રીવલ્લભ કૃપાતે
દેત અભય પદ દાન ।।2।।

ઇન્દ્રયાગભંગથી કોપાયમાન થયેલા ઈન્દ્રે વ્રજને ડૂબાવી દે તેવી પ્રલયકારી જલની વર્ષા કરવા માંડી. આથી વ્રજસ્થ ભક્તો ત્રાસી ગયા, પોતાના રક્ષણ માટે પ્રિય પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા. આ પ્રસંગની શ્રીસુબોધિનીજીમાં, તત્સુખ સાગર શ્રી વલ્લભ આજ્ઞા કરે છે કે વ્રજભક્તોએ સ્નેહનો માર્ગ ત્યાગ કર્યો, સ્નેહ માર્ગના સિદ્ધાંતથી ચ્યુત થઈ ગયા. કેમકે સ્નેહ માર્ગમાંતો પોતાનું ચાહે તેમ થાય, પ્રિયને શ્રમ ન અપાય. વળી પ્રિય તો સાત વરસના કુમાર છે તેમનું રક્ષણ વ્રજભક્તોએ કરવું જોઈતું હતું તેના બદલે પોતાના રક્ષણની પ્રાર્થના કરી, તેથી સ્નેહ માર્ગથી ચ્યુત થઈ ગયા. જોકે વ્રજભક્તોએ રક્ષણની પ્રાર્થના એટલા માટે કરી છે કે અમારા પ્રાણ નહી રહે તો અમે આપની રસરૂપ સેવા કરી નહી શકીયે, માટે અમારું રક્ષણ કરો. વ્રજ ભક્તોનો આવો ભાવ હોવા છતાં શ્રીવલ્લભ તો અહીં સ્નેહના સર્વોત્કૃષ્ટ સિદ્ધાંતને પ્રગટ કરી રહ્યા છે કે, ગમે તેવી આપત્તિમાં પણ પ્રિયને શ્રમ આપવાની ભાવના ઉત્કૃષ્ટ સ્નેહમાં ખામી લાવી દે છે. ઉચ્ચ કોટિના સ્નેહીઓમાં કદીયે પ્રિયને શ્રમ થાય તેવી ભાવના ઉત્પન્નજ થઈ શકતી નથી. આવા ઉત્કૃષ્ટ સ્નેહ સિદ્ધાંતને સમજાવવા માટે વ્રજભક્તોને આપે "ટોક" કરી છે કે વ્રજભક્તોએ સ્નેહના માર્ગનો ત્યાગ કર્યો સ્નેહના આવા ઉત્કૃષ્ટ સિદ્ધાંતથી વિવેક

ધૈર્યાશ્રયમાં પ્રાર્થના નહી કરવાની આજ્ઞા કરી છે.

દિવ્ય પ્રેમ એ પ્રભુનો પણ આત્મા છે. કઠીન માનીને ના હિમ્મત બની જાય તેને આ દિવ્ય પ્રેમ પ્રાપ્ત થતો નથી. દિવ્ય પ્રેમના અચિન્ત્ય મહત્વને સમજી લીધા પછી પ્રણય સાધક તેના એક બિન્દુ માટે ફકીરી લઈને કેવી કઠીન સાધના કરી રહેલ છે તેનું ઉદાહરણ ચાતક છે.

સબતે મનજુ નિકાસીકે
લીયો અનન્ય વ્રત એક ।
પ્રાણ જાઓ, પ્રણ ન જાઓ
યહ ચાતક કી ટેક ।।
ઝુર ઝુર કે પીંજર ભયે,
ગીરન લગી તન પાંખ ।
ચાતક નવઘન બુંદકી,
નહીં છાંડત અભિલાષ ।।

એક બિન્દુ દિવ્ય પ્રેમની પ્રાપ્તિની અભિલાષામાંજ સર્વ ત્યાગ પૂર્વક ચાતક પોતાના જીવનની આહૂતિ આપી રહેલ છે. નહી કે દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરીને દિવ્ય પ્રેમમાં અપાર શક્તિ હોવાથી તેને પ્રાપ્ત કરીને તો સર્વત્યાગ સહજ જ થઈ શકે, પરન્તુ તેની પ્રાપ્તિ વિના અથવા તે દિવ્ય પ્રેમના એક બિન્દુને પ્રાપ્ત કરવા માટેજ જે ત્યાગ કરવો પડે છે તે અતિ દુસહ છે આ પ્રેમની એક બિન્દુનો પ્રભાવ કેવો છે તે એક પ્રણય સાધકના શબ્દોમાં જોઈએ :

તૃણ સમ સબ વ્હે જાહી.
પ્રભુતા સુખ ત્રિલોકકે ।
યહ આવે મન માંહી,
રંચક ઉપજે પ્રેમ જબ ।।

પ્રેમ પ્રગટ જબ હોય હે,
ભૂલે જગતકો ભાન ।
તુ તુ તુ રહી જાય હે,
હું કો મીટે નિશાન ।।

"ઝુરી ઝુરી કે પીંજર ભયે ।" એક બિન્દુની અભિલાષામાંજ અને વિરહની કઠીન વેદનામાં શરીર હાડપીંજરવત બની ગયું છતાં પ્રણય-વીર ચાતક, પોતાની સાધનાથી વિચલીત કે ના-હિમ્મત બનતો નથી. પ્રણય માર્ગમાં ચાતકની સાધના ઉચ્ચ કોટીની મનાય છે.

દિવ્ય – પ્રેમ – પથ

લેખક : "પથિક"

કોઉ મરે જુર રોગ સુ,
કોઉ અવસ્થા પાય ।
પ્રીત પીરમેં તન તજે,
તે ધન્ય જગમે આય ।।

કોઈક તો દેહના રોગથી મરે છે. કોઈ વળી જિંદગી પુરી થતાં મરે છે. આવા જીવતા હોવા છતાં મરેલા જેવા જ છે. ત્યારે જીવી જાણ્યું કોને કહેવાય ? એવો પ્રશ્ન થાય તેના જવાબમાં-પ્રભુ સાથે પ્રેમ જોડીને પ્રિય પ્રભુ માટે જીવન જેણે ન્યોછાવર કર્યું તેણેજ જીવી જાણ્યું કહેવાય છે. પ્રભુ પ્રેમ વિનાનું દૈવી માનવ જીવન-પશુ પક્ષી કરતા પણ વધારે નીંદનીય છે. કારણકે મનુષ્ય જીવન મેળવીને દિવ્ય પ્રેમની કદર ન કરી અને પ્રભુ પ્રેમમાં જીવન ન્યોછાવર કર્યું નહી. ભલે કદાચ પ્રભુમાં પ્રેમ કરનાર સાધક આ જન્મે પ્રભુને મેળવી ન શકે. છતાં પ્રભુ પ્રેમ માટે જિંદગી હોમી દેનારને બીજા જન્મે પણ પ્રભુનો પ્રેમજ વરે છે. સૃષ્ટિ સર્જનહારનો આ અબાધિત નિયમ છે. તેથી બીજા જન્મે તે પ્રેમ પુર ઝડપથી વધે છે. અને છેવટે પ્રભુને મેળવીનેજ આ પ્રેમી સાધક જંપ લે છે

આવા પ્રભુ પ્રેમ માટે જીવન ન્યોછાવર કરી દેનારાએજ આ દુનીયામાં જીવી જાણ્યું છે. પ્રભુમાં પ્રેમ થયો તેની નિશાની શું ? તે નીચેના દોહામાં કહે છે.

નવલ લાલસો લગ્ન કર
વિરહની વ્યાપ્યો તાય ।
બિનુ લાગે નિકસે નહી
દ્રગ અસુવા મુખ હાય ।।

પ્રાણ વલ્લભમાં પ્રેમ થયો તેની નિશાની પ્રિયતમના વિરહમાં આ પ્રેમીજન તપ્યો રહે છે. પ્રેમની ચોંટ લાગ્યા વિના નેત્રોમાંથી અશ્રુની ધારા અને મુખમાંથી વિરહની દર્દભરી હાય કેવી રીતે નીકળે ? પ્રેમ થયાની એજ નિશાની છે કે પ્રિયતમની ક્ષણ ક્ષણની યાદથી અશ્રુસલિલની ધારા અને મધુર દર્દભરી હાય નીકળતીજ રહે.

પ્યારે તેરે વિરહમેં
સુકત સબ શરીર ।
દો નેના સુકત નહી
ભરિ ભરિ ડારત નીર ।।

પ્રિયતમના વિયોગે પ્રેમીજનના શરીરના માંસ લોહી સુકાય જાય છે. દેહ હાડપીંજર વત બની ગયો હોય છે. પરન્તુ તેના બે નેત્રોમાંથી વિરહના અશ્રુ સુકાતાં નથી.

અહીં કોઈ એમ શંકા કરે કે પ્રભુ સાથે પ્રેમ જોડીને તેના વિયોગ દુઃખમાં રડવું તેને કાયરતા કેમ ન માનવી ? આવી શંકા કરનારનું હૃદય સુકા કાષ્ઠ જેવું છે પ્રેમ વસ્તુ શું છે તેની તેને ખબરજ નથી જેમ પ્રસૃતિની પીડા વાંઝણી જાણી શકતી નથી તેમ પ્રેમીના વિયોગ દુઃખની પ્રેમની ચોટ લાગ્યા વિના ખબર પડતી નથી. આ પ્રભુ પ્રેમનું દુઃખ લૌકિક જેવું તો છે નહી પ્રભુ પ્રેમના દુઃખની ચાર વેદના જાણનાર, અને દુનીયાને બનાવનાર બ્રહ્માજી જેવા ચાહના કરે છે પણ તેમને આ દુઃખ મળતું નથી. તેમજ

ઉદ્ધવજી પણ મહા જ્ઞાની અને ભક્ત પણ હતા, તેમને પણ આ દિવ્ય પ્રેમનું દુઃખ પ્રિય વિયોગ સમુદ્રમાં નિમગ્ન બનેલા શ્રી ગોપીજનોની કૃપાથી મળ્યું. પ્રિયતમના વિયોગ સમુદ્રમાં ડૂબેલ શ્રીગોપીજનોને જોઈને ઉદ્ધવજીનું જ્ઞાન અને ગર્વ શ્રી ગોપીજનોના અનુકૂળતાએ તેઓ 84-252 વૈષ્ણવોની વાર્તાની સપ્તાહ, શુદ્ધ નિષ્કામ ભાવથી કરતા. આ વાર્તાઓ તેમણે નવીન શૈલીમાં બહુ સરસ લખી છે.

વિયોગ – સમુદ્રના અશ્રુપ્રવાહમાં તણાઈ ગયા. પ્રભુ પ્રેમીઓના અશ્રુઓની કદર ઉદ્ધવજીએ કરી. ત્યારે આવા મધુર દર્દ ભર્યા દુઃખની કણીકાની ચાહના ઉદ્ધવજી જેવા જ્ઞાની ભક્ત કરવા લાગ્યા, અને શ્રી ગોપીજનોની કૃપાથી તે મધુર દુઃખની કણીકા મળી. આ મધુર દુઃખની કણીકા પ્રાપ્ત કરવી અતિ દુર્લભ હોવાથી શ્રી હરિરાય પ્રભુ પદમાં આજ્ઞા કરે છે કે "રસિક ચરણરજ વ્રજ યુવતિનકી અતિ દુર્લભ જીય જાન" પ્રિય વિયોગ સમુદ્રમાં નિમગ્ન થયેલા શ્રી ગોપીજનની ચરણ રજને અતિ દુર્લભ કહી છે. આ રજમાં મધુર વ્યથા ભરી છે સંયોગના કોટિ કોટિ સુખોમાં જે આસ્વાદ ન મળે તે પ્રિયના વિયોગની માધુરી વ્યથામાં અનુભવાય છે. આવી મધુર વ્યથા ભરી ચરણરજ અતિ દુર્લભ છે. તે પ્રિયનો સંદેશ લઈને આવનાર ઉદ્ધવજીને શ્રીગોપીજનોની કૃપાથી પ્રાપ્ત થઈ છે. દિવ્ય પ્રેમ માર્ગના ગુરૂ શ્રી ગોપીજન છે, પ્રેમ પ્રાપ્તિની પ્રણાલી શ્રી ગોપીજનોના જીવનમાંથી શિખવી. શ્રી ગોપીજનોની પ્રણયલીલાને અષ્ટ સખા આદિ મહાનુભાવોએ હિલગ આદિ પદોમાં ગાઈ છે તેમાંથી જાણી શકાય છે. વિરહ દુઃખની કીમત કરનાર પ્રેમીજનો પ્રિય વિયોગના મધુર દુઃખની ચાહના કરે છે તે નીચેના દોહામાં કહે છે –

કાહુકો દીયો કછુ
કાહુ લંક લુટાય ।
મોહી મયા કર દીજીયે
જબ નિકસે તબ હાય ।।

પ્રભુની ભક્તિ કરનારને જેવી જેની ચાહના તેવું ફલ પ્રભુ આપે છે. કોઈને ધનની

ચાહના કોઈને મોક્ષની ચાહના અને કોઈને લૌકિક-અલૌકિક સંસારમાં માન-બડાઈની ચાહના હોય છે. જેને જેવી ચાહના તેવું ભગવાન આપે છે. પરન્તુ દિવ્ય પ્રેમના સુખની અને તેના મધુર દુઃખની જે પ્રેમીજન કદર કરે છે, તેવો ચતુર પ્રેમી માન બડાઈની કે બીજા કોઈપણ સુખોની ચાહના કરતો નથી. પણ પ્રિયતમના વિયોગની હાય સદા નીકળ્યા કરે તેજ ચાહે છે.

અહીં એમ પ્રશ્ન થાય કે ભગવાનની દિવ્ય સુખની ચાહના નહી કરતા વિયોગ દુઃખની ચાહના પ્રેમીજન કેમ કરતા હશે ? જવાબમાં દિવ્ય પ્રેમ કેવા પ્રકારનો છે અને તે કેવા પાત્રમાં રહે છે, તે આ દુઃખની ચાહના કરનારા પ્રેમીજને જાણી લીધેલ હોય છે એટલે પ્રિયતમના વિયોગ દુઃખનો અનુભવ કર્યા વિના દિવ્ય પ્રેમનું પાત્ર બની શકાતું નથી. તેથી ચતુર પ્રેમી પ્રથમ પ્રિય પ્રભુથી સુખની ચાહના નહી કરતાં વિયોગ દુઃખની ચાહના કરે છે. નિરોધ લક્ષણ ગ્રંથમા શ્રી મહાપ્રભુજીએ પ્રથમ વિયોગ દુઃખ દાનની પ્રાર્થના પ્રભુને કરી છે. તેનું કારણ વિયોગ દુઃખથીજ અગણિત પ્રેમાનંદને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે. તેથી પ્રથમ વિયોગ દુઃખની પ્રાર્થના કરી છે. રજના કાચા ઘડામાં જો જલ ભરવામાં આવે તો ઘડાને ઓગાળીને જલ બહાર નીકળી જાય છે. તેમ દિવ્ય પ્રેમ જો દેહનાં ઇન્દ્રિયોના, અન્તકરણના અધ્યાસ અને લોક-લાજ, લૌકિક પ્રપંચ, માન, બડાઈ-આ બધાની હયાતીમાં દિવ્ય પ્રેમ કદાચ મળે તો કાચા ઘડાની જેમ હૃદય ઘટમાં સ્થિર નહી રહેતાં દેહના સુખમાં, લૌકિક-અલૌકિક-માન-બડાઈમાં આ દિવ્ય પ્રેમ વહેંચાય જાય છે. આનું નામજ દિવ્ય પ્રેમનું પ્રેમીજનના હૃદય ઘટમાંથી બહાર નીકળી જવું. તેથીજ નંદદાસજીએ કહ્યું છે કે –

પ્રેમ એક, એક ચિત્તસો,
એકહી સંગ સમાય ।
ગાંધીકો સોદા નહી,
જન જન હાથ બિકાય ।।

દિવ્ય પ્રેમ એકમાંજ સિદ્ધ થાય છે. જેમ સોયામાં દોરો પરોવાયેલો રહે તેમ ચિત્ત સતત

પ્રિયતમ પ્રભુમાં પરોવાયેલું રહે ત્યારે દિવ્ય પ્રેમ સિદ્ધ થાય છે. આવી સ્થિતિને સમજવા માટે નીચેનો દોહો છે :

મનકી ગતિ પિયપે એક તારા
સમુદ્ર મિલી જૈસે ગગકી ધારા

ગંગાજીની અવિરત ધારા જેમ સમુદ્રમાં મળી જતાં જુદી દેખાતી નથી. તેમ મન-ચિત્તની વૃત્તિઓનો પ્રવાહ નિરંતર પ્રિયતમના સ્વરૂપમાં લાગેલો રહે ત્યારે દિવ્ય પ્રેમ સિદ્ધ થયો કહેવાય. અથવા પ્રિય પ્રભુના એકજ સ્વરૂપમાં પ્રેમ-આસક્તિ-વ્યસન ભાવ સિદ્ધ કરીને અન્તીમ પ્રિય સ્વરૂપથી જ્યારે તદાત્મકતા થાય ત્યારે દિવ્ય પ્રેમ સિદ્ધ થયો કહેવાય. આવી તદાત્મક અવસ્થા વિરહાનુભવ વિના સિદ્ધ થતી નથી તેથી કહે છે :

જા ઘટ વિરહ અવા અનલ,
પરિપક ભયે સુભાય ।
તાહી ઘટ મધ્ય નંદ હો,
પ્રેમ અમી ઠહેરાય ।।

વિરહના અનુભવથી દિવ્ય પ્રેમનું પાત્ર સિદ્ધ થાય છે ત્યારે તદાત્મક અવસ્થા વાળો સિદ્ધ પ્રેમ ઠહેરી શકે છે. દિવ્ય પ્રેમની કદર કરનારો ચતુર પ્રેમીજન પોતાની દશા જાણતો હોવાથી પ્રિયતમ પ્રભુની સુખની ચાહના નહી કરતાં વિરહ દુઃખની ચાહના કરે છે, તેનું કારણ વિરહની અગ્નિથી હૃદયમાં રહેલો પ્રિયતમ સીવાયનો બીજો ભાવ-પ્રપંચ નિવૃત્ત ન થાય તો તદાત્મક અવસ્થા વાળા દિવ્ય પ્રેમને ધારણ કરી શકાતો નથી. તેથીજ ચતુર પ્રેમીઓ વિરહના દુઃખની ચાહના કરે છે.

ભગવાનની દૈવી ગુણમય-માયા જ્ઞાનીઓને ઠગી લે છે પુષ્ટિ પ્રેમ – માર્ગનું જ્ઞાન ધરાવી સાક્ષાત્ પ્રિય સ્વરૂપને મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. આવો પ્રયત્ન જે કરતા નથી અને દિવ્ય પ્રેમના ઉપદેશક બને છે, અને માન – બડાઈની ચાહના કરે છે તેવા ઉપદેશકોને ભગવતી માયા ઠગી લે છે. તેથીજ "કૃષ્ણાશ્રય"માં શ્રીવલ્લભ પોતાના

જનને સાવધાન કરે છે : "લાભ પૂજાર્થ યત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ."

"લાભ" એટલે ભૌતિક સ્વાર્થ. અને "પૂજા" એટલે માન બડાઈની ચાહના. આ બન્નેનો ત્યાગ કરો તેમ નિજજનોને સાવધાનતા આપે છે લાભ અને પૂજાવાનો ત્યાગ નહી થાય તો પ્રિયતમના સાક્ષાત સ્વરૂપને મેળવવાનો પ્રયત્ન નહી થાય. ચતુર પ્રેમીજન લાભ-પૂજામાં ફસાતો નથી. આ પ્રેમીજન ભગવતી માયાને શ્રીવલ્લભની કૃપાથી ઓળખે છે કે સાક્ષાત પ્રિયતમના સ્વરૂપથી કોઈપણ કારણે વિમુખ થવું તે દૈવી ગુણમય માયાનું જ કાર્ય છે, તેમ ચતુર પ્રેમીજન જાણે છે.

જે પ્રેમીજનમાં પ્રિય વિયોગની અગ્નિ દાવાનળ જેવી સળગી રહી છે, ત્યાં માયા કેમ રહી શકે ? આજ કારણે ચતુર પ્રેમીઓ પોતાની કાચી દશામાં પ્રિયતમથી પોતાના સુખની ચાહના નહીં કરતા વિયોગ દુઃખને ચાહે છે માન-બડાઈની ચાહના કરનારને માયા ઠગતી હોય છે તેનું પણ તેને જ્ઞાન હોતું નથી તેનું કારણ તત્સુખી દિવ્ય પ્રેમ પ્રભુમાં ઉત્પન્ન થયો નથી. દિવ્ય પ્રેમ એટલે – પ્રિયથી પોતાના સુખની જેમાં ચાહના નથી, પરન્તુ પ્રિયતમના સુખ માટેજ પ્રિયમાં પ્રેમ કરી રહેલ છે તેને દિવ્ય' પ્રેમ કહેવાય છે આવો પ્રેમ જેમનામાં નથી તેવાને માન-બડાઈમાં અને બીજા પણ ધર્મ સમૂહના આનંદમાં અટકાવી દઈ માયા, ધર્મી સાક્ષાત પ્રિય સ્વરૂપનો અનુભવ કરાવનાર પ્રેમમાર્ગમાં ચાલવા દેતી નથી. તેથીજ આગળ કહે છે કે –

રસિકન કે રસ્તા કઠીન,
ચલત હરિજન શૂર ।
સુનત ભેદ ભય પાયકે,
કપટી કાયર ક્રૂર ।।

"રસિક" શબ્દનો અર્થ-રસિક શબ્દમાં બે પદ છે, "રસ" અને "ઇક." સંસ્કૃત, હિન્દી અને વ્રજભાષામાં "ઈક"ને શેરડી કહેવાય છે. શેરડી જેમ થડથી પીછાના આગળના ભાગ સુધી રસથીજ ભરેલી છે તેમ જેના સર્વાંગમાં પ્રિયતમના સુખનો દિવ્ય પ્રેમ રસ ભરેલો

રહે છે તેને "રસિક" કહેવાય છે. આવા રસિકની સ્થિતિ કેવા પ્રકારની હોય છે તે જોઈએ : રસિકનકો રસ યહી બાતનમેં નેન બહે મુખ બેન ન આવે."

પ્રિયતમની ક્ષણ ક્ષણની યાદથી જેનાં નેત્રોમાં અખડ અશ્રુધારા ચાલી રહી છે, અને વાણી જેની બંધ પડી ગઈ છે, તેને અહીં રસિક કહેલ છે. અથવા "રસિકા કામ વર્જીતા- "રસિકમાં કામ હોતો નથી. પરન્તુ દિવ્ય તત્સુખી પ્રેમ ભરેલો હોય છે. જ્યાં સુધી દેહ પ્રાણ ઇન્દ્રિયો અને અન્તઃકરણમાં ભૌતિક પ્રપંચના અધ્યાસો વ્યાપેલા છે, ત્યાં સુધી કામનું રાજ્ય ચાલી રહ્યું છે. આવા કામના રાજ્યમાં દિવ્ય તત્સુખી પ્રેમ પ્રગટ થઈ શકતો નથી. કામ, ગંધ-શૂન્ય થયા વિના દિવ્ય પ્રેમ રાજ્યના પ્રદેશમાં પ્રવેશ થઈ શકતોજ નથી.

પ્રભુએ વ્રજમાં પ્રગટ થઈને બાલ લીલાથી ભક્તોનો પોતાનામાં પ્રેમ ઉત્પન્ન કરી ભક્તોના દેહના ભૌતિક અધ્યાસો રૂપી ભૌતિક અવિદ્યા દૂર કરી. (પ્રિયને ભૂલાવી દે તેવા ભાવ પ્રપંચને અવિદ્યા કહેવાય છે) અને ગૌચારણ લીલાના મિષથી ભક્તોને વિયોગનો અનુભવ કરાવી આધ્યાત્મિક અવિદ્યા દૂર કરી આ બન્ને અવિદ્યા દૂર થતાં શ્રીગોપીજનોની કેવી અવસ્થા બની તેને સમજવા શ્રી વલ્લભ સુ. 10-16-16 માં આજ્ઞા કરે છે કે –

ગોપીનાં પરમાનંદ આસીદ્
ગોવિંદ દર્શને ।
ક્ષણં યુગ શતમિવ
યાસાં યેન વિના ભવત્ ।।

પ્રિયતમ પ્રભુના દર્શનથી શ્રીગોપીજનોને પરમાનંદનો અનુભવ થાય છે. અને પ્રિયતમના વિયોગ સમયે તેમની એક-એક ક્ષણ સો યુગ જેવી લાંબી અને વ્યથા ઉત્પન્ન કરનારી થઈ પડે છે. પ્રિય વિયોગની આવી વિરહાગ્નિથી તેમનામાં રહેલો સ્વલ્પ અંશે પણ કામ-(સ્વસુખની ભાવના) સર્વાંશે દગ્ધ થઈ જાય છે, ત્યારે વેણુગીત

પ્રસંગે શુદ્ધ તત્સુખી દિવ્ય પ્રેમનો અનુભવ થયો. પ્રભુથી મને સુખ મળે તેવા ભાવને "કામજ" કહેવાય પણ દિવ્ય પ્રેમ ન કહી શકાય. અહીં "પ્રેમ" શબ્દ અસાધારણ અર્થને જણાવનારો છે. જેમા પોતાના સુખની ગંધ પણ ન હોય, અને નિરંતર પ્રિયતમના સુખનીજ ભાવના રહી આવતી હોય, તેને અહીં 'દિવ્ય-પ્રેમ' કહેવાય છે. અથવા પોતાના સુખની ઉપાધી વગરનો અને જેની સીમા નથી તેવો, જેમાં અગણિત આનંદ ભરેલો રહે છે તેને અહીં "દિવ્ય-પ્રેમ" કહેવાય છે. એક એક ક્ષણ પ્રિય વિયોગે સો યુગ જેવી લાંબી અને વ્યથા ભરી અનુભવી લીધા પછી અગણિત પ્રેમાનંદને ધારણ કરવાની પાત્રતા શ્રીગોપીજનોમાં સિદ્ધ થઈ, આવી પાત્રતાનેજ અહીં "રસિક" શબ્દથી ઓળખાવેલ છે. વિરહ અગ્નિના સેવન વિના કામગંધશૂન્ય થઈ શકાતું નથી. અને "કામની" – એટલે પોતાના સુખની ગંધ પણ રહે તો દિવ્ય પ્રેમના પાત્ર બની શકાતું નથી. તેથી કહ્યું "રસિકનકે રસ્તા કઠીન, ચલત હરિજન સૂર" I ભૌતિક-આધ્યાત્મિક ભાવ પ્રપંચ અને પોતાના સુખના ભાવ પ્રપંચને પ્રણય વેદીમાં હોમી દઈ પ્રિય વિયોગની અસહ્ય વ્યથાને સહન કરવી તે "સૂરવીર"થીજ બની શકે છે. તેથી કહ્યું : "સુનત ભેદ ભય પાયકે કપટી કાયર ક્રુર."

રસિકનો માર્ગ આવા ત્યાગનો અને વ્યથા ભરેલો છે. તેમ જાણી "કપટી" એટલે પોતાના સુખને માટે પ્રભુમાં જે પ્રેમ દર્શાવી રહેલ છે અને "કાયર" એટલે પોતાના સુખના ભાવોને દગ્ધ કરવામાં જે વિરહ વ્યથાને સહન કરી શકતો નથી તેવા કપટી અને કાયર કે જે બનાવટી પ્રેમીઓ છે તે રસિકના માર્ગે ચાલી શકતા નથી.

અથવા તત્સુખી દિવ્ય પ્રેમનો માર્ગ કઠીન છે. આ પ્રેમ માર્ગમાં સાક્ષાત્ પ્રિયતમના સ્વરૂપથી જ મળતા સુખ સિવાય અન્ય બધાય લૌકિક અલૌકિક સુખોનો ત્યાગ કરવાનો હોય છે. પાછળના દોહામાં કહ્યું કે દેહ પ્રાણ ઇન્દ્રિયો અને અન્તઃકરણથી ભોગવાતા ભૌતિક સુખો અને માન-બડાઈ તેમજ મોક્ષ સુધીના બધાય સુખ સ્વાર્થો ને પ્રેમ વેદીમાં આહૂતિ દઈને, પ્રિયતમના વિયોગ દુઃખમાં જે ડૂબેલો રહે છે તેવા "સૂર" પ્રેમીજનોજ દિવ્ય પ્રેમના માર્ગે ચાલી શકે છે. આવા ત્યાગ રૂપી કંટકના માર્ગે ચાલવાનું સાંભળીને

પ્રભુથી સ્વાર્થ રાખનારા કપટીને આ માર્ગે ચાલવાનો ભયજ લાગે છે. લોક લાજનો ભય પોતાના આત્માના ઉદ્ધારનો ભય. માન-બડાઈ ખોવાઈ જવાનો ભય, આવા ભયો કપટ રાખનારને સતાવતા હોય છે. જ્યાં સ્વાર્થ છે ત્યાં કપટ છેજ. ઉપરથી પ્રેમ બતાવવો અને ભિતર સ્વાર્થ રાખવો, તેને કપટ નહી તો બીજું શું કહેવાય ? આવા કપટીમાં ક્રુરતા પણ રહેલી હોય છે. અને પ્રેમ તો અત્યંત મૃદુલ હોય છે. મૃદુલ હૃદયમાંજ દિવ્ય પ્રેમ ઠહેરી શકે છે. દિવ્ય પ્રેમ ત્યાગનોજ ભરેલો છે. જેમ મનુષ્યની છાયા તેની સાથેજ ચાલતી હોય છે, તેમ 'દિવ્ય પ્રેમ' અને 'ત્યાગ' સાથેજ રહે છે પોતાના સર્વ સુખોને પ્રણય વેદીમાં હોમી દેનારનેજ આ દિવ્ય પ્રેમ પ્રાપ્ત થાય છે. જેણે પ્રિય પ્રભુ માટે સર્વ સુખોને છોડયા, અને પ્રિયના સુખમાંજ સુખ માનનારા પ્રેમીજનને ભય જેવું કંઈજ હોતુ નથી. સર્વથી વધારે ભય મૃત્યુનો હોય છે. આ મૃત્યુને તો પ્રેમી જનોએ પ્રિય વિયોગની અગ્નિમાં ખાખ કરી દીધેલ હોય છે. એટલે વિરહી જનથી મૃત્યુને પણ ભય થાય છે. ખરેખર દિવ્ય પ્રભુ પ્રેમ માટે ન્યોછાવર થઈ જનારાજ સાચા વીર છે. દુનીયામાં કંઈ જીવી જાણ્યું હોય તો આવા પ્રેમીજનોએજ જીવી જાણ્યું છે. આવા પ્રેમીજનોની દશા કેવા પ્રકારની હોય છે તેને કહે છે –

હાય હીયે લાગી રહે,
તાકે તન નહી માંસ
કલ ન પરે પલ પ્રાનમેં,
લગી પ્રેમકી ફાંસ

પ્રભુ પ્રેમની ફાંસીમાં જે ફસાયો તેને એક ક્ષણ પ્રિયતમના વિયોગે ચેન પડતું નથી. પ્રિય વિયોગના મધુર દર્દની હાય ક્ષણે ક્ષણે નીકળતી રહે છે. તેનો ભૌતિક દેહ સુકાય ગયો હોય છે. આવું કષ્ટ ભોગવવા છતાં પ્રેમની ફાંસીમાંથી નીકળવાનું મન થતું જ નથી. અહો કેવી હશે આ પ્રેમની મધુર વ્યથા ભરી ફાંસી ! આવી પ્રેમની ફાંસીમાં જે ફસાયા તેવાનીજ પ્રેમી જગતમા સરાહના થાય છે. આવાનું દર્દીલું જીવન મુગ્ધ પ્રેમીઓને માર્ગ દર્શક બની રહે છે.

નાતો બાંધે નેહકો,
કરે પ્રીત પહેચાન
એસી શરણાગતિ લહે,
અતિ કરૂણા દાન

પ્યારા પ્રાણ વલ્લભથી પ્રેમનોજ નાતો બાંધે, અને પ્રિયતમ પ્રભુ દિવ્ય પ્રેમનુંજ સ્વરૂપ છે. તેને પ્રેમજ ભાવે છે, પ્રેમજ તેનો આહાર છે, અને પ્રેમથીજ તે પ્રાપ્ત થાય છે.

આપણને બ્રહ્મસંબંધ થયું તેથી પ્રિય પ્રભુ સાથે પ્રેમ લગ્નના સંબંધે આપણે જોડાયા. આથી પ્રભુ આપણા પ્રિયતમ અને આપણે તેની પ્રિયતમા આપણો પ્રભુ સાથે અરસ પરસનો નાતો પ્રેમનોજ છે. અથવા એમ સમજો કે આપણા પ્રેમનું પાત્ર પ્રિય પ્રભુ, અને પ્રભુના પ્રેમનું પાત્ર આપણે. આમ પ્રભુ સાથે જોડાયેલા દિવ્ય પ્રેમના નાતાને ઓળખવો. મર્યાદા માર્ગમાં જ્ઞાન મુખ્ય છે. તેથી સ્વામી-સેવકનો ભાવ તેમાં રહેલો છે. જ્યારે પુષ્ટિ માર્ગમાં પ્રેમનીજ મુખ્યતા છે. શ્રી હરિરાયપ્રભુએ એક પદમાં પુષ્ટિ માર્ગનો પરિચય કરાવ્યો છે : "રતિ પથ પ્રગટ કરનકું પ્રગટે કરૂણા નિધિ શ્રીવલ્લભ ભૂતલ."

આપ શ્રી વલ્લભ રતિ-એટલે પ્રેમ માર્ગ પ્રગટ કરવા માટે ભૂતલમાં પધાર્યા છે, ન કે જ્ઞાન માર્ગ પ્રગટ કરવા માટે પુષ્ટિમાર્ગનું નામજ પ્રેમ માર્ગ છે. જેનામાં દિવ્ય પ્રેમ પ્રગટ થયો નથી તે જીવ પુષ્ટિ માર્ગનો કહેવાતો નથી. તેથી આપણે જે માર્ગે ચાલવુ હોય તેનુ જ્ઞાન તો હોવું જ જોઈએ. અને તેથી આ દિવ્ય પ્રેમને સમજીને આ પ્રેમને પ્રાપ્ત કરવાનાજ સાધનો કરવાં જોઈએ શ્રી વલ્લભ દિવ્ય તત્સુખી પ્રેમના મહાસિન્ધુ રૂપ છે. આપની સાથે તત્સુખી પ્રેમનો નાતો જોડી પ્રેમીજન પ્રેમના મહા સિન્ધુમાં ડૂબ્યો રહે છે. આવા પ્રકારના તત્સુખી પ્રેમ ભાવથી શ્રી વલ્લભને શરણે રહેવાથી શ્રી વલ્લભ અતિ કરૂણા કરી પોતાના પ્રેમીજનને-પ્રેમ સિન્ધુ સમાન પોતાનાજ સ્વરૂપનું આપણને દાન કરે છે.

તત્સુખી પ્રેમનોજ પ્યારા શ્રી વલ્લભ સાથે નાતો જોડી આપના વિયોગની વ્યથાને સહન

કરવી તે આગળ કહે છે.

પ્રીત પીર પલ પલ સહે,
આશા ઔષધિ ખાય,
પડયો રહે વા પ્રેમમેં,
મિત મિલનકી હાય.

પ્રિયતમના વિયોગની મધુર પીડાનો ક્ષણે ક્ષણે અનુભવ કરતો રહે. પ્રેમીજનોમાં આશાની અમરવેશ લપટાઈ ગઈ હોય છે. પ્રિય વિયોગની દારૂણ દુઃખદાઈ દશામાં પણ આ પ્રેમીજન નિરાશ થતો નથી. તેનું કારણ આશાની અમરવેલમાંથી આશા મળતીજ રહે છે. તે આશાના અવલ બને પ્રિયતમના પ્રેમમાં અને પ્રિય મિલનની હાયમાં પ્રેમીજન ડૂબ્યો રહે છે.

શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે કે "હે વ્રજાધીપ, આપના વિયોગ સમુદ્રને આશા રૂપી તૃણના અવલ બલે હું તરી રહી છું" અને શ્રીગોપીજનો ઉદ્ધવજીને કહે છે કે હે શ્યામ સખા ! પીંગલા નામની વેશ્યાએ પર પુરુષની આશા છોડીને કૃષ્ણની આશા કરી, પણ અમને તો કૃષ્ણનીજ આશા છે. તો કૃષ્ણ મિલનની આશાને કોની આશા ઉપર છોડીયે ! કૃષ્ણમાં અમારી આશા હદ વગરની છે તેથી તે છુટી શકતી નથી. પ્રેમદેવ શ્રીવલ્લભનો પ્રેમ મહિમા જેમ હદ વગરનો છે. તેમ તેના મિલનની આશા પણ હદ વગરની છે. એટલે પ્રભુ પ્રેમીઓમાં જીવનના છેલ્લા શ્વાસ સુધી પ્રિય મિલનની આશા બનીજ રહેવાની તેથી વિયોગ સમયે પ્રેમીજનોને આ આશા નિરાસ થવા દેતી નથી. આશા રૂપી તણખલાના અવલંબને પ્રિયના વિયોગ સમુદ્રને તરવો આ કેવી કઠીન દશા છે ? તેથીજ દિવ્ય પ્રેમના માર્ગે કોઈ વિરલાજ ચાલી શકે છે. દિવ્ય પ્રેમ કોઈ વિરલામાંજ પ્રગટ થાય છે તે નીચેના દોહામાં કહે છે –

રસિક યૂથ બહુ ના મિલે,
સિંહ ટોલ નહી હોય,

વિરહ વેલ જહાં તહાં નહીં,
ઘટ ઘટ પ્રેમ ન જોય.

જેમ ઘેટાં-બકરાંના ટોળાં હોય છે તેમ સિંહના ટોળાં હોતાં નથી. કેશરી સિંહ અરણ્યોમાં એકાદ બેજ હોય છે. તેમ "રસિક" એટલે નખથી શિખા સુધી જેનામાં તત્સુખી દિવ્ય પ્રેમજ ભરેલો રહે છે તેવા પ્રેમીજનોના આ જગતમાં ટોળાં હોતાં નથી. દિવ્ય તત્સુખી પ્રેમની પ્રાપ્તિ વિરહના અનુભવ વિના થતી નથી, અને દિવ્ય પ્રેમ હૃદયમાં પ્રગટ થયાં વિના વિરહ થતો નથી. વિરહી ભક્તની અવસ્થા કેવા પ્રકારની હોય છે તેને સમજવા નીચેનો દોહો છે :

વ્રજ રત્ના વ્રજનાથસું,
કીનો સહજ સનેહ,
ક્ષણુ મરનો ક્ષણુ જીવનો,
યેહી પ્રીતકો વેશ.

પ્રિયતમના વિયોગે ક્ષણ ક્ષણમાં મૃત્યુ અને ક્ષણ ક્ષણમાં જીવન-આવી કપરી અવસ્થાને ભોગવી લીધા પછી તત્સુખી દિવ્ય પ્રેમ પ્રગટ થાય છે. તેથી આ વિરહના માર્ગે કોઈક વિરલાજ ચાલી શકે છે.

પ્રશ્નોત્તર

લેખક : 'મધુકર'

સ્નેહી ભાઈશ્રી, સપ્રેમ શ્રીસ્મરણ.
આપે કરેલા પ્રશ્નનો પ્રત્યુત્તર નીચે મુજબ :

પ્રશ્ન – શરીરની અપંગતા શ્રીહરિ-ગુરૂ-વૈષ્ણવની સેવામાં બાધક બની ગઈ છે. આ દોષ કે શ્રાપથી પ્રાપ્ત થયેલા દુઃખની નિવૃત્તિ કેવી રીતે થાય ?

ઉત્તર – કદાચ દોષ અગર શ્રાપથી આવું દુઃખ આપણને ભોગવવાનું આવ્યું હોય તો

પણ આર્ત ભાવ પૂર્વક સર્વ પ્રકારના દુઃખોને હરનારા શ્રી હરિના નામનું સ્મરણ જ તે દુઃખની નિવૃત્તિમાં ઉપાય છે (જેમ ગજેન્દ્રે આપત્તિ કાળમાં હરિના નામનું આર્ત-ભાવ પૂર્વક સ્મરણ કર્યું. તેમ સ્મરણ કરવું.) અથવા નિઃસાધન અને આર્ત ભાવથી પ્રભુનું શરણજ વિચારવું.

શરણમાં અકિંચનનો અધિકાર છે. અકિંચન એટલે બધા પ્રકારે નિઃસાધનતાને પ્રાપ્ત થયેલ જીવને અકિંચન કહેવાય છે, અથવા પ્રભુનું ધર્મી સ્વરૂપ એજ જેના જીવનના આધાર રૂપ છે, તે અકિંચન કહેવાય છે. અને આવી નિઃસાધનતા-અકિંચનતા સ્વયં પ્રભુજ ઉત્પન્ન કરતા હોય છે. કારણ કે શરણની એવી મર્યાદા છે.
ભગદીય, શરીરના દુઃખો તો સહન કરી લે છે પરન્તુ આપના લખ્યા મુજબ હરિ-ગુરૂ-વૈષ્ણવની ટહેલ ન બને તેનું દુઃખ ભગવદીયને અસહ્ય હોય છે આવું દુઃખ પણ આર્ત ભાવની પ્રાપ્તિ માટે હોય છે.

શરણ પ્રભુ જબ લેત હે કરત ત્રિવિધ દુઃખ દૂર ।
શોકાદિક તે કાઢીકે દેત હે આનંદ ભરપૂર ।।

સર્વ પ્રકારે નિઃસાધન બને છે ત્યારે જીવમાં દીન ભાવ પ્રગટ થાય છે. આવા દીન જનની ઉપેક્ષા (ત્યાગ) પ્રભુ કરી શકતા નહી હોવાથી તે જીવના હૃદયમાં પ્રભુ દિવ્ય પ્રેમ સ્વરૂપથી પ્રગટ થઈ જાય છે. અને પ્રભુનું હૃદયનાં પ્રાગટય થતાંજ ત્રિવિધ પ્રકારની માયાથી થતાં ત્રિવિધ દુઃખો [ભૌતિક-આધ્યાત્મિક-આધિદૈવિક]ની તેજ સમયે નિવૃતિ થઈ જાય છે. અને આપના સ્વરૂપમાં રહેલા અગણિત આનંદમાં શરણસ્થ જીવને નિમગ્ન કરે છે. આવું દાન જેને માટે વિચાર્યું છે, તેને સર્વ પ્રકારથી નિઃસાધન બનાવે છે. નિઃસાધનતાનું આ રહસ્ય ભાગ્યવાન દૈવી જીવોએ વિચારવા યોગ્ય છે.

નિઃસાધન બનાવવા માટે પ્રભુ સ્વયં નિજજનોમાં વિવિધ પ્રકારના તાપો ઉત્પન્ન કરે છે. તેનું પ્રમાણ સુ. 3-25-24-25-26ની કારિકાજીમાં નીચે મુજબ આપેલું છે :

વિવિધા અપિ તે તાપ ।
સોઢવ્યા સ્તાપ સત્વતઃ ।।24।।
બલાત્કૃત્વા તપત્યન્તે તતઃ
પ્રાપ્તાઃ સ્વતોવરા ।
ભજનાપક્ષેયા તે વૈ
ભગવદ્ પ્રીતિ હેતવા ।।25।।
દુઃખેષુ ભગવાંચ્ચાપિ
નિત્યં સાક્ષાત્ ક્રિવતૈવ ।
દેહાદિ વિષયાંસ્ત્યકત્વા ચિત્તં
તદગતમેવ યત્ ।।26।।

શ્લોકાર્થ-જાત જાતના તાપોને સહન કરવા યોગ્ય છે. ભક્તપણાને લીધે, ત્યાગ કરીને બલથી તે તાપોને સહન કરવા (આવા તાપો દોષોના સમૂહને દગ્ધ કરીને નિઃસાધનતા ઉત્પન્ન કરે છે.) પછી પ્રભુની પ્રસન્નતા થતાં વિપ્રયોગનું દાન કરે છે.

ભજન કરતાં પણ તે વિવિધ તાપો ખરેખર ભગવાનની અધિક પ્રીતિ ઉપજાવનારા છે (તેનું કારણ વિવિધ તાપોથી જીવમાં દીન ભાવ આવે છે. અને આવા દીન ભાવવાળા જીવોમાં પ્રભુની અધિક પ્રીતિ થાય છે.) દુઃખોમાંથી વળી ભગવાનનો સદા સાક્ષાત્કાર થાય છે જ. 24-25-26 ।।

જન્મ પ્રકરણના શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, સારસ્વત કલ્પમાં પૂર્ણ પુરુષોત્તમનું જે સાક્ષાત પ્રાગટ્ય થયું તે ભક્તોના દુઃખોથી જ થયું છે. તેથી પ્રભુ પોતાના સ્વરૂપનો સાક્ષાત અનુભવ કરાવવા માટેજ વિવિધ દુઃખોને ઉત્પન્ન કરી દૈવી જીવમાં નિઃસાધન-દીન ભાવના ઉત્પન્ન કરે છે. આપણે અલ્પજ્ઞ જીવો પ્રભુના આવા હિતકૃત્ કાર્યોને સમજી શકતા નતી, તેથી દુઃખમાં ધીરજ વગરના બની જઈએ છીએ. તદપિ "વિનતી ન મનમાં લાવું રે" અને "શ્રીવલ્લભ જન નહી દુભવું ધ્રુવવાણી રે"

દયારામભાઈના આ કથન મુજબ આપણી અજ્ઞાનતાથી થતી વિનતીનો પ્રભુ સ્વીકાર કરતા નથી. અને આપે ઇચ્છેલું મહાન ફલનું દાન કરે છે તેથી કહ્યું : "શ્રી વલ્લભ જન નહી દુભવું ધ્રુવ વાણી રે" દેહમાં મહા વ્યાધી ઉત્પન્ન કરવાનું એક કારણ દૈવી જીવ અનેક જન્મોથી પ્રભુથી વિછુરેલો હોવાથી પોતાના દિવ્ય આત્મ સ્વરૂપને ભૂલી ગયો છે, અને નાશવંત દેહમાં પોતા પણાની ગ્રંથી દ્રઢ બની ગઈ છે, તેથી દેહમાંથી મમતા બલાત્ કઢાવવા માટે પ્રભુ મહા વ્યાધીઓ ઉત્પન્ન કરે છે. દૈવી જીવને અનેક પ્રકારના માયા જન્ય બંધનોતો દેહના સંબંધથીજ છે. દેહના સંબંધથી અહં-મમનુ સંસાર વૃક્ષ ફાલ્યું ફુલ્યું છે (પતિ-પુત્રાદિક વિગેરેનું) તેનું મુળમાંથી છેદન કરવા દયાળુ પ્રભુ મહા વ્યાધીઓ ઉત્પન્ન કરે છે. ત્યારે દુઃખ દેનારા દેહના સંબંધથી જીવ મુક્ત થાય છે પછી પ્રભુના સંબંધ વાળો બને છે. આમ દેહના દુઃખો પણ પ્રભુએ હિત વિચારીને મુકેલા છે, તેમ ભાગ્યવાનોએ નિશ્ચય જાણવું.

"ત્રિમાયાકો પ્રલય કરી
હરિ મિલાવે હરિ નામ"

સર્વ પ્રકારથી નિઃસાધન બનેલો દૈવી જીવ દીન ભાવથી પ્રભુને શરણે રહીને માત્ર નામ સ્મરણનું જ અવલંબન લે છે ત્યારે પ્રભુનું જે વ્રત-બિરદ છે કે શરણસ્થ જીવોને અભયતા આપવી, નવા બિરદનું પાલન કરવા, ત્રિવિધ માયાનો પ્રલય કરવા, તે શરણસ્થ જીવનાં હૃદયમાં પ્રભુ પ્રગટ થઈ જાય છે, અને અભયતાનું દાન કરે છે. "અભયતા" એટલે ત્રણે પ્રકારની માયાનો પ્રલય થવાથી દૈવી જીવને તેજ સમયે તેના આધિદૈવિક દેહની પ્રાપ્તિ થાય છે. આ આધિદૈવિક દેહ પ્રાપ્ત થતા દૈવી જીવ લીલા ધામમાં પ્રવેશ કરે છે. તેનું નામ "અભયતા" છે. આવી અભયતા પ્રાપ્ત કરવા માટે નિઃસાધન દીન ભાવથી હરિના નામનું સ્મરણ કરવું.

"હરિનું નામ" એટલે અષ્ટાક્ષરનું સ્મરણ. આ નામ સ્મરણ સાથેજ ભક્તના ત્રિવિધ પ્રકારના દુઃખોને હરણ કરવા-દુર કરવા તેવો જેનો સહજ પ્રભાવ અને સ્વભાવ છે, તેવા દયાળુ પ્રભુને હરિ કહેવાય છે. ત્રિવિધ દુઃખને દુર કરવા તેટલાથીજ હરિ નામની

સાર્થકતા થતી નથી, પરંતુ પોતાના સ્વરૂપના અગણિત આનંદનું પણ દાન કરે છે. 'પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ' । સાગર સમાન જેમાં અગણિત આનંદ રહેલો છે તેને પૂર્ણ કહેવાય છે. શરણસ્થ જીવને હરિ પૂર્ણાનંદનું દાન કરે છે.

આ દુઃખ દાવાનળથી સળગતા સંસાર-સંબંધને છોડીને હવે મારે મારા અવિચલ લીલા ધામમાંજ જવું છે. આવું દ્રઢ લક્ષ રાખી, ફક્ત હરિના નામનું જ (સ્વલ્પ શ્રમવાળું) સ્મરણ રૂપી સાધન. જીવ જો દ્રઢતાથી ગ્રહણ કરી લે તો પોતાના નિત્ય અવિચલ લીલાધામરૂપી સ્થાનમાં નિઃસંદેહ પહોંચી શકે છે. આવા અચિન્ત્ય મહિમાવાળા હરિના નામનો, હરિના નામના સ્મરણનો અને હરિના માર્ગનો મહા કારૂણિક આપણા સ્વામી શ્રી મહાપ્રભુજીએ નિજ વાણીમાં પરિચય કરાવ્યો છે.

હવે આપણા દૈવી જીવનનું લક્ષ, લીલા ધામમાં નિવાસનુંજ બને, આવા લક્ષને દ્રઢ કરનારું શ્રીહરિરાય પ્રભુનું પદ નીચે મુજબ –

દિન દિન રોગ કરત વિશ્રામ ।
ઔષધ પાની કીયે બહુતેરે,
નેક નહીં આરામ ।।1।।
જો જીયકો સુખ ચાહે સખીરી,
લે ચલીહો વાહી ગામ ।
"રસિક પ્રીતમ" શ્રીવલ્લભવર,
મહા વૈદ્ય જાકો નામ ।।2।।

(આત્મીય સાથે પ્રાણપ્રેષ્ઠની વાર્તાનું અવતરણ)

લેખક : શ્રીવલ્લભપાદપદ્મમિલિંદ

(આત્મીય સાથે પ્રાણપ્રેષ્ઠની વાર્તાનું અવતરણ)

સ્નેહી ભાઈશ્રી, સપ્રેમ શ્રીસ્મરણ

શ્રીપૂર્ણ પુરુષોત્તમનો ભૂવિમાં પ્રાદુર્ભાવ નિઃસાધન જનોના ઉદ્ધાર માટેજ થાય છે. આવી મર્યાદા છે. નિઃસાધનના ઉદ્ધારમાં પોતાના પૂર્ણ પ્રમેય બળવાળો અનુગ્રહ રહેલો છે. પ્રમેયબલ સાધનની અપેક્ષા રાખતું નથી. આવા પૂર્ણ પ્રમેયબલ વાળા (દેવગુહ્ય) અનુગ્રહને અષ્ટાક્ષર મહામંત્રમાં સ્થાપીને મહાકારૂણિક સ્વામિએ લીલાધામથી વિછુરેલા પુષ્ટિ દૈવી જીવોને દાન કરેલું છે. "અનુગ્રહ કાળ – કર્મ – સ્વભાવને પણ અન્યથા (નિરાસ) કરીને દેવી જીવનો ઉદ્ધાર કરે છે." આ પુષ્ટિ પ્રભુના મહાન વિરુદ્ધ ધર્માશ્રયી ઐશ્વર્યને "કર્તુમ્, અન્યથા-કર્તુમ્" શબ્દોથી ઓળખાવેલ છે. અહીં "ઉદ્ધાર" શબ્દનો અર્થ વિષયાનંદ અને બ્રહ્માનંદમાંથી પણ ઉદ્ધાર કરીને સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપાનંદરૂપી ભજનાનંદમાં પ્રવેશ કરાવે છે. આવા ઉદ્ધારનું સામર્થ્ય અષ્ટાક્ષર મહામંત્રમાં સ્થાપેલું છે.

જેમ પ્રભુ સ્વરૂપથી દૈવી જીવોનો ઉદ્ધાર કરે છે, તેમ પોતાના નામ સ્વરૂપથી પણ કરે છે. સંયોગમા, અથવા પ્રભુના પ્રાગટય કાળમાં સ્વરૂપથી, અને પરોક્ષ અપ્રાગટય કાળમાં નામથી ઉદ્ધાર કરે છે. વેણુગીત-યુગલગીત-ગોપીગીત-ભ્રમરગીતમાં નામાત્મક ગુણગાન દ્વારા સ્વરૂપાનંદનો અનુભવ શ્રી ગોપીજનોને કરાવ્યો છે. આ નામનું સ્વરૂપ ભાવાત્મક-રસાત્મક હોય છે. તે ભક્તના હૃદયમાં પ્રગટ થઈ ભાવાત્મક પ્રકારે અનુભવ કરાવે છે.

સુ. 3-12-46 માં શ્રીમદાચાર્યવર્ય આજ્ઞા કરે છે. "શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો પ્રકાશ કરે છે." "પરબ્રહ્મ" પ્રેમ-સુધારૂપ-રસરૂપ-આનંદરૂપ છે. તે શબ્દ બ્રહ્મરૂપી અધિષ્ઠાનમાં પ્રાદુર્ભૂત થઈને, ભક્તના હૃદયમાં પ્રવેશ કરીને, વિપ્રયોગ કાળમાં ભાવાત્મક સ્વરૂપથી અનુભવ કરાવે છે. આ વિપ્રયોગાત્મક ભાવાત્મક સ્વરૂપથી અનુભવાતો આનંદ અગણિત છે. અને સંયોગથી અનુભવા તો આનંદ પરિમિત છે. અવતાર કાળમાં સ્વરૂપથી, અને અનવતાર કાળમાં નામથી ઉદ્ધાર કરે છે. "સ્મૃતિમાત્રાર્તિનાશનઃ" આ નામનો ભાવાર્થ અનવતાર કાળમાં નામ સ્મરણ માત્રથી ઉદ્ધાર કરવામાં પ્રયુક્ત થાય છે. નામથી ઉદ્ધાર કરવામાં શ્રી સુબોધિનીજી આદિ ગ્રંથાવલોકન, અષ્ટાક્ષર-પંચાક્ષરનું સ્મરણ,

શ્રીસર્વોત્તમજી આદિ સ્તોત્રોનું સ્તવન, અને અષ્ટસખાદિ મહાનુભાવોના પદોના ગુણગાનનો સમાવેશ થાય છે.

(1) શ્રી સર્વોત્તમજી વેણુનાદની સુધાથી પૂર્ણ છે, તેનાં પ્રત્યેક અક્ષરમાં સુધા વ્યાપ્ત છે.
(2) અષ્ટાક્ષર-પંચાક્ષર-ઉભય મંત્રો સુધા સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના શ્રીમુખથી પ્રગટ થયેલા હોવાથી તે મંત્રો પણ સુધા રૂપજ છે.
(3) અષ્ટસખાદિ મહાનુભાવોના પદોમાં "ભક્તિમાર્ગાબ્જમાર્તંડ"ના કિરણોનો પ્રવેશ થયેલો હોવાથી તે પદ-સાહિત્ય પણ સુધાથી પ્લાવીત છે.

સુધાનો સહજ પ્રભાવ આધિદૈવિક સ્ત્રીદેહ-ભગવદીય ભાવને પ્રાપ્ત કરાવનાર છે.
પ્રથમ ચિન્તાની નિવૃત્તિ માટે નવરત્ન ગ્રંથના પ્રથમ શ્લોકોમાં આપશ્રીએ આજ્ઞા કરી –

ચિન્તા કાપિ ન કાર્યાનિવેદિતાત્મભિઃ કદાપીતિ
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીય ગતિમ્

અક્ષય પ્રદાતા આપશ્રીના ચરણ કમલનું ધ્યાન કરીને આ પ્રથમ શ્લોકનો ગંભીરતાથી વિચાર કરીયે તો કોઈ પણ પ્રકારની ચિન્તા થવા સંભવ નથી. જેને આપણે નિવેદન કર્યું છે તે ભગવાન પુષ્ટિસ્થ છે. એટલે કર્તુમ્-અકર્તુમ્-અન્યતાકર્તુમ્ સ્વતંત્ર સામર્થ્યવાળા છે. આ પ્રકારના પોતાના સામર્થ્યથીજ શરણસ્થ જીવનો આપ ઉદ્ધાર કરે છે. અથવા પુષ્ટિ પ્રભુ પૂર્ણ પ્રમેય બળવાળા હોવાથી જીવના સાધનની અપેક્ષા રાખ્યા વિનાજ તેનો ઉદ્ધાર કરે છે. શાસ્ત્રોક્ત નિયમથી, અને ભક્તિમાર્ગીય નિયમથી વિરુદ્ધ આચરણવાળા દૈવી જીવોનો પોતાના અચિન્ત્ય પ્રમેય બલથીજ ઉદ્ધાર કરીને શ્રી...જીએ પોતાનું પુષ્ટિસ્થ સ્વરૂપ જણાવ્યું છે. "પુષ્ટિ પ્રભુનો પ્રાદુર્ભાવ નિઃસાધન જનોના ઉદ્ધાર માટેજ થાય છે, સાધન બળવાળા માટે નહી." પુતના સર્વ પ્રકારથી વિપરિત આચરણવાળી દુષ્ટજ હતી. આસુરભાવના આવેશથી વ્યાપ્ત હતી, છતાં પોતાના સંબંધમાં આવવાથી પ્રભુએ તેનો પ્રમેય બળથી ઉદ્ધાર કર્યો છે. આ વિષયમાં શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે પુતનાનો ઉદ્ધાર વાસુદેવ વ્યુહથી નથી થયો, પરન્તુ

પુષ્ટિ લીલા જગતના નાયક પૂર્ણ પુરુષોત્તમથીજ થયો છે.

ચોરાશી-બસોબાવનમાં પણ વિપરિત આચરણવાળા દૈવી જીવોનો પ્રમેય બલથી ઉદ્ધાર કરી શ્રીવલ્લભે પોતાના પુષ્ટિ સ્વરૂપનો પરિચય કરાવ્યો છે. વેશ્યામાં આસક્ત થઈ ભક્તિમાર્ગથી ભ્રષ્ટ થઈ ગયેલા, હતીત પતિત, પટેલનો બેટો અને પટવારીની બેટી જે પ્રેત બનેલા, રાજનગરના શેઠ ગટરનો કીડો બનેલા, આવા જીવો કે જેનો ઉદ્ધાર થવો (વેદના નિયમાનુસાર) શક્યજ નથી તેવા જીવોનો પણ પ્રમેય બલથી પોતાના સંબંધવાળા માની પ્રભુએ ઉદ્ધાર કર્યો છે. તેથીજ નવરત્નના પ્રથમ શ્લોકમાં આપશ્રીએ આજ્ઞા કરી છે કે, પુષ્ટિસ્થ પ્રભુને નિવેદન કરેલું હોવાથી ઉદ્ધાર માટે કોઈપણ પ્રકારની ચિન્તા જીવે ન કરવી. આવી આપશ્રીએ જે આજ્ઞા કરી છે તે પોતાના પુષ્ટિસ્થ સ્વરૂપના વિરુદ્ધ ધર્માશ્રયી ઐશ્વર્યનાં સંબંધથી કરેલી છે. આ પ્રભુનું વિરુદ્ધ ધર્માશ્રયી ઐશ્વર્ય નહી સમજવાથીજ ચિન્તા થાય છે. આવું આપનું ઐશ્વર્ય ભાવિ સૃષ્ટિને સમજાય તે માટે ભક્તિમાર્ગથી વિરુદ્ધ આચરણવાળા ભક્તોના પ્રસંગો ચોરાસી-બસોબાવનમાં લખાયા છે.

વસ્તુતઃ વિચારીયે તો પ્રભુની ઇચ્છાજ સર્વમાં નિયામક હોય છે. આ સિદ્ધાંતથી વિરુદ્ધ આચરણની પ્રેરણા કરનાર પણ પ્રભુ પોતેજ છે. દૈવી જીવ પોતાની ઇચ્છાથી વિરુદ્ધ આચરણ કરતો નથી. શરણે આવ્યા પછી, વૈષ્ણવ થયા પછી, વેસ્યાગામી થવાની બુદ્ધિ કેમ થાય ? તેથી માનવુ જ પડે છે કે પ્રભુ પોતાની ઇચ્છાથીજ રીત કે વિપરિત ક્રીડા કરી રહ્યાં છે. અને નિઃસાધનના ઉદ્ધારમાં પોતાના પુષ્ટિસ્થ સ્વરૂપના અચિન્ત્ય ઐશ્વર્યને જણાવી રહ્યા છે. તેથી દયારામભાઈ કહે છે –

અકળ અટપટી લીલા માહે
કશું કળ્યું નવ જાયે રે
કેટલાક જનને ચલાવું અનીતે,
તદપિ દુઃખી ન થાયે રે
કરૂં ન થવાનું, થવું મટાડુ

હું સ્વતંત્ર સહુ ભાંત રે
તદપિ નિજજન અહિત કદાપિ
ન જ કરૂં કોઈ વાતે રે
મુજ ઈચ્છા નહિ શાસ્ત્ર નિયામક,
મને ગમ્યું તે ન્યાય રે
કુ-કૃતિ ભક્ત તદપિ રૂચિ માનું,
અવળું સવળું થાય રે
કૃષ્ણાશ્રયમાં શ્રીમદાચાર્યવર્ય આજ્ઞા કરે છે –
વિવેક ધૈર્ય ભકત્યાદિ રહિતસ્ય વિશેષતઃ ।
પાપાસકતસ્ય દીનસ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ ।।

વિશેષે કરીને ભક્તિ માર્ગીય સાધન રહિત, એટલું જ નહી પરંતુ પાપમાં જ આસક્ત એવા જીવોની પણ હું મારા પ્રમેય બલથી કૃષ્ણમાંજ ગતિ કરાવીશ. મારી અંગીકૃતિમાંજ તમારો સંબંધ મેં માનેલો હોવાથી સાધનની અપેક્ષા રાખ્યા વિના મારા અદભૂત પ્રમેયબલથી જ ઉદ્ધાર કરીશ, એવો આ શ્લોકનો ભાવાર્થ જણાય છે. આ કથનનું પ્રમાણ શ્રીમત્પ્રભુચરણ કૃત વિજ્ઞપ્તિમાં પ્રાપ્ત થાય છે.

- ક્રમશઃ

અષ્ટાક્ષર મહામંત્રનો અગમ્ય-અમિત મહિમા

- શ્રી વલ્લભ પાદપદ્મ મિલિન્દ

(ગતાંકથી ચાલુ)

ક્રિયાન્પૂર્વં જીવસ્તદુચિત કૃતિશ્ચાપિ ક્રિયતી
ભવાન્યત્સાપેક્ષો નિજચરણદાને બત ભવેત્ .
અતઃ સ્વાત્માનં સ્વં નિરૂપમ મહત્વં વ્રજપતે
સમીક્ષ્યાસ્મન્નેત્રે શિશિરય

નિજાસ્યામ્બુજ રસૈઃ ।। (1-1)
અંગીકૃતજન જનિતાડપરાધ ક્રૂટક્ષમા વિનોદસ્ય
અંગીકૃતિશ્ચ નિત્યા વદન્તુ
કોડન્યોડસ્ય સામ્યપિયાત્ (8-8)

પ્રથમ શ્લોકમાં શ્રીમત્પ્રભુચરણ શરણસ્થ જીવ માટે વિજ્ઞપ્તિ કરે છે. "જીવો આપને પ્રાપ્ત કરી શકે તેવી કોઈ ઉચિત કૃતિ તેનામાં નથી અથવા ઉચિત કૃતિ કરી પણ શું શકે ? હે વ્રજાધીપ ! આપ આપના અચિન્ત્ય મહત્વનો વિચાર કરીનેજ આપના સ્વરૂપાનંદનું દાન કરો !"

બીજા શ્લોકનો ભાવાર્થ = "અંગીકૃત જનોના અનેક અપરાધોને ક્ષમા કરવા, અથવા તે અપરાધના દોષોનો નાશ કરવો, એ તો જેનો એક વિનોદજ છે. અને આવા અપરાધોને નહી માનતા પોતાની નિત્ય અંગીકૃતિને જે નિભાવી રહેલ છે, આવા પ્રભુના ઐશ્વર્યની અને દયાળુતાની કોણ સામ્યતા કરી શકે ?"

અહીં એક પ્રશ્ન થાય છે કે પાપાસક્ત જીવોનો ઉદ્ધાર તો અન્ય ભક્તિમાર્ગીય આચાર્યોએ પણ કરેલો છે. તો પુષ્ટિપથાચાર્ય શ્રી મહાપ્રભુજીના ઉદ્ધારમાં શું વિશેષતા છે ? સમાધાનમાં અન્ય આચાર્યોના ઉદ્ધારમાં તેના સેવક જનોને મુક્તિ પ્રાપ્ત થાય છે. નહી કે સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપાનંદનો અનુભવ. પુષ્ટિ પથાચાર્ય શ્રી મહાપ્રભુજીના ઉદ્ધારમાં નિજ સેવકોને અદેયતમ સાક્ષાત સ્વરૂપાનંદનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ સામર્થ્ય અન્ય આચાર્યોમાં નથી.

પ્રિય ભાઈ ! આપે પત્રમાં જણાવ્યું કે અમેરીકા રહેતા મારા પુત્રને અકસ્માત થવાથી ભગવદ્ ચરણને પ્રાપ્ત થયો તેનો ચિત્તમાં ઉદ્વેગ રહી આવે છે. આ વિષયમાં સમાધાનઃ આપ જેવા સુજ્ઞ ભગવદીયને તેનો શોક ન થવો જોઈએ. કારણ કે જગત સર્જનારાએ પોતાના માટે સર્જેલું છે તેમની સત્તાનીજ સર્વ જડ ચૈતન્ય વસ્તુ છે. આપણી પાસેથી લઈને બીજાને આપે. બીજે સ્થળે મુકી દે કે પોતાની નિકટ રાખે તેમાં

આપણને શોક શા માટે હોય ? અહીં એક સાંભળેલો પ્રસંગ લખું છું.

શ્રીમદ્ ગોકુલમાં અર્ધ સૈકા પહેલા બે વૈષ્ણવો પિતા-પુત્ર રહેતા હતા. બન્નેનું પ્રભુમય જીવન હતું. પુત્ર પણ પિતાને સત્સંગ રૂપ હતો. ભગવદ્ ઇચ્છાએ પુત્ર બિમાર થયો, ખાટલા વશ થઈ ગયો. પિતાએ તેની રાત્રિ-દિન પરિચર્યા કરી છતાં પુત્ર ન બન્યો- ભગવત્ ચરણને પ્રાપ્ત થયો. પિતા અને અન્ય વૈષ્ણવો પુત્રનો અગ્નિ સંસ્કાર કરવા જાય છે. સંસ્કાર કરી પાછા આવે છે તે સમયે વૈષ્ણવોએ પુત્રના પિતાને પ્રશ્ન કર્યો કે તમને પુત્ર વિયોગનો શોક દેખાતો નથી. નેત્રોમાં અશ્રુનું એક બિન્દુ જોવાતું નથી ! વળી પુત્ર તમને પણ સત્સંગ રૂપ હતો. આવા ગુણીયલ ભગવદીય પુત્રના વિયોગનો તમને શોક થતો નથી તેનું શું કારણ છે ?

હવે તે ભગવદીય જવાબ આપે છે કે, પિતા રૂપે પ્રભુએ મને નિમિત્ત બનાવ્યો હતો. આ ક્રીડાભાંડ જગતમાં પિતાનો પાઠ મને આપ્યો હતો-તે વસ્તુ તો પ્રભુની હતી તેમાં મારે મમતા કરવી કેમ ઘટે ? પરિચર્યા કરી તે તો મારી ફરજ બજાવી. તેમાં કંઈ મેં ઉપકાર કર્યો નથી. વળી પુત્ર સત્સંગરૂપ હતો તેનો પણ શોક કરવો કેમ ઘટે ? કારણ કે હું પ્રભુનો છુ. તેથી મારા નિર્વાહની ચિન્તા પ્રભુને છેજ. એક નહી તો બીજા પ્રકારે પ્રભુ અંગીકૃતોનું પોષણ કરેજ છે. તેથી મને શોક થતો નથી. આ શોક નહીં થવાનુ કારણ ભગવદ્ આશ્રય દ્રઢ છે. દ્રઢ આશ્રયથી મીથ્યા ભાવ સૃષ્ટિને ઉત્પન્ન કરનારી અવિદ્યા દૂર થઈ ગઈ હોય છે. તેથી દ્રઢાશ્રયી ભગવદીયોને મહાન વિપત્તિમાં પણ અવિદ્યા દુઃખનું કારણ બની શકતી નથી. એક પુરાણમાં લખ્યું છે કે વૈષ્ણવોને કર્મનું બંધન થતું નથી. આ કથનનું તાત્પર્ય એ છે કે વૈષ્ણવોના ઉંચા નીચા સર્વ કર્મો પ્રભુની ક્રીડામાં ઉપયોગી થતાં હોય છે, તેથી વૈષ્ણવો જાણે કે ન જાણે છતાં તેને કર્મનું બંધન નથી. યાદવોની પ્રભાસ લીલા વિપરિતજ હતી તે પ્રભુની ઇચ્છાથી થયેલી તે એટલા માટે કે આ વિપરિત લીલા રચીને યાદવોને વૈકુંઠમાં પહોંચાડવા હતા. યાદવો દેવતા હતા. પ્રભુની ભૂતલ અવતાર લીલામાં ઉપયોગી થવા માટે આવ્યા હતા. તેમાં ઉંચા નીચે કર્મોથી પ્રભુજ લીલા કરી રહ્યા હતા. તેને કર્મનું બંધન કેમ ઘટે ? તેથી દયારામભાઈ એક

પદમાં કહે છે કે – "સંચિતને ક્રિયમાણ દોષ પ્રારબ્ધ ન સંભવે જેનેરે"

ત્રણે પ્રકારનાં કર્મોનું બંધન શરણસ્થ દૈવી જીવોને થતું નથી. કારણ કે તેના સર્વ કર્મો પ્રભુની લીલામાં જ ઉપયોગી થાય છે. વધારે શું કહેવુ ? કર્મો રૂપ પણ પ્રભુજ છે. પોતાને જેવી ક્રીડા કરવી છે તેવા કર્મોની પ્રેરણા કરે છે અને ક્રીડામાં નિમિત બનીને જીવ તેવાં કર્મ કરે છે, તેથી પુરાણમાં કહ્યું છે કે વૈષ્ણવોને કર્મના બંધન નથી.

જેમ યાદવો માટે તેમ લીલા ધામથી ભૂતલમાં આવેલા પુષ્ટિ દૈવી જીવો સાથે ઉંચ નીચ કર્મથી પુષ્ટિ પ્રભુજ ક્રીડા કરી રહ્યા છે જે દૈવી જીવ સાથે પ્રભુને ભૂતલમાં ક્રીડા કરવી હોય ત્યાં સુધી તે લીલાના જીવોને ભૂતલમાં રાખે છે. આ દૈવી જીવો પોતાની ક્રીડામાં ઉપયોગી થયેલા હોવાથી તેના કર્મોનું તેને બંધન નથી. પ્રભુની આ વિરુદ્ધ ધર્માશ્રયવાળી લીલા આપણને સમજાતી નહી હોવાથી જ ચિન્તા થાય છે અજ્ઞાનતાથી ચિન્તા થાય છતાં લીલાના જીવોની અંતમાં ગતિ લીલા લોકમાં જ થવાની છે. જેમ પતંગ ચઢાવનારના હાથમાં પતંગનો દોર રહે છે, તેમ પુષ્ટિના દૈવી જીવોનો દોર પ્રભુના શ્રી હસ્તમાં છે, માટે કોઈ પણ પ્રકારની ચિન્તા નહી કરવી.

ભગવદ્ આશ્રયથી અજ્ઞાન દુર થતાં કોઈ પણ પ્રકારની ચિન્તા રહેતી નથી. આ ભગવદ્ આશ્રયને દ્રઢ કરવાનું સુગમ સાધન અષ્ટાક્ષરનું સતત સ્મરણ છે. દયારામભાઈ એક કૃતિમાં કહે છે કે –

રાધા કૃષ્ણ વસે હૃદયમાં, બુદ્ધિ કદા નહી વક્ર,
સાથે ફરે નિત્ય રક્ષણ કરવા, ચતુર્ભુજનું ચક્ર.

અષ્ટાક્ષરનું સતત સ્મરણ કરનાર ભક્તનું ચોતરફથી રક્ષણ કરવા પ્રભુએ તે ભક્તના મસ્તક ઉપર પોતાનું અભયદાયક સુદર્શન ચક્ર રાખેલું છે. તે અવિદ્યાથી ઉત્પન્ન થતી ભાવ સૃષ્ટિનું શોષણ કરતું રહે છે. સ્મરણ કરનારનું સુદર્શન ચક્ર રક્ષણ શા માટે કરે છે તેનું કારણ : પ્રભુએ પ્રતિજ્ઞા કરી છે કે મારે શરણે આવનારને હું અભયતાનું દાન કરીશ

આ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા, શરણસ્થ જીવોનું રક્ષણ કરતું ચક્ર તે ભક્તના મસ્તકે ફરતું રહે છે. આ ચક્ર કાલ, કર્મ અને સ્વભાવથી થતાં દુઃખોને દુર કરે છે. અવિદ્યાના અનેક ભાવોનું શોષણ કરે છે, અને શરણસ્થ જીવને ભગવદ્ સન્મુખ રાખી ભગવદ્ પ્રાપ્તિ રૂપી શરણને સિદ્ધ કરે છે.

આપણને દુઃખનું કારણ અથવા ચિન્તા થવાનું કારણ અવિદ્યા છે. તે પ્રભુના સ્વરૂપના અને આપણા આત્મ સ્વરૂપના જ્ઞાનને ઢાંકી દે છે. ભગવદ્ નામ આ જ્ઞાનનો (અવિદ્યાને દુર કરીને) પ્રકાશ કરે છે.

નામ પ્રતાપ પ્રકાશ ભયેતે, ગઈ મોહકી, સાંજ,
ત્રિમાયાકો પ્રલય કરી, હરિ મિલાવે હરિ-નામ.

જેમ જેમ અષ્ટાક્ષરના સતત સ્મરણથી ત્રણે પ્રકારની (ભૌતિક, આધ્યાત્મિક-આધિદૈવિક) માયાનો પ્રલય થતો રહે છે તેમ તેમ પ્રભુના અચિન્ત્ય ઐશ્વર્ય સ્વરૂપનું, આપણા પોતાના લીલા મધ્યપાતિ આધિદૈવિક સ્વરૂપનું અને પ્રભુ સાથે આપણા નિત્ય સંબંધનું જ્ઞાન થતું રહે છે. ત્યારે સમૂળ ચિન્તાની નિવૃત્તિ થઈ જાય છે. હરિનું નામ આધિદૈવિક માયાનો પણ પ્રલય કરે છે. આ માયાનો પ્રલય થતાં લીલા લોકમાં જ આપણો પ્રવેશ થઈ જાય છે. હરિ નામનું આવું અચિન્ત્ય મહત્વ ગુપ્ત રૂપે નામમાં જ રહેલું છે. અષ્ટાક્ષરનો આવો મહિમા હોવાથી નિજજનોની ચિન્તાની નિવૃત્તિ માટે, અથવા ચિન્તાના સંતાનો રૂપી સૈન્યનો નાશ કરવા માટે મહા કારૂણિક સ્વામિએ અષ્ટાક્ષર રૂપી બ્રહ્માસ્ત્ર આપેલું છે. જેમ બ્રહ્માસ્ત્ર પોતાનું કાર્ય કર્યા વિના પાછું ફરતું જ નથી, તેમ અષ્ટાક્ષરનું સ્મરણ પ્રભુની પ્રાપ્તિ અવશ્ય કરાવે જ છે. તેનું પ્રમાણ મહાનુભાવ શ્રી કૃષ્ણદાસજીના પદમાં નીચે મુજબ –

કૃષ્ણ શ્રીકૃષ્ણ શરણંમમ ઉચ્ચરે ।
રેન દિન નિત્ય પ્રતિ, સદા પલ છિન ઘડી,
કરત વિધ્વંશ જન, અખિલ અઘ પરહરે ।।1।।

હોત હરિરૂપ, વ્રજભૂપ ભાવે સદા,
અગમ ભવ સિન્ધુ તે, વિના સાધન તરે ।
રહત નિશ દિવસ આનંદ ઉરમેં ભર્યો,
પુષ્ટિ લીલા સકલ સાર ઉરમે ધરે ।।2।।
રમા અજ શેષ સનકાદિ શુક શારદા,
વ્યાસ નારદ રટે, પલક મુખ ના ટરે ।
લાલ ગિરિધરકી મહિમા અતુલ જગમગી
શરન "કૃષ્ણદાસ" નિગમ નેતિ નેતિ કરે ।।3।।

"હોત હરિરૂપ" – અષ્ટાક્ષનો આ અતુલિત પ્રભાવ છે કે જેમ પ્રભુ રસરૂપ છે તેવી રસરૂપતા ભક્તોમાં સિદ્ધ કરે છે. અથવા પ્રભુની સમાન ઐશ્વર્યવાળા બનાવી દે છે અથવા "હરિરૂપ" કથનનું સ્વારસ્થ એ છે કે, હરિએ પોતાનું અષ્ટ વિધ ઐશ્વર્ય શ્રી યમુનાજીમાં સ્થાપીત કર્યું છે. આ શ્રી યમુનાજી અષ્ટાક્ષરના પ્રથમ શબ્દમાં પોતાના ભાવાત્મક સ્વરૂપથી બીરાજી રહ્યા છે તેથી અષ્ટાક્ષરનું સ્મરણ કરનાર ભક્તમાં શ્રીયમુનાજી અષ્ટવિધ ઐશ્વર્ય અથવા અષ્ટ સિદ્ધિનું દાન કરી હરિની સમાન રસરૂપ બનાવે છે અને હરિમાં ભક્તની અને ભક્તમાં હરિની પ્રીતિ-રતિ ઉત્પન્ન કરે છે. તેથી કહ્યું "વ્રજભૂપ ભાવે સદા" ।

પ્રશ્ન – અષ્ટાક્ષરનો પ્રથમ શબ્દ તો મુખ્ય શ્રી સ્વામિનીજી વાચક છે. તે શ્રી યમુનામાજીમાં કેવી રીતે ઘટી શકે ?

સમાધાન - પરબ્રહ્મ સ્વરૂપ લક્ષણ શ્રુતિએ "સત્ય-જ્ઞાન-અનંત" કથ્યું છે. આ 'અનંત' પદવાચી પરબ્રહ્મ-કૃષ્ણ પોતાના સ્વરૂપથી અનંત, અને સ્વામિનીજીઓથી પણ અનંત છે. "એકોહં-બહુસ્યામ" એ શ્રુતિના પ્રમાણથી શ્રી શબ્દ એકાર્થ વાચી નથી. પણ અનંત વાચી છે. અર્થાત્ ચારો યૂથધિપતિ સહિત અસખ્ય સ્વામિની વાચક શ્રી શબ્દ છે. અષ્ટાક્ષરનું સ્મરણ કરનાર ભક્તની સાધન દશામાં લીલામધ્યપાતિ શ્રી યમુનાજી

દ્રવિભૂત રસાત્મા રૂપે પ્રવેશી, તનુનવત્વતાને સિદ્ધ કરી અષ્ટ સિદ્ધિનું દાન કરે છે-આ દાનથી પૂર્ણ રસ-પાત્ર ભક્ત બનવાથી હરિની સામ્યતાને પ્રાપ્ત કરે છે. તેથી કહ્યું : "હોત હરિરૂપ" અષ્ટાક્ષરનો આવો અતુલિત-અચિન્ત્ય મહિમા હોવાથી શ્રીમત્પ્રભુચરણે વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરી જે –

યદુક્તં તાતચરણૈઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
તત એવાસ્તિ નૈ શ્ચિંત્યમૈહિકે પારલૌકિકે ।।
(વિ-2-23)

- ક્રમશઃ

પ્રશ્ન અને સમાધાન

- શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ

સ્નેહી ભાઈશ્રી સ-પ્રેમ-શ્રીસ્મરણ.

આપનો પત્ર મળ્યો. આપે ભૌતિક અને આધ્યાત્મિક વિજાતીય વિચાર વંટોળને હટાવવા મારા તરફથી સમાધાનની ઇચ્છા કરી તે વિષયને શ્રીવાકપતિની કૃપા – પ્રેરણાના બલે નિવેદન કરું છું –

ભૌતિક અને આધ્યાત્મિક વિજાતીય વિચારો કે જે ભગવદ્ વિમુખ કરનારા છે તે ભૌતિક-આધ્યાત્મિક અવિદ્યાથી ઉત્પન્ન થાય છે. આ બન્ને અવિદ્યાનો સુક્ષ્મ ભાવ પ્રથમ આપણા હૃદયમાંજ રહેલો હોય છે. અર્થાત્ ક્રિયા પ્રધાન મનમાંજ રહેલો છે. મનમાંથી સંકલ્પ-વિકલ્પ રૂપે વિચારો ઉત્પન્ન થાય છે. આ બન્ને પ્રકારની અવિદ્યા પ્રભુનો જ્યારે આપણા હૃદયમાં આવિર્ભાવ થાય છે, ત્યારેજ દૂર થાય છે. અને પ્રભુનો આવિર્ભાવ કેવલ ધર્મી સ્વરૂપના આશ્રયથીજ થાય છે.

પ્રભુએ ગીતાજીમાં અર્જુન પ્રતિ આજ્ઞા કરી છે કે મારી દૈવી ગુણમય માયાને તરવી

દૂસ્તર છે. આ માયાનું તરણ કેવલ મારા ધર્મી સ્વરૂપને શરણે આવવાથી જ થઈ શકે છે. ગીતાજીના 18 મા અધ્યાયમાં પણ "સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।" "મામેક" પદથી કેવલ ધર્મી સ્વરૂપને શરણે જવાની (થવાની) આજ્ઞા કરે છે. જ્યાં સુધી અન્ય સર્વની આશા અને આશ્રય છોડીને કેવલ ધર્મી સ્વરૂપને શરણે જીવ ન જાય ત્યાં સુધી અવિદ્યારૂપ માયા દૂર થઈ શકતી નથી. 'કૃષ્ણાશ્રય'માં પણ આપશ્રીએ અન્ય સર્વના આશ્રયનું નિવારણ કરીને પૂર્ણ પુરુષોત્તમ-પૂર્ણનંદ-ધર્મો સ્વરૂપના આશ્રયનું જ વિધાન નિજજનો માટે કરેલું છે. પૂર્ણ પુરુષોત્તમ ધર્મી સ્વરૂપનાજ આશ્રયનું વિધાન આપ કેમ કરે છે ? તેનું કારણ "કલિકાલના પ્રબલ દોષ ગ્રસ્ત જીવનો ઉદ્ધાર પૂર્ણ પ્રમેય બલ વિના થઈ શકતો નથી. અને પૂર્ણ પ્રમેય બલમાં કર્તુમ્ અકર્તુમ્ અન્યથા-કર્તુમ્-ઐશ્વર્ય-સામર્થ્ય રહેલું છે." આવું ઐશ્વર્ય કેવલ પૂર્ણપુરુષોત્તમના ધર્મી સ્વરૂપમાંજ હોવાથી, અન્ય સર્વની આશા અને આશ્રયને છોડીને કેવલ ધર્મી સ્વરૂપનો આશ્રય કરવાની આપશ્રીએ કૃષ્ણાશ્રયમાં આજ્ઞા કરી છે. સ્વકીયોના પક્ષપાતી મહાકારૂણિક સ્વામીએ શ્રીકૃષ્ણાશ્રયને પ્રક્ટ કરીને 'હરિ'ના માર્ગનો પરિચય કરાવ્યો છે. ભગવદ્ પ્રાપ્તિમાં સર્વ સાધન રહિત, એટલુંજ નહિ, વિપરીત સાધનવાળો, વિષય સાગરમાં ડૂબેલો અને સ્વધર્મથી પતિત થયેલો, આવા જીવનો ઉદ્ધાર 'હરિ' વિના કોઈ કરવા સમર્થ નથી. તેવા હરીના માર્ગનો પરિચય કરાવ્યો છે. આવોજ પરિચય શ્રીહરિરાય પ્રભુએ "શ્રીકૃષ્ણશરણાષ્ટક" નામના સ્તોત્રમાં કરાવ્યો છે. તેનો પ્રથમ શ્લોક –

સર્વ સાધન હીનસ્ય પરાધીનસ્ય સર્વતઃ ।
પાપપીનસ્ય દીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ ।।

અહીં એમ પ્રશ્ન થાય કે ધર્મી સ્વરૂપ કોને કહેવાય ? અથવા ધર્મી સ્વરૂપનો આશ્રય કેવી રીતે કરવો ? તેનું સમાધાનઃ ભા. 11-12-14-15 માં પ્રભુ શ્રીમાન ઉદ્ધવજી પ્રતિ આજ્ઞા કરે છે કે-"હે ઉદ્ધવ ! તમે શ્રુતિ-સ્મૃતિ, વિધિ-નિષેધ, પ્રવૃત્તિ-નિવૃત્તિ, અને સાંભળેલું તથા સાંભળવા યોગ્ય. આ સર્વનો પરિત્યાગ કરીને સર્વત્ર મારી ભાવના કરીને સમસ્ત પ્રાણીઓના આત્મ સ્વરૂપ મારા એકનેજ સંપૂર્ણ રૂપથી શરણે આવો.

કારણ કે મારા એકનેજ શરણે આવવાથી તમે નિર્ભય થઈ જશો.”

પ્રભુ સર્વ પ્રાણી માત્રના આત્મારૂપે સર્વમાં બિરાજી રહ્યા છે. આથી આપણા આત્મામાં આત્મારૂપે બિરાજમાન – પરમાત્મા તેજ પૂર્ણ પુરુષોત્તમનું ધર્મી ભાવાત્મક સ્વરૂપ છે, તેનો આશ્રય કરવો. આજ ધર્મી સ્વરૂપ જગત પ્રપંચમાંથી આપણા મનનો નિરોધ કરવા બહાર સેવ્ય સ્વરૂપે બિરાજી રહેલ છે, તેનોજ આશ્રય (અન્ય સર્વની આશા અને આશ્રય છોડીને) કરવો. આ આશ્રય કાયીક – વાચીક અને માનસીક એમ ત્રણ પ્રકારે થાય છે. ‘કાયીક’ સેવ્યની સેવા રૂપ છે. “વાચીક” ગ્રંથાવલોકન તથા પ્રભુના ગુણાનુવાદ તથા નામ સ્મરણરૂપ છે. અને “માનસી” સ્વરૂપ ચિંતન-લીલા ચિંતન રૂપ છે. આમ ત્રણે પ્રકારે આશ્રય કરવાથી ધર્મી સ્વરૂપ કે જે આપણા આત્માના અધિષ્ઠાનમાં ભાવાત્મક સ્વરૂપથી અને બહાર સેવ્ય સ્વરૂપથી બિરાજી રહેલ છે, તે ધર્મી ભાવાત્મક સ્વરૂપનો આપણા હૃદયમાં આવિર્ભાવ થાય છે. આ આવિર્ભાવ થતાંજ ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યાની નિવૃત્તિ થઈ જાય છે. અથવા અહંતા-મમતાત્મક હૃદય ગ્રંથી ભેદાઈ જાય છે, ત્યારે ભૌતિક-આધ્યાત્મિક વિજાતીય વિચાર વંટોળનું નામ નિશાન પણ રહી શકતું નથી. એટલે કે ધર્મી સ્વરૂપના આશ્રય વિના બન્ને પ્રકારની અવિદ્યાની નિવૃત્તિ બીજા કોઈ પ્રકારે થઈ શકતી નથી. ‘બીજા પ્રકારે’ એટલે અંશ કલા વિભૂતિની આશા કે આશ્રયથી જો અવિદ્યાની નિવૃત્તિ થઈ શકતી હોત તો ‘મામેકં’ મારા એકનેજ શરણે આવો તેવી આજ્ઞા ન કરત.

પૂર્ણ પ્રમેય બલ ધર્મી સ્વરૂપમાંજ રહેલું છે. નહી કે અંશ કલા વિભૂતિમાં. કલિકાલના પ્રબલ દોષ ગ્રસ્ત જીવોનો ઉદ્ધાર પૂર્ણ પ્રમેય બલથીજ થાય છે. અને પૂર્ણ પ્રમેય બલ પૂર્ણ પુરુષોત્તમના ધર્મી સ્વરૂપમાંજ રહેલું છે. તેથી જ પ્રભુ ઉદ્ધવજીને આજ્ઞા કરે છે કે મારા ધર્મી સ્વરૂપનેજ શરણે આવો, અને શ્રીકૃષ્ણાશ્રયમાં પણ આપશ્રીએ ધર્મી સ્વરૂપના જ આશ્રયનું વિધાન કરેલું છે. “તેથી અંશ કલા વિભૂતિ આ સર્વમાંથી નિષ્ઠા છોડી કેવલ સેવ્ય સ્વરૂપમાંજ નિષ્ઠા રાખી કાયીક-વાચીક અને માનસીક ત્રણે પ્રકારના આશ્રયને સિદ્ધ કરવો.” સેવા ન બની શકે તો ‘વાચીક’ ગુણગાન તથા નામ સ્મરણથી અને

'માનસીક' સ્વરૂપ અને લીલા ચિંતનથી આશ્રય સિદ્ધ થઈ શકે છે.

ભૌતિક-આધ્યાત્મિક વિચાર વંટોળ ઉત્પન્ન થવાનું એક મુખ્ય કારણ અસમર્પિત સેવન છે. પ્રભુનું અધરામૃત સેવન કરનાર દુસ્તર માયાને સહજ તરી જાય છે. અધરામૃતનું સેવન કરનારને માયા તરવી નથી પડતી. પરંતુ તેવા ભક્તના સંબંધથી માયા સ્વયં તરી જાય છે-કૃતાર્થ થઈ જાય છે. આ અધરામૃતનું કેવું અદભૂત રહસ્ય છે કે 'દુસ્તર' ઘણાં દુઃખોથી તરી શકાય તેવી માયા સ્વયં તરી જાય છે. એટલે તેવા રસિક ભગવદીયની સહકારી બની જાય છે. મહાકારૂણિક સ્વામીનો પ્રગટ કરેલો સેવા માર્ગ અદભુત છે.

'સેવાફલ' ગ્રંથમાં આપશ્રીએ "ઉદવેગ-ભોગ અને પ્રતિબંધ" આ ત્રણ પ્રકારને માનસી સિદ્ધ થવામાં બાધક કહ્યા છે. તેમાં 'ભોગ' એટલે અસમર્પીત સેવનથીજ ઉદવેગ અને તેથી પ્રતિબંધ ઉત્પન્ન થાય છે. તેથી પ્રભુના અધરામૃનું સેવન કરવાનો આગ્રહ રાખવો ઉચિત છે. ભોગ ધરીને ન લઈ શકાય તો ચરણામૃત પધરાવીને લેવાનો ગૌણ વિકલ્પ રાખ્યો છે. "પરન્તુ પરિવારનુ જુઠણ અને કુટુંબો સાથેના ખાન પાનમાં લેવાતું જુઠણ આત્મનાશ કરનાર 'કાલકૂટ' વિષ જેવું માની તેનાથી ડરતા રહેવું જોઈએ." ભગવદ્ પ્રાપ્તિની ચાહના વાળાઓ આટલું જો ન કરી શકે તો ભગવદ્ પ્રાપ્તિમાં મુખ્ય અધિકાર પ્રાપ્ત થતો નથી. પ્રભુ દયાળુ હોવાથી ભજન કરનારને ફલ તો અવશ્ય આપેજ છે પણ સ્વરૂપાનંદના અનુભવનો અધિકાર પ્રાપ્ત થતો નથી. મોક્ષ જેવા ગૌણ ફલો ભજન કરનારને પ્રાપ્ત થાય છે. પુષ્ટિ ભક્તિમાં મોક્ષની કંઈ કિંમત નથી. પુષ્ટિ ભક્તિનું ફલ, સાક્ષાત સ્વરૂપાનંદનો અનુભવ છે. તે જો પ્રાપ્ત ન કર્યું તો પુષ્ટિમાં આવ્યા ન આવ્યા જેવુંજ ગણાય.

સારસ્વત કલ્પના અવતાર લીલા કરતાં શ્રી મહાપ્રભુજીના પ્રાકટયની વિશેષતા છે. આ વિશેષતાઓ સેવા માર્ગમાં રહસ્ય ભરી રહેલી છે. તેના થોડાક પ્રસંગો અહીં વિચારીએ :

બસો બાવનમાં એક ડોકરી વૈષ્ણવે કાળને આઠ વખત પાછો ધકેલ્યો. જેમ નોકરને

હુકમ કરે તેમ હુકમ કરીને આઠ વખત કાળને પાછો ફેરાવતા રહ્યા. ચૌદ લોકના બનાવનાર બ્રહ્માજી કાળથી ડરપે છે. આવા કાળને નોકરની માફક ગણ્યો. આ અધરામૃતનોજ પ્રભાવ છે. તેથીજ સપ્તશ્લોકીમાં શ્રીમત્પ્રભુચરણોએ શ્રીમહાપ્રભુજીના પ્રક્ટ કરેલા સેવા માર્ગને "અદભૂત" કહ્યો છે.

"માયાવાદતમો નિરસ્ય મધુભિત્
સેવાખ્યવર્ત્માદભૂતમ્"

"અદભૂત" એટલે આશ્ચર્ય ઉત્પન્ન કરે, વિલક્ષણતા બતાવે તેવો સેવા માર્ગ છે. ચૌદ લોકના બનાવનાર અને ચાર વેદના પૂરા જ્ઞાતા એવા બ્રહ્માજી કાળથી ડરપે, અને શાસ્ત્રનું જેને કંઈ પણ જ્ઞાન નથી તેવો સામાન્ય જીવ કાળને નોકર જેવો માની પાછો ફીરવતા રહે, આ આશ્ચર્યજ ગણાયને ?

બીજો પ્રસંગ ચોરાસીમાં ગોરજા સમરાઈ, સાસુ-વહુનો છે. આ સમરાઈએ એકજ દિવસની સેવામાં શ્રીપ્રભુનો સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો છે, બોલતા કરી દીધા છે ! દામોદર દામ-ઉદર બની ગયા છે. એટલું જ નહી શ્રી વ્રજ ભક્તો જેવું સુખ આ સમરાઈ અનુભવ કરવા લાગ્યાં છે. આ સેવા માર્ગનીજ અદભૂતતા છે.

ત્રીજા પ્રસંગમાં તો ખુબ રહસ્ય રહેલું છે. તે આ છે કે – શ્રી નંદરાયજી આદિ વ્રજના ભક્તો પ્રતિ વર્ષ ઇન્દ્રયાગ કરતા હતા. આ ઈન્દ્રયાગ વ્રજના ભક્તો માટે અન્યાશ્રય રૂપ હતો. પ્રભુએ તે અન્યાશ્રય છોડાવવા માટે શ્રી ગોવર્ધનયાગ કરાવ્યો. (શ્રીગોવર્ધનયાગ એટલે પ્રભુને ભોગ ધરીને લેવાની રીત – પ્રણાલી) આ યાગથી ઈન્દ્ર કોપાયા ઇન્દ્રએ કહ્યું કે તમે વ્રજને ડૂબાવી દો આ પ્રલયકારી વર્ષા કરો. મેઘોએ પ્રલયકારી વર્ષા શરૂ કરી-તેથી વ્રજ ભક્તોએ અતિ દુઃખી થઈને પ્રભુને પોતાના રક્ષણ માટેની પ્રાર્થના કરી. અહીં તત્સુખ સાગર-તત્સુખી (શ્રીવલ્લભ) સ્નેહનું જ્ઞાન કરાવવા વ્રજભક્તોને ટોંક કરે છે કે ગોપીજનો સ્નેહમાર્ગથી ચ્યુત-ખસી ગયા. કારણ કે સ્નેહમાં તો પોતાનું ચાહે તેમ થાય પણ પ્રિયને શ્રમ ન અપાય. ગોપીજનોએ પ્રિયનું રક્ષણ કરવું જોઈતું હતું તેના

બદલે પોતાના રક્ષણની પ્રાર્થના કરી. આ તત્સુખી સ્નેહથી વિપરીત થવાથી સ્નેહમાર્ગથી ચ્યુત થયાં તેમ આપશ્રીએ તે સ્થળના શ્રી સુબોધિનીજીમાં આજ્ઞા કરી છે.

હવે ઇન્દ્રો પ્રલયકારી જલની વર્ષા કરી તેનું રહસ્ય વિચારીએ. આ વર્ષા ભૌતિક જલની નથી, પરંતુ સાક્ષાત્ સ્વરૂપાનંદના અનુભવમાં બાધક વિજાતીય ભાવો જે વ્રજસ્થ ભક્તોમાં હતા તેનેજ વર્ષાના રૂપમાં બહાર કાઢયા છે. વિજાતીય ભાવોનો સંગ્રહ અસમર્પિતથી થયેલો. હવે ફરીને તે સંગ્રહ ન થાય તે માટે શ્રી ગોવર્ધનયાગથી તેમને સમર્પીત લેવાનું શરૂ કરાવ્યું. આ શ્રી ગિરિરાજને ભોગ ધરીને લેવાની પ્રણાલી આજે પણ વ્રજવાસીઓમાં દેખાય છે. પ્રભુએ ગિરિરાજ ધારણ કરીને એક તરફ વિજાતીય ભાવોને બહાર વર્ષાના રૂપમાં કાઢયા અને બીજી તરફ વ્રજસ્થ ભક્તોને પોતાની સન્મુખ સાત દિવસ રાખી સ્વરૂપામૃતનું પાન કરાવી સ્વરૂપાનંદમાં નિમગ્ન કર્યા. આ અસમર્પીત સેવનથી ઈન્દ્રના પ્રકોપનો અનુભવ વ્રજસ્થ ભક્તોને કરવો પડયો તેવો અનુભવ શ્રીમહાપ્રભુજીના સેવા માર્ગના અધરામૃતનું સેવન કરનારા ભગવદીયોને કરવો પડયો નથી. સેવ્ય સ્વરૂપથી કોઈપણ પ્રકારની અપેક્ષા નહીં. પ્રભુના સુખમાંજ સુખી, આવો અદભૂત તત્સુખી સ્નેહ માર્ગ તેનું નામ "સેવામાર્ગ." સેવા માર્ગનું અનેક પ્રકારનું રહસ્ય છે-અહીં ત્રણજ પ્રસંગો જણાવ્યા છે.

હવે ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યા વિચાર સૃષ્ટિને નાબુદ કરવાનો બીજો પ્રકાર વિચારીશું આ બન્ને અવિદ્યાની નિવૃતિ જીવથી થવી શક્ય નથી. કારણ કે અવિદ્યા અને વિદ્યા આ બન્ને માયાની પુત્રીઓ છે. અને માયા એ પ્રભુની શક્તિ છે. પ્રભુની શક્તિને દૂર કરવી તે સામર્થ્ય જીવમાં નથી-પ્રભુ કૃપા કરીને દૂર કરે ત્યારેજ દૂર થઈ શકે. આ પ્રભુની કૃપા પ્રાપ્ત કરવા માટે નિઃસાધન-દીન ભાવે પ્રભુ ચરણસરોજનું શરણ ગ્રહણ કરવું. શિ. 28-11 માં શ્રી હરિરાયચરણ પ્રભુને વિજ્ઞપ્તિ કરે છે કે હે નાથ ! કામ-ક્રોધ-લોભ-મોહ-મદ માત્સર્ય-શોક-ભય. આ માયા જનીત દુઃખથી પીડાયેલો હું દીન બન્યો છું. અને દીનજન આપની કૃપાનો પાત્ર છે. દીનજન ઉપર આપ કૃપા કરો છો તો કૃપા કરી મારું આ દુઃખ દૂર કરો. શ્રીહરિરાયપ્રભુના આ કથન મુજબ નિઃસાધન –

દીનભાવથી નિરંતર અષ્ટાક્ષરના સ્મરણથી દયાળુ પ્રભુનું શરણ વિચારવું.

નવરત્નમાં સર્વ પ્રકારની ચિન્તાની નિવૃત્તિ માટે અન્તીમ બ્રહ્માસ્ત્ર જેવું અષ્ટાક્ષરનું સતત સ્મરણ કરવાની આજ્ઞા આપે શ્રીમુખથી કરેલી છે. આ આજ્ઞાના પાલનમાં કર્તવ્યનિષ્ઠ થવું.

શ્રીપ્રભુચરણે વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરી છે કે,
યદુક્તં તાતચરણૈઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
તત એવાસ્તિ નૈશ્ચન્ત્યમૈહિકે પારલૌકિકે ।।

અર્થ = અમારા તાત ચરણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ જે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એમ શ્રીમુખથી કહ્યું છે. તેથીજ અમોને આલોક અને પરલોકમાં નિશ્ચિંતતા છે. આવા આપત્તિ કે સમ્પત્તિમાં અષ્ટાક્ષરના સ્મરણથી શરણ ભાવનજ વિચારવું. આ પ્રકારે શરણમાં રહેનાર જીવનું બધુ કાર્ય પ્રભુ સ્વયંજ સિદ્ધ કરે છે.

શ્રીહરિરાય ચરણોક્ત "સ્વમાર્ગસર્વસ્વમ્" નામનો ગ્રંથ છે. તેમાં આપ આજ્ઞા કરે છે કે પ્રભુના ઐશ્વર્યનો વિચાર કરતાં જીવને પ્રભુ પ્રાપ્તિ થવી દુર્લભ છે. તેથી પોતાના દોષની સ્ફૂર્તિ અને દીનતા સહિત ચાતકની જેમ સદા રટન કરવાથી પ્રભુ દીન જન પર કૃપા કરે છે. શિ. 33 માં શ્રીહરિરાયપ્રભુ આજ્ઞા કરે છે કે-આ અનુગ્રહ પુષ્ટિ માર્ગમાં ફલ આપવાની જ્યાં સુધી પ્રભુની ઈચ્છા હોતી નથી-ત્યાં સુધી ફલ પ્રાપ્તિમાં પ્રતિબંધ રહી આવે છે. પ્રભુની આ પ્રતિફ્લ ઈચ્છાને અનુફ્લ બનાવવા માટે કરૂણાત્મા શ્રીહરિરાય પ્રભુ આપણા જેવા જીવોનું હિત વિચારી ઉપાય બતાવે છે કે –

તદાવરણ નાશસ્તુ દૈન્યાદેવ હરૌ કૃતાત્ ।
સ દીનેષુ નિજાનિચ્છામનુફ્લાં કરોતિ હિ ।।2।।

અર્થ = (પ્રભુની પ્રતિફ્લ ઈચ્છારૂપ) આવરણનો નાશ હરિ સન્મુખ દૈન્ય દર્શાવવાથી થાય છે. એ ભગવાન દીન તરફ પોતાની ઈચ્છા નિશ્ચય અનુફ્લ કરે છે.

શ્રીમત્પ્રભુચરણ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે કે-"આપના જનને સુખ કે દુઃખ આપની ઈચ્છાથીજ થાય છે." આપણને કાયીક અને માનસીક દુઃખ થવાનું એક કારણ મારી અલ્પ મતિમાં એમ સમજાય છે કે, આપણી અસાવધાનતામાં નાના-મોટા અનેક અપરાધો થતા હોય છે. આ અપરાધોના નિવારણ માટે દંડ રૂપે આપણને બન્ને પ્રકારનું દુઃખ પ્રાપ્ત થાય ચે. આ દુઃખની નિવૃત્તિ માટે આપણા દોષોનો વિચાર કરી દીન ભાવથી અષ્ટાક્ષરના સતત સ્મરણથી શરણ ભાવન વિચારવું.

કોઈપણ અધિકાર, અધિકારના કાર્યની જવાબદારીને સંભાળ્યા વિના પ્રાપ્ત થતો નથી. એવો લોકમાં પણ વ્યવહાર જોવાય છે. તેમ અલૌકિકમાં આપણે બ્રહ્મસંબંધ લીધું તેથી વૈષ્ણવતાનો અધિકાર પ્રાપ્ત થયો. આ અધિકારને સંભાળવા માટે કેવા કેવા પ્રકારની ફરજો છે ? આ ફરજોનું પાલન આપણે જવાબદારી પૂર્વક કરીયે તોજ અધિકાર રહી આવે. વૈષ્ણવતાના અધિકારમાં નાના પ્રકારની ફરજોને સમજવા માટે ચોરાશી બસોબાવન ભગવદીયોના જીવન ચરિત્રો અવશ્ય જોવા જોઈએ.

આપણી હીન દશામાં પણ પ્રભુનું જ અનન્ય ભાવે શરણ રાખવું, આવો બોધ આપતું શ્રી હરિરાયપ્રભુનું પદ નીચે મુજબ છે –

દેખોગે કબ મેરી ઓર ।
શ્રીવલ્લભ નિજ દીન જાનકે,
કરૂણા કર નયનનકી કોર ।।1।।
કહીયો કબ વચનામૃત શિતલ,
મો તન મુરક, "દાસ તુ મોર" ।
કબ કાઢ લેહો ભવ જલતે,
ડૂબેકું કર ગહી ભુજ જોર ।।2।।
વિષય વાસના વસત નિરંતર,
યહ નિશ્ચય જાન્યો જીય અપને,

મો સમ નાહીન સેવા ચોર ।।3।।
ચરણ શરણ અબ આય ગહેહે,
મન વચ કર્મ સબનસો તોર ।
"રસનિધિ" જાનો સોઈ કીજે,
તુમ બિન નાહીન ઓરે ઠોર ।।4।।

મન-વચ-કર્મથી, અન્ય સર્વથી સંબંધ તોડીને કેવલ ધર્મી સ્વરૂપનું અનન્ય શરણ ભાવન દીન ભાવ પૂર્વક વિચારવું. વિજાતીય વિચાર વંટોળને હટાવવા માટે આપે જીજ્ઞાસા દર્શાવી તેનું ભગવદ્ કૃપાએ યથામતિ સમાધાન આપને પાઠવેલ છે.

પત્રોત્તર

લેખક : "મધુકર"

સ્નેહી ભાઇશ્રી-સપ્રેમ શ્રીસ્મરણ

આપણું વાસ્તવિક દૈવી જીવન આધિદૈવિકતા પ્રાપ્ત કરીયે તેમાં રહેલું છે. આ આધિદૈવિકતા તાપકલેશથી સિદ્ધ થાય છે. અને આ તાપકલેશ વિરહાત્મક વાણીના અવલોકનથી સ્તોત્રોના અને પદોના ગાનથી તાપકલેશની વૃદ્ધિ થાય છે. આ તાપકલેશથી વિજાતીય ભાવ દગ્ધ થવાથી હ્રદયમાં પ્રકાશ થાય છે ત્યારે નિત્યલીલા મધ્યપાતી આધિદૈવિક સ્વરૂપને ભૂલી ગયેલા દૈવી જીવને પોતાનું કર્તવ્ય પણ સમજાય છે. તેમજ ઉપરોક્ત વાસ્તવિકતાને પ્રાપ્ત કર્યા વિના અલ્પ આનંદોના પ્રલોભનોમાં કયાં ક્યાં ઠગાય છે તે પણ સમજાય છે.

"રાજ યહ મારગ હાંસી ખેલકો નહી હે તાપ કલેશકો હૈ" જ્યારે માર્ગજ તાપાત્મક પ્રગટ કર્યો છે. તો તેની પ્રત્યેક ક્રીયાઓ કાયીક-વાચીક-માનસિક તાપભાવ સંયુક્ત જ હોવી જોઇએ. આ તાપકલેશને અલ્પ આનંદોના પ્રલોભનો બુઝવી દે છે. વિરહાત્મક વાણી તાપકલેશમાં વૃદ્ધિ કરે છે-અથવા તાપ કલેશની જ્યોતિને પ્રકાશ યુક્ત કરે છે.

"વેણુગીત પુન:યુગલ ગીતકી રસ બરખા બરખાઇ." આ ઉભય ગીત વિપ્રયોગ ઉગ્ર રસથી ભરેલા છે. નિજ્જનોને મહા કારૂણિક સ્વામીએ આ વિપ્રયોગ રસથી પોષ્યા છે. તેમજ આ વિપ્રયોગ રસમાં નિમગ્ન કર્યા છે.

પ્રશ્ન-ગોપીગીત અને ભ્રમરગીત-આ બન્નેમાં પણ ઉગ્ર વિપ્રયોગ રસજ રહેલો છે. તો આ બન્ને ગીતોને નહીં કથતા વેણુગીત યુગલગીતનું જ મહાનુભાવ પદમાં કેમ કથન કર્યું હશે ?

ઉત્તર-ગોપીગીત અને ભ્રમરગીત સંયોગ સ્વરૂપથી સુખની અપેક્ષાએ ગાયેલાં હોવાથી તેમાં પ્રીયતમને ઉપાલંભ આપેલ છે. તત્સુખ સાગર શ્રી મહાપ્રભુજીને ઉપાલંભના ભાવો રૂચિકર થતા નથી. જ્યારે વેણુગીત-યુગલગીત ઉપાલંભના ભાવો રહિત નિર્દોષ છે. આ ઉભય ગીત ગાનારા શ્રી ગોપીજનોને પ્રિયતમના રસાત્મક-ભાવાત્મક સ્વરૂપનો આંતરમાં અનુભવ થાય છે. શ્રીગોપીજનોને પોતાનેજ અનુભવ થાય છે. એટલું જ નહી પ્રિયતમને પણ તાપાત્મક ભાવોમાં રહેલ માધુર્યતાનો અનુભવ કરાવી પોતાની તત્સુખાત્મક સેવા માનસી પ્રકારે સિધ્ધ કરે છે, આવા મહાન વિપ્રયોગાત્મક રસથી શ્રીવલ્લભે નિજ્જનોને પ્લાવીત કર્યા છે. એટલું જ નહીં પરન્તુ સ્વકીયોના પક્ષપતિ સ્વામીએ તો બહાર પ્રગટ સંયોગ સ્વરૂપથી પણ નિરપેક્ષ બનાવીને "આન્તરં તુ મહા ફલમ્" અગણિતાનંદ અનુભવમાંજ નિરૂધ્ધ કર્યા છે-આ આપના અદેયદાનમાં મહાન ઉદાર ચરિત્રનો વિસ્તાર વિરહી સ્વકીયોમાં જ કર્યો છે.

વિરહ સાધન રૂપ પણ છે અને ફલરૂપ પણ છે. વિરહની પરમ ફલાત્મકતા – પરમ નિરોધાત્મકતાનો અનુભવ વિરહી રસિકજનનેજ થાય છે નહી કે ઇતરને.

'દમલા પ્રભુદાસ બડભાગી તિનકો પુનઃ પુનઃ આપ શિખાવે" શ્રીવલ્લભાગ્નિના દુર્લભ પદામ્બુજને વરેલા સ્વકીયોના સૌભાગ્યને અને તેમના મહાન અભ્યુદયને અધિક હું અલ્પજ્ઞ જીવ શું કથી શકું ?

વલ્લભવરકો મારગ બાંકો ।। તામે ચલે વિરહી રસિકજન, બિચમે કઠીન પ્રેમકો નાકો ।।1।। ક્ષણ ક્ષણ પ્રાણ અકોર દેત હે, તોઉ નહી સંતોષ હીયાકો ।। "રસિકદાસ" શ્રીવલ્લભવર-હે ફલરૂપ વિરહજીન જાકો ।।2।।

પ્રશ્નોત્તર

લે. શ્રી વલ્લભ પાદપદ્મ મિલિન્દ

ભાઇ શ્રી....સપ્રેમ શ્રીસ્મરણ

તમારા પ્રશ્નોનો પ્રત્યુત્તર નીચે મુજબ છે.

(1) સવારના વહેલા 4 વાગે ઉઠીને શ્રી સર્વોત્તમ સ્ત્રોતનો પાઠ અને આપશ્રી મહાપ્રભુજીના સ્વરૂપના ધ્યાનનો પ્રકાર હમણા ઘણા સમયથી તૂટેલો છે. આવું કેમ બનતું હશે ?

આ તમારા પ્રશ્નના જવાબમાં લખવાનું જે લઘુરાસ સમયે પ્રિયતમે શ્રીવ્રજ પ્રિયાઓને પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો. આ સ્વરૂપાનંદને તેઓ પચાવી ન શક્યા. સૌભગમદ ઉત્પન્ન થયો જ અમો અન્યથી શ્રેષ્ઠ છીએ. આ સૌભગમદથી પ્રિય અંતર્હિત થઇ ગયા. તે રીતે આપણને સર્વોત્કૃષ્ટ ધ્યેય સ્વરૂપ સમજાણું અને તેજ સ્વરૂપને ધ્યેય બનાવ્યું. આથી આપણને અભિમાન થાય, અને બીજા ભગવદ્ પરિકરમાં ગૌણતા દેખાય. અર્થાત્ દોષ દ્રષ્ટિ રહે તો પ્રિયપ્રભુ અપ્રસન્ન થઇને તિરોહિત થઇ જાય છે. એટલે કે ધ્યેયને સિદ્ધ કરવામાં પ્રિય સ્વયં સાધનરૂપ થયા છે. તે સાધનોમાં શિથીલતા આવી જાય છે. અથવા પ્રિય જ્યારે હ્યદયમાંથી તિરોહિત થાય છે. ત્યારે વિજાતીય ભાવોનો સંચય થાય છે, આ વિજાતીય ભાવોથઈ ધ્યેયમાં શિથીલતા આવી જાય છે.

વસ્તુતઃ સર્વોકૃષ્ટ સ્વરૂપ સમજાયું અને તે સ્વરૂપને જ ધ્યેય બનાવ્યું, પછી તો તત્સુખનો તાપભાવજ જાગૃત થઇ જવો જોઇએ જે મારૂં પ્રિય સ્વરૂપ તો અગણિતાનંદનો ભોગ કરનારૂં છે. તે સ્વરૂપનો અગણિત આનંદ પ્રાપ્ત કરીને તે આનંદને ધારણ

કરવાની પાત્રતા મારામાં ક્યારે સિદ્ધ થશે ? તેનો તાપકલેશ વધવો જોઇએ. અને જ્યાં પ્રિયને સુખરૂપ બનવાનો તાપકલેશ રહે છે ત્યાં અભિમાન નહીં થતાં દૈન્યજ પ્રગટે છે. આવી દૈન્યતાથી પ્રિયની પ્રસન્નતા રહી આવે છે. ત્યારે ધ્યેયથી ચ્યુંત કરનારા કોઇપણ પ્રતિબંધો આવી શકતા નથી.

વિરહ અનલ યાતે કહત સબ ગુણ પૂરણ એહ ।
પકવદશા કર દેહતે, ભરદે નિરવધિ નેહ ।।

પ્રણય માધુર્યતાના અનંત-અગણિત ગુણોથી પૂર્ણ પ્રિયતમથી સામ્યતા-તન્મયતા સર્વાત્મભાવ વિ. જ્યારે અહંનું અસ્તિત્વ વિરહાગ્નીથી દગ્ધ થાય છે, ત્યારે જ સિદ્ધ થાય છે.

ગોપીગીતના છઠ્ઠા શ્લોકમાં 'ભજ સખે, ભવત્ કિંકરીઃ' આ વાક્યના સંદર્ભથી શ્રી ગોપીજનો પ્રિયને કથે છે કે ગીતાજીમાં "યેયથામાં પ્રપધ્ન્તે" એમ આપે પ્રતિજ્ઞા કરી છે કે "ભક્ત જેના ભાવથી મારૂં ભજન કરશે તેવા ભાવથી હું પણ તેનું ભજન કરીશ" તો અમે આપનું જેમ સંયોગની અપેક્ષાવાળું ભજન કરીએ છીએ તેવી રીતે આપે પણ કરવું જોઇએ. શ્રી ગોપીજનોના આ કથનમાં શાસ્ત્રોક્ત શ્રવણ સાધનબળનું 'અહમ' રહેલું છે. આ અહમની નિવૃત્તિ, ગોપીગીતના છેલ્લા શ્લોકમાં તેમની મૂર્છિત અવસ્થામાં થઇ છે. (કથી છે). ઉક્ત કથનથી વિરહાનુભવ વિના ભક્તિમાર્ગીય અહં-અભિમાનની નિવૃત્તિ થઇ શકતી નથી.

1 ધ્યેય સ્વરૂપમાં સ્થિત થવામાં વિજાતીય ભાવો પ્રતિબંધક છે. આ વિજાતીય ભાવોનું સર્જન અસમર્પીત લેવાથી થાય છે. "ભોગ" માનસી અવસ્થામાં બાધક છે. માનસી વ્યસનાવસ્થામાં અનુભવાય છે. એટલે પ્રેમ આસક્તિ વ્યસનની ઉચ્ચકક્ષાએ પહોંચવામાં ભોગ સહન બાધક ઘાતક બને છે. આપે પ્રકટ કરેલી સેવા મર્યાદાનુસાર અધરામૃતનું સેવન, સ્નહમાર્ગથી ચ્યુત થવા નહીં દે.

હવે પ્રાકૃત વિષય કથાય છે. આપણું ધ્યેય સ્વરૂપ સર્વોત્કૃષ્ટ સમજાય, અને બીજામાં ગૌણ પ્રકારે સ્વરૂપ વિલસતું દેખાય ત્યાં આ ભાવના કરવી કે પ્રભુ અનંત રસ રૂપ છે, અનંતરસના ભોક્તા છે, પ્રત્યેક ભક્તમાં રસની વિવિધતા (ગૌણ-મુખ્ય) પ્રકટ કરીને આપજ તેનો ભોગ કહે છે. ગોપીગીતમાં 19 પ્રકારના ભક્તો છે. પ્રત્યેકમાં રાજસ-તામસ-સાત્વિક અને નિર્ગુણ ભાવરસની વિવિધતા રહેલી છે. તેનો આપજ ભોગ કરે છે. આથી બીજામાં ગૌણતા દેખાય ત્યાં નિર્દોષ લીલાની વિવિધતા જાણી આપણા સર્વોત્કૃષ્ટ વરણનું અભિમાન થવા ન દેવું. આપણા ભાવથી વિજાતીયતા દેખાય તેમાં ભળવું નહીં તેમ દોષ દ્રષ્ટિ પણ રાખવી નહીં. શ્રી પ્રભુચરણ વિજ્ઞાપ્તિમાં આજ્ઞા કરે છે :

વિજાતીય જનાક્રાન્તે નિજ ધર્મસ્ય ગોપનમ્ ।
દેશે વિધાય સતતં સ્થેયમિત્યેવ ભાસતે ।।
(9-18)

નિવેદિતાત્મભિન્નેષુ સદૌદાસીન્યમાચરેત ।
પ્રાવા હિકાસ્તેડપિ ચેત્સ્યુ, રૂપે ક્ષૈવોચિતા તદા
(9-20)

વસ્તુતઃ તો સર્વોત્કૃષ્ટ સ્વરૂપ આપણને સમજાયું. અને તેને જ ધ્યેય બનાવ્યું તેમાં પ્રિયતમનો અતિશય અનુગ્રહજ માનવો જોઇએ. આ અનુગ્રહના દર્શન સ્નેહ સંબંધથી કરવાં. તે એવી રીતે કે આપણને દિવ્ય પ્રેમ જો કે પ્રાપ્ત થયો નથી. પરન્તુ તત્સુખ પ્રેમ ભાવનું હૃદયમાં બીજ બોઇને તે તત્સુખી દિવ્ય પ્રેમ પ્રાપ્ત કરવાની આપણે સાધના કરી રહ્યા છીએ, તે પ્રિયતમ – હૃદયસ્થ – ભાવાત્મક સ્વરૂપથી બિરાજતા હોવાથી સારી રીતે જાણે છે, અને તેથી પોતાના પીતી પાત્રને સર્વોત્કૃષ્ટ અવસ્થાએ લઇ જવા ચાહે છે. તેથી જ પોતાના સર્વોત્કૃષ્ટ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરાવી ધ્યેય દ્રઢ કરી રહ્યા છે.

ગીતાજીમાં પ્રભુએ પ્રતિજ્ઞા કરી છે કે, જે ભક્ત મારૂં જેવા ભાવથી ભજન કરે છે, તેનું હુ પણ તેવાજ ભાવથી ભજન કરૂં છું. આપણો જેવો ભાવ છે તે ભાવની વૃદ્ધિ કરીને

સર્વોત્કૃટ અવસ્થા સિદ્ધ કરે છે. અથવા પોતાના સમાન પાત્રતા સિદ્ધ કરે છે. પ્રિયતમની આવા પ્રકારની અપાર કરૂણાના દર્શન કરીને તે કરૂણારસના પ્રવાહમાં તસ્કર મનને મજ્જન ઉન્મજ્જન કરતું ડૂબાવી દેવું કે જેથી અન્યનું સ્મરણ જ ન રહે.

શ્રી ગોપીજનોને પ્રિયતમે સ્નેહ સંબંધથીજ અંગીકાર કરી સ્નેહના સંબંધે તેમને સર્વોત્કૃષ્ટ અવસ્થાએ પહોંચાડ્યા છે અને એજ 'રતિપથ' આપણા સ્વામીએ પ્રકટ કરી સ્નેહના સંબંધનોજ વિચાર કરીયે છીએ તેવું જ માનસ ઘડાય છે. અર્થાત અન્તઃકરણ તેવાજ આકારવાળું બની જાય છે. તેથી જ આપશ્રીએ સંન્યાસનિર્ણયમાં આજ્ઞા કરી છે કે "ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્ય દિષ્યતે" મતલબકે, જેવી આપણે ભાવના કરીએ તેવોજ ભાવ સિદ્ધ થાય છે.

શ્રીવલ્લભ પ્રીતમ પ્યારે,
વલ્લભ જગમેં પરમ ઉજીયારે ।
દૈવીન કે હિતકારી,
પ્રેમ ભક્તિ કે જય જય કારી ।।
પ્રેમ ગાવે પ્રેમ ભાવે, પ્રેમમેં અનુદિન રહે
પ્રેમ સ્નેહી પ્રેમ દેહી, પ્રેમ બાની નીત કહે
પ્રેમ સેવા કરે કરાવે, નંદ સુત હદે રહે
વલ્લભી નિજ દાસદાસી સુખ સમુહ કહા કહે
(શ્રીમહાપ્રભુજીની વધાઇ-ચોખરા)

શ્રીહરિરાયચરણ પ્રભુતિ મહાનુભાવોએ પદોમાં સ્તોત્રોમાં શ્રીવલ્લભ પ્યારાનું યશોગાન કર્યું છે તેનું સેવ્ય સ્વરૂપની સન્મુખ કે પરોક્ષમાં ગાન કરવું, અને તેમાં ભીંજાયેલા રહેવું. તેમજ શ્રીસર્વોત્તમજીનું ગાન થાય તો તે પણ કરવું.

"યશપિયુષ લહરી પ્લાવિતાન્ય રસઃ" આપશ્રીનો યશ અનિર્વચનીય દિવ્ય પ્રેમસુધા માધુર્ય છે. તેની લહેર યશોગાનમાંથી પ્રકટ થાય છે, અને તેનાથી નિજ્જનને પ્લાવિત

કરે છે. એટલે પ્રિયતમની સાક્ષાત તત્સુખ સેવાને યોગ્ય તનુનવત્વતાને યશોગાન સહજ સિદ્ધ કરે છે. અન્ય સાધન પ્રયાસ વિનાજ સત્વરે આપનું યશોગાન તનુનવત્વતા સિદ્ધ કરે છે. શ્રી વલ્લભ પ્યારાના યશોગાનનો આવો અદભૂત પ્રભાવ હોવાથી મર્મજ્ઞ શિરોમણિ શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે : "રસિક સદા બડભાગી તે જે શ્રીવલ્લભ ગુણ ગાય."

(2) શ્રી પદ્મનાભદાસજીએ શ્રી વલ્લભના નામનો પોતાના પદોમાં બહુ ઓછો પ્રયોગ કર્યો છે. જ્યાં જ્યાં શ્રી લક્ષ્મણભટ્ટ પુત્ર-સુત વિથી નિર્દેશ કર્યો છે. તેનું શું રહસ્ય હશે ?

આ તમારા પ્રશ્નના જવાબમાં લખવાનું જે શ્રીપદ્મનાભદાસજી પોતાના આધિદૈવિક નાયકા ભાવના આવેશવાળા હોય છે ત્યારે પતિનું નામ ન લેવાય. રસને ગોપ્ય કરવો, આન્તર વિલસવું. "શ્રીલક્ષ્મણ ભટ્ટ પુત્ર" શબ્દ ઉચ્ચારતી વખતે લજ્જાયુક્ત રસ પ્રકટ થાય છે, જે રસનો અનુભવ તે સમયે નાયકા (વ્રજ ભક્ત) જ કરી શકે છે. આપણામાં જ્યારે 'નાયકા' ભાવ પ્રકટ થશે ત્યારે તેવો જ અનુભવ થશે. શ્રી વલ્લભ નામનો ઉચ્ચાર પદમાં કરતી વખતે શ્રી પદ્મનાભદાસજી દાસભાવના આવેશવાળા હોય છે.

(3) હંમેશા એવું સ્ફુર્યા કરે છે કે શ્રી પદ્મનાભદાસજીના પદોમાં વિરહાત્મક અનલ શ્રીવલ્લભાનું બિરાજે છે. ત્યારે અષ્ટસખાદિના કીર્તનોમાં શ્રી વલ્લભભાનુના રશ્મિની આભા બિરાજમાન છે. છેવટમાં વિચારીયે તો 45 પદોમાં વિરહ ભાવની પ્રાચુર્યતા છે. અને સતત શ્રીવલ્લભની વ્યાસંગતાનો અનુભવ રહે છે. જ્યારે અષ્ટ સખાના પદોમાં વિરહ પ્રાચુર્યતાની દ્રષ્ટિએ થોડીક શીતલતા અનુભવાય છે. (આ સમજ મારી છે આમાં કોઇ વિસંગતા ઊભી કરવાનો હેતુ નથી) છેવટમાં શ્રીપદ્મનાભ દાસજીએ "સર્વાજ્ઞાત-એકોહ" નાં ગુણગાન ગાયા અને અનુભવ્યા છે જ્યારે અષ્ટસખાદિએ "એકોહ"ના બદલે 'બહુસ્યામ'ના ગાયા છે. (મતલબ કે સંયોગાત્મક લીલાનું ગુણગાન વિશેષ રૂપમાં છે.)

આ તમારી સમજ સુન્દર છે. કારણ કે તમારી સમજમાં "સહજ સુન્દર" પ્રિયની કરૂણા

ભરી પ્રેરણા છે. આવી સમજના રહસ્ય ભાવોનું પ્રણય સંબંધે ચર્વણયા મનન પ્રિય પ્રભુના ધ્યાન સહિત કરશો તો તમોને એવો અનુભવ થશે કે પરોક્ષ રીતે ભાવાત્મક સ્વરૂપે તમારી હ્યદય નિકુંજમાં આપ બિરાજી તમને પ્રણય રસથી સીંચી રહ્યા છે. આવી અન્તસ્થ સ્ફુરણાને વેણુનાદ પણ કહી શકાય.

હવે ભિતરની પ્રેરણાથી પ્રિયતમને હર સમય જો તમો અપરોક્ષ સમજો તો કોઇના સંગની કે મારા પણ સંગની તમને અપેક્ષા નહીં રહે. "સ્વદાસાર્થકૃતાશેષ સાધન:' આ નામના ભાવાનુસાર તમને અનુભવ થતો રહેશે. અર્થાત તમારો સ્વતંત્ર ભક્તિમાં પ્રવેશ થશે.

આ મહાદાની પ્રિયતમ પોતાના પીતિપાત્રને કોઇની અપેક્ષાવાળા રહેવા દેતા નથી. એ પ્રિયતમનું અનિર્વચનીય ગૌરવ છે. જેમ પ્રિય પ્રભુનું ઉક્ત પ્રકારનું ગૌરવ છે. તેમ પ્રીતિ પાત્ર ભ્કતનું પણ એમાં જ ગૌરવ છે કે પ્રિય પ્રભુ સિવાય સ્વપ્ને પણ કોઇની આશા ન કરે. "દમલા ઓર ભક્ત બહોત હે, મે તેરે વશ હું" આપ જેને વશ છે તે શ્રીમદ્ દમલાજીના શ્રીવલ્લભવર સિવાય બીજું કંઇજ નથી. પ્રત્યેક રોમમાં રોમરૂપ નિકુંજમાં પ્રિયતમનો જ નિવાસ છે. ત્યાં અન્યની ઠોર કહાં ? અરે, પોતાની (સ્વરૂપની) પણ બાહ્ય અપેક્ષા રહેવા ન દે તો અન્યની કેમ રહેવા દે ? આ કથનની સંગતિના શ્રીહરિરાય પ્રભુના પદો નીચે મુજબ છે-

શ્રીવલ્લભ પદ કમલકે બલ,
કાહૂ મન ન આનો હો
શ્રીલક્ષ્મણ સુત ગુન નિધિ તજિ,
અન્ય દેવ ન જાનો હો
જે અન્ય સેવક જન તિન્હુકો ન પહિચાનો હો
તન મન ધન જીવન દે વલ્લભ કર બીકાનો હો
ક્યોં ન તુ શ્રીવલ્લભકે ચરન શરન જાહી,
કાહેકો અતિ આરત વ્હે કહત યાસો વાહી

ઇનકો જો સેવક જન અપરાધ કોટિક ભર્યો,
તજત નાહિ કબહુ શ્રીગોકુલપતિ તાહિ ।।1।।
કોટિક મંત્ર અધિક નામ, રસના કાહે નજપે,
ગાવે ના સુજસ સુદિન, પરમાનંદ ચાહી ।
સિર ધરિ ચરનન, ઇનહીકો સેવન કરી,
ભવ સાગર સુગમ તરન, મુક્તિહું સરાહી રે
સુમરન કરિ એકવાર રૂપ અધર સુધા સાર,
અતિ દુરેહે છિનહીમેં અઘ સમૂહ દાહી ।
સબ દુઃખ પરિહરો, કોઉ ઇનકી સરિ નાહિ ।।3।।

પહેલા પદની ત્રીજી પંક્તિમાં કહ્યું કે "જે અન્ય સેવકજન તિનહુ ન પહિચાનોં હો" શુદ્ધ પુષ્ટિ વરણમાં કેવલ પ્રિય પ્રભુના સ્વરૂપ સિવાય અન્ય કોઇનો પણ સંબંધ રહી શકતો નથી શ્રી મહાપ્રભુજની કુંજમાં આ શુદ્ધ પુષ્ટિ ભક્તોનોજ પ્રવેશ થાય છે. આવા ભક્તોને આપશ્રીએ "પુ-પ્ર-મ" ગ્રંથમાં "શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભા" શુદ્ધ પ્રેમ અતિ દુર્લભ છે. દુર્લભ એટલા માટે કે નિરંતર વિરહના અનુભવથીજ દુર્લભ અધિકાર પ્રાપ્ત થાય છે, અને વિરહમાં એક પ્રિય સ્વરૂપ સિવાય અન્ય સર્વનો ત્યાગ કરવાનો હોય છે. ત્યારેજ વિરહનો અનુભવ થઇ શકે. તેથી શ્રીહરિરાય પ્રભુએ જતાવ્યું કે "જે અન્ય સેવકજન, તિનહુ ન પહિચાનો હો"

અલૌકિક સામર્થ્ય

- મધુકર

તદાત્મક અવસ્થાએ પ્રેમીજનનું વિશ્વ પ્રભુમય બની ગયું હોય છે, અથવા આ સાધકે દિવ્ય પ્રેમ રાજ્ય પર વિજય મેળવી લીધો છે. પોતે જ પ્રિયમય વિશ્વની રચના કરતો આ વિશ્વનો પોતે જ શાસક થઇ ગયો છે. પ્રેમમય જગતમાં જે ભાગ્યવાનો વિચરે છે તેને આ કથન અસંભાવના ઉત્પન્ન નહીં કરે. આ સાધકે આવું સામર્થ્ય પ્રિય પ્રભુ સાથે તદાત્મક ભાવથી પ્રાપ્ત કરેલ છે. પ્રિયપ્રભુના અચિન્ત્ય ઐશ્વર્યને તદાત્મક બનવાથી

પ્રાપ્ત કર્યું છે તેથી નિરાળા પ્રિયમય વિશ્વની રચના કરી શકે છે. આનું નામ જ "સેવાફલ"માં કહેલું અલૌકિક સામર્થ્ય, અથવા સ્વતંત્ર-સ્વાધીના ભક્તિ છે.

અક્ષરાત્મક ભગવાનના અંશરૂપ બ્રહ્માજી જો ભૌતિક બ્રહ્મમય સૃષ્ટિનું સર્જન કરવા સમર્થ છે, તો પછી પુષ્ટિપૂર્ણ પુરૂષોત્તમના સ્વરૂપ સાથે તદાત્મકતા પ્રાપ્ત કરીને જેણે પૃષ્ટિ પ્રભુના સંપૂર્ણ ઐશ્વર્યને પોતાનામાં ધારણ કરેલું છે તેવા પ્રેમી ભક્તો આધિદૈવિક વિશ્વનું અથવા પ્રિયપ્રભુમય વિશ્વનું સર્જન કરી શકે તેમાં શું આશ્ચર્ય ?

સ્વકીયોના હિતકૃતસ્વામી સુ.2-9-19માં આજ્ઞા કરે છે કે- "આ જ આ ભક્તિ શાસ્ત્રનો મુખ્ય સિદ્ધાંત છે કે જે મોટા પ્રયત્નથી ભગવાનનું કર્તવ્ય કરે તે મુખ્ય ગણાય.""મોટો પ્રયત્ન" એટલે વિપ્રયોગરૂપી તપમાં અસહ્ય કષ્ટને સહન કરી સૃષ્ટિ સર્જનનું અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરવું તે છે અને 'ભગવાનનું કર્તવ્ય' એટલે ભગવાન જેમ પોતાની ક્રીડા માટે સૃષ્ટિનું સર્જન કરે છે, તેમ ભગવાનના સામર્થ્યને મેળવી ભક્તે પ્રભુમય વિશ્વનું સર્જન કરવું.

શ્રી વલ્લભ પ્રભુનું ધ્યાન

- મધુકર

હે શ્રીવલ્લભ પ્રભો ! સર્વ લીલા સમાન આકૃતિવાળા છો, સર્વ અલૌકિક લીલા આનંદ ભોગવવામાં આશ્રયરૂપ છો. [શ્રી સ્વામિનીજી શ્રી ઠાકોરજી અને અનંત .યુગલોમાં આપ શ્રી મહાપ્રભુજી સુધારૂપે-સાક્ષીરૂપે-યજ્ઞભોક્તા યજ્ઞ કર્તારૂપે બિરાજમાન છે. યજ્ઞકર્તા સ્વરૂપે અનંત યુગલોમાં રસભાવોને પ્રકટ કરી રસલીલાનો ભોગ યુગલ સ્વરૂપમાં સિદ્ધ કરે છે. અને આ રસના સાક્ષિરૂપથી ભોક્તા પણ આપ સ્વયં છે. એટલે યુગલોમાં લીલાભોગ આપશ્રીના આશ્રયથીજ સિદ્ધ થાય છે.]

શ્રીકૃષ્ણચંદ્રના મુખારવિંદ સ્વરૂપ આપ છો. વ્રજ સ્ત્રીના હ્યદયમાં બિરાજનારા છો. પુષ્ટિમાર્ગ (સ્નેહમાર્ગ)ના પ્રકાશક છો. રાસસ્ત્રીના હ્યદયમાં સ્થાયિ-ભાવાત્મક વિપ્રયોગાગ્નિ સ્વરૂપ છો. શ્રી કૃષ્ણના પણ આંતર કૃષ્ણ છો. સર્વ લીલાના આશ્રય રૂપ

છો. સર્વ લીલા રસથી ભરપુર છો. આપના હ્યદયમાં શ્રીકૃષ્ણ લીલાનો સાગર છે.

("સ્ફુર્જદ રાસાદિલીલામૃત જલધિ ભરાક્રાંત સર્વોપિશશ્વત" 'જલધિ' બહુવચનમાં છે. એટલે અનંત યુગલોના રાસાદિ લીલા અમૃતના અનંત સમુદ્રો આપશ્રી મહાપ્રભુજીના હ્યદયમાં ભરેલા છે.)

આપ સ્વયં આનંદ રસથી ભરેલા છો. અમારા નાથ છો. એવા શ્રી વલ્લભપ્રભુ અમારા હ્યદયમાં બિરાજો. આપશ્રી હ્યદયમાં પધારીને સાક્ષાત પ્રેમલક્ષણા-અર્થાત સ્વતંત્ર ભક્તિનો સંબંધ કરાવો છો. સેવા ફલમાં જે પ્રતિબંધો કહ્યા છે તેને દૂર કરો છો.

[કાળના પ્રભાવથી સેવા આદિદૈવિક બનતી નથી, અને તેથી માનસી સેવા સિદ્ધ થતી નથી, ઉદવગ, ભોગ-પ્રતિબંધ, માનસી સેવાની સિદ્ધિમાં અવરોધ કરનારા છે. આ પ્રતિબંધને દુર કરવા અગ્નિ સ્વરૂપ શ્રી મહાપ્રભુજી વિના કોણ સમર્થ છે ? અથવા કોઇ સમર્થ નથી, શ્રી હરિરાય પ્રભુ એક પદમાં આજ્ઞા કરે છે.

જનમ જનમ કે કૌટિક પાતક,
છિનહિમાં જ દહે
જોપે શ્રીવલ્લભ ચરણ ગહે

જેમ અન્તર્ગૃહગતા રાસમાં જઇ શક્યા નહી, તેમને દેહાદિકનો પ્રતિબંધ નડ્યો. તેથી તેમને મહા વિરહ થયો. આ વિરહમાં વિરહાગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભનો સંબંધ થવાથી કોટિ જનમમા તેમના પાપોને દહન એક ક્ષણમાંજ કર્યા. તેમ આધુનિક ભક્તોના પ્રતિબંધ સમૂહનો નાશ કરે છે.]

કૃષ્ણાધરામૃતાસ્વાદ કરાવવાનું ઉત્તમ સર્વોત્કૃષ્ટ ફલ આપો છો. એ ફલ આપવું આપશ્રીનો સ્વભાવજ છે.

[દુર્લભ એવા કૃષ્ણાધરામૃતનું ફલ આપવું એ આપનો સહજ સ્વભાવ છે. છતાં જીવ આ

ફલથી વંચીત કેમ રહે છે ? આપશ્રીના એકાંગી અનન્ય-આશ્રિત જનોને જ આ ફલ પ્રાપ્ત થાય છે. નહીં કે અન્યને.

(1) જાચું જાય કોનકે ઘરપે, શ્રી વલ્લભસે પાય ધની (2) શ્રી વલ્લભ તજ અપુનો ઠાકુર , કહો કોનપે જૈયે હો (3) હોં તન રંક તિહારો શ્રી મહાપ્રભુ, ઓર કાહુકો નાહી. ઉપરોક્ત મહાનુભાવે એકાંગી આશ્રય જતાવ્યો છે. તેવા આશ્રિતોને આ ફલ પ્રાપ્ત થાય છે.]

દૈવી નિઃસાધન જીવોના ઉદ્ધાર કરવા આપ ભુતલમાં પધાર્યા છો. દૈવી જીવોના ઉદ્ધારમાં તત્પર છો. અમારા ભાગ્ય-ઉદયના નિધિરૂપ છો. પોતાના દૈવી જીવોના પક્ષનું પોષણ કરો છો. અપાર દયાસિંધુ છો. ભક્તિ માર્ગને પ્રકટ કરનારા છો. શ્રૃતિના સંદેહને હરનારા છો. મહાઉદાર છો. આપ અનવતર દશાના ભગવાન છો.[અવતાર દશામાં પ્રભુ બહાર પ્રકટ હોય છે. અને અનવતાર દશામાં પ્રભુ ભક્તના આત્મા રૂપે તેના હ્યદયમાં વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપથી બિરાજી, પોતાના સ્વરૂપમાં નિરોધ કરાવનારા, સેવા સ્મરણ – ગુણગાનાદિ ભાવોની પ્રેરણા કરે છે. આ વિપ્રયોગ-ભાવાત્મક સ્વરૂપ તે શ્રીમહાપ્રભુજીનું છે. બહાર પ્રગટ સ્વરૂપ અવતાર રૂપ કહેવાય છે. અને આત્મારૂપથી ભક્તના હ્યદયમાં રહેલું વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપમાં નિરોધ સિદ્ધ થતાં અગણિતાનંદનો અનુભવ થાય છે.]

આપશ્રી સદાનંદ સર્વેશ્વર, સર્વાત્મા છો. સર્વાન્તર આત્મારૂપથી બિરાજો છો શ્રીકૃષ્ણ વિશે પ્રેમનું દાન કરનારા છો. આપ સ્નેહ અને તેથી થતાં વિયોગાગ્નિનું મૂર્તિમાન સ્વરૂપ છો. અર્થાત મધુર તાપાત્મક સુધા સ્વરૂપ છો. સ્નેહનો વિપ્રયોગનો અલૌકિક લીલાઓનો અનુભવ કરાવવાની તિજોરીની ચાવી આપને પ્રભુએ આપેલી છે. (જુઓ પાંડુરંગ ભક્ત અને શ્રી વિઠ્ઠલનાથજીનો પ્રસંગ) માટે દાન કરવું ન કરવું એ આપની સત્તાની વાત છે. અથવા આપના હસ્તમાં છે. યજ્ઞ ભોક્તા યજ્ઞ કર્તા છો. એવા આપના નામનો જપ કરવાથી ભક્તિ-સ્નેહ માર્ગમાં આવતા વિઘ્નોનો નાશ થાય છે. એવો આપના નામનો પ્રભાવ છે.

["વિનીયોગો ભક્તિ યોગઃ પ્રતિબંધ વિનાશને" । શ્રી સર્વોત્તમજીના છઠ્ઠા શ્લોકમાં કહ્યા મુજબ અગણિત આનંદ જેમાં રહેલો છે, અને અગણિત આનંદનો જે અનુભવ કરાવે છે, તેવા સ્વયંના, વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપના સાક્ષાત અનુભવમાં જેટલા પ્રતિબંધો છે. વિશેષે કરીને સમુલ નાશ કરે છે. એવો આપના નામનો પ્રભાવ છે.]

શ્રીવલ્લભ શ્રીવલ્‌લભ વિના ધ્યાન મુખ ગાય ।
સ્વેચ્છાએ તેને હ્યદે શીઘ્ર આવે વ્રજરાય ।।
(પૃષ્ટિ પથ રહસ્ય)

નામનો આવો પ્રભાવ જાણીને, અથવા નામ ફલરૂપ જાણીને જપવું જોઇએ. શ્રીયમુનાજીના પદમાં કહ્યું છે કે, "ફલ ફલિત હોય ફલરૂપ જાને." એટલે નામ અને સેવા પણ ફલરૂપ જાણી કરીએ ત્યારે જ ફલે છે. જ્યારે આપણે માનીએ કે એ ફલરૂપ છે. હવે મારે બીજું કંઇ મેળવવાનું નથી, પણ વલ્લભ નામ જ શ્રીવલ્લભ સ્વરૂપ છે. જે સ્વરૂપે અહીં ભૂતલ બિરાજે છે, દર્શન આપે છે, એ જ સ્વરૂપનું સ્મરણ કરવાથી પોતે અધિકાર પ્રાપ્ત થશે પોતાના આધિદૈવિક સ્વરૂપના સાક્ષાત દર્શન કરાવશે. આ જ સ્વરૂપમાં શ્રી સ્વામિની ભાવ, "પું" પુરૂષોત્તમ ભાવ તથા સાક્ષી પણ ખરા. ત્રણે આ સ્વરૂપમાં જ છે. રાત્રિ દિવસ દીનતા, નિઃસાધનતા, સ્નેહ, વિરહ સહિત આપનું નામ જપતા જ રહેવું. અષ્ટાશ્રર, પંચાક્ષર, શ્રી સુબોધિનીજી, ષોડશગ્રંથ, વ્રજ લીલા, નિકુંજલીલા બધું આ નામમાં જ છે.

અષ્ટાક્ષર, પંચાક્ષર શ્રીભાગવત ગ્રંથ સહિત, શ્રીવલ્લભના નામમાં, જો છે પૂર્ણ પ્રતિત, વ્રજસંબંધી સહુ વસ્તુસહ, કૃષ્ણ રાધિકારાણી શ્રીવલ્લભના નામમાં સહું આવ્યું વર વાણી શ્રીજી શ્રીસ્વામિની સહ, લલિતાદિક સહુ રૂપ, શ્રી મહાપ્રભુજીમાં સમજવું, મહા પ્રભુ તદરૂપ.

(પૃષ્ટિ-પથ-રહસ્ય)

["નિશ્ચયના મહેલમાં વસે મારો વાલમો." શ્રીવલ્લભ નામમાં જ વિશ્વાસ થતાં મહાપ્રભુ પોતાના નામમાંથી જ પ્રગટ થઇને લીલાધામના સમસ્ત વૈભવનો અનુભવ કરાવે છે. "ભોર ભયો લે શ્રીવલ્લભ નામ," આ પદમાં શ્રી પ્રભુ જતાવે છે-
હરિ વશ છીનહીન હોત-

સ્ફુરત સગરો ભક્તિ મારગ
રૂપ હ્યદય વસે, અરૂ રસ સમૂહ ધામ

"રસ સમૂહ ધામ" નામ – સ્મરણ કરનાર ભક્તના હ્યદયમાં શ્રીમહાપ્રભુજી લીલાધામ સહિત બિરાજે છે. જેમ બીજમાં વૃક્ષ સુક્ષ્મ રૂપે રહેલું છે, અને જલનું સીંચન થતાં અંકુરીત થઇ વૃક્ષ રૂપ ધારણ કરે છે, તેમ શ્રીવલ્લભ નામ રૂપી બીજમાં લીલાધામ સૂક્ષ્મ ભાવાત્મક રૂપે રહેલું છે તે આપશ્રીના સતત નામ સ્મરણથી ભક્ત હ્યદયમાં પ્રગટ થઇ જાય છે. આથી દયારામભાઈએ કહ્યું કે-

નિશ્ચયના મહેલમાં વસે મારો વાલમો,
જે રે જાયે તે ઝાંખી પામે હો જી રે,
ભૂલ્યા ભમે તે બીજા સદનમાં શોધે,
હરિ મિલે ના એકો ઠામે હાજી રે.

નામમાં નિશ્ચય થતાં ઉપરોક્ત દુર્લભ પુરૂષાર્થ પ્રાપ્ત થાય છે. અને નિશ્ચય વિના જીવન પુરૂં થયે કાંઇ જ મેળવી શકાતું નથી. પુષ્ટિમાર્ગમાં જીવ શરણે આવ્યો છતાં નિશ્ચય કેમ કરી શકતો નથી. આસુર ભાવ રહેવાનું કારણ શું ? માર્ગ મર્યાદા પ્રમાણે તનુ-વિત્તજા સેવાથી પ્રભુના અધરામૃતનું સેવન નહિ થવાથી આસુર ભાવોનો આવેશ નિવૃત્ત થતો નથી.]

નામમાં જ રૂપ છે, તેથી નામના અર્થરૂપ અનુસંધાન રાખવું. અથવા નામ-સ્મરણની સાથે શ્રીવલ્લભના સ્વરૂપનું ધ્યાન પણ આવે તેમ નામને જપવું. તેથી હવે મારે બીજે

પ્રભુને શોધવા જવાની જરૂર નથી. નામ પણ તાપ-કલેશ રૂપ અને ફલરૂપ છે. એ પણ આપ શ્રી મહાપ્રભુજી કરાવે ત્યારે થાય. એટલે જીવની સત્તાથી અગર સાધનબલથી કંઇ પણ બને તેમ નથી. લૌકિક જીવથી આવું મહાન અલૌકિક નામ શી રીતે લઇ શકાય ? પણ કરૂણા સાગર શ્રીવલ્લભ જેને પોતાનો કરવાની ઇચ્છા કરે તેનાથી જ આપશ્રીનું નામ લઇ શકાય છે. પોતે જ અંતઃકરણમાં પ્રવેશ કરી પોતે પોતાનું નામ દઇ રહ્યા છે-નામામૃતમું પાન કરાવી રહ્યા છે. "આપ સેવા કરી શીખવે શ્રીહરિ." પોતે જ પોતાનો આનંદ લઇ રહ્યા છે. નામ રૂપે નામ લેનાર ભક્તના હ્યદયમાં બિરાજી રહ્યા છે. પણ બહાર પ્રગટ થઇને સ્વરૂપાનંદનો અનુભવ ક્યારે કરાવશે ? આ પ્રમાણે ભાવના પૂર્વક નામ સ્મરણ કરવું. કારણકે શ્રી મહાપ્રભુજીનું માહાત્મ્ય હ્યદયમાં ઠસે નહિ ત્યાં સુધી જપનું ઉત્તમ ફળ મળતું નથી. બાકી મંત્ર રૂપે છે. તેથી યોગ્ય સમયે હ્યદય તૈયાર (શુદ્ધ) થતાં દાન થાય છે. લોહચુંબક અને સોયનું દ્રષ્ટાંતઃ તેમાં વચમાં કાંઇ વ્યવધાન, વાસના વગેરે હોવું ન જોઇએ. અથવા "મેરો મન ગોવિદસો માન્યો, તાતે ઓર ન જીય ભાવે" પરમાનંદદાસજીના આ પદનો ભાવાર્થ વિચારવો.

ભાવ સમજ્યા વિના-(નામના આધિદૈવિક સ્વરૂપને સમજ્યા વિના) રખડતે ચિત્તે પણ નામ સ્મરણ કરવાથી દોષ દૂર થાય છે એવા વિશ્વાસપૂર્વક નામ લેવું જોઇએ.

કૃષ્ણ સેવા તો છે ફળ, સર્વે તણું ।
ગુરૂ કૃપા બળે બને, કઠીનતો ઘણું ।।
પંચવર્ણ, અષ્ટ વર્ણ સકલ સાર છે ।
ભટકતે મને જપતા પણ બેડો પાર છે ।।
ચિત્ત ભટક્તું જો ભોજન કીજીયે ।
સ્વાદ ઓછો, તદપિ ઉદર ભરી લીજીયે ।।
મન સ્થિર થવા, શાસ્ત્ર રખે રાખતા ।
સદા કાળ રહેજો શ્રીકૃષ્ણ નામ ભાખતા ।।
(દયારામભાઈ)

['પંચવર્ણ પંચાક્ષર અને 'અષ્ટવર્ણ' અષ્ટાક્ષર તેનો પણ સકલ સાર શ્રી વલ્લભનામ છે. કારણ કે મુલ પરબ્રહ્મ સ્વરૂપ શ્રીવલ્લભ નામમાંથીજ પંચાક્ષર અને અષ્ટાક્ષર પ્રગટ થયા છે. તેનું પ્રમાણ નીચે મુજબ છે.

સર્વાજ્ઞાત સ્વરૂપ હિ, બ્રહ્મપૂર્વ રિરસયા,
તોતખિલ જગત્ રૂપ ભૂત્વા તત્રાતિ દુસ્તરા.
(ગાયત્રી ભાષ્ય)

"એકમેવાદ્રિતીય બ્રહ્મઃ" આ આપશ્રી વલ્લભનું સર્વાજ્ઞાત મુલ-પરબ્રહ્મ-નિર્ગુંણ સ્વરૂપ છે. આ સ્વરૂપમાંથી દ્રિધા શ્રૃંગાર રસાત્મક વિલાસ, લીલાજગત બહિઃપ્રગટ થયું. આ બહિઃલીલા જગતના સંબંધવાળા આ પંચાક્ષર અને અષ્ટાક્ષર મંત્રો છે. જ્યારે વલ્લભનામ તો મુળ પરબ્રહ્મના સંબંધવાળું છે.]

સેવામાર્ગની અદભૂતતા :-

- મધુકર

પુષ્ટિ સૃષ્ટિનું સર્જન પ્રભુએ પોતાની સેવા માટે જ કર્યું છે. સેવા શબ્દનો વાસ્તવિક અર્થ આપણે જેની સેવા કરીયે તેને આપણાથી સુખ મળવું જોઇએ. શ્રીમહાપ્રભુજીની પ્રકટ કરેલી સેવા પ્રણાલીમાં તત્સુખભાવ (તનુ વિત્તજાની ક્રિયામાં) મળેલો જ રહે છે. તનું વિત્તજા સેવાની ક્રિયામાં ભાવ પ્રકટ થાય છે. ભાવ એ ભગવદ્ સ્વરૂપ છે. અને પ્રભુ આનંદરૂપ છે. ભાવથી જે ક્રિયાઓ સેવા સમયે થાય છે તેમાં સેવા કરવાવાળા જનને આનંદનો અનુભવ થાય છે. સેવાની ક્રિયામાં પ્રભુને સુખ થાય તો તત્સુખભાવ પણ સિદ્ધ થાય છે.

શ્રી મહાપ્રભુજીની પ્રકટ કરેલ સેવા મર્યાદાને શ્રીમત્પ્રભુચરણે સપ્તશ્લોકીમાં અદભૂત કહેલ છે. "અદભૂત" શબ્દનો અર્થ આશ્ચર્યને ઉત્પન્ન કરે છે.

માયાવાદ તમો નિરસ્ય મધુભિત
સેવાખ્ય વર્ત્મ "અદભૂતમ્" ।
શ્રીમદગોકુલનાથ સંગમ સુધા
સંપાપક તત્ક્ષણત્ ।।3।।

સેવાની ક્રિયામાં ભાવ સ્વરૂપનો પ્રવેશ થાય છે તેજ ક્ષણે સંગમ સુધાની પ્રાપ્તિ થાય છે. આજ સેવા માર્ગની અદભૂતતા છે. આ પ્રકારે સેવા માર્ગ ફલાત્મક પ્રગટ કર્યો છે. ફલરૂપ પ્રભુજ ભાવરૂપથી સેવાની ક્રિયામાં પ્રવેશ કરીને સાધનરૂપ પોતેજ બનીને નિજજનને આનંદનું દાન કરે છે. અથવા આનંદરૂપથી સેવા કરવાવાળા ભક્ત સાથે વિવિધ આનંદના ભાવોથી વિલસવું તેજ આ સેવામાર્ગની અદભૂતતા છે.

પરંતુ અહીં આપણે એ પણ સમજી લઇએ કે સેવા માર્ગની અદભૂતતાનું સુખ, લીલાધામથી વિછુરેલા અને શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલી સેવામર્યાદાનું અતિ આદરથી પાલન કરવાવાળાને જ મળે છે...ઇતિ

મુસાફર જાગતે રહેના....

- પથિક

પ્રભુને ભુલાવે તેવા વિચારોને જ ચોર કહેવાય છે. તે આપણે જાગતા ન હોઇએ તો હ્યદય રૂપ નગરમાં પેસી જાય છે. આપણું દૈવી જીવન તે અમુલ્ય ધન છે. દૈવી જીવનની પ્રત્યેક ક્ષણ અમુલ્ય છે. તેને બીજા વિચારો રૂપી ચોર લુંટી લ્યે છે. જેણે પોતાના દૈવી જીવનની આ રીતે કીમત કરી હોય તેવો બુદ્ધિમાન જીવ જાગતો રહે છે. અને પોતાના દિવ્ય જીવનની પ્રત્યેક ક્ષણનો પ્રભુની સન્મુખતામાં ઉપયોગ કરતો હોય છે. અષ્ટાક્ષરના સતત સ્મરણની આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ કરી છે. જાગૃત જીવ આ આજ્ઞાના પાલનમાં તત્પર થઇ જાય છે.

"દુર્લભો માનુષ્યો દેહો દેહાનામ ક્ષણભંગુરઃ ।"

મનુષ્ય દેહ દુર્લભ છે, તેમાં પણ વૈષ્ણવ કુલમાં, તેમાં પણ શ્રીમહાપ્રભુજીનું શરણ, આમ ઉત્તરોત્તર દૈવી જીવન પ્રાપ્ત થવું મુશ્કેલ છે. તે આપણને શ્રીમહાપ્રભુજીની કરૂણાથી પ્રાપ્ત થયું છે. આવો દુર્લભ દેહ મળવા છતાં તે ક્યારે પડી જશે તે આપણે જાણતા નથી જેનું સમગ્ર જીવન પ્રભુમય બની ગયું છે. તેવો બડભાગી જીવ તો (ભાડુતી મકાન ખાલી કરી પોતાના ઘરના મકાનમાં રહેવા જાય તેમ) લૌકિક દેહ છોડતી વખતે દિવ્ય દેહ પ્રાપ્ત કરી પ્રભુના ધામમાં પ્રવેશ કરે છે. પણ જેનું સમગ્ર જીવન પ્રભુમય બન્યું નથી તેણે જાગૃત રહી પ્રભુમય સમર્પીત કરતો રહેશે. પ્રભુનું માનીને સંસારની જવાબદારી નિભાવવી તે સમયે પણ અષ્ટાક્ષરનું સ્મરણ ભુલવું નહી જોઇએ કારણ કે આપશ્રીની આજ્ઞા છે "વ્યાવૃતોપિ હરૌચિતં" વ્યાવૃત્તિમાં પણ અષ્ટાક્ષરનું સ્મરણ સતત કરતા રહેવું.

દિવાન બનેલો ફકીર દિવાનપણાનું કાર્ય કરીને પોતાના મહેલમાં આવતો ત્યારે ફકીરનો ઝબ્બો પહેરીને ખુદાને પોકાર્યા કરતો : હે માલીક ! મેં તો તને મેળવવા ફકીરી લીધી છે, તું કબ મીલેગા ? આમ આપણે પણ અષ્ટાક્ષરના સ્મરણથી પ્રભુના સાક્ષાત મીલન માટે પોકારતા રહેવાનું છે. આપણી કરૂણ પોકારથી પ્રભુ જ્યારે આપણા હ્યદયમાં પધારે છે. ત્યારે ભૌતિક દેહરૂપી કેદખાનામાંથી જીવને છોડાવી દિવ્ય દેહ પ્રાપ્ત કરાવી પોતાના ધામમાં પ્રવેશ કરાવે છે.

કૃષ્ણ-નામ મહિમા

- પથિક

પાપ તાપ ટારે, ભય સંકટ નિવારે,
શોચ ઉદાસી મિટાવે, મન રહે સુખ ધામમેં ।।
કામ, ક્રોધ, લોભ, મોહ, મદ મત્સર દુર કરે,
અવિદ્યા સમાવે, મન રહે ઘનશ્યામમેં ।।1।।
અનાયાસ સબે સુખ. અશુભાદિ દુર કરે,
જગત જસ કૃષ્ણ દરસ, વસે કૃષ્ણ ધામમેં ।।

ઇત્યાદિ ફલ અનેક દેત હે સ્વયં સદ્ય,
"દયારામ" એસો બલ એક કૃષ્ણ નામમેં ।।2।।

પ્રભુથી વિમુખ રહેતા જીવનું મન આસુર ભાવના આવેશવાળું બનવાથી અનેક દોષો ઉત્પન્ન થાય છે. આ દોષો પાપરૂપ છે. પાપ કર્મથી જીવને દુઃખ આવે છે. ભય ઉત્પન્ન થાય છે. તેના મનમાં ચેન રહેતું નથી એટલે શોકમાં ડૂબેલો રહે છે. જીવન ઉદાશીન બની જાય છે. આવા બધા તન મનના સંકટોને કૃષ્ણનામ દૂર કરે ત્યારે તેનું મન સેવા સ્મરણના દિવ્ય સુખધામમાં રહી દિવ્ય સુખનો અનુભવ કરે છે.

ભગવાનથી વિમુખ થવાથી કાળ માયાના પંજામાં જીવ સપડાય છે, ત્યારે તેના હ્રદયમાં માયા પેસવાથી માયા દુઃખ દેનારા ગુણોને પ્રગટ કરે છે. તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ મત્સર(ઇર્ષા) છે. આ માયાના ગુણોથી જીવને શાંતિ મળતી નથી. "કામ" માંથી અનેક પ્રકારની વિષય વાસના જન્મે છે. વાસના જીવને ગુલામ જેવો બનાવી દે છે. કામમાંથી જ લોભ-મોહ, મદ, ઇર્ષા માયાના ગુણો પ્રગટ થાય છે. આવી દુઃખ દેનારી માયાના ગુણોને કૃષ્ણ નામ એવી રીતે દૂર કરી દે છે કે જેમ સૂરૃય ઉગતાંજ અંધકાર દૂર થઇ જાય છે અથવા બીજું દષ્ટાંત સૂર્ય ઉગતા જ ઝાકળના બિન્દુઓનું શોષણ થઇ જાય છે તેમ દુઃખ દેનારા માયાના ગુણોનું કૃષ્ણ નામ શોષણ કરી લે છે ત્યારે દૈવી જીવનું મન પ્રભુમાં લાગે છે. કૃષ્ણ નામના સ્મરણથીજ અનાયાસે જ કાળ માયાના કેદખાનામાંથી જીવ છૂટો થઇ જાય છે. પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. આવા જીવનો જગતમાં યશ વધે છે. કારણકે પ્રભુ હ્રદયમાં પ્રગટ થવાથી પ્રભુના દિવ્ય ગુણો દૈવીજીવમાં પ્રવેશ કરે છે. પ્રભુમાં અનંત દિવ્ય ગુણો છે. તેમાંથી એક ગુણ પણ જે જીવમાં પ્રવેશ કરે તે જગતમાં પૂજનીય બની જાય છે. પ્રભુના ગુણોનો આવો પ્રભાવ છે. પ્રભુ જ્યારે પોતાના નામ સ્મરણ કરનાર જીવના હ્રદયમાં પધારે છે ત્યારે તે જીવ કાળ માયાના બંધનમાંથી છૂટો થઇ જાય છે. હવે તેને તેના દેહ સાથે અને જગત સાથે સંબંધ રહેતો નથી. આવો દૈવી જીવ પ્રભુના ધામમાંથી ભૂલો પડેલો અનેક જન્મ મરણની યાતના ભોગવીને પોતાના અજર-અમર દિવ્ય દેહથી અખંડ દિવ્ય સુખને

ભોગવવા પ્રભુના ધામમાં પ્રવેશ કરે છે.

દયારામભાઇએ આ પદમાં કૃષ્ણ નામનો અદભૂત મહિમા બતાવ્યો છે. ભગવદીયો બહુજ દયાળુ હોય છે. ભગવાનના સંબંધ વગરના સંસાર રૂપી કેદખાનામાંથી જીવને છોડાવે છે, અને વાસના જીવને ગુલામ બનાવે છે. આવી ગુલામીમાંથી પણ ભગવદીય વૈષ્ણવો જીવને મુક્ત કરાવે છે. કાલ માયાના બંધંનથી જે મુક્ત હોય તેવા ભગવદીયોજ દૈવી જીવને માયાના કેદખાનામાંથી છોડાવી શકે છે. દયારામભાઈ બાલબ્રહ્મચારી હતા. સંસાર બંધનમાં નાખનારી માયાને પાસે ફરકવા ન દીધી. ગોપીજનના વલ્લભ (શ્રીઠાકોરજી)ની સાથે લગ્ન કરી પ્રભુમય જીવન ગાળ્યું. આવા દયાળુ ભગવદીયો જ લીલાધામમાંથી ભૂલા પડી સંસાર કેદખાનામાં સપડાયેલા દૈવી જીવને છોડાવી શકે છે. આ કથનનું દ્રષ્ટાંત બસો બાવનમાં રાજનગરના શેઠ કે જે સંસારની વાસનામાં રચ્યાપચ્યા રહેતા હોવાથી પછીના જન્મોમાં શ્વાન-સર્પ અને ગટરનો કીડો બનેલા. તે કીડાને વિરક્ત વૈષ્ણવે ઉઠાવી ગોકુલ શ્રીગુંસાઇજી પાસે લઇ ગયા. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે એ જીવ શ્રીયમુનાજીની કુંજનો છે, તેને શ્રીયમુનાજીમાં પ્રવાહીત કરો. લીલા ધામમાંથી ભૂલો પડેલો સંસારનો કેદી-વાસનાનો ગુલામ આવા જીવનો ઉદ્ધાર કરવા ભૂતલમાં ગુરૂદેવ અને દયાળું ભગવદીયો શ્રમ લઇ રહ્યાં છે.

પુષ્ટિ પથ - પથિક

- મધુકર

પ્રશ્ન– હું ચોક્કસ પણે માનું છું કે દેહધર્મ અને આત્મધર્મ બન્ને ભિન્ન છે, પણ હાલમાં એની નાજુક પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છું કે દેહધર્મો આત્માના ધર્મને રૂંધીને નાશ કરવા તત્પર બન્યા હોય તેવું લાગે છે, તો આનું શું કારણ હશે ?

ઉત્તર– આ તમારા કથનના સંદર્ભમાં, દેહ અને આત્માના ધર્મની ભિન્નતા તમને સમજાણી તે શ્રી વલ્લભભાનુની કૃપાથી જ. અનેક જન્મોથી દૈવી જીવ લીલાધામથી વિછુર્યો છે, અને અવિદ્યાએ (કાળમાયાએ) પ્રાકૃત પ્રપંચનો ગાઢ અંધકાર જમાવ્યો છે.

તેને કોટિ સૂર્યથી અધિક ઉગ્રપ્રતાપી શ્રીવલ્લભભાનુ વિના કોણ દૂર કરવા સમર્થ છે. ?

"અજ્ઞાનાધંધકાર પ્રશમન પટુતાખ્યાપનાય ।
ત્રિલોકયામગ્નિત્વં વર્ણિત તે કવિભિરપિ સદા
વસ્તુતઃ કૃષ્ણ એવ" ।

શ્રી વલ્લભભાનુની કૃપાથી જ્યારે દેહથી આત્મા ભિન્ન છે તેવું સમજાય ત્યારેજ સ્વયંના ભૌતિક દેહમાં અને દેહના સંબંધી સમસ્ત ભૌતિક સંસાર પ્રપંચમાં અનાસક્તિ અને વૈરાગ્ય થાય છે. આ સમયે દૈવી જીવને પોતાના આત્મ સ્વરૂપનું જ્ઞાન થાય છે. આ જ્ઞાનથી દૈવી જીવને પોતાના નિત્ય સખા પ્રિય પ્રભુ સાથે તેનો સંબંધ કેવો છે તેનું પણ જ્ઞાન થાય છે. મારા સાચા સંબંધી તો નિત્ય સખા પ્રિય પ્રભુ જ છે. તે પ્રિયતમથી અસંખ્ય કાલથી વિછુરેલો છું. તેમ જાણવાથી નિત્ય-સખા પ્રિયની પ્રાપ્તિનો પ્રચુર વિરહાગ્નિ પ્રગટ થઇ જાય છે. દૈવી ગુણમય માયાના કરેલા અંધકારથી પ્રભુ સાથેના નિત્ય સંબંધને દૈવી જીવ ભૂલી ગયો હતો તે શ્રીવલ્લભ ભાનુના એકાંગી આશ્રયથી પ્રકાશ પ્રાપ્ત થતાં દેહ અને આત્માની ભિન્નતા સમજાણી, તેથી વૈરાગ્ય અને જ્ઞાન પ્રાપ્ત થયાં. હવે દૈવી જીવ પોતાના નિત્ય સખા પ્રભુને પાપ્ત કરવાજ સર્વ પ્રકારથી પ્રયત્નશીલ રહે છે.

તમને દેહ અને આત્માની ભિન્નતા સમજાણી છતાં દેહના ધર્મો આત્માના ધર્મને રૂંધીને નાશ કરવા તત્પર બન્યા છે, તેનું કારણ અનેક જન્મોથી મન દેહના ધર્મોમાંજ રાચ્યું છે. તેથી આત્મ ધર્મ સમજાય છતાં મન દેહના ધર્મોમાં બલાત ખેંચી જાય છે. (જેમ ગ્રાહ(મગર) ગજેન્દ્રને ખેંચતો તેમ) આવી પરિસ્થિતિમાં વારંવાર દેહ અને આત્મ ધર્મની ભિન્નતાનો વિચાર કરતા જ રહેવો. આવા નિરંતર થતા વિચારથી દેહના ધર્મમાંથી મન નિવૃત થશે. દૈવી જીવને અનેક પ્રકારની ઉપાધી અને દુઃખનો અનુભવ દેહમાં પોતાપણાના "અહં-મમ"થી જ થાય છે. જીવાત્મા તો દેહથી અને દેહના અહં-મમનો અધ્યાસ થવાથી અનેક ઉપાધિ અને દુઃખનો અનુભવ કરવો પડે છે. સંસારનું સુખ એ દુખોના બીજને બોધ દેનારૂં છે. અરે ! જન્મ મરણના ચક્રમાંજ પટકી દેનારું છે.

ભક્તજનો સંસાર સુખના ફાસીમાં ફસાતા નથી. પ્રભુના વિયોગ દુઃખને પરમ સુખ સમજે છે. પ્રેમી ભક્તો જ્યારે પ્રિયના વિયોગ દુખનેજ પરમ સુખ સમજે છે તો પ્રિયના સાક્ષાત સ્વરૂપથી મળતા સુખનું શું વર્ણન થઇ શકે ? અથવા પ્રિયના વિયોગ અનુભવમાં પ્રેમી ભક્તનો પ્રવેશ તેનાજ આધિદૈવિક સ્વરૂપમાં થાય છે અને દિવ્ય સ્વરૂપ આગણિત આનંદ ધારણ કરનારૂં છે. આવા પોતાના જ અગણિતાનંદ સ્વરૂપમાં વિયોગના દુઃખથી જ પ્રવેશ થતો હોવાથી વિયોગ દુઃખના પરમ સુખ રૂપ માને છે. આવા દુઃખની સ્વકીયો માટે આપશ્રી વલ્લભે પ્રભુ પાસે પ્રાર્થના નિરોધ લક્ષણ ગ્રંથમાં કરી છે. આવા પ્રકારનો નિરંતર વિચાર કરતા રહેવાથી મન દેહના ધર્મોમાંથી મુક્ત થતું જાય છે અને આત્મ ધર્મોમાં રૂચિ વાળું બનતું જાય છે. દૈવી જીવને પોતાના આત્મ સ્વરૂપનું જ્ઞાન થાય છે. ત્યારે તે સર્વત્ર વૈરાગ્ય વાળો બની જાય છે, તેમજ સર્વત્ર તુચ્છતા ભાસે છે.

'જ્યાં લગી આત્મા તત્વ ચિતવ્યો નહી
ત્યાં લગી સાધનો સર્વ જુઠી."

મહાનુભાવનું ઉપરોક્ત કથન પરમ સત્ય, પરમ પુરૂષાર્થને પ્રાપ્ત કરાવવામાં અતિ ઉપકારક છે. ભૌતિક દેહ ઇન્દ્રિયોના અધ્યાસ સહિત થતી પ્રભુની સેવા સ્મરણાદિ ક્રિયાની સાક્ષાત પ્રભુ સ્વરૂપ સુધી પહોંચ નથી. આત્મા સ્વરૂપના જ્ઞાનની પરમ આવશ્યક્તા સમજી લેવી જોઇએ. "આત્મા સ્વરૂપનું જ્ઞાન" એટલ પ્રેમી ભક્તને પોતાના આધિદૈવિક સ્વરૂપનુ અને પ્રિય પ્રભુના નિત્યલીલાસ્થ ધર્મિ વિપ્રયોગાત્મક (મૂળ) સ્વરૂપનું એમ ઉભય સ્વરૂપનું જ્ઞાન જાણવું.

પુષ્ટિ પથ-પથિક

- મધુકર

પ્રશ્ન:- આ દેહ ઇન્દ્રિયોના ક્ષણીક આવેગોથી ઉત્પન્ન થતું દુઃખ અને પશ્ચાતાપ ઇષ્ટમાર્ગને રૂંધનારા સાબિત થતાં હોય તો પણ ક્યાં સુધી આવા દુઃખોને સાથે વેંઢારવા

?

ઉત્તર:- આ તમારૂં આર્ત કથન તમારા મનને ઉપદેશ દેવા માટે જ છે. આવા પ્રકારનો ઉપદેશ વારંવાર મનને દેતા રહેવાથી અને ઇન્દ્રિયોના વિષયો તરફ ગ્લાની રહી આવવાથી વૈરાગ્ય પેદા થશે. વૈરાગ્ય ઉત્પન્ન કરાવવા માટે જ મહા કારૂણિક સ્વામીએ તમારામાં આવા વિચારોની પ્રેરણા કરી છે.

વૈરાગ્યથી મન જ્યારે ભૌતિક વિષયોથી છુટું પડે છે ત્યારે તેને બીજા અલૌકિક વિચારોનું અવલંબન નહી મળે તો મન સંકલ્પ વિકલ્પ કર્યા વગરનું રહી શકતું નહી હોવાથી પુનઃભૌતિક વિષયને જ ગ્રહણ કરશે. આમ ન બને તે માટે વૈરાગ્યથી છુટા પડેલા મનને અલૌકિક લીલા ભાવનામાં જોડતા રહેવું તેનું નામ "અભ્યાસ" છે. આ પ્રકારે વૈરાગ્ય અને અભ્યાસથી દુર્જય મન ઉપર વિજય મેળવી લેવાય છે. 'કામ' મનમાંથી જ ઉત્પન્ન થાય છે તેથી 'મનોજ' કહેવાય છે. મન ઉપર વિજય મેળવવાથી કામ વિજય પણ થયોજ. "બિન વૈરાગ્ય નહી પાઇએ ગિરિધર કો અનુરાગ." નિસંદેહ વૈરાગ્ય વિના પ્રભુમાં અનુરાગ થતો નથી. પુષ્ટિ પ્રભુની લીલામાં પ્રભુના છ ધર્મો ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યનો ઉલટા ક્રમથી પ્રવેશ થાય છે. એટલે કે પ્રથમ વૈરાગ્ય થાય છે, પછી જ્ઞાન. એમ ઉસટો ક્રમ છે. વૈરાગ્ય વિના ભગવદ્ સ્વરૂપ સંબંધી અને આપની દિવ્ય લીલા સંબંધી જ્ઞાન સ્થિર રહી શકતું નથી. પુષ્ટિમાર્ગ ઠોર મઠરીમાં રાચવાનો નથી. જેઓ વૈરાગ્યને અપનાવતા નથી તેઓ પુષ્ટિ ફલથી વંચીત જ રહી આવે છે. આ કથનનું પ્રમાણ આપશ્રીના શ્રીમુખની જ વાણીમાં નીચે મુજબ છે. :-

આપશ્રી એક સમયે વ્રજમાં પધાર્યા ત્યારે વિશ્રામ ઘાટ ઉપર બિરાજી રહ્યા હતા. શ્રી દમલાજી પ્રભુદાસજી નિજ્જનો આપશ્રીની નિકટ બેઠા હતા. તે સમયે કૃષ્ણ ચૈતન્યનો સેવક રૂપ સનાતન આપશ્રીની પાસે આવેલ તેમાં પ્રભુદાસ જલોટાજીના કૃષ શરીરને જોઇને રૂપ સનાતને આપશ્રીને પ્રશ્ન કર્યો કે "આપકો માર્ગ તો પુષ્ટિ, ઓર સેવક દુબરે ક્યોં ?" ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે –"હમને બહોત બરજે, યા મારગમેં મતિ પરો, કિંતુ પરે, તાકો ફલ ભોગ રહે હૈ." શ્રીપ્રભુદાસજીને આપશ્રીના સાનિધ્યમાં પણ પ્રત્યક્ષ

વિરહનોજ અનુભવ થતો હતો. વિરહીજનોનું શરીર કૃષ જ રહેતું હોય છે. દિવ્ય પ્રેમની ચરમ કક્ષા પ્રત્યક્ષ વિરહ છે. આ અવસ્થામાં પ્રભુદાસજી આરૂઢ થયેલા છે. રૂપ સનાતન આ રહસ્યને સમજી ન શક્યા પણ જ્યારે તે કૃષ્ણ ચૈતન્ય પાસે જાય છે અને આ બનેલો પ્રસંગ કહે છે ત્યારે કૃષ્ણ ચૈતન્ય શ્રીમહાપ્રભુજીના કહેલા વચનામૃતનું હાર્દ સમજી જાય છે અને મૂર્છિત થઇ જાય છે. કહેવાનું તાત્પર્ય પુષ્ટિમાર્ગ સ્વસ્થતાનો નથી. અગ્નિ સ્વરૂપે પ્રકટ કરેલો માર્ગ તત્સુખની પ્રચુર તાપાગ્નિથી જ ભરેલો છે. "રાજ, યહ મારગ હાંસી ખેલકો નહી હે, તાપકલેશકો હૈ." શ્રીમદ દામોદરદાસજીએ ઉક્ત પ્રકારે વિનંતી કરી છે. જ્યાં તત્સુખનો તાપાગ્નિ જલતો રહે ત્યાં વૈરાગ્ય પાછળ લાગેલોજ છે. પ્રણયમાર્ગીયનો વૈરાગ્ય વિરહ ભાવરૂપ છે. કારણ કે વિરહાગ્નિથી જ અગણિતાનંદના ભોક્તા પ્રિયતમને સુખદ એવો આધિદૈવિક દેહ સિધ્ધ થાય છે. પ્રિય પ્રભુ અગણિત આનંદ રૂપ છે અને અગણિત આનંદના ભોક્તા છે. આવા પ્રિયતમને સુખદ અવસ્થા વિરહાગ્નિથી સિધ્ધ થાય છે. અથવા જેમ પ્રભુ અગણિતાનંદરૂપ છે તેવા અગણિતાનંદને ધારણ કરી શકે તેવો દિવ્ય દેહ વિરહાનુભવથી જ સિદ્ધ થાય છે. તેથી કહ્યું છે કે :

વિરહ અનલ યાતે કહત, સબગુણ પૂરણ એહ ।
પકવ દશા કર દેત હૈ, ભર દે નિરવધિ નેહ ।।

"સબગુણપૂરણએહ" અગણિતાનંદના ભોક્તા પ્રિયતમની સુખદ સેવા માટે વિધ વિધ પ્રકારના રસાત્મક ગુણો પણ અનંત જોઇએ. તે વિરહના અનુભવમાં પ્રાપ્ત થાય છે. "પક્વદશાકરદેતહે" સર્વાત્મભાવને સિદ્ધ કરે છે. આ સર્વાત્મભાવથી અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થાય છે. શ્રીયમુનાષ્ટકમાં કહેલી અષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ સિદ્ધિઓથી (પ્રિયતમને સુખદ એવી અનેક રસાત્મક લીલાઓનું સર્જન થાય છે. વિશેષ શું ? વિરહ પરમ પુરૂષાર્થ રૂપ છે. પુષ્ટિલીલા જગતમાં પુરૂષાર્થના શિખરે વિરહજ પહોચાડે છે. "પુષ્ટિમાર્ગ" જેનું નામ છે તે આ વિરહની પરમ ફલાત્મક અવસ્થાજ છે. અથવા વાસ્તવિક પુષ્ટિમાર્ગ આને જ કહેવાય છે કે જેમાં અગણિતાનંદનો અનુભવ થાય છે.

આનું મહત્વ સીમારહિત છે. અલ્પ મતિ જીવ કેટલું કથી શકે ? અલમ્.

પ્રશ્ન – પ્રભુ અને ભગવદીયો કંઇક કૃપા વિચારે તો માનસીક રોગ દૂર થઇ શકે !

ઉત્તર-આ તમારા અપેક્ષા કૃત કથનના સમાધાનમાં શ્રી હરિરાય વાંગમુક્તાવલીના પ્રથમ ભાગમાં "કાર્પણ્યોક્તિ" નામનો ગ્રંથ છે. તેમાં આપ આજ્ઞા કરે છે કે-"હે નાથ ! આપની જે અમારી ઉપર કૃપા છે તે કૃપાને અમો પહેચાની શકયે તેવી કૃપા કરો." આ આપના કથનથી પ્રભુની અને ભગવદીયોના દ્વારભૂતે કૃપા તો થયેલી છે અને થતી પણ રહેતી જ હોય છે, પણ અંતરમુખતાના અભાવે કૃપાને ઓળખી શકાતી નથી. જેમ પાતલમાં ધરેલા પ્રસાદને પીઠ દઇને બેઠેલો પ્રસાદના માટે પુકારે તેવીજ સ્થિતિ બહિર્મુખ સ્વભાવી મનની હોય છે. આ પણ મનને પહેચાનીને કર્તવ્યચ્યુત નહી થવું જોઇએ. કૃપાને પહેંચાનવી વધારે યોગ્ય ગણાય. આ પત્રમાં જે હું લેખન આપી રહ્યો છું તે "કૃપાનિધિ" શ્રીવલ્લભ કૃપાજલ ભરી એક ઘટાનીજ વર્ષા કરી રહ્યા છે તેમાં મને નિમિત્ત કર્યો છે.

" જ્યોં જલધરતે જલધર જલ લે.
હરખે બરખે અપને કર લે"

સૂર્યના પ્રચંડ ઉષ્ણતા ભર્યા કિરણો "જલધર" સમુદ્રમાંથી "જલધર" બાદલોમાં ભરે છે. અને બાદલો તે જલની વર્ષા કરે છે. અહીં કૃપાનિધિ શ્રીવલ્લભ કૃપાના જલધર (સાગર) છે. ભક્તિમાર્ગાબ્જમાર્તંડ સ્વરૂપના કિરણો કૃપા જલધરમાંથી કૃપા જલને ગ્રહણ કરી ભગવદીયોના હ્યદયરૂપી બાદલોમાં ભરે છે. અને શ્રીવલ્લભની કૃપા ભરી પ્રેરણાથી ભગવદીયો નિમિત્ત બનીને કૃપાની વર્ષા કરે છે. આથી આ લેખ કૃપા જલની ઘટા ભરેલો કૃપાની વર્ષા કરનારો જાણીને હ્યદયમાં ધારણ કરશો.

વિવેક ધૈર્યાશ્રયમાં આપશ્રીએ પ્રભુને પ્રાર્થના નહી કરવી એમ જે નિગૂઢ આશયવાળી આજ્ઞા કરી છે તેનો હેતું કપટ ભરેલા મનનો તેવી પ્રાર્થનામાં પક્ષ થાય છે. અથવા મન

કર્તવ્ય પરાયણ થવા ચાહતું નથી. પોતાના કર્તવ્યનો બોજ સ્વામી ઉપર રાખી પોતે નિશ્ચિત રહેવા ચાહે છે. મનના આવા કાપટ્યને આપ શ્રીવલ્લભ જાણતા હોવાથી પ્રાર્થના નહી કરતા કર્તવ્ય પરાયણ થવાનો ઉપદેશ કરી રહ્યા છે.

ગોપીગીતના ચોથા શ્લોકવાળા શ્રીગોપીજન નિર્ગુણ છે. નિર્ગુણ ભક્તો મુખ્ય પ્રકારે તત્સુખીજ હોય છે. તે પ્રિય પ્રભુને પોતાની ભાવના નિવેદન કરે છે કે- "હે પ્રેશ્ઠ ! (અત્યંત પ્રિય) આ બીજા ગોપીજનો જેમ આપને ઉપાલંભ આપે છે. ("કીતવ" આપ કપટી છો તેમ કહેવામાં પણ અચકાતા નથી) તેમ મારે આપને કંઇજ કહેવાનું નથી. આપના સુભગ સંગમનો તાપ કલેશ મારામાં હશે તો આપ પ્રગટ થઇ આપના અનિર્વચનીય સ્વરૂપાનંદનું દાન કરશો જ" આ તત્સુખી ગોપીજન કૃપાની પણ યાચના કરતાં નથી. પરન્તુ પોતાના કર્તવ્યનો જ વિચાર કરે છે. તત્સુખ સાગર શ્રીવલ્લભને "સ્વાર્થોજ્જીત" તત્સુખી ભક્તોજ પ્રાંણ સમાન પ્રિય છે. અને આપશ્રીના પ્રકટ કરેલા રતિપથનો ઉત્કૃષ્ટ સિદ્ધાંત પણ તત્સુખતા જ છે. સ્વસુખની જેમાં ગંધ માત્ર પણ નથી અને પ્રિયને સુખરૂપ થવાની સ્થિતિને પ્રાપ્ત કરવા અસહ્ય વિરહ વ્યથાને જે સહન કરે છે તેવા ભક્તોજ મહાન દિવ્ય સ્વરૂપ શ્રીવલ્લભવરને વરવા યોગ્યતા પ્રાપ્ત કરે છે.

આ ભૂતલ સ્થિતિમાં તનુ-વિત્તજા સેવા ચાહે તેવા વૈભવથી થતી હોય તો પણ નિત્ય લીલાસ્થ મહાન અલૌકિક પ્રિય પ્રભુના સ્વરૂપની તત્સુખાત્મક સેવાની યોગ્યતા આધિદૈવિક દેહને પ્રાપ્ત કર્યા વિના થઇ શકતી નથી. અને આધિદૈવિકતા વિરહાનુભવ વિના સિદ્ધ થતી નથી. શ્રી ગોપીજનોના નિરોધમાં પણ સંયોગ-વિયોગ બન્ને અવસ્થાનો અનુભવ બાલલીલાથી પ્રારંભ કરી મહારાસમાં પ્રવેશ કરાવ્યો ત્યાં સુધી પ્રિયતમ કરાવતા જ રહ્યા છે. અને મહારાસ પછી પણ વિરહની પરમ ફલાત્મક અવસ્થામાં જ સ્થિત કર્યા છે. મહાકારૂણિક એદયદાની મહોદાર ચરિત્રવાન સ્વામીનો પ્રગટ કરેલો માર્ગ વિરહ ફલાત્મક છે અતિશય અનુગ્રહીત સ્વકીય જનનો પ્રવેશ તેમાં થયો છે. (તહાં પ્રવેશ દ્વે ભ્રમરકો દામોદર પ્રભુદાસ.)

ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિ રસ્તીતિ નિશ્ચય:

સર્વત્રોત્કર્ષ કથનાત્ પુષ્ટિ રસ્તીતિ નિશ્ચયઃ ।।

(પુ.પ્ર.મ)

સર્વ ભક્તિમાર્ગોથી પુષ્ટિ ભક્તિમાર્ગની સર્વોત્કર્ષતા રહેલી છે, તે પુષ્ટિ પ્રભુના અગણિતાનંદ સ્વરૂપના અનુભવમાંજ કથાય છે. આ અગણિતાનંદનો અનુભવ વિરહ ફલાત્મક અવસ્થામાંજ થાય છે. વસ્તુતઃ આને જ 'પુષ્ટિમાર્ગ" કથવો યોગ્ય છે.

ભૂત – પિશાચનો ઉદ્ધાર

- પ.ભ. કમળાબેન આશર, રાયપુર

ચાંપાસેનીથી મેવાડ પધારતા માર્ગમાં એક ગામ આવ્યું, ત્યાં શ્રીનાથજી એક તળાવના કિનારા ઉપર બિરાજ્યા. ઉત્થાપનથી શયન સુધીની સેવા અહીં જ થઇ. તે વિશાળ સરોવરનું સ્વચ્છ જળ શ્રીનાથજી આરોગ્યા.

જ્યારે રાત્રિ થઇ ત્યારે તળાવની આસપાસ ગગનચુંબી જયધ્વની સંભળાવા લાગ્યો. ઉચ્ચ સ્વરથી થતો આ જયધ્વની ગો. બાલકો અને સેવકોએ સાંભળ્યો. પરંતુ જયકાર કરવાવાળી વ્યક્તિ જોવામાં ન આવી. પછી જે બાજુથી જયધ્વની આવતો હતો તે બાજુ મુખ ફેરવીને પૂછ્યું : તમે કોમ છો ? જયજયકાર કેમ કરો છો ?

ત્યારે આકાશમાર્ગેથી અવાજ સંભળાયો : આ તળાવમાં અમે અસંખ્ય ભૂત-પિશાચ રહીએ છીએ. હજારો વર્ષથી અમારી ગતિ મુક્તિ થતી ન હતી આજે શ્રી નાથજીએ કૃપા કરીને આ તલાવનું જળ અંગિકાર કર્યું તેથી અમારી મુક્તિ થઇ છે. તેના દિવ્ય પ્રભાવથી અમારે માટે વૈકુંઠમાંથી વિમાન આવ્યાં છે. વિમાનમાં આવેલા વૈકુંઠનાથના અનુચરો અમને કહે છે કે, આ તળાવમાં જેટલાં ભૂત-પિશાચ હોય તે બધાં વિમાનમાં બેસીને આવો વૈકુંઠમાં

આજે અમારો મુક્તિદિન આવ્યો છે. તેથી અમારા મુક્તિદાતા શ્રીનાથજીની અમે જય બોલીએ છીએ.

અર્ધરાત્રિથી લઇને પ્રાતઃકાળ સુધી આ જયધ્વની સંભળાયો. ત્યાર પછી બધું શાંત થઇ ગયું. શ્રીનાથજી ત્યાં રાજભોગ આરોગીને વિજય થયા.

પુષ્ટિ પથ - પથિક

- મધુકર

પ્રશ્ન –તમારા પત્રમાં "ત્રિદુઃખ સહન ધૈર્ય" શ્રીવલ્લભ પ્રભુએ ત્રણે પ્રકારના દુઃખોને મરણ પર્યંત સહન કરવાની આજ્ઞા કરી તો આ ભૌતિક દુઃખ (કામરોગ) ને સહન કરતા જવું કે કોઇ ઉપાય ખરો ?

ઉત્તર–કામરોગથી વ્યથીત થયેલા તમારા આ પ્રશ્નનો જવાબ આ પ્રકારે છે કે કામના વેગને સહન કરવો, તેમાં પ્રવૃત્ત ન થવું. કામ સંકલ્પ રૂપે પ્રગટ થાય છે. જ્યારે કામના સંકલ્પો-વિચારો ઉત્પન્ન થાય ત્યારે ઠંડા જલની એક લોટી પી જવી. પશ્ચાદ શૈયામાં નિવેશ ન કરવો. એક આશન ઉપર બેસી જવું. અને એકાગ્ર ચિત્તથી અષ્ટ સખાના કીર્તનોની લીલા ભાવના વિચારી અને તેમાંથી ઉત્પન્ન થતાં તરંગોમાં મન-ચિત્તને જોડી દેવા. રાત્રીના સમયમાં એકાન્ત તો હોય જ. આ એકાન્તનો લીલા ચિંતનમાં ઉપયોગ કરવો. ભૌતિક કામના સંકલ્પ-વિચારોને અલૌકિક લીલા ભાવનાઓમાં જોડી દેવાથી કામ સંકલ્પનો લય અલૌકિકમાં થઇ જાય છે. અથવા 'કામ' ભૌતિક મટીને આધિદૈવિક બની જાય છે.

બીજો પ્રકાર-ભૌતિક કામના સંકલ્પ ઉઠે ત્યારે આપણા આધિદૈવિક સ્ત્રીભાવ-સખી-ભાવના સ્વરૂપનું ધ્યાન કરવું. આ અભ્યાસ બઢતા ભૌતિક કામ, પીડા કરવા સમર્થ નહી રહે. એક સાંભળેલો પ્રસંગ અહીં જણાવું છું કે- એક સમય કંશ બરસાનાની સરહદમાં જઇ ચઢ્યો બરસાનાની 12 કોશની સરહદમાં શ્રી સ્વામિનીજીનું રાજ્ય છે. કંશનો તેમાં પ્રવેશ થતાં જ તે સ્ત્રી બની ગયો. સખીઓએ શ્રી વ્રષભાનજીની ગૈયાઓનું ગોબર થાપવા તેને લગાડી દીધો. આગળનો પ્રસંગ યાદ નથી.

આ પ્રસંગનું એટલું જ સ્વારસ્ય છે કે આપણા આધિદૈવિક સ્ત્રીભાવ-સખીભાવ સ્વરૂપનો એવો પ્રભાવ છે કે દુઃસહ કામવેગના સંકલ્પોનો તુર્તજ લય કરી નાખે છે. નિત્યના અભ્યાસથી ભૌતિક કામનું નામ નિશાન પણ રહી શકતું નથી.

અલ્પ સમયના કામ સુખમાં ભ્રમીત થયેલો જીવ જીવનભરની ઉપાધિથી બંધનોમાં બંધાય છે. પ્રજાની ઉત્પત્તિ તેને ગુલામ બનાવી દે છે. ભગવાનની કૃપાથીજ દૈવી પ્રજાનો સાથ મળે છે. તેવો પરિવાર ભગવદ્ પ્રાપ્તિમાં સહાયક રૂપ બને છે. પરન્તુ દૈવી પ્રજા ન હોય આસુરી હોય તો તેને માટે શ્રી મહાપ્રભુજીએ બીજા સ્કંધના સુબોધિનીજીમાં આવી પ્રજાને "આત્માના નાશની સેના" કહી છે. આ સેનાની વચમા રહીને કેદી જેવો બની માનવી જીવન પુરૂ કરે છે. ભગવાને ગીતાજીમાં કહ્યું છે કે મારી દૈવી ગુણમયી માયા તરવી દુસ્તર છે. મારા એકને જ શરણે આવવાથી માયાને તરી શકાય જીવ દૈવી હોવા છતાં માયામાં ફસાય છે તેને તેમાંથી કાઢવા માટે પોતાને જ શરણે આવવાનો ઉપદશ કરે છે. આસુરી પરિવારમાં ફસાયેલો દૈવી જીવ ગજેન્દ્રની જેમ આર્ત ભાવથી પ્રભુને પોકાર્યા કરે તો પ્રભુ તેનો ઉદ્ધાર કરે છે. આ ભૂતલમાં ભગવદ્ પ્રાપ્તિની બધા પ્રકારની અનુકુલતા લીલાધામથી વિછુરેલા દૈવી જીવને પ્રભુની કૃપાથી નહી પહેચાનવાથી આવા જીવો ભગવદ્ પ્રાપ્તિથી વિમુખ રહે છે. અને અનુકુલતાનો લાભ ભગવદ્ સંબંધી અલ્પ આનંદોમાં લે છે. નિત્યનું અખંડ સુખ તદીય સંગ વિના મેળવી શકતો નથી. જેને નિત્ય લીલાસ્થ સ્વરૂપ પરિકર અને લીલાધામનો સાક્ષાત અનુભવ થાય છે, તેને તદીય કહેવાય છે. આવા તદીય અષ્ટસખાદિ મહાનુભાવો છે. તેમની વાણીનો સંગ કરવો. નિવેદનના સ્મરણની આજ્ઞા આપે નવરત્નમાં કરી છે તેનું રહસ્ય તદીયના સંગથીજ નિત્યલીલા સ્વરૂપનું અને તે સ્વરૂપથી મળતું અગણિત સુખ તેનું જ્ઞાન થાય છે ત્યારે દૈવી જીવ ભગવદ્ સંબંધી અલ્પ આનંદોમાં અટકતો નથી.

"નિકુંજ વૈભવ દામોદરદાસ દેખિ ચાહત
સખિયનમેં ટહલ કરન હિત"

ઉપરોક્ત શ્રી પદ્મનાભદાસજીનાં પદમાં નિત્યલીલાસ્થ પ્રિયપ્રભુનું સ્વરૂપ, ત્યાંનો દિવ્ય

પરિકર, લીલા ધામ, અને શ્રીદમલાજીનું લીલા સંબંધી આધિદૈવિક લલિતાજીનું સ્વરૂપ. આ ચારે પ્રકારનું વર્ણન કરેલું છે તે પદની ભાવના વિચારવી. આપણા આધિદૈવિક સ્વરૂપનું ધ્યાન કરી આ પદમાં કહેલી ભાવનામાં મનનાં સંકલ્પો જોડવા. આ પદ અગર બીજા કોઇ પદોમાં જણાવેલી લીલાની ભાવનામાં મનનાં સંકલ્પોને જોડવાનો અભ્યાસ નિરંતર થતાં આ ભાવનાનો આવેશ રહેવાથી સદાસર્વદા આનું જ અનુસંધાન રહી આવે છે, અને જીવનનો પલટો કરી નાખે છે. અથવા પ્રાકૃતતાની નિવૃત્તિ કરી અપાકૃતતા સિધ્ધ કરે છે. "ભાવોભાવનીયાસિધ્ધ" જેવી ભાવના આપણે કરીએ તેવો ભાવ સિધ્ધ થાય છે.

- મધુકર

વાસનાનું તાંડવ નૃત્ય

વાસના માતરે તને નવ ગજના નમસ્કાર ।
કોઇક છુપી ક્ષણમાં જ્ઞાનીના ઉરમાં ઉઠી,
તેની તું આબરૂ લેનાર ।।
જંગલમાં જોગી થઇ એકાન્તે નિવેશે તોયે
તેનો તું પીછો પકડનાર ।
જગની સેવાર્થે નીકળેલામાં ઉર ઉંડાણે,
યશ રૂપે તારો પગ પેસાર ।।
મંત્રોના જ્ઞાતા જેઓ દેવો વશ કરવા ચાહે
તેઓ પણ તુજ આગળ લાચાર ।
વિવેકીઓ વાણીમાંથી તુજને સમાવે તોએ
અંતરમાં ઉઠવા તું તૈયાર ।।
બ્રહ્મના વાતોડા પણ નિજની પ્રશંસા રૂપે
તુજને અંતરમાં સંઘરનાર ।

ખ્યાતી પ્રતિષ્ઠા વિદ્યા દયાદિ નિમિત્તે પણ
તું ડાહી ડમરી થઇ પેસનાર ।।
સાધુ સંતો ભક્તો ને શુરા ઉપર પણ
છુપી તારી સત્તા ચાલનાર ।
ખાવામાં જોવામાં ને જરા જરા માંથી
સૌનું તું નાક કાપનાર ।।
નામમાં કામમાં ગામમાં ધામમાં તું
સહુ જનને મુંઝવનાર ।
કોઇક અલબેલો ચેલો ગુરૂનો નાથેલો,
તારી કાન પટીઓ આંબળનાર ।।
પ્રભુની પ્રાપ્તિમાંહી જો વેગેથી તુ વળે તો
તારો ને મારો બેડો પાર ।।

આ વાસનાનું તાંડવ નૃત્ય તેનું સ્ટેજ અન્તઃકરણમાં છુપાયેલું હોય છે. જેને વાસનાત્મક લિંગ દેહ પણ કહેવાય છે. પ્રભુ પ્રેમનો સાધક આ છુપી વાસનાનો પરિચય પ્રાપ્ત કરી પોતાની ઇષ્ટ સાધનામાંથી પતનને પ્રાપ્ત ન થાય તે માટે આ પ્રયાસ છે.

"જંગલમાં જોગી થઇ એકાન્તે નિવેશે, તોયે તેનો તુ પીછો પકડનાર." આ પંક્તિના આશયનું તાદ્રશ દ્રષ્ટાંત બનેલા પ્રણય સંબંધથી જોડાયેલા સ્ત્રી-પુરૂષ બે વિરક્તોનું છે. આ બન્ને પુષ્ટિમાર્ગીય છે. સંસારનો ત્યાગ કરી વ્રજના એકાન્ત સ્થાનમાં રહેવા લાગ્યા. પ્રથમ એક બે વરસ વૃક્ષોના નિચે નિવાસ કર્યો. પછી તેજ સ્થાનમાં રજનો મોટો ટીલો હતો તેની ભીતર કોટડી બનાવી રહેવા લાગ્યા. ભગવદ્ સેવા ગ્રંથાવલોકનથી સાત્વિક જીવન ગુજારતા. વ્રજવાસીઓના ઘરની ચુટકી લાવી શ્રીને ભોગ ધરી અધરામૃતથી નિર્વાહ કરતા. પશ્ચાદ એક બીજા વૈષ્ણવનો પરિચય થયો. તેણે તે જગ્યામાં મકાન બનાવ્યુ. જતે દિવસે આ વૈષ્ણવ સાથે મેળ ન રહ્યો, તે વૈષ્ણવને ભગાડી તેના મકાનમાં આ બન્ને વિરકતો રહેવા લાગ્યા. આ મકાન ઇંટ-ગારાનું બનેલું હોવાથી અને

સરોવરના કિનારા પર બનેલું હોવાથી તેમજ વરસાદના જલનો ઉપદ્રવ થવાથી દિવાલોમાં તડો પડી. ફરીને દ્રવ્ય સમ્પન્ન વૈષ્ણવની સહાયતાથી સીમેટવાળુ શહેરોમાં બને છે તેવું બનાવ્યુ. હવે રાજસ વધવા લાગ્યું, તેમાં ગ્રંથાવલોકનથી વિદ્યા વધતા વિદ્યાએ વારૂણીરૂપ ધારણ કર્યું. વિદ્યાને પચાવી ન શક્યા. વારૂણીએ રાજસમાં તામસ મિલાવી દિધું. તામસ આત્મજ્ઞાનને ઢાંકી દેનારૂં અંધકાર રૂપ કહેવાય છે. નિત્યસખા પ્રભુએ વ્રજસ્થ ભક્તોનો નિરોધ કરવામાં તામસને રાજસ બનાવ્યા, રાજસને સાત્વિક બનાવ્યા, અને સાત્વિકને નિર્ગુણ બનાવી લીલા ધામમાં પ્રવેશ કરાવ્યો. વાસના માતાએ આ વિરક્તોને સાત્વિકમાંથી રાજસ બનાવ્યા. રાજસમાં તામસ ભળી ગયું. રાજસ તામસની મીશ્ર અવસ્થામાં વાસના માતાની મહેરમાં તેઓનું પતન થએલું.

બુદ્ધિ પ્રેરક તો પ્રભુ જ છે, જીવ તો માયાનો ગુલામ છે. છતાં સાવચેત ન રહેવાય તો પતન થાય જ. તે વાત આપણે લક્ષમાં રાખવી જોઇએ.

પુષ્ટિ દૈવી જીવ માટે પતન કોને કહેવું ? નિત્યલીલાસ્થ સ્વરૂપ પ્રાપ્તિના ધ્યેયથી ચ્યુત થઇ જવું તેજ પતન. નિત્યલીલાસ્થ સ્વરૂપની પ્રાપ્તિ સર્વ ત્યાગ પૂર્વકના વિરહાનુભવ વિના થઇ શકતી નથી. વિરહમાં પ્રભુ સ્વરૂપ સિવાય અન્ય સંબંધ થતાજ વિરહભાવનું તિરોધાન થઇ જાય છે. અરે ! વિરહી જનોને અન્ય સંબંધની ગંધ માત્ર પણ મૃત્યુ સમાન દુઃખદ બની જાય છે. આ વિરક્તોએ તો પોતાની પરિચર્યા માટે વ્રજવાસીઓને પણ રાખેલ. વાસનાનું આ કેવું તાંડવ નૃત્ય છે કે "આયે તે કછું લેનકું ગયા ગાંઠકો ખોય" વ્રજવાસ સાધન દશામાં ફલિત થતો નથી, ભૌતિક આધ્યાત્મિક બન્ને પ્રકારની અવિદ્યાની નિવૃત્તિ થયા પછી કેવલ પ્રભુના વિરહના અનુભવ માટે વ્રજવાસ ફલીત થાય છે. વિરક્તોની આટલી લાંબી કથા કરવાનો હેતુ પ્રભુ પ્રાપ્તિનો પથ બહુજ સાવધાનીનો છે. પ્રિયપ્રભુની પ્રસન્નતા કેમ થાય છે એ વિષયને સારી રીતે સમજી લઇને પ્રણય સાધના કરવામાં આવે તો સફલતા પ્રાપ્ત થાય છે. હરદમ પ્રભુના વિયોગનું દુઃખ-વિયોગાગ્નિ જેના હ્રદયમાં જલતી રહે છે. તેની પાસે કોઇ પણ પ્રતિબંધ આવી શકતો નથી.

ભગવતી ગીતાજીમાં પ્રભુ અર્જુનને આજ્ઞા કરે છે "મારી દૈવી ગુણમય માયાને તરવી બહુ દુસ્તર છે. તે મારા એકલાને જ શરણે આવવાથી તરી શકાય છે." ધ્યાન રહે માત્ર એક ધર્મિ સ્વરૂપનેજ શરણે આવવાની આજ્ઞા કરે છે. આ ધર્મિ-સાક્ષાત સ્વરૂપનું શરણ સર્વ ત્યાગ પૂર્વકના વિરહાનુભવ વિના શક્ય નથી. સવેધર્માન પરિત્યજયં મામેંકં શરણં વ્રજ આ શ્લોકમાં કરેલી આજ્ઞાનો પણ આજ હેતુ છે.

બડેનકી બાની

રૂપ ન જાને આંધરો, વાંઝ પુત્રકી પીરઃ
નેહ ન જાને નિરસ જન, ભેદે ન ચકમક નીર.
સકલ શાસ્ત્ર સંગ્રહ કીએ, વાદ વિવાદ વિચાર;
રસકે અક્ષર દોય હે, તુર્ત કટે તન માર.
સેવા નહીં ગોકુલપતિ, અષ્ટછાપ નહિ ગાન;
સુની નહિ સુબોધિની, તે જન સર્પ સમાન.
શ્રીવલ્લભ ફલ ના ચખ્યો, ગહે ન ચરન સરોજ;
ધિક ધિક ધિક તે જન, ધર્યો ધરની પે બોજ.

ભગવદકૃપાનું એક લક્ષણ (લૌકિક દુઃખ)

પ્રેષક : મધુકર

સંગ્રાહક :દા. દા. હસુભાઈ દેસાઇ, અમરેલી.

શ્રીહરિરાયચરણ આજ્ઞાકરે છે કે, લૌકિકમાં પ્રભુ કંઇક દુઃખ આપે તો પ્રભુની કૃપા માનવી. પ્રભુ જેને પોતાના માને છે તેનું મન પોતાનામાં રહે તે માટે પ્રભુ આપણને થોડી ઘણી મુશ્કેલીમાં રાખે છે. દુઃખમાં પ્રભુની કૃપા માનવી. પ્રભુ જે કરતો હશે, તે મારા હિતનું જ કરતા હશે તેમ માની દુઃખમાં ધીરજ રાખી આપણે અષ્ટાક્ષરનું સ્મરણ સતત બને તેમ કરવું જોઇએ. ભગવાને પોતાના માનેલાને આપેલા દુઃખની કદર ભગવદીયો જ કરી જાણે છે. દયારામભાઈ પોતાની વાણીમાં પ્રભુની કૃપાને ઓળખાવે

છે તે પદ-

ભગવદીય ! દુઃખ મા ધરશો રે
ધીરજ ધરી ભજતા ઠરશો ।
દુઃખ માં ધરશો કૃષ્ણ સ્મરશો
તો ભવ દધિ સદ્ય તરશો ।।
ગુણ ઘણો છે દુઃખ સહ્યામાં
કરવો એમ વિચાર ।
નહિ તો ભક્તનું દુઃખ કેમ સહે
સમર્થ કરૂણાગાર ।।
સકલ પાપ સંતાપ નિવાર
એક હરિનું નામ ।
હરિ રટાય નિત્ય તદપિ મટે નહિ
તો ગમતું ઘનશ્યામ ।।
માયા મોહ વધે સુખ પામે
વિષય વિષે મન ચકચુર ।
કૃષ્ણ પાસે દુઃખ કુંતાએ માગ્યું
દુઃખમાં હરિ નહિ દૂર ।।
તે જ કુસંગ જે હરિને ભૂલાવે
સ્મરાવે તે સત્સંગ ।
સુખ ભુલાવે ને દુઃખ સ્મરાવે
માટે ન કરે હરિ ભંગ ।।
લૌકિક કલેશ અંગીકૃત લક્ષણ
મેળવે શ્રીવ્રજરાય ।
શ્રીહરિરાયજીનું વાક્ય વિલોકો
શિક્ષાપત્રમાં ગાય ।।

કોને મળ્યા કૃષ્ણ કષ્ટ પામ્યા વિના
સાંભળો શાસ્ત્ર પ્રમાણ ।
વિપત પડે તોએ હરિ ન વિસ્મરે
તેને ગણે હરિ પ્રાણ ।।
સુખ આવે છકી નવ જઇએ
દુઃખ આવે નહિ ડરીયે ।
આપણાથી અધિકા જોઇને
ગર્વ કલેશને હરીયે ।।
તપે ટીપાય કનક, સહે મોતી છેદ
તજે ન ઉજાસ ।
તો મહિપતિ મન ભાવે ભૂષણ
આપે હ્યદય પર વાસ ।।
અંતરજામી નથી રે અજાણ્યા
વળી વહાલા પોતાના દાસ ।
"દયા પ્રીતમ" માટે (પ્રભુ) સારૂં જ કરશે
રાખો દ્રઢ વિશ્વાસ ।।

સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયાંભોજ વિષ્ટર :

પ્રેષક : **શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

- અનુવાદક : "અજ્ઞ"

પ્રભુચરણ શ્રીગુસાંઇજીએ શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનાં 108 નામ કહ્યા છે. તે પૈકીનું એક નામ "સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયાંભોજ વિષ્ટરઃ" છે.આપશ્રીના આ નામનો ભાવાર્થ – ગૂઢાર્થ છે શ્રી ગોકુલેશ પ્રભુ કહે છે તે મુજબ જે કોઇ જીવ શ્રીમહાપ્રભુજીના યશનો આનંદપૂર્વક સદા-સર્વદા ગાન-સ્મરણ કરે છે તે ભક્તના દરેક પ્રકારનાં પાપ, જેવાકે બ્રહ્મહત્યાદિ વિ પાપોનો નાશ થાય છે. ઉપરાંત તે ભક્તના હ્યદયમાં

ભગવત્સ્વરૂપ સંબંધી અલૌકિક જ્ઞાનનો પ્રકાશ થાય છે. અને તન, મન વિગેરે સર્વ અંગો નિર્મળ બની જાય છે. તદ્દુપરાંત તે ભક્તનું હ્યદયરૂપી કમળ પ્રકાશિત થાય છે. ખીલી ઉઠે છે, અને તે હ્યદયરૂપી કમલમાં નવધા ભક્તિ-પ્રેમ લક્ષણાત્મક રસ – મકરંદ પ્રકટ થાય છે. આ નવધા પ્રેમલક્ષણાત્મક ભક્તિ મકરદના ભોક્તા સ્વયં પ્રભુ શ્રીકૃષ્ણચંદ્ર-પૂર્ણ પુરૂષોત્તમ છે. તેઓ ભ્રમર બની રસલંપટ થઇ, આસક્તિ પૂર્વક તે ભક્તના હ્યદયમાં નિવાસ કરે છે, અને તે મધુર મકરંદનું સદા સ્નેહ સહિત રસપાન કરે છે પછી ક્યારેય એક ક્ષણ માટે પણ બીજે જવા પ્રભુ અસમર્થ બની જાય છે. આવો અપરંપાર મહિમા છે. શ્રી મહાપ્રભુજીના યશનો.

શંકા :- બ્રહ્મહત્યાદિ જેવા ભયંકર અનેક પ્રકારનાં પાપ હોય છે. તે તો ગંગા જેવી પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી નાશ પામે છે તથા સકલ દેહ, ઇન્દ્રિય, પ્રાણ વિ. પણ નિર્મળ-નિર્દોષ થઇ જાય છે. વળી જ્યારે સૂર્યનો ઉદય થાય છે ત્યારે તેના પ્રકાશથી અંધકારનો નાશ થાય છે. અને સૂર્યોદય થવાથી અનેક કમલો ખીલી ઉઠે છે. અને તે પ્રફુલ્લીત કમલમાં મકરંદ રસના ભોક્તા અનેક ભ્રમર આવીને તે મકરંદ રસનું પાન પણ કરે છે. તો પછી આમાં શ્રી મહાપ્રભુજીના યશની કઇ વિશેષતા છે ?

ઉત્તર :- ગંગાદિ તીર્થોમાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે. તે વાત સાચી પરંતુ હંમેશને માટે તે પાપોનો નાશ થતો નથી. જીવ જ્યારે ગંગાદિ પવિત્ર તીર્થોમાં સ્નાન કરે છે ત્યારે તેના પાપો નીકળીને કિનારા ઉપર આવી જાય છે જો વિધિ પૂર્વક પ્રાયશ્ચિત કરી, સ્નાન કરી નિર્મળ થાય અને ભગવદ્ નામ લેતા બહાર આવે અને ત્યારપછી પણ ભગવદ્ નામ-સ્મરણ છે કે નહિ તો ભગવદ્ નામના પ્રતાપથી ફરી વખત તે જીવમાં પાપ પ્રવેશી શકતાં નથી. વેદ વિધિપૂર્વક પ્રાયશ્ચિત ન કરે અને ભગવદ્ નામ પણ ન લે તો સ્નાન કરીને જીવ જ્યારે બહાર નીકળે છે ત્યારે તે પાપો ફરી વખત તેનામાં પ્રવેશ કરે છે. આમ પવિત્ર તીર્થોમાં ફક્ત સ્નાન કરવા માત્રથી જ પાપોનો નાશ નથી થતો. પરંતુ ફક્ત પાપ દૂર થાય છે. વળી તીર્થોમાં જીવોનો પાપ-નાશ કરવાનું સામર્થ્ય છે તે તો શ્રી ભગવાનના ચરણ સ્પર્શ કરવાથી તેને મળ્યું છે તેથી શ્રી

પુરૂષોત્તમ રૂપ શ્રી મહાપ્રભુજીના યશોગાન સમાન શ્રી ગંગાદિ તીર્થ પણ નથી.

સૂર્યના ઉદયથી અંધકાર નાશ પામે છે, તે તો સાચું પરંતુ પ્રકાશિત સૂર્ય પણ આપશ્રીના ગુણગાન સમાન નથી. કેમ કે સૂર્યના ઉદયથી બાહ્ય જગતનો અંધકાર દૂર થાય છે, પરંતુ જ્યાં સૂર્યના કિરણો પ્રવેશી શકતાં નથી ત્યાંનો અંધકાર તો સૂર્યોદય થાય તો પણ દૂર થતો નથી. આ રીતે સૂર્યનો ઉદય થાય તો પણ આપણાં હ્યદયમાં રહેલો અજ્ઞાનરૂપી અંધકાર દુર થતો નથી. વળી સૂર્યના ઉદયથી કમળ ખીલી ઉઠે છે, પરંતુ આ કમળ હંમેશા પ્રફુલ્લીત નથી રહી શકતાં, કારણ કે જ્યારે સૂર્ય અસ્ત થાય છે ત્યારે કમળ બીડાઇ જાય છે. આ કમળની અંદર મકરંદ-રસ પ્રગટ થાય છે, અને મકરંદ-રસના ભોક્તા ભ્રમર છે. જ્યારે સુર્ય અસ્ત થાય છે, ત્યારે કમળ બિડાઇ જાય છે તે વખતે મકરંદ રસનું પાન ભ્રમરો કરી શકતાં નથી અને તેથી તેઓ સદા આનંદિત રહી શકતા નથી. સુર્ય તો કાળને આધીન છે, તે સ્વતંત્ર નથી. આમ શ્રી મહાપ્રભુજીના યશોગાન સમાન સુર્ય પણ નથી. માટેજ શ્રી ગુસાંઇજી કહે છે : સ્વયશોગાન સંહૃષ્ટ હ્યજયાભોજ વિષ્ટરઃ

વળી આગળ કહે છે કે, તો પછી શ્રી મહાપ્રભુજીનો યશ આપશ્રીનું ગુણગાન કેવું છે ? જેમ શ્રી પૂર્ણ પુરૂષોત્તમ પોતે નિર્દોષ (દોષ રહિત) તથા સર્વગુણ સંપન્ન છે. તથા આપશ્રીનો જે કોઇ સ્પર્શ પામે છે, તેવા ભાગ્યશાળી જીવને સર્વ દોષોથી મુક્ત કરે છે. ઉપરાંત તે જીવમાં સર્વ ગુણોનો પ્રવેશ થાય છે. આવો જ સર્વોત્તમ પ્રકારનો યશ આપની લીલાના ગુણગાનનો કરે છે તે દરેક પ્રકારના પાપોથી મુક્ત થઇ પવિત્ર કરવા જેટલું સામર્થ્ય તેમનામાં આવે છે. શ્રીમહાપ્રભુજી પૂર્ણ પુરૂષોત્તમસ્વરૂપ છે. આપશ્રીના યશના ગુણગાનનું સામર્થ્ય એવું છે કે, તે આદિદૈવિક અગ્નિ-સ્વરૂપ બનીને અનેક જન્મોના સંચિત થયેલા કાયિક, વાચિક તથા માનસિક મહાભયંકર પાપોને બાળીને ભસ્મ કરી દે છે. પછી ક્યારેય તે પાપો ફરી થઇ શકતાં નથી.

આપશ્રીના યશોગાન વિશે વધુ કહે છે કે : આપશ્રીનું યશોગાન ચંદ્ર જેવું છે. આ યશોગાનનું જે કોઇ પ્રેમ પૂર્વક ગાન કરે છે, તેના ત્રિવિધ તાપોથી દગ્ધ થયેલા

હ્યદયમાં ચંદ્રરૂપ થઇ સુધા-લાવણ્યામૃતનું સિંચન કરે છે તે ભક્તના હ્યદયમાં રહેલો અંધકાર દુર કરે છે પછી ક્યારેય તેવા હ્યદયમાં અંધકાર પ્રવેશી શકતો નથી. વળી તે ભક્તના હ્યદય રૂપ કમલને હંમેશા અખંડ પ્રફુલ્લીત રાખે છે. કમળ મુરજાઇ જતું નથી. આવા પ્રફુલ્લીત હ્યદયરૂપી કમળમાં નવધા ભક્તિ-પ્રેમલક્ષણાત્મક મકરંદરસ પ્રગટ થાય છે. આવો ભક્તિ રસ દરેક ક્ષણે નવીન નવીન તથા અધિકાધિક પ્રગટ થતોજ રહે છે. આવા હ્યદયરૂપી પ્રફુલ્લીત કમળમાં શ્રીપ્રભુ સ્વરૂપ ભ્રમર નિવાસ કરીને અખંડ રસપાન કરે છે.

ફક્ત તીર્થોમાં જવાથી તથા સ્નાન-પૂજા વિ. કરવાથી જો પાપનો નાશ થઇ જતો હોત તો ભક્તના હ્યદયમાં શ્રીમહાપ્રભુજીનો પવિત્ર યશ આવી શકત નહિ અને તેથી તે ભક્તનું હ્યદય આનંદિત-પ્રફુલ્લીત રહેત નહિ. આવા આનંદરહિત મુરઝાયેલા હ્યદય કમળમાં શ્રી મહાપ્રભુજીની સદા-સર્વદા સ્થિતિ કેમ રહે ? તેથી આપ શ્રીમહાપ્રભુજીએ પોતાના યશનું ગુણગાન ભક્તને કરાવ્યુ. આમ ભક્તોનાં પાપ દુર કર્યા આવા નિર્દોષ હ્યદયમાં ભગવત યશનો પ્રકાશ ફેલાતાં અજ્ઞાનરૂપી અંધકારનો નાસ થઇ જાય છે. તદુપરાંત ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન અને પ્રભુ સંબંધી અલૌકિક આનંદ પ્રગટ થાય છે, ત્યારબાદ તે હ્યદયમાં પૂર્ણ પુરૂષોત્તમરૂપી ભ્રમર સદાસર્વદા નિવાસ કરીને સ્નેહ ભાવાત્મક મકરંદ-રસનું પાન કરે છે. શ્રીમહાપ્રભુજી ભક્તને પોતાના યશનું ગાન કરાવીને આવા અનેક પ્રકારના ફલનું દાન કરે છે. તેથી એ નક્કી સિદ્ધાંત છે કે, જે કોઇ આપશ્રીના યશનું ગાન કરે છે તેનો દરેક પ્રકારનાં પાપ નાશ પામે છે. આવા ભક્તના નિર્દોષ હદય-કમલમાં શ્રીમહાપ્રભુજી સદા-સર્વદા બિરાજે છે. તેથીજ શ્રી ગુસાંઈજી કહે છે : "સ્વ યશોગાન સંહૃષ્ટ હ્યદયાભોજ વિષ્ટરઃ"

શ્રી સર્વોત્તમ સ્તોત્રનો અનિર્વચનીય મહિમા

લેખક : **શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

જેમ વહેતી સરિતાઓનો અંત સમુદ્રમાં થાય છે, તેમ વિવિધ પ્રકારનાં સાધનો મનોનિગ્રહ માટે જ છે. મનમાં જ્યાં સુધી વાસનાઓ ભરેલી રહે છે ત્યાં સુધી તેની

સ્થિરતા (ભગવત સાક્ષાત્કારના લક્ષમાં) થતી નથી. ભૌતિક-આધ્યાત્મિક-આધિદૈવિક ત્રિવિધ પ્રકારની વાસનાઓનો સાગર મનમાં જ ભરેલો રહે છે. આ વાસનાના સાગરને સુકવી નાંખવાનું સામર્થ્ય વડનાવલ અગ્નિમાં રહેલું છે. વડવાનલ અગ્નિ સમુદ્રમાં રહે છે. જ્યારે જગતનો પ્રલય કરવાનો હોય ત્યારે ભગવાન વડવાનલ અગ્નિને આજ્ઞા કરે છે અને ક્ષણમાં જ સમુદ્રનું શોષણ વડવાનલ અગ્નિ કરી નાંખે છે.

શ્રીવલ્લભાષ્ટકની ટીકા શ્રી રઘુનાથજીએ શ્રીમહાપ્રભુજીને વડવાનલ અગ્નિની ઉપમા આપેલ છે. જે સ્વકીય જન નિરંતર આપશ્રી વલ્લભના યશોગાન કરે છે તેના હ્યદયમાં આપ પધારે છે.

"સ્વ યશોગાન સંહષ્ટ હ્યદયાંભોજ વિષ્ટરઃ" આપ હૃદયમાં પધારતાં જ વાસનાના સાગરનું ક્ષણમાં જ શોષણ થઇ જાય છે.

'જનમ જમન કે કોટિક પાતક છિનહીમાં જ દહે. વાસનાની નિવૃત્તિ થવાથી મનની સ્થિરતા આપના સ્વરૂપમાં થાય છે. તેથી શ્રીસર્વોત્તમજીના ધોળમાં કહ્યું છે કે 'જે સ્રવોત્તમ યશ ગાયે રે, તેનું મન પહેલા સ્થિર થાયે રે."

શ્રીવલ્લભાગ્નિના દુર્લભ ચરણકમલની પ્રાપ્તિમાં શ્રીસર્વોત્તમજીના યશોગાનને શ્રી ગોકુલેશ પ્રભુએ અસાધારણ સાધન કહેલ છે. અસાધારણ એટલે જેની સમાનતા બીજા કોઇ સાધનો કરી શકે નહી. શ્રીગુસાંઇજીએ લલિત-ત્રિભંગી, પ્રેમામૃત રસાયણ, નિકુંજ વિલાસ ઇત્યાદિ રસાત્મક સ્તોત્રો અનેક રચ્યાં છે, પરન્તુ કોઇનું નામ સર્વોત્તમ ન રાખ્યું. આ રહસ્યને શ્રીવલ્લભજનોએ ગંભીરતાથી વિચારવાનું છે. શ્રીજી અને શ્રીગુસાંઇજીમાં અભેદતા છે. શ્રીવલ્લભના કૃપાપાત્ર જનોએ પોતાના પ્રાણપ્રેષ્ઠનું યશોગાન કર્યું છે :

શ્રીવલ્લભ બરનોં કહા બડાઇ ।
જાકે રોમ રોમ પ્રતિ પ્રગટીત,

કોટિ ગોવર્ધન રાઇ ।।
વાકે યુથ ભયે ન્યારે ન્યારે,
બરનત બરને ન જાઇ ।
'રામદાસ' કમલાસી દાસી,
સો ઘર છાંડ બસાઇ ।।

ભાવ સ્વજાતી વલ્લભીઓ પાસે પોતાના પ્રેશ્ઠનું યશોગાન કરે છે. હે પ્યારે વલ્લભીઓ, આપણા પ્રાણપ્રેષ્ઠની બડાઇનું હું વર્ણન શું કરૂ ?

જેના સ્વરૂપના પ્રત્યેક રોમ રૂપ બ્રહ્માંડમાં (ધામમાં) કોટાનકોટિ નિકુંજનાયક તેટલા જ શ્રીસ્વામિનીજીઓ સાથે લીલા વિલાસ કરી રહ્યા છે. જેની કોઇ સીમા નથી તેવો વૈભવ પ્રાણવલ્લભના સ્વરૂપમાં રહેલો છે. આ સીમા રહિત વૈભવને તો શ્રીજી જ જાણે ને તેથી શ્રીજી સ્વરૂપ શ્રીગુસાંઇજીએ અનુભવ કરીને શ્રીસર્વોત્તમજી પ્રગટ કર્યા છે અને તેનું નામ 'શ્રીસર્વોત્તમજી' રાખ્યું છે. શ્રીસર્વોત્તમજી નામ રાખવામાં બીજુ પણ ઘણું રહસ્ય છુપાયેલું છે. અલ્પમતિ જીવની બુદ્ધિમાં કેટલું આવી શકે ?

'નિરોધ લક્ષણ' ગ્રંથમાં આપે ગુણગાનનો જે આગ્રહ કર્યો છે તે પોતાના સ્વકીયો પ્રતિ જ છે. ગુણગાન માનસી સેવામાં પ્રવેશ કરાવે છે. તત્સુખના પ્રચુર તાપભાવ પૂર્વક ગુણગાન થવાથી હ્યદયમાંથી ભાવાત્મક સ્વરૂપ પ્રકટ થઇ જાય છે. કિલશ્ય માનાન્ જનાન્ દ્રષ્ટવા કૃપાયુક્તો યદા ભવેત્ તદા સર્વ સદાનન્દં હ્દિસ્થ નિર્ગતં બહિ :

નિજ્જનના તાપાત્મક પ્રચુર તાપ ભાવને સહન નહી થવાથી આપ હૃદયમાંથી પ્રકટ થઇ જાય છે. તે જ સમયે મનનો પ્રવેશ પ્રેશ્ઠના સ્વરૂપમાં થાય છે. મનનો આ પ્રવેશ પ્રિયના સદાનંદ સ્વરૂપમાં થતો હોવાથી માનસીનો અનુભવ પણ સદા થાય છે. એટલે સાગરમાં ડુબેલાને બહાર નીકળવાનું રહેતું નથી. તાપાત્મક તત્સુખાત્મક ગુણગાનનું આવું ગૂઢ રહસ્ય હોવાથી આપે પોતાના સ્વકીયોને ગુણગાનનો આગ્રહ કર્યો છે. મનનો પ્રવેશ સ્વરૂપમાં થવાથી પ્રેશ્ઠના સ્વરૂપનો જે માનસીમાં અનુભવ થાય છે તે પ્રિયના

સૌન્દર્યામૃત લાવણ્યામૃતનો થતો હોવાથી અને તે તાપાત્મક હોવાથી મનની નિવૃત્તિ થઇ શકતી નથી.

જેના ગુણ ગવાય તેના ગુણો ગુણગાન કરનારમાં પ્રવેશ કરે છે. અને ગુણી-સ્વરૂપની સમાનતા પ્રાપ્ત કરાવે છે. એટલે કે દુર્લભ છે ચરણ કમલ જેના તે સ્વરૂપને ધારણ કરવાનું સામર્થ્ય આપનું યશોગાન સિદ્ધ કરે છે. તેથી જ પુષ્ટિમાર્ગના મહાન તત્વવેત્તા સર્વજ્ઞમર્મજ્ઞશિરોમણિ શ્રી હરિરાયચરણે અનેક પદોસ્તોત્રોમાં શ્રીમહાપ્રભુજીનું યશોગાન કરી સ્વકીયો ઉપર મહાન કૃપા કરી છે. આપ આજ્ઞા કરે છે.

'રસિક સદા બડભાગી તે જે,
શ્રીવલ્લભ ગુણ ગાયે'

સર્વજ્ઞ પુરૂષની વાણીની હદ હોતી નથી અને તેનો ગમે તેવો અર્થ કરી શકે છે. તેવા સામર્થ્યવાળા તેઓ હોય છે. બીજું ભગવાનની ભૂત, ભવિષ્ય, વર્તમાનમાં થતી લીલાઓને સર્વજ્ઞ જાણી શકે છે. ભવિષ્યમાં ગુણગાનનું જે ફલ સ્વકીયોને મળવાનું છે તે શ્રી હરિરાયચરણ જાણતા હોવાથી ગુણગાન કરનારને બડભાગી કહે છે. બડભાગીનુ વિશેષણ શ્રી હરિરાયચરણે આપ્યું તેમાં મહત્વ પણ ખુબ ભરેલું છે. શ્રીહરિરાયચરણ શ્રી વલ્લભ .યશોગાન કરનારને 'બડભાગી' એટલા માટે કહે છે કે પુષ્ટિમાર્ગ ફલથી પણ અધિક પુરૂષાર્થ તો સ્વતઃ સિદ્ધ હોય છે. તે કોઇ સાધનથી પ્રાપ્ત થતો નથી. શ્રી સર્વોત્તમજીના યશોગાનથી સ્વતઃ સિદ્ધ સ્વામિની ભાવનું નિજ્જનને દાન થાય છે. તેથી જ શ્રીહરિરાયચરણ આપનું યશોગાન કરનારને બડભાગી કહે છે. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં રહેલું અચિન્ત્ય-અનંત ઐશ્વર્ય તે સ્વરૂપનું જ ગાન શ્રીસર્વોત્તમજીમાં રહેલું હોવાથી અગ્નિકુમારે શ્રીસર્વોત્તમ નામ રાખ્યું છે. શ્રીસર્વોત્તમ નામમાં એક બીજું ગૂઢ રહસ્ય એ છે કે શ્રીસર્વોત્તમજીના યશોગાનથી થાય છે. જેમ વેણુનાદની સુધાએ શ્રી ગોપીજનોમાં પ્રવેશ કર્યો અને તેમનામાં નિત્ય સિદ્ધ સ્વામિની ભાવ સિદ્ધ કર્યો તેમ શ્રીસર્વોત્તમમાં સુધા સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનાં 108 નામ છે. 'એક એક અક્ષર હે અધરામૃત ગુપ્ત રીત ગુણગાન.'

આનંદ આ નામ ત્રણ અક્ષરો છે. ત્રણે અક્ષરોમાં સુધા જ રહેલી છે. આવા જે સર્વોત્તમજીનું જે સ્વકીય ગાન કરે છે. તેનામાં સુધાનો પ્રવેશ થાય છે અને નિત્ય સિદ્ધ સ્વામિની ભાવ સિદ્ધ કરે છે. આ નિત્ય સિદ્ધ સ્વામિની ભાવને પ્રાપ્ત કરવો તેનું નામ જ સર્વોત્તમતા છે. શ્રીસર્વોત્તમજીનું પ્રથમ નામ આનંદ છે. આ નામ શ્રીઠાકોરજીના સંબંધવાળું છે. શ્રી ઠાકોરજીથી સર્વને આનંદ મળે તેની સર્વોત્તમતા નહી પણ શ્રી ઠાકોરજીને જેનાથી આનંદ મળે તેની સર્વોત્તમતા છે.

'આનંદ દાન દેત, આનંદ કું મનોરથ પુરે, નંદકુમાર.' શ્રીનંદકુમાર શ્રીઠાકોરજીના મનોરથ શ્રીમહાપ્રભુજી શ્રીસ્વામિની ભાવથી પૂરણ કરે છે. બીજુ નામ પરમાનંદ છે. પરમ જે શ્રીઠાકોરજીને જેનાથી આનંદ મળે છે તેવા શ્રીસ્વામિની ભાવ સિદ્ધ કરનાર 'પરમાનંદ' નામ છે, આપના આ પરમાનંદ નામમાં પરમાનંદ સ્વરૂપ નિત્ય સિદ્ધા અસંખ્ય (અનંત) સ્વરૂપો સ્વામિની ભાવાત્મક રહેલાં છે. તેમાંથી આપનું યશોગાન કરનાર સ્વકીયને દાન કરી સ્વકીયમાં નિત્ય સિદ્ધ સ્વામિની ભાવ સિધ્ધ કરે છે.

આપ સ્વકીયોને સ્વતંત્ર ભક્તિનું દાન કરે છે. સ્વકીયોમાં સ્વતંત્ર ભક્તિનું દાન કરે છે. સ્વકીયોમાં સ્વતંત્ર ભક્તિનું દાન કરવું તે તો આપનો સહજ સ્વભાવ છે. સ્વતંત્ર ભક્તિનો અર્થ નિત્ય સિદ્ધ સ્વામિની ભાવની પ્રાપ્તિ. આ શ્રીસ્વામિનીજીઓ ઇશ્વર કોટિનાં સ્વરૂપો હોવાથી પોતાના સ્વરૂપમાંથી લીલાસૃષ્ટિ પ્રકટ કરે છે અને પ્રિયતમને નિરવધિ સુખ આપે છે. પ્રભુ આ શ્રીસ્વામિનીજીઓને આધિન થઇને રહે છે. શ્રીહરિરાય વાંગ મુક્તાવલીના પ્રથમ ભાગમાં 'અંતરંગ બહિરંગ લીલા પ્રપંચ વિવેક' નામનો ગ્રંથ છે. તેમાં અંતરંગ લીલા પ્રપંચ શ્રીસ્વામિનીજીઓમાંથી પ્રકટ થાય છે. શ્રી સ્વામિનીજીઓને આધિન છે તેમ કહ્યુ છે. આવા પ્રકારના નિત્ય સિદ્ધ સ્વામિની ભાવની પ્રાપ્તિને જ પરમ પુરૂષાર્થ કહેવાય છે. શ્રીસર્વોત્તમજીનું યશોગાન આવા પુરૂષાર્થને સિદ્ધ કરે છે. તેથી જ તેનું 'સર્વોત્તમ' નામ ગુઢતાથી અગ્નિકુમારે રાખેલ છે. શ્રીસર્વોત્તમજીની સ્વતંત્ર ટીકાના છઠ્ઠા શ્લોકમાં શ્રીગોકુલેશ પ્રભુ ગુઢતાથી આજ્ઞા કરે છે કે નિત્ય સિદ્ધ સ્વામિની ભાવની પ્રાપ્તિમાં જેટલા દ્રષ્ટ કે અદ્રષ્ટ પ્રતિબંધો છે તેનો મુળમાંથી નાશ કરીને નિત્ય

સિદ્ધ સ્વામિની ભાવાત્મક સ્વરૂપની પ્રાપ્તિમાં આ શ્રીસર્વોત્તમજીનો વિનિયોગ છે. આવો ગૂઢાર્થ 'કૃષ્ણાધરામૃતા સ્વાદ સિદ્ધ રત્ર ન સંશયઃ' આ પંક્તિથી થાય છે. શ્રીગોકુલેશ પ્રભુએ આ પંક્તિના વિવેચનમાં ત્રિવિધ સુધાનું વર્ણન કર્યું છે. સુધા ભગવદીય ભાવ સ્વામિની ભાવને સિધ્ધ કરે છે. આ શ્રીસર્વોત્તમજીનો વિનિયોગ નિત્ય સિદ્ધ સ્વામિની ભાવની પ્રાપ્તિમાં થાય છે. પરંતુ નિત્યલીલા ધામની વિછુરેલા દૈવી જીવોમાં જ આ સ્વામિની ભાવ સિદ્ધ થાય છે, એમ નિશ્ચય કરીને આ પત્રમાં પ્રગટ થયેલું શ્રીસર્વોત્તમજીનું દ્રઢ અનુરાગી હોય તેની પાસે જ પ્રગટ કરવું. તેથી શ્રીહરિરાયચરણે પણ સ્વકીયોને સાવધાન કર્યા છે :-

'શ્રીવલ્લભનામ અગાધ હે,
જહાં તહાં મતિ બોલ ।
જબ ગ્રાહક હરિજન મિલે,
તીન આગે તું ખોલ ।।'
હરિજન એટલે વિરહી જન, તે જ આ નામનું રહસ્ય સમજી શકે છે.

આપ શ્રીમહાપ્રભુજીએ સુ. 10-35-27 માં આજ્ઞા કરી છે : 'ઉત્પન્નેન હિ પરમ પુરૂષાર્થ સ ચ ભગવદીય ભાવઃ' આપ સ્વકીયોને આજ્ઞા કે છે કે પરમ પુરૂષાર્થને જ સાધવો, તેની પ્રાપ્તિ માટે જ પ્રયત્ન માટે જ પ્રયત્ન કરવો, તે પરમ પુરૂષાર્થ 'ભગવદીય ભાવ' એટલે નિત્ય સિધ્ધ સ્વામિની ભાવ છે. આ શ્રીસ્વામિની ભાવ માત્ર શ્રીસર્વોત્તમજીના યશોગાનથી જ સિધ્ધ થઇ જાય છે. કારણ કે શ્રીસર્વોત્તમજીના 108 નામો સુધા રૂપ જ છે. શ્રીસર્વોત્તમજી એટલે સુધાનો ભરેલો સાગર, આના મહિમાનો કોઇ પાર નથી, અંદર ડુબ્યા હોય તે જ તેના મધુર સ્વાદને જાણે છે. સુધામાં માધુર્યતા અને દિવ્ય અગ્નિ મળેલા રહે છે. લીલા લોકમાં સુધાનું જ સર્વત્ર સામ્રાજ્ય વ્યાપેલું છે તે જ સુધા શ્રીસર્વોત્તમજીમાં પણ વ્યાપેલી છે.

મહાનુભાવ શ્રીસૂરદાસજીએ અંતિમ લીલા પ્રવેશ સમયે વલ્લભજન પ્રત્યે વાત્સલ્યના ભરથી કહ્યું :

ભરોસો દ્રઢ ઇન ચરનન કેરો,
સબ જુગમાં જ અંધેરો ।।
સાધન ઔર નહી યા કલિમેં,
જાસો હોત નિવેરો ।
'સૂર' કહા કહે દ્વિવિધ આંધરો,
બિના મોલકો ચેરો ।।

શ્રીહરિરાયચરણે તો અનેક સ્તોત્રો પદોમાં શ્રીમહાપ્રભુજીના ચરણકમલનો દ્રઢાશ્રય કરવા માટે જ નિજ્જનોને આગ્રહ કર્યો છે.

દયારામભાઇએ પણ કહ્યું છે કે :'શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલુ.' બાકી શ્રીવલ્લભ યશોગાન માધુરીમાં જે ગાન કર્યું છે તેના નિરંતર અવલોકનથી ભગવદીયોની કૃપાથી આપણને પણ શ્રીવલ્લભ ચરણકમલમાં દ્રઢાશ્રય થશે જ.

ગુણગાન એ 'અસહાયશૂર' છે. આપણે એકલા એકાન્તમાં બેસી ગુણગાન કરી શકીયે, આપનું ગુણગાન તાપ ભાવની વૃદ્ધિ કરે છે.

'ઉપજત તાપ છિનક સાનિધ્યમેં,
દેત વિરહ આનંદ રસ કેવલ.'

લીલાધામ તરફ ગતિ કરનારા પ્રભુ પ્રેમીજનને લુંટેરાઓની દુનિયાથી રક્ષણ કરી લીલાધામમાં પ્રવેશ કરાવનાર તાપભાવ જ છે. તાપ શબ્દનો ઉલટો અર્થ પતા થાય છે. લીલાધામનો પતો (સરનામુ) પ્રાપ્ત કરી લીલાધામમાં પ્રવેશ કરાવનાર તાપભાવ પ્રિય પ્રભુનો અંતરંગ દુત છે.

આપની સાનિધ્યતાથી જે તાપભાવ પ્રગટ થાય છે, તે ત્રિવિધ માયાનો પ્રલય કરી ફલાત્મક વિરહભાવનું દાન કરે છે. 'ફલાત્મક વિરહ' એટલે માનસીમાં સદાનંદ

સ્વરૂપનો નિરંતર અનુભવ લીલાધામમાં કરવો. આપની ક્ષણની સાનિધ્યતાનો આવો વિલક્ષણ પ્રભાવ છે.

આપના સાક્ષાત્કારમાં તાપભાવની પરમ આવશ્યક્તા છે તે આપના યશોગાનથી સિદ્ધ થાય છે. કારણકે આપ તાપાત્મક સ્વરૂપ છે.

શ્રીમદ્ દમલાજીએ પણ શ્રીગુંસાઇજીને વિનંતી કરી છે : રાજ, યહ મારગ હાંસી ખેલ કો નહી હે, તાપ કલેશકો હૈ :

શ્રીવલ્લભના નિજ્જનોએ શ્રીમદ્ દમલાજીની આજ્ઞાનું પાલન આગ્રહ અને અતિ આદરપૂર્વક કરવું જોઇએ.

'યહ મારગ હાંસી ખેલકો નહી હે, તાપ કલેશકો હે.' શ્રીમદ દમલાજીએ આ વિનંતી શ્રીગૂસાંઇજી પ્રતિ કરેલી હોવાથી નિજવંશના બાલકોએ પણ આ તાપ કલેશની પરમ આવશ્યક્તા હોવાનું સ્વીકાર્યું છે. આવા પ્રકારના નિર્ણયમાં કોઇપણ પૂર્વ પક્ષ થઇ શકતો નથી. કારણકે મહત પુરૂષોની વાણીમાં સર્વજ્ઞતા રહેલી છે. તાપ જ બધા પ્રતિબંધોને નિવૃત્ત કરી પ્રાણ પ્રિય વલ્લભનો સાક્ષાત્કાર કરાવે છે.

શ્રીહરિરાય ચરણ 'નિજાચાર્યાષ્ટક' સ્તોત્રમાં આજ્ઞા કરે છે. 'રહસ્ય તદ્ ભાવન્ ભાવન ક્ષમાઃ' રહસ્ય અને રહસ્યના મનનને નિજ્જનોના હૃદયમાં ઉતારવાને શક્તિમાન. પોતાના સર્વાજ્ઞાત મહાન સ્વરૂપમાં રહેલું જે નિગૂઢ રહસ્ય શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીઅગ્નિકુમારે ગૂઢતાથી પ્રકટ કર્યું છે તે રહસ્ય નિજ્જનોના હ્યદયમાં ઉતારવા માટે આ પત્રમાં મને નિમિત્ત બનાવીને આપે મારી મતિમાં પ્રેરણા કરીને પ્રકટ કરાવ્યું છે તે મારા માટે અને નિજ્જનોના પોષણ માટે છે. પોતાનું યશોગાન કરાવીને આવું અત્યંત ગુઢ રહસ્ય આપ પ્રકટ કેમ કરે છે તેનો હેતુ નીચેના શ્લોકમાં શ્રીહરિરાયચરણ જતાવે છે :-

'અસ્મત્પતિ સ્વપરપાલન દત્ત

બુદ્ધિરત્યન્ત સાર્દ્ર હૃદયો દયિત સ્વકીય:'

'અસ્મત્પતિ' અમારા (નિજ્જનોના) આપ પતિ છો. પતિ હોવાથી પોતાના જનના પોષણ કરાવવામાં આપ સદૈવ તત્પર રહે છે. આ પોષણ શ્રીહરિરાયચરણ કહે છે તે મારી બુદ્ધિમાં આપ પ્રેરણા કરીને મારૂં અને સ્વકીયજનનું આપ પોષણ કરે છે. કારણ કે આપને નિજ્જન બહુ વહાલા છે.

આગળના શ્લોકમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે.
મચ્ચિત ધામ વિલસન્નિજ નામ સામગાન
પ્રિયઃ પ્રિયજને કરૂણાં કરોતુ ।।

શ્રી હરિરાયચરણ પ્રાણવલ્લભને વિનંતી કરે છે કે મારા ચિત્ત રૂપી ધામમાં આપના 108 નામનો વિલાસ વિવિધ પ્રકારના રાગ સ્વરથી પ્રગટ થાઓ જે આપની પ્રસન્નતાના હેતુરૂપ છે. કૃપાપાત્ર વલ્લભીઓ શ્રીસર્વોત્તમજીનું યશોગાન વિવિધ રાગ સ્વરોમાં કરી આહલ્લાદ અનુભવે છે. શ્રીહરિરાયચરણના શ્રીહસ્તમાં તંબુર વાદ્યવાળા ચિત્રજીનાં દર્શન થાય છે. તેથી આપ શ્રીસર્વોત્તમજીનું યશોગાન વિવિધ રાગ સ્વરોમા કરી પ્રાણપ્રેષ્ઠ વલ્લભને પ્રસન્ન કરતા જ હશે
.
સામવેદમાં વિવિધ પ્રકારના છંદો રહેલા છે. રૂચાઓ વિવિધ છંદથી વિવિધ સ્વરથી ગાન કરે છે જે પ્રભુને પ્રિય છે.

પુષ્ટિમાર્ગમાં સંગીતનું જે પ્રાધાન્ય છે તે પ્રભુના સુખના માટે જ રાખેલ છે. પ્રભુને સંગીત પ્રિય હોવાથી જ પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલીમાં બધા સમયમાં સંગીતની યોજના કરેલી છે. સંગીતસાગર શ્રીગુસાંઇજીએ શ્રીસર્વોત્તમજી સ્તોત્રરૂપે પ્રકટ કર્યો છે તેથી તેમાં સંગીત વ્યાપેલું જ હોય. તેથી વિવિધ રાગ સ્વરોમાં શ્રીસર્વોત્તમજીનું યશોગાન કરીને શ્રીપ્રાણપ્રેષ્ઠ શ્રીવલ્લભને પ્રસન્ન કરવા એ નિજ્જનોનું કર્તવ્ય જ છે.

લેખક : **પ.ભ. શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

આ લેખમાં કહ્યા પ્રમાણે કર્તવ્ય નિષ્ઠ થવાથી તેમાં ભાવાત્મક ધર્મી સ્વરૂપનો સંબંધ રહેતો હોવાથી સ્વરૂપના પ્રમેય બલથી ભગવદ્ સાક્ષાત્કાર સીધ્ર થાય છે. આ સાક્ષાત્કારથી ત્રિવિધ માયાના બંધનમાંથી જીવ મુક્ત થઇ પોતાના આધિદૈવિક દેહને ભગવદ્ સાક્ષાત્કારની ક્ષણેજ જ પ્રાપ્ત કરી લીલા ધામમાં પ્રવેશ કરે છે.

ભગવદ્ સાક્ષાત્કારની સાધનામાં "સ્વરૂપ ધ્યાન"ની મુખ્યતા રહેલી હોવાથી હરિમૂર્તિ સદાધ્યેયા આપશ્રીએ નિરોધ લક્ષણમાં આજ્ઞા કરી છે. આપશ્રીની આ આજ્ઞામાં સદા પદ સાગ્રહ-સાદર અતિ મનનીય છે અને મનનીય પણ છે જ. આપશ્રીનો નિશ્ચયાત્મક સિદ્ધાંત સતત ભગવદ સન્મુખ રહેવા માટેનો છે. આપશ્રીની સિદ્ધાંતીક વાણીમાં બહુધા સ્થાને સતત-સદા પદોની યોજના કરેલી જ હોય છે. સ્વરૂપ ધ્યાન, ગુણગાન-અને નામ સ્મરણ આ ત્રણેમાં ધર્મી સ્વરૂપનો ભાવાત્મક પ્રકારે સંબંધ રહી જ આવે છે. કર્તુમ-અકર્તુમ અન્યથા કર્તુમ્ આવું વિરૂદ્ધ ધર્માશ્રય ઐશ્વર્ય ધર્મી સ્વરૂપમાં જ રહેલું હોવાથી સતત સ્વરૂપ ધ્યાન-ગુણગાન અને નામ સ્મરણની આપશ્રીએ સ્વકીયો પ્રતિ નિજવાણીમાં આજ્ઞા કરી છે :-

(1) હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્રહિ ।

(2) તસ્માત્ સર્વાતમના નિત્યં શ્રી કૃષ્ણઃ શરણંમમ । વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ।

(3) તસ્માત્ સર્વ પરિત્યજય નિરૂધ્ધૈઃ સર્વદા ગુણાઃ ।

ઉપરોક્ત ત્રણે પ્રકારના અલૌકિક સાધનોમાં જે બને તેમાંથી સતત સન્મુખ રહેવાથી ભગવદ સાક્ષાત્કાર અવશ્ય થાય છે.

હવે ભગવદ સાક્ષાત્કારમાં શ્રીમદ્ ભાગવતમાં કથેલો પ્રકાર વિચારીયે :-
ભા. 12-3-48 થી 50 સુધીમાં શ્રી શુકદેવજી રાજા પરિક્ષિતને કહે છે-

અનંત ભગવાન હૃદયમાં પધારવાથી જે અત્યંત શુદ્ધિ થાય છે તેવી શુદ્ધિ વિદ્યા-તપ, પ્રાણ-નિરોધ, સર્વભૂતમાં મૈત્રી, તીર્થસ્થાન વૃત્ત, દાન કે જપ વિગેરેથી થતી નથી ।।48।।

હે રાજન ! તમારી હવે અન્તીમ અવસ્થા છે એટલા માટે સર્વ પ્રયત્નથી ભગવાનને હૃદયમાં ધારણ કરો । અથવા હૃદયમાં સ્થિર કરશો તો પરમ ગતિને પામશો ।।49।।

પુષ્ટિભક્ત માટે પરમગતિનો અર્થ લીલાધામમાં પ્રવેશ થાય છે. પ્રભુનું આવરણ દૂર કરી ભક્તને અલૌકિક દેહનું દાન કરી, તેજ ક્ષણે લીલાધામમાં પ્રવેશ કરાવે છે. પ્રભુના સ્વરૂપ ધ્યાનનો આવો અદભૂત મહિમા છે. આવા મહિમાનું વર્ણન ભ્રમરગીત સુ 10-43-32 માં પણ આપશ્રી મહાપ્રભુજીએ નિગૂઢતાથી કરેલું છે.

અન્તીમ અવસ્થાવાળા દૈવી જીવને ભગવાન અવશ્ય ધ્યાન કરવા યોગ્ય છે. હે અંગ, સર્વના આત્મા અને સર્વના આશ્રયરૂપ ભગવાન ધ્યાન કરનારને પોતાના સ્વરૂપનું દાન કરે છે ।।50।।

શ્રી શુકદેવજીએ ત્રીજા સ્કંધથી 11 માં સ્કંધ સુધી પ્રભુની લીલાઓનું વર્ણન કર્યું તેનો હેતુ પ્રભુના સ્વરૂપનું મહાત્મ્ય સમજાય. માહાત્મય સમજવાથી સર્વથી અધિક અને સુદ્રઢ સ્નેહ ધર્મી સાક્ષાત સ્વરૂપમાં જ થાય છે. સાક્ષાત ધર્મી સ્વરૂપને જ હૃદયમાં ધારણ કરવાનું શુક મુનિ કહી રહ્યા છે. જેમ સૂર્યમાંથી સહસ્ત્ર કિરણો પ્રગટ થાય છે, તેમ સાક્ષાત ધર્મી સ્વરૂપમાંથી અનંત વિવિધ પ્રકારની લીલાઓ પ્રગટ થાય છે. શ્રીગોકુલેશ પ્રભુ શ્રીસર્વોત્તમજીની બડી (સ્વતંત્ર) ટીકામાં આજ્ઞા કરે છે કે- "ભક્તિમાર્ગાબ્જ માર્તંડના કિરણમાંથી અસંખ્ય રાસાદિલીલાઓ પ્રગટ થાય છે. આવા પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ આપણા સ્વામીને આપણી અન્તીમ અવસ્થામાં સર્વ પ્રકારથી હૃદયમાં ધારણ કરવા આજ આપણો (સ્વકીયાનો) પરમ પુરૂષાર્થ છે.

આપશ્રી મહાપ્રભુજીને આ પરમ પુરૂષાર્થનું નિરૂપણ ચતુઃશ્લોકીમા કરેલું છે.

યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાતમના હૃદિ ।
તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકે વૈદિકે રપિ ।।

ચતુઃ શ્લોકીમાં કહેલું ધ્યેય સ્વરૂપ નિત્યલીલાના સંબંધવાળુ છે. અનંત લીલાયુક્ત, અનંત લીલા પરિકર યુક્ત, અને અનંતલીલા સામગ્રીથી યુક્ત ધર્મી સ્વરૂપને "ધૃતઃ સર્વાત્મના હૃદિ" હૃદયમાં ધારણ કરવાની સ્વકીયોને અતિ કારૂણ્યતા પૂર્વક આપ આજ્ઞા કરે છે જેમ શુક મુનિ રાજા પરીક્ષીતને "હે અંગ" એવા વાત્સલ્ય સ્નેહભર્યા સમ્બોધનથી પ્રભુના સ્વરૂપને હૃદયમાં ધારણ કરવાનું કહી રહ્યા છે. તેમ વાત્સલ્ય સ્નેહ સાગર શ્રીવલ્લભ પ્રભુ-અનંત લીલાવાળા સ્વરૂપને હૃદયમાં ધારણ કરવા સ્વકીયોને આજ્ઞા કરી રહ્યા છે.

સિધ્ધાંત મુક્તાવલીમાં કહ્યા પ્રકારે તનુજાવિતજા સેવાથી નિરોધ લક્ષણમાં કહેલા પ્રકારે રસાત્મક-તાપાત્મક ગુણગાન અને સ્વરૂપ ધ્યાનથી ભક્તિવર્ધિનીમાં કહેલા પ્રકારે ત્યાગ-શ્રવણ-કીર્તનથી નવરત્નમાં કહેલા પ્રકારે અષ્ટાક્ષરના સતત સ્મરણથી જે પુરૂષાર્થ પ્રાપ્ત થવાનો છે તેનું નિરૂપણ "ચતુઃ શ્લોકી" માં કરેલું છે તેથી ચતુઃ શ્લોકી ષોડશ ગ્રંથમાં મધ્ય મણિવર છે.

શ્રી વ્રજપ્રિયા ગોપીજનોને મહારાસ સમયે પૂર્ણાનંદ સ્વરૂપ તેમના હૃદયમાં નિરૂદ્ધ થયું તેનો અનુભવ અગણિત આનંદરૂપે વિરહ ફલાત્મક અવસ્થામાં નિરંતર કરી રહ્યા છે. આવા પરમ પુરૂષાર્થનું સ્વકીય ને દાન કરવા માટે ચતુઃ શ્લોકીમાં "યદિ શ્રી ગોકુલાધીશો ધૃત સર્વાત્મના હૃદિ" આજ્ઞા કરી રહ્યા છે. મહારાસમાં શ્રી ગોપીજનોને જે પૂર્ણાનંદ સ્વરૂપનું દાન કરેલું છે, તેનું જ નિરૂપણ આપશ્રીએ ચતુઃશ્લોકીમાં કરેલું છે. "અતઃ સર્વાતમના શશ્વત્ ગોકુલેશ્વર પાદયો." શશ્વર્ત પદ નિત્યનું વાચક છે. તેથી નિત્યલીલા ધામમાં જે સ્વરૂપનો નિરંતર અનુભવ થાય છે. તેનું જ ચતુઃ શ્લોકીમાં આપે પરમ પુરૂષાર્થ રૂપે વર્ણન કર્યું છે. "ધૃત" અને "શશ્વત" આ પદથી જાણે આપ આ પરમ પુરૂષાર્થનું દાન નિજ્જનોને કરતા હોય તેવો ધ્વનીતાર્થ પ્રાપ્ત થાય છે.

ભા. 11-11-14*15 માં પરમભક્ત ઉદ્ધવજીને ગૂઢ ઉપદેશ કરે છે:- "હે ઉદ્ધવ ! શ્રુતિ સ્મૃતિ, વિધિ-નિષેધ, પ્રવૃત્તિ-નિવૃત્તિ, સાંભળવાનું અને સાંભળેલું આ સર્વનો પરિત્યાગ કરી સર્વના આત્મ સ્વરૂપ મારે એકલાને જ શરણ આવો, આથી તમો અકુતોભય (નિર્ભય) થઇ જશો" "અકૃતોભય" એટલે લીલાધામમાંજ સ્વકીયોનો પ્રવેશ કરાવે છે. જ્યાં કાલ માયાનો પ્રવેશ નથી અને તેથી તેનો ભય નથી.

ઘણા કાળથી નિજસ્થાન લીલાધામથી ભૂલા પડેલા આપણે લીલાધામમાં પહોંચીયે તે માટે મહા કારૂણિક સ્વામિએઆ લેખમાં મારા માટે તથા ભૂતલસ્થ સ્વકીયો માટે પ્રેરક બની માર્ગદર્શન કરાવ્યું છે. તેમાં આપણે કર્તવ્ય નિષ્ઠ થઇએ તો સ્વામીના શ્રમની નિવૃત્તિ થાય. સ્વકીયોને આપ ભૂતલમાં રાખવા ચાહતા નથી. લીલાધામમાં લઇ જવા માટે ભૂતલમાં આપ પ્રકટ થયા છે. તો ભૂતલમાં કેમ સ્વસ્થ થવા દે ? (લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ) અતિ અનુગ્રહિત સ્વકીયને ભુતલમાં સ્વસ્થ થવા દેતા નથી. આ નવરત્નની આજ્ઞાનું ગુઢ રહસ્ય એજ છે કે પોતાના જનોને આપ ભૂતલમાં રાખવા ચાહતા નથી.

શ્રી હરિરાય ચરણોકત "શ્રી વિઠ્ઠલેશ ચિન્તન" નામના સ્તોત્રમાં કહ્યું છે "નિત્યલીલૈક સુફલપ્રાર્થક" પોતાના સ્વકીયોને નિત્યલીલા ધામમાં પ્રવેશ કરાવવા રૂપ સુન્દર ફલનું દાન કરે તેવી પ્રાર્થના પ્રભુને શ્રી વિઠ્ઠલેશ કરે છે.

પુષ્ટિ પથ – પથિક

- મધુકર

પ્રશ્ન - પ્રભુની લીલા વૈચિત્ર્યતાની અકળતા મને તો કોઇ વખત ખરેખર અકળાવી મૂકે છે. "મૂનિ હસે હેર હેર હરિ હસે હર હર"- આ ઇન્દ્રમાન ભંગના પદાનુસાર તેને મન તો રમત હશે પણ મને તો મુંઝવણ ઉભી થાય છે. આનું સમાધાન કેમ કરવું ?

ઉત્તર –આવા પ્રકારના તમારા આલાપ-પ્રલાપમાં સમાધાન એ છે કે પુષ્ઠિ સૃષ્ટિ પ્રભુએ પોતાના શ્રી અંગમાથી પ્રગટ કરી છે, અને તેથી પોતાના અંગમાં જેમ મનુષ્યને મમત્વ

રહેલું હોય છે તેમ પોતાના અંગરૂપ પુષ્ટિ સૃષ્ટિના દૈવી જીવોમાં પ્રભુને ગાઢ મમત્વ રહેલું છે. આવા મમત્વથી પ્રભુ જે જે કરતા હશે તે આપણા હિત માટે જ હોય છે. આપણી અજ્ઞાનતાને કારણે પ્રિય પ્રભુના આવા ગૂઢ મમત્વને પહેચાની શકતા નથી તેથી જ "તેને મન તો રમત હશે" આવા ઉપાલંભના દેવાનો અધિકાર આપણા જેવા જીવોનો નથી. કારણકે આપણું જીવન સંપૂર્ણ પ્રિય પ્રભુને સમર્પીત થયું નથી. પ્રભુ પ્રાણરૂપ-જીવનરૂપ બન્યા નથી, પ્રભુને સુખદ બનીયે તેવી રસ સમ્પતિને પ્રાપ્ત કરી પ્રભુના સુખનાજ મનોરથો થતા નથી. આવી સ્થિતિમાં ઉપાલંભ કેમ આપી શકાય.

ઉપાલંભ દેવાનો અધિકાર વ્રજપ્રિયા ગોપીજનોનો છે. તેમણે પોતાનું સર્વસ્વ પ્રિયતમને સમર્પીત કર્યું છે. વિપ્રયોગ કાળમાં પ્રિય પ્રભુ માટે જ જીવન ટકાવે છે. વિપ્રયોગનું દુઃખ એવું પ્રબળ છે કે ક્ષણના વિયોગમાં પ્રાણ રહી ન શકે, દશમી અવસ્થા જ થઇ જાય. આવી દુઃસહ અવસ્થામાં શ્રી ગોપીજનોએ પ્રિય પ્રભુના માટે જ પ્રિયને સુખદ બનશું તેવી આશાએ જ પ્રાણને ધારણ કરી રાખ્યા છે. ત્વયિ ધૃતાસવ ગોપીગીતના બીજા શ્લોકમાં શ્રી ગોપીજન કહે છે કે હે દયિત ! હે પ્રિય ! આપની રસરૂપ સુખદ સેવા કરવાની આશાએ જ અમોએ પ્રાણ ધારણ કરી રાખ્યા છે. આપને જ્યારે અમારા પ્રાણની જરૂર નથી તેમ અમે જાણશું ત્યારે અમારા પ્રાણ અમારા ઉપયોગના નહી રહેવાથી ટકી નહી શકે. ("કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે." આ કથન મુજબ અમરવેલ જેવી પ્રિય મિલનની આશા જ વિરહી જનોના પ્રાણને ટકાવી રાખે છે.)

આમ શ્રી વ્રજપ્રિયાઓનું જીવન પ્રિયપ્રભુને સુખ આપવા માટે જ હોવાથી, અને પ્રિય મળતા નથી તેથી ઉપાલંભ આપે છે. આવા ઉપાલંભના શબ્દોમાં પણ રસ જ ભરેલો હોય છે, કેમકે તેમના દિવ્ય વિગ્રહો રસાકારજ બનેલા હોય છે. આપણી આવી સ્થિતિ નથી તેથી ઉપાલંભ દેવાને યોગ્ય નથી. પોતાનું હિત ચાહનારાઓએ અનધિકાર ચેષ્ટાનું સાહસ નહીં કરવું.

'રસિક' ચરણરજ વ્રજયુવતીનકી,
અતિ દુર્લભ જીય જાન.

જેને પ્રિય વશ થઇને રહ્યા છે એવા મહત સૌભાગ્યવાન વ્રજપ્રિયાઓના ચરણરજની અભિલાષા રાખવી. તે સર્વ પુરૂષાર્થ સિધ્ધ કરશે.

પુષ્ટિ પ્રભુના કરૂણાળુ સ્વભાવને અથવા નિજ અંગરૂપ પુષ્ટિ સૃષ્ટિમાં પોતાના ગાઢ મમત્વવાળા સ્વભાવનું મહાનુભાવ શ્રી સૂરદાસજીએ નીચેના પદમાં વર્ણન કર્યું છે:-

દેખો દેખો હરિજુકો એક સ્વભાવ ।
અતિ ગંભીર ઉદાર ઉદધિ પ્રભુ,
જાન શિરોમણિ રાવ ।।1।।
દાસ અપરાધ જાન સિન્ધુસમ,
બૂંદ ન એકો જાન ।
રાઇ જીતની સેવાકો ફલ,
માનત મેરૂ સમાન ।।2।।
વદન પ્રસન્ન કમલપદ સન્મુખ,
દેખત હી હૈ એસે ।
વિમુખ ભયે કૃપા યા મુખકી,
જબ દેખો તબ તેસે ।।3।।
ભક્ત વિરહ કાતર કરૂણામય,
ડોલત પાછે લાગે ।।
“સૂર” એસે પ્રભુનકો,
ક્યોં દીજે પીઠ અભાગે ।।4।।

વિરહી જનોના સિન્ધુ સમાન અપરાધને એક બિન્દુ સમાન પણ માનતા નથી (તેનું કારણ સ્નેહ સંબંધની રીત એવી છે કે પોતાના પ્રીતિ પાત્રના દોષો નજરમાં જ આવતા નથી. દિવ્ય સ્નેહ સંબંધની આવી જ રીત છે.) અને રાઇ જેટલી તત્સુખ સેવાને મેરૂ સમાન માને છે. (તેનું કારણ દિવ્ય સ્નેહમાં નિરપેક્ષતા હોય છે તેથી પોતાના પ્રીતિ

પાત્રનો રંચ તત્સુખ સ્નેહભાવ મેરૂ સમાન માને છે, દિવ્ય સ્નેહની રીત અટપટી-વિલક્ષણ પ્રકારની છે, તેમાં ડૂબ્યા હોય તે જ જાણે છે.) વળી વિરહ દુઃખથી દીન બનેલા જનનું રક્ષણ કરવા પાછળ પાછળ જે ડોલી રહ્યા છે એવા મહાકારૂણિક પ્રિય પ્રભુને હે પ્રણયિ ! તું પીઠ ન દઇશ. "પીઠ ન દઇશ" એટલે વિરહ દુઃખથી કાયર બનીને સાધના શીથીલ ન કરીશ અથવા આવા કરૂણાળુ પ્રિય પ્રભુને ઉપાલંભ આપવાની ધ્રુષ્ટતા ન કરીશ ! "પાછળ પાછળ ડોલે છે." તેનો અર્થ પરમ પુરૂષાર્થ રૂપ વિરહ ભાવનું રક્ષણ અને વિરહભાવની વૃદ્ધિ માટે હૃદયમાં રહી પ્રેરણા કર્યા જ કરવી તેને પાછળ પાછળ ડોલવાનું કહ્યું છે.

પ્રશ્ન – હૃદયમાંથી 'કામ' શત્રુ ન જાય ત્યાં સુધી (ઇન્દ્રિયો જનીત સુખ ભોગની લાલસા-જીજ્ઞાસા-ઇચ્છાથી પ્રભુ સ્મરણ કે ચિંતનની અખંડીતતા જળવાય કેમ ?

ઉત્તર – આ તમારૂં કથન તમારા મનને ઉપદેશ કરવા માટે જ પ્રભુએ પ્રેરણા કરી સમજાવ્યું છે. "ભાવ સાધક બાધક" નામના ગ્રંથમાં શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે, હે જીવ ! તું પોતે જ કહે કે જો મનથી વૈરાગ્ય અને પ્રભુમાં ચિત્તનો પ્રવેશ ન થાય તો પ્રિય પ્રભુમાં દ્રઢભાવ શી રીતે સ્થિર રહે ? અહીં શ્રી હરિરાય પ્રભુ જીવના પોતાના કર્તવ્યનો બોધ કરે છે. પોતાનું કર્તવ્ય જીવ ન કરે તો પ્રભુ પ્રાપ્તિ કેમ થાય ? પોતાના કર્તવ્યને કૃતિમાં નહી મૂકવું અને પોતાના કર્તવ્યનો બોજ સ્વામી ઉપર મુકવો, આવી સમજ સ્વભાવથી દુષ્ટ થયેલા મનમાં રહેલી છે. આવા દુષ્ટ મનનો પક્ષ કરવાથી સ્નેહ માર્ગથી ચ્યુત થઇ જવાય છે. ઘણા જન્મોની એકઠી થયેલી વાસનાઓના ભોગથી પુષ્ટ થયેલું મન દુષ્ટ સ્વભાવી બનેલું છે. તેને સાંસારિક વિષયમાં પ્રીતિ છે, પ્રભુમાં નથી. આવા મનને પોતાનો શત્રુ જાણી તેનો પક્ષ નહી કરતા બલાત્ પ્રાકૃત વિષયોમાંથી ખેંચીને પ્રભુ સન્મુખ વારંવાર કરતા રહેવું.

"મન તેં બહુવિધ પોલ ચલાઇ." જીવ જ્યારે જાગૃત થઇ જાય છે ત્યારે મનથી પ્રથક થઇ ને મનની કપટ ભરેલી ચાલને સમજી લે છે કે તેને પ્રભુમાં પ્રીતિ નથી પણ વિષયમાં રાચવું છે. જીવ જાગૃત ક્યારે થાય ? એક કમરામાં ગાઢ નીદ્રામાં મનુષ્ય

સુતેલો છે ત્યાં આગ લાગી. આ આગની જવાલાનો તાપ લાગતા જ ગાઢ નિંદ્રામાં સુતેલો પણ જાગૃત થઇ જાય છે. તેમ જ્યારે પ્રિય પ્રભુની પ્રાપ્તિની વિરહાગ્નિ હરદમ હૃદયમાં જલતી રહે ત્યારે અવિદ્યારૂપ ગાઢ નિંદ્રામાં સુતેલો દૈવી જીવ જાગૃત થઇ જાય છે.

મન લોભી મન લાલચી,
મન કપટી મન ચોર ।
મનકે મતે ન ચાલીયે,
હોત હે ક્ષણ ક્ષણ ઓર ।।

મહાનુભાવ ભગવદીયો જીવ ઉપર દયા વિચારીને મનની દુષ્ટતાને ઓળખાવી રહ્યા છે. આસુર ધર્મના આવેશવાળું મન દેખાય નહી તેવો હૃદયમાં રહેનારો શત્રુ છે. તેને અંતર્મુખ રહેનારા ભગવદીયો પહેચાની શકે છે. આવા મનથી પ્રથક રહીને તેને ઓળખી લેવાનો ઉપાય પ્રભુ સંબંધીજ વિચારો જ જો મન કરતું હોય તો તેને દૈવી સમજવું. અને પ્રભુને ભુલાવે તેવા પાકૃત પ્રપંચના વિચારો ઉત્પન્ન કરે તો આસુર ધર્મના આવેશવાળું સમજવું. મહાનુભાવ નંદદાસજી કહે છે કે-

"ગરલ અમૃત એકઠા કર રાખે,
ભિન્ન ભિન્ન કર વિરલા ચાખે."

સાધન દશામાં દૈવી જીવના હૃદયમાં પ્રાકૃત પ્રપંચ કે જે અવિદ્યાથી મનમાં ઉત્પન્ન થાય છે તે પણ રહેલ હોય છે. અને દૈવી પ્રભુ સંબંધી વિચારો પણ ઉત્પન્ન થાય છે. આ બન્ને વિચારો મનમાંથી જ ઉત્પન્ન થાય છે, તેથી જ્યારે પ્રાકૃત પ્રપંચના વિચારો ઉત્પન્ન થાય ત્યારે તેમાં ભળી નહી જવું. તેને અનુમોદન નહી આપવું, અથવા એવા વિચારોને આધિન નહી થવું. ભગવદ્ સંબંધી વિચારો ઉત્પન્ન થાય તો તેને આદર આપી કર્તવ્યમાં મુકવા. આ પ્રકારે મનને ઓળખીને કર્તવ્યનો જ જ્યારે વિચાર કરવામાં આવે ત્યારે ઉપાલંભ આપવાનો રહેતો નથી.

અલૌકિક સામર્થ્ય

- મધુકર

વિશુદ્ધ પ્રેમ પ્રાપ્ત થતાં પ્રભુ સાથે તાદામ્યતા થાય છે, ત્યારે અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થાય છે. આ વિશુદ્ધ પ્રેમને સ્વાધીના અર્થાત સ્વતંત્ર ભક્તિ કહેવાય છે. શ્રી આચાર્યચરણનો મત છે કે, જ્યાં સુધી શ્રીકૃષ્ણની આધિનતા રહે, ત્યાં સુધી મર્યાદા છે. અને સ્વાધીનાવસ્થાને જ પુષ્ટિ કહે છે. જે પ્રકારે એક પ્રસિદ્ધ યોગી યોગબળથી પોતાની ભીતરમાંથી અનેક ઐશ્વર્યો પ્રકટ કરે છે અને એના આનંદનો ઉપભોગ કરે છે, અને પુનઃ એ ઐશ્વર્યને અંતઃકરણમાં રાખીને આન્તર સુખનો અનુભવ કરે છે, એવી જ રીતે સ્વતંત્ર ભાવસંપન્ન ભક્ત પણ ભાવબલથી અનેક પ્રકારના લીલાત્મક કૃષ્ણને પ્રગટ કરીને આન્તર અને બહાર પ્રકારથી એની સાથે વિલાસ કરે છે. એ ભક્તને સંયોગ અને વિપ્રયોગાત્મક બન્ને પ્રકારનાં સુખોની અનુભુતિ થાય છે.

આ પ્રકારના ભક્તિયોગથી તે ભક્તનો ભૌતિક દેહ અપ્રાકૃત થઇ જાય છે. એનાં નેત્રોમાં, વાણીમાં, મનમાં, હૃદયમાં, તનમાં સર્વત્ર શ્રીકૃષ્ણની જ સ્થિતિ રહે છે. તે સ્વયં ભાવ (પ્રેમ) રૂપ થઇ જાય છે. આ ભાવને જ નિર્ગુણ પ્રેમસ્વરૂપ, પરબ્રહ્મસ્વરૂપ અને અચિન્ત્ય અનંત શક્તિયુક્ત કહેવાય છે. સ્વતંત્ર ભક્તિ પ્રાપ્ત ભક્ત નિર્ગુણ પ્રેમ સ્વરૂપમાં તદાત્મક થયેલા હોવાથી પરબ્રહ્મ સમાન જ સામર્થ્યવાળો થઇ જાય છે. અને ભાવમાં જ નિરંતર વિલાસ કરે છે. આ અવસ્થાને જ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ વિશુદ્ધ પ્રેમની અવસ્થા માની છે, અને આવા પ્રકારના અચિત્ય અને અનંત સામર્થ્યને જ "અલૌકિક સામર્થ્ય" કહેવામાં આવે છે.

દુઃખમાં પ્રભુ-સ્મરણ

ભગવદીય દુઃખમાં ધરસોરે, ધીરજ ધરી ભજતા ઠરશો ।
દુઃખમાં ધરશો કૃષ્ણ સ્મરસો, તો ભવ દધિ સધ તરસો ।।

ગુણ ગણો છે દુઃખ સહયામાં, કરવો એમ વિચાર ।
નહીં તો ભક્તનું દુઃખ કેમ સહે, સમર્થ કરૂણાગાર ? ।।
સકલ પાપ સંતાપ નિવારે, એક હરિનું નામ ।
હરિ રટાય નિત્ય તદપિ નહિ, તો ગમતું ઘનશ્યામ ।।
માયા મોહ વધે સુખ પામે, વિષય વિષે મન ચક ચૂર ।
કૃષ્ણ પાસે દુઃખ કુંતાએ માગ્યું, દુઃખમાં હરિ નહિ દૂર ।।
તેજ કુસંગ જે હરિને ભૂલાવે, સ્મરાવે તે સત્સંગ ।
સુખ ભૂલાવે ને દુઃખ સ્મરાવે, માટે ન કરે હરિ ભંગ ।।
લૌકિક કલેશ અંગીકૃત લક્ષણ, મેળવે શ્રીવ્રજરાય ।
શ્રીહરિરાયજીનું વાક્ય વિલોકો, શિક્ષાપત્રમાં ગાય ।।
કોને મલ્યા કૃષ્ણ કષ્ટ પામ્યા વિના, સાંભળો શાસ્ત્ર પ્રમાણ ।
વિપત પડે તોએ હરિના વિસ્મરે, તેને ગણે હરિ પ્રાણ ।।
સુખ આવે છકી નવ જઇએ, દુઃખ આવે નહી ડરીયે ।
આપણાથી અધિકા જોઈને, ગર્વ કલેશને હરીયે ।।
તપે ટીપાય કનક, સહે મોતી છેદ, તજે ન ઉજાસ ।
તો મહિપતિ મન ભાવે ભૂષણ, આપે હૃદય પર વાસ ।।
અંતરજામીથી નથી રે અજાણ્યું, વળી વહાલા પોતાના દાસ ।
"દયાપ્રિતમ" માટે સારૂ જ કરશે, રાખજો દ્રઢ વિશ્વાસ ।।

કહો, કૌનપે જૈયે હો...

શ્રીવલ્લભ તજ અપુનો ઠાકુર, કહો કોનપે જૈયે હો ।
સબગુણ પુરણ કરૂણા સાગર, જહાં મહા રસ પૈયે હો ।।1।।
સુરત હી દેખ અનંગ વિમોહિત, તન-મન પ્રાન બિકૈયે હો ।
પરમ ઉદાર ચતુર સુખ સાગર, અપાર સદા ગુણ ગૈયે હો ।।2।।

સબહીન તે અતિ ઉત્તમ જાની, ચરન પર પ્રીત બઢૈયે હો ।
કાનન કાહુકી મન ધરીયે, વ્રત અનન્ય એક ગહિયે હો ।।3।।
સુમર સુમર ગુણરૂપ અનુપમ, ભવ દુઃખ સબે વિસરૈયે હો ।
મુખ વિધુ લાવણ્ય અમૃત એકટક, પીવત નાંહી અઘૈયે હો ।।4।।
ચરન કમલ કી નિશદિન સેવા, અપને હૃદે વસૈયે હો ।
"રસિક" સદા સંગીનસો ભવોભવ, ઇનકે દાસ કહૈયે હો ।।5।।
"શ્રીવલ્લભ તજ અપુનો ઠાકુર"

શ્રીવલ્લભ શબ્દનો ભાવાર્થ, "અતિ વ્હાલા" એવો થાય છે. નિત્ય લીલાધામમાં અનંત કોટિ શ્રીસ્વામિનીજીઓમાં જે દિવ્ય પ્રેમનો પ્રતિક્ષણ નૂતન-નૂતન વિલાસ થઈ રહ્યો છે તે અનંત કોટિ સ્વામિનીજીઓના દિવ્ય પ્રેમના સમૂહાત્મક, ઘનીભૂત, સાકાર, દિવ્ય પ્રેમ-સુધાનું સ્વરૂપ શ્રીવલ્લભ છે. તેથી શ્રીહરિરાયચરણ એક પદમાં કહે છે કે, "શ્રીવલ્લભ મહાસિન્ધુ સમાન." જેમ અનેક સરિતાઓનો પ્રવાહ સમુદ્રમાં સમાઈ જાય તેમ અનંત કોટિ સ્વામિનીજીઓ દિવ્ય પ્રેમના સમુદ્ર રૂપ છે, તે અનંત દિવ્ય પ્રેમના સમુદ્રનો પ્રવાહ મહાસમુદ્ર રૂપ શ્રીવલ્લભમાં સમાવિષ્ટ થઈ જાય છે. તેથી શ્રીવલ્લભને 'દિવ્ય પ્રેમના મહાસિન્ધુ' કહ્યા છે. અને જેમ મહાસમુદ્રના અનંત તરંગોનું અનંત ભક્તો સેવન કરે તો પણ મહાસમુદ્રના અનંત તરંગોમાં કાંઈ ન્યૂનતા થતી નથી. અનંત ભક્તો આ દિવ્ય પ્રેમના મહાસમુદ્રના તરંગોથી સુખ પ્રાપ્ત કરે તો પણ મહાસમુદ્ર તેટલો ને તેટલો જ ભરેલો રહે છે અને પ્રતિક્ષણ અનંત તરંગો તેમાંથી પ્રક્ટ થયા જ કરે છે. તેવી જ રીતે દિવ્ય પ્રેમના મહાસિન્ધુ શ્રીવલ્લભ સ્વરૂપમાંથી અનંત કોટિ સ્વામિનીજીઓ દિવ્ય પ્રેમનો અનુભવ કરે છે. છતાં મહાસિન્ધુ પૂર્ણ જ ભરેલો રહે છે.

અહીં શ્રીવલ્લભ મહાસિન્ધુના અનંત તરંગો જ અનંત કોટિ સ્વામિનીજીનાં સ્વરૂપો છે. એક-એક તરંગ દિવ્ય પ્રેમના સમુદ્ર સમાન છે, તે સમુદ્રરૂપ સ્વરૂપ પ્રત્યેક સ્વામિનીજી છે. આવો કલ્પનામાં ન આવી શકે તેવો મહિમા શ્રીવલ્લભનો હોવાથી "શ્રીવલ્લભ મહાસિન્ધુ સમાન" અને "શ્રીવલ્લભ તજ અપુનો ઠાકુર, કહો કોનપે જૈયે હો ।" એમ

શ્રીહરિરાયચરણ કહી રહ્યા છે.
આવા શ્રીવલ્લભને છોડીને કોની પાસે આનંદની ભિક્ષા માગવા જવું ? એમ કરૂણા ભરેલા હૃદયથી શ્રીહરિરાયચરણ શ્રીવલ્લભના જનોને સૂચવી રહ્યા છે. અનંત સ્વામિનીજીઓના દિવ્ય પ્રેમ-વિલાસની પૂર્ણતા મહાસિન્ધુ સ્વરૂપ શ્રીવલ્લભમાંથી જ થાય છે. તેવા શ્રીવલ્લભને છોડીને કોની પાસે દિવ્ય આનંદની ભિક્ષા માગવા જઈએ ? આ પદમાં શ્રીહરિરાયચરણે દિવ્ય પ્રેમ સ્વરૂપ શ્રીવલ્લભના અનિર્વચનીય, અકથનીય મહીમાને જણાવેલો છે. આ મહિમા દિવ્ય પ્રેમ રૂપ જ સમજવો. જેમ મીઠા સમુદ્રનું જલ પણ મીઠું જ હોય છે, તેમ દિવ્યપ્રેમના મહાસમુદ્ર રૂપ શ્રીવલ્લભનો મહિમા પણ દિવ્ય છે.

હવે બીજી પંક્તિમાં કહ્યું છે કે, "સબગુણ પૂરણ કરૂણા સાગર, જહાં મહા રસ પૈયે હો." "સબગુણ પૂરણ" એટલે સૌંદર્યતા, લાવણ્યતા, માધુર્યતા, સુકુમારતા, મૃદુલતા, કમનીયતા આદિ દિવ્ય પ્રેમના અનંત ગુણોની સીમા શ્રીવલ્લભ સ્વરૂપમાં જ રહેલી છે. વળી પ્રત્યેક ગુણ, સાગર સમાન પૂર્ણ છે. આવા અનંત ગુણોની સીમાવાળા શ્રીવલ્લભ સ્વરૂપને ભક્તજન હૃદમાં કેમ ધારણ કરી શકે તેવી કોઈને શંકા થાય, તેના સમાધાનમાં કહે છે કે, "કરૂણા સાગર." કરૂણા એટલે વાત્સલ્યતા. માતાને વાત્સલ્યપ્રેમ પોતાના બાળક પ્રત્યે હોવાથી માતા પોતે જ નિરાધાર બાલકનું લાલન-પાલન કરે છે, બાલક તરફની કોઈ અપેક્ષા માતા રાખતી નથી. આવા વાત્સલ્ય પ્રેમના સાગરરૂપ શ્રીવલ્લભ હોવાથી પોતાના અનંત દિવ્ય ગુણોને ભક્ત ધારણ કરી શકે તેવી પાત્રતા પોતાના સામર્થ્યથી જ આપ સિદ્ધ કરે છે. "વિભુ" નામવાળું આપનું સ્વરૂપ હૃદયમાં પધારે, ત્યારે ભક્ત હૃદયને પણ "વિભુ" એટલે વ્યાપક ધર્મવાળું બનાવે છે. સર્વાત્મભાવી ભક્તમાં ભગવાન જેવું જ સામર્થ્ય હોય છે. (આ કથનમાં પ્રમાણની અપેક્ષા રહે તો સુ. 3-28-24માં જોવું.)

હવે "મહારસ પૈયે" તેમ પદમાં કહ્યું છે. તો રસ અને મહારસના અનુભમાં આનંદનું તારતમ્ય હોવાથી, શ્રીવલ્લભરસને "મહારસ" કહ્યો છે. સંયોગના આનંદને રસ કહેવાય

છે, અને વિપ્રયોગના આનંદને મહારસ કહેવાય છે. શ્રીવલ્લભનું સ્વરૂપ વિપ્રયોગાત્મક છે તેથી આપ મહારસરૂપ છે. સંયોગનો આનંદ એક સ્વરૂપથી અનુભવાય છે, જ્યારે વિપ્રયોગનો આનંદ અનંત સ્વરૂપથી અનુભવાય છે. તેથી વિપ્રયોગ સ્વરૂપ શ્રીવલ્લભને મહારસ રૂપ કહેલ છે.

"સુરત હી દેખ અનંગ વિમોહિત, તન-મન પ્રાન બિકૈયે હો." આ પંક્તિમાં કહ્યું છે કે, શ્રીવલ્લભ સ્વરૂપનું સૌંદર્ય દેખિને, "અનંત" કામદેવ વિશેષે કરીને મોહિત થઈ જાય છે ! લીલા લોકમાં કામદેવ શ્રીજી છે ! તે શ્રીજી શ્રીવલ્લભની સૌંદર્યતાના દર્શનથી વિશેષે કરીને મોહિત થઈ જાય છે ! મોહિત શબ્દનો અર્થ જેમાં મોહ થયો હોય તેના વિના બીજું કોઈ જ્ઞાન રહે નહીં, બીજું બધુંય ભૂલાય જાય તે મોહિત શબ્દનો અર્થ છે ! તો અહીં શ્રીવલ્લભ સ્વરૂપની સૌંદર્યતા, લાવણ્યતા, માધુર્ય સુધાનું પાન કરીને શ્રીજી તેમાં નિમગ્ન થયા છે ! પ્રેમામૃત રસાયન ગ્રંથમાં એક નામ છે "શ્રીવલ્લવી વદનામ્ભોજ મધુમત્ત મધુવ્રત" વલ્લવી એટલે શ્રીગોપીજન, તેના વદન કમલના લાવણ્ય, માધુર્ય પાનમાં જેની મત્ત અવસ્થા છે, અને તે લાવણ્ય મધુનું પાન કરવું તે જ જેનું વ્રત છે તેવા શ્રીજી છે ! અહીં "મત્ત" અવસ્થા કહી છે તો મત્ત અવસ્થા વાળાને અન્યનું વિસ્મરણ હોય છે ! જેમ મદિરા પાન કરનારને તેના નશામાં પોતાનું કે અન્યનું જ્ઞાન રહેતું નથી, તેમ શ્રીસ્વામિનીજીનાં વદનામ્ભોજ મધુનું પાન કરીને શ્રીજી મત્ત થઈ ગયા છે ! શ્રીવલ્લભ મુખામ્ભોજનાં લાવણ્ય માધુર્યમાં તો અનંત કોટિ સ્વામિનીજીઓનાં શ્રીમુખનું લાવણ્ય મધુ એકત્રીત થયેલું છે, તેવા શ્રીવલ્લભનાં શ્રીમુખની સૌંદર્યતાનાં પાનમાં શ્રીજી વિશેષ મોહિત થાય તેમાં શું આશ્ચર્ય હોય ? શ્રીસર્વોત્તમજીમાં "ત્રિલોકી ભૂષણ" આપનું નામ છે. "ત્રિલોકી" એટલે રાજસ-તામસ-સાત્વિક ભાવવાળા કોટાનકોટિ સ્વામિનીજીઓમાં જે સૌંદર્યતા રહેલી છે તે સર્વ સૌંદર્યતા શ્રીવલ્લભના સ્વરૂપમાં રહે છે. અથવા કોટાનકોટિ સ્વામિનીજીઓને સૌંદર્ય લાવણ્યામૃતથી ભૂષિત કરનાર શ્રીવલ્લભ છે. શ્રીવલ્લભના મહાન સૌંદર્ય સ્વરૂપમાંથી જ કોટાનકોટિ સ્વામિનીજીઓની સૌંદર્યતા પ્રગટ થઈ છે. તેથી "ત્રિલોકી ભૂષણ" નામ કહ્યું છે. આવા મહાન સૌંદર્ય સ્વરૂપમાં તન-મન-પ્રાન ન્યોછાવર કરવા શ્રીહરિરાયચરણ ઉત્સાહિત

થઈ રહ્યા છે.

"પરમ ઉદાર ચતુર સુખ સાગર, અપાર સદા ગુણ ગૈયે હો." આ પંક્તિમાં "પરમ ઉદાર" કહ્યા. "પરમ" શબ્દનો અર્થ જેનાથી બીજું કોઈ તત્વ શ્રેષ્ઠ ન હોય તેને "પરમ" કહેવાય છે. તો શ્રીવલ્લભથી કોઈ તત્વ શ્રેષ્ઠ નથી અને શ્રીવલ્લભ સમાન બીજું કોઈ ઉદાર નથી. સંસાર સાગરમાં ડૂબેલા અને પતિત થયેલા જીવને એક કૃપા-કટાક્ષ માત્રથી ઉદ્ધાર કરી પોતાના મહાન અલૌકિક સ્વરૂપના આનંદનું દાન કરે છે. પાત્ર કે અપાત્રનો વિચાર કર્યા વગર પોતાના અદભૂત સામર્થ્યથી જીવને યોગ્ય બનાવી તે જ ક્ષણે દિવ્ય પ્રેમ સાગરમાં નિમગ્ન કરે છે, તેથી કહ્યું કે, શ્રીવલ્લભ પરમ ઉદાર છે. હવે "ચતુર સુખ સાગર" કહ્યા. તેનો ભાવાર્થ આપની ચાતુર્યતા ભૂતલનાં ભક્તોને નિત્યલીલા સ્વરૂપનો અનુભવ કરાવવામાં રહેલી છે. નિત્યલીલામાં બિરાજતું પ્રભુનું સ્વરૂપ નિત્ય સિદ્ધા સ્વામિનીજીઓમાં જ આસકત છે. તેવી આસકિત ભૂતલના અંગીકૃત જનોને તત્સુખી પ્રેમનું દાન કરીને શ્રીજીને નિજ્જનોમાં આસકત કર્યા છે. તત્સુખ પ્રેમમાં માધુર્યતા રહેલી છે, અને આ માધુર્ય પ્રેમના જ શ્રીજી ભોક્તા છે. તેથી જેમ ભ્રમરને કમલ મકરંદની સૌરભતા દૂર-દૂરથી પ્રાપ્ત થતાં ભ્રમર સ્વયં ચાલીને કમલ મકરંદ પાનમાં લુબ્ધ થઈ જાય છે, કમલ ભ્રમરને બોલાવવા જતું નથી, ભ્રમરની અપેક્ષા પણ કરતું નથી, પરંતુ સ્વયં ભ્રમર જ કમળ પુષ્પ મકરંદ સૌરભતા તરફ આકર્ષાય છે. તેથી એક કવિએ કહ્યું છે કે :

કમલ બુલાવન કબ ગયે, કબ કીનો સન્માન ।
નેહ નિમંત્રણ કે સગે, અતિ અધિર ઉલટાન ।।

મકરંદ પાનનો લોભી ભોંરા સ્વયં અધિર બનીને કમળ પાસે જઈને તેની મકરંદ પાનમાં લુબ્ધ બને છે. તેમ નિજ્જનોને શ્રીવલ્લભે તત્સુખી પ્રેમનું દાન કરેલું હોવાથી શ્રીજી સ્વયં નિજ્જનોનાં હૃદયમાં બંધાઈ જાય છે. જેમ નારાયણદાસ બ્રહ્મચારીના પ્રસંગમાં શ્રીચંદ્રમાજીએ તત્સુખ સેવાથી પ્રસન્ન થઈ નારાયણદાસજીને આજ્ઞા કરી કે, તું માંગ, હું તારી ઉપર પ્રસન્ન છું. પ્રભુના આવા વચનો શ્રવણ કરીને કહે છે કે, આપ

શ્રીગુસાંઈજીના ઘેર પધારો, આપને અપાર સુખ ત્યાં મળશે. આવી નારાયણદાસજીની તત્સુખ ભાવવાળી ભાવનાથી શ્રીચંદ્રમાજી પરવશ થઈને નારાયણદાસને માથે જ 50 વરસ વધારે બિરાજ્યા. આવું તત્સુખી માધુર્ય પ્રેમનું દાન નિજ્જનોને ચાતુર્યતા પૂર્વક કરેલું છે. શ્રીમદનમોહનજી શ્રીરૂક્ષ્મણિજીના ઋણી થઈ ગયા તે પણ તત્સુખી પ્રેમનો જ પ્રભાવ છે. આપની ચાતુર્યતા પૂર્વકની મહોદારતા આ તત્સુખી માધુર્ય પ્રેમ દાનમાં જ રહેલી છે. આ તત્સુખી માધુર્ય પ્રેમ તે આપનું સ્વયંનું શ્રીસ્વામિની ભાવાત્મક સ્વરૂપ છે. તે સ્વરૂપનું દાન શ્રીવલ્લભ અતિ ઉદારતાથી નિજ્જનોને કરે છે. ચતુઃશ્લોકીમાં અને શ્રીસર્વોત્તમજીમાં "અંગિકૃત્યૈવઃ ગોપીશઃ વલ્લભી કૃત માનવઃ" આ નામમાં પણ આપની ચાતુર્યતાના દર્શન થાય છે. આપનું નિગૂઢ સ્વરૂપ, નિગૂઢ ચાતુર્યતા, નિગૂઢ દાન, નિગૂઢ વિલાસ. આ સર્વ નિગૂઢ જ રહેલું છે. તેનો અનુભવ અનન્ય જનો જ જેવા કે કોટિમાં વિરલા શ્રીપદ્મનાભદાસદિ જ કરી શકે છે.

"સુખ સાગર." આપને સુખના સાગર કહ્યા. તેનો ભાવાર્થ એ છે કે, સંયોગ લીલામાં ભક્તોને પ્રભુના સંયોગ પછી વિયોગ દુઃખનો અનુભવ કરવો પડે છે. તેવું દુઃખ શ્રીવલ્લભ ચરણકમલના આશ્રિત જનમાં માધુર્ય પ્રેમનો સિન્ધુ ભરેલો છે, તેમાંથી પ્રતિક્ષણે મધુર પ્રેમના નૂતન-નૂતન ભાવ-તરંગો પ્રગટ થતાં જ રહે છે, તેના આસ્વાદમાં શ્રીજી સદા અતૃપ્ત રહે છે ! તૃપ્તિ થઈ જાય ત્યારે જ બીજા ભક્તનું સદન શોધે. પણ જ્યાં મધુર સુધા-પાનની તૃપ્તિ જ નથી થતી ત્યાં બીજા સદનમાં પધારવાનું રહેતું નથી. અથવા માધુર્ય સુધા આસ્વાદનમાં શ્રીજીને અન્યનું વિસ્મરણ થયેલું છે. તેથી ભાગવતમાં ભગવદ્ વાક્ય છે કે, "હું મારા ભક્ત વિના બીજું કંઈ જાણતો નથી. અને ભક્ત મારા વિના બીજું કંઈ જાણતો નથી." આ ઊભયની દુનિયા જ નિરાલી રચાય છે. શ્રીવલ્લભનાં મહા ઉદાર ચરિત્રમાં આથી વિશેષ શું કહેવું ? માધુર્ય પ્રેમ અપાર સિન્ધુ સમાન હોવાથી તે કથનમાં કેટલો આવી શકે ? "શરણ વલ્લભ ગહી, ભાગ્યકો પાર નહિં, ભજો 'કૃષ્ણદાસ' અંતર્જામી."

દેખો દુર્મતિ યહ સંસારકી

દેખો દુર્મતિ યહ સંસારકી ।

હરિ સો હીરા હાથ છાંડકે,
બાંધત પોટ વિકારકી ।।
જૂઠે સુખમેં ભુલ રહે હે,
સુધ વિસરી કિરતારકી ।
નાના વિધ કે કર્મ કમાયે,
ખબર નહી શિર ભારકી ।।
કોઉ ખેતી કોઉ વણજ ચાકરી,
કોઉ આશા હથીયારકી ।
અંધા ધૂધી ફિરત દશો દિશ,
ફુટી આંખ ગમારકી ।।
નરક જાનકે મારગ ચાલે,
સુન સુન વિપ્ર લબારકી ।
અપને હાથ ગલે મેં ડારત,
ફાંસી માયા જારકી ।।
બાર બાર પુકાર કરતહોં,
સુન હો સજ્જન હારકી ।
'સુરદાસ'યહ વિનશ જાયગી,
દેહ છિનકમેં છારકી ।।

પ્રેષકઃ- શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

દીનતાની ભાવના

શ્રીહરિરાયચરણે 'દૈન્યાષ્ટક' નામનો એક નાનો ગ્રંથ લખ્યો છે. દીનતા એ જ આ માર્ગમાં સાધન છે. પ્રભુને પ્રસન્ન કરવાને સાધનરૂપી સંપત્તિઓ કાંઇ મદદગાર થઇ પડતી નથી. ગરીબોનો બેલી કાંઇ ધનવાનોથી અંજાઇ જાય ? એ તો એક જ વસ્તુથી રીઝે. તે વસ્તુ દીનતા છે. દીનતા ભરેલા હૃદયમાં અનેક ભાવો ઉઠે છે. એ ભાવો જુદા

જુદા ગ્રંથોમાં શ્રીહરિરાય પ્રભુએ આલેખ્યા છે. દૈન્યાષ્ટક ગ્રંથ પણ દીનતા-ભાવનો પરિચય આપનાર સુંદર ગ્રંથ છે. એ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીના ચરણકમલને પોતાના મસ્તક પર સ્થાપવાની ભાવના છે.

શ્રીગુરુદેવના ચરણસ્પર્શની મર્યાદા આપણા સંપ્રદાયમાં છે. હંમેશા પોતાના બ્રહ્મસંબંધ દાતા શ્રીગુરૂદેવના ચરણસ્પર્શ કરવા જ જોઇએ. એ સદભાગ્ય ન હોય તો પછી અન્ય કોઇ પણ શ્રીગોસ્વામિબાલકના, તેમાંએ મુખ્યત્વે શ્રીગુરૂદેવની ગાદી પર બિરાજતા બાલકના-ચરણસ્પર્શ કરવા જ જોઇએ. આ મર્યાદામાં દીનતાનું પોષણ છે. ચરણસ્પર્શ જ દીનતાની તાલીમ છે. જીવને જ્યારે એમ થાય કે હું અધમ છું, દોષથી ભરેલો છું ત્યારે તેનામાં દીનતા આવે છે. દીનતા સિદ્ધ થતાંની સાથે પોતાનાં સેવ્યસ્વરૂપ, શ્રીગુરૂદેવ, શ્રીગોસ્વામિબાલકો, ભગવદીયો તરફ ઉત્કૃષ્ટ ભાવ-ઉચ્ચ-ભાવ થાય. એ બધાં તરફ પૂજ્યભાવ પ્રવર્તે કે હું દોષથી ભરેલો છું, આપણે શરણે છું, આપને ચરણે માથું મુકું છું, હવે મને તારો કે ડુબાડો, રૂચે તેમ કરો, આ ભાવના જ દંડવત્ પ્રણામમાં અને ચરણસ્પર્શમાં છે. દીનતાનું ખરૂં સ્વરૂપ જ આ છે. દંડવત્ પ્રણામ અને ચરણસ્પર્શ એ દીનતાની દરરોજની તાલીમ છે. દીનતા વિના પ્રભુપ્રાપ્તિ થઇ શકતી નથી.

શ્રી હરિરાયપ્રભુ આ ગ્રંથમાં દીનતાની ભાવનાને કેવી રીતે આલેખે છે તે જોઇએ. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે :-
હે શ્રીમહાપ્રભો ! આપશ્રીનું ચરણકમલ મારે માથે ક્યારે ધરશો ? એ ચરણકમલ કેવું છે ? શ્રીવૃંદાવનની રજ જેના ઉપર લાગેલી છે. જે રજને પ્રભુના ચરણનો સાક્ષાત્ સંબંધ છે, જે રજને શ્રીસ્વામિનીજી અને વ્રજભક્તોના ચરણોએ રસરૂપ કરી છે, જે રજ નવતનું-અલૌકિક દેહ-કરી દેવાનું અદભૂત સામર્થ્ય ધરાવે છે, એ રજ અને વળી તે શ્રીવલ્લભચરણ પર લાગેલી. સૌભાગ્યની સીમા ! જે ચરણકમલ સંપ્રદાયનું મૂલ, જેનું અવલંબન દઢ થતાં અન્ય કશાની ઇચ્છા જીવે કરવાની નથી, તે ચરણકમલ ! વળી તે ચરણતલ શ્રીયમુનાજલવાળા પંકથી લિપ્ત. સ્થલવિહાર પછી જલવિહારનું સૂચન ! શ્રીયમુનાજીમાં આપશ્રી પધારે ત્યાં શ્રમજલથી યુક્ત શ્રીયમુનાજલથી ભીંજાયેલી

વ્રજરજ ચરણ પર લાગી જ જાય.

ભીંજાયેલી રજવાળા ચરણની છાપ તે મહોર છાપ જ થઇ પડે. પછી તે કદી જાય જ નહિ. માટે જ શ્રીહરિરાય પ્રભુ તેવાં ચરણતલને પોતાના મસ્તક ઉપર ધરવાની પ્રાર્થના 'શ્રીવલ્લભ' ને કરે છે. 'શ્રીવલ્લભ' ના નામમાં બે અર્થની સ્ફુર્તિ થાય. શ્રીહરિરાયજીના બ્રહ્મસંબંધદાતા ગુરૂદેવ શ્રીગોકુલેશ છે. શ્રીગોકુલેશ શ્રીગોકુલનાથજીનું બીજું નામ શ્રીવલ્લભ છે.

શ્રીમહાપ્રભુજી પણ શ્રીવલ્લભ જ છે. એ રીતે પોતાના શ્રીગુરૂદેવ અને શ્રીવલ્લભાધીશ્વરની એકતા બનાવી. આ વાત સર્વેએ ધ્યાનમાં રાખવી. પોતાના શ્રીગુરૂદેવને શ્રીમહાપ્રભુરૂપ જ ગણવા.

વળી એ ચરણ કમલ જેવાતેવા હૃદયમાં ન જ બિરાજે. જે હૃદય રસભર્યું હોય, જેમાં પ્રેમ વ્યાપ્ત રહેલો હોય, જેમાં આદ્રર્તા હોય, જે ભીંજાયેલું હોય, એનું હૃદય જ શ્રીવલ્લભચરણનું સ્થાન છે. પ્રેમભર્યા ભીંજાયેલા હૃદયમાં જ એ ચરણની સદા ભાવના થાય. શ્રીમહાપ્રભો ! એવું ચરણતલ મારા મસ્તક પર ક્યારે ધરશો ?

જે ચરણનું ચરણામૃત તે વાસ્તવિક અમૃત જ છે. અમૃતનો સ્વભાવ જીવન ટકાવવાનો છે. મરેલાને સજીવન કરવાનો છે. જીવતાને સુંદર જીવન અર્પવાનો છે. શ્રીવલ્લભાગ્નિના ચરણ પ્રક્ષાલનનું જલ-ચરણામૃત પણ તેવું જ છે. શરણે આવેલાને એ પ્રભુભક્તિનું દાન કરે છે. ભક્તિ વિનાનું જીવન તે જીવન કહેવાય ? ભક્તિરહિત મનુષ્યો તો જીવતા મર્યાજ સમજવા. એનામાં જીવન રેડનાર શ્રીવલ્લભચરણામૃત છે. શરણે આવેલા ભક્તો પણ કોઇને સુખી રહેતા નથી. અગ્નિ પાસે વળી શાંતિ કેવી ? તેમાંએ વળી વિરહાગ્નિ, પેલો અગ્નિતે શરીર બાળે. આતો દેહને, ઇન્દ્રિયોને બધાને વિરહભાવથી પ્રભાવિત કરે. આવા વિરહ વ્યાકુલ ભક્તોના દેહને ટકાવી રાખવા માટેનું અમૃત તુલ્ય ઔષધ ચરણામૃત જ છે. હે વલ્લભ આવું ચરણતલ મસ્તક પર ક્યારે ધરશો ?

આસુરી મનકી પહેચાન

પ્રેષક : **મધુકર**

હમ અદ્યમનકી હે યહ રાજધાની ।
અનંત અવિદ્યા બેઠી સિંધાસન, જંઘ ઉપર બાંધી વિનાની ।।
તૃષ્ણા છત્ર ધર્યો શિર ઉપર, ચમર ચહુ દિશ ઢૂરે અભિમાની ।
સભા દુઃસંગન ન્યાય કરત હે, ધર્મ અધર્મકી રીતિ ન જાની ।।
છડીદાર બોલત અસત નીત, હલકારા સ્ત્રી દુત અમાની ।
કામ દિવાન લોભ સે અરૂ, ક્રોધાદિ ફોજકી ગનત ન આની ।।
ઠગની પ્રજા વાસ વસત હે, પર પાખંડ નિશાન ધુરાની ।
મદ મત્સર દોઉ દ્વારપાલ હે, નહિ આવત સાધુજન જ્ઞાની ।।
જનમ જનમકી યહી વ્યવસ્થા, કહાંલો બરનત કહોં કહાની ।
"રસિકદાસ" જનકે કોઉ નાહિ, શ્રીવલ્લભ પ્રભુ સબ સુખ દાની ।।

"સ્વદોષનો વિચાર"

સંકલન : **મધુકર**

તેરે ભયે માન લે ભલો બુરો સંસાર ।
"નારાયણ" તું બેઠકે અપનો ભવન બુહાર ।।

હે સંસારી જીવ ! તારી માન્યતા પ્રમાણે સંસારને ભલો કે બુરો તું માની લે, પણ હે નારાયણ ! (આ દોહો લખનાર પોતાના મનને શિખામણ આપે છે) તું સાવધાન થઇને તારૂં જ ઘર (હૃદય) સાફ કર ! મતલબકે આપણે બીજાનો દોષ જોઇ તેના દોષ કઢાવવા પ્રયત્ન કરીયે છીએ પણ આપણામાં તો દોષ રૂપી કચરો કેટલોય પડ્યો હોય છે, તે તો સુઝતો નથી ને તેને સાફ કરતા નથી.

પ્રશ્ન : મારા હૃદયમાં દોષ રૂપી કચરો ભર્યો છે તેને કેમ જાણી શકાય ?
ઉત્તર :દયારામભાઈ તેનો પરિચય કરાવે છે.

"જય દર્પણ જોનાર તું, જેવું તુજમાં એવું દીસે જગમાં."
દોષ જોનારો વગર પૈસાનો ધોબી બની બીજાના દોષોને ધોતો રહે છે. તેથી જ કહ્યું છે કે :-

"નીંદક નિયરે રાખીયે, આંગન કુટી બસાય"

સાચી વૈષ્ણવતા પોતાને નિરખવામાં છે. જે પોતાનું જીવન જુએ અને દુસંગથી બચાવે તે સંત બને છે, ભક્તિમાન બને છે. આ વાત સદાજ યાદ કરવા જેવી છે.
જે જીવને પ્રભુએ પોતાનો માન્યો છે તેમાં જ બ્રહ્મભાવ ઉત્પન્ન કરે છે (બ્રહ્મભાવ એટલે નિર્દોષ લીલામય દ્રષ્ટિ) અને આ બ્રહ્મભાવથી જ કાળ માયાના બંધનમાંથી મુક્ત થઇ સાક્ષાત સ્વરૂપના અનુભવને યોગ્ય બને છે. બ્રહ્મભાવ એ અલૌકિક દ્રષ્ટિ છે. દોષ ભાવ એ આસુરી દ્રષ્ટિ છે.

મન-પ્રબોધ

- મધુકર

રે મન ! સમજ સમજ તુ મેરા ।
તોડ દે નાતા માનવસે યહાં નહી કોઇ તેરા ।।1।।
દુનીયા હે મુસાફરખાના કહાં ડારે હમ ડેરા ।
જહાં પાંવ રખ્તે હે તહાં તહાં હોત કંટકકા ઢેરા ।।2।।
જગત સબે અપને મતલબકે, લૂંટ લેગા ધન તેરા ।
જનમ જનમ કા સચ્ચા સાથી, કરત હે હૃદય બસેરા ।।3।।
યોગીન બનકર પેઠજા ભીતર ખોજ લે પ્રિતમ પ્યારા ।
પિયુ પિયુ કી પ્રણય દર્દભરી કર તું અખંડ પુકારા ।।4।।
ચકોર બનકર પિય મુખ ચંદ્રકા અમૃત પીના અનેરા ।
વિટપ વિટપ પે દિવ્ય દ્વિજોકા સુન જે મધુર ટહુકારા ।।5।।
સૌરભ પ્રસરીત દિવ્ય કુંજોમેં મસ્ત ફીરના રેન સવેરા ।

મહા સૌન્દર્ય વલ્લભાઓકા જહાં હે યૂથ અપારા ।।6।।
માધુર્યતા કા હે ખજાના મૂલ કા વતન તિહારા ।
"માધુરી" તલફ્રત પ્રિય મિલનકું
અબ નહી કરના અવેરા ।।7।।

અવહાગનીય પત્ર

મંગલમય ભગવાનની ઇચ્છાને જીવ શું જાણી શકે ? સર્વ તો ભદ્ર-ભગવાન સર્વનું ભલુંજ કરે છે. છતાં જીવ ભગવદ કૃતિને ન સમજતાં, માયાના પદાર્થો મેળવવા માટે માનવધર્મથી વિમુખ બની સાંસારિક ફાંસામાં ફસાઇ ઉભય લોકથી પતિત થાય છે. કળિયુગમાં નામસ્મરણનો અજબ મહિમા શાસ્ત્રોએ બતાવ્યો છે. ઇત્તર સાધનોનો મોહ છોડી જો જીવ નામસ્મરણમાં રત થાય તો જરૂર એનું કલ્યાણ થાય. નામસ્મરણ દ્વારા તરનાર અજામિલ મહા પાપી હતો. સિવાય સબરી, ધર્મવ્યાઘ્ર, સદન કસાઇ, તેમજ પુષ્ટિમાં ગુલાબખાન વિગેરેના અનેક દ્રષ્ટાંતો મોજુદ છે. છતાં જીવને ભગવદ્ નામમાં રસ નજ લાગતો હોય તો તે જીવ કમભાગિ છે એમ ચોક્કસ માનો. નવરત્ન ગ્રંથમાં ચિંતા નિવૃત્યાર્થ આપણા પ્રાણપ્રેષ્ટ શ્રીમદ્ વલ્લભાધિશજી આજ્ઞા કરે છે કે :-

તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણ શરણં મમઃ
વધ્ધભિરેવ સતતં સ્થેય મિત્યવ મે મતિ ।
મતલબ કે અષ્ટાક્ષરનું મંત્રનું સતત સ્મરણ કરવું.

અને ગોપીજનોના ભાવનું દાન શ્રીગુસાંઇજીની કૃપાથી કોઇ ભગવદીય દ્વારા વ્રજમાં થશે. ગમે તેટલાં સાધન કરો પરંતુ તેનું મહાત્મ્ય ગોવિંદ ભગવાનના નામની બરોબરી કરી શકતું નથી. ગોવિંદ નામ કેટલું સુમધુર છે. મેઘયજ્ઞ છોડી શ્રીકૃષ્ણના કહેવાથી શ્રી નંદરાયજીએ ગોવર્ધન યજ્ઞ કર્યો, એટલે ઇંદ્ર વ્રજનો નાશ કરવા અહંભાવને લઇ તત્પર થયો અને બારે મેઘોને આજ્ઞા કરી કે વ્રજનો નાશ કરો. ભગવાને ગોવર્ધનની છાંયમાં ગાય, ગોપી, ગોપ બાળકો વિગેરે સમસ્ત વ્રજને શરણ આપ્યું. અને રમતમાત્રમાં ગેંદવત્ ગોવર્ધનને ધારણ કર્યો. ઇંદ્ર માનભંગ થયો. છેવટે થાકીને હારિને ઇંદ્ર ભગવાન

કૃષ્ણને શરણે આવ્યો. સાથે કામદુર્ગા ગાય લાવી ભગવાનને દુગ્ધથી અભિષેક કર્યો. અને ગોવિન્દ એવું નામ આપ્યું. મતલબ કે નામસ્મરણથી સર્વ વાસનાનો ક્ષય થાય છે.

હે વૈષ્ણવો, હાલમાં પાપાગ્નિ સર્વત્ર પ્રજવલ્લિત છે, પરંતુ તમે તે જોઇ ભયભિત ન થાઓ. કારણ કે ગોવિન્દ નામામૃતથી અર્થાત કૃપાવૃષ્ટિથી સર્વ પાપાગ્નિ શાંત થઇ જશે. સ્વામિના ભરૂસે રહેનાર સેવકને કાળનો પણ ડર નથી, તો અન્યનો નજ હોઇ શકે, એ નિર્વિવાદ છે. સચરાચર જગતના માલિક સ્વામિ શ્રી કૃષ્ણચંદ્રજ છે. એ ભગવાનની ઇચ્છા વગર વૃક્ષનું પાન પણ હલતું નથી, અને જે કાંઇ જગતભરમાં અત્યારે થઇ રહ્યું છે તેમાં ઇશ્વરેઇચ્છા જ કારણભૂત છે. એ સર્વ સમર્થ સંચાલક શ્રીકૃષ્ણનું દ્રઢ શરણ ગ્રહી હે જીવ, સંસારના ગમે તેવા વિકટપંથે તું જઇશ તો પણ તું નિર્ભય છે, કારણ કે તું સમર્થનો સેવક છો, એનો શરણસ્થ છો, ભગવાન તો ભક્તના ભક્ત છે. નાતો તો શ્યામ સુંદરસું કરીએ, જગતના નાતા કાંઇ કામના નથી. અંત સમયના સાચા સાથી ભગવાન શ્રીકૃષ્ણજ છે. વૈષ્ણવોએ આચાર-પ્રચાર પૂર્વક સેવા સ્મરણ કરવાનું છે. એમાંજ દરેકનું મંગળ છે. શ્રી ગુરૂદેવ પર શ્રદ્ધા રાખી તર્ક-વિતર્કને મનમાં સ્થાન ન આપતાં શ્રદ્ધાળું ચિત્તથી વૈષ્ણવે ધર્મ પરાયણ રહેવું, તેમાં જ ઉન્નતિ છે. વાદ-વિવાદનો કોઇ વખત અંત આવ્યોજ નથી, નાહાકની માથાકુટ કરવામાં સમય ન ગુમાવતાં ભગવદ્ ધર્મપરાયણ જીવન જીવવું એમાંજ કલ્યાણ છે.

પુષ્ટિમાર્ગ એક ભગવદ્ કૃપાની રાહ પર નિર્ભર છે. યથારાજા તથા પ્રજા એ વર્તાવ વર્તમાન સમયે આપણે જોઇ રહ્યા છીએ. સ્વરાજ્ય શાસકોની નિતિ સદધર્મને અનુરૂપ નથી. અને પ્રજામાં ઉછરંખલતા વધતી જાય છે, એટલે હાલનો કાળ ભગવદ્ ભકતો માટે સાનુકુળ નથી. પરંતુ સમયમાં ફેરફાર થયાજ કરે છે. ધર્મ માર્ગ પર આક્રમક વિચારકો પરીણામે વિજયને વર્યા નથી, તે અનાદિ સત્ય છે. ધાર્યું તો ધરણીધરનુંજ થાય છે. સંહારક શક્તિમાં આગળ વધેલું હાલનું સાયન્સ માનવ ધર્મની મહત્તાને ભુલાવી દે છે. અને માનવ પોતે વિધ્વંસક બને છે. પરંતુ તે અબુજ માનવને ખબર

નથી કે, એક અવ્યક્ત શક્તિ તમારાં કરતાં ઘણી પ્રખર છે, તે એક ક્ષણમાં સર્વ કાંઇ કરવા સમર્થ છે. આજ ઇશ્વરના અસ્તિત્વનેજ ન માનનારા માનવીઓના હસ્તક રાષ્ટ્રનું ઘડતર થઇ રહ્યું છે કે જેમાં અન્ય કોઇપણ ધર્મવાદની વિચાર શ્રેણીની પૃર્છાની પણ અવગણના થઇ રહી છે. પરંતુ જગત પરિવર્તનશીલ છે નિર્વિવાદ સત્યને હાલ ભુલાઇ જવાયું છે. વસ્તુતઃ ગમે તે થાય પરંતુ એટલું તો કાળે કરી જરૂર સમજાશે કે ધર્મ વગરનું શાસન કોઇનું ટક્યું નથી, અને ટકવાનું પણ નથી. ધર્મનું રક્ષણ ધર્મજ કરે છે.

સર્વે તો ભદ્ર ભગવાન કૃષ્ણના આદેશને અનુસરવામાંજ આપણું કલ્યાણ છે. ભાગવતમાં વેન રાજા થયો. એણે ધર્મ પ્રણાલિકાનો નાશ કર્યો તો તે રાજયાસન પર ટકી શક્યો નહિ. તેમજ કૌરવોના શાસનમાં અહંત્વ હતું તો તે શાસન ટકી શક્યું નહિં. ભીષ્મ, દ્રોણ, અશ્વસ્થામા, કર્ણ તેમજ વિપુલ સૈન્ય સામગ્રી છતાં અહંભાવને લઇ વિજય ન મેળવી શક્યા, અને પાંડવો કે જેઓ અહંભાવથી રહીત હતા અને ધર્મજ જેનો પ્રાણ હતો તેમને વિજયશ્રી વરી. ધર્મવિદોની કસોટી જરૂર થાય છે, પરંતુ પરીણામે ધર્મનો જય થાય છે. તે નિર્બાધિત સત્ય છે. 'અંત તો ગત્વા' શ્રી હરિ શરણના ચાહકોએ તો કાળ-બળને ન ગણકારતા ધર્મમય જીવન ગાળવું એવી દ્રઢ પ્રતિજ્ઞા કેળવવી. ભગવાનને કોઇ કાળમાં ન ભુલવા એવો શ્રીમદાચાર્યનો મત છે. જીવન અલ્પ છે, કાળના પ્રચંડ વાવાઝોડાનાં ઝંઝાવાતમાં અટવાયેલું છે, માટે સાવચેત રહી ખોટા પ્રલોભનની રાહો છોડી સદધર્માનુસાર રસમ ગ્રહણ કરવી એમાંજ શ્રેયતા છે. પુષ્ટિમાં સેવા સ્મરણ, ભજન, સત્સંગનો મહિમા ઠેકાણે ઠેકાણે કહેવાએલ છે અને તેનું સેવન સતત કરવું એવી આજ્ઞા છે. શાસ્ત્રોનો ગર્ભિત આશય ચારિત્ર્યોનું સુક્ષ્મ દ્રષ્ટિથી અવલોકન કરો તો તેમાંથી ઘણુંય અનુસરવા જેવું લાગશે અને તે પ્રમાણે અનુસરવાથી અવસ્ય મનોબળ દ્રઢ થશે, અને ભગવાન શ્રીકૃષ્ણના સેવા સ્મરણમાં આદર થશે. માટે નિખાલસતાથી અહંત્વ મમત્વતજી પ્રિયતમ શ્રીકૃષ્ણના અનુરાગી બનીએ તેમાંજ આપણા સર્વનું કલ્યાણ છે.

ભગવાને હાથ પ્રભુ સેવા માટે આપ્યા, પણ ભગવદ મંદીર દર્શનાર્થે જવા માટે છે. ભગવદનામ લેવા માટે છે, કર્ણ ભગવદ્ શ્રવણ કરવા માટે છે, અને આ સંસાર તરવા

ભક્તિ રસામૃત દીનતા એ અને અભિમાન હોય તો બુડી જવાય દાસને અભિમાન હોવું જ ન જોઇએ જેમ પતિ સિવાય અન્યગતિ જ ભક્તને ભગવાન વગર ગતિ પ્રેમધન, ભક્તિધન, એ સાચાં વૈષ્ણવોએ સંગ્રહ કરવો જોઇએ. હરિ નામ બડો ધન, હરિજનકો આ ધન સર્વ સમર્થ સહાયક ના સંગાથી શ્રી હરિ જ છે, અંત બેલી તેજ છે તે નાથના સિવાય, સહારા સિવાય બીજો કોઇ નિસ્તરવાનો નથી, શુદ્ધ પ્રેમથી તેને સેવો, તેનું સ્મરણ કરો, તેને વિનવો, ગદ્ ગદ્ ગીરાથી થઇ અનેક પ્રકારની ભાવસામગ્રી ને આરોગાવો. રોમ રોમ પુલકીત થઇ જાય એવી રીતે સ્વરૂપ જાણે કે સાક્ષાત જ બોલતા હોય એમ સમજી તેનો સ્પર્શ કરો. કોમળભાવથી સુકુમાર લાલનને લાડ લડાવો. ભૌતિક ધન, માલ વૈભવ સર્વની તેના પર ન્યોછાવરી કરો. ચોક્કસ માનજો કે પ્રિયતમ પ્રેમ વગર રીઝતો નથી, શુષ્ક તેમજ લુખા લાડથી પ્રાણેશ પ્રસન્ન થતા નથી. એ તો દીલની ખરી લગનીનો ચાહક છે. ગોપીકાઓનો દાખલો સર્વ સંમત સુપ્રસિદ્ધ છે. ભગવાન તેની પ્રેમીકાને વશ છે, તે ઇચ્છે તેમ તેના આંગનમાં નાચે છે, તેની સાથે અનેકવિધ ખેલ ખેલે છે. પુષ્ટિમાર્ગ તો સ્નેહનો ખજાનો છે. આ સમ્પ્રદાય સ્નેહ શીરોમણી છે. અહીં તો પ્રેમ ભક્તિનું સામ્રાજ્ય છે. અને પ્રેમનો અધિકાર સર્વને છે.

વૈષ્ણવો, પુષ્ટિમાર્ગ તન્મયતાનો છે. સર્વ ભાવથી તેમજ સર્વેન્દ્રિયથી લલિતલાલનના બનવાનું છે. કોઇપણ ઇંદ્રિય હરિ રસથી વિમુખ ન જોઇએ. શ્રી હરિભગવાનના દિવ્ય આનંદાત્મક અભૂત મહાત્મ્યનું ભાવપૂર્વક શ્રવણ કરો. સમસ્ત વિશ્વના કલ્યાણકર મંગલમૂર્ત પ્રભુના પવિત્ર નામોનું પ્રેમસહ કિર્તન કરો, પ્રભુના ઉભય ચર્ણારવિંદનું ધ્યાન કરો, તેનું ચિંતન કરો. આદર તેમજ સ્નેહસહ પ્રભુની સેવા કરો, પ્રભુના અનન્ય દાસ તેમજ સખા બનો. ભગવાનની સાથે અનેક પ્રકારનો વાર્તાલાપ કરો અને તે પ્રેમમૂર્તિ ભગવાન કૃષ્ણની સેવામાં તન, મન, ધન સર્વ અર્પણ કરો, અને તે સ્વરૂપ પ્રેમમાં તન્મય બનો. કેટલી સુંદર માર્ગીય પ્રણાલિકા છે. પુષ્ટિના વિધવિધ સાહિત્યો સર્વ ભાવભર્યા છે, અને તે કેવળ શુદ્ધ પ્રેમથી સીચાએલ છે. ભક્તના મનોરથનો થાહ નથી. નિષ્કામ પ્રેમનો ભક્તિમાર્ગ અને પુષ્ટિમાર્ગ એવું નામ આપેલું છે. ભગવદ્ અનગ્રહજ તેમાં નિર્વાહક છે, વૈષ્ણવો સર્વ અનુગ્રહ ભાજન છે. વૈષ્ણવો ગોપી પ્રેમ

તેમજ ભક્તિ રસના અધિકારી છે કારણ કે તેઓ દિક્ષિત છે, ભગવાન વિચારે તોજ વૈષ્ણવ દિક્ષા પ્રાપ્ત થાય છે. સેવકે સ્વામિ પ્રત્યે સદા વફાદાર રહેવું જોઇએ એ સેવકની સહજ ફરજ છે. આપણે જો તે ફરજને નહિં અનુસરીએ તો જરૂર આપણું અકલ્યાણજ છે.

ભગવાન સુચતુર છે, સુંદર સામગ્રીના ભોક્તા છે. તમો તેના થશો તો તે તુર્તજ તમારો થઇ જશે, કારણ કે ભક્તિની આગળ પ્રભુ પોતાની પ્રભુતા ભુલી જાય છે. એ તો ભાવમૂર્ત છે, પ્રેમનો ચાહક છે. જે બને તે કરો, પરંતુ પ્રેમથી કરો, નામસ્મરણ કરો તો પ્રેમસહ હોવું જોઇએ, સંસારને તરવા માટે ભાવપૂર્વક ભગવદ નામસ્મરણ શિવાય બીજો કોઇ ઊપાય નજરે આવતો નથી. ધંધાદારીઓ અનેક ઉપાયો (સાહસો) ધન મેળવવા માટે ખેડે છે, અને તેમાં ઘણી અકલ હોંશીયારી વાપરે છે, તેમ છતાં કોઇ વખત ભારે નુકશાની આવી જાય છે અને તે પાયમાલ બની જાય છે. પરંતુ ભગવદ નામનો વેપાર કેવળ નફા વાળોજ છે. એમાં નુકશાન તો નથી જ, એમાં તો ડગલે અને પગલે શરૂઆતથી આખર સુધી લાભ, લાભ અને લાભજ છે. આવો લાભદાઇ વ્યવસાય છોડી કેવળ ધન પ્યાસુ બની, ભગવાનને સ્મરવા ચુકી જઇ કેવળ અંધવત ધંધાના આવેશ મસ્ત બનવામાં ઉભય બગડે છે એમ તમો ચોક્કસ માનજો. ઐહિક તેમજ પારલૌકિક બન્ને સાધે એનું નામ વિજેતા કહેવાય. કેવળ ઐહિક સાધવા જશો તો જરૂર તેમાં તમો ખતાજ ખાવાના છો. જે કાંઇ પ્રવૃત્તિ કરો, તેમાં ભગવાનને ભુલી ન જવાય એ ખાસ જીવન ક્રમ હોવો જોઇએ. અને જો તમો ધંધામાં પણ ભગવાનનું પ્રધાન પદ રાખશો તો જરૂર તમારો ભૌતિક ધંધો પણ લાભદાયી થશે. માટે નાથને કોઇ કાળમાં ભુલશો નહિ.

સાધુ નામ ભક્ત એ સમદર્શી છે. ભગવાન પણ સમદર્શી કહેવાય છે આ જગતમાં જેટલા જીવ પ્રાણીમાત્ર છે તેમાં ભગવાન કૃષ્ણ બિરાજે છે, એટલે આપ અંતર્યામિ કહેવાય છે. રૂપ નામના વિશેષ ભેદ વડે કરી સ્વયં પ્રભુજ જગતમાં ક્રીડી રહ્યો છે. એટલે આ જગતને પુષ્ટિમાં ક્રીડા માંડ કહેલું છે એટલે જીવ પ્રાણી માત્રનું ભલું ચાહવું,

શક્ય હોય તેટલું આપણાથી બને તેટલું સુખ આપવું, તેમના હિતમાં પરાયણ રહેવું એ વૈષ્ણવોનો ધર્મ છે એટલાજ માટે સર્વાત્મ ભાવની સિદ્ધિ પુષ્ટિમાં સર્વોચ્ચ પદે છે, એથી વિપરીત જો તમો અન્ય જીવોનો વ્દેષ કરતાં હશો, તેમજ દ્રોહ અને કઠોર શબ્દોથી હૃદયને આઘાત પહોંચાડતા હશો, ક્રોધ તેમજ અભિમાનથી પ્રેરાઇ તેમનો તિરસ્કાર કરતા હશો, તેમજ લોભાદિકને વશ થઇ ખોટા દંભથી તેમની સંપત્તિનું હરણ કરતા હશો તો તેથી ભગવાન જરૂર રૂઠસે ભલેને પછી તમારો સ્વાંગ વૈષ્ણવ અને ભલેને તમો સેવા કરતા હોવ દંભાત્મક આડંબરથી ભગવાન નથી. ભગવાનને પ્રસન્ન કરવા જરૂર નથી, તેમજ વેષપરિધાન અગરતો પાંડિત્ય તેમજ ભગવા કપડાંની જરૂર નથી. ભગવાનને પ્રસન્ન કરવા નિર્મળ મનનીજ જરૂર છે. ભગવાન દાન, દિનતા, પવિત્રતા, શ્રદ્ધા, પ્રેમ અને સંતોષથી પ્રસન્ન થાય છે. સદગુણોનેજ વરી છે.

શ્રી ગિતાજીમાં ભગવાન કહે છે ભુત પ્રાણિ માત્રમાં જેની સમાન દ્રષ્ટિ છે એજ મારી ભક્તિ પામે છે. ઉપર લક્ષણોથી અલંકૃત ભક્તિમાન જે વૈષ્ણવ છે તે મને અતિ પ્રિય છે. સુખ-દુઃખના તરફ સમતા કેળવવી એ વૈષ્ણવનું ખાસ ધ્યેય હોવું જોઇએ. આપ વિચારો કે પરમભક્ત રસખાનજી તેમને રસની ખાણ કહેવામાં આવે છે. તેઓ દિલ્લીશ્વરના કૃપાભાજન હતા તેમજ અફસર હતા. જાતિના પઠાણ હતા છતાં વૈષ્ણવ હતા. તેમનો વેશ પણ વૈષ્ણવતાનો હતો. એટલે અન્ય મુસ્લીમો તેમનો વ્દેષ કરતા હતા. તેમની વારંવાર પજવણી કરતા. પરંતુ એતો ચુસ્ત હતા. શાહિ દરબારમાં એક વખત ધાર્મિક ચર્ચાનો વિષય છેડાયો તેમાં પંડિતો અને મોલવીઓ હતા. અકબર શાહ પણ દરબારમાં બેઠા હતા. ચર્ચા ચાલતાં સરસખાનજી સાથે પંડિતોએ વેદની તેમજ ત્યાગ વૈરાગ્યની ચર્ચા કરવા માંડી તેમજ અનેક પ્રશ્નોની છણાવટ કરી. તે સર્વ પ્રશ્નોના જવાબમાં સરખાનજીએ એ કહ્યું કેઃ-

નહી હમ વેદકે વાદો વિરાગી મન હમારા હૈ
નહી હમ વેષકે ચેતી હમારા પંથ ન્યારા હૈ
દેખી દિલ દુર બીનોસે જહાં તહા પિય પ્યારા હૈ

છુર હમ ચેકકી સેવા બલી જીસકા પસારા હૈ

ભક્તવર્ય રસખાનજી કેટલી ઉંચી ભાવનામાં મસ્ત છે એ એમના ઉદગારોમાં સ્પષ્ટ તરી આવે છે.

પરંતુ ભાઇ હાલ વૈષ્ણવતા તો દૂર રહી. પરંતુ માનવધર્મ પણ આપણે ચુકી ગયા છીએ. શ્રી પંચામૃતમાં શ્રી વ્યાસબાવા કહે છે. વૈષ્ણવતા ધર દૂર હૈ માનવ ધર્મ હું નાહી વૈષ્ણવો સર્વ ઉહાપોહથી મુક્ત બની ભગવાન કૃષ્ણને શોધો, તેમાંજ તમારી રસજ્ઞતા છે. ભગવાનની દીન હૃદયથી વિજ્ઞપ્તિ કરો. હે હરિ, હે કૃષ્ણ, હે સ્વામિ ! હું તને સર્વત્ર શોધું છું. હું દીન છું, અસહાય છું. એકલો છું, મારો કોઇ સંગાથી નથી, અંધકારમાં ધુમુ છું, હું શું કરૂં, મારી વિપત કોને કહું, પ્રિયતમ તુ ક્યારે આવીશ. ક્યાં સુધી મને રખડાવીશ. મનથી હું મુંઝાઉ છું, રાહ સુઝતી નથી, ભવાટવિમાં અટવાએલ છું.

મહામોહના વાદળો ઉમટી રહ્યા છે. તારા દર્શન સ્પર્શ વગર બીજી કોઇ મને ઇચ્છા નથી. દયાનિધિ, મારી બાંહ્ય પકડી લે વ્હાલા, મને બચાવી લે, મારો પંથ તું સુગમ કરી દે, તારી પાસે લઇ લે, હું તનેજ ચાહું છું. મને તું સદાય તારી સમીપ જ રાખ, વધુ શું વિનવું ? વૈષ્ણવો ! આ વાર્તાલાપની દ્રષ્ટિએ જેવું સુજ્યું અગર તો સુજાડ્યું તેવું લખ્યું છે. તેમાં ભુલ હોય તો માફ કરશો.

શ્રી વલ્લભનું અતિ નિગૂઢ સ્વરૂપ –

લે.પ.ભ. શ્રી વલ્લભ પાદપદ્મ મિલિન્દ

દયારામભાઈ ઉપર અતિ કૃપા શ્રીજીની થઈ; અને શ્રીજીએ મુખથી આજ્ઞા કરી કે, " તું તો શ્રીવલ્લભ નામનો જ જપ કર" પોતાની પ્રિય વસ્તું ગોપનજ કરવાની હોય છો, - "રાધા સર્વસ્વ સમ્પુટ:" આ નામ ઉભય પક્ષમાં યોજાય છે, શ્રી પ્રિયાજીનું સર્વસ્વ ધન પ્રિયતમ છે, તેમજ પ્રિયતમનું સર્વસ્વ ધન શ્રી પ્રિયાજી છે. તે ધન હૃદયરૂપ સમ્પુટમાં ગોપન કરેલું છે. પરમ કાષ્યાપન્ન આ ધનનું જ્યાં અતિશય કૃપા થાય ત્યાંજ દાન થાય છે. તેથી દયારામભાઈ મહત્ સૌભાગ્યને પ્રાપ્ત થયા છે. ભગવદીયોમાં ઉદારતા અને

કરૂણ્યતા સહજ હોવાથી અસ્મદાદિ માટે તો ગોપનીય ધનનો તેઓ પ્રકાશ કરી ગયા છે. શ્રીહરિરાય મહાપ્રભુએ તો અતિશય કરૂણાની વર્ષા કરી, શ્રીવલ્લભના નિગૂઢ સ્વરૂપનો પ્રકાશ કર્યો છે. તાત્પર્ય શ્રીવલ્લભનામ ગોપનીય છે, પ્રમાણ રૂપે આપે અષ્ટાક્ષરનું દાન કરેલું છે.

બસો બાવનની વાર્તામાં એક ભોળી બાઈનો પ્રસંગ છે. તેને આપ શ્રીગુંસાઇજી અષ્ટાક્ષર આપે છે, પરંતુ તેની જીહવા ઉપર આ નામ આવતું નથી ત્યારે શ્રીમહાપ્રભુચરણ આજ્ઞા કરે છે કે, તને મારૂ નામ આવડે છે ? ત્યારે તે બાઈ એ હા કહી, ત્યારે આપે આજ્ઞા કરીકે મારા નામનું સ્મરણ તું કરજે. પછી આપે બીજા વૈષ્ણવો જે નિકટ ઉભા હતા તેમને આજ્ઞા કરી કે, તમારે તો અષ્ટાક્ષરનું જ સ્મરણ કરવું. આ પ્રસંગ ઉપર શ્રી હરિરાયજી ભાવ પ્રકાશમાં આજ્ઞા કરે છે કે, શ્રીમત્પ્રભુચરણોનું નામ ફલાત્મક-ગૂઢ છે. તે તો મુગ્ધજનોને જોઇને અતિ કરૂણા પ્રકટ થઈ જવાથી પોતાના ફલાત્મક ગોપનીય નામનું આપ દાન કરે છે, અને પ્રમાણવાદીઓને માટે અષ્ટાક્ષરની આજ્ઞા કરે છે આ પ્રસંગમાં તે બાઈને અષ્ટાક્ષર બોલતાં આવડતું નથી તે માત્ર નિમિત્તજ છે. શ્રી પ્રભુચરણ શ્રી ગુંસાઈનું આ ચરિત્ર અતિ નિગૂઢ છે કારણકે અતિશય કૃપાથી પોતાના સ્વામિની ભાવાત્મક નિગૂઢ સ્વરૂપનો આ પ્રસંગે આપને પ્રકાશ કરવો છે. પરન્તું આ સૂક્ષ્મ અને પરમ કાષ્ટાપન્ન વિષયને નિજ્જનો વિના અન્ય કોણ સમજી શકે ?

"પુષ્ટિ પથ રહસ્ય" ગ્રંથની એક પંક્તિમાં દયારામભાઈ કહે છે કે –
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ નામ ગૂઢ અતિ ભાખ્યું ।
શ્રી ગોકુલેશ નિજ્જન પ્રતિ એમ દાખ્યું. ।।

આ કથનથી આપ શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણચન્દ્રના સ્વરૂપનું અને તેમના નામનું વર્ણન કર્યું છે. પોતાના સ્વરૂપનું અને નામનું દાન તો નિજ્જનોમાં જ પ્રકાશીત કર્યું છે.

"વસ્તુંત: કૃષ્ણ એવ" એમ જે શ્રીમત્પ્રભુચરણોએ શ્રીવલ્લભાષ્ટકમાં આજ્ઞા કરી છે તે પ્રમાણવાદીઓને બોધ આપવા માટે છે. પ્રમાણવાદીઓને શાસ્ત્રના પ્રમાણ વિના શ્રધ્ધા

કે વિશ્વાસ થતો નથી, તેથી તેવાને આપનું (શ્રીવલ્લભનુ) કૃષ્ણરૂપત્વ સિધ્ધ કરી રહ્યા છે.

શ્રી ઠકુરાણી ઘાટે બ્રહ્મસંબંધની આજ્ઞા કરવા શ્રીજી પ્રગટ થયા તે પ્રસંગમાં શ્રી હરિરાયચરણોનું મંતવ્ય એવું છે કે, પ્રમાણવાદી મહાત્મીક જીવોને પ્રકટ આચાર્ય સ્વરૂપમાં વિશ્વાસ અને નિષ્ઠા નહી થાય તે હેતુથી શ્રીવલ્લભે પોતાના સ્વરૂપમાંથી જ શ્રીજીને પ્રકટ કરી બ્રહ્મસંબંધની આજ્ઞાનું નાટ્ય રચ્યું. [શ્રીવલ્લભબરનો કહા બડાઈ ।। જાકે એક રોમતે પ્રકટિત કોટી ગોવર્દ્ધરાઈ ।। મહાનુભાવ શ્રી રામદાસજી વિરચિત પદની આ પંક્તિ અત્રે સુસંગત તેમજ વિચારણીય છે અને ઉપરોક્ત કથનની પુષ્ટિ કરે છે.] શ્રીમદદમલાજી માટે તો "આપ (શ્રીવલ્લભ) કહો તેજ મારે સમજવું છે." શ્રીમદદમલાજીને શ્રીજીની આજ્ઞાની આવશ્યકતા ન રહી.

શ્રીકૃષ્ણદાસજીના પદમાં "વસ્તુંત: કૃષ્ણ જો બંધે દામી" આ પંક્તિનું સ્વારસ્ય પણ પ્રમાણ આપીને સમજાવવા માટેનું છે, વાસ્તવીક બહિ: વિદ્યા શ્રીંગાર વિલાસ પણ આપનો જ છે. બહિ: વિલાસમાં શ્રીકૃષ્ણનામથી આપ પ્રસિધ્ધ થયા છે, આપના મૂલવિલાસમાં વૈશ્વાનરવલ્લભ નામ ધારી છે, આપના મૂલ સુધા સ્વરૂપને શ્રીહરિરાય ચરણોએ સાત પ્રકારે જણાવેલ છે, તેમાં પ્રથમ "મુખ્યપુરૂષાકાર સુધા" ને કહેલ છે, આ સુધામાં અગ્નિ અને માધુર્યતા અનુસ્યુત હોવાથી આ સુધા વૈશ્વાનર અને વલ્લભ નામ ધારી છે.

સુધાસ્વરૂપ શ્રીવલ્લભનું સામ્રાજ્ય –

બહિ: લીલામાં પણ આ ઉભય નામોનો વિલાસ રહેલો જ છે, પરંતુ તે ગોપ્ય છે. સુધાના અસ્તીત્વ વિના કોઈપણ લીલા થઈ સકતી જ નથી, તેથી બહિ: લીલામાં પણ સુધા સ્વરૂપનું જ સામ્રાજ્ય છાયેલું છે. બહિ:લીલામાં અનેક રૂપ-નામના વિભેદે આ સુધાનો જ વિલાસ હોવાથી તે સુધા સ્વરૂપના મૂલ વિલાસમાં કોઈ ક્ષતી થતી નથી. " પૂર્ણમાંથી પૂર્ણ લઈ લેવા છતાં પૂર્ણ જ રહે છે," શ્રુતિના આ કથન મુજબ મૂલ વિલાસ

પણ અખંડ જ રહ્યો છે. તેમ ન હોય તો મૂલ વિલાસમાં અનિત્યતાની શંકા થાય.

સ્વાનંદતુન્દિલ: સ્વરૂપની જે રસસમાધિ છે. તેમાં કેવલ સુધાનું જ આસ્વાદન છે, કિં બહુના. રૂપ અને નામનુ પણ આ અવસ્થામાં અનુસંધાન નથી, શ્રીગોકુલેશ પ્રભુ આ અવસ્થાને "ગહનગતિ" સમ્બોધન આપે છે. રસિકભક્ત મંદદાસજીની ઉક્તિ આ કથનમાં સંગત થાય છે.

ભૂત છુવે મદીરા પીવે, તાહી શુધ કછુ હોય ।
પ્રેમઅમીરસ જે પીવે, તાહીન રહે શુધ કોય ।।

જે સુધા બહિ:લીલામાં અનંત યુગલોમાં વિલસીને સ્વમહિમાનો પ્રકાશ કરી રહી છે, અનંત રાસાદિલીલામૃત જલધિઓ જેમાંથી પ્રકટ થાય છે, અને સૌન્દર્યમૂત-સ્નેહામૃતની જેમાં સીમાં છે તેવા " ઘનીભૂત" સુધા સ્વરૂપની રસસમાધિમાં રૂપ- અને નામનું અનુસંધાન ન રહે તે યોગ્ય જ છે. આ કથનની સંગતીમાં દાનલીલાનો એક શ્લોક વિચારીએ :-

ધમ્મિલં વા દધિ કલશિકાં મૂધ્નિ
સંસ્થાપિતાં વા ।
તં મર્ગં વા ગમનમ્ વા કંચુકીમંચલં વા ।।
દેહં વા સ્વગૃહજાત સખીવૃન્દમેષા મૃગાક્ષી
ઘોષાધીશાત્મજમપિ તદા નાવિદન્મોહિતેવ ।।

'મહાભાવ'નું સ્વરૂપ –

નાયક નાયકાને અરસપરસનું અનુસંધાન ભૂલાઈ જઈ ને લાવણ્યામૃત સુધાના આસ્વાદનમાં જે રસ સમાધિ થઈ જાય છે, તેને ગાયત્રીભાષ્યમાં શ્રીગોકુલેશ પ્રભુએ 'મહાભાવ' ની સંજ્ઞાથી પરિચય કરાવ્યો છે. 'સ્વાનંદતુન્દિલ' વિલાસ ઉપરોક્ત કથન મુજબનો છે. રૂપ-અને નામની અપેક્ષા "મહાભાવ" ની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જ

રહે છે. આ "મહાભાવ"નો જ પર્યાય "ગહનગતિ" છે **'સુધા જ આધાર અને સુધા જ આધેય એવા ધર્મીવિપ્રયોગાત્મક વિલાસમાં 'મહાભાવ'નો જ અનુભવ છે."** આ આપના મૂલસ્વરૂપનો વિલાસ છે ધર્મી વિપ્રયોગની સાધન અવસ્થામાં ભાવાત્મક સ્વરૂપની ભાવનાની અપેક્ષા અનીવાર્ય છે. પરંતુ આંતરમાં ભાવાત્મક સ્વરૂપ સિધ્ધ થઈ ગયા પછી કેવલ સુધા આસ્વાદનનો જ અનુભવ છે. ત્યાં નાયક-નાયકા ભાવનુ વિસ્મરણ જ થઈ જાય છે. રસ સમાધિમાંથી પાછુ બાહ્ય અનુસંધાન ધર્મી સંયોગમાં છે. ધર્મી વિપ્રયોગમાં નહી.

શ્રી હરિરાયચરણોએ સુધાનું સપ્ત પ્રકારે જે વર્ણન કર્યું છે તેમાં પ્રથમ "મુખ્યપુરૂષાકાર સુધા" એમ જે કહ્યું છે તેનું તાત્પર્ય "પુરૂષાકાર" એટલે પરમ પુરૂષાર્થરૂપ પુરૂષાર્થની પણ જ્યાં અવધિ છે તેવું આપનું મૂલ સુધા સ્વરૂપ છે. આ સ્વરૂપનો અનુભવ શ્રીમદદમલાજી, પ્રભુદાસજી, અને પદ્મનાભદાસજીને થયો છે.
આ સુધા સદા આનંદરૂપ જ હોવાથી શાસ્ત્રોક્ત ભાષામાં સદાનંદ અને કૃષ્ણનામથી તેનો પરિચય કરાવે છે, અને આ પરિચયમાં શ્રીમત્પ્રભુચરણ "વસ્તુત: કૃષ્ણ એવ" એ પ્રમાણે આજ્ઞા કરે છે, "ઈતિશ્રીકૃષ્ણદાસસ્ય" આ પંક્તિનું સ્વારસ્ય શ્રી હરિરાયચરણોએ અન્ત:કરણ પ્રબોધની ટીકામાં જણાવેલું છે.

નિ:સંધાન ધંન કૃષ્ણસ્તસ્યાપ્યાસ્યં પરં ધનમ્
ધનેન તેન સધનં, માં કરોતું કૃપાધન ।।

નામ-સ્મરણ મહિમા

- પ..ભ. મધુકર

કલીકાળમાં નામ સ્મરણ શિવાય બીજાં કોઈ સાધનો સિધ્ધ થતાં નથી. "વિવેક ધૈર્યાશ્રય"માં શ્રીવલ્લભે તેવીજ આજ્ઞા કરી છે. "નિ:સાધન બનીને દીનભાવે નામ સ્મરણ દ્વારા પ્રભુની શરણાગતિમાં રહેવું. 'નિ:સાધનના ફલરૂપ પ્રભુ શ્રી ગોકુલમાં પ્રકટ થયા છે તેથી અમો સર્વ રીતે નિશ્ચિંત છીએ..." એમ શ્રી મત્પ્રભુચણોની આજ્ઞા છે. તે

પ્રમાણે નિ:સાધન બની દીન ભાવે નિરંતર નામનું સ્મરણ કરવાથી પ્રભુની પૂર્ણ કૃપા પ્રાપ્ત થશે. તેમ શ્રીપ્રભુચરણની આજ્ઞાનો આશય સમજાય છે.

નામ સ્મરણમાં, "શ્રીસર્વોત્તમજી"ના સ્તવનનો આગ્રહ રાખવો. પ્રત્યેક નામના મહત્વના, અનુસંધાન પૂર્વક, અને પ્રભુ પ્રાપ્તિના, અથવા આપના સાક્ષાત દર્શનના તાષભાવ પૂર્વક શ્રી સર્વોત્તમજીના સ્તવનથી, ભૌતિક અને આધ્યાત્મીક પ્રપંચનો સત્વરે લય થઈ જાય છે, તેવો આશય શ્રી સર્વોત્તમજીના મંગલાચરણના ચોથા અને છઠ્ઠા શ્લોકમાંથી પ્રાપ્ત થાય છે. પ્રપંચનો સત્વરે લય થવાનું કારણ શ્રી વલ્લભ અગ્નિ સ્વરૂપ છે તે અગ્નિ સ્વરૂપનાં જ 108 નામો છે. પ્રત્યેક નામમાં અગ્નિ સ્વરૂપની વ્યાપ્તતા છે, તેથી પ્રપંચનો શીઘ્ર લય કરે છે.

'વિનિયોગોભક્તિયોગ પ્રતિબંધવિનાસને' "ભક્તિયોગ" શબ્દ પ્રભુના સાક્ષાત સ્વરૂપ સંબંધમાં યોજાયેલ છે. એટલે કે નિત્યલીલાસ્થ કોટિક કંદર્પથી અધિક લાવણ્ય સૌન્દર્ય, અને અનંત રસાત્મક સામગ્રીયુક્ત રસાત્મક સ્વરૂપના સાક્ષાત અનુભવમાં (ભૌતિક, આધ્યાત્મિક,આધિદૈવિક) જેટલા પ્રતિબંધો છે તેનો વિશેષે કરીને નાશ કરવામાં શ્રી સર્વોત્તમજીનો વિનીયોગ છે. " વિનાશને શબ્દનું એવું પણ તાત્પર્ય નીકળે છે કે ત્રણે પ્રકારના પ્રતિબંધોનો મૂળમાંથી નાશ થતો હોવાથી ફરી તેની ઉત્પત્તિની સંભાવનાજ નથી.

જેવી રીતે અવતાર લીલાના ભક્તોની ભૌતિક અવિદ્યા તામસ પ્રમાણ પ્રકરણ મુજબ બાલલીલાથી દૂર કરી આધ્યાત્મિક અવિદ્યા તામસ પ્રમેય પ્રકરણની લીલાથી દૂર કરી અને આધિદૈવિક પ્રતિબંધ શ્રી ગિરિરાજ ધારણ કરી દૂર કર્યો પશ્ચાત્ ફલપ્રકરણમાં મહારાસ સમયે નિત્ય લીલાસ્થ પૂર્ણાનંદ સ્વરૂપનો શ્રી ગોપીજનોને અનુભવ થયો. તેવી રીતે ત્રણે પ્રકારના પ્રતિબંધોને દુર કરી સાક્ષાત સ્વરૂપાનંદનું દાન કરવાનું શ્રીસર્વોત્તમજીમાં અચિંત્ય સામર્થ્ય છે. આ પર્કારનું "વિનિયોગોભક્તિયોગ પ્રતિબંધ વિનાશને" આ પંક્તિનું નિગૂઢ તાત્પર્ય છે. કારણકે આ શ્લોકના ઉત્તરાર્ધમાં- "કૃષ્ણાધરામૃતા સ્વાદ સિદ્ધિરત્ર ન સંશય:" એમ શ્રીત્પ્રભુચરણની આજ્ઞા છે "કૃષ્ણ

અધર અમૃત" એ શ્રી વલ્લભપ્રભુનું મૂલ સુધા સ્વરૂપ છે. આ સુધાના દાનથી પાઠ કરનાર ભક્તને નિત્ય લીલા સંબંધી આધિદૈવિક દેહ સિધ્ધ થતાં નિત્ય લીલાસ્થ કોયિકંદર્પથી અધિક લાવણ્ય-સૌન્દર્ય પૂર્ણાનંદ સ્વરૂપના અનુભવનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. આ મહાન ફલદાનમાં શ્રીસર્વોત્તમજીનું અચિન્ત્ય સામર્થ્ય હોવાથી "ન સંશય:" તેવી શ્રી મત્પ્રભુચરણે આજ્ઞા કરી છે.

લીલાધામમાં અનંત પ્રકારની રસાત્‌મક લીલાઓ અનંત શ્રી સ્વામિનીજીઓમાં અથવા અનંત યુગલોમાં જે થઈ રહી છે તે લીલાના સંબંધવાળા શ્રીસર્વોત્તમજીનાં 108 નામો છે. એટલે કે 108 નામનું અખંડ જોડાણ નિત્યલીલા ધામની દિવ્ય લીલાઓ સાથે રહેલું છે, તેવું તાત્પર્ય મંગલાચરણના ચોથા શ્લોકમાં "પ્રવક્ષ્યા મ" શબ્દથી પ્રાપ્ત થાય છે. પાઠ કરનાર ભક્તની આધિદૈવિક અવસ્થા પ્રાપ્ત થતાં 108 નામની નિત્યલીલાનો અનુભવ કરાવે છે.

જેમ ભગવાનનાં ત્રણ સ્વરૂપો છે- ભૌતિક, આધ્યાત્મિક, અને આધિદૈવિક, અને જેનું વર્ણન સિદ્ધાંત મુક્તાવલીમાં કરેલું છે, તે પ્રમાણે પ્રત્યેક નામના ત્રણ પ્રકારનાં સ્વરૂપો છે. આપણી ભૌતિક દશામાં લેવાતું નામ આપણા ભૌતિક અધ્યાસોને દૂર કરે છે જેમ બાલલીલામાં પ્રભુએ પ્રાકૃત બાલક જેવું સ્વરૂપ ધારણ કરી બાલલીલાથી ભક્તોમાં પ્રેમ ઉત્પન્ન કરી તેમની ભૌતિક અવિદ્યાને દૂર કરી પ્રભુ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરે છે, અને ભૌતિક અવિદ્યા દુર થતાં આપણી આધ્યાત્મિક અવસ્થા પ્રકટ થાય છે આ આધ્યાત્મિક અવસ્થામાં બ્રહ્મભાવ પ્રાપ્ત થતો હોવાથી આધ્યાત્મિક અવિદ્યાને દુર કરી સાક્ષાત રસાત્મક સ્વરૂપના પ્રાદુર્ભાવની ભૂમિકા સિદ્ધ થાય છે. તામસ પ્રમેય પ્રકરણની લીલા આવા પ્રકારની છે અથવા આધ્યાત્મિક અવિદ્યા નામ સ્મરણથી દૂર થતાં આપણી જ્યારે આધિદૈવિક અવસ્થા બને છે, ત્યારે આધિદૈવીક રસાત્મક સ્વરૂપનો ભાવાત્મક પ્રકારે લીલાસહિત આપણા હદયમાં પ્રાદુર્ભાવ થાય છે જેનું વર્ણન વેણુગીતના શ્રી સુબોધનીજીમાં કરેલું છે.

જેમ અવતારલીલા સમયે પ્રભુએ લીલા કરીને ભક્તોના ત્રણે પ્રકારના પ્રતિબંધોને દૂર

કરી સાક્ષાત સ્વરૂપાનંદનું મહારાસમાં દાન કર્યું. તેમ વિદ્યમાન અનવતાર કાલમાં "નામ સ્મરણ દ્વારા"ત્રણે પ્રકારના પ્રતિબંધો દૂર થઈ સાક્ષાત સ્વરૂપાનંદનું દાન થાય છે, તેવું શ્રીસર્વોત્તમજીના છઠ્ઠા શ્લોકનુ નિગૂઢ તાત્પર્ય છે. વળી ભાગવતાર્થ નિબંધમાં પણ શ્રી વલ્લભપ્રભુએ આજ્ઞા કરી છે કે, "ભગવદ્ નામ અવતાર તુલ્ય કાર્ય કરનારૂં છે," અને શ્રી સર્વોત્તમજીનુ છઠ્ઠુ નામ "સ્મૃતિ માત્રાર્તિનાશન" છે, તે ભક્તની ત્રિવિધ પ્રકારની આર્તિને દૂર કરીને સાક્ષાત પ્રભુનો સંબંધ કરાવનાર છે.

શ્રીસર્વોત્તમજી આપણને ફલિત કેવી રીતે થાય ? તેનો આશય "શ્રધ્ધાવિશુદ્ધ-બુદ્ધિર્ય:"- એ 34 માં શ્લોકમાં જણાવેલો છે. આ શ્લોકના સંપૂર્ણ આશયને જાણીને તે પ્રમાણે નિરંતર તન્મય બનીને **"શ્રી સર્વોત્તમજીનું જ અનન્ય ભાવથી પઠન કરવાથી દુર્લભ અધર સુધા રૂપ સિદ્ધિ નિ:સંદેહ પ્રાપ્ત થાય છે.**

નામ અને નામીમાં અભેદ છે, નામમાં ભાવાત્મક સ્વરૂપ રહેલું છે. જેમ બીજમાં વૃક્ષ સૂક્ષ્મરૂપે [ન દેખાય તેવી રીતે] રહેલું છે, અને બીજને પોષણ મળતાં અંકુરીત થઈ વૃક્ષ રૂપે પ્રકટ થઈ જાય છે, તેમ શ્રીવલ્લભ નામમાં આપનું ભાવાત્મક સ્વરૂપ રહેલું છે, અને નામના સ્મરણ દ્વારાજ નામ રૂપ બીજનું પોષણ થતાં, નામ રૂપ બીજમાં રહેલું આપનું ભાવાત્મક સ્વરૂપ આપણી હૃદય ભૂમિમાં પ્રકટ થઈ જાય છે અને શ્રૃંગાર કલ્પવૃક્ષ રૂપ બનીને નિત્યલીલા ધામની અનંત કુંજોરૂપી અનંત શાખાઓમાં જે અનંત પ્રકારની દિવ્ય લીલાઓ નિત્ય પ્રકારે થઈ રહી છે, તેનો અનુભવ કરાવે છે આપના નામનો આવો અનિર્વચનીય મહિમા હૃદયમાં ધારણ કરીને, નામ સ્મરણમાં અનન્ય ભાવ રાખીને પ્રભુ વિયોગ જનિત આર્તભાવથી નિરંતર નામનું સ્મરણ કરવાથી મહાકારૂણિક શ્રી વલ્લભ પ્રભુ-પોતાના "અદેય" સ્વરૂપાનંદનો અનુભવ કરાવશે જ.

દિવ્ય પ્રેમની એકાંગી સાધના

લે. "મધુકર"

શ્રી સર્વોત્તમજીમાં આપ શ્રી વલ્લભનું નામ "નિખિલેષ્ટદ" છે. "ખિલ" એટલે અલ્પ.

અને "નિખિલ" એટલે એમાપ અથવા અગણિત. અગણિત આનંદરૂપ પ્રભુનું, મહાકારૂણિક શ્રીવલ્લભે નિજ્જનોને દાન કરેલું છે. તેજ આપણા મસ્તકે બિરાજતું સેવ્ય સ્વરૂપ છે.

આ અગણિત આનંદ સ્વરૂપને આપણે હૃદયમાં ક્યારે ધારણ કરી શકીએ ? સેવ્ય સ્વરૂપમાંજ જ્યારે એકાંગી પ્રીતી થાય તેમાંજ આસક્તિ-વ્યસન અને તન્મય અવસ્થા પ્રાપ્ત થશે. અગણિત આનંદ સ્વરૂપને ધારણ કરી શકાય. એકાંગી પ્રીતી વિના આગળની કક્ષા આસક્તિ, વ્યસન-તન્મયતા સિધ્ધ થતી નથી. ચતુરોની ચતુરાઈ આ એકાંગી પ્રીતિમાં જ રહેલી છે તેમ શ્રી ગોકુલેશ પ્રભુએ શ્રી સર્વોત્તમજીની બ્રહદ્ ટીકામાં "વિબુધેશ્વર:" નામમાં જણાવેલ છે. હિલગના પદોમાં-

"મન મૃગ વેધ્યો મોહન, નયન બાનસો"

ભલા ! જેનું મન-મૃગ પ્રિયતમના રસ ભર્યો કટાક્ષથી વીંધાઈ ગયું તે બીજાના કામનો રહી શકે ખરો ? પુષ્ટિ માર્ગમાં પ્રવેશ કરીને કંઈ જાણવા જેવું અને કંઈ પ્રાપ્ત કરવા જેવું હોય તો પ્રભુ પ્રત્યેની તત્સુખાત્મક-એકાંગી પ્રીતી જ છે. આ પ્રીતીને જો ન જાણી તો કંઈજ જાણ્યું નથી. અને આના એક બિન્દુને પણ જો પ્રાપ્ત ન કરીએ તો કંઈજ પ્રાપ્ત કર્યું નથી દિવ્ય પ્રેમ માર્ગની ધ્વજા રૂપ શ્રી ગોપીજનો મહાજ્ઞાની ઉધ્ધવજીને કહી રહ્યા છે કે-

પ્રેમ વિના સબ પચિમરે, વિષય વાસના રોગ, સખા સુન શ્યામકે.
દિવ્ય પ્રેમ તો સોલ્યુસન જેવો મહાન સ્નિગ્ધ છે-તેમાં ચીપકેલું મન કોટિ ઉપાયે છુટી સકતું નથી.

અતિ અટપટો ચટપટો વ્રજકો પ્રેમ સંજોગ
અજહુંલો સુરઝે નહી, અરૂઝે બડે બડે લોગ

પ્રાન વલ્લભકે પ્રેમમેં રહે વિરહી લપટાય
અજહુલો સુરઝે નહી દિન દિન અધિક બઢાય

આ દિવ્ય પ્રેમ પ્રાપ્તિની સાધના કેવા પ્રકારની છે તે રસિક મહાનુભાવ નંદદાસજી કહે છે-જા ઘટ વિરહ અવા અનલ, પરિપક ભયે સુભાય ।
તાહી ઘટ મધ્ય નંદહો, પ્રેમ અમી ઠહરાય ।।

દિવ્ય પ્રેમ આત્માના અંત:સ્થલમાં ગૂઢ તત્વ રૂપે રહેલો છે તેને પ્રાપ્ત કરવા માટે જેમ દેવ દાનવોએ અમૃત માટે સમુદ્રનું મંથન કર્યું. તેમાં પ્રથમતો કાલકૂટ વિષજ નીકળ્યું. પછી અમૃત પ્રાપ્ત કર્યું. તેમ વિરહના અનુભવથી જ્યારે હૃદયનું મંથન થાય છે ત્યારે પ્રથમ તો વિજાતીય ભાવો રૂપી વિષ બહાર નીકળે છે. પછીજ દુર્લભ દિવ્ય પ્રેમ રૂપી અમૃત આત્માના અંત:સ્થલમાંથી પ્રાપ્ત થાય છે. આને જ દિવ્ય પ્રેમ સમજવો. આપણા મનના વિલાસરૂપ જ્યા ત્યાં પ્રેમ વંટાયેલો છે તે પ્રેમ દિવ્ય નથી. દિવ્ય પ્રેમ એક બિન્દુ પ્રાપ્ત થતાં કેવી સ્થિતિ થાય છે તેનો પરિચય પ્રણય પથિક નીચે મુજબ કરાવે છે-

તૃણ સમ સબ વ્હે જાહી પ્રભુતા સુખ ત્રિલોકકે
યહ આવે મનમાહી, રંચક ઉપજે પ્રેમ જબ
પ્રેમ પ્રગટ જબ હોય હે ભૂલે જગતકો ભાન
તુ તુ તુ રહી જાય હે હું કો મીટે નિશાન

સ્વર્ગ- મૃત્યુ-પાતાલ આ ત્રણ લોક બ્રહ્માજીએ બનાવ્યા. આ ત્રણ લોકમાં રહેલું સુખ દિવ્ય પ્રેમના એક બિન્દુ સામે તૃણ, ઘાસના તણખલા જેવું તુચ્છ ભાસે છે. અને આ પ્રેમનું એક બિન્દુ પ્રાપ્ત થતાંજ જગતનું અને પોતાનું ભાન ભુલાવી દે છે. આટલુંજ નહી પરન્તું દિવ્ય પ્રેમનું એક બિન્દુ મેળવી લીધા પછી તેના અનિર્વચનીય આસ્વાદમાં પ્રેમીજન ડુબ્યો રહે છે, અને તપતો પણ રહે છે. "દિવ્ય પ્રેમને આવા પ્રકારનો જાણી લીધા પછી સમજી સકાશે કે આપણા મનના વિલાસ રૂપે જ્યાં ત્યાં ભટકીએ છીએ, તે

દિવ્ય પ્રેમ નથી પરંતુ વાસનાના વિકારોજ છે."

દિવ્ય પ્રેમની એકાંગી સાધનામાં રસિક કવિઓએ ચાતકને બિરદાવેલ છે. દિવ્ય પ્રેમને જાણી લીધા પછી તેના એક બિન્દુને પ્રાપ્ત કરવા જીવનને પ્રણય વેદીમાં હોમી દેનારા પ્રણય સાધક ચાતકના માર્ગનેજ અનુસરનારા હોય છે. ચાતકની આ એકાંગી સાધનાને સમજવાની વિપુલ સામગ્રી વ્યાસબાવાકૃત "પંચામૃત"ગ્રંથના "ઘનચાતક" નામના પ્રકરણમાં જોવા મળશે. ચાતકની પ્રતિજ્ઞા-

સબતે મનજુ નિકાસીકે લીયો અનન્ય વ્રત એક
પ્રાણ જાઓ પ્રણ ન જાઓ, યહ ચાતકકી ટેક.

દુનીયાથી બાતલ થઈ જવું, આ દિવ્ય પ્રેમ પથનું પ્રથમ સોપાન છે. કારણકે દિવ્ય પ્રેમ બીજી દુનિયાની વસ્તું છે. તેથી દ્રશ્યમાન દુનીયામાં રચ્યા પચ્યા રહેનારને તે ન મળે-

પ્રેમામૃત પીવા ચહે, કરે વિષયથી નેહ ।
વિષ વ્યાપે બાળે હૃદય, કરે જર્જરીત દેહ ।।
મન વિષયોમાં રમી રહે, કરે પ્રેમની વાત ।
એ મીથ્યા વાદી સદા, કરે જીવનની વાત ।।
ભવ સાગર તરવા ચહે, ચઢે વિષયની નાવ ।
સહસા ડુબે મધ્યમાં, લેશ ન લાગે દાવ ।।
દભી, દ્રોહી, સ્વારથી, વાદી, માની, પાંચ ।
એ ખલ કદી ન સહી શકે, પ્રેમ અનલકી આંચ ।।

આસક્તિનું સ્વરૂપ –

લે. શ્રી વલ્લભ પાદપદ્મ મિલિન્દ

વેણુગીતમાં વેણુજીમાંથી જે સુધા પ્રકટ થાય છે તે વેણુની ઉચ્છિષ્ટ સુધાએ ગોપીજનોમાં પ્રવેશ નથી કર્યો શ્રી ગોપીજનો અનન્યતાની સિદ્ધિવાળા છે અને પોતાના

પ્રિયતમના જ અધરામૃતને ગ્રહણ કરનારાં છે તેમ શ્રી મત્પ્રભુચરણોએ તે પ્રસંગના સ્વતંત્ર લેખમાં આજ્ઞા કરી છે. એનો અર્થ એ થયો કે સેવ્ય સ્વરૂપથી જ જેનું પોષણ થઈ રહ્યું છે તે સર્વોત્કૃષ્ટ અધિકારી છે. આસક્તિ અને અનન્યતા જુદી ચીજ નથી. આસક્તિ કુંભનદાસજીની જ્યારે તન્મયતા આસકરણજીમાં સિધ્ધ થઈ છે. પ્રિયના વિયોગની એક ક્ષણ શતયુગ જેવી વ્યથા ઉત્પન્ન કરનારી હતી, આ છે આસક્તિનું સ્વરૂપ.

સુન્દરદાસજી શ્રીમહાપ્રભુજીના સેવક હતા શ્રી વલ્લભ વિના કોઈ તત્વની સુંદરતાએ તેમના હૃદયમાં સ્થાન લીધેલું નહીં. આ સુન્દરદાસજીને એક સમયે શ્રીમત્પ્રભુચરણોએ મહાપ્રસાદ લેવાની આજ્ઞા કરેલી, બીજા વૈષ્ણવો સાથે સુન્દરદાસજી મહાપ્રસાદ લઈ રહ્યા છે, તે સમયે શ્રી પ્રભુચરણોએ આજ્ઞા કરી કે "સુંદરદાસજી ! મહાપ્રસાદ કેસો હે ?" ત્યારે સુંદરદાસજીએ વીનતી કરી કે "રાજ બહોત સુન્દર." ત્યારે આપે આજ્ઞા કરી કે "સુન્દરદાસ તમારી અનન્યતા ચૂકી ગયા." ત્યારે સુન્દરદાસે વીનતી કરી કે "રાજ, અનન્યતા તો આપ રખાવો તો રહે પરન્તુ મારી અનન્યતા કેવી રીતે હું ચૂક્યો છું તે આપ આજ્ઞા કરો તો મારા જાણવામાં આવે." ત્યારે આપે આજ્ઞા કરી કે તમારી અનન્યતા શ્રી મહાપ્રભુજીમાં છે, અને શ્રી મહાપ્રભુજી વિના તમે બીજા કોઈને "સુન્દર" માનતા નથી, તો મહાપ્રસાદને સુન્દર કેમ કહ્યો ? ત્યારે સુન્દરદાસે વીનતી કરી કે રાજ, મહાપ્રસાદમાં તો મારૂ ચિત્ત નહીં હતું. પણ કૃષ્ણદેવરાજાની સભામાંથી મારા પ્રાણાધાર મંદગતિથી પધારી રહ્યા છે તે સમયના આપનાં સૌન્દર્ય લાવણ્યનું હું પાન કરી રહ્યો હતો. તે ધ્યાનમાં જ આપને કહ્યું કે. "બહોત સુન્દર"

અહી વિચારણીય વાત એ છે કે શ્રી પ્રભુનુ અધરામૃત અને શ્રીપ્રભુચરણ સન્મુખ બિરાજી રહ્યા છે આ પ્રકારમાં સુન્દરદાસજીનું ચિત્ત અટકેલું નથી, અને શ્રીવલ્લભના સૌંદર્ય પાનમાંજ ડૂબેલા છે. તો શું શ્રી પ્રભુચરણ અને પ્રભુનું અધરામૃત એ કંઈ ન્યૂનતત્વ છે વસ્તુત: તેમાં ન્યુનતા નથી, પરંતુ આસક્તિનું સ્વરૂપ કેવું હોય તે સમજાવવા શ્રીમત્ પ્રભુચરણે આ ચરિત્ર રચેલું છે.

એક ડોકરી શ્રી મદનમોહનજીનુ સેવન કરતી હતી. તેણે શ્રી મદનમોહનજી સીવાય બીજા સ્વરૂપને જીવનભર જોયેલું નહી તેને ત્યાં વિરકત વૈષ્ણવે પોતાના શ્રી બાલકૃશ્ણજી પધરાવેલા. આ બાલકૃષ્ણને તે ડોકરીએ શ્રીમદનમોહનજી કરી દીધા. બસો બાવન માં આ પ્રસંગ છે આ ચરિત્ર પણ શ્રીમત્પ્રભુચરણનું જ , અને તે અનન્યતાને શીખવા માટે:

પંચમ ઘરના એક બાલક જયપુરમાં બિરાજતા હતા. તેઓશ્રીની આસક્તિ શ્રી ચંદ્રમાજીમાં હતી. આ બાલક એક સમય શ્રીજીની સેવા કરવા પધાર્યા રાજભોગ પછી શ્રીજીને વેણુજી ધરાવે છે, શ્રીજીનો એક શ્રીહસ્ત કટી પર, અને બીજો શ્રીહસ્ત ઉંચે છે, તેથી શ્રીહસ્તમાં જેમ શ્રી ચંદ્રમાજીએ વેણુજી ધરાય છે તેમ ધરાવી શકતા નથી. ત્યારે આ બાલક વિચારે છે કે આજ મારો ક્યો એવો અપરાધ થયો છે કે શ્રીચંદ્રમાજી વેણુજી ધરતા નથી ? આમ અપરાધના વિચારે અશ્રુની ધારા ચાલવા લાગી. શ્રીજીથી આ દુઃખ સહન ન થયું અને શ્રીજીએ શ્રીચંદ્રમાજીનું સ્વરૂપ ધારણ કરીને શ્રી વેણુજી શ્રી હસ્તમા ધારણ કરી લીધા. **"આ બાલકનું અંતઃકરણ શ્રી ચંદ્રમાજીના સ્વરૂપની આકૃતિવાળુ થઈ ગયું હતું તેથી શ્રી ચંદ્રમાજીના સ્વરૂપ વિના બીજા કોઈ તત્વનું તેમને સ્મરણ જ નહિ હતું."** અનન્યતાના આવા પ્રસંગોના શ્રવણથી હદય જો સદા ઘવાયેલું રહી આવે તો આસક્તિ અને અનન્યતા વિજયની માળાથી સત્કાર કરવા સામે ચાલીને આવશે.

શ્રીજી કાંઈ શ્રી ચંદ્રમાજીથી ન્યુન તત્વ નથી, પરન્તુ આસક્તિનું તત્વ એવું જ છે. અને જેમાં આસક્તિ છે તેમાંજ પુષ્ટિના સમસ્ત લીલા સ્વરૂપોનો સમાવેશ છે એમ આ પ્રસંગથી જાણવું.

શ્રી પદ્મનાભદાસજીનો અનન્ય ભાવ શ્રી વલ્લભમાંજ હતો, તેથી પુષ્ટિની દ્વિધા શ્રુંગાર રસાત્મક લીલાને શ્રીવલ્લભ વિગ્રહમાં જ નીહાળી રહેલા શ્રીવલ્લભથી જુદી રીતે નહી આવી અનન્યતાના શીખરે શ્રીપદ્મનાભદાસજી પહોચેલા હોવાથી "કોટીમાં વિરલા" એ બિરદને પ્રાપ્ત થયા છે.

અનન્યતા અથવા આસક્તિ એ સાધારણ વાત નથી. પરમ કાષ્ટાપન્ન વ્યથાના અનુભવે આસક્તિ સિધ્ધ થાય છે. આવી આસક્તિ સિધ્ધ કરવામાં એક રસિક વ્યથા ભોગવી રહેલ છે તેના આ પ્રમાણેના શબ્દો છે કે –

કઠિન હે રસિક અનન્યતા, રહત તન મન એક ઠોર, રાઈકે સમ ચલતહી હોત ઓરકી ઓર ।। **"સૂઈમાં દોરો પરોવાયેલો રહે તેમ મન જ્યારે પ્રિયતમના સ્વરૂપમાં નિરંતર પરોવાઈ જાય, ત્યારે અનન્યતા સિદ્ધ થાય છે.** પ્રિયતમના સ્વરૂપમાંથી રંચક પણ મન અલગ થયું કે અનન્યતા ચુકાઈ ગઈ.

પ્રેમ એક, એક ચિત્તસો, એકહી સંગ સમાય,
ગાંધીકો સોદા નહિ, જન જન હાથ બીકાય.

મારી જેવા વંચક, સિધ્ધાંતની ગડમથલ કરનારને પ્રેમતત્વ ક્યાંથી સ્પર્શ કરે ? દુનીયાથી બરબાદ થયા વિના પ્રેમતત્વની અનિર્વચનીય માધુર્યતાનું આસ્વાદ ક્યાંથી પ્રાપ્ત થાય ? મારી તો જગતમાં પૂજાવાની લાલસા છે, તેવા પામરને આ "મધુ"કેમ મળે ?

ચઢનો મોમ તુરંગ પે, ચલનો પાવક માઉ ।
ઈસક ચમનકે બાગમેં, એસે હોતો આઉ ।।

મીણના અશ્વપર સવારી કરીને અગ્નિમાંથી પાર જવું જેટલું કઠીન છે, તેટલું પ્રેમતત્વ પચાવવું કઠીન છે. પરંતુ પ્રેમતત્વને મેળવવામાં ત્યાગરૂપી અગ્નિમાં ચાલનાર માટે કઠીનતા બહૂ દૂર રહે છે જેણે સર્વ સુખોની લાલસા છોડી, પ્રિય વિયોગના દારૂણ દુઃખને અમૃત ગણ્યુ, તેને માટે કોઈ વસ્તુ અસાધ્ય નથી, પ્રેમ સંગ્રામમાં કૂદી પડેલા વીરોએ ત્યાગના અમોઘ શસ્ત્રથી અજીત એવા પ્રેમ દેવ ઉપર વિજય મેળવેલો છે.

શ્રીવ્રજરત્નાઓએ પ્રકટ સ્વરૂપનેજ પોતાનું સર્વસ્વ માન્યું હતું, તો પ્રકટ સ્વરૂપથી જ તેમનું પોષણ થયું. પ્રકટ સ્વરૂપ જ તેમના માટે યજ્ઞભોક્તા અને યજ્ઞકર્તા થયેલું હતું,

ગોપીજનો સાથે રમણ સમયે 'યજ્ઞભોક્તા,'અને વેણુનાદ દ્વારા તેમનામાં આત્મિક ભાવો પ્રકટ કરતી વખતે 'યજ્ઞકર્તા'આમ એકજ પ્રકટ સ્વરૂપથી ઉભય પ્રકારે શ્રી વ્રજરત્નાઓને અનુભવ થતો હતો. તેવી રીતે આપણું સેવ્ય સ્વરૂપ પ્રકટનીજ ભાવનાથી બિરાજી રહેલ છે, તેમાં સર્વસ્વતા થતાં પોતેજ ભોક્તારૂપ થશે, અને સેવા કરનારમાં રસાત્મક ભાવ સંપદાઓની હૃદયમાં પ્રેરણા કરીને પોતે જ 'યજ્ઞકર્તા' સ્વરૂપે થઈ જશે.

અહી એક આશંકા થાય છે કે અવતાર સમયે તો પ્રભુ સન્મનુષ્યાકાર સ્વરૂપે પ્રકટ હતા, તેથી વેણુનાદ દ્વારા રસાત્મક ભાવો પ્રકટ કરી 'યજ્ઞકર્તા' સ્વરૂપે થયા, પરંતુ અધુના તો અનવતારકાળ છે. અને સેવ્ય સ્વરૂપ સન્મનુષ્યાકાર સ્વરૂપે પ્રકટ નથી પરંતુ મૂર્તિરૂપે બિરાજે છે, તો સેવ્ય સ્વરૂપમાં "યજ્ઞકર્તા" કેમ ઘટી શકે ? આ શંકાનું સમાધાન એ રીતે છે કે, **અનવતાર કાળમાં ભક્ત હૃદયમાં બિરાજતા ભાવાત્મક સ્વરૂપથી રસાત્મક ભાવોની પ્રેરણા થાય છે. આ પ્રેરણાનેજ 'વેણુનાદ'જાણવો.** તેથી આ રીતે સેવ્યમાં "યજ્ઞકર્તા"પણુ ઘટી શકે છે. જ્યારે આ રીતે સેવ્યમાં સર્વસ્વતાનો ભાવ દ્રઢ થયો અને સેવ્ય સ્વરૂપ આ રીતે સમજાણું તો પછી કોની આશા કરવાની બાકી રહે છે શ્રીવ્રજરત્નાઓ અને ચોરાસી-બસોબાવનને આજ રીતે આ ભાવ થયો છે. ગીતાજીના બારમાં અધ્યાયમાં પ્રભુએ જે બાંહેધરી આપેલી છે તે અને "સ્વદાસાર્થકૃતાશેષ સાધન:"આની સંગતી અને ભાવના સેવ્ય સ્વરૂપમાં કરવી.

ધનહી જીવન પ્રાણ, ધનસો પ્રીત,
ધન પતિવર ।
ધનકો સુમરણ ધ્યાન,
ધન ધન રટતે ધન ભયે ।।

સેવ્ય સ્વરૂપજ જીવનપ્રાણ તેમાંજ પ્રીતિ, તેજ પતિવર, તેની પ્રણયલીલાઓનુંજ સ્મરણ, અને તેમના સ્વરૂપનું જ ધ્યાન થતાં. કીટ ભ્રમર ન્યાયે તદ્રુપજ થઈ જવાય છે, પછી ક્યો પુરૂષાર્થ ખોજવાનો બાકી રહે ?

ભગવત્ કૃપાનું લક્ષણ

- મધુરમ્

ભગવત્ કૃપા અવ્યક્ત છે, એટલે આપણે તેને સમજીએ- ઓળખીએ. પ્રભુ પ્રાપ્તિ માટેના જે જે પ્રયત્નો થાય છે, થઈ રહ્યા છે, તેમાં ભગવદ્ કૃપા વ્યાપ્ત જ રહે છે. એટલે કે સેવા, સ્મરણ, ગુણગાન, લીલા-શ્રવણ વિગેરે જે જે સાધનો આપણે કરીએ છીએ તે ભગવદ્ કૃપાના કારણે જ થાય છે.પ્રભુએ આપણો સ્વકીયત્વે અંગીકાર કર્યો છે તેનું એજ લક્ષણ છે કે, સેવા સ્મરણાદિ સાધનોમાં આપણી વધુને વધુ અભિરૂચી થતી રહે આપણો જ્યારથી અંગીકાર કર્યો છે ત્યારથી જ આપે પોતાની કૃપા શક્તિનો આપણા હૃદયમાં પ્રવેશ કરાવ્યો છે. અને પ્રિયતમને યોગ્ય બનીએ તેવી અવસ્થા, સેવા, સ્મરણાદિ સાધનો દ્વારા આ કૃપા શક્તિ સિધ્ધ કરી રહેલ છે.

સંસાર સાગરમાં પડેલા અને સ્વરૂપથી વિમુખ એવા આ જીવમાં એવી કઈ શક્તિ છે કે પ્રભુની કૃપા વિના પ્રભુ પ્રાપ્તીના સાધનો કરી શકે ? સ્વકીયત્વે આપણો અંગીકાર કરેલો હોવાથી પોતાની કૃપા શક્તિનો હૃદયમાં પ્રવેશ કરાવી પોતાની પ્રાપ્તી માટેનાં સાધનનો આપ કરાવી રહેલા છે એમ નિશ્ચયાત્મક માનવું જ. તેમજ નિત્યસખા પ્રભુ આપણા હૃદયમાં ભાવાત્મક સ્વરૂપથી પ્રગટ થવાની જ્યારે ઈચ્છા કરે છે ત્યારે કૃપા શક્તિ દ્વારા સેવા-સ્મરણ આદિ સાધનો વધુને વધુ પ્રમાણમાં કરાવે છે. એટલે સેવા-સ્મરણ આદિમાં રૂચી થવી એજ ભગવદ્ કૃપાનું લક્ષણ છે.

નિત્યલીલા અનુભવના સ્થાયીભાવનું અધિષ્ઠાન

- શ્રી વલ્લભ પાદપદ્મ મિલિન્દ

આપે પત્રમાં જણાવ્યું કે 'નિત્યલીલા, નિકુંજ લીલા, વ્રજ લીલા, અને આજની લીલાનુ સ્વરૂપ એક છે પ્રકાર ભીન્ન છે એમ સમજાય છે."આ વિષયનો આ રીતે વિચાર કરવો જોઈએ કે, સેવા પ્રણાલીમાં અને મહત્ સ્વરૂપોની વાણીમાં તેમજ અષ્ટસખાદિની વાણીમાં આપના લખવા પ્રમાણે નિત્ય લીલાનો સંબંધ રહેલો છે તે બરાબર છે. પરંતુ

તેનો આપણને આધીદૈવિક પ્રકારે પ્રત્યક્ષ અનુભવ નહિ હોવાથી, આ સર્વલીલાઓ નિત્યલીલાની સ્મારીકા બનીને નિત્યલીલાના પ્રત્યક્ષ અનુભવ માટે પ્રચર તાપભાવને ઉત્પન્ન કરવાના કારણરૂપ થવી જોઈએ. ઉદાહરણ રૂપે, જેમકે "મહાદાનના મનોરથની સજાનટમાં નિકુંજલીલાની સજાવટના દર્શન કરાવ્યા,"તેમ આપે જણાવ્યું.

આ નિકુંજલીલાની સજાવટમાં આધિદાવિક નિકુંજની પ્રત્યક્ષતા, તે સમયે દાનની યાચના કરતા પ્રિયતમ, અને શ્રી સ્વામિનીવૃન્દના આપણને 'પ્રત્યક્ષ'દર્શન નથી કેવલ એલૌકિક ભાવ આવા મનોરથોમાં ઉત્પન્ન થાય છે, અને અલ્પ કાલિન તેનો ભાવથી જ અનુભવ અને આવેગ પણ રહે છે, પરંતુ આપણા પોતામાં આધિદૈવિકતા સિદ્ધ થયેલી નહી હોવાથી સ્વરૂપ, લીલા, અને લીલા સ્થાનનો પ્રત્યક્ષ અનુભવ આધિદૈવિક પ્રકારે થઈ શકતો નથી. જેમ કૃષ્ણભટ્ટજીએ શ્રીજીને વિનંતી કરી કે મને લીલાનાં દર્શન કરાવો, ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી કે તે તો આ દેહથી ન થાય. એલૌકિક સ્ત્રી ભાવાત્મક દેહથી લીલાનાં પ્રત્યક્ષ દર્શન થાય. પછી શ્રી ગુસાંઈજીએ પ્રમેય બલથી દર્શન કરાવ્યાં છે. તેજ પ્રમાણે લીલાના પ્રત્યક્ષ દર્શન આપણી આધિદૈવિક અવસ્થામાં થાય છે તેથી ભૂતલની સેવા પ્રણાલીમાં અને સાહિત્યમાં નિત્યલીલાના સ્મારકરૂપ છે, તેમ સમજી નિત્યલીલાના પ્રત્યક્ષ અનુભવ માટે પ્રચૂર તાપભાવ પ્રકટ થાય તો, આ તાપભાવે કરીને પ્રપંચનું વિસ્મરણ થતાં આપણામાં આધિદૈવિકતા સિધ્ધ થયે પ્રત્યક્ષ અનુભવ થઈ શકે.

આવા પ્રકારનો વિચાર લીલા મધ્યપાતિ જનમાંજ ઉત્પન્ન થાય છે, અન્યને તો સ્વલ્પકાલિન આનંદના અનુભવ પછી સ્વસ્થતા જ પ્રાપ્ત થાય છે તેમાં નિત્ય લીલા સ્વરૂપના અનુભવનું આધિષ્ઠાન સિદ્ધ થતું નથી. કારણકે ભૌતિક દશામાં તે આનંદનો અનુભવ કરી લીધો. આવો જીવ નિત્યલીલાનો અધિકારી નહી હોવાથી તેનામાં જાતભાવ ઉત્પન્ન થતો નથી, ભૌતિક દશાનો આનંદ અલ્પકાલીન છે અને મેળવેલો આનંદ તિરોધાન પણ થઈ જાય છે. જ્યારે આધિદૈવિક દશામાં અનુભવાતો આનંદ સ્થાયી રૂપમાં હોય છે. કારણકે આધિદૈવિક અવસ્થા સર્વાત્મભાવરૂપ છે, અને આત્મા

અપરિણામી છે, એટલે કે આત્મ-સંઘાતથી અનુભવાતો દિવ્ય આનંદ તિરોહિત થઈ જતો નથી પરંતુ તેનો આવેશ નિરંતર બન્યો રહે છે, ઉલટ પ્રતિક્ષણ વૃધ્ધિગત થતો જાય છે.

શ્રી હરિરાયચરણોક્ત, "બ્રહ્મસંબંધ વાક્ય કઠીનાંશ વિવેચન"નામના ગ્રંથમાં કામભાવ, અને સર્વાત્મ-ભાવના અનુભવનું તારતમ્ય બતાવતાં આપ આજ્ઞા કરે છે કે, કામથી ઉત્પન્ન થનારો જે ક્લેશ છે તે ઈષ્ટ વસ્તુના સ્પર્શથી આગર દર્શન વગેરેથી શાન્ત થઈ જાય છે, જ્યારે સર્વાત્મભાવથી ઉત્પન્ન થનારો ક્લેશ સ્પર્શ વગેરેથી બમણો, અથવા અધિક વૃધ્ધિગત થતો જાય છે. કામથી ઉત્પન્ન થયેલા ક્લેશથી પ્રભુમાં સાયુજ્યપ્રાપ્ત થાય છે, અને સર્વાત્મભાવ તાપાક્મત હોવાથી તેમાં મળતા આનંદથી તૃપ્તી થવાને બદલે તાપભાવ અને વ્યાકુળતા વધતી જ રહે છે. સર્વાત્મ ભાવમાં તાપાત્મક સ્વરૂપનું સ્થાયીત્વ અને ઉદબોધકત્વ હોવાથી અગનમાં ધૃતની આહુતિ દેતાં જેમ અગ્નિ પ્રજવલીત બનતો જાય છે, તેમ સર્વાત્મભાવની અવસ્થાનો આનંદ વૃધ્ધિગત જ થતો જાય છે. અથવા આ આનંદ અતૃપ્ત સ્વભાવ વાળો છે. અગણીતાનંદનો અનુભવ આપના તાપાત્મક સ્વરૂપના દાનથી જ લભ્ય છે.

આ સર્વ લખવાનો હેતુ એ છે કે, નિજજનોએ અલ્પકાલીન આનંદમાં સ્વસ્થતાનો અનુભવ નહીં કરવો જોઈએ કામભાવથી મળતા આનંદનું અને સર્વાત્મભાવની અવસ્થાને સિધ્ધ કરવા શ્રીવલ્લભના તાપાત્મક "હુતાશ"સ્વરૂપની પ્રસન્નતા નિરંતર યાચતા રહેવુ. આપણું લક્ષતાપાત્મક સ્વરૂપ હોવું જોઈએ જેમ શ્રુગાર રસનો સ્થાયી ભાવરતિ છે. આ સ્થાયી ભાવ રતિમાંથી જ વિભાવ, અનુભાવ અને સંચારી ભાવોની ઉત્પત્તિ થાય છે. તેમ સર્વાત્મભાવનો સ્થાયી ભાવ તાપાત્મક રતિ યુક્ત છે, તેથી તેના અનુભવાનંદમાં તૃપ્તતા થતી નથી.

કૃષ્ણ નામ જબતે શ્રવણ સુન્યોરી આલી
ભૂલીરી ભવન હોં તો બાવરી ભઈરી

નામના સ્મરણ માત્રથી આવી દશા કેમ થઈ ? તેનું કારણ એમ છે કે આ ગોપીજનમાં સર્વાત્મભાવનું અધિષ્ઠાન હોવાથી, નામના શ્રવણ માત્રથી તાપાત્મક રતિ પ્રજવલીત થઈ ગઈ, રસાત્મક સ્વરૂપનો તેના હૃદયમાં પ્રાદુર્ભાવ હોવાથી ફલાત્મક કૃષ્ણ નામ શ્રવણ દ્વારા તેના મન ચિત્તમાં રસાત્મક સ્વરૂપે પ્રવેશ કર્યો, રસ સ્વરૂપે તેનામાં વિકલતા ઉત્પન્ન કરી, તેથી દેહ ગેંહનું વિસ્મરણ થઈ ગયું, નામ સ્મરણથી આવી દશા થવાનો હેતુ આ ગોપીજન સર્વાત્મભાવની અવસ્થાવાળા છે, અને સર્વાત્મભાવ તાપાત્મક હોવાથી કૃષ્ણ નામ શ્રવણથી પણ આ સ્થિતિ થઈ, તો રૂપ માધુરીના અનુભવમાં શુ શું ન થાય ?

"સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને ક્ષણમપિ ભવત સન્નિધાને કૃપાત:"આ શ્લોકમાં આપના તાપાત્મક (માધુર્યસુધા) સ્વરૂપનું વર્ણન કરેલુ છે. આ સુધા સ્વરૂપમાં માધુર્ય આસ્વાદન અને અગ્નિ ઉભય ધર્મો એકી સાથે અનુસ્યૂત (વ્યાપ્ત) રહે છે, જેમ સમુદ્રમાં વડવાનલ અગ્નિ સ્વરૂપ દાતા ભોક્તા રૂપે રહેલ છે તે અગ્નિ સ્વરૂપના દાનથીજ નિરવંધિ આનંદનો અનુભવ થઈ શકતો હોવાથી શ્રીમત્પ્રભુચરણોએ શ્રીવલ્લભાષ્ટકના પ્રથમ શ્લોકમાં-

'સન્મનુષ્યા કૃતિ અતિ કરૂણસ્થં પ્રપદ્યે હુતાશમ'

આ પંક્તિથી "હુતાશ"સ્વરૂપની શરણાગતિનો શ્રીવલ્લભના સ્વકીયજનોને બોધ કરેલો છે. તેમાં જે નિગૂઢ રહસ્ય રહેલું છે તે એ છે કે, જે સ્વરૂપમાં મન-વાણી પહોંચી શકતાં નથી, જેનો વિલાસ સર્વાજ્ઞાત છે, અચિન્ત્ય અનંત આધિદૈવિક નિત્યસિધ્ધા સ્વામિનીજીઓના વિલાસના જે ભોક્તા છે તેવા આપના મૂલ સુધા સ્વરૂપને નિજ્જનો પ્રાપ્ત કરે છે. આપના તાપાત્મક સ્વરૂપનુંજ લીલા લોકમાં સર્વોત્કૃષ્ટત્વ રહેલું છે પ્રતિક્ષણ તરૂણાનંદરૂપથી શ્રી મત્સ્વામિનીજીઓ પ્રતિક્ષણ નૂતન સ્વરૂપાનંદનો જે અતૃપ્તતાએ અનુભવ કરી રહ્યા છે. તે આપના તાપાત્મક સ્વરૂપનું તેમના હૃદયમાં સ્થાયીત્વ હોવાથી જ થાય છે આવા પ્રકારનો નિગૂઢ આશય હોવાથી નિજ્જનોને "હુતાશ"ની શરણાગતિનો શ્રી મત્પ્રભુચરણ બોધ કરી રહ્યા છે. "શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભા"

કેવલ સ્વરૂપ નિષ્ઠાનેજ શુધ્ધ કહેવાય છે. આવો કેવલ સ્વરૂપનાજ અનુભવનો જે સર્વાત્મભાવ છે, તે આપના તાપાત્મક સ્વરૂપના દાનથી જ સિધ્ધ થાય છે.

શ્રીવલ્લભ, શ્રીવલ્લભ, શ્રીવલ્લભ, દીન દ્વારે આયો
જનમ-જનમ, શોધ શોધ, ચરણ રેણુ પાયો

આ પદમાં અનેક જન્મોએ શોધતા શોધતા તાપાત્મક માધુર્ય સ્વરૂપની ચરણ-રેણુ પ્રાપ્ત કર્યાનું સૂચન શ્રીહરિરાયચરણ કરી રહ્યા છે. શ્રીવલ્લભ મધુરા કૃતિ મેરે. સદાબસોમન
યહજીવન ધન નિજ્જન સોં યુ કહત હોં ટેરે ।1।
અન્તીમ પંક્તિમાં-
મધુર ચરણ કી રેણુ નિરંતર,
જનમ જનમ માંગત "હરિદાસ"-

આ પદમાં અતિ કરૂણતાથી નિજ્જનોને ટેરીને આપ કહી રહ્યા છે કે, જનમ જનમ, આ તાપાત્મક માધુર્ય સુધા સ્વરૂપની ચરણ રેણુની જ અભિલાષા કરવી. કરૂણારસનો જેમાં સાગર હીલોળી રહ્યો છે તેવા શ્રીમત્પ્રભુચરણ, શ્રી ગોકુલેશ પ્રભુ , અને શ્રી હરિરાયચરણ પ્રભુતિ સ્વરૂપોએ નિજજનો માટે અતિશ્રમ કરીને શ્રીવલ્લભાગ્નિ સ્વરૂપનું જ્ઞાન કરાવે તેવું, અને તે સ્વરૂપનો આશ્રય સિધ્ધ કરાવે તેવું સાહિત્ય પ્રગટ કર્યું છે તેનું અવગાહન આપણે અહર્નિશ કરવું જોઈએ.

સત્સંગ સૌરભ

પ.ભ. શ્રી.....ચરણરજ કિંકર

પ્રિય મિલનની સાધનમાં એકાન્ત અને ચિતની એકાગ્રતાની અતિ આવશ્યકતા છે. આપણે સ્વયં અને આપણા પ્રિયતમ ઉભય સિવાય ત્રિજાનો આ સાધનાને પ્રવેશ થઈ શકતો જ નથી. આ સાધનાને સમજવા માટે દ્રષ્ટાંત નીચે મુજબ છે-

બે સ્નેહી મિત્ર હતા. તેમાં એક ચિત્રકાર હતા. તેમણે પોતાના પ્રિય મિત્રનું એક સમયે ચિત્ર ઉતારવું શરૂ કર્યું. ઉતારીને પોતાના મિત્રને બતાવ્યું. પરન્તુ મિત્રની પ્રસન્નતા ન જોવાઈ તેનું કારણ ચિત્તની એકાગ્રતા પૂર્વક ચિત્ર ઉતારેલું નહી હોવાથી ચિત્રમાં ચિત્રકાર મિત્રનું પ્રતિબિંબ ન દેખાયું.

હવે ચિત્રકાર મિત્રે કાળજી વધારીને ફરીને ચિત્ર ઉતારવું શરૂ કર્યું. ઉતારીને મિત્રને બતાવ્યું તેમાં પણ પૂરી પ્રસન્નતા ન દેખાણી. તેનું કારણ ચિત્રને પોતાના મિત્રને દેખાડવા આવવા પૂર્તિ સ્મૃતિ રહી. પોતાનું અસ્તીત્વ ભૂલીને મિત્રરૂપ બની ન ગયા તેથી પ્રેમની શિખર કોટિ "તન્મયતા"માં હજુ કસર છે. તેથી મિત્રે પુરી પ્રસન્નતા ન બતાવી. જેનું ચિત્ર ઉતરે છે તે મિત્ર દિવ્ય પ્રેમની સર્વોત્કૃષ્ટ સ્થિતિ કે જે પોતાને ભૂલીને પ્રિય બની જવાય છે એવી સ્થિતિએ ચિત્રકાર મિત્રને પહોંચાડવા ચાહે છે તેથી આ સ્થિતિમાં હજુ કસર હોવાથી પૂરી પ્રસન્નતા ન બતાવી.

હવે ચિત્રકારે ફરી ચિત્ર ઉતારવું શરૂ કર્યું, તેમણે વિચાર્યું કે મિત્રની પ્રસન્નતા મેળવવી એજ પ્રણય જીનનની ધન્યતા છે કારણકે ચિત્રકાર મિત્ર પણ દિવ્ય પ્રેમના સર્વોત્કૃષ્ટ (ઊંચા) સિધ્ધાંતોને જાણતા હતા તેથી તેમણે પૂરો ઉત્સાહ અને ચિત્તની સંપૂર્ણ એકાગ્રતા પૂર્વક ચિત્ર ઉતારવું શરૂ કર્યું. ચિત્રકારને પોતાના મિત્રમાં શુધ્ધ પ્રેમ તો હતોજ. આ દિવ્ય પ્રેમની સાથે સૌન્દર્યતા છુપાયેલ રહે છે તેથી તેમના મિત્રના ચિત્રને સૌન્દર્યથી સજાવી દીધુ ચિત્ર પુરૂ થતા તેના મુખને નિહાળ્યું. સૌન્દર્યના ખજાના રૂપ મિત્રના મુખ સૌન્દર્યને જોઈને તેનાં સૌન્દર્ય પાનમાં ચિત્રકાર ડૂબી ગયા. [રસિકો સૌન્દર્ય ઉપાસક સૌન્દર્ય પીપાસું હોય છે] પોતાનું અસ્તીત્વ ભૂલીને પ્રિય મિત્રરૂપ બની ગયા જેવું ચિત્ર અચલ હતું તેવી અચલતા ચિત્રકાર મિત્રની બની ગઈ. બહાર મિત્ર છે તેની સ્મૃતિ પણ ન રહી. કારણકે બહાર મિત્ર છે તેવો ખ્યાલ તો પોતે પોતાના મિત્રથી જુદા હોય ત્યારેજ રહે પરંન્તુ પોતે તો પોતાપણું ભૂલિ ગયા છે તેથી મિત્રને ચિત્ર દેખાડવાનું રહ્યું નહી આજ સમયે તેના પ્રિય મિત્રે ચિત્રકારને ગાઢ આલિંગન આપ્યું. આ "ગાઢ આલિંગન"નો અર્થ એક એકમાં સમાઈ ગયા. ચિત્રકાર મિત્રરૂપ બની ગયા.

અને મિત્ર ચિત્રકાર રૂપ બની ગયા.

ત્રીજા સમયે ચિત્રકાર જ્યારે બહાર ચિત્ર ઊતારતા હતા, તે સમયે મિત્રનું ભાવાત્મક ચિત્ર સ્વરૂપ ચિત્રકારના અન્ત:કરણમાં પણ ચિત્રાતું જતું. બહાર ચિત્ર પુરૂ થયું તેની સાથે અન્ત:કરણમાં પણ પુરૂ થયું. અન્ત:કરણ મિત્રના રૂપના આકારવાળું બની ગયું. તેથી પોતાના અસ્તીત્વને ભુલીને મિત્ર રૂપ બની ગયા.દિવ્ય પ્રેમની આ સર્વોત્કૃષ્ટ અવસ્થા છે. અથવા પ્રણય સાધનનો આ વિજય છે. આવા સર્વોત્કૃષ્ટ પ્રેમની અવસ્થાનું વર્ણન રસિક મહાનુભાવ નંદદાસજીએ "પંચમંજરી"માં કરેલું છે-

શ્યામા શ્યામ રટત શ્યામા શ્યામ ભઈ ।
શ્યામ પૂછત અપની સખીસોં શ્યામા કહાં ગઈ ।।

શ્રી સ્વામિનીજી પ્રિયતમ શ્યામના નિરતિશય સૌન્દર્ય પાનથી શ્યામ મય બની ગયા. પોતાના અસ્તીત્વને ભૂલી જવાથી અંતરંગ સખી લલિતાજીને પૂછે છે કે "શ્યામા કહાં ગઈ"આ દિવ્ય પ્રેમની સર્વોત્કૃષ્ટ-શિખર અવસ્થા છે.
આવાજ પ્રકારનું વર્ણન પ્રેમ રસની ખાંણસમા રસિક રસખાનજીએ "પ્રેમવાટીકા" નામની પોતાની કૃતિમાં કરેલું છે-

અક્થ કહાની પ્રેમકી જાનત લૈલી ખુબ ।
દો તનહુ જહાં એક મન,મન મિલાઈ મહબુબ ।।
દો મન એક હોતે સૂન્યો વૈ વહ પ્રેમ ન કહાહિ ।
હોય જબે વ્દે તનુહી ઈક સોઈ પ્રેમ સરાહિ ।।

દિવ્ય પ્રેમની અક્થ કહાનીને રસિક રસખાનજી ગાય રહ્યા છે કે લૈલા પ્રેમ તત્વને ખૂબ જાણતી હતી. તેણે મજનુ સાથે પ્યાર જોડીને મજનુના મનમાં પોતાના મનને મીલાવી દીધું બે મન એક થઈ ગયા પરન્તુ રસખાનજી કહે છે કે હજુ આ પ્રેમમા કસર છે.

હવે પ્રેમની શિખર અવસ્થાને બીજા દોહાથી જણાવે છે કે બે પ્રેમીઓના એક દેહ બની જાય, પોતે પોતાને ભૂલીને પ્રિય પાત્ર રૂપ બની જાય આવો પ્રેમ શિખર કોટિનો હોવાથી રસખાનજી તેની સરાહના કરે છે. પ્રિય ભાઈ ! ઉપરોક્ત પ્રણય સાધનની શિખર કોટિએ પહોંચવામાં ચિત્રકારની જેમ એકાન્ત અને એકાગ્રતાની અતિ-આવશ્યકતા છે. પ્રિયતમપ્રભુ અને આપણે એમ ઉભય સિવાય અન્યનો સંબંધ કે સ્મૃતિ આ પ્રેમની શિખર કક્ષાએ પહોંચવામાં ઘાતક બની જાય છે. તેથીજ એક પ્રણયી કહે છે કે-

પ્રેમી પરિચય ના કરે એક શ્યામ બિન અન્ય ।
જગમાં સુતા જાગતા પ્રભુમાં પ્રેમ અનન્ય ।।

પ્રણયની એકાંગી સાધનામાં પ્રિય પ્રભુ સિવાય અન્યનો સંબંધ કે સ્મૃતિ મૃત્યુ સમાન દુઃખદાઈ છે-તેથી ઉપરના દોહામાં પ્રિયતમ સિવાય અન્યના સંબંધનો નિષેધ કરેલો છે.

શ્રીમત્પ્રભુચરણોએ પણ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરી છે-
અહં કુરંગી દ્રગ ભંગીતાંગીકૃતોડસ્મિ યત્ ।
અન્ય સંબંધ ગંધોડપિ કં ધરામેવ બાધતે ।।

"હરણીના નેત્રો સમાન છે નેત્રો જેમના તેવા શ્રી વ્રજપ્રિયા ગોપીજનોના સંગી પ્રિયતમ પ્રભુએ જ્યારથી મારો અંગીકાર કર્યો છે, ત્યારથી અન્ય સંબંધની ગંધથી પણ મૃત્યું જેવું દુઃખ થાય છે"પ્રણય પથીકો માટે આ સૂચન શ્રીમત્પ્રભુચરણોએ કરેલું છે.

આપે પત્રમાં જણાવ્યું કે "શ્રી ઠાકુરજી ને પોતાનાથી દૂર ને દૂર કરી રહ્યા છે, અને કરશે તેવો ભય મને રહ્યા જ કરે છે. અને આજે મને લાગે છે કે હું તેમનાથી દૂર ફેકાઈ ગયો છું. આ જીવનમાં તેમને નહી પ્રાપ્ત કરૂ"આ પ્રકારે આપે પત્રમાં સૂચિત કર્યું. તેના પ્રત્યુંત્તરમાં- પ્રિયના વિયોગાનુભવમાં આવીજ સ્થિતિ બનતી હોય છે. પ્રણયના વિરહ સાગરમાં આશા-નિરાશાના તરંગો ઉઠતા જ રહેતા હોય છે. પ્રેમીનું મન પ્રિય વિયોગ સમુદ્રમાં ડૂબે છે ને બહાર આવે છે. જ્યારે ડૂબે છે ત્યારે પ્રિયથી મનની જુદાઈ નહી

હોવાથી વિયોગ વ્યથા સતાવતી નથી. પરન્તું જ્યારે બહાર આવે છે ત્યારે પ્રિયનો પ્રત્યક્ષ સંબંધ નહિ હોવાથી અને ચોતરફ વિરહાગ્નિ સમુદ્રનું સલીલ (જલ) જ દેખાતું હોવાથી આ પ્રણયીને નિરાશાનો તરંગ ઉત્પન્ન થાય છે આમ આશા નિરાશામાં તેનું પ્રણયી જીવન વ્યતીત થતું હોય છે. નિરાશા થવા છતાં પ્રિય મિલનની અમર આશા તેની હૃદય કંદરામાં છુપાયેલી હોય છે-તેથી પ્રણય સાધના બંધ પડી જતી નથી. તેથીજ કહ્યું છે કે-

"કઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે"શ્રીમત્પ્રભુચરણ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે-

આશાતૃણાવલંબેન ત્વદ્ વિયોગાબ્ધિ વારિધમ્ ।
અનુગ્રહ ગરિષ્ટોડતિ તરામિહ તરામ્યહમ્ ।।
(વિ. 1-7)

"હે ગોકુલેશ્વર ! આપના વિયોગ સમુદ્રને આપના અતિશય અનુગ્રહોથી (પ્રિય મિલન થશેજ તેવી) આશા રૂપી તૃણના અવલંબને તરી રહી છું અને તરી જઈશ"વિરહ સમુદ્રમાં નિરાશાના તરંગ-ભાવો ઉઠતા રહેતા જ હોય છે. છતાં પ્રિય મિલન માટેની અલ્પ તણખલા જેવી આશા તેના હૃદયમાં છુપાયેલી અમર આશામાંથી મળતી રહેતી જ હોય છે.

'હે પ્રિય ! હું નિશ્ચયપૂર્વક જાણુ છું કે આપનું મિલન થશે જ છતાં આપના વિયોગ વ્યથાની પુકાર બંધ પડતી નથી.'આ ભાવાર્થનો શ્લોક નીચે મુજબ-

અંબુદસ્ય સ્વભાવોડયં સમયે વારિ મુંચતિ ।
તથાપિ ચાતક ખિન્નો રટત્યેવ ન સંશય ।।
(વિ. 1-8)

ચાતક જાણે કે નવઘનનો એ સ્વભાવ છે કે સમયે સ્વાતિ જલની વર્ષા કરે જ છે. છતાં

વિયોગથી વ્યથીત થતો અને પ્રિયમિલન માટે અધીર બનતો ચાતક પિયુ પિયુની પુકાર કરતો જ રહે છે. નવઘન પ્રણય વારિ (જલ) ની વર્ષા કરવામાં વિલંબ કરે છે તેનું કારણ ચિત્રકારની જેમ પોતાના રૂપમાં ચાતકને તન્મય કરી દેવો છે. આવી ચાતકની સ્થિતિમાં કસર હોવાથી મિલનમાં વિલંબ કરે છે.

ઘનહી જીવન પ્રાણ ઘન સો પ્રીત ઘન પતિવર ।

ઘનકો સુમરણ ધ્યાન ઘન ઘન રટતે ઘન ભયે ।।

શ્રી વલ્લભનું સ્વતંત્ર પ્રમેય સ્વરૂપ

- પ.ભ.શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ

આપના પ્રતિનિધિ સ્વરૂપના વિષયમાં પૂર્વ પત્રોમાં સમાધાન થઈ ગયું છે તે મુજબનો નિશ્ચય કરવો.

આપનું સ્વતંત્ર પ્રમેય સ્વરૂપ નિજ અંતરંગ જનોમાં જ વેદ્ય છે. પુષ્ટિ પ્રવાહ અને પુષ્ટિમર્યાદાજનોને પણ અવેદ્ય છે તો અન્યની શું વાત કરવી ?

શ્રી વ્યાસસૂત્ર ભાષ્યના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે આ સ્વરૂપ પુષ્ટિની મર્યાદાથી પણ અવેદ્ય-દુર્ગેય છે. શ્રીપુરૂષોત્તમજી પ્રકાશકારે શ્રીવલ્લભાષ્ટકના પ્રથમ શ્લોકમાં આજ્ઞા કરી છે કે, જેમ સારસ્વત કલ્પમાં અવતાર સમયે મૂલ સ્વરૂપ પ્રસિધ્ધ પુરૂષોત્તમમાં ગોપ્ય હતું, તેમ આપના પ્રતિનિધિ પ્રાકટ્ય સ્વરૂપને બતાવીને મૂલ સ્વરૂપને ગોપ્ય રાખ્યું છે. આપનું અવ્યક્ત મધુરતર સ્વરૂપ નિજ અંતરંગ શ્રી દમલાજી આદિને જ અનુભવ વેદ્ય છે તેમ કહ્યું છે વળી સપ્ત શ્લોકીની ટીકાઓ જોતાં પણ ભૂવિ પ્રાકટ્ય સ્વરૂપ જ મૂલ સ્વરૂપ છે તેમ આપણને સમજી શકાય છે, તેથી તેમાં સંદેહ નહી કરવો.

મનનનું મહત્વ

અલૌકિક સામર્થ્યના લેખનને બે ચાર વખત ગંભીરતાથી અવલોકી તેનો અભિપ્રાય

પાઠવશો. શ્રવણનું મનન થવું ઉચિત છે જેમ અન્નનો આહાર જઠારગ્નિ પચાવી રસ-રક્ત તૈયાર કરી શરીરમાંશક્તિમું આદાન કરે છે, તેમ શ્રવણ, આત્માનું અન્ન છે તેનું મન નૂતન ભાવ સંપદાને પ્રકટ કરી આત્માને પુષ્ટ કરે છે. મનન જો ન થાય તો અપકવ અન્ન રસ રક્તાદિને બનાવ્યા વગરજ જેમ મળ દ્વારે અધોગત થઈ જાય છે, તેમ મનન વગરનુ શ્રવણ આત્મશક્તિપ્રદ નહી બને. આ મનન પછી તે તત્વના સાક્ષાત્કાર માટે જે આર્તતા ઉત્પન્ન થાય છે તેને વૈદિકમાં નિદિધ્યાસન કહેલ છે. આ નિદિધ્યાસનનું પર્યાય ચિંતન છે સ્વરૂપ, સ્થાન, અને લીલાસહ ચિન્તનમાં સલગ્ન રહેવાથી જેનું શ્રવણ કર્યું છે તેનો સાક્ષાત્કાર થાય છે. નિદિધ્યાસન એ અંતરંગ સાધન છે. એકજ ધ્યેય સ્વરૂપનો નિર્ણય કરીને તે ધ્યેય સ્વરૂપ, તેનું સ્થાન, અને તેની લીલા, આમ ત્રિવિધ પ્રકારના ચિંતનથી આપણું અન્ત:કરણ ધ્યેયના આકારને પ્રાપ્ત કરી "વિભુ"બને છે. એટલે કે ત્રિવિધ પ્રકારના ધ્યેય તત્વવાળુ આપણું અતઃકરણ બને છે જેમ નિર્મળ જળાશયોમાં ચન્દ્રમાં સહ આકાશનું નિર્મળ થયેલા આપણા અન્તઃકરણમા ત્રિવિધ પ્રકારના ધ્યેય તત્વનો સાક્ષાત્કાર થાય છે. આ સાક્ષાત્કારની સાધન સંપદા શ્રી વ્યાસ સૂત્ર ભાષ્યમાં નિમ્ન પ્રકારે આપેલી છે સર્વત્ર પ્રસિદ્ધીપદેશ અધિકરણ સૂત્ર 'સર્વત્ર પ્રસિધ્ધોપદેશાત્' (1-2-1) ઉપરોક્ત ભાષ્યની પંક્તિઓમાં સાક્ષાત્કારની પ્રક્રીયા બતાવી છે.

શ્રવણનો પ્રકાર –

આપનો પ્રશ્ન-ભક્તિવર્ધિનીમાં આપે આજ્ઞા કરી છે કે- "શ્રવણાદૈયતેત્ સદા"તો શ્રવણ માટે તમારો શો અભિપ્રાય છે ? પ્રત્યુતરમા લખવાનું જે, આપે આજ્ઞા કરી તે શ્રવણ ફલરૂપ છે. સ્વરૂપ નિષ્ઠા સહ શ્રવણની આજ્ઞા છે, કારણકે આપે ધર્મીમાર્ગ પ્રકટ કર્યો છે, તેના સૂચક નામો "ભક્તિમાર્ગે"સર્વમાર્ગ- વૈલક્ષણ્યાનુભૂતિ કૃત્"અને :પ્રથક્ શરણમાર્ગોપદેષ્ટા"પૃથા પુત્રને શરણના ઉપદેશ મર્યાદાવિધિનો છે. આપ પુષ્ટિ શરણના ઉપદેશક છે, તે સ્વરૂપના ઘનીષ્ટ સંબંધ યુક્ત છે. તેથી સ્વરૂપ નિષ્ઠા સહ આપણું શ્રવણ હોવું જોઈએ.

શ્રુતિઓ તે રસોવૈસઃનુ ગુણગાન કરનારી છે તે પહેલાં શબ્દ બ્રહ્મનુંજ ગુણગાન કરતી હતી. આ ગુણગાને કરીને તેનું લક્ષ સ્વરૂપમાં પહોચ્યું, અને સ્વરૂપના સાક્ષાત દર્શનની અભિલાષા સહ ગુણગાન કરવા લાગી, જેના ફલરૂપે સ્વરૂપના તેમને દર્શન થયાં, અને વરદાન પ્રાપ્ત કરી ગોપી રૂપે પ્રકટ થઈ. પછી વરદાનીક સ્વરૂપનું કલ્પપર્યંત ધ્યાન કર્યું. ત્યારે લીલાસહ પ્રભુનું પ્રાકટ્ય પછી વેણુગીત પ્રસંગે તેમને સ્વરૂપનો અનુભવ કર્યો. નાદમાં રસાત્મક ભાવાત્મક સ્વરૂપ રહેલું છે. તેનું વેણુગીતમાં ગાન કરી રહ્યા છે, પરંતુ સ્વરૂપના અનુભવ સહિતનું જે ગાન કરે છે તે કથનની પુષ્ટી-"અક્ષણ્વતાં ફલં ઈદમ્ ન પરં વિદામઃ"આ પંક્તિથી થાય છે.

"સ્વમાર્ગીય ભાવના સ્વરૂપનિર્ણય"

નામના ગ્રંથમાં શ્રીહરિરાય ચરણોએ આજ્ઞા કરી છે કે, જેને સ્વરૂપનો કંઈ અનુભવ નથી તેણે પ્રથમ યોગીવત સ્વરૂપનુ ધ્યાન કરવું. આત્મ નિવેદનીઓએ આ સ્વરૂપ ભાવના અવશ્ય કરવી તેવી આજ્ઞા કરે છે આ આજ્ઞા ગોપીજનોના કલ્પપર્યંતના ધ્યાનની સંગતી જોડી ને કરેલી છે. નિરોધ લક્ષણમાં પણ "હરિમુર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્રહિ"આપે આજ્ઞા કરી છે તો સ્વરૂપ નિષ્ઠા સહ શ્રવણ નિજ્જનોને અપેક્ષિત છે. પુષ્ટિ સૃષ્ટિ સ્વરૂપાનંદની જ થાય છે. વળી પ્રમેય બલ સ્વરૂપમાં જ રહેલું છે.

ગાયત્રી ભાષ્યમાં શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે "તસ્માદસ્મિન્પુષ્ટિ ભક્તિમાર્ગે" આદૌ સાક્ષાત્ શ્રી યશોદોત્સંગ લાલિત સ્વરૂપ ભાવનૈવ કાર્યા, તસ્યાઃ સર્વાવિદ્યાનાશકત્વાત્ અનુસંધાન માત્ર વિસ્મારકત્વાત્, ઉત્તરશૃંગાર રસાનુભવ વિધાયકત્વાત્ સ્વરૂપમેવાવિદ્યાનાશકં, તદિતરો નિખિલ પ્રપંચ મધ્યગત સોપાધિક પદાર્થે તિરોધાયકત્વાત્ તદેવ ભજનીયમિતિ, સર્વમનવદ્યં, પ્રમેયબલમેતત્"

"સર્વાવિદ્યાનાશકત્વાત્"અહી જે "સર્વ"શબ્દ છે તેનું સ્વારસ્યઃ જેમ સ્વરૂપ પ્રાપ્તિમાં અવિદ્યા બાધકરૂપ છે, તેમ ધર્મીસ્વરૂપને ભૂલાવી દેનારી વિદ્યા પણ બાધક રૂપ છે. સ્વરૂપને પ્રાપ્ત કરાવનારી વિદ્યાનું નિરૂપણ પંચપર્વાત્મીકા પ્રકારે વણુગીતમાં કરેલું છે.

તે વિદ્યા નિત્યલીલા સ્વરૂપના સંબંધવાળી અને નિત્યલીલા સ્વરૂપમાં સ્થિતિ પ્રાપ્ત કરાવનારી છે. ગાયત્રી ભાષ્યની ઉપરોક્ત પંક્તિમાં શ્રીગોકુલેશ પ્રભુએ સિધ્ધાંતને વલોવીને તૈયાર નવનીત નિજ્જનો સમક્ષ રાખેલું છે, પરંતુ મારી જેવા કૃતધ્નીને મહત સ્વરૂપના શ્રમની કંઈ કદર થતી નથી !

"અક્ષણ્વતાં ફલ ઈદ"કહેનારા-શ્રી વ્રજરત્નાઓ પ્રભુના આત્મા સુધીની ગતિને જાણનારા છે. કારણકે દુર્લભ એવી 'સર્વાભોગ્યા સુધા'નુ તેમને દાન થયુ છે. વળી મુખ્ય શ્રી સ્વામિનીભાવને પૂર્ણ પણે પ્રાપ્ત કર્યા પછી "મુખ શશી કોટી વીકટ ગઢ ગાઢે, મન નહી કરત પ્રવેશ-"તેવા વિકટ ગઢમાં પણ તેમને પ્રવેશ છે. પરંતુ આ મહાન અભ્યુદ્ય શ્રી વ્રજરત્નાઓએ કેવી રીતે મેળવ્યો તે વિષય વિચારણીય છે.

ગોપીનાં પરમાનન્દ આસીદ્ ગોવિંદ દર્શને,
ક્ષણં યુગશતમિવ યાસાં યેન વિના ભવત્
(સુ.10-16-16)

અને –જનાસ્તાપં જહુગોપ્યો ન કૃષ્ણહૃત ચેતસઃ (10-17-45)

મારી જેવાં વંચક અને સિદ્ધાંતની ગડમથલમાં રાચનારાને આ તાપક્લેશાનંદના મહાન અભ્યુદ્યની સંભાવના ક્યાંથી ?

"શ્રવણાદૌયતેત્સદા"તે વાક્યની સિમિતતા વ્યસનભાવ સુધી છે. વ્યસનભાવમાં શ્રવણ છુટી જાય છે. કારણકે સ્વરૂપ વિયોગ વ્યથા અસહ્ય છે તેમાં સ્વરૂપ જ અવલંબન રૂપ છે, જહાજના પક્ષી જેવી મનની સ્થિતિ થઈ જાય છે, તેથી વારંવાર સ્વરૂપ ધ્યાનથી સ્વરૂપનુંજ તે સમયે અવલંબન બને છે. વળી 'બીજભવે દ્રઢે તુ સ્યાત્ ત્યાગાચ્છ્રવણકીર્તનાત્"અહી ત્યાગનું પણ વિધાન છે. "ત્યાગ"અને "શ્રવણ-કિર્તન"એમ બે પક્ષ રહેલા છે. સાધન દશામાં શ્રવણ કિર્તન ભાવ બીજને દ્રઢ કરી વ્યસન અવસ્થા સિધ્ધ કરે; પ્રશ્ચાત્ ત્યાગ છેઃ

પુષ્ટિફલનું સ્વરૂપ અને પ્રાપ્તીની વિચારણા

- પ.ભ.શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ

"હે પથીક ! ચલદે અપને વતનમેં ।।"સુ.3-32-27માં શ્રીવલ્લભ આપ આજ્ઞા કરે છે કે "અતઃ સર્વ શાસ્ત્રાણાં ફલં વૈરાગ્યમ્"પુષ્ટિમાર્ગીય રસાત્મક સાહિત્ય ગદ્યપદ્યના અવલોકનનું ફલ વૈરાગ્ય પ્રાપ્તિ છે, કેવલ સ્વરૂપ સિવાય સર્વમાં અલ્પતા (તુચ્છતા) ની પ્રતીતિ થઈ જાય છે નિમિત્તે લીલામાં પણ પ્રાકૃતાંશની પ્રતીતિ થવાથી પ્રાપ્તિનું ધ્યેય દ્રઢ બને છે.

એક પદમાં પણ કહેલું છે કે, "બિન વૈરાગ્ય નહી પાઈ એ, ગિરધરકો અનુરાગ."નિત્યલીલા સ્વરૂપના માહાત્મ્યને ગદ્ય-પદ્ય સાહિત્યથી જાણી લીધા પછી આ વૈરાગ્ય પ્રાપ્ત થવાથી હરિના વિરહનો સર્વત્ર અનુભવ થાય છે. જ્ઞાનીનું આ લક્ષણ શી.18માં શ્રી હરિરાયચરણોએ જતાવેલું છે. ગદ્ય-પદ્ય સાહિત્ય અવલોકનથી જો સર્વત્ર વૈરાગ્ય (રાગનો અભાવ) અને પ્રિયતમનો વિરહ ઉત્પન્ન ન થયો તો તે સાહિત્ય અવલોકનનું શું ફલ ? સ્વરૂપના સાક્ષાત્કાર વિના પુષ્ટિ જીવનની કઈ સાર્થકતા ?

પ્રિય સંગમ રાહિત્યાદ્,
વ્યર્થ સર્વે મનોરથાઃ
નિરપત્રપતા સિદ્ધયૈ,
જીવામિ સખી સાંપ્રતમ્ ।।
-વિજ્ઞપ્તિ 3-8
સુભગા એવ જાનંતિ પ્રિય સૌભાગ્યજં સુખમ્ ।
તદ્ હિનાયા-સ્તદીયેતિ પ્રસિદ્ધી શરણં સખિ ।।
- વિજ્ઞપ્તિ 3-7

પ્રણયમાર્ગીયને પ્રિયના સાક્ષાત સંબંધ વગરનું જીવન પ્રચૂર વ્યથાને ઉત્પન્ન કરનારૂં જો ન હોય તો પ્રણયમાર્ગમાં પ્રવેશ અને પ્રણયમાર્ગનો પરિચય-આ સર્વનું શું ફલ ?

રસાત્મક સાહિત્યના અવલોકનમાં અગ્નિમાં ઘૃતની આહુતિ દેતા જેમ અગ્નિ પ્રજવલીત બને છે, તેવો તાપક્લેશ પ્રિયના સાક્ષાત સંબંધ માટેનો, સાહિત્ય અવલોકનથી જો ન થાય તો તેનું શું ફલ ? પ્રિયનો સાક્ષાત સંબંધ નથી અને તેના લીલા ચરિત્ર અને ગુણગાનમાં આનંદ માની લેવો, અને સાક્ષાત સંબંધ માટેનો પરિતાપ ઉત્પન્ન નહી થવો, તેને અગ્નિમાં જલ નાખવા જેવું કેમ ન માનવું ?

"શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલું- આ પંક્તિમાં "સહેલું"થવામાં જે રહસ્ય છે તે આપના તાપાત્મક સ્વરૂપના દાનથી છે. "સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને ક્ષણમપિ ભવતઃ સન્નિધાને કૃપાતઃ પ્રાણ પ્રેષ્ઠ વ્રજાધીશ્વર વદનદિક્ષાર્તિ તાપો જનેષુ"આ શ્લોકમાં આપની ક્ષણની સાનિધ્યતા પ્રિયતમના સાક્ષાત દર્શનની પ્રચૂર વેદના ઉત્પન્ન કરી દેનારી છે તેમ શ્રીગુસાંઈજી શ્રીવલ્લભાષ્ટકમાં આજ્ઞા કરે છે આપણને આવું સાનિધ્ય જો ન મળ્યું તો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરીને આજ પર્યંતની જે જે કૃતિઓ કરી તેનું શું ફલ ?

જે અબુધ છે, પ્રમેયમાર્ગના રહસ્યને જે જાણતા નથી, તેની વાત જુદી છે. પરન્તુ પ્રભુકૃપાથી આ રહસ્યને જાણી લીધા પછી પ્રમેયને સાધ્ય ન કર્યું તો તે જાણવાનું શું ફલ ?

"પ્રેમાપિ હરિણા કૃતમ્"શ્રી વ્રજરત્નાઓને પ્રેમનું દાન પ્રભુએ જ બાલલીલાથી કર્યું. પરન્તું પ્રભુ પ્રાગટ્ય પહેલાં ગોપીજનોએ કલ્પ પર્યંત સ્વરૂપનું જે ધ્યાન છે તે ધ્યાનરૂપી સાધન (સ્વકૃતિ) પ્રભુના પ્રાગટ્ય થયું તે સ્નેહ સ્વરૂપનું જ વ્રજભક્તોના હૃદયમાં થયું છે. કારણકે જો હૃદયમાં સ્નેહ સ્વરૂપ ન હોય તો બહાર પ્રગટ સ્વરૂપમાં સ્નેહ થવો સંભવે નહીં. માટે પ્રાગટ્ય પહેલાં સ્વરૂપ ધ્યાન રૂપી જે સાધન ગોપાંગનાઓએ કરેલું છે તે સાધનમાં સ્વરૂપ ધ્યાનજ હોવાથી પોતાની સ્નેહ સ્વરૂપના પ્રાગટ્યમાં ધ્યાન દ્વારા પ્રભુ પોતે જ સાધનરૂપ થયા છે. તેથી "પ્રેમાપિ હરિણાકૃતમ્"એમ કહ્યું છે. તે ધ્યાનરૂપી સાધન કૃતિરૂપે સંગત થઈ શકે છે. આથી જીવ કૃતિથી પ્રભુ સ્વરૂપ પ્રાપ્ત થવું શક્ય નથી એમ કહેવું ઉપરોક્ત કથનમાં યુક્ત નથી.

જેને શ્રી વિઠ્ઠલનાથ વિચારે રે.
તને પ્રગટ પદારથ ચારે રે ।।
ઉપરાંત ભજન ફલ આપે રે,
વ્રજમંડલ સ્થિર કરી સ્થાપે રે ।।

શ્રી મત્પ્રભુચરણનું સર્વાત્મભાવરૂપા શ્રી સ્વામિનીજી સ્વરૂપની કૃપાથી અથવા આપના આ સ્વામિની ભાવાત્મક સ્વરૂપના પ્રવેશથી ભજનાનંદનો અનુભવ થાય છે. આ કથનની સંગતીમાં "શ્રીવિઠ્ઠલેશ્વર ચિન્તન"ગ્રંથના શ્લોક 11-12-16નું અવલોકન કરવુ) જેમ અગ્નિકુમારિકાજીને કાત્યાયની પ્રવેશથી ભજનાનંદનો અનુભવ થયો, તેમ શ્રીવિઠ્ઠલનાથજીની કૃપાથી અનુભવાય છે, પરન્તુ અગ્નિકુમારિકાજીએ તે ફલ સાધના કરીને મેળવેલું છે, તેમ અસ્મદાદિએ પણ કર્તવ્ય પરાયણ રહેવું યોગ્ય છે.

ચાતક પક્ષી જાણે છે કે, સમય થયે નવઘન કૃપામૃતની વર્ષા કરશે જ, છતાં તે પ્રણય વેદનાભરી રટના છોડતો નથી, સમયની રહિ સ્વસ્થતાનો અનુભવ કરતો નથી. તેનું કારણ ચાતક પ્રણયમાર્ગીય છે. પ્રણયમાર્ગ નિશ્ચિંતતાનો નથી એમ ચાતક સૂચના કરી રહેલ છે.

શ્રી વલ્લભ વરકો મારગ બાંકો,
તામેં ચલે રસિક વિરહી જન,
બિચમેં કઠીન પ્રેમકો નાકો ।।1।।
ક્ષણ ક્ષણ પ્રાણ અકોર દેત હે,
તોઉ નહી સંતોષ હિયા કો ।
'રસિકદાસ'શ્રી વલ્લભવર હે,
ફલરૂપ વિરહ જીનહિકો ।।2।।

અપરિચ્છિન્ન સત્તાના અધિષ્ઠાનમાં અનુભવાતું સ્વરૂપ, ઉપરોક્ત પદાનુસાર વિકળ

અવસ્થાવાળા રસિક, વિરહી જનને પ્રાપ્ત થાય છે.

"ભવ રોગને મટાડનાર હરિ નામ રસાયણનું પથ્ય"

પ્રેષક – **પ. ભ. મધુ**

હરિનું નામ રસાયણ સેવે, પણ જો પથ્ય પળાય નહિ ।
જો તેનું ફળ લેશ ન પામે, ભવરોગ કદી જાય નહિ ।।1।।
પહેલું પથ્ય અસત્ય ન વદવું, નિંદા કોઈની થાય નહિ ।
નિજ વખાણ કરવાં નહિ સુણવા, વ્યસન કશુંયે કરાય નહિ ।।2।।
જીવ સકલ આત્માસમ જાણી, દિલ કોઈનું દુભવાય નહિ ।
પરધન પત્થર સમાન ગણીને, મન અભિલાષ ધરાય નહિ ।।3।।
દંભ દર્પના દુર્ગુણોથી, અંતર અભડાવાય નહિ ।
પરનારી માતા સમ લેખી, કદિ કુદ્રષ્ટિ થાય નહિ ।।4।।
હું હરિનો હરિ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહિ ।
જે હરિ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ ।।5।।
શક્તિ છતાં પરમાસ્થ કરતાં, પાછા પગલાં ભરાય નહિ ।
સ્વાર્થ તણા પણ કામ વિષે, કદિ અધર્મ આચરાય નહિ ।।6।।
કર્યું, કરૂં છૂં, ભજન આટલું, જ્યાં ત્યાં વાત કરાય નહિ ।
હું મોટો મુજને સૌ પૂજે, એ અભિમાન ધરાય નહિ ।।7।।
હરિનામ અતુલિત મહિમાને, વ્યર્થ વખાણ મનાય નહિ ।
કપટ, દગા, છલ, પ્રપંચ, માયા, અંત સુધી અદરાય નહિ ।।8।।
દિન જન સેવા તે પ્રભુ સેવા, એહ સમજ વિસરાય નહિ ।
ઉંચ નીચનો ભેદ પ્રભુના, મારગડામાં થાય નહિ ।।9।।
નામ-રસાયણ સેવે સમજી, કષ્ય કદીયે થાય નહિ ।
એ પથ્યોનું પાલન કરતાં, મરતાં સુધી ડરાય નહિ ।।10।।
પથ્ય-રસાયણ બન્ને સેવે. માયામાં લલચાય નહિ ।

તો "હરિદાસ" તણા સ્વામીને મળતાં વાર જરાય નહિ ।।11।।

સંત પુરૂષોએ શ્રી હરિનામના દિવ્ય રસાયણનું સેવન કરી પોતાના ભવરોગને દૂર કર્યો. પરંતુ તેટલાથી તેમને સંતોષ થતો નથી, કારણકે સંત તેનું જ નામ કહેવાય કે પર પીડાથી દુઃખી હોય. અહીં પર પીડાનો અર્થ સાંસારિક તૃષ્ણાથી દુઃખી જીવના દુઃખ દૂર કરવા તેવો થતો નથી, પરંતુ ભવ સાગરમાં અટવાતા દૈવી જીવોને શ્રી હરિની કૃપા થાય તેજ છે.

અહંકાર દૈવીજીવનો જાલીમ શત્રુ

લે. મધુકર

અહંકારથી થતાં ભગવદ્ સંબંધી સત્કર્મો (સેવા- સ્મરણાદિ)નો અંગીકાર પ્રભુ કરતા નથી અને પ્રભુ અપ્રસન્ન રહે છે, તે અહંકારી જીવને સમજાતું નથી. ચોરાશી બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓમાંથી અમારે શિક્ષા લેવાની છે કે ગોવિંદદાસ ભલ્લા શ્રીગિરિરાજજીમાં શ્રીજીની સેવા કરતા. નિત્ય શ્રીયમુનાજીની ગાગર ભરવા શ્રીગિરિરાજજીથી મથુરા જતા આવતા. આવી કઠીન શ્રમવાળી સેવા કરતાં પણ આ સેવાનું તેમનામાં અભિમાન રહેતું કે બીજા સેવકો મારી જેવી કઠીન સેવા કરી શકતા નથી.

આવા અહંકારથી શ્રીજી અપ્રસન્ન રહેતા તેથી શ્રીમહાપ્રભુજી પરિક્રમામાં બિરાજતા હતા ત્યાં શ્રીજીએ જતાવ્યું કે "તમારો સેવક મોકું ખીજાવે હૈ."શ્રીજીની આજ્ઞા થતાં શ્રીમહાપ્રભુજી જતિપુરા પધાર્યા અને બધા સેવકોની પૂછપરછ કરી અને છેવટે ગોવિંદદાસજીને શ્રીજીની સેવામાંથી દુર કર્યા. આવા અહંકારથી ગોવિંદદાસજીની શ્રીજીની સેવા છુટી અને મથુરા કેશવરાયજીની સેવામાં જોડાયા. પુષ્ટિમાથી દુર થયાં, મર્યાદામાં જવું પડ્યું. ત્યાં પણ હાકીમના માણસોથી ઘાત થયો. આ બધું તેમની વાર્તાથી જાણી શકાય છે. "અહંકાર દૈવી જીવનો ભયંકર શત્રુ છે. દૈવી જીવને જનમ મરણના ફેરામાં પટકી દેનાર અહંકાર જ છે. જ્યારે ભગવદ્ સંબંધી અહંકાર પણ જીવનું

પતન કરે છે તો લૌકિક દેહના સંબંધનો અહંકાર ચોરાશી લાખના ફેરામાં (જનમ્-મરણમાં) પટકી દે તેમાં તો કહેવું જ શું ?

અહંકારની જડતાના કારણે સંસારરૂપી વૃક્ષ અનેક શાખા રૂપે (સગાસંબંધી પરિવાર રૂપે) ફેલાયેલ છે. આ વૃક્ષ ઉપર માયાઓ મમતાની અમરવેલ બીછાવી દીધી હોવાથી તેમાં ઉરઝાય ગયેલો જીવ મરણપર્યંત બહાર નીકળી તેના નિત્ય સખા પ્રભુ પાસે જઈ શકતો નથી.

સત્કર્મોનું અભિમાન જીવમાં મદ ઉત્પન્ન કરે છે. મદ જીવને બેહોશ બનાવે છે. જેમ મદિરા પીધેલો બેહોશ બને છે ત્યારે શું કરૂં છું, ક્યાં જાઉં છું તેનું પણ ભાન ભૂલે છે. દૈવીજીવ આવા મદથી જ્યારે ભાન ભૂલે ત્યારે પ્રભુ પ્રાપ્તિના માર્ગ ચઢી જાય છે. આ પતનનો માર્ગ છે. અનેક જન્મોથી પાછળ પડેલા અહંકારની જડ કાઢી નાખવા માટે મહા કારૂણિક શ્રીમહાપ્રભુએ દૈવીજીવ ઉપર પરમકરૂણા કરી અષ્ટાક્ષર મહામંત્રનું દાન કર્યું છે. આ મંત્રમું સતત સ્મરણ કરતાં રહેવાથી અહંકાર નિવૃત થતાં પુષ્ટિ પ્રભુ સાથે દૈવીજીવનો ફરીને નિત્ય સંબંધ જોડાય છે અને દૈવીજીવ અલૌકિક સુખનો અનુભવ કરે છે. અને પ્રભુ સાથે નિત્ય સંબંધ જોડી દૈવીજીવ ભગવદ્ ધામમાં પહોંચી જવાનો અધિકારી બને છે.

શ્રીમદાચાર્યચરણની આજ્ઞાનુસાર સતત સ્મરણ કરતાં રહેવાથી અષ્ટાક્ષર જ સર્વ સિદ્ધ કરશે. અષ્ટાક્ષરના સતત સ્મરણ કરનારને કોઈના સંગની પણ જરૂર રહેતી નથી. કારણકે જેની જેવી આવશ્યકતા હોય તે સર્વ અષ્ટાક્ષર સિદ્ધ કરે છે. કારણકે શરણની મર્યાદા એવી છે. ઉપર પ્રમાણે અષ્ટાક્ષરનું અદભૂત ઐશ્વર્ય હોવા છતાં અસમર્પિત લેનારમાં આસુરી ભાવો ઉત્પન્ન થવાનો ભય રહે છે માટે આપણે સૌએ અસમર્પિતનો ત્યાગ કરવો ખૂબ જ આવશ્યક છે.

"સત્સંગ"

લે. **કિંકર**

સત્સંગનો મહિમાં બતાવતાં પ્રભુ પોતે એકાદશ સ્કંધના હારમા અધ્યાયમાં ઉદ્ધવજી ને કહે છે કે –

ન રોધપતિ માં યોગો ન સાંખ્યં, ધર્મ ઉદ્ધવ
ન સ્વાધ્યાયસ્તપસ્ત્યાગો નેષ્ટા પૂર્તંન દક્ષિણા
વ્રતાની યજ્ઞચ્છદાંસિ તીર્યાનિ નિયમાયમા
યથાવરુંધ સત્સંગઃ સર્વ સંગાપહોહિમામ્

અર્થ – "યોગ, સાખ્ય, ધર્મ, કર્મ, સ્વાધ્યાય, તપ અને ત્યાગ અથવા વાવ, કુવા, ધર્મશાળા અથવા આરોગ્યભવનો બંધાવવા, અથવા મોટી મોટી દક્ષિણાઓ આપવી, વ્રત કરવાં, છંદો ગાવા તીર્થોમા ફરવું, તેમજ નિયમો અને યમો પાળવા એ બધું ઠીક છે, પણ અનેક દોષો અથવા અનેક પ્રાકરની આસક્તિઓનો નાશ કરનાર સત્સંગથી જેવો હું વશ થાઉં છું એવો હું કોઈથી વશ થતો નથી"(શ્લોક-1-2)

આ ઉપરથી નક્કી થાય છે કે પ્રભુ પ્રાપ્તિનું મુખ્ય સાધન સત્સંગજ છે. અને પ્રભુ પોતેજ શ્રીમદ ભાગવતના એકાદશ સ્કંધમાં આજ્ઞા કરે છે કે "હે ઉધ્ધવ !"સત્સંગ દ્વારા પ્રાપ્ત થતા ભક્તિયોગ વીના સંસાર તરવાનો બીજો કોઈ ઉપાય નથી. કારણકે હું સંતપુરૂષોનો મહાન આશ્રય છું. એટલે મને પામવામાં સત્સંગ અંતરંગ સાધન છે"દયારામભાઈ પણ ભક્તિપોષણમાં કહે છે કે –

"સંત્સંગ સર્વનો સાર છે, તેનો મૂઢ ન જાણે મર્મ.
અદીપ દીપ મળ્યો થયો દીપ, સમતા મળી વણ શ્રમ.
શ્રમ વિના શ્રીનાથ મિલાવે કલ્પનું કામ તો પલકે સરાવે,
જ્યમ નીચ નીર મળનાં ગંગેગંગ, એમ સમોવડ દે સત્સંગ

સત્ પુરૂષોનો સગ સર્વ વસ્તુના સારરૂપ રહેલો છે. કલ્પ જેટલા લાંબા ગાળે જે કાર્ય

સરવાનું હોય તે સત્સંગથી પલક વારમાં પાર પડે છે. નીચ પુરૂષ પણ સત્ પુરૂષોનો સગ (સત્સંગ) કરે તો તે પણ સત્ પુરૂષ બની જાય છે.

સત્સંગ સુખની આગળ સ્વર્ગ અને મોક્ષ પર્યંતના સુખો પણ તુચ્છ છે

કંઈ ન સમજીએ તો પણ સત્સંગના બારણે પડ્યા રહીએ પડતા આખડતા પણ ત્યાં હાજર રહીએ સત્સંગના સ્વામી ભગવાન પોતેજ છે. રાજાને બારણે કોઈ નિર્ધન હંમેશા સલામ ભરવા જતો હોય તો કંઈ દિવસ રાજા રીઝે છે અને નિર્ધનને ધનવાન બનાવી દે છે. તો પ્રભુ તો રાજાઓના પણ રાજા છે વળી પ્રભુ એટલા બધા દયાળુ છે કે- "અપિ ચેત્સુ દુરાચારો ભક્તે મામ અનન્ય માકે" "ગમે તેવો દુરાચારી પણ જો મને અનન્ય ભાવથી ભજે તો હું તેનો ઉધ્ધાર કરૂં છું" માટે આત્મ ઉન્નતી કરવી હોય તો સત્સંગ કરવો જોઈએ.

"હે ઘડી જીવ્યા"નો બસો બાવન વૈષ્ણવોની વાર્તાનો પ્રસંગ તેમજ ચોરાશી વૈષ્ણવના વાર્તા પ્રસંગો સત્સંગનું મહાત્મ્ય સારી, રીતે બતાવે છે શ્રી હરિરાયજીની સર્વ સિદ્ધાંતનાસારરૂપ આજ્ઞા મુજબ ભક્તિ ભાર્ગમાં ભાવ મુખ્ય છે. પુષ્ટિભક્તિ માર્ગતો કેવળ ભાવનાનો જ માર્ગ છે. ભાવે પરાધીન બને હરિ પ્રભુને મેળવવા માટે ભાવ મુખ્ય છે. તે ભાવ કેવી રીતે થાય, તે માટે શ્રી હરિરાયજી જીવ ઉપર કૃપા કરી શકે છે કે સત્સંગ વિના ભાવ કદાપી પ્રાપ્ત થઈ શકશે નહિ. વસ્તુતઃ સત્સંગજ મુખ્ય છે. સત્સંગ વીના ભાવ નહિ, ભાવ વિના ભક્તિ નહિ, અને ભક્તિ વીના ભગવાન નહિ.

કૃષ્ણ-નામ મહિમા

- પથિક

પાપ તાપ ટારે, ભય સંકટ નિવારે,
શોચ ઉદાસી મિટાવે, મન રહે સુખ ધામમેં ।।
કામ,ક્રોધ, લોભ, મોહ, મદ મત્સર દુર કરે,
અવિદ્યા સમાવે, મન રહે ઘનશ્યામમેં ।।1।।

અનાયાસ સબે સુખ, અશુભાદિ દુર કરે,
જગત જસ કૃષ્ણ દરસ, વસે કૃષ્ણ ધામમેં ।।
ઈત્યાદિ ફલ અનેક દેતહે, સ્વયં સદ્.,
"દયારામ"એસો બલ એક કૃષ્ણ નામમેં ।।2।।

પ્રભુથી વિમુખ રહેતા જીવનું મન આસુર ભાવના આવેશવાળુ બનવાથી અનેક દોષો ઉત્પન્ન થાય છે. આ દોષો પાપરૂપ છે. પાપ કર્મથી જીવને દુઃખ આવે છે. ભય ઉત્પન્ન થાય છે. તેના મનમાં ચેન રહેતું નથી એટલે શોકમાં ડૂબેલો રહે છે. જીવન ઉદાશીન બની જાય છે. આવા બધા તન મનના સંકટોને કૃષ્ણનામ દૂર કરે ત્યારે તેનું મન સેવા સ્મરણના દિવ્ય સુખ ધામમાં રહી દિવ્ય સુખનો અનુભવ કરે છે.

ભગવાનથી વિમુખ થવાથી કાળ માયાના પંજામાં જીવ સપડાય છે, ત્યારે તેના હૃદયમાં માયા પેસવાથી માયા દુઃખ દેનારા ગુણોને પ્રગટ કરે છે. તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ મત્સર(ઈર્ષા) છે. આ માયાના ગુણોથી જીવને શાંતિ મળતી નથી. કામ માંથી અનેક પ્રકારની વિષય વાસના જન્મે છે. વાસના જીવને ગુલામ જેવો બનાવી દે છે. કામમાંથી જ લોભ-મોહ, મદ, ઈર્ષા માયાના ગુણો પ્રગટ થાય છે. આવી દુઃખ દેનારી માયાના ગુણોને કૃષ્ણ નામ એવી રીતે દૂર કરી દે છે તે જેમ સૂર્ય ઉગતાંજ અંધકાર દૂર થઈ જાય છે. અથવા બીજુ દ્રષ્ટાંત સૂર્ય ઉગતા જ ઝાકળના બિન્દુઓનું શોષણ થઈ જાય છે તેમ દુઃખ દેનારા માયાના ગુણોનું કૃષ્ણ નામ શોષણ કરી લે છે ત્યારે દૈવી જીવનું મન પ્રભુમાં લાગે છે. કૃષ્ણ નામના સ્મરણથીજ અનાયસે જ કાળ માયાના કેદખાનામાંથી જીવ છૂટો થઈ જાય છે. પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. આવા જીવનો જગતમાં યશ વધે છે. કારણકે પ્રભુ હૃદયમાં પ્રગટ થવાથી પ્રભુના દિવ્ય ગુણો દૈવીજીવમાં પ્રવેશ કરે છે. પ્રભુમાં અનંત દિવ્ય ગુણો છે તેમાંથી એક ગુણ પણ જે જીવમાં પ્રવેશ કરે તે જગતમાં પૂજનીય બની જાય છે. પ્રભુના ગુણોનો આવો પ્રભાવ છે. પ્રભુ જ્યારે પોતાના નામ સ્મરણ કરનાર જીવના હૃદયમાં પધારે છે ત્યારે તે જીવ કાળ માયાના બંધનમાંથી છુટો થઈ જાય છે. હવે તેને તેના દેહ સાથે અને જગત સાથે

સંબંધો રહેતા નથી. આવો દૈવી જીવ પ્રભુના ધામમાંથી ભૂલો પડેલો અનેક જન્મ મરણની યાતના ભોગવીને પોતાના અજર-અમર દિવ્ય દેહથી અખંડ દિવ્ય સુખને ભોગવવા પ્રભુના ધામમાં પ્રવેશ કરે છે.

દયારામભાઈએ આ પદમાં કૃષ્ણ નામનો અદભૂત મહિમા બતાવ્યો છે. ભગવદીયો બહુજ દયાળુ હોય છે ભગવાનના સંબંધ વગરના સંસાર રૂપી કેદખાનામાંથી જીવને છોડાવે છે, અને વાસના જીવને ગુલામ બનાવે છે. આવી ગુલામીમાંથી પણ ભગવદીય વૈષ્ણવો જીવને મુક્ત હોય તેવા ભગવદીયોજ દૈવી જીવને માયાના કેદખાનામાંથી છોડાવી શકે છે. દયારામભાઈ બાલબ્રહ્મચારી હતા. સંસાર બંધનમાં નાખનારી માયાને પાસે ફરકવા ન દીધી. ગોપીજનના વલ્લભ (શ્રીઠાકોરજી)ની સાથે લગ્ન કરી પ્રભુમય જીવન ગાળ્યું. આવા દયાળુ ભગવદીયો જ લીલાધામમાંથી ભૂલા પડી સંસાર કેદખાનામાં સપડાયેલા દૈવીજીવને છોડાવી શકે છે. આ કથનનું દ્રષ્ટાંત બસો બાવનમાં રાજનગરના શેઠ કે જે સંસારની વાસનાનાં રચ્યાપચ્યા રહેતા હોવાથી પછીના જન્મોમા શ્વાન-સર્પ અને ગટરનો કીડો બનેલાં. તે કીડાને વિરક્ત વૈષ્ણવે ઉઠાવી ગોકુલ શ્રીગુસાંઈજી પાસે લઈ ગયા. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે એ જીવ શ્રીયમુનાજીની કુંજનો છે, તેને શ્રીયમુનાજીમાં પ્રવાહીત કરો. લીલા ધામમાંથી ભૂલો પડેલો સંસારનો કેદી-વાસનાનો ગુલામ આવા જીવનો ઉદ્ધાર કરવા ભૂતલમાં ગુરૂદેવ અને દયાળુ ભગવદીયો શ્રમ લઈ રહ્યાં છે.

શુદ્ધ પુષ્ટિ ભક્તિનું સ્વરૂપ

(શ્રી ગોકુલેશપ્રભુ કે વચનામૃત મેંસું ઉદધૃત)

લે – મધુ, પ્રેષક – પ. ભ. રમણભાઈ, પાર્લા

જો શુદ્ધ પુષ્ટિ નહી હે વહ સબનકી ગીનતી મર્યાદામેં હે, સ્વતંત્ર ભક્તિમાર્ગ ભીન્ન હે જીનકે અનન્યતાહી પ્રાણ હે, પુષ્ટિ મર્યાદા જીવકો કપટસોંહુ કર્મ કરનો મનમેં આવે. પરિશુદ્ધ પુષ્ટિ સૃષ્ટિ કપટસો કર્મ કરવેમે ગ્લાની ઓર લજ્જા માને હે, તાસું

શુદ્ધ સ્વરૂપાનંદકે અધિકારીકોં કપટસું ભી કર્મ કરવેકે વિષે કેસે ઈચ્છા હોય ? એસી સૃષ્ટિપે કર્મ કરાયવેકો ઓર કરવેકો આગ્રહ કર્યોં રાખીયે ! કેવલ સ્વરૂપાસક્ત ભક્ત ન્યારે હે, પરી જાકો મન પુષ્ટિમાર્ગીય ભજનમેં ન લગે તાકો ક્ષુદ્ર દેવતાનકો ભજન છોડાવેકી આજ્ઞા શ્રીમહાપ્રભુજીને નિબંધમેં કરી હે (શ્રીરંગસ્વામી પંઢરપુર, વ્યંકટેશ્વર ઓર જગન્નાથ) શ્રીમહાપ્રભુજીકો શુદ્ધ પુષ્ટિમાર્ગ પ્રકટ કરવેકો આગ્રહ કછુહું આગ્રહ નહી હે સો ભાગ દીય કો તો શુદ્ધ પુષ્ટિ માર્ગ વિષે પ્રીતિ પૂર્વક શ્રધ્ધા ચાહીયે

જેસો પ્રભુકો સ્વરૂપ હે તેસેહી ઉનકી સૃષ્ટિ હે, કાલમાત્ર મર્યાદા હે, પરંતુ લીલા મધ્યપાતિ દૈવી જીવ તો સર્વ મર્યાદા મહી હે. યદી વિપ્રયોગી ભક્તનકોં પ્રભુનકે સાક્ષાત સ્વરૂપકો સંબંધ નહી હે. સો કહા વે ભક્ત સ્વરૂપકી અપ્રાપ્તિ કે સમયમેં અન્ય ધર્મકે વિષે અનુસરેંગે ? અન્ય વચનકો સંબંધ શુદ્ધ પુષ્ટિ ભક્ત કેંસે માનેગે ? યા કરેગે ? અપને પતિકે વીના નેત્રનસું ઓર કછુ ન દેખે યે પતિવૃતા કે ધર્મ હે શ્રીગણેશકે અનન્ય રસાત્મક ભાવ વારે ભક્તકો કાપટયસુંભી કર્મ કરનો નહી રૂચે હે તાકો કારણ સ્વરૂપકે વિષે શુધ્ધ અનન્યતાકો ભાવ સ્થિર હે.

તહાં કોઈ શંકા કરે જો આસક્તિ વ્યસન દશાતો હે નહી તો ફેરી કર્મ ત્યાગકો આગ્રહ કર્યો કરત હો ! તહા સમાધાનઃ શુદ્ધ પુષ્ટિ મેં જાકો વરણ હે તીનકો સાધન દશામેંભી એક સ્વરૂપકે વિષેહી દ્રઢતા ચહીએ જબ સ્વરૂપમેં દ્રઢતા ભઈ તબ આસક્તિ વ્યશન હું હોય જાયગો અન્યાશ્રય ત્યાગમેં યેહી પહેલો સાધન હે. અરૂ જબ વ્યસન લગની આશક્તિ ભઈ, તબતો સર્વદા સ્વરૂપ નેત્રનમેંહી રહત હે સ્વરૂપ યાકે પાછે પાછે ફીરતહે યહ યાહે બેઠે, ઉઠે, કછુ બાધક હોય નાંહી એક પ્રિયતમ બીના ઉનકું સહજહી સબ વિષ રૂપ લગત હે. મૂલવરણ સર્વથા નહી ફીરે હે, શુધ્ધ પુષ્ટિ માર્ગીય ભગવદીય એક સ્વરૂપ વિના ત્રીલોકીકે વૈભવકો નહી ચાહે હે, સ્વરૂપકે વીના ઈનકો સબ કછુ તુચ્છ લગત હે.

જો શુદ્ધ પુષ્ટિ નહી હે વહ સબનકી ગીનતી મર્યાદામેં હે – શુદ્ધ પુષ્ટિ એટલે પૂર્ણ સ્નેહ જેનો ભગવદ સ્વરૂપમાં છે. પૂર્ણ સ્વરૂપાસક્તિ છે કેવલ સ્વરૂપશીવાય લીલામાં પણ

જેની રૂચી નથી તેને શુદ્ધ પુબુષ્ટિ કહેવાય છે. અવતાર લીલા સમયે પ્રભુએ જે જે લીલાઓ કરી તે કેવલ પોતાના સ્વરૂપમાંજ નિરોધ સિદ્ધ કરવા માટેજ કરી છે રાસમાં પધારેલ ગોપીજનોને લઘુરાસ પશ્વાદ્ માનમદ થવાથી પ્રભુ અંતર્ધ્યાન થયા ત્યારે ઉન્મત થઈ ખોજ કરી તો પણ પ્રભુ પ્રાપ્ત ન થયા. પશ્વાદ પ્રભુની બાલ-પૌગંડ લીલા કરવા લાગ્યા તો પણ પ્રભુ પ્રકટ ન થયા. ત્યારે નિઃસાધન થઈ પ્રણય, ગુણગાન, સ્વરૂપમાંજ નિષ્ઠાવાળા થઈને કર્યું આ સમયે કેવલ સ્વરૂપ શીવાય અન્ય ભાવોનું અસ્તીત્વ નહી રહેવાથી નિત્ય લીલાસ્થ અનંત કોટી કંદર્પના લાવણ્ય યુક્ત સ્વરૂપ પ્રાદુર્ભૂત થયું, અને આ સ્વરૂપનો મહારાસમાં અનુભવ કર્યો.

લીલા ધર્મ છે અને સ્વરૂપ ધર્મી છે. ધર્મીને આશ્રીત ધર્મ રહે છે જેમ સૂર્યને આશ્રીત કિરણો છે. પૂર્ણ આનંદ કેવલ સ્વરૂપમાંજ રહેલો છે તેમ શ્રીમદ્ આચાર્યચરણે તૃતીય સ્કંધ સુબોધીનીજીમાં આજ્ઞા કરી છે. "ગોપીજનો પૂર્ણાનંદને પ્રાપ્ત કરીને મનોરથના આનંદને પ્રાપ્ત થયાં."એટલે જ્યાં કેવલ સ્વરૂપનોજ અનુભવ છે, તેને શુધ્ધ પુષ્ટિ કહેવાય છે, આવા પૂર્ણ સ્વરૂપ નિષ્ઠાવાળા ભક્તો દૂર્લભ હોવાથી શ્રી આચાર્યચરણ આજ્ઞા કરે છે "શુધ્ધા પ્રેમણાતિ દૂર્લભા"(પુ પ્ર.મ)

"સ્વતંત્ર ભક્તિ માર્ગ ભિન્ન હે."સ્વતંત્ર ભક્તિ, અનન્યતા અને શુધ્ધ પુષ્ટિ આ એકાર્થ વાચી શબ્દો છે સ્વતંત્ર ભક્તિ એટલે કેવલ સ્વરૂપમાંજ પ્રાણ અનન્યતા છે. નિષ્ઠા આ સ્વરૂપ નિષ્ઠાના પ્રાણ અનન્યતા છે. અથવા અનન્યતા વીના સ્વરૂપમાં પૂર્ણ નિષ્ઠાજ અસંભવીત છે. અનન્યતામાં અન્ય તત્વમાં અરૂચીજ હોય છે, તેનો સ્વઅનુભવજ અન્યમાં અરૂચી કરે છે, અનન્યતાનું બીજુ નામ સર્વાત્મકભાવ છે આ સર્વાત્મભાવ વિરહના અનુભવથી સિધ્ધ થાય છે, કારણકે સર્વાત્મભાવનો અથવા અનન્યતાનો સ્થાયીભાવ વિરહ છે. અને વિરહમાં અન્ય સંબંધ થતા અનન્યતા સિધ્ધ થતી નથી.

એટલે સ્વતંત્ર ભક્તિના પ્રાણ અનન્યતાજ કહેવાય તે અત્યંત સુંદર કથન કર્યું છે અહીં આટલું વિચારવા યોગ્ય છે કે શુધ્ધ પુષ્ટિ ભક્તનો પ્રભુમાં સહજ અનુરાગ હોય છે. તેથી પૂર્ણ સ્વરૂપાસક્ત છે. જેનો આ શુધ્ધ પુષ્ટિ ભક્તિમાં અધિકાર નથી તેણે પ્રભુની બાલ-

પાંગંડ-કીશોર લીલાના શ્રવણથી પ્રભુના સ્વરૂપમાં અનુરાગની વૃદ્ધિ કરવી ઉચીત છે. તેમજ સ્વતંત્ર ભક્તિના દાતા શ્રીમહાપ્રભુજીના ચરણકમલનો દ્રઢ આશ્રય કરવાથી આપ પોતાના અંગીકૃત જનનો સંગ મીલાવી આપશે, ત્યારે તેમના દ્વારા સ્વતંત્ર ભક્તિનું દાન આપ કરશે. આવા તદીયના સંગનો મહીમા શ્રીહરિરાયચરણે પંચમ શિક્ષાપત્રમા જણાવેલો છે. "ભક્તજન પદરજ પ્રતાપે સકલ સરીયાં કાજ"આ કથનનું રહસ્ય પણ અહીં સ્મર્તવ્ય છે.

શુદ્ધ પુષ્ટિ ભક્ત કપટસું કર્મ કરીવેમે ગ્લાનીઓર લજ્જામાને હેઃ શુદ્ધ પુષ્ટિ ભક્તની સાધન દશામાં પણ પ્રિયતમ પ્રભુના સ્વરૂપ વ્યતિરિક્ત અન્ય સંબંધની ગંધ તેને મૃત્યું સમાન દુઃખદાઈ લાગે છે, તેવો ભક્ત કપટથી કર્મ કરવામાં કેમ ઈચ્છા જ કરે ! વેણુનાદથી રાસમાં પધારેલા ગોપીજનોને ભગવાન ધર્મનો ઉપદેશ આપી પાછા વ્રજમાં જવાનું જ્યારે કહે છે ત્યારે ગોપીજનને તેનો જવાબ આપે છે કે, હે પ્રિય ! જ્યારથી આપણા ચરણકમલનો અમને સ્પર્શ થયો છે ત્યારથી અન્યની પાસે ઠાડા રહેવાને અમે શક્તિમાન નથી. જેમ વાઘની પાસે ઉભા રહેવામાં મનુષ્યને મૃત્યુનો ભય ઉત્પન્ન થાય છે તેમ શુદ્ધ પુષ્ટિ ભક્તને અન્ય સંબંધની ગંધ પણ મૃત્યુ સદ્રશ ભય કર્તા છે.

એક શુદ્ધ પુષ્ટિ વિરહી ભક્તે કહ્યું છે કે "નેના તોહી ન લાજ, જગત વિષય દેખ્યો કરે, ટુટે પ્રેમકી પાજ, યાહી તેં કેનો પરે" પુષ્ટિ ભક્તિના સાધકો બરાબર સમજે છે કે મારા નેત્રોમાં મારા પ્રિયતમ શીવાય અન્યનું સ્થાન ન હોવું જોઈએ રસિક જન નેત્રોથી પોતાના ઈષ્ટ સ્વરૂપ સિવાય અન્યને જોવામાં મહાન વ્યભિચાર દોષ સમજે છે દિવ્ય પ્રેમની દુનીયાના નિયમોને શુદ્ધ પુષ્ટિ ભક્તિના ઉપાસકોએ સારી રીતે સમજી લીધેલ હોય છે. મનસા-વાચા-કર્મણા સંપૂર્ણ જીવન પ્રભુના ચરણમાં સમર્પિત ન થાય ત્યાં સુધી અધીકારી ભક્તો માટે શ્રીગોકુલેશ આજ્ઞા કરે છે કે તેને અન્ય કર્મ કરવાનો આગ્રહ કેમ કરી શકાય ? આવા અધિકારવાળો ભક્ત ભલે મુગ્ધ હોય છતાં મહાપુરૂષો તેના વરણની પહેચાન કરીને શુધ્ધ પુષ્ટિ ભક્તિ માર્ગનોજ બોધ કરે છે કારણકે મહાપુરૂષો સ્વભાવથી કરૂણાળુ છે અને મહાપુરૂષોનો ભૂતલ પ્રાદ્દ્ભાવ લીલા મધ્યપાતી મુગ્ધ

જનોને નિત્ય લીલાસ્થ હરિનો શાક્ષાત સંબંધ કરાવવા માટે છે શ્રી આચાર્યચરણના આ કાર્યનો નિર્દેષ વલ્લભાષ્ટકના બીજા શ્લોકમાં શ્રીમતપ્રભુચરણે વ્યક્ત કરેલ છે. જીવની શ્રદ્ધા અને રૂચીથીજ તેના વરણની પહેચાન થાય છે.

શ્રીમહાપ્રભુજીકો શુધ્ધ પુષ્ટિ માર્ગ પ્રકટ કરવેકોહી આગ્રહ હે. મર્યાદા ઓર કર્મમાર્ગ પ્રકટ કરવેકો કછુહુ પ્રયોજન યા આગ્રહ નહી હે. પ્રથક શરણ માર્ગના ઉપદેષ્ટા શ્રીમહાપ્રભુજીએ ધર્મી માર્ગ પ્રકટ કરેલો છે, નિત્ય લીલાસ્થ નિકુંજ નાયક શ્રી ગોવર્ધનધરને વૈષ્ણવોને માથે પધરાવી આપી રાસસ્થ ભક્તોએ જે સુખ લીધું તેવાજ સુખનો અનુભવ કરાવવા માટે નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં આજ્ઞા કરે છે કે, "બ્રહ્મભાવ કરતાં ભગવદીયોનું ઘર ઉત્તમ છે,"સર્વમાં વ્યાપક ભગવાનને જોવા એવા બ્રહ્મભાવ કરતા ભગવદીયને પોતાના ઘરમાં બીરાજતા ધર્મ સ્વરૂપના સેવનથી સ્વરૂપાનંદનો અનુભવ થાય છે તેથી ભગવદીયના ઘરને ઉત્તમ કહ્યું છે.

માથે બિરાજતા મહાન દિવ્ય સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નહી હોવાથી આપણે દિવ્ય સુખનો અનુભવ કરી શકતા નથી. નિરવધી સુખના દાતા પોતાનાજ માથે બિરાજતા હોવા છતાં આપણે અન્યત્ર આનંદની ભીક્ષા માગીએ છીએ ચોરાસી-બસોબાવને સેવ્યમાંજ સર્વસ્વતાં માની, તેથી તેઓ સ્વરૂપાનંદનો અનુભવ કરી શક્યા આધુનીકને અનુભવ નથી તેનું આજ કારણ હોવું જોઈએ.

વાસ્તવીકતો આ માર્ગના ફૂલનો તેમનેજ અનુભવ થાય છે કે જેઓ લીલાધામથી વિછુરેલા છે. લીલાધામથી વિછુરેલા દૈવીજીવો માટેજ શ્રીમહાપ્રભુજીનો ભૂવિતલમાં પ્રાદુર્ભાવ થયો છે શ્રીયમુને ઓર પ્રાણપતિ, પ્રાણ ઓર પ્રાણસૂત. ચહુજન જીવ પર દયા વિચારો જેસો પ્રભુનકો સ્વરૂપ હે તેસેહી ઉનકી સૃષ્ટિ હે જ્યાં જેવી સૃષ્ટિ ત્યાં તેવી લીલા. અને જ્યાં જેવી લીલા ત્યાં પ્રભુનું તેવું સ્વરૂપ. લીલા ભેદે સ્વરૂપનો ભેદ થાય છે વ્રજ, મથુરા અને દ્વારકાજી, ત્રણે સ્થાને કૃષ્ણ સ્વરૂપ એકજ પણ ત્રણે સ્થાનની લીલા જુદી જુદી તેથી એકજ સ્વરૂપ હોય છતાં લીલાભેદે સ્વરૂપનો ભેદ સમજવો. [વ્રજમાં આધિદૈવીક, મથુરામાં આધ્યાત્મિક અને દ્વારકાજીમાં આધિભૌત્ક] આ રીતે જ્યા જેવી

સૃષ્ટિ ત્યાં તેવી લીલા, અને જ્યાં જેવી લીલા ત્યાં પ્રભુનું તેવું સ્વરૂપ.

વ્રજમાં પણ પ્રતિબંધોની નિવૃત્તિ માટે વ્યુહ સ્વરૂપથી લીલા અને વ્રજભક્તોના અનુરાગની વૃદ્ધિ માટે શુધ્ધ રસાત્મક લીલા કરી છે. અગ્નિકુમારિકાને વસ્ત્રદાન પશ્ચાત ભગવાન સખાઓ સાથે પધારે છે ત્યાં વૃક્ષોના ધર્મોથી સખાઓને પરમાર્થ ધર્મનો ઉપદેશ આપે છે. ત્યાંની શ્રીસુબોધીનીજીમાં શ્રીઆચાર્યચરણ જઆજ્ઞા કરે છે કે, "દંપતિ વૃન્દાવનસિં દૂર ચલે ગયે" આનું તાત્પર્ય આપશ્રી જતાવે છે કે વૃંદાવનસ્થ શ્રીસ્વામીનીજીઓ તો એમજ સમજે છે કે અમારૂં સર્વસ્વતો કેવલ ધર્મી સ્વરૂપજ છે, અર્થાત પરમાર્થ ધર્મ આ વૃંદાવનસ્થ શ્રીસ્વામીનીજી વૃમ માટે નથી સખાઓને પરમાર્થનો ઉપદેશ અનિરૂધ્ધ વ્યૂહના આવેશથી પ્રભુ કરી રહ્યા છે, આમ વ્રજની લીલામાં પણ વ્યુહ અને શુદ્ધ ઉભર્ય પ્રકારની લીલા છે, શુદ્ધ સ્વરૂપની પહેચાન શ્રીહરિરાયચરણ શિ. 38ના શ્લોક નવમાં કરાવે છે કે શ્રીકૃષ્ણ તું કેવલ લીલાં કરોતિ રસ રૂપીણીમ્ શ્રીકૃષ્ણતો કેવલ રસરૂપજ લીલા કરે છે.

પુષ્ટિ પ્રભુની ભૂતલમાં લીલા કરવાની ઈચ્છાથી લીલાસ્ય ભક્તોનો આપે ભૂતલમાં પ્રાદૂર્ભાવ કર્યો અને તેમના ઐશ્વર્યાદિ ધર્મો તિરોહિત કર્યા તેથી તેમનામાં જે માયાના ધર્મો દેખાય છે તેતો ભગુવદ ઈચ્છાથી રહેલા છે, વાસ્તવીક નથી તેથી તે જીવો મર્યાદા નથી. મર્યાદા નથી એટલે પુષ્ટિ પ્રભુના સાક્ષાત સ્વરૂપાનંદના અધિકારી છે. તેને સમજાવવા આગળ કહે છે.

"જેસે વિપ્રયોગી ભક્તકો પ્રભુન કે સાક્ષાત સ્વરૂપકો સંબંધ નહી હે સો કહા ? સ્વરૂપકી અપ્રાપ્તિકે સમયમેં અન્ય મર્યાદા ધર્મ કે વિષે અનુસરેંગે ? મથુરા પધાર્યા પશ્ચાત વ્રજભક્તોને પ્રભુનો સાક્ષાત સંબંધ નથી. તેઓ વિપ્રયોગમાં સ્થિત છે તે સમયે ઉદ્ધવજી વ્રજમાં આવી ભગવાન સર્વત્ર વ્યાપક છે એવો મર્યાદા જ્ઞાનોપદેશ આપે છે તો પણ ગોપીજનો આ મર્યાદા જ્ઞાનોપદેશનો સ્વીકાર કરતા નથી. આજ આશયની સંગતીથી શ્રીઆચાર્યચરણ સંન્યાસ નિર્ણયમાં આજ્ઞા કરે છે કે, "જ્ઞાનામપિ વાક્યેન ન ભક્ત મોહ યિષ્યતિ" વિષ્ણુની માયા જ્ઞાનીને મોહ કરે છે. સાક્ષાત ધર્મી સ્વરૂપમાં નિષ્ઠાવાળા

ભક્તને વિપ્રયોગ કાલમાં પણ મર્યાદા ધર્મ રૂપ વ્યાપક બ્રહ્મનો સ્વીકાર કરતાં નથી. રતિપથના આચાર્ય શ્રી મહાપ્રભુજીને જે શુધ્ધાવ્દૈત ભાવ અપેક્ષીત છે. તેનું વર્ણન વેણુગીતમાં "અક્ષણ્વતાં ફલમિદં, ન પરં વિદામ"એ શ્લોકમાં અને ભ્રમર ગીતમાં ઉધ્ધવજી અને ગોપીજનોના સંવાદમાં કરેલું છે. આ સંવાદના આશયને મહાનુભાવ સૂરદાસજી એક પદમાં જણાવે છે-

નાહીન રહ્યો મનમેં ઠોર ।
નંદનંદન વિન કેસે કર આનીયે, ચિત્ત ઓર ।।1।।
ચલત ચિતવત દ્યોસ જાગત, સ્વપ્ન સોવત રાત ।
હૃદયતેં યહ મદન મૂરતિ, છિન ન ઈત ઉત જાત ।।2।।
કહત કથા અનેક ઉધો, લોભ લાખ દિખાય ।
કહા કરે ઘટ પ્રેમ પૂરણ, બિન્દુ નહી સમાય ।।3।।
શ્યામ ગાત સરોજ આનંન, લલિત ગતિ મૃદુહાસ ।

"સૂર" એસે દરસકો યહ, મરત લોચન પ્યાસ ।।4।।

દિવ્ય પ્રભુ પ્રેમનું સ્વરૂપ અને પ્રાપ્તી

લે. પ. ભ. કિંકર

- કવિતા -

નેહ નિરવધિ, નિરહેતુક, નિરંતર જહાં,
સાધન રહિત જહાં સ્વરૂપ સુહાયો હે.
આરત અસહ્ય ઉર આતપ સહિત અંગ,
સ્વારથ ના લેશ, સુખ આપુનોન ભાયો હે.
વાત્સલ્ય વિવિધ રસ વલ્લભ કે હેતુમાંજ
હેતું ન વિચારે કછુ, યામે હેતુ પાયોહે.
યેહી શુદ્ધપુષ્ટિ આન પૂજા મર્યાદા સબ,

સિદ્ધ તમત ઓર કહા મેરે મન ન આયોહે.

પુષ્ટિ સૃષ્ટિના ચાર પ્રકારના વરણ-અધિકાર છે. (1) શુધ્ધ પુષ્ટિ, (2) પુષ્ટિ – પુષ્ટિ, (3) પુષ્ટિ મર્યાદા અને (4) પુષ્ટિ પ્રવાહ. આ ચાર પ્રકારના વરણીય જનોમાં શુધ્ધ પુષ્ટિ વરણીય ભક્તના ગુણો કેવા હોય છે તેને મહાનુભાવ શ્રી ગોપાલદાસજી આ કવિતામાં જણાવે છે.

"નેહ નિરવધિ નિરહેતુક નિરંતર જહાં ।""નેહ"એટલે પ્રભુમાં સ્નેહ. અને "નિરવધિ"એટલે સાગર સમાન. જેમ સાગરજળનો થાહ નથી. તેમાં અપાર જળ ભરેલું રહે છે, તેનો પ્રવાહ નિરંતર ચાલતો જ હોય છે, તેમાં જળ ઘટતું નથી, આવો સાગર ભરેલો સ્નેહ તેણે પ્રાપ્ત કર્યો છે તેને નિરવધિ સ્નેહ પ્રાપ્ત કર્યો છે એમ કહેવાય.

હવે આવો નિરવધિ સાગર જેવો સ્નેહ ભક્તોને ક્યારે પ્રાપ્ત થાય કે જ્યારે સર્વમાંથી મન નીકળી જાય અને પ્રભુના સ્વરૂપમાં જ નિરંતર લાગ્યું રહે ત્યારે આવો સ્નેહ પ્રાપ્ત થાય. કારણકે સાગર ભરેલો સ્નેહ તો સાક્ષાત પ્રભુના સ્વરૂપમાંજ રહેલો છે. તેથી આવા સ્નેહને પ્રાપ્ત કરવા માટે પ્રભુ સિવાય અન્ય સર્વમાંથી સ્નેહ નીકળી જાય અને પ્રભુના સ્વરૂપમાંજ સ્નેહ રહે ત્યારે પ્રભુ સ્વરૂપ રૂપી સ્નેહના સાગરમાંથી એક પ્રવાહ પ્રગટ થઈ જાય છે.

આપણા મનની વૃત્તિઓ નહેર જેવી છે. આ મનની વૃતિઓને જગત અને સંસાર પ્રપંચમાંથી હટતા પ્રભુ સાથે જોડવાથી વૃત્તિઓરૂપી નહેરમાં સ્નેહ સાગરમાંથી પ્રવાહ વહેવા લાગે છે, અને આ સ્નેહનો પ્રવાહ સાગરમાંથી આવતો હોવાથી તેનો નિરંતર અનુભવ ભક્તને થાય છે વળી કોઈ સમયે તૃપ્તિ થતીજ નથી તેથી રસિક ભક્તે કહ્યું છે કે-

પીવત પીવત રૂપ રસ,
બઢત રહત નિશ આશ,

‘દઈ’દઈ નેહી દ્રગન
અજબ અનોખી પ્યાસ

પ્રિય પ્રભુના સ્વરૂપ સૌન્દર્યામૃતનું પાન સ્નેહી ભક્તના નેત્રો જેમ જેમ કરતાં રહે છે તેમ તેમ સ્વરૂપામૃત-સુધા પાનની પ્યાસ બઢતી જ જાય છે અથવા પ્રિય પ્રભુના શ્રીમુખ સૌન્દર્ય સુધાપાનમાં આ ભક્તને તૃપ્તી થતી જ નથી, દિવ્ય સ્નેહની આવી અજબ અનોખી રીત છે એક ગોપીજન પોતાનો અનુભવ સખીને કહી રહેલ છે, તેનું વર્ણન ગોવિંદ સ્વામી એક પદમાં નીચે મુજબ કરે છે-

વિધાતા વિધિ હૂ ન જાની ।।
સુન્દર વદન પાન કરવેકો, રોમ રોમ પ્રતિ
નયન ન દીને, કરી યહ બાત અયાની ।।1।।
શ્રવણ સકલ વપુ હોતરી મેર,
તો સુનત પિય મુખ અમૃત મધુબાની ।।
અરિ ! મેરે ભુજા હોતી,
કોટિ કોટિ તો હોં ભેટતી
ગોવિંદ પ્રભુ સોં, તોઉ ન અધાતસયાની ।।2।।

આ પદમાં “રોમ રોમ પ્રતિ નયન ન દીને.....” એમ કહ્યું, તેનો અર્થ બે નેત્રોથી પ્રિયના સુન્દર શ્રીમુખનું પાન કરે છે તેથી તૃપ્તિ નહીં થવાથી રોમ રોમમાં નેત્રો ચાહે છે દિવ્ય સ્નેહની આવી અજબ અનોખી રીત છે. (વાણીના પતિ શ્રીવલ્લભ પ્રભુ શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે, ભગવાનના સંબંધનું અમૃત, અતૃપ્ત સ્વભાવવાળુ છે) દિવ્ય સ્નેહમાં અલૌકિક આનંદમય અગ્નિમાં ઘીની આહૂતિ દેવાથી અગ્નિ પ્રજવલીત જ બનતો જાય છે, તેમ દિવ્ય સ્નેહનો જેમ જેમ અનુભવ થાય તેમ તેમ સ્નેહ સુધા આસ્વાદની અતૃપ્ત વધતી જ જાય છે. પ્રભુના સંબંધવાળા દિવ્ય સ્નેહને આવા પ્રકારે જ જાણવો જોઈએ.

દિવ્ય સ્નેહ ને આવા પ્રકારનો જાણી લીધા પછી બીજા સ્નેહો કે જે અલ્પ આનંદનો અનુભવ કરાવનારા છે તેમાં કૃત્રિમતા દેખાવા લાગે છે. અથવા બીજા સ્નેહથી મળતા આનંદો પ્રત્યે વૈરાગ્ય જ રહી આવે છે. દિવ્ય સ્નેહને મેળવવા મનને બધેયથી નિવૃત્તિ કરી પ્રિય પ્રભુના સ્વરૂપ ધ્યાનમાં, ગુણગાનમાં અને સ્મરણમાં જોડવું જોઈએ દિવ્ય પ્રેમને મેળવવાની સાધનામાં ચાતક ઉદાહરણ રૂપ છે-

સબતે મનજુ નિકાસીકે,
લીયો અનન્ય વ્રત એક ।
પ્રાણ જાઓ, 'પ્રણ ના જાઓ',
યહ ચાતકકી ટેક ।।

અનન્યતા વિના દિવ્ય પ્રેમ પ્રાપ્ત થતો નથી અને બધાયમાંથી મનને નિવૃત્તિ કર્યા વિના અનન્યતા પ્રાપ્ત થતી નથી રસિક મહાનુભાવ નંદદાસજી પણ એજ કહી રહ્યા છે કે-

પ્રેમ એક, એક ચિત્તસો,
એકહી સંદ સમાય ।
ગાંધી કો સોદા નહી,
જન જન હાથ બિકાય ।।

પ્રભુમાં પ્રેમ અને જગતમાં પણ પ્રેમ રાખવો- એ રીતે પ્રભુ-પ્રેમને મેળવી શકાતો નથી. દિવ્ય પ્રેમમાં પ્રભુ સિવાય અન્યની ગંધ પણ મહાબાધક છે શ્રીગુસાંઈજીએ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરી છે કે- "અન્ય ,સંબંધ ગધોપિ, કંધરામેવ બાધતે"પ્રિય નપ્રભુના સંબંધ વિના અન્ય સંબંધનો વિચાર માત્ર મૃત્યુ જેવું દુઃખ પ્રેમીજનોને થતું હોય છે. જ્યારે એકાંગી સાધના કરવામાં આવે છે ત્યારે જ દિવ્ય પ્રેમ પ્રાપ્ત થાય છે. અને દિવ્ય પ્રેમ આત્મામાંથી પ્રકટ થાય છે અને આપણો આત્મા પ્રભુ છે, પ્રિય પ્રભુમાં જ એકાંગી ભાવ થાય ત્યારે દિવ્ય પ્રેમનો પ્રવાબ પ્રકટ થઈ જાય છે. આ દિવ્ય પ્રેમનો કેવો પ્રભાવ છે તે

એક દોહામાં કહ્યું છે કે –

પ્રેમ પ્રકટ જબ હોય હે
ભૂલે જગતકો ભાન ।
તૂં તૂં તૂં રહી જાય હે,
'હૂ'કો મીટે નિશાન ।।

આવો દિવ્ય પ્રભુ પ્રેમ પ્રકટ થયા પછી સ્નેહી ભક્તનું મન બીજા વિષયોને ભૂલી જઈને વારંવાર આ દિવ્ય સ્નેહના અનુભવમાં લાગેલું રહે છે. અને ત્યારે સ્નેહ વધીને આસક્તિનું સ્વરૂપ ધારણ કરે છે પ્રિય પ્રભુના સ્વરૂપમાં આસક્તિ થતાં દેહ અને દેહના સંબંધી સંસાર-પ્રપંચ ભૂલાય જાય છે, અને મનની સ્થિતિ સમુદ્રમાં ચાલતા જહાજના પક્ષી જેવી થઈ જાય છે એટલે કે જહાંજ ઉપર બેઠેલું પક્ષી જહાજને છોડીને ચારે કોર ધૂમે છે, પરંતુ સર્વત્ર સમુદ્રનું જલ જ હોવાથી ક્યાંય બેસવીનું સ્થાન તેને નહી મળવાથી જહાજ નો જ આશ્રય તે લે છે તેમ આસક્તિમાં મનને પ્રભુના સ્વરૂપ સિવાય બીજે સ્વસ્થતા થતી નથી. અથવા પ્રિય પ્રભુના સ્વરૂપ લાવણ્યામૃત પાન વિના બીજુ કંઈપણ કરવાને મન અશક્ત થી જાય છે. ચાતક માટે કહ્યું છે કે –

દેખ સખી, ચાતક કથા
પ્રીતી રીત લપટાય,
નવઘન કે ફદા પરે,
અબ કહું ઉડ્યો ન જાય ।।
પ્રિય સ્વરૂપામૃત સુધા પાનમાં ફસાયેલું મન અન્ય સ્થાને જવામાં અશક્ત બની જાય છે, તેથી કહ્યું છે કે-
મન પંખી તબ લગ ઉડે,
વિષય વાસના માંહી
પ્રેમ બાજકી ઝપટમેં,
જબ લગ આયો નાંહી ।।

આવો આસક્તિવાળો સ્નેહ પ્રિય પ્રભુમાં થયા પછી આ સ્નેહ વ્વસમનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે પ્રિય પ્રભુના સ્વરૂપામૃત પાન વિના તેની એક એક ક્ષણ શતયુગ જેવી બની જાય છે એટલે કે એક ક્ષણ પણ સ્વરૂપામૃત પાન વિના જીવન ટકાવી શકાતું નથી આવો વ્યસન ભાવવાળો સ્નેહ થાય ત્યારે પ્રિય પ્રભુ સાથે તદાત્મક્તા થાય છે. એટલે કે **"વ્યસન અવસ્થામાં નિરંતર પ્રિય પ્રભુના સ્વરૂપનું અખંડ ધ્યાન રહેતું હોવાથી કીટ ભ્રમર ન્યાયે, પોતે પોતાને ભૂલીને પ્રિય પ્રભુ રૂપ બની જાય છે."**હવે જ્યારે આવી અવસ્થાએ સ્નેહી ભક્ત પહોંચે છે ત્યારે પ્રભુમાં જે સાગર જેવો સ્નેહ ભરેલો છે તેને ધારણ કરવાનું સામર્થ્ય આભક્તને પ્રાપ્ત થાય છે આવો સ્નેહ જેણે પ્રાપ્ત કર્યો છે તેને નિરવધિ આનંદની પ્રાપ્તી થઈ તેમ કહેવાય – ક્રમશઃ

દિવ્ય પ્રભુ – પ્રેમનું સ્વરૂપ અને પ્રાપ્તી

લે.પ.ભ. કિંકર

હવે આવા સ્નેહને 'નિરહેતુક'કહ્યો નિરહેતુક એટલે પ્રિય પ્રભુથી પોતાને સુખ લેવું છે તેવી ભાવના નહિ. પરંતુ મારાથી પ્રભુને કેમ સુખ થાય એવી જેને નિરંતર ભાવના રહે તેને નિરહેતુક સ્નેહ કહેવાય છે પરન્તુ આવો નિરહેતુક પોતાના સ્વારથ વગરનો સ્નેહ પ્રિય પ્રભુમાં ત્યારે જ પ્રકટ થાય છે કે જ્યારે ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યાની નિવૃત્તિ થઈ ગઈ હોય. એટલે કે ભૌતિક દેહના અધ્યાસો અને આધ્યાત્મિક ઈન્દ્રિયો અને અન્તઃકરણના પ્રાકૃત અધ્યાસો છુટીને પ્રભુના સંબંધવાળા અધ્યાસો બને ત્યારે સ્વારથ વગરનો સ્નેહ પ્રકટ થાય છે.

અહીં એમ પ્રશ્ન થાય કે પ્રભુ સંબંધી અધ્યાસો કેવી રીતે બને ? જવાબમાં, દેહને પ્રભુની સેવામાં જોડવાથી દેહના ભૌતિક અધ્યાસો ભૂખ-પ્યાસ, જનમ્-મરણ, ઠંડી-ગરમી, અને રોગાદિક દૂર થાય છે ઈન્દ્રિયોના અધ્યાસો પ્રભુમાં જોડવા તે એવી રીતે કે નેત્ર-ઇન્દ્રિયથી પ્રિય પ્રભુના સ્વરૂપનું જ નિરંતર ધ્યાન કરવું. જગતના પદાર્થોનું કે મનુષ્યોનું ધ્યાન ન કરવું. તેને નેત્ર ઈન્દ્રિયના અધ્યાસો પ્રભુ સંબંધી થયાં કહેવાય. સ્નેહ માર્ગમાં નેત્ર ઈન્દ્રિય ઉપર ખાસ કાબુ મેળવવાનો હોય છે તેથી એક રસિક કહે છે

કે-

નૈના તોહી ન લાજ, જગત વિષય દેખ્યો કરે
ટૂટે પ્રેમ કી પાજ, યાહી તે કહેનો પરે.

રસિક ભક્ત પોતાના નેત્રને ખીટકાર આપે જગત વિષયને જોયા કરે છે ! પ્રિય પ્રભુ સિવાય નેત્રથી બીજુ જોવાથી સ્નેહીની પાજ કે જે અનન્યતા છે તે ટૂટી જાય છે. આપણું હૃદય સરોવર જેવું છે. તેમા પ્રિય પ્રભુના સ્નેહરૂપી જળ ભરવું છે, નેત્ર ઈન્દ્રિયથી બીજુ જોવાથી સ્નેહ-સરોવરની પાજ (કીનારો) તુટી જાય છે. આજ પ્રકારે એક અન્ય રસિક ભક્તે પણ કહ્યું છે કે –

એસે નહીં હમ ચાહન હારે,
જો આજ તુમ્હેં કલ ઓર કું ચાહે,
ફેંક દે આંખ નિકાલકે દોઉજો,
દુસરી ઓર મિલાવે નિગાહે.
લાખ મિલે સુમસે બઢકે,
તુમહીકો ચહેંગે સુમહીકો સરાહે,
પ્રાણ રહે જ્યોં લો ત્યો-લો હમ
નેહ કો વાતો સદાહી નિભાહે.

નેત્ર ઈન્દ્રિયથી પ્રિય પ્રભુના સ્વરૂપ સિવાય જ્યારે બીજુ કંઈજ ન દેખાય ત્યારે અનન્યતા સિધ્ધ થઈ કહેવાય છે. સ્નેહમાર્ગમાં નેત્ર ઈન્દ્રિય જો બીજુ ગ્રહણ કરે તો મહાન દોષ ઉત્પન્ન થાય છે. તેથી સ્નેહીજનો પ્રથમ પોતાની નેત્ર ઈન્દ્રિય ઉપર કાબુ કરતા હોય છે.

હવે કર્ણ ઈન્દ્રિયથી પ્રિય પ્રભુની દિવ્ય લીલાઓનું શ્રવણ કરવું લૌકિક વિષયોનું શ્રવણ ન કરવું અને રસના એટલે જીભથી પ્રભુના ગુણગાન અને આપના મહા મંગલમય

નામનું નિરંતર સ્મરણ કરવું આ રીતે ઈન્દ્રિયોના વિષયમાં પ્રિય પ્રભુનો સંબંધ રહી આવવાથી તેના લૌકિક અધ્યાસો દૂર થાય છે.

હવે અન્તઃકરણના અધ્યાસોમાં મનના સંકલ્પ વિકલ્પ રૂપી વિચારો જે લૌકિક સંસાર અને જગત સંબંધી થાય છે તેની જગ્યાએ પ્રભુના સુખનાજ અથવા પ્રભુની દિવ્ય લીલાઓનાજ વિચારો થવાથી મનના લૌકિક અધ્યાસો દૂર થાય છે. મન પછી લૌકિક તત્વ છે. તે બુધ્ધિનો ગુણ નિર્ણય અને નિશ્ચય કરવાનો છે તો બુધ્ધિનો નિશ્ચય પ્રિય પ્રભુના સ્વરૂપમાંજ કરવો એટલે કે મારા આત્માના પતિ પ્રભુ જ છે, પ્રભુ જ મારૂં સર્વસ્વ છે, મારો નિત્ય અજર-અમર સંબંધ પ્રભુ સાથે જ છે. હું પ્રભુથી વિખુટો પડી પ્રભુના સંબંધને ભૂલીને દેહના નાશવંત સ્ત્રી-પુત્રાદિક અથવા પતિ-પુત્રાદિકમાં સંબંધમાં અરૂઝાઈ ગયેલ છું. પ્રભુ સાથેનો જ સંબંધ નિત્ય અને અવિનાશી છે. આવો નિશ્ચય કરીને બુધ્ધિને લૌકિક સંબંધના વિષયોમાંથી નિવૃત્તિ કરી પ્રભુમાંજ સ્થિર કરવી.

બુધ્ધિ પછી ચિત્ત તત્વ છે. તે ચિત્તનો ગુણ જ્ઞાન ધારણ કરવાનો છે. તે ચિતમાં પ્રિય પ્રભુના સ્વરૂપનુંજ અને આપની દિવ્ય લીલાઓનુંજ જ્ઞાન રહે, લૌકિક વિષયોનું જ્ઞાન ન રહે ત્યારે ચિત્તનો અધ્યાસ પ્રભુ સંબંધી થાય છે. હવે ચિત્ત પછી અહંકાર નામનું તત્વ છે આ અહંકાર દેહના સંબંધનો છોડાવીને પ્રભુના સંબંધવાળો કરવો. એટલે કે હું અમુકનો પિતા, અમુકનો પુત્ર, અમુકનો ભાઈ, અમુકનો પતિ, અથવા હું અમુકની પત્ની, અમુકની માતા, અમુકની બહેન-આવા લૌકિક સંબંધવાળા અહંકારને છોડીને પ્રભુ મારા પતિ છે, હું આપની પત્ની છું, પ્રભુ મારા પ્રિયતમ છે, હું પ્રભુની પ્રિયતમા છું, પ્રભુ મારા સ્વામિ છે, હું પ્રભુની દાસી છું,- આવો પ્રભુના સંબંધવાળો અહંકાર રાખવો. અને આવા પ્રભુસંબંવાળા અહંકારથી મારે મારા આત્માના સંબંધી પ્રિય પ્રભુની સેવા-સ્મરણ-ગુણગાન ધ્યાન વિગેરે કરવું જોઈએ તેવો નિરંતર વિચાર કરવો.

આવી રીતે અન્તઃકરણમાં રહેલા મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર નામના ચારે તત્વોને પ્રિય પ્રભુ સાથે જોડી રાખવાથી અને દેહ ઈન્દ્રિયોમાં પણ પ્રભુનોજ સંબંધ રહી આવવાથી પ્રિય પ્રભુજ આપણા આત્મારૂપ થઈ જાય છે. ત્યારે સ્વારથ વગરનો

નિરહેતુક સ્નેહ-પ્રભુમાં પ્રગટ થાય છે જેમ લૌકિક અધ્યાસવાળો જીવ પોતાના દેહનેજ આત્મા માનતો હોવાથી દેહના સુખમાં પોતાનું સુખ માને છે. તેમ જ્યારે પ્રભુજ આપણા આત્મારૂપ બને ત્યારે પ્રભુના સુખમાં જ આપણને સુખ થાય છે. આવા સ્નેહને સ્વારથ વગરનો નિરહેતુક સ્નેહ કહેવાય છે. આવો સ્નેહ પ્રાપ્ત કરવામાં જે દેહ ઈન્દ્રિયો અને અન્તઃકરણના પ્રાકૃત અધ્યાસો દૂર કરવાના છે તે જીવની શક્તિથી દૂર થતાં નથી, પણ પ્રિય પ્રભુના સામર્થ્યથીજ થાય છે તેટલા માટે પ્રભુનો આશ્રય સેવા-સ્મરણ વિગેરે અલૌકિક સાધનો દ્વારા કરવો જોઈએ. પ્રભુની સન્મુખ અલૌકિક સાધનો દ્વારા રહેવાથી પ્રભુનું સામર્થ્ય આપણને પ્રાપ્ત થાય છે, અને આ સામર્થ્યથી ભૌતિક અધ્યાસો દૂર કરી શકાય છે. જેમ સૂર્યની સન્મખ રહેવાથી સૂર્યનો તાપાત્મક ગુણ આપણને તપાવે છે, તેમ પ્રભુની સન્મુખ રહેવાથી પ્રભુનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. પ્રભુમાં સામર્થ્ય દિવ્ય પ્રેમનું છે. તે આગળ કહેવામાં આવશે.

હવે ભૌતિક અધ્યાસને સત્વરે દૂર કરવામાં જે અસાધારણ સાધન છે તેનો વિચાર કરીએ 'અસાધારણ' એટલે તેની સમાન બીજુ કોઈ સાધન ન હોય તેને 'અસાધારણ' કહેવાય છે, પ્રભુ પ્રાપ્તિ માટે આવું અસાધારણ સાધન શ્રીસર્વોત્તમ સ્તોત્ર છે. શ્રી ગોકુલેશપ્રભુ પ્રભુ પ્રાપ્તિ માટે શ્રી સર્વોત્તમજીના ગુણગાનને અસાધારણ સાધન કહે છે, શ્રી સર્વોત્તમજીના સતત પાઠ રૂપી ગુણગાન કરવાથી દેહ, પ્રાણ, ઈન્દ્રિયો, અન્તઃકરણ અને જીવાત્મામાં રહેલા સમસ્ત પ્રાકૃત અધ્યાસો સત્વરે નિવૃત્ત થઈ જાય છે, અને સ્વારથ વગરનો સ્નેહ પણ પ્રભુમાં પ્રકટ થઈ જાય છે. દિવ્ય તત્સુખી સ્નેહ પ્રકટ થવામાં જેટલા પ્રતિબંધો છે તેનો મૂળમાંથી નાશ થઈ જાય છે. કારણકે શ્રી સર્વોત્તમજીના 108 નામ અલૌકિક અગ્નિરૂપ છે તેથી પ્રતિબંધોને સત્વરે ભસ્મ કરે છે. જેમ માન-મદથી પ્રભુ તિરોહિત થયા પછી ગોપીજનોએ તાપાત્મક પ્રણયરસ ભર્યું ગોપી ગીત ગાયું અને તેથી પ્રભુ તેમની મધ્યમાં પ્રકટ થઈ ગયા, તેમ શ્રી સર્વોત્તમ સ્તોત્રનું ગાન કરવાથી સમસ્ત પ્રતિબંધો સત્વરે દૂર થઈ જાય છે અને પ્રભુની પ્રાપ્તિ કરાવે છે. માટે શ્રીસર્વોત્તમજીના પાઠ રૂપી ગુણગાનમાં અવશ્ય આગ્રહ રાખવો.

શ્રી સર્વોત્તમજીમાં શ્રી હરિરાયપ્રભુને ઈષ્ટ ભાવ હતો. શ્રી હરિરાયપ્રભુએ અહોરાત્રી ત્રણ દિવસ શ્રી સર્વોત્તમજીનો પાઠ કરેલો અને તેથી શ્રીવલ્લભ વિઠ્ઠલનો સાક્ષાત અનુભવ કર્યો છે. આ અનુભવ કર્યા પછી શ્રી સર્વોત્તમજીના મહિમાને જણાવવા માટે એક પદ આપશ્રીએ ગાયું છે તે પદ નીચે મુજબ છે-

કરીયે સર્વોત્તમ રસ પાન,
જાકી મહિમા કહાલો બરનો,
શ્રી મુખ કરત બખાન
અતિશય કરૂણા કર યા કલિમે,
કર્યો પુષ્ટિ જીવનકો દાન,
અર્ધ નિમિષકો વિલંબન કરીયે,
અબ આઈ સુખ ખાન
એક એક અક્ષર હૈ અધરામૃત,
ગુપ્ત રીત ગુણગાન,
'રસિકદાસ'ઈનકે રંગ રંગ્યો
સો હે ભક્ત નિધાન.

'શ્રીમુખ કરત બખાન'એટલે શ્રીજી સ્વરૂપ શ્રીગુસાંઈજી આ શ્રીસર્વોત્તમ સ્તોત્રના અપાર મહિમાને વખાણી રહ્યા છે. શ્રીજી સ્વરૂપ શ્રી ગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીના અપાર મહિમા વાળા સ્વરૂપનો જે અનુભવ કર્યો છે, તેને શ્રી સર્વોત્તમજી દ્વારા પ્રકટ કર્યો છે. તેથી શ્રીહરિરાયજી ઉપરના પદમાં કહે છે કે, જે શ્રીસર્વોત્તમજીના ગુણગાનમાં રંગાઈ ગયો છે તેવો ભક્ત મહાભાગ્યવાન છે. ઉપરનું પદ શ્રી હરિરાયપ્રભુએ શ્રી મહાપ્રભુના સ્વરૂપનો અનુભવ થાય તે માટે દયાળુ શ્રીહરિરાયપ્રભુએ તેનો મહિમા જણાવતા પદમા વર્ણન કરેલું છે. તેથી શ્રીવલ્લભપદ કમલના અનુરાગી ભાગ્યવાન જનોએ શ્રીસર્વોત્તમજીમાં ઈષ્ટભાવ રાખી શ્રી સર્વોત્તમજીનું ગુણગાનમા વેણુગીત, ગોપીગીત, યુગલગીત, અને ભ્રમરગીતનો તેમજ અષ્ટસખાઓએ પ્રભુની લીલાઓનું જે ગાન કરેલું છે તેનો પણ

સમાવેશ શ્રી સર્વોત્તમજીના ગુણગાનમાં થઈ જાય છે વળી આટલું જ નહી પરન્તું **'લીલા ધામમાં રાસ સમયે શ્રી સ્વામિનીજીઓ રસના આવેશથી જે મધુર ગાન કરે છે તેનો પણ સમાવેશ શ્રી સર્વોત્તમજીમાં થઈ જાય છે.'**તેથીજ શ્રી હરિરાયપ્રભુ ઉપરના પદમાં કહે છે કે શ્રીસર્વોત્તમજીના મહિમાનું વર્ણન હું ક્યાં સુધી કરૂં ? અને શ્રીગોકુલેશ પ્રભુ પણ તેથીજ શ્રી સર્વોત્તમજીના ગુણગાનને પ્રભુ પ્રાપ્તિનું અસાધારણ સાધન કહે છે.

નામ-સ્મરણ મહિમા

- પ. ભ. મધુકર

વૈષ્ણવોને પ્રભુ પ્રાપ્તી કરવી આ એકજ ધ્યેય હોય છે. પ્રભુ પ્રાપ્તી માટે સેવા ! વિગેરે સાધનો કરવાના હોય છે. આ સાધનો સતત ન થાય તો પ્રભુ પ્રાપ્તિ થતી નથી. સેવા સતત થઈ શકે નહી, સત્સંગ સતત બની શકે નહી, તેમજ આજના સમયમાં સત્સંગ ગોત્યોય પણ મળે તેમ નથી, વળી ગ્રંથનું શ્રવણ સતત બને નહી. આ બધાંય સાધનો જેમ પ્રભુ પ્રાપ્તિ કરાવનારાં છે તેમ અષ્ટાક્ષરનું સ્મરણ પણ પ્રભુ પ્રાપ્તિ કરાવનાર છે. બીજાં સાધનો સતત ન બને પરંતુ નામ સ્મરણ તો સતત થઇ શકે તેવું છે. વળી સહેલું છે, કોઇ પ્રકારનો શ્રમ નથી, સત્સંગ ખોજવાની જરૂર નહી, ગ્રંથ વાંચવાની જરૂર નહી, ફક્ત નામના સતત સ્મરણથી પ્રભુ પ્રાપ્તિ થઇ જાય તેવી કૃપા શ્રીમહાપ્રભુજીએ કરી રાખી છે. નિશ્ચયપૂર્વક સતત નામ સ્મરણ થતાં જીવનનો પલટો થતો જશે.

નામ સ્મરણરમાં જ નિશ્ચય કરવો. ભગવદ્ નામજ મારૂં સર્વસ્વ છે તેમ નિશ્ચય કરી સતત સ્મરણ કરવાથી નામમાં "વાલમ"વસી જાય છે, એટલે કે પ્રભુનો અનુભવ થવા લાગે છે. આ પ્રકારે નિશ્ચય જે કરતા નથી તેને ભટકન પણ મટતી નથી. "કૃષ્ણનામ માહાત્મ્ય માધુરી"પુસ્તક જ્યારે જ્યારે નામ સ્મરણમાં ભાવ શીથીલ થાય ત્યારે વાંચી જવું, તેથી નામ સ્મરણમાં શ્રદ્ધા, વિશ્વાસ અને ભાવ દ્રઢ બનતો જશે.

નામને જ્યાં સુધી સર્વસ્વ ન માનીએ ત્યાં સુધી કંઇ અનુભવ થતો નથી, સર્વસ્વ માનીને સ્મરણ કરવાથીજ અનુભવ થાય છે નામમાં સ્વરૂપ રહેલું છે, તેથી નામનું

સ્મરણ પરમ આદરથી થવું જોઇએ. પરમ આદરથી સતત નામનું સ્મરણ થવાથી પ્રભુની પ્રસન્નતા થાય છે અને નામમાંથી પ્રભુ પ્રગટ થઇ સાક્ષાત અનુભવ પણ કરાવે છે. ભવસાગર તરવા માટે શ્રી મહાપ્રભુજીએ નામરૂપી નાવ આપ્યું છે. આ નાવને પ્રભુ ખુદ ચલાવે છે. આ નામરૂપી નાવને પ્રભુ ન ચલાવે તો પ્રભુના ધામમાં પહોંચી ન શકાય. વચમાંજ નાવ-લંગરાઇ જાય. માયા મોહના ખડકો સાથે અથડાય જાય તો ગાબડું પડે અને નાવને તળીએ બેસારી દે.

તે માટે પ્રભુ ખુદ નામ રૂપી નાવ શ્રી મહાપ્રભુજીની કૃપાએ મલ્યું છે. જેનું ભાગ્ય ખુલ્યું હોય છે તેને આમાં શ્રદ્ધા વિશ્વાસ થાય છે અને નામરૂપી નાવ ઉપર ચઢીને ભવસાગરથી પાર થઇ જાય છે. નામમાં બધાં સુકૃતોનો સમાવેશ છે. અથવા અનેક સુકૃતો કર્યા પછી પ્રભુ જ્યારે કૃપા કરે ત્યારે નામનું માહાત્મ્ય સમજાય છે, અને નામને સર્વસ્વ માની સતત તેનું સ્મરણ થાય છે. જેણે સતત નામ સ્મરણ કરવાનો નિશ્ચય કર્યો તેને પછી સત્સંગની જરૂર કેમ રહે ? સત્સંગ કરવાનો સમય સ્મરણથી જેમ જેમ હૃદય શુદ્ધ થતું જશે તેમ તેમ પ્રભુ નામ સ્વરૂપ દ્વારા અનેક અનુભવ કરાવતા રહેશે.

પ્રણય પથિકોકી મંજિલ

લેખક : **મધુકર**

કુરબાની જાન તુમ પર નિછાર કરતે હે ।
હમ તુમ્હે દેખી વલ્લભ જીયા કરતે હે ।।
પ્રેમ વેલી કો પાની દીયા કરતે હે ।
કબ પકેગી યહ કલી તકા કરતે હે ।।
હરદમ તુમ્હારે હી ચરણોકા ધ્યાન કીયા કરતે હે ।
મદમસ્ત ગજરાજ જીમ ચુવા કરતે હે ।।
કોઇ પૂછે આકર મસ્ત ક્યા કરતે હે ।
આગે કી મંજિલ સાફ કીયા કરતે હે ।।

દિવ્ય પ્રેમ જે ક્ષણે પ્રગટ થાય છે તેજ ક્ષણે પ્રણયપથિકના પ્રાણની ન્યોછાવરી પ્રિય પ્રભુના સ્વરૂપમાં થઇ જાય છે. કારણકે દિવ્ય પ્રેમ પ્રાણહર છે. હવે આ પ્રેમીનું જીવન પ્રિયતમના રૂપામૃત પાન વિના નભી શકે તેમ નહિ હોવાથી અર્થાત પ્રિય પ્રભુજ પ્રાણ (જીવન) રૂપ બનેલ છે તેથી હરદમ પ્રિયના મુખ વિધુ લાવણ્ય સુધાપાનથી જીવન નભાવે છે અને પ્રિયમાં અંકુરીત થયેલો પ્રેમ વેલી રૂપ ધારણ કરે છે. તે વેલીનું પોષણ પ્રિયમાં ઉત્પન્ન થયેલા પ્રેમ રૂપી જલથી થાય છે. એટલે લાવણ્યામૃત સુધાના પાનથી તે વેલીનું પોષણ થાય છે. સુધાથી પોષાયેલી આ વેલી લીલા ધામમાં પહોંચે છે.

"કબ પકેગી યહ કલી"તેનો અર્થ સર્વાત્મભાવ છે. સર્વાત્મભાવનો અર્થ આ પ્રણય પથિક પોતાને ભૂલિને પ્રિય પ્રભુ રૂપ બની ગયેલ છે. બાહિર ભીતર સર્વત્ર તેને પ્રિય પ્રભુ જ દેખાય છે. એટલું જ નહી પરન્તુ તેની જ્યાં દ્રષ્ટિ પડે છે ત્યાં પ્રિયતમના કોટિ સ્વરૂપોને પ્રગટ કરી પ્રિયમય સૃષ્ટિનું નૂતન પ્રકારે નિર્માણ કરે છે. આ સર્વાત્મભાવનો મહિમા અચિન્ત્ય અનિર્વચનીય છે. આવો સર્વાત્મભાવ સિદ્ધ થાય તેને કલી પકી કહેવાય છે.

"હરદમ તુમ્હારે હી ચરણો કા ધ્યાન કીયા કરતે હૈ" તેનો ભાવાર્થ પ્રભુના ચરણ લીલાધામ રૂપ છે. આ પ્રેમીને પ્રિય પ્રભુના સ્વરૂપનું લીલાધામનું લીલાધામના દિવ્ય પરિકરનું અને પોતાના પણ દિવ્ય સ્વરૂપનું જ્ઞાન થયેલું હોય છે તેથી તેનું નિરંતર ધ્યાન કરતો હોય છે.

"મદમસ્ત ગજરાજ જીમ ચુવા કરતે હૈ."તેનો ભાવાર્થ મદઝરતો હાથી. હાથીના મસ્તકમાંથી મદ ઝરે છે. મદના ભરથી ઉન્મત બની જાય છે. મદના નશામાં ચકચુર રહે છે. તેમ પ્રણય પથિકને પ્રેમ રૂપામૃત સુધાનો નશો ચડી જાય છે. તે નિઃશંક નિર્ભય બની જાય છે. તેને કોઇ પૂછે કે અરે મસ્ત, તું આ શું કરે છે ? તો કહે છે કે "આગે કી મંજિલ સાફ કીયા કરતે હે." "આગેકી મંજિલ" પ્રિયતમના ધામમાં પહોંચવાના માર્ગને સાફ કરે છે. મંજિલ સાફ કરવાનો એક પ્રકાર નિરંતર પ્રિય પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવું, અને બીજો પ્રકાર પ્રિયતમના સ્વરૂપ લાવણ્યામૃત સુધા પાનના ભાવ સિવાય

અન્ય બીજા ભાવોને હ્રદયમાં આવવા ન દેવા તેને પણ મંજિલ સાફ કરવાનું કહેવાય છે. પ્રણયમાર્ગીયને પોતાના પ્રિય સિવાય અન્ય રંચક સંબંધ રહે તો તેનો પ્રેમ કલંકીલ બની જાય છે. દિવ્ય પ્રેમની શિખર કોટિ એ છે કે આ પ્રેમી પોતાની દુનિયા પ્રિયપ્રભુમય નિરત્વી જ બનાવે. સ્થાવર જંગમમાં પોતાના પ્રિય વિના બીજુ કંઈજ ન હોય તેવી પ્રિયતમ નિરાલી દુનિયાનું તેને સર્જન કરવું છે. એને પણ મંજિલ સાફ કરવાનું કહેલ છે.

"પ્રણય"શબ્દનો ભાવાર્થઃ સ્નેહ-વિરહ અને દીનતા ઓતપ્રોત મળેલા રહે તે પ્રણય શબ્દનો ભાવાર્થ છે.

"પ્રિયતમ"શબ્દનો ભાવાર્થઃ પ્રિય અને તમ 'તમ'ને અંધકાર પણ કહેવાય છે. ગાઢ અંધકારમાં જેમ અંધકાર સિવાય બીજુ ન દેખાય તેમ પ્રેમીજન પ્રિય પ્રભુના સૌન્દર્યામૃતપાનથી પ્રિયતમ બની ગયેલ છે, પ્રિય સિવાય કાંઈ દેખાતું નથી તે "પ્રિયતમ" શબ્દનો ભાવાર્થ છે. આ સિવાય પ્રિયતમ શબ્દના બીજા ભાવો પણ હોઈ શકે. 'પ્રિયતમ'શબ્દનો ભાવાર્થ સર્વાત્મભાવમાં પણ ઘટી શકે છે. 'તમ'શબ્દનો ભાવાર્થ પરમાનંદદાસજીના એક પદમાં ઘટી શકે છે-

- પદ -

કેશે કીજે વેદ કહ્યો,
હરિ મુખ નિરખત વિધિ નિષેધકો,
નાહીન ઠોર રહ્યો ।।1।।
દુઃખકો મૂલ સ્નેહ સખીરી,
સો ઉર પેઠ રહ્યો ।
"પરમાનંદ"પ્રેમ સાગરમેં પર્યો,
સો લીન ભયો ।।2।।

જેમ સાગરમાં ડૂબેલાને પોતાનું અને જગતનું ભાન હોતું નથી, તેમ પ્રિયતમના

લાવણ્યામૃત સાગરમાં ડૂબેલા પ્રણય પથિકને પ્રિયતમ સિવાય કાંઈ બીજુ દેખાતું નથી તેને પણ તમ શબ્દના ભાવાર્થ માં ઘટાવી શકાય.

-૫૬ –

ગૌર શ્યામ વદનારવિંદ પર,
જીસકો વીર મીચલતે દેખા ।
નેન બાન મુશ્કયાન મંદ પર,
ઈનકો ફીર સંભલકે ન દેખા ।।
"લલિત કિશોરી"યુગલ ઈશ્કમેં,
બહોતનકે ઘર ઘરમેં દેખા ।
ડૂબા પ્રેમ સિન્ધુ મેં કોઈ,
હમને ફીર ઉછલતે ન દેખા ।।

"ઉછલતે ન દેખા"અને "પ્રેમ સિન્ધુમેં ડૂબા"આ વાક્યો પણ તમ શબ્દના ભાવાર્થમાં ઘટી શકે છે. બાકી તો દિવ્ય પ્રેમનો અચિન્ત્ય મહિમા છે. અલ્પ મતિ લેખક તેને શું સમજી શકે ? અને કેટલો ધારણ કરી શકે ?

આશ્ચર્ય થાય છે કે અચિન્ત્ય મહિમા વાળા દિવ્ય પ્રેમ રાજ્યમાં એક સમય નિવાસ કરતો દૈવીજીવ ભૂતલમાં આવીને માયાના વિવિધ પ્રલોભનોમાં ફસાઈને પોતાનું અનમોલ દૈવી જીવન વેડફી રહ્યો છે. આ એક અંધકાર છે. આવા અંધકારને શ્રીવલ્લભભાનું વિના કોણ દૂર કરી શકે તેમ છે ?

લેખક:-**શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ**

દિવ્ય પ્રેમ સ્વરૂપના સાક્ષાત્કારની સાધનામાં એકજ સ્થાનમાં રહેવાનું હોય છે. અને સર્વ ત્યાગ પૂર્વક વિરહના અનુભવમાં સ્થિત રહેવાનું હોય છે. એક સ્થાન છોડીને બહાર

વિચારવાથી બીજી પ્રવૃત્તિઓ ભળી જવાથી મન અસ્થીર બની જાય છે. પ્રેમ સ્વરૂપ પ્રભુના સાક્ષાત્કારમાં એકાન્ત અને એકાગ્રતાની અતિ આવશ્યક્તા છે. એકાન્તથી ચિત્તની સ્થિરતા થાય છે, મન અને ચિત્તનો ધ્યેય સ્વરૂપમાં પ્રવેશ થતાં પ્રાકૃત દેહ, દેહના સંબંધીઓ અને પાકૃત જગતના પ્રપંચનું વિસ્મરણ થઇ જાય છે. અને દૈવી જીવ નિરાવરણ બની જાય છે.

"નિરાવરણ"એટલે ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યા જનીત પ્રપંચ નિવૃત્ત થઇ જાય છે. આ સમયે તેના હૃદયમાં દિવ્ય પ્રેમ સ્વરૂપ પ્રભુનો લીલા ધામ સહિત પ્રાદુર્ભાવ થાય છે. પ્રભુનો હૃદયમાં પ્રાદુર્ભાવ થતાં તેનું જીવન અલૌકિક બની જાય છે. પ્રાકૃત દેહના બંધનમાંથી મુક્ત થઇ પોતાના અલૌકિક-દિવ્ય-આત્મ સ્વરૂપમાં સ્થિત થઇ જાય છે. તેનું જગત અલૌકિકતાના રૂપમાં પલટાઇ જાય છે. પહેલાં પ્રાકૃત દશામાં પ્રાકૃત જગત પ્રપંચનો તેને સંબંધ હતો તે પ્રપંચ નિવૃત્ત થવાથી હવે અલૌકિક લીલા જગત પ્રપંચનો સર્વત્ર તેને અનુભવ થાય છે. આ કક્ષાએ પહોંચવા માટે એકાન્ત અને એકાગ્રતાથી ધ્યેય સ્વરૂપમાં મન ચિત્તને સ્થીર કરવાની અતિ આવશ્યક્તા છે. આત્માના દ્વારને ખોલી નાખનારી આ સાધના છે. "આત્માનું દ્વાર"એટલે લીલા ધામનું દ્વાર સમજવું, પ્રભુ આપણા આત્મામાં આત્મારૂપે બિરાજી રહ્યા છે. અને જ્યાં પ્રભુ બિરાજતાં હોય ત્યાં લીલા ધામ હોયજ. તેથી લીલા ધામના દિવ્ય પરિકર સહિત લીલા ધામ પ્રગટ થઇ જાય છે. તેનું નામ 'આત્માનું દ્વાર ખુલી જવું' કહેવાય છે. પ્રભુ આપણી ભિતરજ બિરાજતા હોવા છતાં. જેમ મંદિરોમાં શ્રીઠાકોરજી બિરાજતા હોય છે ત્યાં ટેરો લાગેલો હોય ત્યાં સુધી દર્શન થતાં નથી. ટેરો સરકી જતાં દર્શન થાય છે, તેમ માયાનો ટેરો લાગેલો હોવાથી દર્શન થતાં નથી. આ માયાનો ટેરો ઉપરોક્ત સાધનાથી સરકી જાય છે, ત્યારે આત્માનું દ્વાર ખુલી જાય છે.

પ્રેમ સ્વરૂપ પ્રભુનો સાક્ષાત્કાર કરવાની સાધનાની ઉપરોક્ત જે શૈલી જણાવી છે તે શ્રુતિરૂપા શ્રી ગોપીજનોએ દિવ્ય પ્રેમ સ્વરૂપ પ્રભુના પ્રાગટ્ય પહેલાં સાક્ષાત્કારની જે સાધના કરી છે તેજ શૈલી ઉપરના પ્રકારથી જણાવી છે.

સાધનાનો પ્રકાર- હવે શ્રીગોપીજનોએ કરેલી સાધનાને અહીં વિચારીએ. શ્રીહરિરાય પ્રભુ "સ્વમાર્ગીય ભાવના સ્વરૂપ નિરૂપણ" । નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે કે- "આત્મ સમર્પણ કરેલા પુષ્ટિ માર્ગીય દૈવી જીવોએ હંમેશા સ્વમાર્ગીય ભાવના અવશ્ય કરવી. કારણ કે પુષ્ટિમાર્ગ ભાવ પ્રધાન છે. માટે ભાવનાનો પ્રકાર અહીં જણાવવામાં આવે છે."

"આત્મ સમર્પણ" એટલે બ્રહ્મસંબંધ સમયે નિત્ય લીલાસ્થ દિવ્ય પ્રેમ સ્વરૂપ પ્રભુને પોતાનું સર્વસ્વ સમર્પણ કરવામાં આવ્યું છે તેને આત્મ સમર્પણ કહેલ છે. તેની ભાવના કરવાની શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે. આ ભાવના ત્રણ પ્રકારની છે. (1) સ્વરૂપ ભાવના (2) લીલા ભાવના અને (3) ભાવ ભાવના. આ ત્રણ ભાવનામાં પ્રથમ સ્વરૂપ ભાવના કરવાની હોય છે.

પ્રભુ સ્વરૂપ ચિંતન- પ્રથમ દશામાં જે દૈવી જીવોએ દિવ્ય પ્રેમ સ્વરૂપ નિત્ય લીલાસ્થ પ્રભુનો કંઇ પણ અનુભવ કર્યો નથી, પ્રભુના સ્વરૂપનું માત્ર શ્રવણ કરેલું છે કે દિવ્ય પ્રેમ સ્વરૂપ આવા પ્રકારનું છે, તેવા દૈવી જીવોએ જેમ યોગી લોકો આત્માનું ચિન્તન કરે છે તેમ પ્રેમ સ્વરૂપ પ્રભુના સ્વરૂપનું ચિન્તન કરવું. યોગીઓના ચિન્તનમાં અને પુષ્ટિમાર્ગીય દેવી જીવોના ચિન્તનમાં એટલો ફરક છે કે યોગીઓને પ્રભુના દર્શન ન થવાથી જે તાપ-કલેશ થવો જોઇએ તે હોતો નથી, જ્યારે પુષ્ટિમાર્ગીય ભક્તો તો ભક્તિ માર્ગીય હોવાથી તાપ કલેશ સહિત દિવ્ય પ્રેમ સ્વરૂપ પ્રભુનું ચિન્તન કરે છે. આવા પ્રકારનું દિવ્ય પ્રેમ સ્વરૂપ પ્રભુના સાક્ષાત્કાર માટેનું ચિન્તન અથવા સ્વરૂપ ભાવન કોણે કર્યું ? તેનું પ્રમાણ શ્રી હરિરાય પ્રભુ શ્રુતિરૂપા ગોપીજનોનું આપે છે. આ શ્રુતિરૂપા ગોપીજનોએ દિવ્ય પ્રેમ સ્વરૂપ પ્રભુના સાક્ષાત્કાર માટે જે સાધના કરી છે તે નીચે મુજબ છે-

શ્રુતિરૂપા ગોપીજનોની સાધના- આ શ્રીગોપીજનો પહેલાં શ્રુતિ અવસ્થામાં હતા, તે સમયે રસો વૈ સઃ પુષ્ટિ પ્રભુના સ્વરૂપ યશનું તેઓ ગાન કરતા હતા. આ ગાનથી તેમને

પુષ્ટિ પ્રભુના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન થયું. અને જ્ઞાન થવાથી દિવ્ય પ્રેમ સ્વરૂપ પુષ્ટિ પ્રભુના સાક્ષાત દર્શનની આર્તિ જાગૃત થઇ ગઇ. આ આર્તિથી પ્રભુએ કૃપા કરીને પોતાના દિવ્ય પ્રેમ સ્વરૂપના લીલાધામ અને લીલાધામના દિવ્ય પરિકર સહિત દર્શન કરાવ્યાં. (જેમ શ્રુતિઓએ "રસૌવૈસઃ") દિવ્ય પ્રેમ સ્વરૂપનું તાપ ભાવ પૂર્વક ગાન કર્યું અને તેથી પ્રભુ પ્રસન્ન થઇને પોતાના નિત્ય લીલા સ્વરૂપના અને લીલાધામના દિવ્ય પરિકર સહિત દર્શન કરાવ્યાં તેમ જેમાં રસો વૈ સઃ પ્રભુની સમસ્ત લીલાઓનો સમાવેશ થયેલો છે તેવા શ્રી સર્વોત્તમ સ્તોત્રના ગુણગાનથી શ્રુતિઓના જેવોજ અનુભવ થાય છે. આ અનુભવને શ્રીહરિરાય પ્રભુએ "ભોર ભયો ભાવસોં, લે શ્રીવલ્લભ નામ" આ પદની નીચેની બે પંક્તિઓથી જણાવેલો છે-

હરિવશ છિનહીમેહો,
સ્ફુરત સગરો ભક્તિ મારગ ।
રૂપ હૃદય વસે ઓર,
રસ સમૂહ ધામ ।।

"રસ સમૂહ ધામ" એટલે લીલાધામ. આ લીલાધામ અને લીલાધામના દિવ્ય પરિકર સહિત દિવ્ય પ્રેમ સ્વરૂપ પ્રભુ સર્વોત્તમજીનું યશોગાન કરનાર ભક્તના હૃદયમાં પ્રગટ થઇ જાય છે. આ કથનનની સંગતિમાં – સુ. 3-9-30-31-32-39-40 શ્લોકમાં અવલોકવું. તેમજ શ્રી "વૈશ્વાનરાષ્ટક" નામના સ્તોત્રમાં શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે- "શ્રી વૈશ્વાનર વલ્લભ પ્રભુ, નિત્ય લીલાસ્થ શ્રીહરિના ભાવાત્મક સ્વરૂપને, લીલા ધામના સમગ્ર વિહારોને અને લીલા પરિકર પશુ-પક્ષી સહિત સમસ્ત લીલા સામગ્રીને કૃપા ભરી દ્રષ્ટિ માત્રથીજ અહીં ભૂતલમાં નિજ્જનોને હૃદયમાં અને બહાર પ્રગટ કરે છે.

શ્રુતિઓને વરદાન- ઉપર જણાવ્યા પ્રમાણે શ્રુતિઓને પોતાના નિત્યલીલાસ્વરૂપના દર્શન કરાવ્યા પછી શ્રુતિઓને પ્રભુએ આજ્ઞા કરી કે તમારા આર્ત ગુણગાને કરીને હું પ્રસન્ન થયો છું, તમે વરદાન માગો. ત્યારે શ્રુતિઓએ પ્રભુને પ્રાર્થના કરી કે આપ પ્રસન્ન થઇને 'વર' આપો છો. તો આપ જે સ્વરૂપથી લીલા ધામના પરિકરને રમણનુંસુખ

આપો છો તેવો અનુભવ અમને થાય એવી કૃપા કરો. શ્રુતિઓની આવી યાચનામાં પોતાના સુખની ઉપાધી હોવાથી પ્રભુએ આજ્ઞા કરી કે તમારો આ મનોરથ સિદ્ધ થવો દુર્લભ છે. છતાં મેં વરદાન આપવા સંકલ્પ કર્યો છે તો આ સારસ્વત કલ્પમાં હું ભૂતલ વ્રજમંડળમાં પ્રગટ થઇ તમારો મનોરથ સિદ્ધ કરીશ. આ વરદાન પ્રાપ્ત કર્યા બાદ શ્રુતિ રૂપાઓ ગોપી રૂપે વ્રજમાં પ્રગટ થયાં, અને જે સ્વરૂપના લીલા લોકમાં તેમણે દર્શન કરેલા તેનું વિરહ ભાવ પૂર્વક ધ્યાન કરવા લાગ્યાં. આ વિરહભાવની સાધનામાં તેમણે મન-ચિત્તની એકાગ્રતા કરી છે. એટલુંજ નહીં પરન્તુ પોતાનો દેહ, દેહના સંબંધી, સંસાર અને જગતમાંથી રાગને ખેંચીને ધ્યેય સ્વરૂપમાં જોડેલો છે.

"ભક્તિ વર્ધિની" ગ્રંથમાં આપશ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુમાં સ્નેહ ત્યારેજ પ્રગટ થાય છે કે જ્યારે પ્રભુ સ્વરૂપ સિવાય અન્ય સર્વમાંથી રાગ-સ્નેહ નીકળી જાય. આપે આ આજ્ઞા જેકરી છે તે શ્રુતિરૂપા ગોપીજનોની ઉપરોક્ત સાધનાની સંગતિથી કરેલી છે. સર્વમાંથી સ્નેહ ખેંચીને ત્યાગ-વૈરાગ્ય પૂર્વક શ્રીગોપીજનોએ સતત સ્વરૂપનું ધ્યાન કર્યું છે. આ ધ્યાન તાપ ભાવપૂર્વકનું હોવાથી તેમનામાં જે પ્રભુથી સુખ લેવું છે એવી સ્વ-સુખની ભાવના જે હતી તે નિવૃત્ત થઇ ગઇ, અને પ્રભુના જ સુખનો સહજ સ્નેહ તેમનામાં પ્રગટ થઇ ગયો. દિવ્ય પ્રેમની મહાનતાનું તેમને જ્ઞાન થયું કે દિવ્ય પ્રેમ તેને જ કહેવાય છે કે જેમાં પ્રિયતમના સુખનોજ વિચાર હોય. આવું જ્ઞાન પ્રાપ્ત થવાથી હવે તેઓને તત્સુખીપ્રભુના સુખવાળા સ્નેહથી એ આર્તિ પ્રગટ થઇ ગઇ કે પ્રભુ ક્યારે પ્રગટ થાય અને આપને રમણનું અમે સુખ આપીએ ! પહેલાં પ્રભુથી પોતાના સુખથી ઇચ્છાવાળો સ્નેહ હતો, તે વિરહભાવ પૂર્વક સતત સ્વરૂપ ધ્યાન કરતા રહેવાથી શ્રીવલ્લભના તાપાત્મક સ્વરૂપે તેમના સ્નેહને શુદ્ધ-નિર્ગુણ-તત્સુખ ભાવવાળો બનાવી દીધો. પ્રભુના સુખની ભાવનાવાળા સ્નેહમાં પ્રભુને સુખ આપવાથી જ ભક્તને પોતાને સુખ થાય છે. આવો પ્રભુના સુખની ભાવનાવાળો સ્નેહ તેમનામાં પ્રગટ થઇ ગયો અને તે સ્નેહ સ્વરૂપજ તેમના હૃદયમાં પ્રગટ થયું.

આ કથનની સંગતિમાં શ્રી વિઠ્ઠલેશ્વર પ્રભુકૃત "પ્રેમામૃતરસાયન" ગ્રંથની ટીકામાં

"પ્રેયસી પ્રેમ સંચય" આ નામની વ્યાખ્યા અવલોકવી. આ સ્નેહ સ્વરૂપ પ્રભુ તેમના હૃદયમાં પ્રગટ થવાથી ભૌતિક દેહ સાથેની અહંતા મમતાત્મક ગ્રંથી ભેદાઇ ગઇ. ભિદ્યતે હૃદય ગ્રંથીઃ । છિદ્યન્તે સર્વ સંશયાઃ । ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ મયિ દ્રષ્ટે ખિલાત્મનિ ।। (ભાગવત 11-20-30) એટલે કે અવિદ્યાથી તેઓ મુક્ત થઇ ગયાં. તેથી શ્રી મહાપ્રભુજી શ્રી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે આ શ્રી ગોપીજનો નંદાલયમાં પ્રગટ થયેલા પ્રિય પ્રભુનાં દર્શન કરવા જાય છે ત્યારે આત્માના શૃંગાર કરીને ગયા છે. દેહના શૃંગાર નહી. પ્રભુ પ્રગટ થયા પહેલાની શ્રીગોપીજનોની વિરહાત્મક સાધનાએ તેમના આત્માનું દ્વાર ખોલી નાખ્યું. એટલે કે વિરહાત્મક સાધનાથીજ શ્રી ગોપીજનોએ પોતાના અલૌકિક આત્મા સ્વરૂપનો અનુભવ કર્યો છે. પોતાના હૃદયમાં પ્રગટ થયેલા સ્નેહ સ્વરૂપનું શ્રી ગોપીજનોએ નંદાલયમાં પ્રગટ થયેલા સ્નેહભાવ સ્વરૂપવનોજ અનુભવ કર્યો છે. મથુરાથી વસુદેવજી જે સ્વરૂપને નંદાલયમાં પધરાવી ગયા તે તો વેદ પ્રસિદ્ધ મર્યાદા પુરૂષોત્તમ છે. શ્રી ગોપીથવાથી જનોના અનુભવનું તે સ્વરૂપ નથી. પરન્તુ પોતાના સ્નેહ ભાવાત્મક સ્વરૂપનું નંદાલયમાં પ્રગટ થયેલા સ્વરૂપમાં ભાવાત્મક પ્રકારે સ્થાપન કરી તે સ્નેહ સ્વરૂપનેજ બાલલીલાથી શરૂ કરીને મહારસ સુધી અનુભવ કર્યો છે. આ જ પ્રકારે આપણા માથે બિરાજતું સેવ્ય સ્વરૂપ તે આપણાજ સ્નેહભાવનું સ્વરૂપ છે.

પ્રભુનો સાક્ષાત્કાર વિરહના અનુભવ વિના થતો નથી અને વિરહના અનુભવમાં પ્રિય પ્રભુ સિવાય સર્વ ત્યાગ કરી નિરંતર પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરી આપની સન્મુખ રહેવાનું હોય છે. તે વિના સાક્ષાત્કાર થતો નથી. અને નિત્યલીલાસ્થ દિવ્ય પ્રેમ સ્વરૂપના સાક્ષાત્કાર વિના દૈવી જીવનની સાર્થકતા માની શકાતી નથી.

દિવ્ય પ્રેમસ્વરૂપના સાક્ષાત્કારની સાધના

- પ.ભ. શ્રી વલ્લભ પાદપદ્મ મિલિન્દ

ગ્રંથ શ્રવણ અને સત્સંગ-

ગ્રંથ શ્રવણ અગર સત્સંગ ક્યાં સુધી કરવાની જરૂર છે કે જ્યાં સુધી આપણો જે પ્રભુ સાથે બ્રહ્મસંબંધ દ્વારા સંબંધ થયો છે તે પ્રિય પ્રભુના સ્વરૂપનું જ્ઞાન ન થયું હોય, અને આપણા પોતાના પણ અલૌકિક સ્વરૂપનું જ્ઞાન ન થયું હોય – ત્યાં સુધી જ ઉપરની બન્ને બાબતોની જરૂર છે. પ્રિય પ્રભુના અને આપણા દિવ્ય સ્વરૂપનું જ્ઞાન, પ્રિય પ્રભુની પ્રાપ્તિના સાધનનું જ્ઞાન, અને પ્રભુ પ્રાપ્તિમાં પ્રતિબંધોનું જ્ઞાન-આમ ત્રણ પ્રકારના જ્ઞાનને શ્રવણમાંથી મેળવી લીધા પછી પ્રભુના સાક્ષાત્કાર માટે શ્રવણનો અને સત્સંગનો આગ્રહ છોડી શ્રુતિઓએ જેમ સાધના કરી તેમ સતત સ્વરૂપ ધ્યાન અને આપનું ગુણગાન કે નામ સ્મરણ સ્વરૂપ ધ્યાન સાથે કરવાનું હોય છે.

મામેંક શરણં વ્રજ –

ભાગવત 11-12-14*15 માં પ્રભુ ઉદ્ધવજી પ્રતિ આજ્ઞા કરે છે કે-"તમે શ્રુતિ-સ્મૃતિ. વિધિ-નિષેધ. પ્રવૃત્તિ-નિવૃત્તિ. અને સાંભળેલું તથા સાંભળવાનું આ બધું છોડીને તમારા આત્મ રૂપે તમારી ભિતરજ રહેલો 'હું' તે મારે એકલાનેજ શરણે આવવાથી તમે નિર્ભય થઇ જશો" આ પ્રભુની આજ્ઞામાં સર્વના ત્યાગનું વિધાન છે. અને આપના ધર્મી સ્વરૂપનેજ શરણે રહેવાની બાબત છે. તે વિરહના અનુભવ રૂપ જ છે. ("ધર્મી સ્વરૂપ" એટલે આપણાજ આત્મરૂપે વિપ્રયોગ-ભાવાત્મક સ્વરૂપે અને અગણિત આનંદરૂપે આપણા જ હૃદયમાં બિરાજી રહેલ સાક્ષાત ભાવાત્મક સ્વરૂપને ધર્મી કહેવાય છે આ સ્વરૂપ આપણાજ હૃદયમાં બિરાજતું હોવા છતાં માયાનો ટેરો લાગેલો હોવાથી પ્રત્યક્ષ અનુભવ થતો નથી. આ માયાનો ટેરો, મનને બધેયથી મુક્ત કરી, વિરહના અનુભવથી, મનને અંતર મુખ કરવાથી, અને પ્રભુ મિલનના તીવ્રતાપથીજ સરકી જાય છે ત્યારે હૃદય નિકુંજમાં બિરાજતા આત્માના પતિ, પ્રિય પ્રભુનો લીલા ધામ સહિત સાક્ષાત્કાર થાય છે.)

જે સાંભળેલું અને સાંભળવાનું આ બન્નેના ત્યાગની પ્રભુ આજ્ઞા કરે છે, તેનું કારણ આપણા સાધન બળથી પ્રભુ પ્રાપ્તિ થતી નથી, પણ પ્રભુનું પ્રાગટ્ય નિઃસંધાન દીનજનો માટે જ થાય છે, એટલે કે કેવલ ધર્મી સ્વરૂપને શરણે જવાથી અને વિરહના

અનુભવ પૂર્વક પ્રભુના સ્વરૂપના સતત ધ્યાનથી પ્રભુ હૃદયમાં પ્રગટ થઇ જાય છે.

ધર્મી સ્વરૂપનું પ્રાગટ્ય -

"નિરોધ લક્ષણ" ગ્રંથમાં આપ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે –
ક્લિશ્ય માનાન્ જનાન્ દ્રષ્ટવા
કૃપા યુક્તો યદા ભવેત્ ।
તદા સર્વં સદાનન્દં
હૃદિસ્થં નિર્ગતં બહિ : ।।7।।

નિજ્જનોને પોતાની પ્રાપ્તિ માટે કલેશવાળા જોઇને પ્રભુ કૃપાવાળા થઇને હૃદયમાંથી બહાર પ્રગટ થાય છે ત્યારે અવિદ્યાના બંધનને અથવા અવિદ્યારૂપી માયાના ટેરાને દૂર કરીને પોતાનો સાક્ષાત અનુભવ કરાવે છે. ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યાની નિવૃત્તિ, ધર્મી સ્વરૂપ હૃદયમાં પ્રગટ ન થાય ત્યાં સુધી થઇ શકતી નથી અને ધર્મી સ્વરૂપનું પ્રાગટ્ય વિરહના અનુભવ વિના થઇ શકતું નથી. તેથી સાંભળેલું અને સાંભળવાનું છોડી કેવલ સ્વરૂપનું ધ્યાન અને સર્વોત્તમ સ્તોત્રથી આપશ્રીના યશનું ગાન કે નામ-સ્મરણ સતત તાપભાવપૂર્વક કરવાથી પ્રિય પ્રભુનું પ્રાગટ્ય હૃદયમાં થાય છે. અને આ પ્રગટ થયેલું સ્વરૂપ મૂલ ધામનું હોવાથી મૂલધામ, મૂલધામનો દિવ્ય પરિકર અને મૂલ ધામની સમસ્ત લીલા સહિત આપણા હૃદયમાં પ્રગટ થઇ જાય છે જે સમયે હૃદયમાં સ્વરૂપ પ્રગટ થાય છે તેજ સમયે બન્ને પ્રકારની અવિદ્યા નિવૃત્ત થવાથી આપણા આધિદૈવિક-દિવ્ય-આત્મ સ્વરૂપનોજ અનુભવ થાય છે. અને ભૌતિક દેહ, દેહના સંબંધવાળો સંસાર અને ભૌતિક જગતનું સદાને માટે વિસ્મરણ થઇ અલૌકિક પ્રકારે આપણા જીવનનો પલટો થઇ જાય છે.

જેમ શ્રુતિરૂપા ગોપીજનોએ વિરહભાવપૂર્વક સ્વરૂપનું ધ્યાન કર્યું ત્યારે મૂલધામનું સ્વરૂપ તેમના હૃદયમાં પ્રગટ થઇ ગયું, અને તેજ સમયે અવિદ્યાના બંધનમાંથી મુક્ત થઇ જવાથી ગોપીજનો પોતાના અલૌકિક આત્મ-સ્વરૂપમાં સ્થિત થઇ ગયા. તેથી શ્રી

વલ્લભ આજ્ઞા કરે છે કે આ ગોપીજનો આત્માના શૃંગાર કરી નંદાલયમાં પ્રિય પ્રભુનાં દર્શન કરવા ગયા છે-દેહના શૃંગાર નહીં.

ગોપીજનોને પોતાનું આત્મ સ્વરૂપ મૂલધામનાં સંબંધવાળું પ્રાપ્ત થવાથી તેમનું જીવન અલૌકિક બની ગયું. અને પ્રભુ વ્રજમાં પ્રગટ થયા ત્યારે વ્રજમાં સર્વત્ર મૂલધામની લીલા પ્રગટ કરી. શ્રીયમુનાજી, શ્રી ગિરિરાજજી, કુંજ નિકુંજો. આ સર્વ મૂલધામનું સ્થાપન વ્રજમાં કર્યું. અને શ્રી ગોપીજનોને પોતાના અલૌકિક સ્વરૂપથી આ સર્વનો અનુભવ થયો છે. આજ પ્રકારે આપણને અનુભવ થાય તે માટે વિરહના અનુભવમાં રહી શ્રી ગોપીજનોએ જેવી સાધના કરી છે તેવી સાધના આપણે પણ કરવાની છે.

સ્થાયી અને નિરંતર સ્નેહ સ્વરૂપનો અનુભવ-

વેણુગીત સુબોધિનીજીમાં આપશ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રી ગોપીજનોને પ્રભુમાં જે સ્નેહ પ્રગટ થયો છે તે શ્રવણ વગેરે સાધનથી નથી થયો પરન્તુ "હરિયા-કૃતમ્" પ્રભુના સ્વરૂપના સતત ધ્યાનથી થયો છે. એટલે ધ્યાનમાં રહેલા સ્નેહ સ્વરૂપ પ્રભુએજ સ્નેહનું દાન કર્યું છે. શ્રવણ વિગેરે સાધનથી ઉત્પન્ન થયેલો સ્નેહ સ્થાયી હોતો નથી. સતત સ્વરૂપના ધ્યાનથી સ્વરૂપમાં શ્રી ગોપીજનોને સ્નેહ પ્રગટ થયો તે સ્નેહ સ્વરૂપ જ તેમના હૃદયમાં પ્રગટ થઇ ગયું ત્યારે સ્થાયી અને નિરંતર સ્નેહ સ્વરૂપનો તેમને અનુભવ થયો છે. "પીત્વા મુકુન્દ મુખસારધમક્ષી ભૃંગૈઃ" આ શ્લોકમાં પ્રિયતમના શ્રીમુખ લાવણ્યનું પાન શ્રી ગોપીજનોના નેત્રરૂપી ભ્રમરીઓ સર્વત્ર કરી રહી છે. આમ દિવ્ય પ્રેમ સ્વરૂપનો બહાર પ્રગટ થયેલ સ્વરૂપથી અનુભવ કરે છે. (તે સ્નેહ સ્વરૂપજ તેમના જીવન રૂપ બની ગયું. જેમ સંસારી જીવો ખાન-પાનથી જીવન નીભાવે છે. તેમ શ્રી ગોપીજનોનું જીવન પ્રભુના સ્નેહ સ્વરૂપના અનુભવથી જ નભે છે.) જેમ સૂર્યનો ઉદય થવાથીજ જગતમાં પ્રકાશ થાય છે અને સૂર્ય અસ્ત થતાં અંધકાર વ્યાપી જાય છે, તેમ સ્નેહ સ્વરૂપ હૃદયમાં પ્રગટ થઇ નિરંતર હૃદયમાં સ્થાયિ બિરાજે ત્યારેજ બહાર પ્રગટ બિરાજતા સેવ્ય સ્વરૂપમાં સ્નેહ પ્રગટ થાય છે, અને સ્નેહથી નિરંતર અનુભવ થાય છે. તેથી સ્વરૂપનો હૃદયમાં પ્રાદુર્ભાવ કરવા માટે જે સ્વરૂપનું ધ્યાન કરવાનુ હોય

છે. અને પ્રભુમાં સ્નેહ થવાથીજ પ્રભુ હૃદયમાં પ્રગટ થાય છે, અને હૃદયમાં પ્રગટ થતાંજ બન્ને પ્રકારની અવિદ્યા નિવૃત્ત થવાથી આપણને અલૌકિક દેહની પ્રાપ્તિ થાય છે ત્યારે આ આપણા અલૌકિક દેહથી જ સ્નેહ સ્વરૂપનો નિરંતર અનુભવ થાય છે. આવા અલૌકિક દેહથી સારસ્વત કલ્પમાં શ્રીગોપીજનોએ, અને શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય સમયે અષ્ટસખા, ચોરાશી, બસો બાવન, વિ. ભગવદીયોએ દિવ્ય સ્નેહ સ્વરૂપનો સાક્ષાત અનુભવ કર્યો છે.

સ્વરૂપ ધ્યાન-

આવા પ્રકારનો અનુભવ કરવા માટે સાંભળેલું અને સાંભળવાનું છોડી આપણાજ આત્મરૂપે આતમામાં રહેલા લીલા ધામ સહિત આપણા આત્મના પતિ પ્રિય પ્રભુના સ્વરૂપનું સતત ધ્યાન વિરહના અનુભવ પૂર્વક કરવાનું છે. શ્રી હરિરાયપ્રભુએ જે આજ્ઞા કરી છે કે આત્મનિવેદન કરનાર ભક્તોએ સદા સ્વરૂપ ભાવના કરવી. અથવા સ્વરૂપ ધ્યાન કરવું. આ સ્વરૂપ ધ્યાનથી દિવ્ય સ્નેહ સ્વરૂપનો હૃદયમાં પ્રાદુર્ભાવ થાય છે. આ ધ્યાનની સાધનામાં વિરહનો અનુભવ છે, અને વિરહના અનુભવમાં સર્વનો ત્યાગ છે. એટલે કે દેહ, દેહના સંબંધી પતિ પુત્રાદિ, અથવા સ્ત્રી-પુત્રાદિ, અને જગત પ્રપંચમાંથી રાગને (સ્નેહને) ખેંચીને પ્રિય પ્રભુના સ્વરૂપમાં જોડવાનો હોય છે.

દિવ્ય પ્રેમ સ્વરૂપનો હૃદયમાં પ્રાદુર્ભાવ-

શ્રી મહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં આજ્ઞા કરી છે કે "બીજભાવે દ્રઢે તુ સ્યાત્ ત્યાગાત્છવણ કીર્તનાત્" અને "સ્નેહાદ્ રાગ-વિનાશઃસ્યાદ" પ્રભુમાં સ્નેહ ત્યારે પ્રગટ થાય છે જ્યારે પ્રિય પ્રભુ સિવાય અન્ય સર્વેમાંથી સ્નેહ નીકળી જાય છે, આવા સ્નેહને પ્રગટ કરવા માટે આપશ્રીએ મુખ્ય પક્ષ ત્યાગનો રાખેલો છે. શ્રુતિરૂપા ગોપીજનોએ દિવ્ય પ્રેમ સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે મુખ્ય પક્ષ ત્યાગને સ્વીકાર્યો છે. ત્યાગ એટલે વિરહનો અનુભવ. આવા ત્યાગ પૂર્વકના વિરહાનુભવથીજ દિવ્ય પ્રેમ સ્વરૂપનો હૃદયમાં પ્રાદુર્ભાવ થાય છે. અને તેથી જ શ્રી હરિરાય પ્રભુએ પણ આજ્ઞા કરી છે કે જેણે પ્રભુના

સ્વરૂપનું ગ્રંથો દ્વારા કે ભગવદીયોના સત્સંગ દ્વારા શ્રવણ કરેલું છે પણ દિવ્ય સ્નેહ સ્વરૂપનો કંઇ અનુભવ નથી તેવા જનોએ સ્નેહ સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે યોગીઓની માફક સ્વરૂપ ભાવન કરવું, અથવા સ્વરૂપનું ધ્યાન કરવું. આપની આ આજ્ઞાનો હેતુ વિરહાનુભવ રૂપ જ છે.

હૃદય શુદ્ધિની આવશ્યકતા -

હવે સ્વરૂપ ધ્યાન સાથે નામનું સ્મરણ કે શ્રી સર્વોત્તમ સ્તોત્રથી દિવ્ય સ્નેહ સુધાના દાતા શ્રી વલ્લભ પ્રભુના યશનું ગુણગાન કરતા રહેવું જોઇએ. નામ સ્મરણ અથવા શ્રીસર્વોત્તમજીનું ગુણગાન આપણા હૃદયની ભૂમિને પ્રભુ પ્રગટ થવા માટે સિદ્ધ કરે છે. તેથી જ શ્રી સર્વોત્તમજીના છઠ્ઠા શ્લોકમાં શ્રી અગ્નિકુમાર આજ્ઞા કરે છે કે, "વિનિયોગો ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને" મૂલ ધામસ્થ દિવ્ય પ્રેમ સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે અથવા તેના સાક્ષાત અનુભવ માટે જેટલા પ્રતિબંધો છે તે સર્વનો મૂળમાંથી નાશ થઇ જાય છે. પછી દિવ્ય પ્રેમ સુધા સ્વરૂપનો હૃદયમાં પ્રાદુર્ભાવ થઇ જાય છે. જ્યાં સુધી હૃદય શુદ્ધ ન થાય ત્યાં સુધી પ્રભુના સ્વરૂપનું સતત ધ્યાન થતું નથી. અથવા ધ્યાનમાં સ્વરૂપ સ્થિર રહેતું નથી.

સ્વરૂપ ધ્યાન અને નામ સ્મરણ-

પ્રિય પ્રભુ તો આપણા હૃદયમાંજ બિરાજે છે, પણ જેમ સૂર્ય વાદળાંઓથી ઢંકાયેલો હોય ત્યારે સૂર્યનો ઉદય થયેલો હોવા છતાં દેખાતો નથી; તેમ માયાના આવરણને લીધે હૃદયમાંજ રહેલા પ્રિય પ્રભુના સ્વરૂપનો આપણને અનુભવ થતો નથી. અથવા બીજું દ્રષ્ટાંતઃ જેમ કાચવાળા ફોટામાં કાચ મલીન થઇ જવાથી તેની અંદર રહેલું ચિત્ર દેખાતું નથી, પરંતુ કાચનો મેલ દૂર થઇ જવાથી ચિત્રજી દેખાય છે, તેમ માયાનું આવરણ તાપભાવ પૂર્વક નામ સ્મરણ કે શ્રીસર્વોત્તમજીના ગુણગાન દ્વારા દૂર થતાં ધ્યાનમાં સ્વરૂપ સ્થીર થાય છે. અથવા નિરંતર સ્વરૂપનો અનુભવ થાય છે. તેથી સ્વરૂપ ધ્યાન સાથે નામનું સ્મરણ કે શ્રીસર્વોત્તમજીથી ગુણગાન પણ કરતાં રહેવું. આ સ્વરૂપ ધ્યાનમાં

અને નામ સ્મરણ કે ગુણગાનમાં કેવળ ધર્મી સ્વરૂપનોજ આશ્રય રહી આવે છે. અને કેવળ ધર્મી સ્વરૂપના આશ્રયથી ધર્મી સ્વરૂપનું હૃદયમાં પ્રાગટ્ય થાય છે.

જીવનની વિફલતા –

પુષ્ટિમાર્ગનું ખૂબ જ્ઞાન મેળવ્યું હોય પણ જો દિવ્ય પ્રેમને પ્રાપ્ત કર્યો નથી તો તેવા જ્ઞાનની આ દિવ્ય પ્રેમ પંથમાં કાંઇજ કીમત નથી. દિવ્ય પ્રેમ પ્રાપ્ત કર્યા વગરનું જીવન વ્યર્થજ છે. તેથી જ શ્રી ગોપીજનો મહાજ્ઞાની ઉદ્ધવજીને કહે છે કે, "પ્રેમ વિના સબ પચિમરે, વિષય વાસના રોગ-સખા સુન શ્યામકે" જ્ઞાની બનીને પુષ્ટિ જગતમાં તેઓ ભલે પૂજાતા હોય પણ પ્રેમીઓના જગતમાં આવા જ્ઞાનીઓની કંઇ જ કિંમત નથી.

શ્રુતિ પુરાન આગમ સ્મૃતિ,
પ્રેમ સબહી કો સાર
પ્રેમ વિના નહિ ઉપજ હિય,
પ્રેમ બીજ અંકુવાર.
આનંદ અનુભવ હોત નહિ,
વિના પ્રેમ જગજાન
કે વહ વિષયાનંદ અરૂ,
કે બ્રહ્માનંદ બખાન.
અતિ સુક્ષ્મ કોમલ અતિહી,
અતિ નિયરો અતિ દૂર
પ્રેમ કઠીન સબતે સદા,
નિત ઇક રસ ભરપૂર.
જગમેં સબ જાન્યો પરે,
અરૂ સબ કહે કહાય
વે 'જગદીશ' અરૂ 'પ્રેમ' યહ,

દોઉ અકથ લખાય.
જેહી બિનુજને કછુહી નહી.
જાન્યો જાત વિશેષ
સોઇ પ્રેમ જિહી જાનિ કે,
રહી ન જાત કછુ શેષ.

-રસખાનજી

શ્રીવલ્લભ શાસ્ત્રાર્થ નિબંધમાં આજ્ઞા કરે છે કે "નિષ્ઠા તુ સાદનૈરેવ. ન મનોરથ વાર્તયા" મનોરથોથી અને વાર્તા શ્રવણ કરતા રહેવાથી પ્રભુ પ્રાપ્તિ થઇ જતી નથી. પરન્તુ પ્રભુ પ્રાપ્તિના સાધનને જાણી લઇને સાધનમાં સતત તત્પર રહેવાથી થાય છે. જેમ સમુદ્ર મંથનનું સાધન દેવ દાનવોએ કર્યું તો સાધ્યરૂપ અમૃત પ્રાપ્ત થયું. તેમ નિરંતર વિરહાનુભવ રૂપ સાધનથી હૃદયનું મંથન થાય છે, એટલે કે વિજાતીય ભાવ નિવૃત્ત થાય છે. પશ્ચાદ અમૃતરૂપ પ્રભુનું સ્વરૂપ હૃદયમાંથી પ્રગટ થાય છે અને સ્વરૂપાનંદનો સાક્ષાત અનુભવ કરાવે છે. તેથી સાધનમાં નિષ્ઠા રાખવી જોઇએ. પુષ્ટિમાર્ગમાં સાધનરૂપ પણ પ્રભુ પોતે જ થઇને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. સ્વરૂપ ધ્યાનમાં પોતે જ સાધનરૂપ થાય છે.
આ દિવ્ય પ્રેમ તો પુષ્ટિ પ્રભુના પણ આત્મા રૂપ છે, પ્રભુના પણ જીવનરૂપ છે. આ દિવ્ય પ્રેમની પ્રાપ્તિ વિરહના અનુભવ વિના થઇ શકતી નથી-તેથી જ રસિક મહાનુભાવ શ્રીનંદદાસજીએ પંચમંજરીમાં કહ્યું છે કે-

જા ઘટ વિરહ અવા અનલ,
પરિપક ભયે સુભાય
તાહી ઘટ મધ્ય નંદહો,
પ્રેમ અમી ઠહેરાય.

સર્વ ત્યાગ પૂર્વકના વિરહ અનુભવથી અથવા પ્રિય વિયોગની અગ્નિથી હૃદયમાં રહેલો પ્રિય વિયોગની અગ્નિથી હૃદયમાં રહેલો અવિદ્યા જનીત વિજાતીય ભાવ-પ્રપંચ જ્યારે

દગ્ધ થઇ જાય છે ત્યારે તેવા શુદ્ધ થયેલા હૃદયમાંજ મહાન દિવ્ય પ્રેમ પ્રગટ થાય છે. વિરહના અનુભવ વિના દિવ્ય પ્રેમ પ્રાપ્ત થતો નથી. **દિવ્ય પ્રેમ પ્રભુનો પણ આત્મા હોવાથી પોતાના આત્મારૂપ પ્રેમનું જીવોને જલદી દાન કરતા નથી. આ દિવ્ય પ્રેમ તે શ્રીવલ્લભનુંજ સ્વરૂપ છે. તેથી જો શ્રી વલ્લભનો જ અનન્ય આશ્રય રાખી શ્રી વલ્લભનું જ ધ્યાન સ્મરણ કે યશોગાન કરવામાં આવે તો દિવ્ય પ્રેમ સ્વરૂપ શ્રીવલ્લભ હૃદયમાં પ્રગટ થઇ જવાથી પ્રભુ સ્વતઃ પ્રાપ્ત થઇ જાય છે, કારણ કે શ્રીવલ્લભના રોમ રોમમાં કોટાન કોટિ પુષ્ટિ સૃષ્ટિના આરાધ્ય દેવ શ્રીજીના સ્વરૂપો રહેલાં છે.**

પ્રભુ પ્રાપ્તિનો સાચો રાહ-

ગ્રંથોમાંથી, લેખોમાંથી કે ભગવદીયોના સત્સંગથી પ્રભુ પ્રાપ્તિના સાધનને જાણી લેવાનું હોય છે. આ સાધનને જાણીને તે સાધનમાં સતત જોડાય જવાનું હોય છે. ત્યારે જ પ્રભુ પ્રાપ્તિ થાય છે. સાધનને જાણી લેવા છતાં તેમાં જે તત્પર થઇ જતા નથી તેમને પ્રભુ પ્રાપ્તિનું સાચું દુઃખજ નથી, તેમજ માનવું પડે છે. અને પ્રભુ પ્રાપ્તિના દુઃખ વિના પ્રભુ મળે તેમ નથી.

દિવ્ય પ્રેમ સ્વરૂપના સાક્ષાત્કારની સાધના

- પ.ભ. શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ

દિવ્ય પ્રેમ પથ, અનન્યતાનો છે. એકમાંજ ડુબાવી દેનારો છે. પોતાના પ્રિયતમ પ્રભુ સિવાય અન્ય સર્વને ભૂલાવી દેનારો છે. અને પોતાની દુનીયા પ્રિયતમ મય નિરાલી બનાવી દેનારો છે. દિવ્ય પ્રેમનું આજ શિખર કહેવાય છે કે જ્યાં પોતાના પ્રિયતમ સિવાય બીજું કંઇ દેખાતું નથી, કે બીજું કંઇ અનુભવમાં આવતું નથી. શ્રી હરિરાય પ્રભુ "બહિર્મુખત્વ નિવૃત્તિ" નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે-

નિજાચાર્ય પદામભોજ સ્થાપ્યતાં સતતં હૃદિ ।
તત એવ તદીયાનાં સકલ સિદ્ધિમેતિ હિ ।।

શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે બહિર્મુખતાથી બચવું હોય અને દાસ્ય ધર્મને સહજ પણ આંચ આવવા દીધા સિવાય પ્રભુ પ્રસન્ન કરવા હોય તો આપણા શ્રીમહાપ્રભુજીના ચરમ કમલને હૃદયમાં સ્થાપો. આપણા ગમે તેવા દોષ કોષનું દહન કરીને પ્રભુની સાથે મજબુત ગાંઠ-સંબંધ બાંધી દેનારા આપણા સર્વના (અને લીલા લોકમાં પણ સર્વના) ગુરૂ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના ચરણ કમલને હૃદયમાં પધરાવો. અને આ કાર્ય જો થઇ ગયું તો પછી બીજું કંઇ કરવાનું બાકી રહેતું નથી. જે તદીય છે તેને તો શ્રી મહાપ્રભુજીના દ્રઢ આશ્રયથી સર્વ સિદ્ધિ થાય છે. બીજા કોઇ સાધન એને કરવાં પડતાં નથી. કવિવર દયારામભાઇ કહે છે કે "શ્રી મહાપ્રભુજીનો ભગ્ન ભરોસો એજ અન્યાશ્રય" એટલા માટે શ્રીમહાપ્રભુજીમાં જ દ્રઢ વિશ્વાસ રાખવો એ તદીયનો મુખ્ય ધર્મ છે. શ્રી હરિરાયપ્રભુએ "પુષ્ટિપથ મર્મ નિ." નામના ગ્રંથમાં મુખ્ય મર્મ શ્રી મહાપ્રભુજીનોજ એક આશ્રય રાખવો તેમ જણાવ્યું છે અને આપનો આશ્રય આપના તદીય જનના સંગથી સિદ્ધ થશે તેમ છેવટના મર્મમાં જણાવ્યું છે. પરન્તુ આ કાલમાં તદીય જનનો સંગ પ્રાપ્ત થવો દુર્લભ છે. કારણ કે તદીય જન તો વિરહના સમુદ્રમાં ડૂબેલાં છે. અરે ! **તેમને પ્રેમ રાજ્યનો 'કરફ્યુ' લાગેલો છે.** તેથી ખોજ્યા પણ મળે તેમ નથી. તેથી જ શ્રી મહાપ્રભુજીનો જ દ્રઢ આશ્રય રાખવા આજ્ઞા કરી રહ્યા છે.

વસ્તુતઃ તો શ્રી મહાપ્રભુજીના ચરણ કમલમાં રતિ-સ્નેહ રાખવો એજ મુખ્ય કર્તવ્ય છે. છતાં કાલબલથી શ્રી મહાપ્રભુજીનાં ચરણ કમલમાં રતિ કે આશ્રય ન રહે તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે આપશ્રીના અનન્ય ભક્તોનો સંગ કરવો. કારણ કે અનન્ય ભક્ત દુતી રૂપ છે. તે શ્રીવલ્લભનોજ અનન્ય આશ્રય અને આશા રાખી સતત સાધનામાં સંલગ્ન રહેવાનું હોય છે. શ્રી હરિરાયપ્રભુ પાંચમાં શિ. માં આજ્ઞા કરે છે કે, અષ્ટાક્ષરનું સતત સ્મરણ કરતા રહેવાથી જ્યારે દીનતા પ્રાપ્ત થાય છે ત્યારે શ્રી મહાપ્રભુ પોતાના તદીય જનનો સંગ પ્રાપ્ત કરાવશે. ત્યારે અમારૂં સકલ કાર્ય સિદ્ધ થસે. અષ્ટાક્ષરના સતત સ્મરણથી અવિદ્યા નિવૃત્ત થતાં દૈવી જીવને પ્રભુ પ્રાપ્તિનું દાવાનળ જેવુ દુઃખ પ્રગટે છે. આવા જીવને શ્રી વલ્લભ જનનો સંગ પ્રાપ્ત થાય છે. શ્રી વલ્લભજન કોને કહેવા ? પ્રિયતમના-વિયોગ સમુદ્રમાં જે ડૂબેલા છે તેને વલ્લભ જન

જાણવા. આવા જન માટે તો આપ કહે છે કે એવો કોઇ ભૂતલમાં ન દીઠો. કે પ્રાણનાથના વિયોગે અશ્રુપાત કરતો હોય.

દિવ્ય પ્રેમ સ્વરૂપની પ્રાપ્તિ માટે શ્રી શ્રુતિરૂપા ગોપીજનોએ જેવા પ્રકારની સાધના કરી છે તે વિસ્તારથી આ લેખમાં જણાવેલ છે તેને સમજીને શ્રીવલ્લભનોજ અનન્ય આશ્રય રાખી શ્રીવલ્લભનીજ આશા કરીને, વિરહના અનુભવ પૂર્વક પ્રિય પ્રભુના સ્વરૂપનું ધ્યાન અને શ્રી સર્વોત્તમજીથી ગુણગાન કે નામ સ્મરણ સતત કરતા રહેવું જોઇએ.

આ સાધના દિવ્ય પ્રેમ સ્વરૂપ શ્રીવલ્લભ પદ કમલની રજને પ્રાપ્ત કરવા માટે કરવાની છે. આપશ્રીના પદ કમલ રજની એક કણિકા પ્રાપ્ત થતાં ભક્ત દિવ્ય પ્રેમ-રસમાં ડૂબેલો રહે છે, અને તેના મધુર સ્વાદમાં તૃપ્તિ નહી થવાથી તપતોજ રહે છે. આવો છે શ્રીવલ્લભ પદ કમલ રજની એક કણિકાનો મહિમા. આ રજમાંથી અનિર્વચનીય દિવ્ય પ્રેમનો અખંડ પ્રવાહ વહેતો હોય છે. અને આ દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરવાથી જ દૈવી જીવનની સાર્થકતા માની શકાય છે. દિવ્ય પ્રેમ શ્રી વલ્લભનુંજ સ્વરૂપ હોવાથી શ્રીવલ્લભનાજ અનન્ય આશ્રયથી પ્રાપ્ત થાય છે. જેમકે મધુર રસનું પાન કરવું હોય તો, મધુર રસ ભર્યા સમુદ્રના તટપર જવાથીજ થાય છે તેમ દિવ્ય-મધુર પ્રેમના મહાસિન્ધુરૂપ શ્રી વલ્લભ છે. આપની જ સાનિધ્ય રહેવાથી તે દિવ્ય પ્રેમની બિન્દુ પ્રાપ્ત થાય છે. તેથી જ શ્રીજી સ્વરૂપ શ્રી ગુસાંઇજીએ "સાનિધ્યમાત્રદત્ત શ્રીકૃષ્ણપ્રેમા" નામ પ્રગટ કર્યું છે. આ નામને પ્રગટ કરીને શ્રી પ્રભુચરણે દૈવી જીવોને એમ જણાવ્યું કે દિવ્ય પ્રેમની પ્રાપ્તિ, દિવ્ય પ્રેમ સ્વરૂપ શ્રી વલ્લભની સાનિધ્યમાં રહેવાથી અથવા અનન્ય આશ્રય રાખવાથી જ થાય છે. આ દિવ્ય પ્રેમથીજ લીલા લોકમાં અનંત યુગલો અને સખી સહચરીયો આદિ સર્વનો નિભાવ થઇ રહ્યો છે. આવા શ્રીવલ્લભને પતિરૂપથી વરીને એવો કયો મૂઢ મતિ જીવ હોય કે અન્યની આશા કરે ?

જાચું જાય કોનકે ઘરપે,
શ્રી વલ્લભસે પાય ઘની ।
તીન લોક હોં ફિર ફિર આયો,

આનંદ અલ્પ ઉપાધી ઘની ।।

શ્રી હરિરાય પ્રભુએ અનેક પદોમાં અને સ્તોત્રોમાં શ્રીવલ્લભનું દિવ્ય પ્રેમરૂપ માહાત્મ્ય બતાવી શ્રી વલ્લભનોજ અનન્ય આશ્રય કરવાનું શિખવ્યું છે –

(1) શ્રીવલ્લભ તજ અપુનો ઠાકુર કહો કોનપે જૈયેહો, (2) પ્રીતબંધી શ્રી વલ્લભ પદસોં ઓર ન મનમેં આવે હો, (3) હોં તન રંક તિહારો શ્રી મહાપ્રભુ, ઓર કાહુકો નાહિ, (4) શ્રીવલ્લભ મહાસિન્ધુ સમાન, (5) હોં શ્રીવલ્લભ જુકો દાસ, મન ન ધરત કાહુકી આશ, (6) ભૂલ જીન જાય મન અનંત મેરો, (6) બનજા હરિદાસા. હરિદાસા રે, મન છોડ સબનકી આશા ।

સુધાસિન્ધુકે નિકટ વસત હે મૂઢ રહત ક્યોં પ્યાસા
શ્રીવલ્લભકે પદ કમલમેં મહા રસ કી હે રાસા ।।
પદ કમલકો આશ્રય કર લે કટ જાય ભવ કી ફાંસા ।
રસિક જન તુ પાન કરલે અમૃત રસકો પ્યાસા ।।

ઉપરના સાતમા પદમાં સુધા કે જે દિવ્ય પ્રેમરૂપ છે તેના સિન્ધુ રૂપે અને આપણાજ આત્મા રૂપે જે નિકટજ રહેલા છે, તેની આશા છોડીને બીજાની આશા કરનારને શ્રી હરિરાય પ્રભુ મૂઢ મતિ કહે છે. શ્રી હરિરાય પ્રભુ એક પદમાં આજ્ઞા કરે છે.

છાંડ સાગર કોન મૂરખ, ભજે છિલ્લર નીર ।
રસિક મનકી મીટી અવિદ્યા, પરસી ચરણ સમીર ।।

દિવ્ય પ્રેમ સ્વરૂપના સાક્ષાત્કારની સાધના

- પ.ભ. શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ

સુધા સિન્ધુ સ્વરૂપ શ્રી વલ્લભ પદામ્બુજને સ્પર્શ કરીને વહન થતા વાયુના સ્પર્શથી, છિલ્લર જેવા આનંદોની આશા કરવારૂપ જે અવિદ્યા મનમાં રહેલી છે તે નિવૃત્ત થઇ

જાય છે. અને સુધા સિન્ધુ રૂપે અને મારાજ આત્મા રૂપે શ્રી વલ્લભ મારી નિકટ જ બિરાજી રહેલ છે તેવું જ્ઞાન થઇ જાય છે. હવે જ્યારે શ્રી વલ્લભ પદામ્બુજ સ્પર્શવાળા વાયુનો પણ આવો પ્રભાવ છે તો તે સુધા સિન્ધુનું બિન્દુપાન કરનારના સૌભાગ્યનું તો કહેવું જ શું ?

દિવ્ય પ્રેમ સ્વરૂપ પ્રભુની પ્રાપ્તિ માટે. અથવા દિવ્ય પ્રેમની પ્રાપ્તિ માટે જલ વિનાના મીનની જેમ જે તરફડી રહ્યા છે તેને જ આ લેખમાં જણાવેલું ગૂઢ-રહસ્ય સમજી શકાય તેમ છે. ઉદ્ધવજીને ભગવાને જે ઉપદેશ આપ્યો છે કે, "શ્રુતિ, સ્મૃતિ, વિધિ-નિષેધ, પ્રવૃત્તિ-નિવૃત્તિ અને સાંભળેલું તેમજ સાંભળવાનું છોડીને તમારા આત્મા રૂપે જ તમારી ભિતર જે હું રહેલો છું. તે મારા એકનેજ શરણે આવવાથી તમે નિર્ભય થઇ જશો." આ ઉપદેશ આપતાં પહેલા પ્રભુ આ આપેલા ઉપદેશના ગૂઢ રહસ્યની ઉદ્ધવજી કીમત કરે તે માટે આજ્ઞા કરે છે કે-"હે પ્યારે ઉદ્ધવ ! હવે હું તમને એક અત્યંત ગુપ્ત પરમ રહસ્યની વાત બતાવું છું.

કારણ કે તમે મારા પ્રિય સેવક, હિતેષી, સુહ્રદ અને પ્રેમી સખા છો અને સાંભળવાની ઇચ્છાવાળા છો, તેથી મારા હૃદયની ગુપ્ત વાત તમને જણાવું છું." આ પ્રભુના હૃદયમાં રહેલી ગુપ્ત વાત તેજ પ્રભુએ જણાવી કે "બધુંય છોડીને મારા એકને જ શરણે આવો"આવો પોતાના એકને જ શરણે આવવાનો ઉપદેશ પ્રભુ સૌ કોઇને કરતા નથી, પણ પોતાના અનન્ય જનોનેજ કરે છે. આ પ્રભુએ પોતાનું ગૂઢ રહસ્ય જે ઉદ્ધવજી પાસે પ્રગટ કર્યું છે, તેજ આ લેખમાં, શ્રીવલ્લભની કૃપાથી શ્રીવલ્લભની પ્રેરણાથી શ્રી વલ્લભના મુગ્ધ જનો માટે પ્રગટ કરવામાં આવેલું છે.

'ગૂઢ તત્વ'

પ્રેષક : **મધુ**

દૈવી સૃષ્ટિનું નિજફલ જે વ્રજલીલાત્મક છે અને જે વ્રજ ભક્તોએ અનુભવેલું છે, તે વ્રજ ભક્તોના લીલાત્મક આનંદને પ્રાપ્ત કર્યા વગરની વ્યર્થ વાતો કરવા ભક્તો ચાહતા

નથી, કારણ લીલાધામથી વિછુરેલા દૈવી જીવ પોતે વ્રજભક્તો રૂપ જ હોવાથી સહજ તેમને અન્ય વિષયની વાતો રૂચતી નથી.

શ્રી વલ્લભનું નિજધામથી ભૂતલમાં પ્રાગટ્ય લીલાધામથી વિછૂરેલા દૈવી જીવોને લીલાધામમાં લઇ જવા માટે જ થયું છે. જો આ લીલાનું અનુસંધાન દૈવી જીવમાં નથાય તો તેનું દૈવી જીવન વ્યર્થ છે, બ્રહ્મસંબંધનું ફલ તે છે કે હું કોઇ વ્રજ લીલાત્મક છું તેનું અહર્નિશ સ્મરણ રહ્યાજ કરે. રાત્રીના બાર વાગ (મધ્ય રાત્રે આજ્ઞા કરવામાં કંઇક ગૂઢ રહસ્ય છુપાયેલું છે. તે ગૂઢ લીલારહસ્યનું દાન વ્‌રજ ભક્તોને રાસાદિક લીલાથી પ્રભુએ રાત્રીના સમયેજ કર્યું છે તે જ મહારસના મહાફલનું દાન કરવા શ્રીમદ ગોકુલના ઠકુરાણી ઘાટ ઉપર શ્રી મધુરાધિપતિનું પ્રાગટ્ય પણ મધ્ય રાત્રિએ જ થયું છે. અવતાર લીલામાં 1 વર્ષ અને 52 દિવસની લીલાથી મહારસમાં પૂર્ણાનંદ સ્વરૂપનું જે દાન વ્‌રજ ભક્તોને થયું તે દાન મહોદાર ચરિત્રવાન શ્રી મહાપ્રભુજીએ ભૂતલની સૃષ્ટિને બ્રહ્મસંબંધ સાથે જ કર્યું છે તેથી અવતાર લીલાથી પણ શ્રી વલ્લભના દાનની વિશેષતા હોવાથી મહાનુભાવોએ શ્રીવલ્લભના યશનું ગાન કર્યું છે કે-"કલિયુગ સબ યુગતે અધિકાઇ,"

બ્રહ્મસંબંધ મંત્રમાંજ મહાન સામર્થ્ય રહેલું છે. ભૂતલસ્થિત દૈવી જીવનો લીલામાં જેવો અધીકાર છે, અધિકારથી પણ વિશેષ દાનશ્રી વલ્લભે કરેલું છે. આથી શ્રીમદ્ પ્રભુ ચરણ શ્રી ગુસાંઇજીએ "મહાકારૂણીકઃ અને મહોદાર ચરિત્રવાન" નામથી અમારા પ્રાણનાથને સંબોધ્યા છે બ્રહ્મ સંબંધમાં જે મહાન સામર્થ્ય છે, અને તેનું જે દાન થયું છે, તે આધિદૈવિક સંબંધનું છે. એટલે કે ભૂતલના દૈવી જીવનું લીલા ધામમાં જે આદિદૈવિક સ્વરૂપ છે, તે આધિદૈવીક સ્વરૂપનો પ્રવેશ ભૂતલના દૈવી જીવની ભીતર બ્રહ્મસંબંધ દ્વારા શ્રી વલ્લભ કરાવે છે. આ આધિદૈવીક સ્વરૂપ જ ભૂતલના દૈવી જીવને પ્રભુ સન્મુખ રાખવાની પ્રેરણા કરે છે. આ દૈવી જીવના ભાવાત્મક સ્વરૂપની ભીતર પુષ્ટિ પ્રભુ લીલા સહિત બીરાજી રહ્યા છે. પરંતુ તેનો સાક્ષાત અનુભવ પ્રપંચની વિસ્મૃતી વિના ભૂતલના દૈવી જીવો કરી શકતા નથી, આવા પ્રકારના બ્રહ્મસંબંધનું મહાન ફલ અને તેનું મહાન

સામર્થ્ય હોવા છતાં ભૂતલના દૈવી જીવોને લીલાનું અનુસંધાન કેમ થતું નથી ? આ એક પ્રશ્ન થાય છે.

આ પ્રશ્નના જવાબમાં શ્રીવલ્લભને આ મંત્રનું હજારો કામ છોડીને તાદ્રશી ભક્તો સાથે અવગાહન કરવાની નવરત્નમાં આજ્ઞા કરી છે, છતાં આપણે કરતા નથી. ઉલટાનું બ્રહ્મસંબંધ લીધા પછી આખી જીંદગીભર ભાગ્યેજ સંભારીએ છીએ. કેટલાક કહે છે કે પુષ્ટિમાર્ગ નિઃસાધનતાનો છે. પણ નિઃસાધનતાના અર્થ દૈવી જીવે કંઇ કરવું જ નહિ તેવો થતો નથી જીવનું કર્તવ્ય અને વસ્તુનો ઉપયોગ કર્યા વગર ફળની પ્રાપ્તિ શી રીતે થાય ? માટે તાદ્રશીના સત્સંગથી અને પ્રભુની સન્મુખ સેવા સ્મરણ ગુણગાન, ધ્યાન વગેરે ભગવદ ધર્મના સાધનો કરતા રહેવાથી આપણને પ્રભુ પોતાના નિત્ય લીલા સ્વરૂપનો અને લીલાનો અનુભવ કરાવે છે. જ્યારે બ્રહ્મસંબંધમાં રહેલા આધિદૈવિક શક્તિવાળા તત્વોનો ઉપયોગ થતો નથી એટલે કે મનવાણી ક્રિયાથી થતી દરેક ક્રિયાઓનો સંબંધ પ્રભુની સાથે થતો નથી, ત્યારે બ્રહ્મસંબંધ મંત્રમાં રહેલી દિવ્ય શક્તિઓનો વિકાસ પણ થઇ શકતો નથી.

ભૂતલના દૈવી જીવોમાં તેનું જે આદિદૈવિક સ્વરૂપ રહેલું છે, તેમાં દિવ્ય શક્તિનો અખૂટ ખજાનો ભરેલો છે. પરંતુ દૈવી જીવ અંતરમુખ નહિ થવાથી આ ખજાનાને મેળવી શકતો નથી, તેને મેળવવાનો ઉપાય અંતરમુખતા છે. હવે અંતરમુખતા એટલે શું ? આ પ્રશ્નના જવાબમાં દશ ઇન્દ્રિયો સહિત મનની વૃત્તિઓ જે જગત પ્રપંચમાં ફેલાયેલી છે, તેને સેવાસ્મરણ-ગુણ-ગાન-પ્રભુના સ્વરૂપનું ધ્યાન વિગેરે દ્વારા પ્રભુ સન્મુખ રાખવાથી દિવ્ય ખજાનાનું દ્વાર ખુલ્લું થઇ જાય છે, આટલું જ નહિ. પરંતુ ભૌતિક દ્રષ્ટિથી અગોચર એવા લીલા લોકની દિવ્ય લીલાઓનો તેને પ્રત્યક્ષ અનુભવ થાય છે.

બીજો પ્રકાર સાત્વિક આહાર છે. સાત્વિક આહારના સેવનથી આવિર્ભાવ જાગૃત થાય છે, અને તેવી સાત્વિક ભાવવાળી હૃદયભૂમિ દિવ્ય શક્તિઓ પ્રગટ થાય છે. અર્થાત પ્રભુની શક્તિ સહિત આવિર્ભાવ સાત્વિક હૃદયમાં જ થાય છે આહારને મન ઉપર પ્રભાવ પડે છે. તેવી જ આપ સેવા માર્ગ પ્રગટ કરી પ્રસાદીથી જ દેહનો નિર્વાહ

કરવાની માર્ગ મર્યાદા સ્થાપિત થઇ છે. પ્રભુમાં સ્થાયીભાવ અને લીલાનો અનુભવ થવા માટે પ્રસાદી અન્નથી જ જીવન નિર્વાહ કરવો ઉચિત છે. જે આ રીતે ન કરી શકે તેણે ચરણામૃત પધરાવીને દેહ નિર્વાહ કરવો ઉચિત છે.

અષ્ટાક્ષર અને બ્રહ્મસંબંધ મંત્રમાં મહાન સામર્થ્ય ગુપ્તપણે રહેલું છે, પણ તેની ગુપ્તતા સર્વત્ર પ્રગટ થઇ જવાથી તેના મહત્વને ભૂલાઇ જવાયું છે. તેમજ શ્રી વલ્લભ પ્રકટીત ષોડષ ગ્રંથાદિ પણ મહાન ઉત્તમ ગ્રંથો છે, તે પણ પ્રકટ થઇ જવાથી જાણે એક સામાન્ય ધાર્મિક ગ્રંથો હોય એ દ્રષ્ટિએ આપણે વાંચીયે છીએ. પરંતુ અનુભવી મહાનુભાવોના મુખેથી તેના આધિદૈવિક લીલાત્મક સ્વરૂપ સાથે સમજવાથી દિગ્મૂઢ થઇ જવાય એવા રસિક ગ્રંથો છે. એટલે જ કહ્યું છે કે, **"ગ્રંથ સર્વે રસરૂપ કીધા પોતાને સિદ્ધાન્ત"**સુબોધિન્યાદિ રસાત્મક ગ્રંથોના દોહનરૂપ સુત્રોથી સમન્વીત ષોડશગ્રંથો છે, યદિ આપણે બ્રહ્મસંબંધના મહામંત્રને એક આધિદૈવિક શક્તિરૂપે માનતા હોઇએ તો તેને પ્રગટ થવાનું મૂળ કારણ તપાસવું જોઇએ. આપણે તેના સ્વરૂપને અને તેની શક્તિને વિસરી ગયા હોઇએ તેવું જણાય છે, શબ્દોની ભીતર રસરૂપ સ્વરૂપ રહેલું છે પરંતુ અધિકાર વિના તે પ્રકટ થતું નથી. ભક્ત જીવનમાં ઇશ્વરની પરાભક્તિ શીવાય બીજી કોઇ પણ આકાંક્ષા જરા પણ ન જ રહેવી જોઇએ. તેનો સ્વા◌ા સમાનશીલ સ્વરૂપાસક્ત ભક્તના સંગ વિના આવે જ નહી સત્સંગ એ સેવાભજનનો સ્વાદ ચાખવાની જીભ સમાન છે પ્રિય વિયોગ સમુદ્રમાં નિમગ્ન થયેલા તાદ્રશી ભગવદી દ્વારાજ તે સ્વાદ ચાખી શકાય. તેથી જ શ્રી વલ્લભે તેવા રસિક વિરહી ભગવદીય સાથે નિવેદનના અનુસંધાનની આજ્ઞા કરી છે. નિત્યલીલાસ્થ સ્વરૂપની પ્રાપ્તિ માટે વિરહ વેદનાનો અનુભવ કર્તા તાદ્રશી જન સાથે જ્યારે નિવેદનનું સ્મરણ થાય છે. ત્યારે દૈવીજીવ પોતાના દિવ્ય પ્રેમરાજ્યમાં પ્રવેશ કરવા માટે લૌકીક અને અલૌકિક માયાના બંધનો ને વૈરાગ્યના તીક્ષણ શસ્ત્રોથી કાપતો દિવ્ય પ્રેમ માર્ગનો પથીક બની જાય છે. "બીન વૈરાગ્ય નહી પાઇએ ગિરિધરકો અનુરાગ" વિશાળ આંતર દ્રષ્ટિથી જોઇએ તો આખો પુષ્ટિમાર્ગ જ મહારસિક, દિવ્ય અને ગુપ્ત છે. શ્રી ગોકુલેશ પ્રભુ તો આ પુષ્ટિમાર્ગને કેવલ રસ માર્ગ જ કહે છે. "ભક્તિ માર્ગ તો બહોત હે. પરંતુ "રહઃમાર્ગ તો કેવલ રસ જ

હે." આવું આપનું વચનામૃત છે.

એક બાબત ધ્યાનમાં રાખવા જેવી છે કે, પુષ્ટિમાર્ગ તો છે પરંતુ આજનો સમાજ આ દિવ્ય રસને પ્રાકૃત જીવનમાં ભોગવી રહ્યો છે, તે ખરેખર આ ઉત્કર્ષ માર્ગ માટે કલંકરૂપ છે. પુષ્ટિમાર્ગના મહાન ગૌરવને ઝાંખુ પાડે છે, આને ભુલથી પણ રસ કહેવો તે અપરાધ રૂપજ માનવું ઉચિત છે. પ્રાકૃત અધ્યાસની નિવૃત્તિ વિના દિવ્ય પ્રેમ રસની એક બિન્દુ ધારણ કરવાને કોઇ શક્તિમાન નથી તેથી જ દયારામભાઈએ કહ્યું છે કે "જે કોઇ પ્રેમ અંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે ! વ્હિંણ કેરૂં દુધ તે તો સિંહણ સૂતને ઝરે." દિવ્ય પ્રેમ રસને ધારણ કરનાર પાત્રમાં પ્રાકૃત પ્રપંચની ગંધ પણ રહી શકતી નથી. આ ગોપીજનોના જીવનથી જાણવું.

દિવ્ય પ્રેમ તે મૂર્તિમાન ત્યાગનું જ સ્વરૂપ છે, ભૌતિક ઇન્દ્રીયોથી ભોગવવાની તે ચીજ નથી. જેમ અગ્નિની નીકટ કોઇ આવી શકતું નથી, તેમ દિવ્ય પ્રેમની નિકટ ભૌતિક વિષયો ઠહેરી શકતા નથી.

"મહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદ્રઢ, સર્વથી અધિક સ્નેહ" તેનું નામ ભક્તિ આ મહાત્મ્ય રસાત્મક પ્રભુનું ગ્રહણ કરવું, કે આપ અગણીતાનંદ રૂપ છે, શ્રૃંગાર રસાત્મક છે, વેદાતીત છે, રસાત્મક જગતમાં અચિન્ત્ય અનંત શક્તિ યુક્ત જેનો વિલાસ છે, તેવા રસરૂપ પ્રભુનો આપણને સંબંધ છે તેમ જાણવું. આ ભક્તિને જ પ્રેમ લક્ષણા કહી છે શ્રી વલ્લભ તેવા ભક્તની પરાત્પર સ્થિતિને "આત્યાંતિક ભક્તિયોગ" ના નામે ઓળખાય છે. તેનું વિકલપણું અને ઉન્માદ જેવી દશા છે. વળી રોગાદિક પણ થાય છે તે અલૌકિક અનુભવો અથવા દિવ્યતાનાં દર્શન માટે હોય છે. તેથી તે પ્રાકૃત નહીં પણ અપ્રાકૃત છે. અર્થાત રોગાદિક નિજ્જનોને નિરોધના અંગરૂપે આપેલા છે.

પુષ્ટિમાર્ગનું શિખર ફળ તન્મયતાએ પ્રાપ્ત થાય છે. તે વિરહના અનુભવ વિના સંભવીત નથી. શ્રી ઠાકોરજીએ રાસસ્થલીમાંથી ગોપીજનોને પાછા ઘેર જવાનું કહ્યું. લૌકિકની રંચક વાસના રહી હોય તો રાસ રમણની યોગ્યતા નથી. તેથી પરિક્ષા

કરવાને પાછા જવાનું કહે છે. પરંતુ પ્રભુ જેમ જેમ પાછા જવાની આજ્ઞા કરે છે, તેમ તેમ વ્રજ ભક્તોને રાસવિહારની તીવ્ર આકાંક્ષા વધતી જાય છે, અને લૌકિકનું સંપૂર્ણ વિસ્મરણ થાય છે, ત્યારે પ્રભુએ રાસાદિક લીલાઓનું અવિચલ સુખ આપ્યું.

અવ્યભિચારીણી ભક્તિ એજ પ્રેમ રાજ્યનો નિયમ છે. જ્યાં સુધી નેત્રોમાં પ્રિયતમના સ્વરૂપ શીવાય બીજું દેખાય છે, ત્યાં સુધી વ્યભિચારપણું છે. આવી ભક્તિથી દિવ્ય-પ્રેમ રાજ્યમાં પ્રવેશ થઇ શકતો નથી. જે હૃદય-મંદિરમાં પ્રિયતમને વસાવવા છે, ત્યાં પ્રપંચ જગતના વિષયો ભરેલા રહે તો પ્રિયતમને માટે જગ્યા ક્યાંથી રહેશે ? નેત્રોમાં એક જ વસ્તુનો સમાવેશ થઇ શકે. એકી સાથે બે રહી શકે નહી, "પ્રેમ એક, એક ચિત્તસો, એકહી સંગ સમાય; ગાંધી કો સોદા નહી, જન જન હાથ બિકાય."

પ્રેમમાર્ગ એ અગ્નિનો માર્ગ છે, એટલે કે વિયોગના અસહ્ય દુઃખને જ જેણે વાસ્તવીક સુખ માન્યું છે, તેવાને અગ્નિના માર્ગે ચાલવાનું સામર્થ્ય છે. "દિવ્ય પ્રેમ દર્દથી ભરેલો છે પ્રેમ પથીક જ્યારે દેહ અને દુનિયાના તમામ વિષયોને હૃદયમાંથી હટાવે છે ત્યારે પ્રેમદેવનો તેને વિજળીના ઝબકારાની જેમ અનુભવ થઇ જાય છે. આ ઝબકારામાં ચિરકાલથી વિછુરેલા તેના સૌંદર્યના દર્શન થાય છે, પ્રિયતમ નેત્ર-કટાક્ષથી પ્રેમ પથીકના મનરૂપી મૃગને વેધીને છુપાય જાય છે ત્યારે બાણથી ઘાયલ થયેલું મૃગ જેમ દર્દની આહમાં તરફડીયાં મારતું હોય છે, તેમ આ પ્રેમ પથીક પણ પ્રિયતમના વિયોગના મીઠી-મધુરા દર્દમાં ડુબેલો રહે છે. આ મીઠા દર્દની સમાનતા સંયોગના કરોડો સુખો કરી શકતા નથી. આ મીઠું દર્દ પોતાને અને દુનિયાને ભુલાવીને પ્રિય સખાની સાથે તદાકાર કરી દે છે. આ અવસ્થામાં સ્થાવર કે જંગમમાં, પોતાના પ્રિયતમ સિવાય તેને બીજું કંઇ જ દેખાતું નથી. આ દિવ્ય પ્રેમનું શીખર સ્થાન છે."

ગોપીજનો આવા પ્રેમના શિખરે પહોંચેલા છે. તેથી મહાનુભાવોએ ગાયું છે કે :- "ગોપી પ્રેમકી ધ્વજા," પ્રેમ દેવ ઉપર વિજય મેળવી લીધો, અને પ્રેમ રાજ્યના શાસક આ દેવીઓ, ગોપીજનો બન્યા. વૃંદાવનમાં ભગવાનનું શાસકપણું નથી. પણ વ્રજ ભક્તોનું છે. જ્યાં ભક્તોની પ્રાધાન્યતા તેનું નામજ પ્રમેય માર્ગ, પુષ્ટિમાર્ગ છે. આવા દિવ્ય

માર્ગમાં પ્રવેશ થયા પછી, જો પ્રભુ-પ્રેમના એક બિંદુનો અનુભવ ન થયો તો પુષ્ટિમાર્ગીય જીવનની કોઇ કિંમત નથી. આ માર્ગ સાહસીક, સૂરવીરોનો છે, કાયર એક કદમ આ માર્ગે ચાલી નહીં શકે. વીર પુરૂષોને જેમ જેમ સામેથી શસ્ત્રો ના પ્રહાર થાય છે તેમ તેમ તેનામાં વીર રસ ઉગ્ર બનતો જાય છે. તેવી રીતે પ્રેમ પથીકના માર્ગમાં જેમ જેમ વિધ્નો-સંકટો આવતાં જાય છે તેમ તેમ તેનો પ્રેમ ભાવ વધતો જાય છે પ્રેમી જનને દેહની સાથે મહોબત નહી હોવાથી જીવતાંજ મરેલા જેવો ગણાય છે.

અને દેહનો સંબંધ ભુલાઇ જવો તેનું નામ જ મૃત્યું છે. માન બડાઇ ઠગનારી હોવાથી શ્વાન વિષ સમાન છે. વિયોગરૂપી અગ્નિની જ્વાલાઓથી તેની નિદ્રા સદાને માટે ભસ્મ થઇ ગઇ છે, વિયોગની અગ્નિથી તેનાં રક્ત અને માંસ શોષાઇ જાય છે. વીર પુરૂષની જેમ કઠીન દર્દ ભરી ઘાયલ દશામાં અશ્રુના એક બિંદુને પણ બહાર કાઢતો નથી તેવો આ તત્સુખી, પ્રેમી પથીક છે તેથી કહ્યું છે કે "વીર શીરોમણી જે હશે તે થશે રણધીર, નટ પણ વેશ પહોંચાડતા શતખંડ કરે શરીર."

અલૌકિક સામર્થ્ય

શ્રી....ચરણરજકિંકર

'અલૌકિક સામર્થ્ય' એટલે આત્યંતિક ફલદાનની ઇચ્છા થવામાં તાપ સ્વરૂપ હૃદયમાં પ્રવેશ કરે, તે સ્વરૂપના વિરહનો અનુભવ કરવાનું સામર્થ્ય તે "અલૌકિક સામર્થ્ય" છે. આથી તેવા શરીરની પ્રાપ્તિને ખોળવી. તેની પ્રાપ્તિ શ્રી વલ્લભાચાર્યજીની અતિ કરૂણાથી જ થાય. સાક્ષાત્ હુતાશ દત્ત અગ્ન્યાત્મક દેહ તેનું અધિષ્ઠાન છે.

અનંત શ્રી સ્વામિનીજીઓનો તાપ ભાવરૂપ, મધુર તેજ-પ્રકાશવાળા, કોટિ સૂર્યના એકીભૂત સ્વરૂપ "હુતાશ" સ્વરૂપના અનુભવનું મહાન સામર્થ્ય પ્રાપ્ત થાય છે. આવા મુખ્ય ફળ, "અલૌકિક સામર્થ્યની" પ્રાપ્તિમાં સાધન પ્રમેય છે. રાસસ્થ ભક્તોને રાસનો સુખાનુભવ સદા છે, પરંતુ ઉપરોક્ત અલૌકિક સામર્થ્યનું દાન તો મૂળ ધામની પ્રાપ્તિ પશ્ચાતજ થાય છે. નિજધામના ભક્તોના ભાવરૂપ વ્રજભક્તો, જેઓ રાસલીલા પછી

વ્રજમાં પાછા પધાર્યા, અને ત્યાં પ્રતિકૃતિ રૂપે સ્થાયી રૂપથી જેઓની સ્થિતિ રહેલી, તે ભક્તોને ભ્રમરગીતમાં જણાવ્યા પ્રમાણે જે દાન થયું, જે સુખાનુભવ થયો તેમાં પણ તારતમ્ય છે, પરંતુ 'હુતાશ' સ્વરૂપ શ્રી વલ્લભની સનિધાનમાં તાપભાવ અનુભવાર્થે જે દાન થાય છે તે તો અત્યંત સામર્થ્યવાન છે.

આ દેહદાન પછી માનસી સેવા છુટી નથી જતી. જો માનસી સેવા છુટી જાય તો માનસી ફલરૂપા ન કહેવાય. કેમ કે ફલ મલવાથી સાધન છુટી જાય તે બરોબર છે, પરંતુ અહિં તો ફલની જ પરંપરા છે.

માનસી અને વિરહનુભવ આ દેહ વિના ન થઇ શકે. કાચા રજના ઘડાને જેમ નિભાડાની અગ્નિથી પકવ કરવામાં આવે છે, તેમ વિરહ તાપથી પૂર્વના દેહનો પલટો કરવામાં આવે છે. વિરહના અનુભવમાં સતત સ્વરૂપ-ધ્યાન બન્યું રહે છે, તેથી વિરહી ભક્તના દેહ, ઇન્દ્રિયો અને અન્તઃકરણ વિમાં 'હુતાશ' સ્વરૂપનું સ્થાપન થાય છે કીડો જેમ ભ્રમરીના સતત ધ્યાનથી ભ્રમરી રૂપ બની જાય છે, તેમ અહી સતત સ્વરૂપ ભાવના કરવાથી 'હુતાશ' સ્વરૂપથી તાદાત્મ્ય પ્રાપ્ત થાય છે.

ઉત્તમ ભક્તોને બ્રહ્મસંબંધ થતાંજ આ દાન થાય, મધ્યમ અધિકારીને એજ જન્મમાં સત્સંગની અભિલાષાથી થાય અને હીન અધિકારીને પણ જેમ તેમ થાય આપણે હીન અધિકારીને હજુ સુધી તો તેવો અનુભવ નથી, તો પણ શ્રીવલ્લભાગ્નિનો અનન્ય-દ્રઢ આશ્રય રાખી પૂર્ણ પ્રમેય બલવાળી આપની કૃપાની રાહ જોવી અથવા આવી કૃપા થવા માટે અન્ય સાધનોની નિષ્ઠા છોડીને આપનો જ અનન્ય આશ્રય રાખવો, તો હીન અધિકારીને પણ મહોદાર-મહાકારૂણિક સ્વામિ પોતાના સ્વતંત્ર પ્રમેય બલથી ઉપરોક્ત ફલનું દાન નિઃસંદેહ કરશે જ.

પુષ્ટિ પથ-પથિક

- મધુકર

પ્રશ્ન :-વૈષ્ણવવાણી માસિકના દિપોત્સવી અંકમાં વેણુગીત પ્રસંગમાં અ. 12-16 માં

ગોપાલોના નિરોધનું વર્ણન શ્રી ગોપીજનોના નિરોધ માટે કરેલું છે. તથા રાત્રિ-દિવસ બન્ને લીલાઓના ગાન માટે રાત્રે ગોપાલો રાત્રિ લીલાનું વર્ણન સમાન શીલ ગોપીજનો સાથે કરે છે તે અતિ ગોપ્ય છે. તે જાણવામાં આપણો અધિકાર હોય શકે કે નહી ?

ઉત્તર :- આ તમારી જીજ્ઞાસામાં યથામતિ સમાધાન એ છે કે, ગોપાલોનો નિરોધ શ્રીગોપીજનોના નિરોધમાં સહકારી રહે તે માટે કરેલો છે. આ ગોપાલો અંતરંગ છે. બીજા બહિરંગ ગોપાલો ગૌચારણમાં સહકારી છે, તેમનો અંતરંગ લીલામાં અંગીકાર કર્યો નથી. અ. 12 થી 16 માં અંતરંગ ગોપાલોનો નિરોધ સિધ્ધ કર્યો તેનું તાત્પર્ય આ ગોપાલોમાં "પું" ભાવને દૂર કરીને તેના અન્તઃકરણમાં રસરૂપ "સ્ત્રી" ભાવ ઉત્પન્ન કર્યો. એટલે આ અંતરંગ ગોપાલો બહારથી પુરૂષ આકૃતિવાળા છે, પરંતુ તેમનું અન્તઃકરણ (લિગદેહ) સ્ત્રી ભાવવાળું છે. જો આવો સ્ત્રીભાવ તેમનામાં ન હોય તો રહસ્ય લીલામાં વિકાર ઉત્પન્ન થાય. આવો વિકાર ઉત્પન્ન ન થાય માટે સ્ત્રી ભાવવાળું અન્તઃકરણ બનાવ્યું છે. પ્રભુ સાથે રહીને આ ગોપાલોને શ્રીયમુનાજીના જલનું પાન કરાવે છે તે એટલા માટે કે આ જલપાનથી તેમનામાં સ્ત્રી ભાવની ઉત્પત્તિ થાય. શ્રીયમુનાજી –"તનુ નવત્વનુ" દાન કરનારા છે, તેજ ભક્તોનો આધિદૈવિક સ્ત્રી ભાવ છે. ગોપાલોમાં તે ભાવ સિધ્ધ કરાવ્યો છે. રાત્રિ લીલામાં આ ગોપાલોના સહકારીત્વનું વર્ણન શ્રીશુકે ભાગવતમાં કર્યું નથી, તેમજ શ્રીમદાચાર્યચરણે પણ શ્રીસુબોધિનીજીમાં વર્ણન કર્યું નથી તેને અહીં લેખનીમાં ઉતારતા મહત સ્વરૂપોનો અતિક્રમ થાય છે. અને આ અતિક્રમ મહાન અપરાધરૂપ હોવાથી અહીં તેનું સ્પષ્ટીકરણ કરવું સર્વથા યોગ્ય નથી. શ્રીમદાચાર્યચરણની કૃપાએ જ્યારે અલૌકિક સ્ત્રીભાવ પ્રાપ્ત થશે, પુરૂષ ભાવની ઠસકનું નામ-નિશાન નહી રહે ત્યારે રાત્રિ લીલા સહજ સ્કુરીત થશે.

પૂર્ણગુણ વિગ્રહ-પુર્ણ નિર્દોષ પ્રભુની લોક વેદથી વિરૂદ્ધ રસશાસ્ત્ર અનુસારી લીલાઓ સ્વકીયોના નિરોધને સિદ્ધ કરી પોતાના સ્વરૂપાનંદના દાન માટે છે. દુર્ભાગી આસુરી જીવોને પ્રભુની આ લીલામાં દોષ દ્રષ્ટિ થાય છે. અને તેથી અંધતમ નરકમાં પાત થાય છે. આવુ અનિષ્ટ ન થાય તે માટે શ્રી શુકે તે લીલાને પ્રગટ કરી નથી.

જેમ અષ્ટ સખાઓ બહારથી "પુરૂષ" આકૃતિવાળા છે અને તેમના અન્તઃકરણો (લિંગદેહો) "સ્ત્રી" ભાવવાળા છે. ત્રણ જન્મની વાર્તાના ભાવ પ્રકાશમાં શ્રીહરિરાય પ્રભુએ અષ્ટ સખા તથા ચોરાશી બસોબાવનના આધિદૈવિક સખીભાવવાળા સ્વરૂપોનું નામ સહિત વર્ણન કરેલું છે. તેમ આ અંતરંગ ગોપાલો પણ બહારથી પુરૂષ આકૃતિવાળા અને તેમના અન્તઃકરણ સ્ત્રી ભાવ વાળા છે. આ સ્ત્રીભાવવાળા તેમનાં આધિદૈવિક સ્વરૂપો ભાવાત્મક છે. અને તે ભાવાત્મક સ્વરૂપો તેમના ભીતર અન્તઃકરણમાં રહેલ છે. આ જ પ્રકારે લીલાધામથી વિછુરેલા આધુનિક દૈવીજીવોના આધિદૈવિક સ્ત્રીભાવાત્મક સ્વરૂપોને બ્રહ્મસંબંધ સમયેજ શ્રીમદાચાર્યચરણ કૃપા દ્રષ્ટિ દ્વારા તેમના અન્તઃકરણમાં સ્થાપીત કરે છે. ભક્તોના આ આધિદૈવિક સ્વરૂપની પ્રેરણાથી જ ભૂતલ સ્થિત દૈવીજીવ પ્રભુના સેવા સ્મરણાદિ પ્રક્રિયા દ્વારા સાનિધ્યતાનો અનુભવ કરે છે. આધુનિક દૈવીજીવ પોતાના જ આધિદૈવિક સ્વરૂપનું જ્ઞાન મેળવી તે સ્વરૂપમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી લીલા ધામમાં તેનો પ્રવેશ થઇ શકતો નથી.

ખરી રીતે સેવા, સ્મરણ, ગુણગાન આદિ જેટલા ભગવદ્ ધર્મોનું આચરણ કરવામાં આવે છે તે દૈવીજીવને પોતાના નિત્ય સિદ્ધ આધિદૈવિક સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે જ છે. અથવા સાધનાત્મક પુરૂષાર્થની સમાપ્તિ આ આધિદૈવિક સ્વરૂપની પ્રાપ્તિમાં જ થઇ જાય છે.

અહીં એક અતિ આવશ્યક બાબતને સમજી લઇએ કે આ પ્રભુની રહસ્ય લીલા શ્રવણનો અધિકારી કોણ ? શ્રીમહાપ્રભુજી તામસ પ્રમાણ પ્રકરણના શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે, જ્યાં સુધી અન્તઃકરણ શુદ્ધ ન થાય ત્યાં સુધી ગોપીજનો સાથેની રહસ્ય લીલાઓનું શ્રવણ ન કરવું. પ્રભુની બાલલીલા-સખાઓ સાથેની વનમાં થતી સખ્ય-લીલાઓનું શ્રવણ કરવું. "અન્તઃકરણની શુદ્ધિ" એટલે પ્રભુમાં પતિભાવવાળા સ્ત્રીભાવની પ્રાપ્તિ. આવો સ્ત્રીભાવ શ્રવણ કરનાર પુરૂષ દેહધારીને ન થાય અને પ્રાકૃત કામનું જોર હશે તો રહસ્યલીલાના શ્રવણથી વિકાર ઉત્પન્ન થશે અને તેથી તેનું મહતઅનિષ્ટ થશે. આ હેતુથી રહસ્યલીલાનું શ્રવણ નહીં કરવું તેવી આપશ્રીએ આજ્ઞા કરી છે.

લીલા ધામથી વિછુરેલો દૈવીજીવોના ઉદ્ધારની ચિન્તાને હૃદયમાં ધરી મહાકારૂણિક સ્વામી ભૂતલમાં પ્રાદુર્ભૂત થયા છે.

આ કલિકાલમાં દુસંગથી બચવા હર પલે સાવધાન રહેવાનું છે. પ્રભુ સન્મુખ રહી ભાવ રૂપ નિધિ પ્રાપ્ત કરી હશે તેનો દુસંગથી નાશ થઇ જાય છે. ઘરમાં બીરાજતા પ્રભુ આપણા ઉદ્ધારની ચિન્તા લઇને બિરાજી રહ્યા છે. તે સ્વરૂપમાં કંઇ ન્યુનતા નથી કે બીજાના સંગની કે બીજા કોઇ પ્રકારની આશા કરવી પડે. સેવ્ય સ્વરૂપનો આશ્રય-વિશ્વાસ છુટે છે અને બીજાની આશા થાય છે ત્યારે લક્ષ્મણ રેખાનું ઉલંઘન કરી સિતાજી રાવણને ભીક્ષા દેવા ગયા અને સિતાજીને ઉપાડી તે દાનવની નગરી લંકામાં લઇ ગયો. દૈવીજીવની પ્રભુ સંબંધી બુદ્ધિ સતી સિતાજી જેવી છે. તે નિજસ્વામીનાં આશ્રયને છોડી બીજાની આશા કરતા આસુરી ભાવનો પ્રવેશ થતા હૃદય લંકા બની જાય છે. અને આસુરી ભાવોરૂપ દાનવોથી ઘેરાયેલી ભગવદ્ સંબધી બુદ્ધિ, દુઃખનો અનુભવ કરતી થઇ જાય છે.

પ્રસંગવસાત આ હિતકારી સૂચનોના પ્રેરક કરૂણાસાગર શ્રીમહાપ્રભુજીની પ્રેરણાને આપણા હિત માટે હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે. દિવ્ય પ્રભુ પ્રેમ પ્રાપ્તિમાં ઘણા વિઘ્નો આવે છે તેથી સાવધાનતાની જરૂર છે.

કેદખાનામાંથી મુક્તિ

- પથિક

પ્રભુ સન્મુખ આપણે રહીએ અને બીજાને રાખીએ તેમાં પ્રભુ ખુબ પ્રસન્ન થતાં હોવાથી અવારનવાર આપણે ત્યાં શ્રીસર્વોત્તમજીના કે શ્રીયમુનાષ્ટકના પાઠ અવશ્ય રાખવા જોઈએ.

જીવાત્મા દેહ રૂપી કેદખાનામાં પૂરાયેલો છે. અહંતામમતાની બેડીથી બંધાએલો છે. અષ્ટાક્ષરનું સતત સ્મરણ આ બેડીને તોડી નાખે છે ત્યારે જીવ કેદખાનામાંથી છૂટો થાય છે. માયા સંસારના નાશવંત સુખોની લાલચ આપી જીવાત્માને ઠગે છે. નામનું સતત

સ્મરણ માયાના અંધકારને દૂર કરતું હોવાથી જીવાત્માને જ્ઞાન થાય છે કે મારા સાચા સંબંધી પ્રભુ છે. અને પ્રભુથી જે સુખ મળે છે તે સમુદ્રના અખંડ પ્રવાહની જેમ અખંડ અનુભવાય છે. આપણે પ્રભુ-સ્મરણ આર્તભાવથી નહિ કરીએ તો પ્રભુ સાંભળશે નહિ. સુખમાં અટકી જવાથી અને પ્રભુને ભૂલી જવાથી પ્રભુને યાદ કરતા નથી, અને માયા હૃદયમાંથી ખસતી નથી. માયા હટે નહિ ત્યાં સુધી બંધનમાંથી છૂટા થવાતું નથી. હું કેદખાનામાં પડયો છું. અષ્ટાક્ષરથી પ્રભુને પોકાર્યા કરીશ તો કૃપા કરી બંધનમાંથી મને પ્રભુ મુક્ત કરશે.

પુષ્ટિ પથ – પથિક

- મધુકર

પ્રશ્ન – તમારા પત્રમાં "ત્રિદુઃખં સહનં ધૈર્યં" શ્રીવલ્લભ પ્રભુએ ત્રણે પ્રકારનાં દુઃખોને મરણ પર્યંત સહન કરવાની આજ્ઞા કરી તો આ ભૌતિક દુઃખ (કામરોગ) ને સહન કરતા જવું કે કોઈ ઉપાય ખરો ?

ઉત્તર – કામરોગથી વ્યથીત થયેલા તમારા આ પ્રશ્નનો જવાબ આ પ્રકારે છે કે કામના વેગને સહન કરવો, તેમાં પ્રવૃત્ત ન થવું. કામ સંકલ્પરૂપે પ્રગટ થાય છે. જ્યારે કામના સંકલ્પો-વિચારો ઉત્પન્ન થાય ત્યારે ઠંડા જલની એક લોટી પી જવી. પશ્ચાદ શૈયામાં નિવેશ ન કરવો. એક આશન ઉપર બેસી જવું. અને એકાગ્ર ચિતથી અષ્ટસખાના કીર્તનોની લીલા ભાવના વિચારી અને તેમાંથી ઉત્પન્ન થતાં તરંગોમાં મન-ચિતને જોડી દેવા. રાત્રીના સમયમાં એકાન્ત તો હોય જ. આ એકાન્તનો લીલા ચિંતનમાં ઉપયોગ કરવો. ભૌતિક કામના સંકલ્પો-વિચારોને અલૌકિક લીલા ભાવનાઓમાં જોડી દેવાથી કામ સંકલ્પનો લય અલૌકિકમાં થઈ જાય છે. અથવા 'કામ' ભૌતિક મટીને આધિદૈવિક બની જાય છે.

બીજો પ્રકાર – ભૌતિક કામના સંકલ્પ ઉઠે ત્યારે આપણા આધિદૈવિક સ્ત્રીભાવ-સખીભાવના સ્વરૂપનું ધ્યાન કરવું. આ અભ્યાસ બઢતા ભૌતિક કામ, પીડા કરવા

સમર્થ નહી રહે. એક સાંભળેલો પ્રસંગ અહી જણાવું છું કે – એક સમય કંસ બરસાનાની સરહદમાં જઈ ચઢયો. બરસાનાની 12 કોશની સરહદમાં શ્રી સ્વામિનીજીનું રાજ્ય છે. કંશનો તેમાં પ્રવેશ થતાં જ તે સ્ત્રી બની ગયો. સખીઓએ શ્રી વ્રષભાનજીની ગૈયાંઓનું ગોબર થાપવા તેને લગાડી દીધો. આગળનો પ્રસંગ યાદ નથી.

આ પ્રસંગનું એટલું જ સ્વારસ્ય છે કે આપણા આધિદૈવિક સ્ત્રીભાવ-સખીભાવ સ્વરૂપનો એવો પ્રભાવ છે કે દુઃસહ કામવેગના સંકલ્પોનો તુર્તજ લય કરી નાખે છે. નિત્યના અભ્યાસથી ભૌતિક કામનું નામ નિશાન પણ રહી શકતું નથી.

અલ્પ સમયના કામ સુખમાં ભ્રમીત થયેલો જીવ જીવનભરની ઉપાધિથી બંધનોમાં બંધાય છે. પ્રજાની ઉત્પત્તિ તેને ગુલામ બનાવી દે છે. ભગવાનની કૃપાથીજ દૈવી પ્રજાનો સાથ મળે છે. તેવો પરિવાર ભગવદ્ પ્રાપ્તિમાં સહાયક રૂપ બને છે. પરન્તુ દૈવી પ્રજા ન હોય આસુરી હોય તો તેને માટે શ્રી મહાપ્રભુજીએ બીજા સ્કંધના સુબોધિનીજીમાં આવી પ્રજાને "આત્માના નાશની સેના" કહી છે. આ સેનાની વચમાં રહીને કેદી જેવો બની માનવી જીવન પુરૂ કરે છે. ભગવાને ગીતાજીમાં કહ્યું છે કે મારી દૈવી ગુણમયી માયા તરવી દુસ્તર છે. મારા એકને જ શરણે આવવાથી માયાને તરી શકાય જીવ દૈવી હોવા છતાં માયામાં ફસાય છે તેને તેમાંથી કાઢવા માટે પોતાને જ શરણે આવવાનો ઉપદેશ કરે છે. આસુરી પરિવારમાં ફસાયેલો દૈવી જીવ ગજેન્દ્રની જેમ આર્ત ભાવથી પ્રભુને પોકાર્યા કરે તો પ્રભુ તેનો ઉદ્ધાર કરે છે.

આ ભૂતલમાં ભગવદ્ પ્રાપ્તિની બધા પ્રકારની અનુકૂલતા લીલાધામથી વિછૂરેલા દૈવીજીવને પ્રભુની કૃપાથી પ્રાપ્ત થયેલી હોય છે, છતાં તે કૃપાને નહી પહેચાનવાથી આવા જીવો ભગવદ્ પ્રાપ્તિથી વિમુખ રહે છે. અને અનુકુલતાનો લાભ ભગવદ્ સંબંધી અલ્પ આનંદોમાં લે છે. નિત્યનું અખંડ સુખ તદીયના સંગ વિના મેળવી શકતો નથી. જેને નિત્ય લીલાસ્થ સ્વરૂપ પરિકર અને લીલાધામનો સાક્ષાત અનુભવ થાય છે, તેને તદીય કહેવાય છે. આવા તદીય અષ્ટસખાદિ મહાનુભાવો છે. તેમની વાણીનો સંગ કરવો. નિવેદનના સ્મરણની આજ્ઞા આપે નવરત્નમાં કરી છે તેનું રહસ્ય તદીયના

સંગથીજ નિત્યલીલા સ્વરૂપનું અને તે સ્વરૂપથી મળતું અગણિત સુખ તેનું જ્ઞાન થાય છે ત્યારે દૈવી જીવ ભગવદ્ સંબંધી અલ્પ આનંદોમાં અટકતો નથી.

"નિકુંજ વૈભવ દામોદરદાસ દેખિ ચાહત હૈ
સખિયનમેં ટહલ કરન હિત"

ઉપરોક્ત શ્રી પદ્મનાભદાસજીનાં પદમાં નિત્યલીલાસ્થ પ્રિયપ્રભુનું સ્વરૂપ, ત્યાંનો દિવ્ય પરિકર, લીલા ધામ, અને શ્રીદમલાજીનું લીલા સંબંધી આધિદૈવિક લલિતાજીનું સ્વરૂપ. આ ચારે પ્રકારનું વર્ણન કરેલું છે તે પદની ભાવના વિચારવી. આપણા આધિદૈવિક સ્વરૂપનું ધ્યાન કરી આ પદમાં કહેલી ભાવનામાં મનના સંકલ્પો જોડવા. આ પદ અગર બીજા કોઈ પદોમાં જણાવેલી લીલાની ભાવનામાં મનનાં સંકલ્પોને જોડવાનો અભ્યાસ નિરંતર થતાં આ ભાવનાનો આવેશ રહેવાથી સદાસર્વદા આનું જ અનુસંધાન રહી આવે છે, અને જીવનનો પલટો કરી નાખે છે. અથવા પ્રાકૃતતાની નિવૃત્તિ કરી અપ્રાકૃતતા સિદ્ધ કરે છે. "ભાવોભાવનીયાસિદ્ધ" જેવી ભાવના આપણે કરીએ તેવો ભાવ સિદ્ધ થાય છે.

સત્સંગ સૌરભ અથવા સિદ્ધાંત નવીનત

લેખક : **શ્રીવલ્લભપાદપદ્મમલિન્દ**

(1) સેવા સ્મરણ :

સેવા તો વ્રજપ્રિયા શ્રીગોપીજનો જ કરી શકે છે. હું દેહાત્મવાદી તુચ્છ જીવ મહા અલૌકિક પ્રભુની સેવાને યોગ્ય નથી, પણ પ્રિય પ્રભુને હું શ્રમ જ આપું છું.

આમ દૈન્યભાવ સહિત પ્રભુની તનુ-વિત્તજા સેવા કરવી. હે નાથ ! હું તુચ્છ હોવા છતાં આપનો જ છું. આપે મારો પાણિગ્રહણ કર્યો છે તેથી આપ મારા સ્વામી છો અને સર્વ કરવા સમર્થ છો. આપની હું તત્સુખાત્મક સેવા કરી શકું તેવા મારા આધિદૈવીક સ્વરૂપનું (આપ સમાન સામર્થ્યવાળા સ્વરૂપનું) દાન કરો. આમ દૈન્યભાવ પૂર્વક સેવા કરવાથી આપની પ્રસન્નતા થાય છે. ત્યારે પ્રભુ આપણને દિવ્ય પ્રેમભાવનું દાન કરે છે. આ

પ્રેમથી આસકિત થાય છે ત્યારે પ્રાકૃત પ્રપંચની નિવૃત્તિ થતાં આધિદૈવીકતા પ્રગટ થાય ત્યારે સેવ્ય સ્વરૂપની સમાન ઐશ્વર્ય પ્રાપ્ત થવાથી આપણાથી તત્સુખાત્મક સેવા થઈ શકે. "તત્સુખ" એટલે પ્રિય પ્રભુનું અને પ્રભુના પ્રિયજનો-વલ્લભીઓનું સુખ વિચારવું તેને તત્સુખ કહેવાય છે. અને "સ્વસુખ" એટલે પ્રભુથી પોતાનું સુખ વિચારવું તેને "સ્વસુખ" કહેવાય. તત્સુખ ભાવના સ્નેહથી પરમોત્કૃષ્ટ સર્વાત્મભાવવાળો દાસ્યભાવ પ્રાપ્ત થાય છે. આ દાસ્યભાવ પરમ પુરૂષાર્થ રૂપ છે. જેનું વર્ણન "નમામિ હૃદયે શેષે લીલા ક્ષીરાબ્ધિ શાયિનમ્" આ કારિકાજીમાં આપ શ્રીવલ્લભે કરેલ છે. કોઈપણ પ્રકારે પ્રભુમાં સ્નેહ કેમ ઉત્પન્ન થાય તેનો જ વિચાર કરતાં રહેવું જોઈએ. સ્નેહ વિના સર્વ કૃતિ સાક્ષાત સ્વરૂપ સુધી પહોંચી શકતી નથી.

(2) સ્વરૂપચિંતન અને લીલાચિંતનનો પ્રકાર :

સ્વરૂપચિંતન અને લીલાચિંતનને આપણે આધ્યાત્મિક અને આધિદૈવીક બનાવવું જોઈએ.

આધ્યાત્મિકનો અર્થ રસાત્મક સ્વરૂપનું માહાત્મ્ય સ્કુરીત થાય તેને આધ્યાત્મિક કહેવાય. અને આ માહાત્મ્યથી સર્વથી અધિક સુદ્રઢ સ્નેહ સેવ્ય સ્વરૂપમાં જ થતાં આધિદૈવીક રસાત્મક સ્વરૂપના આનંદનો અનુભવ થાય તેને આધિદૈવીક કહેવાય છે.

(3) નિજધામના આપણા આધિદૈવીક સ્વરૂપની પ્રાપ્તિ :

આપણું આધિદૈવીક સ્વરૂપ લીલાધામમાં રહેલું છે તે સ્વરૂપ આપણા ભૂતલમાં રહેલા ભૌતિક સ્વરૂપને કેવી રીતે પ્રાપ્ત થાય તેનો વિચાર કરવો.

આપણા આધિદૈવીક સ્વરૂપની પણ માનસી ભાવના કરવી. ભૂતલમાં રહેલા પુષ્ટિલીલા સંબંધી દૈવીજીવોના ત્રણ પ્રકારનાં સ્વરૂપો છે : (1) ભૌતિક (2) આધ્યાત્મિક (3) આધિદૈવીક. ચોરાસી બસોબાવનની ત્રણ જન્મની વાર્તામાં શ્રી હરિરાય પ્રભુએ કહ્યું છે તે પ્રમાણે આપણા આધિદૈવીક સ્વરૂપનો વિચાર કરીને તેની માનસી ભાવના કરી મનનો તેમાં પ્રવેશ કરાવવો. જેમ પ્રિય પ્રભુનો આપણને વિયોગ છે તેમ આપણા આધિદૈવીક સ્વરૂપનો પણ આપણને વિયોગ છે. વલ્લભાખ્યાનમાં ગોપાલદાસજીને

પોતાના આધિદૈવીક સ્વરૂપનો પણ આપણને વિયોગ છે. વલ્લભાખ્યાનમાં ગોપાલદાસજીને પોતાના આધિદૈવીક સ્વરૂપનું શ્રી ગુસાંઈજીની કૃપાથી જ્ઞાન થયેલું હોવાથી વિનંતી કરે છે –

"સેવકજન દાસ તિહારો રે, તેનો રૂપ વિયોગ નિવારો રે." મારા આધિદૈવીક સ્વરૂપનો મને વિયોગ છે તેનું મને દાન કરો. કારણકે મારા આધિદૈવીક સ્વરૂપથી જ મહાન અલૌકિક આપના સ્વરૂપની હું સાક્ષાત તત્ સુખ સેવા કરી શકું. આવા પ્રકારનો ગૂઢ આશય ગોપાલદાસજીની વિનંતીમાં રહેલો છે. તેથી પ્રભુની તત્સુખ સેવા કરી શકીયે તે માટે આ સ્વરૂપની માનસી ભાવના કરવી. પ્રભુથી મને સુખ મળે તેવી ભાવના નહી રાખવી પણ હું મારા પ્રાણનાથને સુખરૂપ ક્યારે બનીશ, તેવો તાપભાવ રાખી આપણે સેવા કરવી. લીલા ધામનો દિવ્ય પરિકર અહર્નિશ પ્રભુના સુખના જ નિત્ય નૂતન મનોરથો કરી પ્રિયતમની સુખદ સેવા અખંડ કરી રહેલ છે. લીલાધામમાં ભક્તોને પોતાના સુખની ગંધ માત્ર પણ હોતી નથી, તેથી હું મારા પ્રાણવલ્લભને સુખદ ક્યારે બનીશ તેવો તાપભાવ રાખવો. શ્રી વલ્લભ પ્રકટિત પુષ્ટિ પ્રેમ માર્ગનો મુખ્ય સિદ્ધાંત તત્સુખતા છે. મહાનુભાવ શ્રીકૃષ્ણદાસ મેઘનજીએ વરદાનમાં માગ્યું "મને આપના માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય." આ સિદ્ધાંત તે તત્સુખાત્મક પ્રેમભાવ જ છે. તેવા આ પરમ નિધિરૂપ-પરમ પુરુષાર્થરૂપ તત્સુખભાવ શ્રી વલ્લભ ચરણ રેણુમાં સમાયેલો છે. તેથી જ કોટિમાં વિરલ શ્રી પદ્મનાભદાસજી કહે છે કે હે આલિ ! (સખી) "પ્રથમ વસીયે શ્રીવલ્લભ પદ પંકજ નગરહી માઈ. જહાં પરાગ પદ્મનાભાદિક નિધિ વૃન્દાવન પાઈ."

(4) તાપભાવની આવશ્યકતા :

સર્વ સાધનો વિપ્રયોગ ભાવથી થવા જોઈએ તેનું કારણ આપણને પ્રિય પ્રભુનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી પરોક્ષતા જ ગણાય તેથી તેનુ વિતજા સેવા-ગુણગાન ધ્યાન-સ્મરણાદિ સર્વ સાધનો તાપભાવ સંયુક્ત કરવા આવા પ્રકારની આજ્ઞા શ્રીહરિરાયપ્રભુએ શિ.41-15-16માં કરેલ છે. તાપભાવ સહિત સર્વ સાધનો કરવાનો હેતુ-તાપ ભાવે કરીને ધર્મી સ્વરૂપ સિવાય વિજાતીય ભાવો દગ્ધ થઈ જાય છે ત્યારે

આપણામાં આધિદૈવીકતા રસાત્મકતા પ્રગટે છે અને આ સ્થિતિએ જ પ્રિય પ્રભુની તત્સુખ સેવાની યોગ્યતા થાય છે. તેથી તાપભાવની અતિ આવશ્યકતા રહેલી છે તેમ નિશ્ચય જાણવું. આ વિષયનું સુચન શ્રી હરિરાય પ્રભુએ શિ. 5-2માં કરેલું છે. અસ્માકમતિ ભાગ્યેન તદાસ્ય વહ્નિ રૂદગતઃ અતઃ શીતલભાવોડ સ્મિન્માર્ગે નૈવોપ યુજ્યતે શ્રીદમલાજીએ પણ શ્રી પ્રભુચરણને વિનંતી કરી – "રાજ, યહ મારગ હાંસી ખેલકો નહી હે, તાપભાવ કો હૈ."

(5) વિપ્રયોગના અનુભવ વિના પ્રભુ હૃદયમાં સ્થાયી બિરાજતા નથી.

ધર્મ વિપ્રયોગમાં પ્રભુના લીલા ગુણાનુવાદથી રસાત્મક ગુણોનો ગાન કરનારમાં પ્રવેશ થાય છે. આ ગુણો રસાત્મક હોવાથી પ્રભુના રસાત્મક ભાવાત્મક સ્વરૂપનો હૃદયમાં આવિર્ભાવ કરાવે છે. જેમકે વેણુગીત પ્રસંગે શ્રી ગોપીજનોના ગુણગાન દ્વારા પ્રભુનું રસાત્મક ભાવાત્મક સુધા સ્વરૂપ પ્રગટ થયું. આ રસાત્મક ગુણો હૃદયમાં આનંદનો અનુભવ કરાવે છે, અને પ્રભુના સાક્ષાત સંયોગ માટે તાપભાવની વૃદ્ધિ પણ કરે છે. તાપભાવના ગુણગાનથી પ્રિય સ્વરૂપ સિવાયનો સર્વ ભાવ પ્રપંચ (ભૌતિક આધ્યાત્મિક અવિદ્યારૂપ) નિવૃત થતાં ભાવાત્મક રસાત્મક સ્વરૂપનો હૃદયમાં પ્રાદુર્ભાવ થાય છે, ત્યારે બહાર ભીતર સાક્ષાત સ્વરૂપનો અનુભવ કરી શકાય છે. આ અનુભવ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનો થાય છે.

(6) આજની સેવાથી મળતો આનંદ માત્ર આનંદનો આભાસ જ છે. :

જ્યાં સુધી ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યાની નિવૃત્તિ ન થાય ત્યાં સુધી દિવ્ય આનંદ કે જેનો અખંડ ધારાવાહી પ્રવાહ ચાલતો હોય છે તેનો અનુભવ થતો નથી. ભૌતિક દેહથી જ પ્રભુ સંબંધી આનંદ ભોગવી લેવાય છે. આ આનંદ દિવ્ય નથી પણ દિવ્યનો આભાસ માત્ર છે. અથવા વિષયાનંદમાં ભળી ગયેલો આ આનંદ છે. દિવ્ય આનંદ તો આપણા આધિદૈવિક સ્વરૂપથી (લોકાતીત થયા પછી જ અનુભવી શકાય છે)

(7) આપણા આધિદૈવિક સ્વરૂપ વિશે :

આપણા ભૌતિક અધ્યાસવાળા દેહથી પ્રભુ સંબંધી આનંદ ભોગવી લઈએ તેમાં પ્રભુને

કંઈ સુખ નથી.

પ્રિય પ્રભુને સુખ તો આપણા આધિદૈવિક સ્વરૂપથી જ આપી શકાય છે. આપણું સત્ય જીવન તો એજ છે કે આપણા આધિદૈવિક (લીલા મધ્યપાતિ) સ્વરૂપને પ્રાપ્ત કરી પ્રભુની નિરવધિ તત્સુખ સેવા પ્રાપ્ત કરીયે. આપણું (ભૂતલસ્થ દૈવીજીવનું) આધિદૈવીક સ્વરૂપ સ્ત્રી ભાવાત્મક અને પ્રભુ સમાન આનંદ કરપાદ મુખોદરાદિ-રસરૂપ અનેષટ ગુણ ઐશ્વર્યવાન છે, સ્વતઃ સિદ્ધ છે, સ્વયં પ્રકાશ છે, સર્વ ભવન સમર્થ છે, અગણિત આનંદને ધારણ કરનાર છે, આત્મારૂપ હોવાથી સાકાર વ્યાપક – અપરિચ્છિન્ન સત્તાવાળું છે. ઇત્યાદિ અનંત દિવ્ય ગુણોને ધારણ કરનાર છે. આવા પ્રકારના પોતાના જ મહાન દિવ્ય સ્વરૂપને ભૂલી ગયેલો દૈવી જીવ ભૌતિક દેહના સંબંધમાં અહંતા મમતાની બેડીયોથી બંધાયેલો દેહરૂપી કારાગૃહમાં પુરાયેલો જે પોતાના નથી તેવા દેહના સંબંધીઓની વેઠ કરી રહ્યો છે. "પેટ કરાવે વેઠ" આ કહેવત મુજબ પ્રભુ પ્રાપ્તિના ઉપાયો દેહ ધરીને ન થયા તો દેહના સંબંધીઓની વેઠ કરવામાં જ જીંદગી પુરી થાય છે જીવને આવા પ્રકારનું જ્ઞાન અવિદ્યારૂપ માયા થવા દેતી નથી. અજ્ઞાનના અંધકારમાં રહેલા દૈવી જીવને પોતાનું સાચું સ્વરૂપ સમજી શકાતુ નથી.

(8) સેવા તત્સુખ ભાવથી થવી જોઈએ. :

તત્સુખાત્મક સેવા માટે તાપભાવની અતિ આવશ્યકતા છે. તાપભાવથી જ્યારે આપણામાં આધિદૈવીકતા પ્રગટ થાય છે ત્યારે આધિદૈવીક રસાત્મક ભાવોની ધારા આત્માનંદ સમુદ્રમાંથી પ્રવાહીત થઈ દેહ-પ્રાણ-ઇન્દ્રિયો-અન્તઃકરણ અને ભૌતિક દેહના અભિમાનવાળો જીવાત્મા આ સર્વમાં પ્રવેશ કરી તનુનવત્વતા (આધિદૈવીકતા) પ્રાપ્ત કરાવી દે છે. આવા તનુનવત્વથી નિત્યલીલાસ્થ પ્રાણ પ્રેષ્ઠની તત્સુખાત્મક સેવા થઈ શકે છે.

(9) આપણા આધિદૈવીક સ્વરૂપની પ્રાપ્તિ :

"તાપભાવ પ્રકટ કરવા માટે વિરહ ભાવાત્મક (તાપાત્મક) શ્રી મહાપ્રભુજીના ચરણ કમલનું શરણ વિચારવુ. અથવા શ્રી સર્વોત્તમ સ્તોત્રથી આપનું યશોગાન કરવું."

શ્રી સર્વોત્તમજીમાં આપશ્રીનું તાપાત્મક સુધા સ્વરૂપ બિરાજી રહેલ છે. 108 નામ આધિદૈવીક-અગ્નિરૂપ છે. મંગલાચરણનો 6 શ્લોક "વિનિયોગો ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને" ઉપરોક્ત પંક્તિનો ભાવાર્થ એ થાય છે કે સાક્ષાત આપશ્રીના ધર્મી સ્વરૂપના અનુભવમાં જેટલા પ્રતિબંધો છે તેનો મુળમાંથી નાશ કરે છે અને ત્યારબાદ "કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિ રત્ર ન સંશયઃ".

આ પંક્તિનો ભાવાર્થ અધરસુધાની પ્રાપ્તિ થતાં આપણા આધિદૈવિક સ્વરૂપમાં પ્રવેશ થાય છે. અધરામૃતસુધા આધિદૈવીક દેહને પ્રાપ્ત કરાવનાર છે તેમ વેણુગીતના પાંચમા શ્લોકમાં કહેલ છે. શ્રી સર્વોત્તમજીનાં નામો તાપાત્મક હોવાથી સમગ્ર પ્રતિબંધોનો શીઘ્ર વિનાશ કરી આપણા સ્વતઃ સિદ્ધ (નિત્ય સિદ્ધ) આધિદૈવીક દેહને પ્રાપ્ત કરાવે છે. આપશ્રીનું "મહાકારૂણીક"-"મહોદાર ચરિત્રવાન"-"અદેયદાન દક્ષશ્ચ". આ નામો ભૂતલસ્થ સ્વકીયોને તેના નિત્ય સિદ્‌ધ આધિદૈવીક સ્વરૂપને પ્રાપ્ત કરાવવામાં પ્રયુક્ત થાય છે. આપણું આધિદૈવિક સ્વરૂપ સ્વતઃ સિદ્ધ છે. તનુનવત્વ પ્રાપ્ત થતાં શ્રી યમુનાજી અષ્ટ સિદ્ધિનું જે દાન કરે છે તે અષ્ટ સિદ્ધિ સંયુક્ત આપણું આધિદૈવીક સ્વરૂપ સ્વતઃ સિદ્ધ છે. તેથી સાધનાત્મક કોઈ પુરુષાર્થો કરવાના બાકી રહેતા નથી.

આધુનીક સમયે સ્વકીયોને આ આધિદૈવીક સ્વરૂપની પ્રાપ્તિ આપશ્રી વલ્લભની કૃપાએ જ થઈ શકે છે, તેમ શ્રી હરિરાય પ્રભુએ શ્રી યમુનાષ્ટકની ટીકાના પ્રારંભમાં જતાવેલ છે. તેથી શ્રી સર્વોત્તમજીનું યશોગાન કરવું. સ્વકીયોના આધિદૈવીક સ્વરૂપની પ્રાપ્તિ કરાવવી તદર્થ જ શ્રીસર્વોત્તમજીનો વિનિયોગ છે.

(10) શ્રી સર્વોત્તમજીના પ્રત્યેક નામ સ્વરૂપાત્મક છે. :

નામનું સ્વરૂપ ભાવાત્મક છે. તે ધર્મી સ્વરૂપ કહેવાય છે. તે વિપ્રયોગ ભાવાત્મક પ્રકારે સ્વકીયના હૃદયમાં પ્રગટ થાય છે. શ્રી હરિરાયચરણે નીચેની પદ પંક્તિમાં સુચિત કર્યું છે :

પ્રગટે પુષ્ટિ મહારસ દેન.

- - - - - - - - - - - - -

યહ પ્રાગટય રહત હૃદયમેં,

તીન લોક ભેદન સકેન ।।

વિપ્રયોગ કાળમાં સ્વકીયના ગુણગાને કરીને આપશ્રીનું ભાવાત્મક વિપ્રયોગાત્મક સ્વરૂપ સ્વકીયના હૃદયમાં પ્રાદુર્ભૂત થાય છે.

ધર્મી નામાત્મકના ભાવાત્મક સ્વરૂપમાંથી જ દ્વિધા શૃંગાર વિલાસના રસાત્મક ભાવોનું સર્જન થાય છે. તેથી દ્વિધા શૃંગાર વિલાસને સિદ્ધ કરવામાં આપના નામાત્મક ધર્મી સ્વરૂપોજ કારણરૂપે રહેલા છે. અર્થાત્ નામના ભાવાત્મક સ્વરૂપો હૃદયમાં પ્રાદુર્ભૂત થવાથી જ લીલાલોકમાં અનંત યુગલોમાં રસ વિહાર સિદ્ધ થાય છે. આથી શ્રીસર્વોત્તમજીનુ ઐશ્વર્ય કેવું અચિન્ત્ય હશે તે યતકિંચિત જાણી શકાય છે. શ્રી મત્પ્રભુચરણ ગુસાઈજીએ (અથવા શ્રીજી સ્વરૂપ શ્રી ગુસાંઈજીએ) આ સ્તોત્રનું નામાધેય "સર્વોત્તમ" રાખેલું છે તેનો આશય પણ અતિ ગૂઢ છે. શ્રી વલ્લભચરણ કમલરજના અનુચર બની રહેવાથી ગૂઢ રહસ્ય સ્કુરિત થાય છે (નિગૂઢ હૃદયોનન્ય ભક્તેષુ જ્ઞાપિતાશય)

(11) આ નામોની શક્તિ અચિન્ત્ય છે. :

શ્રી સર્વોત્તમજીના પ્રત્યેક નામને શ્લોક 33માં આનન્દનિધિઃ કહેલ છે. નિધિને સમુદ્ર પણ કહેવાય છે. પ્રત્યેક નામમાં વિવિધ દિવ્ય પ્રેમાનંદ રસભાવોનો સિન્ધુ ભરેલો છે. જેમકે સર્વ લક્ષણ સમ્પન્નઃ અનંત યુગલ સ્વરૂપોમાં પ્રતિક્ષણે નૂતન નૂતન રસભાવો (સમુદ્રના તરંગોની જેમ) જે પ્રગટ થાય છે તે આપનું "સર્વ લક્ષણ સમ્પન્ન" નામવાળુ ભાવાત્મક સ્વરૂપ યુગલોમાં બિરાજી રહેલ છે તેમાંથી રસભાવો પ્રગટ થાય છે અને અનંત યુગલોના વિવિધ વિલાસરસની ધારા "સર્વલક્ષણ સમ્પન્ન" નામવાળા સ્વરૂપમાં જ પ્રવિષ્ટ થઈ જાય છે. "રાસાદિલીલામૃત જલધિ ભરાક્રાંત સર્વોપિ શશ્વત્". અનેક રસ સમુદ્રોને ધારણ કરનારા આપશ્રીના પ્રત્યેક નામ છે. આ પ્રકારે તેનું મહત્વ પણ

અચિન્ત્ય-અગાધ છે.

(12) તાપભાવની પ્રાપ્તિનો પ્રકાર :

તાપકલેશને પ્રાપ્ત કરવા માટે શ્રી સર્વોત્તમજીના નામનું યશોગાન અને ચિન્તન અત્યંત આવશ્યક છે.

આપશ્રીનું સ્વરૂપ તાપાત્મક છે તેમ આપશ્રીનાં નામો પણ તાપાત્મક છે. તેથી ગુણગાન કરનારમાં તાપભાવ ઉત્પન્ન કરે તેમાં શું સંદેહ હોય ? ''નામોનું ચિન્તન'' એટલે આગળ ''સર્વલક્ષણ સંપન્ન'' નામનું જે મહત્વ બતાવ્યું તેવા પ્રત્યેક નામના તદ્ ગુણાનુસાર મહત્વને વિચારવું તેનું નામ નામોનું ચિન્તન. યશોગાનથી સ્વકીયનો આધિદૈવીકમાં પ્રવેશ થતાં આપના પ્રત્યેક નામોના સ્વરૂપનો સાક્ષાત અનુભવ થાય છે.

(13) સર્વોત્તમજીનું મહત્વ :

શ્રી સર્વોત્તમજીનું મહત્વ કેવું છે તે શ્રી અગ્નિકુમારની કૃપાથી યત્ કિંચિત અવલોકીયે. શ્રી અગ્નિકુમારે અતિશય કરૂણા કરી દુઃસહ કલિકાલના દોષ યુક્ત જીવનું પરમ હિત વિચારી શ્રી સર્વોત્તમજી પ્રગટ કરેલ છે. પિતા-પુત્ર (શ્રી વલ્લભ-શ્રી વિઠ્ઠલ)ની પરોક્ષતામાં પણ ઉભય સ્વરૂપોના અવતાર તુલ્ય સ્વકીયોનું કાર્ય શ્રી સર્વોત્તમજીના યશોગાન માત્રથી જ સિદ્ધ થઈ જાય તેવો ગુહ્ય પ્રભાવ શ્રી સર્વોત્તમજીમાં રહેલો છે.

જેમ-સારસ્વત કલ્પની અવતાર લીલા સમયે જન્મ પ્રકરણથી તામષ સાધન પ્રકરણ સુધીની લીલા કરી ભક્તોનો શ્રી ગિરિરાજ ધારણ સમયે કેવલ ધર્મી સ્વરૂપમાં નિરોધ કરી વેણુનાદથી રાસસ્થલી વૃંદાવનમાં પ્રવેશ કરાવી મહારાસમાં નિત્ય લીલાસ્થ પૂર્ણાનંદ સ્વરૂપનું દાન કરી નિરવધિ આનંદના અનુભવમાં શ્રી ગોપીજનોને સ્થિત કર્યા. આ નિરોધમાં જે જે પ્રતિબંધો હતા તે બાલ પૌગંડ, કિશોર લીલાથી દૂર કરી સાક્ષાત્ પૂર્ણાનંદ ધર્મી સ્વરૂપમાં જ વ્રજભક્તો નિરૂદ્ધ કર્યા. તેવી રીતે આવા જ પ્રકારના સમગ્ર પ્રતિબંધોને દૂર કરી મહારાસના મહાફલ રૂપ પૂર્ણાનંદ સ્વરૂપમાં નિરોધ ફક્ત શ્રી સર્વોત્તમજીના યશોગાન માત્રથી જ સિદ્ધ થઈ જાય તેવો અચિન્ત્ય (અગાધ) પ્રભાવ શ્રી

સર્વોત્તમજીમાં રહેલો છે. શ્રી સર્વોત્તમજીના છઠ્ઠા શ્લોકનો ઉપરોક્ત પ્રકારનો ગૂઢ આશય રહેલો છે –

વિનિયોગો ભક્તિયોગ,
પ્રતિબંધ વિનાશને ।
કૃષ્ણા ધરામૃતા સ્વાદ,
સિદ્ધરત્ર ન સંશયઃ ।।6।।

શ્રી સર્વોત્તમજીના યશોગાનમાં વેણુગીત, યુગલગીત, ગોપીગીત અને ભ્રમર ગીતના વિપ્રયોગ રસાત્મક ભાવાત્મક સ્વરૂપના ગુણગાનનો સમાવેશ થઈ જાય છે. આ ચારે ગીત તો અવતાર લીલાના સાધન સાધ્ય ભક્તોએ ગાયા છે. પરંતુ લીલાલોકમાં નિત્ય સિદ્ધા શ્રી સ્વામિનીજીઓ નિત્યના મહારાસ સમયે જે રસાત્મક સ્વરૂપનું વિલક્ષણ પ્રકારે યશોગાન કરે છે, તેનો પણ સમાવેશ શ્રીસર્વોત્તમજીમાં રહેલો છે. તેનું કારણ 108 નામ નિત્યલીલાના સંબંધ વાળાં છે.

(14) પરમ પુરુષાર્થ રૂપ વિરહ :

"વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ" આ નામ પરમાવધિ પુરુષાર્થને સિદ્ધ કરનારૂ છે. આપશ્રીનું મૂલ સ્વરૂપ ધર્મી વિપ્રયોગાત્મક છે, તેમાંથી દ્વિધા શૃંગાર વિલાસ પ્રગટ થયો છે. અને અનંત યુગલો, અનંત લીલાઓ, અનંત આનંદો આપના ધર્મી વિપ્રયોગાત્મક મુલ સુધા સ્વરૂપમાં રહેલા છે. આપશ્રીમાં રહેલો અનંત સ્વરૂપાત્મક આનંદ આપ સ્વયં પોતાના કેવલ સ્વરૂપમાં જ અનુભવે છે. જેનું જ્ઞાપીત નામ-શ્રી સર્વોત્તમજીમાં સ્વાનન્દ તુન્દિલ બિરાજી રહેલ છે.

(15) સિદ્ધ ભક્તોનું કર્તવ્ય :

શિ. 11માં ગુણગાન, દુઃખભાવન, દીનતા અને ત્યાગનો ઉલ્લેખ કરેલો છે. સિદ્ધ ભક્તોના કર્તવ્યરૂપે આ ચાર વાતો શ્રીહરિરાયપ્રભુએ શિક્ષા પત્રમાં કહેલ છે. શ્રી સર્વોત્તમજીના યશોગાનમાં આ સર્વ સિદ્ધ થઈ જાય છે. શ્રી સર્વોત્તમજીનાં પાઠ કરવાં તે

ગુણગાન રૂપ છે. આપશ્રીનાં નામો તાપાત્પક હોવાથી પ્રભુ વિયોગ જનીત "દુઃખભાવન"ને પ્રગટ કરે છે. આ દુઃખથી દૈન્ય પ્રકટે છે. દૈન્ય વિજાતીય ભાવોનો ત્યાગ કરાવે છે. આમ ચતુર્થ સાધન માત્ર શ્રીસર્વોત્તમજીના ગુણગાન દ્વારાજ સિદ્ધ થઈ જાય છે.

(16) પલકાન્તર વિરહ :

પલકાન્તર વિરહ તો વ્યસન અવસ્થાએ અનુભવાય છે. વ્યસન અવસ્થાએ પ્રિયતમના સ્વરૂપામૃત પાનમાં પલકની ઓટ પણ સહન થતી નથી. શ્રી ગોપીજનોનો પ્રિય પ્રભુમાં કેવો અનુરાગનો ભર હશે કે પલકની ઓટ અસહ્ય થઈ પડે છે. આપણામાં તો આ સ્નેહની એક બૂંદ પણ આવી નથી તેનું દુઃખ બન્યુ રહેવું જોઈએ. આ રતિપથમાં કંઈ જાણવા જેવું અને જાણીને મેળવવા જેવું જો કોઈ વસ્તુ હોય તો તે દિવ્ય પ્રેમ છે. દિવ્ય પ્રભુ પ્રેમના એક બિન્દુનો કેવો અદ્દભુત પ્રભાવ છે તે રતિપથ પથિકની વાણીમાં અવલોકીયે :

તૃણ સમ સબ વ્હે જાય પ્રભુતા સુખ ત્રિલોકકે ।
યહ આવે મન માંહીરંચક ઉપજે પ્રેમ જબ ।।
પ્રેમ પ્રગટ જબ હોયહે ભૂલે જગત કો ભાન ।
તુ તુ તુ રહી જાયહે "હૂં" કો મીટે નિશાન ।।

ઉપરોક્ત દિવ્ય પ્રેમના પ્રભાવને જાણી લીધા પછી કૃત્રિમ પ્રેમના આભાસમાં ઠગાઈ જવાનું નહી રહે. અથવા પોતાની સ્થિતિ સમજી શકાશે કે હું હજી આ દિવ્ય પ્રેમનો બિન્દુને પ્રાપ્ત કરી શકયો નથી.

(17) સેવ્ય સ્વરૂપના ધ્યાનનો મહિમા :

સેવ્ય સ્વરૂપનું ધ્યાન-ચિન્તન અવિરત (સતત) થવું જોઈએ કે જેથી હૃદયમાં બીજુ તત્વ પ્રવેશે નહી.

"હરિમૂર્તિ સદા ધ્યેયા" નિરોધ લક્ષણ ગ્રંથમાં આપશ્રીએ આજ્ઞા કરી છે. કે પ્રિયતમના સ્વરૂપાનંદનો જેને અનુભવ કરવો છે તેને સ્વરૂપ સિવાયનો અન્ય વિજાતીય ભાવ પ્રપંચ હૃદયમાંથી દૂર કરવો જોઈએ. કારણકે નિત્યલીલાસ્થ મહાન દિવ્ય સ્વરૂપના અનુભવમાં અન્ય સર્વ પ્રતિબંધ રૂપ છે તેમ નિશ્ચય સમજવું. પ્રિય સ્વરૂપ એજ મારું સર્વસ્વ છે. આ સ્વરૂપની પ્રાપ્તિ વિનાનું મારું જીવન વ્યર્થ જઈ રહ્યું છે, તેની વ્યથા બની રહેવી જોઈએ.

સુભગા એવ જાનંતિ પ્રિય સૌભાગ્યજં સુખમ્ ।
તદ્ હીનાયાસ્તદીયેતિ પ્રસિદ્ધિ શરણં સખી ।।
(વિ. 3-7)
ભાવાર્થ : હે સખી ! કેવળ સૌભાગ્યશાળી સ્ત્રીઓ જ પ્રિયના સૌભાગ્યથી મળતા સુખને જાણે છે, અનુભવી શકે છે. પણ સૌભાગ્ય રહિત સ્ત્રી તો (અમુકની) સ્ત્રી છે એમ કહેવા માત્ર છે. એ પ્રમાણે હું આપને શરણે છું તેથી આપનો કહેવા માત્ર છું. (શરણ પ્રસિદ્ધ છે, શરણનું સુખ નથી)

પ્રિય સંગમ રાહિત્યાદ્ વ્યર્થાઃ સર્વે મનોરથા ।
નિરપત્રપતા સિદ્ધયે જીવામિ સખી સાંપ્રતમ્ ।।
(વિ. 3-8)
ભાવાર્થ : પ્રિય (શ્રીગોવર્ધનધર)ના સંગમ મિલન વિના (મારા) સઘળા મનોરથો વ્યર્થ છે. હે સખી ! અત્યારે તો હું કેવળ મારી નિર્લજ્જતા સિદ્ધ કરવા માટે જીવતી રહી છું.

ત્વદ્ દર્શન વિહીનસ્ય ત્વદીયત્તસ્ય તુ જીવિતમ્ ।
વ્યર્થમેવ યથા નાથ દુર્ભગાયા નવં વયઃ ।।
(વિ. 3-21)
ભાવાર્થ : હે નાથ ! આપનો જ જેને આશ્રય છે છતાં જો તે આપનાં દર્શનથી વંચિત રહે તો તેનું જીવવું કોઈ વિધવા થયેલીના (દુર્ભગાના) નવયૌવનની માફક વ્યર્થ છે.

ઉપરોક્ત વિજ્ઞપ્તિ શ્લોકનો ભાવાર્થ જે તે શ્લોકની નીચે આપેલો છે તે વિચારવો.

(18) રતિપથનું ભૂષણ-અનન્યતા :

હૃદયમાં પરમ પ્રેષ્ઠ પ્રાણવલ્લભ સિવાય બીજા કોઈ પણ મહત્ત ગણાતા તત્વનું સ્થાન ન રાખવું.

અનન્યતા રતિપથનું ભૂષણ છે તે અનન્યતા એક જ સ્વરૂપમાં નિષ્ઠા રાખવાથી જ થાય છે. જેમાં નિષ્ઠા તે જ સર્વસ્વ અને મુખ્ય, અન્ય સર્વ તત્વોની ગૌણતા એ અનન્યતાનું લક્ષણ છે.

સબહીન તે અતિ ઉત્તમ જાની,
ચરન પર પ્રીત બઢેયે હો ।
કાન ન કાહુકી મન ધરીયે,
વ્રત અનન્ય એક ગહૈયે હો ।।
♦ ♦ ♦
એસે નહી હમ ચાહન હારે,
જો આજ તુમે કલ ઓર કુ ચાહે ।
ફેંક દે આંખ નિકાલકે દોઉ
જો દુસરી ઓર મિલાવે નિગાહે ।।
લાખ મિલે તુમસે બઢકે,
તુમહીકો ચહે તુમહીકો સરાહે ।।
પ્રાણ રહે જ્યોં લો ત્યોં લો,
હમ નેહકો નાતો સદાહી નિવાહૈ ।।

(19) સર્વ પુરુષાર્થની સિદ્ધિ... શ્રી સર્વોત્તમજી :

શ્રીવલ્લભ અલૌકિક આનંદમય અગ્નિ સ્વરૂપ છે. શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં આ માધુર્ય સુધાઅગ્નિ સ્વરૂપ ભાવાત્મક દ્રવિભૂત સુધા રૂપે બિરાજી રહેલ છે. તેથી શ્રીસર્વોત્તમજીના

યશોગાન માત્રથી સર્વ પુરુષાર્થ સિદ્ધ થઈ જાય છે. પરમ પુરુષાર્થરૂપ સ્વકીય જનોનું પોતાનું જ નિત્ય સિદ્ધ આધિદૈવિક સ્વરૂપ છે તે માત્ર શ્રી સર્વોત્તમજીના યશોગાનથી પ્રાપ્ત થઈ જાય છે. તેથી જ શ્રી સર્વોત્તમજીનું યશોગાન પરમ પુરુષાર્થ સિદ્ધ કરનાર છે. ન સંશયઃ એમ શ્રીઅગ્નિકુમાર પ્રતિજ્ઞા કરીને સ્વકીયોને પ્રબોધ કરે છે.

(20) ધર્મી સ્વરૂપમાં નિષ્ઠા વિના તાપકલેશ સ્થાયી રહી શકતો નથી. :

ધર્મ સમુહમાં લેવાતો આનંદ તાપકલેશને બુઝાવી દે છે.

(21) સેવ્ય સ્વરૂપની ભાવના :

સેવ્ય સ્વરૂપ નિત્યલીલાસ્થ પૂર્ણ પુરુષોત્તમનુ જ સ્વરૂપ હોવાથી સાકાર વ્યાપક છે અને તેથી લીલાધામ તેમાં સુક્ષ્મ ભાવાત્મક પ્રકારે રહેલું છે. તેવો નિશ્ચય થવાથી બહારની સમગ્ર પ્રવૃતિઓ સમાપ્ત થઈ જાય છે. અને અન્યત્ર આનંદની તૃષ્ણા રહેતી નથી. શ્રીમાતૃચરણ યશોદાજીને શ્રીમુખમાં વિશ્વ બતાવવાનો આ એક હેતુ રહેલો છે.

(22) સેવ્ય સ્વરૂપમાં વલ્લભ વિરહાગ્નિ વ્યાપ્ત રહે છે. :

સેવ્ય સ્વરૂપમાં નખ શિખાંત સુધા સ્વરૂપ વ્યાપ્ત રહે છે. આ "સુધા" દિવ્ય પ્રેમ રૂપ છે. દિવ્ય પ્રેમમાં વિરહાગ્નિ વ્યાપ્ત રહે છે. જેમ મીશ્રીમાં મધુરતા વ્યાપ્ત રહે છે તેમ દિવ્ય પ્રેમમાં વિરહાગ્નિ વ્યાપ્ત રહે છે. દિવ્ય પ્રેમ, સુધા-વિરહાગ્નિ અથવા મધુર અગ્નિ આ એકાર્થ વાચી નામો છે. સેવ્ય સ્વરૂપમાં વલ્લભ વિરહાગ્નિ વ્યાપ્ત હોવાથી સેવ્ય સ્વરૂપ જ શ્રીવલ્લભ છે તેવી ભાવનાથી સ્વરૂપ સેવન કરવું.

(23) સેવ્ય સ્વરૂપના અનુભવમાં બાધક તત્વ :

સાક્ષાત ધર્મી સ્વરૂપના અનુભવમાં સ્વરૂપ સિવાય અન્ય સર્વ પ્રતિબંધ સ્વરૂપ છે.

ન્યાસાદેશમાં શ્રી મત્પ્રભુચરણે ઉપરોક્ત પ્રકારની આજ્ઞા કરી છે. વળી તામસ ફલ પ્રકરણના 31મા અધ્યાયમાં પણ શ્રીપ્રભુચરણે ટિપ્પણીજીમાં જણાવેલ છે કે જ્યારે સાક્ષાત સ્વરૂપનો અનુભવ કરવો હોય ત્યારે ભાગવત ધર્મનો ત્યાગ કરવો જોઈએ.

(24) નિત્યલીલા અને નૈમિત્તિક લીલાનો ભેદ :

નિમિતલીલા ભૂતલ સંબંધી છે. આ લીલા નિત્યલીલાની સ્મારિકા છે અનુભવાત્મીકા નથી. કારણકે નિત્યલીલાનો અનુભવ નિત્યલીલા ધામમાંજ થાય છે.

નિમિત લીલામાં જ રચ્યાપચ્યા રહેવાથી નિત્યલીલા સ્વરૂપના અનુભવનો વિરહ થતો નથી. નિમિત લીલા ભૂતલના પ્રાકૃત અધ્યાસવાળા દૈવી જીવોના ઉદ્ધારાર્થ છે. તેમાં વ્યુહાદિ સ્વરૂપ મિશ્રિત છે. આ વ્યુહ મિશ્રિત લીલામાં રચ્યાપચ્યા રહેવાથી નિત્યલીલા સ્વરૂપનો ન તો અનુભવ થાય છે કે ન તો તે સ્વરૂપનું જ્ઞાન મેળવી તેની પ્રાપ્તિનો વિરહ થાય છે. નિત્ય લીલાસ્થ સ્વરૂપનો અનુભવ અને તેની પ્રાપ્તિનો વિરહ તો નિત્યલીલા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી, નિત્યલીલા ધામસ્થ પ્રિય પ્રભુનું સ્વરૂપ, પરિકર અને ત્યાં થતી નિત્ય સિધ્ધા સ્વામિનીજીઓ સાથેની દિવ્ય લીલાઓના ચિંતનથી જ થાય છે. અને આવો વિરહ પણ શ્રીવલ્લભભાનુનો હૃદયમાં ઉદય થવાથી જ થાય છે, તેમ શિક્ષાપત્ર 18 શ્લોક 4-5માં શ્રી હરિરાયપ્રભુએ જતાવેલ છે. અને "વૈશ્વાનરાષ્ટક" નામના સ્તોત્રમાં પણ શ્રી હરિરાયપ્રભુ આજ્ઞા કરે છે –

હરિ ભાવાત્માનં તદખિલ વિહારાનપિ તથા
સમસ્તાં સામગ્રી મનુજ પશુ પક્ષ્યાદિ સહિતામ્
કૃપામાત્રેણાત્ર પ્રક્ટયતિ દ્રકૃપાર કરૂણઃ
સમે મૂર્ધન્યાસ્તાં હરિ વદન વૈશ્વાનર વિભુઃ ।।

અનંત કોટિ કન્દર્પથી અધિક લાવણ્ય સૌન્દર્ય યુક્ત નિત્ય લીલાસ્થ હરિના ભાવાત્મક સ્વરૂપને તથા ત્યાં થતી લીલાઓ, લીલા પરિકર, શ્રીસ્વામિનીજીઓ અને કુંજ-નિકુંજાદિનો ભૂતલના સ્વકીય ભક્તોના હૃદયમાં કૃપાદ્રષ્ટિ દ્વારા શ્રીવલ્લભ અનુભવ કરાવે છે.

શ્રીહરિરાયજીએ વૈશ્વાનરાષ્ટકના ત્રીજા શ્લોકમાં આજ્ઞા કરી છે કે : માયા રૂપ શક્તિ (અવિધા)ના મોહથી મનના દોષ-સમુહને સારી રીતે શાંત (સમન) કરનારા શ્રીવલ્લભ

છે. અથવા લીલાધામને ઢાંકી દેનારી મહામાયાના અંધકારને શ્રીવલ્લભભાનુ પોતાના પ્રકાશથી દૂર કરે છે ત્યારે ઉપરોક્ત શ્લોક 7માં કહેલો અનુભવ થાય છે.

પુષ્ટિ જીવનનું ગૌરવ

લેખક : **પ. ભ. શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

પ્રગટ ભયે ઘન ચંદ્રમા, શ્રીલક્ષ્મણ ભટ ગેહ ।।
તવ નિકુંજ લીલા લીયે, રહસી સુધા નિધિ નેહ ।।1।।

નિત્યસિદ્ધા અનંત શ્રીસ્વામિનીજીઓ કે જે, રહસી સુધાનેહના સાગર રૂપ છે, તેમની લીલા અને તે અનંત સ્વામિનીજીઓથી વેષ્ટિત આપ શ્રીવલ્લભ ભૂવિતલે પ્રગટ થયા. આવા જ સ્વરૂપનો અનુભવ શ્રીમદ્ દમલાજીને આપના પ્રાગટય સમયે દિવ્ય ચક્ષુથી થયો છે. શ્રીમદ્ દમલાજી કેવલ સ્વરૂપનિષ્ઠ હોવાથી પ્રિયતમના અપરિમિત લાવણ્ય માધુર્ય સુધા સ્વરૂપના અનુભવમાં જ નિમગ્ન રહ્યા છે, જ્યારે શ્રીપદ્મનાભદાસજીએ આ સ્વરૂપનો અનુભવ કરી પદો દ્વારા નિજજનોને માટે સ્વરૂપનું વર્ણન કરેલું છે. આ સ્વરૂપનું જ વર્ણન "નમામિ હૃદયે શેષે લીલા ક્ષીરાબ્ધિ શાયિનમ્ । લક્ષ્મી સહસ્ત્ર લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્" એ શ્લોકમાં કરેલું છે. "લક્ષ્મી સહસ્ત્ર" નિત્યસિદ્ધા અનંત સ્વામિનીજીઓની તેમના ભાવાત્મક સ્વરૂપ સાથે રસાત્મક વિચિત્ર કલાઓથી જે રહસ્યલીલા થઈ રહી છે તે સર્વ ભૂવિતલમાં પ્રગટ થયેલા શ્રી વલ્લભના હૃદયમાં સ્થિત છે. આ સ્વરૂપનો આપણને અનુભવ કેવી રીતે થાય ? અથવા આપણા હૃદયમાં આપનું પ્રાગટય કેવી રીતે થાય ? તેનો વિચાર કરીએ.

"લક્ષમનભટ" આ નામમાં ત્રણ પદો રહેલાં છે, "લક્ષ-મન-ભટ" આપણું લક્ષ આપના સ્વરૂપનું ચિંતન અને તે લક્ષમાં મનને "ભટ" એટલે સુભટતાથી જોડવું. સ્વરૂપ ચિંતન પ્રિય પ્રાપ્તિના તાપભાવ પૂર્વક થતું હોવાથી આપણું હૃદય અગ્નિકુંડરૂપ બને છે. વિરહની અગ્નિથી હૃદય કુંદન સમાન શુદ્ધ બનતાં આધુનીક સમયમાં પણ નિજજનોનાં હૃદયમાં આપનું પ્રાગટય થાય છે. આ જ સ્વરૂપનું વર્ણન શ્રીહરિરાયચરણોએ એક

પદમાં કરેલ છે તે નિમ્ન :

પ્રગટે પુષ્ટિ મહા રસ દેન ।।
શ્રીવલ્લભ હરિ ભાવ અગ્નિ મુખ, રૂપ સમર્પિત લેન ।।1।।
નિત્ય સંબંધ કરાય ભાવ દે, વિરહ અલૌકિક બેન ।।
યહ પ્રાગટય રહત હૃદયમેં, તીન લોક ભેદનકો જેન ।।2।।
રહીયે ધ્યાન સદા ઈનકે પદ, પાતક કોઉ ન લગેન ।।
'રસિક' યહ નિરધાર નિગમ ગતિ, સાધન ઓર ન હેન ।।3।।

આ સ્વરૂપ ભાવાત્મક-રસાત્મક હોવાથી નિજજનોનાં હૃદયમાં પ્રગટ થઈ ભાવાત્મક પ્રકારે જ અનુભવ કરાવે છે. આ સ્વરૂપનું આપણાં હૃદયમાં પ્રાગટય વિરહના અનુભવથી જ થાય છે, અને પ્રાગટય પછી પણ વિરહાત્મક (ભાવાત્મક) પ્રકારે જ તેનો અનુભવ થાય છે. અનવતાર કાલમાં આ ભાવાત્મક સ્વરૂપ હૃદયમાં સર્વ લીલા સહ પ્રગટ થઈને નિજજનોનો નિરોધ સિદ્ધ કરે છે.

પદની પ્રથમ પંકિતમાં "મહા રસ દેન" એવું જે વિશેષણ આપ્યું છે તેનું સ્વારસ્ય એ છે કે "ત્રૈલોક્યલક્ષ્મ્યેક પદં વપુર્દધત્" આ શ્લોકમાં કહેલું સ્વરૂપ, "નમામિ હૃદયેશેષે લીલા ક્ષીરાબ્ધિ શાયિનમ્" શ્લોકમાં કહેલું સ્વરૂપ, અને વલ્લભાષ્ટકના પ્રથમ શ્લોકમાં "સ્ફૂર્જદ્ રાસાદિ લીલામૃત જલધિ ભરાક્રાંત સર્વોપિશશ્વત્" આ શ્લોકમાં રહેલું સ્વરૂપ, આ ત્રણેની એક સંગતીવાળું આપનું સ્વરૂપ હોવાથી "મહારસદેન" એવું વિશેષણ આપ્યું છે. આ મહા રસરૂપ સ્વરૂપને ધારણ કરવાની પાત્રતા શ્રીવલ્લભ-ચરણકમલના અનન્ય આશ્રયથી જ સિદ્ધ થાય છે, તેવો નિર્ધાર શ્રી હરિરાયચરણોએ તે પદમાં જ કરેલો છે.

સ્વરૂપનિષ્ઠા એ જ આપણા પુષ્ટિ જીવનનું ગૌરવ છે :

સ્વરૂપનિષ્ઠા એટલે જેમ રસગુલ્લા રસમાં ડુબેલા જ રહી આવે છે, તેમ પ્રિયતમના રૂપસુધા-સમુદ્રમાં આપણું મન સદૈવ ડુબેલું રહે તે સ્વરૂપનિષ્ઠા છે. આવી સ્વરૂપનિષ્ઠા

શ્રી વલ્લભના સ્વામિની ભાવાત્મક સ્વરૂપની કૃપા વિના થવી સર્વથા અસંભવીત છે. તે સંબંધમાં શ્રી હરિરાયચરણનું પદ નીચે પ્રમાણે છે.

શ્રીવલ્લભ સદા વસો મન મેરે ।।
ધરમ કરમ કછુ નહિ સમજત, જૈસે તેસે તેરે ।।1।।
દાન વૃત્તાદિકતે કછુ નાહિન, હોત પુષ્ટિકી ભક્તિ ।।
તિહારી કૃપાકટાક્ષ વૃષ્ટિતે, હોત હે હરિ આસકિત ।।2।।
તુમ બિન તત્વ કછુ નહિ જગમેં, યહ નિશ્ચય મન કિન્હો ।।
શ્રીહરિ વદનાનલ આનંદ નિધિ, વેદ બખાનત તિન્હો ।।3।।
ભટકિ ભટકિ હાર્યો હોં, હા હા પકરો મેરી બાંહ ।।
ભલો બુરો 'હરિદાસ' તુમ્હારો, દેહું ચરણકી છાંહ ।।4।।

શ્રીવલ્લભાષ્ટકના 7મા શ્લોકમાં "સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને..." તે શ્લોકનો ભાવાર્થ ઉપરના પદમાં છે. "તિહારી કૃપાકટાક્ષ વૃષ્ટિતે હોત હે હરિ આસકિત." આ પંક્તિનું સ્વારસ્ય વેણુગીતના પંચમ શ્લોકમાં ગોપીજનોને સિદ્ધ થયું છે. 'સ્ત્રીગૂઢ ભાવો પુષ્ટિમાર્ગે તત્વ." આ વેણુગીતની પંક્તિ છે. સ્ત્રીગૂઢ ભાવાત્મક સ્વરૂપ તે શ્રીવલ્લભનું સ્વામિનીજી ભાવાત્મક (અધર સુધા) સ્વરૂપ છે. તેની કૃપા કટાક્ષમાં અધરસુધાની વૃષ્ટિ વેણુજી દ્વારા શ્રીગોપીજનોમાં થઈ, તેથી તેમની સ્વરૂપાસકિત દ્રઢ બની. તે પ્રમાણે આપણને શ્રીવલ્લભના સ્વામિની ભાવાત્મક સ્વરૂપની કૃપાથી જ (પુષ્ટિમાર્ગના પરમ પુરુષાર્થ રૂપ) સ્વરૂપાસકિત જાગૃત થાય.

"સ્ત્રીગૂઢભાવો પુષ્ટિમાર્ગે તત્વ"માં કહેલું આપનું સ્વામિનીજી ભાવાત્મક અધરસુધા સ્વરૂપ તે "રાસસ્ત્રીભાવ પૂરિત વિગ્રહ" નામમાં કહેલું સ્વરૂપ છે. "રાસસ્ત્રી"-નિત્યસિદ્ધા અનંત સ્વામિનીજીઓનાં ગૂઢ ભાવો કે જે સ્થાયી રતિરૂપ છે, તે અનંત સ્વામિનીજીઓના ગૂઢ ભાવ (પ્રેમ ભાવ)થી પૂરિત વિગ્રહ શ્રીવલ્લભનું હોવાથી આપની સાનિધ્ય થતાં માત્રમાં જ નિત્યસિદ્ધા સ્વામિની ભાવવાળા પ્રેમભાવનું નિજજનોને આપ દાન કરે છે.

આ પ્રેમ દાનથી જ સ્વરૂપાસકિત અવિચલ, દ્રઢ બને છે, અને તેથી પ્રિયતમના સ્વરૂપ સુધા સમુદ્રમાં નિજજનને નિમગ્ન કરે છે.
"તુમ બિન તત્વ કછુ નહિ જગમેં, યહ નિશ્ચય મન કિન્હો." આપના સ્વામિની ભાવાત્મક અધરસુધા સ્વરૂપથી પુષ્ટિ જગતમાં બીજું કોઈ તત્વ વિશેષ નથી તેમ નિશ્ચય સિદ્ધાંત છે.

"શ્રીહરિ વદનાનલ આનંદ નિધિ." આ પંક્તિમાં કહેલું સ્વરૂપ અધર સુધા સ્વરૂપ જ છે. 'વેદ બખાનત તિન્હો' આ વાક્યનો અર્થ, રાજસ, તામસ, સાત્વિક એ ત્રણ ભાવવાળા શ્રી સ્વામિનીજી રૂપ ત્રણ વેદથી અધર સુધા સ્વરૂપનો જ યશ ગવાયેલો છે. તેના પ્રતિકો, વેણુગીત-યુગલગીત, ગોપીગીત-ભ્રમરગીત અને અષ્ટસખાદિનાં કીર્તનો છે.

"ભટકિ ભટકિ હોં હાર્યો, પકરો મેરી બાંહ." હે નાથ ! પુષ્ટિ પુરુષાર્થને મેળવવા ભટકી ભટકીને હું હાર્યો છું. આપ આપના પ્રમેય બલથી મારો કર પકડીને અધર સુધા શ્રવિત આપના ચરણામ્બુજની શીતળ છાંયામાં મને રાખી લો. ભલો બુરો હું આપનો છું. આમ કરૂણા કરીને શ્રીહરિરાયચરણ (સ્વરૂપનિષ્ઠા રૂપી પરમ પુરુષાર્થ મેળવવાની ઇચ્છાવાળા વલ્લભીય જગતને) ગૂઢતાથી સંબોધી રહ્યા છે. "તિહારી કૃપા કટાક્ષ વૃષ્ટિતે" અને "તુમ બિન તત્વ કછુ નહિ જગમેં" આ પંક્તિઓનો વલ્લભીઓએ ગંભીરતાપૂર્વક વિચાર કરવો જરૂરી છે.

"ભલો બુરો હરિદાસ તુમ્હારો." આ પંક્તિથી મારી જેવા અનધિકારીને આશ્વાસન આપીને શ્રીવલ્લભ ચરણકમલનો જ દ્રઢ આશ્રય કરવાનો સંકેત શ્રીહરિરાયજી કરી રહેલ છે. આપણા પ્રભુ વિભુ હોવાથી કર્તુમ્-અકર્તુમ્-અન્યથા કર્તુમ્ સામર્થ્યવાળા છે. આપણી અયોગ્યતાને દૂર કરીને નિજ ચરણામ્બુજના આશ્રયનું દાન કરે છે જ.

અવગાહનીય પત્ર

લેખક : **"પથિક"**

ભાઈશ્રી, તમારો પત્ર મળ્યો હતો. જેમ માતા સંડાસ-પેશાબથી બગડેલા બાળકને

ધોઈને સાફ કરે છે, તેમ ભગવાન સિવાય આપણને બીજું રૂચે-ગમે તે આપણા હૃદયનો બગાડ છે. આ બગાડ સાફ ન થાય ત્યાં સુધી પ્રભુ એવા હૃદયમાં પધારતા નથી. આવા બગાડની આપણને ખબર પડતી નથી. તે તો માતા જેવું હિર્તઇચ્છનાર ભગવદીયો જ જાણે છે. પણ આવા માતાના સ્વભાવવાળા ભગવદીયો મળવા દુર્લભ છે. પ્રભુની કૃપાથી જ મળે છે.

હું અમુકનો પિતા, અમુકનો પુત્ર, અમુકનો પતિ, અમુકનો ભાઈ, એ પ્રકારની સમજણે આપણને અનેક જન્મોથી ભમાવ્યા છે. આવી સમજણ જાય નહિ ત્યાં સુધી જન્મ-મરણ છુટતું નથી. અનેક જન્મોથી આપણી પાછળ પડેલું આવું અભિમાન મુળમાંથી કાઢી નાખવા આપણને શ્રી વલ્લભે અષ્ટાક્ષર મહામંત્રનું દાન કર્યું અને બ્રહ્મસંબંધથી આપણું ગણાતું બધુંય પ્રભુને અર્પણ કરાવ્યું. જેની સાથે આપણો સંબંધ કરાવ્યો તે પ્રભુ જ આપણા સાચા સંબંધી છે. આ સંબંધને ભુલાય નહિ તે માટે પ્રભુને આપણા ગૃહમાં પધરાવી આપ્યા.

આપણો પરિવાર તે આપણો નહિ, પરંતુ પ્રભુનો છે. અને તેથી પ્રભુનો માની તેને સંભાળવો. આપણી અંગત મમતા તેમાં કરીએ તો સંસારનું બંધન થાય. માટે પ્રભુનું માની સંભાળવું અને હું આપનો દાસ છું તેવી ભાવના હર સમય રાખી દાસપણાનું કર્તવ્ય કરવું. સેવા-સ્મરણમાં ચિત્તવૃત્તિ સદાય રહે તો આપણા દાસપણાનું રક્ષણ થાય છે. પ્રભુ હૃદયમાં ન પધારે ત્યાં સુધી માયાના બંધનમાંથી છુટાતું નથી. અભિમાન દુર થતું નથી. પ્રભુને હૃદયમાં લાવવા માટે સેવા-સ્મરણ વગેરેથી મનને પ્રભુમાં જોડી રાખવું. ગૃહસ્થી (આપણો પરિવાર) પ્રભુનો માની સંભાળવાથી આપણો દાસભાવ બન્યો રહે છે.

અષ્ટાક્ષરનું સતત સ્મરણ દાસભાવને જાગૃત રાખે છે. દાસભાવનું રક્ષણ કરે છે અને પ્રભુ હૃદયમાં પધારે તેવા પ્રકારના હૃદયને સિદ્ધ કરે છે. શ્રી સર્વોત્તમજી, શ્રી યમુનાષ્ટક અને અષ્ટાક્ષરના સતત સ્મરણનો અભ્યાસ રાખવો જોઈએ.

વૈરાગ્યથી આપણું મન બધેયથી નિવૃત્ત થતું જાય છે અને પ્રભુનો સંબંધ દ્રઢ બનતો જાય છે. આવો વૈરાગ્ય અષ્ટાક્ષરના સતત સ્મરણથી મેળવી શકાય છે. વૈરાગ્યથી જ પ્રભુનો દ્રઢ સંબંધ થતો હોવાથી આ વૈરાગ્ય માટે સતત અષ્ટાક્ષરનું સ્મરણ કરવું જોઈએ. દિવાનો બનેલો ફકીર પોતાના મહેલમાં આવી પોકાર્યા કરતો : "માલિક, તું કબ મિલેગા." આવો પોકાર અષ્ટાક્ષરમાં રહેલો છે. આપણા આવા પોકારથી પ્રભુ હ્રદયમાં પધારી આપણને માયાના બંધનમાંથી મુક્ત કરે છે અને પોતાના સંબંધી બનાવી જ્યાંથી આપણે અનેક જન્મોથી ભુલા પડયા છીએ તે ધામમાં પ્રભુ કૃપા કરી પહોંચાડી દે છે. આવું આપણું જીવન બને ત્યારે જ આપણું દૈવી જીવન સફળ થયું કહેવાય. વૈરાગ્ય નાશવંત સુખોમાંથી છોડાવી નિત્યના સાચા સુખમાં લઈ જાય છે.

પરમ પુરુષાર્થ વિરહ

- શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

(ગતાંકથી ચાલુ)

તનુ વિત્તજા સેવા સંયોગરૂપ છે, અને આ સેવામાં (ભક્તોની ભૌતિક અવસ્થામાં) આનંદનો અનુભવ થતો હોવાથી તે સમયે તાપભાવ થતો નથી. કોઈ વિરલ ભક્તોમાં પ્રિયમાં તત્સુખ સ્નેહની પ્રાબલ્યતા હોય છે તેને સેવામાં સંયોગ સમયે પણ પ્રિયતમના સુખનો તાપકલેશ રહી આવે છે.

શ્રી હરિરાયપ્રભુ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે સેવા સ્મરણ ગુણગાન વિગેરે તાપભાવપૂર્વક કરવા. આવી આજ્ઞાનું રહસ્ય તાપભાવથી જ આધિદૈવિકતા પ્રાપ્ત થાય. અગણિતાનંદના ભોકતા પ્રિયપ્રભુની સાક્ષાત તત્સુખાત્મક સેવા થઈ શકે. લીલાસ્થ ભક્તોની આધિદૈવીકતામાં અનિર્વચનીય દિવ્ય પ્રેમનો સમુદ્ર ભરેલો રહે છે. અને સમુદ્રમાં જેમ પ્રતિક્ષણ તરંગો પ્રગટ થયા કરે છે તેમ ક્ષણે ક્ષણે પ્રિયના સુખના વિવિધ ભાવો પ્રગટ થયા જ કરે છે. આવા તત્સુખાત્મક ભાવોથી લીલાસ્થ ભક્તો પ્રિયતમની અખંડ સેવા કરી રહ્યા છે, "નિત્યલીલા નિત્ય નૌતન શ્રુતિ ન પામે પાર"

તનુ-વિત્તજા સેવામાં પણ તાપ ભાવનો પ્રસંગ શ્રીનારાયણદાસ બ્રહ્મચારીજીની વાર્તામાં જાણવા મળે છે. શ્રી ચંદ્રમાજીએ પ્રસન્ન થઈ નારાયણદાસજીને આજ્ઞા કરે છે કે "તુ માંગ, હું તારી ઉપર પ્રસન્ન થયો છું." ત્યારે નારાયણદાસજીએ પ્રભુને વિનંતિ કરી કે, "આપ શ્રી ગુસાંઈજીના ઘરે પધારો." આવું માગવાનું કારણ શ્રીગુસાંઈજી સ્વામિનીજી સ્વરૂપ છે. તેમનાથી મારા પ્રિયને અગણિત સુખ મળશે. લીલાસ્થ શ્રી સ્વામિનીજીઓમાં એવું અચિન્ત્ય સામર્થ્ય રહેલું હોય છે કે એક ક્ષણમાં વિવિધ પ્રકારના દિવ્ય ગુણોવાળા પોતાના કોટાન કોટિ સ્વરૂપોને પ્રગટ કરી પ્રિયતમને વિલસાવતા હોય છે. શ્રીસ્વામિનીજીઓના આવા સામર્થ્યને શ્રીવલ્લભ ભાનુની કૃપાથી નારાયણદાસજી જાણતા હોવાથી પ્રિયના સુખની જ પ્રિયની પ્રસન્નતામાં યાચના કરી. આમ પ્રિયના સુખનો વિચાર તનુ-વિત્તજા સમયે થવો કોઈ વિરલ ભક્તોમાં જ હોય છે. શ્રીવલ્લભનું તત્સુખાત્મક સ્નેહ સ્વરૂપ જે ભક્તોમાં બિરાજે છે તેને સંયોગમાં પણ પ્રિય પ્રભુના સુખનો તાપભાવ રહી જ આવે છે.

પ્રત્યક્ષ વિરહ એ પ્રભુ પ્રેમની સર્વોત્કૃષ્ટ અવસ્થા છે. તે તો વ્યસન ભાવ પછી બને. આવો વિરહ સંયોગમાં નહી રહેતો હોવાથી શિતલ ભાવને પ્રગટ કરે છે, અને તેથી પ્રિયને સુખદ એવી આધિદૈવિકતા પ્રાપ્ત થતી નથી. આ આધિદૈવિકતા રસભર્યા તાપાત્મક ગુણગાનથી સિદ્ધ થાય છે. તેથી જ નિરોધ લક્ષણ ગ્રંથમાં આપે ગુણગાનની જ આજ્ઞા કરી છે. સંયોગાત્મક લઘુ રાસ પછી પ્રિય પ્રભુનું તિરોહિત થવું અને વિપ્રયોગમાં શ્રીગોપીજનોનું રસભર્યું તાપાત્મક ગુણગાન કરવું તેમાં ઉપરોક્ત રહસ્ય રહેલું છે.

તાપભાવ વિના આધિદૈવિકતા સિદ્ધ થતી નથી. તો આ અવસ્થા વિના મહા અલૌકિક પ્રિય પ્રભુને સુખદ કેમ બનાય ? અગણિત રસાનુભવ પ્રિયતમને કેમ કરાવી શકાય ? આવા અવસ્થા તાપાત્મક ગુણગાનથી જ થાય છે. તેથી અદેયદાનના દક્ષ, મહા કારૂણિક સ્વામિએ આપણે સ્વકીયો નિરવધિ રસને ધારણ કરવામાં પાત્ર બનીયે તે માટે તાપાત્મક ગુણગાન કરવું તેવી હિતકૃત આજ્ઞા કરી છે. આવા રસાત્મક-તાપાત્મક

ગુણગાનમાં શ્રીવલ્લભનું વિરહ ભાવાત્મક-તાપાત્મક સ્વરૂપ રહેલું છે. તેથી આ ગુણગાનમાં વિરહ ભાવાત્મક શ્રી વલ્લભનો આશ્રય પણ સિદ્ધ થાય છે.

સેવા પણ ન થઈ શકે. ગુણગાન પણ ન થઈ શકે તો ફક્ત આપશ્રી વલ્લભના નામનું તત્સુખના તાપ ભાવપૂર્વક સ્મરણ કરવું હે નાથ ! હું આપને સુખદ ક્યારે બનીશ. આવા ભાવપૂર્વક સ્મરણ કરવું. તેથી પણ વિરહ ભાવાત્મક શ્રીવલ્લભનો આશ્રય સિદ્ધ થાય છે. જેવુ શ્રીવલ્લભનું સ્વરૂપ તાપાત્મક છે તેવું આપનું નામ પણ તાપાત્મક છે. તેથી આપના નામ સ્મરણથી પણ તાપભાવ પ્રગટ થાય છે. આ કથનના પ્રમાણમાં મર્મજ્ઞ શિરોમણિ શ્રીહરિરાય પ્રભુનો નીચે મુજબનો શ્લોક –

શબ્દાર્થ યોનિત્યતાવદ્ ભક્તિરાત્યન્તિકી હરૌ ।
ઉદેતિ શ્રીવલ્લભે'તિ નામોચ્ચારણ માત્રતઃ ।।

શ્લોકાર્થ – જેમ સતત શબ્દનું ઉચ્ચારણ થતાં અચૂક અર્થ ઉઠે છે, તેમ "શ્રીવલ્લભ" આ નામના ઉચ્ચારણ માત્રથી શ્રીહરિમાં એકાંતિક (વિરહાત્મક) ભક્તિ ઉદય પામે છે. નામ અને નામમાં રહેલો અર્થ, આ બન્નેનો નિત્ય સંબંધ રહેલો છે. નામનો અર્થ એટલે નામનો ગુણ. જેવી રીતે જળનો ગુણ શિતલતા છે, અને અગ્નિનો ગુણ ઉષ્ણતા છે. તે સાથે જ રહેતા હોય છે. તેમ શ્રીવલ્લભ તાપાત્મક સ્વરૂપ છે, તેવું તાપાત્મક આપનું નામ છે. આપનો તાપાત્મક ગુણ નામ સાથે રહેલો જ છે. તેથી સ્મરણ કરનારમાં તાપાત્મક ભાવને પ્રગટ કરે છે. અથવા શ્રીવલ્લભ નામના સ્મરણ માત્રથી વિરહાત્મક ભક્તિનો ઉદય થાય છે ! "ઉપજત તાપ છિનક સાન્નિધ્યમેં, દેત વિરહ આનંદરસ કેવલ". આ વિરહાત્મક ભક્તમાં તત્સુખના તાપભાવવાળો નિરવધિ રસ ભરેલો રહે છે. અથવા વિરહાત્મક ભક્તિનો ઉદય થતાં અગણિત રસને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે. શ્રીવલ્લભ નામનો આવો મહિમા જાણીને માત્ર શ્રીવલ્લભ નામનું જ તત્સુખના તાપભાવ પૂર્વક સ્મરણ કરવું.

પ્રશ્ન – તનુ-વિત્તજા સેવામાં પણ તાપ-કલેશનો અનુભવ કેવી રીતે થાય ?

ઉત્તર – સ્નેહની પ્રાબલ્યતાવાળા બડભાગી ભગવદીયને સેવ્ય સ્વરૂપની સેવામાં સંયોગ સમયે પણ પ્રિય પ્રભુના સુખનો તાપભાવ રહી આવે છે. આવા તત્સુખી સ્નેહી ભક્તને પોતાના સેવ્ય સ્વરૂપનું જ્ઞાન થયેલું હોય છે કે-આપ તો નિત્યલીલા ધામમાં નિત્ય સિદ્ધા શ્રીસ્વામિનીજીઓથી સેવ્યમાન છે. વળી નિત્ય સિદ્ધા શ્રીસ્વામિનીજીઓનું પણ આ બડભાગી ભક્તને જ્ઞાન થયેલું હોય છે કે-આ શ્રીસ્વામિનીજીઓ તત્સુખી તાપાત્મક સ્નેહના અને સૌન્દર્યતા આદિ દિવ્ય ગુણોના સાગરરૂપ છે. તેથી જેમ સાગરમાં પ્રતિ ક્ષણ તરંગ નવા નવા પ્રગટ થયા જ કરે છે, તેમ આ શ્રીસ્વામિનીજીઓમાંથી વિલક્ષણ પ્રકારના તત્સુખી તાપાત્મક સ્નેહ ભાવના તરંગો પ્રતિક્ષણ પ્રગટ થતા હોય છે, અને તેજ પ્રકારે શ્રીસ્વામિનીજીઓના શ્રીઅંગમાંથી પ્રતિક્ષણ નૂતન સૌન્દર્યતા પ્રગટ થતી હોય છે.

શ્રીગોકુલેશ પ્રભુ વલ્લભાષ્ટકના પ્રથમ શ્લોકમાં આ શ્રીસ્વામિનીજીઓને "પ્રતિક્ષણ તરૂણાનંદ વિગ્રહ" કહે છે. આવા શ્રીસ્વામિનીજીઓથી મારૂ સેવ્ય સ્વરૂપ નિત્યલીલા ધામમાં સેવ્યમાન છે. જેમાં અગણિત સાગર સમાન તત્સુખી સ્નેહ અને દિવ્ય સૌન્દર્યતા રહેલી છે, તેવા મારા પોતાના દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરીને પ્રિય પ્રભુના સાક્ષાત સ્વરૂપની સુખદ સેવા હું ક્યારે કરીશ ? આવો તાપ બડભાગી ભગવદીયને રહી આવતો હોય છે. તનુ વિત્તજા સેવા નિષ્ઠ ભગવદીયોએ "સેવા" શબ્દનું વાસ્તવિક સ્વરૂપ અથવા રહસ્ય ઉપરોક્ત કથન મુજબ વિચારણીય છે.

શ્રીવલ્લભાગ્નિએ પોતાના તત્સુખાત્મક તાપાત્મક સ્નેહ સ્વરૂપનું દાન નિજજનોને કરેલું છે. તેથી નિજજનોને પોતાના સેવ્ય સ્વરૂપને નિરવધિ (અગણિત) સુખ આપવા માટેનો તાપભાવ બન્યો જ રહે છે. અગણિત રસને પ્રાપ્ત કરીને અગણિત રસથી પ્રિયતમની સુખદ સેવા શ્રીવલ્લભાગ્નિના તાપાત્મક સ્નેહ સ્વરૂપના દાનથી જ થાય છે. અથવા નિરવધિરસને પ્રાપ્ત કરાવનારૂં શ્રીવલ્લભાગ્નિનું તાપાત્મક સ્વરૂપ જ છે.

શ્રી વલ્લભાષ્ટકના પ્રથમ શ્લોકમાં "સન્મનુષ્યાકૃતિરતિ કરૂણસ્તં પ્રપદ્યે હુતાશમ્" શ્રીમત્ પ્રભુચરણ 'હુતાશ' સ્વરૂપના શરણની પ્રાર્થના કરે છે. 'હુતાશ' સ્વરૂપ એ

અલૌકિક આનંદમય અગ્નિ સ્વરૂપ છે. અથવા તાપાત્મક સ્વરૂપ છે. આ તાપાત્મક સ્વરૂપ શ્રીવલ્લભ જ્યારે હૃદયમાં પધારે ત્યારેજ અગણિત રસાનંદને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે. અને ત્યારે નિરવધિ-(અગણિત) રસથી પ્રિયતમની તત્સુખાત્મક સેવા થઈ શકે છે. 'હુતાશ' સ્વરૂપના શણની પ્રાર્થનામાં આવું ગૂઢ રહસ્ય રહેલું છે. તેથી શ્રીગુસાંઈજી પોતાના નિમિતે શ્રીવલ્લભના જનોને હુતાશના શરણે જવાની આજ્ઞા કરી રહ્યા છે તેવો ધ્વનીતાર્થ પ્રાપ્ત થાય છે.

જેમ રજના કાચા ઘડાને નિભાડાની અગ્નિમાં પકાવવામાં આવે છે. પછી જ તેમાં જલ ભરાય છે. તેમ તાપાત્મક ભાવ ભક્તના પ્રાકૃત અંશને દગ્ધ કરી તેના સંઘાતમાં આધિદૈવિકતા સિદ્ધ કરે છે. આ આધિદૈવિકતા અગણિતાનંદને ધારણ કરી શકે છે. તેથી જ વિરહને પરમ પુરુષાર્થ રૂપ કહેલ છે.

ચતુઃશ્લોકી

- "મધુ"

પ્રાકટયના પ્રારંભથી મહારાસ સુધીની લીલા કરી જે સ્વરૂપ શ્રી વ્રજરત્નાઓમાં સિદ્ધ થયું તેજ સ્વરૂપ નિજજનોમાં સિદ્ધ થાય તેવો ઉપદેશ ચતુઃશ્લોકીમાં આપ "શ્રી મહાપ્રભુજીએ" કરેલો છે. આપ સ્વયં શ્રી સ્વામિની ભાવાત્મક સ્વરૂપથી જે પરમ પુરુષાર્થનો અનુભવ કરી રહેલા છે, તેજ પુરુષાર્થ નિજજનોને પ્રાપ્ત કરાવવા ચતુઃશ્લોકી પ્રકટ કરેલ છે તેમાં નિજજનોના કર્તવ્યનો નિર્દેશ કરેલો છે.

ચતુઃશ્લોકીમાં "સર્વદા" પદ ધરેલું છે 'સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધીપઃ" સર્વદા નિજજનોનું આજ કર્તવ્ય છે કે નિઃસાધનના સ્વામી. પ્રભુના સ્વરૂપનું નિરંતર સર્વ ભાવે કરીને ધ્યાન કરવું "યદિ શ્રી ગોકુલાધિશો ધૃતઃ સર્વાત્મના હૃદિ" આ પંક્તિથી નિરંતર ધ્યાન કરીને પ્રભુ સ્વરૂપ રૂપી ફલનું સ્વાધીનપણું જતાવેલું છે. જેમ એક ચિત્રકાર ચિત્રને તૈયાર કરે છે તેમ ધ્યાન દ્વારા પ્રભુનું સ્વરૂપ હૃદયમાં અકીત થતું જાય છે. જ્યારે ધ્યાનથી સ્વરૂપ હૃદયમાં સ્થાયી થાય છે. ત્યારે ફલનું સ્વાધીનપણું સિદ્ધ થાય

છે. નિજજનોમાં આ પરમ પુરુષાર્થ કે જે અતિ દુર્લભ છે તેને સિદ્ધ કરવા માટે નિરંતર સર્વભાવે સ્વરૂપ સેવાનો શ્રી વલ્લભ ઉપદેશ કરે છે. "અતઃ સર્વાત્મનાશશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ" જો સર્વાત્મભાવે કરીને પ્રભુનું સ્વરૂપ હૃદયારૂઢ થયું તો પછી બાકી શું રહે છે ? આ પંક્તિથી સ્વાધીન ફલના નિરંતર અનુભવનું સૂચન કરેલું છે. તાત્પર્યમાં આ ચતુઃશ્લોકીમાં જણાવેલો પુરુષાર્થ મૂલ ધામસ્થ સ્વરૂપાનંદના અનુભવમાં સ્થિતિ કરાવનારો છે.

અંતિમમાં 'સ્મરણં ભજનં ચાપિનત્યાજય મિતિ મે મતિઃ' આજ્ઞા કરે છે કે "અનેક પ્રકારની રસાત્મક લીલાનો વિચાર અને મનન તે સ્મરણરૂપ છે, અને કોટી-કંદર્પલાવણ્ય પ્રભુના સ્વરૂપનું ધ્યાન એ ભજનરૂપ છે." આ બન્નેનો ત્યાગ નહી કરવો એમ નિજજનો પ્રતિ આજ્ઞા છે.

આ રીતે પ્રભુના સ્વરૂપનું નિરંતર ધ્યાન તેનું નામ જ અનન્યતા છે. અનન્યતાના આગ્રહમાં શ્રીગોકુલેશ પ્રભુ ચતુઃશ્લોકીના પ્રથમ શ્લોકની પ્રથમ પંક્તિનો નિજજનોને સંકેત કરે છે કે, લીલાબ્ધિ મથનના સારરૂપે આ ચતુઃશ્લોકી પ્રકટ કરેલ છે. જન્મ પ્રકરણથી લઈને મહારાસ સુધીના લીલાસાગરનું દહન કરીને જે સ્વતઃ સિદ્ધ રસ પ્રકટ કર્યો છે તે આપે ચતુઃશ્લોકીમાં ધરી દીધેલો છે.

"હરિના હરિ થવું" એ આ માર્ગના શિખ અધિકારરૂપ છે, અને આવો મહત્તમ અધિકાર મેળવવા માટે ચતુઃશ્લોકીના આશયને હૃદયમાં ધારણ કરી નિરંતર સ્વરૂપ સેવા અને સ્વરૂપ ધ્યાનમાં નિજજનોએ સ્મિત થવું યોગ્ય છે.

મહાનુભાવ શ્રી સૂરદાસજી કૃત

સેવા ફલ

પ્રેષક : **પ. ભ. શ્રી...ચરણરજ કિંકર**

ભજો ગોપાલ ભૂલ જીનિ જાઉં ।

માનુષ જન્મકો યહી હૈ લાઉ ।।
ગુરૂ સેવા કરિ ભક્તિ કમાઈ ।
કૃપા ભઈ તબ મનમેં આઈ ।।
યહી દેહ સે સુમરો દેવા ।
દેહ ધરિ કરીએ યહ સેવા ।।
સુનો સંત સેવાકી રીતિ ।
કરે કૃપા મન રાખૈ પ્રીતિ ।।
ઉંઠકે પ્રાત ગુરૂન શિર નાવૈ ।
પ્રાત સમૈ શ્રી કૃષ્ણહિ ધ્યાવે ।।
જોઈ ફલ માંગે સોઇ પાવૈ ।
હરિ ચરનન મેં જો ચિત્ત લાવે ।।
જિન ઠાકુરકો દર્શન કિયો ।
જીવન જન્મ સુફલ કર લિયો ।।
જો ઠાકુરકી આરતિ કરે ।
તીન લોક વાકે પાયન પરે ।।
જો ઠાકુરકો કરે પ્રનામ ।
વિષ્ણુ લોક તિનકો નિજ ધામ ।।
જો કોઈ હરિકો સુમરે નામ ।
તાકે સકલ પૂરન હૈ કામ ।।
જો ઠાકુરકો ધ્યાન લગાવૈ ।
હરિ ભક્તકી પદવી પાવે ।।
નિજ હરિકો ચરનામૃત લિયો ।
વિષ્ણુ ધામ અપનો ઘર કિયો ।।
જો હરિ આગે વાદ્ય બજાવે ।
તીન લોક રાજધાની પાવે ।।

જો જન હરિકો ધ્યાન કરાવૈ ।
ગર્ભ વાસમેં કબહું ન આવૈ ।।
જો હરિકો નિત કરે સિંગાર ।
તાકો પૂરન હૈ સ્વીકાર ।।
જો દર્પણ ઠાકુરહિ દિખાવૈ ।
ચંદ્ર સૂર્ય તાકો શિર નાવૈ ।।
જો ઠાકુરકો તુલસી ધરાવૈ ।
તાકી મહિમા કહત ન આવૈ ।।
જો કીર્તન ઠાકુરહિ સુનાવૈ ।
તાકો ઠાકુર નિકટ બુલાવૈ ।।
હરિ મંદિરમેં દીપક કરે ।
અંધ કૂપમેં કબહૂં ન પરે ।।
જો ઠાકુરકી સેજ બિછાવૈ ।
નિજ પદ પાય દાસસો કહાવૈ ।।
પલના જો ઠાકુર હિ ઝુલાવૈ ।
વૈકુંઠ સુખ અપને ઘર લ્યાવૈ ।।
જો ઠાકુર હિ ઝુલાવે ડોલ ।
નિત્ય લીલામેં કરે કલોલ ।।
ઉત્સવ કરિ મન આરતિ કરે ।
તા આધિન રહે શ્રી હરિ ।।
જો ઠાકુરકો ભોગ ધરાવે ।
સદા પરમા નિત આનંદ પાવે ।।
જો પદ દિન્હો યશોદા માત ।
તા સુખકી કછુ કહી ન જાત ।।
ગ્વાલન સહિત ગોપાલ જિમાવૈ ।

સો ઠાકુરકો સખા કહાવૈ ।।
જો ઠાકુરકો સ્વાદ કરાવૈ ।
સો તાકો ફલ તબહી પાવૈ ।।
ગોવર્ધનકી લીલા ગાવૈ ।
ચરન કમલકો તબહી પાવૈ ।।
શ્રી યમુના જલ કરે જો પાન ।
સો ઠાકુરકે રહે નિધાન ।।
જહાં સમાજ વૈષ્ણવી હોવૈ ।
તાકી સંગતિ નિત પ્રતિ જોવૈ ।।
શ્રી ભાગવત સુને આનંદ કરિ ।
તાકે હૃદે બસે નિતહી હરિ ।।
જો ઠાકુરકો દેહ સમર્પે ।
ઉત્તમ ગતિ હરિ તાકુ અરપે ।।
જિન હરિકી ગાગરી ભરિ આની ।
તિન વૈંકુઠ અપની સ્થિતિ ઠાની ।।
જો ઠાકુરકો મંદિર લીપે ।
માયા તાકુ કબહૂ ના વ્યાપે ।।
જો ઠાકુરકો સીધો બીને ।
જિતને તીરથ તીતને કીને ।।
જો ઠાકુરકી માલા પોવૈ ।
સોઈ પરમ ભક્ત નિત હોવૈ ।।
જો ઠાકુરકો ચંદન ધરાવૈ ।
ત્રિવિધ તાપ સંતાપ મિટાવૈ ।।
જો ઠાકુરકે પાત્રન ધોવૈ ।
સદા સર્વદા નિર્મલ હોવૈ ।।

જો હરિ કીર્તન મુખસો કરે ।
મુક્તિ ચારહૂ પાવન પરે ।।
સેવા મેં જો આલસ કરે ।
કૂકર વ્હેકે ફિર ફિર મરે ।।
માનસી જો સેવા આચરે ।
તબહી સેવા પૂરી પરે ।।
સેવાકો આશ્રય કરિ રહે ।
દુઃખ સુખ વચન સબનકો સહૈ ।।
જો સેવામેં પ્રમાદ લાવે ।
સો જડ જનમ પ્રેત કો પાવૈ ।।
વેદ પુરાનન મેં યોં ભાખ્યો ।
સેવા રસ વ્રજ બિથિન ચાખ્યો ।।
સેવા કી યહ અદભુત રીતિ ।
શ્રી વિઠ્ઠલેશ સો રાખે પ્રીતિ ।।
શ્રી મદાચાર્ય પ્રગટ બનાઈ ।
કૃપા ભઈ તબ મનમેં આઈ ।।
સેવા કો ફલ કહેઉ ન જાઈ ।
સુખ સુમિરે શ્રીવલ્લભરાઈ ।।
સેવા કો ફલ સેવા પાવે ।
"સૂરદાસ" પ્રભુ હૃદે સમાવૈ ।।

"સેવાકો ફલ સેવા પાવે" પુષ્ટિ ભક્ત સેવા કરીને પ્રભુની તત્સુખ સેવા સિવાય બીજા કોઈ ફલની આશા ન જ કરે છતાં પ્રભુ સેવાનો મહિમા જ એવો છે કે આ પદમાં કહેલા ફલને પ્રાપ્ત કરાવે છે.

"સેવા કો ફલ સેવા પાવે" તેમ કહેવાનો ભાવાર્થ એવો છે કે ભૌતિક દેહથી કરાતી સેવા

ભૌતિક પ્રપંચને ભુલાવીને સેવા કરનાર ભક્તમાં આધિદૈવિકતાને સિદ્ધ કરે છે, અને જ્યારે આધિદૈવિકતા સિદ્ધ થાય, અથવા ભૌતિક દેહથી કરાતી સેવાથી ભૌતિક પ્રપંચ ભૂલાઈને સેવા કરનારને અલૌકિક દેહ સિદ્ધ થાય ત્યારે પ્રભુના મહાન અલૌકિક સ્વરૂપની સાક્ષાત સેવા પ્રાપ્ત થાય છે, તેથી સેવાનું ફલ સેવા જ કહેલ છે.

અવગાહનીય પત્ર

- શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

અવિદ્યા ગ્રસિત દેહથી સર્વત્યાગની પ્રવૃત્તિમાં પાખંડી તો નહી થવાય ? આ આપની શંકાના સમાધાનમાં લખવાનું જે, શ્રીવલ્લભ કૃપાએ આપણા અલૌકિક સ્વરૂપનું જ્ઞાન થયા પછી પ્રિય પ્રભુની સાક્ષાત તત્સુખાત્મક સેવા પ્રાપ્ત કરવા માટે જે પ્રચુર તાપ કલેશ પ્રગટ થાય છે તે તાપાગ્નિમાં ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યાની આહુતિ અપાય જાય છે. વાસ્તવિક તત્સુખાત્મક સેવા અલૌકિક દેહથી જ થાય છે. આ અલૌકિક દેહ પ્રાપ્ત કરી પ્રિયતમની તત્સુખાત્મક સેવા કરવી એ આપણું કર્તવ્ય જ છે. જ્યાં આ કર્તવ્યનો જ વિચાર થતો હોય ત્યાં "પાખંડી" થઈ જવાની શંક કેમ રહી શકે ? ષોડશ ગ્રંથમાં આપશ્રીએ જે જે આજ્ઞાઓ કરેલી છે તે નિજજનના કર્તવ્યરૂપે જ કરી છે.

(1) ચતુઃશ્લોકીમાં :

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ ।
સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન
એવં સદા સ્વ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ 1*

"વ્રજાધિપ" સાધન રહિતને સ્વરૂપાનંદનું દાન કરવા સમર્થ પ્રભુનું "સર્વ" ભાવથી અથવા સર્વાત્મભાવથી "સર્વદા" નિરંતર "ભજન" સેવન કરવું. 'સ્વસ્ય' એટલે નિજજનોનો "અયમેવ" આજ સેવ્ય સ્વરૂપની તત્સુખાત્મક સેવા એજ "ધર્મ" છે. "નાન્ય" સેવા સિવાય અન્ય કોઈપણ કોઈ સમયે બીજો ધર્મ નથી. "એવં સદા સ્વકર્તવ્યં" નિજજનોનું આજ સદા કર્તવ્ય છે. અહીં જે "સદા" પદ ધર્યું છે તે નિજજનો

પ્રત્યેની અતિશય કરૂણતાનું દર્શક છે. આપ સ્વના આગ્રહપૂર્વક આજ્ઞા કરે છે કે મારા જનોનું આજ કર્તવ્ય છે.

ચતુઃશ્લોકીમાં પુરુષાર્થનું વર્ણન કરેલું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારે પુરુષાર્થરૂપ નિજજનો માટે ધર્મી સ્વરૂપ જ છે. (''ધર્મી સ્વરૂપ'' એટલે જેમાં અનંત લીલાઓ, અનંત સ્વામિની વૃંદ, અનંત લીલા સામગ્રી સહિત લીલાધામ જેમાં રહેલું છે અને વિપ્રયોગ ભાવાત્મક રસાત્મક સાકાર સ્વરૂપને ધર્મી કહેવાય છે.)

ચતુઃશ્લોકીમાં કહેલા પુરુષાર્થનો સંબંધ નિત્ય લીલાસ્થ સ્વરૂપ સાથેનો છે. આપ સ્વયં શ્રી સ્વામિનીજી ભાવથી જે નિરવધિ રસ વિલાસનો અનુભવ કરી રહ્યા છે, તેનું જ પ્રતિપાદન ચતુઃશ્લોકીમાં કરેલું છે. એટલે શ્રી સ્વામિનીજી ભાવથી આપ જે અનુભવ કરે છે તેવો પુરુષાર્થ પોતાની અંગી સૃષ્ટિ નિજજનોમાં સિદ્ધ કરાવવા માટે ચતુઃશ્લોકી પ્રગટ કર્યા છે. તેમાં નિજજનોના કર્તવ્યનો આપશ્રીએ નિર્દેશ કર્યો છે, તે આપની અતિશય કરૂણા જ છે.

ચતુઃશ્લોકીનું ધ્યેય સ્વરૂપ નિત્યલીલાના સંબંધવાળું જ છે અને તે નિત્યલીલામાં સ્થિતિ પ્રાપ્ત કરાવનાર છે.

(2) ''અંતઃકરણ પ્રબોધ'' ગ્રંથમાં :

''સેવકસ્ય તુ ધર્મોયં સ્વામિ સ્વસ્ય કરિષ્યતિ'' સેવકનો ધર્મ સ્વામિની તત્સુખાત્મક સેવા છે. વાસ્તવિક તત્સુખાત્મક સેવા અલૌકિક દેહથી થાય છે. અને અલૌકિક દેહ વિરહાનુભવથી સિદ્ધ થાય છે. વિરહમાં નિજ સ્વામિ સિવાય સર્વનો પરિત્યાગ કરવાનો હોય છે. સર્વના ત્યાગપુર્વક અલૌકિક દેહને પ્રાપ્ત કરી સ્વામિની તત્સુખ સેવાનો જે સેવક મનોરથ કરી રહેલ છે તેના આ મનોરથને સ્વામી પ્રોત્સાહન આપીને સિદ્ધ કરે છે. જ્યારે આ મનોરથમાં સ્વામી અનુકૂલ છે તો પછી સર્વત્યાગની પ્રવૃત્તિ મારા માટે અનધિકાર ચેષ્ટા તો નહિ હોય ? આ શંકાને સ્થાન કેમ રહે ?

પ્રૌઢાપિ દુહિતા યદવત્ સ્નેહાન્ન પ્રેષ્યતે વરે ।
તથા દેહે ન કર્તવ્યં વરસ્તુષ્યતિ નાન્યથા ।।

"પ્રોઢા" પોતાના અને પ્રિય પ્રભુના સ્વરૂપને અને સંબંધને જાણી ચૂકેલી પ્રૌઢા નાયકા પોતાના ભૌતિક દેહમાં મમતા રાખીને પ્રિયતમની નિકટ ગમન કરતી નથી તો પ્રિયની પ્રસન્નતા મેળવી શકાતી નથી. પ્રિયતમની નિકટ ગમન અલૌકિક દેહથી થાય છે, અને અલૌકિક દેહની પ્રાપ્તિ સર્વત્યાગ પૂર્વકના વિરહાનુભવથી થાય છે.

"સંત્યજ્ય સર્વ વિષયાન્ તવ પાદ મુલં પ્રાપ્તા" શ્રી ગોપીજનોએ સર્વ વિષયોનો સારી રીતે ત્યાગ કર્યો અને અલૌકિક દેહથી રાસમાં પ્રિયતમની નિકટ ગમન કર્યું તેમ પ્રૌઢા પોતાના અને પ્રિયતમના સ્વરૂપને જાણનારી સર્વત્યાગ પૂર્વક અલૌકિક દેહને પ્રાપ્ત કરી નિત્ય લીલાસ્થ પ્રિયતમની તત્સુખાત્મક સેવામાં સ્થિત થતી નથી તો પ્રિયની પ્રસન્નતા પ્રાપ્ત થતી નથી. પોતાના અને પ્રિયતમના સ્વરૂપને અને સંબંધને જાણી ચૂકેલી પ્રૌઢાએ સર્વ ત્યાગ કરી પ્રિયતમની નિકટ ગમન કરવું એવો જ ધ્વનીતાર્થ ઉપરોક્ત શ્લોકની આપની આજ્ઞામાં પ્રાપ્ત થાય છે. પછી "સર્વત્યાગમાં અનધિકાર ચેષ્ટા"ની શંકા બાકી કેમ રહે ? આ પ્રૌઢાની સંગતિ શિ. 18-4×5માં કહેલા વિરહી જ્ઞાની ભક્તની અવસ્થામાં યોજવી.

"નિરોધ લક્ષણ" ગ્રંથમાં :
તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરૂધ્ધૈઃસર્વદા ગુણાઃ
સદાનંદ પરેર્ગેયા સચ્ચિદાનંદતા તતઃ ।।9।।

"તસ્માત્ સર્વં પરિત્યજ્ય" અહી પણ આપશ્રી સર્વના ત્યાગની જ આજ્ઞા કરે છે. અહી કહેલા ગુણગાનની સંગતિ 'ગોપીગીત' સાથે થાય છે. માન મદથી પ્રિયતમ અંતર્હિત થયા પછી પ્રિયની ખોજ કરી તો પણ પ્રિયની પ્રાપ્તિ ન થઈ ત્યારે સર્વે મળીને વિચાર કર્યો કે "હરિને ગાન પ્રિય છે." દેહપાત પર્યંતનો નિશ્ચય કરીને તાપાત્મક ગુણગાન કરવા લાગ્યા. તાપાત્મક ગુણગાનથી "સચ્ચિદાનંદતા તત." એટલે નિત્ય લીલા

સ્વરૂપનો સાક્ષાત અનુભવ થઈ શકે તેવા સામર્થ્યવાળો અલૌકિક દેહ પ્રાપ્ત થાય છે. અહીં પણ સર્વત્યાગ પૂર્વક નિરૂદ્ધ ચિત્તથી તાપાત્મક ગુણગાન કરવું નિજજનોનું કર્તવ્ય છે તેવી આજ્ઞા આપે કરી છે.

"વિરહાનુભવનું દાન તો મહા કારૂણિક શ્રી વલ્લભને હાથ છે એમ મારૂં માનવું છે." આ આપના કથનના સમાધાનમાં સૂર્યની સન્મુખ રહેવાથી સુર્યના ગુણ ઉષ્ણતા આપણામાં પ્રવેશ કરે છે જ. તેમ વિરહાગ્નિ વલ્લભની સન્મુખ રહેવાથી વિરહભાવ જાગૃત થાય છે. શ્રી હરિરાયપ્રભુ "સ્વમાર્ગ રહસ્ય વિ." નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે. **"તદાશ્રયા દિહ પ્રાયઃ સર્વેષાં તાપ સમ્ભવઃ"** શ્રી મહાપ્રભુજીના આશ્રયે જવાથી મોટે ભાગે આશ્રિતજનોને વિપ્રયોગાત્મક તાપકલેશનો અનુભવ થાય છે.

"રાજ, યહ મારગ હાંસી ખેલકો નહી હે, તાપ કલેશ કો હે" શ્રીદમલાજીના વચનમાં જ તાપ કલેશનું દાન શ્રી ગુસાંઈજીને શ્રીવલ્લભે કર્યું. શ્રીમદ્ દમલાજીના આ વચનને શ્રદ્ધા અને આદરથી આપણા હૃદયમાં ધારણ કરીએ તો તે વચનમાં રહેલું તાપનું બીજ (અગ્નિ બીજ) આપણા હૃદયમાં બોવાય જાય છે. જેમ ભગવાનની વાણી સત્ય સંકલ્પ હોય છે તેમ સિદ્ધ ભક્તોની વાણી પણ સત્ય સંકલ્પ હોય છે. તેથી તેમાં આદર અને વિશ્વાસ રાખવાથી જેવી વાણી તેવી જ ફલીતતા થાય છે. શ્રીદમલાજીએ વચન દ્વારા જ શ્રી ગુસાંઈજીના તાપભાવને પ્રગટ કર્યો.

પૂર્વપત્રમાં નિત્યલીલાસ્થ સ્વરૂપનો નિત્યલીલા સહિત સાક્ષાત્કાર સર્વત્યાગપૂર્વક વિરહના અનુભવથી થાય છે. આવું જે સુચન કરેલું તેમાં હું તો માત્ર નિમિત્ત જ બન્યો છું. તે સુચનમાં પ્રેરણા કરનાર શ્રીવલ્લભ છે. આ સુચનામાં શ્રીવલ્લભ કૃપાને વર્તમાન ઓળખી લેવાય તો આ સુચનમાં આપ મને સર્વત્યાગપૂર્વક વિરહાનુભવની આજ્ઞા કરી રહ્યા છે તેમ સમજી શકાય. આપણે અંતરમુખ નહી હોવાથી કૃપા ભરી પ્રેરણા થતી હોય છે તેને ગ્રહણ કરી શકતા નથી. પાતલમાં ધરેલા પ્રસાદને પીઠ દઈને પ્રસાદ માટે પોકારતા રહીએ છીએ. કૃપારૂપી પ્રસાદ વર્તમાન જ હોય છે. કૃપામાર્ગમાં પ્રવેશ થયા પછી કૃપાની વર્ષા નિરંતર થતી જ હોય છે. તેની પહેચાન નહી હોવાથી વંચીતતા રહી

આવે છે.

મન વાણીથી અગોચર વિપ્રયોગ ભાવાત્મક શ્રી વલ્લભના સ્વરૂપનો અનુભવ વિરહી ભક્તોને જ થાય છે. અને વિરહનું દાન લક્ષાવધિમાં કોઈ એકને જ થાય છે. અથવા શ્રી વલ્લભ જ જેનું સર્વસ્વ છે તેને આપ વિરહનું દાન કરે છે.

અધુના ભૂતલમાં પ્રવાહી સૃષ્ટિની જ વૃદ્ધિ થયેલી હોવાથી શ્રીવલ્લભ ચરણકમલના આશ્રિતોએ પ્રવાહથી પ્રથક થઈ પ્રિય વિયોગાનુભવ કરવાનો છે.

"અત્યારની સ્થિતિમાં શ્રીવલ્લભ વિના બીજું કોઈ અવલંબન નથી" આ આપનું કથન સત્ય જ છે. આ પ્રમાણે સમજાઈ ગયું તે પણ શ્રીવલ્લભની અહેતુકી કૃપાથી જ.

"ગ્રંથો કે અષ્ટસખાની વાણીના અવગાહનમાં કોઈને પણ રૂચિ હોય એવું દેખાતું નથી." તેનું કારણ લીલાના જીવો હવે ભૂતલમાં બહુજ થોડા રહ્યા છે, તેમ નિશ્ચય સમજી સર્વથી પ્રથક રહી આપણો પુરુષાર્થ મેળવવા પ્રિયતમના વિયોગ અનુભવમાં સ્થિત રહેવું. લીલા ધામથી વિછુરેલા અને શ્રીમહાપ્રભુજીએ અંગીકૃત કરેલા દૈવી જીવનું લક્ષણ એ છે કે પ્રિય પ્રભુની સેવા અને પરોક્ષમાં તાપાત્મક ગુણગાન, લીલા ચિન્તનાદિથી પ્રિયની સન્મુખતા વિના એક ક્ષણ રહી શકતા નથી. વેરાવળવાળા શ્રીગોવરધનલાલજી મહારાજનાં 42 વચનામૃતો છે, તેમાં એક વચનામૃતમાં આજ્ઞા કરે છે કે બહુધા દૈવી જીવો શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીના સમયમાં લીલાધામમાં પહોંચી ગયા છે. હવે કોઈક જ જીવો રહેલા છે, તે જો દુઃસંગથી બચી વિપ્રયોગના અનુભવમાં સ્થિત રહેશે તો લીલાધામમાં પ્રવેશ કરી શકશે. અન્યથા જન્માંતરનો વિલંબ થશે. શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે આ ભૂતલમાં પ્રભુના વિયોગે અશ્રુપાત કરતો હોય તેવો ભક્ત મને કોઈ ન મળ્યો. મહાનુભાવો પોતાનો અનુભવ વાણીમાં મુકી ગયા છે :

દેખ દેખ સખી ચાલિયે ગિરિમેં પંથ અનેક ।
દુષ્ટ જીવ કલિકાલકે જો પ્રભુ રાખે ટેક ।।

દુઃસહ સમયકો દેખ સંત ગયે નિજ ધામ ।
અબ રહીવો કહા કામ ગજકે ખુંટા ખર બંધે ।।

તામસ ફલ પ્રકરણના શ્રીસુબોધિનીજીમાં શ્રીગોપીજનો પ્રિય પ્રભુને કહે છે કે ''આપ અરણ્યપ્રિય છો'' એટલે સંગનો અભાવ પ્રિય પ્રભુની પ્રસન્નતાના હેતુરૂપ છે. **ઉત્તમ અધિકારી જનો માટે ''સગ'' સર્વાત્મનાત્યાજ્યં'' આપે સ્વયં આજ્ઞા કરી છે. સર્વાત્મભાવને સિદ્ધ કરવામાં પ્રિય સ્વરૂપ સિવાય બધુંય બાધક છે.**

વેણુગીતના શ્રીસુબોધિનીજીમાં પણ આપ આજ્ઞા કરે છે કે સર્વાત્મભાવની સાધન દશાવાળાએ પણ બુદ્ધિપૂર્વક સર્વત્યાગ કરવો. શ્રી ગોપીજનોમાં તો સહજ અનુરાગ હોવાથી પ્રિય પ્રભુ સિવાય સર્વનો ત્યાગ કર્યો જ હતો. પરંતુ આધુનિકમાં સહજ અનુરાગ નહી હોવા છતાં બુદ્ધિપુર્વક ત્યાગમાં રૂચિ રાખવી.

''શ્રીવલ્લભે કૃપા વિચારી વ્યવહારમાં વિપરીત અનુભવો કરાવી એકાન્ત સેવી કર્યો છે, પરંતુ એકાન્ત સેવનમાં જે અનુભવ કરવો જોઈએ તે નથી.'' આ આપના કથનમાં શ્રી વલ્લભની કૃપાથી જ દૈવી ગુણમય માયાના બંધનમાંથી છુટકારો મળે છે. લૌકિક સંસાર તો સમજી શકાય તેવો છે, પણ દૈવી ગુણમય માયાથી ઉત્પન્ન થયેલો અલૌકિક પ્રભુ સંબંધ વાળો ભુતલને પરિકરરૂપ અલૌકિક સંસાર ઉલઝન ભરેલો છે. કારણ કે તેમાં પ્રભુનો સંબંધ રહેલો છે. પ્રભુના સંબંધવાળા ભૌતિક અધ્યાસવાળા પરિકરમાં ઉરઝાઈ જવું તે અલૌકિક સંસાર અને તેમાંથી શ્રીવલ્લભ કૃપા વિના નિવૃત્ત થઈ શકાતું નથી.

જાચું જાય કોનકે ઘરપે,
શ્રીવલ્લભસે પાય ધની ।
તીન લોક હું ફીર ફીર આયો,
આનંદ અલ્પ ઉપાધિ ઘની ।।

આ પદ મહાનુભાવ શ્રી પદ્મનાભદાસજીનું છે. તેમાં "તીન લોક" એટલે રાજસ-તામસ-સાત્વિક ભાવવાળા અને ભૌતિક અધ્યાસવાળો પ્રભુ સંબંધવાળો કહેવાતો પરિકર, તેમાં 'આનંદ અલ્પ અને ઉપાધિ ઘણી છે.' ભૌતિક અધ્યાસ દૂર થયેલા નહી હોવાથી માયા જન્ય ગુણોની ઉપાધિ ઘણી છે, અને પ્રભુના સંબંધનો આનંદ અલ્પ છે. આવોજ અનુભવ વર્તમાન અલૌકિક સંસાર-પરિકરમાં થાય છે.

"એકાન્ત સેવનમાં જે અનુભવ કરવો જોઈએ તે નથી" એમ જે આપે સૂચન કર્યું તેના સમાધાનમાં-સર્વાત્મભાવની સિદ્ધિમાં વિલંબ થાય છે. જેને સ્વરૂપાનંદનું દાન કરવું છે તેમાં પ્રથમ સર્વત્યાગથી સર્વાત્મભાવનું અધિષ્ઠાન (પાત્ર) સિદ્ધ કરે છે, પ્રશ્ચાદ્ સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. આ વિષયને સમજવા માટે શ્રી હરિરાય પ્રભુ કૃત-"ભાવસાધક બાધક" ગ્રંથનું અવલોકન કરવું.

"એકાન્ત સેવનમાં મને અનુભવ નથી" આ આપના કથનમાં પોતાના સુખ સ્વારથની ભાવના હોય તો તેનું શોધન કરીને હ્રદયમાંથી બહાર ફેંકવી. કારણ કે શ્રીવલ્લભનો પ્રકટ કરેલો માર્ગ કેવલ પ્રિય પ્રભુના સુખનોજ છે હું પ્રિયની તત્સુખ સેવાને યોગ્ય ક્યારે બનીશ ? મારા અલૌકિક દેહને પ્રાપ્ત કરી અગણિત રસસહિત પ્રાણ પ્રેષ્ઠની તત્સુખ સેવાનો અનુભવ મને ક્યારે થશે ? આવા પ્રિયના સુખના વિચારોજ અપેક્ષિત છે.

એક તત્સુખી સ્નેહી ભક્ત પ્રિય પ્રભુના વિયોગનો અનુભવ કરી રહ્યો છે, તેના દુઃખને સહન નહી થવાથી પ્રભુ તે ભક્તની નિકટ પધારે છે. ત્યારે આ ભક્ત પ્રભુને વિનતી કરે છે કે હે મૃદુલ, સ્વાંતઃપ્રેષ્ઠ ! આપ મારા દુઃખને સહન નહી કરી મને સુખદાન કરવા પધાર્યા છો, પરન્તુ હું આપના વિયોગ દુઃખમાં પ્રસન્ન છું. આપ અન્ય ભક્તોને રસનું દાન કરી તેમનાથી સુખનો અનુભવ કરો તેમાંજ મારી અતિ પ્રસન્નતા છે. **"આપને અન્ય ભક્તથી સુખ મળે તેમાંજ મારૂં સુખ સમાયેલું છે."** આ નિર્હેતુક સ્નેહી ભક્ત તત્સુખી દિવ્ય સ્નેહના ગૌરવને જાણી ચુક્યા છે અને પ્રિયતમના સ્વરૂપને પણ જાણી ચુક્યા છે કે પ્રિય પ્રભુ તો કોટાનકોટિ ભક્તોને રસદાન કરી તેનો આપ અનુભવ કરે છતાં અતૃપ્ત જ રહે છે. એટલે અગણિતાનંદના ભોક્તા છે આવા પ્રિય સ્વરૂપને

વિહારમાં સુખ આપવાનું તો હું જ્યારે અલૌકિક સામર્થ્યને પ્રાપ્ત કરૂં ત્યારેજ બને. અત્યારે તો મારી એ અવસ્થા નથી. પ્રિય વિયોગાનુભવથી પ્રિય સ્વરૂપથી તદાત્મકતા પ્રાપ્ત કરૂં ત્યારે જ અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરી પ્રિય પ્રભુને સુખમય બની શકું આવું જ્ઞાન આ ભક્તે મેળવેલું હોવાથી પ્રિયને વિનંતી કરે છે કે હું આપના વિયોગ દુઃખમાં પ્રસન્ન છું. તત્સુખાત્મક સ્નેહરાજ્યની બડી હી વિલક્ષણતા છે.

ઉપરોક્ત બાબતને લક્ષમાં રાખી પ્રભુને સુખરૂપ અવસ્થા પ્રાપ્ત કરવા સર્વ ત્યાગ પૂર્વક વિયોગાનુભવમાં સ્થિત રહેવું. 'નવરત્ન' ગ્રંથમાં "સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાત કરિષ્યતિ" આ શ્લોકમાં "નિજ" શબ્દનો બે પ્રકારે અર્થ થાય છે. એક પ્રિય પ્રભુની ઇચ્છા, બીજી નિજ ભક્તોની ઇચ્છા, નિજભક્તોની "નિર્વીકાર" ઇચ્છા હોય તો તે મુજબ કરે છે. 'નિર્વિકાર' એટલે પોતાના સુખની જેમાં ગંધ માત્ર પણ નથી, અને પ્રિયતમના સુખનાજ મનોરથો કરે છે તેના મનોરથોને સિદ્ધ કરવામાં પ્રિય વિલંબ કરતા નથી.

જ્યારે પ્રિય સ્વરૂપને આપણે જાણ્યું કે આપ તો મહાન અલૌકિક છે, આપની તત્સુખ સેવા તો મારા અલૌકિક દેહથી જ કરી શકું. અલૌકિક દેહને પ્રાપ્ત કરી તત્સુખ સેવાનો જે આપણે મનોરથ કરશું તેને સિદ્ધ કરવામાં આપ વિલંબ નહી કરે. આ મનોરથમાં જ્યારે આપ વિલંબ કરતા નથી તો પછી એમ કહેવાનું નહી રહે કે – "સર્વત્યાગની પ્રવૃત્તિમાં મારી અનધિકાર ચેષ્ટા તો નહીં હોય ?"

શાસ્ત્રનો એવો નિયમ છે કે "પૂછયા વિના કોઈને કહેવું નહીં." તેનું કારણ પ્રશ્નથીજ અધિકારનો નિર્ણય થાય છે. આપને પૂર્વ પત્ર લખ્યો તેમાં પ્રશ્નની અપેક્ષા રાખી નથી. આપની એકાન્તમાં રૂચિ શ્રવણ કરીને જ, એકાન્તમાં જે ધ્યેય સ્વરૂપ સિદ્ધ કરવું છે તેની સાધન સંપદાનું આપશ્રી મહાપ્રભુજીની વાણીના પ્રમાણથી સૂચન કર્યું છે.

આપના પ્રશ્નોનું મંતવ્યોનું વિસ્તૃત પ્રકારે સમાધાન કરવું આ કૃતિ મારી પામર જીવની નહીં. પરન્તુ નિજજનોના દુઃખને સહન નહી કરનારા નિજધામમાંથી ભૂતલમાં પધારેલા મહા કારૂણિક સ્વામી શ્રી મહાપ્રભુજીની કૃપા ભરી પ્રેરણા જ જાણવી. પૂર્વ પત્ર કે આ

પત્રનો વિષય સ્વકીયો સહ આપને અને મને પ્લાવીત કરનારી સ્વામીની કૃપા પિયૂષભરી ઘટાનીજ આ વર્ષા છે. આ પત્રમાં તો "હિત કૃત સતામ્" સ્વામીએ અનેક રહસ્યભર્યા તથ્યોની પ્રેરણા કરી છે. આપશ્રીની આ પરોક્ષ કૃપાને વર્તમાન જાણી દ્રવિત હૃદયે હૃદયમાં તેને પધરાવી લેશો તેવી અભિલાષા સહ વિરમું છું.

અવગાહનીય પત્ર

- શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

સ્નેહી ભાઈ...શ્રી, સપ્રેમ શ્રી...સ્મરણ...

આપનો પત્ર મળ્યો. આપના પૂર્વપક્ષનું સમાધાન નિમ્ન (1) "સર્વત્યાગની પ્રવૃતિ મારા માટે અનધિકાર ચેષ્ટા તો નહી હોય ?" આ આપના પૂર્વપક્ષના સમાધાનમાં – શાસ્ત્રાર્થ નિબંધમાં આપશ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે :

"અવતીર્ણો હિ ભગવાન સર્વમુક્તિ અર્થમ્ ઇતિ પ્રમેય બલેનૈવ ફલીષ્યતિ ઇતિ ! સ્વાધિકાર અભાવેપિ તતઃ ફલં ભવિષ્યતિ ઇતિ અર્થ: । અતો અધિકારેણ અનધિકારેણ વા કૃષ્ણ ભજનં કર્તવ્યમ્ ઇતિ સિદ્ધમ્"

ઉપરોક્ત આપ શ્રીમુખથી આજ્ઞા કરે છે કે અધિકારી હોય કે અધિકારી ન હોય તેણે કૃષ્ણભજન કર્તવ્ય છે,

શ્રીસુબોધિનીજીમાં પણ આપશ્રી આજ્ઞા કરે છે :

નિઃસાધન ફલાત્માયં પ્રાદુર્ભૂતોસ્તિ ગોકુલે ।

અતો વયં સુનિશ્ચિન્તા જાતાઃ સર્વત એવહિ ।।

સાધનહિન (અનધિકારી) જનોને પોતાના સ્વરૂપાનંદનું દાન કરવા પૂર્ણ પુરુષોત્તમનો શ્રીમદ્ ગોકુલમાં પ્રાદુર્ભાવ થયો છે તેથી અમો નિશ્ચિંત છીએ. પ્રભુના પ્રાદુર્ભાવનું અસાધારણ પ્રયોજન સાધનહીન (અનધિકારી) જનોને પણ સ્વરૂપાનંદ દાન કરવામાં રહેલું છે. **"પ્રમેય બલ સાધનની અપેક્ષા રાખતું નથી."** પ્રભુ અદભુત કર્મણા છે.

અસાધનને પણ સાધન બનાવી ફલદાન કરવા સમર્થ છે. કર્તુમ્-અકર્તુમ્ અન્યથાઃ કર્તુમ્-આવું આપશ્રીનું વિરુદ્ધ ધર્માશ્રય ઐશ્વર્ય છે. તેથી જ આપે "અતો વયં સુનિશ્ચિન્તા" અનુભવમાં નિશ્ચિંત રહેવા આજ્ઞા કરી છે.

ઉપર નિબંધમાં-"અનધિકારીએ પણ કૃષ્ણ ભજન કર્તવ્ય" આપણા કર્તવ્યનો જ વિચાર કરવો યોગ્ય છે.

અધિકાર અને કર્તવ્ય બન્ને જુદા રહી શકતા નથી. કર્તવ્યની ભીતર અધિકાર વ્યાપ્ત રહેતો હોય છે. અધિકારે પ્રેરણા કરી તેથી કર્તવ્યની ઇચ્છા થઈ. અથવા અધિકાર અનુગ્રહ રૂપ છે. અનુગ્રહને કૃપા કહેવાય છે. આ કૃપા શક્તિનો પ્રવેશ બ્રહ્મસંબંધ સમયે જ આપણામાં થયેલા હોય છે, અને તે કૃપાશક્તિની પ્રેરણાથી જ સેવા સ્મરણાદિરૂપ આપણા કર્તવ્યમાં પ્રવૃત થઈએ છીએ. આ કૃપા અવ્યક્ત આપણા હૃદયમાં રહેતી હોવાથી આપણે પ્રત્યક્ષ જોઈ શકતા નથી તેથીજ અધિકારમાં સંદેહ થાય છે. આવા સંદેહોને "સેવા ફલ" ગ્રંથમાં કુસૃષ્ટિ કહેલ છે.

શ્રીહરિરાય પ્રભુ "કાર્યણ્યોકિત" નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે કે – "હે નાથ ! આપની જે અમારી ઉપર કૃપા છે તે કૃપાને અમો પહેચાનીએ તેવી કૃપા કરો." બ્રહ્મસંબંધ સાથે જ કૃપાશક્તિનો પ્રવેશ હૃદયમાં થયેલો છે અને આ કૃપાશક્તિની પ્રેરણાથી જ સેવા સ્મરણાદિ સાધનો થતા હોય છે.

દૈવી જીવ ગર્ભદાસ છે. બ્રહ્મસંબંધ થતાં જ સ્વામીની સેવાનો અધિકાર તેને પ્રાપ્ત થયેલો છે પછી અનધિકારી ચેષ્ટા તો નહી હોય ? આવી શંકા કેમ રહી શકે ? પ્રભુએ પુષ્ટિ સુષ્ટિનું સર્જન પોતાની સેવા માટે જ કરેલું છે, તેથી સર્જન સમયથી જ સેવાનો અધિકાર પ્રાપ્ત થયેલો જ છે.

શ્રીહરિરાયપ્રભુ શિ. 1 શ્લોક 9-10-11 માં નીચે મુજબ આજ્ઞા કરે છે.

હૃદયસ્યાત્ય શુદ્ધ ત્વાન્ન તત્રાવેશ સમ્ભવઃ ।

સ્વમૂર્તાવતિ શુદ્ધાયાભાવિ શ્યાનુભવં હરિઃ ।।

લીલાધામથી વિછુરેલો દૈવી જીવ ભૂતલમાં આવ્યો. સંસારી આસુરી જીવો સાથે ભળી ગયો તેથી તેનું હૃદય અત્યંત અશુદ્ધ થયેલું હોવાથી નિત્યલીલાસ્થ હરિનો તેના હૃદયમાં આવેશ થવો સમ્ભવીત નથી તેમ વિચારી શ્રીમહાપ્રભુજીએ સેવામાર્ગ પ્રક્ટ કરી સેવ્ય સ્વરૂપને પધરાવી આપ્યું. આ સેવ્ય સ્વરૂપમાં (મૂર્તિ સ્વરૂપમાં) સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવતી સમયે નિત્યલીલાસ્થ સ્વરૂપનો સમાવેશ થાય છે, તેથી જ સ્વમાર્ગમાં સેવ્ય સ્વરૂપનું સાક્ષાત ભાવનાથી જ સેવન થાય છે.
આ સેવ્ય સ્વરૂપને પધરાવી દેવામાં શું હેતુ રહેલો છે તે આગળના શ્લોકમાં કહે છે –
યાવત્સાધન સમ્પત્તિઃ કારયત્યખિલાન્નિજાન્ ।
શુધ્ધં વિધાય હૃદયં પશ્ચાત્તત્રાવિશેત્સ્વયમ્ ।।

દૈવી જીવ શરણે આવ્યા પછી પોતાની પ્રાપ્તિ માટે જેટલી સાધન સમ્પત્તિની આવશ્યકતા છે તે પ્રભુ સ્વયં જ મિલાવી આપે છે અથવા સેવા – સ્મરણ – ગુણગાનાદિ અલૌકિક સાધન સમ્પતિરૂપે પોતેજ થઈ જાય છે. આ અલૌકિક સાધનો દ્વારા દૈવી જીવના હૃદયને શુદ્ધ કરી પશ્ચાત્ તેના હૃદયમાં લીલાધામની સમસ્ત લીલા સહિત પ્રભુનો પ્રાદુર્ભાવ થાય છે (આ પ્રાદુર્ભાવવાળું સ્વરૂપ "નમામિ હૃદયેશેષે લીલા ક્ષીરાબ્ધિ શાયિનમ્" આ કારિકાજીમાં કહેલું અનંત આધિદૈવિક લક્ષ્મીઓ સાથેના વિહારવાળું જ સ્વરૂપ છે. આ વિહારનો અનુભવ નિજજનોને કરાવવા સેવ્ય સ્વરૂપને પધરાવી આપ્યું છે.

દત્વા દૈન્યેન સન્તુષ્યે નિત્યં દેહમલૌકિકમ્ ।
સ્વયં પ્રવિશ્ય ભાવાત્માઽનુભવં કારયેત્સ્વયમ્ ।।

ઉપરોક્ત 10મા શ્લોકમાં કહેલી સાધન સમ્પતિ સેવા સ્મરણાદિથી જ્યારે હૃદયમાં રહેલો ભાવ પ્રપંચ (અવિદ્યા જનીત) દૂર થાય છે ત્યારે દૈન્ય પ્રાપ્ત થાય છે. દૈવી જીવને પોતાના અલૌકિક સ્વરૂપનું અને સેવ્ય પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થાય છે. આ બન્ને

પ્રકારના જ્ઞાનથી મારા મસ્તકે (ગૃહમાં) બિરાજતા પ્રભુ તો મહાન અલૌકિક છે તેની વાસ્તવિક તત્સુખાત્મક સેવા તો મારા અલૌકિક દેહથી જ કરી શકું અને અલૌકિક દેહ તો તાપ કલેશથી જ પ્રાપ્ત થાય છે. એટલે ભૌતિક દેહથી તનુ-વિત્તજા સેવા માર્ગમર્યાદા પ્રમાણે થતી હોય છે છતાં પોતાનું અને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થયેલું હોવાથી નિત્યલીલાસ્થ સ્વરૂપની સાક્ષાત તત્સુખાત્મક સેવાનો આ દૈવી જીવમાં પ્રચુર તાપ કલેશ રહી આવે છે. આવા તત્સુખાત્મક તાપકલેશથી તેનામાં દૈન્યભાવ પ્રક્ટ થાય છે તેથી પ્રભુ પ્રસન્ન થઈને આ ભક્તને લીલાધામ સંબંધી અલૌકિક દેહનું દાન કરે છે અને પશ્ચાદ્ આ અલૌકિક દેહમાં નિત્યલીલાસ્થ પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ નિત્યલીલાસ્થ પરિકર સહ પ્રગટ થઈ જાય છે ત્યારે પોતાના સ્વરૂપનો તેમજ લીલાઓનો અનુભવ કરાવે છે.

આ પ્રકારના અનુભવની અવસ્થાને પ્રાપ્ત કરવામાં મુખ્ય કારણ પ્રભુની તત્સુખાત્મક સેવાનો પ્રચુર તાપકલેશ જ છે. આ તાપકલેશથીજ "સર્વત્યાગ" સહજ જ થતો હોય છે. દિવ્ય સ્નેહનો સહજ સ્વભાવ છે કે પોતાના પ્રિયતમના જ સુખથી પોતાને સુખનો અનુભવ થાય. આવો તત્સુખાત્મક દિવ્ય સ્નેહ સર્વ ત્યાગ પૂર્વક વિરહના અનુભવ વિના પ્રાપ્ત થતો નથી. દિવ્ય સ્નેહના ગૌરવને જાણી લેનારો પ્રણય પથિક વિરહની દુઃસહ દશાને સહર્ષ સહન કરતો હોય છે. આ દુઃખને સહન કરવાનું સામર્થ્ય તત્સખ ભાવમાં રહેલું છે, સ્વમુખની ભાવનામાં નહી. તેથીજ કહ્યું છે કે-"સાપેક્ષિતમસમર્થો ભવતિ" સ્વસુખની ભાવનાવાળાનો આત્મા ત્યાગમાં નિર્બળ છે.

દિવ્ય પ્રેમ અને અલૌકિક દેહ બન્ને એક જ વસ્તુ છે. આપણો અલૌકિક દેહ નખથી શીખા સુધી દિવ્ય સ્નેહથીજ ભરેલો છે. આવા અલૌકિક દેહને પ્રાપ્ત કરવા માટે તત્સુખી ભક્તને પ્રચુર તાપકલેશ બન્યોજ રહે છે. આવો તત્સુખાત્મક તાપકલેશ પ્રગટ થતાં "સર્વત્યાગની પ્રવૃતિ મારા માટે અનધિકાર ચેષ્ટા તો નહીં હોય ?" આવી શંકા ઘણી દુર રહે છે.

"એકોઽહં બહુશ્યામ્" આ શ્રુતિના કથન મુજબ બહાર વિહારની ઇચ્છા થતાં પરબ્રહ્મ

સ્વરૂપ શ્રી મહાપ્રભુજીએ પોતાના મૂળ પરબ્રહ્મ સ્વરૂપમાંથી "પું" ભાવાત્મક અને "સ્ત્રી" ભાવાત્મક સ્વરૂપો પ્રગટ કર્યા. 'પું' ભાવાત્મક તે પુરુષોત્તમ સ્વરૂપ અને 'સ્ત્રી' ભાવાત્મક તે સ્વામિનીજી સ્વરૂપ-આ બન્ને રસથી પૂર્ણ અને સમાન ઐશ્વર્યવાળાજ પ્રગટ કર્યા છે. 'સ્ત્રી' ભાવાત્મક એ દૈવી જીવ નાયકા ભાવરૂપ છે, તે પુરુષોત્તમની સમાન જ છે. આ નાયકા ભાવવાળા દૈવી જીવો ભૂતલમાં આવવાથી પોતાના દિવ્ય સ્વરૂપને ભૂલી ગયા છે, તેથીજ 'અનધિકાર'ની શંકા થાય છે. પોતાના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન થતાંજ જેમ ભુલુ પડેલું બકરાના ટોળામાં ભળી ગયેલું સિંહનું બાલક બકરાના ટોળામાંથી જુદ્દુ પડી જાય છે તેમ દૈવી જીવ પોતાના ભૌતિક દેહમાંથી અને ભૌતિક દેહ સંબંધી સંસાર જગતમાંથી, અલગ થઈને પોતાના દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરી નિત્ય લીલાસ્થ પ્રિયતમની તત્સુખાત્મક સેવા માટે વિરહના અનુભવમાં નિરંતર સ્થિત રહે છે. આ જ કથનની સંગતિમાં શ્રી હરિરાયપ્રભુએ શિ. 18-4×5માં વિરહી જ્ઞાની ભક્તની અવસ્થાને જણાવેલ છે –

વિરહેણ હરિ સ્ફુર્ત્યાં સર્વત્ર કલેશ ભાવનાત્ ।
લીલાતિરિક્ત સૃષ્ટૌહિ નિરાનંદત્વ નિશ્ચયાત્ ।।

નિત્ય લીલાસ્થ સ્વરૂપના જ્ઞાનવાળા ભક્તને ભૂતલના ભૌતિક અધ્યાસવાળા દૈવી જીવોમાં આનંદનો અભાવ દેખાય છે, તેથી તેની સાથેના સંબંધને તોડીને નિત્ય લીલાસ્થ સ્વરૂપના નિરવધિ દિવ્ય આનંદમાં પ્રવેશ કરવા સર્વત્યાગ પૂર્વક વિરહાનુભવ કરી રહેલ છે.

પૂર્વોક્ત પ્રકારે પોતાના મૂળ દિવ્ય વ્રજભક્તના ભાવવાળા સ્વરૂપનું જ્ઞાન થઈ જતાં "અનધિકાર"ની શંકા તો પુનઃ ઉદભવતી જ નથી, પરન્તુ પોતાના દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે સર્વત્યાગપુર્વક નિરંતર વિરહાનુભવમાં સ્થિત રહે છે.
વલ્લભાખ્યાનવાળા મહાનુભાવ શ્રીગોપાલદાસજીને શ્રીગુસાંઈજીની કૃપાથી શ્રીગુસાંઈજીના પુર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું જ્ઞાન થયું ત્યારે કહે છે કે : "તે પદ ક્યારે દેખીશું, જે ગોધન પુંઠે થાયેજી" સારસ્વત કલ્પમાં આપ પુર્ણ પુરુષોત્તમરૂપે પ્રકટ થઈ

જે લીલા કરી વ્રજભક્તોને સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો તે સ્વરૂપનો મને અનુભવ ક્યારે થશે ?

હવે ગોપાલદાસજીને પોતાના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન પણ શ્રીગુસાંઈજીની કૃપાથી થયું ત્યારે આપને વિનતી કરે છે કે : **''સેવકજન દાસ તિહારો રે, તેનો રૂપ વિયોગ નિવારો રે.''** મારા અલૌકિક સ્વરૂપનો મને વિયોગ છે તે અલૌકિક સ્વરૂપને આપ પ્રાપ્ત કરાવી તે મારા સ્વરૂપના વિયોગનું નિવારણ કરો. આવા પ્રકારની પોતાના અલૌકિક સ્વરૂપને પ્રાપ્ત કરાવવા માટેની વિનતી કરવાનું સ્વારસ્ય એ છે કે મારા અલૌકિક સ્વરૂપથી જ આપના પુર્ણ પુરુષોત્તમ સ્વરૂપની તત્સુખાત્મક સેવા કરી શકું. આ પ્રકારે કોઈ બડભાગી (લીલાધામથી વિછુરેલા) દૈવી જીવને શ્રીવલ્લભભાનુની કૃપાથી પોતાના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે તે અલૌકિક સ્વરૂપને પ્રાપ્ત કરી પ્રિયતમની તત્સુખાત્મક સેવા માટે સર્વત્યાગમાં ઉત્સાહિત થઈ વિરહના અનુભવમાં જ નિત્ય સ્થિત રહે છે.

રાસમાં પધારેલા શ્રીગોપીજનોને વ્રજમાં પાછા જવાની પ્રભુ આજ્ઞા કરે છે તે સમયે શ્રી ગોપીજનોએ વિચાર કર્યો કે સર્વનો ત્યાગ કરીને આપની સેવાને અર્થે પ્રિયતમ પાસે આવવાનું થયું છે, અને પ્રિય તો પાછા જવાની આજ્ઞા કરે છે ! પ્રિય કોઈ સમયે અપ્રિય બનતા નથી. અપ્રિય જેવું જે કહી રહ્યા છે તે આપણું પ્રિય સ્વરૂપ નથી, કારણ કે વિશુદ્ધ દિવ્ય પ્રેમમાં અરસપરસ સમાનતા હોય છે, એટલે કે જેમ આપણે પ્રિયતમને ચાહીએ છીએ, પ્રિય વિના ક્ષણ રહી શકતા નથી, તેમ પ્રિયતમ આપણને ચાહે છે. અને આપણી વિના તે ક્ષણ રહી શકતા નથી. તેથી અપ્રિય જેવું બોલનાર આપણું પ્રિય સ્વરૂપ નથી તેમ શ્રી વાગધીશ શ્રીવલ્લભની વિશુદ્ધ સ્નેહના નિયમની પ્રેરણાથી ગોપીજનોએ જાણ્યું અને પાછા જવાની આજ્ઞા કરનારા ધર્મ સ્વરૂપ સાથે વાદ શરૂ કર્યો.

ફલાત્મક પ્રભુ સાધનરૂપ થતા નથી. અથવા પ્રિય એમ નહી કહે કે તમે મને ચાહો. દિવ્ય પ્રેમ પ્રિય પાત્રને ચાહીને જ સંતુષ્ટ રહે છે. મારૂં પ્રિય પાત્ર મને ચાહે આવી સકામતા વિશુદ્ધ પ્રેમમાં કલંકરૂપ બને છે. આવા વિશુદ્ધ પ્રેમના નિયમને શ્રીગોપીજનોએ શ્રી વાગધીશચરણની પ્રેરણાથી જાણ્યો ત્યારે ''વર એમ નહી કહે કે તમે મને વરો.''

આપની સાક્ષાત સેવાને પ્રાપ્ત કરવામાં વચમાં આવતા પ્રતિબંધોને આપણે બલાત્ હટાવવાના છે. આવો નિર્ણય કરી અપ્રિય બોલનાર ધર્મ સ્વરૂપના આવેશને પ્રિય સ્વરૂપમાંથી દુર કરવા 11 શ્લોકોથી વાદ કરી વિજય મેળવ્યો. આ વિજયને પ્રાપ્ત કરાવનાર કરૂણાસાગર શ્રીવાગધીશ વલ્લભ છે. આ ગોપીજનોના દ્રષ્ટાંતથી નિત્યલીલાસ્થ સ્વરૂપની તત્સુખાત્મક સેવા પ્રાપ્ત કરવામાં વચમાં આવતા સમગ્ર પ્રતિબંધોને શ્રીવલ્લભ આશ્રિત જન શ્રીવલ્લભ કૃપાના બલે દુર ફેંકી શકે છે. "વિનિયોગો ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને," આ શ્લોકનો આ જ ભાવાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણા આધિદૈવિક સ્વરૂપનું જ્ઞાન શ્રીવલ્લભની કૃપાથી થતાં સાક્ષાત નિત્ય લીલાસ્થ પ્રિય સ્વરૂપની સેવાને પ્રાપ્ત કરવામાં વચમાં આવતા પ્રતિબંધોને દુર કરવાનું સામર્થ્ય શ્રીવલ્લભ કૃપાથી પ્રાપ્ત થાય છે જ.

પોતાના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન, પ્રિયતમની તત્સુખ સેવા પ્રાપ્ત કરાવનારો પ્રચુર તાપકલેશ અને સર્વત્યાગ પૂર્વક વિરહનો અનુભવ આ સર્વમાં શ્રી વલ્લભની કૃપા શક્તિ વર્તમાન વ્યાપેલી છે, તેને પહેચાનીને કર્તવ્યનિષ્ઠ થવું નિજજનો માટે યોગ્ય છે. "અનધિકાર ચેષ્ટા"ની શંકાને નિર્મુળ કરવા અહીં સુધી શ્રી વલ્લભ કૃપાએ સમાધાન કરવાનો પ્રયાસ કર્યો છે.

પુષ્ટિ ભક્તનું ધ્યેય નિત્યલીલાસ્થ સ્વરૂપ

- શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

અષ્ટાક્ષરની ભાવના :

અષ્ટાક્ષર વિપ્રયોગ ભાવથી લેવાય તો શ્રી વલ્લભ સ્વરૂપ તેનાથી ભિન્ન નથી. વિરહ ભાવાત્મક યુગલોમાં વિરહભાવાત્મક શ્રીવલ્લભનો વિલાસ છે. વિરહાગ્નિ સ્વરૂપ શ્રીવલ્લભથી આ યુગલો તદ્રુપ છે, વિરહ ભાવાત્મક સુધાનો જ પરસ્પરના વિરહે અનુભવ કરી રહ્યાં છે. તેવા યુગલ સ્વરૂપના ભાવનું આ અષ્ટાક્ષર નામ છે, તેવી ભાવના રાખી અષ્ટાક્ષરનું સ્મરણ કરવું તે શ્રીવલ્લભનું જ સ્મરણ છે.

રસસ્વરૂપ – દ્વિદલાત્મક :

રસ સ્વરૂપ બે પ્રકારનું છે. સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક. તેમાં સંયોગાત્મક પું ભાવાત્મક સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનું છે, એટલે સેવ્ય સ્વરૂપ અને શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલની ભિન્નતા ન રહી.

દ્વિદલાત્મક રસાત્મક વિલાસના ભેદે શ્રી વલ્લભ શ્રીવિઠ્ઠલ-શ્રીજી-શ્રીનવનીતપ્રિયાજી આદિ આવા નામોના ભેદો રહેલા છે તે સર્વ સ્વરૂપો રસો વૈસઃ જ છે. તેમાં ગુંચવણ ઉભી ન થાય તે માટે સંયોગાત્મક-વિપ્રયોગાત્મક વિલાસ ભેદનો વિચાર કરવો. અથવા "યજ્ઞભોક્તા" અને "યજ્ઞકર્તા" સ્વરૂપનો વિચાર કરવો.

ગાયત્રી ભાષ્યમાં શ્રીગોકુલેશપ્રભુ આજ્ઞા કરે છે કે કૃષ્ણ સ્વરૂપ બે પ્રકારનું છે. એક સદાનંદરૂપ બીજું સચ્ચિદાનંદ રૂપ. બહાર પ્રગટ સ્વરૂપોનાં જે દર્શન થાય છે તે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. અને તે બહાર પ્રગટ સ્વરૂપોની ભીતર સુધા સ્વરૂપે જે બિરાજે છે તે સદાનંદ સ્વરૂપ છે. આને "નિર્ગુણ" સ્વરૂપ પણ કહેવાય છે. આ સદાનંદ સ્વરૂપ વિપ્રયોગ-ભાવાત્મક હોવાથી તેનેજ શ્રીવલ્લભ સુધા કહેવાય છે. આ સુધા સ્વરૂપ શ્રીવલ્લભની, સચ્ચિદાનંદ સ્વરૂપની ભીતર સદા સ્થિતિ હોવાથી સચ્ચિદાનંદ સ્વરૂપનો વિલાસ સિદ્ધ થાય છે. અથવા સચ્ચિદાનંદનો અનુભવ ક્રિયા દ્વારા થાય છે, અને સદાનંદનો અનુભવ ભાવ દ્વારા થાય છે. આ રીતે લીલા લોકમાં કે ભૂતલમાં સચ્ચિદાનંદ સ્વરૂપોમાં તેમજ શ્રીસ્વામિનીજીઓમાં આંતર સ્થિત સદાનંદ સ્વરૂપ રહેલું છે. આવી રીતે શ્રીકૃષ્ણના બે સ્વરૂપ જાણવા.

આ સદાનંદ, સુધા સ્વરૂપ યુગલ સ્વરૂપોમાં વિલાસ સિદ્ધ કરે છે તેનું વર્ણન સપ્તશ્લોકીના પહેલા અને ત્રીજા શ્લોકમાં શ્રીપ્રભુચરણોએ કરેલું છે. યુગલોમાં ભોક્તારૂપે અને યજ્ઞકર્તારૂપે સુધા સ્વરૂપ શ્રીવલ્લભની નિરંતર સ્થિતિ છે.

"દાતા ભોક્તા ઓર ન દુજા સાચા ત્રિભુવન રાય વહાં" મૂલ સુધા સ્વરૂપ શ્રીવલ્લભમાં

અનંત "સ્ત્રી" ભાવો અને અનંત "પું" ભાવો રહેલા છે. જ્યારે આપને બહાર વિલસવાની ઇચ્છા થઈ-થાય છે ત્યારે પોતાના "સ્ત્રી" ભાવમાંથી અનંત સ્વામિની ભાવાત્મક સ્વરૂપો પ્રગટ કરે છે, અને આપના "પું" ભાવમાંથી અનંત પુરુષોત્તમ ભાવાત્મક ભગવદ્ સ્વરૂપો પ્રકટ કરે છે, આથી બહારનો વિલાસ સિદ્ધ થાય છે. આ સર્વે સ્વામિની ભાવાત્મક સ્વરૂપો અને ભગવદ્ ભાવાત્મક સ્વરૂપો શ્રીવલ્લભના મૂળ પૂર્ણ બ્રહ્મ સ્વરૂપમાંથી જ પ્રગટ થાય છે, તેથી રસોવૈસઃ પ્રકારે તે સર્વ વલ્લભરૂપજ છે. તેમ છતાં-રૂપ નામનો ભેદ રાખેલો છે તે લીલા વિચિત્રતાને માટે.

બહાર પ્રગટ થયેલા યુગલ સ્વરૂપોમાં શ્રી વલ્લભ મુલ સુધા રૂપે આંતરમાં સ્થિત રહી, યુગલોમાં સુધાના ભાવો-(રસાત્મક ભાવો)ને પ્રગટ કરી જ્યારે વિલાસ સિદ્ધ કરે છે ત્યારે આપ "યજ્ઞકર્તા" રૂપે છે. અને તે યુગલોમાં રસ વિલાસ થાય છે. તેથી શ્રીવલ્લભ જ આંતર અને બહાર અથવા સંયોગ અને વિપ્રયોગમાં વિલાસ સિદ્ધ કરીને તેના ભોક્તા પણ પોતેજ થાય છે.

પ્રશ્ન - "આપ સેવા કરી શિખવે શ્રીહરિ" આમાં સેવાનો પ્રકાર અને પોતાની લીલાના દર્શન કરાવ્યા છે તે રસાત્મક સ્વરૂપે લીલા કરી છે. આ તત્વ સમજવું હોય તો આચાર્ય પદ અને લીલાત્મક પદ કેવી રીતે સમજી શકાય ?

ઉત્તર – લીલાત્મક સ્વરૂપ યજ્ઞ ભોક્તા છે, કારણ કે શ્રી સ્વામિનીજીઓ સાથેની લીલામાં પ્રભુને રસનો અનુભવ થાય છે તેથી તે "યજ્ઞભોક્તા" છે. શ્રી આચાર્ય સ્વરૂપથી સેવા કરી અને નિજજનોને ઉપદેશ કરી રસાત્મક ભાવોને પ્રગટ કરે છે, તે આપનું "યજ્ઞકર્તા" સ્વરૂપ જાણવું. તેથીજ 'શિખવે શ્રીહરિ' એમ કહ્યું. શિખવવાનો જ્યાં જ્યાં પ્રકાર હોય ત્યાં ત્યાં 'યજ્ઞકર્તા' સ્વરૂપ કાર્ય કરી રહ્યું છે તેમ જાણવું.

સેવ્ય સ્વરૂપમાં જ અનન્યતા થતાં સેવ્ય સ્વરૂપ પોતેજ યજ્ઞભોક્તા અને યજ્ઞકર્તા થઈ જશે. શ્રી વ્રજરત્ના-ગોપીજનોએ પ્રકટ સ્વરૂપનેજ પોતાનું સર્વસ્વ માન્યું હતું. તેથી પ્રકટ સ્વરૂપથીજ તેમનું પોષણ થયુ. પ્રકટ સ્વરૂપજ તેમના માટે યજ્ઞકર્તા અને યજ્ઞભોક્તા થયા હતા. શ્રી ગોપીજનો સાથે રમણ સમય 'યજ્ઞભોક્તા' અને વેણુનાદ સમયે

તેમનામાં રસાત્મક ભાવો પ્રક્ટ કરતી વખતે "યજ્ઞકર્તા" સ્વરૂપ. આમ એક જ પ્રગટ (સેવ્ય) સ્વરૂપથી ઉભય પ્રકારે શ્રી ગોપીજનોને અનુભવ થયો હતો. તેવીજ રીતે અધુના સેવ્ય સ્વરૂપ પ્રકટનીજ ભાવનાથી બિરાજી રહેલ છે. તેમાં અનન્યતા અને સર્વસ્વની ભાવના થતાં પોતેજ ભોક્તારૂપ થશે. અને સેવા કરનારમાં રસાત્મક ભાવ સંપદાની હૃદયમાં પ્રેરણા કરીને યજ્ઞકર્તા સ્વરૂપ થશે. સેવ્ય સ્વરૂપમાં સર્વસ્વનો ભાવ દ્રઢ થતાં ગુરૂ ભાવ, સ્વામિભાવ, બાલક ભાવ, મિત્ર ભાવ, અથવા યજ્ઞભોક્તા, યજ્ઞકર્તા આવા ભાવોને ધારણ કરે છે કારણ કે આપ સર્વ ભાવરૂપ છે. શ્રીવલ્લભનું "શ્રીકૃષ્ણાસ્ય" નામવાળું સ્વરૂપ ભાવ સ્વરૂપ છે. એટલે કે અનંત પ્રકારના વિવિધ ભાવો આ શ્રી કૃષ્ણાસ્ય સ્વરૂપમાંથી જ પ્રગટ થાય છે. આપના અંગીકૃત સ્વકીયોમાં આપનું શ્રીકૃષ્ણાસ્ય સ્વરૂપ બિરાજે છે. બહાર ભિતર આજ સ્વરૂપ નિજજનોનો નિરોધ કરે છે. બહાર સેવ્યરૂપથી સંયોગનો અનુભવ કરાવીને અને ભીતર વિપ્રયોગ સ્વરૂપથી અનુભવ કરાવીને નિરોધ સિદ્ધ કરે છે.

પ્રશ્ન – અવતાર લીલા સમયે તો પ્રભુ સન્મનુષ્યાકાર સ્વરૂપે પ્રગટ હતા, તેથી વેણુનાદ દ્વારા રસાત્મક ભાવો પ્રક્ટ કરી યજ્ઞકર્તા થયાં. પરંતુ અત્યારે વિદ્યમાન તો અવતાર કાલ નથી તો સેવ્ય સ્વરૂપમાં 'યજ્ઞકર્તા' ભાવ કેમ ઘટે ?

ઉત્તર – અત્યારે અવતાર કાલમાં ભક્ત હૃદયમાં બિરાજતા ભાવાત્મક સ્વરૂપથી રસાત્મક ભાવોની પ્રેરણા થાય છે. આ પ્રેરણાને જ વેણુનાદ જાણવો. તેથી તેવી રીતે 'યજ્ઞકર્તા' પણ સેવ્યમાં ઘટી શકે છે. જ્યારે આ રીતે સેવ્ય સ્વરૂપમાં સર્વસ્વતાનો ભાવ દ્રઢ થયો, અને સેવ્ય સ્વરૂપને આ રીતે સમજાણું તો પછી કોની આશા કરવાની બાકી રહે છે ? શ્રી ગોપીજનો અને ચોરાશી બસો બાવન ભગવદીયોને આજ રીતે અનુભવ થયો છે. ગીતાજી 9-22માં જે બાહેંધરી આપેલી છે. અને "સ્વદાસાર્થકૃતાશેષ સાધનઃ" આ નામની સંગતિ પણ સેવ્ય સ્વરૂપમાં જ થાય છે.

ધનહી જીવન પ્રાણ,
ધનસોં પ્રીત ધન પતિવર ।

ધનકો સુમરણ ધ્યાન,
ધન ધન રટતે ધનભયે ।।

સેવ્ય સ્વરૂપજ જીવન પ્રાણ, તેમાંજ પ્રીતિ, તેજ પતિવર, તેની પ્રણય લીલાઓનું જ સ્મરણ, અને તેના સ્વરૂપનું જ ધ્યાન થતાં 'કીટ ભ્રમર' ન્યાયે પ્રિયતમરૂપ થઈ જવાબ છે; પછી ક્યો પુરુષાર્થ ઢુંઢવાનો બાકી રહે ?

વેણુગીતમાં-વેણુજીમાંથી જે સુધા પ્રકટ થાય છે તે વેણુની ઉચ્છિષ્ટ સુધાએ ગોપીજનોમાં પ્રવેશ કર્યો નથી. શ્રી ગોપીજનો અનન્ય છે, પોતાના પ્રિયતમના જ ઉચ્છિષ્ટ-અધરામૃતને ગ્રહણ કરનારા છે. તેમ શ્રીમદ્ પ્રભુચરણોએ તે પ્રસંગના સ્વતંત્ર લેખમાં આજ્ઞા કરી છે. આનો અર્થ એ થયો કે સેવ્ય સ્વરૂપથીજ જેનું પોષણ થઈ રહ્યું છે તે સર્વોત્કૃષ્ટ અધિકારી છે. આસકિત અને અનન્યતા જુદી ચીજ નથી. આસકિત કુંભનદાસજીની, વ્યસન ગજ્જનધાવનજીમાં, અને તન્મયતા આશકરણજીમાં સિદ્ધ થઈ છે. શ્રી વ્રજરત્નાઓને પ્રિયના વિયોગની એક ક્ષણ સો યુગ જેવી (લાંબી) વ્યથા ઉત્પન્ન કરનારી હતી. આ છે આસકિત અને વ્યસનનું સ્વરૂપ.

તન્મયતાનું સ્વરૂપ :

સુંદરદાસ શ્રીમહાપ્રભુજીના સેવક હતા. શ્રી વલ્લભ વિના કોઈને, કોઈ તત્વની સુંદરતાએ તેમના હૃદયમાં સ્થાન લીધું નહીં હતું. આ સુંદરદાસને એક સમયે શ્રીપ્રભુચરણોએ મહાપ્રસાદ લેવાની આજ્ઞા કરેલી. બીજા વૈષ્ણવો સાથે સુંદરદાસ મહાપ્રસાદ લઈ રહ્યા હતા તે સમયે શ્રીપ્રભુચરણોએ આજ્ઞા કરી કે સુન્દરદાસ, મહાપ્રસાદ કેસો હૈ ? ત્યારે સુન્દરદાસે વિનતી કરી કે રાજ ! બહોત સુન્દર. ત્યારે આપે આજ્ઞા કરી કે "સુન્દરદાસ, તુમારી અનન્યતા ચુકી ગયા" ત્યારે સુંદરદાસે વિનતી કરી કે રાજ અનન્યતા તો આપ રખાવો તો રહે પરન્તુ મારી અનન્યતા તો કેવી રીતે હું ચુક્યો છું તે આપ આજ્ઞા કરો તો મને જાણવામાં આવે ! ત્યારે આપે આજ્ઞા કરી કે તમારી અનન્યતા શ્રીમહાપ્રભુજીમાં છે. અને શ્રીમહાપ્રભુજી વિના બીજા કોઈને તમે

સુન્દર કહેતા નથી અને માનતા પણ નથી તો મહાપ્રસાદને સુંદર કેમ કહ્યો ? ત્યારે સુન્દરદાસે કહ્યું કે રાજ ! મહાપ્રસાદમાં તો મારૂં ચિત્ત નહીં હતું, પણ કૃષ્ણદેવ રાજાની સભામાંથી મારા પ્રાણાધાર મંદગતિથી પધારી રહ્યા છે તે સમયના સૌન્દર્ય લાવણ્યનું પાન કરી રહ્યો હતો તેના ધ્યાનમાં આપને કહ્યું કે "બહોત સુન્દર."

અહીં વિચારણીય બાબત તો એ છે કે, શ્રીપ્રભુનું અધરામૃત અને શ્રીમત્પ્રભુચરણ સન્મુખ બિરાજી રહ્યા છે. આ તત્વમાં સુંદરદાસનું ચિત્ત અટકેલું નથી અને શ્રીવલ્લભના સૌન્દર્ય પાનમાં જ ડૂબેલા છે. તો શું, શ્રી પ્રભુચરણ અને અધરામૃત તે કંઈ ન્યુન તત્વ છે ? તેમાં ન્યુનતા (ગૌણતા) નથી, પરન્તુ આસકિતનું સ્વરૂપ આવું જ છે તેમ નિજસૃષ્ટિને જણાવવા માટે આ ચરિત્ર શ્રીપ્રભુચરણે જ કરાવ્યું છે.

આસકિત અને અનન્યતા :

એક ડોકરી શ્રી મદનમોહનજીનું સેવન કરતાં હતાં. તેમણે શ્રીમદનમોહનજી સિવાય બીજા સ્વરૂપને જીવનભર જોયેલું નહીં. તેને ત્યાં એક વિરકત વૈષ્ણવે પોતાના શ્રીબાલકૃષ્ણજીને પધરાવેલા. આ શ્રીબાલકૃષ્ણજીને શ્રીમદનમોહનજી જેવા કરી દીધા. બસો બાવનમાં આ પ્રસંગ છે. આ ચરિત્ર પણ શ્રીપ્રભુચરણનું જ છે. અને તે અનન્યતા શિખવવા માટે છે.

પંચમ ઘરના એક બાલક જયપુર બિરાજતા હતા. તેમની આસકિત શ્રી ચંદ્રમાજીમાં હતી. આ બાલક એક સમય શ્રીજીની સેવા કરવા પધાર્યા, રાજભોગ સમયે શ્રીજીને વેણુજી ધરાવે છે, શ્રીજીનો એક શ્રીહસ્ત કટી પર અને બીજો શ્રીહસ્ત ઊંચો હોવાથી શ્રીહસ્તમાં જેમ શ્રી ચંદ્રમાજીને વેણુજી ધરાય છે તેમ ધરાવી શકાતી નથી, ત્યારે તે બાલક વિચારે છે કે આજ મારો ક્યો એવો અપરાધ થયો છે કે શ્રી ચંદ્રમાજી વેણુજી ધરતા નથી ? આમ અપરાધના વિચાર નેત્રોમાંથી અશ્રુધારા ચાલવા લાગી. શ્રીજીથી આ દુઃખ સહન ન થવાથી ચંદ્રમાજીનું સ્વરૂપ શ્રીજીએ ધારણ કરીને શ્રીવેણુજી શ્રીહસ્તમાં ધારણ કરી લીધા. આ બાલકનું અન્તઃકરણ શ્રી ચંદ્રમાજીના સ્વરૂપની આકૃતિવાળું થઈ

ગયું હતું. તેથી શ્રીચંદ્રમાજી વિના બીજા કોઈ તત્વનું સ્મરણ જ તેમને નહી હતું. અનન્યતાના આવા પ્રસંગોના શ્રવણથી હૃદય જો સદાય ઘવાયેલું રહી આવે તો આસકિત અને અનન્યતા વિજ્યની માળાથી સત્કાર કરવા સામેથી ચાલી આવે છે.

શ્રીજી કંઈ ચંદ્રમાજીથી ગૌણ નથી, પરંતુ આસકિતનું સ્વરૂપ એક જ છે. અને જેમાં આસકિત છે તેમાંજ પુષ્ટિના સમસ્ત લીલા સ્વરૂપોનો સમાવેશ છે. એમ આ પ્રસંગથી સમજાય છે. શ્રી પદ્મનાભદાસજીનો અનન્ય ભાવ શ્રીવલ્લભમાંજ હતો, તેથી પુષ્ટિપ્રભુની દ્વિધા શ્રુંગાર રસાત્મક લીલાને શ્રીવલ્લભ સ્વરૂપમાંજ નિહાળી, શ્રી વલ્લભથી જુદી રીતે નહી. આવી અનન્યતાના શિખરે શ્રી પદ્મનાભદાસજી પહોંચેલા હોવાથી "કોટિમાં વિરલ"નું બિરદ શ્રી ગોકુલેશ પ્રભુએ આપ્યું છે.

અનન્યતાનું સ્વરૂપ અને સિદ્ધિ :

અનન્યતા અથવા આસકિત સાધારણ વસ્તુ નથી. પરમ કાષ્ઠાપન્ન વ્યથાનો અનુભવ કર્યા પછી સિદ્ધ થાય છે. આવી આસકિત સિદ્ધ કરવામાં એક રસિક ભક્ત વ્યથા ભોગવી રહેલ તેનો અનુભવ કહે છે.

કઠીન હે રસિક અનન્યતા,
રહત તન મન એક ઠોર ।
રાયકે સમ ચલતાહી હોત ઓર કી ઓર ।।

સુઇમાં દોરો પરોવાયેલો રહે તેમ મન જ્યારે પ્રિયતમના સ્વરૂપમાં નિરંતર પરોવાયેલું રહે ત્યારે અનન્યતા સિદ્ધ થાય છે. પ્રિયતમના સ્વરૂપમાંથી રંચક પણ મન અલગ થયું કે અનન્યતા ચુકાઈ ગઈ.

પ્રેમ એક, એક ચિત્તસો એકહી સંગ સમાય,
ગાંધીકો સોદા નહી જન જન હાથ બિકાય.

મારા જેવા વાંચક સિદ્ધાંતની ગડમથલ કરનારને પ્રેમ તત્વનો સ્પર્શ પણ દુર્લભ છે.

દુનિયાથી બરબાદ થયા વિના પ્રેમ તત્વની અનિર્વચનીય માધુર્યતાનું આસ્વાદન કેમ પ્રાપ્ત થાય ? મારી (લેખકની) તો જગતમાં પૂજાવાની લાલસા છે તેવા પામરને મન-વાણીથી અગોચર આ દિવ્ય પ્રેમ સુધા કેમ મળે ?

ચઢનો મોમ તુરંગ પે ચલનો પાવક માવ ।
ઇસ્ક ચિમનકે બિચમેં એસે હોતો આવ ।।

મીણના અશ્વ ઉપર સ્વાર થઈને અગ્નિમાંથી પાર થઈ જવું જેટલું કઠીન છે, તેટલું દિવ્ય પ્રેમ તત્વ પ્રાપ્ત કરવું કઠીન છે. તેમ છતાં આ તત્વને મેળવવા ત્યાગ રૂપી અગ્નિના માર્ગે ચાલનાર માટે કઠિનતા નથી. જેણે સર્વ સુખોની લાલસા છોડી પ્રિય વિયોગના દારૂણ દુઃખને અમૃત ગણ્યું તેને માટે કોઈ વસ્તુ અસાધ્ય નથી. પ્રેમ સંગ્રામમાં કુદી પડેલા વીરોએ ત્યાગના અમોઘ શસ્ત્રથી અજીત એવા પ્રેમદેવ ઉપર વિજય મેળવ્યો છે.

પ્રેમ મારગ તો શુરાનો છે. જેના હૃદયમાં દિવ્ય પ્રેમનો અંશ રહેલો છે તે કદાપિ પીછેહઠ કરતા નથી. મરણના ભયને દુર કરી પ્રેમ સંગ્રામમાં કુદી પડનાર વિજ્યવંત બને છે. આ પત્રમાં પ્રભુએ પ્રેરણાનું બલ આપ્યું તે બલે આ લેખમાં પ્રભુ પ્રાપ્તિનાં સાધનોનો અન્તીમ નિચોડ આપેલ છે. તે સાધનનો આ લેખથી વારંવાર, અવલોકીને સ્વરૂપ ધ્યાનરૂપી સ્વરૂપ પ્રાપ્તિના અચુક સાધનમાં સંલગ્નતા પ્રાપ્ત કરી ધ્યેય સિદ્ધ કરવું.

શ્રુતિઓને વરદાન મલ્યું પછી ગોપીરૂપે વ્રજમાં પ્રક્ટ થયાં. પશ્ચાદ વરદાનીક સ્વરૂપનું કલ્પ પર્યંત ધ્યાન કર્યું. આ અચુક ધ્યાનના સાધનથી લીલા-લોકની સમસ્ત દિવ્ય લીલા સહિત પ્રભુનું સ્વરૂપ નંદાલયમાં શ્રીયશોદોત્સંગ લાલિત રૂપે પ્રક્ટ થયું. અને આ જ સ્વરૂપ શ્રીગોપીજનોના હૃદયરૂપ વ્યોમમાં પણ રસાત્મક ભાવાત્મક રૂપથી સમસ્ત લીલા સહિત પ્રક્ટ થયું. આ છે અચુક સ્વરૂપ ધ્યાનના સાધનનો મહિમા.

પંચપર્વા વિદ્યા અને અવિદ્યાની સમજ :

જેમ પ્રભુ પ્રાપ્તિમાં અવિદ્યા બાધક છે તેમ-સ્વરૂપને ભુલાવી દેનારી વિદ્યાને પણ બાધક

જાણવી. સ્વરૂપને પ્રાપ્ત કરાવનારી વિદ્યાનું નિરૂપણ વેણુગીતના શ્રી સુબોધિનીજીમાં કરેલું છે. તે વિદ્યાના પાંચ પર્વ છે. અથવા આ વિદ્યાના પાંચ અંગો છે. તે નીચે મુજબ : (1) વૈરાગ્ય (2) સાંખ્ય (3) યોગ (4) તપ અને (5) ભક્તિ. (1) પ્રભુના સ્વરૂપ સિવાય અન્ય સર્વમાંથી રાગની નિવૃત્તિ તેનું નામ "વૈરાગ્ય" છે. (2) પ્રભુનું સ્વરૂપ રસાત્મક છે તેવું ધ્રુવ જ્ઞાન તે "સાંખ્ય" કહેવાય છે. અથવા આત્મ-અનાત્મનો વિવેક કરી અનાત્મથી નિવૃત થવું તે પણ સાંખ્ય કહેવાય છે. (3) "યોગ" ચિત્ત સર્વમાંથી નિવૃત થઈ પ્રભુ સ્વરૂપમાંજ સંલગ્ન રહે તેને "યોગ" કહેલ છે. (4) પ્રભુના વિરહે આત્યન્તિક તાપકલેશનો અનુભવ કરવો તેને "તપ" શબ્દથી કહેલ છે, અને (5) ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની આકાંક્ષા રહિત પ્રભુ સ્વરૂપમાંજ આસકિત તેને "ભક્તિ" કહેલ છે.

આ પંચ પર્વવાળી વિદ્યા નિત્યલીલા સ્વરૂપના સંબંધવાળી અને નિત્યલીલા સ્વરૂપને પ્રાપ્ત કરાવનારી છે. તેના અનુસંધાન પૂર્વક ધ્યાનના સાધનથી પ્રાણનાથના સાક્ષાત સંબંધરૂપી સૌભાગ્યને સિદ્ધ કરે એવી અભિલાષા સેવતો સાધક સફલતાને વરે છે.

પ્રશ્ન - પુષ્ટિ પ્રભુ પાસે પ્રમેયનું અબાધિત દાન કરવાનું સામર્થ્ય હોવા છતાં લીલા ધામથી વિછુરેલ નિજ સૃષ્ટિના જીવોને પુષ્ટિ રસથી વંચિત રાખવાનું પ્રભુએ કેમ વિચાર્યું હશે ?

ઉત્તર – આ રીતે વિચારી શકાય (1) ચોરાશી વૈષ્ણવની ત્રણ જન્મની વાર્તાના પ્રારંભમાં "ભાવ પ્રકાશ રહસ્ય" શ્રી હરિરાય ચરણે આપેલ છે. તે જોઈ લેવાથી આ પ્રશ્નનું સમાધાન થઈ જશે. (2) પ્રભુની ઇચ્છા તર્કથી અગોચર છે. બ્રહ્માદિક પણ જાણવાને સમર્થ નથી. (3) શ્રી અંગની સૃષ્ટિ હોવા છતાં પુષ્ટિ રસથી વંચિત રહેવાનું કારણ આ સૃષ્ટિ પાસે હજુ કોઈ કાર્ય કરાવવાની ઇચ્છા નહી હોવા છતાં પુષ્ટિરસથી વંચિત રહેવાનું બીજુ કારણ જીવનો પોતાનો પ્રમાદ છે. (5) પ્રમેય દાન લીલા ધામથી વિછુરેલા જીવોને કરવા માટેજ આપ લીલા ધામને છોડીને ભુતલ પ્રાદુર્ભુત થયા છે. "અંગસૃષ્ટિ" (નિજ પરિકર) સંબોધન લીલાધામથી વિછુરેલા જનોમાંજ ઘટે છે. આ

તથ્ય ભુલવું નહી જોઈએ. (6) જેનો પ્રમેયમાં અધિકાર છે. તેનું પ્રભુ સ્વરૂપજ જીવનના અવલંબન રૂપ છે. પ્રભુનું સ્વરૂપ તેનેજ પ્રમેય કહેવાય છે, તેથી સ્વરૂપના અવલંબન વાળાનેજ પ્રમેયનું દાન થાય છે અને આવા ભાગ્યવંત જનોજ પુષ્ટિ રસને પ્રાપ્ત કરી શકે છે. (7) "પુષ્ટિ રસ" એટલે નિરવધિ આનંદવાળા પ્રભુના સ્વરૂપાનંદનો અખંડ અનુભવ આ 'પુષ્ટિ રસ' શબ્દનો વાસ્તવિક અર્થ છે. અને આ નિરવધિ પુષ્ટિ રસનો અનુભવ વિપ્રયોગ વિના થઈ શકે નહી. વિપ્રયોગમાંજ રસોવૈસઃનો પ્રાદુર્ભાવ થાય છે. અને વિપ્રયોગ ભાવનું દાન શ્રી વલ્લભ ચરણકમલના આશ્રયથી જ પ્રાપ્ત થાય છે.

સત્વરે પ્રભુ પ્રાપ્તિમાં નિશ્ચય પૂર્વકના કર્તવ્યનું મહત્વ

લેખક : **શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

નીશ્રેના મહેલમાં વસે મારો વાલમો
જે રે જાયે તે ઝાંખી પામે હો જી રે ।
ભૂલા ભમે તે બિજા સદનમાં શોધે,
હરિ ના મિલે એકો ઠામે હો જી રે ।।

ઉપરોક્ત પદની છેલ્લી પંકિતમાં "શ્રી વલ્લભ શરણ થકી સૌ પડે સહેલું" શ્રીવલ્લભ નામ જ સર્વ સાધનોનું ફલ અને શ્રી વલ્લભ નામમાં જ સર્વસ્વતા. સર્વસ્વતાની અને ફલરૂપતાની નિષ્ઠા અને નિર્ણય શ્રી વલ્લભ નામમાંજ થતાં નામમાં આપ ભાવાત્મક સ્વરૂપે પ્રવેશ કરે છે. તે પોતાના કર્તુમ્-અકર્તુમ્-અન્યથા કર્તુમ્ સામર્થ્ય સહિત પ્રવેશ કરતા હોવાથી શ્રી વલ્લભનું નામ શું કાર્ય કરે છે, તે નીચેના પદમાં અવલોકીયે –

શ્રીવલ્લભ નામકી નાવ,
વાકો શ્રીવલ્લભ નામ ચલાવે ।
લેત નહી કછુ દામ નાવમેં યોંહી બેઠાવે ।।
એસી તરેહ લે જાય પેટકો પાની ન હિલાવે
ઉતારે ભવ પાર, શ્રીવલ્લભ કો જાય મિલાવે ।।

વૃન્દાવન કે બીચ જહાજ કો જાય ઝુકાવે ।
કહે કૃષ્ણદાસ હુલ્લીસ, અમર કે મહેલ બસાવે ।।

"શ્રીવલ્લભ નામકી નાવ વાકો ભગવદીય ચલાવે" એવો પણ પાઠ છે. પરંતુ શ્રીવલ્લભ નામજ નાવીક બનીને નાવ ચલાવે આ પાઠ અતિ ઉત્તમ છે. કારણકે કર્તુમ્-અકર્તુમ્ અન્યથા કર્તુમ્ એવું પૂર્ણ પ્રમેય બલ અથવા વિરૂદ્ધ ધર્માશ્રય ઐશ્વર્ય ધર્મી પ્રભુ સ્વરૂપમાં જ રહેલું હોય છે. ભગવદીયોમાં આપે દાન કર્યું હોય તે પ્રમાણે સામર્થ્ય હોય છે. ભગવદીયોમાં પણ ભગવાન સમાન સામર્થ્ય હોય છે, પરંતુ તેવું સામર્થ્ય તો નિરંતર વિરહાનુભવથી પ્રભુ સ્વરૂપ સાથે તન્મયતા (સર્વાત્મભાવ) પ્રાપ્ત થયા પછી આવે છે. આવા ભગવદીયો બહુ દુર્લભ છે. જે છે તેને શ્રીગજ્જન ધાવનજીની જેમ પ્રેમ રાજ્યનો કરફયું હોય છે. તેનો મિલાપ દુર્લભ છે.

"લેત નહી કછુ દામ." નામ સ્મરણને કોઈ ઉપકરણની જરૂર નથી. દામનો ખર્ચ નથી, ગમે ત્યારે ગમે તેવી અવસ્થામાં લઈ શકાય છે. નામને વિધિ નિષેધ લાગુ પડતા નથી. ભગવદ નામમાં અલૌકિક અગ્નિનો પ્રબળ પૂંજ હોવાથી વિધિ નિષેધ બહુ દૂર રહી આવે છે. કોટિ કોટિ સૂર્યના તેમાં પ્રકાશ હોવાથી માયા જન્ય અનેક જન્મોના ગાઢ અંધકારને ઉદય થતાં જ દૂર કરે છે.

"એસી તરહ લે જાય પેટકો પાની ન હાલે" નામમાં નિશ્ચય થવાથી તેમાં નામી સ્વરૂપનો પ્રવેશ થાય છે, તેથી માયાકૃત પ્રતિબંધો આવી શકતા નથી. જ્યા પ્રભુ સ્વરૂપ બિરાજતું હોય ત્યાં માયાકૃત કલેશાત્મક ભાવો સ્પર્શ કરી શકતા નથી. (તેને કાળ કર્મ નવ બાંધેરે, યમ શિર ધનુષ ન સાંધેરે).

"ઉતારે ભવ પાર." એટલે સંસાર સાગરથી પાર કરી નામ પોતાના નામી સ્વરૂપને પ્રાપ્ત કરાવી દે છે. નામના સ્મરણથી તનુનવત્વ સિદ્ધ થવાથી પોતાના ધામ-વૃન્દાવનમાં શ્રી વલ્લભ આવા ભક્તને નિત્ય નિવાસ કરાવે છે. ત્યાંથી પાછુ ફરવાનું હોતું નથી તેથી કહ્યું 'અમરકે મહેલ બસાવે' નામ સ્મરણ કરનારને તનુ નવત્વ

(અલૌકિક દેહ) પ્રાપ્ત થાય છે. તે દેહ નિત્ય-અજર-અમર છે. તેથી જન્મ-મરણનું આવાગમન રહેતું નથી. આ અલભ્ય પુરુષાર્થ નામના સ્મરણ માત્રથી જ પ્રાપ્ત થતો હોવાથી નિશ્ચયાત્મક પ્રકારે મહાનુભાવ શ્રી હરિરાય ચરણોએ આ નામનું અચિન્ત્ય માહાત્મ્ય બતાવ્યું છે.

શ્રીમદાચાર્ય ચરણે શાસ્ત્રાર્થ નિબંધમાં આજ્ઞા કરી છે : "કલિકાલ સ્વભાવતઃ ઉત્કૃષ્ટ સ્વલ્પ સાધનેન મહાફલપ્રદઃ". આપશ્રીએ અષ્ટાક્ષર મહામંત્રનું જે દાન કર્યું છે તેનું જ મહત્વ નિબંધમાં જતાવી રહ્યા છે.

શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનું સતત પાલન કરીયે તેમાં આપશ્રીની આશિષની વર્ષા સતત થતી હોય છે. પ્રભુની પ્રસન્નતા તેમની આજ્ઞા પાલનથી થાય છે અને પ્રસન્નતાની અંદર જ આશિર્વાદ સ્થિતિ કરીને રહેલા છે. અથવા પ્રસન્નતા, આશિર્વાદ અને કૃપા ત્રણે પરસ્પર મળેલા રહે છે. આથી નિજ સ્વામી જેમ પ્રસન્ન થાય તેજ નિજજનોનું કર્તવ્ય છે.

ચોરાશી ભગવદીયો આપણા પૂર્વજ છે અને વંદનીય પણછે. તેઓએ શ્રી વલ્લભ પ્રભુને વિનંતી કરી જે "અમારૂં કર્તવ્ય શું ?" કર્તવ્ય પરાયણ રહીયે તેમાંજ આપશ્રીની પ્રસન્નતા છે. અને પ્રસન્નતાથી આશિર્વાદ અભિન્ન છે તેથી મહાનુભાવોએ આશિષની યાચના નહી કરતા કર્તવ્યને જાણવાની વિનંતી કરી. આપશ્રીએ કર્તવ્યને જણાવતા આજ્ઞા કરી-અમે તમને જે સેવ્ય સ્વરૂપ પધરાવી આપ્યું છે તે અમારૂં સર્વસ્વ છે, તેનું તમે સર્વસ્વ માની સેવન કરજો. સર્વસ્વ એટલે જીવનરૂપ, જેના વિના જીવી ન શકાય, એક ક્ષણ તેનાથી અળગા ન રહેવાય. સેવા-સ્મરણ-ગુણગાન-ધ્યાન કે ગ્રંથાવલોકનથી સતત પ્રભુ સન્મુખ રહી પોતાનું જીવન નભાવે છે તેને સર્વસ્વતા કહેવાય છે.

જેમ પતિવ્રતાને પતિ વશ થઈ જાય છે તેમ કર્તવ્ય પરાયણ જીવોને પણ પ્રભુ વશ થઈ જાય છે.

આધુનિકોને પોતાના સેવ્ય સ્વરૂપમાં-સર્વસ્વતાનો ભાવ નહી હોવાથી, અથવા

સર્વસ્વતાનો નિશ્ચય નહી થવાથી સેવ્યમાં પ્રેમ ઉત્પન્ન થતો નથી અને તેથી આનંદનો અનુભવ થતો નથી અને પરિણામે તેઓ અન્યત્ર ધર્મ સમૂહમાં આનંદની ભીક્ષા માગતા ફરે છે. તેવાને માટે દયારામભાઈ કહે છે કે "ભૂલા ભમે તે બીજા સદનમાં શોધે, હરિ ના મીલે એકે ઠામે હોજી રે." ધર્મી સ્વરૂપ હરિથી મળતો આનંદ સમુદ્રના વહેતા પ્રવાહ જેવો અવિરત ચાલતો હોવાથી તેને અન્યત્ર આનંદની ભીક્ષા માગવાની કેમ રહે ? હમારા પૂર્વજોએ સેવ્યમાં સર્વસ્વતાની ભાવનાથી અવિરત દિવ્ય આનંદનો અનુભવ કરેલો હોવાથી તેમને અન્યત્ર આનંદ માટે વિચરવાનું ન રહ્યું.

વિદ્યમાન પુષ્ટિમાર્ગમાં ત્રિવિધ પ્રકારના જીવોનો પ્રવેશ છે. વિષયાનંદના અધિકારીયો, બ્રહ્માનંદના અધિકારીયો અને ભજનાનંદના અધિકારીયો. વિષયાનંદના અધિકારી જીવો પ્રવાહી છે. આવા જીવોની ભરતી પુષ્ટિમાર્ગમાં વિશેષ થઈ છે. આ પ્રવાહી જીવોએ બ્રહ્મસંબંધ લીધેલું હોય છે. ઘરમાં શ્રી ઠાકુરજી પણ બિરાજતા હોય છે, પણ શ્રીમહાપ્રભુજીની સેવા મર્યાદા પ્રમાણે આચાર વિચારથી પ્રભુને ભોગ ધરીને અધરામૃતથી નિર્વાહ કરવો તેવો પ્રચાર આ પ્રવાહી જીવોમાં હોતો નથી. સંસારમાં આસકતી, **પ્રભુ ગૌણ અને સંસાર મુખ્ય**. આજના સુધરેલા જમાનાની ભ્રષ્ટતા આ પ્રવાહી જીવોના ઘરમાં વ્યાપેલી છે. અને તે કારણે થોડી ઘણી રહેલી વૈષ્ણવતાનું આ પ્રવાહી જીવો લીલામ કરાવી રહ્યા છે.

આવા જીવોની ઓળખાણ કરાવવાનું કારણ પુષ્ટિ પ્રભુના સંબંધવાળા દૈવી જીવો આવા જીવોથી સાવધાન થઈ જાય. આ પ્રવાહી જીવોમાં પુષ્ટિ પ્રભુનો સંબંધ માની અજ્ઞાનથી અને ભાવલાપણાથી તેના સંબંધને જાળવી રાખે છે તે ઉચિત નથી. કારણ તેમના દુઃસંગથી આપણું પણ પતન થાય છે. કેવલ લૌકિક જીવો કરતા આવા દૈવી પણાનું બાનુ રાખી વિષયાનંદને મુખ્ય માની જીવનારા જીવોનો સંબંધ ભારે અનિષ્ટ કરનાર છે. બ્રહ્માનંદનો અનુભવ કરનારા જીવોમાં પ્રભુનું અક્ષરાત્મક-આધ્યાત્મિક સ્વરૂપ રહેલું છે અને શુદ્ધ પુષ્ટિ ભક્તોમાં પ્રભુનું આધિદૈવિક (ભજનાનંદ) સ્વરૂપ રહેલું છે. પુષ્ટિ જીવો આ ભજનાનંદનો અનુભવ કરી શકે તે માટે સેવ્ય સ્વરૂપને પધરાવી આપ્યું છે. તે

સેવ્યમાં જ સર્વસ્વતાનો ભાવ (પ્રેમ) થવાથી ભજનાનંદનો અનુભવ કરી શકે છે. નામ સ્મરણ કરનાર અને સ્વરૂપ સેવા કરનાર બન્નેએ શ્રી મહાપ્રભુજીની સેવા મર્યાદા પ્રમાણે પ્રભુને ભોગ ધરીને અધરામૃતથી નિર્વાહ કરવો અત્યંત જરૂરી છે. કારણકે અસમર્પીત લેવાથી નામમાં રહેલી આધિદૈવિકતા અને સ્વરૂપમાં રહેલી આધિદૈવિકતા (આસુરી ભાવના કારણે) તિરોહિત થઈ જાય છે.

નામ સ્મરણમાં નિશ્ચય થવાથી મન અન્ય સાધનોથી નિવૃત થઈ નામ સ્મરણનું અવલંબન લે છે. નામ સ્મરણનું અવલંબન એ નામી સ્વરૂપનું જ અવલંબન (આધાર-આશ્રય) હોવાથી નામી સ્વરૂપ હૃદયમાં પધારે છે. નામી સ્વરૂપ જીવની કલ્પનામાં ન આવે તેવું તેમજ અચિન્ત્ય અને અનંત શક્તિ વાળુ હોવાથી નામ સ્મરણ કરનાર સ્વકીયને લીલા ધામમાં સત્વરે પહોંચાડે છે.

જીવની કલ્પનામાં ન આવે એવું અદભુત શ્રીવલ્લભ નામનું માહાત્મ્ય શ્રીહરિરાય પ્રભુએ પદોમાં વર્ણવ્યું છે :

(1) સબનતે શ્રીવલ્લભ નામ ભલો ।
યાહીમેં ગોકુલ યાહીમેં વૃન્દાવન
યાહીમેં વ્રજ મંડલો ।।
યાહીમેં ગોવર્ધન રાસાદિ લીલા
યાહીમેં યમુના કંદલો ।
'રસિક' પ્રીતમ શ્રીવલ્લભ તજકે,
વૃથા ઈત ઉત ન ચલો ।।

(2) જપ તપ તીરથ નેમ ધરમ વ્રત
મેરે શ્રીવલ્લભ પ્રભુજી કો નામ ।
સુમરો મન સદા શુભકારી
દુરીત કટે સુધરે સબ કામ ।।

હદે વશે યશોદા સુત પદ
લીલા સહિત સકલ સુખ ધામ ।
રસિક યહ નિરધાર કીયો હે
સાધન તજ ભજ આઠો યામ ।।

ભગવાને ગીતાજીમાં કહ્યું છે કે હે અર્જુન ! જે ભક્ત મારો અનન્ય આશ્રય રાખી મારું ભજન કરે છે, તેનો "યોગ" એટલે પોતાની પ્રાપ્તિ માટે અલૌકિક સાધન મિલાવી આપવું. આ અલૌકિક સાધનમાં નામ નાવ અને નામી નાવીક રૂપથી પોતેજ સાધન રૂપ બની પોતાના ધામમાં લઈ જાય છે. અને 'ક્ષેમ' એટલે નામ અને નામી રૂપે અથવા નાવ અને નાવીક રૂપે પોતેજ હોવાથી કાલ-માયા કૃત કોઈ પણ પ્રકારના પ્રતિબંધ લીલા ધામમાં પહોંચવામાં આવી શકતા નથી. અનન્યતામાં યોગ-ક્ષેમ વહન કરનાર પોતેજ હોવાથી નામ સ્મરણ કરનારને સત્વરે પોતાના દિવ્ય સ્વરૂપની પ્રાપ્તિ કરાવી પોતાના લીલા ધામમાં પહોંચાડી દે છે. અનન્યતા અને નિશ્ચય એક બીજાના સહાયક છે. એટલે નિશ્ચય વિના અનન્ય થઈ શકાતું નથી અને અનન્યતા વિના નિશ્ચયનું રક્ષણ થઈ શકતું નથી. રતિપથના પથિકો રતિપથ પર ચાલીને દિવ્ય પ્રેમ રાજ્ય પર વિજય ધ્વજ ફરકાવે તેવા મહાન ગૌરવને પ્રાપ્ત કરાવનાર નિશ્ચય પૂર્વકનું કર્તવ્ય છે. દૈવી જીવન કર્તવ્ય પાલન વિના બરબાદ થઈ જાય છે. "આયે તે કછુ લેનકું ગયે ગાઠકો ખોય.' દૈવી જીવ હોવા છતાં કર્તવ્ય પાલન કેમ થઈ શકતું નથી તે જાણવા માટે બ્રહ્મસંબંધ દાતા પોત પોતાના ગુરૂદેવને વિનમ્ર પ્રશ્ન કરી જાણવું જોઈએ. પ્રભુ પ્રાપ્તિનો માર્ગ ગાફેલ રહેનારને નહી ભળે. "મુસાફર જાગતે રહેના, નગરમેં ચોર આતે હે."

નામ-સ્મરણ મહિમા

- પ. ભ. મધુકર

કલીકાળમાં નામ સ્મરણ સિવાય બીજાં કોઈ સાધનો સિદ્ધ થતાં નથી. "વિવેક ધૈર્યાશ્રય"માં શ્રીવલ્લભે તેવીજ આજ્ઞા કરી છે. "નિઃસાધન બનીને દીનભાવે નામ

સ્મરણ દ્વારા પ્રભુની શરણાગતિમાં રહેવું. 'નિઃસાધનના ફલરૂપ પ્રભુ શ્રી ગોકુલમાં પ્રક્ટ થયા છે તેથી અમો સર્વ રીતે નિશ્ચિંત છીએ..." એમ શ્રી મત્પ્રભુચરણોની આજ્ઞા છે. તે પ્રમાણે નિઃસાધન બની દીન ભાવે નિરંતર નામનું સ્મરણ કરવાથી પ્રભુની પૂર્ણ કૃપા પ્રાપ્ત થશે. તેમ શ્રીપ્રભુચરણની આજ્ઞાનો આશય સમજાય છે.

નામ સ્મરણમાં, "શ્રી સર્વોત્તમજી"ના સ્તવનનો આગ્રહ રાખવો. પ્રત્યેક નામના મહત્વના અનુસંધાન પૂર્વક, અને પ્રભુ પ્રાપ્તિના, અથવા આપના સાક્ષાત દર્શનના તાપભાવ પૂર્વક શ્રી સર્વોત્તમજીના સ્તવનથી, ભૌતિક અને આધ્યાત્મિક પ્રપંચનો સત્વરે લય થઈ જાય છે, તેવો આશય શ્રી સર્વોત્તમજીના મંગલાચરણના ચોથા અને છઠ્ઠા શ્લોકમાંથી પ્રાપ્ત થાય છે. પ્રપંચનો સત્વરે લય થવાનું કારણ શ્રી વલ્લભ અગ્નિ સ્વરૂપ છે તે અગ્નિ સ્વરૂપનાં જ 108 નામો છે. પ્રત્યેક નામમાં અગ્નિ સ્વરૂપની વ્યાપ્તતા છે, તેથી પ્રપંચનો શીઘ્ર લય કરે છે.

'વિનિયોગો ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને' "ભક્તિયોગ" શબ્દ પ્રભુના સાક્ષાત સ્વરૂપ સંબંધમાં યોજાયેલ છે. એટલે કે નિત્યલીલાસ્થ કોટિકદર્પથી અધિક લાવણ્ય સૌન્દર્ય, અને અનંત રસાત્મક સામગ્રીયુક્ત રસાત્મક સ્વરૂપના સાક્ષાત અનુભવમાં (ભૌતિક, આધ્યાત્મિક-આધિદૈવિક) જેટલા પ્રતિબંધો છે તેનો વિશેષે કરીને નાશ કરવામાં શ્રી સર્વોત્તમજીનો વિનીયોગ છે. "વિનાશને શબ્દનું એવું પણ તાત્પર્ય નીકળે છે કે ત્રણે પ્રકારના પ્રતિબંધોનો મૂળમાંથી નાશ થતો હોવાથી ફરી તેની ઉત્પત્તિની સંભાવનાજ નથી.

જેવી રીતે અવતાર લીલાના ભક્તોની ભૌતિક અવિદ્યા તામસ પ્રમાણ પ્રકરણ મુજબ બાલલીલાથી દૂર કરી. આધ્યાત્મિક અવિદ્યા તામસ પ્રમેય પ્રકરણની લીલાથી દૂર કરી અને આધિદૈવિક પ્રતિબંધ શ્રી ગિરિરાજ ધારણ કરી દૂર કર્યો. પ્રશ્ચાત્ ફલપ્રકરણમાં મહારાસ સમયે નિત્ય લીલાસ્થ પૂર્ણાનંદ સ્વરૂપનો શ્રી ગોપીજનોને અનુભવ થયો. તેવી રીતે ત્રણે પ્રકારના પ્રતિબંધોને દૂર કરી સાક્ષાત સ્વરૂપાનંદનું દાન કરવાનું શ્રીસર્વોત્તમજીમાં અચિંત્ય સામર્થ્ય છે. આ પ્રકારનું "વિનિયોગો ભક્તિયોગ પ્રતિબંધ

વિનાશને" આ પંક્તિનું નિગૂઢ તાત્પર્ય છે. કારણ કે આ શ્લોકના ઉત્તરાર્ધમાં – "કૃષ્ણાધરામૃતા સ્વાદ સિદ્ધિરત્ર ન સંશયઃ" એમ શ્રીમત્પ્રભુચરણની આજ્ઞા છે. "કૃષ્ણ અધર અમૃત" એ શ્રી વલ્લભપ્રભુનું મૂલ સુધા સ્વરૂપ છે. આ સુધાના દાનથી પાઠ કરનાર ભક્તને નિત્ય લીલા સંબંધી આધિદૈવિક દેહ સિદ્ધ થઈ જાય છે, અને આધિદૈવિક દેહ સિદ્ધ થતાં નિત્ય લીલાસ્થ કોટિકંદર્પથી અધિક લાવણ્ય-સૌન્દર્ય પૂર્ણાનંદ સ્વરૂપના અનુભવનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. આ મહાન ફલદાનમાં શ્રી સર્વોત્તમજીનું અચિન્ત્ય સામર્થ્ય હોવાથી, અને આપનો સ્વયંનો તેવો અનુભવ હોવાથી "ન સંશયઃ" તેવી શ્રી મત્પ્રભુચરણે આજ્ઞા કરી છે.

લીલાધામમાં અનંત પ્રકારની રસાત્મક લીલાઓ અનંત શ્રી સ્વામિનીજીઓમાં અથવા અનંત યુગલોમાં જે થઈ રહી છે તે લીલાના સંબંધવાળા શ્રીસર્વોત્તમજીનાં 108 નામો છે. એટલે કે 108 નામનું અખંડ જોડાણ નિત્યલીલા ધામની દિવ્ય લીલાઓ સાથે રહેલું છે, તેવું તાત્પર્ય મંગલા ચરણના ચોથા શ્લોકમાં "પ્રવક્ષ્યામ" શબ્દથી પ્રાપ્ત થાય છે. પાઠ કરનાર ભક્તની આધિદૈવિક અવસ્થા પ્રાપ્ત થતાં 108 નામની દિવ્ય લીલાઓ આધિદૈવિક પ્રકારેજ નિત્યલીલાનો અનુભવ કરાવે છે.

જેમ ભગવાનનાં ત્રણ સ્વરૂપો છે – ભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક, અને જેનું વર્ણન સિદ્ધાંત મુક્તાવલીમાં કરેલુ છે, તે પ્રમાણે પ્રત્યેક નામના ત્રણ પ્રકારનાં સ્વરૂપો છે. આપણી ભૌતિક દશામાં લેવાતું નામ આપણા ભૌતિક અધ્યાસોને દુર કરે છે જેમ બાલલીલામાં પ્રભુએ પ્રાકૃત બાલક જેવું સ્વરૂપ ધારણ કરી બાલલીલાથી ભક્તોમાં પ્રેમ ઉત્પન્ન કરી તેમની ભૌતિક અવિદ્યા દુર કરી, તેમ આપણી ભૌતિક દશામાં લેવાતું નામ, પોતાના સામર્થ્યથી આપણી ભૌતિક અવિદ્યાને દુર કરી પ્રભુ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરે છે, અને ભૌતિક અવિદ્યા દુર થતાં, આપણી આધ્યાત્મિક અવસ્થા પ્રક્ટ થાય છે. આ આધ્યાત્મિક અવસ્થામાં બ્રહ્મભાવ પ્રાપ્ત થતો હોવાથી આધ્યાત્મિક અવિદ્યાને દુર કરી સાક્ષાત્ રસાત્મક સ્વરૂપના પ્રાદુર્ભાવની ભૂમિકા સિદ્ધ થાય છે. તામસ પ્રમેય પ્રકરણની અવિદ્યા નામ સ્મરણથી દૂર થતાં આપણી જ્યારે આધિદૈવીક અવસ્થા બને છે, ત્યારે

આધિદૈવિક રસાત્મક સ્વરૂપનો ભાવાત્મક પ્રકારે લીલા સહિત આપણા હૃદયમાં પ્રાદુર્ભાવ થાય છે જેનું વર્ણન વેણુગીતના શ્રી સુબોધીનીજીમાં કરેલું છે.

જેમ અવતારલીલા સમયે પ્રભુએ લીલા કરીને ભક્તોના ત્રણે પ્રકારના પ્રતિબંધોને દૂર કરી સાક્ષાત્ સ્વરૂપાનંદનું મહારાસમાં દાન કર્યું. તેમ વિદ્યમાન – અનવતાર કાલમા "નામ સ્મરણ દ્વારા" ત્રણે પ્રકારના પ્રતિબંધો દૂર થઈ સાક્ષાત સ્વરૂપાનંદનું દાન થાય છે, તેવું શ્રીસર્વોત્તમજીના છઠ્ઠા શ્લોકનું નિગૂઢ તાત્પર્ય છે. વળી ભાગવતાર્થ નિબંધમાં પણ શ્રી વલ્લભપ્રભુએ આજ્ઞા કરી છે કે, **"ભગવદ્ નામ અવતાર તુલ્ય કાર્ય કરનારૂં છે."** અને શ્રી સર્વોત્તમજીનું છઠ્ઠું નામ "સ્મૃતિ માત્રાર્તિનાશનઃ" છે, તે ભક્તની ત્રિવિધ પ્રકારની આર્તિને દૂર કરીને સાક્ષાત પ્રભુનો સંબંધ કરાવનાર છે.

શ્રી સર્વોત્તમજી આપણને ફલિત કેવી રીતે થાય ? તેનો આશય "શ્રદ્ધાવિશુદ્ધ-બુદ્ધિર્યઃ" – એ 34મા શ્લોકમાં જણાવેલો છે. આ શ્લોકનાં સંપૂર્ણ આશયને જાણીને તે પ્રમાણે નિરંતર તન્મય બનીને **"શ્રી સર્વોત્તમજીનું જ અનન્ય ભાવથી પઠન કરવાથી દુર્લભ અધર સુધા રૂપ સિદ્ધિ નિઃસંદેહ પ્રાપ્ત થાય છે."**

નામ અને નામીમાં અભેદ છે, નામમાં ભાવાત્મક સ્વરૂપ રહેલું છે. જેમ બીજમાં વૃક્ષ સૂક્ષ્મરૂપે (ન દેખાય તેવી રીતે) રહેલું છે, અને બીજને પોષણ મળતાં અંકુરીત થઈ વૃક્ષ રૂપે પ્રક્ટ થઈ જાય છે, તેમ શ્રીવલ્લભ નામમાં આપનું ભાવાત્મક સ્વરૂપ રહેલું છે, અને નામના સ્મરણ દ્વારાજ નામ રૂપ બીજનું પોષણ થતાં, નામ રૂપ બીજમાં રહેલું આપનું ભાવાત્મક સ્વરૂપ આપણી હૃદય ભૂમિમાં પ્રક્ટ થઈ જાય છે, અને શ્રુંગાર કલ્પવૃક્ષ રૂપ બનીને નિત્યલીલા ધામની, અનંત કુંજોરૂપી અનંત શાખાઓમાં, જે અનંત પ્રકારની દિવ્ય લીલાઓ નિત્ય ચૈતન પ્રકારે થઈ રહી છે, તેનો અનુભવ કરાવે છે. આપના નામનો આવો અનિર્વચનીય મહિમા હૃદયમાં ધારણ કરીને, નામ-સ્મરણમાં અનન્ય ભાવ રાખીને પ્રભુ વિયોગ જનિત આર્તભાવથી નિરંતર નામનું સ્મરણ કરવાથી મહાકારૂણિક શ્રી વલ્લભ પ્રભુ-પોતાના "અદેય" સ્વરૂપાનંદનો અનુભવ કરાવશે જ.

સંકલન : **"મધુકર"**

રાગ ગોરી – (પદ 38મું)

શ્રી લક્ષ્મણ ગૃહ આજ વધાઈ,
વૃન્દાવન ભૂષન સુખ પ્રકટિત, વ્રજલીલા સમ્પતિ સુખ દાઈ ।।1।।
પ્રચૂર ભાવજ્ઞ ભૂતલ રસિકનકે, મૃદુ (મધુર) મૂરતિ જીનકે હિત આઈ ।
ભાવ વિભુ લીયે અંગ અંગ રંગ રંગ, મેહ દેહ ભૂષન દ્યુતિ ઘન તડિત દિવ દરસાઈ ।।2।।
સહજ સ્વભાવ સકલ વ્રજ, કેલિ ઘટા ગહરાઈ ।
વરસત પ્રેમ મેહ વ્રજવાસી દૂરિ દૂરિ દરશ પરસ સદ્રશ સ્વભાવતે
"પદમનાભ" બલૈયા જાઈ ।।3।।
યા કીર્તનમેં શ્રીમહાપ્રભુજી પ્રગટ હોય કે દૈવી જીવનકે અર્થ ભગવદ ભાવકી રસ વૃષ્ટિ કરીકે પ્રેમાંકુર ઉત્પન્ન કરતહે એસો વર્ણન હે ।।

ભાવાર્થ "શ્રીલક્ષ્મણ ગૃહ આજ વધાઈ" શ્રી લક્ષ્મણ ભટ્ટજીકે ઘરમેં આજ-વર્તમાન કાલમાં વધાઈ હે. કહા કારણસો વધાઈ હે ? તહાં કહતહે. વૃન્દાવનકે ભૂષણ સુખરૂપ, તથા વ્રજલીલાકી રસરૂપ સમ્પત્તિ ભગવાનકી જો ના ના પ્રકારકી લીલા હે તા કરિકે સુખદાઈ જો ધર્મી સાક્ષાત્ ભગવાન-પૂર્ણ પુરુષોત્તમ સો શ્રીમહાપ્રભુજી રૂપસોં પ્રકટે હે. "પ્રચૂરભાવજ્ઞ" કહેવેસું પ્રચૂર જો અત્યંત ગહેરે ભગવદ્ ભાવકે જાનવે વારે. તથા ભગવદ્ રસકે રસિક એસે દૈવી જીવ ભૂતલ પર ચારો તરફ ફેલે ભયે હે ઉનકે હિત. ઉનકો ભગવત રસકી પ્રાપ્તિ કરાયવેકે લીયે ધર્મી ભગવાનકે મુખારવિંદકી મધુર મુર્તિ જો શ્રીમહાપ્રભુજી હે સો ભૂતલ પર આયે હે. તામેંભી "ભાવવિભુ" વિશેષ કરીકે (અગણિત) સુખભાવ પ્રાપ્ત હોતહે જીનતે ("વિભુ" શબ્દ દેશ ઓર કાલકી સીમા રહિત કો બોધક હે. યાતે અગણિત સુખભાવ-દિવ્ય મધુર પ્રેમભાવ પ્રાપ્ત હોત હે જીનતે સો ભાવ-વિભુ). અર્થાત્ વિશેષ કરીકે ભાવીત હોત હે જીનતે. એસી રસરૂપ દિવ્ય સમ્પત્તિ

સંગ લેકે યહ મધુર મૂરતિ ભૂતલ આઈ હે.

"વિશેષ કરિકે ભાવીત હોત હે જીનતે" યા કથનતે નિરવધિ-અગણિત મધુર પ્રેમકી જાગૃતિ હોતહે જીનતે.) યહાં "સમ્પત્તિ" કું દોય બેર કહેવેસુ. પ્રથમ તો વ્રજકી સંપૂર્ણ સમ્પત્તિરૂપ શ્રીમહાપ્રભુજી હે. ઓર ફીર ભગવદ્ ભાવકી સમ્પતિ ભી સાથમેં હે. યાતે "સમ્પત્તિ" એસે દોય બેર કહે; સો પ્રથક પ્રથક કહેહે. [વ્રજકી સમ્પત્તિ કહેવે સું નિત્યલીલા ધામસ્થ નિત્ય સિદ્ધા ભાવકો પ્રાપ્ત વૃન્દાવનસ્થ અનંત સ્વામિનીજી, ઓર ભગવદ્ ભાવકી સમ્પત્તિ કહેવેસું અનંત સ્વામિનીજીકે ભાવાત્મક અનંત ધર્મી ભગવાન તિનકી-ઉભયકી રસ સમ્પત્તિકું સાથમેં લેયકે આપશ્રી મહાપ્રભુજી ભૂતલ પ્રાદુર્ભૂત ભયે હે. અર્થાત્ ઉપરોક્ત ઉભય અનંત યુગલોકી રસ સમ્પત્તિસું આપ પૂર્વસુંહી સ્વતઃ સિદ્ધ હે. યાતે "પૂર્ણાનંદ-પૂર્ણકામ" નામ હે. અર્થાત્ – "સૌન્દર્યપદ્ય" કે શ્લોકાનુસાર અનંત યુગલોકી સૌન્દર્ય સમ્પત્તિ તથા નમામિ હૃદયેશેષે લીલા ક્ષીરાબ્ધિ શાયિનમ્" શ્લોકાનુસારકી સમ્પત્તિ તથા રાસાદિ લીલામૃત જલધિ ભરાક્રાંત સર્વોપિ શશ્વત્" રાસાદિ લીલામૃતકે અનેક સમુદ્રરૂપ સમ્પત્તિસું આપશ્રી મહાપ્રભુજી સ્વતઃ સિદ્ધ હે. એસી સમ્પત્તિ સાથમેં લેકે આપ ભૂતલ પ્રાદુર્ભૂત ભયે હે.]

અબ જો સમ્પત્તિ સંગમેં હે. તા કરી આપકે શ્રીઅંગકી શોભાકો વર્ણન કરત હે –
"અંગ અંગ રંગ રંગ" ઇતિઃ આપકે પ્રત્યેક અંગ જો હે અર્થાત્ નખ શિખાંત આપ કો સ્વરૂપ ભગવદ્ લીલા કે અનેક રંગ કરી શોભિત વ્હે રહ્યો હે. ["અપ્રાકૃતાખિલાકલ્પ ભૂષિતઃ ।" "ત્રિલોકી ભૂષણં ।" "સહજ સુન્દર." યહ નામાનુસાર આપશ્રીકો સ્વરૂપ સ્વતઃ શોભનીય હે. અર્થાત્ "નિત્યલીલા નિત્ય નૌતન શ્રુતિ ન પામે પાર ।" રસો વૈસઃ યુગલ સ્વરૂપકી અનંત પ્રકારકી જો રહસ્ય લીલા હે. તો લીલાકે સાર ભાવરૂપ રંગ કરી જીનકે અંગ અંગ-રોમ રોમ શોભિત હે. એસે શ્રી મહાપ્રભુજી હે. અથવા "પ્રેમામૃત રસાયન" ગ્રંથમે "નવીન મધુર સ્નેહ" એસો નામ હે તાકો સ્વારસ્ય પ્રિયા-પ્રીતમ દોઉ મધુર સ્નેહકે સમુદ્રરૂપ હે તામેં તે પ્રતિક્ષણ નવીન-નવીન મધુર સ્નેહકે તરંગ ઉઠત હે. એસે અનંત યુગલકે મધુર સ્નેહકે રંગ કરી શ્રીમહાપ્રભુજીકે પ્રત્યેક અંગ શોભીત હોય રહે

હે.]

અબ આપકો શ્રીઅંગ શોભિત હે તાકી ઉપમાકો કહત હે-''મેહ દેહ ભૂષન દ્યુતિ'' ઇતિ=વહભાવ-ભગવાન ઓર વ્રજભક્તનકી રસ સમ્પત્તિ રૂપ ભાવ. અથવા યુગલ સ્વરૂપકે નવીન મધુર સ્નેહ સમ્પત્તિ રૂપ ભાવ સો મેહરૂપ-ઘનરૂપ બાદર જેસે વર્ષા કરત હોય તેસો પ્રકાશમાન આપકે ઘનશ્યામ શ્રીઅંગમેં ભૂષણ જેસો શોભિત હોય રહ્યો હે. સો અંગકો પ્રકાશ દામીની સહીત જેસે મેઘ દરશાઈ દેત હે તેસે ભાવકે ભૂષન મેહ જેસે ઘનશ્યામ સુન્દર પ્રકાશમાન શ્રીઅંગ અંગમેં રંગરૂપ દરશ રહ્યો હે.
અબ વહ મધુર સ્નેહ ભાવરૂપ મેહકી વૃષ્ટિ કરની હે યાતે ઘટા ઉમગી હે તાકું કહત હે –

''સહજ સ્વભાવ સકલ વ્રજ કેલિ ઘટા ગહેરાઈ'' ઇતિ=નવીન નવીન મધુર સ્નેહકી નિરંતર લીલા પરિકરમેં વૃષ્ટિ કરની એસો જો આપકો સહજ સ્વભાવ હે. ઓર એસે સ્વભાવતે વ્રજકી જો લીલા હે સોઈ યહાં ઘટા ગહેરાઈ રહી હે.

અબ વામેં તે મધુર સ્નેહ ભાવરૂપ મેહ બરસત હે તાકું કહત હે-''વરસત પ્રેમ મેહ વ્રજવાસી દૂરિ દૂરિ'' ઇતિ=વા લીલા સ્થલમેં સમસ્ત ગોપીજન ભગવાનકો દૂરિ દૂરિ તે (છીપ છીપકે) દર્શન તથા પરસ કરત હે તા સમયકો જો મધુર સ્નેહ ભાવ હે સો યહાં વરસત હે. અર્થાત્ ભગવાનકે જન્મ સમય અન્ય પતિકા ગોપીજન શ્રીમાતૃચરણ યશોદાજીકો ભય માનકે ભગવાનકો છીપ છીપકે દર્શન તથા સ્પર્શ કરત હે. તા સમયકો જો ભગવાનમેં લગતો પ્રેમ, સો અંકુરીત ભાવ વારો હે. સો અંકુરીત પ્રેમભાવ યહાં-શ્રીમહાપ્રભુજીકે સ્વરૂપ મેં તે મેહરૂપસો વરસત હે. ક્યોં કે દૈવી જીવોનકું ભી વાહી પ્રેમ ભાવકે અંકુર ઉનકે હૃદયમેં પ્રક્ટ કરને હે. તાસો ''બરસત મેહ પ્રેમ'' એસે કહ્યો. યામેં યહ જતાયો કે જેસે મેહ પૃથ્વી ઉપર જબ વરસત હે તબ સર્વત્ર બીજમેતે અંકુર ઉત્પન્ન હોત હે. તેસે યહાં ભી જબ આપ પ્રેમ ભાવકી વૃષ્ટિ કરત હે તબહી દૈવી જીવનકે હૃદયમેં સંપૂર્ણ ભગવદ્ લીલાકે પ્રેમાંકુર પ્રકટ હોત હે. યાતે ''સદ્રશ'' એસે કહ્યો. યા પ્રકાર એસો શ્રીમહાપ્રભુજીકો વિલક્ષણ પ્રભાવ હે. અર્થાત્ ઉપર વર્ણન કીનો એસે. પ્રેમભાવકો પ્રકર્ષ કરકે દૈવી જીવનકું આપ દાન કરત હે. એસે સામર્થ્ય વારે આપ હે.

અથવા મહોદાર ચરિત્રવારે શ્રીમહાપ્રભુજીકો મેં બલિ બલિ જાઉં હું એસો વર્ણન કીનો યહ પદકો ભાવ ।।38।।

["સાન્નિધ્ય માત્ર દત્ત શ્રીકૃષ્ણપ્રેમા" ઓર "કૃપાદ્રગ્ વૃષ્ટિ સંહૃષ્ટ દાસ દાસીપ્રિયઃ" યહ નામાનુસાર અખિલ લીલા સૃષ્ટિમેં મધુર પ્રેમ ભાવકો દાતૃત્વ આપ શ્રીમહાપ્રભુજીકોહી હે. એસે અચિન્ત્ય પ્રભાવવારે-મહા ઉદાર ચરિત્રવારે-ઓર દિવ્ય મધુર સ્નેહકી અસીમ સમ્પત્તિ વારે અપને-નિજનાથપે શ્રીપદ્મનાભદાસજી ન્યોછાવર હોય જાય છે. અથવા અસીમ મધુર સ્નેહ સ્વરૂપકે ગુનગાન કરત કરત પ્રચુર સ્નેહ ભાવકો પૂર, પદ્મનાભદાસજીકે હૃદયમેં પ્રકટ હોય ગયો. યા ભાવકે ભરતે કહ્યો- "પદ્મનાભ બલૈયા જાઇ."]

નોંધ : આ પદની પ્રત્યેક પંક્તિના પ્રત્યેક પદો (શબ્દો)માં ખુબ નિગૂઢ-રહસ્ય ભાવો ભરેલા છે. તે પ્રત્યેક પદોનો ભાવ પ્રગટ કરવામાં ખુબ વિસ્તાર થાય તેમ છે. સુક્ષ્મ ભાવનોજ આ લેખનમાં પ્રકાશ કર્યો છે. શ્રી વલ્લભ મહાસિન્ધુના તરંગોની સીમીતતા ક્યાં ? મહત સૌભાગ્ય પ્રાપ્ત મહાનુભાવ શ્રી પદ્મનાભદાસજીનું મન રૂપી મીન આ મધુર પ્રેમરૂપી મહાસિન્ધુમાં મજ્જન ઉન્મજ્જન કરી રહ્યું છે.

પ્રશ્નોત્તર

લે. મધુકર

સ્નેહી ભાઈશ્રી, સપ્રેમ શ્રી સ્મરણ.

આપનો પ્રશ્ન : "અત્યારે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતના નામે, અથવા જુની પ્રણાલીના હિસાબે જે ચાલી રહ્યું છે, તેમાં સાચો સિદ્ધાંત ક્યો તે કેવી રીતે ખબર પડે ? કોઈ માપ દંડ ખરો ?"

સમાધાન : પ્રથમ તો આપણે એ સમજી લઈએ કે શ્રીમહાપ્રભુજીનો પ્રગટ કરેલો માર્ગ

કોરો (શુષ્ક) જ્ઞાન માર્ગ નથી પરન્તુ (રસગુલ્લા જેવો બાહર ભીતર રસથી પ્લાવીત) દિવ્ય પ્રેમ માર્ગ છે.

(1) રતિ પથ પ્રગટ કરણકું પ્રગટે કરૂણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ.

(2) વેણુગીત પુન યુગલ ગીતકી રસ બરખા બરખાઈ । સેવા રીત પ્રિત વ્રજજનકી જનહિત જગપ્રગટાઈ ।। (શ્રીહરિરાય ચરણોક્ત વધાઈ.)

(3) કોઉ રસિક નહિ યા રસકો । વાગધીશ વચનામૃત ગહવર પરાકાષ્ઠા પ્રેમ પ્રસંગીત, વ્રજપુર વધૂ સ્વરૂપ સ્નેહ સુન સુન કાહુ કો ન કસકો ।।

(4) શ્રીલક્ષ્મણ સુત નીકે ગાવે । દમલા પ્રભુદાસ બડભાગી, તીનકું પુનિ પુનિ આપ શિખાવે ।।

પ્રેમ વિવશ વ્હે શ્રીવલ્લભ પ્રભુ । નેનન સેનન અર્થ જનાવે ।। (શ્રીપદ્મનાભદાસજી) વેણુગીત અને યુગલ ગીતમાં શ્રીમહાપ્રભુજીએ, નિજજનો પ્રતિ દિવ્ય પ્રેમ સુધાની વર્ષા કરી છે.

શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત તત્સુખી દિવ્ય પ્રેમ છે. આ પ્રેમને જેણે જાણ્યો અને માણ્યો (અનુભવ્યો) તેણે સિદ્ધાંતનું માપ દંડ સમજી લીધું. ચાહે જુની પ્રણાલી હો કે નવી પ્રણાલી હો. આ ઉભયના સિદ્ધાંતમાં જો તત્સુખાત્મક દિવ્ય પ્રેમનો સંબંધ નથી તો એવા સિદ્ધાંતોની નોબતમાં સૂર (અવાજ) પુષ્ટિ પ્રભુના કર્ણ સુધી નહી પહોંચે. કારણકે પુષ્ટિ સિદ્ધાંતોથી જે જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તે રસોવૈસઃ દિવ્ય પ્રેમ સ્વરૂપનું છે. વેણુગીતમાં પાંચ પર્વવાળી વિદ્યામાં બીજું પર્વ સાંખ્ય" (જ્ઞાન) છે. આ જ્ઞાન રસોવૈસઃ સ્વરૂપનું છે.

શ્રી વલ્લભ પ્રીતમ પ્યારે,
વલ્લભ જગમેં પરમ ઉજીયારે ।
દૈવીનકે હિતકારી,
પ્રેમ ભક્તિ કે જયજય કારી ।।

પ્રેમ ગાવે પ્રેમ ભાવે,
પ્રેમમેં અનુદિન રહે ।
પ્રેમ સ્નેહી પ્રેમ દેહી,
પ્રેમ બાની નીત કહે ।।
પ્રેમ સેવા કરે કરાવે,
નંદ સુત હ્દે રહે ।
વલ્લભી નિજદાસ દાસી,
સુખ સમૂહ કહા કહે ।।
(ચોખરા)

'પુષ્ટિ' માર્ગ એટલે દિવ્ય પ્રેમ માર્ગ. આ પ્રેમ માર્ગના ગુરૂ શ્રી ગોપીજનો છે. શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોનું સાચું (વાસ્તવિક) માપદંડ શ્રી ગોપીજનોના જીવનમાંથી મેળવવું જોઈએ. તેઓ મહા જ્ઞાની ઉદ્ધવજીને કહે છે કે :

પ્રેમ વિના સબ પચિમરે વિષય વાસના રોગ
સખા સુન શ્યામકે.

જેમાં આ દિવ્ય પ્રેમ નથી. આ અનિર્વચનીય પ્રેમને જાણીને તેને પ્રાપ્ત કરવાની તમન્ના નથી. માત્ર કોરા જ્ઞાની છે, તેવાના સિદ્ધાંતોમાંથી ઉત્પન્ન થતાં (વાદ વિવાદના) વમળો પ્રભુ પ્રેમીજનો માટે આત્માના રોગ રૂપ છે.

શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોનું વાસ્તવિક માપદંડ પ્રભુની શ્રી ગોપીજનો સાથે રસ લીલાઓનાં ચરિત્રોમાંથી પ્રાપ્ત કરવું જોઈએ.

શ્રીમદ્ ભા. 11-11 17×18માં ભગવાન ઉદ્ધવજી પ્રતિ આજ્ઞા કરે છે કે – "હે ઉદ્ધવ ! શબ્દ બ્રહ્મનો નિષ્ણાત પરબ્રહ્મમાં પ્રવેશ કરતો નથી, તો વસુકી ગયેલી ગાય તેના પાલકને બોજરૂપ બને છે," તેમ દિવ્ય પ્રેમ વિનાનું જ્ઞાન, પ્રેમ સ્વરૂપ પ્રભુમાં પ્રવેશ

કરતું નહી હોવાથી, શબ્દ બ્રહ્મના નિષ્ણાતે મેળવેલું જ્ઞાન નિરર્થક બને છે. જે વાણીનો સ્વીકાર પ્રેમ સ્વરૂપ પ્રભુ કરતા નથી તે વાણી વિધવા જેવી ગણાય. શબ્દબ્રહ્મ જ્ઞાનરૂપ છે, અને પરબ્રહ્મ પ્રેમ સ્વરૂપ છે. પ્રેમ સ્વરૂપમાં જે સિદ્ધાંત જ્ઞાનનો ઉપયોગ નથી તેવું જ્ઞાન વ્યર્થ છે. લાભ પૂજામાં કે મનોરંજનમાં આવા જ્ઞાનનો ઉપયોગ થતો હોય તો તેવા જ્ઞાનીની પુષ્ટિમાં ગણના નથી.

"જે કોઈ પ્રેમ અંશ અવતરે,
પ્રેમ રસ તેના ઉરમાં ઠરે."

પુષ્ટિ પ્રભુનું ધામ એ દિવ્ય પ્રેમની રાજધાની છે. આ ધામમાં સ્થાવર જંગમ સર્વ દિવ્ય પ્રેમનું જ બનેલું છે. આવા ધામમાંથી વિછુરેલો દૈવી જીવ એ દિવ્ય પ્રેમના અંશ રૂપ જ છે. આવા અંશ રૂપ જીવને તેના પ્રેમના અંશ પણાના સહજ સ્વભાવથી દિવ્ય પ્રેમની પ્રાપ્તિ તરફ તેના મન-ચિત્ત આકર્ષાય છે. તેનું જ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે તેને સમજાય છે કે પુષ્ટિ પ્રભુના સંબંધવાળો તત્સુખાત્મક દિવ્ય પ્રેમ એ ભૂલોકની વસ્તુ નથી. તેમજ સ્વર્ગથી લઈને વૈકુંઠ લોક સુધીના દેવતાઈ લોકમાં પણ આ દિવ્ય પ્રેમ છે નહીં.

નેહ અક્ષર હે દોય, એ વિધના નાહીન રચે ।
તો ક્યા સમજે કોય, નેહ પંથ નેહી બિના ।।

આવું સમજ્યા પછી આ પ્રેમી સાધક લોકાતીત બને છે. લોકાતીત થવાથી તેના મન-ચિત્તની વૃત્તિઓ દિવ્ય પ્રેમ રાજ્યમાં પ્રવેશ કરી દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરે છે. લોકાતીત બનીને જે સાધના કરે છે તેનો પરિચય રસિક ભક્ત નંદદાસજી નીચે મુજબ કરાવે છે :

જા ઘટ વિરહ અવા અનલ,
પરિપક ભયે શુભાય ।
તાહી ઘટ મધ્ય નંદ હો,

પ્રેમ અમી ઠહરાય ।।

લીલા ધામથી વિછુરેલા નિજજનને લીલા ધામમાં પહોંચાડવા માટે મહાકારૂણિક પ્રભુ વિરહ ભાવનું દાન કરે છે. આ વિરહના અનુભવથી ત્રિવિધ માયાનો પ્રલય થઈ જાય છે, ત્યારે તેને પ્રિય પ્રભુમાં વ્યસનાત્મક પ્રેમ પ્રગટ થાય છે.

પરેષામાસકિત સુત ધન શરીરાદિષુ દ્રઢાં,
દ્રુતં ભસ્મીચક્રે બહલમપિ તૂલં જવલ ઇવ ।
સ્વસાનિધ્યાદેવ વ્યશનપિ કૃષ્ણેડપિવિદધૃત્,
સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદન વૈશ્વાનરવિભુઃ ।।
(વૈશ્વાનરાષ્ટક)

ઉપરોક્ત વ્યસનાત્મક પ્રેમની વિલક્ષણતાને નીચેના દોહામાં અવલોકીયે :

પ્રેમ પ્રગટ જબ હોય હે, ભૂલે જગત કો ભાન ।
તુ તુ તુ રહી જાય હે, હું કો મીટે નિશાન ।।

જુની પ્રણાલી કે નવી પ્રણાલીના સિદ્ધાંતના વક્તાઓને શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતનું વાસ્તવિક માપદંડ ઉપરોક્ત દોહામાંથી પ્રાપ્ત કરવા યોગ્ય છે. અને પુષ્ટિ પ્રભુના સંબંધ વાળા અમારા દૈવી જીવનની વાસ્તવિકતા કેવા પ્રકારની હોવી જોઈએ તે પણ સમજી શકાશે. હજુ આગળ જોઈએ :

ચાચા શ્રી ગોપેશ્વરજી કૃત શ્રી સર્વોત્તમ સ્તોત્રના મંગલાચરણનો શ્લોક :

પ્રવૃદ્ધ યત્કૃપામ્ભોધિ બિન્દુરેકોપિયં સ્પૃશેત્ ।
સજ્જન રસાબ્ધૌ તપતે સ તં વન્દેનલ પ્રભુમ્ ।।

અર્થાત્ – જેમાં ખુબ (દિવ્ય પ્રેમની) ભરતી આવેલી છે એવો શ્રીવલ્લાધીશ્વરની

કૃપાનો સમુદ્ર, જે સમુદ્રનું એક બિન્દુ પણ જેનો સ્પર્શ કરી લે તે (બડભાગી) જીવ સાગરમાં ડુબતો જાય અને તપતો પણ જાય. (વિપ્રયોગમાં સિજાતો જાય) તેવા (મધુર) અગ્નિ સ્વરૂપ વલ્લભ પ્રભુને હું વંદન કરૂં છું.

પ્રશ્ન- દિવ્ય પ્રેમની એક બિન્દુનો વિલક્ષણ પ્રભાવ ઉપરોક્ત શ્લોકમાં કહ્યો, તેમાં રહસ્ય શું છે ?

સમાધાન-આ પ્રેમનું બિન્દુ આત્મારૂપ હોવાથી અને આત્મતત્વનું વિરૂદ્ધ ધર્માશ્રયત્વ હોવાથી તે બિન્દુ ભીતર સાગરરૂપ પણ છે અને વ્યાપકત્વતા પણ છે. આત્માની સાગર રૂપતા શ્રીમદાચાર્યચરણે "સિદ્ધાંતમુક્તાવલી"માં કથી છે :

"આત્માનંદ સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત" અને આત્માની વ્યાપકતા આપશ્રીએ "શાસ્ત્રાર્થ નિબંધ"માં નિરૂપેલ છે : અણુડપિ બ્રહ્મ વ્યાપકમ્ આત્મતત્વની આ બે વિરૂદ્ધ ધર્માશ્રયતા આત્મારૂપ દિવ્ય પ્રેમના બિન્દુમાં પણ રહેલી જ છે, તેથી પોતાના અનિર્વચનીય રસાસ્વાદમાં ડૂબાવી રાખે છે અને તેમાં મધુર અગ્નિરૂપતા હોવાથી રસાસ્વાદમાં અતૃપ્તિ પણ બનીજ રહે છે. હજુ આગળ જોઈએ :

કહત હોં સબે સયાની બાત ।
જો લો નાહીન દેખે સુન્દર,
કમલ નૈન મુસિકાત ।।
સબ ચતુરાઈ વિસર જાત હે,
ખાન પાન કી બાત ।
બિન દેખે છિન કલ ન પરત હે,
પલભર કલ્પ સમ જાત ।।
સુનિ ભામીનીકે વચન મનોહર,
સખી મન અતિ સકુચાત
ચત્રભુજ પ્રભુગિરિધરનલાલ સંગ સદા બસોં દિનરાત

અવગાહનીય પત્ર

- પ. ભ. મધુકર

જ્યાં સુધી દેહના અધ્યાસો ભૂખ-પ્યાસ અને રોગાદિક બાધક બને છે ત્યાં સુધી આપણી સાધન દશા કહેવાય છે. આવી સાધન દશામાં શ્રીની સેવામાં અન્યના સહારાની જરૂર રહે. આપણા જ હાથે (સ્વયં પાકી બની) રસોઈ કરી પ્રભુને ભોગ ધરવા એ ઉત્તમ પ્રકાર છે. તેમ છતાં શરીરની અનુકુલતા ન હોય ત્યારે સહારાની જરૂર પડે. વળી સેવા દ્વારા ઘરનો પરિકર પ્રભુ સન્મુખ રહે છે અને તેમ થવાથી પ્રભુની પ્રસન્નતા થાય છે. આપણામાં ભૌતિક અવિદ્યા રહેલી છે ત્યાં સુધી દેહના અધ્યાસો બાધક બને છે. આ અવિદ્યાની નિવૃત્તિ પ્રભુની નિઃસાધન દૈન્યભાવે શરણાગતિથી થાય છે. મારા પ્રભુને હું સુખરૂપ ક્યારે બનીશ તેવો તત્સુખાત્મક તાપભાવ રાખી સેવા સ્મરણાદિ કરતા રહેવાથી નિઃસાધન દૈન્યભાવ પ્રક્ટ થાય છે, ત્યારે પ્રેમ સ્વરૂપ પ્રિય પ્રભુનો હૃદયમાં આવિર્ભાવ થતાં અવિદ્યાના બંધનમાંથી આપણે નિવૃત્ત થઈએ છીએ, દેહાદિના અધ્યાસો રહેતા નથી. આ પછીની આપણી અવસ્થા પ્રેમમય છે. હૃદયમાં પ્રેમ સ્વરૂપ પ્રભુ પ્રગટ થવાથી જે અવસ્થા થાય છે તેનું નીચેના દોહામાં બ્યાન આપ્યું છે. "પ્રેમ પ્રગટ જબ હોય હે ભૂલે જગતકો ભાન, તુ તુ તુ રહી જાય હે, હું કો મીટે નિશાન." દિવ્ય પ્રેમ આપણા ભૌતિક સ્વરૂપને અને ભૌતિક જગતને ભૂલાવી દે છે, અને તુ તુ તુ એટલે પ્રાણવલ્લભનું ભાવાત્મક સ્વરૂપ સર્વત્ર લાવણ્યામૃતની વર્ષા કરતું અનુભવાય છે.

પીત્વા મુકુંદ મુખસારઘ અક્ષિ ભૃંગૈઃ ।। મધપુડામાં મધુમાખી ચીપકીને જેમ મધુપાનમાં મગ્ન બની જાય છે, તેમ શ્રી ગોપીજનોના નેત્રરૂપી ભ્રમરીઓ સર્વત્ર પ્રિયતમના લાવણ્યામૃત મધુનું પાન કરી રહી છે. ભૌતિક દેહના અધ્યાસો નિવૃત્ત થવાથી ભૌતિક દેહનું વિસ્મરણ થઈ જાય છે. અને આપણા અલૌકિક દેહથી લાવણ્યામૃત પાન નિરંતર થાય છે. પરંતુ પ્રેમ સ્વરૂપ હૃદયમાં પ્રક્ટ થયા પછી ઉપરોક્ત અવસ્થા બને છે. આ પ્રેમ સ્વરૂપનું પ્રાગટય નિઃસાધન દૈન્ય ભાવથી થાય છે. અને નિઃસાધન દૈન્યભાવ તાપભાવથી થાય છે. હું મારા દિવ્ય દેહને પ્રાપ્ત કરી પ્રાણપ્રિય પ્રભુને ક્યારે સુખદ

બનીશ ? આવા તાપભાવપૂર્વક આપણા દિવ્ય સ્વરૂપનું ધ્યાન કરવું અને શ્રી સર્વોત્તમજીથી આપનું ગુનગાન કરવું અને નામનું પણ સ્મરણ તાપ ભાવપૂર્વક કરવાથી, નિઃસાધન દૈન્યભાવ પ્રાપ્ત થતાં માયાના ટેરાને હટાવી આપણા પ્રાણવલ્લભ હૃદયમાં પ્રગટ થઈ જાય છે.

આપણી સાધન દશામાં બીજામાં રાગ અને દ્વેષના આસુરી ભાવો અવિદ્યા ઉત્પન્ન કરે છે. આ ભાવો આપણા હૃદયમાં હોય ત્યાં સુધી પ્રેમ સ્વરૂપનું પ્રાગટય આપણા હૃદયમાં થતું નથી. આપશ્રીએ ભાગવતાર્થ નિબંધમાં આજ્ઞા કરી છે કે પ્રાણીમાત્ર પ્રત્યે દ્વેષભાવ નિવૃત્ત થાય ત્યારે જ ભગવાનમાં ભક્તિ (પ્રેમ) થાય છે. આપની આ આજ્ઞા અનુસાર આપણા સમાનશિલ વલ્લભીજન સિવાય કોઈમાં રાગ નહી કરવો. અને બીજાના દોષ જોઈને દ્વેષ પણ નહી કરવો. ઉંચ-નીચમાં પ્રભુની લીલા ભાવના વિચારી આપણા મનને (તે રાગદ્વેષની ખટપટમાંથી) નિવૃત્ત કરતા રહેવું. આવા જ આશયથી આપે સ્વકીય હિતાર્થે નવરત્નમાં આજ્ઞા કરી છે –

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિ માર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલા

"પુષ્ટિમાર્ગ" એટલે પ્રેમમાર્ગમાં સ્થિત થવા માટે સાક્ષિવત થઈ જવું. "સાક્ષિવત" એટલે કોઈમાં રાગ અને દ્વેષથી મનનો તેમાં પ્રવેશ થવા ન દેવો. ઉંચ નીચ સર્વમાં લીલા ભાવના રાખવી. આ ભાવનામાં બીજે અટક્યા વગર પ્રભુનો સંબંધ બન્યો રહે છે, અને તેથી અવિદ્યા દૂર રહે છે. પ્રેમમારગમાં મનને બધેયથી નિવૃત્ત કરી પ્રિય પ્રભુમાં સ્થિર કરવાનું હોય છે. તે પ્રેમમાર્ગની રીત નંદદાસજીએ બતાવી છે કે –

પ્રેમ એક એક ચિત્તસોં, એકહી સંગ સમાય ।
ગાંધીકો સોદા નહી, જન જન હાથ બિકાય ।।

રાગ અને દ્વેષમાંથી મનને નિવૃત્ત કરી સર્વત્ર ઉંચ નીચમાં લીલા ભાવના રાખીને હું

મારા પ્રાણવલ્લભને સુખરૂપ ક્યારે બનીશ તેવા તાપ ભાવપૂર્વક સેવા સ્મરણાદિથી નિઃસાધન દૈન્યભાવ પ્રાપ્ત થતાં પ્રાણવલ્લભ હૃદયમાં પ્રાદુર્ભૂત થઈ જશે. આ સમયે ત્રિવિધ માયાનો લય થઈ જાય છે. આપણી ભૂતલ સ્થિતિમાં સેવા સ્મરણાદિ અલૌકિક સાધનોથી જે પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો છે તે છે આપણો અલૌકિક દેહ (તનુનવત્વ) આ અલૌકિક દેહ તત્સુખના તાપાત્મક ભાવથી શિઘ્ર સિદ્ધ થઈ જાય છે. અને આ અલૌકિક દેહથી જ લીલા ધામમાં પ્રવેશ થાય છે.

દિવ્ય પ્રેમ પથ

લેખક : **મધુકર**

(ગતાંકથી ચાલુ)

તત્સુખી દિવ્ય પ્રેમનો માર્ગ કઠીન છે. આ પ્રેમમાર્ગમાં સાક્ષાત પ્રિયતમના સ્વરૂપથી જ મળતા સુખ સિવાય અન્ય બધાય – લૌકિક – અલૌકિક સુખોનો ત્યાગ કરવાનો હોય છે.

પાછળનાં દોહામાં કહ્યું છે કે દેહ-પ્રાણ-ઈન્દ્રીયો અને અન્તઃકરણથી ભોગવાતા ભૌતિક સુખો, માન-બડાઈ તથા મોક્ષ સુધીના બધાય સુખ સ્વાર્થોને પ્રેમ વેદીમાં આહુતી દઈને પ્રિયતમના વિયોગ દુઃખમાં જે ડુબેલા રહે છે તેવા "શૂર" પ્રેમીજનોજ દિવ્ય પ્રેમના માર્ગે ચાલી શકે છે. આવા ત્યાગરૂપી કંટકના માર્ગે ચાલવાનું સાંભળીને પ્રભુથી સ્વાર્થ રાખનારા કપટીને આ માર્ગે ચાલવાનો ભય જ લાગે છે. લોક લાજનો ભય, પોતાના આત્માના ઉદ્ધારનો ભય, માન-બડાઈ ખોવાય જવાનો ભય. આવા ભયો કપટ રાખનારને સતાવતા હોય છે. જ્યાં સ્વાર્થ છે ત્યાં કપટ પણ છેજ. ઉપરથી પ્રેમ બતાવવો, અને ભીતર સ્વાર્થ રાખવો તેને કપટ નહી તો બીજું શું કહેવાય ? આવા કપટીમાં ક્રુરતા પણ રહેલી હોય છે. અને પ્રેમ તો અત્યંત મૃદુલ હોય છે. મૃદુલ હૃદયમાં જ દિવ્ય પ્રેમ ઠહેરી શકે છે. દિવ્ય પ્રેમ ત્યાગનો જ ભરેલો છે. જેમ મનુષ્યની છાયા તેની સાથે જ ચાલતી હોય છે તેમ દિવ્ય પ્રેમ અને ત્યાગ સાથેજ રહે છે. પોતાના સર્વ

સુખોને પ્રણય વેદીમાં હોમી દેનારને જ આ દિવ્ય પ્રેમ પ્રાપ્ત થાય છે. જેણે પ્રિય પ્રભુ માટે સર્વ સુખોને છોડયા અને પ્રિયના સુખમાંજ સુખ માનનારા પ્રેમીજનને ભય જેવું કંઈજ હોતું નથી. સર્વથી વધારે ભય મૃત્યુનો હોય છે, આ મૃત્યુને તો પ્રેમીજનોએ પ્રિય વિયોગની અગ્નિમાં ખાખ કરી દીધેલ હોય છે.

એટલે વિરહી જનથી મૃત્યુને પણ ભય થાય છે. અથવા લૌકિક દેહના સંબંધમાં 'અહં'નું વિસ્મરણ તેનું નામજ મૃત્યુ કહેવાય છે. વિરહમાં પ્રેમી ભક્તનું 'અહં' પ્રિયતમના સ્વરૂપમાં ચાલ્યું જાય છે તેથી તેને મૃત્યુનો સ્પર્શ થતો નથી. નિરંતર પ્રિયતમના સ્વરૂપનું ધ્યાન વિરહમાં થતું હોય છે, આ ધ્યાન દ્વારા તેનું મન ભૌતિક દેહમાંથી નીકળી પ્રિયતમના સ્વરૂપમાં પ્રવેશ કરે છે, ત્યારે તેણે મૃત્યુને જીતી લીધેલ હોય છે. અથવા પોતાના ભૌતિક દેહ સંબંધી અહંનો પ્રિયતમના સ્વરૂપમાં લય કરી દેવો તેનું નામજ "મૃત્યુનું મૃત્યુ." વિરહી જનોને મૃત્યુ સ્પર્શ કરતું નથી તેનું પ્રમાણ શ્રીપ્રભુચરણકૃત વિજ્ઞપ્તિના શ્લોકમાં નીચે મુજબ છે.

પ્રાણેશ વિરહ કિલષ્ટાઃ પ્રાણાસ્તિષ્ઠીત મે કથમ્
વિયોગાગ્નિવિદગ્ધાનામંતકોડપિ ન સંસ્પૃશેતત્
(વિ. 4-25)

ખરેખર દિવ્ય પ્રભુ પ્રેમ માટે ન્યોછાવર થઈ જનારાજ સાચા વીર છે. દુનિયામાં કંઈ જીવી જાણ્યું હોય તો આવા પ્રેમી જનોએજ જીવી જાણ્યું છે. આવા પ્રેમીજનોની દશાનું આગળ લક્ષણ બતાવે છે :

હાય હિયે લાગી રહે, તાકે તન નહી માંસ ।
કલ ન પરે પલ પ્રાનમેં લગી પ્રેમકી ફાંસ ।।

પ્રભુ પ્રેમની ફાંસીમાં જે ફસાયો તેને એક એક ક્ષણ પ્રિયતમના વિયોગે ચેન પડતું નથી. પ્રિય વિયોગના મધુર દર્દની હાય ક્ષણે ક્ષણે નીકળતી રહે છે. તેનો ભૌતિક દેહ સુકાય

ગયો હોય છે. આવું કષ્ટ ભોગવવા છતાં પ્રેમની ફાંસીમાંથી નીકળવાનું મન થતુંજ નથી. અહો, કેવી હશે આ પ્રેમની મધુર વ્યથા ભરી ફાંસી ! આવી પ્રેમની ફાંસીમાં જે ફસાયા તેવાનીજ પ્રેમી જગતમાં સરાહના થાય છે. આવાનું દર્દીલું જીવન મુગ્ધ પ્રેમીઓને માર્ગદર્શક બની રહે છે. પ્રેમદિવાના રસખાનજી આ ફાંસીમાં ફસાયાની "પ્રેમ વાટીકા"માં સરાહના કરી રહ્યા છે :

પ્રેમ ફાંસી મેં ફસી મરે સોઈ જીયે સદાહિ ।
પ્રેમ મરમ જાને વિના મરી કોઉ જીવત નાહિં ।।
કોઉ યાહી ફાંસી કહત, કોઉ કહત તલવાર ।
નેની ભાલા તીર કોઉ કહત અનોખી ઢાર ।।
પૈ મીઠાસ યા મારકી રોમ રોમ ભરપૂર ।
મરત જીયે ઝુકતો ફીરે બને સો ચકના ચૂર ।।

પ્રેમ ફાંસીમાં ફસાયાની મીઠાસનો અનુભવ રસખાનજીએ કર્યો છે. તેમના "સુજાન રસખાન" નામના કાવ્યમાં મધુર દર્દને બતાવેલ છે.

નાતો બાંધે નેહકો કરે પ્રીત પહેચાન ।
એસી શરણાગતિ લહે અતિ કરૂણા દાન ।।

પ્યારા પ્રાણવલ્લભથી પ્રેમનો જ નાતો બાંધે. અને પ્રિયનું સ્વરૂપ દિવ્ય પ્રેમનું જ છે, તેને પ્રેમ જ ભાવે છે. પ્રેમજ તેનો આહાર છે. અને પ્રેમથી જ તે પ્રાપ્ત થાય છે.

આપણને બ્રહ્મસંબંધ થયું તેથી પ્રિય પ્રભુ સાથે પ્રેમલગ્નના સંબંધે આપણે જોડાયા. આથી પ્રભુ આપણા પ્રિયતમ અને આપણે તેની પ્રિયતમા. આપણો પ્રભુ સાથેનો અરસ પરસનો નાતો પ્રેમનો જ છે અથવા એમ સમજો કે આપણા પ્રેમનું પાત્ર પ્રિય પ્રભુ અને પ્રભુના પ્રેમનું પાત્ર આપણે. આમ પ્રભુ સાથે જોડાયેલા દિવ્ય પ્રેમના નાતાને ઓળખવો. મર્યાદા માર્ગમાં જ્ઞાન મુખ્ય છે તેથી સ્વામી સેવકનો ભાવ તેમાં રહેલો છે.

જ્યારે પુષ્ટિમાર્ગમાં પ્રેમની જ મુખ્યતા છે. શ્રીહરિરાય પ્રભુએ એક પદમાં પુષ્ટિમાર્ગનો પરિચય કરાવ્યો છે :

"રતિપથ પ્રક્ટ કરણકું પ્રકટે,
કરૂણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ"

આપશ્રી વલ્લભ "રતિ" એટલે પ્રેમ માર્ગને પ્રક્ટ કરવા ભૂતલ પર પધાર્યા છે, ન કે જ્ઞાન માર્ગ પ્રગટ કરવા માટે પુષ્ટિમાર્ગનું નામ જ પ્રેમમાર્ગ છે. જેનામાં દિવ્ય પ્રેમ પ્રક્ટ થયો નથી તે જીવ પુષ્ટિમાર્ગનો કહેવાતો નથી. તેથી આપણે જે માર્ગમાં ચાલવાનું હોય તેનું જ્ઞાન તો હોવું જ જોઈએ. તેથી આ દિવ્ય પ્રેમને સમજીને તેને પ્રાપ્ત કરવાના સાધનો કરવા જોઈએ. શ્રીવલ્લભ દિવ્ય તત્સુખી પ્રેમના મહાસિંધુ રૂપ છે આપની સાથે તત્સુખી પ્રેમનો નાતો જોડી પ્રેમીજન પ્રેમના મહાસિંધુમાં ડૂબ્યો રહે છે. આવા પ્રકારના તત્સુખી પ્રેમભાવથી શ્રીવલ્લભને શરણે રહેવાથી શ્રીવલ્લભ અતિ કરૂણા કરીને પોતાના પ્રેમીજનને પ્રેમસિંધુ સમાન પોતાના જ અદેય સ્વરૂપનું દાન કરે છે.

તત્સુખી પ્રેમનોજ પ્યારા શ્રીવલ્લભ સાથે નાતો જોડી આપના વિયોગની વ્યથાને સહન કરવી તે આગળ કહે છે :

પ્રીત પીર પલ પલ સહે આશા ઔષધિ ખાય ।
પડયો રહે વા પ્રેમમેં મિત મિલનકી હાય ।।

પ્રિયતમના વિયોગની મધુર પીર-પીડાનો ક્ષણે ક્ષણે અનુભવ કરતો રહે. પ્રેમીજનોને આશાની અમરવેલ લપટાઈ ગઈ હોય છે, તેથી પ્રિય વિયોગની દારૂણ દુઃખદાઈ દશામાં પણ આ પ્રેમીજન નિરાશ થતો નથી. તેનું કારણ આશાની અમરવેલમાંથી આશા મળતી જ રહે છે. તે આશાના અવલંબને પ્રિયતમના પ્રેમમાં અને પ્રિયમિલનની હાયમાં પ્રેમીજન ડૂબ્યો રહે છે.

શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમેં આજ્ઞા કરતે હે : "હે વ્રજાધીપ, આપના વિયોગ સમુદ્રને આશા

રૂપી તૃણના અવલબને હું તરી રહી છું." અને શ્રીગોપીજનો ઉદ્ધવજીને કહે છે કે : "હે શ્યામ સખા ! પીંગલા નામની વેશ્યાએ પરપુરુષની આશા છોડીને શ્રીકૃષ્ણની આશા કરી, પણ અમને તો શ્રીકૃષ્ણની જ આશા છે તો કૃષ્ણમિલનની આશાને કોની આશા પર છોડીએ ? કૃષ્ણમાં અમારી આશા હદ વગરની છે તેથી તે છૂટી શકતી નથી. પ્રેમદેવ શ્રીવલ્લભનો પ્રેમ મહિમા જેમ હદ વગરનો (સીમા રહિત) છે, તેમ આપના મિલનની આશા પણ હદ વગરની છે એટલે પ્રભુ પ્રેમીઓમાં જીવનના છેલ્લા શ્વાસ સુધી પ્રિયમિલનની આશા બની જ રહેવાની, તેથી વિયોગ સમયે પ્રેમીજનોને આ આશા નિરાશ થવા દેતી નથી. આશારૂપી તૃણના અવલંબને પ્રિયના વિયોગ સમુદ્રને તરવો. આ કેવી કઠીન દશા છે. તેથી જ દિવ્ય પ્રેમના માર્ગે કોઈ વિરલા જ ચાલી શકે છે. દિવ્ય પ્રેમ કોઈ વિરલામાં જ પ્રક્ટ થાય છે તે નીચેના દોહામાં કહે છે :

રસિક યૂથ બહુ ના મીલે સિંહ ટોલ નહીં હોય,
વિરહ વેલ જહાં તહાં નહીં ઘટ ઘટ પ્રેમ ન જોય.

જેમ ભેંસ બકરીયાના ટોળા હોય છે તેમ સિંહના ટોળાં હોતા નથી. કેશરી સિંહ અરણ્યમાં એકાદ બે જ હોય છે. તેમ "રસિક" એટલે નખથી શિખા સુધી જેનામાં તત્સુખી દિવ્ય પ્રેમ જ ભરેલો રહે છે તેવા પ્રેમીજનોના આ જગતમાં ટોળાં હોતાં નથી. દિવ્ય તત્સુખી પ્રેમની પ્રાપ્તિ વિરહના અનુભવ વિના થતી નથી. અને દિવ્ય પ્રેમની પ્રાપ્તિ વિના પરમ પુરુષાર્થ રૂપ ફલાત્મક વિરહનો અનુભવ થતો નથી.

વિરહી ભક્તોકી અવસ્થા કેસી હોતી હે ઉનકું સમજવેકે લિયે આગે કહતે હે :

વ્રજ રત્ના વ્રજનાથસું કીનો સહજ સનેહ ।
ક્ષણુ મરનો ક્ષણુ જીવનો યેહી પ્રીતકો વેશ ।।

પ્રિયતમના વિયોગે ક્ષણમાં મૃત્યું અને ક્ષણમાં જીવન. આવી દુઃસહ અવસ્થાને ભોગવી લીધા પછી તત્સુખી દિવ્યપ્રેમ પ્રગટ થાય છે. તેથી આ વિરહના માર્ગે કોઈ મરજીવા

વિરલા જ ચાલી શકે છે.

પ્રિય પ્રભુમેં વ્યશન ભાવકા પ્રેમ હોજાતે હે તબ એક ક્ષણભી પ્રિયતમકે દર્શન વિના રહી નહી શકતે હે. એસી વ્યશન દશામેં પ્રિયતમકા નિરંતર ધ્યાન પ્રેમીજનકે જીવનકા અવલંબન બન જાતા હે. જબ ધ્યાનમેં સ્વરૂપકા સંબંધ રહી આતે હે તબ ઉસકા જીવન હે. જબ ધ્યાનમેં સ્વરૂપ નહી આતે હે તબ મૃત્યુ જેસી દશા બન જાતી હે. યા પ્રકાર ક્ષણમેં જીવન ઓર ક્ષણમેં મરણ જેસી દશા હોતી હે.
દિવ્ય પ્રેમ રાજ્યકી મંજિલ કેસી ટેઢીહે એક રસિકને કહા હે :

બાંકી ઘાટી નેહકી ચઢની દુહેલી આહી,
નેનની મગ ચલીવો તહાં
બને તો હિત ધ્રુવ જાહી.

દિવ્યપ્રમ રાજધાનીકે માર્ગપે પાંવસે નહી ચલા જાતા હે વહ નેત્રોસે ચલનેકા હે. નિરંતર પ્રિયતમકે સ્વરૂપકા ધ્યાન કરના યેહી યહ માર્ગપે ચલના હે

દિવ્ય પ્રેમ પથ

લેખક : **મધુકર**

કોઉ મરે જુર રોગસું, કોઉ અવસ્થા પાય,
પ્રીત પીરમેં તન તજે તે ધન્ય જગમેં આય.

કોઈકતો દેહના રોગથી મરે છે. કોઈ વળી જીંદગી પુરી થતાં મરે છે. આવા જીવતાં હોવા છતાં મરેલ જેવાજ છે. ત્યારે પ્રશ્ન થાય કે, જીવી જાણ્યું કોને કહેવાય ? જવાબમાં- પ્રભુ સાથે પ્રેમ જોડીને પ્રિય પ્રભુ માટે જીવન ન્યોછાવર કર્યું તેણેજ જીવી જાણ્યું કહેવાય છે. પ્રભુ પ્રેમ વિનાનું દૈવી જીવન પશુ-પક્ષી કરતાં પણ વધારે નિંદનીય છે.

મનુષ્ય જીવન મેળવીને પ્રભુ પ્રેમમાં જીવન ન્યોછાવર કર્યું નહીં તે મનુષ્ય જીવનની શું સાર્થકતા ! ભલે કદાચ પ્રભુમાં પ્રેમ કરનાર સાધક, આ જન્મે પ્રભુને મેળવી ન શકે.

છતાં પ્રભુ પ્રેમ માટે જીંદગી હોમી દેનારને બીજા જન્મે પણ પ્રભુનો પ્રેમ જ વરે છે. સૃષ્ટિ સર્જનહારનો આ અબાધિત નિયમ છે. તેથી બીજા જન્મે તે પ્રેમ પુર ઝડપથી વધે છે અને છેવટે પ્રભુને મેળવીને જ આ પ્રેમી સાધક જંપે છે. આવા પ્રભુ પ્રેમ માટે જીવન ન્યોછાવર કરી દેનારાએ જ આ દુનિયામાં જીવી જાણ્યું છે.

પ્રભુ પ્રેમનું લક્ષણ :

પ્રાણ વલ્લભમાં પ્રેમ થયો તેનું લક્ષણ પ્રિયતમના વિરહમાં આ પ્રેમીજન તપ્યો રહે છે. પ્રેમની ચોંટ લાગ્યા વિના નેત્રોમાંથી અશ્રુની ધારા અને મુખમાંથી વિરહની હાય દર્દભરી કેવી રીતે નીકળે ? પ્રિય પ્રભુમાં પ્રેમ થયાની એ જ નિશાની છે કે પ્રિયતમની ક્ષણ ક્ષણની યાદથી અશ્રુધારા અને મધુર દર્દભરી હાય નીકળતી જ રહે.

પ્યારે તેરે વિરહમેં સુકત સબ શરીર,
દો નેના સુકત નહી ભરિ ભરિ ડારત નીર.

પ્રિયતમના વિયોગે પ્રેમીજનના શરીરના માંસ લોહી સુકાય જાય છે. દેહ હાડપીંજરવત બની ગયો હોય છે પરંતુ તેના બે નેત્રોમાંથી વિરહના અશ્રુ સુકાતા નથી.

અહીં કોઈ શંકા કરે કે પ્રભુ સાથે પ્રેમ જોડીને તેના વિયોગે રડવું તેને કાયરતા કેમ ન માનવી ? આવી શંકા કરનારું હૃદય સુકા કાષ્ઠ જેવું છે. પ્રેમ વસ્તુ શું છે તેની ખબર નથી. જેમ પ્રસૃતિની પીડા વાંઝણી સ્ત્રી જાણી શકતી નથી, તેમ પ્રેમીના વિયોગ દુઃખની પ્રેમની ચોંટ લાગ્યા વિના ખબર પડતી નથી. આ પ્રભુ પ્રેમનું દુઃખ લૌકિક જેવું તો છે નહી. પ્રભુ પ્રેમના ચાહની વેદના જાણનાર કોઈક વિરલા જ હોય છે. દુનિયા બનાવનાર બ્રહ્માજી જેવા ચાહના કરે છે પણ તેમને પ્રભુપ્રેમની વેદના મળતી નથી. તેમજ ઉદ્ધવજી પણ મહા જ્ઞાની અને ભક્ત પણ હતા, તેમને પણ આ દિવ્ય પ્રેમનું દુઃખ પ્રિય વિયોગ સમુદ્રમાં ડુબેલા શ્રીગોપીજનોની કૃપાથી રંચક મલ્યું. પ્રિય વિયોગ સમુદ્રમાં નિમગ્ન બનેલા ગોપીજનોને જોઈને ઉદ્ધવજીનું જ્ઞાન ગર્વ શ્રી વ્રજવલ્લભાઓના વિયોગ સમુદ્રના અશ્રુપ્રવાહમાં તણાઈ ગયું અને ત્યાર પછી આવા મધુર દર્દ ભર્યા દુઃખની કણીકાની

ચાહના ઉદ્ધવજી જેવા જ્ઞાની ભક્ત કરવા લાગ્યા. અને તે શ્રી ગોપીજનોની કૃપાથી મધુર દુઃખની કણીકા મળી. આ મધુર દુઃખની કણીકા પ્રાપ્ત કરવી અતિ દુર્લભ હોવાથી શ્રી હરિરાય પ્રભુ પદમાં આજ્ઞા કરે છે –

'રસિક' ચરણરજ વ્રજયુવતિનકી ।
અતિ દુર્લભ જીય જાન ।।

પ્રિય વિયોગ સમુદ્રમાં નિમગ્ન થયેલાં શ્રી ગોપીજનોની ચરણરજને અતિ દુર્લભ કહી છે. આ પ્રિય વિયોગમાં મધુર વ્યથા ભરી છે. સંયોગના કોટિ કોટિ સુખોમાં જે આસ્વાદન ન મળે તે પ્રિયના વિયોગની માધુરી વ્યથામાં અનુભવાય છે. આવી મધુર વ્યથાભરી ચરણરજ અતિ દુર્લભ છે તે પ્રિયનો સંદેશ લઈને આવનાર ઉદ્ધવજીને શ્રી ગોપીજનની કૃપાથી પ્રાપ્ત થઈ છે.

દિવ્ય પ્રેમમાર્ગના ગુરૂ :

દિવ્ય પ્રેમમાર્ગના ગુરૂ શ્રીગોપીજન છે. આ દિવ્ય પ્રેમ પ્રાપ્તિની પ્રણાલી (રીત) શ્રી ગોપીજનોના જીવનમાંથી આપણે શીખવી. શ્રીગોપીજનોની પ્રણયલીલાને અષ્ટસખા આદિ મહાનુભાવોએ હિલગ આદિ પદોમાં ગાઈ છે, તેમાં આ દિવ્ય પ્રેમનો વિલાસ જાણી શકાય છે.

વિરહ દુઃખની કિંમત કરનાર પ્રેમીજનો પ્રિય વિયોગના મધુર દુઃખની ચાહના કરે છે તે નીચે મુજબ :

કાહુકો દિયો કછુ, કાહુ લંક લુટાય ।
મોહી મયા કર દીજીયે, જબ નિકસે તબ હાય ।।

પ્રભુની ભક્તિ કરનારને જેવી જેની ચાહના તેવું ફલ પ્રભુ આપે છે. કોઈને ધનની ચાહના, કોઈને મોક્ષની ચાહના અને કોઈને લૌકિક તેમજ અલૌકિક સંસારમાં માન

બડાઈની ચાહના હોય છે. જેને જેવી ચાહના તેવું ભગવાન આપે છે. પરન્તુ દિવ્ય પ્રેમના અનિર્વચનીય સુખની અને મધુર દુઃખની જે પ્રેમીજન કદર કરે છે તેવો ચતુર પ્રેમીજન માન બડાઈ કે બીજા કોઈ પણ બ્રહ્માનંદ જેવા અલૌકિક સંસાર સુખોની ચાહના કરતો નથી, પણ પ્રિય પ્રભુના વિયોગની મધુર દર્દભરી હાય સદા નીકળ્યા કરે તેજ ચાહે છે.

પ્રશ્ન : ભગવાનના દિવ્ય સુખની ચાહના નહી કરતા વિયોગ દુઃખની ચાહના પ્રેમીજન કરે છે તેમાં ગૂઢ રહસ્ય શું હશે ?

ઉત્તર : દિવ્ય પ્રેમ કેવા પ્રકારનો છે અને તે કેવા પાત્રમાં રહે છે તે આ દુઃખની ચાહના કરનારા પ્રેમીજને જાણી લીધેલ હોય છે. એટલે પ્રિયતમના વિયોગ દુઃખનો અનુભવ કર્યા વિના દિવ્ય પ્રેમનું પાત્ર બની શકાતું નથી. તેથી ચતુર પ્રેમી પ્રિય પ્રભુથી સુખની ચાહના નહી કરતાં વિયોગ દુઃખની ઇચ્છા કરે છે. "નિરોધ લક્ષણ" ગ્રંથમાં આપશ્રી મહાપ્રભુજીએ પ્રથમ વિયોગ દુઃખ દાનની પ્રાર્થના પ્રભુને કરી છે. તેનું કારણ વિયોગ દુઃખમાં જ અગણિત પ્રેમાનંદને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે, તેથી વિયોગ દુઃખની (સ્વકીયો માટે) પ્રાર્થના કરી છે. માટીના કાચા ઘડામાં જો જલ ભરવામાં આવે તો ઘડાને ઓગાળીને જળ બહાર નીકળી જાય છે તેમ જો દેહના ઇન્દ્રિયોના અન્તઃકરણના અધ્યાસ અને લોકલાજ, લૌકિક પ્રપંચ, માન-બડાઈ આ બધાની હૈયાતીમાં દિવ્ય પ્રેમ કદાચ પ્રાપ્ત થાય તો કાચા ઘડાની જેમ હૃદય ઘટમાં સ્થિર નહી રહેતા દેહના સુખમાં અને લૌકિક-અલૌકિક માન-બડાઈમાં આ દિવ્ય પ્રેમ વહેંચાઈ જાય છે. તેથીજ નંદદાસજી કહે છે કે :

પ્રેમ એક એક ચિતસો એક હી સંગ સમાય
ગાંધીકો સોદા નહી જન જન હાટ બિકાય.

દિવ્ય પ્રેમ એકમાં જ સિદ્ધ થાય છે જેમ સોયમાં દોરો પરોવાયેલો રહે તેમ ચિત્ત સતત પ્રિયતમ પ્રભુમાં પરોવાયેલું રહે ત્યારે દિવ્ય પ્રેમ સિદ્ધ થાય છે. આવી સ્થિતિને સમજવા

માટે આગળ કહે છે :

મનકી ગતિ પ્રિયપે એકતારા ।
સમુદ્ર મિલી જેસે ગંગકી ધારા ।।

ગંગાજીની અવિરત ધારા જેમ સમુદ્રમાં મળી જતાં જુદી દેખાતી નથી, તેમ મનચિત્તની વૃત્તિઓનો પ્રવાહ નિરંતર પ્રિયતમના સ્વરૂપમાં લાગેલો રહે ત્યારે દિવ્ય પ્રેમ પ્રાપ્ત થાય છે. અથવા પ્રિય પ્રભુના એકજ સ્વરૂપમાં પ્રેમ-આસકિત-વ્યસન ભાવ સિદ્ધ કરીને અન્તીમ પ્રિય સ્વરૂપથી જ્યારે તદાત્મકતા થાય ત્યારે દિવ્ય પ્રેમ સિદ્ધ થયો કહેવાય. આવી તદાત્મક અવસ્થા વિરહાનુભવ વિના સિદ્ધ થતી નથી, તેથી કહે છે :

જા ઘટ વિરહ અવા અનલ પરિપક ભયે સુભાય
તાહી ઘટ મધ્ય નંદહો પ્રેમ અમી ઠહરાય ।।

વિરહના અનુભવથી દિવ્ય પ્રેમનું પાત્ર સિદ્ધ થાય છે, ત્યારે તદાત્મક અવસ્થાવાળો સિદ્ધ પ્રેમ ઠહેરી શકે છે.

ભગવાનની દૈવી ગુણમય-માયા જ્ઞાનીઓને ઠગી લે છે. પુષ્ટિ પ્રેમમાર્ગનું જ્ઞાન મેળવી સાક્ષાત પ્રિય પ્રભુના સ્વરૂપને મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. **આવો જે પ્રયત્ન કરતા નથી અને માત્ર ઉપદેશક બને છે અને માન-બડાઈની ચાહના કરે છે તેવા ઉપદેશકોને ભગવતી માયા ઠગી લે છે. તેથી જ કૃષ્ણાશ્રયમાં આપશ્રી આજ્ઞાકરે છે : ''લાભ પૂજાર્થ યત્નેષુ કૃષ્ણએવ ગતિર્મમ''**

''લાભ'' એટલે ભૌતિક સ્વાર્થ અને ''પુજા'' એટલે માન-બડાઈની ચાહના. આ બન્નેનો ત્યાગ કરો એમ નિજજનોને સાવધાનતા આપે છે. ચતુર પ્રેમીજન લાભ પૂજામાં ફસાતો નથી.

પ્રભુની દૈવી ગુણમય માયા :

પ્રેમીજન દૈવી ગુણમય માયાને શ્રીમહાપ્રભુજીની કૃપાથી ઓળખે છે કે સાક્ષાત પ્રિયતમના સ્વરૂપથી કોઈ પણ કારણે વિમુખ થવું તે દૈવી ગુણમય માયાનું જ કાર્ય છે તેમ ચતુર પ્રેમીજન જાણે છે.

''દિવ્ય પ્રેમ એટલે પ્રિય પ્રભુથી પોતાના સુખની જેમાં ચાહના નથી પરન્તુ પ્રિયતમના સુખમાં જ પોતાને સુખી માનનારને દિવ્ય પ્રેમ કહેવાય છે. આવો પ્રેમ જેમનામાં નથી તેવાને માન-બડાઈમાં અને બીજા પણ ધર્મ સમુહના સંપ્રદાયના કાર્યોમાં અને આવા કાર્યોથી મળતા સ્વલ્પ આનંદમાં અટકાવી દઈ ભગવાનની ગુણમયી માયા દિવ્ય પ્રેમમાર્ગમાં ચાલવા દેતી નથી.

રસિક કોને કહેવાય ?

''રસિક'' શબ્દનો અર્થ ''રસ'' અને ''ઇક'' એવા બે પદો નીકળે છે. સંસ્કૃત, હિન્દી અને વ્રજભાષામાં 'ઇક'ને શેરડી કહેવાય છે. શેરડી જેમ થડથી પીછાના અગ્ર ભાગ સુધી રસથીજ ભરેલી છે, તેમ જેના સર્વાંગમાં પ્રિયતમના સુખનો દિવ્ય પ્રેમ રસ ભરેલો રહે છે તેને રસિક કહેવાય છે. આવા રસિકની સ્થિતિ કેવી હોય છે : ''રસિકનકો રસ એકહી બાતનમેં, નેન બહે મુખ બેન ન આવે.'' પ્રિયતમની ક્ષણ ક્ષણની યાદથી જેના નેત્રોમાં અખંડ અશ્રુ પ્રવાહ ચાલી રહેલ છે, અને વાણી પ્રવાહ જેનો બંધ પડી ગયો છે તેને અહિં રસિક કહેલ છે. અથવા રસિકા કામ વર્જિતા રસિકમાં કામ હોતો નથી, પરન્તુ દિવ્ય પ્રેમ ભરેલો હોય છે. જ્યાં સુધી દેહ પ્રાણ-ઇન્દ્રિયો અને અંતઃકરણમાં ભૌતિક પ્રપચના અધ્યાસો વ્યાપેલા છે ત્યાં સુધી કામનું રાજ્ય ચાલી રહ્યું છે. આવા કામના રાજ્યમાં દિવ્ય તત્સુખી પ્રેમ પ્રગટ થઈ શકતો નથી. કામ-ગંધ શૂન્ય થયા વિના દિવ્ય પ્રેમ રાજ્યના પ્રદેશમાં પ્રવેશ થઈ શકતો જ નથી.

કામ અને પ્રેમનો ભેદ :

પ્રભુએ વ્રજમાં પ્રગટ થઈને બાલલીલાથી ભક્તોનો પોતાનામાં પ્રેમ ઉત્પન્ન કરી

ભક્તોના દેહના ભૌતિક અધ્યાસોરૂપી ભૌતિક અવિદ્યા દુર કરી (પ્રિય પ્રભુને ભૂલાવી દે તેવા વિચારરૂપ પ્રપંચને અવિદ્યા કહેવાય છે) અને ગૌચારણ લીલાના મિષથી ભક્તોને વિયોગનો અનુભવ કરાવી આધ્યાત્મિક અવિદ્યા દુર કરી. આ બન્ને અવિદ્યા દુર થતાં શ્રીગોપીજનોની કેવી અવસ્થા બની તેને સમજવા સુ. 10-16-16માં આપશ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે :

ગોપીનાં પરમાનંદ આસીદ ગોવિંદ દર્શને ।
ક્ષણં યુગશતમિવ યાસાં યેન વિના ભવત્ ।।

પ્રિયતમ પ્રભુનાં દર્શનથી શ્રીગોપીજનોને પરમાનંદનો અનુભવ થાય છે. અને પ્રિયતમના વિયોગ સમયે તેમની એક-એક ક્ષણ સો યુગ જેવી લાંબી અને વ્યથા ઉત્પન્ન કરનારી થઈ પડે છે. પ્રિય વિયોગની આવી વિરહાગ્નિથી તેમનામાં રહેલી સ્વલ્પ અંશે પણ સ્વસુખની ભાવના સર્વાંશે દગ્ધ થઈ જાય છે ત્યારે વેણુગીત પ્રસંગે શુદ્ધ તત્સુખી દિવ્ય પ્રેમનો અનુભવ થયો હતો. પ્રભુથી મને સુખ મળે તેવા ભાવને "કામજ" કહેવાય, દિવ્ય પ્રેમ ન કહી શકાય. પોતાના સુખની ઉપાધિ વગરનો અને જેની સીમા નથી તેવો, અગણિત આનંદ જેમાં ભરેલો રહે છે, અને જે અનિર્વચનીય વાણીમાં આવી શકતો નથી, કેવલ અનુભવથી જ સમજી શકાય છે તેને અહી 'દિવ્ય પ્રેમ' કહેવાય છે. એક એક ક્ષણ પ્રિય વિયોગે સો યુગ જેવી લાંબી અને વ્યથાભરી અનુભવી લીધા પછી અગણિત પ્રેમાનંદને ધારણ કરવાની પાત્રતા શ્રીગોપીજનોમાં સિદ્ધ થઈ. આવી પાત્રતાને જ અહિં "રસિક" શબ્દથી ઓળખાવેલ છે.

પ્રણય વેદીમાં આહુતી

- મધુકર

વિરહ અગ્નિના સેવન વિના કામ ગંધ શૂન્ય થઈ શકાતું નથી. અને "કામ"ની, એટલે કે પોતાના સુખની ગંધ પણ રહે તો દિવ્ય પ્રેમના પાત્ર બની શકાતું નથી. તેથી કહ્યું : "રસિકનકે રસ્તા કઠીન ચલત હરિજન સૂર." **ભૌતિક-આધ્યાત્મિક ભાવ પ્રપંચ અને**

પોતાના સુખના ભાવ પ્રપંચને પ્રણય-વેદીમાં હોમી દઈને પ્રિય વિયોગની અસહ્ય વ્યથાને સહન કરવી તે "શૂરવીર"થી જ બને છે, કાયરથી નહિં, તેથી કહ્યું : "સુનત ભેદ ભય પાયકે કપટી કાયર ક્રુર." રસિકનો માર્ગ આવા ભેદવાળો એટલે ત્યાગનો અને વ્યથા ભરેલો છે તેમ જાણી "કપટી" એટલે પોતાના સુખને માટે પ્રભુમાં જે પ્રેમ દર્શાવી રહેલ છે, અને "કાયર" એટલે પોતાના સુખના ભાવોને દગ્ધ કરવામાં જે વિરહ વ્યથા સહન કરી શકતો નથી, તેવા કપટી અને કાયર કે જે બનાવટી પ્રેમીઓ છે; તે રસિકના માર્ગે ચાલી શકતા નથી.

મહાનુભાવ શ્રીપદ્મનાભદાસજીના પદનો ભાવાનુવાદ

સંકલન : **શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

(રાગ : ગોરી)

શ્રી લક્ષ્મણ ગૃહ આજ વધાઈ ।
વૃન્દાવન ભૂષન સુખ પ્રકટિત,
વ્રજલીલા સમ્પત્તિ સુખદાઈ ।।1।।
પ્રચૂર ભાવજ્ઞ ભૂતલ રસિકનકે,
મૃદુ (મધુર) મૂરતિ જીનકે હિત આઈ ।
ભાવ વિભુ લીયે અંગ અંગ રંગ રંગ,
મેહ દેહ ભૂષન દ્યુતિ,
ઘન તડિત દિવ દરસાઈ ।।2।।
સહજ સ્વભાવ સકલ વ્રજ કેલિ ઘટા ગહરાઈ ।
વરસત પ્રેમ મેહ વ્રજવાસી,
દુરિ દુરિ દરશ પરસ સદ્રશ સ્વભાવતે,
"પદ્મનાભ" બલૈયા જાઈ ।।3।।

યા કીર્તનમેં શ્રીમહાપ્રભુજી પ્રગટ હોય કે દૈવી જીવનકે અર્થ ભગવદ ભાવકી રસ વૃષ્ટિ

કરીકે પ્રેમાંકુર ઉત્પન્ન કરત હે, એસો વર્ણન હે.

ભાવાર્થ : "શ્રી લક્ષ્મણ ગૃહ આજ વધાઈ" શ્રી લક્ષમણ ભટજીકે ગૃહમેં આજ – વર્તમાન કાલમેં વધાઈ હે. કહા કારણસો વધાઈ હે ? તહાં કહત હે – વૃન્દાવનકે ભૂષણ સુખરૂપ, તથા વ્રજલીલાકી રસરૂપ સમ્પત્તિ ભગવાનકી જો નાના પ્રકારકી લીલા હે તા કરિકે સુખદાઈ જો ધર્મી સાક્ષાત ભગવાન-પૂર્ણ પુરુષોત્તમ સો શ્રીમહાપ્રભુજી રૂપસોં પ્રકટે હે. "પ્રચૂર ભાવજ્ઞ" કહેવેસું પ્રચૂર જો અત્યંત ગહેરે ભગવદ્ ભાવકે જાનવેવારે, તથા ભગવદ્ રસકે રસિક એસે દૈવી જીવ ભૂતલ પર ચારો તરફ ફેલે ભયે હે ઉનકે હિત, ઉનકો ભગવદ્ રસકી પ્રાપ્તિ કરાયવેકે લીયે **ધર્મી ભગવાનકે મુખારવિંદકી મધુર મૂર્તિ જો શ્રી મહાપ્રભુજી હે** સો ભૂતલ પર પધારે હે. તામેં ભી "ભાવ વિભુ" કહેવેતે વિશેષ કરીકે (અગણિત) સુખભાવ પ્રાપ્ત હોત હે જીનતે ("વિભુ" શબ્દ દેશ કાલકી સીમા રહિતકો બોધક હે. યાતે અગણિત સુખભાવ – દિવ્ય મધુર પ્રેમભાવ પ્રાપ્ત હોત હે જીનતે સો ભાવ-વિભુ) અર્થાત્ વિશેષ કરીકે ભાવીત હોત હે જીનતે, એસી રસરૂપ દિવ્ય સમ્પત્તિ સંગ લેકે યહ મધુર મૂર્તિ ભૂતલ આઈ હે. (વિશેષ કરકે ભાવીત હોત હે જીનતે" યા કથનતે અગણિત મધુર પ્રેમકી જાગૃતિ હોત હે જીનતે) યહાં "સમ્પત્તિ" કું દોય બેર કહેવેસું પ્રથમ તો વ્રજકી સંપૂર્ણ સમ્પત્તિરૂપ આપશ્રી મહાપ્રભુજી હે. ઓર ફીર ભગવદ્ ભાવકી સમ્પત્તિ ભી સાથમેં હે યાતે સમ્પત્તિ એસે દોય બેર કહે, સો પ્રથક પ્રથક કહે હે.

("વ્રજકી સમ્પત્તિ" કહેવેસું નિત્ય લીલા ધામસ્થ નિત્ય સિદ્ધા-ભાવકો પ્રાપ્ત વૃન્દાવનસ્થ અનંત શ્રીસ્વામિનીજી, ઓર "ભગવદભાવકી સમ્પત્તિ" કહેવેસું અનંત સ્વામિનીજીકે ભાવાત્મક ધર્મી ભગવાન, એસે ઉભય રસ સમ્પત્તિકું સાથમેં લેકે આપશ્રી ભૂતલ પ્રાદુર્ભુત ભયે હે. અર્થાત્ ઉપરોક્ત ઉભય અનંત યુગલોકી રસ સમ્પત્તિ સું આપ પૂર્વસુંહી સ્વતઃ સિદ્ધ હે. વાતે "પુર્ણાનંદ-પુર્ણકામ" આપકે નામ હે. અર્થાત્ 'સૌન્દર્ય પદ્ય' કે શ્લોકાનુસાર અનંત યુગલોકી સૌન્દર્ય સમ્પત્તિ, તથા "નમામિ હૃદયે શેષે લીલા ક્ષીરબ્ધિ સાયિનમ્' શ્લોકાસારકી સમ્પત્તિ, તથા રાસાદિ "લીલામૃત જલધિ ભરાક્રાંત સર્વોપિ શશ્વત્" રાસાદિ લીલામૃતકે અનેક સમુદ્રરૂપ સમ્પત્તિસું આપશ્રી મહાપ્રભુજી

સ્વતઃ સિદ્ધ હે એસી સમ્પત્તિ સાથમેં લે કે આપ ભૂતલ પ્રાદુર્ભૂત ભયે હે)

અબ જો સમ્પત્તિ સંગમે હે તા કરી આપ કે શ્રીઅંગ કી શોભાકો વર્ણન કરત હે. "અંગ અંગ રંગ રંગ" ઇતિ. આપ કે પ્રત્યેક અંગ જો હે અર્થાત્ નખ શિખાંત આપકો સ્વરૂપ ભગવદ્ લીલાકે અનેક રંગ કરી શોભિત વ્હે રહ્યો હે.

(અપ્રાકૃતાખિલા કલ્પભૂષિતઃ, ત્રિલોકી ભૂષણં, સહજસુન્દર, યહ નામાનુસાર આપશ્રીકો સ્વરૂપ સ્વતઃ શોભનીય હે. અર્થાત્ "નિત્યલીલા-નિત્યનૌતન શ્રુતિ ન પામે પાર" રસોવૈસઃ યુગલ સ્વરૂપકી અનંત પ્રકારકી જો રહસ્ય લીલા હે તા લીલા કે સાર ભાવરૂપ રંગ કરી જીનકે અંગ અંગ – રોમ રોમ શોભિત હે. એસે શ્રી મહાપ્રભુજી હે. અથવા પ્રેમામૃત રસાયન ગ્રંથમેં "નવીન મધુર સ્નેહ" એસો નામ હે તાકો સ્વારસ્ય પ્રિયા-પ્રીતમ દોઉ મધુર સ્નેહકે સમુદ્રરૂપ હે તામે તે પ્રતિક્ષણ નવીન-નવીન મધુર સ્નેહકે તરંગ ઉઠત હે. એસે અનંત યુગલ કે મધુર સ્નેહ કે રંગ કરી શ્રી મહાપ્રભુજીકે પ્રત્યેક અંગ શોભિત હોય રહે હે.)

અબ આપ કો શ્રીઅંગ શોભિત હે તાકી ઉપમા કો કહત હે. – "મેહ દેહ ભૂષન દ્યુતિ" ઇતિ. ભગવાન ઓર વ્રજભક્તનકી રસ સમ્પત્તિરૂપ ભાવ, અથવા યુગલ સ્વરૂપકો નવીન મધુર સ્નેહ સમ્પત્તિરૂપ ભાવ સો મેહરૂપ-ઘનરૂપ બાદર જેસે વર્ષા કરત હોય તેસો પ્રકાશમાન આપકે ઘનશ્યામ શ્રી અંગમેં ભૂષણ જેસો શોભિત હોય રહ્યો હે. સો અંગકો પ્રકાશ દામિની સહિત જેસે મેઘ દરશાઈ દેત હે. તેસે ભાવ કે ભૂષન મેહ જેસે ઘનશ્યામ સુન્દર પ્રકાશમાન શ્રી અંગ અંગમેં રંગરૂપ દરશ રહ્યો હે.

અબ વહ મધુર સ્નેહભાવ રૂપ મેહકી વૃષ્ટિ કરની હે, યાતે ઘટા ઉમડી હે તાકું કહત હે :

"સહજ સ્વભાવ સકલ વ્રજ કેલિ ઘટા ગહેરાઈ." ઇતિ. નવીન નવીન મધુર સ્નેહકી નિરંતર લીલા પરિકરમેં વૃષ્ટિ કરની એસો જો આપકો સહજ સ્વભાવ હે. ઓર એસે સ્વભાવતે વ્રજકી જો લીલા હે સોઈ યહાં ઘટા ગહેરાઈ રહી હે.

અબ વામેં તે મધુર સ્નેહભાવરૂપ મેહ બરસત હે તાકું કહત હે :

"બરસત પ્રેમ મેહ વ્રજવાસી દુરિ દુરિ" ઇતિ. વા લીલાસ્થલમેં સમસ્ત ગોપીજન ભગવાનકો દુરિ દુરિ તે (છીપ છીપ કે) દર્શન તથા પરસ કરત હે, તા સમય કો જો મધુર સ્નેહભાવ હે સો યહાં બરસત હે. અર્થાત્ ભગવાનકે જન્મ સમય અન્ય પતિકા ગોપીજન શ્રી માતૃચરણ યશોદાજીકો ભય માનકે ભગવાનકે છીપ છીપકે દર્શન તથા સ્પર્શ કરત હે, તા સમયકો જો ભગવાનમેં લગતો પ્રેમ સો અંકુરિત ભાવ વારો હે સો અંકુરીત પ્રેમભાવ યહાં શ્રીમહાપ્રભુજીકે સ્વરૂપમેં તે મેહરૂપ સો વરસત હે. ક્યોં કે દૈવી જીવોનકું ભી વાહી પ્રેમભાવકે અંકુર ઉનકે હૃદયમેં પ્રકટ કરને હે. તાસો "બરસત મેહ પ્રેમ" એસે કહ્યો. યામે યહ જતાયો જેસે મેહ પૃથ્વી ઉપર જબ વરસત હે તબ સર્વત્ર બીજમેં તે અંકુર ઉત્પન્ન હોત હે. તેસે યહાં ભી જબ આપ પ્રેમભાવકી વૃષ્ટિ કરત હે તબહી દૈવી જીવનકે હૃદયમેં સંપૂર્ણ ભગવદ લીલાકે પ્રેમાંકુર પ્રકટ હોત હે. યાતે "સદ્રશ" એસે કહ્યો. યા પ્રકાર શ્રીમહાપ્રભુજીકો એસો વિલક્ષણ પ્રભાવ હે. અર્થાત ઉપર વર્ણન કીનો એસે પ્રેમભાવકો પ્રકર્ષ કરકે દૈવી જીવનકું આપ દાન કરત હે એસે સામર્થ્ય વારે આપ હે. અથવા મહોદાર ચરિત્ર વારે શ્રીમહાપ્રભુજીકો મેં બલિ બલિ જાઉ હું એસો વર્ણન કીનો યહ પદકો ભાવ.

("સાનિધ્ય માત્ર દત્ત શ્રીકૃષ્ણ પ્રેમા" ઓર "કૃપા દગ વૃષ્ટિ સંહૃષ્ટ દાસદાસી પ્રિય." યહ નામાનુસાર અખિલ લીલા સૃષ્ટિમેં મધુર પ્રેમભાવકો દાતૃત્વ આપ શ્રીમહાપ્રભુજી કો હી હે. એસે અચિન્ત્ય પ્રભાવ વારે, મહા ઉદાર ચરિત્રવારે ઓર દિવ્ય મધુર સ્નેહકી અસીમ સમ્પત્તિવારે અપને-નિજનાથપે શ્રીપદ્મનાભદાસજી ન્યોછાવર હોય જાય હે. અથવા અસીમ મધુર સ્નેહ સ્વરૂપકે ગુણગાન કરત કરત પ્રચુર સ્નેહ ભાવકો પૂર શ્રીપદ્મનાભદાસજી કે હૃદયમેં પ્રકટ હોય ગયો. યા ભાવકે ભરતે કહ્યો : "પદ્મનાભ બલૈયા જાઈ."

નોંધ : આ પદની પ્રત્યેક પંક્તિના પ્રત્યેક પદો (શબ્દો)માં ખુબ નિગુઢ રહસ્ય ભાવો ભરેલા છે. તે પ્રત્યેક પદોનો ભાવ પ્રક્ટ કરવામાં ખુબ વિસ્તાર થાય તેમ છે, તેથી

સૂક્ષ્મ ભાવનો જ આ લેખમાં પ્રકાશ કર્યો છે. શ્રી વલ્લભ મહાસિંધુના તરંગોની સીમીતતા ક્યાં ? મહતસૌભાગ્ય પ્રાપ્ત મહાનુભાવ શ્રીપદ્મનાભદાસજીનું મન રૂપી મીન આ મધુર પ્રેમમાં, મહાસિન્ધુમાં મજ્જન ઉન્મજ્જન કરી રહ્યું છે.

પ્રભુ પ્રાપ્તિ માટે ગોપીજનોનું શાસ્ત્ર

લેખક : પ. ભ. શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

પ્રિય પ્રભુએ વ્રજમાં પ્રગટ થઈને છ વર્ષ સુધી જે લીલા કરી તે આપના ઐશ્વર્ય-વીર્ય-યશ-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય આ છ ધર્મથી કરી. આ લીલામાં દાન-માન-પનઘટ, હોરી, માખન ચોરી ઈત્યાદી આવી જાય છે. આ લીલા કરવાનો ઉદ્દેશ સ્વરૂપષ્ઠિ ઉત્પન્ન કરવા માટે જ હતો. અથવા પોતાના કેવલ ધર્મિ સ્વરૂપમાં જ દ્રઢ આસક્ત કરાવવા માટે જ હતો. હવે સાતમે વર્ષે કેવલ સ્વરૂપના અનિર્વચનીય સૌંદર્ય માધુર્ય સુધાનું દાન કરવા માટે ઈન્દ્રની વૃષ્ટિના મિષથી શ્રીગિરિરાજ ધારણ કરી પોતાની સન્મુખ શ્રીવ્રજરત્ના-ગોપીજનોને સાત દિવસ રાખી પોતાના ધર્મિ સ્વરૂપાનંદનો અનુભવ કરાવી ધર્મી સ્વરૂપમાં જ નિરૂદ્ધ કર્યા. ઈન્દ્રની વૃષ્ટિ એ કોઈ ભૌતિક જલ નથી. પરન્તુ કેવલ ધર્મિ સ્વરૂપાનંદના અનુભવમાં અવરોધરૂપ (પ્રતિબંધ રૂપ) ધર્મ સ્વરૂપથી કરેલી લીલા આનંદના ભાવો ગોપીજનોમાં જે હતા તે ઈન્દ્રની વૃષ્ટિના મિષથી દુર કર્યા (હૃદયમાંથી બહાર કાઢયા) અને પોતાના ધર્મિ સ્વરૂપના અનિર્વચનીય સૌન્દર્ય-સુધા આસ્વાદનમાં સ્થિત કર્યા. કેવલ ધર્મિ સ્વરૂપનો જે આનંદ છે તે પૂર્ણ અને અગણિત છે અને છ ધર્મ સ્વરૂપથી કરેલી લીલાઓનો આનંદ ગણત્રીનો છે અથવા બ્રહ્માનંદ રૂપ છે. બ્રહ્માનંદ ગણત્રીનો છે, તેથી જ શ્રીમદાચાર્યચરણે બ્રહ્માનંદ અને ભજનાનંદનું તારતમ્ય જતાવતાં આજ્ઞા કરી : "બ્રહ્માનંદદાત્ સમુધૃત્ય ભજનાનંદ યોજતે"
(સુ. 10-26-કારિકા-1)

બ્રહ્માનંદમાંથી ઉધ્ધાર કરીને ભજનાનંદ સાક્ષાત ધર્મિના અગણિત સ્વરૂપાનંદમાં યોજ્યા (પ્રવેશ કરાવ્યો).

હવે જ્યારે કેવલ ધર્મિ સ્વરૂપાનંદના અનુભવમાં ધર્મિ સ્વરૂપથી કરેલી લીલા આનંદના ભાવો પણ અવરોધ રૂપ છે તો ભૌતિક આનંદો અવરોધરૂપ હોય તેમાં શું નવાઈ ?

વ્રજ વલ્લભા શ્રીગોપીજનો માટે તો પ્રિય પ્રભુનું સ્વરૂપ જ શાસ્ત્ર બન્યું હતું. રસોવૈસઃની અખિલ ભાવ સંપદા વેણુનાદ દ્વારા પ્રિયતમના સ્વરૂપમાંથી જ પ્રાપ્ત થતી હતી. તેથી સ્વરૂપાનંદની અવિરત ધારા તેમના હૃદયમાં વહન થયાજ કરતી હતી. દાન-માન-પનઘટ-હોરી આદિ લીલા કર્યા વગર પણ પોતાના ધર્મિ સ્વરૂપમાં સ્થિત કરવા પ્રભુ સમર્થ છે છતાં આ લીલા કરવાનો હેતુ એ છે કે ભવિષ્યની દૈવી સૃષ્ટિનો આ લીલા ગુણાનુવાદથી નિરોધ સિદ્ધ થઈ શકે.

પ્રશ્ન- શ્રી ગોપીજનો માટે પ્રિયતમનું કોટિ કન્દર્પથી અધિક સૌન્દર્ય લાવણ્ય સ્વરૂપ જ શાસ્ત્રરૂપ બન્યું હતું તે કેવી રીતે ઘટી શકે ?

ઉત્તર – મધુ મક્ષીકા (મધ માખી) જેમ સર્વત્ર પરિભ્રમણ કરીને પુષ્પોનો રસ લઈને મધપુડો બનાવે છે, પછી મધપુડામાં ચીપકીને મધુનું પાન કરે છે. તેમ શ્રી ગોપીજનોએ શ્રુતિકાળની અવસ્થામાં રસોવૈસઃની સર્વ શાખાઓમાં જે આનંદનું પ્રતિપાદન કરેલું છે, તે સર્વ આનંદને એકત્રીત કરીને તેનું મધપુડા જેવુ ઘનીભૂત પ્રિયતમના સ્વરૂપનો ગોપી અવસ્થામાં અનુભવ કરેલો. ગોપી- 'ગો' નામ નેત્ર ઈન્દ્રીય, 'પી' નામ પાન કરવું. અવિરત પ્રિયતમના શ્રીમુખ લાવણ્ય મધુનું પાન કરવું એ ગોપી શબ્દનો અર્થ છે.

શ્રુતિ અવસ્થામાં ઉપરોક્ત સ્વરૂપના સાક્ષાત અનુભવ માટે તેમણે રસાત્મક પ્રકારે ગુણગાન કર્યું. અને તેથી પ્રસન્ન થઈ, નિત્યલીલા ધામમાં વિહાર કરતા રસોવૈસઃ સ્વરૂપે તેમને દર્શન આપ્યાં. ત્યાં વરદાન પ્રાપ્ત કરી ભૂલોકમાં ગોપીરૂપે પ્રગટ થયાં અને એક કલ્પ પર્યંત વરદાનીક સ્વરૂપનું તેમણે ધ્યાન કર્યું. આ સ્વરૂપના અનુભવમાં સ્વરૂપ જ સાધન હોવાથી પ્રિય સ્વરૂપને પ્રાપ્ત કર્યું. આ સ્વરૂપ ગોપીજનોના હૃદયમાં ભાવાત્મક પ્રકારે, અને નંદાલયમાં વાસુદેવ વ્યુહમાં અસ્પર્શ યોગથી પ્રાકટય થયું.

સ્વરૂપના પ્રાકટય પછી આ ગોપીજનો પ્રિયતમના માધુર્ય સુધા પાનનો અનુભવ કરી રહ્યાં છે તેથી હવે આ શ્રી ગોપીજનોનું શાસ્ત્ર પ્રિયતમનું સ્વરૂપજ બન્યું છે. કારણ કે શ્રી ગોપીજનોના જીવનમાં સ્વરૂપ ધ્યાન સિવાય વેદોકત કોઈ સાધન ન હતું.

"પીત્વા મુકુંદ મુખ સાર ઘમક્ષિ ભૃંગૈઃ"
(સુ. 10-11-43)

ગોપીજનો પ્રિયતમના શ્રીમુખનું લાવણ્ય મધુપાન સર્વ અવસ્થામાં અને સર્વત્ર કરી રહ્યાં છે. વળી આ શ્રી ગોપીજનો પ્રમેય માર્ગીય-રસિકા છે. તે સ્વરૂપ વિના ફલરૂપે બીજું કંઈ પણ ગ્રહણ કરતાં નથી. પ્રાગટય સમયે નંદાલયમાં પ્રિય પ્રભુનાં દર્શન કરવા ગયા છે ત્યારે તેમણે દેહનો શ્રૃંગાર કર્યો નથી, પરંતુ આત્માના શ્રૃંગાર કરીને ગયા છે. એટલે તેમણે વિવિધ અનિર્વચનીય દિવ્ય પ્રેમની વિવિધ ભાવનાઓના શ્રૃંગારથી તેમના આત્માનો શ્રૃંગાર સજ્યો છે. વળી આ ભક્તો તામસ એટલા જ માટે કહેવાય છે કે તે આ સ્વરૂપ સિવાય બીજુ કંઈ ફલરૂપે ગ્રહણ જ કરતાં નથી.

"બિન દેખે મનમોહનકો મુખ,
મોહી લગત ત્રિભુવન દુઃખદાઈ."

જેમ મધુ મક્ષિકા સર્વત્ર પરિભ્રમણ કરે છે પરન્તુ પુષ્પોના રસ-મકરંદ વિના બીજુ કંઈ ગ્રહણ કરતી નથી, તેમ આ શ્રીગોપીજનોના નેત્ર રૂપી ભૃંગીઓ-(ભ્રમરીઓ) સર્વત્ર પ્રિયતમના સૌન્દર્ય માધુર્ય રસને જ ગ્રહણ કરે છે. વળી મધુ મક્ષિકાના દેહનો નિર્વાહ પુષ્પોના રસ મકરંદથી જ થાય છે, તેમ આ શ્રીગોપીજનોનો નિર્વાહ પ્રિયતમના રૂપ લાવણ્ય સુધારૂપ મધુથી જ થાય છે. તેથી સર્વાંશે તેમનું શાસ્ત્ર પ્રિયતમનું સ્વરૂપજ બનેલું છે.

રાગ-આસાવરી
અંખિયન એસી ટેવ પરી,

કહાં કરો વારિજ મુખ ઉપર,
લાગત જ્યોં ભંવરી ।। 1 ।।
હરખ હરખ પ્રિતમ મુખ નિરખત,
રહત ન એક ઘરી,
જ્યોં જ્યોં રાખત જતનન કર કર,
ત્યોં ત્યોં હોત ખરી ।। 2 ।।
ગડ કર રહી રૂપ જલનિધિમેં,
પ્રેમ પિયૂષ ભરી,
"સૂરદાસ" ગિરિધર નગ પરસત,
લૂટત નિધિ સગરી ।। 3 ।।

આવું મહાન સૌભાગ્ય જે શ્રીગોપીજનોએ પ્રાપ્ત કર્યું છે તે પ્રિય પ્રભુના સ્વરૂપનેજ સાધન બનાવી કલ્પ પર્યંત વિયોગ અવસ્થામાં પ્રિયનું ધ્યાન કરીને જ મેળવેલ છે. પ્રમેય માર્ગની આ જ વ્યવસ્થા છે.

ભલે પ્રિય પ્રભુના સ્વરૂપમાં પ્રેમ-આસકિત ઉત્પન્ન થયા ન હોય છતાં પ્રિય પ્રભુમાંજ સર્વસ્વતાનો ભાવ રાખી સ્વરૂપ ધ્યાન રૂપી લક્ષથી સ્વરૂપ ધ્યાન-ગુણગાન સ્મરણનો આગ્રહ દ્રઢ રહી આવશે તો પ્રેમ આસકિત પણ સિદ્ધ થઈ જશે. અને પ્રેમ દાને કરીને સ્વરૂપની માધુર્યતાનો જે આનંદ અનુભવાશે તે અનિર્વચનીય હશે. વાણીથી તેનું વર્ણન નહી થઈ શકે, કારણ કે નેત્રને જીભ નથી.

કાગદ તો કરતે ન ઉઠે,
કર લેખની કે પદ કોન ઉઠાવે,
પ્રિતમ દ્રષ્ટિ પરે જબતેં,
છબિ છાય રહી અંખિયન ઝર લાવે ।। 1 ।।

પ્રેમ સખી ! મધકી મખીયા
મન જાય ફસ્યો ફિર હાથ ન આવે,
મૂરત શ્રીનંદનંદકી લિખતે ન બને,
લિખેહી બન આવે ।। 2 ।।
જલ વિના જીવે તેતો દાદુરડા કહેવાયે
મીન તો તુરત મરી જાય

પ્રિયતમના રૂપ – સુધા પાન વિના પ્રણય માર્ગીય કેમ જીવી શકે ? પ્રમેયની સાધના કાષ્ટાપન્ન છે. અનન્યતા જ તેનાં પ્રાણ છે. સ્વરૂપ સિવાય બીજો પરિગ્રહ નહી તેનું નામ અનન્યતા. આવી અનન્યતા નેહીઓના પ્રાણ છે. અને આવી અનન્યતાએ પ્રમેય સ્વરૂપ મેળવી શકાય છે. શ્રી ગોપીજનોએ મેળવેલું મહાન દિવ્ય સૌભાગ્ય દુર્લભ છે, દુઃસાધ્ય છે, છતાં-"શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું". મહાનુભાવોની અનુભવાત્મક વાણી વલ્લભજનને આશ્વાસન રૂપ છે. શ્રીપદ્મનાભદાસજી પણ સ્વકીયોને આશ્વાસન આપતાં એક પદમાં કહે છે.

શ્રીવલ્લભ ચાહે સોઈ કરે,
જો ઈનકે પદ દ્રઢ કરિ પકરે,
મહારસ સિન્ધુ ભરે ।।
નાથકે નાથ અનાથ કે બંધુ,
અવગુણ ચિત નવધરે,
પદ્મનાભકો અપુનો જાન કે,
બૂડત કર પકરે ।।

ભગવદ્ કૃત પ્રતિબંધની નિવૃત્તિનો પ્રકાર

લેખક : **શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

પ્રશ્ન – ભગવદ્ કૃત પ્રતિબંધની નિવૃત્તિ કેમ થાય !

ઉત્તર – ભગવદ્ કૃત પ્રતિબંધની નિવૃત્તિનો ઉપાય શ્રી યમુનાષ્ટકના શ્લોક 7 ઉપરની શ્રી દ્વારકેશચરણ અને શ્રી હરિરાયચરણની ટીકામાં જતાવ્યો છે.

ભગવદ્ કૃત પ્રતિબંધની નિવૃત્તિ લીલા ધામથી વિછુરેલા દૈવી જીવની થઈ શકે છે, પરન્તુ પ્રવાહ અને મર્યાદા જીવો જે પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ લઈને ભળી ગયા છે તેના પ્રતિબંધોની નિવૃત્તિ થતી નથી.

સારસ્વત કલ્પમાં ભગવદ્ કૃત પ્રતિબંધોની નિવૃતિ પૂર્વક ભગવદ્ પ્રાપ્તિ શ્રીયમુનાજી દ્વારા થતી હતી. આધુનીકો માટે શ્રી મહાપ્રભુજીનું પ્રાગટય થયું છે. તેથી શ્રી મહાપ્રભુજી દ્વારા થાય છે. તેમ શ્રી હરિરાયચરણ આજ્ઞા કરે છે.

શ્રીવલ્લભ મેરી કૃતિ જીન દેખો
ક્ષણ ક્ષણમેં અપરાધ પરત હે,
ગીનત ન આવે લેખો ।। 1 ।।
અનાથ કે નાથ તુમ હો,
સો અપનો બિરદ વિસેખો,
રસિક કહે કર જોર જોરકે,
કૃપા દ્રષ્ટિ સો પેખો ।। 2 ।।

આવા દોષગ્રસીત-દોષથી પુષ્ટ થયેલા નિજ દૈવીજીવના ઉદ્ધાર માટે મહાકારૂણિક શ્રી વલ્લભનો ભૂતલમાં પ્રાદુર્ભાવ થયો છે. તેથી શ્રી હરિરાયચરણ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે – 'સેવાફલ' ગ્રંથમાં કહેલા ભગવદ્ કૃત પ્રતિબંધથી મને ફલમાં નિરાશા થતી નથી. તેનું કારણ શ્રી મહાપ્રભુજીના પ્રાદુર્ભાવ પ્રયોજનને અને આપશ્રીના અતુલિત સામાર્થ્યને મર્મજ્ઞ શિરોમણી શ્રી હરિરાયચરણ જાણે છે. તેથી સ્વયંની પદ કૃતિમાં સ્વકીયોને આશ્વાસન આપતા કહે છે કે :

જો પે શ્રીવલ્લભ ચરણ ગહે ।

તો મન વૃથા કરત ક્યોં ચિન્તા,
હરિ હિયે આય રહે ।।
જનમ જનમકે કોટિક પાતક,
છિનહી માંજ દહે ।
સાધન કર સાધો જીન કોઉ,
સબ સુખ સુગમ લહે ।।
કોટિ કોટિ અપરાધ ક્ષમા કર,
સદા નેહ નિવહે ।
ભૂલ જીન કરો કોઉ મન શંકા,
કરૂણા સિન્ધુ કહે ।।
અબ લો બિન સેવે શ્રી વલ્લભ,
ભવ દુઃખ બહુત સહે ।
'રસિક' મહાનિધિ પાય ઓર ફલ,
મન વચ કર્મ ના ચહે ।।

ઉપરોક્ત પ્રકારે દયારામભાઈએ પણ શ્રી મહાપ્રભુજીની કૃપાથી શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને જાણીને પોતે પોતાને કહે છે –

શ્રીમદાચાર્ય જુકો દયા તુ તો હોય રહે ।
અનાયાસે અભય દાતા એ પ્રભુ અનલહે ।।

લીલાથી વિછુરેલા દૈવી જીવો ભુતલમાં બહુ થોડા રહ્યા છે. આવા પુષ્ટિ દૈવી જીવોએ અને પ્રવાહી તથા મર્યાદા જીવોએ બ્રહ્મસંબંધ લીધું હોય છે. પરંતુ પ્રવાહ અને મર્યાદા જીવોને પુષ્ટિ પ્રભુના સ્વરૂપનો અનુભવ થતો નથી. પ્રવાહ અને મર્યાદા જીવોએ દેખા દેખીથી બ્રહ્મસંબંધ લીધું હોય છે પણ તેમને પુષ્ટિ પ્રભુના સ્વરૂપનો સંબંધ થતો નહીં હોવાથી પુષ્ટિ ફલનો પણ અનુભવ થતો નથી. આવા જીવોમાં પુષ્ટિની છાપ માત્ર હોય

છે. તેથી એક મહાનુભાવ કહે છે કે –

દેખ દેખ સખી ચાલીયે ગિરિમેં પંથ અનેક,
દુષ્ટ જીવ કલિકાલકે જો પ્રભુ રાખે ટેક.
સ્વેત સ્વેત સબ એક હે કહા કૌવાકો જ્ઞાન,
નીર ક્ષીર રસ તર્ક તે હંસ કરે પહેચાન.

પ્રવાહી જીવો જે પુષ્ટિ માર્ગમાં ભળી ગયા છે તેને માટે 'સેવાફલ' ગ્રંથમાં આપશ્રીએ આજ્ઞા કરી-"સંસાર નિશ્ચયાત્" અને "તદા આસુરોયં જીવ ઇતિ નિર્ધારઃ" અને મર્યાદા જીવે જે પુષ્ટિમાં ભળી ગયા છે તે પુષ્ટિ ફલના અધિકારી નહી હોવાથી, અને મોક્ષના અધિકારી હોવાથી- "જ્ઞાન માર્ગેણ સ્થાતવ્યંશોકાભાવાયેતિ વિવેકઃ" આપશ્રીએ આજ્ઞા કરી છે.

પુષ્ટિ જીવોની પહેચાન તેનામાં પ્રિય પ્રભુના સુખનો તત્સુખાત્મક ભાવ બીજરૂપે રહેલો હોય છે. હું મારા પ્રાણવલ્લભને સુખદ ક્યારે બનીશ તેવો ભાવ બીજ રૂપે રહેલો હોય છે. આ પુષ્ટિ દૈવી જીવ સેવા-સ્મરણાદિ સાધનો કરે છે તેના ફલમાં પ્રિય પ્રભુને સુખદ બનવાનોજ મનોરથ હોય છે. તત્સુખ સાગર શ્રી વલ્લભે બ્રહ્મસંબંધ સમયે જ પોતાના સ્વકીયને તત્સુખાગ્નિ ભાવનું બીજરૂપે દાન કરેલું હોય છે. તે બીજ પ્રાણ વલ્લભના યશોગાનથી આપશ્રીની સન્મુખ રહેવાથી અંકુરીત, પલ્લવીત-પુષ્પિત અને ફલીત થઈ જાય છે.

'સાનિધ્ય માત્ર દત્ત શ્રીકૃષ્ણપ્રેમા' સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયાંભોજ વિષ્ટરઃ, યશ પીયૂષ લહરી પ્લાવિતાન્યરસઃ અને 'નિરોધ લક્ષણ'માં પણ આજ્ઞા કરી છે : "સર્વાનન્દ મયસ્યાપિ કૃપાનન્દઃ સુદુર્લભઃ, હૃદગતઃ સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્." ઉપરોક્ત પ્રકારે આપશ્રીના યશોગાન દ્વારા તત્સુખાગ્નિ બીજ ફલીત થાય છે.

પ્રવાહી અને મર્યાદા જીવોમાં પોતાના સુખનો વિચાર હોય છે. તે સેવા સ્મરણાદિ

સાધનો કરે છે પણ તેમાં પોતાના સુખની ભાવના મુખ્ય હોય છે, તેનું ભજન સ્વસુખાર્થે હોય છે. આ પ્રવાહી જીવો પોતાના અહંતા-મમતાત્મક સંસારનો બાગ ફાલ્યો ફુલ્યો રહે તેવી સ્વાર્થ વૃત્તિથી સેવા સ્મરણાદિ કરતા હોય છે, તેને ફલમાં સંસારસુખ જ હોય છે.

મર્યાદા જીવો મહાત્મીક હોય છે. તેનામાં પ્રભુ પ્રત્યે સ્નેહ હોતો નથી. જન્મ મરણના દુઃખમાંથી છુટવા માટે ભજન કરતા હોય છે, તેને આવાગમન મટી જાય છે પરંતુ પુષ્ટિ ફલનો અનુભવ થતો નથી. આ જીવો મોક્ષના અધિકારી હોવાથી- ''જ્ઞાનમાર્ગેણ સ્થાતવ્યંશોકા ભાવાયેતિ વિવેકઃ'' સેવા ફલમાં આજ્ઞા કરી છે. આવા બન્ને પ્રકારના જીવોના પુષ્ટિ ફલાનુભવમાં ભગવદ્ કૃત પ્રતિબંધ થાય છે. તેનું નિવારણ થઈ શકતું નથી.

પુષ્ટિ દૈવી જીવમાં પણ ભગવદ્ કૃત પ્રતિબંધ થાય છે, પરંતુ તે તેના અપરાધની નિવૃતિ માટે હોય છે. આ અપરાધની નિવૃતિ પશ્ચાદ્ પુષ્ટિ ફલાનુભવનો અધિકારી બની શકે છે. (દ્રષ્ટાંતમાં ચોરાશી વૈષ્ણવ અંતરગત રામાનંદ પંડિતનો વાર્તા પ્રસંગ વિચારવો) આવા પુષ્ટિ જીવના અપરાધની સત્વરે નિવૃતિ માટે અને પુષ્ટિ ફલ કે જે સાક્ષાત પ્રિય પ્રભુના સ્વરૂપાનન્દનો અનુભવ કરાવવા માટે દયાસાગર શ્રી અગ્નિકુમારે શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રગટ કરેલ છે. મહાકારૂણિક શ્રી વલ્લભના યશોગાન પુષ્ટિ જીવને અપરાધથી અને અનેક જન્મોના સંચિત દોષોથી સત્વરે મુક્ત કરી પુષ્ટિ ફલાનુભવનો અધિકારી બનાવે છે. તેથી જ મર્મજ્ઞ શિરોમણિ શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે –

લાખ લાખ બાતનકી એક બાત કહીયે ।
શ્રીવલ્લભાધીશ જુકી શરણાગતિ લહીયે ।।
જપ તપ તીરથ નેમ ધરમ વ્રત,
મેરે શ્રીવલ્લભ પ્રભુજીકો નામ ।
સુમરો મન સદા શુભકારી,
દુરીત કટે સુધરે સબ કામ ।।
હૃદે વસે યશોદાસુત પદ,

લીલા સહિત સકલ સુખ ધામ ।
'રસિક' યહ નિરધાર કીયો હે,
સાધન તજ ભજ આઠો યામ ।।

હવે નિત્યલીલાસ્થ ભગવદ સ્વરૂપનો સાક્ષાત્કાર કેમ થાય એ વિચારીએ :
"પ્રિય સંગમ રાહિત્યાદ્ વ્યર્થ સર્વે મનોરથા" (વિજ્ઞપ્તિ)

સાક્ષાત પ્રિય પ્રભુના સંગમના મનોરથો સિવાયના બીજા મનોરથો વ્યર્થ છે. કેમકે આવા મનોરથો મનોરંજન માત્ર હોય છે. પ્રલોભનોને ઉત્પન્ન કરી વાસ્તવિક ફલાનુભવથી અનિર્વચનીય પ્રિયતમનો સ્વરૂપાનંદ રહેલો છે તેનાથી વંચિત રાખે છે.

નિષ્ઠાતુ સાધનેરેવ ન મનોરથો વાર્તયા (શાસ્ત્રાર્થ નિબંધ)

"નિષ્ઠાતુ સાધનેરેવ" પ્રિય પ્રભુનો સાક્ષાત્કાર જેનાથી થાય છે તેવા સાધનમાંજ નિષ્ઠા રાખવી. આ સાધન રવયં આપશ્રી વલ્લભે સ્વકીયો માટે નિરોધ લક્ષણ ગ્રંથમાં જતાવેલ છે –

તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરૂધ્ધૈઃ સર્વદા ગુણાઃ
સદાનન્દ પરૈર્ગેયાઃ સચ્ચિદાનન્દતા તતઃ ।। 9 ।।
સર્વાનન્દમય સ્યાપિ કૃપાનન્દ સુદુર્લભઃ ।
હૃદગતઃ સ્વગુણાન શ્રુત્વા,
પૂર્ણ પ્લાવયતે જનાન્ ।।
કિલશ્ય માનાન્ જનાન્ દ્રષ્ટવા,
કૃપા યુક્તો યદા ભવેત્ ।
તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ ।।

નિત્યલીલાસ્થ પ્રિયપ્રભુના સાક્ષાત્કાર માટે તાપ પૂર્વક યશોગાન કરવું જોઈએ. ગુણ

ગાનનો આવો અચિન્ત્ય મહિમા હોવાથી જ આપે સ્વકીયો માટે ગુણગાનની આજ્ઞા કરી છે.

માને તાકો તનક બહુ સજ્જનકો સંકેત ।
જૈસે જામન દુધમેં આપહી સો કર લેત ।।

આપશ્રી વલ્લભે સ્વકીયોને પોતાના વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવવા માટે ગુણગાનરૂપી સાધનનો સંકેત કર્યો છે. આપશ્રીના સંકેતમાં અનેક ગુઢ રહસ્ય રહેલા છે. તે ગુઢાતીગૂઢ રહસ્યને અનન્ય-પતિવ્રતભાવી જનોજ સમજી શકે છે. આ ગુણગાનનો જે સંકેત કર્યો છે તે પણ સ્વકીયજનો પ્રતિ જ કર્યો છે.
શ્રી સુરદાસજી શરણે આવ્યા ત્યારે પોતાની હિનતા કરવા લાગ્યા-હોં પતિતનકો નાયક, હોં પતિતનકો ટીકો. ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી : "સૂર હોય કે ઘીઘાવે ક્યોં, ભગવદ યશ ગાઓ." શ્રીસૂરના નિમિતે સમસ્ત પુષ્ટિ સૃષ્ટિને ભગવદ યશોગાનનું કર્તવ્ય બતાવ્યું છે.

પુષ્ટિ દૈવી જીવો જે લીલાધામથી વિછુરેલા છે તેમને નિજ ધામની પ્રાપ્તિ કરાવવા આપનું પ્રાગટય છે.

ગુણગાન દ્વારા પ્રિય પ્રભુની સન્મુખ રહેવાથી આધિદૈવીક દેહ પ્રાપ્ત થાય છે. આ આધિદૈવીક દેહને સત્વરે પ્રાપ્ત કરાવનાર શ્રી સર્વોત્તમજીનું યશોગાન છે.
દેહના નિર્વાહ માટે શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલી સેવા મર્યાદા પ્રમાણે (ન કે સગવડીયા સેવા પ્રણાલી પ્રમાણે) સેવ્યને ભોગ ધરીને અધરામૃતથી જ દેહનો નિર્વાહ કરવો, અને આપશ્રીના યશોગાનમાં તત્પર રહેવું. સ્વકીયોનું આ કર્તવ્ય છે.

ભા. 11-20 મા અધ્યાયમા- "ભિદ્યતે હૃદયગ્રંથી છિદ્યતે સર્વ સંશયા" આ શ્લોકમાં કહેલ ભગવદ સાક્ષાત્કાર થતાં પુષ્ટિ જીવની જે સ્થિતિ બને છે તેનું નીચેના દોહામાં નિરૂપણ કરે છે –

પ્રેમ પ્રગટ જબ હોય હે ભૂલે જગતકો ભાન,
તુ તુ તુ રહી જાય હે, હું કો મીટે નિશાન.

પ્રાકૃત જગતને અને પોતાના પ્રાકૃત દેહને ભુલી જાય છે એટલે પ્રિયતમના સ્વરૂપ લાવણ્ય માધુર્ય સુધાનો અનુભવ કરે છે. આવો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી ભૌતિક દશામાં થતા સ્વપ્નાના સ્વલ્પ આનંદના અનુભવમાં સ્વસ્થ ન થવું.
વિચાર વગરની નિદ્રાને સુષુપ્તિ કહેવાય છે. આ નિરાવરણ અવસ્થા છે. આ દશામાં નિત્યલીલાસ્થ પ્રિય પ્રભુના સ્વરૂપનો, નિત્યલીલાસ્થ દિવ્ય પરિકરનો, દિવ્ય લીલા ધામનો અને દૈવી જીવના પોતાના આધિદૈવિક સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. આ સાક્ષાત્કાર થતાજ પોતાના દિવ્ય સ્વરૂપથી દૈવી જીવ લીલા ધામમાં પ્રવેશ કરે છે. આવા અનુભવને વાસ્તવિક જાણવો. આ સિવાયના ભગવદ્ સંબંધ જોડીને ભૌતિક દશામાં અનુભવાતા રોકડીયા-અલ્પ આનંદોમાં સ્વસ્થ નહી થવું. સ્વપ્નામાં ન ધારેલા-ન જોયેલા ઘણા માણસો ઘણા બનાવો જોવાય છે, અને ચાલુ જીવનનું પણ દ્રશ્ય દેખાય છે-આ સેવા ફલમાં કહેલ કુસૃષ્ટિ છે. અનેક જન્મોની વાસના હૃદયમાં રહેલી છે તે આવી કુસૃષ્ટિ ઉત્પન્ન કરતી જ રહે છે. નિત્યલીલાસ્થ સ્વરૂપના સાક્ષાત્કાર વિના બીજા જે સ્વલ્પ આનંદના દ્રશ્યો-પ્રલોભનો ઉત્પન્ન કરે છે તેને પણ કુસૃષ્ટિમાં જ ગણના કરવી. આવી કુસૃષ્ટિનો પ્રલય કરી હૃદય નિરાવરણ બનાવી પ્રિય પ્રભુનો સાક્ષાત્કાર કરાવનાર નીચે લખ્યા સાધનમાં તત્પર થવું અનિવાર્ય છે.

1 શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલી સેવા મર્યાદા પ્રમાણે સેવ્યને ભોગ ધરીને અધરામૃતથી જ દેહનો નિર્વાહ કરવો.

2 'નિરોધલક્ષણ' ગ્રંથમાં આપશ્રીની આજ્ઞાનુસાર સર્વ પરિત્યાગ પૂર્વક શ્રીસર્વોત્તમ સ્તોત્રથી આપના યશોગાનમાં તત્પર થવું. અને "હરિઃમૂર્તિ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ" આપશ્રીના સ્વરૂપનું ધ્યાન પણ કરતા રહેવું. ધ્યાન અને ગુણગાન બન્ને પ્રિય પ્રભુનો સાક્ષાત્કાર સત્વરે કરાવે છે.

પ્રિય પ્રભુના શ્રમની નિવૃતિ પૂર્વક પ્રિય પ્રભુને સુખદ બનવું એજ નિજ્જનોનું કર્તવ્ય ઉપરોક્ત સાધનથી સિદ્ધ થાય છે.

લાખ લાખ બાતનકી એક બાત કહીયે ।
શ્રીવલ્લભાધીશ જુકી શરણાગતિ લહીયે ।।

ભગવદ્ સાક્ષાત્કારમાં 'મીલિત દ્રશૌ ધૃત મૌના" દ્રષ્ટિ બંધ અને વાણી વ્યાપાર બંધ આ બન્ને અવસ્થા આવશ્યક છે, અને આ અવસ્થાને સિદ્ધ કરનાર શ્રીપ્રભુનું ગુણગાન અને સ્વરૂપ ધ્યાન છે.

પરમ પુરુષાર્થ વિરહ

લેખક : **શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

પ્રશ્ન – પરમ પુરુષાર્થને પ્રાપ્ત કરાવનારો વિરહ કેવી રીતે પ્રાપ્ત થાય ?
ઉત્તર – પરમ પુરુષાર્થરૂપ વિરહ ભાવનું દાન વિરહ ભાવાત્મક સ્વરૂપ શ્રી વલ્લભના અનન્ય આશ્રયથી પ્રાપ્ત થાય છે. આવા પુરુષાર્થની પ્રાપ્તિ માટે જ શ્રીમત્ત પ્રભુચરણે વલ્લભાષ્ટકમાં વિરહ ભાવાત્મક સ્વરૂપને પ્રાર્થના કરી છે –

"સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને ક્ષણમપિ, ભવતઃ સન્નિધાને કૃપાતઃ પ્રાણપ્રેષ્ઠ વ્રજાધીશ્વર વદન, દિ દ્રક્ષાર્તિ તાપો જનેષુ."

શ્રીહરિરાય પ્રભુએ શિ. પ.માં વિરહભાવાત્મક સ્વરૂપ કેવી રીતે પ્રાપ્ત થાય છે તેનું વર્ણન કરેલું છે, અને પોતાના બીજા ગ્રંથમાં પણ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીના આશ્રિત જનોને જાજા ભાગે આપ શ્રીવલ્લભ વિપ્રયોગ ભાવનું દાન કરે છે. વિપ્રયોગ ભાવનું દાન એ અતિશય અનુગ્રહથી પ્રાપ્ત થાય છે. આપણા સ્વામી તો મહા કારૂણિક મહોદાર ચરિત્રવાન છે. તેથી પોતાના પદામ્બુજના આશ્રિત સ્વકીયોને અદેયતમ એવા વિપ્રયોગાનંદ સ્વરૂપનું દાન કરે છે જ.

શ્રી હરિરાયપ્રભુના એક પદમાં-'પ્રગટેપુષ્ટિ મહારસ દેન' તેની ત્રીજી પંક્તિમાં- "નિત્ય સંબંધ કરાય ભાવદે વિરહ અલૌકિક બેન." નિત્યલીલાસ્થ અગણિતાનંદ પ્રભુનો સંબંધ કરાવીને તેનો અનુભવ કરાવવા માટે નિજજનોને આપ શ્રીવલ્લભ કેવલ વિરહભાવનું દાન કરે છે. 'કેવલ' એટલે જેમાં માત્ર અનંત કોટિ કંદર્પ સૌન્દર્ય સ્વરૂપનો જ નિરંતર અનુભવ થાય છે. અન્યનો સંબંધ જ જેમાં નથી તે કેવલ વિરહ છે.

ગદ્ય મંત્રમાં "તાપકલેશાનંદ" વાક્ય છે તેમાં આ વિરહાત્મક સ્વરૂપનું અંતરંગજનોને દાન કર્યું છે.

જ્યારે આપણે એકાંગી નિષ્ઠા શ્રીવલ્લભ પાદપદ્મમાંજ રાખીએ છીએ ત્યારે ભગવત ગીતાજીમાં કહ્યા મુજબ "યોગ અને ક્ષેમ" આપણા પ્રાણવલ્લભથી જ થાય છે. તેજ હેતુસરનું શ્રીસર્વોત્તમજીમાં આપશ્રીનું નામ 'સ્વદાસાર્થ કૃતાશેષ સાધનઃ' બિરાજે છે. વિરહ ભાવને પ્રાપ્ત કરાવવો તે યોગ અને આ દુર્લભ નિધિરૂપ વિરહનું આપ સ્વયં રક્ષણ કરે તે ક્ષેમ. યોગ અને ક્ષેમ બન્ને આપણા પ્રાણવલ્લભ સ્વયં જ કરે છે.
આપણી એકાંગી નિષ્ઠા શ્રીવલ્લભ ચરણ સરોજમાં થાય તે માટે શ્રી હરિરાયપ્રભુની વાણીનો સંગ રાખવો. આપની વાણીનો સંગ રાખવાનું કારણ આપના સ્તોત્રો-પદો-ગ્રંથોમાં શ્રીમહામભુજીના નિગુઢ સ્વરૂપને ઘણી જ સરલતાથી સમજાવેલ છે. તેથી આપની વાણીનું અવલંબન રાખવું.
એકાંગી પ્રીતિ વિના વિરહ થતો નથી તેથી પ્રાથમીક એકાંગી ભાવને સિદ્ધ કરવો આવશ્યક છે. આપશ્રી વલ્લભનું અચિન્ત્ય માહાત્મ્ય સમજાય ત્યારે સર્વથી અધિક અને સુદ્રઢ સ્નેહ શ્રીવલ્લભ ચરણ કમલમાં જ થાય છે. આવા માહાત્મ્યનું વર્ણન શ્રીહરિરાયચરણે "શ્રીવલ્લભ તજ અપુનો ઠાકુર કહો કોનપે જૈયેહો" આ પદમાં સુંદર પ્રકારે કર્યું છે. આ પદમાં અનન્ય નિષ્ઠા અને આપશ્રીના રસરૂપ ઐશ્વર્યને સમજાવેલ છે. શ્રી હરિરાય પ્રભુની વાણીનો જ્યારે સંગ કરીયે ત્યારે પ્રથમ આપણને સર્વ પ્રકારની આસકિતઓ અને પ્રલોભનોના બંધનમાંથી મુક્ત કરી શ્રીવલ્લભમાં આપણો અનન્ય ભાવ સુદ્રઢ થાય તે માટે ઉપદેશે છે કે-"શ્રીહરિરાય પ્રભુ પુષ્ટિમાર્ગના મર્મજ્ઞ શિરોમણિ

રૂપે પ્રસિદ્ધ છે. તેથી મર્મનેજ ગ્રહણ કરે છે. આપે જે મર્મ ગ્રહણ કર્યો છે તે શ્રીવલ્લભ ચરણ સરોરૂહમાં એકાંગી પ્રીતિ રૂપે છે. તે ઉપરોક્ત પદની પંક્તિમાં દર્શન થાય છે. અને "પતિ શ્રી વલ્લભોડ સ્માકં ગતિઃ શ્રીવલ્લભ સદા" આ "શ્રીવલ્લભભાવાષ્ટક" નામના સ્તોત્રોમાં પણ નિરૂપણ કરેલ છે.

શ્રીહરિરાય પ્રભુએ શ્રીવલ્લભના સ્વતંત્ર પ્રમેય સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે. તેથી સૌભાગ્યના ગૌરવભર્યા સામર્થ્યથી પોતે કહી રહ્યા છે કે

કાન ન કાહુકી મન ધરીયે,
વ્રત અનન્ય એક ગહીયે હો.
સબહીન તે અતિ ઉત્તમ જાની,
ચરણ પર પ્રિત બઢૈયે હો.

શ્રીવલ્લભમાં જ સમસ્ત લીલાસૃષ્ટિ લીલા ધામનો દિવ્ય પરિકર, પ્રત્યેક શ્રીસ્વામિનીજીની નિકુંજમાં બિરાજતા નિકુંજનાયક શ્રીજીના સ્વરૂપો, લીલાધામ, દિવ્ય મનોહર કુંજો, નિકુંજો-શ્રી યમુનાજી, શ્રી ગિરિરાજજી, આ સર્વ પ્રાણ પ્રિય શ્રીવલ્લભના 'વિભુ' નામવાળા સાકાર વ્યાપક સ્વરૂપની ભિતર રહેલું છે. આવું આપશ્રીનું માહાત્મ્ય સમજવાથી સર્વથી અધિક સુદ્રઢ સ્નેહ આપના સ્વરૂપમાં થાય છે. આવા પ્રકારનું માહાત્મ્ય હૃદયમાં વસી જવાથી દુર્લભ એવો તત્સુખી મધુર પ્રેમ આપના પાદપદ્મમાં જ થાય છે. અને આવા પ્રેમથી વિપ્રયોગ અનુભવાય છે.

તત્સુખી મધુર સ્નેહ અને વિરહ બન્ને સંવલીત મળેલા જ રહે છે. જેમ મીશ્રીની ડેલી સ્વરૂપ છે અને રસમાં મધુરતા વ્યાપ્ત જ રહે છે, તેમ દિવ્ય સ્નેહ અને વિરહ બન્ને ઓતપ્રોત મળેલાજ રહે છે. સેવ્ય સ્વરૂપની સન્મુખ આર્તભાવ પૂર્વક, દૈન્યતા પૂર્વક વિનતી કરવી : હે નાથ ! આપને હું સુખદ બનું તેવા દિવ્ય તત્સુખી સ્નેહ ભાવનું દાન કરો. આપણા માર્ગનો સિદ્ધાંત એવો છે કે પ્રિય પ્રભુ પાસે કંઈ યાચના ન થાય. કારણ કે સ્નેહ એને જ કહેવાય કે જેમાં પ્રિયતમના સુખનો જ વિચાર હોય અને આવો તત્સુખી

પ્રેમ તો સ્વયં પ્રિયતમ દાન કરે તો જ ચિરસ્થાયી બને. તેથી આપને સુખદ બનાય તેવા તત્સુખી પ્રેમની યાચના સ્નેહ સિદ્ધાંતથી વિરૂદ્ધ નથી.

(પોતાના સેવ્ય સ્વરૂપને શ્રીવલ્લભ રૂપેજ માનવા. જેમ મહાનુભાવ શ્રી પદ્મનાભદાસજીએ શ્રી મથુરેશજીનું સેવન શ્રી વલ્લભભાવથી જ કર્યું. કાશીવાળા શેઠ શ્રી પુરુષોત્તમદાસજીએ શ્રી મદનમોહનજીનું સેવન શ્રીવલ્લભ ભાવથીજ કર્યું. મહાભાગ્યવાન શ્રી રજોબાઈએ શ્રી બાલકૃષ્ણજીનું સેવન શ્રીવલ્લભ ભાવથીજ કર્યું. તેમ પોતાના સેવ્ય સ્વરૂપને શ્રી વલ્લભ ભાવથી સેવવા.)

શ્રી મત્પ્રભુ ચરણ વિજ્ઞપ્તિમાં આવા જ સ્નેહ દાનની પ્રિયતમને પ્રાર્થના કરે છે –
યદ્ દૈન્યં ત્વત્કૃપા હેતુર્ન તદસ્તિ મમાણ્વપિ,
તાં કૃપાં કુરૂ રાધેશ ! યયા તદ્ દૈન્ય માપ્નુયામ.
(વિ. 3-1)

"હે રાધિકેશ ! આપની કૃપાના હેતુરૂપ જે દેન્ય ભાવ તે મારામાં અણુમાત્ર નથી, તેવી દૈન્યતાનું દાન કૃપા કરીને કરો."

આવી દૈન્યતામાં તાપાત્મક તત્સુખી સ્નેહ વ્યાપ્ત રહેલો હોય છે. પ્રિયતમને અગણિત રસાનંદનો અનુભવ કરાવવા છતાં તૃપ્તિ નહી થવાથી તત્સુખનો તાપ બન્યો જ રહે છે. આવા તાપભાવથી દૈન્ય સિદ્ધ થાય છે. અથવા જેમાં અગણિત પ્રેમાનંદનો અનુભવ પ્રિયતમને કરાવવા છતાં સંતોષ થતો નથી અને તેથી તત્સુખાત્મક તાપ બન્યો જ રહે છે. આવા તાપ ભાવથી મધુર સ્નેહથી જીવની દૈન્યતા પ્રાપ્ત થાય છે. તેવા દૈન્યભાવની પ્રાપ્તિ માટે શ્રીમત્પ્રભુચરણ ઉપરની વિજ્ઞપ્તિમાં પ્રિયતમને વિનતી કરે છે.

વિરહભાવની ઉત્પત્તિ માટે વિરહાત્મક સ્વરૂપ પ્રાણવલ્લભના 108 નામવાળા શ્રી સર્વોત્તમ સ્તોત્રનું આર્ત ભાવ પૂર્વક ગુણગાન કરવું. આ ગુણગાન સમયે પ્રિયતમના

માનસી ભાવાત્મક સ્વરૂપનું ધ્યાન પણ કરવું. રાગની સાથે તાપ-આર્તભાવ પૂર્વક ગુણગાન કરવાથી પ્રિય પ્રભુના સાક્ષાત સ્વરૂપના અનુભવ કરાવનારા ભાવ સિવાય વિજાતીય ભાવો રૂપી કલ્મષો દગ્ધ થતા જાય છે. આ ક્રમ પ્રતિ દિવસનો રહે તો પ્રિયમાં આસકિત સુદ્રઢ બની જાય છે. આવી સુદ્રઢ આસકિતથી પ્રિયનો ક્ષણનો વિયોગ અસહ્ય બને તેવી વ્યસન અવસ્થા પ્રાપ્ત થાય છે. આ વ્યસન અવસ્થામાં નિરંતર પ્રિયના માનસી ભાવાત્મક સ્વરૂપનું ધ્યાન થવાથી સર્વાત્મભાવ અથવા પ્રિયપ્રભુના સ્વરૂપમાં તદાત્મકતા થાય છે. આ કક્ષાએ પહોંચવા માટે 'રાગ' એટલે સ્નેહ સાથે પ્રિય મિલનની વિરહાગ્નિ સહિત ગુણગાન કરવામાં આવે છે. 'નિરોધ લક્ષણ' ગ્રંથમાં આવા પ્રકારના ગુણગાનની આપશ્રીએ આજ્ઞા કરી છે.

તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરૂદ્ધૈઃ સર્વદા ગુણાઃ
સદાનંદ પરેર્ગેયાઃ સચ્ચિદાનંદતા તતઃ ।।9।।

રસભર્યા તાપાત્મક ગુણગાનથી રસ સ્વરૂપનો હૃદયમાં આવિર્ભાવ થાય છે ત્યારે "સચ્ચિદાનંદતા" એટલે પ્રભુને સુખદ એવા આધિદૈવિક દેહની પ્રાપ્તિ થાય છે. આવા દિવ્ય દેહથી પ્રિયપ્રભુની સાક્ષાત તત્સુખાત્મક સેવા થઈ શકે છે. તાપાત્મક રસભર્યા ગુણગાનનો આવો અચિન્ત્ય પ્રભાવ છે.

પ્રભુની વિયોગાવસ્થામાં આવા રસાત્મક તાપાત્મક ગુણગાનથી રસિકોનું જીવન નભે છે. તેથી શ્રી ગોપીજનો કહે છે કે – "તવકથામૃતં તપ્ત જીવનમ્" હે પ્રિય ! આપના વિયોગમાં આપનું રસભર્યું ગુણગાન અમારા જીવનને ટકાવી રાખે છે. પરંતુ તેથી પ્રિય પ્રભુના સાક્ષાત સંબંધ વિના રસિકોને સ્વસ્થતા થતી નથી.

આપશ્રી વલ્લભ શ્રી સુબોધિનીજીની કારિકાજીમાં આજ્ઞા કરે છે "હરેર્ગાનં પ્રિયં" હરિને રસભર્યું તાપાત્મક ગુણગાન પ્રિય છે. આવા ગુણગાનથી પ્રભુ પ્રસન્ન થઈને સાક્ષાત સ્વરૂપાનંદનો અનુભવ કરાવવા બહાર પ્રક્ટ થઈ જાય છે. પ્રભુને પ્રિય હોય તેનું સમર્પણ કરવાથી જ પ્રિયની પ્રસન્નતા થાય છે. અને પ્રિયની જેમાં પ્રસન્નતા થાય તેનેજ

સેવા કહી શકાય છે. એટલે ગુણગાનમાં માનસી સેવા સિદ્ધ થાય છે.

તનુ વિત્તજા સેવામાં આપણને સુખ મળે છે. અથવા પ્રિય પ્રભુ આપણને સંયોગ સુખ આપે છે. જ્યારે રસભર્યા તાપાત્મક ગુણગાનમાં પ્રિય પ્રભુને સુખ થાય છે તેથી માનસી સેવા સિદ્ધ થાય છે. રસભર્યા તાપાત્મક ગુણગાનમાં પ્રિયપ્રભુનો સ્વારથ કેવી રીતે ઘટે ? આ પ્રશ્નના જવાબમાં-રસભર્યા તાપાત્મક ભાવોનું શ્રવણ પોતાના વિયોગથી વ્યથીત શ્રી ગોપીજનો દ્વારાજ પ્રભુને થઈ શકે છે. તેથી પ્રિયનો સ્વારથ સિદ્ધ થયો ! અને આવું રસભર્યું તાપાત્મક ગુણગાન માનસી સેવાને સિદ્ધ કરે છે, તેથી માનસી પણ સિદ્ધ થઈ. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથમાં 'માનસીસા પરામતા' આવી આજ્ઞા કરી છે. તે માનસી સેવા એક પ્રકારે તાપાત્મક ગુણગાનમાં સિદ્ધ થાય છે. પ્રિય પ્રભુની આવી પ્રસન્નતા અને માનસી સેવાને સિદ્ધ કરવા માટે પ્રિયની પરોક્ષમાં ઉપરોક્ત પ્રકારે ગુણગાન કરવું ! (અપૂર્ણ)

પરમ પુરુષાર્થ વિરહ

લેખક : **શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

(ગતાંકથી ચાલુ)

પ્રશ્ન – સેવામાં આપણો સ્વારથ કેમ કહેવાય ?
ઉત્તર – માર્ગ મર્યાદા પ્રમાણે તનુ-વિતજા સેવા કરનારને આનંદનો અનુભવ થાય તેવો સેવામાર્ગ શ્રીવલ્લભે પ્રગટ કર્યો છે. પરન્તુ આ પ્રકારે સેવાના આનંદમાં શિતળભાવ રહી આવવાથી-અથવા તાપભાવ નહી રહેવાથી પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક આધિદૈવિકતા સિદ્ધ થતી નથી. અને આધિદૈવિકતા વિના મહા-અલૌકિક પ્રિયપ્રભુના સાક્ષાત સ્વરૂપની તત્સુખાત્મક સેવા થઈ શકતી નથી. સાક્ષાત સેવામાં પણ તત્સુખનો તાપભાવ રહી જ આવે ત્યારે પ્રિય પ્રભુનો સ્વારથ સિદ્ધ થાય. (જેનાથી પ્રભુ પ્રસન્ન થાય તેવી સેવા કહેવાય.) કારણકે પ્રભુ અગણિત રસાનંદના ભોકતા છે. અને આ અગણિત રસની પ્રાપ્તિ તાપભાવથી જ થાય છે. આધિદૈવિકતામાં જ અગણિતાનંદ રહેલો છે.

માનસી સેવા અગણિત રસાનંદથી ભરેલી છે. તે તાપાત્મક ગુણગાનથી આધિદૈવિકતા પ્રાપ્ત થાય છે. અગણિત રસાનંદથી જ્યારે પ્રિય પ્રભુની સેવા થાય ત્યારે પ્રભુનો સ્વારથ સિદ્ધ થયો કહેવાય ! તાપાત્મક ગુણગાન આધિદૈવિકતા પ્રાપ્ત કરાવીને અગણિત રસનું પાત્ર બનાવે છે. તેથી જ નિરોધ લક્ષણ ગ્રંથમાં ગુણગાનની જ આજ્ઞા કરી છે.

નિરોધ લક્ષણમાં-"તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરૂધ્ધૈઃ સર્વદા ગુણાઃ". એમ જે આપે આજ્ઞા કરી છે તેની સંગતિ ગોપીગીત સાથે થાય છે. શ્રીગોપીજનોને લઘુરાસમાં પ્રિયતમે સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો. આ સ્વરૂપાનંદને તેઓ ધારણ ન કરી શક્યા. અને સૌભગ મદ થયો તેથી પ્રભુ અંતરહિત થઈ ગયા. ત્યારે શ્રીગોપીજનોએ પ્રિય પ્રભુની ખોજ કરી તો પણ પ્રાપ્ત ન થાય, ત્યારે બધા વ્રજભક્તોએ સાધનો છોડી શ્રીયમુનાજીની પુલિનમાં આવી રસભર્યું તાપાત્મક ગુણગાન કરવા લાગ્યા. તેની સંગતિમાં ગુણગાનની આપે આજ્ઞા કરી છે એમ જણાય છે.

પ્રિય વિયોગની માધુરી વ્યથા ભર્યા આ ગોપીગીતનું ગાન આ પ્રકારે કરવું કે પ્રથમ આ વિરહ વ્યથીત શ્રીગોપીજનોના ચરણ કમલનું ધ્યાન કરવું. પશ્ચાદ્ નમન કરવું. તદનંતર કૃપણવત યાચના કરવી કે હે મહાસૌભગ ! હું દીન કિંકરી પ્રભુને સુખદ બનું તદર્થ આપના ચરણાંભોજ રેણુની કામના કરૂં છું. આપ કૃપા કરીને દાન કરો.

શ્રીહરિરાય પ્રભુનું એક પદ છે-"પરમ રસ પાયો વ્રજકી નારી". આ પદની અન્તીમ પંક્તિમાં-"રસિક ચરણરજ વ્રજયુવતીનકી અતિ દુર્લભ જીય જાન". વિરહાબ્ધિમાં નિમગ્ન શ્રીગોપીજનોની ચરણ રજની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. (વિરહાબ્ધિમાં નિમગ્ન શ્રી ગોપી જનોના વિરહ સમુદ્રમાં શ્રીવલ્લભ વિરહાગ્નિ સ્વરૂપ વિહાર કરી રહેલ છે. "વિહારાન્કુર્વાણા વ્રજપતિ વિહારાબ્ધિષુ સદા".

અહિં "ચરણરજ"નો અર્થ સ્નેહ થાય છે. શ્રીગોપીજનોનો પ્રિયતમ પ્રત્યેનો સ્નેહ સમુદ્રની ધારાવત અખંડ વહયા કરે છે. આવા સ્નેહરૂપી રજની પ્રાપ્તિ અતિ દુર્લભ છે.

શ્રી ગોપીજનોના સ્નેહની અવિરત ધારા પ્રિય પ્રત્યે જોઈને મહાજ્ઞાની ઉદ્ધવજી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા અને શ્રીગોપીજનોના ચરણ રજની કૃપણવત યાચના કરે છે.

આ સ્નેહ રૂપી રજની પ્રાપ્તિને અતિ દુર્લભ કેમ કહી તેનું કારણ સ્વયં પ્રિય પ્રભુજ શ્રીમુખથી કહી રહ્યા છે.

તુમને કરી સો કોઉ ન કરે સુન નવલકિશોરી ।
લોક વેદકી સુદ્રઢ શૃંખલા તૃણ સમ તોરી ।।

શ્રીગોપીજનોએ પ્રિયતમને સુખદ બનવા દુઃસહ વિરહનો અનુભવ કર્યો. લોક-વેદના ત્યાગ કરતા પણ પ્રિય વિયોગ-વ્યથા અતિ દુઃસહ છે. શ્રી ગોપીજનો પ્રિયના સ્વરૂપને જાણતા હતા કે આપ અમોઘ વીર્ય છે. એટલે કોટન કોટિ ભક્તોથી વિહાર કરવા છતાં, તેનો સુખાનુભવ કરવા છતાં તૃપ્તિનો અભાવ જ રહે છે. અથવા અતૃપ્ત જ રહે છે. આવા પ્રિયને સુખદ બનવા તેવાજ પાત્ર બનવું જોઈએ. આવી અગણિત રસને ધારણ કરવાની પાત્રતા તો પોતાનું "અહં" ન ભૂલાય ત્યાં સુધી ન બને.

"એવં મદર્થોજ્જીત લોક વેદ સ્વાનાં" (સુ. 10-29-21) ઉપરના ટિપ્પણીજીમાં શ્રી મત્પ્રભુચરણ આજ્ઞા કરે છે કે-લોકવેદનો ત્યાગ કરવો કઠીન છે. તેમાં પણ સ્વાનાં એટલે પોતાના આત્માનો ત્યાગ અતિ કઠીન છે. શ્રી ગોપીજનોએ પોતાના આત્માનો પણ પ્રિય પ્રભુ માટે ત્યાગ કર્યો છે, તે કેવી રીતે – ગોપીગીતના વ્યથાભર્યા ગાન સમયે અન્તીમ તેમની મૂર્છિત અવસ્થા બની ગઈ છે. પોતાનું વિસ્મરણ થઈ ગયું છે (તેનું નામજ આત્માનો ત્યાગ) પોતાનો આત્મા પ્રિયતમના સ્વરૂપમાં પ્રવેશી ગયો છે, દેહ નિર્જીવ જડવત બની ગયો છે. આવા પ્રકારના પોતાના આત્માનો ત્યાગ દુઃસહ પ્રિય વિયોગ વ્યથા ભર્યા ગાનમાં કર્યો છે.

બીજી વિશેષતા શ્રીગોપીજનોની એ છે કે પ્રિય પ્રભુ સ્વમુખથી આજ્ઞા કરે છે કે – લોક વેદ અને સ્વનો ત્યાગ ગોપીજનોએ કર્યો છે તે મને મેળવીને નહી પરન્તુ મને મેળવ્યા

પહેલા મારા માટે જ, મને સુખદ બનવા માટે જ ત્યાગ કર્યો છે.

દિવ્ય પ્રેમની એક બિન્દુમાં એવું સામર્થ્ય છે કે લોક વેદ અને સ્વ પોતાનું વિસ્મરણ કરાવી દે છે તો પ્રેમના સાગર સ્વરૂપ પ્રિય પ્રભુને પ્રાપ્ત કરીને સર્વ ત્યાગ થાય તેમાં શું આશ્ચર્ય ? પ્રિયને પ્રાપ્ત કર્યા પહેલા પ્રિયને સુખદ બનવા માટે જે દુઃસહ વિરહનો અનુભવ કરવો પડે છે તે અસહ્ય દુઃખને કોઈ સહન કરી શકતું નથી. તેથી જ કહ્યું –

"તુમને કરી સો કોઉ ન કરે,
સુન નવલકિશોરી"

આવા ત્યાગથી પ્રિય પ્રભુની સ્તુતિના વિષય શ્રીગોપીજનો બની ગયા છે. શ્રી ગોપીજનોએ પ્રિયને સુખદ બનવા દુઃસહ વિરહની વ્યથા ભોગવી છે તેથી પ્રિયની સ્તુતિના વિષય બન્યા અને પ્રભુ તેમના સદૈવ રૂણિ થઈ ગયા. આવા પ્રિય પ્રભુનેઅતિ પ્રિય શ્રીગોપીજનોના ચરણ કમલને વંદન કરી દુર્લભ ચરણરેણુ દાનની પ્રાર્થના કરી પશ્ચાદ્ ગોપીગીતનું ગાન શરૂ કરવું. ગોપીગીતના પ્રત્યેક શબ્દોમાં તાપાત્મક રસ ભર્યો છે તે શબ્દોના રહસ્યને હ્રદયમાં ઉતારતા જવું. શબ્દોમાં જેવા ભાવો છે તે ભાવો આપણા હ્રદયમાં પ્રવેશ કરે ત્યારે ત્યારે પ્રભુ વિયોગ વ્યથાને ઉત્પન્ન કરે છે. આવા પ્રકારના ગુણગાનથી જેમ શ્રી ગોપીજનો લોક વેદ અને પોતાને વિસ્મરી ગયા તેમ આપણી પણ સ્થિતિ બને છે. અને નિરંતર આવા તાપાત્મક ગુણગાનથી થોડા કાળમાંજ અમોઘવીર્ય પ્રિયતમને હ્રદય નિકુંજમાં બિરાજવાનું અધિષ્ઠાન (પાત્ર) સિદ્ધ થઈ જાય છે.

પ્રિય પ્રભુની સત્વરે પ્રાપ્તિ વિપ્રયોગના અનુભવથી જ થાય છે. કારણ કે વિપ્રયોગ ત્યાગાત્મક હોવાથી લોકાતીત અવસ્થા જેમ જેમ બનતી જાય છે તેમ તેમ દિવ્ય પ્રેમ રાજ્યમાં પ્રવેશ થતો જાય છે.

કિલશ્ય માનાન્ જનાન્ દ્રષ્ટવા

કૃપા યુક્તો યદા ભવેત્ ।
તદા સર્વં સદાનન્દં
હૃદિસ્થં નિર્ગતં બહિઃ ।।

નિરોધ લક્ષણના ઉપરોક્ત શ્લોક કથીતં માયાના આવરણને દૂર કરીને પ્રિય પ્રભુ લીલાધામ સહ પ્રગટ થઈ જાય છે. તેથી એકાન્ત અને એકાગ્ર ચિતથી પોતે એકલા જ પરોક્ષમાં સેવ્ય સ્વરૂપના ભાવાત્મક-માનસી સ્વરૂપના અનુસંધાન પૂર્વક આ ગીતનું અર્થાત્ અષ્ટ સખાદિના પદોનું પોતે એકલા અથવા સમાન શિલ સાથે ગાન કરવું. ગોપીગીતના પ્રથમ શ્લોકનું પ્રથમ વાક્ય "જયતિ" છે તેનું રહસ્ય 'અજીત' એવા પ્રિયતમ પ્રભુને વશીભૂત કરવારૂપ જે 'વિજય' શ્રીગોપીજનોએ મેળવ્યો તે આ રસભર્યા તાપાત્મક ગુણગાનથી જ તે પ્રમાણે આપણે પણ જો ગુણગાન કરીયે તો નિઃસંદેહ પ્રિય પ્રભુની પ્રાપ્તિ થાય છે જ.

શંકા-શ્રીગોપીજનો જેવો અધિકાર આપણે આધુનિક જીવોને કેમ પ્રાપ્ત થાય ? શ્રીહરિરાયચરણે એક પદમાં કહ્યું છે.

શ્રીવલ્લભ મેરી કૃતિ જીન દેખો ।
ક્ષણ ક્ષણમેં અપરાધ પરતહે,
ગીનત ન આવે લેખો ।।

ઉપરોક્ત પદાનુસાર આધુનિક જીવો ક્ષણ ક્ષણમાં અનેક અપરાધ કરનારાને શ્રીગોપીજનો જેવા અધિકાર કેવી રીતે પ્રાપ્ત થાય ?

સમાધાન-શ્રીમહાપ્રભુજીની એક વધાઈમાં કહ્યું છે-
પ્રગટ વ્હે મારગ રીત દીખાઈ ।

સેવા રીત પ્રિત વ્રજજનકી,

જન હિત જગ પ્રગટાઈ ।।

સેવાની રીત અને તત્સુખાત્મક પ્રીત જેવી શ્રીગોપીજનોની છે તેજ પ્રકારનો માર્ગ નિજ્જનો માટે પ્રગટ કર્યો છે. અહીં આવશ્યકતા શ્રીગોપીજનોએ પ્રભુને સુખદ બનવા જેવો ત્યાગ કર્યો છે અને દુઃસહ વિરહનો અનુભવ કર્યો છે તેની છે. "ગોપીનકે મનમેં મન દીજે" આ મહાનુભાવના કથન મુજબ જેવો શ્રીગોપીજનોનો ત્યાગ અને જેવી તેમની પ્રિય પ્રભુને સુખદ બનવાની ભાવના, તેવો ત્યાગ અને તત્સુખભાવ વાળુ જીવન બનાવવાથી શ્રીગોપીજનો જેવોજ અધિકાર પ્રાપ્ત થાય છે. જો તેમ ન હોત તો માર્ગને પ્રગટ કરવાનું શું પ્રયોજન ?

"જેની જેમાં શ્રદ્ધા તે તેવોજ થાય છે" આ શ્રુતિના કથન મુજબ શ્રીગોપીજનોના તત્સુખ સ્નેહભાવને હૃદયમાં ધારણ કરવાથી શ્રીગોપીજનોના જેવો અધિકાર પ્રાપ્ત થાય છે. અથવા શ્રીગોપીજનોના તત્સુખાત્મક સ્નેહભાવને હૃદયમાં ધારણ કરવો તેનું નામ જ શ્રીગોપીજનોના ચરણ રજની પ્રાપ્તિ છે. આ કથનની સંગતિમાં સુ. 10-44-62 ઉપરના શ્રીસુબોધિનીજીમાં જીજ્ઞાસુઓએ અવલોકવું.

વસ્તુતઃ તો શ્રી ગોપીજનોને પણ પ્રિય પ્રભુની પ્રાપ્તિ તાપાત્મક સ્વરૂપ શ્રી વલ્લભની કૃપાથી જ થઈ છે. શ્રી પદ્મનાભદાસ પોતાની પદ કૃતિમાં તે રહસ્યને પ્રગટ કરે છે –

"વૃન્દાવન વિરહ વહ્નિ
ચરન સમીપ બીન નાહિન
લાલ પ્રાપ્તિ તાકો પ્રમાણ
રાસમંડલમેં પાઇયત."

આધુનિકોને પણ શ્રીવિરહ વહ્નિ શ્રીમહાપ્રભુજીની કૃપાથીજ આપશ્રીના ચરણકમલના આશ્રયથી જ-પ્રભુ પ્રાપ્તિ સુલભ છે. દયારામભાઈએ પણ તેજ કહ્યુ છે-"શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલું."

પ્રિય મિલનની સાધનામાં એકાન્ત અને એકાગ્રતાની અતિ આવશ્યકતા રહેલી છે. 'એકાન્ત'માં સ્થુલ અને માનસી બન્નેનો સમાવેશ થાય છે. સ્થુલ એકાન્ત પોતાના ગૃહમાં કે અન્ય સ્થાનમાં. અને માનસી એકાન્ત મનની સમસ્ત વૃત્તિઓને બહારના પ્રાકૃત પ્રપંચમાંથી સમેટી લઈને ધ્યેય સ્વરૂપમાં જોડવી તે માનસી એકાન્ત છે.
હવે "એકાગ્રતા" એ ચિત્તનો વિષય છે. જ્યારે ગુણગાન થતું હોય ત્યારે પ્રભુની પ્રત્યક્ષ કે પરોક્ષતામાં આપના સ્વરૂપનું ધ્યાન કરતા રહેવું. ચિત્તનો અભિનિવેશ પ્રિયના સ્વરૂપમાં કરવો. અને ગાનમાંથી જે રસભર્યા તાપાત્મક ભાવો પ્રગટ થાય તે પ્રિયના ભાવાત્મક સ્વરૂપમાં સમર્પવા. શ્રીગોપીજનો જે ગાન કરે છે તેમાં જે વાક્યો પ્રગટ થાય છે તે જાણે પ્રિય પ્રત્યક્ષ હોય અને આપને સમ્બોધિને કહેતા હોય તેવો ધ્વનીતાર્થ પ્રાપ્ત થાય છે.

શ્રી ગોપીજનો પ્રિય વિના એક ક્ષણ પ્રાણ ધારણ કરવા સમર્થ નથી. સ્વરૂપામૃત એજ તેમનું જીવન છે. તેથી જો પ્રિયનું માનસી-ભાવાત્મક સ્વરૂપ વિપ્રયોગ સમયે તેમનાથી અળગુ રહે તો તેમની દશમી અવસ્થા બની જાય. તેથી ગાન સમયે અને અન્ય સમયે પણ પ્રિયનું ભાવાત્મક સ્વરૂપ તેમની સમક્ષ રહેલું જ હોય છે. તે સ્વરૂપને સમ્બોધિને કહી રહ્યા છે. તેમ ગુણગાનમાંથી પ્રગટ થતા તાપાત્મક ભાવો પ્રભુના માનસી સ્વરૂપના ધ્યાન પૂર્વક માનસી-ભાવાત્મક સ્વરૂપમાં સમર્પીત કરવા. આથી પ્રપંચ ભુલાતો જાય છે, સ્વરૂપ આસકિત વધતી જાય છે અને પ્રભુને હૃદયમાં પ્રાદુર્ભાવ થવામાં પાત્રતા સિદ્ધ થતી જાય છે.

નિરોધ લક્ષણગ્રંથમાં શ્રીવલ્લભે પ્રિય પ્રભુના સંયોગની પ્રથમ પ્રાર્થના ન કરી, પરંતુ વિયોગ દુઃખ દાનનીજ નિજ્જનો અર્થે પ્રભુને પ્રાર્થના કરી.

તેનું કારણ પ્રિયતમને સુખદ અવસ્થા વિયોગજનીત દુઃખથી જ થાય છે. અને તે તાપાત્મક ગુણગાન દ્વારા જ સિદ્ધ થાય છે. તેથી પ્રથમ આપે તાપાત્મક ગુણગાનનો જ નિરોધલક્ષણમાં આગ્રહ કરેલો છે.

સારસ્વત કલ્પની અવતાર લીલા સમયે શ્રી ગોપીજનો સાધન સિદ્ધ હતા. એટલે કે પ્રભુના વ્રજમાં પ્રાગટય પહેલા શ્રુતિરૂપ અને અગ્નિકુમારિકા બન્ને પ્રકારનાં ગોપીજનોએ પ્રભુ વિયોગજનીત દુઃખનો અનુભવ કર્યો છે. અને આ વિયોગ જનીત દુઃખથી રસસ્વરૂપનું અધિષ્ઠાન (પાત્ર) સિદ્ધ થતાં પ્રભુ જ્યારે તેમના હૃદયમાં રસાત્મક ભાવાત્મક સ્વરૂપથી પ્રગટ થયા ત્યારે તેમના દેહો અલૌકિક બન્યા છે, તેમણે આધિદૈવિકતા પ્રાપ્ત કરી છે. તેથીજ જ્યારે પ્રિય પ્રભુનો પ્રાદુર્ભાવ નંદલાયમાં થયો ત્યારે તેઓ આત્માના શૃંગાર કરીને પ્રિયતમના દર્શન કરવા ગયા છે તેમ સુ. 10-5-9માં આપશ્રી વલ્લભે આજ્ઞા કરી છે.

શ્રી ગોપીજનોના દેહો અલૌકિક હોવાથી પ્રથમ તેમને પ્રિયતમે સંયોગાનંદનો અનુભવ કરાવ્યો છે. પરંતુ આધુનિક ભક્તોએ આવા પ્રકારના પ્રિય વિયોગ જનીત દુઃખથી અલૌકિકતા પ્રાપ્ત કરેલી નહી હોવાથી નિકાલમાં પ્રથમ વિયોગ જનીત દુઃખદાનની પ્રાર્થના કરી છે. આથી આધુનિક ભક્તોએ આધિદૈવિકતા પ્રાપ્ત કરવા માટે આપશ્રી વલ્લભની આજ્ઞા અનુસાર રસાત્મક તાપાત્મક ગુણગાન કરવું અતિ આવશ્યક છે. પ્રિય પ્રભુના નંદાલયમાં પ્રાગટય પહેલા શ્રી ગોપીજનો પ્રિય વિયોગ દુઃખનો અનુભવ કરતા હતા. આ વિયોગ દુઃખથી પ્રિય પ્રાગટયનું અધિષ્ઠાન સિદ્ધ થવાથી પ્રિયનો તેમના હૃદયમાં પ્રાદુર્ભાવ થયો. આ સમયે અવિદ્યાના બંધનમાંથી મુક્ત થયા અને તેમણે અલૌકિકતા પ્રાપ્ત કરી.

પરમ પુરુષાર્થ વિરહ

- શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

(ગતાંકથી ચાલુ)

તનુ વિત્તજા સેવા સંયોગરૂપ છે, અને આ સેવામાં (ભક્તોની ભૌતિક અવસ્થામાં) આનંદનો અનુભવ થતો હોવાથી તે સમયે તાપભાવ થતો નથી. કોઈ વિરલ ભક્તોમાં પ્રિયમાં તત્સુખ સ્નેહની પ્રાબલ્યતા હોય છે તેને સેવામાં સંયોગ સમયે પણ પ્રિયતમના સુખનો તાપકલેશ રહી આવે છે.

શ્રી હરિરાયપ્રભુ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે સેવા સ્મરણ ગુણગાન વિગેરે તાપભાવ પૂર્વક કરવા. આવી આજ્ઞાનું રહસ્ય તાપભાવથી જ આધિદૈવિકતા પ્રાપ્ત થાય. અગણિતાનંદના ભોક્તા પ્રિયપ્રભુની સાક્ષાત તત્સુખાત્મક સેવા થઈ શકે. લીલાસ્થ ભક્તોની આધિદૈવિકતામાં અનિર્વચનીય દિવ્ય પ્રેમનો સમુદ્ર ભરેલો રહે છે. અને સમુદ્રમાં જેમ પ્રતિક્ષણ તરંગો પ્રગટ થયા કરે છે તેમ ક્ષણે ક્ષણે પ્રિયના સુખા વિવિધ ભાવો પ્રગટ થયા જ કરે છે. આવા તત્સુખાત્મક ભાવોથી લીલાસ્થ ભક્તો પ્રિયતમની અખંડ સેવા કરી રહ્યા છે. ''નિત્યલીલા નિત્ય નૌતન શ્રુતિ ન પામે પાર''

તનુ-વિત્તજા સેવામાં પણ તાપ ભાવનો પ્રસંગ શ્રીનારાયણદાસ બ્રહ્મચારીજીની વાર્તામાં જાણવા મળે છે. શ્રી ચંદ્રમાજીએ પ્રસન્ન થઈ નારાયણદાસજીને આજ્ઞા કરે છે કે ''તુ માંગ, હું તારી ઉપર પ્રસન્ન થયો છું.'' ત્યારે નારાયણદાસજીએ પ્રભુને વિનંતી કરી કે, ''આપશ્રી ગુસાંઈજીના ઘરે પધારો.'' આવું માગવાનું કારણ શ્રીગુસાંઈજી સ્વામિનીજી સ્વરૂપ છે. તેમનાથી મારા પ્રિયને અગણિત સુખ મળશે. લીલાસ્થ શ્રી સ્વામિનીજીઓમાં એવું અચિન્ત્ય સામર્થ્ય રહેલું હોય છે કે એક ક્ષણમાં વિવિધ પ્રકારના દિવ્ય ગુણોવાળા પોતાના કોટાન કોટિ સ્વરૂપોને પ્રગટ કરી પ્રિયતમને વિલસાવતા હોય છે. શ્રીસ્વામિનીજીઓના આવા સામર્થ્યને શ્રીવલ્લભ ભાનુની કૃપાથી નારાયણદાસજી જાણતા હોવાથી પ્રિયના સુખની જ પ્રિયની પ્રસન્નતામાં યાચના કરી. આમ પ્રિયના સુખનો વિચાર તનુ-વિત્તજા સમયે થવો કોઈ વિરલ ભક્તોમાં જ હોય છે. શ્રીવલ્લભનું તત્સુખાત્મક સ્નેહ સ્વરૂપ જે ભક્તોમાં બિરાજે છે તેને સંયોગમાં પણ પ્રિય પ્રભુના સુખનો તાપભાવ રહી જ આવે છે.

પ્રત્યક્ષ વિરહ એ પ્રભુ પ્રેમની સર્વોત્કૃષ્ટ અવસ્થા છે. તે તો વ્યસન ભાવ પછી બને. આવો વિરહ સંયોગમાં નહી રહેતો હોવાથી શિતલ ભાવને પ્રગટ કરે છે, અને તેથી પ્રિયને સુખદ એવી આધિદૈવિકતા પ્રાપ્ત થતી નથી. આ આધિદૈવિકતા રસભર્યા તાપાત્મક ગુણગાનથી સિદ્ધ થાય છે. તેથી જ નિરોધ લક્ષણ ગ્રંથમાં આપે ગુણગાનની જ આજ્ઞા કરી છે. સંયોગાત્મક લઘુ રાસ પછી પ્રિય પ્રભુનું તિરોહિત થવું અને

વિપ્રયોગમાં શ્રીગોપીજનોનું રસભર્યું તાપાત્મક ગુણગાન કરવું તેમાં ઉપરોક્ત રહસ્ય રહેલું છે.

તાપભાવ વિના આધિદૈવિકતા સિદ્ધ થતી નથી. તો આ અવસ્થા વિના મહા અલૌકિક પ્રિય પ્રભુને સુખદ કેમ બનાય ? અગણિત રસાનુભવ પ્રિયતમને કેમ કરાવી શકાય ? આવી અવસ્થા તાપાત્મક ગુણગાનથી જ થાય છે. તેથી અદેયદાનમાં દક્ષ, મહા કારૂણિક સ્વામીએ આપણે સ્વકીયો નિરવધિ રસને ધારણ કરવામાં પાત્ર બનીયે તે માટે તાપાત્મક ગુણગાન કરવું તેવી હિતકૃત આજ્ઞા કરી છે. આવા રસાત્મક-તાપાત્મક ગુણગાનમાં શ્રીવલ્લભનું વિરહ ભાવાત્મક-તાપાત્મક સ્વરૂપ રહેલું છે. તેથી આ ગુણગાનમાં વિરહ ભાવાત્મક શ્રી વલ્લભનો આશ્રય પણ સિદ્ધ થાય છે.

સેવા પણ ન થઈ શકે. ગુણગાન પણ ન થઈ શકે તો ફક્ત આપશ્રી વલ્લભના નામનું તત્સુખના તાપ ભાવપૂર્વક સ્મરણ કરવું હે નાથ ! હું આપને સુખદ ક્યારે બનીશ. આવા ભાવપૂર્વક સ્મરણ કરવું. તેથી પણ વિરહ ભાવાત્મક શ્રીવલ્લભનો આશ્રય સિદ્ધ થાય છે. આ કથનના પ્રમાણમાં મર્મજ્ઞ શિરોમણિ શ્રીહરિરાય પ્રભુનો નીચે મુજબનો શ્લોક –

શબ્દાર્થ યોનિત્યતાવદ્ ભક્તિરાત્યન્તિકી હરૌ ।
ઉદેતિ 'શ્રીવલ્લભે'તિ નામોચ્ચારણ માત્રતઃ ।।

શ્લોકાર્થ –જેમ સતત શબ્દનું ઉચ્ચારણ થતાં અચુક અર્થ ઉઠે છે, તેમ "શ્રીવલ્લભ" આ નામના ઉચ્ચારણ માત્રથી શ્રીહરિમાં એકાંતિક (વિરહાત્મક) ભક્તિ ઉદય પામે છે. નામ અને નામમાં રહેલો અર્થ, આ બન્નેનો નિત્ય સંબંધ રહેલો છે. નામનો અર્થ એટલે નામનો ગુણ. જેવી રીતે જળનો ગુણ શિતલતા છે, અને અગ્નિનો ગુણ ઉષ્ણતા છે. તે સાથે જ રહેતા હોય છે. તેમ શ્રીવલ્લભ તાપાત્મક સ્વરૂપ છે, તેવું તાપાત્મક આપનું નામ છે. આપનો તાપાત્મક ગુણ નામ સાથે રહેલો જ છે. તેથી સ્મરણ કરનારમાં તાપાત્મક ભાવને પ્રગટ કરે છે. અથવા શ્રીવલ્લભ નામના સ્મરણ માત્રથી વિરહાત્મક ભક્તિનો ઉદય થાય છે ! "ઉપજત તાપ છિનક સાન્નિધ્યમેં, દેત વિરહ આનંદરસ

કેવલ". આ વિરહાત્મક ભક્તિમાં તત્સુખના તાપભાવવાળો નિરવધિ રસ ભરેલો રહે છે. અથવા વિરહાત્મક ભક્તિનો ઉદય થતાં અગણિત રસને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે. શ્રીવલ્લભ નામનો આવો મહિમા જાણીને માત્ર શ્રીવલ્લભ નામનું જ તત્સુખના તાપભાવ પૂર્વક સ્મરણ કરવું.

પ્રશ્ન – તનુ-વિત્તજા સેવામાં પણ તાપકલેશનો અનુભવ કેવી રીતે થાય ?

ઉત્તર – સ્નેહની પ્રાબલ્યતાવાળા બડભાગી ભગવદીયને સેવ્ય સ્વરૂપની સેવામાં સંયોગ સમયે પણ પ્રિય પ્રભુના સુખનો તાપભાવ રહી આવે છે. આવા તત્સુખી સ્નેહી ભક્તને પોતાના સેવ્ય સ્વરૂપનું જ્ઞાન થયેલું હોય છે કે-આપ તો નિત્યલીલા ધામમાં નિત્ય સિદ્ધા શ્રીસ્વામિનીજીઓથી સેવ્યમાન છે. વળી નિત્ય સિદ્ધા શ્રીસ્વામિનીજીઓનું પણ આ બડભાગી ભક્તને જ્ઞાન થયેલું હોય છે કે-આ શ્રીસ્વામિનીજીઓ તત્સુખી તાપાત્મક સ્નેહના અને સૌન્દર્યતા આદિ દિવ્ય ગુણોના સાગરરૂપ છે. તેથી જેમ સાગરમાં પ્રતિ ક્ષણ તરંગ નવા નવા પ્રગટ થયા જ કરે છે, તેમ આ શ્રીસ્વામિનીજીઓમાંથી વિલક્ષણ પ્રકારના તત્સુખી તાપાત્મક સ્નેહ ભાવના તરંગો પ્રતિક્ષણ પ્રગટ થતા હોય છે, અને તેજ પ્રકારે શ્રીસ્વામિનીજીઓના શ્રીઅંગમાંથી પ્રતિક્ષણ નૂનન સૌન્દર્યતા પ્રગટ થતી હોય છે.

શ્રીગોકુલેશ પ્રભુ વલ્લભાષ્ટકના પ્રથમ શ્લોકમાં આ શ્રીસ્વામિનીજીઓને "પ્રતિક્ષણ તરૂણાનંદ વિગ્રહ" કહે છે. આવા શ્રીસ્વામિનીજીઓથી મારૂ સેવ્ય સ્વરૂપ નિત્યલીલા ધામમાં સેવ્યમાન છે. જેમાં અગણિત સાગર સમાન તત્સુખી સ્નેહ અને દિવ્ય સૌન્દર્યતા રહેલી છે, તેવા મારા પોતાના દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરીને પ્રિય પ્રભુના સાક્ષાત સ્વરૂપની સુખદ સેવા હું ક્યારે કરીશ ? આવો તાપભાવ તનુ વિત્તજા સેવા સમયે પણ આવા બડભાગી ભગવદીયને રહી આવતો હોય છે. તનુ વિત્તજા સેવા નિષ્ઠ ભગવદીયોએ "સેવા" શબ્દનું વાસ્તવિક સ્વરૂપ અથવા રહસ્ય ઉપરોક્ત કથન મુજબ વિચારણીય છે.

શ્રીવલ્લભાગ્નિએ પોતાના તત્સુખાત્મક તાપાત્મક સ્નેહ સ્વરૂપનું દાન નિજ્જનોને કરેલું છે. તેથી નિજ્જનોને પોતાના સેવ્ય સ્વરૂપને નિરવધિ (અગણિત) સુખ આપવા માટેનો તાપભાવ બન્યો જ રહે છે. અગણિત રસને પ્રાપ્ત કરીને અગણિત રસથી પ્રિયતમની સુખદ સેવા શ્રીવલ્લભાગ્નિના તાપાત્મક સ્નેહ સ્વરૂપના દાનથી જ થાય છે. અથવા નિરવધિ રસને પ્રાપ્ત કરાવનારું શ્રીવલ્લભાગ્નિનું તાપાત્મક સ્વરૂપ જ છે.

શ્રી વલ્લભાષ્ટકના પ્રથમ શ્લોકમાં "સન્મનુષ્યાકૃતિરતિ કરૂણસ્તં પ્રપદ્યે હુતાશમ્" શ્રીમત્ પ્રભુચરણ 'હુતાશ' સ્વરૂપના શરણની પ્રાર્થના કરે છે. 'હુતાશ' સ્વરૂપ એ અલૌકિક આનંદમય અગ્નિ સ્વરૂપ છે. અથવા તાપાત્મક સ્વરૂપ છે. આ તાપાત્મક સ્વરૂપ શ્રીવલ્લભ જ્યારે હૃદયમાં પધારે ત્યારેજ અગણિત રસાનંદને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે. અને ત્યારે નિરવધિ-(અગણિત) રસથી પ્રિયતમની તત્સુખાત્મક સેવા થઈ શકે છે. 'હુતાશ' સ્વરૂપના શરણની પ્રાર્થનામાં આવું ગૂઢ રહસ્ય રહેલું છે. તેથી શ્રીગુસાંઈજી પોતાના નિમિતે શ્રીવલ્લભના જનોને હુતાશના શરણે જવાની આજ્ઞા કરી રહ્યા છે તેવો ધ્વનીતાર્થ પ્રાપ્ત થાય છે.

જેમ રજના કાચા ઘડાને નિભાડાની અગ્નિમાં પકાવવામાં આવે છે. પછી જ તેમાં જલ ભરાય છે. તેમ તાપાત્મક ભાવ ભક્તના પ્રાકૃત અંશને દગ્ધ કરી તેના સંઘાતમાં આધિદૈવિકતા સિદ્ધ કરે છે. આ આધિદૈવિકતા અગણિતાનંદને ધારણ કરી શકે છે. તેથી જ વિરહને પરમ પુરુષાર્થ રૂપ કહેલ છે.

શ્રી વલ્લભાગ્નિ પ્રક્ટીત પુષ્ટિ ભક્તિમાર્ગની સર્વોત્કૃષ્ટતા

લેખક : **શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

સર્વાનન્દમયસ્યાપિ કૃપાનંદઃ સુદુર્લભઃ ।
હૃદગતઃસ્વગુણાનશ્રુત્વા, પૂર્ણઃ પ્લાવયતેજનાન્

"કૃપાનન્દ"એ શ્રીવલ્લભ પ્રભુનું લીલા મધ્યપાતિ દાસ્ય સ્વરૂપ છે. આ દાસ્ય સ્વરૂપના દાનને "સુદુર્લભ" કહ્યું છે. આ દાસ્ય સ્વતંત્ર ભક્તિ સ્વરૂપ છે. "નમામિ હૃદયે શેષે

લીલાક્ષીરાબ્ધિ શાયિનમ્” આ કારિકાજીમાં આપશ્રીએ આ પ્રમાણે જતાવેલ છે. આ દાસ્યભાવ પુષ્ટિ ભક્તિમાર્ગમાં પરમ પુરુષાર્થરૂપ છે. આ દાસ્યભાવના દાનને, શ્રીદ્વારકેશજી ભાવનાવાળાએ દુર્લભ કહેલ છે. શ્રી વલ્લભાગ્નિની કૃપાથી શ્રી ગોપીજનોએ, અને આપશ્રીના પ્રાગટય સમયે શ્રીમદ્ દમલાજી, શ્રી પદ્મનાભદાસાદિ અંતરંગોને આ પરમ પુરુષાર્થ પ્રાપ્ત કરાવ્યો છે. તેથી તેઓને “કોટિમાં વિરલા” શ્રી ગોકુલેશ પ્રભુએ કહેલ છે. શ્રી હરિરાય પ્રભુ આ દાસ્યભાવના દાનની પ્રાર્થના કરે છે –

દાસ્યં પ્રયચ્છતાં મહ્યં સમસ્ત ફલ મૂર્ધગમ્ ।
સ્વામિનૌ વલ્લભાધીશ વિઠ્ઠલેશાભિધૌ સદા
(સ્વ સ્વામિપાણિ યુગલાષ્ટક)
ગોકુલેશાસ્ય વર દેહી દાસ્યમ્
મમ વિવિધ વિકલતામવલોક્ય લૌકિકે
નાથ કુરૂષે કુપુરૂષેઽતિ હાસ્યમ્ ।।1।।
ન ભવતિ ભય યથા કુરૂ તથા મસ્તકે
નિજચરણ કર કમલ યુગલ લાસ્યમ્
વદતિ ‘હરિદાસ’ ઇતિ વિભુવદન દહન
પદમન્તરા જગતિ કિમિતર દુપાસ્યમ્ ।।2।।
(પદ્ય દ્વયમ્)

આ દાસ્યભાવરૂપ પરમ પુરુષાર્થનું દાન એ આપશ્રીનું મહોદાર ચરિત્ર સ્વકીયોમાં વિસ્તાર્યું છે. આ દાસ્યભાવથી જ ધર્મી સંયોગ અને ધર્મી વિપ્રયોગની સર્વોચ્ચ ઉભય પ્રેમની અવસ્થાનો અનુભવ થાય છે.

“સ્વામિનૌ વલ્લભાધિશ વિઠ્ઠલેશાભિધૌ સદા” ઉપરોક્ત પંક્તિનો ગુઢાર્થ આ છે કે શ્રી વલ્લભાગ્નિનું સ્વરૂપ ધર્મી વિપ્રયોગાત્મક છે. અને શ્રી વિઠ્ઠલેશ્વરનું સ્વરૂપ ધર્મી સંયોગાત્મક છે. આ ઉભય સ્વરૂપો, ઉભય સ્વરૂપનું દાસ્ય, અને ધર્મી સંયોગ, ધર્મી વિપ્રયોગ, ઉભયની અવસ્થા, આ ત્રણેનું સામ્ય છે. એટલે કે ધર્મી સંયોગ અને ધર્મી

વિપ્રયોગના ઉભય સ્વરૂપનો,ઉભય પ્રકારનો અનંત વિલાસ આ દાસ્યભાવમાં અનુભવાય છે. કારણ કે ઉભય સ્વરૂપો પોતાના અનંત વિલાસ સહિત દાસ્ય ભાવવાળા સ્વકીયમાં બિરાજતાં હોય છે. તેથી જ મર્મજ્ઞ શિરોમણિ શ્રી હરિરાય પ્રભુ આ દાસ્ય ભાવના દાનની પ્રાર્થના કરે છે. આ દાસ્યભાવાત્મક સ્વરૂપ "સર્વભવન સમર્થ" છે. એટલે પોતાના સ્વતઃ સિદ્ધ સ્વરૂપમાંથી "સ્ત્રી-પું" ભાવાત્મક અનંત યુગલોને અને આ યુગલ સ્વરૂપોમાં થતી અનંત લીલાઓને પ્રક્ટ કરવાનું જેમાં સામર્થ્ય રહેલું છે તેનું નામ 'સર્વભવન સમર્થ.' આવું મહામહિમ્ન શ્રી વલ્લભાગ્નિનું દાસ્ય ભાવાત્મક સ્વરૂપ હોવાથી મર્મજ્ઞ શિરોમણિ હરિરાય પ્રભુ આ દાસ્ય ભાવાત્મક સ્વરૂપના દાનની પ્રાર્થના કરે છે.

આ પરમ પુરુષાર્થરૂપ દાસ્યભાવનું દાન અન્ય ભક્તિમાર્ગના આચાર્યોમાં અને તેના સેવકોમાં ક્યાં ? અતિ દુરાપ. આવા પ્રકારના દાસ્યભાવનું દાન અન્ય ભક્તિમાર્ગમાં નહી હોવાથી સ્વયં આપશ્રીએ આજ્ઞા કરી-સર્વત્રોત્કર્ષ કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ" તદુપરાંત શિ. 9-18માં શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે-

વિરહે યુગપત્ સર્વ નિજલીલાનુભાવકમ્ ।
સાકારાનંદ રૂપેણ વ્રજભક્ત હૃદિ સ્થિતમ્ ।।

ઉપરોક્ત શ્લોકમાં દાસ્યભાવમાં અનુભવાતા અગણિત સ્વરૂપાનંદનું કથન છે. જે અન્ય ભક્તિમાર્ગીયોને દુરાપ છે.

અન્ય ભક્તિ સંપ્રદાયમાં રાધિકાજીની જ મુખ્યતા અને એકજ યુગલનો લીલા વિહાર છે. આ ઉભય એક દેશી છે. જ્યારે પુષ્ટિભક્તિ માર્ગમાં તે-

કૃત્વા તાવન્તમાત્માનં યાવતી ગોંપ યોષિતઃ ।
રેમેસ ભગવાંસ્તાભિરાત્મા રામોઽપિ લીલયા ।।
(સુ. 10-30-20)

જેટલા શ્રી ગોપીજનો હતા તેટલા સ્વરૂપ પ્રભુએ ધારણ કર્યા અને "મહા-સૌરત" રમણનું મહાન સુખ આપ્યું. જેટલા શ્રી ગોપીજનો તેટલા પ્રભુએ સ્વરૂપ ધારણ કરવાથી આ શ્રી ગોપીજનો મુખ્ય શ્રી સ્વામિની ભાવને પુર્ણ રૂપે પ્રાપ્ત કરી યુગલ ભાવવાળા થયા. એટલે કે અન્ય ભક્તિમાર્ગમાં એકજ યુગલનો લીલા વિહાર છે જ્યારે પુષ્ટિ ભક્તિમાર્ગમાં 'અનંત' યુગલોનો લીલા વિહાર છે. કારણ કે "અનંત" પદ વાચી પરબ્રહ્મ પુષ્ટિ પ્રભુ અનંત રૂપે જ ક્રીડા કરે છે. તેથી પુષ્ટિલીલા જગતમાં યુગલો પણ અનંત છે.

શ્રુતિરૂપા રૂષિરૂપા બન્ને યુથના શ્રી ગોપીજનોએ યુગલ ભાવને મહારાસ સમયે પ્રાપ્ત કર્યો છે. આ યુગલભાવ શ્રી વલ્લભાગ્નિની કૃપાથી જ પ્રાપ્ત કર્યો છે, નહી કે પોતાના સાધન બલથી. આ યુગલભાવ બાહિર રમણ વિહારનો અપેક્ષિત (સંયોગાત્મક) નથી. પરન્તુ "આન્તરં તુ મહાફલમ્" અનુભવાત્મક વિરહાત્મક યુગલભાવને પ્રાપ્ત કર્યો છે, કે જેમાં સ્વતંત્ર ભક્તિ રૂપથી ભાવાનંદ નિરંતર અનુભવાય છે. આ છે શ્રી વલ્લભાગ્નિ પ્રકટીત પુષ્ટિ ભક્તિમાર્ગની સર્વોત્કૃષ્ટતા. શ્રી વલ્લભાગ્નિની અતિશય કૃપાથી દિવ્ય પ્રેમ જગતમાં શ્રી ગોપીજનોના યશની ધ્વજા ઉંચી લહેરાઈ રહી છે.

ગોપી પ્રેમકી ધ્વજા ।
જિન ગોપાલ કિયે વશ અપને,
ઉર ધરી શ્યામ ભુજા ।।1।।
શુકમુનિ વ્યાસ પ્રસંશા કીની,
ઉદ્ધવ સંત સરાહી.
ભૂવિ ભાગ્ય ગોકુલકી વનિતા.
અતિ પુનિત જગ માંહી ।।2।।
કહા ભયો જો વિપ્રકુલ જન્મ્યો,
જો હરિ સેવા નાહી,
સોઈ પુનિત દાસ પરમાનંદ,

જો હરિ સન્મુખ જાહી ।।3।।
વ્રજ્જન સમ ઘર પર કોઉ નાંહી ।
જીન સબ તન મન હરિ અર્પન કરિ,
મોહન ધરે ઉર માંહી ।।1।।
સદા સંગ ડોલત મન મોહન,
ગોપી ધરિ ઉર ધ્યાન ।
ગોપી ગોપી રટત નિરંતર,
ભૂલિ ગયે સબ જ્ઞાન ।।2।।
જા ગોપીકી પદરજ ઉદ્ધવ,
બ્રહ્માદિક સબ જાચે ।
તા ગોપી ગૃહ માંખન કાજે,
સબ દિન ગિરધર નાચે ।।3।।
ગોપીજનમેં કોન બતાઉ,
હરિ હું પાર ન પાવે ।
તો હોં મંદ બુદ્ધિ કહાં જાનોં,
'પરમાનંદ' ગુન ગાવે ।।4।।

ઉપરોક્ત પદાનુસાર શ્રી ગોપીજનોનો સર્વોત્કર્ષ શ્રી વલ્લભાગ્નિની કૃપાથી જ સિદ્ધ થયો છે. તેથી કહ્યુ –

''સર્વોત્રોત્કર્ષ કથનાત પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ''

શ્રી વલ્લભાગ્નિની કૃપાએ જેમ સારસ્વત કલ્પમાં શ્રી ગોપીજનોનો સર્વોત્કર્ષ સિદ્ધ થયો તેમ આપશ્રીના ભૂતલ પ્રાગટય સમયે શ્રીમદ્ દમલાજીમાં અને શ્રી પદ્માનાભદાસાદિમાં પણ સર્વોત્કર્ષ સિદ્ધ કર્યો છે.

''દમલા ઓર ભક્ત બહોત હે મેં તેરે વશ હું'' અનંત રસાત્મક બ્રહ્માંડોની રસ સમ્પત્તિ

જેના સ્વરૂપના પ્રત્યેક રોમમાં રહેલી છે તેવું મહાન અલૌકિક શ્રી વલ્લભાગ્નિનું સ્વરૂપ જેને વશ થઈને રહે, આથી વિશેષ ઉત્કર્ષ બીજો શું હોઈ શકે ?

પુષ્ટિ ભક્તિમાર્ગની સર્વોત્કર્ષતા સ્વાધીના સ્વતંત્ર ભક્તિ સ્વરૂપની પ્રાપ્તિમાં રહેલી છે. આ સ્વતંત્ર ભક્તિનું સ્વરૂપ અને તેનો મહિમા કેવા પ્રકારનો છે તેનું વિવેચન નીચે મુજબ –

''પુષ્ટિ''-આપશ્રી મહાપ્રભુજીએ 'પુષ્ટિ' શબ્દનો અર્થ ભાગવત પ્રતિપાદિત 'અનુગ્રહ' કર્યો છે. એ અનુગ્રહ કેવળ વ્રજગોપીકાઓમાં જ સ્વરૂપ વિદ્ગાંત્મક ભાવરૂપે સ્થિત છે. એથી આપે તેના ગુરૂ રૂપે વ્રજગોપીકાઓને જ કહ્યા છે. કૌડન્યો ગોપિકાઃ પ્રોકતા ગુરૂવઃ ચ તત્'' તે વ્રજભક્તોમાં સ્વતંત્ર પ્રમેય બલે પોતાની કૃપાને સ્થાપી ત્રિગુણાતીત પુષ્ટિ પુરુષોત્તમે તેમને જે ભાવાનંદનું દાન કર્યું છે તે ઉક્ત અનુગ્રહનું શુદ્ધ સ્વરૂપ છે. અતઃ એવ તેમાં લોક વેદના પ્રમાણોનું રાહિત્ય હોવાથી તે લોક વેદાતીત રૂપે સ્પષ્ટ જ છે. વળી તે કેવલ 'ભાવરૂપ' હોવાથી 'નિર્ગુણ' શબ્દથી પણ બોધિત છે. એમાં સ્વરૂપ મર્યાદાનીએ અપેક્ષા નહિ હોવાથી (બહાર સ્વરૂપની અપેક્ષા નહિ હોવાથી) તે પુષ્ટિ સ્વાધીના-સ્વતંત્ર ભક્તિ રૂપે પણ પ્રસિદ્ધ છે. અત્રે **''કૃષ્ણાધીના તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિ રૂચ્યતે''** એ શ્રી આચાર્યચરણનું વાક્ય અત્ર સ્મરણીય છે.

સ્વાધીનાનું વિવેચન નીચે મુજબ :

ઉપરોક્ત પ્રકારના 'ભાવાનંદ'ને પ્રાપ્ત કરનાર અલૌકિક સામર્થ્યવાળો ભક્ત સ્વેચ્છાનુસાર આત્મનંદ સમુદ્રમાંથી કૃપાનંદાત્મક અનેક લીલા વિશિષ્ટ પ્રભુના સ્વરૂપોને પ્રક્ટ કરી તેની સાથે એક કાલાવચ્છિન્ન અનેક ભાવોથી વિહરે તે ''સ્વાધીના પુષ્ટિ'' છે. મહારાસ સમયે જે પ્રાગટયો થયા તે અને ઉદ્ધવ સંવાદ કાલે જે લીલાનુભવ થયો તે ઉક્ત પ્રકારની સ્વાધીના પુષ્ટિનું સ્વરૂપ છે. આ વિશુદ્ધ પુષ્ટિ પ્રેમની સર્વોત્તમ અવસ્થા છે. અતઃ ''શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભા'' એ આપશ્રીના વાક્યાનુસાર આ પ્રકારના શુદ્ધ પ્રેમવાળા પુષ્ટિ ભક્તો અતિ દુર્લભ છે. આવા પ્રકારની સ્વાધીના ભક્તિ વ્રજ

સિમંતીનીજીઓમાં સિદ્ધ છે. અને તેથી જ શ્રી મહાપ્રભુજી વ્રજ સિમંતીનીજીઓના ભાવ સંપુટરૂપે આ પ્રકારના અનુગ્રહ માર્ગના ગુરૂ છે.

પુષ્ટિ ભક્તિમાર્ગની સર્વોત્કર્ષતાને જાણવા માટે પ્રથમ સર્વોત્કર્ષ પુષ્ટિભક્તિમાર્ગને પ્રક્ટ કરનારા શ્રી વલ્લભાગ્નિના સ્વરૂપને જાણવું અત્યંત આવશ્યક છે. સર્વાજ્ઞાત, અચિન્ત્ય અને અનંત શક્તિ યુક્ત ઐશ્વર્યવાળું શ્રી વલ્લભાગ્નિનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તેનું નિરૂપણ સ્વતંત્ર પ્રમેય બલથી શ્રી ગોકુલેશ પ્રભુએ શ્રી સર્વોત્તમજીની સ્વતંત્ર (બ્રહદ) ટીકામાં કરેલું છે. આ ટીકા-ગ્રંથ પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં ''અજોડ'' છે. આપશ્રીના ચરણકમલમાં જેને અનુરાગ નથી તેવા પંડિતોનો પ્રવેશ આ ટીકામાં થઈ શકતો નથી. ''નિગૂઢ હૃદયોનન્ય ભક્તેષુ જ્ઞાપિતાશય'' અનન્ય સ્વીકીય જનોજ સમજી શકે છે. આ સ્વતંત્ર ટીકા અન્તરગત ''ભક્તિમાર્ગાબ્જ માર્તંડ'' નામમાં આ સ્વતંત્ર ટીકાના અવલોકનનો અધિકારી કેવા પ્રકારનો છે તેનો નિર્દેશ શ્રી ગોકુલેશ પ્રભુ કરે છે –

જો યહ મેરો સ્વતંત્ર લેખ હે સો વિન વિરહાગ્નિસું વ્યાપ્ત રસિકનકે ભોગ યોગ્ય હે, ન કે વિનસું ઇતર જીવકે લિયે હે યહ જાનનો. મુખારવિંદ ફલમેં વિવિધ રસકે અનુભવસું ભયો જો આસ્વાદ, તાસું ભયો જો વા મુખારવિંદ ફલમેં નિરોધ તાકી સંપદા જીનમેં નહી હે વે જીવ યા રસકે પૂર્ણ અર્થભાવ પદ્ધતિ કે માર્ગકું દેખ કે કાતર હી હોયગો. યાસું પિતૃચરણ આજ્ઞા કરતે ભયે-

કસ્યાગ્રે કથયામ્યાલિ મનો દુઃખસ્ય સંતતિમ્
વ્રજાધિપ વિયોગાબ્ધિ મગ્નઃ કોડપિ ન દ્રશ્યતે
રસિકા એવ જાનંતી ગોપીશ પ્રેમજં સુખં
અન્યે વિરહજ દુઃખ શ્રુત્વા કાતરતાં ગતા ।।

શ્રીજીકે અત્યંત વિરહસું શ્રી પ્રભુચરણમેં ગુપ્ત શ્રી સ્વામિની ભાવ પ્રગટ ભયો હે. યા ભાવસું આપ કહે હે, હે આલિ ! અપને મનમેં જો દુઃખ સંતતી હે, વિરહ દુઃખકો વિસ્તાર હે તાકું કોનકે આગે કહું ? કહેના તો વેસે દુઃખકેહી આગે ચહીયે જો વ્રજાધીપ શ્રી

ગોકુલપતિ કે વિયોગ સમુદ્ર મેં મગ્ન ભયો હે. જાકે રોમ રોમમેં હું વિયોગ ભર રહ્યો હોય, એસો કોઉ નજર નહી આવે હે. કેવલ રસિકહી ગોપીપતિ શ્રીજીકે પ્રેમસું ભયે સુખકું જાને હે. ઓર જે નિરસ હે વે તો વિરહસે ભયે દુઃખકું સુનકે કાતર ભાવકું પ્રાપ્ત હે ગયે હે.

પરમાવધિએ પહોંચેલું ધર્મી વિપ્રયોગાત્મક સ્વરૂપાનંદરૂપ ફલ અને તેના અધિકારીનું વર્ણન ઉપરોક્ત પ્રકારે શ્રી ગોકુલેશ પ્રભુએ કરેલ છે. ખરેજ, વિરહ સમુદ્રમાં ડુબ્યા રહેવું એ તો કોઈ વિરલાને જ પ્રાપ્ત થાય છે.

"પ્રથક શરણ માર્ગોપદેષ્ટા" વિરહાત્મક માર્ગને જ પ્રથક શરણ માર્ગ કહ્યો છે. આ માર્ગે વિરહીજનો જ ચાલી શકે છે. ભૂતલના ભાવ વિજાતીય કોઈપણ પરિકર સાથે સંબંધ વિરહમાર્ગનો પથિક રાખી શકતો નથી. કારણ કે આ સ્વરૂપ લોકાતીત છે, તેથી ભૌતિક જગત સાથે સંબંધ રાખવાથી તે સ્વરૂપનો અનુભવ થઈ શકતો નથી. તેથી એક પ્રાણ વલ્લભના સ્વરૂપ સિવાય અન્ય કોઈનો પણ સંબંધ થતાં જ વિરહભાવનું તિરોધાન થઈ જાય છે. આ રતિ પથનો પથિક જ્યારે વ્યસન ભાવમાં પ્રવેશ કરે છે ત્યારે પ્રિયતમના વિયોગની એક ક્ષણ સો યુગ જેવી વ્યથાકારી બની જાય છે. આ વ્યસન ભાવમાં પ્રિયતમના સ્વરૂપ સિવાય અન્ય સર્વનો ત્યાગ સહજ થઈ જાય છે. આ જ વિરહ અવસ્થા છે. એટલે વ્યસન અને વિરહાનુભવ બન્ને એક જ છે. શ્રી હરિરાય પ્રભુએ એક પદમાં પોતાના અનુભવને કથ્યો છે.

"ભૂલ જીન જાય મન અનત મેરો........" આ પદની છેલ્લી તુકમાં :

રસિક શિર કર ધરો ભવદુઃખ પર-હરો કરો કરૂણા મોહી રાખી નેરો." "ભવ દુઃખ પર હરો" શ્રી હરિરાયચરણનું સ્વરૂપ તો અલૌકિક છે. સ્વામિની ભાવ સ્વરૂપમાં સદૈવ સ્થિત છે, તેમને ભવ દુઃખ કેમ ઘટે ? આવી આકાંક્ષામાં કથવાનું કે આપ જે 'ભવ દુઃખ' કહી રહ્યા છે તે તો અનંત યુગલોના એવા શ્રી વલ્લભાગ્નિ સ્વરૂપના અનુભવ વિના અન્ય ભાવોને ભવ દુઃખ રૂપે કહી રહ્યા છે.

"અન્ય સંબંધતે અધિક ડરપત રહું." વિરહના અનુભવમાં પ્રાણવલ્લભના સ્વરૂપ સિવાય અન્ય સંબંધ વિરહીજનને મૃત્યુ સમાન દુઃખ ઉત્પન્ન કરે છે. વિજ્ઞપ્તિમાં શ્રી પ્રભુચરણ આજ્ઞા કરે છે – "અન્ય સંબંધ ગંધોડપિ કંધરામેવ બાધતે." અન્ય સંબંધની ગંધ પણ મૃત્યુ જેવું દુઃખ ઉત્પન્ન કરે ત્યાં અન્ય વ્યક્તિનો સંબંધ કેમ રહી શકે ? "વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ" આ નામમાં પહેલા સર્વત્યાગ કર્યા પછી જ શુદ્ધ વિરહનો અનુભવ થાય છે. તેવું આ નામનું તાત્પર્ય છે.

(1) "નિગૂઢ હૃદયોનન્ય ભક્તેષુ જ્ઞાપિતાશયઃ" અનન્યતા જેને તેને પ્રાપ્ત થતી નથી. પોતાના અહંના વિસ્મરણ વિના અનન્યતા કહાં ? પોતાનું અહં નિર્મુળ થવું તે શ્રી વલ્લભના સ્મરણ ચિંતન વિના શક્ય નથી.

(2) "રસિકા એવ જાનંતિ ગોપીશઃ 'પ્રેમજ સુખં' "રસિકા કામ વર્જિતા" વિરહાગ્નિથી સર્વાત્મભાવ પ્રાપ્ત કર્યા વિના રસિકતા કહાં ? વિરહાગ્નિમાં 'કામ' (સ્વસુખનો સ્વાર્થ) દગ્ધ થઈ જાય છે પછી રસિકતા પ્રાપ્ત થાય છે. શ્રી હરિરાયચરણનું 'રસિક' નામ વિરહ સમુદ્રમાં નિમગ્નતાનું સુચક છે. "ગોપીશ પ્રેમજં સુખં" દિવ્ય પ્રેમ અગણિત તત્સુખ ભાવથી ભરેલો છે. તે સાગર સમાન દિવ્ય પ્રેમને ધારણ કરવાની પાત્રતા વિરહાનુભવથી જ સિદ્ધ થાય છે.

(3) "શુદ્ધાપ્રેમ્ણાતિ દુર્લભા" આવા અતિ દુર્લભ પ્રેમી ભક્તોનું માહાત્મ્ય પ્રક્ટ કર્તા પ્રભુ ઉદ્ધવજી પ્રતિ કહી રહ્યા છે :

જહાં જહાં ભક્ત મેરો ચરણ ધરત હે,
તહાં તીરથ ચલી આવે ।
વે રજ લે અંગ લગાવે,
કોટિ બ્રહ્માંડ સુખ પાવે ।।

(4) સુ. 3-6-35માં આપશ્રી મહાપ્રભુ આજ્ઞા કરે છે કે યોગમાયા એક ક્ષણમાં કોટિ

બ્રહ્માંડને રચવાની શક્તિવાળી છે. જેવું આ યોગમાયામાં સામર્થ્ય છે, તેવુંજ સર્વાત્મ ભાવવાળા સ્વાધીના ભક્તિ પ્રાપ્ત થયેલ ભક્તોમાં પણ રહેલું છે.

"શ્રી વલ્લભાગ્નિ પ્રકટીત પુષ્ટિ ભક્તિમાર્ગની સર્વોત્કૃષ્ટતા" એ શિર્ષકનો આ લેખ શ્રી વલ્લભાગ્નિની અતિ કરૂણતાથી પ્રાપ્ત થતો સ્વકીયોનો મહાન અભ્યુદય છે. અને તે ધર્મી વિપ્રયોગાત્મક ફલાનુભવનો નિર્દેશક છે. આવા મહાન ફલના અધિકારી પણ કોટીમાં વિરલા છે. તેથી જ કહ્યું છે કે :

રસિક યૂથ બહુ ના મીલે સિંહ ટોલ નહિ હોય
વિરહવેલ જહાં તહાં નહી, ઘટ ઘટ પ્રેમ ન જોય

ગૂઢ તત્વ

- શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

ત્રિદુખ સહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદા ।
તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવદ્ ગોપભાર્યાવત્ ।।

ઉપરોક્ત વિવેક ધૈર્યાશ્રયમાં શ્રીમદાચાર્યચરણોએ આજ્ઞા કરી છે-ત્રણે પ્રકારના દુઃખોને મરણ પર્યંત સહન કરવા. આવી આજ્ઞાનું સ્વારસ્ય મરણનો ભય દુર કરવા માટે છે. સર્વતઃ સર્વ પ્રકારના અથવા સર્વ તરફથી આવતા દુઃખોને સદા શબ્દથી જીવન રહે ત્યાં સુધી સહન કરવા. આ દુઃખોને દુર કરવાનો પ્રયત્ન નહિં કરતા સહન કરવાની આપશ્રી આજ્ઞા કરે છે. તેનું રહસ્ય પ્રભુના વિયોગજનીત દુઃખ સિવાય કે ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યાથી ઉત્પન્ન થતાં દુઃખોના ભાવો તે કુસૃષ્ટિ માત્ર છે. આસુરભાવના આવેશવાળા મનમાંથી આ કુસૃષ્ટિ ઉત્પન્ન થાય છે. ("કુસૃષ્ટિ" એટલે ખોટી-સાચી નહીં.) તેનું આત્મામાં કોઈ પ્રકારે અસ્તિત્વ (સત્યપણુ) માની શકાતું નથી. દુઃખરૂપી મિથ્યા વિચારોનુ બીજું નામ કુસૃષ્ટિ છે. તે સાગરના ઉછળતા તરંગોની જેમ મનમાંથી જન્મે છે. આ મિથ્યા વિચાર સૃષ્ટિને અજ્ઞાનતાએ કરીને દૈવી જીવ પોતાનામાં આરોપણ કરે છે. તે વિચારોમાં 'અહં' ને સેવે છે, તેથી તેને દુઃખના વિચારોથી દુઃખ થાય છે.

તેમાં અભિમાન ન કરે તો બીજા મનુષ્યને થતું દુઃખ તે આપણું દુઃખ બનતું નથી, તેમ હું જીવાત્મા નિર્વિકાર આત્મા છું. આ દુઃખના વિકારવાળા ભાવો અવિદ્યાએ ઉત્પન્ન કર્યા છે. તેની સાથે મારે કંઈ લેવા-દેવા નથી. આવું નિરંતર જ્ઞાન રહેતા કુસૃષ્ટિથી થતી પીડાનું નિવારણ થતું જાય છે.

જાગૃત અવસ્થામાં દેહમાં અભિમાન રાખતો જીવાત્મા જ્યારે ગાઢ નિદ્રામાં હોય છે ત્યારે પરમાત્મા પાસે જાય છે ત્યારે અભિમાન નહિ હોવાથી શરીરના અને મનના દુઃખોનો તેને અનુભવ થતો નથી. ગાઢ નિદ્રા એક અપમૃત્યુનું રૂપક છે. જેમ મૃત્યુ સમયે દેહનું વિસ્મરણ થઈ જાય છે, તેમ કોઈ કારણસર દેહને ભૂલી જવો તેને મૃત્યુ કહેવાય છે. તેથી ગાઢ નિદ્રામાં જીવને પોતાના દેહનું સ્મરણ નહી હોવાથી તે એક અપમૃત્યુ કહેવાય છે.

હવે મૃત્યુ એ શું વસ્તુ છે, તેના રહસ્યને વિચારીયે- જેમ સૂર્યનો ઉદય ન થયો હોય ત્યાં સુધી જ અંધકાર હોય છે. સૂર્યનો ઉદય થતાં તે અંધકાર દેખાતો નથી. અંધકાર કોઈ પદાર્થ નથી કે કોઈ વ્યક્તિ નથી તેમ મૃત્યુ કોઈ પદાર્થ કે વ્યક્તિ નથી કે જેનાથી ભયભીત થવું પડે. **નિત્ય અજર-અમર પોતાના આત્માનું અજ્ઞાન જ મૃત્યુનું રૂપક બને છે.** પોતાના આત્માનું જ્ઞાન થતાં જેમ સૂર્યનો ઉદય થતાં અંધકાર દુર થાય છે, તેમ આત્મ જ્ઞાન થતાં મૃત્યુનું મૃત્યુ થઈ જાય છે. મિથ્યા વિચારથી મિથ્યા થતાં દુઃખને દુર કરવાનો ઉપાય પોતાના અજર-અમર તેવા પોતાના આત્મ સ્વરૂપનો વિચાર કરતા રહેવું, અને વિકારોમાં અહંનું આરોપણ નહિ કરવું.

આત્માનું જ્ઞાન શ્રીમદાચાર્યચરણે બીજા સ્કંધના સુબોધિનીજીમાં કરાવ્યું છે.

(1) આત્મા નિત્ય છે, ત્યારે દેહ અનિત્ય છે. (નિત્ય)

(2) આત્મા ક્ષીણતાને પામતો નથી, ત્યારે દેહ ક્ષીણ થાય છે (નિર્વિકાર)

(3) આત્મા શુદ્ધ છે, ત્યારે દેહ મળમૂત્રથી ભરેલો અપવિત્ર છે. (શુદ્ધ)

(4) આત્મા એક છે, ત્યારે દેહ અનેક છે. (એક)

(5) આત્મા દેહાદિકને જાણનારો છે, ત્યારે દેહ જડ છે. (ક્ષેત્રજ્ઞ)

(6) આત્મા દેહાદિકનો આધાર છે, ત્યારે દેહ પરાધીન છે. (આશ્રય)
(7) આત્મા વિકાર રહિત છે, ત્યારે દેહ વિકારવાળો છે. (વિક્રિયા રહિત)
(8) આત્મા સ્વયં પ્રકાશ છે, ત્યારે દેહ પરપ્રકાશ છે. (સ્વપ્રકાશ)
(9) આત્મા સર્વનું કારણ છે, ત્યારે દેહ કાર્યમૂર્તિ છે (સર્વકારણ)
(10) આત્મા વ્યાપક છે, ત્યારે દેહ અમુક પ્રદેશમાં જ રહે છે (સર્વ વ્યાપક)
(11) આત્મા સંગ રહિત છે, ત્યારે દેહ સંગવાળો છે. (અસંગ)
(12) આત્મા કોઈથી ઢંકાતો નથી, ત્યારે દેહ વસ્ત્રાદિકથી ઢંકાય છે. (અનાવરણ)

ઉપર મુજબ પોતાના આત્માના જ્ઞાનથી માયાજનીત દુઃખની નિવૃત્તિનો એક પ્રકાર કહીને હવે બીજો પ્રકાર કહે છે :

ઉપરોક્ત પોતાના આત્માનું જ્ઞાન નિરંતર રહી ન શકે અને કુસૃષ્ટિ વ્યથા પહોંચાડતી રહે તો આ કુસૃષ્ટિરૂપી સાગર જલરાશીનું ક્ષણમાં શોષણ કરી નાખનાર વડવાનલ અગ્નિરૂપ શ્રીવલ્લભ નામનું સ્મરણ કરવું. આ સ્મરણ એવી રીતે કરવું કે, હે નાથ ! હું આપને ક્યારે સુખરૂપ બનીશ. તત્સુખના આર્તભાવ સાથે નામનું સ્મરણ નાભીમાંથી પ્રક્ટ થવું જોઈએ. પુષ્ટિ-સૃષ્ટિ પ્રભુની સુખદ સેવા માટે પ્રક્ટ કરવામાં આવી છે. પ્રભુને સુખદ બનવાના વિચારો નહીં કરતાં જીવ પોતાના દુઃખના જ રોદણાં રોયા કરશે ત્યાં સુધી જળોની જેમ વળગેલી અવિદ્યા જીવમાંથી અળગી નહીં થાય. જળાશયોમાં રહેતી આ જળો પશુને વળગે છે ત્યારે ચીપકીને ખુન (લોહી) પીતી હોય છે. તેને ખેંચવામાં જ્યાં વળગેલી હોય છે તે ભાગની ચામડી પણ ખેંચાય જાય છે. તેને સરળતાથી અળગી કરવાનો ઉપાય અગ્નિ છે. અગ્નિનો તાપ લાગતા સરળતાથી છુટી પડી જાય છે. તેમ અસંખ્ય જન્મેથી વળગેલી જળો જેવી આ અવિદ્યા તત્સુખના તાપાગ્નિ વિના સરળતાથી દુર થઈ શકે તેમ નથી. તત્સુખ ભાવથી પ્રભુની પ્રસન્નતા થાય છે.

અષ્ટાક્ષરના સ્મરણ સાથે પ્રભુના સુખના વિચારો રહે છે ત્યારે પ્રભુ પ્રસન્ન થઈ તેના હૃદયમાં પ્રગટ થઈ જાય છે. આપ પ્રગટ થતાં જ અનેક જન્મોથી દૈવી જીવ અવિદ્યાના બંધનમાં બંધાઈ દુઃખ ભોગવે છે તે દુઃખમાંથી મુક્ત થાય છે માટે અહીં રહસ્ય એ છે કે,

પોતાના દુઃખને નહીં રોતા પ્રભુને હુ સુખદ ક્યારે બનીશ, આવા પુષ્ટિ સિદ્ધાંતને આગળ રાખી પ્રભુને સુખદ બનવા માટે દુઃખપૂર્વક શ્રીવલ્લભ નામ કે શ્રી કૃષ્ણનામનું સ્મરણ કરવું. શ્રીકૃષ્ણ નામનો અષ્ટાક્ષર કે શ્રીવલ્લભ નામનો અષ્ટાક્ષર બન્ને એક જ સ્વરૂપ હોવાથી બન્નેમાંથી કોઈપણ સતત જપતા રહેવાથી અવિદ્યાના બંધનમાંથી મુક્ત થવાય છે. શ્રી મહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ મંત્ર પહેલાં અષ્ટાક્ષર મંત્રનું દાન કર્યું છે. તેનું રહસ્ય એ છે કે અષ્ટાક્ષરનું કાર્ય દૈવી જીવને ત્રિવિધ પ્રકારની અવિદ્યાના બંધનમાંથી મુક્ત કરવાનું છે.

"ત્રિમાયા કો પ્રલય કરી,
હરિ મિલાવે હરિ નામ."

નામ સ્મરણ દ્વારા ત્રિવિધ માયાના બધનમાંથી દૈવી જીવ જ્યારે મુક્ત થાય છે ત્યારે નિત્ય લીલાસ્થ સ્વરૂપનો તેના હૃદયમાં લીલા ધામ સહિત પ્રાદુર્ભાવ થાય છે. અને પ્રભુના સ્વરૂપનો તથા આપની દિવ્યા લીલાઓનો અષ્ટસખાની જેમ સાક્ષાત અનુભ થાય છે.

પ્રભુને સુખદ બનવાનું દુઃખ જ્યાં સુધી ઉત્પન્ન થયું નથી ત્યાં સુધી પુષ્ટિમાં પ્રવેશ થયો છે તેમ સમજવામાં ભૂલ ન કરવી, શ્રીકૃષ્ણદાસ મેઘનજીએ વરદાનમાં-માગ્યું "આપના માર્ગના સિદ્ધાંતને હું જાણું" આ સિદ્ધાંત તે "તત્સુખતા" છે. પ્રાણની પરવા કર્યા વગર ગંગાસાગરમાં ઝંપલાવી સામે પાર જઈ મુરમુરા સિદ્ધ કરાવી સ્વસ્વામીને આરોગાવ્યા. સ્વામીના સુખમાં પોતાના પ્રાણની પરવા ન કરી. સ્વામીના સુખમાં જ પોતાની કૃતાર્થતા. આવો સિદ્ધાંત હૃદયમાં બીજ રૂપે નહી રહે અને પોતાના દુઃખના જ રોદણા રોવાયા કરશે ત્યાં સુધી પુષ્ટિમાં પ્રવેશ નહી થાય. પુષ્ટિમાર્ગમાં શરણે આવવાથી પુષ્ટિ વૈષ્ણવપણાની છાપ ભલે લાગી હોય પણ તેનો પુષ્ટિમાં અંગીકાર હજુ થયો નથી. અને તેને પુષ્ટિ પ્રભુનો કંઈ અનુભવ પણ થતો નથી.

લેખક : **શ્રી વલ્લભપાદપદ્મમિલિન્દ**

શ્રીવલ્લભ વર કે મિલન હેત,
રસ યોગીન બન જાઉંગી ।
શ્રીવલ્લભ વરકી કૃપા દ્રષ્ટિ તે,
રસ યોગીન બન જાઉંગી ।।1।।
મત્ત મધુપ મધુપાન હેતુ,
મકરંદી બન જાઉંગી ।
હૃદય નિકુંજ અંગ દ્વાદશવન,
પ્રેમ અલખ જગાવુંગી ।।2।।
રોમ રોમ પ્રતિ વૃક્ષ લતાપર,
પીક રસ વચન સુનાવુંગી ।
મધુર મેઘ હિત મન મયૂર કર,
મધુરે શબ્દ ઉચ્ચારૂંગી ।।3।।
સ્વાતિ પિય હિત ચિત ચાતક કર,
પિયુ પિયુ રટન લગાવુંગી ।
શુદ્ધ સ્નેહમય ગોરસ નવનીત,
અધરામૃત ચાખ ચખાવુંગી ।।4।।
રોમ રોમ પ્રતિ કેવલ રસમય,
આન્તર કેલિ કરાવુંગી ।
"રસિક પ્રીતમ" રોમ રોમમેં
રસ રૂપી વ્હે જાઉંગી ।।5।।

આ પદ મર્મજ્ઞ શિરોમણિ શ્રી હરિરાય મહાપ્રભુનું છે. વેણુગીતના 10મા શ્લોકનો અને અણુભાષ્ય અ. 1-ના અંદર અધિકરણ તથા ગુહાપ્રવિષ્ટ અધિકરણનો આશય ઉપરોક્ત પદમાં આપેલો છે. સર્વને અભોગ્ય વિરલ સુધાનો અનુભવ કરવાવાળા વિપ્રયોગમાં

સ્થિત વ્રજપ્રિયા શ્રીગોપીજનો વર્ણન કરે છે કે – અમારૂં હૃદય વૃન્દાવન છે. શ્રી યમુનાજી-શ્રી ગિરિરાજજી-કુંજ નિકુંજ આ સર્વે અમારા ભિતર છે. શ્રુતિઓ પણ કથે છે કે-દૈવીજીવોનું હૃદય કમલ એક 'બ્રહ્મપુર' છે. 'બ્રહ્મપુર' એટલે ભગવાનને બિરાજવાનું ધામ કહેવાય છે. અથવા "યથા બ્રહ્માંડે તથા પીંડે" એટલે જે સમગ્ર બ્રહ્માંડમાં છે તે દૈવી જીવના દેહ રૂપી પીંડની ભીતર રહેલું છે. નિત્ય લીલા પરિકર જે ભુતલમાં પ્રગટ થયેલો છે. તેના હૃદયની ભીતર લીલા ધામની સમગ્ર લીલા સહિત પ્રભુ નિત્ય (સદૈવ) બિરાજમાન છે. પરન્તુ પ્રભુની ઇચ્છા ભુતલમાં જ્યાંસુધી પુષ્ટિ સૃષ્ટિ સાથે પ્રવાહ અને મર્યાદા ભાવવાળી લીલા કરવાની ઇચ્છા હોય છે ત્યાંસુધી યોગમાયા ટેરો દઈને લીલા ધામને છુપાવી રાખે છે. જે સ્વકીયોને નિત્ય લીલામાં પ્રવેશ કરાવવો છે, તેને માટે યોગમાયા ટેરો હટાવીને લીલાધામની દિવ્ય લીલાઓનો સાક્ષાત્કાર કરાવીને નિત્ય લીલાધામમાં સ્થિત કરે છે, જેને પુષ્ટિનો મોક્ષ કહેવાય છે.

"આત્મયોગ" એટલે સર્વ ત્યાગપૂર્વક વિરહાનુભવમાં નિત્ય લીલાસ્થ સ્વરૂપનું ચિંતન કરવું. આવા પ્રકારના ચિંતનની આજ્ઞા સ્વકીયોના સ્વામીએ સિદ્ધાંત મુક્તાવલીમાં કરી છે.

તસ્માત્ શ્રીકૃષ્ણ માર્ગસ્થો વિમુક્તઃ
સર્વ લોક્તઃ ।
આત્માનન્દ સમુદ્રસ્થં કૃષ્ણ મેવ વિચિન્તયેત્ ।।

યોગમાયાનો ટેરો લાગેલો હોવાથી આપણી ભીતર રહેલા દિવ્ય-નિત્ય લીલા ધામનાં દર્શન થતા નથી. જ્યાં સુધી બહિરંગ ભૌતિક જગત પ્રપંચની વિસ્મૃતિ ન થાય અને એકાદશ ઇન્દ્રિયોની અન્તરમુખતા ન થાય ત્યાંસુધી હૃદય ભીતર રહેલા દિવ્ય ધામનાં દર્શન થતાં નથી.

અતિ નિપટ નિકટ ઘટ ઘટ અંતરજામી આહી,
વિષય વિદુષિત ઇન્દ્રિય પકર સકત નહી તાહી.

(નંદદાસજી)

શ્રીઠાકુરજી વૃન્દાવનમાં પધારીને જે લીલા કરે છે તે બધી લીલાનાં દર્શન વ્રજભક્તો ગોકુલમાં રહીને કરે છે અને સમાન શિલ ગોપીજન સાથે વર્ણન કરે છે, તેનું કારણ વ્રજ ભક્તોનો દેહાદિ સંઘાત આધિદૈવિક બની ગયો છે, ભૌતિક જગત અને દેહદિ પ્રપંચની તેમને વિસ્મૃતિ થઈ ગઈ ત્યારે પ્રભુ જે જે લીલા વૃન્દાવનમાં કરી રહ્યા છે એ બધી લીલાનાં દર્શન ગોકુલમાં રહેલાં વ્રજભક્તોને થાય છે. જે સ્વરૂપ વૃન્દાવનમાં ગૌચારણ કરવા પધારીને લીલા કરી રહેલ છે તે ક્રિયાત્મક બહારનું સ્વરૂપ ભાવાત્મક રૂપથી વ્રજ ભક્તોના હૃદયમાં નિત્ય લીલા ધામની સમગ્રી લીલા સહિત સ્થિત છે. અથવા જે ક્રિયાત્મક સ્વરૂપ પ્રગટ છે તેજ ભાવાત્મક રૂપે વ્રજ ભક્તોના હૃદયમાં પણ સ્થિત છે. બહારનું ક્રિયાત્મક પ્રગટ સ્વરૂપ સંયોગાત્મક કહેવાય છે અને તેમના હૃદયમાં રહેલું ભાવાત્મક સ્વરૂપ વિપ્રયોગાત્મક કહેવાય છે. આ ભાવાત્મક સ્વરૂપ વ્રજભક્તોના હૃદયમાં સ્થિત હોવાથી તેમના હૃદયમાંથી આ લીલા સ્વરૂપની સ્ફુરણા થઈ રહી છે, તેજ ભાવાત્મક (સ્ફુરણાત્મક) સ્વરૂપના બહાર દર્શન કરે છે. વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ તે મૂલ સ્વરૂપ કહેવાય છે, અને બહાર પ્રગટ થયેલું સ્વરૂપ અવતાર સ્વરૂપ કહેવાય છે. મૂલ સ્વરૂપ શ્રી ગોપીજનોના હૃદયમાં પ્રગટ થયું, અને અવતાર સ્વરૂપ નંદાલયમાં પ્રગટ થયું. અવતાર સ્વરૂપે બહાર પ્રગટ થવાનું કારણ જો પ્રભુનું સ્વરૂપ બહાર પ્રગટ ન થાય તો ભક્તોનો ભૌતિક પ્રપંચમાંથી નિરોધ ન થાય. તે નિરોધ કરવા માટે અતિ કરૂણાવાન બની પ્રભુ બહાર પ્રગટ થયા છે. ભક્તોનો ભૌતિક પ્રપંચથી નિરોધ સિદ્ધ થઈ ગયા પછી ભીતરના હૃદયસ્થ સ્વરૂપ સાથે જ વ્રજભક્તો વિલાસનો અનુભવ કરે છે. આ ભીતરનું સ્વરૂપ ભાવાત્મક છે. આ ભાવાત્મક સ્વરૂપના અનુભવ ભાવ દ્વારા જ થાય છે. ભાવાત્મક સ્વરૂપમાંથી સ્વરૂપ લાવણ્યામૃતના ભાવો પ્રગટ થાય છે. અને આ ભાવોથીજ આનંદનો અનુભવ થાય છે. બહાર પ્રગટ સ્વરૂપનો આનંદ સંયોગની ક્રિયા દ્વારા અનુભવાય છે. બન્ને સ્વરૂપો એકજ છે.

હવે આવા પ્રકારના લીલાનાં દર્શન શ્રી ગોપીજનોને જે થાય છે તે ક્યા સાધનથી થાય

છે તેને અહીં સમજીએ –

શ્રી યમુનાજી આઠ પ્રકારની સિદ્ધિના દાતા છે. તેમાં "દૂર દર્શન-દૂરશ્રવણ" નામની એક સિદ્ધિ છે. તે સિદ્ધિના દાનથી પ્રભુની પરોક્ષમાં પ્રભુની લીલાનાં દર્શન થાય છે. પણ આ દર્શન આપણી ઇન્દ્રિયોને જગતપ્રપંચમાંથી હટાવી ભગવાનના સ્વરૂપ સાથે જોડી દેવાથી આપણી ઇન્દ્રિયો અલૌકિક બને છે ત્યારે થાય છે. જે ભક્તોની ઇન્દ્રિયો અંતરમુખ થઈ ગઈ છે તેની ચક્ષુ ઇન્દ્રિય પણ અલૌકિક બની ગઈ હોય છે. આ ઇન્દ્રિયો અલૌકિક થતાં માયા-અવિદ્યાનો ટેરો સરકી જાય છે ત્યારે લીલાના સાક્ષાત દર્શન થાય છે. 'અંતરમુખતા' એટલે જેમ આપણા નેત્રો જગત પ્રપંચને જોવે છે તેના બદલે પ્રભુના સ્વરૂપને અને લીલાઓનેજ સર્વત્ર જોવે. તેવી રીતે બધી ઇન્દ્રિયોનો સંબંધ ભગવાન સાથે રહી આવે તેને અંતરમુખતા કહેવાય. જ્યારે આપણી ઇન્દ્રિયોની આવા પ્રકારની અંતરમુખતા થાય છે ત્યારે આપણને પ્રાકૃત પ્રપંચનો સંબંધ રહેતો નહીં હોવાથી આપણે વ્રજમાં હોઈએ કે બીજા ગમે તે સ્થાનમાં હોઈએ ત્યાં આપણને સાક્ષાત સ્વરૂપ અને લીલાનાં દર્શન થાય છે. જેમ માધવદાસને કાબુલમાં શ્રીજી ગૌચારણ કરીને પધારતા તેનાં દર્શન થતા હતાં. તેનું કારણ એમ છે કે ભૌતિક ઇન્દ્રિયોથી આપણે ભૌતિક જગત જોઈ શકીયે છીએ, પણ આપણી ઇન્દ્રિયોનો સંબંધ પ્રભુ સાથે થઈ જતાં આપણું જગત અલૌકિક રૂપે પલટાઈ જાય છે. એટલે જેમ ગોલોકમાં રહેનારા ભક્તો સર્વત્ર પ્રભુની લીલાનાજ દર્શન કરે છે તેમ આપણને પણ થાય છે. ગોલોક એ આપણું દિવ્ય જગત છે. તે દિવ્ય જગત જ આપણી અંતરમુખતામાં દેખાય છે.

ભૂતલમાં રહેલો દૈવી પરિકર તે નિમિત્ત લીલામાં રહેલો છે. ભૂતલના પરિકરમાં જ્યાં સુધી પ્રાકૃત અધ્યાસો રહેલા હોય અને પ્રભુને તે પ્રકારની આ જીવો સાથે લીલા કરવાની ઇચ્છા હોય તે બધાનો નિમિત લીલામાં પ્રવેશ કહેવાય છે. અથવા પ્રાકૃત અધ્યાસ વાળા ભક્તો સાથે ભગવાનની ભૂતલમાં જે (પ્રવાહ અને મર્યાદા ભાવવાળી) લીલા તે નિમિત લીલા કહેવાય. જ્યાં સુધી આધિદૈવિક દેહ સિદ્ધ નથી થયો ત્યાં સુધી ભૂતલના પરિકરમાં ભૌતિક અધ્યાસ રહેતાજ હોય છે. આવી સ્થિતિમાં પ્રભુના સાક્ષાત

સ્વરૂપનો અને આ સ્વરૂપની કરેલી સાક્ષાત લીલાનો અનુભવ થઈ શકતો નથી. તેથી ભગવાને ગોપીજનોને મથુરાથી ઉદ્ધવજી સાથે સંદેશો પાઠવેલો તેમાં કહ્યું કે "તમે તમારા (ભૌતિક) દેહથી અલગ થાઓ. ઉત્તમ વસ્તુ ધનથી ભોગી ન જાય. મારૂ મૂળ (વિપ્રયોગ ભાવાત્મક) સ્વરૂપ જે મહાન દિવ્ય અને (મહાસાગરની જેમ) પૂર્ણ છે તેનો અનુભવ આત્મવાન દેહથી જ થઈ શકે. મારો સ્થાયી નિવાસ આત્મામાંજ છે. ભૌતિક દેહ ઇન્દ્રિયોમાં નથી. જગતના પ્રાકૃત વિષયોમાં મારા અપ્રાકૃત સ્વરૂપનો આવિર્ભાવ થતો નથી. તેથી તમારા દેહથી સર્વાંશે પ્રથક થઈ આત્માવાન દેહવાળા બનો, પછી મારા મહાન દિવ્ય અને મહાસાગર સમાન પ્રેમ-સુધા સ્વરૂપનો અનુભવ કરી શકશો."

શ્રીહરિરાયચરણે શિ. 18-4×5માં આજ્ઞા કરી છે કે, જે ભાગ્યવાન ભક્તને શ્રીવલ્લભાગ્નિએ વિપ્રયોગનું દાન કરેલું છે. તેને ભુતલ સ્થિત નિમિત લીલાના પરિકરોમાં નિરાનંદતા (આનંદનો અભાવ) ભાસે છે. તેનું કારણ નિમિત લીલાના પરિકરમાં પ્રાકૃત અધ્યાસોના કારણે ભગવદ્ સંબંધી આનંદ અલ્પજ અનુભવાય છે. વળી વિપ્રયોગનું દાન કર્યું છે તેવા ભક્તને શ્રી વલ્લભભાનુની કૃપાના કિરણોના પ્રકાશથી નિત્ય લીલાના મહાન દિવ્ય સ્વરૂપનું જ્ઞાન પણ થઈ ગયેલું હોય છે. નિત્ય લીલાનો નિત્ય લીલા સ્વરૂપથી નિત્ય લીલાધામમાં જે આનંદ અનુભવાય છે તે અગણિત અને મહાન અલૌકિક પરિકર સાથે નિરૂપધિ અને નિરવધિ હોય છે. નિત્ય લીલાના પરિકરમાં રંચક પ્રાકૃત કલેશની ગંધ પણ હોતી નથી. તે પરિકર તો મહાન દિવ્ય સૌંદર્યતા, માધુર્યતા, મૃદુલતા, પ્રિયત્વતા આદિ દિવ્ય ગુણોના સાગરથી ભરેલો છે. અને ભુતલનો પરિકર તો પ્રાકૃત સંબંધવાળો હોવાથી આનંદ પણ અલપ જ ભોગવે છે. પાત્રતા પ્રમાણે જ રસ-જલની સ્થિતિ હોય છે. સાગર, સરિતા, સરોવર, કૂપ, ઘરની મથની અને લોટી આ બધાં જલનાં પાત્ર છે. પાત્ર પ્રમાણે જલ-રસ રહી શકે છે. તેમ દૈવી જીવ ભૌતિક પ્રપંચને જેમ જેમ ભૂલતો જાય છે અને પ્રભુ તરફ તેની ગતિ થાય છે તેમ તેમ ઉત્તરોત્તર પાત્રની વિશાળતા બનતી જાય છે. નિત્યલીલા સ્વરૂપના જ્ઞાન વાળાની સ્થિતિ શ્રીપ્રભુચરણે વિજ્ઞપ્તિ 7-11માં જતાવી છે.

વરં નેત્રે મુદ્રા ન પુનરિતરાલોકનમપિ
વરં શૂન્યારણ્યં સ્થિતિરિહ
વરં નાન્ય મિલનમ્ ।
વરં મૂકીભાવો ન પુનરપરા કાચન કથા
વરં પ્રાણત્યાગઃ ક્ષણમપિ ન તત્સંગવિગમઃ ।।

"નેત્રો બંધ કરીને રહેવું સારૂ પણ પ્રિયતમ સિવાય અન્યને દેખવું ગમતુ નથી. સુના અરણ્યમાં રહેવું સારૂં પણ-પ્રિયતમના સ્વરૂપ સિવાય બીજાનો મિલાપ સારો નથી. મૌન રાખીને રહેવું સારૂ પણ અન્યથી સંભાષણ દુઃખરૂપ લાગે છે. પ્રાણત્યાગ કરવો સારો પણ પ્રિયતમના સંબંધ વિના જીવવું સારૂ નથી."

ઉપરોક્ત પ્રકારે નિત્ય લીલાના સ્વરૂપ જ્ઞાનવાળો અને શ્રીવલ્લભભાનુની કૃપાથી ભીજાયેલો ભાગ્યવાન જીવ ભૂતલ પરિકરથી પ્રથક થઈ વિરહાનુભવના માર્ગે ગતિ માન હોય છે.

શ્રી હરિરાયપ્રભુ પુનઃ 18મા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે-"શ્રીઠાકુરજી, શ્રી મહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને નિત્ય લીલામાં સ્થિત શ્રીસ્વામિનીજીઓ, આ ચારની સમાન ભૂતલમાં કોઈમાં ભાવના કરવામાં આવશે તો અલૌકિક ભાવનો નાશ થશે. આ ચારે તત્વપૂર્ણ છે અને નિત્ય લીલાના મહાન દિવ્ય સ્વરૂપો છે. આ સ્વરૂપોની સમાનતા ભુતલના પરિકરમાં નથી કરી શકાતી. તેથી શ્રી હરિરાય પ્રભુ એક પદમાં પણ આજ્ઞા કરે છે –

છાંડ સાગર કોન મૂરખ ભજે છિલ્લર નીર,
રસિક મનકી મીટી અવિદ્યા,
પરિસ ચરણ સમીર.

સાગર સમાન તો નિત્યલીલા ધામનો વિલાસ છે. અને છિલ્લર-ખાબોચીયા ભરેલા જલ જેવો ભૂતલના પ્રાકૃત અધ્યાસ વાળા પરિકરનો છે. આવું જ્ઞાન શ્રીવલ્લભભાનુના

ચરણકમલનો સ્પર્શ કરી વાયુએ મારા હૃદયમાં પ્રવેશીને કરાવ્યું છે તેમ શ્રીહરિરાયપ્રભુ શ્રી વલ્લભના મુગ્ધ સ્વકીય જનોને જતાવી રહ્યા છે. અને શ્રી સૂરદાસજીને પણ લીલાનાં દર્શન શ્રીવલ્લભે કરાવ્યા ત્યારે કહે છે કે – "અબ ન સુહાય વિષય રસ છિલ્લર, યહ સમુદ્ર કી આશ"

તેથી જેને નિત્યલીલા ધામના દિવ્ય વિલાસનું અને દિવ્ય પરિકરનું જ્ઞાન શ્રીવલ્લભભાનુની કૃપાથી થઈ ગયું છે, તેને ભૂતલનો વાસ કે આનંદ સુહાતો નથી. ભૂતલના લૌકિક કે ભગવત્સંબંધી અલૌકિક પરિકરથી પ્રથક રહી, તેની વિસ્મૃતિ કરી, નિત્યલીલા સ્વરૂપના ચિન્તનમાં રહેવાથી, પ્રપંચની વિસ્મૃતિ થવાથી પ્રભુની સમગ્ર લીલાનાં સાક્ષાત દર્શન થાય છે. જેવાં વ્રજભક્તોને થયા છે તેવા આધુનિકને પણ થાય છે. દૈવીજીવની ભીતર દિવ્ય વિશ્વ છુપાયેલું છે. જ્યારે આત્મ યોગથી એકાદશ ઇન્દ્રિયોની અંતરમુખતા થઈ જાય છે ત્યારે નિત્યલીલા સ્વરૂપ, નિત્યલીલા ધામ, અને નિત્યલીલા ધામના પરિકરનો સાક્ષાત્કાર થાય છે.

શ્રી મહાપ્રભુજીકે પુષ્ટિમાર્ગકી વિશેષતા

- પથક

"રાધા સર્વસ્વ સંપુટઃ" જો પ્રભુ શ્રી સ્વામિનીજીકે સંપુટ કે ભીતર હે, સો પ્રભુ શ્રીમહાપ્રભુજીને જીવકે માથે પધરાયે હે. પરિ જીવ અભાગી જાનત નાંહી. અવતાર લીલામેં તો વ્રજભક્તનકું કોઈ કાર્ય કે મીસસો શ્રીઠાકોરજીકો મિલાપ ઘરમેં અથવા વનમેં હોતો. પરંતુ શ્રી આચાર્યજી મહાપ્રભુકી કૃપાતેં અબકે તો ભક્તનકે ઘરમેંહી પ્રભુ પધરાય દિયે હે. ચાહે તેસે લાડ લડાવો. પરિ જીવકું જો સહજમેં વસ્તુ પ્રાપ્ત હોય હે, ઇનકી પહેચાન (કીમત) નહી હે, જીવકો સમજનો ચહીયે જો મેરો મથે કોનસી નિધિ બિરાજત હે, કહા વસ્તુ હે ! "ચિંતા કાપિ ન કાર્યા" એસો વચન કોન કહી સકે ? જો કાહુ પ્રકારકી ચિંતા મતિ કરો, મેં તુમ્હારો ઉદ્ધાર કરવે સમર્થ હું ! યાતેં જીવકો એક આશ્રય દ્રઢ ચહિયે-જા સમે કછુ સંકટ આય પડે તા સમે વિચારે જો મોકોં ચિન્તા કેસી ? પ્રભુ તો મેરો ભલો હી કરત હે-ભક્ત ઇચ્છા પૂરક હે. સર્વ જીવકો ભગવદ્ ધર્મકી ઇચ્છા હોની

ચાહિયે. જીવને થોડી ઇચ્છા કરી ઓર પ્રભુ તુર્ત કૃપા કરે. થોડોઈ ભગવદ્ ધર્મ બહોત માનત હે-પરિ ભગવદ્ ધર્મ પકર્યો ચહિયે.

પ્રભુ પ્રેમીઓકા સંન્યાસ

સંકલન : **પથિક**

મેરો મન ગોવિંદ સો માન્યો તાતે જીય ઓર ન ભાવે ।
જાગત સોવત યહ ઉત્કંઠા, કોઉ વ્રજ નાથ મિલાવે ।।1।।
બાઢી પ્રીત આન ઉર અંતર, ચરણ કમલ ચિત દીનો ।
કૃષ્ણ વિરહ ગોકુલકી ગોપી, ઘરહી મેં વન કીનો ।।2।।
છાંડ આહારવિહાર સબે સુખ, ઓર ન ચાહત કાઉ ।
"પરમાનંદ" બસત હે ઘરમેં, જેસે રહત બટાઉ ।।3।।
♦ ♦ ♦
કાગદ તો કરતે ન ઉઠે; કર લેખનીકે પદ કોન ઉઠાવે ।
પ્રિતમ દ્રષ્ટિ પરે જબતે, છબિ છાય રહી અખિયન ઝર લાવે ।।1।।
પ્રેમ સખી ! મધકી મખીયાં, મન જાય ફસ્યો ફિર હાથ ન આવે ।
મૂરત શ્રીનંદનંદકી, લીખતે ન બને લિખહી બન આવે ।।2।।

પુષ્ટિ ભક્તનું ધ્યેય નિત્યલીલાસ્થ સ્વરૂપ

- શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ

પુષ્ટિ માર્ગમાં ફલ પ્રભુનું સ્વરૂપ છે. આપશ્રી મહાપ્રભુજીએ ધર્મી માર્ગ પ્રક્ટ કર્યો છે. સાક્ષાત સ્વરૂપનો અનુભવ કરાવનાર પ્રથક શરણ માર્ગનો આપ ઉપદેશ કરનારા છે. સેવા માર્ગ પ્રગટ કરવાનો પણ આ જ હેતુ છે કે – સેવ્ય સ્વરૂપમાં પ્રેમ-આસકિત અને વ્યસન ભાવ સિદ્ધ કરીને નિજ્જનો નિત્ય લીલા વિહારી રસાત્મક પ્રભુનો અગણિત આનંદ મેળવે. આપણું આ જ ધ્યેય સ્વરૂપ હોવું જોઈએ. જેમ લક્ષ સાધીને બાણથી લક્ષને વેધે છે, તેમ આપણું લક્ષ સેવ્ય સ્વરૂપ હોવું જોઈએ.

(1) મન મૃગ વેધ્યો મોહન નયન બાણસો (2) કમલસી અખિયાં લાલ તિહારી, તીનસો તકી તકી તીર ચલાવત, વેધત છતીયા હમારી.

હિલગના આ પદોમાં રસિક ચૂડામણિ શ્રી વ્રજરત્નાઓએ પોતાનું લક્ષ પ્રિયતમના સ્વરૂપને બનાવ્યું છે. પોતાના નેત્રોથી નિરંતર પ્રિયતમના સૌન્દર્ય લાવણ્યનું પાન કરે છે. જેમ મધુ મક્ષીકા (માંખી) સર્વત્ર પરિભ્રમણ કરીને પુષ્પોનો રસ મેળવી મધપુડો બનાવી મધપુડામાં ચીપકી મધુનું પાન કર્યા કરે છે. તેમ ગોપીજનોના નેત્રરૂપી ભ્રમરીઓ સર્વત્ર પ્રિયતમના સૌન્દર્ય લાવણ્ય મધુને ગ્રહણ કરી-સ્વરૂપ રૂપી મધપુડામાંથી જ ચીપકેલી રહી આવે છે. આવા પ્રકારના અનુભવ માટે આપણા પ્રાણવલ્લભે રસિક ધર્મી માર્ગ પ્રક્ટ કર્યો છે.

શ્રીમદ્ ભાગવતના 12 મા સ્કંધમાં શ્રી શુકદેવજી રાજા પરીક્ષિતને અંતીમ ઉપદેશ આપે છે કે-"હે રાજન ! તમે તમારા હૃદયમાં પ્રભુના સ્વરૂપને ધારણ કરો. પ્રભુનું સ્વરૂપ ધારણ કરનારને પ્રભુ પોતાના સ્વરૂપનું દાન કરે છે. તેથી તમારી આ અન્તીમ અવસ્થામાં પ્રભુના સ્વરૂપને જ હૃદયમાં ધારણ કરો." શ્રીમદ્ ભાગવતના 12 સ્કંધ સંભળાવીને અન્તીમ પ્રભુના સ્વરૂપને જ હૃદયમાં ધારણ કરવાનો શુકદેવજી ઉપદેશ આપી રહ્યા છે, તેથી એનું એવું સ્વારસ્ય નીકળે છે કે 11 સ્કંધથી પ્રભુના સ્વરૂપને તમો હૃદયમાં ધારણ કરો, તેટલા માટે જ 11 સ્કંધની કથા તમને શ્રવણ કરાવી.

પ્રભુનું માહાત્મ્ય જાણવાથી મન સર્વમાંથી નીકળીને સુદ્રઢ રીતે અનન્ય ભાવથી પ્રભુના સ્વરૂપમાં લાગેલું રહે ત્યારે સર્વથી અધિક અને સુદ્રઢ સ્નેહ સેવ્ય સ્વરૂપમાં ઉત્પન્ન થાય છે. આપણે રસાત્મક સાહિત્યનું જે અવલોકન કરીયે છીએ તેનું તાત્પર્ય પણ એ જ છે કે ભોક્તા રૂપે આપણા મસ્તકે જે સેવ્ય સ્વરૂપ બીરાજે છે (અને જે આપણા જ આત્મા રૂપે આપણા હૃદયમાં બિરાજી રહ્યા છે) તેમનું અચિન્ત્ય (કલ્પનામાં ન આવી શકે તેવું) રસાત્મક માહાત્મ્ય આપણે જાણીયે. આ પ્રમાણેનું માહાત્મ્ય જાણ્યા પછી સેવ્ય સ્વરૂપમાં આપણને સુદ્રઢ અને સર્વથી અધિક પ્રેમ પ્રક્ટ થાય છે. એટલે એમ સમજાય છે કે પ્રિય પ્રભુના નિત્યલીલાસ્થ સ્વરૂપના સાક્ષાત્કારમાં સ્વરૂપનું ધ્યાન જ સાધન છે.

સ્વરૂપ ધ્યાનનો આદેશ :

સુ. 2-1-21માં પણ શ્રી મહાપ્રભુજીએ સ્વરૂપના ધ્યાનનોજ પ્રકાર બતાવેલો છે. પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરનારને પ્રભુ ભક્તિ-યોગનું દાન કરે છે, એટલે કે પોતાના સ્વરૂપમાં પ્રેમ ઉત્પન્ન કરાવે છે.

શ્રીમદ્ ભાગવત 11-11-49માં પ્રભુ ઉદ્ધવજી પ્રતિ કહે છે કે, હે ઉદ્ધવ ! તમે મારા ભૂન્ય અને સુહૃદ (મિત્ર) હોવાથી તમને પરમ ગુહ્ય એક વાત કહું છું તે સાંભળો ! આમ આજ્ઞા કરીને ઉદ્ધવજીને જે ગુઢ વાત કહી છે તે ભા. 12-12-14 છે. તેનો સાર એ છે કે "વિધિનિષેધ પ્રવૃત્તિ-નિવૃત્તિ, સાંભળવાનું અને સાંભળેલું આ સર્વને છોડીને મારા એક ધર્મી સ્વરૂપનું જ સર્વાત્મ ભાવથી શરણ ગ્રહણ કરો. આ રીતે મારા સ્વરૂપનો જ આશ્રય કરવાથી તમે "અકુતોભય" થઈ જશો. "અકુતોભય" એટલે કાળના બંધનમાંથી અથવા જન્મ-મરણના કારણ રૂપ ત્રિગુણાત્મક માયાના બંધનમાંથી મુક્ત થઈને મારા સાક્ષાત નિત્યલીલાસ્થ સ્વરૂપને તમે પ્રાપ્ત કરશો. અથવા સ્વરૂપના જ ધ્યાનથી નિત્યલીલાસ્થ સ્વરૂપનો સાક્ષાત્કાર થતાં કાલ માયાના બંધનમાંથી મુક્ત થઈને દૈવીજીવનો લીલા લોકમાં જ પ્રવેશ થાય છે, આને 'અકુતોભય' કહેલ છે. પ્રભુના સ્વરૂપ ધ્યાનનો આવો મહિમા પ્રભુ જ જાણતા હોવાથી ભા. 11-11-49માં ઉદ્ધવજીને આપેજ આજ્ઞા કરી કે- "હું તમને પરમ ગુહ્ય વાત કરૂં છું તે તમે સાંભળો." ગુહ્ય વાત, પોતાના અંતરંગ અને અતિશય કૃપા પાત્ર હોય તેનેજ કહી શકાય છે. જ્યારે પ્રભુ સ્વયં શ્રીમુખથી આવો નિગૂઢ ઉપદેશ પોતાના સ્વરૂપ પ્રાપ્તિ માટે આપી રહ્યા છે, તો નિજ્જનોએ આ પરમ હિતકારી દિવ્ય ઉપદેશને અતિ આદરથી ગ્રહણ કરવો યોગ્ય છે.

પ્રમેય બલનું સ્વરૂપ :

શ્રી ગોકુલેશ પ્રભુએ પણ નિજ્જનો પ્રતિ પ્રથમ દશા કે ઉત્તર દશામાં, અથવા સાધન દશામાં કે ફલ દશામાં સ્વરૂપના ધ્યાનનો જ આગ્રહ શ્રી સર્વોત્તમની ટીકામાં કરેલો છે,

તેમાં જે પરમ પુરુષાર્થ સિદ્ધ કરાવવા માટેની શ્રી ગોકુલેશ પ્રભુની પરોક્ષ મહા કારૂણિકતા રહેલી છે તેનું રહસ્ય એ છે કે પૂર્ણ પ્રમેય બલ પ્રભુના સ્વરૂપમાં જ રહેલું છે, અને આ પ્રમેય બલ જીવની કલ્પનાથી અતીત છે. એક ક્ષણમાંજ સ્વરૂપ ભાવનાથી સ્વરૂપમાં તદાત્મક કરે છે. સ્વરૂપના આવા અચિન્ત્ય પ્રમેય બલનો નિર્દેશ શ્રીગોકુલેશ પ્રભુએ "વિરહાનુભવૈકાર્થ સર્વ ત્યાગોપદેશકઃ" આ નામમાં કરેલો છે કે – "જે નિજ્જન પ્રભુના વિરહમાં સ્થિત રહી પ્રભુના સ્વરૂપની ભાવના ચિન્તન કરી રહેલ છે તેને એક ક્ષણમાંજ સાક્ષાત સંબંધ થઈ જતાં સર્વોત્કૃષ્ટ ફલ જે નિત્યલીલામાં પ્રવેશ, તેનું દાન કરે છે, અને તેથી અખંડ રસાનંદનો અનુભવ કરે છે. આવું આપ એક ક્ષણમાંજ કરે છે. સ્વરૂપનું આ પ્રકારનું પ્રમેયબલ હોવાથી સાધન દશા કે ફલ દશામાં સ્વરૂપધ્યાન માટેનો આગ્રહ શ્રીગોકુલેશ પ્રભુએ કર્યો છે.

મહાસિંધુ-સુધાસિધુ શ્રીવલ્લભ :

બન જા હરિદાસા હરિદાસા રે
મન છોડ સબનકી આશા ।
સુધાસિન્ધુકે નિક્ટ બસત હે
ક્યોં મરત મૂઢ પ્યાસા ।।
શ્રીવલ્લભકે પદકમલમેં મહા રસકી હે રાસા ।
પદકમલકો આશ્રય કરલે કટ જાય ભવકી ફાંસા ।।
'રસિક' જન તું પાન કરલે અમૃત રસકોપ્યાસા ।

ઉપરમાં "સુધા સિન્ધુકે નિક્ટ બસત હે" આ પંક્તિથી ભાવાત્મક સ્વતઃ સિદ્ધ સુધાના મહાસિન્ધુ સમાન આપણા આત્મામાં આત્મા રૂપે જ બિરાજતું અગણિત આનંદરૂપ તેનો શ્રીહરિરાયપ્રભુ પરિચય કરાવે છે. "નિક્ટ બસત હે" આપણા હૃદય ભિતરજ બિરાજી રહેલ છે તેવું સૂચન કરે છે.

બીજા પદમાં –

શ્રીવલ્લભ મહાસિન્ધુ સમાન ।
દાસ સુમરત હોત સબકો, અભય પદકો દાન ।।1।।
કૃપાજલ ભરપૂર રહે જહાં, ઉઠત ભાવ તરંગ ।
રત્ન ચૌદહ સબ પદારથ, ભક્તિ દશવિધ સંગ ।।2।।

રાસાદિ લીલા જલધિઓના (સમુદ્રોના) પ્રવાહો જેમાં સમાવિષ્ટ થઈ જાય છે, તેવા મહાસિન્ધુ સમાન શ્રીવલ્લભ આપણા આત્મા રૂપે આપણી જ ભીતર બિરાજી રહેલા છે. નિજ્જનો જે આ પદ કમલના જ આશ્રિત થઈ સ્વરૂપ ચિન્તન કરે છે, તેને લીલા લોકમાં પ્રવેશ કરાવી અભય પદનું દાન કરે છે. સ્મરણ કરનાર નિજ્જનોમાં લાવણ્યામૃતના અનિર્વચનીય માધુર્યભાવો રૂપી તરંગો ઉછળે છે. ''રત્નચૌદહ'' કહેવાથી શ્રીજી શ્રી નવનીતપ્રિયાજી આદિ મુખ્ય નિધિ અને ગોદના સ્વરૂપો, તથા લીલાધામસ્થ અનંત શ્રીસ્વામિનીજીઓ અને તેમના ભાવાત્મક અનંત પ્રભુના સ્વરૂપો, દશ પ્રકારની રસાત્મક ભક્તિ, લીલા લોકની સમસ્ત લીલા સામગ્રીઓ આ ''મહાસિન્ધુ'' સ્વરૂપ શ્રી વલ્લભમાં જ રહેલ છે, અને તેજ સ્વરૂપ આપણા આત્મા રૂપે નિક્ટ જ બિરાજી રહેલ છે.

પ્રશ્ન-શ્રીવલ્લભ નિજ્જનોના આત્મારૂપે નિક્ટ જ બિરાજી રહ્યા છે તો તેનો પ્રત્યક્ષ અનુભવ કેમ થતો નથી ?

ઉત્તર-તેનું કારણ નંદદાસજીએ બતાવ્યું છે

અતિ નિપટ નિક્ટ ઘટઘટ અંતરજામી આહી ।
વિષય વિદૃષિત ઇન્દ્રિય પકર સકત નહી તાહી ।।

ઇન્દ્રિયો સહિત મન આત્મગામી થતાં, અથવા પ્રભુના સ્વરૂપમાં પ્રવેશ થતાં પ્રત્યક્ષ અનુભવ થાય છે, બીજા પ્રકારે નહી.

દયારામભાઈને શ્રીજીની કૃપાથી મહાન સૌભાગ્ય પ્રાપ્ત થયું. શ્રીવલ્લભ નામરૂપી પરમ

ધન પ્રાપ્ત થયું. જે ધનની અભિલાષા લીલા લોકના સમગ્ર ભક્તો પણ કરી રહ્યા છે, તેવા પરમ ધનને દયારામભાઈએ પ્રાપ્ત કરેલું હોવાથી શ્રીવલ્લભના 'સર્વાજ્ઞાત' સ્વરૂપને જાણીને પોતાના મનને બોધ આપે છે –

શ્રીમદાચાર્યકો દયા તું તો હોય રહે ।
અનાયાસે અભદાતા એ પ્રભુ અનલ હે ।।

હે મેરે મન ! તું તો શ્રીવલ્લભનો જ થઈને રહી આવ. "એ પ્રભુ અનલ હે" અનલ કહેવાનું સ્વારસ્ય એ છે કે જલરાશી સમુદ્રમાં વડવાનલ અગ્નિ રહે છે. તે જ્યારે જલરાશી સમુદ્રને સુકાવી નાખવો હોય ત્યારે વડવાનલ અગ્નિ પ્રભુ ઇચ્છાથી પ્રક્ટ થઈ જાય છે. આ રીતે આપણા હૃદયમાં ભૌતિક અને આધ્યાત્મિક વાસનાના તરંગોને ઉછાળતો વાસનાનો સાગર ભરેલો છે, તેને શ્રીવલ્લભ નામરૂપી અનલ અનાયાસે જ ક્ષણ એકમાં શોષણ કરી લીલા લોકમાં પ્રવેશ કરાવવારૂપ અભયતાનું દાન કરે છે. આવું મહાન સામર્થ્ય શ્રીવલ્લભનું દયારામભાઈ જાણી ચુકેલા હોવાથી કહે છે કે –

"શ્રીમદાચાર્યજુકો દયા તુ તો હોય રહે" ।

ભાઈશ્રી ! નિકુંજ ધામમાં પ્રવેશ શ્રીવલ્લભ કૃપા વિના સર્વથા શક્ય નથી, શ્રીપદ્મનાભદાસજી કહે છે કે –

પ્રથમ વસીયે શ્રીવલ્લભપદ-
પંકજ નગર હી માંઈ ।
જહાં પરાગ પદ્મનાભાદિક
નિધિ વૃન્દાવન પાઈ ।।

દિવ્ય સ્નેહરૂપી મકરંદનું નખથી શિખા સુધી જેના સ્વરૂપો છે તેવા શ્રીસ્વામિનીજીઓના અનંત સ્વરૂપો જ્યાં નિવાસ કરી રહેલ છે, તેવા શ્રીવલ્લભ પદપંકજ નગરમાં, હે સખી

! "પ્રથમ વસીયે"-આશ્રય કરીએ. આ સર્વ લખવાનો એ જ હેતુ છે કે પ્રભુના સ્વરૂપ ધ્યાનમાં સ્થિત થવું.

"નિરોધ લક્ષણ"માં પણ "હરિમૂર્તિ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ." પ્રભુના સ્વરૂપનું સદા ધ્યાન કરવું તેવી આપે આજ્ઞા કરી છે.

ચતુઃશ્લોકીનું હાર્દ :

પ્રાકટયના પ્રારંભથી મહારાસ સુધી લીલા કરીને જે સ્વરૂપ શ્રી ગોપીજનોમાં સિદ્ધ કર્યું તેજ સ્વરૂપ નિજ્જનોમાં સિદ્ધ થાય તેવો ઉપદેશ ચતુઃશ્લોકીમાં આપશ્રીએ કરેલો છે. આપ સ્વયં શ્વીસ્વામિનીજી ભાવાત્મક સ્વરૂપથી જે પરમ પુરુષાર્થનો અનુભવ કરી રહ્યા છે, તેજ પુરુષાર્થ નિજ્જનોને પ્રાપ્ત કરાવવા "ચતુઃશ્લોકી" પ્રક્ટ કરેલ છે, તેમાં નિજ્જનોના કર્તવ્યનો નિર્દેશ કરેલો છે તેમાં સર્વદા પદ ધરેલું છે. "સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપ" સર્વદા નિજ્જનોનું આ જ કર્તવ્ય છે કે નિઃસાધનના સ્વામિ પ્રભુના સ્વરૂપનું નિરંતર સર્વ ભાવે કરીને ધ્યાન કરવું. "યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્માના હૃદિ" આ પંક્તિથી નિરંતર ધ્યાન કરી પ્રભુ સ્વરૂપ રૂપી ફલનું સ્વાધીનપણુ જતાવેલું છે. જેમ એક ચિત્રકાર ચિત્રને તૈયાર કરે છે તેમ ધ્યાન દ્વારા પ્રભુનું સ્વરૂપ હૃદયમાં અંકિત થતું જાય છે. ત્યારે ફલનું સ્વાધિનપણુ સિદ્ધ થયું કહેવાય છે. નિજ્જનોમાં આ પરમ પુરુષાર્થ (કે જે અતિ દુર્લભ છે તેને) સિદ્ધ કરવા માટે નિરંતર સર્વભાવે સ્વરૂપ ધ્યાનનો ઉપદેશ કરે છે – "અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ" જો સર્વાત્મભાવે કરીને પ્રભુનું સ્વરૂપ હૃદયારૂઢ થયું પછી બાકી શું પ્રાપ્ત કરવાનું રહે છે ? આ પંક્તિથી સ્વાધિન ફલના નિરંતર અનુભવનું સુચન કરેલું છે. તાત્પર્યમાં આ ચતુશ્લોકીમાં જણાવેલો પુરુષાર્થ છે. **"પુરુષાર્થ" એનું નામ કે જે સર્વથી નિરપેક્ષ હોય, પ્રભુ સ્વરૂપ સિવાય કોઈની અપેક્ષા ન રહે. સેવ્યમાં શું ન્યુનતા છે કે અન્યત્ર હસ્ત પસારવો પડે ?** ચતુઃશ્લોકીમાં કહેલો પુરુષાર્થ તો ચરમ કોટિનો છે. મુલ ધામસ્થ સ્વરૂપાનંદના અનુભવમાં સ્થિત કરનારો છે. અન્તીમમાં-"સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ" એ પ્રમાણે આજ્ઞા કરી છે. અનેક પ્રકારની રસાત્મક લીલાનો વિચાર-મનન તે

સ્મરણ રૂપ છે. અને કોટિકન્દર્પ લાવણ્ય પ્રભુના સ્વરૂપનું ધ્યાન એ ભજન રૂપ છે. આ બન્નેનો ત્યાગ નહી કરવો એમ નિજ્જનો પ્રતિ કોમલ આજ્ઞા છે. આ રીતે પ્રભુના સ્વરૂપનું નિરંતર ધ્યાન તેનું નામજ અનન્યતા છે. અનન્યતાના આગ્રહમાં શ્રી ગોકુલેશ પ્રભુ ચતુઃશ્લોકીના પ્રથમ શ્લોકની પ્રથમ પંક્તિનો નિજ્જનોને સંકેત કરે છે કે લીલા સાગરના સાર રૂપે આ ચતુઃશ્લોકી પ્રક્ટ કર્યા છે. જન્મ પ્રકરણથી લઈને મહારાસ સુધીના લીલા સાગરનું દોહન કરીને જે સ્વતઃ સિદ્ધ રસ પ્રક્ટ કર્યો છે તે આપે ચતુઃશ્લોકીમાં ધરી દીધેલો છે.

હરિના હરિ થવું એ પુષ્ટિમાર્ગમાં શિખર અધિકાર રૂપ છે. અને આવો શિખરનો અધિકાર મેળવવા માટે ચતુઃશ્લોકીના આશયને હૃદયમાં ધારણ કરી નિરંતર સ્વરૂપ ધ્યાનમાં સ્થિત રહેવું યોગ્ય છે.

અનન્યાશ્ચિન્તયન્તોમાં યે જનાઃ પર્યુપાસતે,
તેષાં નિત્યાભિ યુક્તાનાં યોગક્ષેમં વહામ્યહં.
(ગીતા-9/29)

કેવલ મારા સ્વરૂપનો જ આશ્રય કરીને મારા સ્વરૂપનું જે ચિન્તન-ધ્યાન કરે છે તેવા અનન્ય જનનો 'યોગ' એટલે મારા સ્વરૂપની પ્રાપ્તિમાં જે રસાત્મક ભાવોરૂપી સંપદાની આવશ્યકતા છે તેનું હુંજ દાન કરૂં છું. અથવા હૃદયમાં રહીને રસાત્મક ભાવો રૂપી સંપત્તિનો પ્રવાહ પ્રેરણા દ્વારા વહેવડાવીને મારા સ્વરૂપમાં સ્થિત થવા રૂપી "યોગ" હું જ સિદ્ધ કરૂં છું અને આ મહાન દિવ્ય ભાવ નિધિનું જે હું દાન કરૂં છું તેનું ચારે તરફથી રક્ષણ પણ હું જ કરૂં છું. આ રક્ષણ વિરહાનુભવરૂપ અજેય દુર્ગમાં થાય છે. અનન્યજનો માટે પ્રભુ આટલી બધી બાંહેધરી આપી રહ્યા છે છતાં આ અતિશય કરૂણા ઉપર કેમ લક્ષ અપાતું નહી હોય ? આ એક આશ્ચર્ય ઉત્પન્ન કરે છે ! અનંત ગુણ ગંભીર, પરમ ઉદાર, પોતાના મહારસનું દાન કરવા ઉત્સુક, આવા પ્રભુને છોડીને અન્યત્ર ભીક્ષા માગવાની વૃત્તિ કેમ થતી હશે ?

"સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ" સ્વદાસને અર્થે પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવવા માટે પ્રભુ સ્વયં સમસ્ત સાધનો કરી રહેલ છે, પછી કોની આશા કરવાની રહે ? મહાસાગરનું જ્ઞાન થયા પછી કૂપ-સરોવર-સરિતાની કોણ આશા કરે ?

છાંડ સાગર કોન મૂરખ ભજે છિલ્લર નીર ।
'રસિક' મનકી મીટી અવિદ્યા
પરસી ચરણ સમીર ।।

પરમ કારૂણિક મહાનુભાવોએ સ્વરૂપાનુભવ કરીને માર્ગદર્શન આપેલું હોવા છતાં તે તરફ કેમ લક્ષ પહોંચતું નથી ?

જેમ શ્રી શુકે પરીક્ષિતને અંતીમ ઉપદેશમાં પ્રભુના સ્વરૂપના ધ્યાનનો જ નિર્દેશ કરેલો છે, તેમ આપણી ઉત્તર અવસ્થામાં આપણે જે કરવાનું છે, તેના સાધનનો નિચોડ બહુજ વિચારના મંથન પૂર્વક અહીં નિવેદન કર્યો છે.

દિવ્ય પ્રેમકા મહત્વ

જીન પ્રેમ રસ ચાખા નહી અમૃત પીયા તો ક્યા હુવા ।
યદી ઇસ્કમેં શિર ના દીયા જુગ જુગ જીયા તો ક્યા હુવા ।।
જોગી ઓર જંગમ બને, કપડા રંગાકર પહેનતે ।
વાકીફ નહી ઉસ હાલસે કપડે રંગેતે ક્યા હુવા ।।
દેખી ગુલ્સતાં વાહતા મતલબ ન પાયા શેખકા ।
સારી કીતાબો યાદ કર પઢ કર મુવા તો ક્યા હુવા ।।
કાજી ઓર હાજી બને ફાજીલ બને તો ક્યા હુવા ।
દિલકા દિવાના ના બના દાના બના તો ક્યા હુવા ।।
જીસ ઇસ્ક કે દરીયાવમેં ગરકાવ તું હોતા નહી ।
ગંગા યમુના ગોદાવરી ન્હાતા ફીરા તો ક્યા હુવા ।।

નિવેદનના સ્મરણનું રહસ્ય

લેખક : **પ. ભ. શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

નિવેદનનું નિરંતર સ્મરણ કરવું તેવી આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ 'નવરત્ન' ગ્રંથમાં કરી છે. આ નિવેદનના સ્મરણથી આપણને તાપકલેશ પ્રક્ટ થાય છે. તાપકલેશ વિના ભૌતિક, આધ્યાત્મિક આધિદૈવિક અવિદ્યાજનીત પ્રપંચની નિવૃત્તિ થઈ શકતી નથી અને તેથી અલૌકિક દેહ પ્રાપ્ત કરી નિત્યલીલાસ્થ રસાત્મક પૂર્ણ પુરુષોત્તમના અગણિતાનંદનો સ્થાયી-અખંડ અનુભવ થઈ શકતો નથી. ઉપરોક્ત નિવેદનનું સ્મરણ તાદ્રશી જનની સાથે કરવાની આપે આજ્ઞા કરી છે. તાદ્રશી એને કહેવાય કે નિત્યલીલાસ્થ પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપનો, લીલાધામના દિવ્ય પરિકરનો, દિવ્ય લીલાધામનો સાક્ષાત અનુભવ જે કરતો હોય તે તાદ્રશી કહેવાય. તેવા તાદ્રશી તો અષ્ટ સખાદિ મહાનુભાવો છે. સારસ્વત કલ્પની અવતાર લીલા સમયે પ્રિયપ્રભુએ વેણુનાદ દ્વારા દ્રવીભૂત સુધાનો પ્રવેશ શ્રીગોપીજનોમાં કરાવ્યો ત્યારે તેમણે વેણુગીત રૂપે ગાન કર્યું. તેમ દ્રવીભૂત સુધા સ્વરૂપે શ્રીવલ્લભ પ્રભુએ અષ્ટ સખાદિ મહાનુભાવોના હૃદયમાં પ્રવેશ કરી લીલા ગાન કરાવ્યું છે.

આ ગાન કરાવવાનો હેતુ ભવિષ્યની પુષ્ટિ દૈવી સૃષ્ટિને નિત્યલીલાનું સ્મરણ કરાવી તાપ ભાવની જાગૃતિ અને તાપભાવની વૃદ્ધિ થવા માટે છે. સાક્ષાત દર્શન કરીને ગાન કરેલું છે તેથી આ બડભાગી મહાનુભાવોની વાણીમાં આધિદૈવિકતા (રસરૂપતા) રહેલી છે. અથવા કોઈ કુંજમાં એકાન્ત સ્થળમાં બિરાજતા પ્રિયતમ અંતરંગ સખીને આજ્ઞા કરે છે કે તું શ્રીસ્વામિનીજીને અહીં પધરાવી લાવ. આ આજ્ઞાનુસાર અંતરંગ સખી શ્રી સ્વામિનીજીને પધરાવી લાવે છે. તેમ લીલાના સાક્ષાત દર્શન કરીને ગાન કરનારા મહાનુભાવો ભૂતલસ્થ તાદ્રશી ભક્તના મન ચિત્તને લીલાસ્થાનમાં દૂતીરૂપ બનીને પહોંચાડે છે. અથવા લીલાગાન કરનારા ભૂતલસ્થ ભક્તના હૃદયમાં લીલાનું માનસચિત્ર પ્રગટ થાય છે. પરન્તુ જેમ નિર્મળ જળાશયોમાં જ ચન્દ્રમા અને તારાગણ સહિત આસમાનનું પ્રતિબિમ્બ દેખાય છે, તેમ ભૌતિક પ્રપંચ રહિત હૃદયમાં

લીલાસ્થાનનું માનસ-ચિત્ર અંકિત થઈ જાય છે.

નિવેદનના સ્મરણમાં ચાર-તત્વોનું ચિંતન કરવાનું હોય છે. તે પ્રકાર નીચે મુજબ :

(1) પૂર્ણ પુરુષોત્તમનું નિત્યલીલાસ્થ સ્વરૂપ (2) નિત્યલીલા ધામમાં બિરાજમાન શ્રીસ્વામિનીજી આદિ દિવ્ય પરિકર (3) શ્રીયમુનાજી, શ્રી ગિરિરાજજી, કુંજો-નિકુંજો, પક્ષીગણો આદિ લીલા સામગ્રી સહિત લીલાધામ અને (4) નિવેદનનું સ્મરણ કરનાર ભૂતલસ્થ ભક્તનું પોતાનું આધિદૈવિક સ્વરૂપ. આ ચારે તત્વોના અનુસંધાન પૂર્વક નિવેદનનું જો નિરંતર સ્મરણ થાય તો તાપકલેશ અવશ્ય પ્રગટ થાય છે. કારણકે આપણને (ભૂતલસ્થ ભક્તોને) વર્તમાન સ્થિતિમાં ઉપરોક્ત ચારે તત્વોનો સાક્ષાત્કાર નથી. નિવેદનના સ્મરણમાં તેની સ્મૃતિ રહેવાથી આવું સ્મરણ કરનાર ભક્તોને અવશ્ય તાપકલેશ પ્રગટ થાય છે.

કૃષ્ણદાસ મેઘનજીએ વરદાનમાં શ્રી મહાપ્રભુજી પાસે માગ્યું : "હું આપના માર્ગનો સિદ્ધાંત જાણું." આ સિદ્ધાંત તે પ્રિયતમ પ્રભુ માટેનો નિરવધિ તત્સુખ ભાવ છે. શ્રીદમલાજીએ શાંકર મતમાં કેટલાંએક કાપાલિકો તેમજ ચાર્વાકો વિ.ને તોપને ગોળે દીધાની વાર્તાઓ છે, કારણ કે રાજ્યાશ્રયનું એ પરિણામ હતું. શ્રીવલ્લભે કોઈ પણ સમયે આ રાહ લીધો નથી. વિદ્યા વિનયથી શોભે છે એ આપે સિદ્ધ કરી આપ્યું છે. સરસ્વતિના આપ સ્વામિ હતા. થાનેશ્વર પાસે આપે સરસ્વતિ ઉલ્લંઘન કર્યું નહિં. આપ વાકપતિ, વિબુધેશ્વર છે. આપે વેદ, શ્રીગીતા, વ્યાસ સુત્ર, શ્રીમદ્ ભાગવત એ ચારને પ્રમાણભુત માની પોતાના મતનું મંડન કર્યું હતું. આપ સાત્વિક હોઈ સાત્વિકતાને જ અનુસર્યા હતા. કોઈ વખત ક્રોધ કર્યો હોય એવો એકપણ દાખલો આપના ચારિત્ર્યમાં નથી. આપનું સમસ્ત જીવન નિર્મોહી તેમજ અતિ સરળ હતું, આપની સતત વિચારણા જીવોનું કલ્યાણ કેમ થાય એજ હતી.

આપના સ્વરૂપનું વર્ણન "સૌંદર્ય નિજહૃદગતં" એ શ્લોકમાં (સૌંદર્ય પદમાં) શ્રીગુસાંઈજી મહારાજે અત્યુત્તમ કરેલ છે. તેમાં અતિ ગુઢતા રહેલ છે. હાલ પણ કળા કૌશલ્ય, સામગ્રી, કીર્તન, શ્રૃંગાર વિગેરે જે પુષ્ટિમાં છે તે દુનિયામાં ક્યાંય નથી. ટુંકાણમાં

શ્રીવલ્લભ અદ્વિતિય છે તેવો જ માર્ગ પણ અદ્વિતિય છે.

આપશ્રીના અંતિમ સમયે આપશ્રીએ આપણને સૌને એક મહત્વનો ઉપદેશ આપેલો છે. (યદા બહિર્મુખા યુયં ભવિષ્યતિ...) અંતિમ સમયે સાડા ત્રણ શ્લોકમાં બહુ મહત્વનો ઉપદેશ આપેલો છે, જે સંપ્રદાયમાં સુવિદિત છે, અને તે આપશ્રીનો આખરી ઉપદેશ અથવા વસિયતનામું એ સંજ્ઞાથી પ્રસિદ્ધ છે.

આ માર્ગમાં આપણો અંગીકાર થયો છે તે આપણું મહદ્ ભાગ્ય છે.

સંસાર – સાગર તરવાની નૌકા

- પથિક

જન્મ-મરણમાંથી છૂટવા માટે શ્રીમહાપ્રભુજીનું શરણ મળ્યું. નામરૂપી "નાવ" સંસાર સમુદ્રને તરવા કૃપા કરીને આપી છે. પ્રભુનો આપણને અનન્ય આશ્રય હોય તો ભગવદનામ "નાવ" (નૌકા) બને છે અને ભગવદનામ જ "નાવીક" બને છે. જ્યારે નામ જ નાવીક બને છે ત્યારે ક્યાંય પણ લંગર કર્યા વિના (રોકાયા વિના) સલામત પોતાના ધામમાં જ પહોંચાડે છે. આવું નાવ અને નાવીક શ્રીવલ્લભ-કૃપાવાળાને પ્રાપ્ત થયું છે. જીવને તો એટલું જ કરવાનું છે કે સંસારનો સામાન (અહંતા-મમતાનાં પોટલાં) સાથે નહિ લેતાં પોતે એકલો જ નાવમાં બેસી જાય. બસ, પછી ચલાવનાર કુશળ છે અને તે આપણે જ નિત્યનો સંબંધી અંતરયામી પ્રભુ છે, જે આપણું અક્ષય સુખ વિચારનાર છે.

શ્રી વલ્લભ ચરણરેણુનું સ્વરૂપ

- પથિક

શ્રીવલ્લભ ચરણરેણુનું એવું સ્વરૂપ છે કે આ રેણુધન પ્રાપ્ત કરેલો જન યાચક નથી બનતો પરંતુ દાતા બને છે. ઉપાસ્યના ગુણો ઉપાસકમાં આવે છે. વલ્લભ સ્વામી મહોદાર ચરિત્રવાન છે. તેઓશ્રીના અનન્ય આશ્રયથી તેમના આ ગુણો નિજ્જનોમાં પણ આવે છે. જેવા સ્વામી તેવા સેવક બને છે, તેમાં જ સ્વામીની બડાઈ થાય છે.

રાસાદિ લીલા-અમૃતના અનેક સમુદ્રો જેમાં ભરેલા રહે છે, તેવા શ્રીવલ્લભ સ્વામીને પ્રાપ્ત કર્યા પછી આપણે કોના યાચક રહીએ ?

શ્રીવલ્લભચરણ રજોધન જે જને પ્રાપ્ત કરેલ છે, તે પ્રભુ પાસે પણ કૃપાની યાચના કરતો નથી. પરંતુ પ્રિય પ્રભુ માટે સુખાત્મક ભાવના અનેક મનોરથ કરી પ્રિય પ્રભુને વિલસાવે છે. આ રજોધનનો અદભુત પ્રભાવ છે. આ રજોધન પ્રાપ્ત કર્યા પછી અન્ય ભક્તની કુંજમાં બિરાજતા પ્રિયતમને દુતી દ્વારા નિમંત્રણ આપવાની જરૂર નહિ રહે.

કમલ બુલાવન કબ ગયે, કબ કીનો સન્માન ।
નેહ નિમંત્રણકે સગે, અલિ અધિર ઉલટાન ।।

કમલ ભ્રમરને બોલાવવા જતું નથી પણ ભ્રમર જ કમલ મકરંદથી આકર્ષીત થઈ કમલ પાસે પહોંચી જાય છે. તેમ શ્રીવલ્લભ ચરણરજ જેણે પ્રાપ્ત કરી છે તેના હૃદય-કમલમાં તત્સુખી મધુર પ્રેમરૂપી મકરંદ પ્રગટ થાય છે. આ મકરંદનું પાન કરવા પ્રભુ અધીર બનીને સ્વતઃ તે ભક્ત પાસે પધારે છે. શ્રીવલ્લભની આ ચરણરજમાં તત્સુખી મધુર પ્રેમની ધારા અખંડ વહ્યા કરે છે. તે પ્રવાહ શ્રીવલ્લભ-જનના હૃદય સરોવરમાં સંચિત થાય છે અને આ સરોવર સદા તત્સુખી મધુર પ્રેમજલથી ભરેલું રહે છે. તેમાં તત્સુખી ભાવના રૂપી અનેક કમલો પ્રગટ થાય છે. તે કમલની મધુર મકરંદનું પાન કરવા પ્રિયતમનું મન રૂપી ભ્રમર અધીર થઈ મકરંદ પાનમાં વશીભૂત થઈ જાય છે. શ્રીવલ્લભ પદામ્બુજરજના પ્રભાવથી જ પ્રાથમિક પ્રેમની અવસ્થાથી પ્રિય પ્રભુને વશીભુત કરી લેવા સુધીની ફલદશા સુધી પહોંચી શકાય છે.

મહાનુભાવ શ્રીપદ્મનાભદાસજીએ શ્રીવલ્લભ ચરણરજને રાજધાની રૂપ કહી છે. આ ચરણરજનું જ સર્વત્ર સામ્રાજ્ય છાયેલું છે. અશેષ ભક્તો આ અનિર્વચનીય રજની જ પ્રાર્થના કરે છે. "અશેષ ભક્ત સંપ્રાર્થ્ય ચરણાબ્જ રજોધનઃ"

(શ્રી ગોપેશ્વરજી કૃત)

પ્રેષક – પ. ભ. પ્રાણજીવનદાસજી, ભાવનગરવાળઆ, મુા. મથુરા.

- પ્રારમ્ભ -

અબ નવમ શિક્ષાપત્રમેં પ્રેમ આસક્તી વ્યસન કો નિરૂપણ પ્રથમ કરત હે. અષ્ટમ શિક્ષાપત્રમેં દિનતા કરિ નિઃસાધનતા હોય તે અનુભવ હોય એસે નિરૂપણ કિયો, સો રસાત્મક સ્વરૂપકો અનુભવ કોન પ્રકાર હોય, સો નવમ શિક્ષાપત્રમેં શ્રી હરિરાયચરણ આજ્ઞા કરત હે.

કદાનિજપતિઃ કૃષ્ણઃ સ્વવિંબં દર્શ યિષ્યતિ ।
બદ્ધ વદંશિખં નિલકું તલાવરળાનનમ્ ।।1।।

ભાવાર્થ – વિપ્રયોગમેં અનુભવ કરિકે શિખાતે લેકે ચરણારવિંદ તાંઈ સ્વરૂપકો નિરૂપણ કરત હે જો હમારે નિજપતિ શ્રીકૃષ્ણ તિનકો દર્શન કબહુ હમકો હોયગો ? અબ શ્રી હરિરાયજી “કદા” પદ કહે, જો કોઈ સમે તો એસો હતો જો મેરે નિજપતિ શ્રી કૃષ્ણ તિનકે હોં સમીપ હતો. અરૂ સેવા શ્રુંગાર આદિ કરત હતો. સ્વરૂપાનંદકો અનુભવ કરત હતો. અષ્ટપ્રહર શ્રી પ્રાણનાથજી કે સેવા સંબંધમેં સુખદ કાલ વિતત હતો. અબ એસો દુઃસહ કાલ પ્રાપ્ત ભયો હે જો મોસોં પ્રાણનાથકો દર્શન હું નહિં હોત-અરૂ સેવાહી નહિં હોત હે- અબ પ્રાણનાથ વિના યહ દુઃસહ કાલ મેં કેસે બિતાઉં ? યા સમય પ્રાણનાથ સંબંધી સખીહુ (ભગવદીય) કોઈ મેરો પાસ નાહિં હે તોતેં અબ મેં કહા કરૂ ? અબ ફેરિ એસો શુભ સમય કબ આવેગો ? જો મોકોં ઈન નેત્રનસોં શ્રી પ્રાણનાથકી સેવા કરત-શ્રી મુખકો અવલોકન કરૂં. એસો કાલ આવેગો ? અરૂ અપને શ્રવણસોં પ્રાણનાથકે વચનામૃત સુનું, અરૂ હદયસે પ્રણનાથ મોકોં લગાવેંગે-અરૂ મેં પ્રાણનાથકી સેવા ધાયકે કરૂંગો, અરૂ સન્મુખ જોતે હી પ્રણાન કરૂંગો, એસો સમયો ફિર કબ આવેગો ? પરન્તું યહ દુઃસહ કાલ વિયોગરૂપ મોંકો પ્રાપ્ત ભયો હે સો મોકો કોન અપરાધતેં યહ દુઃસહ કાલ પ્રાપ્ત ભયોહે-મોસોં કોઈ બડો અપરાધ ભયો હે તાતેં શ્રી પ્રાણનાથજીને મેરો ત્યાગ કીયો હે.

અબ શ્રી હરિરાયજી કહત હે, જો મેરે નિજપતિ શ્રી કૃષ્ણ કેસે હે ? પરમ દયાલ હે, તાતેં મેરો અપરાધ ક્ષમા કરેગે, મોકોં ફેરિ દર્શન દેહિંગે યહ નિશ્ચય હે- સો કાહેતેં જો મેરે નિજપતિ હે. મેરો પાણીગ્રહણ કીયો હૈ તાતે મોકો વહ છોડેંગે નહી મેરો અપરાધ ક્ષમા કરેગે. સો કાહેતેં જો મેરો અંગીકાર કિયો હે સો દ્રઢ હે, તાતેં નીશ્ચે મોકોં દર્શન દે સુખદાન કરેંગે.

અબ શ્રી હરિરાયજી **"નિજપતિ"**પદ કહે, સો યાતેં જો આપ વ્રજભક્તનકે ભાવમેં મઝ્ન ભયે હે, અરૂ અપનો દેહાનુસંધાન ભુલી ગયે હે. આપકો જો અલૌકિક સ્વરૂપ હે સો તો વ્રજભક્તનકે સ્વામિની ભાવાત્મક હે, તાતે શ્રી હરિરાયજીકે હૃદય મેં શ્રી સ્વામિનીભાવ સ્થિત ભયો હે. તાતેં "નિજપતિ" પદ કહે. અથવા શ્રી સ્વામિનીજીકે વિયોગ સમયકી ભાવના કરત કરત શ્રી સ્વામિનીભાવ શ્રી હરિરાય ચરણકે હૃદયમેં હૃદયારૂઢ ભયો હે, સો શ્રી સ્વામિની સ્વરૂપ હોય ગયે, તાતેં નિજપતિ પદ કહ્યો અથવા શ્રી કુમારિકાજી વિયોગ સમે શ્રીપ્રભુજીસોં પ્રાર્થના કરત કરત કહત હે, જો હે નિજપતિ શ્રીકૃષ્ણ ! કુમારિકાજી, કાત્યાયનીકું પ્રાર્થના કરત હે અરૂ અપુનો અભિષ્ટ માંગત હે જો " નંદગોપ સુતં દેવી પતિંમે કુરૂતેનમઃ"યાતેં શ્રી કુમારિકાજીકો પતિભાવ મુખ્ય હે તાતેં શ્રી કુમારિકાજીકે વિયોગ સમેકે વચનકી સ્મૃતિ કરકેં શ્રી હરિરાયજી શ્રીકુમારિકાજીકે ભાવસોં કહત હે જો "નિજપતિઃ કૃષ્ણ" અથવા શ્રી સ્વામિનીજી કે માનકે ઉત્તર ભાગમેં શ્રી પ્રભુજીસોં વિયોગ ભયો, સો મહા તીવ્ર વિરહ હે. તા સમેં શ્રી સ્વામિનીજી કહત હે જો "કદાનિજપતિ કૃષ્ણઃ" સો "કદા" પદ કરિકો કિતનેક કાલ માનો પ્રાણનાથ બિના બિતાગયે. તેસેઈ વિરહમેં કહે જો "કદા" હે નાથ એક સમો એસો હતો સો મેં શ્રી પ્રાણનાથ મેરે નિજપતિકોં મિલકેં નાના પ્રકારકે હાસ્ય વિનોદ કટાક્ષાદિક-અનેક વિલાસ સુખકો ભોગ કરત હતી અરૂ યા સમે મેરે પ્રાણનાથ વિના મેં અકેલી ભઈ હું. મેરે નિજપતિ વિના મહા દુઃખ પાવતહું, અબ પ્રાણનાથ બિના યહ દુઃસહ કાલ કેસે બિતાવું ? અબ ઓરહું મહા દુઃસહ કાલ મોકોં પ્રાપ્ત ભયોહે-સો અબ ફેરિ એસો શુભ કાલ કબ આવેગો જો મેરે નિજપતિ કૃષ્ણ આય કે દર્શન દેહિંગે ? એસો શુભ કાલ કોનસે સમે

આવેગો ? અથવા શ્રી પ્રભુજી મોકોં ત્યાગતો નહિ કરેંગે ? કયોં જો મેરેતો વે નિજપતિ હે. સો મેરો પરિત્યાગ કબહું નહિ કરેગેં યહ નિશ્ચયાત્મક સિદ્ધાંત હૈ તાતે શ્રી સ્વામિનીજી કે વાક્ય હૈ કદા નિજપતિ કૃષ્ણઃ યહ નિજપતિ વાક્ય શ્રી સ્વામિનીજીકો હૈ તાતે શ્રી સ્વામિનીજીકે આવેશ તે શ્રી હરિરાયજી કહેજો । "કદા નિજ પતિઃ કૃષ્ણ" અથવા હરિરાયજી કે હૃદયમેં સદા વ્રજભક્તનકો ભાવ ભર્યો રહત હૈ સો ત્યાગ કેસે કરેંગે ?

શ્રીમહાપ્રભુજીકો તો યહ સ્વભાવીક ધર્મ હે-જો જીનકો અંગીકાર કરે તિનકો પરિત્યાગ કબહુ કરત નહિં-એસે શ્રી પ્રભુજીતો મેરે નિજપતિ હે. તાતેં મેરો પરિત્યાગ કબહું નાહિ કરેગે. યહ નીશ્ચયાત્મક સિદ્ધાન્ત હે. તાતેં શ્રી સ્વામિનીજી કે વાક્ય હે 'કદા નિજપતિ કૃષ્ણઃ' યહ નિજપતિ વાક્ય શ્રી સ્વામીનીજીકો હે તાતેં શ્રી સ્વામિનીજીકે આવેશતેં શ્રીહરિરાયજી કહે જો "કદા નિજપતિઃ કૃષ્ણઃ" શ્રીહરિરાયજીકે હૃદયમેં સદા વ્રજભક્તનકો ભાવ ભર્યો રહત હે. તથા શ્રી સ્વામિનીજી શ્રી હરિરાયજીકે હૃદયમેં બિરાજત હે. શ્રી સ્વામિનીજીકે ભાવમેં સદા શ્રીહરિરાયજીકો મન મગ્ન રહત હે. તાતેં અત્યંત વિરહતે ભીતર રસાત્મક ભાવ હતો. સો શ્રી સ્વામિનીજી ભાવતેં બાહીર પ્રગટ ભયો હે. વિરહ કરિ આંતરભાવ બાહિર ઉમગ્યો. તાતેં શ્રીહરિરાયજી અપને નિજપતિ કહે. અથવા બ્રહ્મસંબંધ કો સુમરન ભયો જો મોકોં શ્રી આચાર્યજી મહાપ્રભુદ્વારા બ્રહ્મસંબંધ ભયો હે જો મેને તુલસી સર્મપી હે સો યહ સંબંધહું સત્ય સંકલ્પ હે, દ્રઢ હે. તા ભાવતેં શ્રી હરિરાયજી કહત હે જો "કદાનિજપતિઃ કૃષ્ણઃ" યા ભાવતેહું શ્રીકૃષ્ણ હમારે પતિ હે. સો શ્રી પ્રભુજી આપ અપુને નિજસ્વરૂપકો દર્શન કબ કરાવેંગે.

અબ શ્રી પ્રભુજી શ્રીકૃષ્ણ હમારે પતિ હે સો કેસે હે ? જો નખતેં શીખા પર્યંત વ્રજભક્ત દર્શન કરિ અનુભવ કરત હેં. તેસેઈ શ્રી હરિરાયજી વિરહ અવસ્થામેં વારંવાર મૂર્છા કરિ વ્યથીત હોય હે ઓર મૂર્છામેં સ્વરૂપકો ધ્યાન કરત હે. સો વૃન્દાવનમેં કિશોર અવસ્થામેં સદા બિરાજત હૈ ઓ કા હે તે જો વૃન્દાવન મેં શ્રી વ્રજભક્તનકે ભાવાત્મક શ્રી પ્રભુજી સદા કિશોર હૈ. વ્રજ ભક્ત હું કિશોર હૈ, તાતેંકિશોર લીલામેં આસક્ત હે. તથા શ્રી સ્વામિનીજીહું નવ કિશોર હે તાતેં નવ કિશોર સ્વરૂપસો-સદા વૃન્દાવનમેં નાના પ્રકાર

લીલા વિહાર કરત હે તાતેં શ્રી હરિરાયજી વ્રજભક્તનકે ભાવસોં ભાવિત હે. અરૂ શ્રી સ્વામિનીજી કે ભાવસું ભાવીત હે તાતેં કિશોર સ્વરૂપકો શ્રીહરિરાયજી વર્ણન કરત હે. સો કિશોર સ્વરૂપ જો પ્રભુજી તિનકે દર્શનકી અપેક્ષા પ્રતિક્ષણ કરત હે. સો શ્રી કૃષ્ણજીકો સ્વરૂપ કેસો હે ? કેવલ વ્રજભક્તનકે સુખદાનાર્થહી જીનકો પ્રાગટ્ય હે. એસે જો શ્રી પ્રભુજી, સો વૃન્દાવનમેં શ્રી સ્વામિનીજીકો ત્થા વ્રજભક્તનકો કેસો સ્વરૂપ ધારણ કરિકે સદા વિરહ રસદાન કરત હે.

અબ શ્રી હરિરાયજી અનુભવ વેદ્ય સ્વરૂપકો વર્ણન કરત હે, જો મેરે નિજપતિ શ્રીકૃષ્ણ કેસે હે ? "**બર્હ શિખં**" યાકો ભાવ જો બર્હ કહેતે મયુર, તિનકે પક્ષ-પંખ તાકે ગુચ્છાકો અનેક પંખ એકત્ર કરિ જુડો બાંધી કે તાકે મુકુટ સંવારકે મસ્તક ઉપર શીખાપે ધારણ કીયે હે. સો મુકુટ ધારણ કરિ વૈકો અભિપ્રાય તો યહ જો મુકુટ ધારણ કરિવેકો અભિપ્રાય તો યહ જો મુકુટકો શ્રૃંગાર હૈ સોતો શ્રી સ્વામિનીજીકુ રસદાન કરણાર્થ મુકુટ ધારણ કરત હૈ સો મુકુટ ધારણ કરિકે શ્રીસ્વામિનીજીકો પરમ અલૌકિક આધિદૈવીક કોટિ કામ રસરૂપ હોય, રતીરસ દાન કરણાર્થ મુકુટકો શ્રૃંગાર કરિ રસદાન કરત હે. તેસેઈ મોપેં કૃપા કરિ મુખ્ય રસરૂપ સ્વરૂપસું મુકુટ ધારણ કરિ મોકોં કબ દર્શન દેંગે ? કબ રસદાન કરેંગે ? યહ પ્રતિક્ષા કરત હે. સો તો યાતે જો એકતો મોરકે પંખમેં અનેક ચિત્ર વિચિત્ર રંગનકી શોભા હે, તાતેં મુકુટકો ધારણ કરત હે. અથવા મોર હે સો ઉત્તમ પક્ષી હે. ઉર્ધ્વ રેતસ હે. અથવા મોરકું મોરનીકું રતિદાન જબ કરનો હોય તબ મયુર કલા પુરત હે, અન્યથા કલા નહિં પુરે હે. તથા મોર નૃત્યકલામેં બહુત ચતુર હે, ઈત્યાદિ ભાવસું મોર મુકુટ ધારણ કરત હે. જો મુકુટકો શીંગાર નિત્ય લીલાવિહાર સંબંધી હે. તાતેં શ્રી પ્રભુજી મોર મુકુટ ધારણ કરત હે. અરૂ મુકુટ ધારણ કરિકે શ્રી સ્વામિનીજી આદિ વ્રજભકતનકો રતિ રમણકી સુચના કરત હે. ઓર મુકુટમેં અનેક ચંદ્રીકા દે સો કલા પુરેકો ભાવ હે. અથવા ચંદ્રીકાકી પંકતી બાંધે હે, સો રાસરસણમેં અનેક વપુ શ્રી પ્રભુજી ધરે હે. અથવા અનેક ભક્તનકો મંડલ હે, તામેં શ્રી પ્રભુજી મોર મુકુટકો ધારણ કરિ બિરાજત હે, મધ્ય મંડલ સ્થિત હોય નૃત્ય કરત હે. અથવા મોર મુકુટ ધારણ કરકે કોટિ કામકો ઉદ્દીપન કર્તા હે. અથવા મુકુટ ધારણ કરકે કોટિ કામકો અનુભવ ભક્તનકો કરાવત હે. અથવા મોર

પંખમેં ચાર પ્રકારકો રંગ હે. મધ્યમેં શ્યામ, તથા પીત, હર્યો, અરૂ લાલ, એ ચાર રંગ હે સો સ્યામ રંગ વર્ણકોતો શ્રી સ્વામિનીજી સદા નીલાંબર ધારણ કરત હે, તથા પીત વર્ણકે વસ્ત્ર શ્રી યમુનાજી ધારણ કરત હે. તથા હરે રંગકે વસ્ત્ર શ્રી કુમારિકાજી ધારણ કરત હે, તથા લાલ રંગકે વસ્ત્ર શ્રુતિરૂપા શ્રી ચંદ્રાવલીજી ધારણ કરત હે. તાતેં ચાર્યો યુથાધિપતિકે ભાવતેં શ્રી ઠાકુરજી મોર મુકુટ ધારણ કરત હે. તથા મોર પંખમેં અનેક રેખા હે. સો એક એક રેખામેં ચાર્યો રંગ દૃશ્યમાન હોય હે. સો જેસે એક એક રેખાકે સમુદાય હે. તેસે અનેક ભક્તનકે મંડલ હે. તામેં એક એક મંડલમેં ચાર્યો રંગ દૃશ્યમાન હોય હે. સો પીતવર્ણ મુખ્યાધિપતિ હે. અરૂ તીન રંગ ત્રીગુણાત્મક હે. પીત રંગ તો નિર્ગુણ હે, લાલ રંગ રજોગુણ હે, હર્યો રંગ તમોગુણ હે. સ્યામ રંગ સત્વગુણ હે. એસે અનેક મંડલવર્તી શ્રી પ્રભુજી હે. સો ચાર્યો ઓર મંડલાકાર ભક્ત હે. સ્યામરંગ શ્રી પ્રભુજીકો હે. તામેં અનુરાગરૂપ આરક્ત લાલ વર્ણ હે, અરૂ-સ્યામ પીત દોઉ એકત્ર ભયેતેં હર્યો રંગ હોત હે. સો અત્યંત ઉત્સાહ રૂપ હે. અથવા મોરપીચ્છાકો મુકુટ ધારણકો યહ કારણ હે જો દ્રષ્ટી દોષ નીવારણ કરિકેં કાર્યસિદ્ધ કરણાર્થ ધારણ કરત હે. તથા રસ ઉદ્દીપનાર્થ શ્રૃંગારરૂપ મુકુટ ધારણ કિયે હે. તાતેં મુકુટમેં અનેક ભાવ હે. ભક્તનકો અનેક રસ બોધનકો સુચન કરત હે. મુકુટમેં ચતુર્વીધ મંડલ હે. ચાર્યો ભક્તનકે ભાવરૂપી, તાતેં નિત્ય લીલામેં સદા મુકુટકો શ્રૃંગાર હે. અથવા મુકુટકે શિખર ભાગમેં મણી ત્થા તુરરા હે. સો શ્રીસ્વામીનીજીકો સ્વરૂપ હે સો સર્વોપર હે, તાસોં મુકુટમણી કહત હે. તથા મુકુટકે મધ્ય મંડલાવર્તી હે, સો મધ્યનાયક શ્રીસ્વામિનીજી હે. તથા મુકુટકે દોઉ કોનામેં દોઉ મણી હે. અથવા મોતી લટકે હે, સો રૂસીરૂપા શ્રુતિરૂપા દોઉ યુથપતિ વિહાર કરત હે. રસમત્ત હોય લટકી રહે હે. મુકુટકી ટોપી હે, સો શ્રી યમુનાજીકો સ્વરૂપ હે. તાતેં મુકુટકે ઉપરકે ભાવમેં ચાર્યો ઓરતેં મોરપીચ્છકી રેખા ખુલી હે, સો કોટાનકોટિ વ્રજભક્તનકો ભાવ હે. યહ શ્રૃંગાર શ્રીસ્વામિનીજીકો ભાવાત્મક હે. તાતેં સર્વોપરિ હે. અથવા વિરહ હર્ષ કરિ, ઉત્સાહ કરિ, આનંદ અનુરાગકી સંગ હોય. રેખા ઉર્ધ્વભાગકો ચઢી હે. તામેં ચાર્યો રંગ ભાસ્યમાન હોત હે. સો ચાર્યો યુથકે અનુરાગ વર્ણ આવર્ણ અંતરભાવ સહીત હે ચતુર્વીધ રંગમેં અનેક ઝાંઈ સહીત ભાસ્યમાન હોત હે. એસે મુકુટમેં અનેક ભાવ હે. કહાંતાઈ લીખેજાય ? એસે અનેક સૌંદર્યતા સહીત ભાવ મુકુટ

ધારણ કીયે હે તાતેં પ્રભુજીકી કોટીગુની શોભા પ્રગટ હોતભઈ બે.

શ્રી પુરૂષોત્તમજીને મોર પીચ્છકો શિરોભૂષણ ધારણ કિયે હે, તાતેં મયુર ધન્ય હે. સો મયુરકો સ્વરૂપ કોનસો નિરૂપણ હોય શકે ? જીનકો કંઠ પરમ મધુર, સ્વરૂપ પરમ સૌંદર્ય, નૃત્ય કલામેં પરમ ચતુર, ઉર્ધ્વરેતસ, સ્વવિષય રહિત, એસે એસે અનેક ગુણ હે. અતિ અલૌકિક સ્વરૂપ હે. અનુગૃહતે ભાસ્યમાન હોયગો. તાતેં શ્રી પ્રભુજીને મોર પંખકો મુકુટ ધારણ કિયે હે. તથા વ્રજભક્તનકે ભાવાત્મક સકલ શ્રુંગારમેં મોરપંખ ધારણ કરત હે. અરૂ શ્રી યશોદાજીકે ભાવ સંબંધમેં ટોપીકો શ્રુંગાર હે. તામેં ચંદ્રીકા ધારણ નહિ કરત હે. કેવલ બાલભાવ મુખ્ય હે. એસે અનેક ભાવસું રસપુજ જો મુકુટ તિનકો ધારણ કરિ, પરમ માધુરી મુરત દર્શન કબ દેઈંગે ? એસો સમય કબ આવેગો ?

અબ શ્રી હરિરાયજી કહત હે જો મેરે નિજપતિ શ્રીકૃષ્ણ કેસે હે ? જીનકે કેશ પાશ કેસે શોભા દેત હે ? માનો નિલ શ્યામઘન, સચ્ચીકન, સ્વચ્છ, નીર્મલ હે સો પરમ સુંદર શોભા સહીત શીખાકો જુડા બાંધ્યો હે. સો યાતેં જો સકલ ભક્તનકે મનકી કટાક્ષ અવલોકન કરત હે. સન્મુખ આવતહી મુકુટ પર દ્રષ્ટિ પરત હે, સો મુકુટકે વિશે નાના પ્રકારકે ચિત્ર વિચિત્ર અનીર્વચનીય શોભા દેખીકે વ્રજભક્તનકે મન શીખાભુષણ મુકુટકે વિશે આરોપીત ભયે હે. યા ભાંતિ સકલ ભક્તનકો મન એક કામરસ ભાવાપન્ન કીયે બાંધે હે. સો સૌંદર્ય ફંદામેં બાંધે, જો કહું ભક્ત અન્ય પરત્વ નહિં હોય. મનકી અન્ય ગતિ હોય તો રસાભાષ હોય જાય તાતેં અપને સ્નેહપાસ અનુરાગ રંગ રંજીત કરી બાંધે હે. ખેદ કરીકેં બાંધે નહિં હે. તાતેં જુડો બાંધ્યો હે. અથવા શીખા જુડા , શોભા દેત હે, માનો નીલ સ્યામ, પરમ અલૌકિક પરવતકી શીખર ઉદયભઈ હે તાપેં કોટિ સૂર્યરૂપ તેજ- પ્રકાશીત હોય રહ્યો હે. મણીન કરી જટીત એસે મુકુટ રૂપી સૂર્ય ઉદય ભયો હે. સો શોભા અલૌકિક પ્રગટ ભઈ હે. અથવા પૂર્ણમાસી સરદ રિતુકો પૂર્ણચંદ્રમાં કામિની સુખદાયક ઉદય ભયો હે. સો શોડષ કલા કોટિ કલા કરિ ઉદય ભયો હે. તાતેં શીખાકે અનેક ભાવ ભરે હે.

અબ શ્રી હરિરાયજી કહત હે જો **"કુન્ત લાવર્ણાનનમ્"** યામે તો અનેક ભાવ હે સો કાહેતે

જો જીતને લંબે કેશપાશ હે સો જુડામેં ગૂંથકે બાંધે હે. અરૂ છોટે છોટે જો કેશ હે. તાકું કુન્તલ કહત હે. અથવા કુંડલીકૃત હે. સો કુન્તલ અનેક મંડલાકાર હોય શ્રીમુખકો આવર્ણ હોય, ઘેર રહે હે, લપટ રહે હે, ચાર્યો ઓરસોં આનન જો શ્રી મુખ, સો કુન્તલસોં આવર્ણીત શોભા પાવત હે. માનો નીલકમલ રૂપ જો મુખારવિંદ, તાકી શોભા પ્રકાશ પ્રફુલ્લીત દેખિકેં, પરમ અનીર્વચનીય માધુર્યામૃત મકંરદ રસપાન કરનકોં, અલિ જો ભ્રમર તિનકે બચ્ચાનકો સમુદાય આયકેં, રસપાન કરત હે. સો મકંરદ રસપાન કરકેં- મત્ત, ઉન્મત રસ આનંદમેં છકે, સ્થિર ભૂત હોય રહે હે. દેહાનુસંધાન ભુલ ગયે હે, તાતે પુનઃ ઉડવેકો સામર્થ્ય રહ્યો નાહિં હે તાતેં સ્થિર હોય રહે હે. અથવા સ્યામ જો અલક, તીનકે મંડલ મેઘ સ્યામ ઓર ઈન્દુ સો શ્રીમુખ ચંદ્રમા, સો કોટિ કલાકરિ પ્રકાશીત હોય રહ્યો હે, તાકી શોભા કહિવેકો સામર્થ્ય કાહુકો નાહિં હે. અથવા શ્રી મુખકે ઉપર સ્યામ કુન્તલ હે, સો ભાવાત્મક સ્વરૂપાત્મ ક હે, સો વ્રજભક્તનકે મનરૂપી ભ્રમર અનેક એકત્ર બોય કેં, શ્રીમુખ કમલકોં પ્રકાશીત દેખીંકે- મકરંદ રસપાન કરનેકોં આયે હે. સો સદા સર્વદા સર્વ કાલકે વિષે નિશંક હોય રસપાન કરત હે. તાતે શ્રીમુખ અત્યંત શોભા પાવત હે. તાતેં સૌંદર્ય તાંકી અવધી, શોભાકો સમુદ્ર, એસે શ્રીમુખકો દર્શન શ્રીપ્રભુજી મોકો કબ દેંગે ? એસેં શ્રી હરિરાય મહાપ્રભુ ભાવના કરત હે. યા ભાંતિ પ્રથમ શ્લોકકો ભાવાર્થ- શ્રી ગોપેશ્વરજીને નિરીપણ કિયો.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રણીત નવમ શિક્ષાપત્ર તાકો ભાવાર્થ

(શ્રી ગોપેશ્વરજી કૃત)

પ્રેષક – પ. ભ. પ્રાણજીવનદાસ પટેલ (ભાવનગરવાળા) મુા. મથુરા
(અંક 9 થી ચાલુ)
શ્લોક 2 જો

ભુધનુઃ સ ધિત્તશરં કસ્તુરી ચિત્રકાંકિતમ્ ।
ઇંદિવર દલોદેર્ધ્ય વિશાલ નયન દ્વયમ્ ।।2।।

ભાવાર્થ –આપશ્રી ગોપેશ્વરજી દુસરે શ્લોકકો ભાવાર્થ નીરૂપણ કરત હે, તહાં આપ કહત હે જો શ્રી પ્રભુજી કેસે હે ? જીનકી દોઉ જો ભ્રકુટીહે. સો માનો ધનુષ્ય ચઢાયે હોય તથા કસ્તુરી તિલક હે. તથા કપોલનપે કમલપત્ર કિયે હે અરૂ ધનુષ્ય બાન લેકેં હમારે મન માતંગ ઉપર કબ છોડેગેં ? યા મન માતંગ ઉન્મતકો કબ મારેંગે ? અરૂ કમલકી પાંખુરી વત બડે વિશાલ સૂઢાર નેત્ર ક્રરિ હમારે મનકો તાપ કબ હરેંગે ?

આપશ્રી ગોપેશ્વરજી કહત હે. જો શ્રી પ્રભુજીકી ભ્રકુટી કેસી હે ? જો ધનુષ્ય રૂપ હે. શ્રી પ્રભુજી પરમ સુભટ હે, સૂર હે, સો કોટિ દલસું મીલકે તીનમેં ચોટ કરકેં મનકે મદકો હરિ લેત હે. સો સુભટ સૂરકોતો યહ સુભાવ હે. જો જબ રણ સંગ્રામમેં જોધ્ધાનકો સમુદાય નિકટ આયો દેખે તાહી સમે સુભટ શૂર ધનુષ્ય ચઢાવે . અરૂ તબહી બાણ સાંધે- સો વ્રજમેં કોટાન કોટિ વ્રજભક્તનકે યુથ- મહા રસરૂપ કામ કલા પ્રવીન સુભટ હે-યુદ્ધ કરમનેં તત્પર હે-અષ્ટ પ્રહર રતી સંગ્રામ કરનકોં ઉત્સાહીત અરૂ ઉન્મત્ત હસ્તીની રૂપ હે-સો સદા સર્વદા શ્રીપ્રભુજીકો સુભટ શૂર જાનીકેં. રતિરણ યુધ્ધ કરનકોં ઘેરત ફીરત હે. મંડલ બાંધકે કામકે શાસ્ત્ર અસ્ત્ર કવચ સાજે તત્પર રહત હે. શ્રીપ્રભુજી પરમ સૂભટ સૂર રતિકલામેં પ્રવીનહે. તાતેં ભ્રકુટીરૂપી ધનુષ્ય સર્વ કાલમે ચઢાયે રાખત હે. તામેં શ્યામ કસ્તુરી કે તિલકરૂપી સર ચત ચડાયે હે. તામેં નેત્રનકે કટાક્ષ રૂપી બાણ બંક અવલોકન હે સો જા સમેં વ્રજ ભક્ત શ્રી પ્રભુજી કે સન્મુખ હોય-મહા મદભરી કટાક્ષરૂપી બાણ શ્રી પ્રભુજીકે ઉપર છોડત હે તાહી સમે શ્રી પ્રભુજી ઉન વ્રજભક્તનકી મહા કટાક્ષરૂપી તીક્ષણ બાણકો સંભાલકે અપુની ભ્રકુટિ રૂપી ધનુષ્ય જો ચઢાયે હે, તામેં તીલક રૂપ શર સાંધહે. તામેં મહા તીક્ષણ અપુની કુટીલ કટાક્ષ રૂપી નેત્ર બાણકી ચોટ ચલાવતહે, જો કેસીહે કટાક્ષ, વ્રજ ભક્તનકે હ્દયકો, મનકોં, બુધ્ધીકોં, ચીત્તકોં, ચાતુર્યકોં-છેદકેં પાર નીકસ જાતહે. સો એક કટાક્ષ કરકેં ઘાયલકરી મૂર્છીત કરી ગીરાય દેતહે.ફ્રેર સન્મુખ આયવેકો સામર્થ્ય રહત નાંહિ-એસે જો વ્રજભક્ત સન્મુખ હોતહે તિન તિન ભક્તનકોં ઘાયલ કરી દેતહે. જેસે રણસંગ્રામમેં સુભટ સૂરમાકે સામને જો જો યુધ્ધ કરનેકોં આવત હે. તિન તિન જોધ્ધાનકોં માર ગીરાય દેતહે, ઉનકે બાણ-બચાય લેતહે, તેસેહી શ્રી પ્રભુજીનકે સન્મુખ જો જો ભક્ત આવતહે- તિનકોં કટાક્ષરૂપી બાણ ચઢાંયકેં

મારત હે, અરૂ ઘાયલ કરિ દેતહે.

અરૂં કોઈ સમે સુભટસૂર સમસ્ત વ્રજભક્ત અપુને કામ કટાક્ષ, બાણ, કવચ, સાજ સબ એકત્ર હોય-પ્રભુજીકોં ઘેર લેતહેં, અપાર કટાક્ષ બાણકી વૃષ્ટિ શ્રી પ્રભુજીકે ઉપર કરતહે. તાસમેં શ્રી પ્રભુજી અપની નેત્રકી કટાક્ષ અત્યંત ચપલ કરિકેં-સકલ વ્રજભક્તનકે ઉપર ચલાવતહે, સો સકલ ભક્તનકોં ઘાયલકરી ડારતહે, સબનકોં પરાજ્ય કરતહે. જેસે યુધ્ધમેં પરસ્પર એકત્ર હોય વા સુભટ સૂરમાકો ઘેર લેતહે-તબ વહ સુભટ સૂરમા અપુને બાનનકી વર્ષા કરી સબનકોં જીતલેત હે, દલ ભગાય દેતહે, લક્ષાવધીકોં ઘાયલ કરી ડારત હે, પન્તુ આપ પરાજીત હોત નાંહિ, એસેં શ્રી પ્રભુજી સમસ્ત ભક્તનકોં ઘાયલ કરી પરાજ્ય કરત હે. તાહી સમે સમસ્ત ભકતનકો પરાજ્ય કિયે જાનીકેં શ્રીસ્વામિનીજી આપ મહા સુભટ સૂરમાં રતીકલા પ્રવીન શ્રીપ્રભુજીકો જીતવેકોં પધારત હે. તાસમે ચાર્યો યૂથાધિપતિ અષ્ટ સખી સહીત પધારતહે સો શ્રીપ્રભુજી સન્મુખ આય-હાવ ભાવ કટાક્ષ બાણકી વર્ષા કરતહે. તાસમેં શ્રીપ્રભુજી સર્વસામર્થ્યવાન-કોટિ મન્મથરૂપ આપશ્રી સ્વામિનીજીસોં કટાક્ષ યુદ્ધ કરનકોં તત્પર હોયકેં – પરસ્પર નેત્રકી કટાક્ષ યુધ્ધ કરત હે. સો દોઉ સ્વરૂપ પરસ્પર નેત્રકી કટાક્ષ વૃષ્ટિ કરત હે. કોઈ હાર માનત નાંહિ પરસ્પર સમાનશીલ હોય પ્રશંસા કરત હે. દોઉ સુભટ પરમ ચતુર શિરોમણિ હે.

અથવા શ્રી પ્રભુજીકી ભ્રૂકુટી કેલીહે-માનો દ્રુજકે દોઉ ચંદ્રમાં ઉદય ભયે હે-અથવા મોહનીમંત્રરૂપી મંત્ર કે બીજ ઓકાંર હે, અથવા માનીનીકે માન હરન હાર હે અથવા કામદેવકે પંચ બાણાત્મક ભ્રકુટી હે, અથવા નેત્રરૂપી કમલ યુગલ હે તીનકે મકરંદ રસપાન કરકોં ભ્રમરનકે બચ્ચાંનકે સમુદાય આય બેઠે હે. અથવા શ્રી મુખરૂપી ચંદ્રમાકો અમૃતરૂપી રસપાન કરનકોં અહીં જો સર્પ, તિનકે બચ્ચાંનકો સમુદાય દોઉ ઓરતેં આયે હે – સો અમૃત રસપાન કરી મત્તા ભયે હે, સો જાય સકત નાંહિ. સ્થિર હોય બેઠ રહે હે અથવા વ્રજ ભક્તનને અપુનો ભાવાત્મક સ્વરૂપ શ્રી મુખકી-તથા નેત્ર કમલકી શોભા સૌંદર્યતા અવલોકન કરનાર્થ ભૃકુટી હે. સો દોઉ સ્વામીનીજીકો ભાવાત્મક સ્વરૂપ હે. સો

શ્રી પ્રભુજીકે શ્રીમુખ કમલકી સૌંદર્યતા અવલોકન કરનકે અર્થ ભૃકુટી હોય હોય કેં સ્થીત હે. તાતેં શ્રી પ્રભુજીકી ભુકુટી વીષે અનેક ભાવ હે સો કહાં તાંઈ લીખે

- પ્રસંગ 2 જો -

અબ શ્રી પ્રભુજીને કસ્તુરીકો તીલક કીયો હે તાકો ભાવ દૂસરે શીક્ષાપત્રમેં કિસે હે, તાતેં યહાં સુક્ષમ રીતીસોં ભાવ વર્ણન કરત હે. સો શ્યામ વર્ણ તો શ્રી યમુનાજીકો હે, સો શ્રી યમુનાજીકે ભાવ વરણરૂપીતીલક કીયો હે. યાતેં શ્રી પ્રભુજી શ્રીયમુનાજીકું અષ્ટવિધ ઐશ્વર્ય દીયો હે. શ્રી યમુનાજી ભક્ત પર કૃપા કરે તાકો અષ્ટવિધ ઐશ્વર્ય દાન કરે. જબ અષ્ટવિધ ઐશ્વર્યકો દાન શ્રી યમુનાજી કરે તબ ભક્તનકો શ્રી પૂર્ણ પુરૂષોત્તમકે સંગ રતિરમણ કરિવેકો સામર્થ્ય હોય. તાતેં સકલ વ્રજભક્તનને શ્રીયમુનાજીકો આશ્રય કીયો હે. જહાં તાંઈ શ્રી યમુનાજીકો આશ્રય નહીં કરે તબ તાંઈ શ્રી યમુનાજીઅષ્ટવિધ ઐશ્વર્યકો દાન હું નાંહિ કરે.

સો અષ્ટ વિધ ઐશ્વર્યકો સ્વરૂપ યા પ્રકાર હે. (1) સાક્ષાત્ સેવોપયોગી દેહ. (2) રસાત્મક ધામકી લીલા અવલોકન. (3) તદરસાનુભવ. (4) સર્વાત્મકભાવ. (5) ભગવદ્ વશીકરણત્વ. (6) ભગવદ પ્રિયત્વ ત્થા પ્રભુનકી પ્રતિક્ષણ પ્રગટ હોતી ગૂઢ રસાનુભવકી ઈચ્છાકું સમજ સકે તેસી સર્વજ્ઞતા. (7) અન્ય ભક્તકોં ભક્તિકો દાન કર સકે તેસો સામર્થ્ય. (8) ભગવાનકી રમણ ઈચ્છાકું પોષણ કર સકે તેસો સામર્થ્ય. યા વિધ અષ્ટવિધ ઐશ્વર્યકો દાન શ્રી યમુનાજી કરે હે. તેસેહી શ્રીવલ્લભ પ્રભુકે વામચરણ કમલગત અષ્ટ દલકે ચીન્તમસુભી કરૂણાનીધી શ્રીવલ્લભ અપને આશ્રીત જનકોં અષ્ટવિધ ઐશ્વર્યકો દાન કરેહે. કારણજો શ્રીમત પ્રભુચરણને શ્રી સર્વોત્તમજીમેં આજ્ઞા કરીહે જો "કૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધીરત્ર ન શંસયઃ" કૃષ્ણાધરામૃતમેં સકલસિદ્ધીકો સમાવેશહે.

અથવા જહાંતાંઈ શ્રીયમુનાજીકો આશ્રય સંબંધ હોય નહીં તહાં તાઈ તનુ નવત્વકી પ્રાપ્તી હોય નહિં. સો તનુનવત્વ કહા સમજનો, કે જો પંચ ભુતાત્મક, પ્રાકૃત અધ્યાસ

વારો દેહ હે, સો પંચભુતાત્મક દેહ સોં શ્રી પૂર્ણ પુરૂષોત્તમકો સંબંધ હોય નહિં. જબ અલૌકિક આધિદૈવીક દેહ હોય તબ પુરૂષો-તમ સંબંધ હોય. સો આધિદૈવીક દેહ તો શ્રીયમુનાજીકી કૃપા વિના હોય નહિં. અથવા શ્રી યમુનાજીકો આશ્રય કીયે વીના સમાનશીલ નીર્દોષ દ્રષ્ટી ભાવ હોય નહિં. જબ શ્રી યમુનાજી કૃપા કરીકેં ભગવત્ ધર્માત્મક સમદ્રષ્ટી નીર્દોષ નીર્વીકાર ભાવકો દાન કરે, દૈન્યતા દેહે, તબ શ્રી પ્રભુજીકી રસાત્મક લીલામેં વીનીયોગ હોય, સો કાહેતેં જો જબ તાંઈ નીર્દોષ ભાવ હોય નહિં. તહાં તાંઈ ભગવદ લીલામેં દોષ બુદ્ધી ઉપજે. અરૂ જબ તાંઈ નીર્વીકાર ભાવ ન હોય તબ તાંઈ ભગવદ લીલામેં સકામ ભાવના હોય. અરૂ જબ તાંઈ ભગવદ લીલામેં લીલાસંબંધી ભક્તનકે ઉપર ઈર્ષા હોય-તબ તાંઈ પ્રભુ અંગીકાર ન કરે. તાતેં યે તીન્યો મહા બાધક હે, સો શ્રી યમુનાજીકો આશ્રય કરે, તબ શ્રી યમુનાજી તીન્યો ભાવકો દાન કરે ઓર શ્રી પ્રભુજીકી લીલાકે વિષે અંગીકાર કરાયકેં સ્વરૂપાનંદકો અનુભવ કરાવે. એસે અનેક અલૌકિક ગુણનકે દાતા શ્રી યમુનાજી હે. તાતેં શ્રી પ્રભુજી ભક્તન પર અનુગ્રહ કરણાર્થ કસ્તુરીકો તીલક ધારણ કિયેગે. શ્રીયમુનાજીકે અંગ વર્ણાત્મક (શ્યામવર્ણાત્મક) સ્વરૂપ ભાવતેં ધારણ કીયે હે. ઓર શ્રી પ્રભુજીતો સર્વકાલ મેં પરમ આનંદ રસાત્મક લીલા કરીકેં સકલ ભક્ત સમાજમેં પરસ્પર સદા વિહાર કરત હે, તહાં સબનમેં ઈર્ષાદિક, અભીમાનાદિકો દોષ કાહુમેં પ્રગટ હોય નહીં હે યાતેં યહ પ્રતાપ શ્રી યમુનાજીકો હે.

સો અપુને અપુને ઘરતેં વૃજભક્ત શ્રી પ્રભુજીકી સન્મુખ પધારત હે. તા સમે વિરહાતુર હાય પધારતહે સો આવતહી શ્રી ઠાકુરજીકો શ્રીમુખ અવલોકનમેં પ્રથમહી ભાલકે વિષે દ્રષ્ટિ જાત હે. સો શ્રી પ્રભુજીનકે ભાલમેં સ્યામ કસ્તુરીકો બિંદા, તિલક ધારણ કિયે હે. સો શ્રી યમુનાજી-ભાવાત્મક કસ્તુરી તીલકકો દર્શન હોત માત્રહી ભક્તનકે હૃદયમેં નીર્દોષ, નીર્વીકાર, સમદ્રષ્ટી દૈન્યભાવ પ્રાપ્ત હોત હે. તાતેં કબહું દોષ બુદ્ધી હોત નાંહિ અરૂ ઈર્ષાહુ હોત નાહી. પાછે નીર્વીધ્નતાસોં શ્રી પ્રભુજીકી રસ લીલાકો અનુભવ કરત હે. તાતેં શ્રી પ્રભુજી કસ્તુરી તીલક ધારણ કરત હે. અથવા કોઈ સમે કેસરકો તિલક હું ધારણ કરત હે. અરૂ કબહુક ગોરોચન ધારણ કરે હે સો શ્રી ચંદ્રવલીજીકે ભાવતેં ધારણ

કરત હે. અરૂ કબહુક કુમ કુમ તિલક શ્રી કુમારિકાજીકે ભાવતેં ધારણ કરત હે. અરૂ કસ્તુરીમેં હું અરૂણતા હે સો અનુરાગ હે. અરૂ કેસરમેં હું અરૂણતા હે સો અનુરાગ યુક્ત હે અરૂ કુમકુમમેં તો સમસ્ત ભક્તનકો અનુરાગ હે. અરૂ જડાઉ તીલક ધારણ કરત હે તામેં સુવર્ણ તો શ્રી સ્વામિનીજીકે અંગ વરણાત્મક હે, અરૂ મધ્યમેં લાલ નગીના હે સો સમસ્ત ભક્તનકો અનુરાગ હે. રસ ભર્યો હે. યાં ભાંતી નશ્રી પ્રભુજી તીલક ધારણ કરી પરમ શોભાકો પાવત હે. અથવા તિલક કે બીચમેં દોય રેખા હે-સો તો દોઉ સ્વામિની ભાવાત્મક હે, અરૂ મેડ હે સો કુમારિકાકે ભાવાત્મક ઓર મધ્ય બેંદા શ્રી યમનુજીકે ભાવાત્મક હે. સો એસે અનેક ભાવ શ્રી પ્રભુજીકે તિલકમેં હે.

'અકુતોભય' અર્થાત્ 'મૃત્યુ પર વિજય'

લેખક : **શ્રીવલ્લભપાદપદ્મમિલિન્દ**

"અભયદાન નિશાન મેલ્યા ચિત્ત જીન હરિકો દીયા" ઉપરોક્ત પંક્તિ ચોખરાની છે ગોપાલદાસજીએ ચોખરામાં શ્રીમહાપ્રભુજીનું યશોગાન કરતા ઉપરની પંક્તિ યોજી છે.

યશોગાન દ્વારા જ્ઞાન પ્રધાન ચિત્ત આપશ્રીના યશોગાન તરફ અને સ્વરૂપ તરફ આકર્ષાતુ હોવાથી દૈહીક અને માનસીક દુઃખને ભૂલાવી દે છે. ચિત્તનો જ્ઞાન ધર્મ, કીર્તન ભક્તિ તરફ આકર્ષાય છે. કીર્તન રસને ઉત્પન્ન કરે છે, તેના રસરૂપ સ્વરો હૃદયમાં પહોંચીને પ્રિય પ્રભુને પણ ઉદબોધ કરે છે. ઉદબોધ થયેલું રસ સ્વરૂપ ચિત્તના જ્ઞાન ધર્મમાં પ્રવેશ કરી કીર્તન કરનાર અને સાંભળનાર દૈવી જીવને આનંદનો અનુભવ કરાવે છે, અને દેહના પ્રાકૃત ધર્મોને ભૂલાવી દે છે.

'હરેર્ગાનં પ્રિય' આ વાક્ય તામસ ફલં સુ. ના પ્રકરણ 27માં અધ્યાયના અંતમાં આપશ્રીની કારિકાજીનું છે ગાન. હરિને પ્રિય છે. વાજીંત્રના સ્વરોથી અને અનુરાગ પૂર્વક ગાયેલું કીર્તનરસ ઉત્પન્ન કરે છે. રસ એ રસાત્મક સ્વરૂપનો સ્વજાતી હોવાથી (રસ સ્વરૂપ પ્રિય પ્રભુ હૃદયમાં બિરાજે છે ત્યાં ગાનમાંથી ઉત્પન્ન થયેલા રસનો સંબંધ થતાં) રસાત્મક સ્વરૂપને ઉદબોધ કરે છે. અને તે ઉદબોધ થયેલું રસ સ્વરૂપ ગાન

કરનારના જ્ઞાન ધર્મવાળા ચિત્તમાં પ્રવેશ કરી ચિત્તનો નિરોધ પોતાના સ્વરૂપમાં કરે છે. ગુણગાનમાં આવુ ગૂઢ રહસ્ય અને સામર્થ્ય છુપાયેલું હોવાથી સ્વકીયોને નિરોધલક્ષણ ગ્રંથમાં ગુણગાનની જ આજ્ઞા કરી છે.

પ્રભુ સ્વકીયના હિતની જે જે ક્રીયા કરે છે તે સ્વકીયને જાણ ન થાય તેવી રીતે કરે છે. જો પોતાની તરફથી જાણ થાય તો સ્નેહ સંબંધમાં ત્રુટી આવી જાય છે. સ્નેહની એ રીત છે કે પોતાના સ્નેહીના સુખમાં જ પોતાનું સુખ માને અને સ્નેહીને જાણ પણ થતી નથી. જેમ પદ્મનાભદાસજીની વાર્તા પ્રસંગમાં શ્રીમહાપ્રભુજી ભોજન કરી રહ્યા હતા તે સમયે એક વણઝારો શ્રીમહાપ્રભુજીને પોકારતો પોકારતો આવ્યો. પદ્મનાભદાસજી તે વણઝારાને પોકારતો બંધ કરી પોકારવાનું કારણ પુછ્યું અને રૂા. સત્તર હજાર તેને અપાવી દીધા તેની જાણ શ્રીમહાપ્રભુજીને થવા ન દીધી. સ્નેહીની એ રીત હોય છે કે પોતાના સ્નેહીને સુખ થાય તેવી જ ક્રીયા કરે અને તેની સ્નેહીને જાણ પણ થવા ન દે. પ્રભુ અને પ્રેમી ભક્ત બન્નેનો અરસ પરસ સ્નેહનો ધર્મ સમાન છે. પ્રાણવલ્લભ પોતાના પ્રેમીજનનું અનેક પ્રકારે ભાવાત્મક સ્વરૂપે તેનું હિત ચિતવવા રહેતા જ હોય છે. 'હિતકૃત સતામ્' આ નામના ભાવાનુસાર. સ્વામીના આવા ઉપકારનું સ્વકીયોએ વિસ્મરણ નહીં કરવું જોઇએ. આપણા હૃદયમાં પ્રાણવલ્લભ વિપ્રયોગ-ભાવાત્મક સ્વરૂપે સાક્ષાત બિરાજી રહ્યા છે. ભક્તનો ઉદ્ધાર અવતાર કાળમાં અને અનવતાર કાળમાં બન્ને રીતે થાય છે. અવતાર કાળમાં વ્રજમાં નંદાલયમાં પ્રગટ થયા તે બહાર સ્વરૂપની અનેક લીલા કરી ભક્તોનો નિરોધ સિદ્ધ કર્યો. પછી ભાવાત્મક રસાત્મક સ્વરૂપ જે અવતાર સ્વરૂપ મથુરાથી આવેલું વેદ પ્રસિદ્ધ પુરૂષોત્તમનું હતું તેની ભીતર બિરાજતું. ગોપીજનોનો વ્યશનભાવ સુધીનો નિરોધ બહારના પ્રગટ સ્વરૂપથી સિદ્ધ કરી અવતાર સ્વરૂપ મથુરા પધાર્યું, અને તેથી ભીતર ભાવાત્મક રસાત્મક સ્વરૂપ હતું તે ગોપીજનોના હૃદયમાં બિરાજે છે, તે સ્વરૂપ કરી રહ્યું છે. આ સ્વરૂપ પરોક્ષ ફલાત્મક કહેવાય છે. આપણા પ્રાણપ્રેષ્ઠ વલ્લભે આ પરોક્ષ ફલાત્મક માર્ગ પ્રગટ કર્યો છે પ્રાણ વલ્લભ અનવતાર કાળના ભગવાન છે. એટલે આપ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપે સ્વકીયોના હૃદયમાં બિરાજી સેવા સ્મરણ-ગુણગાન ધ્યાન ઇત્યાદિ સાધનોના પ્રેરક બની ભાવાત્મક

સ્વરૂપે પોતાનામાં નિજ્જનોનો નિરોધ સિદ્ધ કરી રહ્યા છે.

આ સ્વરૂપનું વર્ણન શ્રી હરિરાયપ્રભુએ નિચેના પદમાં કર્યું છે. :-

પ્રગટે પુષ્ટિ મહા રસ દેન ।
શ્રીવલ્લભ હરિભાવ અગ્નિમુખ, ર
રૂપ સમર્પિત લેન ।।

"નિરપેક્ષ મન આત્મગામી બને છે" આ શ્રુતિવાક્યાનુસાર બહારના પ્રાકૃત પ્રપંચથી મુક્ત થયેલું ક્રિયા પ્રધાન મન ભીતરના આત્મ સ્વરૂપના અવલંબનવાળું બને છે. એટલે ભ્રમરગીતમાં કહ્યું છે કે, ક્રિયા પ્રધાન મન અને જ્ઞાન પ્રધાન ચિત્ત બન્નેનો પ્રિયના વિપ્રયોગ-ભાવાત્મક સ્વરૂપમાં પ્રવેશ થવાથી પ્રિયતમની પ્રાપ્તિ થાય છે. વિપ્રયોગ-ભાવાત્મક સ્વરૂપમાં પ્રવેશ થવાથી પ્રિયતમની પ્રાપ્તિ થાય છે. વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપમાં શ્રી ગોપીજનોનો પ્રવેશ થવાથી હવે આ ભાવાત્મક સ્વરૂપનો અનુભવ શ્રી ગોપીજનો કેવી રીતે કરે છે તે મહાનુભાવ શ્રી સુરદાસજીએ નીચેના પદમાં વર્ણન કર્યું છે :

નાહીન રહ્યો મનમેં ઠોર ।
નંદનંદન બિન કાસુકર, આનીયે ચિત્ત ઓર
ચલત ચિતવત ધાસ જાગત,
સ્વપ્ન સોવત રાત ।
હૃદયતે યહ મદન મુરતિ,
છિન ન ઇત ઉત જાત ।।
કહત કથા અનેક ઉધો,
લોભ લાખ દિખાય ।
કહા કરે ઘટ પ્રેમ પૂરણ,
સિન્ધુ નાહિ સમાય ।।

શ્યામ ગાત સરોજ આનન,
લલિત ગતિ મૃદુ હાસ ।
"સૂર" એસે દરસકો યહ,
મરત લોચન પ્યાસ ।।

પોતાના હૃદયમાં બિરાજતા પ્રિયના સ્વરૂપનો ગોપીજનો જે અનુભવ કરી રહ્યા છે તેનું ઉપરના પદમાં વર્ણન કરેલું છે. અનંત કોટિ કામદેવની સૌન્દર્યતા વાળા પોતાના પ્રિયતમના શ્રીમુખનું પાન કરવામાં ગોપીજનોને તૃપ્તિ જ થતી નથી. તેથી કહ્યું :

"સૂર એસે દરસકો યહ મરત લોચન પ્યાસ" હમારા નેત્રો સદા પ્યાસા જ રહી આવે છે.

પ્રિય પ્રભુની સન્મુખ રહેવાથી પ્રાકૃત પ્રપંચનું આવરણ હટતું જાય છે તેમ તેમ સ્વપ્નામાં કે જાગૃતમાં પ્રિય પ્રભુ કંઇ અનુભવ કરાવે તેનો એ હેતુ છે કે તમારા હૃદયરૂપી ધામમાં હું ભાવાત્મક સ્વરૂપથી નિત્ય બિરાજી રહ્યો છું. તમે અંતર મુખ થાઓ તેથી લીલાધામ સહિત મારૂ સ્વરૂપ સાક્ષાત દેખાશે. આવા પ્રકારનો અનુભવ એ સામાન્ય દેખાશે. આવા પ્રકારનો અનુભવ એ સામાન્ય કૃપા નથી, પોતાના માની આપણી (સ્વકીયોની) ચિન્તા કરી અનુભવ કરાવે છે. તે આપનો મહાન ઉપકાર છે.

આપણું આસુર ભાવના આવેશવાળુ મન આપણુ શત્રુ છે. તે સર્વથા પ્રિય પ્રભુમાં પ્રવેશ કરવા ચાહતું નથી. આવા મનને આપણે કર્તવ્ય પરાયણ કરવાનું છે. માટે સેવા સ્મરણાદિ દ્વારા સતત પ્રિય પ્રભુ સન્મુખ રહેવું એજ મારો સ્વધર્મ છે.

"નિર્ભય થયા નર નારિ જે નાવમેં બેઠે" સેવા-સ્મર-ગુણગાન-ધ્યાન આ સાધનો નાવરૂપે જ પ્રાપ્ત થયાં છે તેમાં બેસનાર ખૂબ નિર્ભય થઇ જાય છે. ઉપરોક્ત સાધનોમાં પ્રિય પોતે જ પ્રવેશ કરતા હોવાથી આ સાધન રૂપી નાવના નાવીક પોતે જ બનીને પોતાના ધામમાં લઇ જાય છે. માટે અંતરમુખ થઇને તેનો અનુભવ કરવાનો છે. અંતે મતિ સો ગતિ આ ભગવત ગીતાજીનું વાક્ય છે. આ વાક્યાનુસાર શ્રીગોકુલેશ પ્રભુનો

એક સેવક શ્રીગોકુલેશને પ્રશ્ન કરે છે કે- "જીવના મરણ સમયે બધી ઇન્દ્રિયો મન-ચિત-પ્રાણ વિકલ હોય છે, અને એવી વિકલ અવસ્થામાં પ્રભુનું સ્મરણ થઇ શકતું નથી તો તે જીવની ગતિ કેવી થશે ?"

શ્રીગોકુલેશપ્રભુ તેનું સમાધાન કરતા આજ્ઞા કરે છે કે "જે જીવ અમારો છે તેને અંત સમયે અમે સાંભળી લઇએ છીએ". આ કથનની પુષ્ટિમાં આપશ્રી વલ્લભે સુ. 10-43-32માં આ પ્રકારની જ આજ્ઞા કરી છે.

દૈવી જીવના અંત સમયે પ્રભુ તે જીવના હૃદયમાં પ્રગટ થઇ જાય છે. આપ પ્રગટ થતા જ આ જીવ કાળ માયાના બંધનમાંથી છુટો થઇ પોતાના દિવ્ય સ્વરૂપમાં પ્રવેશ કરે છે. અને તેજ ક્ષણે તે દૈવી જીવ પોતાના દિવ્ય આત્માના સ્વરૂપથી લીલાધામમાં પ્રવેશ કરી પ્રાણપ્રેષ્ઠ શ્રીવલ્લભની અખંડ અને અગણિત તત્સુખ સેવામાં સ્થિત થઇ જાય છે.
ધર્મી સાક્ષાત સ્વરૂપના અચિન્ત્ય મહિમાને આપશ્રી મહાપ્રભુજીએ સુ.10-43-32ના શ્લોકમાં જતાવ્યો છે આથી શ્રી વલ્લભ ચરણ કમલના આશ્રિત વલ્લભીઓએ સ્વામીના સામર્થ્યનો વિચાર કરી વ્યર્થ થતી ચિન્તાને સ્થાન ન આપવું. પરંતુ પોતાના કર્તવ્યનો વિચાર તો વલ્લભીઓને અવશ્ય હોવો જોઇએ. જ્યારે આપણે કર્તવ્ય પરાયણ થશું ત્યારે આપણા આસુર ભાવના આવેશવાળા મનને અન્ય પ્રાકૃત પ્રપંચનું અવલંબન નહીં મળવાથી હૃદય ભીતર બિરાજતા પ્રિય પ્રભુના અવલંબનવાળું બનશે ક્ષણે ક્ષણે સ્વ સ્વામીના ઉપકારનું સ્મરણ કરવું અને મનને બલપુર્વક બહારના પ્રાકૃત પ્રંપચમાંથી ખેંચીને પ્રિયતમની સન્મુખ રાખવું. આથી મન મિથ્યા વિચારો રૂપી કુસૃષ્ટિ ઉત્પન્ન નહી કરી શકે. સતત સેવા-સ્મરણ-ગુણગાન-ધ્યાનાદિ દ્વારા પ્રિય પ્રભુ સન્મુખ રહીયે. તેજ આપણો હસ્ત પકડી પોતાના અકુતોભય (નિર્ણય) સ્થાન લીલા ધામમાં લઇ જાય છે તેમ વિચારવું.

શ્રીવલ્લભ મહા સિન્ધુ સમાન ।
દાસ સુમરત હોત સબકો અભય પદકો દાન.
(શ્રી હરિરાયચરણ)

સ્વકીયો પ્રાણવલ્લભનું સ્મરણ કરે છે તેને આપ અભયતાનું દાન કરે છે અથવા અભયપદ એટલે આપનું લીલાધામ, તે લીલાધામમાં પ્રવેશ કરાવે છે કે જ્યાં કાળ-માયાનો પ્રવેશ થઇ શકતો નથી.

ભા. 11-12 શ્લોક 14*15માં ભગવત વાક્ય છે-"હે ઉદ્ધવ ! તુમ શ્રુતિ-સ્મૃતિ, વિધિ-નિષેધ, પ્રવૃત્તિ-નિવૃત્તિ, ઓર સુનને યોગ્ય તથા સુને હુએ વિષયકા ભી પરિત્યાગ કર કે સર્વત્ર મેરીહી ભાવના કરતે હુએ, એક મેરા હી શરણ સંપૂર્ણ રૂપસે ગ્રહણ કરો, ક્યોંકિ મેરી શરણ મેં આ જાને સે તુમ સર્વથા નિર્ભય હો જાઓગે"

અકુતોભય આવા અકુતોભય માટે નામ સ્મરણની નાવમાં બેસી જવું. તેથી "મારા એકને જ શરણે આવો". આ અનન્ય શરણ પણ નિશ્ચયપૂર્વકના નામ સ્મરણથી જ સિદ્ધ થઇ જાય છે.

ભ્રમરગીતવાળા ગોપીજનોને ઉદ્ધવજી સાથે સંદેશ પાઠવ્યો તેમાં પણ એજ છે કે હું તમારી ભીતર જ છું, તેમાં તમારા મન ચિત્તનો પ્રવેશ કરાવો એટલે હું પ્રાપ્ત જ છું તેવા તમને અનુભવ થશે.

અકુતોભય નો અર્થ મૃત્યુ જેનો સ્પર્શ કરી શકતું નથી તેવા આપણા જ આધિદૈવીક આત્મ સ્વરૂપમાં પ્રવેશ કરાવી લીલાધામમાં પહોંચાડવું તેનું નામ "અકુતોભય" અર્થાત મૃત્યુ પર વિજય"

પ્રશ્નોત્તર –

"આજ દધિ મીઠો મદન ગોપાલ" એમ કહ્યું, તો બીજા દિવસોનું દહીં કેવું ? અને આજે મીઠું શા કારણથી ? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં –શ્રી વ્રજપ્રિયાઓને પ્રિયતમનો ક્ષણનો વિયોગ શત યુગ જેવો લાગે છે. શ્રી માતૃચરણોએ નંદાલયમાં રહેતાં એક કુમારિકાજી સાથે છાક પાઠવેલ છે. આ ભક્તમાં પ્રિયતમનાં દર્શનનો પ્રચૂર તાપ રહેલો છે. સમસ્ત ઈન્દ્રિયો રસાનુભવ માટે તપિત છે. તેમના મસ્તક ઉપર છાકની ટોકરી છે, તેમાં દધિ

રહેલું છે. તે દધિ આ ભક્તના પ્રચૂર તાપથી "મીઠુ" મધુર રસવાળું બની ગયું છે. જેમ રવિના પ્રખર કિરણોની ઉષ્મા આમ્રફળની અમ્લતા દુર કરી મધુરતા ઉત્પન્ન કરે છે તેમ અહીં સમજવું. "બીજા દિવસનું કેવું ?" ભગવદ્ લીલામાં ભૌતિક કાળની નિયામકતા નથી, તેથી બીજા દિવસનું કેવું એવો પ્રશ્ન થઈ શકતો નથી.

ભગવદ્ લીલામાં ભક્તોના તત્સુખ મનોરથાનુકૂલ કાળની સ્થિતિ હોય છે. ભગવદ્ લીલામાં કાળની નિયામકતા નહીં હોવાથી 'આજ' શબ્દ દિવસ વાચી નથી, પણ પ્રિયતમના મિલન માટેના પ્રચૂર તાપથી મધુર રસ યુક્ત બનેલું દધિ જે પ્રિયને ભોગ યોગ્ય છે તેની પ્રિય સરાહના કરી રહ્યા છે. " શ્રી ભાગવત પિયૂષ સમુદ્ર મથન ક્ષમઃ।। યુગલોના અનેક લીલા વિહાર સમુદ્રોનું મંથન કરીને જે સાર-મધુર રસ પ્રકટ થયો, તેનુંજ ઘનીભૂત સ્વરૂપ શ્રીવલ્લભ. અથવા વિરહી યુગલોના વિરહાગ્નિથી પ્રણય લીલા પિયૂષ ઓટાયું, પશ્ચાદ્ તેમાં મધુરતા ઉત્પન્ન થઈ;આ મધુર રસના મહાસિન્ધુ શ્રીવલ્લભચરણ કમલની 'મધુર રજ' ક્યારે પ્રાપ્ત થશે ? **શ્રી વલ્લભ મધુરાકૃતિ મેરે ।। સદા વસો મન યહ જીવન ધન, નિજ્જનસોં જુ કહતગોં ટેરે ।।1।।** નિજ્જનને કારૂણ્યતાથી ટેરીને કહી રહ્યા છે કે, મધુરાકૃતિ શ્રી વલ્લભ ચરણકમલની 'મધુર-રજ'ની જ જન્મો અભિલાષા કરવી.

- મધુરમ્

સ્રીશુદ્રાદ્યુદધૃતિક્ષમઃ - શ્રીવલ્લભ

શ્રીમહાપ્રભુજીએ વેદવ્યવસ્થા કરીને, કર્મજ્ઞાન સહિત ભક્તિમાર્ગ જેમ પ્રગટ કર્યો છે તેમ સ્વતંત્ર પુષ્ટિભક્તિમાર્ગ પણ સ્રીશુદ્રાદિના ઉદ્ધાર માટે પ્રગટ કર્યો છે. એ માર્ગને પ્રમેય માર્ગ, ધર્મીમાર્ગ, રસમાર્ગ પણ કહેવામાં આવે છે. વૈદિક કર્મમાં સ્રીશુદ્રોના સ્થાન નથી. દ્વિજોમાં પણ માત્ર પુરૂષોને જ સ્થાન છે, સ્રીઓને તો નહિ જ. સ્રી તો પુરૂષના એક અંગરૂપે યજ્ઞયાગાદિમાં ભાગ લઇ શકે અને તેથી થતા પુણ્યનો ભોગ મેળવી લે. શુદ્રો પણ દ્વિજાતિના યજ્ઞોમાં ગોદોહનાદિ (ગાયો દોહવા વિ.) કાર્યમાં જોડાઇને થોડુંક પુણ્ય પ્રાપ્ત કરી લે. આવી રીતે સ્રીશુદ્રો મુખ્યત્વે યજ્ઞયાગ કરી શકે નહિ. કોઇ દ્વારા તેમાં

જોડાઇને પુણ્યભાગ મેળવી લે. વેદ આથી વધારે સ્ત્રીશુદ્રો માટે કાંઇ પણ અધિકાર આપતો નથી. હવે જો યજ્ઞ જ ન હોય તો સ્ત્રીશુદ્રાદિનો ઉધ્ધાર જ કેમ થાય ? આ સમયમાં યજ્ઞ, અગ્નિહોત્ર વિ. વૈદિક કર્મો લુપ્ત થઇ ગયાં છે, તો સ્ત્રીશુદ્રાદિકનો ઉદ્ધારમાર્ગ તો કાયમનો શું બંધ જ થઇ ગયો સમજવો ? ના; નહિ. ભગવાન શ્રીમુખે ગીતાજીમાં ઉપદેશ કરે છે કે "હે અર્જુન ! મારો સંપુર્ણ આશ્રય કરીને કોઇપણ પાપયોનિ (ચાંડોળ), સ્ત્રીઓ, વૈશ્યો, શુદ્રો પણ પરમગતિને પામે છે."

પરપ્રાપ્તિ એટલે પ્રભુની પ્રાપ્તિની તો જીવમાત્રને ઇચ્છા થાય છે. તો ભગવદાશ્રયરૂપ મહાન વિશાળ ધર્મ બધાનો સારી રીતે ઉધ્ધાર કરી શકે છે. ભગવાને આ માર્ગ બાંધી આપ્યો છે. અર્જુન તથા ઉદ્ધવ પ્રતિના ઉપદેશોમાં આ માર્ગનું બીજારોપણ ભગવાને કરી રાખ્યું હતું. અર્થાત આવા વિશાળ ધર્મના બીજો વાવી રાખ્યાં હતા. શ્રીમહાપ્રભુજીએ તેનો વિકાસ કર્યો અને એ ભગવદ્દુક્ત માર્ગનો પ્રકાશ કર્યો. આ માર્ગમાં સ્ત્રીશુદ્ધોનું પ્રાધાન્ય ગણાય, કારણ કે તે પ્રમેય માર્ગ છે, પ્રમાણથી ભિન્ન છે. શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યનું આ પણ એક પ્રયોજન છે.

પ્રશ્નોત્તર-

- પથિક

પ્રશ્ન :- ત્રિમાયાનો પ્રલય કરીને નિત્ય. લીલાસ્થ હરિનો સાક્ષાત સંબંધ કરાવે તેવું નામ-સ્મરણનું માહાત્મ્ય હોવા છતાં અને દૈવી જીવ આ નામનું સ્મરણ કરતો હોવા છતાં સાક્ષાત પ્રભુસ્વરૂપનો અનુભવ કેમ થતો નથી ?

ઉત્તર :- અસમર્પિત ખાનપાનથી આસુરી ભાવોની ઉત્પતિ થતી રહે છે ત્યારે નામમાં રહેલું સામર્થ્ય તિરોહિત થઇ જવાથી ત્રિવિધ માયાનું આવરણ જીવમાંથી દૂર થતું નથી. અને તેથી પ્રભુનો અનુભવ થતો નથી. શ્રી મહાપ્રભુજીની બાંધેલી સેવામર્યાદા અનુસાર પ્રભુને ભોગ ધરીને લેવાથી, આસુર ભાવ ઉત્પન્ન નહી થવાથી, નામ-સ્મરણ માત્રથી પ્રભુનો સાક્ષાત અનુભવ થઇ શકે છે.

જેમ દાવાનલ જેવા અગ્નિમાં અલ્પ અગ્નિ સમાય જાય છે, તેમ પ્રિય પ્રભુના વિયોગ અગ્નિમાં (વિરહ દુઃખમાં) કુસૃષ્ટિથી ઉત્પન્ન થતું દુઃખ સમાઇ જાય છે. તેનું પ્રથક અસ્તિત્વ રહેતું નથી. અથવા કુસૃષ્ટિથી થતાં દુઃખનું સ્મરણ જ રહેતું નથી.

પ્રશ્ન :- પ્રિય વિયોગનો અગ્નિ અથવા વિરહ દુઃખ કેવી રીતે ઉત્પન્ન થાય ?

ઉત્તર :-"શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું."આ એક સૂત્ર (સિધ્ધાંત) છે. સૂર્યમાંથી હજારો કિરણો જેમ પ્રગટ થાય છે તેમ શ્રીવલ્લભશરણના મંત્રમાં હજારો મૌલિક રહસ્યો-સિદ્ધાંતો રહેલા છે. તેમાનું વિરહ દુઃખને ઉત્પન્ન કરનારૂં એક કિરણ શ્રી વલ્લભ નામના સ્મરણમાંથી પ્રગટ થઇ જાય છે અને વિરહના આધિદૈવિક રસરૂપ સ્વાદવાળા દુઃખનો ઉત્પન્ન કરી, કુસૃષ્ટિથી થતા દુઃખને ભૂલાવી દે છે. **આ વિરહ દુઃખ પણ પ્રિય પ્રભુ ને હું ક્યારે સુખદ બનીશ એવી તત્સુખની ભાવનાથી સંવલીત થવું જોઇએ.**

દિવ્ય પ્રેમકા મહત્વ

સંકલન : **મધુકર**

જીસ પ્રેમ રસ ચાખા નહી, અમૃત પીયા તો ક્યા હુવા ।
જીસ ઇશ્કમેં શિર ના દિયા, જુગ જુગ જીયા તો ક્યા હુવા ।।
જોગી ઓર જંગમ બને, કપડા રંગાકર પહેનતે ।
વાકીફ નહી ઉસ હાલસે, કપડા રંગેતે ક્યા હુવા ।।
દેખી ગુલ્સતા વોહતા, મતલબ ન પાયા શેખકા ।
સારી કીતાબો યાદ કર, પઢ પઢ મુવા તો ક્યા હુવા ।।
કાજી ઓર હાજી બના, ફાજીલ બના તો ક્યા હુવા ।
દીલકા દીવાના ન બના, દાની બના તો કયા હુવા ।।
જબ ઇસ્કકે દરીયાવ મેં, ગરકાવ તું હોતા નહી ।
ગંગા, યમુના, ગોદાવરી, ન્હાતા ફીરા તો ક્યા હુવા ।।